# પારસી પ્રકાશ,

અથવા

પારસીઓ ઈરાનથી હિંદુસ્થાન આવ્યા ત્યારથી તે ઈ૦ સ૦ ૧૮૬૦
સુધીમાં તેઓના સંબંધમાં બનેલા અગત્યના બનાવોની
વર્ષોને અનુક્રમે નોંધ.

દફતર ૧ લું;--૧૧ ભાગોમાં.


રચનાર,
બહેમનજી બેહરામજી પટેલ.



૦૫૯/૨
પા. જૂકા



મુંબઈ,

દફતર આશકારા છાપાખાના મધે,

રૂસ્તમજી નવરોજજી ખમાતાએ છાપ્યુ છે.

કોટ —બાપરાજી પટેલ સ્ટ્રીટ, ના૦ ૮૭

છાપવુ શરૂ સને ૧૮૭૮ ઇસ્વી—૧૨૪૮ યજદજરદી;
ખતમ સને ૧૮૮૮ ઇસ્વી—૧૨૫૮ યજદજરદી.

આ પુસ્તક ઈસ્વી સન ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે રજીસ્ટર
કરાવ્યું છે, અને તે ઉપર હક તેના રચનારનો છે.

TO

HIS EXCELLENCY

# SIR RICHARD TEMPLE, BART., G.C.S.I.,

GOVERNOR OF BOMBAY

AND

CHANCELLOR, BOMBAY UNIVERSITY,

IN GRATEFUL RECOGNITION OF HIS GENUINE SYMPATHY FOR THE SOCIAL, INTELLECTUAL AND POLITICAL ADVANCEMENT OF THE PARSEES,

THIS RECORD OF THE GROWTH OF THE PARSEE COMMUNITY IN WESTERN INDIA

*Is respectfully inscribed*

BY HIS EXCELLENCY'S MOST OBEDIENT SERVANT,

BOMANJEE BYRAMJEE PATELL.

મોટા માનવંત

# સર રીચર્ડ ટેમપલ, બારોનેટ. જી. સી. એસ. આઈ.

મુંબઈના ગવરનર અને યુનીવરસીટીના ચાનસેલર,

એઓએ

પારસીઓની સંસારી, વિદ્યા સંબંધી અને રાજદ્વારી

હાલતના સુધારા તથા ચઢતી કલા માટે

દેખાડેલી

ખાલેસ-દીલસોજીની શિપકારી પણ નમ્ર ઈધાણી દાખલ

પશ્ચિમ હિંદુસ્થાનમાં પારસી ટોળાની વૃદ્ધિની

નોધનું આ પુસ્તક,

એઓના આગ્નાકીત શેવક,

બહમનજી બેહરામજી પટેલે,

મોટાં માન સાથે અર્પણ કર્યું છે.

# PREFACE.

This compilation records in a convenient form the principal events in the growth of the Pa[illegible] Community, from the time of their immigration into India up to the present day It gives a chronological order, the bare details of the lives and doings of those who have in some spe[illegible] manner contributed to the development of those national characteristics—devout loyalty, love [illegible] truth and constitutional justice, liberality, and mercantile enterprise—which distinguish th[illegible] community Their rapid development from a state of obscurity and poverty into opulence social and political importance is specially worthy of note It would be an instructive as we[illegible] as an interesting task to trace the causes which have tended to give the Parsees a prestige [illegible] unfeigned attachment to their Rulers, magnanimity and benevolence and an ardent desir[illegible] for advancement.

The following pages afford ample materials for such a task They show how a small band of Persian fugitives escaped religious persecution and oppression at the hands of their Mahomedan conquerors, and about the eighth century, landing at Sanjan in Western India, strove to maintain themselves as tillers of the soil They shew under what vicissitudes, whilst living in the very midst of Hindoo idolatry and polytheism, they preserved monotheism and clung to their ancient rites and ceremonies They illustrate a striking example how, by keeping up the habit of combination, and adopting the policy of compromise and mutual toleration, they steadily managed to ingratiate themselves into the favour and confidence of the Hindoo Rajahs, the Mogul Nawabs, the Maharatta Peshwas, and the British Government, and lived on terms of peace and unity with the numerous races among whom their lot was cast.

In Sanján, the foreigners lived for over five hundred years and devoted themselves to peaceful pursuits, till about 1475 A. C they were called upon to defend the land of their adoption, and 1400 of them fought by the side of the Rajah against the incursions of Mahomed Begada, Sultan of Ahmedabad They succeeded in repelling the first attack, but at last they were defeated and dispersed, and the remnant fled to the Bahrote Hills and thence joined their coreligionists at Nowsaree

From Sanján they dispersed themselves into small knots over the whole of Gujarat Between 942 and 997 we find them thriving traders at the port of Cambay, and about the beginning of the eleventh century of the Christian era they are said to have become powerful rivals of their Banian neighbours

We next trace them to Nowsaree, which has since 1,142 remained up to date the chief seat of the orthodox priesthood Nowsaree was then a feudal village under the sway of the Delhi Moguls. The Dasturs as well as the Desáis were constantly in communication with the Moguls, and, notwithstanding religious differences, the Desáis were entrusted with the collection of the village

revenues, on behalf of the Delhi Government About 1,300 A. C we find the Parsees of Broach rising into importance as large landholders and cultivators, and the erection at this place of Towers of Silence testifies to the increase of their numbers But the mercantile spirit of the Parsees does not seem to have had such a rich field of operation as at Surat from the 15th to the 18th century Instead of restricting themselves to cultivation they now took to the useful arts, and followed the occupation of weavers, carpenters, bricklayers and ship-builders The Dutch, the Armenian, and the Portuguese merchants who traded with Surat always found trusty friends and co-operators among the Parsees The advent of British merchants under the United East India Company gave a strong impetus to Parsee enterprise, and we find that some of the leading Parsees of Surat not only advanced moneys for the purposes of trade, but one of them in 1660 proceeded on a mission to the Great Mogul at Delhi and succeeded in obtaining for the Company's President the privilege of establishing a Factory at Surat It was no doubt through the staunch assistance and the influence of the Parsees that the Company's servants eventually succeeded in overcoming the difficulties and obstructions which the Mahomedan Governors of Surat frequently raised In 1760 it was a Parsee who, in concert with a Mogul officer, procured a "firman" from the Court of Delhi, granting the custody of the castle and the charge of the admiralty at Surat to the President of the East India Company

The intimate contact thus brought about between the British and the Parsees had naturally the most desirable effects on the latter In 1724 the President of the East India Company had pecuniary differences with his Parsee Brokers at Surat and had got two of them imprisoned through the assistance of the Nawab of Surat Failing to find redress in Bombay, one of them made the bold attempt to cross the seas and, personally appealing to the Court of Directors in London, succeeded in getting the orders of the President reversed and had the appeal decided in his favour for over five lacs of Rupees It seems this was the first instance of a Parsee going to England to obtain his rights and to seek justice by constitutional means even at the hazard of a six months voyage to an unknown land Surat however had to yield its commercial importance to Bombay, and Parsee settlers were drawn to the latter as early as 1640 A. C While at Surat several Parsees were connected in trade with the Portuguese, and hence they easily succeeded in obtaining confidential employment under the Portuguese Government at Bombay When the island became a British possession in 1662 we again find the Parsees prominent amongst the commissariat contractors and the Farmers of Land Revenue on behalf of the Company's Government As ship-wrights some Parsees had achieved distinction at Surat, and the Company's Government had to avail itself of the assistance of a Parsee ship-builder in constructing the first Dockyard at Bombay in 1735

As the principal sea-port of Western India, Bombay has afforded peculiar advantages for the development of commerce, and during the last 125 years the Parsees have prominently taken the leading part To the shores of China they were the first to migrate in search of wealth in 1756, and for more than a hundred years Parsee firms have been carrying on a thriving trade in Canton, Makao, Hongkong, and Shanghai With Bengal, Pegu, Rangoon, Madras, and the Malabar Coast they also began to trade in rice, timber and groceries from an early date. Under the fostering care of the British they soon extended their trade with England in cotton, piece goods, and other staples From the year 1803 we find Parsee merchants liberally contributing to Subscription

Funds raised in England, as in the memorial Fund of William Pitt, the Testimonial to Dr. Jenner, the well-known discoverer and propagator of vaccination, the London Patriotic Fund of 1804, the Marquis of Cornwallis Memorial Fund of 1806, and the London Hospital Fund of 1808 Coming to our own times, it is needless to enter into a description of the way in which during the last fifty years, they have always stood forward in the cause of suffering humanity or to dilate on the aptitude which they have shewn for the mechanical arts and the Spinning and Weaving industries of Bombay,

This compilation lays no pretence to originality It makes no claim to be a history or a discourse on the manners and customs of the Parsees The main and simple object of the work is to place within the reach of the general reader in a concise form materials which have been rescued from old records scattered throughout Bombay and Guzerat If my preliminary labours will facilitate the path of some capable investigator or historian, if the vast fund of information here collected and classified will furnish a guide to those desirous of knowing how their forefathers worked their way to success in life, I shall not have troubled in vain

By the kind permission of Government I was allowed free access to Gazetteers, Newspaper files, and other Government publications in the Secretariat Record Room But the Files even there begin with the year 1797 I had therefore to fall back for an account of the preceding period on the Persian *Revayets*—being the correspondence carried on about the 15th and 16th centuries between the Parsee settlers in India and their co-religionists in Persia, as well as several old documents and memoranda in the possession of Parsee priests at Nowsaree, Unklesur, Broach, and Surat In spite of the ready assistance which they afforded me and the copious use I have made of them, I am fully aware that the first portion of the narrative between the 8th and the 18th centuries is only approached at considerable intervals This however could not be avoided Every possible attempt was made, but neither the Moola Feroz, the Nowsaree Meherjee Rana or other Libraries or any Family Records in Bombay or in the Mofussal could bring within the compiler's reach any further materials to supply the missing links Special pains have been bestowed on collecting in the footnotes the inscriptions and tablets on the Towers of Silence, Fire Temples, and Dharmsālās, throughout India, and they have been reproduced in the annotations

With the view of collecting in this work all available information on Parsee customs and usages I have freely drawn upon the knowledge of several elders of the community, both of Bombay and the Mofussal, and I take this occasion of acknowledging my warm thanks for the kindness and courtesy with which they have assisted my investigations Amongst those I may be permitted specially to mention the names of Mr Dadabhoy Pestonjee Wadia and his brother the late Mr Muncherjee Pestonjee. They laid at my disposal a number of old papers and documents which they had inherited from their father Pestonjee Bomanjee Wadia, perhaps the most leading and influential member in his time of the Native community of Bombay

To Dastoor Erachjee Sorabjee Meherjee Rana and his brother Ervad Jamaspjee Sorabjee Meherjee Rana, I feel particularly indebted for the eminent aid given in obtaining old documents, and to Mr Ruttonjee Framjee Vacha for laying at my disposal accounts of several Parsee families which he had collected for the second part of his work—the "*Mumbai-no-Bâhâr*" The names of

Mr Pallonjee Bezonjee Kotwal of Surat, and Dastoor Dinsha Pestonjee Kamdeenjee and Ervad Dadabhoy Furdoonjee of Broach also merit particular mention.

I cannot conclude this without acknowledging with gratitude the disinterested zeal and the lively interest with which the Hon'ble Sorabjee Shapoorjee Bengalee, the Hon'ble Dossabhoy Framjee C S I and Mr K. R Cama, made very valuable suggestions

The liberal manner in which 1,100 copies of this book have been subscribed in advance in Bombay and the Mofussil, the kind condescension with which H E. Sir Richard Temple has accepted the dedication of the work, and the patronage his Government has given by subscribing to 100 copies, induce the compiler to hope that this book will gradually work its way to favourable popular reception

B B K.

# દીબાચો.

પુરાતન્ન બાબદો વાંચવાનો, જુની ચીજો જાણવાનો, અને અસલી વાતો સાભળવાનો શોખ દરેક સમજુ માણસમાં ખુદરતી રીતે હોયછે  આપણી આગમજ શું શું બનાવો બન્યાછે, કોણ કોણ માણસો થઈ ગયાંછે, અને તેઓએ કેવા કેવાં કામો કર્યાંછે, તે સઘળું જાણ્યાથી આ દુન્યામા માણસની જીંદગીની તાપાએદારીનો સર્વથી કીમતી ઠહો મલેછે

ઈરાનનું રાજ પડી ભાગા પછી પારસીઓના વડવાઓ નાહુસતા, ભાગતા, પરાગંદેહ હાલતમાં આ પરાઈ ભૂમિપર આવી વસ્યા, અને કાઈક સદીઓ સુધી ખેતી કરી પોતાનો ગુજારો ચલાવ્યો  એટલા અરસામાં તવારીખમાં તેઓનું નામ નહિ સરખું હતું  એ પછી મોગલાઈ, ગાયકવાડી, તથા સેવરે બ્રીતિંપ રાજ્યમા તેઓનો પગપેસારો આસ્તે આસ્તે થવાથી એક કોમ તરીકે ઉગી નિકલ્યા, અને પાછું પોતાનું નામ જાગૃત કીધું

હિંદુસ્થાનમા આવ્યા પછી આપણા વડવાઓએ કેવી રીતે પોતાનો કાળ કાટ્યો, તેઓ લાબી મુદત સુધી ખેડુતોની જીંદગી ગુજારી કેવી રીતે પાછા જાહોજલાલીમા આવ્યા, તેઓએ પોતાનો ધર્મ, પોતાની કોમ, અને પોતાનું નામ સાચવવાને કેવા ઉપાયો લીધા, કેટલી મુસીબતો ખેંચી, અને કેવી ખંત રાખી, તે વિષેની કાઈબી સંપુરણ તવારીખ, નોધ, ઈયા દંતકથા આપણી પાસે જલવાઈ રહી નથી  તે સાથે જે છુટાપણું, સુખ ચેન, અને સાધનોથી આપણ આજે વસ્યે છૈયે તે ઉપરથી આપણને એ આપણા પૂર્વજોની આગલી હાલતનો ખેઆલ પણ રેહતો નથી  તેટલા માટે જરૂરનુંછે કે એ આપણા વડવાઓના વખતમાં જે કાઈ જાણવાજોગ બનાવો તેમના સંબંધમાં બન્યા હોય તેની નોધ જેટલીબી મલી આવે તેટલી સંઘરી રાખવી જોઈએ  અલબતા ઈરાનથી હિંદુસ્થાન આપણા લોકો આવ્યા ત્યારથી બનેલા સઘળા બનાવોનીતો આપણને મુદ્દલ ખબરબી નથી, તેવી કાઈ નોધો જલવાએલી નથી, અને તેને લગતી વધારે શોધો થયલી નથી  તોપણ જેટલીબી છુટીછવાઈ બાબદો આગલા વખતની મલી આવે તેનો સંગ્રહ એકંદર આકારમાં સચવાઈ રહે તથા તે આપણને અને આપણી હવેપછીની ઓલાદને ભોમીયા તરીકે કામ લાગે એવા ઈરાદાથી આ પુસ્તક અમોએ રચ્યુંછે

આ પુસ્તક રચવામા અમોએ બે નેમ રાખીછે. આગલા વખતથી તે હાલના વખત સુધીમા જેબી બનાવો આપણી કોમના સંબંધમાં બન્યા હોય તેની, તથા બીજું જેબી જાણીતા જરથોસ્તી જાગીરદારો, ધર્મના ઉપાધ્યાઓ, વ્યાપારીઓ, વિદ્વાનો, સરકારી અમલદારો, કારીગરો, ગ્રંથકારો, વગેરે આએ ચાલુ તથા ગઈ સદીમા થઈ ગયા હોય, અને જેઓએ પોતાના ધર્મ તથા કોમ તરફ દીલસોજી, રાજ્ય તરફની વફાદારી, સચ્ચાઈ અને હકવાજબી ઈનસાફનો ચાહ, સખાવત અને વ્યાપાર ધંધાની કુનેહ—કે જે પારસીઓના ખુદરતી ખવાસોછે—તે ઘટતી રીતે જાહેરમા કોઈબી પ્રકારે ખરૂ પાડી આપવાને કોશેશ કીધી હોય, તે સઘળાઓની નોધ એકંદર આકારમા સચવાઈ રહે

પારસી કોમે હમેંશા પોતાના રાજ્ય તરફની ખરા દીલની વફાદારી, સખી દીલગુરદો, ઉદારતા, અને સઘળા કામોમા આગલ વધવાની ઉલટ તથા ખાએસને માટે કેવી રીતે નામ મેલવ્યુ તે જાણવા જોગછે. આએ પુસ્તકમાં કીવેલા સંગ્રહ ઉપરથી માલમ પડશે કે ઇરાનથી જુલમના માર્યા નાશી આવેલા થોડાક ઈરાનીઓ ઈ૦ સ૦ની આઠમી સદીને આસરે સંજાણમા આવી વસ્યા, અને આટલાબધા મુર્તિપૂજક હિંદુઓની વચ્ચે રહી પોતાનો યજદાપરસ્તી ધર્મ તથા અસલી ક્રિઆકાનુનો જાલવી રાખ્યા  વળી તેઓ પોતાના એકદીલી તથા સમજુતીથી કામ કરવાના, તેમજ પારકાઓ સાથે અરસપરસ નાખતી કરવાના ખવાસથી હિંદુ રાજાઓ, મુસલમાન નવાબો, મરાઠા પેશવાઓ, અને ઈંગ્રેજી સતાવાળાઓની મેહેરબાની તથા વિશ્વાસ આસ્તે આસ્તે મેલવતા ગયા, અને જેઓ વચ્ચે વસવાને તેઓના સરજતમા હતું તેઓ સાથે સુલેહ અને એકસંપીથી કામ લેતા ગયા હતા.

તેઓ સંજાણમાં ૫૦૦ થી વધારે વર્ષ રહયા, અને ઈ૦ સ૦ ૧૪૭૫ ને આસરે આએ તેમના વસવાસની ભૂમિના બંચાવને માટે ત્યાના હિંદુ રાજાની તરફથી અમદાવાદવાલા સુલતાન મહમદ બેગડાનાં લશ્કરની સામે તેમને લડવા બોલાવવા પડયા હતા તેઓમાંના ૧૪૦૦ બાહદૂરો લડવાને મેદાન પડયા, અને એકવાર દુશમનની ફોજને મારી પણ હઠાવી, લેકીન અંતે તેજ લડાઈમા મોટી ફોજની સામે ઉતરવાથી તેઓ હાર્યાં, અને ત્યાથી નાસી બાહરોતના પાહડ તથા ગુજરાતનાં બીજાં ઘણાક ગામો ભણી વીખરાઈ ગયા હતા.

એ આગમનજબી તેઓમાંના ઘણાકો પોતાનું તરેહવાર રીતે ગુજરાન શોધવાને ગુજરાતનાં ગામોભણી ફેલાઈ ગયા હતા ઈ૦ સ૦ ૯૪૨ થીતે ૯૯૭ સુધીમા તેઓને આપણ ખંબાતભણી વ્યાપાર કરતા જોઈએ છૈયે, અને અગીઆરમી સદીની શરૂઆતમાતો તેઓ ત્યા પગભર થયલા તથા ત્યાંના હિંદુ વ્યાપારીઓની સાથે હરીફાઈ કરતા માલમ પડેછે

એ પછી આપણું ધ્યાન નવસારી, કે જે તે વેળાએ દીલ્હીની શાહનશાહતને લગતો એક કસબો તે તરફ ખેચાયછે આ જગો ઈ૦ સ૦ ૧૧૪૨ થી તે આજ સુધી પારસીઓના મોબેદોનું મુખ્ય ગણાયછે ત્યાના આગલા દસ્તૂરો તથા દેશાઈઓને મોગલાઈ અમલદારો સાથે સંબંધ હતો, અને બંધેનો ધર્મ જુદો હોવા છતાં શેહનશાહત તરફથી એ કસબાનું મેહશુલ ઉઘરાવવાનું કામ દેશાઈઓ હાથમા હતું. ઈ૦ સ૦ ૧૩૦૦ ને આસરેથી આપણને ભરૂચ તરફ પારસીઓની વવતી જતી વસ્તી બંધાયલા દોખમાઓ ઉપરથી માલમ પડેછે પારસીઓને વ્યાપારનું મોટું મેદાનતો ઈ૦ સ૦ ની ૧૫ મીથી તે ૧૮ મી સદી સુધી સુરતમા મલયું હતું હવે તેઓમાના ઘણાઓ ખેતીવાડીના ધંધા સિવાય વણકર, સુથાર, કડીઆ, તથા વાહણ બાધવાનો ધંધો હાથ કરતા ગયા સુરતમાં વ્યાપાર કરતા વલંદા, આરમાની, અને ફીરંગી વ્યાપારીઓ હમેશા પારસીઓ સાથે સબંધ રાખતા હતા, અને તેમને પોતાના વિશ્વાશુ મિત્ર તથા સાથી તરીકે કામે લગાડતા હતા વળી ત્યા ઈંગ્રેજોની યુનટેડ ઈસ્ટ ઈંડીઆ કંપની સ્થાપાયા પછી પારસીઓની વ્યાપાર સંબંધી ઉલટ વધતી ગઈ, અને તેઓ ઈંગ્રેજોને વ્યાપાર કરવાને નાણાની ધીરધાર કરવા લાગા, એટલુંજ નહિ, પણ ઈ૦ સ૦ ૧૬૬૦ મા એક પારસીએ કંપનીના વડા સાથે ઠેઠ દીલ્લી જઈ શાહનશાહ ઔરંગઝેબની પાસેથી સુરતમા ઈંગ્રેજોની કોઠી સ્થાપવાની પરવાનગી મેલવી અપાવવામા મદદ કીધેલી પણ આપણ જોઈએ છૈયે તેજ પ્રમાણે સુરતના મોગલાઈ અમલદારો વારંવાર કંપનીના માણસોને તેમના વ્યાપાર તથા બીજી બાબદોમાં હરકત નાખ્યા કરતા હતા તેમા પણ પારસીઓએ ઈંગ્રેજોને મદદ કીધી હતી ઈ૦ સ૦ ૧૭૬૦ મા એક પારસી દીલ્લીથી એક મોગલ અમલદાર સાથે સુરતની કીલેદારી તથા દરીયાઈ લશ્કરનું ઉપરીપણું ઈસ્ટ ઈંડીઆ કંપનીને હસ્તક રાખવાનું ફરમાંન પણ લાચો હતો

એ રીતે ઈંગ્રેજો સાથના નજદીકના સંબંધને લીધે પારસીઓ ઉપર ઘણી સારી અસર થઇ હતી ઈ૦ સ૦ ૧૭૨૪ માં સુરત ખાતેના કંપની સરકારના વડાને તેના પારસી દલાલો સાથે હીસાબ કેતાબના બાબમા કાઈ વાંધો પડવાથી તેણે ત્યાંના નવાબની મદદથી તેઓમાના બેને કેદ કરાવ્યા હતા, અને તેઓએ મુંબઈ તેની ફરીયાદ કીધી, પણ ત્યાથી કાઈ દાદ ન મલવાથી એક જણ હીમત કરી ઠેઠ ઈંગલાંડ "કોરટ-ઑફ-ડાએરેકટરસ" ની હજુરમા તે ફરીયાદ રજુ કરવાને ગયો, અને ત્યાંથી તેનો ફેસલો પોતાની તરફેનમા ચુકાવી પાચ લાખથી વધારે રૂપીઆનું હોકમનામું કરાવી લાચો પોતાનો હક કાએદાસર રીતે મેલવવા સારૂં ૭ મહિનાની કંટાલા ભરી મુસાફરી કરી ઈંગલાંડ વેર એક પારસીને જવાનો આ પેહલ વેહલો દાખલોછે

રફતે રફતે વ્યાપાર વનજની બાબદમા મુંબઈ સુરત ઉપર સરશાઈ ભોગવતું થયું, અને ત્યાં પારસીઓ ઈ૦ સ૦ ૧૬૪૦ થી આવવા લાગા સુરતમાં પારસીઓને ફીરંગીઓ સાથે વ્યાપારને લગતો સંબંધ હોવાથી મુંબઈમા તેમના અમલ હેઠલ પારસીઓને વિશ્વાશુ નોકરી સેહલાઈથી મલી શકી જયારે મુંબઈનો ટાપુ ઈ૦ સ૦ ૧૬૬૨ મા ઈંગ્રેજ સરકારને હસ્તક થયો ત્યારે કંપનીની તરફથી આએ ટાપુનું મેહશુલ વશુલ કરવાના તથા "કમીસરીએટ" ના કામકાજો પારસીઓનેજ મલવા લાગાં વળી વાહણ બાંધવાના હુન્નરમાં પારસીઓએ સુરતમાંજ પ્રવીણતા મેલવ્યાથી, મુંબઈમા પેહલ વેહલી ગોદી પણ સરકારને માટે ઈ૦ સ૦ ૧૭૩૫ માં એક પારસીએજ બાંધી હતી

પશ્ચિમ હિંદુસ્થાનમાં મુંબઈ એક મુખ્ય બારૂં હોવાથી ત્યાં વ્યાપારને ખીલવવાને ઘણાં સાધનો થઇ પડયાં હતાં, અને છેલાં ૧૨૫ વર્ષમા પારસીઓએ તેમા મુખ્ય ભાગ લીધોછે. ચીન તરફ તેઓ પેહલ

વેહલા ઈ૦ સ૦ ૧૭૫૬ માં વ્યાપારને અર્થે ગયા, અને એક સદીથી વધારે મુદત થઈ કંતાન, મકાઉ, હાંગકાંગ, વગેરે ચીનના બારાઓમા તેઓ ધમધોકાર વ્યાપાર ચલાવેછે વળી તેઓ બંગાલા, પેગુ રંગુન, મધરાજ, અને મલબાર કોસ્તાઓ સાથે ચોખા, લાકડા, અને કરીયાણાનો વ્યાપાર પણ કરવા લાગા હતા. ઈંગ્રેજોની બાહેધરી હેઠલ એ પછી તેઓએ રૂ, કાપડ, અને બીજી જનસોનો ઠેઠ ઈંગલાંડ સાથે પણ બોહલો વ્યાપાર કરવા માંડયો. ઈ૦ સ૦ ૧૮૦૩ થી આપણ પારસી વ્યાપારીઓને ઈંગલાંડમા હુમાં થતાં ધર્મ ખાતાઓના ઉઘરાંણામા નાણા ભરતા જોઈએ છિયે, જેવા કે ઈ૦ સ૦ ૧૮૦૩ મા ત્યાની તીજોરીના વડા પ્રધાન રાઈટ આનરેબલ વીલ્યમ પીટનાં બાહુવલાને માટે, તથા એજ વર્ષમાં ગઉશીતલાની શોધ કરનાર પ્રખ્યાત ડાકટર જેનરને ભેટ આપવાને માટે, તથા ઈ૦ સ૦ ૧૮૦૪ ના લંડનના "પેટરીઓટીક ફંડ" માં, ઈ૦ સ૦ ૧૮૦૬ ના મારકુઈજ-આફ-કારનવાલીસના બાહુવલાંના ફંડમા, તથા ઈ૦ સ૦ ૧૮૦૮ મા "લંડન હાસ્પીટલ" ના ફંડમા પારસીઓએ મોટી મોટી રકમો ભરેલી માલમ પડેછે હાલના વખતમા તેઓ કેવી રીતે સખાવત તથા વિદ્યા હુનરના બાબમાં આગલ વધેલાછે તે અતરે જણાવવાની કાંઈ અગત્ય નથી

હવે ખુદ આ પુસ્તકને માટે બોલતાં અમો એટલું જણાવવા માગયે છૈયે કે આ આવડા મોટા સંગ્રહના અમો ગ્રંથકાર થવાનો, તથા તેમા પારસીઓની સઘળી તવારીખ, રીતભાતો, વગેરેની નોધ સંપુરણ આવીછે એમ કેહવાનો દાવો કરતા નથી અમારી મુખ્ય મતલબ મુંબઈ તથા ગુજરાત તરફથી મલી આવેલા ઘણાક જુના દસ્તાવેજો તથા રેવાયતોમાથી જેબી પારસીઓના સંબંધમા બનેલા અગત્યના બનાવોની નોધ મલી આવે તે ટુકમા અને સાધારણ વાચનારને સમજ પડે એવી રીતે આ પુસ્તકમાં સાચવી રાખવાનીછે અગર આ અમારી પેહલી અદના કોશેશથી કોઈ બીજા પારસીઓની તવારીખ લખનાર ઈયા તેઓને લગતી બાબદોની શોધ કરનાર ધણીને કાંઈબી નવી ખબર મલે, અથવા જેબી પારસી આગલ પોતાના નેઆગાંનો શું કરી ગયાછે તે જાણવાની ખાએસ રાખતો હોય તેને આ સંગ્રહ કાંઈબી રીતે કામ લાગેતો અમો અમારી મેહનત અને ઈનતેજારીનો પુરેપુરો બદલો મલેલો સમજશું

આ પુસ્તકને માટે આગલા વખતના ઈંગ્રેજી વર્તમાન પત્રો, ગેજેટીપરો, અને બીજા સરકારી છપાયલા રીપોર્ટ વગેરે અતરેની શેક્રેટરીએટના "રીકારડ રૂમ" મા જઈ વાચવાને માટે નામદાર સરકાર તરફથી અમોને મેહરબાનીની રાહે પરવાનગી આપ્યામા આવી હતી, જેથી ઘણીક બાબદો વિષેની ખોલાસેવાર નોધ ત્યાથી અમે મેલવીછે મુંબઈમા ઈંગ્રેજી વર્તમાન પત્ર નિકલવાનો પાયો ઈ૦ સ૦ ૧૭૮૯ થી શરૂ થયાથી આ ચાલુ સદીના બનાવોની ઘણીખરી નોધતો તેમા સચવાયલીછે, તોપણ શેક્રેટરીએટમાથી વડીક તે પત્રોની ફાઈલો ઈ૦ સ૦ ૧૭૯૭ ના સાલથીજ મલેછે, જેથી એની આગમજના વર્ષોની નોધને માટે આપણે ઉપર જોયું તેમ રેવાયતો, તથા નવસારી, અંકલેસર, ભરૂચ અને સુરત મધે નોબેદો પાસે સચવાયલા જુના પુરાના દસ્તાવેજોનો આધાર લેવો પડયોછે એટલું છતા પણ એના પેહેલા ભાગમા વાચનારને અવાર નવાર ઘણાં વર્ષોનો ખાંચો પડેલો માલમ પડશે તે ખાચો ઘણીબી કોશેશો કીધા છતાં મુંબઈનાં મુલ્લાં ફીરોજ, નવસારીના મેહરજી રાંણા, અથવા કોઈબી પારસીઓને લગતા જાહેર કેતાબખાંનામા ઈયા ખાનગી દસ્તાવેજોથી પુરી શકાયો નહિ અમો ખરાં અતકરણથી ખાએસ રાખ્યે છૈયે કે એ ખાચો પુરવાને કોઈબી વેળાએ અમો પોતે ઈયા બીજો કોઈ જરથોસ્તી શક્તિવાન થાય

આ પુસ્તકમા દર વર્ષમાં થયલાં જાણીતા પુરૂષોના મરણ સિવાય બીજી જેબી બાબદ અથવા જેબી બનાવોની નોધ દાખલ કર્યામાં આવીછે તે શા ઉપરથી લીધીછે તે તેની હેઠલ નોટ મારી જણાવ્યુછે, તથા ઘટતી જગોએ તેને લગતા ખોલાસા પણ કર્યાછે. એ ઉપરાંત દેશેદેશના પારસીઓને લગતાં ધર્મના મકાનો જેવાંકે દોખમા, દરેમેહર, ધર્મશાળા, વગેરેના પરકાયાની નોધ લેતી વેળાએ તે ઉપર અગર કાંઈબી તખ્તી મારેલી અથવા લેખ કરેલો હોયતો તેની પણ હેઠલ નોટમા સદાબગી નકલ ઉતારીછે વળી એમા શું શું બનાવોની નોધ કરીછે, તથા કોણ કોણ અને કયા કયા કુટુબના શખસોના નામ આવ્યાછે તે સઘળાનું આખા પુસ્તકની સેવટે મુળાક્ષરોને અનુક્રમે સાકળીઉ આપ્યામા આવશે, કે જેથી કાંઈબી બાબદ જોવી અથવા વાચવી હોયતો તે તુરત સોધવાને બની આવે .

એ રીતે આ આખું પુસ્તક તૈયાર થવાથી પશ્ચિમ હિંદુસ્થાનમા આવ્યા પછીના આપણા લોકના સંબંધમા બનેલા અગત્યના બનાવો, આપણા ધર્મના મકાનો, ગુજરી ગયલાં જાણીતાં માણસો, તેમનાં કામો, આમરણો, સખાવત, જાહેર હીમત, અને સેવટે કેળવણીથી તેમનું આગલ વધવું, એ સઘળાંની

નોધ એકંદર આકારમાં સચવાઈ રેહશે એથી જેમ આપણ હવડાં આપણા વડીલોની રીતિઓ અને કામો જોઈ શકીશું, તેમ આપણી હવેપછીની ઓલાદ આપણાં કામો જોઈ શકશે

આ પુસ્તકને માટે સઘળી નોધો એકઠી કરવામાં અમોને મુંબાઈ તેમજ દેશાવરો ખાતેના ઘણા જરથોસ્તીઓએ જોઈતી ખબર અંતરો પુરી પાડવાને મોટી મદદ કીધીછે, અને એવી રીતની બધી તરફની ખબરો, તથા સુચનાઓ વગર આવો મોટો સંગ્રહ કદી બની શકે નહિ એ સઘળાઓનો અમો અતરે મોટો આભાર માનીએ છીએ. એઓમાં ખાસ કરી આપણી કોમના આગલા જાણીતા વેપારીઓ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ તથા મરહુમ શેઠ મનચેરજી પેશતનજી વાડીઆનો અમો આ જગોએ મોટો ઉપકાર માનીએ છીએ એવો બંધે સાહેબો પારસી ટોળાના આગલા નામીચા તથા સાહસીક અકબર મરહુમ શેઠ પેશતનજી બેહેમનજી વાડીઆની ગાદીએ આવ્યા હતા, કે જે માનવંત ગ્રહસ્થ પોતાના વખતમા પારસીઓમાજ નહિ, પણ આખાં મુંબઈના દેશીઓમાં દરેક જાહેર કામની હીલચાલ તથા આગેવાંની કરવામા મુખ્ય હતા, તેવણના વખતના પારસીઓને લગતાં સઘળા જાહેર કામોના દસ્તાવેજો, નોધો, તથા શેંહકડો પારસી કુટુંબોના વાધા વીસતીના તેઓએ કરેલા ફડચાઓ. તથા લવાદીઓનાં કાગળો જેટલાંખી એ બંધે બાઈસાહેબોના હસ્તકમા બચેલા હતાં તે સઘળાં એઓએ અમોને છુટથી વાપરવા દીધાં હતાં એટલુંજ નહિ, પણ બુજર્ગ શેઠ દાદાભાઈતો અમોને એક એવા ભોમીઆ મળ્યા હતા કે જેવણની યાદદાસ્ત શકિત, અને પકી માહીતગારીએ કરી આએ ચાલુ સદીમાં બનેલા ઘણાખરા સઘળા અગત્યના બનાવોની વર્તમાન પત્રોમાં વાચ્યા ઉપરાત નજરેનજર જોયલી તુલોતવીલ વીગત એ સાહેબથી જાણી લેવાને અમો નસીબવાન થયા છીએ.

આ પુસ્તકમા આવેલા ઘણાખરા જુના પુરાંના લેખો તથા દસ્તાવેજો ઉપર અમારૂં ધ્યાન ખેંચવાને તથા તે મેળવી આપવાને અતરેવાલા દસ્તૂરજી સાહેબ એરચજી શોરાબજી મેહરજી રાણાના તથા તેમના ભાઈ એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહેરજી રાણાએ અમોને ઘણી ઉપયોગી સહાયતા કીધીછે. અગર એ બધે દસ્તૂરજાદાઓની મદદ અને સુચનાનો અમોને લાભ ન મળ્યો હોતતો આ પુસ્તકના પેહલા ભાગમા આવેલી ઘણીક ઉપયોગી નોધો અમો કવચીતજ આપી શકત તેમજ શેઠ રતનજી ફરામજી વાછા કે જેવણે ઈ૦ સ૦ ૧૮૭૪ માં "મુંબઈના બાહાર" નું એક પુસ્તક બનાવ્યુ હતું તેવણે પોતાના બીજા ભાગને માટે એકઠી કરેલી અતરેના કેટલાક જાણીતા પારસી કુટુંબોની વીગત અમોને વાપડવાને આપી મોટો ઉપકાર કર્યોછે દેશાવરવાલા સાહેબોમા અમો મુખ્ય કરી સુરતવાલા શેઠ પાલણજી બેજનજી કોટવાલ તથા ભરૂચવાલા દસ્તૂરજી સાહેબ દીનશાહજી પેશતનજી કામદીનજી અને એ૦ દાદાભાઈ ફરદુનજીના મોટા આભારી થયા છીએ

પારસી કોમના જાણીતા આગેવાનો હાનરેબલ શોરાબજી શાપુરજી બંગાલી, હાનરેબલ ડોસાભાઈ ફરામજી કરાકા, સી એસ આઈ, અને શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ આ પુસ્તકના સંબંધમાં અમોને ખરેખરી કાલજી અને ઉલટથી કીધેલી કીમતી મદદો તથા ઉપયોગી સુચનાઓને માટે અતરે એઓનો ઉપકાર માન્યા વગર આ દીબાચો બંધ થઈ શકતો નથી

મુંબઈના માનવંત ગવરનર સર રીચરડ ટેમપલ, બારોનેટે આ પુસ્તક પોતાને અર્પણ કરવાની ખાસ પરવાનગી આપ્યાથી, તથા નામદાર સરકારે એના દરેક ભાગની ૧૦૦ નકલો લેવાનો હોકમ ફરમાવ્યાથી, તેમજ મુંબઈ અને દેશાવરો ખાતેના જરથોસ્તીઓએ એની ૧૧૦૦ નકલો આગમજથી ખરીદ્યાથી અમોને ઉમેદ રાખવાને પુરતા કારણોછે કે આ પુસ્તક અમારા જાતભાઈઓને પસંદ પડતું થશે.

બ. બે. પ.

# પારસી પ્રકાશ,

અથવા

## પારસીઓ ઈરાનથી હિંદુસ્થાન આવ્યા ત્યારથી તે અત્યાર સુધીમાં તેઓના સંબંધમાં બનેલા અગત્યના બનાવોની વર્ષાને અનુક્રમે નોંધ.

---

**ઈરાન**ના હોરમજ બંદર ખાતેથી નિકળી આવેલો ફિરાની જરથોસ્તીઓનો પેહલવેહલો કાફલો હિંદુસ્થાન ખાતે દીવના બંદરમા ઉતર્યો હતો.[1]

---

**ઈરાન**થી પેહલવેહલો આવેલો જરથોસ્તીઓનો કાફલો દીવ મધે ૧૯) વર્ષ રહેયો હતો. તે અરસામાં તેઓમાના ઘણાઓ હિંદુસ્થાનના આએ બાજુના લોકોની થોડીઘણી રીતભાત, ભાષા, વીગેરેથી જાણીતા થયા હતા, પણ દીવની હવા તેમને માફક નહિ આવ્યાથી સઘળાઓ પાછા વાહણોમાં બેસી સંજાણ ભણી આવ્યા હતા,[2] અને ત્યાના રાજા "જાદીરાણા"[3] ની પરવાનગી લઈ ત્યાં ઉતારો કીધો હતો. મજકૂર રાજાએ તેઓમાંના ચાર ખબરદાર મોબેદોને બોલાવી તેઓનુ અંતરે નાહામી આવવાનુ કારણ, તેમનો ધર્મ, રીતભાત, વગેરેની સઘળી વાકેફગારી મેળવી હતી; અને તેઓને એવી સરતથી પોતાના મુલકમા ઉતારો આપ્યો કે—તેઓએ હવેથી હથિયાર બાધવા નહિ, તથા તે મુલકની જબાન બોલવી, તથા ઓરતોએ બાહેરનો પોષાક તેઓના જેવો પેહરવો, તથા છોકરા છોકરીના લગન સાંજને વખતે કરવા.[4] આ સરતો કાંઈ તેમને તેમના હાદેસાના વખતમા ઘણી નુકસાનકારક નહિ હોવાથી તેઓએ તે કબુલ કરી સંજાણમા ઉતારો લીધો.

---

**સંજાણ**મા ઈરાનથી આવેના જરથોસ્તીઓએ ઉતારો લીધા બાદ તેઓએ પોતાને બંદગી તથા ધર્મ ક્રિયા કરવા માટે એક આતશબેહરામ ત્યા પરઠાવવાની રાજા "જાદીરાણા" પાસે પરવાનગી લઈ તે ખોરાસાન,થી પોતાની સાથે લાવેના આલાતોથી તૈયાર કરી એક એનાહેની ઈમારત બંધાવી તેમા તખ્તનશીન કીધા હતા.[5]

---

૧ કીસ્સે સંજાણ

૨ પારસીઓને સંજાણમા ઉતરવાનો દાહડો વાર ભરૂચવાલા મરહુમ દસ્તૂર અસપ દયારજી કામદીનજીએ ઈ૦ સ૦ ૧૮૨૬ મા મુંબઈ ખાતેની કબીસાની મોટી તકરારોની વેળાએ છપાવેલી "કદીમ તારીખ પારશીઓની કસર" નામની ચોપડી કે જે તે વખત પર શેહનશાહીઓ તરફની તકરારોમા એક ઘણી સત્તાદાર ચોપડી ગણાતી હતી તે ચોપડીને સફે ૧૪૯ મે "સંવત ૭૭૨ નાં શરાવણ સુદ ૯ ને વાર શુક્ર, રોજ ૨ જો બહમન અને માહ ૪ થો તીર સને ૮૫ યજદજરદી" કરી લખ્યોછે. તેજ દાહડો વાર આજ સુધી આપણા લોકો ગણતા આવ્યાછે. પણ ઈ૦ સ૦ ૧૮૭૦ મા શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ "યઅ-જદજરદી તારીખ" નામની "દફતર આશકારા છાપખાના" મા છપાવેલી ચોપડીમા ઘણીજ માયાકુલ રીતે તથા બારીકીથી ગણત્રિ કરી આ દાહડો વાર ભુલભરેલો દેખાડી આપ્યોછે. તેવણ આપણને બતાવેછે કે ઊપલી હિંદુ તથી તથા પારસીઓનો રોજ માહ એકએકસે મલતા આવતા નથી. આ માટે લખાણથી દાખલા દલીલો આપી તથા ગણિતો કરી તેવણ સાબેત કરેછે કે આ ગણતીમા આપણા પારસીઓના રોજ માહમા ભુલ પડીછે તે એમ કે રોજને જગે માહ અને માહને જગે રોજ ભુલથી લખાયોછે તેથી તે દાહડે રોજ ૧૩ મો તીર અને માહ ૨ જો અરદીબેહસત કરી લઈએ તો ચાલે. શામસ તે દીને શરાવણ સુદ ૧૩ પડેછે કે જે કાંઈ ઘણા દિવસનો ફેર નથી. વળી એજ ચોપડીમા શેઠ કામાજી એવુ પણ જણાવેછે કે અગર ઊપલી દસ્તૂર અસપ દયારજી વાળી ચોપડીમા લખેલી હિંદુ તથી તથા પારસી રોજ માહનેજ બાહલ રાખિયે અને તપાસિયે કે તે સઘળા સાથે કયા વર્ષમા પડયા હતા તો તે સંવત ૯૯૨ તથા યજદજરદી ૩૦૫ મા સાથે પડેછે. માટે જ્યા તો પેહલો જણાવેલો, જ્યા આએ છેલ્લો જણાવેલો દિવસ બાહલ રાખવો જોઈએ.

૩ મરહુમ રેવરંડ ડાકટર જાન વીલસન વારેછે કે પાટણના અણહીલવાડનો "જયદેવ" અથવા વણરાજ કે જે ઈ૦ સ૦ ૭૪૫ થી તે ૮૦૬ લગી ગુજરાતમા હકુમત કરી ગયો તે એ રાજા હશે.

ઇનડીયન એનટીકુઅરી, ૧૮૭૨ નો અંક ૧ લો

૪ કીસ્સે સંજાણ

૫ કેટલેક ઠેકાણે એ આતશબેહરામ પરઠવાનો દાહડો સંવત ૭૭૭ ના રોજ ૯ માહ ૯, તથા કેટલેક ઠેકાણે રોજ ૨૬) માહ ૨) લખેલોછે. પણ આજે આપણા લોકો એ આતશબેહરામની સાલગરેહ પેહલેજ દિવસે કરેછે

આ આતુરમેહરામને પરઠવાને લગતી સઘળી ક્રિયા કેહછે કે મોબેદ નેરીઓશંગ ધવલે[1] કીધી હતી.

## ઈ૦ સ૦ ૯૯૯.

તા૦ ૨ જી ડીસેમ્બર,
રોજ ૧૫ માહ ૮ (યે૦) ૩૬૮ યજદજરદી.

સુબાર્જી પાસે આવેલા કનેરીના ગોફાઓ જોવાને આજ દીને કેટલાક પારસીઓ ત્યા આવ્યા હતા. તેઓ પોતાના નામ નિશાનો ત્યાના એક ગોફામા પેહલવી ભાષામા એક તખ્તી ઉપર કોતરી ગયા હતા.[2]

૧ આપણા ઘણાખરા મોબેદોની નસલ આએ નેરીઓશંગ ધવલના બાપાવા મોબેદ શાપુર શેહરીયારથી ગણાતી આવેછે શાપુરના બે દીકરાઓ તેમા વડો રામીયાર, અને નાહનો ધવલ (નેરીઓશંગનો બાપ) એ પછી રામીયારનો દીકરો હોરમજદયાર, તેનો દીકરો સોવદ, તથા તેના બે દીકરા, વડો જરથોશ્ત, અને નાહનો બેહરામ હતા એઓ માહેના વડા જરથોશ્તની ઓલાદના મોબેદો નવસારીમા અને નાહના બેહરામની ઓલાદના મોબેદો ભરૂચમા વસ્યા વળી મજકૂર જરથોશ્તના દીકરા ૨) તેમા વડો કામદીન અને નાહનો સોવદ નામે હતા કામદીનની ઓલાદનાઓ નવસારીમા રહયા, અને સોવદની ઓલાદનાઓ સુરત તથા તેની આસપાસના ગામોમા જઇ વસ્યા એ રીતે આપણા ઘણા મોબેદો પોતાની વંશાવળી ગણેછે વળી કેટલાકોનો વિચાર એવોછે કે મોબેદ શાપુર શેહરીયાર—હોરમજદયાર રામીયાર—અને નેરીઓશંગ ધવલ, એ ત્રણે જુદા જુદા વંશના મોબેદો થઇ ગયાછે

૨ આ પેહલવી તખ્તીનો તરજુમો નીચે મુજબછે —
"ઇઅજદાનના નામથી સને ૩૬૮ યઅજદજરદી, માહે આવા અને મેહેર રોજે (જરતોશતીઓ?) આએ જગો ઊપર આવીઆ હતા (તેઓમા) મતન અઇદમારનો ઇહાન પાનક (તથા) માહ અઇદમાર, (તથા) માહ અઇદમારનો પનજબોખત અને પતરબોખત, (તથા) ખુરશેદ બેહરામનો મરદાનશાહ, અને મરદાનશાહનો ખુરશેદ બેહરામ, (તથા) બેહરામ પનાહનો મતન અઇદમાર તથા મતન અઇદમારનો બેહરામ પનાહ, (તથા) આતુન માહનો ફરખુજદ અને જાત અફરામ, (તથા) માહબાજદીનો નોકશાહ, અને દીન બેહરામ, અને બજુરગ આતુન, અને ખુરશેદ-મરદ, અને બેહજાત (તથા) મતન બનદાતનો બેહરામ પનાહ. (અને) (તખ્તી) કોતરનાર ?' આવાન બનદાત મનદૂનનો અનદોમા"

ઊપની તખ્તી ઊપરથી જણાએછે કે આજ (ઇ૦ સ૦ ૧૮૬૬ મા) ૮૬૭ વરશની વાત ઊપર કનેરીના ગોફાઓ જોવાને વાસ્તે ? બાપ, દીકરા તથા ભાઇઓ મળીને ૧૭ જણા એ જગાએ આવ્યા હતા તેમાના કેટલાકો પોતપોતામા સગા હતા—

(મો૦ ખરશેદજી રૂસતમજી કામાજીનો જરથોશ્તી અભીઆસ અ.ક ૩ જો સફે ૧૬૦)

## ઈ૦ સ૦ ૧૦૨૧.

તા૦ ૫ મી નવેમ્બર,
રોજ ૨૮ માહા ૭ (યે૦) ૩૯૦ યજદજરદી.

આજદીને કનેરીના ગોફાઓ જોવાને વળી કેટલાક પારસીઓ ત્યાં આવ્યા હતા, એવુ ત્યાથી મળેલી બીજી એક પેહલવી ભાષામા કોતરેલી તખ્તી ઉપરથી માલમ પડેછે.[3]

## ઈ૦ સ૦ ૧૧૪૨.

સંજાણથી પારસીઓ હવે જેમ જેમ તેમની નજર ઉઘડતી ગઈ તેમ ભરૂચ, ખંભાત, અંકલેસર વગેરે ગુજરાતનાં ઘણાક ગામોમા થોડા થોડા જઈ વસવા લાગા. સર્વથી પેહલી વસ્તી આશરે વર્ષમા નવસારી મધે જરથોસ્તીઓની થઈ હતી. તેમને ત્યા ધર્મની ક્રિયા વગેરે કરવાને સંજાણથી કામદીન જરથોશ્ત નામનો મોબેદ પોતાના બેશ કરીના સાથે પેહનેહલો નવસારીમા આવી વસ્યો હતો.[4]

## ઈ૦ સ૦ ૧૧૮૬.

આશરે વખતમા સિંધુ નદીના કીનારા આગળ પારસીઓની વસ્તી હોય એવુ માલમ પડેછે, શામ એ જગોપર આઇનુ "ઉચાહ" નામના એક શેહરમાથી

૩ આ પેહલવી તખ્તીનો તરજુમો નીચે મુજબછે—
"ઇઅજદાનના નામથી સને ૩૯૦ યઅજદેજરદી મેહેર મહીનો ને દીન રોજે આએ જગો ઊપર આવેઆ હતા (તેઓના નામ) માહ ફરૂખશ અને માહ અદમાર (તથા) માહ અદમારનો પનજ બોખત (તથા) બેરાત બેહેરામને મરતાનશાત (તથા) બેહેરામ દીન આવરનો ખરીતાખુત ? (તથા) માહ બાજદીનો બજોરગ આતન (તથા) બેરાદફરખુના માહ અદમાર અને ખુનશાત (તથા) અખેલાર માહનો ? માહા બનદાત"

આએ તખ્તીમા જણાવેલા નામ વાલા ચાર ધણીઓના નામો આગલી તખ્તીમા જણાયલાછે, અને બાકીના છ જણા નવા દીસેછે

(જરથોશ્તી અભીઆસ આક ૪ થો સફે ૨૧૨ મે મરહુમ એ૦ મનચેરજી શાપુરજી પાલીતાનું લખાણ)

૪ નવસારીના વડા દસ્તૂર મેહરજી રાણાના કુટુંબમાં પછવાડેથી તેમના વારેસોએ પોતાના વડવાઓની મીલકતની વેહચાણી કરી લીધી તેને લગતા લેખોની નકલની એક જુની ચોપડીમા એક ઠેકાણે આ પ્રમાણે લખેલુછે—"તેવાર પછી આપનો સને ૫૧૧ મો ફરવદીન મહીનો ને દીન રોજે આપને નાગમંડળમા આવી મોકામ કીધો અને એ જગોની આબોહવા જોઇ દસ્તૂરે કહીઉ જે કે જેવી આપના સારી (ખાજ દેશનની અસલી રાજધાની) ગામની હતી તે મીસાલેની આબોહવા એ ગામનીછે માટે એ જગાનુ નામ નવીસારી રાખ્યુ તે દનથી નવસારી નાગમંડળ લખાઇઉ બાકી આગોદરતો નાગમંડળ લખાતુ હતું" વળી એજ ચોપડીમા એક ઠેકાણે લખેલુછે કે "પેહલો નવસારીમા આવનાર મોબેદ કામદીન જરથોશ્ત"

એ૦ માહીયાર નામનો એક મોબેદ સિસ્તાન શેહેરમા દીન-આર્દનનો એનમ શિખવાને ગયો હતો ત્યા તેણે છ વર્ષ વેગ કાસેન દસ્તૂર મોબેદો પાસે તાલીમ લઈ પાછો હિંદુસ્થાન ફર્યો હતો, અને પોતાની સાથે સિસ્તાનમા આગએ વર્ષમા અર્દેશીર બેહમન નામના એક શખ્સને હાથની નકલ કીધેલી વંદીદાદના પેહલી તરજુમાની કેતાબ અહિયા લાવ્યો હતો હિંદુસ્થાનમા પેહલવેહલી વંદીદાદના પેહલવી તરજુમાની નકલ આજે આવેલી ગણાયછે.[૧]

## ઈ૦ સ૦ ૧૨૧૫.

નવસારીમા જરથોસ્તીઓની વસ્તી આસ્તે આસ્તે વધવાથી ત્યાં પેહલા આવેલા મોબેદ કામદીન જરથોસ્તના બે દીકરાઓ રાણા કામદીન, તથા મોવદ કામદીને સંજાણથી મોબેદની એક જોડ તેડાવી હતી. તે મુજબ આજે વર્ષમા ત્યાથી હોમ બહમનપાર[૨] નામનો મોબેદ પોતાના બેટા ફરેદુન તથા કુટુંબને લઈને નવસારીમા આવ્યો હતો.[૩]

---

૧ પ્રોફેસર વેસ્ટરગારડના જંદ અવસ્તાના પુસ્તકનો દીબાચો સફે ૩—૪

૨ આએ હોમ બહમનપારના બેટા ફરેદુનને પેટે ત્રણ દીકરા હતા—તેમા વડો આશા, બીજો માહીયાર, અને ત્રિજો ચાંદા એ ત્રણે ભાઈઓનેનામે નવસારીની ત્રણ પોલ ઓળખાએછે ત્યા એ સુના પંથી ભરી પાચ પોલછે, એટલે જે પાચ વડવાઓના કુટુંબીઓ તેમને મુકરર કરી આપેલી ચોકસ ક્રિયાઓ કરે, તથા ઓદ્દાઓ ચલાવે, અને જે કમાની થાય તે સરખે હીસ્સે વેહચી લીએ ઊપલી આશા ફરેદુન, માહીયાર ફરેદુન, અને ચાંદા ફરેદુનની પોલ વાળાઓનો બધી કમાનીમાથી અરધો ભાગ, અને બાકીનો અરધો ભાગ નવસારીમા પેહલા આવેલા મોબેદ કામદીન જરથોસ્તના દીકરા રાણા કામદીન તથા મોવદ કામદીન કે જેમની પોલો "કાકા પાહલણ" તથા "કાકા ધનપાલ" ના નામથી ઓળખાએછે તેઓ વેહચી લીએછે આ પાચે પોલ વાળાઓના હક તથા ઓદ્દા નિચે મુજબછે—

૧—કાકા પાહલણની પોલવાળાઓ હમાએરેતે બેસાન તથા સૌરા પઢાવે
૨—કાકા ધનપાલની પોલવાળાઓ નીરંગદીનનો કબજો રાખે
૩—આશા ફરેદુનની પોલવાળાઓ પેહલી પતેત ભણે
૪—માહીયાર ફરેદુનની પોલવાળાઓ નાવર તથા મરતબનો રજા આપે અને પેહલો દાહડો કરે
૫—ચાંદા ફરેદુનની પોલવાળાઓ કોટવાળી એટલે અંજુમનના દફતર, દસ્તાવેજો, વગેરે સાચવે

નવસારીના તમામ મોબેદોના કુટુંબો એ પાચે પોલના વંશમા નીચે પ્રમાણે આવેલાછે —

૧—કાકા પાહલણની પોલમાં—

| | | |
|---|---|---|
| અધેરૂ | ગેસબરીઆ | કાજી |
| અરજાંની | ગોયંઆ | દારાશાહના |
| ઉમરીગર | ઘડા. | દીવાલીઆ |
| કકરીઆ | ચખ્ખા | દેવડી |
| કોલસા. | જમ્શેદયાસા | ધાબા |
| ખાધી | તાતા | ધાભર |
| ગદ | ત્રુષી | નરીમાન |
| નાગરીવાલા | ભુધરા | મોબેદ બહમનના |
| પીરના | બાકરા. | રાજી |
| પીરોજા દેશાઈ | ભઠારી | રાવ |
| બગલી | મશાની | લશ્કરકના |
| બલસા | મુલ્લા | વકીલ |
| ભરમપીરીના | મેહરજી રાણાના | વાના |
| ભારેના. | મોધર | સુખીઆ |

૨—કાકા ધનપાલની પોલમા—

| | | |
|---|---|---|
| અલ્ગરા | નાનીઆ | માદન |
| કુકો | પાડેર | સકાતવાલા |
| કાગા | બીનીઆ | શાગરાગીના |
| જેસગ | બુધેલા | હોજનાર |
| ધાની | બોગરા | |
| નાદરશાહ | બેડવાર | |

૩—આશા ફરેદુનની પોલમા—

| | | |
|---|---|---|
| અબુ | દાલખાડ | ભમભરા. |
| અલ્વાશીઆ. | દોલતાબાદીના | મનવા |
| આદરબાદના | ધામી | મારેકર |
| ઉનવાલા. | નવદર | મેહેર દેશાઈ |
| કપતાન | નારગાદ | મોદી |
| કરીકુ | પટેલ | મોરીઆ |
| કાતરેક | પરબુ | રબાડી |
| કાવસ દાદાના | પાતનલ | રાજીઆ |
| કાવસ બહમનના | પાદશાહ | રેનજી |
| કોકાન | પીયારા | લશકરી |
| કેઆશ | પથકી | વાછા |
| કેરા | ફકીરજી | શાહીબાર |
| કોટવાલ | ફટાકીઆ | શાગુગી |
| ગાબે | બારેવાટ. | શેરવાઈ |
| ગેરાના | બેહાકના | શુખાબેહરા |
| ગેરાના | બોદ | સુજ |
| ગોમાઈ | બાના | હમજીયાર |
| ગોરા | ભગવાનના | હાથીરામ |
| દાબિઆ | ભોજપુ | હાલુ |

૪—માહીયાર ફરેદુનની પોલમા—

| | | |
|---|---|---|
| આનીઆ. | કુતના | માબારા |
| કદમાગા | દાભુ. | ધારા |
| ખરીકી | દાબલા | શીધવા |
| ખોરી | પરબેજ | સંજાણા |
| ગદેવીના કાતરક | પીજારા | હવાલદાર |
| ચારા | બામજી | |
| ચેહના. | મધુ આનીઆ | |

૫—ચાંદા ફરેદુનની પોલમા—

| | | |
|---|---|---|
| આગે | દારાબ પાહલણના | બાથેવીના |
| કાબુદ | પાવરી | મનોચેહર હોમજી |
| કુદાર | બજા | શેઠપાનગન |
| ગદેરીના પથકી | બોવોમોરેના પથકી | |

એ ઊપરાત મજકૂર હોમ બહમનપારનો હોરમજદ્યાર નામે એક બીજો ભાઈ સંજાણમા હતો, તેના ત્રણ દીકરાઓ મનવાલ, કામ, અને શાએર કરી હતા, કે જેમની ઓલાદના મોબેદો હાલમા ઊદવારા, વલસાડ, તથા સંજાણને લગતા બીજા પથકોમાછે

૩ સંજાણની એક જુની રેહરેશતમા લખેલુંછે કે "હોમ બેટા ફરેદુન સાથે નવસારી ગયો સંવત ૧૨૭૧"

## ઈ૦ સ૦ ૧૩૦૯.

આશે સુરતમાં બહેસ મધે શેઠ પેશતનજી નામના પારસીએ એક દોખમું બંધાવી પુરાણું હતું.[૧]

## ઈ૦ સ૦ ૧૪૧૪.

તા૦ ૨૦ મી આપરેલ.
સંવત ૧૪૭૧ ના વઈશાખ શુદ ૧૧.

આજ દીને વલસાડના ૨૬ બેહદીનોએ ત્યાંના સુબા અમીન શીરી આગળ જઈ એકરાર કીધો કે અ-મોએ નવસારીની અંજુમન મધે જઈ માગી લીધુ કે અમારે ત્યાં દીનઆઈનની ક્રિયા વગેરે કરવાને માટે આ૦ બાપુરજી રાણાને સદરોકાલ લાવી આપે. તે ઉપર નવસારીમાં સર્વેએ મળી એ મોબેદ અમોને આપ્યો, તે એની પાસે અમારા મજહબનું કામ કુલે અમો કરાવીશું.[૨] આ એકરારપર વલસાડના નીચેના ૨૬ જરથોસ્તી-ઓએ સહીઓ કીધી હતી —

રામજી વાછા, હોમા ભીમજી, નરશંગ રુદા, જોગા કુવરજી, હાશજી ક્રાના, લીમા ભીમજી, જેશંગ ભીખીઆ, મેહરજી અસપંદયાર, રતનજી દાદા, ધાઆ હોમા, પેશી રતનજી, દારૂ લાલા, મના જોગી, ભીમજી મેહરનોશજી, શીરીઆ દાદ, હોમજી આદરજી, હીરા પેશતન, નવરોજ ચોરાબ, મોટા હોમજી, નાનજી પુંજીઆ, કાનજી ચાંદા, કાવશ માકન, બેહરામ હોરમોજ, હીરજી વીકજી, એદલ જીવન, વીકજી પેશી.

આશે હીગાંમમાં અમદાવાદના સુલતાન મહમુદ બેગડાએ સંજાણ ઉપર એક મોટી ચઢાઈ કીધી હતી. તેણે તે મુલક જીતી લેવાને ત્રણ હજાર માણસોનું એક લશ્કર પોતાના સિપાઈ અલફખાનની સરદારી હેઠલ તે તરફ મોકલ્યુ. સંજાણનો રાજા (કે જે જાદી રાણાના વંશનો હતો) આવડું મોટું લશ્કર પોતાના ગામ ભણી આવતુ સાભળી ઘભરાયો, અને તેની સામે થવાને પો-તાનાં લશ્કરની સંખ્યા ઘણી નાની જોઈ પારસીઓને મદદને માટે બોલાવી તેમને કહી સંભળાવ્યું કે "મારા વડવાઓએ તમારા વડવાઓની સાથે નેકી કીધીછે, તેથી તમો કમર બાંધો અને મારી સાથે લડાઈમાં આવી તમારું અહેશાન બતાવો." ત્યાં હાજર થએલા પારસીઓએ તુરત રાજાને જણાવ્યું કે "ઓ રાજા સાહેબ, તું તારા થોડા લશ્કરને માટે દલગીર ના થા. જ્યાં લગણ અમો એક એક જણ જીવતા છૈએ ત્યાં લગણ દુશમનનાં હજારો મા-ણસોને પુરા પડીશું. અમારી લડાઈની રશમ એવીછે કે જ્યાં લગણ જીવ્યે ત્યાંસુધી મેદાનમાં લડયે, અગર અમારા સર ઉપર "આશીયા" (અથવા ઘંટીના જેવા મોટા પથરો) પડે તોપણ અમો પાછા હઠયે નહિ." એ મુજ-બનો તેને દીલાસો આપી પારસીઓએ તેની પાસથી તેમના વડવાઓએ હથિયાર નહિ બાંધવાનો જે કોલ આપ્યો હતો તે રદ કરાવી હથિયાર પેહેરવાની રજા લીધી, અને ૧૪૦૦) જરથોસ્તીઓની એક ફોજ એકઠી કરી તેની સર-દારી અરદેશીર નામના એક હીમતવાન પારસી ઘોડેસ્વારને આપી. અને તેઓ બધા હિંદુ લશ્કરની સાથે અલફ-ખાનની ફોજની સામે લડવાને ગયા, તથા બાહાદુરીથી દુશમનના લશ્કર પર હલ્લો કરી સકે ભાજી, અને તેઓને હરાવ્યા. જેથી મુસલમાનોનું લશ્કર વીખરાઈ ગયુ, અને અલફખાન નાસી ગયો, તથા સંજાણના રાજાની પારસીઓની મદદથી જીત થઈ. આથી અલફખાનને ઘણું જ માઠું લાગ્યુ, અને પાછી એક નવી ફોજ એકઠી કરી થોડેક દિવસે તે સંજાણ ઉપર ચઢી આવ્યો. પાર-સીઓના સરદાર અરદેશીરે જોકે પેહેલી લડાઈમાં જીત મેળવી હતી તોપણ રાજા પાસે આવી તેણે કહ્યું કે "ઓ રાજા સાહેબ, આએ વખતે દુશમનો આગળ કરતાં ઘણી મોટી સંખ્યામાં આપણી સામે આવ્યાછે, અમારા એક તેઓની સંખ્યા એકસોનીછે તોપણ અમો એવી નક્કી-નથી લડાઈમાં જઈએ છૈયે કે જીવ આપવે અથવા જીવ લઈશુએ. એ કામમાં બોલાતાના અમારો દીન, અને

---

૧ આશે દોખમાની શાહેદત વરીઆવમાં રેહનાર બારોટ માધવરામ દલપતરામ નામના હિંદુ વહીવંચાના જુના દફતરમાથી મેલવી ભરૂચવાલા આ૦ દાદાભાઈ કરસુનજીએ આ પુસ્તક રચનારને નીચે પ્રમાણે આપીછે —

"સંમત ૧૩૬૫ ના જેઠ શુદ ૨ ભરૂચના પારસી પેશતનજીએ ભરતો કરાવો કુકડપાતા દેઆમની હદ ઊપર દોરી કરી પટેલ દાભાઈ બેહરામની વખતે કરાવો જમીન દાભાઈએ આપીછે"

, એની આગમજ ભરૂચમાં પડી બેજનપોરની સીમ-મા કાવી તરાવરી આગળ એક દાગ બુરાયુ તથા નાથ પામેલુ ઈટનું દોખમુછે

૨ આ એકરાર નામામા વળી બીજુ એવુ પણ લ-ખેલુછે કે "અમારા લોકના ઘરમો સાપુરજી રાણાના કાનજીભાઈને તમે તથા રાવલ પરમશીરજી તથા પટેલ ઘનજુવરે આવીને પાઘડી બંધાવી તેવારે અમોએ સરપા-વના રૂ૩૧) ની ચીઠી તમોને આપી હતી તે રૂપીઆ અમોએ તમોને ભરી આપેઆછે" વળી હીજરી ૧૦૪૨ (ઈ૦ સ૦ ૧૬૩૧) મા વલસાડના પારસીઓએ ત્યાંના સુબાને કરી આપેલા એક લેખમા તેઓ જણાવેછે કે "એ સુબાના ૨૬ ઘરના પારસીઓએ બંધાવ્યા કેરો ને નાંતર ઊપર અગીઆરીછે તે પાસે પર બંધાવીને થાય ૨૭ મજદુરને પાઈસા ઊઠગ સાવે રાખ્યા" (આ બધ એકરારોના નકલ એ૦ નમાતરજી શેરાબજી દસ્તુર મેહરજી રાણાવાલાએ નવસારીના બેહરા દસ્તુર નેકુજી રાણા કોતારખાનામાં મેને બે જુનાં લેખોના સંગ્રહની છાપવી બનેની આવૃતીમા સફે ૧૫૮ થી તે ૧૬૨ સુધી છે)

અમારી મુશ્કેલીઅતને ટાલનારછે." એ પછી અલફ-ખાનની સામે પારસીઓ તથા હિંદુઓની ફોજ ગઈ, અને તેમના સરદાર અર્દેશીરે એક નામીચા મુસલમાન સરદાર સાથે હાથોહાથ લડી તેને ઘોડા ઉપરથી નીચે નાખી તરવારે મારી નાખ્યો આ બનાવ અલફખાને નજરે નજર જોયાથી તે ઘણો ઉશ્કેરાયો, અને એકદમ જોરસાથી પોતાના આખા લશ્કર સમેત પારસીઓ ઉપર હુમલો કીધો, અને તેમા પેહલા અર્દેશીર માર્યો ગયો, જેથી બાકીનુ લશ્કર નાહાસી ગયુ, અને અલફખાન સંજાણનો માલિક થયો. પારસીઓ જેટલા આ લડાઇમા બચી ગયા તે સઘળા સંજાણથી પોતાના કુટુંબો સહીત બાહેર નિકલી ગયા, અને સાથે આતશબેહેરામને પણ સંજાણમાથી ઉચકી લઇ "બાહરોત" ના પાહડોમા આવી રહ્યા.[૧]

સંજાણમા મહમુદ બેગડાની લડાઈમા હાર્યા પછી ત્યા બાકી બચેલા જરથોસ્તીઓ પોતાની સાથે આતશબેહરામને લઇને થોડીક મુદત સુધી બાહરોતના પાહડો તથા વાંસડાના જંગલો ભણી જઇ વસ્યા હતા.[૨] પણ આ વેળાએ નવસારીમા ચાંગા આસા નામે સર્વમા વધારે

---

[૧] આ મહમુદ બેગડાની સંજાણ પરની લડાઇને માટે "કીસ્સે સંજાણ" સિવાય કોઇબી બીજી કેતાબમા કસ્સુ લખાણ આવેલુ નથી "મેરાતે શેકંદરી" નામની ફારસી કેતાબ જે હીજરી સને ૧૦૨૭ (ઈ૦ સ૦ ૧૬૧૭) મા લખાયલીછે તે કેતાબમા મહમુદ બેગડાની તવારીખ સંપુરણ રીતે આવેલીછે, તેમા પણ એ લડાઇ વિષે કસ્સુ લખાણ આવેલુ નથી અલબત્તા તે કેતાબમા લખ્યા મુજબ મહમુદ બેગડાએ પોતે હિંદુસ્થાનમા મોટી મોટી લડાઇઓ કીધીછે, તથા ઘણાક કીલ્લાઓ વગેરે જીત્યાછે, માટે એવી એક નજીવી લડાઇ જે તેના સરદારથી થઇ તેની નોંધ એ પાદશાહની જીંદગીના અહેવાલમા નહિ આવી હોય લેકીન તેમા એક ઠેકાણે એવુ કેહછે કે હીજરી સને ૯૧૨ (ઈ૦ સ૦ ૧૫૦૭) મા મહમુદ બેગડાએ વસાઇ તથા કેવલી મેહમ તથા દમણ પર ચટાઇ કરી ફીરંગીઓને હરાવ્યા હતા તે ઉપરથી સુરતવાલા મરહુમ દસ્તૂર ફરામજી અસપંદીઆરજી રબાડી પોતાની ઈ૦ સ૦ ૧૮૩૧ મા મુંબઇ મધે છપાવેલી "હાદેસાનામા" ની ચોપડીને સફે ૧૬૮ મે નોટ મારી અટકલ કરેછે કે આ-એજ વખતે મહમુદ બેગડાએ સંજાણ ઉપર પણ અલફ-ખાનને ચટાઇ કરવા મોકલ્યો હશે આએજ આધાર ઉપરથી અમો ધારચેછ કે આપણી વસ્તીના જાણીતા હાલરેખક શેઠ દોશાભાઇ ફરામજી કરાકા, સી એસ આઇ એ પોતાની "પારસીઓની તવારીખ, રીતભાત, ધરમ" વગેરેની ઈ૦ સ૦ ૧૮૫૮ મા લંડન ખાતે છપાવેલી ઇંગ્રેજી કેતાબને સફે ૧૬ મે સંજાણની આ લડાઇનો સને ઈ૦ સ૦ ૧૫૦૭નો લખ્યોછે પણ અમો આ વાતમા એ બન્ને ગ્રંથકારો સાથે એકમત થતા નથી કારણકે મજકૂર "મેરાતે શેકંદરી" મા એક ઠેકાણે જણાવ્યા મુજબ આપણી સંજાણની લડાઇ જીતેલા સરદાર અલફખાનને તો હીજરી સને ૮૯૯ (ઈ૦ સ૦ ૧૪૯૩) મા મહમુદ બેગડા સાથે અણબનાવ થયો હતો જે ઉપરથી તેમજ બીજી આસપાસની બાબદો ધ્યાનપર લેતા આ લડાઇ મહમુદ બેગડાના હીજરી સને ૮૬૩ (ઈ૦ સ૦ ૧૪૫૮) મા તખ્તે બેઠા પછીના એક દાહેકામા થવી જોઇએ એવુ અમો અટકલીએ છૈયે

[૨] એક ઘણી જુની ઇજશનીની પોથી જે નવસારી મધે સંવત ૧૬૧૪ (ઈ૦ સ૦ ૧૫૫૮) મા દસ્તૂર હમજી-યાર રામ સંજાણાને હાથની લખાયલી હતી તે ઉપરથી કેટલીક પછી, તથા તાવીજો લખવાની નીરંગોની સંવત ૧૮૫૬ (ઈ૦ સ૦ ૧૮૦૦) મા વલસાડ મધે એ૦ ફરેદુન ફરામરોજ સંજાણાએ કીધેલી નકલ અંતરેના એક જર-થોસ્તી શેઠ રૂસતમજી જમશેદજી બામોરવાલાએ અમોને દેખાડી હતી તેમા સંજાણવાલાં આતશબેહરામને નવ-સારીમા લાવવાનો સને તથા દિવસ સંવત ૧૪૭૫ ના રોજ ૨૯ માહ ૬ (તા૦ ૨૬ મી જુન ૧૪૧૯ ઇસવી) કરી લખેલોછે મુંબઈવાલા દસ્તૂર એરચજી તથા જામા-સપજી સોહરાબજી મેહરજીરાણાના તેમજ એ૦ મનચેરજી જમાસપજી વાછાએ પોતાની પાસેની નોંધોમાથી અમોને જે સને તથા દિવસ એ વિષેનો આપ્યો હતો, તે પણ ઉપ-લાને બરાબર મલતો આવેછે લેકીન તવારીખની બાબદો સાથે જોતા એ વર્ષમા આતશબેહરામ નવસારીમા આવી શકે નહિ, શબબ કીસ્સે સંજાણમા જણાવ્યા મુજબ આ-તશબેહરામને મહમુદ બેગડાની ચટાઇમા પારસીઓ હાર્યા પછી ૧૨ વર્ષ બાહરોતના પાહડો તથા ૧૪ વર્ષ વાંસડાના જંગલોમા રાખી નવસારી ચાંગા આશાની મદદથી લાવ્યા હતા હવે આપણે આગલી નોટમા જોયુ કે મહમુદ બેગડો ખુદ પોતે હીજરી સને ૮૬૩ ઇસવીને ઈ૦ સ૦ ૧૪૫૮ મા તો તખ્ત ઉપર બેઠો ત્યારે આતશ-બેહરામ ઈ૦ સ૦ ૧૪૧૯ મા આવી શકે કેમ? વાસ્તે એ આતશબેહરામને નવસારીમા લાવવાનો સને ઘણો શકમંદ લાગેછે વળી એની પુરવારીમા આપણને એક બીજીપણ શાબેતી મલેછે, તે એકે ઇરાન તથા હિંદુસ્થા-નના જરથોસ્તીઓ વચ્ચે દીન ધર્મને લગતા જે સવાલ જવાબો થયાછે (અને જે રેવાએતોને નામે ઓળખાએછે) તેમા યજદજરદી ૮૪૭ (ઈ૦ સ૦ ૧૪૭૮) થી તે યજ-દજરદી ૮૮૧ (ઈ૦ સ૦ ૧૫૧૨) લગણ ચાંગા આશાનુ નામ અવલમા આવેછે ત્યારે હવે જ્યારે આપણ કીસ્સે સંજાણ ઉપરથી એમ કહીજીએછ કે આતશબેહરામ નવ સારીમાં ચાંગા આશાની મદદથી લાવ્યા હતા, ત્યારે તે ચાંગા આશાનો વખત ઈ૦ સ૦ ૧૪૧૯ મા હોય કેમ? રેવાએતના સને તો આપણાથી કદી ખોટા પડાએ નહિ તેમજ વળી એ ઉપરાંત એક બીજી શાહદત આપણને મલેછે, તે એકે ઇરાન મધે સરશાબાદ ખાતેથી યજદ-જરદી ૮૫૫ (ઈ૦ સ૦ ૧૪૮૬) મા બેહદીન નરીમાન હોશંગ ભરૂચીની લાવેલી એક રેવાએતમા એ૦ ખોરશેદ સંજાણા (કે જે આતશબેહરામની સાથે નવસારીમા તેની ખીદમતમા આવેલા ત્રણ નામીચા મોબેદોમાનો એક હતો) નુ નામ નવસારીના વતની તરીકે આવેછે, ત્યારે તે ઉપરથી પણ જણાએછે કે તે મુદતની થોડુંકજ આગમજ નવસારીમા આતશબેહરામ આવ્યા હશે

## ઈ૦ સ૦ ૧૫૩૫.

તા૦ ૧૭ મી જાનેવારી.

રોજ ૬ માહ ૩ (કદમી) ૯૦૪ યજદજરદી.

આગે વર્ષમા નવસારી, સુરત, તથા ખંભાતની જરથોસ્તી અંજુમન તરફથી કેટલાક મજહબને લગતા સવાલો ઈરાન ખાતે મોકલ્યા હતા, તેના જવાબો ગુરફાબાદથી આજની તારીખે નવસારીના રહેવાસીઓમા એ૦ રાણા જેસંગ, એ૦ શહીયાર દહીપોન, એ૦ આદા પાહલણ, એ૦ મેહરાબ પાહલણ, મેહદીન માણેક આગા, બાયા મેહરાબ, અને દહીગોન આગા; સુરતના રહેવાસીઓમાં મેહરાબ હીરા; ખંભાતના રહેવાસીઓમા આવા ગંગ, નાખવા આવા, કામા આવા, સીમા કામા, અને છજા આરદેશ, એઓ જોગ-લખાઇ આવ્યા હતા. તેમા તેઓ લખેછે કે અરપ દયાર પજદીયાર અને રુસ્તમ નામના બે બેહદીનો ખંભાતથી ઈરાન આવ્યાછે તેઓથી અમોને ખબર મળીછે જે ખંભાતમા પથ્થરનુ દોખમુ[1] બંધાયુછે, તેથી હમો ઘણા ખુશી થયા અને તે લોકો ઉપર આફરીન કીધી. એ પછી દીનઆઇનને લગતા જવાબો લખ્યાછે.[2]

## ઈ૦ સ૦ ૧૫૪૩

તા૦ ૨૫ મી નવેમબર.

સંવત ૧૫૯૯ ના વરસે, રોજ ૨૦ માહ ૧૨(યઝ૦).

આજ દીને નવસારી મધે સમસ્ત બેહદીન્યા તથા મુંબણા મોબેદોએ મળી એક લેખ કરી એ૦ નાગોજ પારેખા નામના બેહદીને હમણાથી તે દહાડા નવી સુરીની હદના બેહદીનોને ત્યાંની માગણ છુટવણની ક્રિયા કરવાને મોકલ્યો હતો, અને તેની સાથે એવો બંદોબસ્ત કીધો હતો કે ત્યાં મોબેદીની જે આવક થાય તે તે તથા તેની પછી થનાર મોબેદો લીએ અને ફકત જેટલા લગનના આશીરવાદ સારે તે દર લગન ઠીક ટકો ૧ા નવસારીના પંતીઆલામા મોકલે. આ લેખપર એ૦ કામદીન ચાઇઆ, એ૦ આથા આરદેશ, એ૦ આસતીન હીરા, અને એ૦ હમજીઆર પદમ એઓની સાહી; તથા એ૦ રાણા જેસંગ, આરદેશ આદા, ધઇઆ રાણા, બેહરામ——, અને કાકા ધનપાલ એઓની શાખોછે.[3]

## ઈ૦ સ૦ ૧૫૫૮.

તા૦ ૭ મી જાનેવારી.

રોજ ૨ માહ ૩ (કદમી) ૯૨૮ યજદજરદી.

ગયે વર્ષે ભરૂચના જરથોસ્તીઓ તરફથી કામદીન શાહપૂર નામના ખંભાતના એક રહેવાસીને ઈરાન મોકલી ત્યાના દસ્તૂરો પાસેથી વરસના બાજ તથા દીનઆઇનને લગતી કેતાબો મંગાવી હતી, જે સઘળું ત્યાની અંજુમને આજની તારીખે ભરૂચના દસ્તૂર પદમ રામીયારને[4] ઉપર એક કાગજ લખી તેની સાથે મોકલ્યુ હતુ, તથા તે કાગજમા મુખ્ય બાબદ પરહીઝ કરવાને લગતી લખી હતી.[5]

## ઈ૦ સ૦ ૧૫૭૯.

તા૦ ૧૨ મી મારચ.

સંવત ૧૬૩૫ ના વરસે, રોજ ૨૨ માહ ૪ (યઝ૦).

આજ દીને નવસારીની સમસ્ત હિરબદ અંજુમને પોતપોતામા એક લેખ કરી એવુ ઠેરવ્યુ જે નવસારીમા મોબેદો નવજોદ કીએ તથા મરોશ કરે જે તે એ૦ મેહરજી વાછાને[6] પુછીને કીએ તથા કરે. જે નહિ પુછે તે અંજુમનનો ગુનેહગાર થાય. આ લેખપર મોબદ ખુરશેદ આસના કાકા, પદમ રુસ્તમ, મોબદ વાહિર, બેહરામ જેસંગ, ધનપાલ કામદીન, બહમન હોશંગ, નોશરવાન આ

---

[1] આ દોખમા વિષે ખંભાતમા તપાસ કરી ત્યાના એક રેહવાસી શેઠ દોરાબજી બેહરામજી ડાક્ટર અમોને જણાવેછે કે એ દોખમુ સુરતના રેહનાર કોઇ હીરજી આગાએ બંધાવેલુ દખ્માની સામે મોજુદછે, તથા એ૦ ધનીએ આગે વખતે એક દરેમેહેર તથા બે કુવા ત્યાના પારસીવાડામાં બંધાવ્યા હતા, મગર તેનો સને તથા દાહડો વાર માલમ પડતો નથી એવી આગમજ ખંભાતથી ત્રણ કોશ દૂર નગર નામે ગામ કસ્બોછે ત્યા "ખાન કીદર" નામના દખ્મે કીનારે આવેલી જગોપર અસલમા દેહછે કે એક પણ જુનુ દોખમુ ઇરેજ બાંધેલુ હતુ. પણ હાલ તેની કશી નિશાન માલમ પડતી નથી

[2] દસ્તૂર દારાબ હોરમજદયારના બાપ દસ્તૂર હોરમજદયાર ફ્રામરોજ અસ્ટ્રાને હાથની લખેલી જુની રેવાયતોની અસલ પોથી જે આ૦ જમશેદજી પેશતનજી બધનાઇ પાસેછે તેમા સફે ૭૦૧ મે

[3] આ લેખની નકલ એ૦ જમાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણાવાળાએ નવસારીના પેહલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડીમાં સફે ૧૨૮ મેછે.

[4] ભરૂચવાળા પ્રખ્યાત દસ્તૂર કામદીનજીના બાપાવાનબાપાવાનો બાપો તથા મુંબઈવાળા પ્રખ્યાત દસ્તૂર મુલ્લા ફીરોજજીના બાપના બાપાવાના બાપાવાનો બાપો

[5] મુલ્લાફીરોજ કેતાબખાનામાની દસ્તૂર બરજો કામદીન વાળી રેવાયત સફે ૩૪૩ મે

[6] નવસારીના પેહેલા દસ્તૂર મેહરજી રાણા. એ-વણ પોતાના કાકા એ૦ વાછા જેસંગના પાલક થવાથી મેહરજી વાછાને નામે દીનઆઇનની ક્રિયામા બોલાયછે. બાકી એવણના બાપનુ નામ એ૦ રાણા જેસંગછે

શહીન, આદના કામદીન, રાણા પેશોતન, મેહરજી આદજી, ખુરશેદ બેહરામ ભાભીઆ, અને બહમન બેહરામ, એઓ-એ સહી કીવેલીછે.[૧]

## ઈ૦ સ૦ ૧૫૮૦.

તા૦ ૧ લી સપટેમબર

સવંત ૧૬૩૬ ના વરખે, રોજ ૧૬ માહા ૧૦ (યે૦)

આજ દીને નવસારીની અંજુમને એક લેખ પોત પોતામા કરી આ૦ મેહરજી વાછાને પોતાના વડા કીધા હતા, અને એવા બ દોબસ્ત કીધો હતો કે તેવણની રજા વગર કોઈબી મોબેદ કાંઈ અગીઆરીની ગમ, વેહલા, ગગરના, સરોશ, શીયાવ, નવરોદ, વગેરે કામો કરવા નહિ. આ લેખ ઉપર બેહમન આદા, પેશોતન આંધ, બેહરામ જેશગ, પદમ રૂસ્તમ, કેકોબાદ માહીયાર, આદના કાકા, ધનપાલ કામદીન, સાપુર આશા, આદના કામદીન, બેહરામ માહીયાર, નોશરવાન આશાદીન, આદર રાણા, બહમન હોશગ, મોબદ શાએર, નરશગ રામજી, કાકા આશદીન, પેશોતન છીવા, નરીમાંન હોમ, ખુરશેદ બહમન, ધધઆ નેહરામ, બેહરામ ફરેદુન, એઓની સહીઓછે.[૨]

## ઈ૦ સ૦ ૧૫૯૦.

તા૦ ૬ થી આગસટ

સવત ૧૬૪૬ ના, રોજ ૨૨ માહ ૯ (યે૦).

આજ દીને દીવ મધે ત્યાના જરથોસ્તીઓને ધેરની દીનઆઇનની ક્રિયા વગેરે કરવાને એક મોબેદ નવસારીથી દસ્તૂર આસદીન કાકાએ ત્યાના બેહદીનો ઉપર એક કાગજ[૩] લખી મોકલ્યો હતો

## ઈ૦ સ૦ ૧૫૯૧.

તા૦ ૬ ઠી નવેમબર,

રોજ ૮ માહા ૧૨ (યે૦) ૯૬૦ યજદજરદી.

**મરણ—**દસ્તૂર મેહરજી રાણા—નવસારીની અંજુમનેકેડેલા પેહલવેહલા વડા દસ્તૂર. એવણ દીલ્હી તરફ પાદશાહ અકબરની હજુરમા તેને જરથોસ્તી ધર્મને લગતાં ફરમાનો જાણવાની ખાએસ હોવાથી તે તેને સમજાવવાને નવસારીથી ગયા હતા. ત્યા કેટલીક મુદત ઠેર રહી આવ્યા પછી અકબરની શાહનશાહત તરફથી એવણને નવસારીમા ૨૦૦ વીંઘા જમીન ઇનામમા આપી હતી. એવણ જેવારે દીલ્હીથી પાછા આવ્યા તેવારે નવસારીની અંજુમને એવણને પોતાના વડા દસ્તૂર બનાવવાનો એક લેખ તા૦ ૧૨ મી માર્ચ ૧૫૭૯ ને દીને, તથા બીજો લેખ તા૦ ૧ લી સપટેમબર ૧૫૮૦ ને દીને કરી આપ્યો હતો.

## ઈ૦ સ૦ ૧૫૯૫.

તા૦ ૨૪ મી ફેબરવારી.

આજ દીને દીલ્હીમા પાદશાહ અકબરની દરબાર તરફથી નવસારીના વડા દસ્તૂર કેકોબાદ માહીયારને તેના બાપ મરહુમ દસ્તૂર મેહરજી રાણાને નવસારી મધે પારચોલ પરગણે ૨૦૦ વીંઘા જમીન ભેટ આપી હતી તેમા બીજી ૧૦૦ વીંઘા જમીન વધારી આપી તેનો પાદશાહી મોહર મુધાનો પરવાનો કરી આપ્યો હતો.[૪]

---

[૧] એ૦ જમાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણા વાળાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૨૪

[૨] એ૦ જમાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણાવાળાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૭

[૩] આ કાગજની ભાષા ઘણી અજાયબ જેવી હોવાથી તે અક્ષરે સરાખરો શાકધે ઉંધે —

"લા૦ આ૦ કાકા સુદ આસદીન બેહેદીન દીવના
"શમશતે કેનપનાડે એવદસાદ જત બે ચાદીકા યબ-
"દીન હુતીએ અગીઆરી માહી હમો જન ચાર બેઠા
"હતા તે તીઆહા એમ કહીજે જે દીનનાં શમશતે
"મેહેદીન કહુ જે એક એરબદ બરશનુમ સુ.ા આહા
"આવે તે બાજવરનુ તથા ઘેહેશારનુ ને હમારા મુસ્તાની
"નીમત આપરગાન કરી તહેની હમો જેવા ધુતે લેહેવી
"તેની તનખુ કરૂ તે વાત કીધાપર એ શ્રી મેહરજી રા-
"ણાનુ એક શહેદવી તાકીદ કરી દીનના કામ ચાલતા
"કરવા મોકલીઉછે ખુબછે. લાએકછે ડાહુછે
"સાસતોછે જેહેવુ આપની દીનમા જોઇએ તેવુછે
"એહેની તનખુ એહના શીલ જોઇ કરજો શહી રો૦
"ગુઆદ માહા આદર, શવત ૧૬૪૬ વરખે

"શમશતે બેહેદીન નઇ હમારૂ પહના ઇમ્મજદો-
"બાદ કોહીશી"

[૪] આ પરવાનો શાહનશાહ અકબરના ૪૦ મા વર્ષમા તા૦ ૨૦ મી આબેર માહે અસપદાદમદને દીને કરી આપ્યો હતો તે વિષે કેહેછે કે એ દસ્તૂર મજકૂર પોતે દીલ્હી ખાતે જઇને એ મેળવી આવ્યા હતા એ પરવાનાની નકલ એ૦ જમાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણા વાળાએ નવસારીનાં પેહલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડીને સફે ૧૨૦ મેછે.

## ઈ૦ સ૦ ૧૫૯૭.

તા૦ ૧૯ મી નવેમ્બર.

રોજ ૨૩ માહ ૧ (કદ) ૯૬૭ યજદજરદી.

પાદશાહ અકબરને જરથોસ્તી ધર્મને લગતી સમજણ આપવાને ઈરાનથી દસ્તૂર અર્દેશીર નોશરવાન કેરમાની દીલ્હી ખાતે આવ્યો હતો તેની ઉપર ભરૂચથી દસ્તૂર કામદીન પદમે એક કાગજ લખી કેટલીક બીનાઓ પુછાવી હતી, જેનો તેણે આજની તારીખે મજકૂર દસ્તૂર ઉપર જવાબ લખ્યો હતો કે "પાા મહિના થયા તમારી ઉપર મે કાગજ લખ્યો, પણ તેનો કાંઈ જવાબ તમારી તરફથી મળ્યો નહિ. પછી હું જ્યારે દીલ્હીથી નિકળી મુલતાન આવ્યો ત્યારે બેહદીન કાઉસ માહીયાર મને ત્યા મળ્યો, અને તેણેથી મે બધો અહેવાલ જાણ્યો અગર જો કાઉસ મને લાહોરમાં મળતે તો હુ અલબત્તે તમારી એઅમતમા ભરૂચ આવતે. વળી મને કાઉસે કહ્યુ કે તમો ઈરાન આવવાની ઘણી ખાહેશ રાખોછો, તેથી મને પણ ચોક્કસ આવી કે તમારી સાથે મારી મોલાકાત થાશે, અને રસ્તાએજ સુધી તમારી યાદગારી હિંદુસ્થાનમા રેહશે. તમો આવોતો કાફલાની સાથે આવજો, રસ્તાનો કાંઈ દગદગો કરતાના. અગર તમારૂ આવવુ નકી ન થાય, અને કાગજ લખવુ પડેતો યજદના મોટા દસ્તૂર મેહરવાન ઉપર અથવા કેરમાનમા દસ્તૂર બેહરામશાહ ઉપર મારી ઉપર લખજો." એ પછી આતશબેહેરામ બનાવવાની ક્રિયાને લગતી મુખ્ય બાબદો એ કાગજમા લખીછે.૧

## ઈ૦ સ૦ ૧૬૦૦.

આ વર્ષમા પારસીઓ ઈરાનથી હિંદુસ્થાન આવ્યા, તથા સંજાણ અને ગુજરાતના બીજા મુલકોમા વસ્યા તેના અહેવાલની ફારસી બેતોમા "કીસ્સે સંજાણ" નામની ચોપડી નવસારીના રેહનાર એક મોબેદ બહમન કૈકોબાદ સંજાણાએ બનાવી હતી.૨

## ઈ૦ સ૦ ૧૬૦૮.

તા૦ ૧ લી ડીસેમ્બર,

સંવત ૧૬૬૫ ના વરસે માગશર શુદ ૩.

આજ દીને નવસારી કશબાને લગતા પારચોલ પરગણાના હિંદુ પટેલીઆઓ નામે કીકા શંકર, ભુદર રામ, દાહીઆ રામ એરૂના, શામલ કાહના, ગોપાલ ભાખા વીજલપોરના, ગોઘડ રાઘવ, કીકા કુકા અભરામેના, હરજી થાહીઆ, શ્રીમજી જહઆ, મકા માહાવા ખરશાદનાં, વામા કીકા, માધવ અનચેલીના, તથા જોગા નાદા, એઓએ નવસારીમા મળી એકમત થઈ એવો લેખ કીધો જે આપણે આ૦ કેકોબાદ મેહરજી (રાણા) ને તાએસ તથા તેને મનતા રહીએ, અને તેના કહયાથી કંઈ નહિ, તથા આપણામાથી જે કોઈ કીકા વામા૩ ને મળે તેને માતા રેવા તથા માતા તાળી હોરએ, અને જે કોઈ તેને મળે તે તેના માબાપનો જનેલો નહિ.૪

## ઈ૦ સ૦ ૧૬૧૪.

**મરણ**—દસ્તૂર આઝર કેવાન બેન આઝર ગોશસ્પ—ઉંમર વર્ષ ૮૫. આએ એક ઈરાનનો જાણીતો તથા ખબરદાર અને જરથોસ્તી ટોળાનો દસ્તૂર હતો. તેનો એતેકાદ ફીલસુફી ધર્મ ઉપર હતો. પોતાની જીંદગીના પેહલા ૨૮ વર્ષ એકાંતપણે આસાની બંદગીમા ગુજારી પછી તે હિંદુસ્થાન ખાતે પટના મધે આવી વસ્યો હતો. તે પોતાની સાથે ઈરાનથી કેટલાક જરથોસ્તીઓને પોતાના શાગેરદ તરીકે લાવ્યો હતો, જેઓમા મોબેદ ફરહાદ, મોબેદ હોશ, મોબેદ સરોશ, વગેરે હતા. તે ઉપરાંત હિંદુસ્થાનમા ઘણાક મુસલમાન તેમજ હિંદુઓ પણ એના શાગેરદ થયા હતા. તે સઘળાઓને એ ફીલસુફી ધર્મજ શિખવતો હતો. એણે "મુકાશિફાતે આઝર કેવાન" નામની કેતાબ ફીલસુફી

---

૧ આ કાગજની નકલ દસ્તૂર દારાબ હોરમજદયારે યજદજરદી ૧૦૫૪ માં વલસાડ મધે લખેલી રેવાયતની અસલ પોથી જે આ૦ જમશેદજી પેશતનજી વલસાડા પાસેછે તેમા છેક છેલી આવેલીછે.

૨ એની એક નકલ મુલ્લા ફીરોજ કેતાબખાનામાછે તેમા એ કીસ્સો પુરો કરવાનો દિવસ રોજ ૬ ધે માહ ૧ લો સને ૯૬૯ યજદજરદી (તા૦ ૨ લી ડીસેમ્બર ૧૬૦૦ ઈસવી) કરી લખેલોછે પારસીઓ ઈરાનથી હિંદુસ્થાન આવવાને લગતો જે અહેવાલ જાણીછે તે આ કીસ્સા ઊપરથીજછે.

૩ નવસારીમાં આગા આશાના નબીરા મનોચેહર બહમન કે જેવણ મોગલાઈ સરકાર તરફથી દેશાઇગરૂ ચલાવતા હતા, તેઓના બેહરામ જેશા અને કીકા વાઆ નામના બે ગુમાશતાઓ દેશાઇગરાના ધણીઓ થઈ બેઠા હતા, અને લોકો પર ચાહે તેમ અમલ ચલાવતા હતા, જેથી મજકૂર મનોચેહર બહમનને રાજી કરી ત્યાના દસ્તૂર કેકોબાદ મેહરજી રાણાએ દેશાઇગરાનો વહીવટ પોતે લીધો, અને આ પટેલીઆઓએ તેઓને નામે રેહવાનો લેખ કરી આપ્યો

૪ આ લેખની નકલ એ૦ જામાસ્પજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણા વાળાએ નવસારીના પેહલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની છાપની લખેલી ચોપડીમા સફે ૨૭ મેછે

ધર્મની સાખેતીમા લખી હતી. એ પરનામાજ આ વર્ષમા મરણ પામ્યો હતો [૧]

## ઈ૦ સ૦ ૧૬૧૬.

તા૦ ૨૧ મી માર્ચ.

સંવત ૧૬૭૨, રોજ ૧૨ માહ ૫ (શ૦).

સુરતની પાસેના સુમારી ગામમાં મોબેદોની ઘણી તાણ હોવાથી ત્યાના ચાર પારસીઓ નામે પુઈઆ ધઈઆ, પુઈઆ નરથીઆ, વો૦ વાછા માણીયાર, અને રતન ડોસા, ગોદાવરા પથકના વડા મથક અંકલેસર ખાતે મોબેદોને તેડવાને ગયા હતા; ત્યાં આજદીને શમનાત મોબેદોની અંજુમને બેસી આ૦ પેશોતન બોરશેદ, તથા આ૦ મેહરજી શહીયાર નામના બે મોબેદોને ગામ સુમારી તથા ગરવતના બેહદીનોનું દીનઆઈનીનું કામ કરવાને મોકલ્યા હતા. [૨]

તા૦ ૨૩ મી મેએ,

સંવત ૧૬૭૨, રોજ ૧૮ માહ ૭ (શ૦).

આજ દીને નવસારી મધે ત્યાના દોખમાની સામે એક નવી સગડી બરજોરજી કાહનજી, નામના બેહદીને બંધાવી આપી હતી [૩]

## ઈ૦ સ૦ ૧૬૧૮.

તા૦ ૨૯ મી અક્ટોબર.

રોજ ૧૨ માહ ૧૨ (શ૦) ૯૮૮ યજદજરદી.

**મરણ**—દસ્તૂર કેકોબાદ મેહરજી રાણા—નવસારીના પેહલા દસ્તૂર મેહરજી રાણાના દીકરા. એઓણને ઈ૦ સ૦ ૧૫૯૧ મા પોતાના બાપના મરણ બાદ તેમનો દસ્તૂરીનો ઓહદો મલ્યો હતો. ઈ૦ સ૦ ૧૫૯૪ મા એઓણ પોતાના બાપને આપેલી જાગીરના કાંઈ વાદાસર દીલ્લી ગયા હતા, અને ત્યાથી શાહનશાહ અકબરની તરફથી એઓણના બાપને આપેલી ૨૦૦ વીઘા જમીન ઉપરાંત બીજી ૧૦૦ વીઘા જમીન બેટ આપી તેનો તા૦ ૨૪ મી ફેબરવારી ૧૫૯૫ ની તારીખનો દરબાર તરફથી એક લેખ કરી આપ્યો હતો. એઓણે કેટલીક મુદ્દત સુધી નવસારીમા દેશાઈગીર [૪] પણ ચલાવ્યુ હતુ.

## ઈ૦ સ૦ ૧૬૨૨.

તા૦ ૨૭ મી માર્ચ.

રોજ ૧૮ માહ ૫ (શ૦) ૯૯૧ યજદજરદી.

**મરણ**—દેશાઈ બેહરામ ફરેદુન [૫]—નવસારીના પોલીઆ દેશાઈના ખાનદાનના વડવા. એઓણ પ્રથમમા નવસારીના વડા બેહદીન સાગા આશાના નબીરા મનોચેહર બેહમન કે જેઓણ ત્યા મોગલાઈ સરકાર તરફથી દેશાઈગીર ચલાવતા હતા તેના કારભારી હતા. તે પછી ધણીના વખતમાથી દેશાઈગીર જવાથી કેટલીક મુદ્દત સુધી દસ્તૂર કેકોબાદ મેહરજી રાણાએ તે ચલાવ્યુ હતુ; પણ તે બાદ એઓણે પોતે છેક દીલ્લી ખાતે જઈ એ અધિકાર પોતાના નામ ઉપર મેલવ્યો હતો, તથા ૪૨૫ વીઘા જમીનનો લવાજમો ભરી તે વગેરે પરા પોતાના કબજામા રાખવાની સનદ પણ લાવ્યા હતા

## ઈ૦ સ૦ ૧૬૨૬.

તા૦ ૨૯ મી અક્ટોબર.

રોજ ૪) માહ ૧) (ક૦) ૯૯૬ યજદજરદી

આએ વર્ષમા ભરૂચ, સુરત, તથા નવસારીના દસ્તૂર મોબેદો તથા બેહદીનો તરફથી બહમન અસપંદયાર નામનો એક સુરતનો બેહદીન ઈરાનના દસ્તૂરોને પુછવાને કેટલાક દીન ધર્મને લગતા સવાલો લઈ ગયો હતો, તેના જવાબો આજની તારીખે ઈરાનના યુરકાબાદ શેહેરથી લખાઈ આવ્યા હતા તે જવાબને મથાળે નવસારીના રેહનારાઓમા દસ્તૂરો શાપુર હોશંગ, નોશીરવાન આશદીન, એકજી કેકોબાદ, કામદીન કેકોબાદ, બહ-

---

[૧] હીજરી સને ૧૨૬૨ મા મુંબઈ મધે લછમનના છાપખાનામા છપાએલી દબેસ્તાનની કેતાબ સફે ૨૦૯ મે

[૨] આ મોબેદો પાસેથી અંકલેસરની અંજુમને કરાવી લીધેલા લેખની નકલ અંકલેસર વાળા આ૦ ફરામજી જમશેદજી પાસેથી અમારા જોવામા આવી હતી

[૩] નવસારીમા ઈ૦ સ૦ ૧૫૭૭ મા મરહુમ ચાંગા આશાના દીકરા માણેક ચાંગાએ એક પથરનુ દોખમુ બંધાવ્યુ હતુ તેની સામેની જુની સગડી પડી જાવાથી આ સગડી બંધાવ્યામા આવી હતી એ સગડીપર નીચે મુજબ તરજી એક કાળા પથર ઉપર કોતરેલી છે—

"રોજ ગોશ માહા મેહેર, સંવત ૧૬૭૨ વરષે
" સગડી પુરી થાઈ ખુરસેદ કાહાનજી"

[૪] ઈઆને મોગલ સરકારની આસરે ૨૪૦૦) વીઘા તથા ખાનગી ધણીઆની આસરે ૨૦૦૦) વીઘા નવસારીની જમીનનુ મેહસુલ ઉઘરાવવાનુ કામ

[૫] એઓણના બાપ આ૦ ફરેદુન કામદીન તથા બાપાવા આ૦ કામદીન ખુરશેદ નવસારીના જાણીતા મોબેદો હતા આ૦ કામદીનનો બાપ દસ્તૂર ખોરશેદ બેહરામ પોતાના વખત પ્રમાણે દીનઆઈનનુ સારૂ જ્ઞાન ધરાવતો હતો તેનો બાપ દસ્તૂર બેહરામ પાહલણ ચાંગા આશાના દીકરા માણેક ચાંગાના વખતમા એક જાણીતા તથા ખબરદાર દસ્તૂર તરીકે ગણાતા હતા

જોર કામદીન, મેહરનોશ કૈકોબાદ, બહમન બેહરામ, શીરાબ બેહરામ, મેહરજી એરજદીયાર, બેહદીન શેઠ કુકા, અને બેહરામ ફરેદુન પટેલ, સુરતના રેહવાસીઓમા દસ્તૂરો અસ્પંદયાર બહમન, ખોરશેદ હોરમજદયાર, નોશરવાન ખોરશેદ, બેહરામ આશા, દારાબ કુકા, બેહદીનો અસ્પંદયાર નરશંગ, કામદીન મેહરવાન, નાહના બીન રામ, અને મેહરજી ખોરશેદ; ભરૂચના રેહવાસીઓમા દસ્તૂરો કામદીન પદમ, બેહરામ અરદેશીર, અને બેહદીન આશા જમશેદ, એઓને નામ બ નામ યાદ કરી તેઓ ઉપરાંત હિંદુસ્થાનના તમામ દસ્તૂરો, મોબેદો, બેહદીનો તથા ત્યાનાં તમામ શેહેરો, કસબા, ગામડા, મોહલા, ગલીઓ, અને ઘેરેઘેરના જરથોસ્તીઓને ઈરાનની અંજુમન તરફની સલામ સાથે લખેછે કે તમારી તરફથી બહમન અસ્પંદયાર કીરમાનમા બેની તથા રાહની મંજલ કાપી આવ્યો, તેથી હમોએ તેને બારશનુમ આપી પાક કીધો, તથા બાનુબાનુની જીયારત[1] પણ કરાવી લાવ્યા હતા. એ પછી અંતરેના સવાલોના જવાબો લખ્યાછે[2]

## ઈ૦ સ૦ ૧૬૨૭.

તા૦ ૨૭ મી જાનેવારી.

રોજ ૯ માહ ૮ (ક૦) ૯૯૬ યજદજરદી.

ઉપલાજ સુરતના બેહદીન બહમન અસ્પંદયાર પાસે યજદના દસ્તૂર મોબેદોએ નવસારીના દસ્તૂરો શાપુર હોશંગ, એરજી કૈકોબાદ, તથા બરજોર કામદીન ઉપર આજની તારીખે એક કાગજ લખી મોકલ્યોછે, તેમાં દીનઆઇનની ઘણીક બીનાઓ સાથે એવું પણ લખેછે કે અંતરે બહમન અસ્પંદયાર તમારી તરફથી આવ્યો તેણે હમોને કહ્યુ કે હિંદુસ્થાનમા "સીતાબ"[3] ની ઉત્પત્તી

---

૧ આ બાનુ બાનુ તે પારસીઓના છેલ્લા શાહનશાહ યજદજરદ શેહરીયારની બેટી હતી. તેણીને માટે ઈરાનમા એવી કથા ચાલુછે કે પારસીઓની શાહનશાહત પરાગંદે થઇ ત્યારે યજદજરદના બચ્ચા છોકરાઓ જે "મદાએન" શેહેરમા હતા તેહેનાઓએ પોતાના બુજોરગવારો અને બેશ કુટુંબની જગા તથા કેબલાનુ મકામ જાણીને લડાઇમાથી નાહાશીને "હફ્ત આજર" શેહેરના કીલ્લા તરફ આવી પનાહ લેવાને ચાહ્યુ—મગર પછવાડેથી દુશમનોનુ જોર વધી ગયુ, અને લશકરના લોક પકડવા આવ્યા તેથી તે પાદશાહના પરીવારો તે કીલ્લામા દાખલ થઇ નહિ શકયા અને બધા જણા પરાગંદે થઇ ગયા. તેમાથી મેહેરબાનુ નામે એક છોકરીએ કીલ્લે ગોરાબમા જઇને પનાહ લીધી, અને બાનુબાનુ નામની છોકરીએ ડુંગર તરફ એક બીજો બરૂજ હતો ત્યા જવા ચાહ્યુ, તે વખતે નાહસતા મારગમા પાણીની તરશ ઘણી લાગી પણ તેહને પાણી કેથે નહિ મલ્યુ તેથી એક બુરજીગર તે ડુંગરની વચ્ચે ખેતી કરતો હશે તેની પાસે જઇને પાણી માગ્યુ. તે તેની પાસે પણ હાજર નહિ હતુ એટલા માટે તેણે તુરત પોતાની એક ગાએ હતી તેને દોહીને દુધ આપવા ચાહ્યુ. તે વખતે દુધ દોહી રેહા બાદ એતફાકથી તે ગાએ લાત મારેઆને શામલે વાસણ હાથમાથી પડી ગયુ, અને તે મરોડાનુ હશે તેથી ભાગીને દુધ બધુ ઘોરાઇ ગયુ. ત્યારે નીરાશ પામીને ત્યાથી પણ દૂર એક બે માઇલને આસરે ડુંગરોની તરફ અંદર જાઇને પરવરદેગાર પેદા કરનારની દરગાહમા બંદગી બજાવી એઆજરબાઇ કીધી જે ઇયા પાક યજદાન એજદાન આવ્યે આફતના વખતે મજને દરવેદ દુશમનોના હાથમાથી બચાવ ઇયા એમ કર કે મારી હોરમત રહે. એવી આરજુ અને અરતુતી કરતાજ વારત્યા ડુંગરની જમીનપર જોયુ તો એક ફાટ નજર આવી, તેમા ઊતરી પડી કે તે ફાટ પાછી મલી ગઇ. તે બનાવ બાનુબાનુની સાથેના માણસોએ જોઇને રડતા બેઠા હતા, હેવામા પેલો બુરજીગર કેથેથી પાણી મેલવીને પુંઠે આવ્યો, તેણે બાનુબાનુને ગેબ થવાનો અહેવાલ જાણીને ઘણો દલગીર થયો તેથી ભારે ગમ કરી ગોસ્સામા આવી પેલી પોતાની ગાએને લાવીને તાહા પેલા શીગાફ (ઇઆને પાહાડની ફાટ) ની નિશાન ઊપર કતલ કીધી, અને બીજા બેહદીનોને પણ તેણે કહ્યુજે જે કોઇ બાનુબાનુની બુજોરગી ભરેલી ઇજતને માન આપવા ચાહાતુ હોય તેહેનાઓએ તે નેક જાત અને પાક દામાન વાલી પતીવરતાના દુખનો દાગ ખાવા કીજે એક એક ગાએને લાવીને અંતરે કાપવી ઘટે. ઊપર કહ્યા મુજબ પેલા બુરજીગરની નશીહત પરથી તે જગોએ ગાએ કાપવાની ચાલ પડી. હવે જે જગાએ બાનુબાનુ ગેબ થઇ ગઇચ તે હદનુ નામ "દરેદીન" કરી રાખ્યુ હતુ, અને ત્યા પારસીઓ શેહકડો કોશ દૂરથી જીયારત કરવાને આવતા હતા, હેવામા તેની પાસે એક કુદરતી પાણીનો જહરો નિકલી આવ્યાને શામલે હજારો માણસોની જાતરા ભરાતી, તે વખતે ભારે મોટી બજાર બનીને લાખો રૂપીઆ લેવડ દેવડ થાતુ

[ઇરાન દેશના રેહનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવા સારૂ સ્થાપેલા ધરમ ખાતાની ઉપજ નીપજના ઈ૦ સ૦ ૧૮૬૫ મા દફતર આશકારા છાપખાનામાથી છપાયલા હેવાલમા ઈરાનની પુરાતમ જગાઓ તથા ગોફાઓ વિષે શેઠ માણેકજી લીમજી આતરીઆએ લખી મોકલેલો અહેવાલ સફે ૨૧૨—૨૩—૨૫]

૨ મુંબાઇ ફીરોજ કેતાબખાનામાની દસ્તૂર દારાબ હોરમજદયાર વાલી રેવાયત પાને ૪૫૩ મે

૩ ઈરાનમા અંજુમનનો પાહબાર થાય તેના ખાણાની પેહલ વેહલી દેઘ જે ચુલા ઊપર ચહડાવે તેના દસ્તૂર મોબેદો હાજર થઇ તેઓમાનો જે વડો હોય તે પોતાને હાથે દુધ, સરકો, તથા સીતાબના પાતરા વગેરે નાખેછે એ રવેશો ઠીક અસલના વખતથીછે. નવસારીમા પણ એનેજ લગતો એક ચાલ આજ લગણ મોજુદછે. તે એકે અંજુમનના ઊઘરાણાથી જે દિવસે પાહબાર થવાનો હોય તેની આગમજના દિવસે સાંજના સર્વે અંજુમન એકઠુ થાઇ જમા પીછોડી સાથે પાહબાર કરવાની જગા (મુખ્ય કરી ખુરશેદવાડી) પર જાયછે, ત્યાં તેઓની હજુરમા ચાવલનો વઘાર નાખ્યામા આવેછે, અને પછી સઘળાઓ તદરોગતી પટી છુટા પડેછ

નથી, તેથી અમોએ તે તેની સાથે થોડાક મોકલ્યોછે કે દાહબારનાં કામમા આવે.[૨]

---

તા૦ ૧૪ મી આગસ્ટ.

રોજ ૯ માહ ૧૧ (કદ) ૯૯૬ યજદજરદી.

મજકૂર બહમન અસ્પંદયાર પાસે ફેરમાનની અંજુમને આજની તારીએ નવસારીના દસ્તૂરો શાપુર હોશંગ, એદલજી કેકોબાદ, બરજોર કામદીન, નોશીરવાન આશદીન, મેહરનોશ કેકોબાદ, બહમન બેહરામ, શોરાબ બેહરામ, અને મેહરજી હોરમજદયાર, તથા બેહદીનો શેઠ કુકા અને બેહરામ પટેલ, સુરતના દસ્તૂરો અસ્પંદયાર બહમન, નોશરવાન ખોરશેદ, દારાબ હીરા, પેશોતન ખોરશેદ, આશા બહમન, અને ફરામરોજ બહમન, તથા બેહદીનો અસ્પંદયાર નેરીઓશંગ, કામદીન મેહરખાન, નાહના રામ, વાછા નેરીઓશંગ, મેહરજી ખોરશેદ, રુસતમ કામદીન, અને નોશરવાન શેહરીયાર; ભરૂચના દસ્તૂરો કામદીન પદમ અને બેહરામ અરદેશીર, તથા બેહદીન આશા જમશેદ, એઓને નામે એક કાગજ મોકલ્યો હતો, તેમા લખેછે કે યજદના દસ્તૂર મોબેદોએ તમારી ઉપર લખેલા જવાબો સિવાય હમો કસુ વધારૂ જાણતા નથી. પણ હિંયાથી વીસ્તાસ્પ યષ્ટ અને વિસ્પરદની કેતાબો તમારે માટે મોકલીછે. અમો તમારી તરફથી આવેલા બેહદીન બહમન અસ્પંદયારે અહિં ઘણી મેહનત લીધીછે, માટે તમો તેનો ઘટતો બદલો તેને આપજો.[૨]

---

## ઈ૦ સ૦ ૧૬૩૧.

આએ વર્ષમાં વલસાડના તમામ બેહદીનોએ બંદોબસ્ત કીધો કે તેઓના ગામમા આવેલા પેહેલા મોબેદ આ૦ શાપુરજી રાણાના વારસને વલસાડમા મોબેદી કરવાના બદલામા નીચે મુજબનો લવાજમો આપવો—

- ૧ લગનનાં મુરતનો રૂ.
- ૧ અમારત ઘાલન મુરત રૂ.
- ૧। બરશાખ મુકવાના મુરતનો રૂ.
- ૧ ઘર ઉખેડે તે દાહાડે રૂ.
- ૧॥ કુવો ખોદાવી તયાર કરાવે ત્યારે મુરતનો રૂ.
- ૨ કુવાની શાદી કરે ત્યારે રૂ
- ૧ જાહજનો પરાણ નાખે ત્યારે મુરતનો રૂ.
- ૩ જાહજ તૈયાર થાય અને પાણીમા ઉતારે તે દાહડે પાગડી રૂ
- ૧ છોકરીની હઘરણી ખાવે તેનો રૂ.
- ૧ છોકરાને ભણવા બેસાડે તેનો રૂ.
- ૧ પટીને દાહડે રૂ.
- ૦)= સુરજ ગ્રહણને દાહડે દર ઘર દીઠ રૂ.
- ૧॥ વલાવો હોએ તેનો રૂ.
- ૧ શાદી બાબતમા વદ મુરતનો રૂ.
- ૨॥ બેહરામ ઈજદના ધર્ણું તથા નગદ રૂ.
- ૫ રૂજો તથા સારી વગેરે રૂ.
  - આશોદાદને દાહડે કુદરત પરમાણે.
  - દાહબારને દાહડે ધારા મુજબ.
  - છોકરાને તથા છોકરીને સદરો પેહરાવે ત્યારે ધારા મુજબ.
- ૦। હર પાચ મહીને રૂ.
- ૦। હરેક પરબ ઉપર રૂ.

આ બંદોબસ્તનુ એકરારનામુ વલસાડના સુબાની હજુરમાં રજુ કર્યું હતું. તે ઉપર ગોપાલદાસ અમીન થાણાદારની શાહેદી, તથા એક ફલીઆની વતી, પો૦ રુસતમ કુકા અને બેહરામ શહીયાર; તથા બીજા ફલીઆની વતી પો૦ મેહરજી નાના વગેરેની સહીઓ હતી.[૩]

---

## ઈ૦ સ૦ ૧૬૩૮.

તા૦ ૧૩ મી ફેબરવારી.

રોજ ૧૦ માહ ૪ (શે૦) ૧૦૦૭ યજદજરદી.

**મરણ**—દસ્તૂર આશદીન કાકા—નવસારીના એક ખબરદાર તથા પઢેલા દસ્તૂર. એવણે જરથોસ્તી દીન આઈનને લગતી ઘણીક કેતાબો તથા તવારીખોની નકલો કીધેલી હતી; તેમજ નવસારીના પાયે પોલના કુટ બીઓની ફેહરેશત જુના લેખો ઉપરથી તેહકીક કરી બનાવી હતી.

---

## ઈ૦ સ૦ ૧૬૪૦.

આએ વર્ષમા મુબઈમા પેહલ વેહલી પારસીઓની પધરામણી થઈ હતી. પેહલ વેહલો પારસી આએ વર્ષમા[૪] દોરાબજી નાનાભાઈ[૫] સુરતની પાસેના સુમારી ગામમાંથી પોતાના કુટુબ સહીત અતરે આવી વસ્યો હતો, અને

---

[૨] મુલ્લા ફીરોજ કેતાબખાનામાની દસ્તૂર દારાબ હોરમજદયાર વાલી રેવાયત પાને ૪૫૫ મે

[૨] મુલ્લા ફીરોજ કેતાબખાનામાની દસ્તૂર દારાબ હોરમજદયાર વાલી રેવાયત પાને ૪૪૯ મે

[૩] આ બંદોબસ્ત તથા એકરારનામાની નકલ એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણા વાલાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડીમા સફે ૧૬૨ મેછે

[૪] શેઠ રતનજી ફરામજી વાછાએ ઈ૦ સ૦ ૧૮૭૪ મા "યુનિયન પ્રેસ" મા છપાવેલુ "મુબઈના બાહર" પુસ્તક સફે ૨૪૪

[૫] અતરેના કાવશજી પટેલના ખાનદાનના વડવા.

અલરેના પોરટુગીજ સત્તાવાળાઓના કારભારી તરીકે તેમની નોકરીમા રહયો હતો.[૧] એ પછીથી પારસીઓનો મુંબઈમા આસ્તે આસ્તે પગપેસારો થવા લાગો હતો.

## ઈ૦ સ૦ ૧૬૪૨.

તા૦ ૬ થી નવેમ્બર.

સંવત ૧૬૯૮ ના, રોજ ૨૬ માહ ૧૨ (શે૦).

આજ દીને નવસારીમા ત્યાની અગીઆરીમા શહેનશાહી અંજુમને મળી ઠેરાવ કીધો જે કોઈ મોબેદ અથવા બેહદીન પોતાના છોકરાને અદરાવતી વેળાએ આદરની કરે ત્યારે છોકરીનો બાપ ગોલ શેર ૫, નાળીએર ૨, તથા અંજુમનની મોહર ૫ (રૂ૦ ૨) આપે. એથી જે વધુ આપે તે અંજુમનનો ગુનેહગાર થાય, અને દેવાનમા ૨૫) મોહર ગુનેહગારી આપે.[૨]

## ઈ૦ સ૦ ૧૬૪૯.

તા૦ ૩ જી ડીસેમ્બર.

રોજ ૨૦ માહ ૨ (કદ૦) ૧૦૧૯) યજદજરદી.

આજની તારીખે ઈરાનના દસ્તૂર મોબેદોએ નવસારી મધે દસ્તૂર બરજોર કામદીન કૈકોબાદ ઉપર એક કાગજ લખી રૂસતમ જ હેલ નામના ઈરાની સાથે મોકલ્યો હતો. તેમા તેઓ લખેછે કે આએ બે વર્ષ થયા ઈરાનમાં દુકાળ પડેલોછે, અને તેથી ઘણી મોંઘવારી થઈછે.[૩]

## ઈ૦ સ૦ ૧૬૫૪.

આએ વર્ષમા ભરૂચ મધે ત્યાંની શહેનશાહી જરથોસ્તી અંજુમને ઉઘરાણાથી એક દોખમુ બંધાવી પરકાવ્યુ હતુ.[૪]

## ઈ૦ સ૦ ૧૬૫૫.

તા૦ ૧૭ મી જુન.

રોજ ૧૮ માહ ૮ (શે૦) ૧૦૨૪ યજદજરદી.

**મરણ**—દેશાઈ બહમનજી મેહરાંમજી—નવસારીના પોલીઆ દેશાઈના ખાનદાનના વડવા દેશાઈ મેહરામ ફરેદુનના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૬૨૨ માં પોતાના બાપના મરણ બાદ તેમની નવસારી કસબામાંની ૪૨૫ વીઘા જમીન જે દીલ્હીથી લવાજમો ભરી મેલવી હતી તે પોતાના બંને ભાઈઓ સાથે વેહચી લઈ તેનો વહીવટ ચલાવતા હતા. એવણ મોગલાઈ અમલદારોમાં મોટો વગ ધરાવતા, તથા નવસારીના મોબેદોના એક આગેવાન ગણાતા હતા.

## ઈ૦ સ૦ ૧૬૫૭.

તા૦ ૨૭ મી આગસ્ટ.

રોજ ૩૦ માહ ૧૦ (શે૦) ૧૦૨૬ યજદજરદી.

**મરણ**—દેશાઈ મેહરજી બહમનજી[૫]—નવસારીના પોલીઆ દેશાઈ બહમનજી મેહરામજીના વડા દીકરા. એવણ પોતાના બાપની સાથે તેમના ભાગના દેશાઈગરીનો વહીવટ ચલાવતા હતા, અને ઈ૦ સ૦ ૧૬૫૫ માં તેમના મરણથી પોતાના ભાઈ સાથે તે વહીવટ જારી રાખ્યો હતો. નવસારીની અંજુમનના એવણ એક અગ્રેસર હતા.

## ઈ૦ સ૦ ૧૬૫૯.

તા૦ ૧૦ મી મેએ.

સંવત ૧૭૧૫ ના, રોજ ૧૧ માહ ૭ (શે૦).

સુરતની પાસેના ટેણા[૬] ગામમા પારસીઓની વસ્તી વધવાથી આજ દીને ગોદાવરા પંથકના વડા મથક અંક-

---

૧ "Going back some two hundred years, we find that when Bombay was ceded by the Portuguese to Charles II as part of the dower of the Infanta Caterina Braganza, there was a Parsee resident on the island, whose name was Dorabjee Nanabhoy He had been very serviceable to the Portuguese in *their intercourse* with the natives His tact in reconciling conflicting social elements and setting an example of loyalty to the people, recommended him to the English Government"

"The Oriental' Edited by J H Stocqueler, London, Vol. I August 1873 p p 177.

૨ એ૦ જામાસ્પજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણા વાલાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૧૦.

૩ મુલ્લા ફીરોજ કેતાબખાનામાની દસ્તૂર બરજોર કામદીન વાલી રેવાયત સફે ૮૯૨ મે

૪ આએ દોખમાની શાહદત પણ આગલ સફે ૪ થેની નોટમા જણાવેલા વડોદરામા રેહનાર બારોટ માધવરાગ દલપતરાગ નામના હિંદુ વહીવંચાના જુના દફતરમાથી મેલવી ભરૂચવાલા આ૦ દાદાભાઈ ફરદુનજીએ અમોને નીચે પ્રમાણે આપીછે

"સંવત ૧૭૧૦ ભરૂચના પારસીઓ સંગથતે બંધાતો કરાવો. કુકડવાતાની હદમા પટેલ બાજી નાહાનાની વખતે એજ પટેલે આપેલી જમીન ઉપર"

૫ નવસારીના પ્રખ્યાત દેસાઈ કુકાજી મેહરજીના બાવા

૬ આ ટેણા ગામમાં એકવાર જરથોસ્તીઓની સારી વસ્તી હતી એવુ માલમ પડેછે ત્યા ત્રણ પડી ભાગેલા દોખમાઓની નિશાનીછે હાલ ત્યા બે ત્રણેક પારસીઓના ઘરછે ઉપાના દોખમા કયારે તથા કોણે બંધાવેલાં તેની ઘણી તલાસ કીધી, પણ કસો પત્તો હાથ લાગો નહિ

લેસર ખાતેથી ચાર મોબેદો નામે પેશોતન ખોરશેદ, અસ્પદયાર ચાંદા, કામદીન બેહરામ, અને ભીમજી મેહરજી એઓને ત્યાં મોકલ્યામાં આવ્યા હતા.[૧]

## ઈ૦ સ૦ ૧૬૬૦.

સુરતના મોગલાઈ અમલદારો ઇંગ્રેજી કોઠીવાળાઓને તેમના વ્યાપારમાં ઘણી હરકતો નાખ્યા કરતા હતા, તે વિષેના બંદોબસ્તો કરવાને આએ વર્ષમાં ઇંગ્રેજી કોઠીનો વડો તથા તેમનો દલાલ રુસતમ માણેક શેઠ દીલ્હી ખાતે શાહનશાહ ઔરંગજીબની દરબારમાં ગયા હતા.[૨]

## ઈ૦ સ૦ ૧૬૬૪.

તા૦ ૨૭ મી જુલાઈ.

રોજ ૧ માહ ૧૦ (શે૦) ૧૦૩૩ યજદજરદી.

**મરણ**—દસ્તૂર મેહરનોશજી કેકોબાદજી મેહરજી રાણા—એવણને ઈ૦ સ૦ ૧૬૧૯ માં પોતાના બાપનાં મરણ બાદ નવસારીની અંજુમન તરફથી ત્યાંની દસ્તૂરી મળી હતી.

## ઈ૦ સ૦ ૧૬૬૫.

આએ વર્ષમાં મુંબઈમાં ફરતો કોટ બંધાતો હતો ત્યારે તેમાં જોઈતા બેગારીઓ, ટોપલી, વગેરે સરંજામ પુરો પાડવાનું કંત્રાક્ટ ભરૂચથી સુરતમાં આવેલા શેઠ ખરશેદજી પોહચાજી પાંડે[૩] એ લીધું હતું.[૪]

## ઈ૦ સ૦ ૧૬૬૭

તા૦ ૬ મી જાનેવારી.

રોજ ૧ માહ ૩ (શે૦) ૧૦૩૬ યજદજરદી.

**મરણ**—નાનાભાઈ પુંજીઆ[૫]—એવણ સુરતના પારસીઓના વડા અકાબર હતા, તેમજ તેઓના ઘર સંસારી કજીઆઓ ચુકવતા તથા પંચાતને લગતો વહીવટ ચનાવતા હતા. સુરત મધે એવણે પોતાને ખરચે એક દોખમું બંધાવવા માંડ્યું હતું, પણ તે તૈયાર થાય એટ-

---

૧ એ ચાર મોબેદોએ અંકલેસરની અંજુમનને કરી આપેલા લેખની નકલ અંકલેસરવાલા આ૦ ખરશેદજી દીનશાહજી પાસેથી અમારા જોવામાં આવી હતી.

૨ આએ રૂસતમ માણેક શેઠની કારકીરદીનો અહેવાલ સુરતના એક મોબેદ જમશેદ બીન કેકોબાદ, કે જે એવણના દીકરા શેઠ નવરોજજીને પઢાવનાર ઓસ્તાદ હતો તેણે યજદજરદી ૧૦૮૦ (ઈ૦ સ૦ ૧૭૧૧) મા ફારસી બેતોમાં લખ્યો હતો, તેમાં લખેછે કે શાહનશાહ ઔરંગજીબની હજુરમાં શેઠ રૂસતમે પેલા ઇંગ્રેજને માટે નીચે પ્રમાણે અરજ કીધી હતી:—

કે ઈન મરદ અઝ બેહરે સોદાગરી,
બ હીંદ આમદસ્ત અઝ રહે બાવરી
વલી દખલ નદેહદ ઈનરા બ શેહેર,
અમીરાને દરગાહે વાલા બ મેહેર
હમીન મરદે અંગરીજ નીકો તરસ્ત,
બેર ઉમીદે જેલે શાહી બર તરસ્ત
ગોઝારદ ચનીન અરઝ કઝ લોતફે શાહ,
દેહદ જાએરા દર શેહેરે સુરત પનાહ
કે કારે તેજારત દરા આરદશ,
હમ અંબાર ખાને બરા દારદશ

**અર્થ**—"કે આએ (ઈંગ્રેજ) મરદ સોદાગરીને માટે પોતાના મુલકથી હિંદુસ્થાન ખાતે આવ્યોછે, પણ બુજોરગ દરગાહના અમીરો એને શેહરમાં દખલ આપતા નથી, એ ઈંગ્રેજ મરદ ઘણો નેક અને પાદશાહી શાએઆનો પુર ઉમેદવારછે, (માટે) તે એવી અરજ ગુજારેછે કે પાદશાહની મેહરબાનીથી તેને સુરત શેહરમાં જગા અને પનાહ મલે, કે ત્યાં એ વ્યાપારનું કામ જારી કરે અને તે માટે વખાર તથા કોઠી રાખે"

આ અરજ ઉપરથી શાહનશાહે પોતાના વજીર અશદખાનની પાસે સુરતના નવાબ ઉપર એવો હોકમ લખાવ્યો કે.—

કે દર શેહરે સુરત મર ઇંગરેજરા,
દેહદ દખલો જાએ મકાનો સરા
કે સાઝદ મકાને ખોદશ અંદરા,
ન બાશદ ઓજાહેમો માને કશ્રા
બમાલે તેજારત જકાતશ મઆફ,
નમુદસ્ત શેહ ઝેલતેફાતે શફાફ.

**અર્થ**—"કે સુરત શેહર મધે ઇંગ્રેજને દખલ આપે તથા મકાનો અને કોઠીને માટે જગા આપે, કે તેમાં તે પોતાના મકાનો બંધાવે અને કોઈ તેને મુજાહેમ થાય નહિ તથા અટકાવ કરે નહિ, એના વ્યાપારના માલનું જગાત પાદશાહે ખાસ મેહરબાનીથી માફ કીધુંછે"

૩ મરહુમ શેઠ મેહરવાનજી ફરામજી પાંડેના બપાવાના બપાવા

૪ શેઠ રતનજી ફરામજી વાછાએ ઈ૦ સ૦ ૧૮૭૪ મા "યુનિયન પ્રેસ" મા છપાવેલું "મુંબઈના બાહર" નું પુસ્તક સફે ૨૭૯

૫ સુરતવાલા ખાનબાહદુર મોદી રૂસતમજી ખરશેદજીના વડવા એવણના ભાઈ બહમન પુંજીઆ સુરતમાં એક મોટા દીનદાર જરથોસ્તી થઈ ગયાછે તેવણે ઈરાનથી આવેલા દીનઆઈનને લગતા અતરેથી પુછાવેલા સવાલોના જવાબો સઘળા એકઠા કરી તેનો સંગ્રહ એક કેતાબમાં કીધો હતો, કે જે કેતાબ "બહમન પુંજીઆની રેવાયત" ને નામે ઓલખાએછે એવણના વડવાઓનાં નામો આ પ્રમાણે અનુક્રમે સુરતમાં લખાયલી એક જુની ડીસાપોથીમાથી મલેછે

પુંજીઆ, પપા, પુના, અપા, દાવા, આશા, હુઈઆર, સુવા

ખામા એવણનુ મરણ નિપજવાથી ત્યાનાં જુનાં દોખ-મામા એવણના સ્વાનને બે માસ લગણ ઉપર તથા નીચે પથ્થરો મુકી રાખી મેલ્યું હતુ, અને દોખમું તૈયાર થયા પછી તેમા તે મુકવામા આવ્યું હતું.

## ઇ૦ સ૦ ૧૬૬૮.

તા૦ ૪ થી આગસ્ટ,
રોજ ૧૦ માહ ૧૦ (દેે૦) ૧૦૩૭ યજદજરદી.

**મરણ**—દેશાઈ શેહરીયારજી બહમનજી—નવસારીના પોલીઆ દેશાઈ બહમનજી બેહરામજીના નાથલા દીકરા. એવણ ઇ૦ સ૦ ૧૬૫૫ મા પોતાના બાપનાં મરણથી તેમના ભાગનો દેશાઈગીરાનો વહીવટ પોતાના વડા ભાઈ સાથે ચનાવતા હતા, અને ઇ૦ સ૦ ૧૬૫૭ મા તેમના મરણ પછી નવસારીની અંજુમનમાં એક આગેવાન ગણાતા હતા.[1]

આએ વર્ષમા સુરતથી ત્યાના મરનાર શેઠ નાનાભાઈ પુંજીઆના વારેસો કુવરજી નાનાભાઈ તથા હીરજી નાનાભાઈ, એરવદ રુસતમ પેશોતનરે અને બે૦ બરજોર આદરબાદ એઓએ એક કાગજ લખી કેરમાનના દસ્તૂર મોબેદોપર બેહદીન મેહરવાંન જદલ સાથે મોકલ્યો હતો, તેમા લખ્યુ હતુ કે બેહદીન નાનાભાઇ પુંજીઆએ સુરતમા એક દોખમુ બધાવવા માડ્યુ હતુ, પણ તે પુરું થાય તેટલામા તેવણ હક થયા હતા, અને તે વેળાએ એવી આગ્નેસ બતાની હતી કે તે દોખમુ તૈયાર થયા પછી તેમાં મને નાખજો. આથી પેલુ દોખમું તૈયાર થાય ત્યાવિર બે મહિના લગણ જુનાં દોખમામા સ્વાનને મેલી તેની ઉપર તથા નીચે પાથરો મુકયા હતા. તે પછી નવું દોખમું તૈયાર થવાથી સ્વાનને ત્યાથી કાઢી તેમા નાખ્યુ હતુ. તે કામ દીનની શરીઅતે હતુ કે નહિ તે વિષે ત્યાથી ઓનામો માગયો હતો. આના જવાબમાં કેરમાનવાળાઓ લખેછે કે તે સ્વાનને જુના દોખમામા મુકવુ સજાવાર નહિ હતુ, પણ નવુ દોખમું તૈયાર થાય ત્યાવિર પાક જગોપર જયા બીજનાં કાસબુદ નહિ પડેલા હોય ત્યા મેલવુ હતુ, એવું દીનનુ ફરમાનછે.[3]

ઇંગ્રેજ સરકારે આએ વર્ષથી[4] મુંબઈના કોલી તથા માછીમારોપર ૬૨ માણસ દીઠ રૂ૦ ૬૧૩૩ રેસનો "બાડી-ટાક્સ"[5] નાખ્યો હતો, અને તે વસુલ કરવાનું કામ પોતાના કારભારી શેઠ દોરાબજી નાનાભાઈને સોપ્યું હતુ.[6]

## ઇ૦ સ૦ ૧૬૭૦.

તા૦ ૧૮ મી જુલાઈ.
રોજ ૨૩ માહ ૧૦ (કે૦) ૧૦૩૯ યજદજરદી.

આએ વર્ષની તા૦ ૧ લી જુને નવસારી તથા સુરતની અંજુમન તરફથી બે૦ રુસતમ બોરશેદ અસ્પંદયારે જરથોશતી દીનઆઈનને લગતા કેટલાક સવાલો ઈરાન મોકલ્યા હતા, તેના કેરમાંનથી આજની તારીખે ત્યાંના દસ્તૂર મોબેદોએ હિંદુસથાનમા દસ્તૂર બરજોર કામદીન, દસ્તૂર પાલણ ફરેદુન, દસ્તૂર રુસતમ બોરશેદ, દસ્તૂર રુસતમ પેશોતન, બેહદીન હીરજી નાનાભાઈ, બે૦ નાનાભાઈ નરસંગ, બે૦ કુવરજી બેહરામ, બે૦ કુવરજી નાનાભાઈ, અને બે૦ ધનજી બેહરામ ભરૂચી એઓ જોગ જવાબ લખી મોકલ્યા હતા. એમાં સેતાનબાજી પહેરવા તથા છોકરાઓના લગન કરવાને લગતી બીના

---

૧ એવણના વારેસોએ ઇ૦ સ૦ ૧૭૦૪ મા એવણનો દેશાઇગરાને લગતો ભાગ આ૦ હોમજી આદરજી હોમજી તે પ્રખ્યાત દેશાઇ ખુરશેદજી રેહમુલજીના પિત્રાઇ કાકાને ગીરવી આપ્યો હતો

૨ આ મોબેદે ગુજરાતી કવેતોમાં શપાવક્ષ, જરથોશત, વીરાફ, તથા અરપદયારનામા બનાવ્યા હતા અને જેમાના પેહલા નામાને ઇ૦ સ૦ ૧૮૭૩ મા મુબઇ મધે બે૦ દેહમુરસ રીનયાર અફલેસરીઆએ "રીપોર્ટસ પ્રેસ" માંથી છપાવી પરગટ કીધુ હતુ.

૩ આ જવાબની નકલ દસ્તૂર દારાબ હોરમજદયારે યજદજરદી ૧૦૫૪ (ઇ૦ સ૦ ૧૬૮૫) મા વલસાડ મધે લખેલી રેવાયતની અસલ પોથી જે આ૦ જમશેદજી પેશતનજી વલસાડા પાસેછે તેમા લખેલીછે

૪ શેઠ રતનજી ફરામજી વાછાએ ઇ૦ સ૦ ૧૮૭૪ મા "યુનિયન પ્રેસ" મા છપાવેલ "મુબઇના બાહર" નું પુસ્તક સફે ૨૫૦

૫ આ "બાડી-ટાક્સ" વસુલ કરવાની રીત બાબે મરહુમ રેવરંડ ડાકટર જાન વીલસન પોતાનો On the Evangelistion of India નામના ઇ૦ સ૦ ૧૮૫૦ મા છપાવેલા પુસ્તકમા લખેછે કે "જયારે એક છોકરો તેર વર્ષની ઊમરે પુગતો ત્યારે તેના ઊપર એક રૂપીઓ કર લાગુ પડતો, જયારે ચઊદ વર્ષનો થાય ત્યારે બે રૂપીઆ, અને તે અઢાર વર્ષની ઊમરે પુગે ત્યાવેર દર વર્ષે એકેક રૂપીઓ વધારવામા આવતો અને જેથી સેવટે તેની ઊપરનો કર રૂ૦ ૬૧૩૩ રેસનો થતો અશક્ત માણસો અને તેર વર્ષની અંદરના છોકરાઓ આએ કરમાથી બાતલ હતા"

૬ આ કામ એવણ તથા એવણના વંશોએ મળી ૨૬૫ વર્ષ લગણ બજાવ્યુ હતુ એવુ ઇ૦ સ૦ ૧૮૨૪ ના જુલાઇ માસમા એવણના વારેસ શેઠ રૂસતમજી કાવસજી પટેલે મુબઇના નામદાર ગવરનર અરલ આફ કલેર ઊપર મોકલેલી એક અરજી ઊપરથી જણાએછે

લખેલીછે. તેમા કેહેછે કે છોકરાને ૧૮ વર્ષની અને છોકરીને ૧૦ વર્ષની ઉમરે પરણાવવા જોઇયે.[૧]

---

આએ વર્ષમા મુબઈ મધે ચોપાટીના ડુગર ઉપર મોદી હીરજી વાછાએ પેહલ વેહલુ દોખમુ બધાવી પરહાવ્યુ હતુ, તથા તેની સામે એક નાહની સગડી ચેગગ રાખવાને માટે બધાવી હતી.[૨]

આએજ વર્ષમાં એજ મોદી હીરજી વાછાએ કોટમા મોદીખાને પોતાના રેહવાના ઘરની સામે જરથોસ્તીઓના વપરાસને માટે પેહલ વેહલી એક દરેમેહર પરહાવી હતી.[૩]

---

૧ આ જવાબની નકલ દસ્તુર દારાબ હોરમજ-દયારે યજદજરદી ૧૦૫૪ મા વલસાડ મધે લખેલી રેવાયતની અસલ પોથી જે આ૦ જમશેદજી પેશતનજી વલસાડા પાસેછે તેમા આવેલીછે

૨ ડાકટર જાન ફ્રાયર કે જે ઈ૦ સ૦ ૧૬૭૧ માં મુબઇ ખાતે આવ્યો હતો તેણે પોતાની મુસાફરીના ઈ૦ સ૦ ૧૬૯૮ મા છપાવેલા પુસ્તકમા આએ દોખમા વિષે નિચે પ્રમાણે લખેલુ છે.—

"On the other side of the great Inlet, to the Sea, is a great Point abutting against Old — Woman's Island, and is called *Malabar hill*, a Rocky, Woody Mountain, yet sends forth long Grass, A-top of all is a *Parsy* Tomb lately reared"

[A New Account of East India and Persia, In Eight letters, from 1672—1681, by John Fryer M D, F R S, in 1698 Letter II page 67]

આ દોખમુ હજુ લગણ ચોપાટીના ડુગર ઉપર મોજુદછે, અને સગડી પણ છેલા પાચ વર્ષ થયા તેજ અસલ ટપ પ્રમાણે હતી, તે ઈ૦ સ૦ ૨૮૭૩ મા શેઠ દીનશાહજી માણેકજી પીટીટે તેની પાસે એક મોટી સગડી બધાવ્યાથી મરહુમ મોદી હીરજીના વારેસો શેઠો માણેકજી તથા ખરશેદજી શેરાબજી વાછાગાંધી તથા મરહુમ શેઠ નશરવાનજી કાવશજી વાછાગાંધીએ પોતાને ખરચે તે જુની સગડી બાજી તેમા ફેરફાર કરાવી નવેસરથી બધાવીછે

૩ સવત ૧૭૭૧ મા સુરતના મોબેદ રૂસતમ પેશોતન હમજીઆરે ગુજરાતી કવેતોમા બનાવેલા જરથોસ્ત નામાની શરૂઆતમા એ મરહુમ હીરજી વાછાની સ્તુતી કરેલીછે, તેમા એવણે મુબઇમા દોખમુ તથા દરેમેહર બધાવ્યા તે માટે નીચે પ્રમાણે લખેછે.—

એ પુણે પ્રભુએ તમને અત અતિ પિયારો કીધો।
જે મુબઇ બદર પથક બુલદ મરતબાજ દીધો॥
એ સાચ જદ અવસ્તા અર્થે એરવદ એમજ બોલે।
આહા દખમુ દરેમેહર કીધે તુ થયો ધની જનને તોલે॥
એ આદ પુરખ પુણથી તમ અત અતિમોટો મરતબાજ પાયો।
ધન હીરજી વાછા તુ આહા બિમાદ નર ગરોથમાની થાયો॥

[મિ૦ ટેહમુરસ દીનશાહ અકલેસરીઆએ ઈ૦ સ૦ ૧૮૭૯ મા "રીપોર્ટર પ્રેસ" મા છપાવેલા રવાયત નામાનો દીબાચો સફે ૭]

આ દરેમેહર ઈ૦ સ૦ ૧૮૦૩ ના ફેબ્રુવારી માસની મુબઇની કોટની મોટી આગમા સદાબરી બળી ગઇ હતી

## ઈ૦ સ૦ ૧૬૭૨.

આએ વર્ષમાં સુરતની પાસેનાં સુમાલી ગામમા હોમીયાર પાહલણ નામના એક બેહદીને દરેમેહર બંધાવી પરહાવી હતી.[૪]

---

## ઈ૦ સ૦ ૧૬૭૩.

તા૦ ૩૧ મી જાનેવારી.

રોજ ૨૫ માહ ૪ (ક૦) ૧૦૪૨ યજદજરદી.

ગયે વર્ષ ખબાતથી કામા વોહરા નામનો એક જરથોસ્તી વ્યાપારને[૫] માટે ઈરાન ખાતે ગયો હતો, તે

---

૪ એ દરેમેહર બધાયા પછી તેની ઉતર તરફની જગો તેના માલેકો પાહલણ વાછા, રતન પાહલણ, હોમીયાર પાહલણ, બેહરામ પાહલણ, તથા કુવર પાહલણ એઓએ આ૦ લીમજી મેહરજી (બેલાવની જીનીંગ ફેકટરીવાલા શેઠ જીવણજી લીમજીભાઈના વડવા) ને સવત ૧૭૨૭ ના પ્રથમ વઇશાખ સુદ ૭ ને દીને એક લેખ કરી આપી હતી તેમા એ દરેમેહર વિષે લખેલુ છે આ લેખની નકલ ગોદાવરા પથકવાલા આ૦ નાનાભાઈ બીખાજીએ અમોને આપીછે એ દરેમેહર જુની થયાથી બીજીવાર તે સુરતવાલા શેઠ જમશેદજી શોરાબજી હોડીવાલાએ બનાવી હતી, પણ તેનો સને મલી શકતો નથી એ પછી ત્રીજીવાર ઈ૦ સ૦ ૧૮૨૨ મા મુબઈવાલા શેઠ કુવરજી માણેકજી મુકાદમે ત્યા એક આદરાનની દરેમેહર બધાવી હતી, પણ તે રેતીના રૂટામા દટાઈ જવાથી ઈ૦ સ૦ ૧૮૬૮ મા તેવણના વારેસ શેઠ રૂસતમજી શાપુરજી મુકાદમે બીજી જગાપર દરેમેહર બધાવી ત્યા જુના આદરાન તખતનશીન કીધા હતા

૫ ખબાતમા પારસીઓ ઘણા આગલા વખતથી વ્યાપાર ચલાવતા હતા એવુ કેટલાક જુના લખાણોમાથી માલમ પડેછે ઈ૦ સ૦ ની અગીઆરમી સદીમા કેહછે કે ખબાતમા માહી નદીના કીનારા આગળ "કુમારીકા ક્ષેત્ર" નામના હિદુઓનાં દેહડાની પડોશમા પારસીઓની વસ્તી હતી, તેઓ ત્યાં વ્યાપાર ચલાવતા હતા, અને એટલાતો પગભર થઈ ગયા કે સઘળા પારસીઓએ મલી હિદુઓને ત્યાથી હાકી પણ કાઢ્યા હતા તેઓમા કલયાણરાય નામનો દસાલાડ જાતનો એક વાનીયો હતો તેણે સુરતમા જઇ મોતીનો વ્યાપાર ચલાવ્યો અને મોટી દોલત મેલવી, તેના બળથી કેટલાક રજપુતો તથા કોલીઓને ખબાતમા લાવી એક રાત્રે પારસીઓ ઉપર હોમલો કરી તેઓને માર્યા, તથા તેમના ઘરો સલગાવી મુકયા, જેથી ત્યાથી બધા પારસીઓ નાસી ગયા આ વીગત ઈ૦ સ૦ ૧૮૧૩ મા કપતાન રાબરટસને ખબાત વિષે લખેલા અહેવાલમા નીચે પ્રમાણે આવેલીછે :—

Some of the Parsis, who since their arrival in India, about 636, had remained in the South of Gujarat, were attracted to the settlement (942-997) near the temple of the *Kumarika Kshetra* at the mouth of the Mahi. The first comers succeeding in trade, others followed.

પાછા ફરતી વેળાએ યજદથી દીનઆઈનને લગતી કેટલીક બીનાઓ હિંદુસ્થાનના જરથોસ્તીઓ જોગનાં આજની તારીખના એક કાગળમા છપાવી લાવ્યો હતો.[1]

## ઈ૦ સ૦ ૧૬૭૬.

તા૦ ૩ જી જુન.

સંવત ૧૭૩૨ ના, રોજ ૨૦ માહ ૮ (શે૦).

આજ દીને નવસારીમા સમસ્ત મોબેદો તથા બેહદીનોની અંજુમને મળી પાલક કરી આપવાના બંદોબસ્તો કીધા હતા, કે જે ધણી જેનો પાલક થાય તે તેની મીલકત લીએ. તે ઉપર કોઈ વારસ થઈને દાવો કરે તથા હક લેવા માગે તે અંજુમનનો ગોનેહગાર થાય. જે મરદને બેટો નહિ હોય તે પોતાની હૈયાતીમા જેને ગમે તેને પાલક કરી લીએ તે રવા છે. અગર તે જીવતાં જીવત નહિ કરે, અને તેના મુવાબાદ તેની ઓરત કોઈ લગાહેત ધણીને પાલક કરે તે રવા નથી. તે ગુજરયા પછી તેનાં કુટુંબ અતબગ જેનો ઘટે તેને અંજુમનની હજુરમા પાલક કરે. અંજુમનની સલાહ વગર કરે તે નારવા છે. વળી એવુ ઠેરવ્યુ છે જે આજ દનથી જે કોઈ પાલકનો હક માગે તેને અંજુમન મળી સજા કરે. જે કોઈ પાલક થાય તે પેલા મરનારની માલ મીલકતનો ધણી. તેનુ દેવુ હોય તે આપે, લેનું હોય તે લીએ, તેના મુવા જીવતાની ખશમની કરે, તથા પેલા મરનારની ધણીઆણી જીવે તાંહ સગણુ ઘેરમા રહે. એ બંદોબસ્તથી જે ફરે તે શ્રી દેવાનમા રૂ૧૦૦) ગુનેહગારીના આપે.[2]

## ઈ૦ સ૦ ૧૬૭૮.

તા૦ ૨૧ મી જાનેવારી.

રોજ ૧૧ માહ ૩ (શે૦) ૧૦૪૭ યજદજરદી.

**મરણ**—દેશાઈ ખુરશેદજી બેહરામજી—નવસારીનાં પોલીઆ દેશાઈનાં ખાનદાનના વડવા દેશાઈ બેહરામ ફરેદુનના નાહના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૬૨૨ માં પોતાના બાપના મરણ બાદ તેમની નવસારી કસબામાની જમીનનો પોતાનો ભાગ બંધે ભાઈઓ સાથે વેહચી લઈ તેનો વહીવટ ચલાવતા હતા. એવણ મોગલાઈ અમલદારોમા સારો વગ ધરાવતા, તથા નવસારીના મોબેદોમા એક આગેવાન ગણાતા હતા.

તા૦ ૧ લી સપટેમબર.

રોજ ૧૦ માહ ૧૧ (શે૦) ૧૦૪૭ યજદજરદી.

**મરણ**—દેશાઈ સોરાબજી બેહરામજી—નવસારીના પોલીઆ દેશાઈના ખાનદાનના વડવા દેશાઈ બેહરામ ફરેદુનના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૬૨૨ મા પોતાના બાપના મરણ બાદ તેમની નવસારી કસબામાંની ૪૨૫ વીઘા જમીન જે દીલ્હીથી ખવાજમો ભરી મેળવેલી હતી તેનો પોતાના ભાઈઓ સાથે મળી વહીવટ ચલાવતા હતા, તેમજ પોતાના બાપનો નવસારીના દેશાઈગીરીનો અધિકાર પણ એવણને મળ્યો હતો. નવસારીમા એવણે પોતાના કુટુંબના વસવાટને માટે ઈ૦ સ૦ ૧૬૩૬ મા એક મોટુ પોળના જેવુ મકાન બંધાવ્યુ હતુ કે જે આજ સુધી "દેશાઈજીની પોળ" ને નામે મોજુદ છે, અને તેજ ઉપરથી એવણના વંશો "પોલીઆ અથવા પોળમાના દેશાઈ" ને નામે જાણીતાછે. એવણ મોગલાઈ સરકારમાં મોટો વગ ધરાવતા, તથા નવસારીના મોબેદોના એક આગેવાન અફસર હતા.

## ઈ૦ સ૦ ૧૬૮૫.

તા૦ ૬ ઠી જુન.

સંવત ૧૭૪૧ ના, રોજ ૧૫ માહ ૮ (શે૦).

આજ દીને નવસારીના તથા સંજાણના પંથકના સમસ્ત મોબેદોએ સુરતના મોબેદો તથા બેહદીનોના અંજુમન તથા નવસારીના બેહદીનોની હજુરમા એકઠા મળી એવો બંદોબસ્ત કીધો જે આજથી કોઈએ મોબેદ એક બીજાના પંથકમા[3] ક્રિયા વગેરેનુ કામ કરવુ નહિ.

---

and in time the Parsi element became so strong that by their overbearing conduct they forced the Hindus to leave the city. Among those who fled was a man of the Dash Lár caste of Wániás, Kalianrai by name. He took refuge in Surat* where in a short time, by trading in pearls, he acquired a large fortune. His wealth gave him consequence, and he had the address to bring together a numerous band of Rajputs and Kolis, who in the night attacked the Parsis, putting many to the sword and setting fire to their houses. The rest took to flight, and not a Parsi was to be seen in *Kumdrila Kshetra*. Kalianrai then formed the design of building a city on the ruins of the Parsi town.

* If this is Surat and not Sorath Kalianrai's date can hardly have been before the fourteenth century.

Statistical account of Cambay, for the Gazetteer of the Bombay Presidency p. p. 45

૧ આ કાગળની નકલ અંકલેસરવાળા આ૦ ફરામજી જમશેદજી પાસેની એક જુની રેવાયતમાછે એ રેવાયત કીયા સાલમા લખાઈછે તે તેમા નોંધેલુ નથી

૨ એ૦ જામાસ્પજી શોરાબજી દસ્તુર મેહરજી રાણાવાળાએ નવસારીના પેહલા દસ્તુર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૪૦.

૩ પારસીઓની વસ્તી નવસારી, ભરૂચ, ખંભાત, અંકલેસર, વગેરે જગાઓપર થયા પછી તેમના મોબેદોએ નીચે પ્રમાણે પંથકો વેહચી લીધા હતા :—

“સંજાણમા વસનારાઓની હદ દંતોરાની નદીથી

સંજાણા મોબેદોએ જેમ તેઓ કરતા આવ્યા છે તેમ આતશબેહેરામની બોએ દેવી, બીજી કાંઈ ક્રિયા નવસારીમા કરવી નહિ. તથા નવસારીના મોબેદોએ સંજાણવાળાઓનાં પંથકમા અમલ કરવો નહિ. આ બંદોબસ્ત ઉપર સુરતના બીચના અકાબરોની શાખ કરાવી હતી.[૨]

આ૦ રૂસતમ માણેક, કામદીન બેહેરામ, દારાબ મનોચેહેર, માણેક કાઉસ, હોમજી કેકોબાદ, બેહદીનો ધનજી પદમ, જમશેદ માણેક, પેશોતન અસપંદયાર, માણેકજી નાનાભાઈ, નાનાભાઈ નરશગજી, કુવરજી બેહેરામજી.

## ઈ૦ સ૦ ૧૬૮૬.

આએ વર્ષમાં નવસારી મધે ભગરીયા તથા સંજાણા મોબેદો તથા ત્યાના બેહદીનો વચ્ચે એક મોટી મારામારી તથા ખુનામરકી થઈ હતી. શબબ તેઓ વચ્ચે અગનથી થએના લેખ પ્રમાણે આપ્યા નવસારી કસબાના તથા સંજાણવાળાઓને પોતાને ઘેરના મુવા જીવતાની સગળી ક્રિયા કરવાનો હક નવસારી વાળાઓનો હતો. સંજાણ વાળાઓનો હક ફક્ત આતશબેહેરામની બોએ દેવાનો તથા તેની પેદાએશ ખાવાનો હતો. તે પ્રમાણે અતાર સુધી ચાલ્યા કીધુ હતું, પણ આ વર્ષમા કેટલાક ત્યાના બેહદીનોની ઉશ્કેરણીથી સંજાણ વાળાઓ ફતાઉ થઈ ગયા કે હમો કાએ નહિ હમારે તથા બેહદીનોને ઘેરની મરણ જીવણની ક્રિયા કરૂં? આ કામમા તેઓને બેહદીનોએ મદદ કીધાથી એક મોટી મારામારી તેઓ વચ્ચે થઈ, અને તે દરમીઆનમા બેહદીનોને હાથે બે ભગરીયા મોબેદો નામે આ૦ માણેકજી બેહેરામજી નરીમાન તથા આ૦ રૂસતમજી શાપુરજી આતીઆ એઓના ખુન થયા હતા, જે ઉપરથી ભગરીયા મોબેદો વધારે ઉશ્કેરાયા અને ૭ બેહદીનો નામે નાહના મેહેરજી, કુકા ચાપુર, નાના ચાંદજી, મેહેરજી શુખના, બહમન પેશોતન, અને રૂસતમ ચાપુર એઓને મારી નાખ્યા તથા બીજા ઘણાકોને જખમી કીધા. આથી ૭ મોબેદો નામે મેહેરનોશ ફરામરોજ, હોમજી આદર, દાદા શોહરાબ, જીવણ બેહેરોજ, તથા અસપંદયાર કુકા એઓને ખુન કરવાના તથા ૭ મોબેદો નામે આદર હોમજી, પાલણ ફરેદુન, દાદા જમશેદ, બરજોર કેરશાસ્પ, રૂસતમ શોહરાબ, તથા નોશરવાન ફરેદુન એઓને ખુનની ઉશ્કેરણી કરવાના વાકસર પકડી સુરત ખાતે ઈનસાફ કરાવવા માટે કેદ લઈ ગયા હતા.[૨] ત્યા કેટલાક દિવસ સુધી બંદીખાનામા કેદ રાખ્યા પછી કેહેછે કે ત્યાંના પારસીઓના વડા અકાબર મોદી કુવરજી નાનાભાઈના વચવચીનાથી તેઓ સઘળા છુટા થયા હતા.

## ઈ૦ સ૦ ૧૬૮૯.

**મરણ**—દોરાબજી નાનાભાઈ—મુંબઈમા આવનાર પેહેલવેહેલા પારસી, તથા અતરેના પટેલ આનંદાના વડવા. એનણે ઈ૦ સ૦ ૧૬૪૦ મા સુરતની પાસેના સુમાલી ગામમાથી અતરે આવ્યા હતા. જે વેળાએ એવણ અતરે આવ્યા તે વેળા મુંબઈ પોરટુગીજ સરકારના તાબામા હતુ, અને ત્યા આગળ કોઈવાર પારસીઓ આવેલા ન હતા.[૩] હિવા આ વા આગમજ એવણને સુરત તરફ તે વખતે વેપારને માટે આવતા પોરટુગીઝો સાથે કામકાજનો વ્યાવહાર હોવાથી પોરટુગીજ ભાષાનું સારૂ જ્ઞાન હતુ. આથી મુંબઈના પોરટુગીજ સત્તાવાળાઓએ એવણને ઉપયોગી પીછાણી પોતાના અતરેના લોકો સાથના રાજદરબારી કામકાજોના વડા કારભારી ઠેરવ્યા હતા. ઈ૦ સ૦ ૧૬૬૨ મા જ્યારે મુંબઈનો ટાપુ ઇંગ્રેજોને હસ્તક થયો ત્યારે ઇંગ્રેજી સત્તાવાળાઓએ પણ એવણને તેજ ઓધા ઉપર કાયમ રાખ્યા હતા. ઇંગ્રેજ સરકારે અતરેના કોળી તથા માછીમાર રૈયતાઓ ઉપર નાખેલો ૯૨ માણસ દીઠ ૨૦૬૩૩ રૈસનો

તે વલસાડ આગલની "પાર" નદી સુધીની, નવસારીવાળાઓની હદ "પાર" નદીથી તે વરીઆવની નદી સુધીની, ગોદાવરા પથકની હદ વરીઆવથી તે અકલેસર સુધીની, ભરૂચવાળાઓની હદ અકલેસરથી તે ખંભાત સુધીની, અને ખંભાતવાળાઓની હદ ખંભાતમાજ રાખી હતી"

[દસ્તૂર એરચજી શોરાબજી મેહેરજી રાણાવાળાએ સને ૧૮૭૮ વજ્જદરદીમા "આપઅખતીઆર" છાપખાનામા છપાવેલી "રેહબરે દીને જરથુસ્તી" સફે ૨૨૯]

૨ એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહેરજી રાણાવાળાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહેરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૩૧

૨ નવસારીના બેહદીનો શોરાબ અરદેશ તથા નોશરવાન મેહેરજી વગેરેને ત્યાના કાજી આશીદીન ઊઘમાનીએ તા૦ ૧૫ માહ જીલ્કાદ સને ૧૦૯૭ હીજરીને દીને પોતાની મોહર સુધા કરી આપેલો મેહજર એની નકલ એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહેરજી રાણા વાળાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહેરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડીમા સફે ૫૬ મેલે એ ઊપરાત આ મોટી મારામારીના તમામ બીનાનો ગુજરાતી બેતોમા આગલા વખતમા કોઈએ બનાવેલો એક કીસ્સો એ૦ મનચેરજી જામાસપજી વાછા પાસેથી અમારા વાચવામા આવ્યો હતો, તેમાથી બેહદીનોને હાથે મારી ગએલા ઊપલા બે મોબેદોના નામ મલી આવેછે

૩ એવણની પછી કેહછે કે રાનજી નામનો એક પારસી સુરતથી અતરે આવ્યો હતો, અને પોરટુગીજ સરકારને જંખુસરી માલ પુરા પાડવાનુ કનાકટ તેણે લીધુ હતુ

"ખાડી ટાકસ" નો કર એવણુ ઈ૦ સ૦ ૧૬૬૮ થી સરકાર તરફથી વસુલ કરતા હતા.[૧]

## ઈ૦ સ૦ ૧૬૯૦.

આજે વર્ષમાં સુરત ખાતે યુનૈટેડ ઈસ્ટ ઈંડીઆ કંપનીના અમલદારો તથા મુંબઈના જનરલ સર નીકોલસ વેટ વચ્ચે સુરત ખાતેના કંપનીના દલાલ રુસતમ માણેક શેઠ વિષે એક મોટો ટંટો ઉભો થયો હતો. તે એવી રીતે કે આગલાં વર્ષોમાં જ્યારે સર નીકોલસ વેટ સુરત ખાતેનો પ્રેસીડંટ હતો, ત્યારે તેણે આવતાવેંત મજકુર રુસતમ માણેકને કંપનીનો દલાલ નેમ્યો હતો, અને બંને જણા એકમેકની મુજ મુજબ પ્રમાણે ચાલતા હતા; પણ સર નીકોલસે મુંબઈના "જનરલ" નો હોદ્દો લીધા પછી આ શાવચેત દેશી (રુસતમ માણેક) ને માલમ પડ્યું કે તેની મતલબ તો મુંબઈને વ્યાપારનું મથક બનાવવાની છે, તેવું જ તેણે ત્યાંની ઇંગ્રેજી કોઠીના અમલદારો મી૦ બોનેલ અને મી૦ પરોબીને જાહેર કીધું કે સર નીકોલસ વેટે મને નવાબ સાથે વગ લગાડી સર જાન ગેયર ને કેદ કરાવવાને રૂ૦ ૫૦૦૦૦) પચાસ હજાર આપવા કહ્યા છે. જ્યારે સર નીકોલસ વેટે રુસતમે આ પ્રમાણે પાઘડી ફેરવી નાખવાની વાત સાંભળી ત્યારે તેણે તેને ઇંગ્રેજી કંપનીની નોકરીમાંથી બરતરફ કીધો. તો જોકે તે વખતે તેણે (રુસતમે) યુનૈટેડ ઈસ્ટ ઈંડીઆ કંપનીને રૂ૦ ૧૪૦૦૦૦) એક લાખ ચાળીશ હજાર તથા જુદી જુદી ખાનગી વ્યાપારી કંપનીઓને રૂ૦ ૫૫૦૦૦૦) પાંચ લાખ પચાસ હજાર ધીરેલા હતા. આથી સુરતના મજકૂર અમલદારો તથા સર નીકોલસ વચ્ચે મોટો અણબનાવ થયો, અને તેઓએ ઇંગલાંડ ખાતે "કોરટ-આફ ડાઇરેકટરસ" પર એવી રીતે લખી મોકલ્યું કે "સર નીકોલસ વેટના વારંવાર ઉતાવળા હુકમો આવ્યાથી નામદાર કંપનીનું નાણું બરાબર રીતે રોકવાને અમોને ઘણી મુશ્કેલી, અને ખરેખર જોતાં તો અશક્ય લાગે છે, તેટલા માટે જ્યાંસુધી રુસતમ માણેકને પાછો હોદ્દા ઉપર ગણે ત્યાંસુધી તેઓ કંપનીની મીલકત, અથવા તેઓના પોતાના છુટાપણાને માટે જોખમદાર થઈ શકતા નથી."[૨]

## ઈ૦ સ૦ ૧૬૯૨.

ઈ૦ સ૦ ૧૬૯૦ માં જંજીરાના સીદીએ મુંબઈ ઉપર હુમલો કીધો હતો, જેથી કંપની સરકારે તેની સાથે કોલકરાર કીધાથી તેના માણસો મુંબઈના કીનારો આસ્તે આસ્તે છોડી ગયા, પણ તેઓના ગયા પછી ઈ૦ સ૦ ૧૬૯૨ માં અંતરે એક સખ્ત મરકી ફેલાઈ, કે જેથી સઘળા ઇંગ્રેજી અને ગેરીસનના માણસો મરતલોક હાલતમાં આવી પડ્યા હતા. આ તક લઈ જંજીરાનો સીદી યાકુતખાન એક મોટી ફોજ લઈ મુંબઈ ઉપર ચઢી આવ્યો, અને ડુંગરીનો કીલ્લો પોતે લઈ લીધો. આથી ઇંગ્રેજ સરકારના માજી કારભારી રાગબજી નાનાભાઈનો છોકરો રુસ્તમજી રાગબજી કે જે પોતાના બાપની જગોએ આવ્યો હતો તેણે રાજ્યનો કારોબાર પોતાને હસ્તક લીધો, અને એક શીબંદી લશ્કર કે જેમાં મુખ્ય ભાગ મુંબઈના

---

૧ આ વેળાની ઇંગ્રેજ સરકારની મુંબઈની આવક શું હતી તે જાણવા જોગ છે. મી૦ બ્રૂસ પોતાના ઈસ્ટ ઈંડીઆ કંપનીના વૃત્તાંતમાં આજે ઈ૦ સ૦ ૧૬૬૮ માં મુંબઈની આવક નીચે પ્રમાણે જણાવે છે:—

| | Xeraphins | | | | | |
|---|---|---|---|---|---|---|
| Rent of Mazagon | 9,380 | 0 | 40 | | | |
| Mahim | 4,797 | 2 | 45 | | | |
| Parella | 2,377 | 1 | 56 | | | |
| Worli | 1,735 | 0 | 40 | | | |
| Sion | 790 | 0 | 60 | | | |
| Vorli | 571 | 1 | 34 | | | |
| Bandora | 6,311 | 2 | 61 | | | |
| | | | | 20,920 | 1 | 18 |
| Rent of the Tobacco Farm | | | | 9,550 | 0 | 0 |
| Ditto Taverns | | | | 2,100 | 0 | 0 |
| The Account of Customs | | | | 18,000 | 0 | 0 |
| Ditto Cocoanuts | | | | 19,000 | 0 | 0 |
| Xeraphins | | | | 73,870 | 1 | 18 |
| More may be advanced | | | | 1,129 | 1 | 62 |
| Total Xeraphins | | | | 75,000 | 0 | 0 |
| Which at thirteen Xeraphins for 22s 6d amount to | | | £ | 6,190 | 17s | 9d |

૨ While he (Sir Nicholas Waite) was President at Surat, Rustum, whom, from his first arrival, he had employed as broker, continued, from interested motives, attached to his views, but after he assumed the office of General at Bombay, this cautious Native, discovering that his object was to make that Island the centre of trade explained to Mr Bonnel and Mr Proby, the English Company's servants at Surat, that Sir Nicholas Waite has promised to give him fifty thousand rupees, to use his influence with the Governor, to keep Sir John Gayer confined, which sum was to be paid to him, individually, by advances on the prices of the Company's goods, to that amount When Sir Nicholas Waite was informed of this conduct of Rustum, he dismissed him from the English Company's employment, notwithstanding the United Trade was then indebted to him 140,000 rupees, and the separate Companies 550 000 rupees, and if the Surat council had not prevailed on the merchants to take their bills, the whole property of the English would have been seized

This state of affairs, between Sir Nicholas Waite and Mr Proby, could not but produce animosities —the former began with protesting against the conduct of the latter, and of Mr Bonnel, and they retaliated, by declaring, in their letters to the Court, that it was impracticable to procure regular investments, under the contradictory orders which Sir Nicholas Waite sent to them, and, in fact, it was impossible to execute them, and therefore, unless Rustum should be restored, they neither could be responsible for the Company's property, nor their own liberty'

[Bruce Annals of the East India Company, Vol III, p p 595 ]

કોલીઓ તથા માછીમારૂઓનો હતો, તે ઉભુ કરી પોતે તેની સરદારી લીધી, અને દુશમનોની સામે બાહદૂરીથી લડી તેમને ટાપુની બાહેર હાકી કાઢયા, તથા ડુંગરીનો કીલ્લો પાછો લઈ આ ખબર સુરત તરફ ઇંગલીશ ફેક્ટરીના વડા ઉપર કાસદોની મારફતે મોકલી, અને રાજયનો કારોબાર પોતે ચલાવ્યો.[૧] એ પછી ફેક્ટરીના વડાના મુંબઈ આવ્યાબાદ તેના હાથમા રાજયની લગામ સોપી. આ દેશહીતકારી નોકરીને માટે શેઠ રૂસતમજીને આ વર્ષમા મુંબઈના પટેલનો એતાબ વંશપરંપરા ઇંગ્રેજ સરકારે આપ્યો, તથા અતરેના સઘળા કોલીઓ અને માછીમારૂઓના વડા તરીકે તેમને નેમ્યા, અને તેઓના સરકારી કરો વસુલ કરવાની, તેમજ તેઓના દીવાની અને ધર્મ સંબંધી કજીયાઓ ચુકવવાની તેવણને સત્તા આપી.[૨]

---

## ઈ० સ० ૧૬૯૩.

તા० ૧૨ મી આપરૅલ,
રોજ ૨૨ માહ ૬ (શે०) ૧૦૬૨ યજદજરદી.

**મરણ**—દેશાઈ ટેહમુનજી શોરાબજી—નવસારીના પોલીઆ દેશાઈ શોરાબજી બેહરામજીના વડા દીકરા. એવણ ઈ० સ० ૧૬૭૮ મા પોતાના બાપના મરણથી તેમનો દેશાઈગીરીનો વહીવટ ચલાવતા હતા. નવસારીના હાકમ તરફથી એવણને કેટલીક સત્તાઓ મળેલી હતી, તથા ત્યાના તેમજ સુરત ખાતેના મોગલાઈ અમલદારો સાથે એવણને ઘણો સંબંધ હતો. નવસારીની જરથોસ્તી અંજુમનના એવણ એક આગેવાન અકાબર હતા.

---

## ઈ० સ० ૧૬૯૪.

તા० ૨ જી અક્ટોબર.

જંજીરાના સીદીએ ઈ० સ० ૧૬૯૨ મા જ્યારે મુંબઈના ટાપુ ઉપર હુમલો કીધો ત્યારે અતરેના કેટલાક રેહવાસીઓ પોતાની માલ મીલકત, ઇત્યાદિ રેહવા દઈ ભરાઈ બેઠા ઇવા ટાપુ બાહેર નાસી ગયાં, તેઓની મીલકત સરકારે ખરી જપત કીધી હતી. પણ પછી તેઓમાના કેટલાકોએ અરજીઓ કીધાથી તથી દયા માગવાથી અતરેના ગવરનર જાન ગેયરની સરકારે છતી તપાસ કરી તેઓની મીલકતનો પોણો ભાગ તેઓને પાછો આપવાના, તથા પા ભાગ સરકારમા જપત કરવાના, ઉપલી તારીખે હુકમનામા કરી પટેલ રૂસતમજી દોરાબજીને આપ્યા હતા.[૩] ઉપલા ધણીઓમા રતનજી નામે એક પારસી પણ હતો.[૪]

---

## ઈ० સ० ૧૬૯૭.

તા० ૧૩ મી મેએ.
રોજ ૨૪ માહ ૭ (શે०) ૧૦૬૬ યજદજરદી

આજ દીને ઉદવારા મધે ત્યાના રામશત બેહદીનોએ પથ્થરનુ એક દોખમું બંધાવી પરઠાવ્યુ હતુ.[૫]

---

૧ આ માટે એવણના એક વારેસ મરહુમ શેઠ રૂસતમજી કાવશજી પટેલે તા० ૨૫ મી જુલાઇ ૧૮૩૩ ને દીને મુંબઇના ગવરનર હાનરેબલ જાન અરલ આફ કલેર જોગ કીધેલી એક અરજીમા લખેછે કે—

"Also when the Seeddees took possession of the whole of Bombay my ancestor Rustom Dorab Patell fought on the side of the English and was actually for three days in charge of the Government of the island"

૨ આ બનાઇના સંપુરણ અહેવાલ તા० ૧૧ મી માર્ચ ૧૮૬૩ ના પુનામા પરગટ થતા "દખણ હેરલડ" પત્રમા તથા હાનરેબલ ડોસાભાઈ ફરામજી કરાકા સી એસ આઈના પારસીઓની તવારીખ, ધર્મ, રીતભાત વગેરેના ઈ० સ० ૧૮૫૮ મા લંડન ખાતે છપાવેલા પુસ્તકમા સફે ૨૬ મે છે

૩ આવા બે હુકમનામાની મુંબઇના ગવરનરે તથા તેની કોનસીલના અધિકારીઓની સહી સુધાની અસલ નકલ એવણના એક વારેસ શેઠ નેહરવાનજી હોરમજજી પટેલ પાસે મોજુદછે

૪ મુંબઈનો બાહરના બનાવનાર શેઠ રતનજી ફરામજી વાછાના ધાર્યા પ્રમાણે આ ધણી અતરેના ચીકા ઘડીઆલીના ખાનદાનનો વડો હતો

[મુંબઈનો બાહર સફે ૨૦૬]

૫ આ દોખમાના પાછલા ધારા ઉપર નીચે પ્રમાણેનો દાહડો વાર કોતરેલોછે.—

"શંવત ૧૭૫૩ ના વઇશાખ શુદ ૭, રોજ દીન ઇજદ માહા મેહેર ઇજદ"

આ દોખમુ બંધાયુ તે વખતે ઉદવારામા આતશ બેહરામ આવેલા ન હતા, પણ ત્યા તથા તેની આસપાસના ગામડાઓમા પારસીઓ ખેતી તથા બીજા રોજગાર સર જઇ વસેલા હતા તેઓને ત્યા જ્યારેબી રવાન થાય ત્યારે તેને છેક વલસાડ દોખમે ચઢાવવા લઇ જવુ પડતુ હતુ, કે જેમ કરવાને ગોમાશામા ઘણી સખ્ખી પડતી હતી આથી કેહછે કે ત્યાના લોકો સરકારમા ફરીયાદ ગયા કે હમો અહિંયા રેહતા નહિ કાએજે હમારા રવાનોને ઠેકાણે પાડવાની જગો નથી તેઓને જવાબ મલયો" જે તમો લોકો અતરે રેહવો, અને સરકારમાથી જે ખરચ મેથે તે લઇ એક દોખમુ બંધારો જે ઉપરથી બેહદીનોએ ના પાડયુ જે હમારા ધર્મનુ મકાન બીજી ગ્નાત વાળાઓને પૈસે બંધાય નહિ એ પછી એવી ગોઠવણ કીધી જે પારસીઓ પરનો બે વર્ષનો સરકારી વેરો માફ કરે, જેથી તેઓને દોખમુ બાંધવાને પૈસા ફાજલ પડે એ રીતે આ દોખમુ બંધાયુ હતુ એવુ ત્યાના જઇફ લોકો બોલેછે એ દોખમુ બંધાવનાર ઊપરી મોબેદ દાદા બીન હોરમજદયાર નામે હતો એ પછી ઈ० સ० ૧૮૩૦ મા ખંભાતવાલા શેઠ પેશતનજી ખરશેદજી મોદીએ અહિંયા એક બીજુ દોખમુ બંધાવ્યાથી આ જુનુ દોખમુ પડત પડેલુ છે

## ઈ૦ સ૦ ૧૬૯૯.

તા૦ ૧૪ મી સપટેમબર.
રોજ ૨૯ માહ ૧૧ (શે૦) ૧૦૬૮ યજદજરદી.

મરણ—એ૦ જામાસપ બાહમનજી—વલસાડના દસતુરજીને મોબેદના મોબેદોના વડવા. એઓને નવસારીની અન્જુમન તરફથી વલસાડ ખાતે દીનઆઇનની ક્રિયા કરવા માટે પથકી તરીકે મોકલવામા આવ્યા હતા. ત્યા પગાર થયા પછી ઈ૦ સ૦ ૧૬૮૬ થી પોતાના દીકરાઓની સુચનાથી એવણે નવસારીની રસમ મરેહતા પ્રમાણેનું લવાજમ મોકલવું બંધ કીધું હતું, અને તે વર્ષથી એઓ નવસારીના મોબેદોથી જુદા પડયા હતા.

## ઈ૦ સ૦ ૧૭૦૧.

તા૦ ૧૧ મી નવેમબર.
રોજ ૧૦ માહ ૧ (શે૦) ૧૦૭૧ યજદજરદી.

મરણ—દેશાઈ હોમજીભાઈ ટેહમુલજી—નવસારીના પોબીઆ દેશાઇ ટેહમુલજી શેરાબજીના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૬૯૩ માં પોતાના બાપના મરણબાદ તેમનો દેશાઇગીરીનો વહીવટ ચલાવતા હતા. જાતે એકમારગી હોવાથી એવણ લોકોમા ઘણા મનાયલા ન હતા.

## ઈ૦ સ૦ ૧૭૦૨.

તા૦ ૮ મી ડીસેમબર,
રોજ ૭ માહ ૨ (શે૦) ૧૦૭૨ યજદજરદી.

મરણ—કામાજી હોમાજી—ઉમર વર્ષ (૪) એવણ ભરૂચના એક ગરીબ વણકર હતા. કેહેછે કે વણવાની મજુરી બાબત કોઈ મુસલમાન શઈયદની સાથે તકરાર થવાને લીધે તેણે ગુસામા આવીને પેલાનો ભરૂચના નવાબ હામદ બેગની સરકારમાં એવણ ઉપર બોહતાન ભેલી ફરીયાદ કીધી કે આએ પારસીએ મને કુફર કહયો. આથી નવાબે પોતાના કાજી તથા મોલવી પાસેથી શેહગના કાએદા પ્રમાણેનો ફતવો લઈ ઇનસાફ કીધો કે એ પારસી અગર પોતાનો ધર્મ તજીને ઇસલામી દીન કબુલ કરેતો એનો ગુનાહ માફ કરી છોડી મેલવો, અને જો તેમ નહિ કબુલ કરેતો શરેહના ધારા મુજબ તલવારથી એને કતલ કરવાનો હુકમ છે. આવા ઇનસાફથી એવણે પોતાના ધર્મથી ચલીને જીવ બચાવવા કરતાં પોતાની ગીન ઉપર જીવ આપવાનું બેહતર વિચારી તલવારની અણી હેઠળ ગયા. આથી ભરૂચના અથોરનાનો જરથોસતી ધર્મને લગતી જાહેર ક્રિયાઓમા હજુસુધી એવણનું નામ બીજા ધર્મ-રખવારોની સાથે યાદ કરેછે.

## ઈ૦ સ૦ ૧૭૦૯.

તા૦ ૨૫ મી જુન.
રોજ ૯ માહ ૯ (શે૦) ૧૦૭૮ યજદજરદી.

આજ દીને મુમબઇના કોટમા શેઠ બનાજી લીમજીએ આદરાનની દરેમેહર બંધાવી પરહાવી હતી.[1]

## ઈ૦ સ૦ ૧૭૧૬.

તા૦ ૧૫ મી ડીસેમબર,
તા૦ ૨૯ મી માહ જીલહેજ ૧૧૨૭ હીજરી.

આએ વર્ષમા સુરતના નવાબ હૈદર કુલીખાને ત્યાના પારસીઓના વડા અગ્રેસર મોદી ભીમજી કુવરજીને એક ફરમાંન લખી આપ્યુ હતું કે સુરતના નવાબના મુતસદીસ (મેહતા), તાલુકદારો, અને બીજા મુસલમાનો જેઓ પારસીઓ પાસે વેઠ કામ કરાવેછે, તથા સુરદાંની ગોર આદાવેછે તે હવેથી તેમ કરશે નહિ; અને સુરતના પારસીઓ પાસેથી લગન તથા નાતરાનો જે કર આજ લગી મુદત થઈ તમે (મોદી) ઉઘરાવી તે તમારી કોમનાં

1 આગે ચાલુ યજદજરદી ૧૨૪૭ ના "ઝોરાસટરીઅન કલેન્ડર" મા એ દરેમહેર પરહાયાનુ સાલ ૧૦૯૦ યજદજરદી કરી લખેલું છે, અને એજ સાલની ગણત્રિથી મુમબઇમા નિકલતા સઘળા ગુજરાતી પંચાગોમાં એ દરેમેહરની શાલગરેહ ગણવામા આવેછે પણ અમારા એક મરહુમ મિત્ર શેઠ એરચશાહ માણેકજી બનાજીએ ઓકસ કારશેટસર એ દરેમેહરની તવારીખ અસલથી ઉપજાવી કાઢી હતી, અને તેમા મરહુમ બનાજી લીમજીની પેહડીના સર્વથી જુના દફતરોમાથી ઉપર અમોએ મુકેલો તેને પરહાવાનો દાહડો વાર શોધી કાઢયો હતો એ ઉપરાત એ દરેમેહર પરહાયા પછી તેની પાસેની જગો જે "ચઉરી" ના નામથી ઓળખાતી હતી તથા જેમા ૮૪ ઝાડો હતા, અને તેનો કબજો ભરનાર કપતાન જાન ડાઇલરના હાથમા હતો તે જગો તા૦ ૨૪ મી અકટોબર ૧૭૧૦ ને દીને મુંબઇના ગવરનર હાનરેબલ વીલ્યમ એસલેબીના હોકમથી જાહેર લીલામ કરી વેચવામા આવી હતી, તે એ દરેમેહરના ખરચને માટે શેઠ બનાજીએ પોતાના ભાઈ શેઠ નવરોજજી લીમજીના નામ પર ૩૮૦) ઝીરાફીન સિક્કા (રૂ૦ ૩૨૮—૮—૮) આપી વેચાતી લીધી હતી, તેને લગતા નામદાર કમ્પની સરકાર તથા શેઠ નવરોજજી લીમજી વચ્ચે તા૦ ૩ જી આપરેલ ૧૭૧૨ ને દીને થયલા ખતની નકલ શેઠ નાનાભાઈ ધનજીભાઈ ઊકરજી બનાજીએ અમોને દેખાડી હતી. એ જગો હાલમા જયા એ દરેમેહરછે ત્યાથી તે શેઠ કાવસજી પટેલના ઘરની સામે મરહુમ શેઠ માણેકજી નવરોજજી કાપર તથા શેઠ નવરોજજી અરદેસર દાવરના હાલમા ઘરોછે ત્યાવેર હતી, અને તે "આદરાન વાડી" ને નામે ઓળખાતી હતી એ પછી આસતે આસતે ત્યા પારસીઓના ઘરો બંધાયા, અને આજે પણ એ મોહલ્લો "બનાજીની ગલી" ને નામે ઓળખાએછે

જરૂરના કામોમા ખરચેલોછે, તે ઉપર આજ કેટલુંક થયુ સુરતના કાજીઓએ નગાપ મારી હતી તે કામથી પણ તેઓને અટકાવ્યાછે.[૧]

## ઈ૦ સ૦ ૧૭૨૧.

તા૦ ૩૦ મી જુલાઈ

રોજ ૧૭ માહ ૧૦ (શે૦) ૧૦૯૦ યજદજરદી.

**મરણ**—રૂસ્તમ માણેક શેઠ—ઉમર વર્ષ ૮૬) અતરેના શેઠ્યાનદાનના કુટુબના વડવા. એવણ સુરતના વતની તથા ત્યાની ઇંગ્રેજી કોઠીના દલાલ હતા. સુરતના નવાબ તથા ઇંગ્રેજી કોઠીવાળાઓ વચ્ચે ઉઠેલા વાધાને માટે એવણ ઈ૦ સ૦ ૧૬૬૦ મા દીલ્લી શાહનશાહ ઓરંગજેબની હજુરમાં પણ જઈ આવ્યા હતા. તે બાદ નામીચા તુરકી સોદાગર ઉશમાન ચલેબીના એક વાહણને પોરતુગીઝોની મનવારે વગર કારણે જપત કીધાથી તેની તરફથી ફરીયાદ લઈ એવણ ગોવાના ગવરનર જનરલ સીનોર વીઝરેલ આગલ ગયા હતા, અને ત્યાથી મજકૂર વ્યાપારીને ઇનસાફ અપાવ્યો હતો. સુરતના જરથોસ્તીઓ પરના ઘણાક જુલમો એવણે પોતાના મોગલાઈ અમલદારો સાથના લાગવગથી ટાળ્યા હતા, તથા તે સિવાય ઘણાક પૂલો, કુવા, તલાવો, ધર્મશાલા, વિગેરે સુરત તથા તેની આસપાસના ગામડાઓમા બધાવ્યા હતા. સુરતમા પારસીઓને વસવાનો "રૂસ્તમપરા" નો લટો અસલ એવણની મીલકત હોવાથી તે આજસુધી એવણનાજ નામથી ઓળખાએછે એવણનુ મરણ સુરતમાજ નિપજયુ હતુ.

તા૦ ૩ જી સપટેમબર.

રોજ ૨૨ માહ ૧૧ (શે૦) ૧૦૯૦ યજદજરદી.

સુરતમા એક માણસ ગુજરે તેવારે તેને સગ્નોગીને પદાન બાધવાનો જે ચાલ હતો તે વિષે આએ વખતે વારવાર તકરારો તથા વાંધાઓ ઉઠયા કરતા હતા. જેથી સુરતની જરથોસ્તી અંજુમને નવસારીની અંજુમનને એક પત્ર લખી પુછાવ્યુ કે રવાનને પદાન બાધવા કે નહિ? આનો જવાબ આજ દીને નવસારીવાલાઓએ હાનો લખ્યો કે પદાન દીનની રાહે બાધવા ઘટારતછે.[૨]

આ જવાબ ઉપર ત્યાના દસ્તૂરો, મોબેદો, તથા બેહદીનોની નીચે પ્રમાણે શહીઓ હતી—

દસ્તૂર માણેકજી મેહરનોશજી, દસ્તૂર રૂસ્તમજી બેહરામજી, દસ્તૂર દારાબજી પાલણજી, દસ્તૂર જામાસપજી આશાજી, એ૦ નવરોજજી શેહરીયારજી, આ૦ ફરામરોજ નવરોજજી, આ૦ શેહરીયારજી નાહનાભાઈ બેદવાર, આ૦ મેહરનોશજી રૂસ્તમજી દાસ્તુ, આ૦ નવરોજજી મેહરનોશજી, આ૦ રતનજી દારાબજી નરીમાન, આ૦ હોમજી નવરોજજી, દેશાઈ માણેકજી હોરમજજી, દેશાઈ દારાબજી રૂસ્તમજી, દેશાઈ બહમનજી રૂસ્તમજી, આ૦ શોરાબજી કેરશાસ્પજી પાવરી, આ૦ માણેકજી નવરોજજી, આ૦ ખુરશેદજી શાપુરજી વાચ્છા, આ૦ મનોચેહરજી પાલણજી કુટાર, આ૦ મેહરનોશજી દારાબજી દોરડી, આ૦ બરજોરજી કેરશાસ્પજી કોટવાલ, આ૦ નવરોજજી રૂસ્તમજી દેશાઈ, આ૦ હીરાજી ખુરશેદજી, આ૦ નવરોજજી શોરાબજી, આ૦ બરજોરજી માણેકજી પાદશાહ, દેશાઈ કુકાજી મેહરજી, આ૦ નવરોજજી જમશેદજી, પટેલ હોમજી શોરાબજી, પટેલ કાઉશજી નાહનાભાઈ, તોલાટી મનોચેહરજી કુકાજી, પટેલ કેરશાસ્પજી બેહરામજી, આ૦ મેહરનોશજી મનોચેહરજી, આ૦ બહમનજી દારાબજી, દારાબ પટેલ શોરાબજી, ભાઈજી શાગર તોલાટી, પેસતનજી જીવણજી ધનજી, શાપુરજી પેશતનજી, જમશેદજી લીમડાજી, નવરોજજી શોરાબજી શાગા, ફરદુનજી ખુરશેદજી, ગાંધી અસ્પંદયારજી બહમનજી, આ૦ ફરામજી જમશેદજી, રામજી શાગર તોલાટી, જમશેદજી બેહરામજી ધનજી, બેહરામજી રાણા, કેરશાશપજી રૂસ્તમજી રામા, જમશેદજી માણેકજી, મેહરજી જમશેદ, આ૦ એદલજી શોરાબજી.

આએ વર્ષમા ઇરાનથી જામાસ્પ નામનો એક ઇરાની મોબેદ તા૦ ૨૬ મી નવેમબર ૧૭૨૦ નો નીકળેલો સુરતમા આવ્યો હતો તેણે ત્યાના અને ઇરાનના જરથોસ્તીઓના રોજ માહની ગણત્રિમા એક મહિનાનો તફાવત જોયો. પણ તે જાહેર કરવાને તે ત્યાના જરથોસ્તીઓના અનુનને લીધે ધાભગયો. શમસ તે વેળાએ સુરતમા રવાનના પગ વાળવાની તથા પદાન બાધવાની તકરાર ચાલતી હતી.[૩] વળી આ વેળાએ તેણે સુરતમા દીનઆઇનની ઘણીક નાવાકેફીઓ જોઈ, તેથી પ્રથમમાં

૧ પારસી લા-કમીસનના રીપોરટનો વધારો સુરતવાલા ખાનબાહદુર રૂસ્તમજી ખરશેદજી મોદીની મીનીટ સફે ૨૨ મે

૨ આ જવાબની નકલ એ૦ જામાસ્પજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણા વાલી નવસારીના પેહલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા રહેલી જુના લેખોના સગ્રહની હાથની લખેલી ચોપડીમા સફે ૧૨૩ મેછે આ જવાબ સુરત ગયાથી ત્યાના લોકોતો સામા ઉશ્કેરાયા, અને રવાનને પદાન નહિ બાધવા લાગા, જેથી ત્યા મોટી ભાનજઘડ થઈ, અને જેઓ રવાનને પદાન બાધિ તે રવાંનને ત્યાના દોખમામા ચટાવવાનો પણ અટકાવ થયો, જે ઉપરથી તેવા રવાનોને ઘણીક વખત સુધી નવસારીમાં અવલમજલ પોહચાડવા લાવવા પડયા હતા

૩ મરહુમ મુલ્લા ફીરોજજીની અવીજેહદીન સફે ૧૨.

ત્રણ બમરદાર મોબેદોને પોતાના શાગેરદો કીધા, તેમા એક સુરતવાલો દસ્તુર દારાબ (કુમાનો દાદાદારૂ) બીજો નવસારી વાલો દસ્તુર જામાસ્પ (જામાસ્પ આશા) અને ત્રિજો ભરૂચનો એક દસ્તુર, (જે ધાર્યા મેલ કામદીનજી દસ્તુરના બાપ હશે.) તેઓને તેણે જંદ પેહલવી શિખવી.[1]

---

તા૦ ૨૩ મી અકટોબર.

રોજ ૨૬ માહ ૧ (કદ૦) ૧૦૯૨) યજદજરદી.

જામાસ્પ ઈરાની સુરતથી મુંબઈ આવી આજ દીને પાછો ઈરાન ગયો હતો તેણે સુરતમાં ચાલતી રવાનના પગ વાળવાની તથા પદાન બાધવાની તકરારની વખતે જોયુ કે આરબી નજીવી વાતમા ત્યાના લોકો આવી મારામારી તથા ખુન બનાવેછે તો એક મહિનાના તફાવત વિષેની બાબતમા કેટલુ બતાવશે, તેથી આગે બીનાની ત્યાંના થોડાક પઢેલા બેહદીનો આગલ વાત કરી તેમની ખાતરી કરી આપી હતી.[2]

---

જામાસ્પ ઈરાનીના સમજાવ્યા ઉપરથી સુરતમા આએ વર્ષથી શેઠ માણેકજી બેહરામજી આગાસીના દલાલ[3] કદીમ રોજ માહ પઢવા લાગા, અને ગુજરેલાગી ક્રિયામા છોકરીનુ નામ બાપ સાથે લેવાડવા લાગા.[4] આથી સુરતમા એ વિષે આએ વર્ષથી મોટી તકરાર ચાલવા લાગી.

---

## ઈ૦ સ૦ ૧૭૨૨.

તા૦ ૧૨ મી અકટોબર.

રોજ ૨૦ માહ ૧૨ (શે૦) ૧૦૯૧ યજદજરદી.

આજ દીને અંકલેશ્વરની પાસેના એનાવ ગામમા એક દરેમેહર ત્યાના રેહવાશી આ૦ કાઉશજી ખરશેદજી કામદીને બંધાવી પરસાવી હતી.[5]

## ઈ૦ સ૦ ૧૭૨૩.

સુરતની ઇંગ્રેજી કોઠીના દલાલ રૂસ્તમ માણેક શેઠના ઈ૦ સ૦ ૧૭૨૧ માં મરણ પામવા પછી તેના વારસો અને ઇંગ્રેજી કોઠીવાળાઓ વચ્ચે તેના દલાલીના હીસાબને માટે ગેરસમજુતી ઉઠી હતી, જેથી ઇંગ્રેજી કોઠીના વડા મી૦ હોપ અને તે પછી મીશીઅરેશ કોવન અને કોરટેની એઓએ સુરતના હાકેમ નવાબ મોમીનખાન પર મુંબઈના ગવરનર ફીપસ પાસે કાગજ લખાવી શેઠ રૂસ્તમના વડા દીકરા ફરામજી રૂસ્તમજી શેઠને સુરતમાં કેદ કરાવ્યા, તથા તેના મરનાર બાપના ઘેરપર જપતી બેસાડી, અને તેની પાસેથી ૫૦૦૦૦)પચાસ હજાર રૂપીઆનો દંડ તથા ઘેરમાના માણસોને ખોરાક પાણી પોહચતો કરવાના બદલામા દરરોજના રૂ૦ ૨૦૦) લેખે નવાબે લેતા કીધા હતા. આથી શેઠ ફરામજીના બીજા ભાઈ શેઠ બહેમનજી રૂસ્તમજી શેઠ દાદ ચાહવાને મુંબઈ આવ્યા હતા, તેવણને પણ ત્યાના ગવરનરે નજરકેદ રાખ્યા, અને મુંબઈથી કેયે બાહેર નહિ જાય એવો હુકમ કીધો. આ ઉપરથી એવોના નાહના ભાઈ શેઠ નવરોજજી રૂસ્તમજી શેઠના ઇંગલાંડ ખાતે "કોરટ-ઑફ-ડાએરેકટરસ" ની હજુરમા પોતાના કુટુંબપર થયલા ગેરઇનસાફ તેમજ ઇંગ્રેજી કોઠીવાળાઓપર પોતાના બાપના દલાલીના માગતા નાણાની ફરીઆદ કરવા તથા ઇનસાફ ચાહવા સુરતથી મનવાર "સાલીસબરી" મા બેસી લડન ખાતે ગયા હતા, અને ત્યા આએ વર્ષના આપરેલ માસની આખરીએ સહીસલામત પુગા હતા.[6]

---

તા૦ ૨૮ મી ફેબરવારી.

રોજ ૧૫ માહ ૫ (શે૦) ૧૦૯૨ યજદજરદી.

**મરણ**—દસ્તૂર રૂસ્તમજી માણેકજી મેહરજી રાણાના—ઉમર વર્ષ ૩૭) નવસારીવાલા દસ્તૂર માણેકજી મેહરનોશજી મેહરજી રાણાના બીજા દીકરા. એવણે

---

[1] પ્રોફેસર વેસટરગારડના જંદ અવસ્તાના પુસ્તકનો દીબાચો સફે ૫

[2] મરહુમ મુલ્લા ફીરોજજીની અવીજેહ દીન સફે ૧૩—૧૪

[3] કછના નાયબે દીવાન શેઠ જમશેદજી અરદેસર દલાલ, એમ એ, એલ એલ બી ના બાપના બપાવાના બપાવા, તથા સુરતવાલા શેઠ ખરશેદજી કાવસજી બાહીરવાલના બરાવાના બપાવા હિંદુસ્થાનમા પેહલવેહલો ઈરાની તરીકા પ્રમાણે રોજ માહ પઢનાર એવણ ગણાયછે

[4] મરહુમ મુલ્લા ફીરોજજીની અવીજેહદીન સફે ૧૪

[5] આ દરેમેહર પરસાયાનો દાહડો વાર ગોદાવરા પંથકવાલા આ૦ નાનાભાઈ બીખાજીએ પોતાની પાસેની જુની નોંધ ઉપરથી આ પ્રમાણે અમોને આપેલો છે—"એનાવની દરેમેહરનો સવત ૧૭૭૮ આસો સુદ ૭, રોજ ૨૦ માહ ૧૨, બંધાવનાર અધિઆરૂ કાઉસ ખરશેદજી કામદીન, રેહવાશી એલાવના" એ દરેમેહર જુની થવાથી ફરીથી ઈ૦ સ૦ ૧૮૪૦ મા સુરતવાલા શેઠ ચેહરવાનજી હોરમસજી ફરેજરવાલાએ બંધાવી હતી તે પછી તરીજી વાર ઈ૦ સ૦ ૧૮૬૯ મા મુંબઈવાલા મરહુમ શેઠ જમશેદજી બરજોરજી મીસતરીએ એક મોટી તથા ફક્કડ દરેમેહર બંધાવી હતી

[6] લડનથી "કોરટ-ઑફ-ડાએરેકટરસ" ના અધિકારીઓએ તા૦ ૧૯ મી આગસ્ટ ૧૭૨૪ ને દીને મુંબઈના ગવરનર તથા તેની કોનસીલ પર મોકલેલો "ડીશપાચ" કે જેની નકલ બીજા સફા ઉપર જોવામાં આવશે એવુ કેહછે કે શેઠ નવરોજજી પોતાની સાથે પોતાના ભાણેજ આ૦ બીખાજી રતનજી વાછા તથા બીજા બે ત્રણ પારસી નોકરોને પણ લઇ ગયા હતા હિંદુસ્થાનથી પેહલવેહલા એક દેશી તરીકે એવણ ઇંગલાંડની સફરે ગયલા જણાયછે.

નવસારીમા પોતાના બાપની હૈયાતીમા તેમના એકાત જી-દગી ગુજારવાથી પોતાના મરણનાં છેલા બે વર્ષ આગમજ દસ્તૂરી કીધી હતી.

---

તા૦ ૨૯ મી જુન,

રોજ ૧૬ માહા ૯ (શ૦) ૧૦૯૨ યજદજરદી.

**મરણ**—દસ્તૂર માણેકજી મેહરનોશજી મેહરજી રાંણાના—(ઉમર વર્ષ ૭૨) નવસારીવાલા દસ્તૂર મેહરનોશજી કેકોબાદજીના નાધલા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૬૬૪ મા પોતાના બાપના મરણથી નવસારીની દસ્તૂરીનો ઓધ્ધો મલ્યો હતો. પોતાના વડવાઓની જાગીર સબધી કાંઈ વાધાને માટે એવણ દીલ્હી શાહનશાહ શાહ જેહાનની હજુરમા ગયા હતા. એવણના વખતમા નવસારીમા મોબેદો વચ્ચે અપસ અપસમા મોટા ટટો ફેસાદ ચાલ્યો હતો, તથા ભીનાચેહર હોમજી વાલાઓએ છુટા પડી નવી અગીઆરી વડીક કીધી હતી. એવણે પોતાના મરણની બે વર્ષ આગમજ પોતાના દીકરા રૂસતમજીને દસ્તૂરીનો વહીવટ સોપી પોતે એકાત જીદગી ગુજારવા માડી હતી, પણ તેવામા રૂસતમજી તા૦ ૨૮ મી ફેબ્રવારી ૧૭૨૩ ને દીને મરણ પામવાથી પાછો ત્રણ ચાર માસ અધિકાર ચલાવી તેમની પુઠેજ મરણ પામ્યા હતા.

---

તા૦ ૧૪ મી ડીસેમબર.

સવત ૧૭૭૯, રોજ ૧૮ માહ ૨ (શ૦).

ગયે વર્ષ સુરત મધે જમશત મોબેદો તથા બેહદીનોની અજુમન દસ્તૂર રૂસતમજી બેહરામજીના ઘર મધે મની હતી. તે વેળાએ સુરતમા અજુમનના ઉઘરાણાથી એક દોખમુ બધાવવાનો બદોબસ્ત કીધો હતો. તેમા એવુ ઠેરવ્યુ હતુ કે ૧૫ વર્ષની ઉપરની ઉમરના દરેક જરથોશતીએ ઉઘરાણામા કાંઈબી રકમ ભરવી, તથા તે દોખમાનો તાણો પુરતી વેળાએ તથા તૈયાર થયા પછી ઈજતી વખતે બાજ અને આફ્રરગાનની ક્રિયા રૂસતમ પરાના મોબેદોએ કરવી, અને તાણો પુરવાની તથા દોખમુ તૈયાર થયા પછી ત્યા વદીદાદની ક્રિયા શઈઅદપરાનો ભગરીઆ મોબેદોએ કરવી, તથા તે દોખમામા પદાન બાધેના રવાનોનેજ નાખવા. આ માટેનો એક લેખ નવસારીના ભગર સાથના મોબેદ દેનાઈ ટેહમુલજી રૂસતમજી, આ૦ ફ્રામરોજ દારાબજી, આ૦ નવરોજજી કેખશરૂજી, આ૦ રતનજી માણેકજી આતીઆ, આ૦ ફરામજી જમશેદજી, આ૦ બમાજી નોશરવાનજી કોટવાલ તથા મોટા ફલીઆના બેહદીનો પટેલ આસપદીઆરજી શાપુરજી, પટેલ દોરાબજી બેહરામજી, વો૦ મનાજી કેકાજી તનાટી, જીજી નવરોજજી, સોરાબજી ચાપુરજી, તથા મલેસર ફલીઆના બેહદીનો રામજી શાગર, જીવા ચાંદજી, જમશેદ લીમડા, દારાબ ધનજી, બેહરામ ધનજી, તથા જીવણ ધનજી, વગેરે ત્યાની શમશહ્ અજુમને આજ દીને કીધો હતો.[1]

---

આએ વર્ષમા વદીદાદે સાદે (કે જેમાં વદીદાદ, ઈજશ્ની, અને વીસપરદ, જદ અક્ષરે લખેલા હતા) ની એક નકલ કે જે સુરત ખાતે ત્યાના પારસીઓ પાસેથી જ્યાર્જ બુશીયર નામના ઇગ્રેજ અમલદારે ઈ૦ સ૦ ૧૭૧૮ મા મેલવી હતી તે ઇગલાંડ ખાતે લઈ જવામા આવી હતી.[2]

---

## ઈ૦ સ૦ ૧૭૨૪.

તા૦ ૧૮ મી જાનેવારી.

સુરતની ઇગ્રેજી કોઠીવાળાઓ તથા તેમના દલાલ મરનાર રૂસતમ માણેક શેઠના છોકરાઓ વચ્ચે તેમના બાપના હીસાબ તથા ધીરધાર સબધી ઉઠેલા વાધાનો ફડચો લાવવા માટે ઇગલાડ મધે તા૦ ૧૮ મી નવેમબર ૧૭૨૩ ને દીને એક તરફથી યુનૈટેડ ઈસ્ટ ઇડીઆ કપની તથા બીજી તરફથી સુરતવાસી નવરોજજી રૂસતમજી શેઠના, એઓએ એકમતથી સેર માથીઉ ડેકર, બારોનેટ, જોસીયાસ વરડસવરથ, એડવરડ હારીસન, અને જાન હીદકોટને પોતાના લવાદો કીધા હતા, તેઓએ આજ દીને પોતાનુ લવાદનામું કરી આપ્યુ કે મજકૂર યુનૈટેડ કપનીએ શેઠ નવરોજજી રૂસતમજી તથા તેઓના ભાઈઓ શેઠો ફરામજી તથા બહમનજી રૂસતમજીના જુદા જુદા બે "બાન્ડ" તથા પરચુરણ હીસાબ તેઓપર તેમનોછે તે સઘળાને પેટે કુલે રૂ૦ ૫૪૬૩૯૦) ઠેરવાછે, તે આએ પ્રમાણે ત્રણ હફતે આપવા. રૂ૦ ૧૭૦૦૦૦) નો પેહલો હફતો તા૦ ૧ લી ફેબ્રવારી ૧૭૨૪ ને દીને ભરવો. બીજો

---

[1] આ લેખની નકલ એ૦ જમાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણાવાલી નવસારીના પેહલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સગ્રહની હાથની લખેલી ચોપડીમા સફે ૧૩૧ મેછે આ મુજબ, ઊપરાણ કરી સુરતમા રૂ૦ ૧૧૦૦૦) ને ખરચે પદાન વાલાં રવાનોને સારૂ દોખમુ બધાવ્યુ હતુ, પણ તેને પરઠવા-નો દાહડો વાર હાથ લાગતો નથી

[2] ઇગલાડમા પારસીઓના ધર્મને લગતુ પેહલ વેહલુ પુસ્તક આ ગયલુ કેહવાયછે તે જ્યારે ત્યા આવ્યુ ત્યારે કોઈથી ઘણી તે ઊકલાવી શકયો નહિ, તો જોકે ડાકટર હાઇડના એક હસ્ત લેખમા ૧૬ મુળાક્ષરો લખેલા હતા [મો૦ આકવીટલ ડુ પેરોની હિંદુસ્થાનની મુસાફરીના પુસ્તકમાથી જરથોશ્તી ધર્મ સબધી તેણે કરેલી શોધોના લખાણનો એ૦ કાવશજી એન્વજી કાગાએ ઈ૦ ૧૮૭૬ મા "કેસરહીંદ પ્રેસ" મા છપાવેલો ઈંગરેજી તરજુમો સફે ૩]

લખ્યો હતો, તેમા તેઓએ પોતાના ભાઈ શેઠ નવરોજજી રૂસતમજી શેઠને ઇંગ્રેજી રીત પ્રમાણે "લેટર-ઑફ-એટરની" તથા બીજા કેટલાક અગત્યના દસ્તાવેજો આપ્યા વગર ઇંગલાંડ મોકલ્યા તે માટે ઠપકો આપ્યો હતો, તથા તેઓ અને "યુનૈટેડ-ઈસ્ટ ઇંડીઆ કંપની" વચ્ચેનો વાંધો પતાવવાને તેણે પોતે ઇંગલાંડમા શેઠ નવરોજજીને કેટલીબ ની મદદો તથા સુચનાઓ કીધી હતી તે જણાવ્યુ, તથા લખ્યુ હતુ કે "મે તેમજ ઇંગલાંડના બીજા કેટલાક ગ્રહસ્થોએ નવરોજજીને સલાહ આપીછે કે તમો ત્રણે ભાઈઓએ તમારા દરેક કામકાજોમા સલાહ સંપથી રેહેવુ, કારણ કે એની વકી રાખવામા આવેછે કે થોડા વખતમા હાનરેબલ કંપની તમો ત્રણેને પાછા પોતાના દલાલ તરીકે ભેગા કામે લગાડશે, પણ તમારામાં જો સંપ નહિ હશે, અને માહોમાહે વાંધા પડશે, તો તમો તમારૂ પોતાનુ કામ બગાડ કરશો. નવરોજજીના ઇંગલાંડ આવ્યા પછી તેવણ અંતરે ઘણા આજારી પડયા હતા, બલ્કે આએ પોતાના કામમા તેવણે ઘણી જેહેમત લીધી હતી, અને અંતરે દરેક જણ એવણ વિષે ઘણુ માન ધરાવેછે. સઘળુ કામ એવણે હાનરેબલ કંપનીને મનપતીજ, તથા પોતાના ભાઇઓ અને કુટુંબને ફાયદા ભરી રીતે બજાવ્યુછે, તેટલા માટે જ્યારે એવણ તમારી તરફ પાછા આવે, ત્યારે તમોએ એવણને આએ લાંબી તથા કંટાળા ભરી મુસાફરી, અને મોટી દીનઓજીથી લીધેલી મેહેનતના બદલામા કાંઈ કીમતી ભેટ આપવી. . . . . સુરતના મારા આડતીઆ મી૦ થામસ વાટરસને મારા અથવા તેના પોતાના કાંઈ કામસર તમારી મદદ જોઈએતો તેણે આપવાની તેમજ મારા દોસ્તો મોશીઅરસ જોનસ, સેમ્પસન, અને લુકરને પણ જ્યારે સંજોગ પડે ત્યારે તમારી મદદ અને સલાહ આપવાની હુ તમોને ભલામણ કરૂછુ "[1]

## ઈ૦ સ૦ ૧૭૨૭.

આએ વર્ષમા ભરૂચ મધે બાહેરકોટ નર્મદા નદીના કીનારા આગળ સુરતના એક બેહદીન શેઠ રૂસ્તમજી માણેકજી હીરાચરાનાએ એક દરેમેહર બંધાવી પરશાવી હતી.[2]

## ઈ૦ સ૦ ૧૭૨૮.

તા૦ ૧૯ મી મેએ

રોજ ૭ માહ ૮ (શે૦) ૧૦૯૭ યજદજરદી

**મરણ**—દેશાઈ ટેહમુલજી રૂસતમજી—નવસારીના "મોટા દેશાઈ" ના ખાનદાનના વડવા. એવણને દીલ્હીના બાદશાહ તરફથી તા૦ ૧૫ મી રબીઉલ આખેર સને ૧૧૧૨ હીજરી (તા૦ ૧૮ મી સપટેમબર ૧૭૦૦ ઇસ્વી) ને દીને એક ફરમાન આપી નવસારી કસબો તથા પારચોલનુ પરગણુ જે સુરતના અમલમા અને અમદાવાદની સુબાગરીમા હતુ તેની ચોધરાઈ[3] આપી હતી.

---

1 આ કાગજની નકલ પણ શેઠ કેખશરૂ રૂસતમજી દાદાભાઈ શેઠના પાસેથીજ મળી હતી તેમાના જે ફકરાની ઊપર નોંધ લીધીછે તે પરથી જણાએછે કે આપણા લોકો શરૂઆતથીજ ઇંગ્રેજી સત્તાવાળાઓ સાથે કેવો ગરોબો રાખતા હતા, તથા પેહેલ વેહલા ઇંગલાંડ જનાર પારસીએ આજ ૧૫૦ થી વધારે વર્ષ ઊપર ત્યાં કેવુ સારૂ મત બેસાડયુ હતુ તેટલા માટે આ અસલ ઇંગ્રેજી ફકરો પણ અંતરે ઊતારી લેવાનુ મન થાયછે :

"I have advised Mr Nowrojee and so have several gentlemen here that you three Brothers should live amicable and peacefully in all your affairs, because in a very short time its to be hoped that the Hon'ble Company will employ you all jointly as their Broker, as is promised by my own, and Nowrojee's good friends here, but any dispute happens among you then you will ruin your business since Nowrojee's coming to England he hath been very ill, but he hath taken great pains in this business, and every body here hath great value and esteem for him, because he hath managed this affairs to the satisfaction, of the Hon'ble Company and for the Good and Interest of his brothers and family, therefore you ought to make him a handsome present for his long and fatiguing voyage and good services"

2 આ દરેમેહર પરશાયાના સને તથા દાહડાવારનો ભરૂચ મધેથી કશો પટો હાથ લાગો નહિ તોપણ આએ ચાલુ સાલના "ઝોરાસ્ટરીઅન કાલેનડર" મા એ દરેમેહર પરશાયાનુ સાલ ૧૦૯૬ યજદજરદી કરી લખેલુછે એની આગમનની એક ઘણી પુરાની દરેમેહર ભરૂચ મધે કોટમા દસ્તૂર મોબેદોના ઘરને લગતીછે. તેના વિષે એ તરફના ઘરડા મોબેદોથી એવુ સાંભલવામા આવેછે કે ભરૂચમા જ્યારથી જરથોસ્તીઓની વસ્તી થઈ ત્યારની એ દરેમેહર પુરાણીછે એની પડોસના ઘરવાલાઓએ પોતાના ઘરોમાથી થોડો થોડો ભાગ ધર્મ ખાતે આપી એ દરેમેહર સ્થાપેલીછે તેની શાબેતી એ દરેમેહર નજરે જોયાથી માલમ પડી આવેછે કે એવુ લોએતલીણ દરેમેહર ખાતે વાપડવામા આવેછે, અને તેની ઊપર એક નાધલો માળછે ત્યા એક મોબેદ પોતાના કુટુંબ સાથે રેહેછે વળી જે જગોપર હિંધોલા માડેલાછે તેની અંદરથી એક પડોસના ઘરમા જવાનુ બારણુ ચેલેલુછે, અને તેમા લાશ જરી લીધાછે તથા એની દક્ષિણ અને ઊત્તર બાજુના ઘરવાલાઓનો બાહેર નિકલવાનો રસ્તો જે જગોપર કુવો તથા દાડમડી અને ખજુરીના ઝાડ રોપેલાછે ત્યાથીછે

3 ચોધરાઈની મતલબ એવી માલમ પડેછે કે રૈયતના જાન માલનો ચોર અને લૂટારાઓથી સંભાલ રાખવો આ અસલ ફરમાન એવણના એક વારસ શેઠ પેશતનજી બારજોરજી દેસાઈ પાસે મોજુદછે તેમાતો એટલીજ મતલબ લખેલીછે કે આ૦ ટેહમુલજી રૂસતમજી બીન હોમજીને નવસારી કસબો તથા પારચોલના પરગણાની ચોધરાઈ આપેલીછે માટે સર્વે અમલદારો તથા લાગતા વલગતાઓએ તેને તે ઓહ્દામા કબુલ રાખવો, અને જોઈતી મદદ કરવી

એ પછી ઈ० સ० ૧૭૧૪ મા એવણે નવસારીના પોલીઆ દેશાઈના વંશના એક દારાબજી રૂસતમજી દેશાઈ પાસેથી તેમના દેશાઈગીરીનાં વતનનો ભાગ વેચાતો લઈ મોટા જમીનદાર તથા દેશાઈગીરીમાં ભાગીઆ થયા હતા. આ વેળાએ નવસારીના લોકો મોગલાઈ અમલદારોના દોરથી ઘણા કંટાળી ગયા હતા, જેથી એવણ તે જુલમમાંથી પોતાના વતનીઓને છોડવી નવસારીમાં ગાયકવાડી અમલ બેસાડવાને માટે ઈ० સ० ૧૭૨૦ મા સોનગઢ ખાતે સુબેદાર પીલાજીરાવ ગાયકવાડને જઈ મલ્યા, અને એવી ભલામણ કીધી કે "સઘળા જમીનદારો મોગલોના અમલથી એટલાતો કંટાળી ગયાછે કે જો તમો સુરત અઠાવીશીના પરગણાઓમા થાણા બેસાડવા આવશો તો તેઓ તુરત તમારે તાબે થશે."[1] આ વાતની ખબર કોઈએ સુરતના તે વેળાના મોગલાઈ નવાબ રૂસતમ અલીખાનને જણાવ્યાથી એવણ તથા એવણનાં આખાં કુટુંબને તેણે સુરત ખાતે તેડાવી કેદ કરાવ્યું, પણ તે પછી પીલાજીરાવ ગાયકવાડ પોતાની અમદાવાદની ચઢાઈપરથી પાછો ફરતાં સુરત ખાતે આવી એવણને એમના આખાં કુટુંબ સહીત કેદમાંથી છોડવ્યા, અને પોતાના હાથ તલે સરકારી કામકાજોને માટે રાખ્યા. એવણે નવસારીના કેટલાક માહલોની હાલત જે મોગલોના અમલમા બગડ થઈ હતી તેમા ઘણોક સુધારો કરાવ્યો હતો. નવસારીની જરથોશ્તી અંજુમનના એવણ એક આગેવાન અકાબર હતા.

---

## ઈ० સ० ૧૭૩૦.

તા० ૧૯ મી ડીસેમબર.

રોજ ૨૫ માહ ૭ (શે०) ૧૧૦૦ યજદજરદી.

મરણ—દેસાઈ માણેકજી હોમજીભાઈ—નવસારીના પોલીઆ દેસાઈ હોમજીભાઈ ટેહમુલજીના વડા દીકરા. એવણ ઈ० સ० ૧૭૦૧ મા પોતાના બાપના મરણ બાદ તેમના દેશાઈગીરીનો વહીવટ ચલાવતા હતા. એવણના વખતમા એવણના પિત્રાઈઓ એક ચેહરીઆરજી બહમનજી દેશાઈના વારેસોએ ઈ० સ० ૧૭૦૮ મા આ० હોમજી આદરજી હોમજીને[2] તથા એક દોરાબજી રૂસતમજી દેશાઈએ ઈ० સ० ૧૭૧૪ મા આ० ટેહમુલજી રૂસતમજી નીશ્યાનને[3] પોતાના દેશાઈગીરી તથા જમીનના હકાવાને લગતો ભાગ વેચી આપ્યો હતો. પેહલા ધણી પાસેથી એવણે તેનો ભાગ કેટલીક કોશેશે નાણું ભરી છોડવ્યો હતો, પણ છેલા ધણી પાસે મોટો હીસ્સો આવ્યાથી તે એવણનો દેશાઈગીરામાં ભાગીઓ થયો.

---

## ઈ० સ० ૧૭૩૧.

તા० ૧૯ મી સપટેમબર,

સવંત ૧૭૮૮ ના આશો શુદ ૧૦.

આજ દીને પીલાજીરાવ ગાયકવાડે એક પરવાનો[4] કરી આપી વલસાડના મોબેદોપરની રૂ० ૨૧) ની ગાયકવાડી સરકાર તરફની વાર્ષિક ખંડણી માફ કરી હતી.

---

## ઈ० સ० ૧૭૩૨.

તા० ૫ મી આપરેલ,

સવંત ૧૭૮૮ ના, રોજ ૨૪ માહ ૯ (શે०).

આજ દીને નવસારીના શમશેત ભગારીઆ મોબેદો આ० દારાબજી પાલણજી ફરદુનજી, આ० જમશેદજી રૂસતમજી મેહરજી રાણાના, દેશાઈ કુકાજી મેહરજી, દેશાઈ જીવણજી માણેકજી, દેશાઈ ખુરશેદજી ટેહમુલજી, આ० રતનજી માણેકજી આલીઆ, આ० નવરોજજી કેરશાશપજી, આ० ફરામજી દારાબજી, આ० બનાજી નોશરવાનજી કોટવાલ, આ० કેઆસપજી મેહરનોશજી, આ० જામાસપજી આશાજી, વગેરે જોગ મનોચેહર હોમજી સાથના શમશેતે મોબેદો આ० મેહરનોશજી મનોચેહરજી હોમજી, આ० બહમનજી દારાબજી મનચેરજી, આ० મેહરાબજી દારાબજી મનચેરજી, આ० જામાસપજી મેહરનોશજી, આ० ખુરશેદજી મેહરનોશજી મનચેરજી, આ० બરજોરજી માણેકજી બહમનજી, આ० જમશેદજી કેરશાસપજી, આ० જીવનજી કેરશાસપજી મેહરજી, આ० ચેહરીઆરજી કુકાજી મેહરજી, આ० નવરોજજી નોશરવાનજી, આ० શાપુરજી નોશરવાનજી મેહરજી, આ० જામાસપજી પાલણજી, આ० કાવશજી પાલણજી નોશરવાનજી, આ० માણેકજી, રતનજી, હીરજી, બહમનજી, તથા જમશેદજી દારાબજી ચાંદજી, આ० બરજોરજી આશાજી, આ० પેશતનજી આશાજી દારાબજી, આ० માણેકજી તથા ફરામજી પેશતનજી સોરાબજી, વગેરેએ એક લેખ કરી આપયો હતો કે હજાર વર્ષ થયા આપણા વડા તમામ ભગારીઆ મોબેદો જ્યારથી હિંદુસ્થાનમા આવી રહ્યા તે દાહડેથી બેહદીનોના કામ જેમ કરતા હતા તેમ વેહચી લેતા હતા, પણ હમણાં થોડાક વર્ષ થયા આપણુંને મીનાકેમો થયાથી બેહદીનોએ તે કામો અમારા વડાઓજ પાસે કરાવવા માંડયા હતા. પણ આજ દીને આપણે વડી દરેમેહરમા

---

[1] ગઝેટીઅર, પુસ્તક ૭ આંક ૪ સફે ૧૦૪ મે
દો॰ પાલણજી બરજોરજી દેશાઈનું લખાણ

[2] પ્રખ્યાત દેશાઈ ખુરશેદજી ટેહમુલજીના પિત્રાઈ કાકા

[3] દેશાઈ ખુરશેદજીના બાપા.

[4] આ અસલ પરવાનો નવસારી મધે દેશાઈ પેશતનજી બરજોરજી પાસે મોજુદછે.

શમશત મોબેદોએ બેમી આ લેખ કીધોછે કે નવસારી કશબાના પથકના બેહદીનોના મુવા તથા જીવતાના કામ જે આજપછી હમો કર્યે તથા તમો કરો તેનુ નાણુ તથા કપડા તથા વાસણ વગેરે જે આવે તે અમન તરીકા માફક વેહચી લઈજીએ [1]

---

તા૦ ૧૩ મી આપરેલ.

રોજ ૨ માહ ૭ (ચે૦) ૧૧૦૧ યજદજરદી

**મરણ**—નવરોજજી રૂસતમજી શેઠના—સુરતવાલા શેઠ રૂસતમ માણેકના નાહના દીકરા એવણુને પોતાના મરનાર બાપના હીસાબ કેતાબ તથા જાગીર સબબે સુરતના ઇગ્રેજી કોઠીવાલાઓ સાથે કાઈ મોટો વાધો ઉઠ્યાથી તેનો કડચો કરાવવા માટે ઈ૦ સ૦ ૧૭૨૮ મા "સાનઅલ્બી" નામની ઇગ્રેજી મનવારમા ઇગલાડ જવુ પડ્યુ હતુ. ઇગલાડ તરફ પારસીઓમા એવણુ પેહલ વેહલા ગયલા જણાયલાછે. એવણે ત્યા પોતાની સઘળી હકીકત "કોરટ ઑફ ડાએરેકટરસ" આગલ રજુ કીધાથી ત્યાથી એમને ઈનસાફ મલ્યો હતો ત્યા એમને મોટા મોટા અમીર ઉમરાવો તથા "ઈસ્ટ ઇડીઆ કપની" ના અધિકારીઓ તરફથી ઘણુ માન મલ્યુ હતુ, તેમજ "કોરટ ઑફ ડાએરેકટરસ" તરફથી એક સરોપાવ ભેટ આપ્યો હતો [2] તે પછી એવણે પાછા આવી મુબઈમા જાયુક વાસો કીધો હતો. "નવરોજજી હીલ" ને નામે મુબઈમા મઝગામના રસ્તા પર જે એક મોટો ડુગરછે તે એ ગ્રહસ્થના નામની યાદગારી દેખાડેછે. એવણુ તે વેળા મુબઈમા પેહલ વેહલી સ્થાપેલી પારસીની પચાએતના એક મુખ્ય અકાબર હતા

---

તા૦ ૧૮ મી આપરેલ.

રોજ ૭ માહ ૭ (ચે૦) ૧૧૦૧ યજદજરદી.

આજ દીને નવસારીની અન્જુમન તરફથી દેશાઈ કુકાજી મેહરજી, દેશાઈ જીવણજી માણેકજી, તથા દેશાઈ ખુરશેદજી ટેહમુલજીએ આ૦ ફરામરોજ મેહર પેશતનજીને એક લેખ[3] તેવણુ પાસેથી કરી લઈ ગંદેવી ગામના પથકી તરફે મોકલ્યા હતા

---

તા૦ ૨૯ મી મેએ.

સવત ૧૭૮૮ ના, રોજ ૧૮ માહ ૮ (ચે૦).

આજ દીને નવસારી મધ્યે આતશબેહરામની સાથે વસેલા સઘલા મોબેદો આ૦ શાપુરજી બેહરામજી, આ૦ નોશરવાનજી શોરાબજી, આ૦ ભીખાજી રૂસતમજી, આ૦ નવરોજજી તથા આ૦ રૂસતમજી શેહરીયારજી, વગેરેએ શમશત ભગરીઆ મોબેદો વડી દરેમેહેરના દસ્તૂર દારાબજી પાલણજી, દસ્તૂર જમશેદજી રૂસતમજી માણેકજી, દેશાઈ કુકાજી મેહરજી, દેશાઈ જીવણજી માણેકજી, દેશાઈ ખુરશેદજી ટેહમુલજી, દસ્તૂર જામાસપજી આશાજી, આ૦ રતનજી માણેકજી દારાબજી આતીઆ, આ૦ નવરોજજી કેરશાસ્પજી, આ૦ ફરામજી દારાબજી, આ૦ બચાજી નોશરવાનજી કોટવાલ, વગેરેને એક લેખ કરી આપ્યો હતો કે હજાર વર્ષ થાએઆ આપણા બુજરગોએ બેમી માહોમાહે સમજી જજમાન લોકોના પથક વેહેચી લઈ એકરાર કીધો હતો જે સહુ કોઈ પોતપોતાના તાલુકામા આવેલા પથકોના જજમાનોને ત્યાની મરણ જીવણની ક્રિયા કરે. કોઈ કોઈના તાલુકામા કરસી વાતનો અમલ કરે નહિ કદાચ કોઈ મોબેદો બીજા તાલુકામા આવી વશેતો તેમના ઘરની ક્રિયા પણ તે તાલુકાવાલાજ મોબેદો કરે, તે મોબેદોથી પોતાથી થાય નહિ. તોપણ આજ કેટલાક વર્ષ થાએઆ નવસારીમા મોબેદો તથા બેહદીનો વચ્ચે મીનાકેઓ થયા પછી અમો અભાગ તથા અંતરેના બેહદીનોના ઘરનુ દીનઆઈનનુ કામ કરતા હતા તે આજ દીને અમો અમારી રાજીખુશીથી લખી આપીએ છૈયે જે હવેથી તેમ નહિ કર્યે, અને ફકત આતશબેહરામમા બોએજ દઈજીએ, તથા અસલી વડા વડેરાના બદોબસ્ત મુજબ ચાલ્યે [4]

---

## ઈ૦ સ૦ ૧૭૩૩.

તા૦ ૧૭ મી માર્ચ

રોજ ૫ માહ ૬ (ચે૦) ૧૧૦૨ યજદજરદી.

આજ દીને મહવા ગામના પારસી બેહદીનો નાહનજી ધનજી, આશા ધના, જોગી માણેક, હોમજી નરીમાન, રતન દારાબ, નાહના આશા, ચાંગાબ ભાઈજી, ધનજી કાનજી, તથા નવરોજ નાહના વગેરે શમશત બેહદીનોએ નવસારીના દેશાઈ ખુરશેદજી ટેહમુલજી તથા શમશત અન્જુમનને એક લેખ કરી આપ્યો જે હમારે

---

1 એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણા વાલાએ નવસારીના પેહલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૪

2 આ સરોપાવમા એવણુની પડાવેલી એક તસવીર એવણુના કુટુબમા મોજુદછે.

3 એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણાવાલાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૧

4 આ લેખની નકલ એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણા વાલાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સગ્રહની હાથની લખેલી ચોપડીમા સફે ૨૭ મે છે.

ત્યા થી મહવા મવિ આજ બરસમ વગેરેના કામને કાજે મોબેદ તરીકે મોકલો તેને હમો લઈ જઈ રાખ્યે તથા તેનાં પરસાંણના રૂ૦ ૨૧) દર વર્ષો વર્ષ ચાલુ તમોને આપ્યે, તથા તે મોબેદને પોતાને લવાજમો નીચે પ્રમાણેનો આપ્યે.

વેહેવા થાય ત્યારે.

૨) છોકરા પાસેથી રૂ.
૧) છોકરી પાસેથી રૂ.
૦॥ નવજોતના છોકરાની ગમથી રૂ.
૦)≡ નવજોતના છોકરીની ગમથી રૂ.
૦॥ નીશાલ ગરનુ છોકરાની ગમથી રૂ.
૩) ગગરનાના આશીરવાદના રૂ.
૦)≡ નાહાન નાહે તેના રૂ.
૦॥ શીશીઓ નાહે તેના રૂ.
૦॥ સરોશનો રૂ.
૦॥ ગેહેસારનાંનો રૂ.
૦)૨ આફરગાનના પઈસા ૨.
૦)≡ શીરોજની બાજના રૂ.
૦)≡ ધુપ દેઆમની રૂ.

શીઆવ જેવા પામે તેવા તથા વાસણ અસલ આપતા તે માફક.[1]

---

તા૦ ૧૯ મી જુન.

રોજ ૯ માહ ૯ (શે૦) ૧૧૦૨ યજદજરદી.

આજ દીને મુબઈના કોટમાં બજારગેટ સ્ટ્રિટમા આ૦ શેઠ માણેકજી નવરોજજી શેઠનાએ એક આદરાનની દરેમેહર બધાવી તેને પરઠાવ્યાનુ જશન કીધુ હતુ.[2]

સંજાણવાલા આતશબેહરામને બેહદીન ચાંગા આશાની મદદથી નવસારીમા લાવ્યા હતા તે ત્યાથી પીંઢારાઓની ધાડ તથા લૂટને લીધે આગ્યે વર્ષમા સંજાણા મોબેદો એક દીને રાતના ચુપાચુપ સુરત લઈ ગયા હતા.[3]

---

## ઈ૦ સ૦ ૧૭૩૪.

તા૦ ૩ જી જુન.

રોજ ૨૩ માહ ૮ (શે૦) ૧૧૦૩ યજદજરદી.

આજ દીને સુરતના રૂસ્તમપરાના મોબેદોની તરફથી આ૦ બેહરામજી કાવશજી જામાસ્પજી તથા આ૦ નવરોજજી ફરામજી પેશતનજીએ નવસારીની અંજુમનના આગેવાનો દેશાઈ કુકાજી મેહરજી તથા દેશાઈ ખુરશેદજી ટેહમુલજી તથા દેશાઈ જીવણજી માણેકજીને એક લેખ કરી આપ્યો જે સુરતના રૂસ્તમપરા મધે અમો તમારી રજાએ બેહદીનોના મુવાનુ કામ કર્યે, તથા જીવતાના કામ વેહવા, ગગરનુ, અને નવજોદ, તમો તમારી નજરમા આવે તેવા મોબેદો પાસે કરાંવો તેમા અમો દખલ કર્યે નહિ.[4]

---

તા૦ ૩૦ મી જુલાઈ.

રોજ ૨૦ માહ ૧૦ (શે૦) ૧૧૦૩ યજદજરદી.

**મરણ**—બનાજી લીમજી—ઉમર વર્ષ ૮૦) અતરેનાં બનાજી ખાનદાનનો પાયો નાખનાર. એવણ સુરતની પાસેના ભગવાદાડી નામના ગામમાથી ઈ૦ સ૦ ૧૬૯૦ ને આસરે અતરે આવ્યા હતા, અને ઈસ્ટ ઇડીઆ કંપનીના વ્યાપાર ખાતામા કાઈ નોકરી મેલવી હતી. તે પછી પોતે દેશાવરી ખાતેનો વ્યાપાર "બનાજી લીમજી" ની પેહડીને નામે કરવા લાગા, અને કેહછે કે વ્યાપારને માટે એકવાર "પેગુ" ની સફર પણ કરી આવ્યા હતા. મુબઈના કોટમા એવણે એક આદરાનની દરેમેહર બધાવી તે તા૦ ૨૫ મી જુન ૧૭૦૯ ને દીને પરઠાવી હતી. અતરે પારસીઓની પેહલ વેહલી પંચાએત એવણના

---

૧ એ૦ જામાસ્પજી શોરાબજી દસ્તૂર મેહેરજી રાણાવાલાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહેરજી રાણા કિતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૧૫ મે

૨ આએ ચાલુ યજદજરદી ૧૨૪૭ ના "ઝોરાસટરીઅન કાલેનડર" મા એ દરેમેહર પરઠાયાનુ સાલ ૧૦૯૭ યજદજરદી કરી લખેલુ છે, અને તેજ સાલની ગણતિથી મુબઈમા નિકલતા સઘળા ગુજરાતી પચાગોમા એ દરેમેહરની શાલગરેહ ગણવામા આવેછે પણ વાચનારે આગલ જોયુ હશે કે એ સાલમાતો શેઠ માણેકજીના બાવા શેઠ નવરોજજી રૂસતમજી શેઠના સુરતના ઈગલાડથી આવ્યા હતા, અને માણેકજી શેઠ પોતે કસ્ત્રી રીતે એ વખતે પગભર થયલા નહિ હતા, પણ સુરતમા વસ્તા હતા એ પછી ઈ૦ સ૦ ૧૭૩૨ મા શેઠ નવરોજજી મરણ પામવાથી તેવણની નઈયતે શેઠ માણેકજીએ આ દરેમેહર પરઠાવી હતી એનો પરઠાયાનો સને ૧૧૦૨ યજદજરદી "મુબઈના બાહર" મા લખેલોછે તે અમોને ખરો લાગેછે એ ઉપરાત અતરેના જાણીતા શેઠ દાદાભાઈ રૂસતમજી બનાજી કે જેવણ આગલ મરહુમ શેઠ બનાજી લીમજીની દરેમેહરના મુતવલી હતા, તેવણે અમોને કહયા મુજબ એ દરેમેહરના આગલા મુતવલી મરહુમ શેઠ માણેકજી મેહરવાનજી શેઠનાએ પોતે તેવણ આગલ એકવાર કહયુ હતુ કે માણેકજી શેઠની દરેમેહર બનાજીની દરેમેહર પછી લગભગ પચીસ વર્ષે પરઠાઈ હતી.

૩ વલસાડવાલા મરહુમ મોબેદ રતનજી હોશંગજી કે જેવણ પાસે ઘણીક જુની બાબદોની નોધો હતી તેવણની હાથની લખેલી એક ચોપડીમાં આતશબેહરામને સવત ૧૭૮૯ મા પીંઢારાઓની ધાકને લીધે સુરત લઇ ગયા હતા એવી નોધ કીધેલીછે

૪ આ અસલ લેખ નવસારીવાલા દેશાઇ પેશતનજી ખરશેદજી પાસેછે.

બખ્તમાં સ્થાપવામા આવી હતી, અને તેના વડા અકાબર એવણુને ગુડ્યાથી "દાવર" ના એનકાબથી ઓળખાતા હતા.

---

તા૦ ૧ લી સપટેમબર.
રોજ ૨૩ માહ ૧૧ (શે૦) ૧૧૦૩ યજદજરદી.

**મરણ**—દસ્તૂર દારાબ પાહલણ[1]—(ઉમર વર્ષ ૬૭) નવસારીના એક ખબરદાર તથા વિદ્યેના દસ્તૂર. એવણની કાબેલીઅત તથા દીનદારીને લીધે નવસારીની અન્જુમને ઈ૦ સ૦ ૧૭૨૬ માં એવણને પોતાના દસ્તૂરથી બીજી બેઠક આપી હતી, કે જે દરજજો આજ લગણ ત્યાં એમના વારેસો ભોગવેછે. એવણે ઈ૦ સ૦ ૧૬૯૦ મા "ઓલાસે દીન" તથા તે પછી થોડીક મુદતે "ફરજીઆતનામુ" નામની બે ચોપડીઓ ફારસી બેતોમા બનાવી હતી.

---

આએ વર્ષમા સુરત મધે મોલ્ટે ઉમરવાડા ઈધાને કાકરાખાડી આગલ શેઠ નાનાભાઈ ભીમજી મોદીની આગેવાનીથી એક દોખમુ અન્જુમનના ઉધ્રાગતથી બધાવી પરાવ્યુ હતુ.[2]

---

ઈ૦ સ૦ ૧૭૩૫.

તા૦ ૧૮ મી જાનેવારી.
સવત ૧૭૯૧ ના, રોજ ૨૬ માહ ૩, (શે૦).

આજ દીને નવસારીના મોટા ફળીઆના તથા નાહના ફળીઆના સમશત બેહદીનો પટેલ દારાજી બેહરામજી, પટેલ ફરામજી નાનાભાઈ, તલાટી મનાજી કુકાજી, દારાબજી ચાંદજી, જમશેદજી માણેકજી, ફરદુનજી ખુરશેદજી, હોમજી સાગર, બેહરામજી ભાખજી, કુવરજી બેહરામજી રાના, વગેરેએ સમશત ભગરીયા મોબેદો દસ્તૂર જમશેદજી રૂસતમજી મેહરજી રાણાના, દસ્તૂર બરજોરજી દારાબજી પાલણજી, દસ્તૂર જામાસપજી આશાજી, દેશાઈ કુકાજી મેહરજી, દેશાઈ જીવણજી માણેકજી, આ૦ રતનજી માણેકજી આતીઆ, આ૦ ફરામરોજ દારાબજી, દેશાઈ ખુરશેદજી ટેહમુલજી, આ૦ નવરોજજી કેરશાસ્પજી, આ૦ બમાજી નોશરવાનજી કોટવાલ, આ૦ માણેકજી નવરોજજી પોવડી, તથા આ૦ મેહેરનોશજી દારાબજી દોરડી[3] વગેરેને એક લેખ કરી આપ્યો હતો કે આપણને માહોમાહે મીનાકેથી ધરમના તથા પરણના તથા મરણનાં કામો કરવાને માટેનો હતો. તેપર રાવ શ્રી ગ ગાજી ગાએકવાડ પાસે આપણે ગયા, અને તે હાકેમે આપણા ટ ટાનો ફેસલો શ્રી સુરતના વશે શુરજીભાઈ શુ દરજી તથા પરગણે ચોરેઆસીના દેસાઈ શ્રી લલુભાઈ જગા તથા ગ દેવીના શેઠ રાવી પરેમજી ગોટીદાસ તથા પટે૦ વનમાળીદાશ સોમદાશ તથા કસબે મજકુરના શેઠ શ્રી ભવાનીદાશ વનજીદાશ તથા શા૦ નથુ વનારશીદાસ તથા ભતરી હરી વઈદ તથા ભત વીસેરા હરી તથા પંડા દેસાઈ શીવજી તથા ભટ આનંદ મ ગલ, એઓની મુનસફી ઉપર સોપ્યો. તે મનસફોએ બધે તરફના કાગળો જોએઆ અને હકીકતથી વાકેફ થઈને આગલા પાછલા કાગજ બધે તરફના રદ કીધા, અને આજ દીને નવો શરસતો તેઓએ ઠેરવી આપ્યો, તે માફક ચાલ્યે તેની વીગત—

(૧) ભગરની જુની અગીઆરીમા કુલ ધર્મનુ કામ પોતાનુ તથા પોતાના મલતીઆ બેહદીનોનુ ભગરી મોબેદો કરે.

(૨) અગીઆરી ૧) આ૦ મનોચેહર હોમજી વગેરેના મલતીઆ સાથને બેહદીન સમશતે પરી આપીછે તે મધે કામ કુલ ધર્મનુ તથા હોરબદ થાય તે કરે. જે મોબેદ એ સાથેનો ભગરની જુની અગીઆરીમા રાજીએ હોરબદ થાય તેને કોઈ મુજાએમ નહિ કરે એ અગીઆરીમા મનોચેહેર હોમજીવાલાઓ નીરંગદીન તથા વર-

---

[1] એવણના બાવા દસ્તૂર પાહલણ રરેહન પણ નવસારીમાં એક કાબેલ તથા પહૂંચા ગણાતા હતા તેમના હાથ હેઠળ ઘણાક શાગેરદોએ તાલીમ લીધી હતી, જેમા નવસારીના જાણીતા દસ્તર જામાસપ આશા તથા દેશાઇ ખુરશેદજી ટેહમુલજી પણ હતા

[2] આ દોખમાના દરવાજા ઉપર નીચે પ્રમાણે ફારસીમા લખી મારેલીછે:—

دحمه یزدان پرستان حق سرشت
صورتش البرز در معنی بهشت
سال تاریخش نه است ار یزدجرد
یکهزار و یکصد و سه در نوشت

**માએની**—વાજબી ખમીરવાલા યજદાપરસ્તોનું દોખમુ કે જે જાહેરમા અલબરૂજ પાહડ અને અદરથી બેહસ્તના જેવુછે એની બેહતર તારીખનુ વર્ષ એક હજાર એકશો ત્રણ, યજદજરદી લખ્યુછે

આ દોખમુ હજુસુધી નાનાભાઈ મોદીના દોખમાને નામે ઓળખાએછે તેમા કેહેછે કે એ મોદીજીના ઘણા પૈસા તથા મોટી આગેવાની હતી એ દોખમુ પીલા પથરોથી બાધેલુછે એની આગમજના બીજા બે દોખમાઓ એજ તરફ બીસમાર હાલતમા હજુસુધી મોજુદછે, અને તેમા તમામ ઝાડ તથા ઝાડીઓ ઊગી નીકલેલાછે, તથા તેઉર કસ્સો લેખ ઈપા લખતી નથી એવુ ધારવામા આવેછે કે ઈ૦ સ૦ ૧૬૪૭ મા શેઠ નાનાભાઈ પુજીઆએ જે પથરનુ દોખમુ બધાવેલુ આપણે આગલ વાચ્યુ તે કદાચ એમાનુ એક હશે એ ઉપરાત એ જગોએ બીજા બે પડી ભાગેલા દોખમાઓનો ચકર જમીન ઉપર દેખાયા કરેછે, અને તે ઇટના બાધેલા હોય એવુ માલમ પડેછે.

[3] ઈગલાંડવાલા શેઠ દાદાભાઈ નવરોજજીના બાપના બાપાવાનો બાપાવો

શીયો તથા પોતાના તાલુકામા આવેલા બેહદીનોનું મરણનું કુલ કેસ કરે, પણ વેહવા તથા ગગરનાનુ તમામ કામ ભગરીયાઓ કરે. તથા ભગરીયાઓ પોતાને તાલુકેના ગામો જેવા કે મહવા, શીઓદ, તથા ગંદેવી, વગેરેના બેહદીનોના કુલ ધર્મના કામ મરણ તથા પરણુના પોતે કરે

(૩) તે સર્વે હકનુ બેહુ તરફનું જે નાણું આવે તે રાસમાં ગખી વર્ષ દાહડે બેહુ તરફના મોબેદો પાધડી દીઠ વેંહચી લીએ.

(૪) વેહવાં તથા ગગરનાનો હક આપવાની વીગત.

૨) આસીરવાદ તથા વરની તથા નવજોત વીગેરેના રૂ.

૨॥ ગગરનાના આસીરવાદના રૂ.

૦॥ ગેહેશારનુ તથા સરોશ ૩ નો રૂ.

શીવાવ જે રવાન ગુજરે તેનો જેવો પામે તેનો આપે.

(૫) ભગરીયા મોબેદો અસલથી જુની આગીઆરીમાં જેમ હોરમઝદ તથા પારશીઓ તથા બીજ ગદીન વગેરેનુ કામ કરતા આવ્યાછે તેમ ત્યા કરે.[1]

---

આએ વર્ષની આગમજ મુંબઈમા વાહાણો બાધવા તથા ગમારવાને ગોદી મુદલ હતી નહિ. પણ સુરતમા મજબૂત પાયાપર ગોદી હોવાથી તે મોટુ મથક ગણાતુ હતું, ત્યા નામદાર યુનેટેડ ઈસ્ટ ઇંડીઆ કંપનીના બાપારને માટે "કુઇન" નામનું એક વાહણ બાધવાનો ત્યાના માસ્ટર બીલડર શેઠ ધનજીભાઈર સાથે બંદોબસ્ત કરવાને અતરેના ખાગનો "માસ્ટર એટેંડંટ" મી૦ ડડલી ગયો હતો. તેણે ત્યાની ગોદીના એક મીસટરી લવજી નસરવાનજીની વાહાણ બાધવાના કામમા ઘણી ખબરદારી જોઈ, જેથી તેણે અતરે આવી સરકારનો હુકમ મેળવી મજકુર શેઠ લવજીને પોતાની સાથે થોડાક હુશિયાર મુથારો લઈ મુંબઈ તેડાવ્યા હતા. તે મુજબ આએ વર્ષમા શેઠ લવજી પોતાની સાથે થોડાક સુથારોને લઈ અતરે આવ્યા હતા,[3] અને હવડા જયા મુંબઈની ગોદીછે તે જગો વાહાણ બાધવાને પસંદ કરી પેહલ વેહલી ગોદી એવણે બાંધી હતી. તે આગમજ એ જગાપર દરીયાઈ ખાતાના મુખ્ય અમલદારોના રેહઠાણ, લશ્કરનું મથક, અને અતરેની કામન જેલ હતી.[4]

---

## ઈ૦ સ૦ ૧૭૩૬.

આએ વર્ષમા ઈરાનથી વળી જમશેદ નામનો એક બેહદીન કે જે નજુમનો એલમ જાણતો હતો તે સુરત ખાતે આવ્યો, અને તે પછી ઈરાન તથા હિંદુસ્થાનના જરથોસ્તીઓ વચ્ચેના એક મહિનાના તફાવતની તકરાગ ઘણી વધવા લાગી. લોકોએ તેને અરજ કીધી કે જામાસ્પ ઈરાનીના ફરી ગયા પછી અતરે એક મહિનાના તફાવત વિષે ઘણો વસવસો ઉપજયોછે માટે તુ

---

૧ આ લેખની નકલ એ૦ જામાસપજી શેરાબજી દસ્તૂર મેહરજી રાણાવાલાએ નવસારીના મેહેલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનાંમા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડીમા સફે ૭૫ મેછે

૨ સુરતની ગોદીના પણ એ આગમજ પારસીઓજ "માસટર બીલડર" હતા પેહલ વેહલા શેરાબજી ધમાહેરા નામના ગ્રહસ્થ ત્યા એ ઓધ્ધાપર હતા તેવણ આ શેઠ ધનજીભાઈના બાવા ઈયા બપાવા થાયછે એવું અમોએ સુરતમા ખબર કાઢતા સાભરયુ હતુ પણ તે વિષેનો કાંઈ ચોકસ પટો હાથ લાગતો નથી.

૩ એવણ પોતાની સાથે પોતાના એક ભાઈ શેઠ શેરાબજી નશરવાનજી વાડીયા (તે મરહુમ શેઠ માણેકજી જમશેદજી વાડીઆ અથવા લખમીદાસના બપાવાના બપાવા) ને પણ અતરે લાવ્યા હતા, એજ ટાકણે શેઠ કાવશજી હીરજી ગાંધી (તે શેઠ કાવશજી હોરમજજી ગાંધી ભાઈના બાપના બપાવા) સુરતથી, અને શેઠ કામાજી કુવરજી (તે અંતરેના પ્રખ્યાત કામા ખાનદાનના વડવા) સુરતની પાસેના રેણ્ગ ગામમાથી મલી જણ ચાર અતરે આવ્યા હતા "મુંબઈનો બાહાર" સફે ૨૪૫

૪ મુંબઈના દરીયાઇ ખાતાના સુપરીનટેનડનટ મી૦ ડબલયુ ટી મનીએ તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૧૦ ને દીને અતરેના ગવરનરની કોનસીલ ઊપર લખેલા એક રીપોરટમા શેઠ લવજી વાડીઆના અતરે આવવા વિષે નીચે પ્રમાણે લખેછે '—

"Para 20th Prior to the year 1735, there was no dock yard at Bombay Surat was the principal building place on this side of the Peninsula, and it may be said in all India. In that year Mr Dudley, the Master attendant, was sent by the Government of this Presidency to Surat, to agree with the builder there, Dhunjeebhoy to build a ship for the Honorable Company's Service, to be called the Queen

21st In the construction of this vessel Mr. Dudley was so much pleased with the skill and exertions of the foreman, Lowjee Nassurwanjee, that after the launch he endeavoured to persuade him to proceed with some artificers to Bombay, where the Government were desirous of establishing a building yard, but his fidelity to his engagements would not allow him to yield to Mr Dudley's solicitation, till his masters consent could be procured This was at length obtained with great difficulty, and in the year 1735, with a few shipwrights, Lowjee arrived at Bombay, and selected for the place of his future operations a small part of the present dock yard, which was then occupied by the dwellings of all the principal Officers of the Marine, the habitation of the Lascars, and by the common jail of Bombay The avenues to these buildings rendered the yard open to the public, but on the other hand, it may be observed, that the residence of the officers of the establishment on the spot, afforded a security to the property deposited there"

નજુમની ગણત્રિથી અમારી ખાતરી કરી આપ  આથી તેણે ત્યાંના એક ચમન મોબેદ આ૦ કાઉશજી ફરદુનજી સુનજાનીને[1] નજુમનો એલમ શિખવ્યો, અને તેણે (આ૦ કાઉશજીએ) નજુમથી સઘળી ગણત્રિ કરી લોકોને જણાવ્યું કે જમાસપ ઈરાનીનું કહેલું ખરૂં છે, અને આપણ ભુલેના છૈયે.[2] એ પછી ત્રણ ચાર વર્ષ સુરતમાં રહી એ જમશેદ મુંબઈ આવ્યો હતો.[3]

---

મુંજાણુવાલા આતશબેહેરામને ઈ૦ સ૦ ૧૭૩૩ મા પીંઢારાઓની ધાડને લીધે નવસારીથી સુરત લઈ જવામાં આવ્યા હતા તે આએ વર્ષમાં પાછા ત્યાંથી નવસારી લાવ્યા હતા.[4]

---

## ઈ૦ સ૦ ૧૭૩૮.

તા૦ ૧૦ મી આપરેલ,

રોજ ૩૦ માહ ૬ (શે૦) ૧૧૦૭ યજદજરદી

**મરણ**—જીજીભાઈ જમશેદજી મોદી[5]—અતરેના મોદી ખાનદાનના વડવા  એવણ મુંબઈ મધે સુનૈટેડ

---

૧ મરહુમ મોબેદ ફરેદુનજી મરજબાનજીના બપાવા

૨ મરહુમ મુલ્લા ફીરોજજીની અવીજેહ દીન સફે ૧૫

૩ સવત ૧૭૯૬ મા રોજ ૨૦ માહ ૧ (તા૦ ૧૧ મી નવેમ્બર ૧૭૪૦) ને દીને મુંબઈથી આ૦ શેહરીયાજી નવરોજજી નામના મોબેદે નવસારી દેસાઈ ખુરશેદજી ટેહમુલજી પર એક કાગળ લખ્યો હતો તેમા લખેછે કે જમશેદ ઈરાની સુરતથી હવે મુંબઈ આવ્યોછે તે લોકોને તરેહવાર સમજાવેછે, વગેરે

૪ આએ નોંધ પણ વલસાડવાલા મરહુમ મોબેદ રતનજી હોરમજજીની હાથની લખેલી ચોપડીમાથીજ મળીછે

૫ એવણની ઓલાદ ઈ૦ સ૦ ૧૮૨૨ મા એવણના નબીરા મોદી જમશેદજી બેહેરામજીના ૯૮ વર્ષની ઉમરે મરણ પામવા પછી ખતમ થઈછે  એવણના બીજા ભાઈ શેઠ દાદાભાઈ જમશેદજી મોદી તે અતરેવાલા પ્રખ્યાત દાદામોદી કે જેવણના પૈસાથી સુરત મધે શેહેનશાહી આતશબેહેરામ  પરઠેવાછે તેવણના બપાવા હતા, તેવણ સુરત મધેજ રહીને પોતાનો રોજગાર ચલાવતા હતા એવણના નાના ભાઈ શેઠ રૂસતમજી જમશેદજી મોદી તે અતરેવાલા જાણીતા મરહુમ મોદી શેઠ શોરાબજી વાછા ગાંધીના બાપના બપાવા હતા, તેવણ પણ સુરતમાજ રહીને પોતાનો રોજગાર ચલાવતા હતા  એવણના બાવા શેઠ જમશેદજી હીરજી મોદી પણ અતરેની નામદાર ઈસ્ટ ઇંડીઆ કંપનીના અમલદારો તથા લશ્કર ખાતાને સર્વે સીધી સામાણ તથા પરચુરણ જિનસો પુરી પાડતા હતા, અને તે કામસર પોતાના બાપ શેઠ હીરજી વાછા મોદીની સાથે સુરતથી અતરે આવ્યા હતા  એ શેઠ હીરજી વાછા મોદીએ અતરે આવ્યા પછી ઈ૦ સ૦ ૧૬૭૦ મા પેહલવેહલું દોખમું તથા દરેમેહર બંધાવ્યા હતાં

ઈસ્ટ ઇંડીઆ કંપનીના અમલદારો તથા લશ્કર ખાતાને સર્વે સીધો સામાણ તથા પરચુરણ જિનસો પુરી પાડતા હતા, અને તેમા તે વખતે મોટી પુંજી મેલવી હતી. મુંબઈમા પેહલવેહલી સ્થાપેલી પારસી પંચાએતના એવણ એક મુખ્ય આગેવાન હતા

---

## ઈ૦ સ૦ ૧૭૪૦.

તા૦ ૯ મી આપરેલ

સવત ૧૭૯૬ ના, રોજ ૩૦ માહ ૬ (શે૦).

આજ દીને નવસારીની શમનાત અંજુમને આ૦ મનચેરજી કાવશજી લશકરી પાસેથી એક લેખ લખાવી લઈ તેમને મુંબઈ પથકી કરીને મોકલ્યા હતા  તે લેખમા તેમને નવસારીની અંજુમનને તાબે રેહવાની, તથા નીરંગદીન, વરસ, વગેરે આલાત નવસારીથી મગાવી ત્યા ક્રિઆ કરવાની કબુલાતો લીધી હતી[6]

---

તા૦ ૨૨ મી આગસ્ટ.

સનત ૧૭૯૬ ના, રોજ ૧૫ માહ ૧૧ (શે૦)

આજ દીને શમશત મુંજાણા મોબેદોએ નવસારીમા એકઠા મળી એવો બંદોબસ્ત કીધો હતો કે "દેશાઈ ખુરશેદજી ટેહમુલજી  વગેરે બગરીયા હકેક વાતે આપણી ઉપર જીઆદેતી કરેછે તે ઉપર આપણે એતેફાક કીધો છે તે સાથે  આપણે જે કઈ ખરખાતેન કરવી પડે તથા જવું પડે તાહા શરવે જના આપણે એતેફાક એકામત એકાજત થઈ જે કરવું હોએ તે કરીએ તથા જે કઈ ખરચ બેસે તે શરવે મળી આપીએ" આ માટેનો એક લેખ[7] તેઓએ કીધો હતો, અને તે ઉપર નીચના ૧૦ મુખ્ય મોબેદોએ શહી કીધી હતી.

આ૦ બાપુજી બેહેરામજી, આ૦ રૂસતમજી શેહરીયારજી, આ૦ મનોચેહરજી બેહેરામજી, આ૦ બરજોરજી ભાઈજી, આ૦ નવરોજજી હોમજી, આ૦ કાવશજી મનોચેહરજી, આ૦ બીખાજી બહમનજી, આ૦ જમશેદજી ફરામજી, આ૦ દાદાજી મનોચેહરજી, આ૦ કાવશજી અસ્પંદયારજી.

---

૬ આ લેખની નકલ તા૦ ૨૮ મી અકટોબર ૨૮૬૯ ના "યજદા પરસ્ત" મા દસ્તૂર એરચજી શોરાબજી મેહરજી રાણા વાલાએ છપાવીછે

૭ આ લેખની નકલ એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણાવાલાએ નવસારીના પેહલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડીમાં સફે ૧૩૬ મેછે

તા૦ ૨ જી અકટોબર.

સંવત ૧૭૯૬ ના આસો વદ ૬.

આજ દીને નવસારીના દસ્તુર જમશેદજી રૂસ્તમજી મેહરજી રાણાના, દસ્તુર બરજોરજી દારાબજી દારાબ પાહનણના, આ૦ નવરોજજી કૈખશરૂજી, બરજોરજી હોમજી, શાપુરજી કૈખશરૂજી, કાઉસજી ખરશેદજી, હોરમજજી રૂસ્તમજી, કાઉસજી હોરમજજી, અને એહદીયારજી રૂસ્તમજી, એઓએ શમશત મોબેદોની તરફથી દામાજીરાવ ગાયકવાડ શમશેર બાહદુર ઉપર એક અરજી મોકલી હતી કે પીલાજીરાવ ગાયકવાડે હિંદુના બ્રાહમણો તથા પારસીના મોબેદો ઉપરની ખંડણી માફ કરવાનો પરવાનો આપ્યો હતો. પણ હવડાતો નવસારીના કાજીઓ તથા માહજન ખંડણી માગેછે, માટે તે માફ કરવાનો એક બીજો પરવાનો અમોને આપશો કે અમો તમારા હકમા દોઆ કર્યં.[૧]

---

## ઈ૦ સ૦ ૧૭૪૧.

તા૦ ૨૭ મી આપરેલ.

સંવત ૧૭૯૭ ના, રોજ ૧૮ માહ ૭ (શે૦).

આજ દીને નવસારીની શમશત મોબેદોની અનુમતે ત્યાના દેશાઈ ખુરશેદજી ટેહમુલજીને એક લેખ કરી આપ્યો હતો કે "આજ મુદત થાઈ અમોને સુરતવાલા મોબેદો સાથ તથા સંજાણવાલા મોબેદો સાથ અમારા હકોને માટે કજીઓ ચાલેછે તેનો ટંટો હાકમ દરબારમા તમો અમારી તરફથી ચલાવો, અને જે ખરચ થાય તે તમો કરી આપણી રામ બાગમાથી તમો લેજો, જ્યાંવેર તમારૂં કરજ વ્યાજ સુધા ફીટે ત્યાંવેર તમો લેજો. તે પછી આપણે વેહચી લઈજીએ શહી." આ લેખપર દસ્તૂર જમશેદજી રૂસ્તમજી મેહરજી રાણાના, દસ્તૂર બરજોરજી દારાબજી દારાબ પાહનણના, દસ્તૂર જમાસપજી આશાજી, દેશાઈ કુકાજી મેહરજી, દેશાઈ જીવણજી માણેકજી, આ૦ રતનજી માણેકજી આદીઆ, આ૦ કાવશજી હોમજી આરી, આ૦ માણેકજી દસ્તૂર પાલણજી વગેરે શમશત ૨૪૪ મોબેદોની શહીઓછે.[૨]

---

તા૦ ૧૩ મી અકટોબર.

સંવંત ૧૭૯૮, તા૦ ૧૩ મી આબાન.

આજ દીને ગાયકવાડ દામાજીરાવે સુરતમાં આ૦ માણેકજી નવરોજજી, આ૦ બીખાજી જમશેદજી, આ૦ ખરશેદજી નવરોજજી, આ૦ દાદાજી તથા રૂસતમજી કામદીનજી વગેરે શમશત મોબેદો, તથા બેહદીનો નાનાભાઈ ભીમજી, રૂસ્તમજી પુંજીઆ, બહમનજી ભીમજી, શાપુરજી કાવશજી, નાનાભાઈ શાપુરજી, તથા માણેકજી શાપુરજી ભરૂચા, અને શોરાબજી રૂસ્તમજી નવસારીના પર એક ફરમાન લખી મોકલ્યુ કે સુરતના મોબેદો નવસારીના મોબેદોના હકપર તરાપ મારેછે, તેટલા માટે તેવા ફેસાદીઆ મોબેદોને અટકાવજો કે તેમ કરે નહિ; એવો સુરતના નવાબનોબી હોકમછે તથા તમારા લોકના લખીઆછે. જો એ પ્રમાણે નહિ કરશોતો અમારા મુલકમા તમારો વ્યાપાર ચાલેછે તે બંધ કરવામા આવશે.[૩]

---

સુરતથી આતશબેહરામને પાછા નવસારી લાવ્યા પછી સંજાણથી તેની સેવાબીમા આવેના મોબેદોના વારેસો તથા નવસારીના ભગરીયા મોબેદો વચ્ચે તેમના હકો વગેરેને માટે આપસઆપસમા મોટા જઘડા ચાલ્યા કીધા, અને તેની ફરીયાદો સુનધડ ખાતે ગાયકવાડની હજુરમા ગયાથી તેની સરકારે પરવાનો[૪] કરી આપ્યા

---

[૧] આ અરજીની નકલ નવસારીવાલા દેશાઇ પેશતનજી ખુરશેદજી પાસેથી અમારા જોવામા આવી હતી એ અરજીમાં જણાવ્યા મુજબનો એક બીજો પરવાનો કે જેમા પણ કોઇ માહરાજ તરફથી નવસારીના મોબેદો પરની ખંડણી માફ કરવાને લખેલુછે તેની અસલ નકલ એજ દેશાઇજી પાસે નીચે મુજબ જોવામા આવી હતી.—

" શ્રી રાજ માહરાજ ધીરાજ માહરાંણા શ્રી દુરજન
" સૈલી૦ આ દેશાત કશબે નોશારીનાં દેશાઈ શમશત
" તથા પટેલ શમશત તથા મેહક લોક શમશત જત
" માલુમ થાએ કે પારસીના અંધારૂ બામણને ખંડણી
" શરાબત માફછે માટે ખંડણીના પૈશાની ખાતર
" અપાઈને મુજાહમત રખે થાઓ. સંવત ૧૭૯૦ ના
" ચૈતર શુદ ૧" (તા૦ ૨૫ મી માર્ચ ૧૭૩૪)

[૨] આ અસલ લેખ નવસારી વાલા દેશાઇ પેશતનજી ખુરશેદજીના સવાધીનમાં મોજુદછે

[૩] આ ફરમાનની નકલ નવસારીવાલા દેશાઇ પેશતનજી ખુરશેદજી પાસેછે

[૪] આ પરવાનાની નકલ નીચે મુજબની નવસારીવાલા દેશાઇ પેશતનજી ખુરશેદજી પાસેથી મળીછે.—

" શ્રી રાવ સરી સુબેદાર દામાજીરાવ ગાએકુવાર
" શમશેર બાહાદુર વ પારસીના અંધેઆરૂ શજાનાં
" આલશના પુનજરા શાપુરજી તથા રૂસતમજી વગેરે
" જત તમારે ને અધીઆરૂ ભગરીઆવીને કજીઓ
" થાઇઓ તે ઊપર તમો ફરીઆદ થાએઆ તે પર ભગરીઆને તેડાવીને સમજાવા તો તમારે ને ભગરીઆને
" ધરમ મધે બનતું નથી માટે તમારી દરખાશત માફક
" તમોને રજા આપીછે જે તમો આતશ તમારા તથા
" ૧ થકના પારશીના ઘેર પચીશ તીશ હશે તે લઇને વલ-
" સાડ તથા જંગર વગેરે જાહા મન ગમે તાહા જજો.
" તમોને કોઇ કશી વાત માટે મોજમ નથી થાશે સર-
" કારનો કોલછે સંવત ૧૭૯૭ આશો સુદી ૭."
(તા૦ ૬ મી સપટેમબર ૧૭૪૧).

મુજબ આએ વર્ષમા આતશબેહરામને નવસારીથી વલસાડ ખાતે લઈ જઈને ગખ્યા હતા.[1]

---

તા૦ ૨૮ મી અક્ટોબર.

સંવત ૧૭૯૭ ના, રોજ ૬ માહ ૧ (શે૦)

આજ દીને નવસારીથી આતશબેહરામ સાથે વલસાડ મધ્યે ગયલા મંજાણા મોબેદોએ વલસાડની અંજુમનને એક લેખ કરી આપ્યો હતો કે આતશબેહરામ સાહેબને વલસાડ મધે લાવ્યા તેની ઓએ દેવાનો જેનો વારો હોય તે વલસાડ મધે બરશનુમ લઈ પાક થાએ, અગર નવસારીની બાગરની અગીઆરી મધે હેરબુદ થયો હોય તથા બરશનુમ લીધુ હોય તો તે ઓએ દીએ નહિ. આ લેખ ઉપર દસ્તૂર ભીખાજી રૂસ્તમજી, દસ્તૂર રૂસ્તમજી શેહરીઆરજી, દસ્તૂર મનોચેહરજી બેહરામજી, આ૦ માણેકજી ગોશતાસ્પજી, આ૦ મનોચેહરજી માણેકજી, આ૦ ચનજાંના ખુરશેદજી, આ૦ ભીખાજી બહમનજી, આ૦ બરજોરજી ભાઈજી, આ૦ જમશેદજી ફ્રામજી, આ૦ રૂસ્તમજી મનોચેહરજી, આ૦ દાદાભાઈ મનોચેહરજી, આ૦ કાઉસજી અસ્પંદયારજી, આ૦ નવરોજજી, આ૦ કાઉસજી મનોચેહરજી અને આ૦ નવરોજજી હોમજીની શહીઓછે.[2]

---

તા૦ ૩૦ મી અક્ટોબર.

સંવત ૧૭૯૮ ની તા૦ ૧ લી માહે રમજાન.

આજ દીને ખંડેરાવ હાકમે નવસારીના દેસાઈ કુકાજી મેહરજી, તથા ખુરશેદજી ટેહમુલજી વગેરે શમશેરાત અંજુમનને એક પરવાનો કરી આપ્યો કે તમારા પથકો સુરત, સુનધડ, નવાપરા, વેસ્મા, વાસડા, ગમનગર, ડાંગ, બેહાર, દીવ, કરેઆણી, વસાઈ, ચેઓલ, થાણુ, મુંબઈ વગેરે સર્વે પથકો કદીમથી તમારાછે. ત્યા તમો બેહદીનોને ઘેરના મુર્દા જીવતાનુ, તથા નવસારી મધે રેહેના મંજાણા મોબેદોને ઘેરના તમામ મુર્દા જીવતાના કામો જેવા કે વેવાહ વાજનુ, બાજ આફ્રેગાન, તથા યેજસ્નસુ વગેરે તમારી દરેમેહરના મોબેદો મોકલી કદીમથી કરતાછો તે પ્રમાણે કરાવો. તેમા મંજાણો ઈચ્છા બીજો કોઈ ગોબેદ કરસી વાતનો અમલ દખલ કરે નહિ. તમારો હક અમલ પ્રમાણે લેજો તથા ખાતરજમે રાખી પ્રેમ કરજો. તમોને કોઈ મુજાહેમ કરશે નહિ.[3]

---

## ઈ૦ સ૦ ૧૭૪૨.

તા૦ ૮ મી ફેબ્રુવારી
રોજ ૧૯ માહ ૪ (શે૦) ૧૧૧૧ યજદજરદી.

મરણ—દેસાઈ કુકાજી મેહરજી—ઉમર વર્ષ ૬૦) નવસારીના પોલીઆ દેસાઈ મેહરજી બહમનજીના દીકરા. એઓના બાપ ઈ૦ સ૦ ૧૬૫૭ મા મરણ પામ્યા તે વેળાએ એવણની વય ઘણી નાની હોવાથી એમના કાકા પિત્રાઈઓએ દેસાઈગિરાનો તેમના ભાગનો વહીવટ ચલાવ્યો હતો. તે પછી ઉમરે પુગી એવણે સઘળુ પોતાને હસ્તક લઈ ઘણી ચતુરાઈથી પોતાનો વહીવટ ચલાવ્યો હતો. પ્રથમમા મોગલાઈ તથા પછવાડેથી ગાયકવાડી અમલદારો સાથે એવણ ઘણો વગ ધરાવતા હતા, તથા છેલ્લાઓતો એવણની બુજર્ગીને લીધે નવસારી કસબાને લગતા ઘણાક કામોમા એવણની મસલત લેતા હતા. એવણ ત્યાની પારસી અંજુમનના પણ એક વડા અગ્રેસર, તથા તેઓમા મોટુ માન ધરાવતા હતા.

---

તા૦ ૨૮ મી અક્ટોબર,
સંવત ૧૭૯૮ ના, રોજ ૬ માહ ૧ (શે૦).

સંજાણવાળા આતશબેહરામને ઈ૦ સ૦ ૧૭૪૧ મા દામાજીરાવ ગાયકવાડના પરવાનાથી વલસાડ મધે લાવી રાખ્યા હતા તે આજદીને[4] સંજાણવાળા મોબેદો તથા વલસાડની અંજુમનની રજામંદીથી ઉદવાડા ખાતે લઈ જવામા આવ્યા હતા, કે જ્યા આજ સુધી તે રહેલાછે.[5]

---

1 આ આતશબેહરામને નવસારીથી વલસાડ લઈ જવાનો દાહડો વાર રોજ ૨૮ માહ ૬, સંવત ૧૭૯૬ કરી અમોને એક ઠેકાણેથી મલ્યોછે, પણ તે વર્ષ ઉપરના પરવાના કરતા એક વર્ષ આગમજનુ હોવાથી તે પર ભરુસો આવતો નથી

2 એ૦ જમાસ્પજી શોરાબજી દસ્તૂર મેહેરજી રાણાવાલાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહેરજી રાણા કેતાબખાનામા મેલેની જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સુફ ૮૫ મે

3 આ પરવાનાની અસલ નકલ નવસારીવાલા દેસાઈ પેશતનજી ખુરશેદજીએ અમોને દેખાડી હતી

4 આ દાહડો વાર વલસાડવાલા મરહુમ ચોકસી રતનજી હોરમજજીની નોંધમાંથી મલ્યોછે

5 આ આતશબેહરામ સાહેબને પેહલ વેહલા ઉદવાડામા રાખવાને માટે કેહછે કે નારગોરના કોઇ બેહદીને એક નાનકુ મકાન હાલમા જ્યા એ આતશબેહરામ સાહેબની દરગાહ છે ત્યાં બાંધી આપ્યુ હતુ તે પછી પાસ સાત વર્ષે સુરતના શેઠ ભીખાજી એદલજી નામના એક બેહદીને એક મોટુ મકાન બંધાવી આપ્યુ હતુ. તે બાદ ઈ૦ સ૦ ૧૮૧૨ ઇયા ૧૫ મા મુંબઈવાળા શેઠ જમશેદજી નાનાભાઈ ગજ્જરે એક વધારે મોટી ઇમારત બંધાવી આપી, અને છેલ્લુ એ આતશબેહરામ સાહેબનુ હાલનુ મોટુ મકાન શેઠો દાદાભાઇ તથા મનચેરજી પેશતનજી વાડીઆએ પોતાના મરહુમ મુરબ્બીજી શેઠ પેશતનજી બહમનજી વાડીઆની નઇમતે ઈ૦ સ૦ ૧૮૩૦ માં બંધાવી આપ્યુ હતુ

આએ વર્ષમા સુરત મને ભરથાણા આગલ ૫-અનુ દોખમુ બધાર તૈયાર થયુ હતુ. તેને ઇજ્જવાની ક્રિયા નવસારીના બરગીયા મોબેદોએ કીધી હતી. એ દોખમાના કામની આગેવાની સુરતમા શેઠ બહેમનજી લીમજીએ કીધી હતી, તથા મુંબઈમાં શેઠ બહેમનજી રૂસ-તમજી શેઠનાએ તેનાં ડુંગરાણામા નાણા ભરયા હતા.[1]

## ઈ૦ સ૦ ૧૭૪૩.

તા૦ ૧૦ મા જુન,

સંવંત ૧૭૯૯ ના, રોજ ૨ માહ ૯ (શે૦).

આજ દીને સુરતના મોબેદો તરફથી આ૦ ખુર-શેદજી નવરોજજી મેહેરનજી તથા આ૦ ખુરશેદજી નવ-રોજજી નાપુરજીએ નવસારીના અંજુમનને એક લેખ કરી આપીઓ કે સુરતમા નવસારીને લગતા જે જજમાનો રેહેછે તેનાને ઘેરના જશનના તથા સુનાના કામો કે જે થોડીક મુદત થઈ સુરતના મોબેદોએ જબરીથી કીધા તે હવેથી તેમ કરશે નહિ. તેઓ તમારા ગુમાસ્તા થઇને કરશે, અથવા તમો જેમને તમારા ગુમાસ્તા તરીકે મોકલશો તેમને કરવા દેશે તેમા અમો અટકાવ કરશુ નહિ. આ લેખપર પો૦ માણેકજી સોરાબજી કાઉશજી, દલાલ માણેકજી એદલજી, હરજીભાઇ કુંવરજી, ડોસાભાઈ લવજી તથા વાડીઆ ફેનનજી બહેરામજીની સાખોછે.[2]

## ઈ૦ સ૦ ૧૭૪૫.

તા૦ ૧ થી જુન

રોજ ૨૬ માહ ૬ (કદ) ૧૧૧૪ યજદજરદી

આજ દીને સુરતના નેકનાક નામીબ મેહદીનો જેવા કે બહમન લીમજીનો, નાનુજીનો, ખોરશેદ, મેહેરાબ દાદા, પોપટજીનો રૂસતમ, નવાનના શોહરાબ વગેરે પેહેલ-વેહેના કમી થયા હતા. તેઓએ આ વર્ષથી એક મહિનો આગમજ મુકતાદ બાકવાનુ શરૂ કીધુ, અને તેઓને ત્યાની ક્રિયા માર્ગો કરવાનુ કામ આ૦ કાઉશજી ફરદુનજી સુનજમી તથા આ૦ દારાબજી શોરાબજી કુમાના (કુમાના દાદાદારૂ) એ માથે લીધુ હતું.[3]

## ઈ૦ સ૦ ૧૭૪૭.

તા૦ ૩૦ મી જાનેવારી.

રોજ ૨૧ માહ ૪ (શે૦) ૧૧૧૬ યજદજરદી.

આજ દીને મુંબઈવાલા આ૦ શેઠ માણેકજી નવ-રોજજી શેઠનાએ પોતાને ખરચે નવસારી મધે પથરનુ એક દોખમું બંધાવી પરહાવ્યુ હતુ.[4]

તા૦ ૧૯ મી મેએ

રોજ ૮ માહ ૮ (શે૦) ૧૧૧૬ યજદજરદી.

**મરણ**—રૂસતમજી ટેહેમુલજી દેશાઈ[5]—ઉમર વર્ષ ૮૮) નવસારીવાલા દેશાઈ ટેહેમુલજી રૂસતમજીના બીજા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૨૮ મા પોતાના બાપના મરણથી પીલાજીરાવ ગાયકવાડે પોતાની નોકરીમા રાખ્યા હતા, તથા નવસારીમા કેટલીક જાગીરો ભેટ આપી હતી.

## ઈ૦ સ૦ ૧૭૪૮.

તા૦ ૧૯ મી આપરેલ.

રોજ ૧૨ માહ ૭ (શે૦) ૧૧૧૭ યજદજરદી.

**મરણ**—માણેકજી નવરોજજી શેઠના—ઉમર વર્ષ ૬૦) શેઠ નવરોજજી રૂસતમજી શેઠના દીકરા. એવણ અતરેના એક જાણીતા વ્યાપારી, જાગીરદાર, તથા મોબે-

---

૧ આ દોખમાને લગતા નવસારી, સુરત, તથા મુંબઇ વગરે સાલેના કાગજ પત્રો નવસારીવાલા દેશાઇ પેશતનજી ખુરશેદજી પાસેથી જોવામા આવ્યા હતા. એ દોખમુ પીલા પથરોથી બાંધેલ હજુસુધી ભરથાણામા સલામતછે. એની આગમજ ઇ૦ સ૦ ૧૭૨૫ મા પદા-નવાના રવાનોને માટે બરગીના મોબેદોએ ઊધરાતથી બધાવેલુ દોખમુ પણ એક જગા ઊપર પીલા પથરોથી બાંધેલુ મોજુદછે. પણ એ બને દોખમા હાલમા પડત પડેલાછે.

૨ એ૦ નાનાભાઇ શીરાબજી દસ્તૂર મેહેરજી રાણા વાળાએ નવસારીના દેના દસ્તૂર મેહેરજી રાણા કૂતા-બખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૮

૩ મરહુમ મુલ્લા ફીરોજજીની અવીજેહ દીન સફે ૧૫—૧૬—૧૭

૪ આ દોખમાની સામેની ચગડી ઊપર નીચલાં ફારસી બેતો તખ્તીમા કોતરેલાછે.—

بذکر مانکجی پاک دین
بهشت برین سوی رهین
سرور مبارک خور و ماه تیر
مرتب شد این بارگاه مدیر
ز سال جلوس شه ایزدگرد
هزار و صد و شانزده یاد کرد

**માએની**—પાક દીનના માણેકજીએ જમીનની સપાટી ઊપર સ્વર્ગથી ઊંચાં મેહેરાતની માફક બનાવ્યુછે તીર મહીનાના મોબારક ખોરશેદ રોજને દાહડે આએ ગુર બરેની જગો તઈઆર થઇ શાહનશાહ યજદજરદનાં ૧૧૧૬ ના વરસમા

૫ પ્રખ્યાત દેશાઇ ખુરશેદજી ટેહેમુલજીના ભાઇ તથા નવસારીવાલા દેશાઇ બરજોરજી પાલણજીના બાપના બાપાવા

દોના વડા ગણાતા હતા. એવણુ ઈ૦ સ૦ ૧૭૩૦ મા પેહલ વેહલા મુંબઈ આવ્યા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૭૩૨ માં પોતાના બાપના મરણ પછી સુરત, મુંબઈ, તથા બીજા દેશાવરો ખાતેનો વ્યાપાર ચનાવતા હતા. આ માટે એવણે પટેલ બચાભાઈ કાવસજીને પોતાના આડતીઆ તરીકે માદસોર ખાતે મોકલ્યા હતા. એવણે કોટમાની બજારગેટ સ્ટ્રીટમાની જાણીતી આદરાનની દરેમેહર બધાની તે તા૦ ૧૯ મી જુન ૧૭૩૩ ને દીને પરકાની હતી તેમજ પારસીઓને સર અવસરે વાપડવાની કોટની "માણેકજી શેઠની વાડી"[1] પણ એવણે બધાવી હતી નવસારીમા પથરનુ એક દોખમુ એવણે બધાવી તે તા૦ ૩૦ મી જાનેવારી ૧૭૪૭ ને દીને પરકાવ્યુ હતુ. મુંબઈમા સર્વે પચાતે મળી એક દોખમુ બધાવવાને ઉવરાણું કીધુ હતુ, તેમા એવણે રૂ૦ ૨૦૦૦) ભર્યા હતા, પણ પાછલથી તે ઉઘરાણાની રકમ પુરતી નહિ જણાયાથી એવણના વારેસોએ એવણુની નઈયતે તેમા બાકીનુ નાણુ પુરૂં કરી આપી એ દોખમુ એવણુને નામે બધાવી પરકાવ્યુ હતુ. એવણ કેટલીક જાગીરો પોતાની પાછળ પેદરપે વડા વારેમાનેજ મળે એવા બદોબસ્ત કરી એનાહેરી કાઢી ગયાછે, અને તે માટે પોતાના મરણની થોડાક દિવસ આગમજ એટલે તા૦ ૪ થી આપરેલ ૧૭૪૮ ને દીને એક વસીયતનામુ કીધુ હતુ, તેમા ધર્મખાતે ત્રણ વાડીઓ કાઢી તેની ઉપજ જે થાય તે એ વાડીઓપરનો ખરચ બાદ કરી તેમાથી એવણુની દરેમેહરમા તેલ, સુખડ, કાઠી, વગેરે અપાવે, તથા દરરોજ બાજ આફરગાન ચાલુ રાખે, તથા એવણુની વર્ષ દાહડાની બાજ નાહનીઆ સુધા કરે, તથા નવસારીમા એવણુની નઈયતે એક વર્ષે નીરગદીન અને એક વર્ષે હેરબુદ કરાવે એ ઉપરાત જો એ વાડીની પેદાયશ ખરચ કરતા વધેતો તે વધારાના રૂપીઆના એવણુની તથા એવણુના બાવા અને માએની નઈયતે એવણુની દરેમેહરમા ભગર સાથના મોબેદો પાસે વદીદાદ કરાવે એની સાથે વળી ડુંગર એક નામે "શ્રતે વીજરેવ" કરી ધર્મ ખાતે કાઢેલો હતો, કે જેની પેદાયશ આ વખતે દર વર્ષે રૂ૦ ૩૦૦) સુધીની હતી તે એ ડુંગર ઉપરનો ખરચ બાદ કરી બાકી જે વધે તે એ ધર્મખાતાનો મુતવલી માનેજર જે થાય તે લીએ, અને એ વાડીઓ ત્રણ તથા ડુંગર કોઈથી વેચાય નહિ.[2] તે વેળાની મુંબઈની પારસી પચાયેતના એવણ એક મુખ્ય આગેવાન હતા. એવણુને પેટે કોઈ નર વારેસ નહિ હોવાથી પોતાના જમાઈઓ શેઠ શેરાબજી મનચેરજી શેઠના તથા દાદાભાઈ ખરશેદજી શેઠનાને પોતાના પાલક કરી ખોલે વહીવટ તેમને નામનો કીધો હતો

૧ આ વાડીમા એવણે પોતેતો જમનવારનો એકજ ઓટલો બધાવેલો હતો એવુ એવણુના વસીયતનામા ઉપરથી જણાએછે તે પછી એવણુના ધર્મખાતામાથી એક બીજો ઓટલો કેહછે કે શેઠ શેરાબજી માણેકજી શેઠે બધાવ્યો હતો, પણ તેનો સને મલી શકતો નથી એ પછી એ બધે ઓટલા ઘણા પુરાના થવાથી ઈ૦ સ૦ ૧૮૪૩ મા શેઠ માણેકજી નેહરવાનજી શેઠે તેમની ઘટતી મરામત કરાવી, તથા બીજા બે નવા ઓટલા બધાવ્યા હતા આ ચારે ઓટલાઓ ફરી ઉખેડી નવેસરથી આએ ઈ૦ સ૦ ૧૮૭૮ ના વર્ષમા એ ખાતાના મુતવલી શેઠ અરદેસર નેહરવાનજી શેઠે રોણકદાર રીતે બધાવ્યાછે

૨ આ વસીયતનામા ઉપર આ૦ નશરવાનજી બહમનજી શેઠના, આ૦ મનચેરજી બહમનજી શેઠના, આ૦ જમશેદજી ફરામજી શેઠના, મોદી હીરજીભાઈ જીજીભાઈ, મોદી બીખાભાઈ જીજીભાઈ, પો૦ બેહરામજી બનાજી, આ૦ નાનાભાઈ બહમનજી શેઠના, શેઠ શેરાબજી રૂસતમજી, વાડીઆ લવજી નસરવાનજી, અને શેઠ બહમન જીવા, એઓની શાખોછે વળી એક બીજુ વસીયતનામુ એવણે પોતાના મરણની એક દિવસ આગમજ એટલે તા૦ ૧૮ મી આપરેલ ૧૭૪૮ ને દીને પોતાની બે હઈઆત ધણીઆણીઓને તેમની જીદગી સુધીના ગુજરાનને માટેના એકસ બદોબસ્તો કરી લખી આપ્યુ હતુ, તેમા તે બાઈઓને નીચે પ્રમાણે શિખામણ દીધી હતી

"બીજુ એજે તહમારા કબીલાના માણસ બને ધણીઆણીના બાએ અથવા બાપ તથા ભાઈ હુએ તે તથા હરએક શગો આવી મળે ને તમને બને જણાને ફુસલાવે જે રૂ૦ ૩૦) ત્રીસ હજાર રોકડા લેઓ ને નવા દેઓ તો હરજનાર એ કામ કરતામા ને જો રૂપીઆ લીધા તો એમ જાણજો જે એ રૂપીઆ ચાલીશ દાહડા રેહવાના નથી ને તમે ખરાબ થાશો ને અમે જે રૂ૦ ૨૦૦૦) બે હજાર લખી આપેઆછે તે વરશોવરશ આપશે તેથી બા આબરૂ સાથે જીવશો જાશો તાહાસુધી આરામ સાથે ગુજરાન થાશે ને કશી વાતે કશાતી થાશે નહી એ વાત વારેવાર વીચારી જોજો ખબરદારીએ ને માહરા લખ્યા માફક ને માહારા હોકમ માફક ચાલશોતો બા આબરૂથી જીવશો જાશો તાહાવેર સુખી થાશો ને ખોદા રાજી રેહેશે

એણી વીગતે તમને અગ લખી આપુ છુ કાએજે તમે બાહરા માણસ છો ને તહમારા હાથમા અમારૂ લખ્યુ હોએતો તમને અમારા લખ્યા માફક જવાબ દેએ ને ખોદા કરશોતો કશી વાતની ફિકર નથી, પાચ દાહડા અહમારા તશરીનાછે ને શરીરનો ભોગ કશાલોછે તે ખોદા આરામ કરશે ગતા નથી ને મરવુ તો હકછે એક દાહડો આગલ ઇઆ પાછલ પણ રજા કબજાને માબલે ધણીના દસતાવેજ હોએ તે તહમારે કામના, માટે લખી આપીઉ છે માટે એ લખીઉ કામનુ છે તે તહમારી પાશે રાખજો. ને અમે વશીઅતનામુ પરથમ કરૂ છે તેમા ખીજમતગારો વીગરેને ઇનામ લખુ છે તે અહમારો માથીશો થયા પછી જરૂર તેને જે લખુ હોએ તે અહમારા હોકમ માફક અપાવજો દાહાડા કાહાડશો ગમે ખોદા કરશોતો કશી વાતીની ચીંતા નથી ખોદાના હોકમથી અમને આરામ થાશે પણ દુનીઆનો મામલોછે માટે એ લખીઉ કરૂ છે બને ધણીઆણીના કામનુ છે રજા કબજાએ."

## ઈ૦ સ૦ ૧૭૪૯.

તા૦ ૨૫ મી આપરેલ.

સંવત ૧૮૦૫ ના, રોજ ૧૮ માહ ૭ (શે૦)

નવસારીની જરથોસ્તી અંજુમન તરફથી મુંબઈની અંજુમનને એક પત્ર લખી રવાનોના પગ લાંબા રાખવાની ભલામણ થઈ હતી. તે પત્ર મુંબઈમાં સમસ્ત અંજુમને મળી તા૦ ૧૯ મી આપરેલ ૧૭૪૯ ને દીને વાંચ્યો, અને તેના જવાબમાં આજદીને મુંબઈની પંચાતના આગેવાનો આ૦ એદલજી ફરામજી શેઠના, આ૦ મનચેરજી બહેમનજી શેઠના, આ૦ નાનાભાઈ બહેમનજી શેઠના, આ૦ માણેકજી નવરોજજી શેઠના, મોદી બોધાભાઈ જીજીભાઈ, સોરાબજી રૂસ્તમજી, બહેમનજી જીવાજી ભટ્ટ, દાવર બેહરામજી બનાજી, વાડીઆ લવજી નસરવાનજી, વાડીઆ બેરામજી ભીખાજી, પટેલ રૂસ્તમજી દોરાબજી, બેહરામજી હોમજી (બેહલી હોમજી), દાદાભાઈ ધનજી, માણેકજી જીજીભાઈ મોદી, દોરાબજી હીરજી, અરદેશરજી હીરજી, નસરવાનજી માણેકજી, જામાસપજી મનજી પટેલ, જમશેદજી ભીમજી પટેલ, નવરોજજી હોમા, એદલજી બેહરામજી મોદી, મોટાબાહુ મનજીબાહુ, અને શાપુરજી જીવણજી એઓએ નવસારી ખાતે દસ્તુર જમશેદજી રૂસ્તમજી, દસ્તુર બરજોરજી સોરાબજી, દસ્તુર જામાસપજી આસાજી, દેસાઈ ખુરશેદજી ટેહમુલજી, દેસાઈ જીવણજી માણેકજી વગેરે સમસ્ત અંજુમનપર એક કાગજ લખી જણાવ્યું કે અમે સર્વે મળી વિચાર કરી ઠેરવ્યુ છે જે જેને ગમે તે રવાનના પગ લાંબા રાખે, અને જેને ગમે તે વાળે. માટે તમો પણ ફરીથી મોબેદોને તાકીદ લખજો કે બેહુ તરફનું કામ ચલાવે.[1]

## ઈ૦ સ૦ ૧૭૫૦.

તા૦ ૨ જી ફેબરવારી.

સંવત ૧૮૦૬ નાં, રોજ ૨૫ માહ ૮ (શે૦).

આજ દીને મુંબઈની જરથોસ્તી અંજુમનની તરફથી આ૦ બરજોરજી ફરામજી શેઠના, આ૦ નાનાભાઈ બહેમનજી શેઠના, આ૦ માણેકજી નવરોજજી શેઠ-નાની વતી બને શેઠાણીઓ, મોદી બોધાભાઈ જીજીભાઈ, શેઠ સોરાબજી રૂસ્તમજી, દાવર બેહરામજી બનાજી, અને વાડીઆ લવજી નસરવાનજીએ નવસારી દેસાઈ ખુરશેદજી ટેહમુલજી તથા સમસ્ત અંજુમન જોગ એક કાગજ લખ્યો કે મુંબઈ મધે અંજુમન સર્વે મળીને નવુ દોખમુ બાંધવા ઠેરવ્યુ છે, માટે તેનો તાનો પુરવાની ક્રિયા કરવાને મોબેદની જોડ એક બરશનુમવાલી મોકલજો, તથા નવસારીમાં માણેકજી શેઠના દોખમાનો દોર, અને તેની ઉપરની તથા વચ્ચેની પાવીઓની પોહલાઈ તથા લંબાઈ અને તેમની સંખ્યા, તથા ભંડારની ઉંડાઈ કેટલીછે તે લખી જણાવજો. તેમજ ભંડારને મથાલેથી ચીરા માંડી તે ઉપર ફરતી દેવાલ બાંધેછે તે ચીરાથી કેટલી ઉંચી, તથા તાનો પુરવાના લોઢાના ખીલા કેહવા કરાવવા તે પણ લખજો.[2]

તા૦ ૩૧ મી મેએ.

રોજ ૨૮ માહ ૮ (શે૦) ૧૧૧૯ યજદજરદી.

**મરણ**—માકુજી દોરાબજી નાનાભાઈ—ઉમર વર્ષ (૫) મુંબઈમાં પેહલા આવનાર પારસી શેઠ દોરાબજી નાનાભાઈના વડા દીકરા. એવણ પોતાના નાહલા ભાઈ શેઠ રૂસ્તમજી દોરાબજી પટેલના હાથ હેઠળ મુંબઈની પટેલાઈના કામમાં ઘડેલા હતા, તથા તેમની સાહેતા હેઠળ દેસાવરી ખાતેનો વ્યાપાર પણ કરતા હતા.

## ઈ૦ સ૦ ૧૭૫૨.

તા૦ ૨૨ મી જુલાઈ.

આજ દીને અમદાવાદના પાદશાહ હજરત અહમદશાહ બીન મહમદશાહએ સુરતની પારસી પંચાતને એક ફરમાન કરી આપ્યુ હતુ કે "શ્રી સુરતનાં ચોરાશી પરગણામાં ઉમરવાડ ગામછે તે મધે હજરત અકબરશાહ પાદશાહના ફરમાન બમુજબ પારસી લોકોનો ૧૦૦) વીઘા જમીન ઉપર કબજોછે, અને તે જગો તે લોકોનાં દોખમાનિ માટે આપી હતી. તેની સનદો શીવાજી શીતુરીના ફિસાદમાં ખોવાઈછે તેથી પારસીઓએ અરજ કીધી જે પાદશાહના કબજો ઉમેદવાર છૈયે જે તેવુજ બીજુ આલી ફરમાંન તમારી દરગાહથી હમોને બક્ષેસ થાય. તેવારે પાદશાહનો માન ભરેલો હોકમ થાએઓ જે તે ઉપર કહેલી જગોમાથી ૧૦૦) વીઘા જમીન અસલ બમુજબ પારસી લોકોના દોખમાનિ વાસ્તે તે લોકોના કબજામાં રેહવા દે, અને તે જગોની હર સાલની આમદાની તેઓ દોખમાનાં કામમાં ખરચ કરે. માટે સર્વે હાકેમો, અમલદારો, જાગીરદારો, તથા જમીનદારો, હાલના તથા હવે પછે થનારઓને લાજમછે કે આએ માતેબર હોકમને જાણી રાખી જમીન મજકૂર તેઓના

[1] આ કાગજની નકલ તા૦ ૨૮ મી અકટોબર ૧૮૬૯ નાં "યજદાંપરસ્ત" માં દસ્તુર એરચજી સોરાબજી મેહરજી રાણાવાલાએ છપાવીછે.

[2] આ કાગજની નકલ તા૦ ૨૮ મી અકટોબર ૧૮૬૯ નાં "યજદાંપરસ્ત" માં દસ્તુર એરચજી સોરાબજી મેહરજી રાણાવાલાએ છપાવીછે.

સ્વાધીનમા રેહવા દે, અને તેમા કસ્સો ફેરફાર કરે નહિ, અને સઘળી દસ્તુરીથી તે લોકોને માફ તથા છુટ મુકે, તથા એ જમીનની હરસાલ નવી શનદ માગે નહિ."[૧]

---

## ઈ૦ સ૦ ૧૭૫૩.

તા૦ ૧૨ મી મેએ.

રોજ ૬ માહ ૮ (શે૦) ૧૧૨૨ યજદજરદી.

**મરણ**—બેહરામજી બનાજી લીમજી—ઉમર વર્ષ ૭૨) શેઠ બનાજી લીમજીના વડા દીકરા. ઈ૦ સ૦ ૧૭૩૪ મા બાપનાં મરણ બાદ તેમની "બનાજી લીમજી" ના નામથી ચાલતી પેહડીનો વહીવટ એવણે પોતાના ભાઈઓની સાથે મળી ચલાવ્યો હતો. પોતાનો વ્યાપાર એવણે બીજા કેટલાંક દેશાવરો સાથે વધાર્યો હતો. તે વેળાની મુંબઈની પારસી પંચાએતના એવણ પોતાના બાપની જગોએ અકાબર ઠરેલા હતા.

---

તા૦ ૧૯ મી જુલાઈ.

રોજ ૧૪ માહ ૧૦ (શે૦) ૧૧૨૨ યજદજરદી.

**મરણ**—દસ્તૂર જામાસ્પ આશા—ઉમર વર્ષ ૫૬) નવસારીના એક જાણીતા દસ્તૂર, તથા મુંબઈ અને પુના ખાતેના જામાસ્પ આશાના ખાનદાનના વડવા એવણે નવસારીથી ભરૂચ ખાતે જઈ ફારસી તથા આરબીનો અભીઆસ કીધો હતો. તે પછી ઈ૦ સ૦ ૧૭૨૧ મા કેરમાનથી આવેલા જામાસ્પ વીલાયતી પાસે એવણ સુરત જઈ જંદ તથા પેહલવી ભાષા શિખ્યા હતા. એજ વર્ષમા એવણે ઈરાન ખાતે કેટલાક જરથોસ્તી ધર્મને લગતા સવાલો પુછાવ્યા હતા, જેના આવેલા જવાબો "રેવાએતે દસ્તૂર જામાસ્પ આશા" ને નામે જણાયલાછે. એવણે કેટલીક ગઝલો તથા મોનાજાતો ફારસી ભાષામા જોડલીછે. નવસારી ખાતે ત્રિજા દસ્તૂરની જગો એવણને મળેલી હતી.

---

## ઈ૦ સ૦ ૧૭૫૪.

તા૦ ૧૧ મી ફેબરવારી

સંવત ૧૮૧૦ ના, રોજ ૬ માહ ૫ (શે૦).

આજ દીને નવસારીની શમશત મોબેદોની અંજુમને આ૦ નવરોજજી બચાજી દાજી તથા આ૦ બહમનજી બચાજી દાજીને તેમની પાસેથી નવસારીની અંજુમનને તાબે રેહવાનો તથા કોઈબી કદમી બેહદીનનુ કામ નહિ કરવાનો એક લેખ[૨] લખાવી લઈને મુંબઈમા પંથકી તરીકે મોકલ્યા હતા.[૩]

---

તા૦ ૧૨ મી જુન.

રોજ ૭ માહ ૯ (શે૦) ૧૧૨૩ યજદજરદી.

**મરણ**—હીરજીભાઈ જીજીભાઈ મોદી—મોદી જીજીભાઈ જમશેદજીના વડા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૩૮ મા પોતાના બાપના મરણ પછી મુંબઈના ગવરનર જાન હૉરને યુનૈટેડ ઈસ્ટ ઈડીઆ કંપનીનાં અમલદારોને તથા લશ્કર ખાતાને સર્વે સીધો સામાન પુરો પાડવાનુ કંત્રાક્ટ આપ્યું હતુ. તે એવણ પોતાના ભાઈઓ, શેઠ બોધાભાઈ તથા માણેકજીની સાથે મળી ચલાવતા હતા. ઈ૦ સ૦ ૧૭૪૧ મા અતરેના ગવરનર ઑનરેબલ સ્ટેફન લૉએ પણ એવણના કંત્રાકટો બાહાલ રાખી એઓ ત્રણેઉ ભાઈઓને પોતાની ફરજો ચાલાકીથી બજાવવાને માટે શાબાસી આપી હતી. તે વેળાની મુંબઈની પારસીની પંચાતના એવણ એક અકાબર હતા

---

તા૦ ૩૧ મી આગસ્ટ

સંવત ૧૮૧૦ ના, રોજ ૨૭ માહ ૧૧ (શે૦).

આજ દીને નવસારીથી દેશાઈ ખુરશેદજી ટેહમુલજીએ મુંબઈના તમામ મોબેદોને હોકમ લખ્યો કે મુંબઈમા મોબેદો બે આ૦ ફરામજી તથા આ૦ જમશેદજી પોતાના ભાગને માટે લડેછે, અને તે ઉપરથી બેહદીનોને ઘેરની બાજ વગેરે અટકાવેછે, એવી અતરે ફરીયાદ થઈછે, માટે અમો તમોને લખયે છૈયે કે તમો એકદીલ થઈ કોઈબી બેહદીનને ઘેરનુ કાંઈ કામ અટકાવશો ના. તેઓના ભાગનુ નાણુ જો તેઓ ન સમજેતો અટકાવજો, અને પછી અમો લખ્યે તેમ કરજો. અમોએ તે વિષે સુરતવાલા આ૦ મનચેરજી ખરશેદજી શેઠ પાસે મોદી બોધાભાઈ પરખી લખાવ્યુછે [૪]

---

૧ આ ફરમાનની નકલ મુંબઈની પારસીની પંચાએતના ધરમના ફંડોના સંવત ૧૯૦૩ (ઈ૦ સ૦ ૧૮૪૭) ના હીસાબની "જામે જમશેદ" છાપાખાનામા છપાએલી ચોપડીને સફે ૯૯ સેછે.

૨ આ લેખની નકલ તા૦ ૨૮ મી અકટોબર ૧૮૬૯ ના "યજદા પરસ્ત" મા દસ્તૂર એરચજી શોરાબજી મેહરજી રાણાવાલાએ છપાવીછે

૩ આ બેહુ ભાઈઓના વંશોએ લગભગ એક સદી સુધી મુંબઈમા મોટુ પંથક ચાલાવ્યુ હતુ

૪ આ૦ ફરામજી નવરોજજી તથા આ૦ જમશેદજી મેહરનોશજી મુંબઈના જાણીતા પંથકીઓ હતા. તેઓ વચ્ચે પડેલી કાંઈ ભાગ હીસ્સાની ગેરસમજુતીને લીધે અતરેના બેહદીનોને કીયા ભાર્ગના કામો કરાવવાને ઘણી અડચણ પડતી હતી, જેથી તેઓએ નવસારી દેશાઈજીપર ફરીયાદ લખી મોકલી હતી અને તે ઉપરથી દેશાઈ ખુરશેદજીએ આ હોકમ મુંબઈ લખી મોકલયો હતો. આની અસલ નકલ નવસારી મધે દેશાઈ પેશતનજી ખુરશેદજી પાસેથી જોવામા આવી હતી

તા૦ ૨૨ મી અક્ટોબર,

રોજ ૩ માહ ૧ (શે૦) ૧૧૨૪ યજદજરદી.

**મરણ**—જમશેદજી ટેહમુલજી દેશાઈ[1]—ઉમર વર્ષ ૪૨) નવસારીવાલા દેશાઈ ટેહમુલજી રૂસતમજીના નાહના દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૨૮ મા પોતાના બાપના મરણથી પીલાજીરાવ ગાયકવાડ પોતાની નોકરીમા રાખ્યા હતા, તથા નવસારી કસબો તેમજ પારચોલ પરગણામાં કેટલીક જમીન બેટ આપી હતી.

---

મુંબઈમા આગલા વખતમા લોકોના ગારાઓ તથા બલદો સરકારી કામોને માટે વેઠ પકડવાનો ચાલ હતો. પણ આએ વર્ષમા સરકારે એક ખાસ પરવાનો આપી પટેલ રૂસતમજી દોરાબજીના ગારાઓ ઈયા બલદો કોઈએ વેઠ પકડવાં તથા અટકાવવા નહિ એવો હુકમ કાઢયો હતો.[2]

---

મુંબઈમા વાહાણો બાંધવાનુ કામ વાડીઆ લવજી નશરવાનજીની કોશેશથી ઘણું વધવાને લીધે આએ વર્ષમા અતરેના "સુપરીનટેનડ ટ ઑફ-મરીને" સરકારને મુંબઈમા એક સુકી ગોદી બાંધવાની ભલામણ કીધી, જે તેમને બાહલ રાખી, અને શેઠ લવજી નશરવાનજી વાડીઆના ઉપરીપણા હેઠલ તે એજ વર્ષમા રૂ૦ ૧૨૦૦૦) ને ખરચે બંધાઈ તૈયાર થઈ હતી.[3]

---

## ઈ૦ સ૦ ૧૭૫૫.

આએ વર્ષમા મુંબઈની જરથોસ્તી અંજુમન તરફથી નવસારીની શમશત અંજુમન ઉપર ૭૭) અતરેના જાણીતા પારસીઓની શહી સાથનો એક પતર મોકલ્યો હતો અને તેમા લખ્યુ હતું કે આજ પાચ સાત માસ થયા અતરેના સઘળા મોબેદો એકસંપ કરીને કોઈબી મોબેદ તથા બેહદીનને બરશનુમ આપતા નથી, કે જેથી ઘણી અડચણ પડેછે. અગર કોઈ બેહદીન રવાનને અડકી બરશનુમ લેવા ચાહે તો મોબેદો તેને આપતા નથી, જેથી તે વગર બરશનુમે આતશ વીગેરેને આભોખતા થાએછે. અતરે મુંબઈમા ફકત બરશનુમવાલા મોબેદોની જોર ૨) છે, અને જ્યારે અમો તેમને એ પ્રમાણે બીજાઓને બરશનુમ નહિ આપવાનું કારણ પુછયેછ ત્યારે કેહછે કે અમોને નવસારીથી દેશાઈજી ખુરશેદજીની મનેછે. આથી અમોએ તેઓ પાસેથી તે મનાઈનો કાગજ જોવા માગયો, જે તેઓએ એકમેક ઉપર ઘાલવી અમોને દેખાડવાના અખાડા કીધા, આ કારણથી અમો ઘણા કંટાલી ગયા છૈયે, અને શર્વે અંજુમને મલી તમોને વડા પથકવાલા જાણી આ પતર લખી અરજ કીધીછે કે અતરેના મોબેદો ઉપર ઘટતો હોકમ મોકલી દીનઆઈનના કામોમા અટકાવ નહિ થાય તેનો બ દોબસત કરવો.

આ પતર ઉપર નીચલી ૭૭ શહીઓછે—

આ૦ બરજોરજી ફરામજી શેઠના, આ૦ માણેકજી નવરોજજી, આ૦ નાનાભાઈ બહમનજી શેઠના, મોદી બોધાભાઈ જીજીભાઈ, શેઠ શોરાબજી રૂસતમજી, દાવર માણેકજી બનાજી લીમજી, વાડીઆ લવજી નશરવાનજી, શેઠ બહમનજી જીવાજી ભરુ, પટેલ રૂસતમજી દોરાબજી જદરાસના, મોદી માણેકજી જીજીભાઈ, વેડા રતનજી જશાજી જબાવીરા, ભાઈજી ચાદજી, દોરાબજી બરજોરજી, જમશેદજી ભીમજી પટેલ, નવરોજજી હોમા, ધનજી કુવરજી, ગાંધી નવરોજજી જીજીભાઈ, ભીકજી દોરાબજી, ખરશેદજી કુવરજી, જીવણજી દાદાભાઈ, જમાસપજી મનજી પટેલ, નાહનજી રતનજી, માણેકજી કામદીનજી, બેહરામજી માણેકજી વાડીઆ, ચાદજી દાદાભાઈ, આછાજી હીરજી, શાપુરજી બરજોરજી, દાદજી જીવાજી ગાંધી, બેહરામજી જશબાજી, કુવરજી હોમજી, બહમનજી નશરવાનજીની વતી કેરબાસપજી, ચાદજી માણેકજી, શોરાબજી જીવણજી, રૂસતમજી બેહરામજી બનાજી, કુવરજી બરજોરજી ગાંધી, શોરાબજી એદલજી, જમશેદજી રતનજી, મનચેરજી બહમનજી, માણેકજી મનાવીરા (ભરૂખાનાવાલા), નવરોજજી મનજી, ભીખાજી બેહરામજી પાંડે, ધનજી કુવરજી, કુકાજી કુવરજી, કુવરજી લોહરાસપજી, બહમનજી ખુરશેદજી, ખુરશેદજી રૂસતમજી, વીરાજી જોગીજી, બેહરામજી મેહરવાનજી, જીજીભાઈ નરશમજી, નવરોજજી રતનજી દવચજલવશ, ફકીરાજી ધનજી ખરાસ, નાનાભાઈ રૂસતમજી, જીવણજી ભીખાજી, શાપુરજી રત-

---

૧ પ્રખ્યાત દેશાઈ ખુરશેદજી ટેહમુલજીના નાહના ભાઈ

૨ એ પટેલ રૂસતમજી દોરાબજીની નામદાર કંપની સરકાર તરફનુ ઈ૦ સ૦ ૧૭૫૪—૫૫ ના વર્ષનું વાલકેસર તથા માલક્ષમી તરફની ખારની જમીનનુ મેહસુલ ઊઘરાવવાના હીસાબની ચોપડી જે એવણના એક વારસ શેઠ મેહરવાનજી હોરમજજી પટેલ પાસે મોજુદછે તેના પેહલાજ પાના ઊપર આ પરવાનાની નકલ નીચે મુજબ લખેલીછે:—

'I Granted the Liberty to Rustom Patel for his own Cart or Hanchry be not hinder nor Empld the said cart upon any Wort"

૩ મુંબઈના દરીયાઈ ખાતાના સુપરીનટેનડ ટ મી૦ ડબલયુ ટી મનીએ તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૧૦ ને રોજે અતરેના ગવરનરની કોનસીલ જોગ કરેલા એક રીપોરટમા લખેછે કે —

"24th As ship-building increased with the prosperity of the place, in the year 1754 the Superintendent of the Marine proposed the construction of a dry dock, which was acceded to by Government, and with the assistance of Lowjee it was completed for the moderate sum of twelve thousand rupees"

નજી લુશા વાડીઆ, રૂસતમજી ફરામજી (રૂસતમ ફરાંમ), પાઆ અસપંદીઆરજી, એદલજી લીમજી, વશી રતનજી ફરામજી, ભીમજી દાદાભાઈ, આ૦ ખુરશેદજી મોણેકજી, રૂસતમજી માણેકજી દલાલ, નશરવાનજી હોમજી (નશવી હોમજી), રૂસતમજી કુવરજી, કાવશજી આદરજી, આ૦ મનોચેહરજી નોશરવાનજી, હીરજી હોમાજી, હોરમજજી નરશીરજી, કાવશજી હીરજી ગાવી, વાડીઆ સોરાબજી નોશરવાનજી, વદીનાથી વીરજી, જીજીભાઈ વીરજી, નોશરવાનજી બેહરામજી, નવરોજજી રતનજી વાડીઆ, બહુમનજી માણેકજી, એદલજી ભીખાજી, નવરોજજી બરજોરજી.[૨]

## ઈ૦ સ૦ ૧૭૫૬.

આએ વર્ષમા પેહલ વેહલા પારસી એક હીરજી જીવણજી રેડીમની ચીન ગયા હતા, અને ત્યાના વ્યાપારનુ મેદાન પારસીઓને માટે ખોલયું હતુ.[૨]

મુબઈમાં જરથોશતીઓની વસ્તી ઘણી વધવાથી અતરે બીજા એક દોખ્મમાંની જરૂર જણાયાથી પચાતના અકાબરોએ અંજુમનનાં ઉધરાણાથી મુબઇમા એક દોખ્મુ બધાવવાનું સીદ્ધ કરવુ કીધુ હતુ, પણ તેમાં પુરતી રકમ નહિ ભરાયાથી મરહુમ શેઠ માણેકજી નવરોજજી શેઠનાના વારસોએ તેના ખરચના ઘટાડાની સઘળી રકમ પુરી કરી આપી એ દોખ્મુ તેવણને નામે બધાવી આ વર્ષમા પરાવ્યુ હતુ.[૩]

૧ એ૦ જામાસ્પજી શોરાબજી દસ્તુર મેહેરજી રાણાવાળાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહેરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૯૧ મે

૨ મુબઇનો બાહર સફે ૪૫૮—૫૯ કહુછે કે એવણ પોતાની સાથે મેહતા તરીકે શેઠ રૂસતમજી દાદાભાઇ નાદરશાહને લઈ ગયા હતા, જે પછી તેવણથી ચીનનો મોટો વ્યાપાર તથા લોકોની આડતનુ કામ ચલાવવા લાગા હતા

૩ આ દોખ્માપર કરસી તખ્તી મારેલી નથી, જેથી તેના ઈજાપાનો દાહડો વાર માલમ પડતો નથી, પણ ઊપલુ વર્ષ શેઠખાનદાનના કુટુબના બુજર્ગ ગ્રહસ્થ શેઠ હીરજીભાઇ હોરમસજી શેઠનાએ અમોને કહ્યુછે તે ઊપરાત એ દોખ્માના ઊઘરાણા વિષે મરહુમ શેઠ માણેકજીએ પોતાના તા૦ ૧૪ મી આપરેલ ૧૭૪૮ ને દીને કરેલા એક વશીયતનામામા નીચે પ્રમાણે ઈસારો કીધોછે.—

"મોગઈ મધે પચાત શરવે મલીને દખ્મુ બાધવાનો વેરો કીધોછે તે વેરામા મે મારી તરફથી રૂ૦ ૨૦૦૦) બે હજાર આપવા કહ્યાછે તેની જમા રૂ૦ ૨૫૦૦) બે હજાર પાનશેહે સુધી આપવા પણ જેવારે દખ્મુ બાધવા માડે તેવારે ખાતરનીશા કરી જેમ આપવા ઘટે તેમ આપજો."

## ઈ૦ સ૦ ૧૭૫૭.

તા૦ ૩ જી અકટોબર

રોજ ૨૦ માહ ૧૨ (શે૦) ૧૧૨૬ યજદજરદી.

મરણ—ભીમજી બનાજી લીમજી—ઉમર વર્ષ ૫૨) શેઠ બનાજી લીમજીના નાહના દીકરા. એવણે ઈ૦ સ૦ ૧૭૩૪ મા પોતાના બાપનાં મરણ બાદ તેમની "બનાજી લીમજી" ના નામથી ચાલતી વ્યાપારની પેહડીમા પોતીકા ભાઇઓની સાથે શામેલ હતા.

તા૦ ૪ થી અકટોબર.

રોજ ૨૧ માહ ૧૨ (શે૦) ૧૧૨૬ યજદજરદી.

મરણ—દસ્તૂર ભીખાજી રૂસતમજી ઉદવારેવાલા—ઉમર વર્ષ ૭૫) ઉદવારેના પેહલ વેહલા વડા દસ્તૂર. સજાણમાં પરોક્ષા પેહલ વેહલા આતશબેહરામને નવસારીથી બે વર્ષ વનસાડમા રાખી ઈ૦ સ૦ ૧૭૪૨ મા ઉદવારે લઈ આવ્યા, ત્યારે તેની સાથે બે વડા ધર્મગુરૂઓ તેમા એક એવણ તથા બીજા દસ્તૂર રૂસતમજી શેહરીયારજી[૪] હતા. એ પછી એઓ બધેને ત્યાની અંજુમને પોતાના વડા દસ્તૂરો ઠેડવ્યા હતા.

આએ વર્ષમા મુબઈના નામદાર ગવરનર રીચરડ બુરશીયરે ઈસ્ટ ઇડીઆ કપનીની તરફથી પારસી બેહરામજી હોમજી[૫] (બેહલી હોમજી) તથા પરભુ ગબાજી પુતનાજીને તેઓએ સરકારની કાંઈ ચોકસ નોકરીઓ બજાવ્યાથી પરેલ તરફ "મોનોથો" નામની જગાપર ત્રણ જમીનના ટુકડાઓ જાગીર તરીકે વશ પરંપરા બેટ આપ્યા હતા.[૬]

૪ ઊદવારેવાલા "મીરજા" ના કુટુબના વડવા

૫ મરહુમ શેઠ દાદીભાઈ નોશરવાનજીના કાકા, તથા અતરેના બેહલી હોમજી, મામા, અને રાણાના કુટુંબના વડવા

૬ આ જગોને માટે ઈ૦ સ૦ ૧૮૦૨ મા શેઠ અરદેસર દાદીભાઈ તથા શેઠ પેશતનજી બહુમનજી વાડીઆજી વચ્ચે કાંઈક વાધો ઊઠયો હતો, જે ઊપરથી પેહલા ગ્રહસ્થે એજ સાલની તા૦ ૨૦ મી મેએ મુબઈના ગવરનર જોનાથન ડકનને એક અરજી કીધી હતી, જેમા શરૂઆતમા નીચે પ્રમાણે લખ્યુ હતુ —

"That in the year 1757 in consideration of certain services rendered to this Government by Byramjee Homjee and a Purvoe named by Gumbajee Putlajee the then Honble Governor Richard Bourchier Esq for and on behalf of the Honble Company granted three parcels of Ground called Monotho near Parell, to them and their Heirs for ever, on the terms and conditions specified in the Original Deed of Lease, herewith submitted"

આ અરજીની નકલ શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆ પાસેથી જોવામા આવી હતી

## ઇ૦ સ૦ ૧૭૬૦.

તા૦ ૧૯ મી ફેબરવારી.

રોજ ૯ માહ ૫ (એ૦) ૧૧૨૯ યજદજરદી.

આજ દીને ભરૂચ મધે શેઠ હોમાજી દારાબજી નામના બેહદીને પોતાના પેસાથી એક દરેમેહર બંધાવી પરઠાવી હતી.[૧]

તા૦ ૨ જી મેએ.

દીલ્હી ખાતેથી ઇંગ્રેજી કોઠીવાળાઓને સુરતની કીલેદારી તથા મોગલ સરકારના દરીયાઈ લશ્કરનું ઉપરીપણું, તથા તેના ખરચને સારૂ સુરતની આમદાનીમાંથી બે.લાખ રૂપીઆનુ લવાજમ બાંધી આપવાનુ ફરમાન[૨] તથા નામદાર ઇસ્ટ ઇંડીઆ કંપનીને તેમજ તેની સુરતની કોઠીના બે વડા અમલદારો આનરેબલ ચારલસ ક્રોમીલીઅન તથા જાન ઇસ્પેનશરને માટે એક પાદશાહી સરોપાવ સાથનો ઘોડો તથા કીમતી નજરાણુ આજ વર્ષની શરૂઆતમાં મહમદ હાદીખાન તથા શેઠ શોરાબજી કાવશજી નેકસાઅતખાન[૩] લઈ આવ્યા હતા. તે નજરાણુ આજ દીને સુરતમાં એક મોટી દરબાર ભરી ઉપલા અમલદારોને સુરતના નવાબ મીઆ અછને આપ્યુ હતુ. તે બાહાલ રાખ્યા પછી ઇસ્ટ ઇંડીઆ કંપનીની તરફથી મજકૂર મહમદ હાદીખાન તથા શેઠ શોરાબજી કાવશજી નેકસાઅતખાનને તેમની કીમતી નોકરીઓને માટે રૂ૦ (૬૦૦) ની કીમતનો સરપાવ ભેટ આપયો હતો.[૪]

તા૦ ૨૦ મી જુન.

પારસીઓના ધર્મ પુસ્તકોની શોધ કરનાર પેહલ વેહલો યુરોપ્યન મોનસીયો આનકીટલ ડુ. પેરો કે જે પારીસથી નિકલેલો તા૦ ૧ લી મેએ ૧૭૫૮ ને દીને સુરત ખાતે આવ્યો હતો, અને જેણે સુરતમાં ત્યાંના દસ્તૂર દારાબ (કુમાના દાદાદારૂ) પાસે જંદ પેહલવીનો અભ્યાસ કરી તેની મદદથી વંદીદાદનો ફ્રેન્ચ ભાષામાં તરજુમો કીધો હતો, તે ધણી આજ દીને અનેમસ્થરેમ વેહમાં સુરતની એક દરેમેહરમા પારસીનો લેબાસ લઈ આતશનો કેબલો, બરસ ગો, તથા ઇજશનેગાહ, અને દરેમેહરની સઘળી જગો બારીકીથી ફરીને તેના પોતાના પુસ્તકમાં લખ્યા પ્રમાણે જોઈ આવ્યો હતો.[૫]

મુંબઈમાં સરકારના તથા વ્યાપારીઓનાં વાહાણો બાંધવાનું કામ એટલું તો ધમધુકાર ચાલવા લાગુ કે આજે વર્ષમાં સરકારે વાડીઆ લવજી નશરવાનજી પાસે ઇ૦ સ૦ ૧૭૫૪ ના જેવીજ એક બીજી સુકી ગોદી ત્યાંજ બંધાવી હતી.

આજ વર્ષમાં ઇંગ્લાડની સરકારના અંતરે આવેના વાહણોના કાફલાની મરામત વાડીઆ લવજી નશરવાનજીએ ઘણી સાબાશીથી કીધી તે ઉપરથી "કોરટ ઓફ ડાએરેકટરો" એ પોતાના એજ વર્ષના આતરેની સરકાર જોગના એક "ડીસપાચ" મા લખ્યુ હતુ કે (લવજીની) "આવી જરૂરની નોકરીઓ આપણી તરફની કાંઈબી ચોકસ મેહરબાનીઓ વગર જવા દેવી જોઈએ નહિ."[૬]

૧ આ દરેમેહર પરઠાવાનો દાહડોવાર કેટલાક જુનાં કાગળીઆઓ તપાસી ભરૂચવાલા દસ્તૂરજી સાહેબ દીનશાહજી પેશતનજી કામદીનજી તથા એ૦ દાદાભાઈ ફરદુનજીએ આ પ્રમાણે આપ્યોછે—"સંવત ૧૮૧૬ ના ફાગણ સુદ ૨, રોજ ૩ અરદીબેહેશત અને માહ ૫ અમરદાદ સને ૧૧૨૯ ઇઅજદજરદી એ દરેમેહર ઇજવાને મગતી ક્રિયા મોબેદ નવરોજજી ફરામજી અરફે બાજરીનાએ કીધેથી માલમ પડેછ."

૨ એ ફરમાન તા૦ ૪ થી સપટેમબર ૧૭૫૯ ની તારીખનુ હતુ, અને તે દીનથી સુરતની રાજદ્વારી બાબતોમા ઇંગ્રેજોની સત્તાની શરૂઆત થાયલી ગણાએછ એ દીનેથી ઇંગ્રેજી વાવટો સુરતના કીલ્લાપર મોગલ સરકારના વાવટાની સાથે ઉડવા લાગ્યો

૩ સુરતના "તારીખેપારસી" નાં બાનદાનમા, તથા મરહુમ કોટવાલ અરદેસર ધનજીશાહ બાહાદૂરના વડવા

[૪] *Extract of a letter from the Chief in-Council to the Hon ble the President and Council of Bombay, dated Surat 3rd May 1760*

"Yesterday being esteemed fortunate the Horse and Surpow for the Hon'ble Company, and the Surpow for the chief presented by His late Majesty was received upon Castle Green, in the most public and respectful manner The Nawab's eldest son Faru-khan, the Kajee, and all the principal officers and merchants attending The Surpow for the Hon'ble Company, we have delivered to Captain Landesay, but the horse is kept here as a public mark of His Majesty's favour On this occasion we judged it proper to present Huldee Khan and Naike Saut Khan who brought the present a Jagunnat and Surpow each, amounting in the whole to about 600 Rupees, which we hope your honour &c will approve"

[The Cities of Gujarashtra, by H G Briggs Appendix C pp VIII]

૫ મો આનકીટલ ડુ પેરોને આ દરેમેહર જોઇ તેને લગતો અહેવાલ તેની હિંદુસ્થાનની મુસાફરીના પુસ્તકમાથી પારસીઓના ધર્મને લગતાં લખાણનો ઇંગ્રેજીમાં તરજુમો કરી એ૦ કાવશજી એદલજી કાંગાએ ઇ૦ સ૦ ૧૮૭૬ માં "કમરશીયલ પ્રેસ" મા છપાવેલો પુસ્તકને સફે ૩૪—૩૫—૩૬ મેછે

૬ મુંબઈના દરીયાઈ ખાતાના સુપરીનટેનડંટ મી૦ ડબલ્યુ ટી મનીએ તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૧૦ ને દીને આતરેના નામદાર ગવરનરની કોનસીલ જોગ કરેલા એક રીપોરટમાં લખેછે કે:—

"20th Lowjee, encouraged by the success of his undertaking and the countenance of Government brought up two of his sons (Manockjee and Bomanjee)

ઇગલાડ ખાતેની "ઑક્સફર્ડ-યુનીવરસીટી" ના ફીબર તથા આરબી ભાષાના પ્રોફેસર ડૉક્ટર થામસ હાઇડ "કદીમ ઈરાની, પાર્થિયન, તથા મીડિયન ધર્મ અને તવારીખ"[1] વિષે ઈ० સ० ૧૭૦૦ મા એક પુસ્તક લાટીન ભાષામા છપાવી બાહેર પાડ્યુ હતુ, તે આગે વર્ષમા ઑક્સફર્ડ મધે બીજીવાર છપાઈ પરગટ થયુ હતુ.[2]

to his own craft, and by his instructions, rendered them so proficient in naval architecture that, by their united exertions, the reputation of the Bombay Dock Yard became universally known in India, and their business was so much increased, that in the year 1760 it was found necessary to construct another dock.

28th The abilities of Lowjee in his profession, and his great integrity in the purchase of materials for ship-building, had now in more than one instance attracted the particular notice, approbation, and reward of the Honorable Court, but his skill and exertions in repairing H M Squadron about this period, called forth their distinguished commendation, and they emphatically say "That such essential services should not be passed over without some particular mark of their favour," which the Government were directed accordingly to confer.

1 Veterum Persarum et Parthorum et Medorum Religionis Historia Oxonii, MDCCLX એની એક નકલ અતરેના મુલ્લા ફીરોજ કેતાબખાનામાછે

૨ અસલી ઈરાનીઓ વિષે યુરોપખંડમા પેહલ વેહલુ ભરોસાદાર પુસ્તક આગે ડાક્ટર હાઇડનુ છપાયેલુ ગણાયછે એમા તેણે જરથોસ્તી મજહબની ઉતપત્તિ વિષે, તથા પારસીઓના આતશખાના તથા દોખમા અને બીજી ધરમની જગાઓનુ તથા કીરીઆઓનુ વીગતવાર બએઆન કીધેલુછે જંદના પુસતકોની તેણે એક ટીપ આપીછે, તથા જંદ અખશરોનો કોઠો બનાવી દાકેઓછે, ખીલારોકા હરફોનો એક નમુનો ઊતારી બતલાવેઓછે, શાશાનીઆન પાદશાહોના શીકાઓનો ચીતાર આપેઓછે, આગલા વખતના ઈઊનાની તથા અરીશ-ટીઆન ગરથકારો હજરત જરતોશત વીશે પોતાના પુશતકોમા જે કાઇ લખી ગએઆછે તેહેનો પોતે શોધી કાહાડેલી બીનાઓ શાથે મુકાબલો કરી જોએઓછે, અને એ વગરે બીજી ઘણીએક બીના જણાવીછે, કે જે આજે આપણને કેટલીએક રીતે અથુપ દીશેછે, પણ એ કામ શરવેથી પેહેલુ માથે લેતા તેહેમા જે કાઇ ભુલ દાખલ થવાની આપણે વકી રાખીએ તે કરતા ડાકટર હાઈડે વધારે ભુલ કીધેલી નથી ડાકટર હાઈડ જરતોશતી ધરમને ઘણો પસંદ કરતો હતો, તે ઊપરથી તેહેને વીશે કેટલાએક લખનારાઓ ટેકડીથી લખી જાએછે કે તે પોતે "આતશપરશત" હતો ડાકટર હાઈડ પાજરીઅશની રીનના લોકોની ખોદાપરશતી વીશે આએ રીતે લખી ગએઓછે "ઈરાનીઓ જે વખતથી દુનીઆની શપાટી "ઊપર એક કોમ તરીકે ગણાવા લાગા તેઆરથી તે "આજ શુધી તેઓ એક ખોદાને માનતા આવેઆછે "ખોદાતાલાને તેઓએ એકજ અને શરવ શકતીવાન "શાહેબ ગણેઓછે. જેમ આપણે (ખરીશટીઆનો) "પરમેશરની શગલી શકતીઓ પીછાણીએછે તેમ તેઓ "પણ પીછાણતા આવેઆછે તેઓએ પોતાનાં પુશતકોમાં "બનાવનાર, પેદાનો કરનાર, હકુમતનો કરનાર, નેગેહબાનીનો રાખનાર, હેવા ખોદાતાલાને નામો આપેઆછે"

[જરતોશતી લોકોના ધરમ પુસતકો તથા એ પુસતકોની ભાશા અને પુરાતમપણા વીશે ઈ० સ० ૧૮૫૮ મા "જામે જમશેદ" છાપખાનામા છપાયલો હાનરેબલ શોરાબજી શાપુરજી બંગાલીએ લખેલો નીબંધ સફે ૧૩૩–૩૪].

ડાકટર હાઈડની આગમજ "ઈસવી સને ૧૬૩૦ ના વરશમા હેનરી લારડ નામના ઈશટ ઈડીઆ કંપનીની ચાકરીવાલા એક પાદરીએ પારશીઓની બાબદમા એક નાઘલુ પુસતક પરગટ કરેલુ હતુ. તે પુસતક મધે ખાતરે સુરતના પારશીઓને જોઇને એ ગરથકારે તેઓના મજહબ તથા ચાલચલણની કેટલીએક નજરે જોએલી હકીકત જણાવીછે. પણ એ પુશતક જરતોશતી મજહબ વીશે શોધ કરનાર ગરથોની શફમા દાખલ થાવાને લાએકની ચાતેબરી ધરાવતુ નથી"

[ઉપલોજ હાનરેબલ શોરાબજીવાલો નીબંધ સફે ૧૩૨—૩૩ ની નોટ]

## ઈ० સ० ૧૭૬૧.

તા० ૧૫ મી જુલાઈ.

રોજ ૧ માહ ૧૦ (શે०) ૧૧૩૦ યજદજરદી.

**મરણ**—દસ્તૂર જમશેદજી રૂસતમજી મેહરજી રાણા—ઉમર વર્ષ ૬૦) નવસારીવાલા દસ્તૂર રૂસતમજી માણેકજી મેહરજી રાણાના વડા દીકરા. એવણને ઈ० સ० ૧૭૨૩ માં પોતાના બાપાવાના મરણ પછી નવસારીની દસ્તૂરી મલી હતી એવણના વખતમા જુદા જુદા દેશાવરો ખાતે નવસારીથી મોબેદોને ધર્મની ક્રિયાઓ કરવાને બોલાવ્યાથી મોકલ્યામા આવ્યા હતા.

તા० ૨૩ મી અક્ટોબર.

રોજ ૬ માહ ૧ (શે०) ૧૧૩૧ યજદજરદી

આજ દીને સુરત મધે આ० મનચેરજી પુરશેદજી શેઠનાએ મીંચીવાડ આગલ જરથોસ્તીઓને સર અવસરે વાપરવાને માટે એક મોટી ધર્મશાલા બંધાવી તે ત્યાની શમરત જરથોસ્તી અન્જુમનને સ્વાધીન કીધી હતી.[3]

૩ આ ધર્મશાલા ઊપર તખ્તી મારેલી નથી, પણ તેના દાહડા વારની વીગત સુરતવાલા શેઠ પાલણજી પેજનજી કોટવાલે ત્યાના જાણીતા શેઠ અરદેસર મેંજનજી એ ટી પાસેથી મેળવી નીચે પ્રમાણે આપીછે —

"હમે હાલમા રહીએચ તે મોહોલા એ ટીવાલા મકાનની બાજુએ મનચેરજી શેઠવાલી ધરમશાલાછે તે અસલ મોગલ શીદવીખાનવાલી જમીન ઊપર બાધીને શવત ૧૮૧૭ ના આશોવદ ૧૦ ને શુકરે, રોજ ૬ ને માહ ૧ શેહેનશાઈ સને ૧૧૩૧ ઈઅજદજરદીને દીને અધેઆર મનચેરજી પુરશેદજી નવરોજજી શેઠનાએ પારશીની અન્જુમનને હમેશને માટે અરપણ કરી હતી"

એજ પ્રમાણેનો દાહડો વાર એવણના હાલી વારસ શેઠ પેશતનજી ઊકડજી શેઠનાએબી અમોને લખ્યોછે

તા૦ ૩૧ મી ડીસેમ્બર.

સંવંત ૧૮૧૮ ના પોષ શુદ ૫.

આજ દીને નવસારી મધે દેશાઈ ખુરશેદજી ટેહમુલજીને ત્યાંની શમશત મોબેદ અંજુમનની તરફથી દસ્તુર શાપુરજી રૂસતમજી મેહરજી રાણાના, દસ્તુર બરજોરજી દારાબજી પાલણજી, દસ્તુર જમશેદજી જામાસપજી આશાજી, દસ્તુર માણેકજી જમશેદજી રૂસતમજી મેહરજીરાણા, દેશાઈ જીવણજી માણેકજી હોમજી, દેશાઈ દારાબજી બહમનજી કુકાજી, આ૦ કરામજી માણેકજી, આ૦ બચાભાઈ નોશરવાનજી કોટવાલ, આ૦ હોમજી રૂસતમજી, વગેરેએ લેખ કરી આપ્યો કે સુરતના પર્દાની દોખમાના હમારે હીસ્સેના રૂ૦ ૧૦૬૧ જે તમોએ આપ્યા હતા, તે આપણી ભગર સાથની ગઅમાથી તમોએ વ્યાજ સુધા ચુકાવી લેવા.[1]

---

## ઈ૦ સ૦ ૧૭૬૨.

તા૦ ૧૩ મી મેએ.

રોજ ૨૮ માહ ૭ (શે૦) ૧૧૩૧ યજદજરદી.

**મરણ**—દસ્તુર રૂસતમજી શેહરીયારજી ઉદવારેના—(ઉમર વર્ષ ૭૫) ઉદવારેવાલા "મીરજા" ના ખાનદાંનના વડવા. સંજાણમા પરેઠેલા પેહલ વેહલા આતશબેહરામને નવસારીથી બે વર્ષ વનસાડમા રાખી ઈ૦ સ૦ ૧૭૬૨ મા ઉદવારે લઈ આવ્યા, ત્યારે તેની સાથે બે વડા ધર્મ ગુરૂઓ તેમા એક એવણ તથા બીજા દસ્તુર ભીખાજી રૂસતમજી હતા. એ પછી ઉદવારે કરીકામ થયા પછી એઓ બન્નેને ત્યાંની અંજુમને પોતાના વડા દસ્તુરો ઠેરવ્યા હતા.

---

તા૦ ૩ જી જુલાઈ.

રોજ ૧૯ માહ ૯ (શે૦) ૧૧૩૧ યજદજરદી.

**મરણ**—બહમનજી જીવાજી ભરૂ—અતરેના એક પુરાના વ્યાપારી તથા જમીનદાર. મુંબઈના દરેક બાગમા એવણની જમીનો તથા ઘણાક ઓતરો હતા. અતરેની તે વેળાની પારસીની ૫ચાતના એવણ એક આગેવાન હતા.[2]

## ઈ૦ સ૦ ૧૭૬૩.

તા૦ ૧૨ મી આપરેલ.

રોજ ૨૭ માહ ૬ (શે૦) ૧૧૩૨ યજદજરદી.

**મરણ**—રૂસતમજી દોરાબજી પટેલ—(ઉમર વર્ષ ૯૧) મુંબઈમા પેહલા આવનાર પારસી દોરાબજી નાનાભાઈના નામવરા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૬૮૯ માં પોતાના બાપના મરણ બાદ તેમની જગોએ ઇંગ્રેજ સરકારના કારભારી થયા હતા. ઈ૦ ૧૬૯૨ માં જંજીરાના સીદીને મુંબઈમાંથી હાંકી કાઢવા માટે એવણને ઇંગ્રેજ સરકારે મુંબઈના પટેલનો ખેતાબ વંશપરંપરા આપ્યો હતો, તથા અતરેના સઘળા કોલીઓના વડા તરીકે નેમી તેઓના કરો વસુલ કરવાનો, તેમજ તેઓના દીવાની અને ધર્મ સબંધી કજીઆઓ ચુકવવાનો, તથા અતરેની સઘળી જમીનોનુ મેહસુલ વસુલ કરવાનો હક આપ્યો હતો. આ માટે એવણની સત્તા કોટ, મજગાંમ, મેહમ, વરલી, ધારાવી, સીઅ, સીવરી, માંગી, કેવલીમેહમ, વાદરકુ, અને વાંદરકરબાઈના કોલીઓ પર ચાલતી હતી. એ ઉપરાંત એવણ અતરેના બારામા આવતાં જતા સરકારી વાહણોને નેહાવ પુરો પાડતા હતા. તે વેળાની મુંબઈની પારસી ૫ચાતના એવણે તેની શરૂઆતથીજ એક આગેવાન હતા.

---

## ઈ૦ સ૦ ૧૭૬૪.

તા૦ ૧૯ મી અકટોબર.

રોજ ૩ માહ ૧ (શે૦) ૧૧૩૪ યજદજરદી.

આજ દીને બપોરના નવસારીમા રપીથવનના જશનની ક્રિયા પુરી થયા પછી દેશાઈ ખુરશેદજી ટેહમુલજીએ નવસારીમા પોતાના ખરચથી નવા આતશબેહરામ પધરાવવાની તદબીરસ્તી પડાવી હતી.[3]

---

[1] આ લેખની અસલ નકલ નવસારીવાલા દેશાઇ પેશતનજી ખુરશેદજીએ અમોને દેખાડી હતી એ દેખાડુ અમો ધારીએ કે ઈ૦ સ૦ ૧૭૪૨ માં સુરત મધે મરથાણામા બંધાયલુ પદાની દોખમુ હશે

[2] એવણના એક દીકરા નાનાભાઇ (અથવા નાનાશેઠ) કરી અતરે જાણીતા ગ્રહસ્થ હતા તેવણને પેટે કોઇ નર વારસ નહિ હોવાથી પોતાના ભાણેજ શેઠ બહમનજી હોરમસજી બોમાભાઈને પાલક કરી લીધા હતા

[3] સુરતવાલા દસ્તુર શાપુરજી માણેકજી સંજાણાએ એ આતશબેહરામ નવસારીમા પરઠાયા વિષેના કેટલાક ફારસી બેતો બનાવ્યાછે તેમા જણાવેછે કે "ફરવરદીન મહીનો ને અરદીબેહશત રોજે નવસારીમા તમામ દસ્તુરો, મોબેદો, હેરબદો, અને બેહદીનો દરેમેહરમા રપીથવનના જશનમાં એકઠા થએઆ, ત્યા ખુરશેદજી દેશાઇએ આતશબેહરામ બનાવવાની તદબીરસ્તી પડાવી હતી એ વખતે ગુજરેલા દસ્તુર શોરાબજી કે જે દસ્તુર માહીયારની નસલના હતા તેવણ પોતાના કેતાબખાનામાથી પેહલવી અને પાજંદની કેતાબો લાવ્યા, અને બીજા દસ્તુર બરજોરજી દારાબજી હતા તેવણ એક સારી ફારસીની કેતાબ લાવ્યા, અને ત્રીજા દસ્તુર જમશેદજી જામાસપજી હતા, તથા ચોથા દસ્તુર માણેકજી જમશેદજી, કે જેવણ પણ દસ્તુર માહીયારની નસલના હતા, તેઓ તથા સઘળા મોબેદોએ એકઠા થઈ કેતાબો તપાસી, તથા ખુરશેદજી દેસાઇના હુકમથી દરેક જગોપર જયા બેહદીનના લોકો વસતા

## ઈ૦ સ૦ ૧૭૬૫.

તા૦ ૧૫ મી જાનેવારી.

રોજ ૧ માહ ૪ (શે૦) ૧૧૩૪ યજદજરદી.

દેશાઈ ખુરશેદજી ટેહમુનજીએ નવસારીમા પોતાને ખરચે આતશબેહેરામ બનાવવાની જે ઈ૦ સ૦ ૧૭૬૪ મા તદબીર કીધી હતી, તે આતશબેહેરામ તૈયાર કરવાની ક્રિયાનુ કામ આજ દીને ત્યાંના વડા દસ્તૂર શોરાબજી રૂસતમજી મેહેરજી રાંણાના ઉપરીપણા હેઠળ શરૂ કરવામા આવ્યુ હતુ.[૧]

---

તા૦ ૨ જી ડીસેમબર,

રોજ ૧૭ માહ ૨ (શે૦) ૧૧૩૫ યજદજરદી.

આજ દીને નવસારી મધે દેશાઈ ખુરશેદજી ટેહમુલજીને ખરચે બનાવેલા આતશબેહેરામ સાહેબને તખ્તનશીન કીધા હતા. તેની પેહલી બોઈ દસ્તૂર શોરાબજી રૂસતમજી મેહેરજી રાણાએ દીધી હતી.[૨]

## ઈ૦ સ૦ ૧૭૬૬.

તા૦ ૧૪ મી નવેમબર.

રોજ ૨૯ માહ ૧ (શે૦) ૧૧૩૬ યજદજરદી.

**મરણ**—મોદી નાનાભાઈ બીમજી[૩]—સુરતવાલા મોદી બીમજી કુવરજીના વડા દીકરા. એવણ પોતાના બાપના મરણ પછી સુરતના પારસીઓના વડા અકાબર તથા ઇંગ્રેજ કોઠીમા પોતાના વડવાઓના ઓહોદાપર મુકરર થયા હતા. સુરતના નવાબના અમલદારો તરફથી પારસીઓપર પડતો કેટલોક ગેરઇનસાફ એવણે પોતાના વગથી દૂર કરાવ્યો હતો. સુરત મધે મોહોલ્લે ઉમરવાડા અથવા કાકરાખાડી આગળ ઈ૦ સ૦ ૧૭૩૮ મા અન્જુમનના ઉધરાતથી એક દોખમુ બંધાવવામા એવણે મુખ્ય આગેવાની લીધી હતી.

---

## ઈ૦ સ૦ ૧૭૬૭.

આએ વર્ષમા સંજાણની પાસેના નારગોર ગામ મધે સુરતવાલા આ૦ શેઠ મનોચેહેરજી ખુરશેદજી શેઠનાએ એક દોખમુ બંધાવી પરઠાવ્યુ હતુ. એ દોખમુ બાંધવાને લગતી સઘળી મેનીજ નારગોરવાલા શેઠ જીવણજી મોટાભાઈ પટેલે કીધી હતી.[૪]

---

હતા ત્યા મોબેદોએ કાગજ લખી એ વાત જાહેર કીધી એક કાગજ શેઠ નોશરવાનજી બહમનજી શેઠ ઉપર તથા બીજુ શેઠ શોરાબજી માણેકજી તથા શેઠ દાદાભાઈ માણેકજી ઉપર તેમજ શેઠ મનચેરજી ખુરશેદજી શેઠ ઉપર સુરતમા, તથા ભરૂચ, અંકલેસર, ખંભાત, ગોદાવરા, અને મુબઈના જરથોશતીઓ ઉપર સર્વે કાગજો લખી એ બાબેના જવાબો મંગાવ્યા"

[૧] ઉપલાજ દસ્તૂર શાપુરજી માણેકજી સંજાણાએ બનાવેલા ફારસી બેતોમા જણાવેછે કે એ આતશબેહેરામ બનાવવાની ક્રિયા કરવાને માટે દસ્તૂર શોરાબજીએ સઘળા મોબેદોમાથી દાનાવ અને પવિતરાઈ ભરેલા ૧૦૦) એકશો મોબેદો જેઓ બરાબર અવસ્તા પઢનાર અને શાએસત નાશાએસત જાણનાર હતા તેઓને ચુંટી કાઢ્યા અને તેઓએ સને ૧૧૩૪ યજદજરદીના સાલમા રોજ ૧ લો હોરમજદ અને માહ ૪ થો તીરને દીને આતશબેહેરામનુ કામ શરૂ કીધુ

[૨] ઉપલાજ ફારસી બેતોમા દસ્તૂર શાપુરજી જણાવેછે કે સને ૧૧૩૫ યજદજરદીના સાલમા અરદીબેહેશત મહિનો ને સરોશરોજે આતશબેહેરામને તખ્તનશીન કીધા તે વખતે નેક સરદાર કેદાજીરાવ હાકેમ હતો, તેનુ નશીબ ઘણુ નેકબખત હતુ કે તેના વખતમા ખોદાના હોકમથી એ આતશબેહેરામનુ કામ થયુ છે અને પછી તે નેક દસ્તૂરે (શોરાબજીએ) પેહેલી બોઈ દીધી, અને સઘળા મોબેદો તથા બેહદીનો તેની સનમુખ ખોદાની બંદગી કરવા ઉભા. તેથી નવસારી ગુલજાર બાગની મીસાલે ખીલી રહી પછી દરેક શેહરના નાહના મોટા અને ખાશોઆમ બેહદીનના લોકો ત્યાં આતશબેહેરામને જેઆરત કરવા આવ્યા, અને ઘણીક ચીજો તથા હદીઓ તેને નજર કીધા

[૩] એવણના બાવા મોદી બીમજી કુવરજી પણ સુરતના પારસીઓના વડા અકાબર હતા તેવણે સુરતના પારસીઓપર નવાબના અમલદારો તરફથી જે ઘણીક રીતના જુલમો તથા બેદીનસાથી ગુજારાતા આવતી હતી તે માટે છેક દીલ્લી પાદશાહની હજુરમા ફરીઆદ લખી મોકલી હતી, અને તે માટે પાદશાહે તલાસ કરવાનો હોકમ મોકલ્યાથી પુરતી જોસતજુઇ કરી ઈ૦ સ૦ ૧૭૧૬ મા સુરતના નવાબ હૈદર કુલીખાને એવણને એક પરવાનો કરી આપી પારસીઓપરનો સઘળો જુલમ ટાલવાની કબુલાત આપી હતી એવણના બાવા મોદી કુવરજી નાનાભાઈ પોતાના વડા ભાઈ મોદી ધનજીભાઈ નાનાભાઈ (કે જેવણ ઈ૦ સ૦ ૧૬૬૭ મા પોતાના બાપ નાનાભાઈ પુંજીઆની જગોએ સુરતના પારસીઓના વડા ઠરયા હતા) ના મરણ પછી સુરતના પારસીઓના વડા અકાબર ઠરયા હતા એવણના વખતમા સુરત મધે ફીરંગી વ્યાપારીઓ તથા મુસલમાન હાકેમો તરફથી ઇંગ્રેજોને ઘણી હરકત નાખ્યામા આવી હતી, તથા તેમનો સરંજામ, ખોરાકી, વગેરે અટકાવ્યામા આવ્યુ હતુ, પણ એવણે છુપી રીતે શેહેરમાથી તથા બાહેરથી મંગાવીને તેમને ખોરાકી વગેરે પોહચાડયુ, તથા ઇંગ્રેજોને મદદ કીધી, જેથી એવણને ઇંગ્રેજના મોદી કરી ઠેરવા લાગા, કે જે અટકથી આજ સુધી એવણનુ કુટુંબ ઓળખાએછે

[૪] આ દોખમાને પરઠાયાનો સને એ૦ જમશેદજી પેશતનજી વલસાડાએ મેલવી આપેોછ એ દોખમુ બંધાયું તે વેળાએ કેહછે કે નારગોર તથા તેની આસપા-

## ઈ૦ સ૦ ૧૭૬૮.

તા૦ ૨૮ મી આપરેલ.

રોજ ૧૪ માહ ૬ (ક૦) ૧૧૩૭ યજદજરદી.

ઈરાનૂ તથા હિંદુસ્થાનના જરથોસ્તીઓ વચેના એક મહિનાના તફાવતની ઈરાન ખાતે જઈ પુરતી જોસ્ત-જુઈ કરવાને માટે સુરતના કદમી ટોળાના આગેવાન શેઠ ધનજીશાહ મનજીશાહે ભરૂચથી દસ્તૂર કામદીન પદમના વંશના એક નબીરા એ૦ કાઉસ રૂસ્તમ જલાલ[1] ને તે કામને માટે તેડાવ્યો હતો. તે આજ દીને સુરતથી પોતાના બેટા પેશોતન[2] ને સાથે લઈ ઈરાન ભણી ગયો હતો.[3]

---

આએ વર્ષમા સુરતના નામીઆ શેઠીયા તથા ત્યાંના કદમી પંથના વડા આગેવાન શેઠ ધનજીશાહ મનજીશાહના બે દીકરાઓ શેઠ ફેખશરૂ તથા ફરદુનજી પોતાના બાપના વ્યાપારના કામસર પોતાને ઘરનાજ એક વાહાણુમા બેશી ચીન જતા હતા. ત્યાં વાટમાં દરીયામાં મોટાં તોફાનથી એમનું વાહણ ગરક થઈ ગયું, અને બન્ને ભાઇઓ નોજવાન વયમા દુખી મરણ પામ્યા હતા. એમનાં મરણના દાહડાવારનો પણ કસો પટો હાથ લાગો હતો નહિ.[4]

---

આએ વર્ષમા મુબઈના બજારમા માછલી વેચનારાઓને અતરેના કલેકટરે એવો હુકમ કાઢયો કે તેઓએ ગમે તેણી કરીને હરરોજ ઇંગ્રેજોને માછલી પુરી પાડવી, અને સરકાર જે માણસોને ઠરાવે તેઓના હુકમ પ્રમાણે મારકીટમા માછલી વેચવી. આની સામે મુબઈ તથા માહિમના કોલીઓએ એક અરજી અતરેના ગવરનરની કૌનસીલ ઉપર મોકલી. તે અરજી ધ્યાનમાં લઇને તથા માછલીનો ખપ અને આવક વધારવાને તેઓને ઉત્તેજન મલે માટે બજારમાં માછલીને લગતા કેટલાક ધારા બાંધી આપ્યા, તથા ૬ સીપાહીઓ અને ૧ પરભુનું "માર-કેટ એસ્ટાબ્લીશમેંટ" કરી તેનુ ઉપરીપણુ તે વેળાના પટેલ કાવશજી રૂસ્તમજીને આપ્યું.[5]

---

## ઈ૦ સ૦ ૧૭૬૯.

તા૦ ૩ જી સપટેમબર.

સંવત ૧૮૨૫ ના, રોજ ૨૩ માહ ૧૧ (શે૦).

આજ દીને સુરતની જરથોસ્તી અંજુમનની તરફથી ત્યાના અગ્રેસરો દસ્તૂર બાપુજી જમશેદજી, મોદી નાનાભાઈ ભીમજી, આ૦ કાઉસજી ફરામજી શેઠના, આ૦ ડોસાભાઈ નોશરવાનજી બહમનજી શેઠના, આ૦ શોરાબજી મનોચેહરજી શેઠના, આ૦ દાદાભાઈ માણેકજી શેઠના, આ૦ મનચેરજી ખુરશેદજી શેઠ, આ૦ એદલજી દાદાભાઈ, અને બેહરામજી શોરાબજી એઓએ નવસારી ખાતે દેશાઈ ખુરશેદજી ટેહમુલજી ઉપર એક પત્ર લખી જણાવ્યું કે રૂસ્તમપરાના નવસારીને તાબેના મોબેદો નવો ચાલ કાઢી બેહદીનોને ઘેરના મુવા જીવતાનાં કામ વારા પાડી કરવાનો બંદોબસ્ત કરવા માગેછે તે ઉપરથી ત્યાના સર્વે બેહદીનો અમારી પાસે ફરીયાદ લાવ્યા હતા કે એમ કરવાનો તે મોબેદોને કસો અખત્યાર નથી, એતો બેહદીનોની મરજીપરછે, તેઓ જે પાસે ચાહે તેની પાસે પોતાને ઘેરની ક્રિયા કરાવે. માટે અમો સર્વ મલી આએ તમોને લખ્યે છૈયે કે જે રીતે અમારી તરફ આગે ૩૫) વર્ષ થયા ચાલેછે તેજ માફક ચલાવી લેવુ, ફસ્સી નવી વાત કરવી દરૂસ્ત નથી, એવી સર્વની ખુસીછે.[6]

---

સના ગામના જરથોશ્તીઓએ તેને માટેના સુનામા પુષ્કળ તાડીના પડિયા અને ઇંડા લાવીને નાખ્યા હતા, કે જેથી તેમા પાણી નાખવાની જરૂર રહીજ નહિ એ દોખમુ હાલમા નારગોર, સરોડા, તથા તાડગામના જરથોસ્તીઓના વપરાસમા આવેછે

૧ મરહુમ મુલા ફીરોજજીના બાવા

૨ મુલા ફીરોજ પોતે એવણનુ અસલ નામ પેશોતન કરી હતુ

૩ મરહુમ મુલા ફીરોજ બીન કાઉસે યજદજરદી ૧૧૫૫ (ઈ૦ સ૦ ૧૭૮૬) મા "દીને બેરદે મનજુમે" નામના શરસી બેતોમા બનાવેલા એક પુસ્તકમાં પોતાની ઈરાનની મુસાફરીનો અહેવાલ શરૂઆતમા લખ્યોછે તે પુસ્તકની એવણુને પોતાને હાથની લખેલી નકલ મુલાં ફીરોજ કેતાબખાનામા મોજુદછે તેમા સફે ૧૭ ગે

૪ સુરતવાલા શેઠ અરદેસર શોરાબશાહ તાલેયારખાએ કાઇક જુની નોધમાથી આ ફેરીયત અમોને આપીછે.

૫ કોલીઓએ કરેલી આ અરજી તથા માછલી બજારમા વેચવાને માટેના કલેકટરે ઘડી કાઢેલા કાએદાની નકલ અમારી પાસે મોજુદછે મુબઇમા તે વેળાએ ઈંગ્રેજોમા માછલીનો દરો શોખ બલકે તેની જરૂરીઆત હતી, એવુ કેટલાક જુના હીસાબો વાચ્યા ઉપરથી કહી શકાયેછે

૬ એવીજ મતલબનો એક ખાનગી કાગજ સુરતવાલા આ૦ મનચેરજી ખુરશેદજી શેઠે તથા બીજો આ૦ શોરાબજી તથા દાદાભાઈ માણેકજી શેઠે નવસારીમા દેસાઇ ખુરશેદજી ઉપર લખયો હતો આ બધાં કાગજોની નકલ નવસારી મધે પેહેલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહેરજી રાણાવાલાએ મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડીને સફે ૭૨ થી તે ૭૬ સુધી આવેલીછે

## ઈ૦ સ૦ ૧૭૭૦.

તા૦ ૨૨ મી અક્ટોબર,
રોજ ૭ માહ ૧ (શે૦) ૧૧૪૦ યજદજરદી.

**મરણ**—દસ્તુર બરજોરજી દારાબજી પાહલણજી—ઉમર વર્ષ ૭૫) નવસારીવાળા દસ્તુર દારાબ પાહલણના દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૩૪ મા પોતાના બાપના મરણ બાદ તેમની જગાપર ત્યાની અંજુમને બીજા દસ્તૂર તરીકેની બેઠક આપી હતી. ઈ૦ સ૦ ૧૭૬૫ મા નવસારીના આતશબેહરામ પરઠવાને લગતી ક્રિયા કરાવવામા એવણે ઘણી મદદ કીધી હતી.

---

## ઈ૦ સ૦ ૧૭૭૧.

તા૦ ૧૦ મી જુન.
રોજ ૨૮ માહ ૮ (શે૦) ૧૧૪૦ યજદજરદી.

આજ દીને સુરત મધે આ૦ મનચેરજી ખુરશેદજી શેઠનાની આગેવાનીથી ત્યાના પરગણે ચોરાશીના ગામ મોજે ઉમરવાડા (જેને કાકરાખાડી પણ કેહેછે) મા એક મોટુ ૪૭૯ પાનીનુ દોખમુ અંજુમનના ઉધરાતથી બંધાવી પરહાર્યું હતુ.૧

---

૧ આ દોખમુ હજુસુધી મનચેરજી શેઠના દોખમાને નામેજણાએલુ છે તેમા કેહેછે કે જાહેર ઉઘરાત કરતા બેવડા પૈસા તથા સઘળી આગેવાની એવોની હતી એ દોખમાના દરવાજા ઉપર નીચલા ફારસી બેતો તખ્તીમા કોતરેલાછે—

بنام خدا داور راست کام
چه دستور و موبد چه بهدین تمام
به دستهٔ ستودانی از راه دین
که فردوس گردد برو آفرین
تاریخش آمد ز غیب این ندا
ستودی شد انجام این ده ما
۱۱۴۰ سنه

માએની—ફારસી ગોરાદના ઈનસાફવાલા પરવરદગારના નામથી શરૂ કરૂ છુ, જે તમામ દસ્તુરો, મોબેદો, અને બેહદીનોએ દીનની રાહે આ દોખમુ બાધયુ છે, કે જેની ઉપર બેહશતે આફરીન કીધી તેની તારીખને વાસ્તે ગેબથી એ અવાજ આવ્યો, અને આ સ્તોદાન બેહતર બનાવેલુ કામ ખુશીથી સરંજામ પોહચ્યુ સને ૧૧૪૦ (યજદજરદી)

આ દોખમાને બંધાયાને આજે ૧૦૮ વર્ષ થયાછે, તોપણ તેની બાંધણી ઘણી મજબુત અને આખા હિંદુસ્થાનમા તે સર્વેથી મોટુ ગણાયછે એની બાંધણીનુ માપ તથા તેની સઘળી વીગત મરહુમ શેઠ મનચેરજીના જુના દસ્તરો કે જે તેમના વારસ શેઠ પેશતનજી ઉકડજી શેઠના પાસે મોજુદછે, તેમાથી સુરતવાળા શેઠ પાલણજી બેજનજી કોટવાલે ઉપજાવી કાઢીછે, તે ઉપરથી આપણને સાધારણ રીતે દોખમાની બાંધણીનો ખ્યાલ આવવા માટે સઘળી વીગત નીચે ટાંકયે છૈયે—

## (ઈ૦ સ૦ ૧૭૭૧ ચાલુ)

તા૦ ૧૩ મી અક્ટોબર.
માહ ૩ (શે૦) ૧૧૪૦ યજદજરદી.

**મરણ**—આગાભાઈ જીજીભાઈ મોદી—ઉમર વર્ષ ૭૦) મોદી જીજીભાઈ જમશેદજીના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૩૮ મા પોતાના બાપના મરણથી તેમનુ ઈસ્ટ ઇંડીઆ કંપનીના અમલદારો તથા લશ્કર ખાતાને સર્વે સીધો સામાન પુરો પાડવાનુ કંત્રાક્ટ પોતાના ભાઈઓ, નામે હીરજીભાઈ તથા માણેકજીની સાથે મળી ચલાવતા હતા. ઈ૦ સ૦ ૧૭૪૧ મા અતરેના ગવરનર ઑનરેબલ સ્ટેફન લૉ એ પણ એવણના કંત્રાક્ટો બાહાલ રાખી એઓ ત્રણે ભાઈઓને પોતાની ફરજો ચાલાકીથી બજાવવાને માટે શાબાસી આપી હતી. તે વેળાની મુંબઈની પારસીની પંચાતના એવણ એક મુખ્ય અગ્રેસર હતા.

---

"શ્રી સુરતના મોબેદ તથા બેહદીનોએ દખમુ એક સુરત મધે બાંધીઉ તે સંવત ૧૮૧૮, રોજ ૨ બેહમન અમશાશપંદ માહ ૮ આવાઈજદ પારશી સને ૧૧૩૧ સને ૧૧૭૬ હેજરી એ દીનથી બાંધવા માંડયુ તે સંવત ૧૮૨૭, રોજ ૨૪ દીનઈજદ માહા ૮ આવા ઈજદ પારશી સને ૧૧૪૦ એ દીને તમામ થાયુ તેની વીગત પરથમ સંવત ૧૮૨૦ તથા પારસી સને ૧૧૩૩ ના આવા મહીનામા બાજ ધરીને જમીન ઉપર પાયો ખોડયો તથા તાણો પુરેઓ હતો તે નીચે મુજબ

"દખમાનો પાયો ઊંડો ગજ ૫, તથા પોહલો ગજ ૨, તથા પોસતાનો પાયો ઊંડો ગજ ૩, તથા પોહલો ગજ ૧, જુમલે પોહોલો ગજ ૩, તથા ઊંડો ગજ ૩, દખમાની દેવાલના પાયા સાથે ખોડયો તેવાર પછી વળી દખમાની દેવાલનો પાયો બીજો ગજ ૨, ઊંડો ખોડયો જુમલે દેવાલનો પાયો ગજ ૫, ઊંડો ખોડયોછે તેવાર પછી તાણો પુરેઓ

"દખમાના દોરની વીગત—દખમુ લાંબુ તથા પોહોળુ શમચોરસ ગજ ૪૮, પુસતા સાથે તથા પુસતો બાહાર તરફ બેથી મુકીને ફરતી દેવાલ ઊંડી સુધા ગજ ૪૬, બાહારની તરફથીછે તથા દખમાનો અંદરનો ગોલો ગજ ૪૪॥ નો તથા દેવાલ ફરતી વડાની ગજ ૧॥ જુમલે ગજ ૪૬, તથા પુસતા સુધા ગજ ૪૮, છે તથા દખમાનો દોર, ફરતો બાહારથી ગજ ૧૫૩, તથા અંદરનો દોર ગજ ૧૩૫„છે

"ભંડારનુ તલીઉ પીલી ગરોરીએ પુરેઊ છે તથા ભંડાર ઊંડો ગજ ૪, નો તઈઆર તથા પોહોલો ગજ ૨૪, નો ગોલોછે તથા ભંડારનો દોર ગજ ૭૩, નો તથા ભંડાર મધે શાકલ ૪, ચાહારે ખુણે જડીછે તે શાકલ એકેકી વજને શેર ૮, નો તથા લાંબી ગજ ૧॥ તથા શાકલની નીચે તોડા ૩, ભંડારમા ઊતરવાના કીધાછે ભંડાર મધેની જાની લાંબી ગજ ૩॥ તથા પોહોલી ગજ ૦॥ નીછે પડાની દેવાલ પાવી ઊપરની ચાલતે માથેથી ઊંચી ગજ ૨॥ તથા પોહોલી ગજ ૦॥ નીછે વડાની દેવાલની શેડેની ચાલ પોહોલી ગજ ૦॥૪॥ છે તથા ઊંચી પાવીના ધડા ઊપરથી તસુ ૧, છે પાવી પેહેલી મરદોની

આએ વર્ષમાં મો૦ આકવીટલ ડુ. પેરોએ સુરત મી પોતે શિખેલા વંદીદાદનો તરજુમો, તથા બીજી જરથોસ્તી ધર્મ અને જંદ અવસ્તાને લગતી ઘણીક બાબદો, તથા પોતાની મુસાફરીના હેવાલનું એક મોટુ પુસ્તક ફ્રેન્ચ ભાષામાં પારીસ ખાતે છપાવી જાહેર પાડ્યુ હતુ.[૧]

## ઈ૦ સ૦ ૧૭૭૨.

તા૦ ૯ મી આપરેલ.

રોજ ૨૭ માહ ૮ (૩૦) ૧૧૪૧ યજદજરદી.

**મરણ**—સોરાબજી કાવસજી નેકઆમતખાન—(ઉમર વર્ષ ૭૫) સુરતના તાલેવારખાન તથા કોટવાલ અરદેશર બાહાદુરના ખાનદાનના વડવા. એવણ સુરતમા કોઈ યુરોપ્યન પાસે ઘડીઆળીનો ધંધો શિખેલા હતા. એટલેક એવો બન્યો કે દીલ્હીના કોઈ આગલા પાદશાહને રૂમના શાહનશાહે એક મોટુ ઘડીઆલ ભેટ કીધું હતું. આ ઘડીઆલ થોડીક મુદતે ચાલતુ બંધ પડી જવાથી દીલ્હીના તે વેળાના શાહનશાહે પોતાનાં રાજ્યનાં બધા દેશોમાં કોઈ હુશિયાર ઘડીઆલીની શોધ કરાવી તેને પોતાની દરબારમા મોકલવાનો હોકમ કીધો. તે હોકમ સુરતના નવાબ ઉપર આવ્યાથી તેણે એવણને એ કામમાં ખબરદાર જોઈ ઈ૦ સ૦ ૧૭૪૪ મા દીલ્હી શાહનશાહની હજુરમા મોકલ્યા. ત્યા જઈ એવણે તે ઘડીઆલ ફતેહમંદી ભરી રીતે સમારી ચાલતુ કરી આપ્યુ. જે કામ

---

કીધીછે તે લાંબી ગજ ૨॥ તથા પોહોલી માથે ગજ ૧, ગાલો તથા પગ હેઠે પોહોલી ગજ ૦॥૨ નો ગાલો તથા દાડો તસુ ૭, નો જુદો. જુમલે પાવી મરદોની ૧૧૯, છે મરદોની પાવી કીધા પછી ચાલ બીજી પોહોલી ગજ ૦૧૪ નીછે પાવી બીજી ઓરતોની લાંબી ગજ ૨॥ તથા પોહોલી માથેથી ગજ ૦॥૧ નો ગાલો તથા પગ હેઠેથી પોહોલી ગજ ૦॥૨ નો ગાલોછે તથા દાડો ભોરીનો તસુ ૫॥ નો જુદો તે મધે ભોરી કોરેલી તસુ ૧॥ પોહોલી કોરીછે તથા દાડામા ભોરી ઊંડી તસુ ૧॥ કોરીછે જુમલે પાવી ૧૧૯, છે. ચાલ તરીજી પોહોલી ગજ ૦॥ છે પાવી તરીજી લાંબી ગજ ૧॥૩ તથા પોહોલી માથે ગજ ૦॥૨ નો ગાલો તથા પગ હેઠે પોહોલી ગજ ૦॥ નો ગાલોછે તથા દાંડો તસુ ૫॥ નોછે તે મધે ભોરી પોહોલી તસુ ૧॥ કોરીછે તથા ઊંડી તસુ ૧॥ કોરેલીછે જુમલે પાવી ૧૧૯, છે ચાલ ચોથી ગજ ૦॥૩ નીછે પાવી ચોથી લાંબી ગજ ૧, તથા પોહોલી માથે ગજ ૦॥ તથા પગ હેઠે પોહોલી ગજ ૦॥૪॥ નો ગાલો તથા દાડો પોહોલો તસુ ૫॥ તે મધે ભોરી કોરેલી પોહોલી તસુ ૧॥ નીછે તથા ઊંડી તસુ ૧॥. જુમલે પાવી ૧૧૯, છે એ શરવે પાવી મલીને જુમલે ઓરતો તથા મરદોની તથા બચાવોની મલીને પાવી ૪૭૬, છે ચાલ પાંચમી ભંડારને માથેની ગજ ૦॥૩ ની તેના તસુ ૯ દખમાની બારીને મોહડેની ચાલ દખમાંની અંદર જવાની લાંબી ગજ ૨૦)૩ તથા પોહોની બારીને મોહોડે ગજ ૧॥૪ છે તથા ભંડારને માથે પોહોલી ગજ ૨)૨ છે

"દખમાની બારીની વીગત—દખમાની બારશાખ લાંબી ગજ ૧॥૫ છે તથા બારી પોહોલી ગજ ૧૨ છે તથા એ બારીને માથે મેહરાબ વાલેઓછે તેમા બાહેરથી એ દખમા વીશેની મીત ફારસીમા લખેલીછે

"શવત ૧૮૨૭ ના વરખે રોજ ૨૫ મીનો અરશીશંગ ઈજદ માહા ૮ આવા ઈજદ પારશી શને ૧૧૪૦ એ દીને દખમુ ઇજવાને શરૂ કીધુછે ને રોજ ૨૮ જમીઆદ ઈજદ માહા ૮ આવા ઈજદ શને ૧૧૪૦ અંગરેજી તા૦ ૧૦ મી જુન સને ૧૭૭૧ ને દીને બીઆજદ કીધી ને શ્રી દાદાર હોરમજદના હોકમથી એ દીને ઇજ્યુ ને મરતબ થાયુ છે"

*. ઉપર જે ગજનું માપ લખ્યું છે તે સુરતી દરજી ગજનુ સમજવુ. એ એક ગજના ઈંગ્રેજી ૨૮ ઇંચ અથવા ૨ ફુટ, ૪ ઇંચ, બરાબર ૫ થાય છે, અને એક ગજના તસુ ૧૪ થાય છે.

૧ યુરોપમા જરથોસ્તી ધર્મ પુસ્તકને લગતી આ ખબર ઘણી મોડી છપાઈ હતી, અને એ પુસ્તકના બાહેર પડવાથી આખા યુરોપમા અજાયબી તથા તરેહવાર વિચારો ફેલાયા હતા પછી વેહેલી તેની ઉપર ઇબાન્યુઅલ કેન્ટ નામના યુરોપના વખણાયલા ફીલસુફે ધ્યાન કીધી કે તેમાથી ફીલસુફીને લગતા કસ્સા વિચારો મળી આવતા નથી ઇંગલાંડમાંતો એ ધર્મ પુસ્તક (વંદીદાદ) ના અસલપણા ઉપર પણ શક નાખવામાં આવ્યો તેઓએ કાઇ આકવીટલની પોતાની ઉપર શરમ્મરીનુ બોહતાન મેલ્યુ નહિ, પણ એવું કેહવા લાગ્યા જે હિંદુસ્થાનના મોબેદોએ તેને ઠગયોછે વળી ત્યાંના નામીચા વિદ્વાન તથા એશિયાટીકની બાબદોથી જાણીતા સર વીલ્યમ જોનસે ફ્રેન્ચ ભાષામા એકવીટલ ઉપર એક પત્ર લખી તેના આએ આખા પુસ્તક ઉપર બેવિશ્વાસ બતાવ્યો, તેમજ મોટી ફારસી ડીક્ષનરી બનાવનાર નામીચા મી૦ રીચરડસનેતો એ પુસ્તકને તદન બનાવટજ ભરેલુ ગણ્યુ. ફ્રાન્સમાતો આએજ સાધારણ મત હતુ કે ઇંગ્રેજી વિદ્વાનો અદેખાઇને લીધે આ કામને તોડી પાડવાનો યત્ન કરેછે જરમનીમા આ પુસ્તક વિષે મત ફેરફાર હતાં, તેવામા ત્યાંનો એક વિદ્વાન "કલુકર" કે જેણે તે પુસ્તકની બીના સઘળી બારીકીથી તપાસી હતી તેની ખાતરી થઇ કે આ પુસ્તક તથા તેની ભાષા કાંઇ આકવીટલની અથવા હિંદુસ્થાનના દસ્તુર મોબેદોની બનાવટ નહિ હોય આ ઉપરથી તેણે પોતે તેનો ફ્રેન્ચમાથી જરમન ભાષામા તરજુમો પોતાની તરફની શરેહો સુધા કીધો, જે જરમનીમા ઘણો ઉપયોગી થઇ પડયો, અને મુખ્ય કરી અવસ્તાનું જ્ઞાન મેળવનારાઓનેતો પોતાના અભીઆસમા તેથી મદદ થાઇ એ પછી ૫૦ વર્ષે "રાસ્ક" નામના ડેનમારકના એક વિદ્વાને ઇ૦ સ૦ ૧૮૧૬ મા હિંદુસ્થાન તથા ઇરાન ખાતે મુસાફરી કરી કેટલોક અભીઆસ કીધો, અને ઇ૦ સ૦ ૧૮૨૬ મા એક ચોપાનીયુ લખી સઘળી ક્રાનોલોજીથી દેખાડી આપ્યુ કે જંદ એક તદન જુદી અને જુની ભાષાછે આથી આકવીટલના આ પુસ્તકના ખરાપણા વિષેનો વહેમ શક નીકળી ગયો હતો

[ચેમ્બરસ એનસાઇક્લોપીડીઆ ઇ૦ સ૦ ૧૮૬૮ પુસ્તક ૧૦ મું સફે ૪૪૧].

માથી ઈ૦ સ૦ ૧૭૩૫ મા શેઠ લવજી નસરવાનજી વાડીઆની સાથે મુંબાઈ આવ્યા હતા. અનરે આવ્યા પછી સરકારી તરેજીમા જાડીઆ લોકુઆ નામના વડા કારભારીના હાથ હેઠળ ચાકરી રહયા હતા, અને ટુક મુદતમાં પોતાના વડાનો વિશ્વાસ મેળવી મોટા દરજાનો ઓહદો મેળવ્યો હતો.[१]

---

તા૦ ૧૮ મી આપરેલ.

રોજ ૬ માહ ૮ (કદ) ૧૧૪૨ યજદજરદી.

ઈ૦ સ૦ ૧૭૬૮ મા સુરતથી એક કાઉસ રુસતમ જમાસ ઈરાન ગયો તેની સાથે ત્યાંના જરથોસ્તીઓ દસ્તૂર દારાબજી સોરાબજી કુમાના, દસ્તૂર કાઉસ ફરેદુન મુનજમી, દસ્તૂર કાઉસજી રુસ્તમજી મજનુ, દસ્તૂર નવરોજજી ફરામરોજ, દસ્તૂર રુસ્તમજી ફરામરોજ પાદશાહ, શેઠ સોરાબજી કાવસજી નેકઆશ્તખાન, રતનજીશાહ મનજીશાહ, લવજીશાહ મનજીશાહ, રતનજી નવરોજજી પારખ, માણેકશાહ જમશેદજી, એદલજી મેતા, મોદી જીજીભાઈ નવરોજજી, મુનશી મનોચેહરજી બેહરામજી, રુસ્તમજી માણેકજી દલાલ, દાદાભાઈ કાઉસજી પારખ, કાઉસજી માણેકજી, રુસ્તમજી રતનજી, રતનજી કોહીઆરજી, અને દારાબજી રુસ્તમજી, એઓએ યજદ તથા કેરમાનના દસ્તૂર મોબેદો ઉપર જરથોસ્તી દીનઆઇનની ક્રિયા તથા મજહબને લગતા ૭૮ સવાલો લખી મોકલ્યા હતા, તેના આજની તારીખે તેઓએ દરેક સવાલના સેતમેનાબદ જવાબો લખી સુરત ભણી મોકલ્યા હતા. તે જવાબોની ઉપર ત્યાંના દસ્તૂર ખુશરૂબાન રોસ્તમ તથા બેહદીન બેહરામ સુરા વગેરેએ સુરતના દસ્તૂર કાઉસ ફરેદુન મુનજમી, તથા શેઠ મનજીશાહને નામ બેનામ લખ્યા તથા આફરીન કીધી.[२]

---

[१] એવણના બે દીકરાઓ શેઠ મનચેરજી કાવસજી તથા શેઠ એદલજી કાવસજી અનરે પોતાના બાપની હયાતીમા તથા બાપના મરણ બાદ પેઢી પેઢી દરીઆવરી ખાતેનો વ્યાપાર ચલાવતા હતા. તે પછી ચીન ખાતે શેઠ મનચેરજી દોરાબજી દીનશાહની આડતમાં વ્યાપાર ચલાવવા માડયો હતો. પણ વાડેથી તેમાં નુકશાન જવાથી તે બંધ કરી એકાંત ઉમરે ગુજરી ગયા. એ બે સાહેબોના મરણના સનનો ચોકસ પતો હાથ લાગતો નથી. આનરા હાલના શેઠ મનચેરજી ફરામજી, પેસતનજી હોરમસજી, અને ખરશેદજી નસરવાનજી કાવસજી પેહલા ભાઈના અને શેઠ મનચેરજી હોરમસજી કાવસજી બીજા ભાઈના વંશમાં છે.

[२] આએ સુરતથી મોકલેલા સવાલો તથા તેના જવાબોની "રવાયેત દેસાએન" ને નામે ગુજરાતીમા તરજુમો કરીને એક ચોપડી ઈ. સ. ૧૮૨૬ મા દસ્તૂર અ(સ્પં)દીઆરજી ફરામજીએ મુંબઈમાં શેઠ કાવસજી રતનજી મસ્તાનાને ખરચે છપાવી હતી.

તા૦ ૪ થી નવેમબર,

રોજ ૨૧ માહ ૧ (શે૦) ૧૧૪૩ યજદજરદી.

મરણ—દેસાઈ જીવણજી માણેકજી—ઉમર વર્ષ ૬૪) નવસારીના ખોલીઆ દેસાઈ માણેકજી હોમજીભાઈના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૩૦ મા પોતાના બાપનાં મરણ બાદ તેમનો દેસાઈગીરીને લગતો વહીવટ ચલાવતા હતા. એવણને પોતાના ભાઈઆ દેસાઈ ખુરશેદજી ટેહમુલજી સાથે વતનની હદ, વગેરેને લગતી કેટલીક ભાંજગડો ચાલતી હતી, જેથી ઈ૦ સ૦ ૧૭૮૬ મા ગાયકવાડ દામાજીરાવના હોકમથી વતનની હદ માપી બંનેને ચોકસ હદની બાંધણી કરી આપી હતી. એવણ ગાયકવાડ સરકારમા સારો દરજો તેમજ પારસી કોમમાં મોટું માન ધરાવતા હતા, તથા ત્યાંની જરથોસ્તી અંજુમનના એક મુખ્ય આગેવાન હતા.

---

આએ વર્ષમાં સુરતવાલા શેઠ જમાસ્પજી ફરામજી ભાવનગરીએ શ્રી ભાવનગર મધે ગોઘાના દરવાજા બાહેર ભીડભંજન મહાદેવનાં દેહડાની પાસે એક મોટી પથરની વાવ બંધાવી હતી.[३]

---

ઈ૦ સ૦ ૧૭૭૪.

તા૦ ૩ જી જુનાઈ.

રોજ ૨૨ માહ ૯ (શે૦) ૧૧૪૩ યજદજરદી.

મરણ—લવજી નસરવાનજી વાડીઆ—ઉમર વર્ષ ૬૮) અનરેના વાડીઆ ખાનદાનના વડવા. એવણ પ્રથમમા સુરતની પાસેના શીંગનપોર ગામના રેહવાસી હતા, તથા સુરતની ગોદીમા આવી વાહણ બાંધવાના હુનરમા અનુભવ મેળવ્યો હતો. ઈ૦ સ૦ ૧૭૩૫ માં અનરેના "માસ્ટર એટેનડંટ" મી૦ દડલીએ એવણને મુંબાઈ લાવ્યો કે જયા એવણે પોતાનાં ઉપયોગીપણું હોય અનરેની

---

[३] આ વાવપર તે વેળાએ કોતરેલી તખ્તીના દસ્તખત અપરા પરાઈ ઘીસાઈ ગયાછે, તે ઈ. સ. ૧૮૭૨ માં એવણના એક વારસ શેઠ જમાસ્પજી બહમનજી ભાવનગર ખાતે ગયા હતા તે વેળાએ નીચે પ્રમાણે તેનો ઊતારો કરી લાવ્યા હતા એ નકલ તેમના દીકરા સુરતવાલા શેઠ ફરામજી જમાસ્પજી ભાવનગરીએ અમોને મોહરબાની કીધી—

" શ્રીગણેશ પ્રસન્ન—સંવત ૧૮૨૯ ના શાકે
" વર્ષ——રોજ અમર રાજ શ્રી——રાજેશ્રી
" દીવાન મેહતા——ઠ રણછોડદાસના અમલ જમા-
" સપ રાજ——શ્રી રતનજી——બંધાવી
" ——

સરકારી ગોદી હાલની તેની જગોએ બાંધી હતી. તે પછી બીજે વર્ષે એવણને ઉત્તર તરફના જંગલો ભણીથી વાહણ બાંધવાના લાકડાંનો જથ્થો અગરે પુરો પાડવાને ત્યાંના વ્યાપારીઓ સાથે બંદોબસ્ત કરવાને સરકારે મોકલ્યા હતા. ત્યારથી આવ્યા પછી એવણને અંતરેના પેહલ વેહલા "માસ્ટર બીલ્ડર" ઠેરવ્યા હતા. પોતાના ઉપરીપણા હેઠળ એવણે ૨૦) મનવારો તથા ૧૬) વાહણો બાંધ્યા હતાં, તથા બેશુમાર જુનાં વાહણોની મરામત કીધી હતી. આ હુન્નરમાં એમની પૂર્ણતાને માટે જુદા જુદા સરકારી અમલદારો, તથા "કોરટ-ઑફ ડાએરેક્ટરો" તરફથી એવણને વાર વાર શાબાસી તેમજ ઈનામો મલ્યા હતા. એવણ તે વખતની મુંબઈની પારસી પંચાતના એક આગેવાન હતા.

---

આએ વર્ષમાં ઇંગ્રેજ સરકારે મરાઠા સરદાર રઘુનાથરાવ દાદાસાહેબ પાસેથી કોલકરારે થાણું અને વસાઈ લીધું, અને ત્યાંના ગામો ત્રંબીવલ, મનપેસર, ગુરગાંવ, મઢ, મરવે, મનોરી, વેસાવે, દાઉ, વાટ્ટ, કવીઆંણી, ભીમરડી, ઈત્યાદિની પટેલાઈ મુંબઈના તે વેળાના પટેલ કાવસજી રૂસતમજીને આપી હતી ૧. આથી તેવણે પોતાના ભાઈ શેઠ દોરાબજી રૂસતમજી પટેલ સાથે મળી થાણામાં આએ વર્ષથી પારસીઓને લાવી વસાવ્યા હતા ૨.

## ઈ૦ સ૦ ૧૭૭૫

તા૦ ૧૯ મી નોવેમ્બર.

રોજ ૫ માહ ૨ (યઝ૦) ૧૧૪૫ યજદજરદી.

**મરણ—માણેકજી બનાજી લીમજી—ઉમર વર્ષ** ૮૫) શેઠ બનાજી લીમજીના બીજા દીકરા ઈ૦ સ૦ ૧૭૩૪માં બાપનાં મરણ બાદ તેમની "બનાજી લીમજી" નાં નામથી ચાલતી પેહડીનો વહીવટ એવણ પોતાના ભાઈઓ તથા તેમના મરણબાદ તેમના દીકરાઓ સાથે ચલાવતા હતા. તે પેહડીના "પરુસ" ઉપરાંત "કારટર" અને "ગંજાવર" નામના બે બીજાં સફરી વાહણો એવણે વધાર્યાં હતાં. તે વેળાની મુંબઈની પારસી પંચાએતના એવણ એક મુખ્ય આગેવાન હતા.

---

૧ ઇ સ ૧૭૭૫ થી તે ૧૭૮૬ લગણની થાણાની પટેલાઈના હીસાબની કેટલીક ચોપડીઓ અમારી પાસે મોજુદ છે તેમાં આ સઘળા ગામોની વહીવાટ કીધેલી જણાયછે ઇંગ્રેજ સત્તાવાળાઓએ થાણા તથા વસાઈનો વહીવટ પોતાને હસ્તક લીધા પછી કેટલીક મુદત સુધી પારકા ગામનાં માણસોને પરવાનગી વગર ત્યાં જવા દીધામાં આવતા હતા નહિ, અકસર કરી પારસીઓને માટે તો કાવસજી પટેલની "પાસ" જોઈતી હતી, જેની ઘણીક નકલો અમારે હાથ લાગીછે તેમાંની એક અંતરે ટાંકીએ છૈયે,

To

Andrew Ramsay Esq

Sir

Please to permit to pass the bearer Heerjee Parsee going to Tanna

I am Sir

Your most obedt humbl Servt

(Signed) COWASJEE RUSTOMJEE PATELL.

Bombay, 18th Feb 1775

२ આએ વખતે થાણામાં પારસીઓની વસ્તી નહિ હતી, પણ એની અગાઉ સદી આગમજ તેઓ ત્યાં વસતા હતા એવું જણાયછે ઇ સ ની ચઉદમી સદીની શરૂઆતમાં ઓડોરીક નામનો એક ઇટાલીઅન સાધુ મુસાફર એ તરફ ફરવાને ગયો હતો, તે લખેછે કે "ત્યાંના લોકો મુર્તીપરસ્ત હતા, કારણ તેઓ આતશ, સાપ, તેમજ ઝાડોની પૂજા કરતા હતા તેઓ મુરદાને દાટતા હતા નહિ પણ મોટા ભપકા સાથે દૂર મેદાનોમાં લઈ જઈ હેવાનો તથા પક્ષીઓનો ભક્ષ કરાવતા હતા" આ માટે તે લખેછે કે—

"The people thereof (Tanna) are idolaters, for they worship fire, and serpents and trees also . . . . . and here they do not bury the dead, but carry them with great pomp to the fields and cast them to the beasts and birds to be devoured."

[Cathay and the way thither, by C H Yule C B pp 57—59]

આ વિષે અમોએ થાણામાં પણ એક દંતકથા સાંભળી હતી કે ત્યાં ઘણા આગલા વખતમાં પારસીઓની વસ્તી હતી, અને તેઓ ફીરંગીઓના તાબામાં હતા એક વેળા ત્યાંના સત્તાવાળાઓએ હોકમ કીધો કે સઘળા પારસીઓએ ખ્રિસ્તી ધર્મમાં વટલી જવું પારસીઓએ જોયું કે સામે થવામાં કાંઈ ફાયદો નથી તેટલા માટે તેઓએ એક તદબીર શોધી કાઢી અને સઘળાઓએ સાથે હાકમની હજુરમાં જઈ અરજ કીધી કે "તમારા હોકમ કાઢયા આગમજ અમો તો ખ્રિસ્તી ધર્મમાં વટલી જનારજ હતા, કારણકે એ ધર્મ અમોને ઘણોજ પસંદ પડેછે અને અમો આવતા રવીવારે જરૂર "બાપટીઝમ" લઈશું પણ તેટલાં તમો હાકેમથી અમો એટલું માગીયે છૈયે કે અમોને એક દાહડો જેમ ગમે તેમ "બાજી" કરવાની પરવાનગી આપો તે દાહડે અમો સારીરીતે અમારા આતશને પૂજી, તથા ખાઈ પી નાચરંગ કરી લઈછૈયે" આ પરવાનગી હાકમે આપી, અને એવો ઢંઢેરો કાઢયો કે ફલાણે દાહડે કોઈબી અમલદારે ઈયા રૈયતે પારસીઓને કાંઈબી મોજમજા કરતાં ઈજા દેવે જતા અટકાવવા નહિ એ પછી ઠેરેલે દાહડે પારસીઓએ એક મોટું ખાણું કીધું અને તેમાં શેહરના સઘળા અમલદારોને પણ નોતાવ્યા, અને સઘળાઓને છુકડા છાકટા કીધા, પછી સર્વ પારસીઓ નાચતા કુદતા તથા ગાતા બજાવતા શેહરની બાહેર નિકળી ગયા, અને કલ્યાણી બાજે જઈ વસ્યા. એ દાહડેથી થાણામાંથી તેમની વસ્તી નિકળી ગઈ તે છેક ઇંગ્રેજોને હસ્તક એ ગામ થયા બાદ પાછી થઈ હતી.

આએ વર્ષમા મુંબઈના ગવરનર વીલ્યમ હૉરન-બીએ શેઠ કાવશજી રુસતમજી પટેલને મુંબઈ તથા થાણાની પટેલાઈ બનાવવા તથા સરકારના લશકર અને અશબા-બને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લાવ લઈજા કરવાને માટે "ટનેજો" પુરી પાડવાની કીમતી નોકરીઓના બદ-લામાં એક "ડરેસ-ઑફ-હૉનર" અથવા ખેલાત ભેટ આપ્યો હતો.[1]

## ઈ૦ સ૦ ૧૭૭૬.

તા૦ ૧૪ મી આગસટ.

સવત ૧૮૩૨ ના, રોજ ૫ માહ ૧૧ (શે૦).

આજ દીને નવસારીની અજુમને આ૦ માણેકજી બહમનજી ખરશેદજી ઉનવાલાને એક લેખ કરી લઈ મહવા ગામના પથકી તરીકે મોકલ્યા હતા.[2]

તા૦ ૭ મી સપટેમબર.

સવત ૧૮૩૨ ના ભાદરવા વદ ૯.

આજ દીને મુંબઈની જરથોશ્તી અજુમન તર-ફથી નવસારીની અજુમન ઉપર એક કાગજ લખ્યો હતો કે નવસારીમા વસ્તીઆના ગુજરવાની વાત સાભલી તેથી અતરે સ્વાનોનાં કામ અટકી પડયાછે, અને એ ખબર હિયાં આવવાને ૧ાા થી ૨, માસ થવા આવ્યા તોપણ તમારી તરફથીતો વરસ અમને આવી પોહતો નથી, અને હિયાંતો દરરોજ નણ ચાર સ્વાન થાયછે, અને એવો વા વાગેછે કે મોરસીનુ બાફનું થઈને ૫૮ મરેછે. તેઓનાં સ્વાનોના સરોશની તથા બીજી ક્રિયા થઈ શકતી નથી, જેથી લોકો ઘણા બેદીલ થયાછે અને અહિ મુબ-ઈમા વસ્તીઓ મગાવિ કરાવવાની મોહન કરેછે, પણ મોબેદો ના પાડેછે કે અમોથી નવસારીની અજુમનના હોકમ વગર થાએ નહિ, માટે તમો તેવોને એ કામ માથે ઉઠાવવાનો હોકમ મોકલજો, અથવાતો હરેક તરેહથી વરસ અમને આવી પોહચે તેની તાકીદ કરજો.

આ કાગજપર મુબઈની અંજુમનના નીચલા ૩૨) આગેવાનોની સહીઓછે—

આ૦ મનચેરજી બહમનજી શેઠના, આ૦ નાના-ભાઈ બહમનજી શેઠના, આ૦ શાપુરજી બહમનજી શેઠના, આ૦ મનચેરજી એદલજી શેઠના, મોદી નશરવાંનજી દાદા-ભાઈ, મોદી જમશેદજી બોઘાભાઈ, દાવર નાનાભાઈ બેહ-રામજી, વાડીઆ માણેકજી નવરોજજી, નાનાભાઈ બહ-મનજી જીવાજી, બહમનજી ખુરશેદજી, દાદીભાઈ નોશર-વાનજી, દાદાભાઈ જમશેદજી ગામડીઆ, આ૦ દોરા-બજી ફરદુનજી લશકરી, પેશતનજી ધનજી રઈસા, ધનજી સોહરાબજી, મોરાશાહ મનજીશાહ, દાદાજી જીવાજી ગાની, નોશરવાનજી જામાસપજી પટેલ, પેશતનજી માણેકજી ઈરિપીસર, શાપુરજી જમશેદજી, રતનજી સોરાબજી પટેલ, જીવનજી દાદાભાઈ, બેહરામજી હોમજી, જીવનજી બી-બાજી, મનચેરજી જીવણજી રેડીમની, હીરજી જીવણજી રેડીમની, નવરોજજી નાહનજી, નવરોજજી હોમાજી, સતોકજી બરજોરજી, મોરાભાઈ મનચેરજી, કુવરજી સોરા-બજી, માણેકજી દોરાબજી સરાફ.[3]

તા૦ ૮ મી સપટેમબર.

સવંત ૧૮૩૨ ના, રોજ ૩૦ માહ ૧૧ (શે૦).

આજ દીને મુબઈના મુખ્ય મોબેદો આ૦ ફરા-મજી નવરોજજી, આ૦ નોશરવાંનજી નવરોજજી,[4] આ૦ બહમનજી જીવણજી, આ૦ જમશેદજી મેહરનોશજી, તથા આ૦ કાવશજી બરજોજી એઓએ નવસારી ખાતે દેશાઈ ખુરશેદજી રેહમુસજી તથા શમસત અજુમન જોગ એક કાગજ લખી મોકલ્યો કે નવસારીમા વસ્તીઓ ગુજ-રવાની ખબર અતરે આવી, અને તે પછી અતરે રોજ સ્વાન ૨—૩ તથા ૪ બી થાયછે અને વરસ વગર તેઓના દીન ધર્મના કામ અટકી પડવાથી લોક ઘણુ આ-જુરદેહ થાયછે. અહિનુ અંજુમન સરવે ફરી બેઠુ છે. કોઈ કોઈના અખત્યારમા નથી. માટે મેહરબાની કરી વરસ તાકીદ મોકલોતો ઘણું સારું.[5]

---

૧ હઉન હેરલ્ડ તા૦ ૧૧ મી માર્ચ ૧૮૬૭, તથા ઓનરેબલ ડોસાભાઈ ફરામજી કરાકા, સી. એસ આઈ ની પારસીઓની તવારીખ, ધર્મ, રીતભાત, વગેરેની ઈ સ ૧૮૫૮ મા લંડન ખાતે છપાએલી ચોપડી સફે ૨૭ આ ખેલાતમા મસેસો ઈરાની પોશાક પેહરવો એ વલે એ પછી ચાલુ રાખ્યો હતો અને તેમા એવણની પડાવેલી એક તસવીર એવણના કુટુંબીઓ પાસે હજુ લગણ મોજુદછે.

૨ આ લેખની નકલ એ૦ બમારજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણા વાળાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સગ્ર-હની છાપની લખેલી ચોપડીમા સફે ૨૬ મે આવેલીછે.

૩ આ કાગજની અસલ નકલ પુના વાળા દસ્તુર રેહમુસજી મનોચેહરજી હોજદાર પાસે હતી તે પરથી સુરત વાળા દસ્તૂર એરચજી શોરાબજી મેહરજી રાણા વાળાએ નકલ કરી તા૦ ૧૬ મી સપટેમબર ૧૮૬૯ ના "યર્ઝ-પરસ્ત" મા છપાવેલીછે.

૪ શેઠ મનચેરજી બહમનજી પથકીના બાપના બાવા.

૫ એજ મતલબનો એક ખાનગી કાગજ એજ દીને મુંબઈની પચાતના એક મુખ્ય અકાબર આ૦ મન-ચેરજી બહમનજી શેઠે નવસારી દેશાઈ ખુરશેદજી ઉપર લખ્યો હતો તેમા તેવણે જણાવ્યુ હતું કે અહિ સ્વા-નોના સરોશના કામ અટકી પડવાથી બેહદીનોના દીલ

તા૦ ૧૪ મી સપટેમબર.

રોજ ૬ માહ ૧૨ (શ૦) ૧૧૪૫ યઝદજરદી.

**મરણ—હોમાજી દારાબજી—ઉમર વર્ષ ૫૪)** ભરૂચના એક નામીચા ચોડીયા તથા ત્યાંની જરથોશ્તી અંજુમનના અકાબર. એવણે ભરૂચમાં એક દરેમેહર બંધાવી તે તા૦ ૧૮ મી ફેબરવારી ૧૭૬૦ ને દીને પરસાવી હતી.[1] ભરૂચમાં સુફેદ કાપડનાં વણાવતનો એવણને ત્યાં મોટો ધંધો ચાલતો હતો.

---

તા૦ ૨ જી અકટોબર.

સંવત ૧૮૩૨ નાં, રોજ ૨૯ માહ ૧૨ (શ૦).

મુંબઈની જરથોશતી અંજુમને નવસારીની અંજુમન ઉપર તા૦ ૭ મી સપટેમબર ૧૭૭૬ ને દીને કાગજ લખ્યો હતો તેનો આજની તારીખે ત્યાંથી જવાબ લખાગો કે વરશના બાલ અમો પાસેથી મોબેદોએ લખી મંગાવ્યા તેવાજ બીજા કરી રવાના કર્યાછે, તે રાહમાં વરસાદને લીધે કદાચ બે દાહડા આગલ પાછળ આવી પોહચ્યા હશે. જે વેળા તમારી તરફથી મોબેદો લખીને આલાદ વીગેરે મંગાવેછે તે વેળા તે મોકલવાને અમો કાંઈ કસુર કરતા નથી બાજુ વરશીઓ નવો કરવાની જે વાત તમો લખોછો તેપર દુરઅંદેશી કરવો જોઇએ કે એ કામ તમારા મોબેદોથી મુંબઈમાં બની નહિ શકે તમારા બુજોરગો જેમ ચાલતા આવ્યાછ તેમ ચાલો મુંબઈમાં હવડા ચાર પાંચ નવી અગીઆરી થઈછે તેથી આએ કામથી માહોમાહે કલેશ થશે અને અંજુમનનો બંદોબસ્ત રેહશે નહિ. આ કાગજપર નવસારીની અંજુમન તરફથી દસ્તૂર યોગાબજી રૂસતમજી, દસ્તૂર ખુરશેદજી બરજોરજી, દસ્તૂર જમશેદજી જામાસપજી, દસ્તૂર માણેકજી જમશેદજી, આ૦ નવરોજજી રતનજી, આ૦ માણેકજી બહેમનજી, આ૦ જમશેદજી કેરશાસ્પજી, આ૦ નોશરવાનજી ખરશેદજી, આ૦ કાઉશજી હોમજીભાઈ, તથા આ૦ નોશરવાનજી કાઉશજી એઓએ શહીઓ કીધીછે.[2]

---

આએ વર્ષમાં નવસારી મધે મોટી ધાડ પડી હતી તેથી ત્યાંના દેશાઈ ખુરશેદજી રેહમુનજી વાલા આતશબેહરામ સાહેબને છુપાછુપ સુરત લઈ જઈ શેઠ દાદાભાઈ માણેકજી શેઠની હવેલીમાં મુકયા હતા આ વેળાએ આતશબેહરામની સાથે નીચના આઠ મોબેદો હીમત કરી સુરત તેની નીઘેહબાનીને માટે ગયા હતા.[3]

---

પણ ઉસ્કેરાયાછે, અને તેઓ બીજા પંથકવાલા મોબેદો પાસે વરશીઓ અતરે કરાવી ક્રિઆ માર્ગના કામો શરૂ કરાવવા માગેછે. માટે મે આપણા મોબેદો પાસે હાલ તરત તો હા ભણાવી વરશીઓ મુંબઈમાં કરવાને તેઓને સમજાવ્યુ છે તે માટે છાનટી તરફ ગોધો શોધવાને માણસ પણ ગયુ છે વાસ્તે તમો બનતા તુરીક જલદીથી વરસ મોકલાવો તો ઠીક હુ પોતેની નવસારીને તાબેનો તથા નગરીઓધુ, માટે નવસારી વાલાઓની આબરૂ ને મારી આબરૂ સમજુંછુ આ બધે કાગજોની નકલ એ૦ જામાસપજી શીરાબજી દસ્તૂર મેહરજી રાણા વાલાએ નવસારીના પેહલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડીને સફે ૧૦૦ થી તે ૧૦૪ લગણછે

1 આ દરેમેહર "ડોભાવરાની" અગીઆરીને નામે ત્યાં જણાએલીછે

2 ઉપલીજ મતલબનો એક પત્ર એજ નવસારી વાલા સાહેબોએ અતરેના મુખ્ય મોબેદો આ૦ ફરામજી નવરોજજી, આ૦ નશરવાનજી નવરોજજી, આ૦ જમશેદજી મેહરનોશજી, આ૦ બહેમનજી જીવણજી તથા આ૦ કાવશજી બચાજી ઉપર તા૦ ૩ જી અંકટોબર ૧૭૭૬ ને દીને લખ્યો હતો, અને તેમા તેઓને મુંબઇમા વરશીઓ નહિ કરવાની ભલામણ કીધી હતી, તથા એવી ધમકી લખી હતી કે "પણ અમોને માલમ નથી પડતુ જે કીઆ અધારૂએ એ નવો રમનો નાખોછે ને કયા અધારૂ કરવા માગેછે તે આવી અમારી નીશા કરી જાએ. જે તે શી પરકારે કરવા માગેછે ને જે કોઈ પોતાના બુજોરગોથી ઉફરો થઇ વડાવોનો રસમ મેલીને નવો રાહ કરેછે તેને આગલ ભલીવાર દીઠી નથી એવા નવા નવા રાહ ધરીને અગીઆરી ૪–૫ તો કીધી તે કહી અગીઆરીવાલા કરેછે તે લખજો." આ કાગજ વાચી અતરેના મોબેદો ઘણા ડરયા, અને તેઓએ પાછો એક કાગજ દેશાઇજી ખુરશેદજી તથા શમશાતે અંજુમન જોગ લખી પોતાનો બચાવ કીધો કે "મુંબઇની પંચાત વાલાઓએ અમોને નવો વરશીયો કરવાની ઘણી બોહોશ કીધી તોપણ અમે તો સાફ ના કહ્યુ અમોએ તેઓને કહ્યુ જે આજતો વરશીઓ કરાવોચ, ને કાલે તમો નીરંગ કરાવશો પછી કેશો જે હેરબદભી કરો તે કેમ થશે અમોને શુ પુછનાર નથી" વગેરેનો બચાવ તથા આજેજી કરી લખ્યુ કે તમો અતરે જલદીથી વરસ મોકલો કે સધો ફેસાદ ભાગી જાએ ઉપલા નવસારીની અંજુમન તરફથી મુંબઇની અંજુમન ઉપર તથા મોબેદો ઉપર આવેલા કાગજોની નકલ તા૦ ૧૬ મી સપટેમબર ૧૮૬૯ નો "પંજદા પરસત" માં દસ્તૂર એરચજી શોરાબજી મેહરજી રાણા વાલાએ છપાવેલીછે

3 નવસારીની વડી દરેમેહરને લગતી એક જુની ફેહરેશત જે સંવત ૧૬૮૯ (ઇ સ ૧૬૩૩) થી તે સંવત ૧૯૦૪ (ઇ સ ૧૮૪૮) સુધીની હતી, તેની એક પુનેવાલા દસ્તૂર હેરમુજજી મનોચેહરજી હોજદારને હાથની કરેલી નકલ અમારા જોવામાં આવી હતી, તેમાં સંવત ૧૮૩૪ (ઇ સ ૧૭૭૮) ના સાલના નાવરોની વીગતમાં નીચે પ્રમાણે લખેલુછે—

"સંવત ૧૮૩૨ ના થી નોશારીમા ગનીમનો ભેવ થાએઆ ને ગીરદી થાઈ તેવાર દસતુર સાહેબ શી શેરાબજી દસતુર રૂસતમજીએ શી સુરતથી તાકીદે કાગજ

આ૦ માણેકજી જમશેદજી દસ્તૂર મેહેરજી રાણાના.
આ૦ શાપુરજી ખરશેદજી વાછા.
આ૦ માણેકજી ખરશેદજી વાછા.
આ૦ ભીખાજી રતનજી નરીમાન.
આ૦ કાવસજી માણેકજી દાદાજી, વજીફદાર.
આ૦ જમશેદજી દારાબજી કાતરક.
આ૦ શાપુરજી ફરદુનજી પાવરી.
આ૦ માણેકજી પરભેજજી રતનજી આતીઆ.

---

આજ વર્ષમા એનવાડી અમરોલી તરફ શેઠ કાવસજી રૂસતમજી પટેલે એક મોટા તળાવ બધાવ્યો હતો, કે જે આજ સુધી "કાવસજી પટેલના તળાવ" ને નામે ઓળખાએછે.[2]

સુબઈની ગોદીના "માસ્ટર બીલ્ડરો" શેઠ માણેકજી લવજી વાડીઆ તથા શેઠ બહમનજી લવજી વાડીઆની વાહણ બાધવાના હુનરમાં પોતાના બાપના જેવીજ ચંપલાઈ જોઈ ઇગલાડથી "કોરટ-ઑફ-ડાએરેકટરો" એ તેમના પગારમા વધારો કરવાનું લખ્યું હતું, તથા વડા ભાઈ શેઠ માણેકજીને વરે એક રૂપાનું રૂલ તથા એક શાલ પોતાની તરફથી ભેટ મોકલી હતી.[2]

---

આજે વર્ષમા શેઠ દાદીભાઈ નોશરવાંનજીએ રૂની ગાસડીઓ દાબવાનો "સ્કરૂ" પેહલ વેહલો મુબઈ મધે હાલના એપાલો ઓટમા બધાવ્યો હતો, કે જે પાછળથી "દાદી સ્કરૂ" ને નામે ઓળખાવા લાગો હતો.[3]

---

## ઈ૦ સ૦ ૧૭૭૭.

તા૦ ૨૮ મી જાનેવારી.

રોજ ૧૭ માહ ૪ (શે૦) ૧૧૪૬ યજદજરદી.

આજ દીને વલસાડ મધે શમશત અજુમનનાં ઉઘરાણાથી એક દોખમુ બધાવી પરઠાવ્યામાં આવ્યુ હતુ.[4]

---

શાકલીઉ કે શરવે ભાઈરાનો બધા હમકાર બરશનુમ જારવી રાખજો. ઓદા ના કરેને એકએકને ભરોશે રેતા ના દગો થાએ તે ઊપર હમકાર જન ૬ છએ પોતાની જાતપર અગેજને મેહનત કરીને શ્રી દરેમેહરને જારવવાની વાત કાઢીને બરશનુમ શલામત રાખીઆ ને જન ૨ બેઊ (આતશબેહરામના તે વેલાના વારાદાર) પોતાની જાતથી છપપર અગેજી શ્રી આતશબેહેરામ શાહેબને શ્રી શુરત શલામત લેઇ ગીઆ તે જન ૨ બેઊના નામની વીગત—

દશતુર માણેકજી દશતુર જમશેદજી દશતુર રૂશતમજી,
તથા એ૦ શાપુરજી ખુરશેદજી શાપુરજી વાછા

એ જન ૨ શ્રી આતશબેહેરામ શાહેબને શ્રી શુરત શલામત લાએઆ તથા બરશનુમ જારવી શલામત રાખીઆ તે જન ૬ છઅના નામની વીગત—

આ૦ ભીખાજી રતનજી નરીમાન.
આ૦ માનેકજી ખુરશેદજી વાછા
આ૦ કાવશજી માનેકજી દાદાજી વજીફદાર
આ૦ શાપુરજી ફરદુનજી પાવરી.
આ૦ જમશેદજી દારાબજી કાતરક.
આ૦ માનેકજી પરભેજજી રતનજી આતીઆ

એ જન ૮ આઠ આતશબેહેરામ શાહેબને શુરત લેઈ ગીઆ તથા બરશનુમ સલામત રાખીઆ તેની મોજદ મેનતમે નાવર ૫) પાચ તેવનને શ્રી શાશભાથી બખશીશ આપીઆ શવત ૧૮૩૪ મા તેની વીગત એજે 'એ પાચ નાવર ઊપરાંગ કારેઆ પછી ૬ છઠો આવે તે વારાદાર શારે થાઇ"

૧ આ તળાવની ઈ૦ સ૦ ૧૭૭૭ માં કાઇ મરામત કરાવેલી તેના ખરચની યાદી એવણના તે વર્ષના ચોપડામાથી મળી આવેછે આ તળાવની પાસે હાલ જેઆ પાજરાપોલ તથા માહદેવબાગનુ દેહરૂં અને બીજી ઇમારતો આવેલીછે તે સઘળી જગા અસલમા એઓની પેહડીની હતી, તે ઈ૦ સ૦ ૧૮૩૫ માં એઓના એક દીકરા શેઠ રૂસતમજી કાવસજી પટેલે રૂ૦ ૬૧૦૦૦) ની કીંમતે શેઠો મોતીચંદ અમીચંદ, વખતચંદ ખુશાલચંદ, જમશેદજી જીજીભાઈ, અને બહમનજી હોરમજજી વાડીઆને "પાજરાપોલ" ને માટે વેચાતી આપી હતી વળી આ તળાવની મરામત ઈ૦ સ૦ ૧૮૩૪ લગણ એવણની પેહડી ખાતેથી થતી હતી, પણ એજ સાલની તા૦ ૨૪ મી મેએ અતરેના ગવરનર જાન અરલ ઑફ કલેરના હુકમથી સરકારના શેકરેટરી મી૦ એલ આર રીડે શેઠ રૂસતમજી કાવસજી પટેલ ઊપર એક પત્ર લખી એની મરામત સરકારને શીરાપે કરવાને જણાવ્યુ હતુ, કે જે હજુસુધી તેમજ થાયછે

૨ મુબઇના દરીયાઇ ખાતાના સુપરીનટેનડટ મી૦ ડબલ્યુ ટી મનીએ તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૧૦ ને દીને અતરેના ગવરનરની કૌનસીલ જોગ કરેલા એક રીપોરટમા લખેછે કેઃ—

31th. In reward of the merits of these worthy sons of Lowjee, the Government awarded, and the Court of Directors in 1776 approved of, an increase to their pay, and to the elder, Monackjee, the court directed a silver rule and a shawl to be presented in their name, as a testimony of their approbation of his past services, and to "encourage him to behave with the same diligence and fidelity as his father"

૩ "એપાલો ઓટ પર સાસુન બીલડીંગ નામની હવડે એલખાતી માહભારત હવેલીના આગળથી તે મરીન લાઈનના પાછલા છેડા સુધીમા એ સ્કરૂનુ અસલ મકાણ હતુ [મુંબઈનો બાહાર સફે ૭૦૯]

૪ એ દોખમુ પરઠાયાનો દાહડોવાર વલસાડવાલા આ૦ જમશેદજી પેશતનજીએ અમોને આપ્યોછે એની આગમજનુ એક જુનુ ઇટનુ દોખમુ વલસાડ મધે બાકી નરી આગળછે, તથા તેની સાથે એક નાધવી સગડી પણ હાલ અનામતછે

તા૦ ૨૧ મી મેએ.

સંવત ૧૮૩૩ ના, રોજ ૧૦ માહ ૮ (સં૦)

આજ દીને મુંબઈની પારસીની પંચાતના અકાબરોએ નવસારીની શમશત અંજુમનને એક કાગજ લખી પુછાવ્યું હતું કે અતરે મુંબઈ શેહરના દરમેઆનમા હીનમા ઘણાં સ્નાન થાયછે તેથી દોખ્મમા નવી જગા રહી નથી, અને બીજુ જુનું દોખ્મું હતું તેબી વાપડવા માંડયુ છે, પણ એવું માલમ પડેછે કે થોડા દિવસમા તેમાબી જગા રેહશે નહિ. માટે તમો અંજુમન સાહેબોને પુછયે છૈયે કે નાચારને મેલે એ બાબદમા દીનનો શો હોકમછે તે લખજો. હાલ તરત કાંઈ નવું દોખ્મું બાંધવાનું બની આવનુ નથી, અને અમોનેતો નાચારે એવું સુજેછે કે અતરે દોખ્માની જગા પાહાડ ઉપરછે, અને ત્યા કોઈની વસ્તી નથી, તેથી તે પાહડ ઉપર ચુના તથા પથરની પાકી ફરતી એક દેવાલ બાંધ્યે, અને ભંડારને ઠેકાણે મોટો ખાડો ખોડાવ્યે, અને ત્યા સ્નાન નખાવ્યે અગર તમારી નજરમાં પાકી દેવાલથી કામ ચલાવવાનું દુરસ્ત લાગેતો અમોને વીગતે લખજો કે દોખ્માથી કેટલા ગજ દૂર તે દેવાલનો વાડો કર્યે. આએ કાગજ અતરેથી એરીઆ પાસે પાક દીનનો વાએદો કરી મોકલ્યોછે, માટે તાકીદે જવાબ લખજો આએ પત્ર ઉપર નીચના પંચાતના અકાબરોની સહીઓછે.

આ૦ મનચેરજી બહમનજી શેઠના, આ૦ સોરાબજી નાનાભાઈ શેઠના, મોદી જમશેદજી બોમાભાઈ, દાવર નાનાભાઈ બેહરામજી, વાડીઆ માણેકજી લવજી, શેઠ દાદીભાઈ નોશરવાનજી, મનચેરજી જીવણજી રેડીમની, હીરજી જીવણજી રેડીમની, આ૦ ફરામજી નવરોજજી, આ૦ નોશરવાનજી નવરોજજી, આ૦ બહમનજી જીવણજી, આ૦ કાવશજી બમાજી, આ૦ જમશેદજી મેહરનોશજી.૧

તા૦ ૨૨ મી મેએ.

રોજ ૧૧ માહ ૮ (સં૦) ૧૧૮૬ યજદજરદી.

**મરણ**—બેહરામજી રૂસતમજી મોદી૨—ઉમર વર્ષ ૬૦) શેઠ રૂસ્તમજી જમશેદજી હીરજી મોદીના વડા દીકરા. એવણ પોતાના ભાઈ શેઠ બીમજી રૂસતમજી મોદી તથા પિત્રાઈ શેઠ નશરવાનજી દાદાભાઈ મોદી સાથે ભાગમા વ્યાપાર ચલાવતા હતા.

તા૦ ૩૦ મી મેએ.

સંવત ૧૮૩૩ ના, રોજ ૧૯ માહ ૮ (સં૦).

મુંબઈની પંચાતના અકાબરોના નવસારીની અંજુમન ઉપરના ગઈ તા૦ ૨૧ મીના પતરનો આજની તારીખે નવસારીના આગેવાન જરથોશતીઓએ જવાબ લખ્યો હતો તેમા મુંબઈમા જે મરકીથી ઘણા રવાનો થાયછે તે વિષે પોતાની દલગીરી જણાવી હતી, અને લખ્યું કે આપણી દીનની બારીકીથી તમો તો વાકિફ છો. પણ શું કર્યે; નાચારે જેમ તમે વિચાર ઠેરવ્યોછે તે માફક કામ લેવું, અને તે જગા ઉપર બાજ વગેરે ધરાવવી, તથા તૈયાર થયા પછી ત્યા વંદીદાદ અને સરોશ કરાવવા અગરજો તમારી તરફના પાહડની જગા ફરાખ હોયતો નવી દેવાલ દોખ્માથી ૩૦૦) કદમ દૂર રાખવી, અને જગો વધારે નહિ હોયતો વચ્ચે પાવી ખણાવી નજદીકમાં કામ લેવું, કાએજે વચ્ચે પાની આવી એટલે દૂર નજદીકનો ફરસો મુજારો નથી. આ કાગજ ઉપર નીચલા નવસારીના આગેવાનોની સહીઓ હતી.

દસ્તૂર સોરાબજી રૂસતમજી મેહરજી રાણાના, દસ્તૂર ખુરશેદજી બરજોરજી દારાબ પાલણના, દસ્તૂર રૂસતમજી જામાસપજી, દેશાઈ ખુરશેદજી ટેહમુલજી, દસ્તૂર રૂસતમજી બેહરામજી સંજાણા, દસ્તૂર શાપુરજી માણેકજી સંજાણા, આ૦ માણેકજી કાવશજી, આ૦ શાપુરજી ખરશેદજી વાછા, આ૦ નવરોજજી રતનજી, આ૦ જમશેદજી કેરશાસપજી, આ૦ માણેકજી બહમનજી ૩

તા૦ ૧૮ મી નવેમબર.

રોજ ૬ માહ ૨ (સં૦) ૧૧૪૭ યજદજરદી.

**મરણ**—રૂસતમજી બેહરામજી બનાજી૪—ઉમર વર્ષ ૫૦) શેઠ બેહરામજી બનાજી લીમજીના બીજા દીકરા. એવણ પોતાના બાપની "બનાજી લીમજી" ના નામથી ચાલતી વ્યાપારી પેહડીના પોતાના ભાઈઓ તથા પિત્રાંઈઓ સાથે ભાગયા હતા.

૧ એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણાવાલાએ નવસારીના પેહલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૮૬

૨ બાઈ માણેકબાઈ તે મરહુમ શેઠ જાગીરજી નશરવાનજી વાડીઆની વીરવાના બપાવા, તથા એવણના બેશીઓ શેઠ એદલજી તથા નશરવાનજી રૂસતમજી મોદીના બપાવાના બપાવા

૩ એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણાવાલાએ નવસારીના પેહલા દસ્તૂર મેહરજી રાણા કેતાબખાનામા મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૯૭

૪ સર કાવશજી જેહાગીર રેડીમની, સી એસ આઈ ના બાપના બપાવા સર કાવશજીના બાપ પોતાના મમાવા શેઠ હીરજી જીવણજી રેડીમનીના પાલખ થયાથી જાગીર હીરજી રેડીમની કરી લખાવા લાગા હતા બાકી તેમના બાપનુ નામ શેઠ નશરવાનજી રૂસતમજી બનાજી હતુ.

આએ વર્ષમા ભરૂચ મધે બાહિરકોટ હાથીબાર આગળ ત્યાના વડા દસ્તૂર કામદીનજી ફરદુનજીએ એક દરેમેહર બંધાવી પગલી હતી.[1]

---

આએ વર્ષમા મુંબઈની પારસી પંચાતે અંજુમન મેળવી એવો બંદોબસ્ત કીધો હતો કે આજ પછી કોઈબી બેહદીન મોબેદને છોકરી આપવી નહિ, અને મોબેદની છોકરી લેવી પણ નહિ.[2]

---

## ઈ૦ સ૦ ૧૭૭૮.

તા૦ ૧૦ મી ફેબ્રવારી.

રોજ ૩૦ માહ ૮ (થો) ૧૧૪૭ યજદજરદી.

**મરણ**—મોદી દાદાભાઈ નાનાભાઈ—સુરતવાળા મોદી નાનાભાઈ ભીમજીના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૬૬ મા પોતાના બાપના મરણથી તેમની જગોએ સુરતની જરથોસ્તી અંજુમનના વડા અગેવાન ઠરયા હતા. સુરતની ઇંગ્રેજી કોઠીમા મીણો સામાન, વગેરે પુરો પાડવાનુ કામ પણ એવણનાજ હાથમા હતુ.

---

આ વર્ષના જુન માસમા એક જમશેદજી બોઘાભાઈ મોદી તથા પારસી પંચાતના બીજા અગેવાનોએ મુંબઈના ગવરનર વીલ્યમ હારનબીને અરજ કીધી હતી કે કેટલાક હલકે વાઘેના પારસીઓ હમારા મજહબના કાયદાથી અજાણ છે, તેઓ હમારા ધારાઓ તોડેછે તેનો અટકાવ કરવાને વારેઘડીએ તેમને નજર કરાવવા સારૂ ન્યાયાધીસોને મેહનત આપવાને હમો ચાહતા નથી, માટે અરજ કરીયે છૈયે કે તેઓને પંચાતમા થોડાક ખાસડા મારીને શરમીંદા કરવાની તમો નામદાર હમોને રજા આપશોતો તેથી તેઓ બચાલ સુધરશે.[3]

---

તા૦ ૫ મી જુલાઈ.

આ વર્ષના જુન માસમાં મુંબઈના પારસી પંચાતના અગેવાનોએ ગવરનર વીલ્યમ હારનબીને કીધેલી અરજીનો જવાબ તે નામદારે આજ દીને પોતાની સહી સુધાનો પંચાત ઉપર મોકલી તેઓને સત્તા આપી કે તમારી જાતના ઘણાખરા લોકોએ જે બંદોબસ્ત એકમત થઈને કીધો હોય તે જે પારસી તોડે તેની બાબતમાં પંચાત મેળવીને તેની તજવીજ કરવી, અને તે પછી તમારી કોમના કાયદા પ્રમાણે જેઓએ તકસીર કીધી હોય તેઓને તમારા જમનોમાં આવવાની મનાઈ કરવાની અથવા ખાસડા મારવાની સજા કરવી. પણ બીજી શરીરને નૂકસાન પોહચે તેવી સજા કરવી નહિ[4]

---

[1] એ દરેમેહરવાળી જગાની થોડીક જમીન દસ્તુર કામદીનજીએ આએ વર્ષમાં વેચાતી લીધી હતી, તથા થોડીક જગા ઈ૦ સ૦ ૧૭૭૬ મા પારસી રતનજી એદલજી કામા અંકલેસરીઆએ તથા થોડીક જગા પારસી હીરા નાણાભાઈએ એવણને દરેમેહર બાંધવાના કામને સારૂ બખશેશ આપી હતી, તથા બીજી થોડીક જગા આએ વર્ષમા પારસી ફરદુનજી આરદરવાળીઆએ ભેટ આપી હતી, તે સઘળી સરવેહ ચારે કટકાની જમીન ઉપર આ દરેમેહર બાંધવામા આવી હતી એ દરેમેહર પરઠાયાનો દાહાડો વાર ભાવતો નથી, પણ વાર્ષિ ઉતના બખશેશનાબાઓની તારીખ જોતા માલમ પડેછે

[2] આની પચાસ વર્ષ આગમજ સુરત મધે મોબેદોએ બંદોબસ્ત કીધો હતો જે કોઈએ મોબેદની છોકરી બેહદીનને ઘેર આપવી નહિ, પણ બેહદીનની છોકરી મોબેદે લેવી

[ઈ૦ સ૦ ૧૮૪૩ મા જામે જમશેદ છાપખાનામા છપાએલી "અહેવાલે પંચાત" સફે ૪૨—૪૪—૫૦

[3] આ અરજીની નકલ "અહેવાલે પંચાત" માં સફે ૨૭૫ મે આવેલીછે, તે સદરહુ હેઠલ ઊતારીએછ:—

To

THE HONORABLE WILLIAM HORNBY ESQ

*President and Governor of His Majesty's*

*Castle and Island of Bombay &c*

The Humble Petition of the

MANAGERS OF THE PUNCHAT OF

PARSEES AT BOMBAY

*Most Humbly Sheweth,*

That your honor's Petitioner's, with greatest respect and submission, take the liberty to represent to your Honor, that some low Parsees, who are ignorant to the rules of our religion, are going to infringe the same which your Petitioners must prevent, but are unwilling to trouble the Justice every time to these people, therefore, we most humbly pray, that your Honor will permit of your Petitioners, of shamming them in the Punchat by beating them with a few *Shoes*, agreeable to their crime, which will certainly amend them

And your Petitioners as in duty bound shall ever pray &c

(*Signed*) JAMSET BOGA MODY AND OTHERS.

[4] આ જવાબની નકલ "અહેવાલે પંચાત" માં સફે ૨૭૭ મે દાખલ કરેલીછે તે પણ હેઠલ સદરહુ ઊતારીએછ —

TO THE PARSEES NOT OF THE PRIEST CASTE

You are hereby empowered to meet and inquire into all matters that are committed by your Caste contrary to what has been agreed to by the Majority of the Caste and to punish the offender agreeably to the rules of your Caste, so far as not permitting them to come to your feasts, or beat them with *Shoes*, but no other Corporal punishment.

(Signed) WILLIAM HORNBY

Bombay, 5th July 1778

આ ખાસડા મારવાની સજા છેક ઈ૦ સ૦ ૧૮૨૩ ના સાલ લગણતો પંચાત તરફથી ધમકીકાર કર્યામાં આવતી હતી એવુ જણાયછે.

તા૦ ૧૧ મી આગસ્ટ.

રોજ ૨ માહ ૧૧ (શે૦) ૧૧૪૭ યજદજરદી.

**મરણ**—કાવસજી હીરજી ગાની[1]—ઉમર વર્ષ ૬૫) એવણ ઈ૦ સ૦ ૧૭૩૫ મા સુરતથી શેઠ લવજી નશરવાનજી વાડીઆ સાથે અતરે આવ્યા હતા, અને જુની મારકીટમા ગાનીની દુકાન કાઢી તે વખતની રીત પ્રમાણે લોકોને કાહડવાની પડી બાની આપતા હતા, તથા સાથે જોશીપણુ પણ ચલાવતા હતા.

---

તા૦ ૧૩ મી અકટોબર,

રોજ ૩૦ માહ ૧ (ક૦) ૧૧૪૮ યજદજરદી.

**મરણ**—દસ્તુર કાઉશ ફરેદુન મુનજમી[2]—ઉમર વર્ષ ૬૭) સુરતના કદમી પથના એક પેહલા દસ્તુર. એવણ ઈ૦ સ૦ ૧૭૩૬ માં ઈરાનથી સુરત ખાતે આવેલા જમશેદ નામના દસ્તુર પાસે નજુમ તથા ફારસીનો એનમ પુખ્ત રીતે શિખ્યા હતા. તે પછી એવણે નજુમથી ગણત્રિઓ કરી લોકોને ઈરાનમા ચાલતા રોજમાહની તકરેણમા મત આપ્યુ હતુ. સુરતમા ઈ૦ સ૦ ૧૭૪૫ મા જે પેહલ વેહલા પારસીઓ કદમી થયા તેઓને ત્યાની દીનઆઈનની ક્રિયાઓ કરવાનુ કામ એવણે તથા દસ્તુર દારાબજી સોરાબજી કુમાના (દાદાદારૂ) એ માથે લીધુ હતુ, જેથી હિંદુસ્થાનમા કદમી ટોળાની પેહલી બોનેદી કરનાર એવો બે સાહેબો ગણાયછે. એવણે ફારસી તથા નજુમને લગતી કેતાબોનો એક મોટો સંગ્રહ પોતા પાસે કરેલો હતો.

---

તા૦ ૨૬ મી અકટોબર.

રોજ ૧૩ માહ ૧ (શે૦) ૧૧૪૮ યજદજરદી.

**મરણ**—દેશાઈ ટેહમુલજી જીવણજી—ઉમર વર્ષ ૫૦) નવસારીના પોલીઆ દેસાઈ જીવણજી માણેકજીના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૭૩ મા પોતાના બાપના મરણ પછી તેમનો દેશાઇગરીને લગતો વહીવટ ચલાવતા હતા. ઈ૦ સ૦ ૧૭૭૭ મા વરોડરાના ગાયકવાડ ફતેહસીંહ માહરાજે એવણને એક સરપાવ ભેટ આપ્યો હતો. એવણનુ મરણ સુરતમા નિપજ્યુ હતુ.

---

તા૦ ૧૮ મી નવેમબર.

રોજ ૬ માહ ૨ (શે૦) ૧૧૪૮ યજદજરદી

**મરણ**—ધનજીભાઈ મનચેરજી રેડીમની—ઉમર વર્ષ ૨૮) શેઠ મનચેરજી જીવણજી રેડીમનીના બીજા દીકરા એવણ પોતાના બાપની તરફથી ચીન ખાતે વ્યાપારને માટે ગયા હતા, ત્યાંથી થોડાક મહિના રહીને અતરે પાછા ફરતાં વાહણમાજ મરણ પામ્યા હતા. એવણે પેહલવેહલી ખોરદેહ અવસ્તાની ચોપડી પોતાના ઉપયોગને માટે ગુજરાતી ભાષામા સુરતવાલા દસ્તુર રૂસ્તમજી મેહરામજી સંજાણા પાસે લખાવવા માંડી હતી, પણ તે એમનાં મરણ પછી તૈયાર થઈ હતી.[3]

---

## ઈ૦ સ૦ ૧૭૭૯.

તા૦ ૨૨ મી ફેબરવારી.

રોજ ૧૨ માહ ૫ (શે૦) ૧૧૪૮ યજદજરદી.

**મરણ**—દેશાઈ ખુરશેદજી ટેહમુલજી—ઉમર વર્ષ ૮૧) નવસારીવાલા દેશાઈ ટેહમુલજી રૂસ્તમજીના વડા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૨૮ મા પોતાના બાપનાં મરણથી પીલાજીરાવ ગાયકવાડે મદદ કરી તેમની નવસારી કસબાની ચોધરાઈ તથા દેશાઈગીરૂ અપાવ્યુ હતુ. તેણે (પીલાજીરાવે) કેદાજીરાવ નામના પોતાના એક એશીને નવસારીનો સુબો નેમ્યો હતો, પણ તેને સઘળુ કામ તથા વહીવટ એવણને પુછીને કરવાનો હોકમ આપેલો હતો. નવસારી તથા તેને લગતા માહલોનાં મેહશુલમાં એવણની મદદથી ઘણો વધારો થયો હતો, અને તે ઉપરથી ગાયકવાડ સરકારનો એવણ ઉપર મોટો ઈતિબાર બેઠો હતો. નવસારીની ગરીબ રૈયતને એવણે ગાયકવાડી સરકારમા વગ લગાડી ઘણાક અણઘટતા વેરાઓમાથી છોડવી હતી, તથા કેટલીક વખત ગરીબોની તરફના વેરાવો એવણે પોતાની ગીરેહથી આપ્યા હતા. એવણે તા૦ ૨ જી ડીસેમબર ૧૭૬૫ ને દીને નવસારીમા પોતાને ખરચે આતશબેહરામ પરઠાવ્યા હતા, તથા નવસારીના પારસીઓને સરઆવસરે વાપરવાને એક જમનશાલાનો ઓટલો બંધાવી આપ્યો હતો કે જે આજસુધી "ખુરશેદ વાડી" ને નામે ઓળખાયછે. નવસારીની જરથોસ્તી અંજુમનના એવણ એક મુખ્ય અકાબર હતા, અને પોતાની કોમમા ઘણાક સુધારાઓ કરવાની એવણે આગેવાની લીધી હતી.

---

તા૦ ૧૧ મી આપરેલ.

રોજ ૩૦ માહ ૬ (શે૦) ૧૧૪૮ યજદજરદી.

**મરણ**—દસ્તુર સોરાબજી રૂસ્તમજી મેહરજી રાણાના—ઉમર વર્ષ ૬૦) નવસારીનાના દસ્તુર રૂસ્તમજી

---

[1] શેઠ કાવસજી હોરમસજી ગાંધીબાઈના બાપના બપાવા

[2] મરહુમ મોબેદ ફરદુનજી મરજબાનજીના બપાવા

[3]—આ ચોપડી હાલમા એ૦ મનચેરજી જામાસપજી વાછા પાસે મોજુદછે તે એવણના બન્નેવી શેઠ કેખશરૂ સોરાબજી રેડીમનીએ પોતાના પથકી એ૦ નવરોજજી ફરદુનજી વાછા (એ૦ મનચેરજીના કાકા) ને ભેટ આપી હતી એની ઉપરથીજ મુંબઇમા ખોરદેહ અવસ્તાની ઘણીક ચોપડીઓ છપાયલીછે

માણેકજી મેહરજી રાણાના બીજા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૬૧ મા પોતાના ભાઈ દસ્તૂર જમશેદજીના મરણથી નવસારીના વડા દસ્તૂરનો ઓધ્ધો મલ્યો હતો. એવણના વખતમા દેશાઈ ખુરશેદજી ટેહમુલજીએ નવસારીમાં નવા આતશબેહરામ પોતાને ખરચે બંધાવી તા૦ ૨ જી ડીસેમ્બર ૧૭૬૫ ને દીને તખ્તનશીન કીધા, તેની સઘળી ક્રિયા એવણના ઉપરીપણા હેઠળ થઈ હતી, તથા તેની પેહલી બોઈ પણ એવણે દીધી હતી. વળી એવણનાજ વખતમા ઈ૦ સ૦ ૧૭૭૬ મા નવસારીમા લુટ ચાલ્યાથી મજકૂર આતશબેહરામને સુરત ખાતે લઈ જવા પડયા હતા, તથા એવણને પોતાને પણ થોડુ વખત ત્યાં જઈ રેહવુ પડયુ હતુ.

---

તા૦ ૩૦ મી આપરેલ.

રોજ ૧૯ માહ ૭ (શ૦) ૧૧૪૮ યજદજરદી.

**મરણ**—કાવશજી ખરશેદજી કુંવરજીમોદી[1]—એવણ અતરેની "કમીસરીએટ" તથા "હાસપીટલ" માં તેમજ ખાનગી વૈદ્યોને સઘળી જાતની ઈંગ્રેજી તથા ગામઠી દવા તેમજ ઝાડ પાલો, વગેરે પુરા પાડતા હતા. જેથી "હકીમ" ના નામથી પણ એવણ ઓળખાતા હતા. એ ઉપરાંત એવણ ઘાસનો ધંધો મોટા પાયાપર ચલાવતા હતા, તથા તે માટે અતરેના તથા બાહેર દેશાવરોના ઘણાંક ખેતરો ઈજારે રાખેલાં હતાં. સરકારને પણ જોઈતુ ઘાસ એવણજ પુરૂ પાડતા હતા.

---

તા૦ ૭ મી મેઓ.

રોજ ૨૬ માહ ૭ (શ૦) ૧૧૪૮ યજદજરદી.

આજ દીને મુંબઈ મધે ચોપાતીના ડુંગર ઉપર શમશેત જરથોશ્તી અજુમને ઉદ્યગતથી એક દોખમુ બંધાવી પરશાબ્યુ હતુ.[2]

# ઈ૦ સ૦ ૧૭૮૦.

તા૦ ૯ મી ફેબરવારી.

રોજ ૨૯ માહ ૫ (ક૦) ૧૧૪૯ યજદજરદી.

સુરતથી શેઠ ધનજીશાહ મનજીશાહે ઈરાન તથા હિંદુસ્થાનના જરથોશતીઓ વચ્ચેના એક મહિનાના તફાવત બાબેની જોસતજુઈ કરવાને ઈ૦ સ૦ ૧૭૬૮ મા એ૦ કાઉસ રૂસતમ જલાલને ઈરાન મોકલ્યો હતો, તે ત્યાંના જરથોશતીઓથી મુલા કાઉસનો એલકાબ લઈ બાર વર્ષે પોતાનુ કામ બજાવી પાછો પોતાના બેટા ફીરોજને લઈ આજ રોજે સુરત આવી પોહતો હતો.[3]

---

તા૦ ૨૯ મી મેઓ.

રોજ ૧૯ માહા ૮ (શ૦) ૧૧૪૯ યજદજરદી.

**મરણ**—દાદાભાઈ માણેકજી દારૂખાનાવાલા[4]—(ઉમર વર્ષ ૨૮) શેઠ માણેકજી મનચેરજી દારૂખાનાંવા-

---

૧ અતરેવાલા શેઠ કુંવરજી, બરજોરજી, તથા જાંગીર રૂસતમજી મોદીના બપાવાના બપાવા એવણના વડા દીકરા શેઠ કુંવરજી "કુમલા મોદી" ના નામથી ઓળખાતા હતા તેવણ પણ પોતાના બાપની સાથે તેમના "કમીસરીએટ" તથા "હાસપીટલ" મા તેમજ ખાનગી વૈદ્યોને સઘળી જાતની ઈંગ્રેજી અને ગામઠી દવા તથા ઝાડ પાલો, વગેરે પુરા પાડવાના તેમજ ઘાસના ધંધામા શામેલ હતા. તે પછી બાપનાં મરણબાદ પોતે એકલાએ તે સર્વે વહીવટ ઉપાડી લીધો હતો તે વેળાની મુંબઈની પારસીની પંચાતના એવણ એક અગ્રેસર હતા એવણના નાહના ભાઈ શેઠ નાનાભાઈ "નાહના મોદી" ના નામથી ઓળખાતા હતા તેવણ પણ પ્રથમથીજ બાપના વહીવટમાં શામેલ હતા, અને બાપનાં મરણ બાદ પોતાને હીસાબે ઘાસનો ધંધો મોટા પાયાપર ચલાવતા હતા.

૨ આ દોખમુ ચોપાતીના ડુંગરના દરવાજામા પેસતાજ પેહલુ વેહલુ ઉભેલુ છે, અને તેના દરવાજાના માથાપર નીચલી ફારસી તખ્તી કોતરેલીછે

[illegible]

مقام پرتو خورشید ستایشگر مهرپان

این دادگاه بمعنی دخمه را موبدان و بهدینان

هند — مرتب ساخته روز آشتاد ماه شهریور

سنه ۱۱۴۸ [illegible]

**ભાષાંતરની**—"બનામે ઈજદે બખશાયદે બખશાયશગર મેહરબાન

"આએ દાદગાહ ઈયાને દોખમુ હિંદુસ્થાનના "મોબેદો તથા બેહદીનો (ની અંજુમને) એ તૈયાર "કરાવ્યુછે. રોજ આશતાદ માહ શેહેરેવર ઈજદે સને "૧૧૪૮ યજદજરદી"

૩ મરહુમ મુલ્લાં ફીરોજની બનાવેલી "દીને બેરદે મનજુમે" ની એવણને પોતાને હાથની લખેલી નકલ કે જે મુલ્લા ફીરોજ કેતાબખાનાંમા મોજુદછે તેમાં સફે ૭૧ મે

૪ એવણના બપાવા શેઠ મનચેરજી મનાજોગી સુરતની પાસેના "મદરોઈ" નામનાં ગામમાથી પેહલ વેહલા ઈ સ ૧૭૨૦ ને આસરે મુંબઈ આવ્યા હતા, અને સરકારી તોપખાનાને માટે બારૂદ બનાવનાર એક પોરતુગીઝના હાથ હેઠળ ચાકરી રહ્યા હતા આ કામમા એવણે ઘણી માહીતગારી મેળવ્યાથી તે પોરતુગીઝના મરણ બાદ બારૂદ બનાવવાનુ કારખાનુ સરકારે એવણને સોપ્યુ હતુ આથી એવણ "દારૂખાનાવાલા" ની અટકથી ઓળખાવા લાગા હતા. એવણના મરણ પછી એવણના વડા દીકરા શેઠ માણેકજી મનચેરજી દારૂખાનાંવાલાને સરકારે એ કારખાનાના વડાનો ઓહદો આપ્યો હતો, કે જે તેઓએ પણ મનરતીજ ભરી રીતે બજાવ્યો હતો.

બાના વડા દીકરા. એદલજી અતરેનાં સરકારી તોપખાનાને માટે બારૂત બનાવવાના કારખાનામાં પોતાના બાપના હાથ હેઠળ હતા, અને તેમનાં મરણ બાદ ત્યાંના વડાનો ઓહદ્દો એદલજીને મલ્યો હતો.

---

આએ વર્ષમાં થાણામાં શેઠ કાવસજી તથા દોરાબજી રૂસતમજી પટેલે ભાડુપ જવાના રસ્તા તરફના ડુંગર ઉપર એક દોખમુ બંધાવી પરઠાવ્યુ હતુ.[1]

---

આએ વર્ષમાં રૂસતમજી કેરશાસ્પજી નામના એક પારસીએ પેહલવેહલી અંગ્રેજીમાં "કાલેનડર" છાપી પરગટ કીધી હતી.[2]

---

## ઈ૦ સ૦ ૧૭૮૨.

તા૦ ૭ મી ફેબરવારી.

સંવત ૧૮૩૭ ના, રોજ ૨૮ માહ ૮ (શે૦).

આજ દીને સુરત મધે રૂસતમપરા, ફરામપરા, નાહનપરા, તથા શાઈઆદપરાના નવસારી કસબાને તાબેના સમસ્ત મોબેદોની અંજુમને મલી નવસારીમા ગોરજી પડવાથી લોકોમાં કાંઈ દબદબો રહ્યુ નહિ, અને પાયમાલ થયા તે ઉપરથી વેહવા, તથા શનગાર, તથા નાતગાની રીતનો આએ પ્રમાણે બંદોબસ્ત કીધો હતો. "વેહવાની રીતના છોકરાની માએ જે વેહવાન તેને રૂ૦ ૫) સારીના આપે તથા છોકરાના બાપને રૂ૦ ૧) તથા જમાઈને રૂ૦ ૧) મલી જુમલે રૂ૦ ૭) રીત કરે, તથા શનગાર અને નાતરાંની રીતનાબી રૂ૦ ૭) આપે તથા લીએ. વેહવાઈ, જમાઈ તથા વેહવાન સિવાય કોઈ બીજાને કાંઈ આપે નહિ. તથા પદ જેવુ પામે તેવુ આપે એ બંદોબસતથી જે ફરે તે પંચાતમા ગુનેહગારીના રૂ૦ ૫૦) આપે."

આ બંદોબસ્ત ઉપર નીચના ૬૯ મોબેદોની શહીઓછે—

દસ્તૂર ખુરશેદજી બરજોરજી દારાબ પાલણજીના, દસ્તૂર રૂસતમજી બેહરામજી સંજાણા, દસ્તૂર શાપુરજી માણેકજી સંજાણા, એ૦ શાપુરજી જીવણજી દાદાજી, બરજોરજી એદલજી કોટવાલ, કેરશાસ્પજી જમાસ્પજી માડન, માણેકજી ખરશેદજી મથાની, ભીખાજી દાદાજી મહીઆર, ફરામજી રૂસતમજી કુકા, હોરમજજી બરજોરજી ઉનવાલા, ચેહરીઆરજી ફરામજી પાવરી, બરજોરજી નશરવાનજી પાવરી, હીરાજી કાવશજી રાનજી, દારાબજી રૂસતમજી કુકાજી, બહમનજી ફરામરોજ, બહમનજી ખુરશેદજી, ફરામજી અસપંદીઆરજી, હોરમજજી દોરાબજી, ફરામજી કાવશજી ગોર, શાપુરજી જીજીભાઈ પાવરી, દારાબજી હોરમજજી ઉનવાલા, માણેકજી બેહરામજી દાબુ, શાપુરજી રૂસતમજી મુના, ખુરશેદજી ચેહરીઆરજી ધાલી, પેશતનજી મનોચેહરજી આતીઆ, ફરામજી દારાબજી માડન, બેહરામજી માણેકજી પાવરી, ચેહરીઆરજી જીવણજી આતીઆ, સોરાબજી બહમનજી કોટવાલ, રૂસતમજી કેશાવજી નાહનીઆ, નોશરવાનજી ફરદુનજી, ભીખાજી ખુરશેદજી ઉનવાલા, કાવશજી રતનજી ઉનવાલા, રૂસતમજી આદરજી માડન, કાવશજી કેરશાસપજી ફટાકીઆ, માણેકજી હોરમજજી સંજાણા, રૂસતમજી નવરોજજી કાતરક, મેહરનોશજી બરજોરજી ગાદા, જમશેદજી રૂસતમજી કોટવાલ, ખુરશેદજી ટેહમુરજી ગોભાઈ, મનોચેહરજી પેશતનજી કાતરક, બેહરામજી જમશેદજી બેજીઆ, શાપુરજી ફરદુનજી શહીઆરજી, કાવશજી એદલજી કોટવાલ, ફરામજી નવરોજજી માડન, શાપુરજી જમશેદજી કોટવાલ, મનોચેહરજી એદલજી આતીઆ, નોશરવાનજી દારાબજી બામજી, દારાબજી ચેહરીઆરજી

---

૧ આએ દોખમુ પરઠાયા પછી ત્યા પેહલવેહલુ રવાન તા૦ ૨૭ મી જુન ૧૭૮૧ ને દીને પારસી વીરાજી કાલીજી (તે વરોડરાના ચીફ જસટીસ ખાન સાહેબ બરશેદજી રૂસતમજી થાણેવાલાના બપાવાના બપાવા)નુ થયુ હતુ, જેથી એ દાકડેથી નશેસાલાર રૂ૦ ૩૦) ને વરસાશે નયુક થાણામા રાખવો કીધો હતો, એવુ એ દોખમુ બંધાવનાર ધણીઓના ઈ સ ૧૭૮૧ ના ચોપડામાથી માલમ પડેછે એ દોખમાની સામે સગડી બાંધેલી ન હતી તે માટે તા૦ ૨૭ મી ડીસેમબર ૧૭૮૮ ને દીને થાણાની શમસ્ત જરથોસ્તી અંજુમને એક અરજી શેઠ કાવશજી તથા દોરાબજી રૂસતમજી પટેલને નામની કીધેલી અમારી પાસે મોજુદછે, તેમા લખેછે કે.—

"શાહેબજી જે કાંઈ નેકનામીનુ કામ હતુ તેતો શાહેબજીએ ઊઠાવ્યુ ને હવે હલકુ છે તેની અરજ સારે અંજુમન કરેછે જે શેઠજી અમાને એક ભારી દુખછે જે સગડી વનાનુ દુખ ભારીછે તે દુખનુ ભાંજનાર તમોછો સગડીની ધણી વીપતછે તે માટે કાગજ વાચતાને વાર શાહેબજી સગડીનુ કામ ઊઠાવજો શાહેબજી તે અમો ગરીબ લોકની અરજછે બારના લોક અમાને હશેછે જે સગડી વગરનુ દખમુ શુ કામ આવેછે તે માટે," વગેરે

એ પછી ઈ૦ સ૦ ૧૮૪૩ માં એઓના વારસ શેઠ રૂસતમજી કાવશજી પટેલે થાણામા એક બીજુ મોટુ દોખમુ બંધાવ્યાથી એ દોખમુ પડત પડેલુછે

૨ મુમબઈનો બાહાર સફે ૨૪૮ આ જુના "કાલેનડરો" ની નકલ મુમબઈમા કેહેથી મલી શકતી નથી સર્વથી જુનામા જુના ઈંગ્રેજી કાલેનડર ઈ૦ સ૦ ૧૭૯૩, ૯૫ અને ૧૮૦૦ ના શેઠ હીરજી અરદેશર દાદીશેઠ પાસેછે એક ઈ૦ સ૦ ૧૮૦૦ નાની નકલ આ પુસ્તક રચનાર પાસેછે, અને તે પછીના ઈશાને ઈ૦ સ૦ ૧૮૦૧ થી સઘળા સંપુરણ અતરેની શેક્રેટરીએટના "રીકારડ રૂમ" માથી મલી આવેછ

દાજી, એદલજી ફરામજી બેમાક, ખરશેદજી મેહરનોશજી મામાં, ભીખાજી ફરદુનજી ઉનવાલા, ફરદુનજી બહમનજી ઉનવાલા, દારાબજી મેહરનોશજી પીર, મનોચેહરજી કાવસજી મનાની, હોરમજજી શેહરીઆરજી દાએમા, ફરામજી નવરોજજી કોટવાલ, માણેકજી શેહરીઆરજી દાજી, શાપુરજી કાવસજી કાતરક, બહમનજી મેહેરનોશજી પીર, ખરશેદજી મેહરનોશજી માડન, એદલજી રૂસતમજી પીર, દારાબજી રૂસતમજી દાબુ, ભીખાજી દારાબજી દાજી, કાવસજી બેહરામજી કોટવાલ, બેહરામજી જીવણજી તત, દારાબજી હોમજી ઉનવાલા, ખુરશેદજી મનોચેહરજી પાવરી, ટેમુલજી જીજીભાઈ પાવરી.[1]

---

તા૦ ૧૭ મી આગસટ.

રોજ ૯ માહ ૧૧ (શે૦) ૧૧૫૦ યજદજરદી.

**મરણ**—ખરશેદજી શાપુરજી મેજર—ઉમર વર્ષ ૫૦) મરહુમ મેજરનાં ખાનદાનના વડવા. એવણ સુરતની પાસેનાં ઉમરા ગામમાંથી ઈ૦ સ૦ ૧૭૫૨ મા મુંબઈ આવ્યા હતા, અને મેજર એ. રામસેના હાથ હેઠળ તેના કારભારી તરીકે રહેલા હતા. ઉપલા અમલદાર સુરત તથા મુંબઈમાં મોટા એઓધાપર હોવાથી એવણ તેની મારફતના વગને લીધે પારસીઓમાં સારૂ માન ધરાવતા હતા.

---

તા૦ ૧૯ મી આગસટ.

રોજ ૧૧ માહ ૧૧ (શે૦) ૧૧૫૦ યજદજરદી.

**મરણ**—દસ્તૂર કામદીનજી ફરદુનજી ભરૂચવાલા[2]—ઉમર વર્ષ ૫૦) ભરૂચના વડા દસ્તૂર. એવણ ફારસી તથા પેહલવી એલમમાં ઘણા ખબરદાર હતા, અને જોતિશપણ પણ સારીપેરે જાણતા હતા. સુરત તથા ભરૂચમાં કદમી, શેહનશાહીઓની તકરારોની વખતે એવણે શેહનશાહીઓની તરફથી કદમી એતેકાદ ધરાવનારાઓ સાથે ઘણી તકરારો ચલાવી હતી, તથા તે માટે સુરત ખાતે પણ આવ્યા હતા. ભરૂચમાં બાહેરકોટ હાથીખાર આગલ એવણે પોતાના ખરચથી એક દરેમેહર ઈ૦ સ૦ ૧૭૭૭ મા પરસાવી હતી.

---

તા૦ ૨ જી નવેમબર.

રોજ ૨૧ માહ ૧ (શે૦) ૧૧૫૧ યજદજરદી.

**મરણ**—કાઉસજી રૂસતમજી મીરજા ખુશરો બેગ—ઉમર વર્ષ ૬૫) ઉદવારેવાલા દસ્તૂર રૂસતમજી શેહરીયારજીના ત્રિજા દીકરા. એવણ પ્રથમમાં જ્યારે પોતાના બાપ સાથે નવસારીમાં હતા ત્યારે, ત્યાં, તથા સુરત ખાતે જઈ ફારસી ભાષા શિખ્યા હતા. એ પછી મુસાફરીનો શોખ થયાથી ઈ૦ સ૦ ૧૭૪૧ મા સુરતથી લાગલા દીલ્હી ગયા હતા. ત્યાં કોઈ લાગવગથી એમને પાદશાહની દરબારમાં ઓળખાણ થઈ, અને રાજ્યને લગતું કાંઈ કામકાજ કરી આપવાથી પાદશાહે એમને "મીરજા ખુશરોબેગ" નો એ લકાબ[3] તથા જાગીર અને કેટલુક ઈનામ આપ્યું હતું. એ પછી ઈ૦ સ૦ ૧૭૬૦ ના મેએ માસમાં એવણ પણ દીલ્હીથી શેઠ ચોરાબજી કાવસજી નેકસાઅતખાનની સાથેજ સુરતમાં આવ્યા, અને ત્યાંજ જીંદગી ગુજારી હતી.

---

આએ વર્ષની શરૂઆતમાં રઘુનાથરાવ પેશવાએ ઈંગ્લાંડ ખાતે પોતાનાં રાજ્યને માટે કાંઈ મદદ મેળવવાને પોતાના હનમંતરાવ નામના હિંદુ કારભારીને આડ઼વીઆ, તથા મનીઆર નામના પારસીને તેના મદદનીશ તરીકે ત્યાં મોકલ્યા હતા. તેઓની તે વેળાની પાર્લા-

---

૧ એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણાવાલાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહરજી રાણા કિતાબખાનામાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૨૮.

૨ એવણના વડવાઓ ભરૂચમાં ઘણા અસલના વખતથી દસ્તુરી કરતા આવ્યા હતા. તેઓના નામો મુલાં કાઉસ રૂસતમ જલાલને હાથની ઈ૦ સ૦ ૧૭૮૭ મા લખેલી ખોરદેહ અવસ્તાની પેહલવી તથા ફારસીમાં માએની અને શરેહની એક ચોપડી કે જે તેણે યજદના કોઈ દસ્તૂરની ચોપડી પરથી ઊતારી લીધી હતી, અને જે હાલમાં મુંબઈના કદમી પંથના વડા દસ્તૂર શોરાબજી રૂસતમજી મુલાં ફીરોજના હસ્તકમાંછે, તેના પેહલા પાનાપર નીચે પ્રમાણે લખેલાછે.

મુલાં કાઉસ—રૂસતમ—શાહપુર—એજદીઆર—કાઉસ—કામદીન—પદમ—રામીઆર—કાહનાન—આદરબાદ—નેકાર—ખુરશેદ—રામીયાર—હોરમજદયાર—રામીયાર—પેશોતન

એઓ માહેલા છઠા દસ્તૂર કામદીન પદમને ત્યાં ત્રણ બેટાઓ હતા. તેમા વડો ફરેદુન, બીજો કાઉસ, અને ત્રિજો બેહરામ. ફરેદુનની ઓલાદમાં દસ્તૂર કામદીનજી નીચે પ્રમાણે આવેછે—

દસ્તૂર કામદીન—ફરેદુન—જમશેદ—કામદીન—ફરેદુન

એ ઊપરથી જણાયછે કે દસ્તૂર કામદીનજી તથા મુલાં કાઉસ એકજ વડવાના નબીરા હતા. એઓના વડવા દસ્તૂર કામદીન પદમ તથા પદમ રામીયારના નામો આપણે આગલા સફાઓમાં રેવાયતોના સંબંધમાં વાંચ્યાછે. એ સઘળા ભરૂચના દસ્તૂરો આગલા વખતમાં ઘણા ખબરદાર થઈ ગયેલા કેહવાયછે. ત્યાં નવાબના વખતમાં મોટી આરબી તથા ફારસી ભાષાની એક મદરેસા હતી તેમાં કેહછે કે એઓ શિખવાને તથા શિખવવાને જતા હતા.

૩ આ ઊપરથી એવણનું કુટુંબ આજસુધી "મીરજા" ની અટકથી ઓળખાએછે.

મેટના એક નામીચા અધિકારી હાનરેબલ એડમંડ બર્કે ઘણી સારી પરોણાગત કીધી હતી, તથા "બિકન્સ ફીલ્ડ" મા એક કુવાદે મકાન તેઓને રેહવાને આપ્યુ હતુ, અને ત્યાના ઘણાક પ્રખ્યાત ગ્રહસ્થો તેમની મોલાકાત લેવાને આવતા હતા. ચોમાસામા તેઓ પાછા અતરે ફર્યા હતા.[૧]

૧ આ મનીયાર પારસી કયા કુટુંબનો હતો, તથા હાલમા તેના કોણ વંશીછે, તે વિષેનો કસ્સો પતો મળતો નથી, (ધારીએસે એ કોઇ સુરતનો પારસી ગ્રહસ્થ હશે) પણ મરહુમ શેઠ કરસનદાસ મુળજીએ પોતાની "ઇંગલંડમા પ્રવાસ" ની ચોપડીની બીજી આવૃતિમા સફે ૭૦—૭૧ મે ટાકેલા નીચલા ઇંગ્રેજી ફકરા પ્રમાણે તે (મનીયાર પારસી) અને હનમંતરાવ અતરે પાછા આવ્યાબાદ રઘુનાથરાવ પેશવાએ મી॰ બર્કને તેની મેહરબાનીને માટે ઉપકાર પત્ર લખ્યો હશે, તેના જવાબમા મી॰ બર્કે નીચે મુજબ પેશવા ઉપર લખ્યુ હતુ —

"You set too much value on the few and slight services, that I have been able to perform for your agent Hunumant Rao, and his assistant Manuir Parsi It was nothing more than a duty one man owed to another Hunumant Rao has done me the honour of being my guest for a very short time, and I endeavoured to make my place, as convenient as any of us are able to do, for a person so strictly observant as he was, of all the rules and ceremonies of the religion, to which he was born, and to which he strictly conformed, often at the manifest hazard of his life To this I have been witness We have, however, Sir, derived one benefit from the instruction he has given us, relative to your ways of living, that whenever it shall be thought necessary to send gentoos of a high *caste* to transact any business in this *kingdom, on giving proper notice*, and on obtaining proper licence from authority for their coming, we shall be enabled to provide for them in such a manner as greatly to lessen the difficulties in our intercourse and to render as tolerable as possible to them a country, where there are scarcely, six good months in the year The suffering these gentlemen underwent at first was owing to the ignorance not unkindness of this nation I am sorry, Sir, to inform you that I can give you no sort of hope of your ever obtaining the assistance of the troops you require It is best at once to speak plainly, when it is not in our power to act. Hunumant Rao is a faithful and an able servant of yours, and Manuir Parsi used every exertion to second him If your affairs have not succeeded to your wishes, it is no fault of theirs"

☞ *To the preceding letter, the following is a foot note —*

"The object of this letter is incomplete, and one that of Ragunath Rao to which it is in reply, has not been found amongst Mr Burke's papers The origin of the correspondence appears to be this early in 1781 Hunumunt Rao—a Brahmin of high caste, and Manuir Parsi, arrived in England as agents of Ragunath Rao, who had some business to transact with East India Directors and British Government They were found by Mr Burke under very unpleasant circumstances, occasioned by their peculiar modes of life, and the obligations of their religion, with the attention to strangers for which Mr Burke was so remarkable, he took them down to Beaconsfield and it being summer, gave them up a large green house for their separate use where they prepared their food according to the rules of their *caste*, performed their ablutions, and discharged such other duties as rites of their religion and their customs required, and as circumstances permitted They found great pleasure in Mr and Mrs Burke's society and where they were visited by many distinguished people whilst they sojourned at Beacon field" In autumn they set out on their return to India and on their arrival there, Ragunath Rao wrote to thank Mr Burke for his kindness to his agents The fragment of Burke's reply, which is here given was written probably at the end of the year 1782"—*Burke's Life, vol 3rd P 46*"

## ઈ૦ સ૦ ૧૭૮૨.

### તા૦ ૨૧ મી આપરેલ.

આજ દીને ગુજરાતમા એક મોટું દરિયાઈ તોફાન થયું હતુ, કે જેને "ડરંન" નુ તોફાન કેહછે, તેમાં ઘણાંક વાહાણો તથા માણસો ડુબી ગયા હતાં, અને બીલીમોરા ગામ સઘળું ધસડાઈ ગયુ હતુ. આ તોફાનથી ગુજરાતના ઘણા પારસીઓને નુકસાન થયું હતુ.[૨]

### તા૦ ૨૭ મી સપ્ટેમબર.

રોજ ૨૦ માહ ૧૨ (શે૦) ૧૧૫૧ યજદજરદી.

**મરણ**—મોદી કાઉશજી ભીમજી—ઉમર વર્ષ ૭૫) સુરતવાલા મોદી ભીમજી કુવરજીના બીજા દીકરા. એવણે ઈ૦ સ૦ ૧૭૭૮ મા પોતાના ભત્રિજા શેઠ દાદાભાઈ નાનાભાઈ મોદીના મરણથી સુરતના પારસીઓના વડા અધિકાર ઠક્યા હતા. સુરતની ઇંગ્રેજી કોઠીમા એવણ દલાલી તથા વ્યાપાર પણ કરતા હતા

૨ ઈ૦ સ૦ ૧૮૨૬—૨૭ ની કમીસાની તકરારની વેળાએ મુલા ફીરોજ બીન કાઉસના "મુંબઈ સમાચાર" મા લખેલા સઘળા પત્રોના સંગ્રહની એક મોટી લગભગ ૬૫૦ પાનાની ચોપડી જે ઈ૦ સ૦ ૧૮૨૮ માં મોબેદ ફરદુનજી મરજબાનજીએ પોતાનાં "મુંબઈ સમાચાર" છાપખાનામા છાપી હતી, પણ કાઇક સંજોગને લીધે તેની ઘણી થોડી નકલો બાહેર પડી હતી, તેમાની એક હાનરેબલ શેઠ સોરાબજી શાપુરજી બંગાલી પાસે અમારા જોવામા આવી હતી, તેમા સફે ૬૬ મેની મારજનમા નોટ આપી આ મોટા તોફાનની કેફીઅત લખી છે કેહછે કે આ તોફાનની વેળાએ મુલા ફીરોજજી પણ ભરૂચથી અતરે આવતા હતા, અને તેમનો સઘળો અસબાબ તથા ઘણીક કીતાબો લાવેલી કીતાબો ગરક થઇ ગઇ હતી, તથા પોતે પાણીમાં તરીને કીનારે આવ્યા હતા.

## ઈ૦ સ૦ ૧૭૮૩.

તા૦ ૧૦ મી જુન.

રોજ ૧ માહ ૯ (શે૦) ૧૧૫૨ યજદજરદી.

**મરણ**—એદલજી ફરામજી શેઠના[1]—ઉમર વર્ષ ૬૫) શેઠ ફરામજી રુસતમજી શેઠના બીજા દીકરા. એવણની મુંબઈમાં કોટ તથા મજગામ તરફ ઘણીક જમીન હતી; તેમજ નામદાર ઈસ્ટ ઈંડીઆ કંપનીના અમલદારોને અતરે બ્યાપાર કરવાને નાણાંની ધીરધાર કરતા હતા. તે વેળાની મુંબઈની પારસી પંચાતના એવણ એક અકાબર હતા.

---

તા૦ ૩૧ મી જુલાઈ

રોજ ૨૨ માહ ૧૦ (શે૦) ૧૧૫૨ યજદજરદી.

**મરણ**—હોમાજી જમશેદજી ભરૂચવાલા—ભરૂચમા એવણ પરેતાકયાનો ધંધો કરતા હતા ઈ૦ સ૦ ૧૭૮૨—૮૩ મા ભરૂચમા કબીસાને લગતો જે મોટો ઝઘડો ચાલતો હતો તે વખતે કોહેછે કે એવણપર કોઈ પાદશાહ નામના મોબેદની બેનબાઈ[2] નામની હમેલદાર ઓરતને લાત મારવાથી તેણીના પેટમાથી બચ્ચુ પડી જવાનુ તોહમત મેલવામાં આવ્યું હતુ, અને તેની તપાસને માટે ભરૂચના હાકેમે એવણને મુંબઈ ઇંગ્રેજી અદાલતમા ઈનસાફને માટે મોકલ્યા હતા,[3] જ્યાં એવણને ફાસીની સજા મળી હતી, અને મુંબઈમાંજ બજારગેટના નાકા આગળ આવેલા ફાસીના તળાવ આગળ એમને ફાસી દઈ મારી નાખવામાં આવ્યા હતા. એવણ પોતાના ધર્મને માટે માર્યા ગયા તેથી ઘણાક જરથોસ્તીઓ (મુખ્ય કરી ભરૂચના) એવણની નઈમેતે દર સાલ બાજદરુન કરેછે, અને કેટલાકોતો એમને નામે વંદીદાદ ઈજેશની કરાવવાની માનતા પણ કરેછે.

---

તા૦ ૨૩ મી આગસ્ટ.

રોજ ૧૫ માહ ૧૨ (શે૦) ૧૧૫૨ યજદજરદી.

**મરણ**—ભીખાજી બેહરામજી પાંડે[4]—એવણ "ભીખા બેહરામ" ના નામથી તે વખતના વ્યાપારીઓમાં જાણીતા હતા. એવણે ઈ૦ સ૦ ૧૭૨૫ થી પીનાયતી

---

૧ એવણના બાવા શેઠ ફરામજી રુસતમજી શેઠના તે સુરતવાલા શેઠ રુસતમ માણેકના વડા દીકરા હતા તેવણને પોતાના બાપના હીસાબ કેતાબ સબબી ઇંગ્રેજી કોઠીવાલાઓ સાથે વાંધો પડવાને લીધે સુરતના નવાબે ઇંગ્રેજી અમલદારોની ઉશ્કેરણીથી થોડુંકવેર કેદ કીધા હતા, પણ તે માટે એવણના ભાઈ શેઠ નવરોજજીએ ઇંગલાંડ જઈ ફરીયાદ કીધાથી તુરત પાછા છોડયા હતા એ પછી તેવણે મુંબઈમા આવી રેહઠાણ કીધુ હતુ અતરેના સરકારી અમલદારોમા તેવણ મોટો વગ ધરાવતા હતા, તથા મુંબઈમા પંચાત સ્થાપવામા એવણની આગેવાની હતી એવણના વડા દીકરા શેઠ કાવશજી ફરાંમજી શેઠના તે પુણાવાલા ખાનબાહદૂર શેઠ અરદેશર ખરશેદજી મુનસફના બાવા હતા તેવણ શીરગીઓની તરફથી વસાઈ તથા પુણા ખાતે કૉનસલનું કામ કરવાને જતા હતા સુરતના ઈંગ્રેજી અમલદારોએ તેવણને કાંઈક નોકરીઓ બજાવ્યાના બદલામા રાંદેર તરફ થોડીક જમીન ઈનામમા આપી હતી તેવણના બીજા ભાઈઓ શેઠો દાદાભાઈ, બરજોરજી, તથા જમશેદજી ફરામજી શેઠના પણ અતરેના જાણીતા વ્યાપારીઓ તથા પારસી પંચાતના અકાબરો હતા

૨ એમ કેહછે કે આ ઓરત કદમી એતેકાદ ઉપર ઘણી સખત હતી, અને ભરૂચમા લોકોને કદમી થવાને ઘણી બોહોસ કર્યા કરતી હતી.

૩ આ વેળાએ એવણની સાથે બીજા ઘણાક પારસીઓને અતરે તેમનો ઇનસાફ કરાવવા માટે ભરૂચથી મોકલ્યામા આવ્યા હતા એ મારામારીનો મુકદમો મુંબઈમા "મેયર" ની કોરટમા ચાલ્યો હતો, અને તેમા મજકૂર હોમાજીને ફાસીની તથા બીજા કેટલાકોને બંદીખાનુ અને દંડની સજા કરવામા આવી હતી આ માટે તા૦ ૨૨ મી જાનેવારી ૧૮૨૭ ના "મુંબઈ સમાચાર" મા એક ચરચા પત્રી લખેછે કે એ સઘળા પારસીઓના દંડ આપવા તથા છુટકારો કરવાને પારસીઓમા ઉઘરાણુ કરી રૂ૦ ૩૫૦૦ નો દંડ આપી અતરેથી ભરૂચ રવાને કર્યા હતા આ ટંટામા દસ્તુર કામદીનજીના ગાદીનશીન દસ્તુર અસ્પંદયારજી પણ મુંબઈ ખાતે આવ્યા હતા, અને તેઓ અતરેથી માન અકરામ સાથે પાછા તા૦ ૧૨ મી સપટેમબર ૧૭૮૩ ને દીને ભરૂચ ગયા હતા એવુ અમારી પાસેની એક ઘણી જુની નોધ ઉપરથી માલમ પડેછે.

૪ મરહુમ શેઠ મેહરવાનજી ફરામજી પાંડેના બપાવા એવણના એક ભાઈ શેઠ દારાભાઈ મેહરામજી પાંડે તે મથરાજવાલા શેઠ કાવશજી એદલજી પાંડેના વડવા પણ અતરે તે વેળાએ એક જાણીતા પારસી ગ્રહસ્થ હતા તેવણના રોજગાર વિષેની કસ્સી કેફીઅત મળતી નથી એવણના બાવા શેઠ મેહરામજી ખરશેદજી પાંડે અતરે યુનેટેડ ઇસ્ટ ઇંડીઆ કંપનીના કીરકુલ કંત્રાકટો લેતા હતા તેવણના બાવા શેઠ ખરશેદજી પોહચાજી પાંડે ઇ૦ સ૦ ૧૬૬૫ મા ભરૂચથી મુંબઈ આવ્યા હતા કેહછે કે જ્યારે એવણ અતરે આવતા હતા ત્યારે ગુજરાત તરફ મુસલમાનો અને મરાઠાઓ વચ્ચે લડાઈ ચાલતી હતી તેમા એવણને જાસુસ સમજી પકડીને વલસાડની પાસેના "પાંડેરાધડ" નામના એક કીલ્લામા બંધ કીધા હતા, જયાથી થોડાક મહિનામા છૂટી એવણ મુંબઈ તરફ આવ્યા હતા આથી એવણની અટક "પાંડે" કરી પડી હતી મુંબઈ આવ્યા પછી અતરે જે ફરતો કોટ બંધાતો હતો તેને માટે બેગારીઓ, ટોપલીઓ, તથા બીજો કીરકુલ સામાણ પુરો પાડવાનુ એવણને કંત્રાકટ મળ્યુ હતુ.

દારૂકામ તથા બીજા પરચુરણ સામાનનો બેપાર કરવાનું શરૂ કીધું હતું, અને તે માટે ઇંગ્રેજ બજારમાં એક મોટી દુકાન કાઢી હતી. તે વખતના ઇંગ્રેજ અમલદારોમાં પણ એવણને એક "પ્રમાણીક દુકાનદાર" તરીકે સારું માન મળ્યું હતું. પવનચક્કીના મેદાનમાં હાલની નવી "પોસ્ત આફીસ" ની ઇમારતની સામેના જે કુવાપર સવાર શાંજ પારસીઓ હાથમોહડું ધોઈ બંદગી કરેછે તે કુવો એવણે બંધાવ્યો હતો. એવણ તે વખતની મુંબઈની પારસીની પંચાએતના એક આગેવાન હતા.

તા૦ ૨૯ મી સપટેમબર.

રોજ ૧૭ માહ ૧ (ક૦) ૧૧૫૩ યજદજરદી.

આજ દીને મુંબઈમાં શેઠ દાદીભાઈ નોશરવાનજીએ પેહલવહેલા આતશબેહેરામ બનાવી તે તખ્તનશીન કીધા હતા. આ આતશબેહેરામ પરઠવાની સઘળી ક્રીયા મુલ્લાં કાઉસ રૂસતમ જલાલે કદમી તરીકા પ્રમાણે કીધી હતી.[૧]

[૧] આ આતશબેહેરામના દરવાજા ઊપર મરહુમ મુલ્લાં ફીરોજના બનાવેલા નીચલા બેતો ફારસીમાં કોતરેલાછે,

بنام خداوند هردو سرای
بنیکی همه بنده را رهنمای
خداوند داور خداوند دین
بری دانش از عیب و نقص و قرین
ازو بر روانشت پاکیزه نام
درود و تحیات بادا مدام
شد از بهر ترویج دین بهی
بنای خجسته عبادت گهی
بنای چو جنت رفیع و بلند
ستایش که داور ازو خرسند
بنا کرد دادی به روزگار
ز نوشیروان در جهان یادگار
نهال شریعت ازو تازه شد
بهی دین دیگر ره پر آوازه شد
خدایا مر اورا تو پاینده دار
بدولت ورا در جهان زنده دار
بگردون رسد نیک آوای او
بعقبی گروتمان بود جای او
شد انجام این جای نیکو نهاد
به تدبیر دستور کارش راد
چو جستم ز روز ش ارمغان رخش
مه فروردین روز و بر سروش
بدانش چو فیروز سالش نخست
ز آتش ورهرام آمد درست

**માએની**—બ ખુ જેહાનના પેદાના કરનાર ખોદાતાલાના નામથી, કે જે તમામ બંદાઓને નેકીની તરફ રાહનો બતાવનારછે તે ઇનસાફ અને દીનનો સાહેબછે કે તેની જાત બીજાના સબબ, એબ, તથા નુકસાનના પાક (દૂર) છે તે સાહેબ તરફથી પાકીજે નામના જરાતોશત ઊપર, દોઆ અને આફરીન હમેશા હોજો. ભલી દીનને રેવાજ આપવાને સારૂ, બંદગી કરવાની મુબારક જગો બનાવી નેક જમાનાનો દાદી, કે જે આએ જેહાનમાં નોશીરવાનથી યાદગારછે તેને બનાવી. શરીયતનો રોપો તેથી તાજો થયો, અને ભલી દીન બીજીવાર મશહુર થાઈ. એ ખોદા તુ તેને ખાસ સલામત રાખ, અને તેને દોલત સાથે જેહાનમાં જીવતો રાખ. તેનો નેક આવાજો આશમાન સુધી પોહચે, અને આકેબત બેહેશતમાં તેની જગો થાએ. દાનાવ દસતૂર કાઊશની તદબીરથી, આએ નેક રવેસની જગો તઈઆર થઈ. જયારે અકલ અને હોશથી તેનો રોજ અને માહ મે જોયો, ત્યારે તે ફરવરદીન મહિનો અને સરૂશ રોજ હતો. જયારે ફીરોજે દાનાઈથી તેનુ વર્ષ શોધીઊ ત્યારે "આતશવરેહરામ"* બોલમાથી તે બરાબર આયુ.

* અબજદને કાયદે 'આતશવરેહરામ' બોલના આંકડા ગણતા તે ૧૧૫૩ થાયછે.

વળી એ આતશબેહેરામ પરઠમા તે દીનેની જશનની મીજલસનો અહેવાલ મુલ્લાં ફીરોજે પોતાની "દીને બેહદે મનજુમે" ની ચોપડી જે મુલ્લાં ફીરોજ કેતાબખાનામાછે, તેને સફે ૭૦ મે નીચે પ્રમાણે લખ્યોછે —

ચુ શુદ એનજામે આન આલા એમારત,
દેલે બહદે બરોન શુ શુદ બગારત
બ એસ્તેસવાબ બેહદીનાને દીનદાર,
કે અંદર મુંબઈ બુદનદ સરદાર
યકી જમશેદ મોદી એબને બોધા,
મયાને અંજુમન તાબાન ચુ કુકબ.
નાહનાભાઈ બીન બેહરામે દાવર,
કે પવદાબાદ ઉરા ઇયારી યાવર
દીગર અઝ વાફેએ નવરોજે મશકુર,
રશીદો કારદાને દેહ દો પુર
મોહીન માનેક કેહીન બેહમન દો દાના,
બેરદમ દો હુશીયારો તવાના
બીનાચેહર એબને જીવન આન નેકોનામ,
કેબાદ દર જેહાનશ કામો આરામ
દીગર જુમને જે બેહદીનો જે દસતુર,
તમામે અનજુમન ઝીન શાદો મસરૂર
દરાન ખુરરમ મકાન ગશતનદ હાજેર
હમારા ઝેન ખુશી ખુશ ખુદ ખાતેર

**માએની**—જયારે તે બુલંદ ઇમારત તૈયાર થઈ, ત્યારે મોટા બેહદીનોનુ દીલ તેથી દલગીર થયું. મુંબઈમા જે દીનદાર બેહદીનો સરદાર હતા, તેઓ સવાબના હમશેરામા શામેલ થયા. તેમા એક જમશેદજી બીન બોધા મોદી, કે જે અંજુમનની વચ્ચે ચહદરની મીસાલે ચળકતો હતો. નાનાભાઈ બીન બેહરામજી દાવર કે ખોદા તેનો દોસ્ત અને મદદગાર થાજો. બીજા મરહુમ લવજી વાડીઆના બે છોકરાઓ, જે પોહચેલી બુધીના અને કામના જાણનારા હતા. તેમાં વડો માણેકજી અને નાહનો બેહમનજી, બેઉ દાનાવ, અકલમંદ, હુશીઆર, અને તાકતવાન હતા. નેકનામ મનોચેહર બીન જીવણ, કે જેને આએ દુનયામા મેરાદ અને સુખ હાસલ હોજો. બીજા બધા બેહદીનો, દસતુરો, અને તમામ અંજુમન એ કામથી ઘણા ખુશી થયા હતા. તે સુંદર મકાનમાં નવાઓ હાજર થયા, અને એથી સઘળાઓનુ દીલ ખુશ અને ખુશહાલ થયું હતું.

તા૦ ૨૯ મી ડીસેમબર.

આસતરેની સરકારના દરિયાઈ ખાતાના કમાનડર-ઇન-ચીફ વાઇસ એડમીરલ સર એડવરડ હયુઝીસ કે. બી

એ. મુંબઈના ગવરનરની કૌનસીલ ઉપર તા૦ ૧૦ મી માર્ચ ૧૭૮૩ ને દીને એક પતર લખી તેમા અંતરેની પ્રજાને તેમજ યુનૈટેડ ઈસ્ટ ઈંડીઆ કંપનીને સરકારી ગોદીના "માસટર બીલડર" સેઠ માણેકજી લવજી વાડીઆ તથા સેઠ બહમનજી લવજી વાડીઆએ જે કીમતી નોકરીઓની મદદો કીધી હતી તે વીરતારીને જણાવી; અને તેના બદલામા તેઓને મુંબઈના ટાપુમા દર વર્ષે ૪૦ મુડા ભાત ઉપજે એટલી જમીન પેનસર પર ભેટ આપવાને મજબૂત ભલામણ કીધી હતી; તે મુજબ નામદાર ગવરનર વીલ્યમ હારનબી તથા તેની કૌનસીલના અખતેઆરીઓએ આજની તારીખે પોતાની સહી સીકાની એક સનદ[1] લખી મજકુર બંને ભાઈઓને ખરેખર મેલે ૪૦ મુડા ભાત ઉપજે એટલી જમીન પેનસર પર ભેટ આપી હતી.

---

મુંબઈની ગોદીના "માસટર બીલડર" સેઠ માણેકજી લવજી વાડીઆ તથા સેઠ બહમનજી લવજી વાડીઆને તેમની કીમતી નોકરીઓના બદલામા અંતરેના બારના કમાનડર-ઈન-ચીફ વાઈસ આડમીરલ સર એડવરડ હયુજીસ, કે. બી. એ એકેક સોનાનો ચાહ ધરતા લેખ સાથે આએ વર્ષમા ભેટ આપ્યો હતો.[2]

---

૧ આ સનદની એક નકલ શેઠ દાદાભાઈ પેસતનજી વાડીઆ પાસેથી અમોને મળી હતી, અને તે આપણા પારસીઓને માન પમાડનારી હોવાથી અંતરે સદાગરી રાખીએ છૈએ:—

## ઈ૦ સ૦ ૧૭૮૪.

તા૦ ૨ જી જાનેવારી.

રોજ ૨૧ માહ ૩ (સ૦) ૧૧૫૩ યજદજરદી.

**મરણ**—દોરાબજી જીજીભાઈ વાછા[3]—ઉમર વર્ષ ૩૯) એવણ ઈ૦ સ૦ ૧૭૬૫ મા નવસારીથી અંતરે આવી પોતાના ભાઈઓ શેઠ એદલજી તથા શેઠ બરજોરજીની સાથે ગાંધીની દુકાન મોટા પાયાપર ચલાવતા હતા.

---

તા૦ ૧૧ મી જાનેવારી.

રોજ ૧ માહ ૪ (સ૦) ૧૧૫૩ યજદજરદી.

**મરણ**—આ૦ મનચેરજી ખરશેદજી શેઠના[4]—ઉમર વર્ષ ૭૦) સુરતના એક નામીચા તથા આગેવાન શેઠીયા એવણ પ્રથમમાં સુરત ખાતે મુંબઈવાળા જાણીતા શેઠ માણેકજી નવરોજજીને ત્યા નોકરીમા હતા. તે પછી મોટા પાયાપર પોતાનો વ્યાપાર તેમજ સુરતની વકા-

---

૨ આ બક્ષિસ ચાહ ઉપર નીચે પ્રમાણે લેખ કોતરેલાછે.—

THE GIFT
OF VICE ADMIRAL
SIR EDWARD HUGHES K B TO
MONACJEE LOWJEE
FOR SERVICES RENDERD THE
NATION
*On the release*
MODEL OF THE "SUPERB" '1783'

THE GIFT

આએ વર્ષમા શેઠ પેશતનજી બહમનજી વાડીઆએ રૂની ગાસડીઓ દાબવાનો એક સ્કરૂ કોટના દેવળની પછ-વાડે બધાવ્યો હતો.[1]

## ઈ૦ સ૦ ૧૭૮૭.

### તા૦ ૧ લી જાનેવારી.

મુબઈના ગવરનર આર. એચ. બોડામે આજ દીને પોતાને હાથે નીચલી મીનીટ કરી પારસીઓના ઘેરગતુ કજીયાઓ ચુકવવાને પચાત ઠેડવી હતી—

" નામદાર પ્રેસીડટ તથા કૌનસીલના તા૦ ૧૫ " મી મેએ ૧૭૮૬ ના હોકમ મુજબ પંચાએત અથવા " પારસી ટોળાની મ ડળીએ ઘરગતુ કજીયાઓનો ફેસલો " કરવા તથા પોતાની કોમનો વહીવટ ચલાવવા થકી " ૧૨ ધણીઓની જથુકની એક કમીટી ઠેડવવાને વાસ્તે " પારસી તથા અંદીઆરૂ મળીને ૨૮ શખસોના નામ " મને આપ્યાછે, તેમાંથી નીચના ૧૨ શખસોને ચુટી " કાઢયાછે, અને કમીટીને સારૂ તેઓને ઠેડવ્યાછે, માટે " સઘળા કામ સારૂ તેઓને માન આપવુ.

**પારસીઓ.**

જમશેદ બોગા મોદી.
નાનાભાઇ બેહેરામજી (બનાજી).
માણેકજી નવરોજજી વાડીઆ
દાદીભાઈ નોશરવાનજી.
હીરજી જીવણ (રેડીમની).
ચોગબ મનચેર જીવણ (રેડીમની).

**અંદીઆરૂઓ.**

શાપુરજી બહમનજી શેઠ.
દસ્તૂર કાવશજી પેશતનજી.[2]
સોરાબજી નાનાભાઈ શેઠ.
દોરાબજી ફરામજી.
કાવશજી ભીખાજી.
દોરાબજી ફરદુનજી (લશકરી)

તા૦ ૧ લી જાનેવારી ૧૭૮૭ ને દીને હુએ સહી કરી આપીછે.[3]

(સહી) આર. એચ. બોડામ—ગવરનર.

### તા૦ ૨૯ મી જાનેવારી.

રોજ ૨૦ માહ ૮ (શે૦) ૧૧૫૬ યજદજરદી.

**મરણ**—દસ્તૂર જમશેદજી જામાસ્પજી આસા—ઉમર વર્ષ ૫૫) નવસારીવાલા દસ્તૂર જામાસ્પ આશાના બીજા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૫૩ મા પોતાના બાપનાં મરણથી નવસારીના ત્રિજા દસ્તૂરની જગા મળી હતી. એવણે પોતાના બાપના હાથ હેઠળ અવસ્તા, પેહ-લવી, તથા ફારસીનો પુખ્ત રીતે અભીઆસ કીધો હતો. ઈ૦ સ૦ ૧૭૬૦ ના ડીસેમબર માસમાં મો૦ આકવીટલ ડુ. પેરો નવસારી ખાતે નીરગશતાંન કેતાબને માટે એવણની મુલાકાતે ગયો હતો, અને એવણ જોડે કેટલાક કલાક સુધી પેહલવી તથા ફારસીમા વાતો કીધી હતી. ઈ૦ સ૦ ૧૭૮૧ માં એવણ મુબઈ મધે આવ્યા હતા, અને ત્યાં એમને ઘણું માન મલ્યુ હતુ. એવણે ફારસી બેતો, ગઝલો, વગેરેની "દીવાને જમશેદ" નામની કેતાબ, તથા પાચ અને છ ભીસ્રગાની બે "મુખમસ" અને ત્રણ "મુસદસ" લખીછે.

### તા૦ ૧૫ મી માર્ચ.

આજ દીને મુંબઈના ગવરનર આર. એચ. બોડામે શેઠ પેશતનજી બહમનજી વાડીઆને પોતાની સહી સુધાનો એક પરવાનો આપયો કે તેવણે એક ઘોડાની ફાઈટીન મુબઇમા વાપરવી, અને કોઇબી ધણીએ કાઈબી કારણસર તેવણને તે વાપડવામા હરકત કરવી નહિ.[4]

### તા૦ ૧૬ મી માર્ચ.

આજ દીને મુબઇના ગવરનર આર. એચ. બોડામે પારસી પચાતના મુખ્ય અકાબરો દાવર નાનાભાઈ બેહેરામજી બનાજી તથા શેઠ દાદીભાઈ નોશરવાનજી ઉપર એક પત્ર લખી જણાવ્યુ કે પચાતે મને જે ૨૪ નામ લખી મોકલ્યા તેમાથી ૧૨ નામ ચુંટી કાઢીને તેઓની કમીટી ભરવાની હુ તમોને સતા આપુ છુ, અને તમોએ અજુમન મેળવી આએ બાબ પત્રની બીના સર્વેને

[1] આએ સ્કરૂની જગાપરજ હાલમા "પોરટ પ્રેસ કપની" ના પ્રેસો આવેલાછે

[મુંબઈનો બાહાર સફે ૫૫૮].

[2] આએ નામ કદમી ટોળાના દસ્તૂર (મુલ્લાં) કાઉસ રૂસતમ જલાલનુ હશે, અને કદાચે ભુલથી રૂસતમજીને ઠેકાણે પેશતનજી કરી લખાયુ હોય એવુ અમો ધારીએ છીએ, કારણ આએ નામનો કોઇ દસ્તૂર મુબઇમા થઇ ગયો હોય એવુ જાણવામા આવ્યુ નથી

[3] બોમ્બે પનચાત શફે ૬૭

[4] આ પરવાનાની ગવરનરની સહીની અસલ નકલ મરહુમ શેઠ મનચેરજી પેશતનજી વાડીઆએ અમોને દેખાડી હતી, તે પરથી નીચલી નકલ ઊતારીછે:—

Be it known—That Pestonjee Bomanjee merchant having requested of me to grant him the Indulgence of using a Phaeton* I have accordingly granted his Request and no person on any consideration whatever must impede or molest him on this Account Given under my Hand in Bombay this Fifteenth day of March 1787

(Signed) R H BODDAM

* One Horse Chaise

જાહેર કરી, અને તમોએ તમારા ટોળાના કાયદા પ્રમાણે બધાનો સરખો ઈનસાફ કરવો, તથા કોઈની રાજ્યાઆ-વત ગણવી નહિ.[૧]

---

તા૦ ૧૮ મી મેએ.

રોજ ૯ માહ ૮ (યે૦) ૧૧૫૬ યજદજરદી.

**મરણ**—આ૦ નવરોજજી ફરામજી શેઠ[૨]—ઉમર વર્ષ ૮૦) એઓ ભરૂચ મધેની હોમાવરાની દરેમેહરના વડા પંથકી હતા. જરથોસ્તી દીનઆહાનની ક્રિયાઓ અને તનાઈઓમાં એઓ ઘણા ખબરદાર ગણાતા હતા. ભરૂચના જરથોસ્તીઓના છોકરાઓને ધર્મની કેળવણી આપવાને એમણે પોતાની દરેમેહરમા એક વર્ગ ઉઘાડેલો હતો.

---

તા૦ ૬ ઠી આગષ્ટ.

રોજ ૨૯ માહ ૧૦ (યે૦) ૧૧૫૬ યજદજરદી.

**મરણ**—આ૦ બાઈ આંહે તે પેશતનજી બહમનજી વાડીઆના પેરના મણિઆબાઈ—એઓ તે વખતની મુમબઈની પારસીની પંચાએતના વડા આગેવાન શેઠ નાનાભાઈ બેહરામજી દાવરના બેટી હતા, તથા ઘણી જવાન વયમા મરણ પાંમ્યાં હતા. એઓના પુનને માટે એઓના ખાવિંદે ઈ૦ સ૦ ૧૭૮૮ મા ગુજરાત તરફથી પગરસ્તે આંવતા મુસાફરોના ઉતારાને માટે ઉદવાડાની પાસેના "પારડી" ગામમાં એક ધર્મશાળા બંધાવી હતી.

---

તા૦ ૧૬ મી આગષ્ટ.

રોજ ૭ માહ ૧૨ (યે૦) ૧૧૫૬ યજદજરદી

**મરણ**—ધનજીશાહ મનજીશાહ—ઉમર વર્ષ ૭૫) સુરતના એક મોટા વ્યાપારી, વાહણવટી, જાગીરદાર, તથા ત્યાંના કદમી પંથના વડા આગેવાન એઓ સુર-તની મ્હોટી કોઠીના સરદારોની આડત, તેમજ પોતાને હીસાબે ચીન તથા મુમબઈ ખાતેનો મોટો વ્યાપાર કરતા હતા. આ માટે એઓનાં ઘણાંક મદ્રી વાહણો તથા બતેલાઓ હતા. સુરત માહેલી કદમી, શેહનશાહીઓની મોટી તકરારોમા એઓ કદમીઓની તરફના વડા આગેવાન હતા, તથા ભરૂચથી એ૦ (પડનાકેથી મુઇને) કાઉસ રૂસતમ જલાલને તેડાવી મગાવી ઈરાન ખાતે પોતાને ખરચે મોકલ્યા હતા. મુમબઈમા પણ ઈ૦ સ૦ ૧૭૮૦ મા એઓએ આવી કદમી ટોળાનો પાયો નાખ્યો હતો.[૩]

---

તા૦ ૩૧ મી અકટોબર

રોજ ૨૦ માહ ૧ (યે૦) ૧૧૫૭ યજદજરદી.

**મરણ**—દાદાભાઈ બેહરામજી બનાજી—ઉમર વર્ષ (૨) શેઠ બેહરામજી બનાજી લીમજીના વિજા દીકરા. એઓ પોતાના બાપની "બનાજી લીમજી" ના નામથી ચાલતી પેઢીના પોતાના ભાઈઓ તથા પિત્રાઈઓ સાથે ભાગિયા હતા તે પેઢીની તરફથી વ્યાપારને અર્થે એઓ ઈ૦ સ૦ ૧૭૯૫ થી તે ૧૭૭૩ લગણ બંગાળા ખાતે રહેતા હતા, અને ત્યાંના ગવરનર સર જાન કારટીઅર સાથે એઓને ઘણી પીછાણ તથા સબંધ થયો હતો. આ ઉપરથીજ એઓની મરજીપર પેઢીએ લગતાં એક વાહણનું નામ "કારટીઅર" કરી રાખવામા આવ્યું હતું.

---

તા૦ ૧૭ મી ડીસેમબર.

રોજ ૭ માહ ૩ (યે૦) ૧૧૫૭ યજદજરદી

**મરણ**—પંથકી કોલીદાર બેહમનજી[૪]—ઉમર વર્ષ ૭૫) એઓ અનુભવના એક જાણીતા તથા ખબરદાર મોબેદ હોવાથી તે વેળાની પારસી પંચાએતમા એક અધિકારી તરીકે એઓને કાએમ કીધા હતા

---

## ઈ૦ સ૦ ૧૭૮૯

તા૦ ૧૮ મી જાનેવારી.

રોજ ૬ માહ ૪ (યે૦) ૧૧૫૭ યજદજરદી

**મરણ**—ફરામજી હીરજી મોદી—ઉમર વર્ષ ૫૦) શેઠ હીરજીભાઈ જીજીભાઈ મોદીના વડા દીકરા એઓનુ

---

[૧] આ પત્રની નકલ બોમબે પારસી પંચાએતના ચોપડે ૨૨૪ મે ફોલયો લખી છે તે શબ્દશઃ અત્રે ટાંકીયે છૈયે —

Nasarwanjee Byramjee
Dadabhoy Nusserwanjee.

I now send you the power for holding the Conn... ...which I have chosen out of Twenty four persons returned to me by the Punchayet or assembly of the Parsee Caste you will make the same known in General assembly and act th... agreeable to the Rules of your Caste ... to all parties, ... ... or ... in any case.

I am
Your friend and well wisher
(Signed) R. H. Boddam

Bombay, March 10th 17..

[૨] મરહુમ મુલા ફીરોજજીના બાપ, તથા શેઠ ડોસાભાઈ સોરાબજી મુનશીના બાપના કાકા, તથા એ૦ શેહરીઆરજી દાદાભાઈ ભરૂચાના બાપાવાના બાપાના.

[૩] આ આગમન ઈરાનથી હોઈ કે એરવદ મુલ્લા ફીરોઝ કદમી તરીકે મુકરર થયાની એક દલીલ પણ પડાવી હતી, લેકીન તે વિશે કાઈ ખુલાસાદાર ખબર હાથ લાગતી નથી.

[૪] શેઠ કાવસજી નસરવાનજી કે જેઓ પારસીઓમા ખડકીની એક સખી નીવડી ગયા પછી દેવ-લના વડા

ઈ૦ સ૦ ૧૭૫૮ મા પોતાના બાપના મરણ પછી તેમનાં યુનૈટેડ ઈસ્ટ ઈંડીઆ કંપનીના અમલદારોને તથા મરકર ખાતાને સુર જામ પોહચાડવાનાં કંત્રાકટોમા પોતાના કાકાઓની સાથે સામેલ થયા હતા. તે બાદ ઈ૦ સ૦ ૧૭૭૧ મા સર્વે ભાગ્યાઓ હીસાબ નકી કરી જુદા પડયા હતા. એવણના એકજ દીકરા શોરાબજી નામે હતા, કે જેમના મરણ પછી એવણની ઓલાદ ખતમ થઇછે.

---

તા૦ ૭ મી જુલાઈ.

રોજ ૩૦ માહ ૯ (શ૦) ૧૧૫૭ યજદજરદી.

**મરણ**—મોદી માણેકજી કાઉશજી—ઉમર વર્ષ ૬૦ સુરતવાલા મોદી કાઉશજી ભીમજીના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૮૨ મા પોતાના બાપના મરણથી તેમની જગોએ સુરતના પારસીઓના વડા અકાબર ઠરયા હતા. સુરતની ઇંગ્રેજી કોઠીમા એવણના હક ઉપર કાંઈ તરાપ મરાયાથી ઈ૦ સ૦ ૧૭૮૪ માં એવણ પોતાના ભાઈ શેઠ ડાશાભાઈ સાથે મુંબઈમાં ગવરનરની હજુરમા તેની ફરીયાદ ગુજારવાને આવ્યા હતા. જે ઉપરથી અતરેના ગવરનર બોડામે સુરતના ચીફ મી૦ ટામસ ડેએ ઉપર એજ સાલની તા૦ ૬ ઠી ડીસેમબરે પોતાને હાથે એક પતર[1] લખી એઓ બન્ને ભાઈઓને સરકાર તરફથી હમેશની માફક મદદ કરવાને તથા તેઓના કામમા કોઈબી નવા ધણીને વચ્ચે નહિ આવવા દેવાને ભલામણ કીધી હતી.

---

તા૦ ૨૮ મી જુલાઈ.

રોજ ૨૧ માહ ૧૦ (શ૦) ૧૧૫૭ યજદજરદી.

**મરણ**—નાનાભાઈ બેહરામજી દાવર—ઉમર વર્ષ ૭૦) શેઠ બેહરામજી બનાજી લીમજીના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૫૩ મા પોતાના બાપનાં મરણબાદ તેમની "બનાજી લીમજી" ના નામથી ચાલતી પેહડીનો પોતાના કાકાઓ સાથે વહીવટ ચલાવતા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૭૭૫ માં વડા કાકા શેઠ માણેકજી બનાજીનાં મરણ બાદ એવણ તે પેહડીના વડા ભાગ્યા થયા હતા. તે વેળાની માશીઆરસ હટર, ફેલ, અને ઈવિસનની જાણીતી વ્યાપારી પેહડીના એવણ ઈ૦ સ૦ ૧૭૭૫ થી દલાલ થયા હતા, તથા તે પછી તા૦ ૧ લી જાનેવારી ૧૭૮૦ થી તે પેહડીમા એવણનો રૂપીએ દોઢ આનો ભાગ કીધો હતો: આથી મુંબઈમા ઇંગ્રેજી વ્યાપારી પેહડીના પારસી દલાલ તરીકે પેહલ પેહલા એવણ ગણાયછે. ભરૂચના નવાબની અતરેની આડતનું કામ પણ એવણનીજ પેહડીને હસ્તક હતું. તે વેળાની મુંબઈની પારસી પંચાતના એવણ "દાવર" અથવા વડા અકાબર હતા, કે જેથી આજસુધી એવણનું કુટુંબ પણ એજ અટકથી ઓળખાએછે.

---

તા૦ ૧૦ મી ડીસેમબર.

રોજ ૧ માહ ૩ (શ૦) ૧૧૫૮ યજદજરદી.

આજ દીને શેઠ લવજી ચોગાબજી લાકડાવાલાએ વસાઈ મધે ગુજરાતથી પગરસ્તે આવતા મુસાફરોના ઉતારાને માટે એક ધર્મશાલા બંધાવી તે ખોલી મુકી હતી.[2]

---

આએ વર્ષમા કમીઆણી મધે મુંબઈવાલા શેઠ એદલજી બેહરામજી મોદીએ એક દરેમેહર બંધાવી પરકાવી હતી[3]

---

આએ વર્ષમા શેઠ પેશતનજી બહમનજી વાડીઆએ ઉદવાડાની પાસેનાં પારડી ગામમા એક ધર્મશાલા ગુજરાતથી પગરસ્તે આવનારા મુસાફરોના ઉતારાને માટે પોતાના પેહલીવારના ધણીઆણી બાઈ આઈમાએ તે

---

૧ આ પતરની નકલ સુરતવાલા ખાનબાહદર મોદી રૂસતમજી બરજોરજીએ "પારસી લા કમીશન" ના રીપોરટની સેવટે કરેલી ખીલીટમા સફે ૨૫ મે નીચે મુજબ છપાએલીછે—

To Thomas Day Esq

*Chief at Surat*

Sir,—Mananckjee Moody and his brother now return to Surat, having happily finished their business here. As the Moody's family are ancient servants to the Honorable Company, and dependants on their Factory at Surat, you will please to give them every assistance in your power, that their business may go on as usual, and that no new people whatever may be permitted to interfere in their just and established rights

I am Sir

Your most obedient humble servant

(Signed) R. H. Boddam.

Bombay, 6th December 1784.

૨ "આએ ધરમશાળાની અંદર મુસાફરોને કામ આવે તેવાં તરાનાના પુરતા વાસણો વીગેરે મેળાવીને તેઓની મદારત માટે એક મુસારેદાર પારશીને ચાકરીએ રાખેલો હતો તે પરમાણીક પારશીને આપણી તરફના ઘણા સાહેબો એદલ દરોગાને નામે ઓળખતા હતા"

[મુંબઈનો બાહાર સફે ૬૨૧]

૩ એ દરેમેહરમા આતશાદરાન તખતનશીન કરેલાછે. એનો પરઠાવાનો દાહડો વાર માલમ પડતો નથી, પણ ઊપલુ વર્ષ એ દરેમેહરવાલા એ૦ દારાબજી દસ્તૂર રૂસતમજી સંજાણાએ મેળવી આપ્યુ છે એની આગમજ એજ જગોપર એક ઘણી પુરાણી દરેમેહર હતી, પણ તે બીશમાર હાલતમા આવ્યાથી આ દરેમેહર બંધાવી હતી આ દરેમેહર બંધાવનાર શેઠ એદલજી બેહરામજી મોદી, બાઇ ગોરલાબાઇ તે મરહુમ વાડીઆજી શેઠ જાગીરજી નશરવાનજીની બેટીના મમાવા થાયછે

શેઠ નાનાભાઈ મેહેરાબજી બાનરનાં દીકરીની નઝીએતે બંધાવી હતી.[१]

## ઈ૦ સ૦ ૧૭૮૯.

તા૦ ૫ મી આપરેલ,

રોજ ૨૭ માહ ૬ (શે૦) ૧૧૫૮ યજદજરદી.

**મરણ**—માણેકજી દાદજી ગાંધી[२]—એવણ પ્રથમમા પોતાના બાપની ગાંધીની દુકાન ચનાવતા હતા તે પછી બાપના મરણ બાદ પોતાના ભાઈઓની સાથે કોરતાઓ પરથી અધળી જાતનું કરીઆણું મંગાવી તેનો વ્યાપાર કરવા માંડયો હતો.

તા૦ ૧૭ મી આપરેલ.

રોજ ૯ માહ ૮ (કે૦) ૧૧૫૮ યજદજરદી.

**મરણ**—રતનજીશાહ મનજીશાહ[३]—ઉમર વર્ષ ૬૧) સુરતાના શેઠ ધનજીશાહ મનજીશાહના નાધના ભાઈ એવણ પોતાના ભાઈની સાથે મુંબઈ, ચીન, વગેરેનો મોટો વ્યાપાર ચનાવતા હતા. સુરત માહેલી કદમી શેહ-નશાહીઓની મોટી તકરારોમા એવણે પણ પોતાના ભાઈની સાથે કદમીઓની તરફથી ઘણો ભાગ લીધો હતો

એવણ પોતાના વખતમા પેહલવી તથા ફારસી સારીરીતે શિખેલા હતા, અને જરથોશ્તી મજહબને લગતી કેતાબોનો એક સારો સંગ્રહ પોતા પાસે કીધો હતો.

તા૦ ૨૪ મી જુન.

રોજ ૧૭ માહ ૯ (શે૦) ૧૧૫૮ યજદજરદી.

**મરણ**—દોરાબજી નાહનજી ગોરા[४]—ઉમર વર્ષ ૨૫) શેઠ નાહનજી નશરવાનજી કીકાજીના પાચમા દીકરા. એવણ પોતાના ભાઈ શેઠ સોરાબજી મનચેરજી રેડી-મનીની તરફથી તેમના વ્યાપારને માટે ચીન વાહાણ "ખુશરવી" મા જતા હતા, અને રસ્તામા વેશાવ તરફ ડુબી ગયા હતા.

તા૦ ૨૦ મી આગસટ.

રોજ ૧૪ માહ ૧૧ (શે૦) ૧૧૫૮ યજદજરદી.

**મરણ**—નશરવાનજી દાદાભાઈ મોદી[५]—ઉમર વર્ષ ૫૯) શેઠ દાદાભાઈ જમશેદજી હીરજી મોદીના દીકરા એવણ ઈ૦ સ૦ ૧૭૫૦ ને આસરે સુરતથી અંતરે આવી પોતાના પિત્રાઈઓ શેઠ મેહેરાબજી તથા ભીમજી રૂસ્તમજી મોદી સાથે ગામમા મોટો વ્યાપાર કરતા હતા તે વેળાની અંતરેની પારસી પંચાતના એવણ એક આગેવાન હતા. એવણની નઝીએતે એવણના વીધવા બાઈ નવાજબાઈએ ઈ૦ સ૦ ૧૭૯૦ મા કરીઆણી મધે એક દોખમું બંધાવ્યું હતું

તા૦ ૧૧ મી નવેમબર.

રોજ ૭ માહ ૨ (શે૦) ૧૧૫૯ યજદજરદી

**મરણ**—હમાબાઈ તે બહમનજી લવજી વાડી-આના ધણિઆણી—એવણ તે વખતે પારસી બાનુઓમા એક વગવાળા ધણી, તથા સાહસીક દીકરીઓના માએ તરીકે મશહુર હતા. એવણના પુનને માટે એવણના દીકરા શેઠ પેશતનજી બહમનજી વાડીઆએ ચોપાટીના ડુંગર ઉપર દોખમા આગળ જવાનો રસ્તો કે જે ઘણી ખરાબ હાલતમા હતો તે સારી ઉપરજવાને માટે સીડી-ડીઓ બંધાવી હતી.

## ઈ૦ સ૦ ૧૭૯૦.

તા૦ ૬ ઠી માર્ચ

આજ દીને શ્રી કનવાન મધે મુંબઈના વ્યાપારી-ઓના આડતીઆઓએ ત્યાના ઈંગ્રેજ ઈંડીઆ કંપનીના

---

१ આ ધર્મશાળા હાલમા તદન બીસમાર હાલતમા આવી પડીછે, અને તે ઠેકાણે કેહછે કે માણસોને બદલે ગાયઘોરો વીસામો લેછે એને માટે શેઠ દાદાભાઈ પેસ્તનજી વાડીઆ કેહછે કે તે બાઈ આઈમાઓની વરસી ઊભર આપી મુકી હતી, અને તે ઊભર રૂ૦ ૨ થી ૨॥ હજારનો ખરચ થયો હતો

२ એવણના બાપ દાદજી જીવાજી ગાંધી અંતરે ગાંધીની દુકાન ચનાવતા હતા એવણના વડા ભાઈ શેઠ જીવાજી દાદજી ગાંધી (તે શેઠ દીનશાહજી દાદાભાઈ ગાંધીના બપાવા) તથા બીજા ભાઈ શેઠ મોટાભાઈ દાદજી ગાંધી એવણની સાથેજ કરીયાણાના વ્યાપારમા શામેલ હતા એઓ સઘળાઓ તે વખતે અંતરેના જાણીતા રેહવાસીઓ હતા શેઠ માણેકજીના મરણ બાદ તેવણના વીધવા બાઈ માણેકબહુ તથા શેઠ મોટાભાઈના દીકરા શેઠ હોરમજજી મોટાભાઈ ગાંધી તથા શેઠ જીવાજી દાદજી ગાંધીએ પોતાના બાપની જાયદાદ આમન વેહચી લેવા માટે તા૦ ૧૮ મી ડીસેમબર ૧૭૮૯ ને દીને શેઠ બહમનજી લવજી વાડીઆ તથા શેઠ દાદાભાઈ જમશેદજી ગામડી-આને લવાદ ઠેરવ્યા હતા પણ એ પછી તેઓ બધે સાહેબો ટુંક મુદતમા મરણ પામવાથી તેઓના વારેસો શેઠ પેશતનજી બહમનજી વાડીઆ તથા શેઠ મેહેરાબજી જમશેદજી ગામડીઆએ સઘળા વારેસોને બરાબર વેહ-ચણી કરી આપી હતી.

३ મુંબઈવાળા મરહુમ શેઠ ડોસાભાઈ અરદેશર દાદીશેઠ (?) મોતીવાળાના બપાવા

४ શેઠ દોરાબજી મનચેરજી નાહનજી ગોરાના કાકા

५ મુંબઈવાળા પ્રખ્યાત શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીના બાવા

આડતીઆ મી૦ જાન હેરીસનને એક અરજી કીધી હતી કે "ઇક્વિટી" નામના "હાગ મરચંટ" ઉપર તેઓના મુંબઈના આડતીઆઓએ મોકલેલા રેના નાણાંની મોટી રકમોછે તે તે આપી શકતો નથી, અને તે માટે તેણે અમોને તે રકમો ત્રણ હફ્તે આપવાને જણાવ્યુ હતું, પણ તેમંથી તે આપી શકયો નહિ, અને મકાઉમા નાશી ગયો, માટે હવે અમો શું કર્યે? અમોને મુંબઈ ખાતેના અમારા આડતીઆઓ તરફથી સખ્ત હુકમોછે કે અગર ચીનાઓ સાથે કાંઈપણ વાધા પડતો તેઓની સામે એકદમ મજબૂત ઉપાયો લેવા નહિ, પણ નામદાર કંપની સરકારના આડતીઆની પેહલા સલાહ લેવી તેટલા માટે અમો તમારી સલાહ માગીએ છૈયે કે આગે કામમા "માંડરીન" ની કોરટમા જઈએ કે નહિ? આ અરજી ઉપર ત્રણ મુસલમાન તથા નીચના ચાર પારસીઓએ સહીઓ કીધી હતી.[1]

એદલજી બહમનજી (એદલકાકા).
મનચેરજી દોરાબજી કોવાહ.
નશરવાનજી ભીખાજી (ચીનાઈ)
મનચેરજી નવરોજજી.

---

તા૦ ૨૫ મી આપરેલ.
રોજ ૧૭ માહ ૭ (શે૦) ૧૧૫૯ યજદજરદી.

**મરણ**—બહમનજી લવજી વાડીઆ—ઉમર વર્ષ ૭૬) શેઠ લવજી નશરવાનજી વાડીઆના નાધલા દીકરા. એવણ પોતાના બાપની સાથેજ મુંબઈની ગોદીમાં નાહનપણથી રહેલા હતા, અને ઈ૦ સ૦ ૧૭૭૪ મા બાપના મરણ પછી એવણને પોતાના વડા ભાઈ શેઠ માણેકજીના હાથ હેઠળ બીજા "માસ્ટર બીલડર" ની જગા મલી હતી. વાહણ બાંધવાના હુન્નરમાં એવણ પણ પોતાના બાપ તથા ભાઈની માફક ખબરદાર હોવાથી ઈ૦ સ૦ ૧૭૭૬ મા ઇંગલાંડથી "કોરટ-ઑફ-ડાએરેકટરો" એ એવણને શાબાસી લખી મોકલી હતી. ઈ૦ સ૦ ૧૭૮૩ મા એ બંને ભાઈઓને મુંબઈની સરકારે પરેલ તરફ ૪૦) મુડા ભાત ઉપજે તેટલી જમીન ભેટ આપી હતી, તથા આતરેનાં બારના કમાનડર ઈન-ચીફ સર એડવારડ હયુજીસે એજ વર્ષમા એઓને એક સોનાનો ચાહ ઘટના લેખ સાથે બખશેશ કીધો હતો. એવણે તથા એવણના ભાઈએ સઘળાં મલી ૨૯) નવા બારકસો સરકારને માટે બાંધ્યા હતા, તથા ઘણાંકોની મરામત કીધી હતી. તે વખતની મુંબઈની પારસીની ૫ ચાતના એવણ એક મુખ્ય અગ્રેસર હતા.

---

તા૦ ૫ મી ડીસેમબર,
રોજ ૨૬ માહ ૨ (શે૦) ૧૧૬૦ યજદજરદી.

આજ દીને શેઠ માણેકજી દોરાબજી સરાફે ચોપાટી મધ્યે પોતાની વાડીમાં આતશ આદરાંનની એક દરેમેહર બંધાવી પરઠાવી હતી.[2]

---

તા૦ ૨૯ મી ડીસેમબર.

આજ દીને મુંબઈના મુખ્ય હિંદુ તથા પારસી વ્યાપારીઓએ આતરેનો એક આગલો જાણીતો વ્યાપારી મી૦ ડેવીડ સ્કૉટ, કે જે હાલમાં ઇંગલાંડ ખાતે હતો તેની ઉપર એક લાંબો પત્ર લખી જણાવ્યુ હતુ કે આતરે મી૦ આનડરસન નામના કોઈ અમલદારને "ડેપ્યુટી-ઑફ-પોલીસ" ના ઓહદાપર સરકારે નેમ્યોછે, તેની ચાલ ચલણ અમોને ઘણી વાંધા ભરી લાગેછે, શબબ જયારે તે કેવળી મેહલમાં "પ્રેમીડંટ" હતો ત્યારે તેણે કેટલાક સારા માણસોની બાયડીઓ સાથે ગેરમલુકાઈ ભરી ચાલ ચલાવી હતી, તે અને એવીજ બીજી તેની આડી વર્તણુકોને માટે અમોએ મજકૂર તેની નેમનૂકની સામે ગઈ તા૦ ૨૪ મી નવેમબર ૧૭૯૦ ને દીને નામદાર ગવરનરને એક અરજી કીધી હતી, પણ તે પર તે નામદારે કસ્સું ધ્યાન આપ્યા વગર પાછી ફેરવ્યાથી અમોનેતો ફિકરો ભય લાગેછે, કે તેના ઓહદા સાથે અમોને જાયુક કામ પડવાથી, તે અમલદાર અમો રૈયત ઉપર વધારે જુલમ કરશે. તેટલા માટે અમોએ મજકૂર અરજીની એક નકલ તથા તે પાછી ફેરવ્યાનો જવાબ તમારી ઉપર આએ પત્ર સાથે બીડયોછે કે જો તમારી નેક નજરમાં દરશત લાગેતો તે નામદાર "કોરટ-ઑફ-ડાએરેકટરસ" આગલ રજુ કરજો આ કાગજ ઉપર પાંચ હિંદુ તથા નીચલા પારસી વ્યાપારીઓની સહીઓછે[3]—

દાદીભાઈ નોશરવાનજી.
પેશતનજી બહમનજી વાડીઆ.
ફરામજી નાનાભાઈ દાવર.
નશરવાનજી માણેકજી વાડીઆ.

---

આએ વર્ષમા કબીઆણી મધ્યે મુંબઈવાલા બાઈ નવાજબાઈતે મરહુમ શેઠ નશરવાનજી દાદાભાઈ મોદીનાં

---

૧ એ અરજીની નકલ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલી હતી

૨ મુંબઈનો બાહાર સફે ૭૭૮. આ જગો પરના આદરાન એવણના દીકરા શેઠ ખરશેદજી માણેકજી સરાફે તા૦ ૨૯ મી નવેમબર ૧૮૧૬ ને દીને કોટમા પોતાનાં રેહવાના ઘરની પછવાડે લાવી તખતનશીન કીધા હતા, જયાં આજ લગણ તે મોજુદછે

૩ આ કાગજની નકલ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલી હતી

વીધવાએ પોતાના ખાવીંદની નઇમેતે એક દોખમું બંધાવી પરશાવ્યું હતું.[૧]

આજ વર્ષમાં શેઠ પેશતનજી બેહમનજી વાડીઆએ પોતાના માતાજી બાઈ હમાબાઈ તે સુરતવાલા શેઠ ધનજી-ભાઈ હતુજી મેહતાના[૨] દીકરી કે જેવણ તા૦ ૧૬ મી નવેમબર ૧૭૮૮ ને દીને મરણ પામ્યાં હતાં તેવણની નઇમેતે ચોપાટીના દોખમા ઉપર જવાના ડુંગરનો રસ્તો કે જે ઘણો બીકટ હતો તે ઉપર જવાને માટે સીહડીઓ બંધાવી હતી. તે આગમજ રવાનોની પાછળ પાયદલ જનારાઓથી છેક દોખમલગ જવાતું હતું નહિ. તે અધણી અગવડ આ સીડીઓ બંધાવ્યાથી મટી ગઈ હતી.[૩]

## ઈ૦ સ૦ ૧૭૯૧.

તા૦ ૧૯ મી આપરેલ.

રોજ ૨૧ માહ ૭ (શે૦) ૧૧૬૦ યજદજરદી.

**મરણ**—હીરાજી રતનજી પટેલ—ઉમર વર્ષ ૭૫) એવણ ભરૂચની જરથોસ્તી અંજુમનના મુખ્ય પટેલ એટલે ધરગતુ ટંટા ચુકવનાર હતા. કબીસાને લગતી ભરૂચની મોટી તકરારોમાં એવણે જરથોસ્તીઓમાં સમાધાની રાખવાને ઘણી કાળજી દેખાડી હતી

તા૦ ૨૯ મી આપરેલ.

સંવત ૧૮૪૭ ના, રોજ ૨૧ માહ ૭

આજ દીને મુંબઈના શેહેનશાહી પંથકીઓ, તથા અંજુમન અને વગર અંજુમનના તમામ બેહેદીને એક લેખ કીધો હતો. તેમાં તેઓ લખે કે અમોએ બેહેદીન જણ ૪ નામે આ૦ જમશેદજી ખુરશેદજી વાછા, આ૦ માણેકજી સુખાજી પાવરી, આ૦ જમશેદજી રૂસતમજી દાબુ, તથા આ૦ ફરામજી મનચેરજી રાનજી, એઓને આગલ પાડીને નવસારીથી અંજુમન, તથા દસ્તૂર સાહેબ, તથા દેશાઈજીના ફરમાનથી વરશીઓ અને નીરંગદીનનું કામ મુંબઈમાં કરાવ્યું છે. આ લેખપર

આ૦ કાવશજી બરજોરજી, આ૦ ફરામજી બેહમનજી, આ૦ એદલજી ફરામજી, આ૦ હોરમજજી કોહીદાર, આ૦ શોરાબજી હોરમજજી, આ૦ દોરાબજી હોરમજજી રાનજી, આ૦ ભીખાજી હોરમજજી સુજ, આ૦ મેહેરા-મજી નવરોજજી કાતરક, આ૦ ખુરશેદજી માણેકજી વાછા, આ૦ ફરામજી દારાબજી મુલ્લા, આ૦ માણેકજી જમશે-દજી પાવરી, વગેરે બીજા ૨૨ બેહેદીની સહીઓ છે.[૪]

તા૦ ૩ જી જુન.

રોજ ૨૬ માહ ૯ (કદ૦) ૧૧૬૦ યજદજરદી.

**મરણ**—બરજોરજી સોરાબજી મેહેરેમદખાન—ઉમર વર્ષ ૭૮) સુરતવાલા શેઠ સોરાબજી કાવસજી નેકસાઆનખાનના વડા દીકરા. એવણના બાપે દીલ્હી-ના બાદશાહના ઘડીઆલો સમારી આપ્યાથી તેણે પ્રસન્ન થઈ તેમને તથા તેમના બે છોકરાઓને એલ-કાબો આપ્યા હતા, તેમાં એવણને "મેહેરેમદખાન" એટલે "દુવાથી વધેલો" એવો ખેતાબ મલ્યો હતો ઈ૦ સ૦ ૧૭૭૨ માં બાપના મરણબાદ એવણ તથા એવણના નાહના ભાઈ શેઠ પેશતનજી તાલેયારખાન ગરમા રેશમ, કાપડ, વગેરેનો વ્યાપાર તથા પોતાના બાપને મલેલી જાગીરોનો ભોગવતો ચલાવતા હતા. તે ઉપરાંત ઈ૦ સ૦ ૧૭૭૫ થીતે ૧૭૮૦ સુધી પાંચ વર્ષને કરારે મી૦ બુચર નામના કોઈ ઇંગ્રેજ અમલદાર પાસેથી "ટીબા" પરગણું લીધું હતું. એવણને બાપની જાગીરો તથા તેમના કુ-ટુંબના ઈજારદારના ઓધ્ધા ઉપરાંત ઈ૦ સ૦ ૧૭૮૭ માં ઓલપાડ, કરોદ, અને વાલોદ, ગામોની મામલતદારી સરકાર તરફથી મલી હતી.

તા૦ ૧૦ મી જુલાઈ

રોજ ૩ માહ ૧૦ (શે૦) ૧૧૬૦ યજદજરદી

**મરણ**—કાઉસજી મનજીવગાર[૫]—ઉમર વર્ષ ૫૫) સુરતના એક જાણીતા પારસી વ્યાપારી. એવણ ઈ૦ સ૦ ૧૭૫૧ માં ભગવાબંદરેથી સુરતમાં આવી કાપડ, રેશમ,

૧ આ દોખમાપર કરસી તખ્તી મારેલી નહિ હોવાથી તેના પરકાયાનો દાહડો વાર માલમ પડતો નથી, પણ ઊપલું વર્ષ એવણના એક હૈયાત બેટી બાઈ માણે-કબાઈ તે મરહુમ શેઠ જાંગીરજી નસરવાનજી વાડીઆના વીધવાની શાહદતથી તેમના પથકી એ૦ ફરદુનજી બરજો-રજી વાછાએ મેલવી આપ્યું છે એની આગમજનું એક ઘણું જુનું દોખમું હાલ કડીઆણીમાં મોજુદ છે, અને બીજા એક ઇટના બાંધેલા દોખમાની પડી ભાંગેલી નિશાન માલમ પડે છે

૨ સુરતના આગલા જાણીતા શેઠીયાઓ દીનશાહજી તથા મનચેરજી એદલજી ધનજી મેહતાના બપાવા

૩ આ સીહડીઓ બંધાવવા પર થએલા રૂ૦ ૧૭૦૦) ના ખરચનો આંકડો મરહુમ શેઠ મનચેરજી પેશતનજી વાડીઆ પાસે હતો. એ પછીતો અવાર નવાર એ સીહ-ડીઓમાં પચાત તરફથી ઘણો ફેરફાર કરવામાં આવ્યો હતો.

૪ એ૦ જામાસપજી શોરાબજી દસ્તૂર મેહેરજી રાણા વાલાએ નવસારીના પેહેલા દસ્તૂર મેહેરજી રાણા કેતા-બખાનામાં મેલેલી જુના લેખોના સંગ્રહની હાથની લખેલી ચોપડી સફે ૮૭

૫ સુરતવાલા ડાક્ટર માણેકજી બરજોરજીના બપાવા

વીગેરેનો ધંધો કરતા હતા, તથા ત્યાંના પારસીઓમાં સારી આબરૂવાળા ગણાતા હતા.

---

તા૦ ૨૭ મી જુલાઈ.

રોજ ૨૦ માહ ૧૦ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

મરણ—દસ્તૂર બેહરામજી રૂસતમજી ઉદવાડીવાળા—(ઉમર વર્ષ ૫૫) ઉદવાડીવાળા દસ્તૂર રૂસતમજી એદલજીના વડા દીકરા. એઓને ઈ૦ સ૦ ૧૮૨૨ મા પોતાના બાપના મરણથી તેમની જગોપર ઉદવાડામા દસ્તૂર ઠેરવ્યા હતા.

---

તા૦ ૩૦ મી જુલાઈ.

રોજ ૨૩ માહ ૧૦ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

મરણ—દસ્તૂર રૂસતમજી બેહરામજી સંજાણા—(ઉમર વર્ષ ૭૨) સુરતના એક જાણીતા દસ્તૂર, તથા આદરીઆં મેહરજીરાણાના ખાનદાનના વડવા. એઓ સુરત મધે જંદ, પેહલવી, સંસકરત, તથા ફારસી ભાષામા પોતાના વખતમા ઘણા બાહાદર ગણાતા હતા. એઓએ આર્દેદ અવાના, તેમજ દાદાસ્તાન ચુગ મગીના અવસ્તા તથા તેની દસ્તૂર આઝરબાદ મેહરેશફન્દે કીધેલી પાજંદ નકેલનો ફારસીમા તરજુમો કીધો હતો. આર્દેદ અવસ્તાની સેરાત ગુજરાતી ભાષામા એઓએ પેહલવેઈથી ઈ૦ સ૦ ૧૮૩૬ ના વરસમા શેઠ ધનજીભાઈ મનચેરજી ડેડીમનીને સારે લખી હતી. ઈ૦ સ૦ ૧૮૨૫ મા નવસારી મધે રેનાર ખુરશેદજી ટેહમુલજીએ પરહાવેલા આતશબેહરામની ક્રિઆ કરવામા એઓએ પણ મદદ કીધી હતી. એઓના હાથ હેઠળ મલુક સાહેબોએ તાલીમ લીધી હતી, જેઓમા નવસારીઆના મશહૂર દસ્તૂરો સોહરાબજી તથા કુમાનજી જમાસપજી મેહેરજી ગણાતા, તેમજ સુરતના વડા દસ્તૂર માણેકજી રૂસતમજી મુખ્ય હતા.

---

તા૦ ૩૧ મી જુલાઈ.

ઈ૦ સ૦ ૧૮૬૦ મા મુલતાન તરફ એક ભેયંકર દુકાળ પડ્યો હતો, કે જે સતરાના દુકાળને નામે જાણીતો છે. આ વેળાએ ત્યાંના ગરીબો કમોતે મરતા, અને ભુખમરાના માર્યા નાશી આવતા હતા. તે ગરીબોને તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૬૦ થી તે આજ સુધી શેઠ દાદીભાઈ નસરવાનજી, શેઠ પેસતનજી બહમનજી વાડીઆ, તથા શેઠ નસરવાનજી માણેકજી વાડીઆએ મળી સુરત મધે ખોરાક પૂરો પાડ્યો હતો, તથા તેમના કુટુંબને માટે શેઠ મંચેરજી મહેરજી ગીના પોતાને દફતરની વહે[illegible] પાવડા આપી હતી. આ

વેળાએ સઘળો મળી દશ મહિનામાં રૂ૦ ૧૬૯૨૩૧૫॥ નો ખરચ નીચે પ્રમાણે થયો હતો—

૧૦૮૮૫॥ ૧૯॥ ચોખા કુલ ખાડી ૧૩૦। મણ ૫૯૮.
૭૪૬) ૨૦ દાળ તુવરની ફરા ૨૫૮।.
૫૯૩। ૯ ઘી મણ ૫૮॥૫ શેર.
૭૭૩) ૯॥ વાસણ તાંબાના.
૧૬॥૨૨ મહુ ફરા ૯ તથા ગોળ નોરોજ તથા પોટીને દીને લોકોને ખવાડ્યું.
૩૬૯૮। ૧૬॥ રૂપીઆ રોકડા ખરચ કરાતે.
૧૦૮) ૧૯ પીઆજ કુલ.
એમાંથી ઉપલા ત્રણે જણને એકેકને ફાળે રૂ૦ ૫૬૦૭)૧૩॥ આવ્યા હતા.[1]

---

આજ વર્ષમા શેઠ પેસતનજી બહમનજી વાડીઆએ પરેલનો "લાલબાગ" નો મેહલ બંધાવ્યો હતો.[2]

---

તા૦ ૨૮ મી સપટેમબર.

રોજ ૧૯ માહ ૧૨ (શે૦) ૧૨૩૦ યજદજરદી.

મરણ—મેહરવાનજી મનચેરજી ખનાજી—(ઉમર વર્ષ ૨૭) શેઠ મનચેરજી બેહરામજી ખનાજીના વડા દીકરા. એઓ પોતાના વડવાઓની "ખનાજી હવેલી"

---

૧ આ ખરચના તફસીલવાર હીસાબનો એક ચોપડો મરહુમ શેઠ મનચેરજી પેસતનજી વાડીઆએ અમોને દેખાડ્યો હતો, અને તે ઉપરથી ઉપલી યાદી ઉપજાવી કાઢી છે. એ ઉપરાંત દેખીતું છે કે દુકાળની વખતે શેઠ દાદીભાઈએ સુરત ખાતે પોતાના આડતીઆ શેઠ રતનજી માણેકજી એદી તથા શેઠ પેસતનજી વાડીઆએ પોતાના ભાણા તથા આડતીઆ શેઠ એદલજી ધનજી મેહતા ઉપર ગરીબોને સસતે ભાવે આપવાને હજારો મણ અનાજ મોકલ્યો હતો. તેમજ શેઠ સોરાબજી મનચેરજી ડેડીમનીએ મુંબઈમા બીજી નાતવાળા લગભગ ૨૦૦૦) બે હજાર માણસોને કેટલીક મુદત સુધી દરરોજ પોતાને ખરચે ખોરાક પોહચતો કીધો હતો. આ બાબે મેજર મુર નામના એક અમલદારે પોતાના પુસ્તકમા તા૦ ૪ થી અકટોબર ૧૮૬૦ ના "બાંબે ટેલીગ્રાફ" નામના વરતમાન પત્રમાંથી નીચેનો ફકરો ઉતારીઓ છે —

"We are happy [illegible] the opportunity of printing [illegible] [illegible] daily [illegible] the present [illegible] daily feeds upwards of two thousand [illegible] his own expense."

(O[illegible] Travels in Pe[illegible] [illegible] III p. 102)

૨ મુંબઈનો બાગ ઘર વરે પાડ. આ બાગ તે વેળાએ આખા મુંબઈમાં સૌથી મોટો ગણાતો હતો, ને જોવાને ઘણેજ તેમજ દેશીઓનાં ટોળે ટોળાં ઉતરી પડતાં હતાં.

ના નામથી ચાલતી વ્યાપારી પેહડીપર બાપના હાથ હેઠળ કામકાજોમા પડેલા હતા, તથા તેજ પેહડીના કામગર એકવાર કનકતે પણ જઇ આવ્યા હતા.

## ઈ૦ સ૦ ૧૭૯૨.

તા૦ ૨૯ મી ફેબરવારી.

આજ દીને મુંબઈની સરકાર તરફથી તેમના શેકેટરી મી૦ વીલ્યમ પેજની સહી સાથનો એક ઢંઢેરો બાહેર પડયો હતો. તેમા ચેતવણી આપી હતી કે "સરકારને પારસી કોમની તરફથી એવી ફરીયાદ કરવામા આવીછે કે આએ ટાપુનો રેહનાર એક યુરોપયન હિંદુસ્થાનના દેશીઓની ધર્મ સબંધી ક્રિયાઓ તરફ સુધરેના લોકો જે મર્યાદા ભરી રીતે જોએછે તેથી તદનજ ઉલટી રીતે પારસીઓના એક દોખમાની અંદર ગયો, જેથી તે કોમને ઘણીજ દલગીરી, અગવડ, અને મોટા ખરચમા પડવુ પડયુ. તે ઉપરથી નામદાર આકટીંગ-પ્રેસીડંટ અને કૌનસીલે તે શખસને ઠપકો આપવાને ઘટતુ વિચાર્યુ છે, અને એવા બેશરદે કામ તરફ ઘણી સખ્ત રીતે પોતાનો તીરસ્કાર બતાવવાને, અને હવેપછી બીજા કોઈ એવો વાક ન કરે તે માટે જાહેર કરેછે કે જે કોઈ આએ સરકારની હકુમત તલે રેહનારો, દેશીઓના દેહરા, કબરસ્થાન, વગેરેમા જશે, અથવા બીજી ધર્મ સબંધી ક્રિયાઓની આડ આવશેનો તે અગર જો નામદાર કંપની સરકારની નોકરીમા હશેનો તેને ત્યાથી બરતરફ કરવામા આવશે, અથવા જો તે વ્યાપારી, ધંધા દરિયાઈ ખાતાને લગતો હશેતો તેનો પરવાણો છીનવી લઈ તેને યુરોપ પાછો મોકલી દીવામો આવશે"[૧]

તા૦ ૯ મી આપરેલ

રોજ ૧ માહ ૭ (શે૦) ૧૧૬૧ યજદજરદી.

**મરણ**—માણેકજી લવજી વાડીઆ—ઉમર વર્ષ ૯૦) શેઠ લવજી નસરવાનજી વાડીઆના વડા દીકરા. એવણ નાહનપણથીજ પોતાના બાપની સાથે મુંબઈની ગોદીમા રહેલા હતા, અને ઈ૦ સ૦ ૧૭૭૪ મા બાપનાં મરણ પછી ત્યાના વડા "માસટર બીલડર" થયા હતા. વાહણ બાંધવાના હુનરમા એવણ પણ બાપના જેવાજ બાહેશદાર હોવાથી ઈ૦ સ૦ ૧૭૭૧ મા ઈંગલાંડથી "કોરટ-ઑફ-ડાએરેકટરો" એ એવણને માટે એક રૂપાની રકેબી તથા શેમ્પાન મેટ મોકલી હતી. ઈ૦ સ૦ ૧૭૮૩ મા અંતરેના બારના કમાનડર-ઈન-ચીફ સર એડવરડ હયુજીસે એવો બંને ભાઈઓને એકેકો સોનાનો ચાંદ, તથા એજ વર્ષમાં મુંબઈની સરકારે એઓને ૯૦) મુડા ભાત ઉપજે તેટલી જમીન પરેલ તરફ જાગીર તરીકે વંશપર પરા મેટ અપાની હતી. એવણ તથા એવણના ભાઈએ પોતાના ઉપરીપણા હેઠળ સઘળા મલી ૨૯ નવા બારકસો બાંધ્યા હતા, તથા બેશુમાર મનવારો અને વાહણોની મરામત કીધી હતી તે વેળાની મુંબઈની પારસી પંચાએતના એવણ એક મુખ્ય અધ્યક્ષ હતા.

તા૦ ૧૯ મી નવેમબર.

રોજ ૧૧ માહ ૩ (કદ્) ૧૧૬૨ યજદજરદી.

**મરણ**—દાદાભાઈ જમશેદજી ગામડીઆ[૨]—ઉમર વર્ષ ૬૫) શેઠ જમશેદજી ભીમજીભાઈ પટેલના વડા દીકરા. એવણે પોતાના બાપના મરણ પછી પોતાના નાધના ભાઈ શેઠ બેહરામજીની સાથે મલી "બેહરામજી દાદાભાઈની કંપની" ના નામથી તેમની દુકાન રાખી મોટા પાયાપર રોજગાર ચલાવવા માડયો હતો. ઈ૦ સ૦ ૧૭૮૬ મા એવણે પોતાની મઝગામની વાડીમા એક

---

૧ આ ઢંઢેરાની એક નકલ શેઠ દાદાભાઈ પેસતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે, અને તે અતરે અક્ષરસહ ઉતારવી વાજબી ધારીએ છૈયે—

A PROCLAMATION

Whereas it has been represented to Government by the Cast of Parsees that a European Inhabitant of this Island, unobservant of that decency which enlightened people shew to the religious ceremonies of the Natives of India, had lately entered one of the repositories for their dead to the great distress, inconvenience, and expense of the said Cast, the Acting President in Council has thought fit to reprimand the person alluded to for his improper conduct, and in order to mark in the strongest manner his discountenance of such unwarrantable proceedings and to deter others from the commission of like indignities in future, he hereby causes it to be signified, that whoever shall obtrude themselves on the Temples, Tombs, or religious ceremonies of the Natives, residing under the protection of this Government, will be suspended the Honorable Company's service, if in their employ, or if free merchants mariners, or others be adjudged to have forfeited their licences, and will be sent to Europe.

By order of the Acting
President in Council
(Signed) WILLIAM PAGE
Secretary

Bombay Castle,
29th February 1792

૨ શેઠ કરામજી નસરવાનજી પટેલના બાવા એવણના બાવા શેઠ જમશેદજી ભીમજીભાઈ પટેલ સુરતની પાસેના "ટેરા" ગામમાથી ઈ૦ સ૦ ૧૭૨૦ મા મુંબઈ આવ્યા હતા, અને પેહલવેહલી ગામડી દારૂ વેચવાની તથા તે પછી વધતા વધતા વીલાયતી દારૂકામ તથા બીજા પરચુરણ સામાનની એક મોટી દુકાન પારસી બંદરમા કાટી હતી એવણ તે વખતે આપણા લોકોમા સારૂ માન ધરાવતા હતા કેહછે કે એવણના વડવાઓ અસલથી "ટેરા" ગામમાં પટેલાઈ કરતા હતા

દરેમેહર ત્યાંના જરથોસ્તીઓના વપડાસને માટે પરગાથી હતી. તે વેળાની મુંબઈની પારસી પંચાએતના એવણ એક અકાબર હતા.

---

## ઈ૦ સ૦ ૧૭૯૩.

તા૦ ૧૮ મી મેએ.

રોજ ૧૧ માહ ૮ (ચેં૦) ૧૧૬૨ યજદજરદી.

**મરણ**—બહમનજી હીરજી મોદી—ઉમર વર્ષ ૫૨) શેઠ હીરજીભાઈ જીજીભાઈ મોદીના નાહના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૫૮ મા પોતાના બાપનાં મરણ પછી તેમના નામદાર ઈસ્ટ ઈંડીઆ કંપનીના અમનદારો તથા લશ્કર ખાતાને સર જામ પોહચાડવાના કંત્રાકટોમા પોતાના કાકાઓની સાથે શામેલ હતા. તે બાદ ઈ૦ સ૦ ૧૭૭૨ મા સર્વે ભાગ્યાઓ હીસાબ નકી કરી છુટા પડયા હતા, અને એવણે પોતાને હીસાબે જુદો રોજગાર ચનાવ્યો હતો. એવણના એકજ દીકરા જીજીભાઈ નામે હતા, તેમના મરણ પછી એમની ઓલાદ ખતમ થઈછે

---

તા૦ ૨ જી જુલાઈ.

રોજ ૨૬ માહ ૯ (ચેં૦) ૧૧૬૨ યજદજરદી.

**મરણ**—રૂસ્તમજી દાદાભાઈ નાદરશાહ—ઉમર વર્ષ ૬૫) સુરતના નાદરશાહના ખાનદાનના વડવા. એવણ ઈ૦ સ૦ ૧૭૫૦ મા પોતાનાં જન્મ વતન નવસારીથી સુરતે આવ્યા હતા, અને શેઠ હીરજી જીવણજી રેડીમનીની સાથે તેમના મેહતા તરીકે પેહલવેહલા ઈ૦ સ૦ ૧૭૫૬ મા ચીન ગયા હતા. તે પછી પોતાને હીસાબે મણીઆર ચીનની સફરો કરી મોટો વ્યાપાર તથા સોદાની આડતનું કામ કરતા હતા. એવણનું "દારાયસ" નામનું એક મોટું વાહણ હતું.

---

તા૦ ૧૫ મી સપટેમબર

રોજ ૬ માહ ૧ (કદ) ૧૧૬૩ યજદજરદી.

**મરણ**—મનચેરજી માણેકજી શ્રોફ[1]—ઉમર વર્ષ ૬૨) શેઠ માણેકજી લીમજી શ્રોફના નાહના દીકરા. એવણે પોતાના બાપનો કરાઈનો ધંધો મેલી દઈ પ્રથમમાં નાહલા પાયા ઉપર વીલાયતી સામાણની એક દુકાન કાઢી હતી. રફતે રફતે તે દુકાનનું કામ વધ્યાથી ઈંગ્રેજ બજારમા એક મોટી દુકાન ઉઘાડી હતી; તથા ઇંગ્રેજો અને બીજા વ્યાપારીઓમા નાણા ધીરધાર કરવાનો સરાફી ધંધો પણ કરતા હતા. એવણ તે વેળાની મુંબઈની પારસીની પંચાએતના એક અકાબર હતા.

---

તા૦ ૨૭ મી અકટોબર.

રોજ ૧૮ માહ ૧ (ચેં૦) ૧૧૬૩ યજદજરદી.

**મરણ**—દસ્તૂર કાઉસજી સોરાબજી મેહરજી રાણાનાં[2]—ઉમર વર્ષ ૫૫) નવસારીવાલા દસ્તૂર સોરાબજી રૂસ્તમજી મેહરજી રાણાના વડા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૭૯ મા પોતાના બાપના મરણ બાદ નવસારીના વડા દસ્તૂરનો ઓહદો મલ્યો હતો.

---

તા૦ ૨૭ મી નવેમબર.

રોજ ૯ માહ ૨ (ચેં૦) ૧૧૬૩ યજદજરદી.

**મરણ**—કેખશરૂ રૂસ્તમજી પટેલ—ઉમર વર્ષ ૩૭) શેઠ રૂસ્તમજી દોરાબજી પટેલના બિજા દીકરા. એવણ પોતાના ભાઈઓ શેઠ કાવસજી તથા દોરાબજીની સાથે મુંબઈ અને થાણાને લગતા ગામોની પટેલાઈના, તેમજ સરકારનાં મોટા કંત્રાકટના કામોમા શામેલ હતા. તે વેળાએ ઇંગ્રેજી ભાષા એવણ ઘણી સારી રીતે લિખતા હતા.

---

આએ વર્ષમાં વડોદરાના ગાયકવાડ માહરાજા આનંદરાવે નવસારીના દેશાઈ મનચેરજી ખુરશેદજીને ઇંગ્રેજ સરકારની બાહેધરી હેઠલ તેમના તથા તેમના કુટુંબના બચાવને માટે એક પરવાણો કરી આપ્યો હતો.[3]

---

[1] મરહુમ શેઠ નસરવાનજી દીનશાહજી શ્રોફના બાપના બપાવા. એવણના બાવા શેઠ માણેકજી લીમજી તથા તેમના વડા દીકરા શેઠ શાપુરજી માણેકજી લીમજી ઈ૦ સ૦ ૧૭૩૩ મા સુરતથી અતરે આવ્યા હતા. એઓ બ્યુ ધંધો કઘા લાકડાં વેચનાર કરાઈ એટલે "ટીંબર"નો હતો, કે જે ઊપરથી એવણનું કુટુંબ આજ સુધી શ્રોફ અટકથી ઓળખાએછે. અતરેના ગોદીના તથા કંપની સરકારને લગતી ઇમારતોને માટે લાકડાં વેચવાનું કંત્રાકટ એઓને મલતુ હતુ.

[2] મુંબઈવાલા દસ્તૂર એરચજી તથા મે૦ જામાસપજી સોરાબજી મેહરજી રાણાવાલાના બપાવા.

[3] આ પરવાણામાં લખેછે કે—

" તમે કેટલી લાંબી મુદતના અમારી નોકરીમાંછો
" તે અમે ધ્યાનપર લઈને સુરતના વડા મી૦ ગ્રીફીઠ
" ઊપર એક કાગળ લખી તેને એવી અરજ કરીછે કે
" આગળ જેમ ઇંગ્રેજ સરકારને નામે તમોને પરવાણો
" લખી આપયો હતો તેમ હાલમાંભી જુલમથી તમારો
" બચાવ કરવા માટે ઇંગ્રેજ સરકારની જામીનગીરી હેઠલ
" તમોને અમારી ખાતરી આપવી અમે તમને અમારી
" સરકારના શકતીવાલા અને આતુર નોકર દાખલ
" ગણીએ છૈયે તમારી ઊપર જુલમ ચલાવવામાં, અથવા
" તમારી સુચના શામે વગર કારણે હરકત લેવામાં આવશે
" નહી અમારી ગંભીર કબુલાતો, અને ઇંગ્રેજ સરકા-
" રની જામીનગીરી ઊપર ભરૂસો લાવીને તમારાં પરગ-
" ણાઓ તરફ તમે પાછા ફરો અને તેના સુધારા પાછળ

આએ વર્ષમા શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ પરેલનો "સીરીબાગ" નો મેહલ બધાયો હતો, કે જેને "લવજી કાસલ" કરીને પણ કેહછે.[1]

આએ વર્ષના મુબઈના ઇગ્રેજી કાલેનડર[2] મા પારસીઓને લગતી નીચની બીના આપેલી હતી:—

## ઈનસુરનસ સોશાઈટીના[3] પારસી ભાગીદારો.

દાદીભાઈ નશરવાનજી.
નશરવાનજી માણેકજી વાડીઆ.
પેશતનજી બહમનજી વાડીઆ.
ફરામજી નાનાભાઈ દાવર.
ફરામજી માણેકજી વાડીઆ.
હોરમજજી બહમનજી વાડીઆ

## પારસી વ્યાપારીઓ.

દાદીભાઈ નશરવાનજી.
હીરજી જીવણજી રેડીમની.
નશરવાનજી માણેકજી વાડીઆ.
પેશતનજી બહમનજી વાડીઆ.
શોરાબજી મનચેરજી રેડીમની
ફરામજી નાનાભાઈ દાવર
દોરાબજી ફરદુનજી લશકરી.
મેહરામજી મોટાભાઈ.
બરજોરજી દોરાબજી દાદીબરજોરના.

" મેહનત કરો તમોએ, તમારા ગુમાશતાએ, તમારા
" કુટુમ પરીવારે, અને તમારા હાથ નીચેના દરેક માણસે
" જાણીને સતોષ પામજો કે તમારી સામે કોઈભી રીતનો
" બેઈનસાફ કરવામા આવશે નહી "
[નૂરેઅદબ પુસ્તક ૭ મું આંક ૪ પો. સફે ૧૦૪ મો૦ પાલણજી બરજોરજી દેશાઈનુ લખાણ]

આ દેશાઈજીને ગાએકવાડ સરકાર સાથે કાઈ વાંધો પડવાથી તેમને આ પરવાનો મેળવવાની ફરજ પડી હતી

[1] આ જગોએ પ્રથમમા મી૦ ઇશટોરી નામના ઇગ્રેજ ગ્રહસ્થનો બાગ હોવાથી તે "સીટોરીબાગ" કરી કેહવાતો હતો એ પછી શેઠ હોરમજજીએ આ મેહલ બધાવ્યા બાદ એનુ નામ "લવજી કાસલ" કરી રાખ્યુ હતુ એ મેહલ તે વેળાએ મુબઈમા સર્વથી ખુબશુરત, બુલંદ, અને સુધરેલા શોખ પ્રમાણે બધાયો હતો ઈગ્રેજો વગેરે પોતાના ખાણા પીણા તથા મેળાવડાઓ ત્યા કરતા હતા

[2] The Bombay Directory and Calendar for 1793. Bombay, printed by Joseph Burne

[3] આ ઇનસુરનસ સોશાઈટી આતરેના પેહલે વાગેના ઈગ્રેજોએ વ્યાપારના માલઅરનો વીમો ઊતારવાને કાઢી હતી, અને તેના દરેક શેરની કીમત વીશ હજાર રૂપીઆ હતી

## ચીન તરફ જનાર આરતીઆ.

રૂસતમજી દાદાભાઈ નાદરશાહ.
એદલજી બહમનજી (એદલકાકા).

## પારસી વાહાણવતીઓ.

| વાહાણનુ નામ. | માલેક. | ટણ. |
|---|---|---|
| અન | પેશતનજી બહમનજી વાડીઆ | ૭૪૯ |
| બગાલ સેનામની | માણેકજી પેશતનજી ઈસપીસારના . | ૦૦ |
| બોમજે, . | નશરવાનજી માણેકજી વાડીઆ | ૫૧૧ |
| ફારગીપર | .. બેહરામજી નાનાભાઈ દાવર . | ૩૬૭ |
| દારાપસ . | રૂસતમજી દાદાભાઈ નાદરશાહ . | ૦૦ |
| ગજાપર . | ફરામજી નાનાભાઈ દાવર | ૦૦ |
| હોરો-સેનો | પેશતનજી બહમનજી વાડીઆ . . | ૦૦ |
| હોરમજદપાર. | ફરામજી માણેકજી વાડીઆ | ૫૪૩ |
| હારનબી . | . હીરજી જીવણજી રેડીમની | ૮૨૩ |
| કીંગ જારજ | . દાદીભાઈ નશરવાનજી .. | ૧૦૨૨ |
| લવજી ફેમીલી | હોરમજજી બહમનજી વાડીઆ | ૮૮૩ |
| મોલ ફોરડ . | પેશતનજી બહમનજી વાડીઆ | ૬૨૫ |
| પરશોતમ | . દોરાબજી રૂસતમજી પટેલ . | ૦૦ |
| રામસે | ખરશેદજી માણેકજી સેરાફ . | ૩૮૩ |
| રાવન આરનેટ | હીરજી જીવણજી રેડીમની . . | ૬૦૮ |
| શાહ આરદેસર | દાદીભાઈ નોશરવાનજી . | ૮૬૯ |
| શાહ બેહરામ | નવરોજજી કાવશજી નાગીઓરવાલા. | ૦૦ |
| શાહ જેહાગીર | કાવશજી રૂસતમજી પટેલ | ૭૦૫ |
| શાહ મનોચેહર | શોરાબજી મનચેરજી રેડીમની | ૧૦૪૨ |
| તાજબખશ . | પેશતનજી બહમનજી વાડીઆ . | ૮૧૫ |
| બુરૂરય . | બરજોરજી દોરાબજી દાદીબરજોરના | ૦૦ |

## ઈ૦ સ૦ ૧૭૯૫.

તા૦ ૨૬ મી ફેબરવારી.

રોજ ૧૮ માહ ૫ (શે૦) ૧૧૬૩ યજદજરદી.

**મરણ**—હીરજી જીવણજી રેડીમની—ઉમર વર્ષ (૬૧) એવણ ઈ૦ સ૦ ૧૭૨૮ મા પોતાના જન્મ વતન નવસારીથી આહીં આવ્યા હતા, તથા પોતાના ભાઈઓ શેઠ મનચેરજી અને ટેહમુલજીની સાથે વ્યાપાર વનજનાં કામમા પડયા હતા. ઈ૦ સ૦ ૧૭૫૬ મા એવણ પેહલા વેહલા પારસી તરીકે ચીન ગયલા કેહવાયછે, અને ત્યાંના વ્યાપારનું મેદાન પારસીઓને માટે ઉઘાડવાનું પેહલું માન એવણને ઘટેછે. કેહછે કે આ એકજ સફરમા એવણે મોટી દોલત મેળવી હતી એવણ પાસે "હારનબી" તથા "રાયલ આરનેટ" નામના બે મજુરી વાહાણો હતા. મુબઈની પારસી પચાએતના એવણ એક આગેવાન હતા. એવણને ત્યાં કોઈ નર વારસ નહિ હોવાથી પોતાની દીકરીના દીકરા શેઠ જાગીરજી નશરવાનજી બનાજીને પોતાના પાલક કીધા હતા.

### તા૦ ૧૩ મી જુલાઈ.

રોજ ૭ માહ ૧૦ (શે૦) ૧૧૬૩ યજદજરદી.

**મરણ**—રતનજી જશાજી જીવણજી[૧]—ઉમર વર્ષ ૭૪) અતરેના જશાવાલાના કુટુંબનો પાયો નાખનાર શેઠ જશાજી જીવણજીના વડા દીકરા. એવણે ઈ૦ સ૦ ૧૭૪૦ થી વીલાયતી સામાનની એક મોટી દુકાન ઇંગ્રેજ બજારમા જુની શેક્રેટરીએટની સામે ઉગાડી હતી.

### તા૦ ૧૫ મી જુલાઈ.

રોજ ૯ માહા ૧૦ (શે૦) ૧૧૬૩ યજદજરદી.

**મરણ**—માણેકજી દોરાબજી સરાફ[૨]—ઉમર વર્ષ ૬૧) શેઠ દોરાબજી કાવસજી દાદીબરજોરના બીજા દીકરા. એવણ અતરેની સરકારી તરેજરીમા વડા સરાફના ઓહ્દા પર હતા, અને ત્યાં ઇંગ્રેજો, વગેરેમા નાણાની ધીરધાર કરવાથી મોટા લોકોમા વગવાલા થઈ પડયા હતા. આથી લોકો એવણને સરાફની અટકથીજ ઓળખવા લાગા. પછવાડથી એવણે કેટલોક વ્યાપાર કરવા માડયો હતો. એવણે ચોપાટી મધે પોતાના બંગલાની પડોસમાં તા૦ ૫ મી ડીસેમબર ૧૭૯૦ ને દીને આદરાનની એક દરેમેહર બંધાવી પરઠાવી હતી. તે વેળાની મુંબઈની પારસી પંચાતના એવણ એક અકાબર હતા.

## ઈ૦ સ૦ ૧૭૯૫.

### તા૦ ૭ મી ફેબરવારી.

રોજ ૧ માહ ૫ (શે૦) ૧૧૬૪ યજદજરદી.

નવસારીની વડી દરેમેહર ઘણી પુરાણી થવાથી તે ઉખેડી નવેસરથી દેસાઈ મનચેરજી ખુરશેદજીએ પોતાને પૈસે બંધાવી આજ દીને તેને પાછી પરઠાવી હતી.[૩]

### તા૦ ૧૬ મી મારચ.

રોજ ૮ માહ ૬ (શે૦) ૧૧૬૪ યજદજરદી.

**મરણ**—બહમનજી માણેકજી સરાફ—ઉમર વર્ષ ૩૫) શેઠ માણેકજી દોરાબજી સરાફના વડા દીકરા. એવણ પોતાના બાપના વ્યાપાર વનજના કામોમાં પડેલા હતા, તથા તેમની પછી આઠ મહિનામાં મરણ પામ્યા હતા. એવણે પોતાના ભાઈઓ શેઠ ખુરશેદજી તથા હોરમજજીની સાથે મળી ચોપાટીના ડુંગર ઉપર દોખમાઓની સામે એક મોટી પથરની સગડી બંધાવવા માડી હતી.

### તા૦ ૨૮ મી આપરેલ.

પરેલ તથા માહીમના કેટલાક ખેતીવાડી કરનારાઓએ, ઈ૦ સ૦ ૧૭૮૩ મા મુંબઈની ગાદીના તે વેળાના "માસ્ટર બીલ્ડરો" શેઠ માણેકજી લવજી વાડીઆ તથા શેઠ બહમનજી લવજી વાડીઆને અતરેની સરકારે પરેલ તરફ જે જગા વંશપરંપરા ઈનામ તરીકે આપી હતી, તેમાની કેટલીક જગા તેઓના દોરોના વપરાશને માટે ઘણા વર્ષોની વપરાતીછે, અને તેથી તે જગા તેઓને (માસ્ટર બીલ્ડરોને) અયોગ્ય રીતે સરકારે આપીછે, એવી એક અરજી અતરેની સરકારને કીધી હતી, તે વિષે કોરટ-આફ-ડાએરેક્ટરોએ સઘળા કાગળીયા તથા રીપોરટો તપાસી ઇંગલાંડથી પોતાના આજની તારીખના અતરેની સરકાર ઉપરના "ડીસપાચ" મા લખ્યુ હતુ કે "તેઓને લવજી ફેમીલીની સામે આ બાબદ ઉપર ફરીયાદ કરવાને કસ્સુ વાજબી કારણ નથી"[૪] અને આએજ "ડીસપાચ" મા કોરટે ઉપલી જમીન જે મુંબઈની સરકારે તેઓને વંશપરંપરા ઈનામ દાખલ બેટ આપી તે કામ બાહાલ રાખ્યુ હતું.[૫]

### તા૦ ૧૩ મી જુલાઈ.

આજ દીને મુંબઈના મેયરની કોરટમાં પારસીઓમાં પાલક કરવા બાબેના એક અગત્યના મુકદમાનો ચુકાદો થયો હતો. તેમા ડોસાબાઈ જમશેદજી મોદી, વાદી; અને બાઈ શુનાબાઈ તથા રતનબાઈ, તે મરનાર માણેકજી જીજીભાઈ મોદીની વીધવા તથા દીકરી પરતી-

---

૧ એવણના બાવા શેઠ જશાજી જીવણજી ઈ૦ સ૦ ૧૭૧૦ મા કલીઆણીથી અતરે આવી વસ્યા હતા, અને કહેછે કે અતરેના કોટની આસપાસની ફરતી ચર જે તે વેળાએ ખણાતી હતી તેના થોડાક ભાગનુ ઉપરીપણું તેવણને મલ્યુ હતુ. તેવણના નાહના દીકરા શેઠ શાપુરજી જશાજી પોતાના વડા ભાઈની સાથે તેમની દુકાનમા શામેલ હતા તેવણ પણ અતરેના એક જાણીતા રેહવાસી હતા, અને વગર વારસે મરણ પામ્યા હતા.

૨ મુંબઈવાળા શેઠ ખરશેદજી માણેકજી સરાફના બાવા, તથા શેઠ બરજોરજી દોરાબજી દાદીબરજોરના ભાઈ.

૩ આ દરેમેહર નવેસરથી બંધાઈ તેની નીચે મુજબ તખ્તી દરેમેહરની અંદરના ભાગમાં મારેલીછે—

" સંવત ૧૮૫૧ માહા વદ ૭, રોજ ૧ માહ ૫ દેસાઈ
" શ્રી ૫ મનચેરજી ખુરશેદજીએ શ્રી દરેમેહર બંધાવી "

૪ ... . we are of opinion that they have no just cause of complaint against the Lowjee Family on that account"

૫ and as we ourselves have borne frequent testimony of their merits, we hereby ratify and confirm the said grant with a due proportion of foras and pertoneas to their family and descendants"

[આ "ડીસપાચ" ના મજકુર ફકરાઓ ઈ૦ સ૦ ૧૮૪૦ માં લવજી વાડીઆના વંશીઓએ "કોરટ-આફ-ડાએરેક્ટરસ" પર કરેલી અરજીની એક સુંદર ચોપડી જે ઈંગલાંડમાં છપાએલી છે, તેના વધારા તરીકે સફે ૪૨ મે આવેલાછે].

વાદી હતા. આ મુકદમાની કેફીયત એકે કે એક માણેકજી જીજીભાઈ મોદી, કે જેઓ તા૦ ૧૯ મી ફેબરવારી ૧૭૭૩ ને દીને પોતાની પાછળ કોઈબી નર વારેસ તથા વશીયતનામુ કર્યા વગર એક મોટી પુંજી મેલીને મરણ પામ્યા હતા. તેવણને પેટે એક દીકરી મજકૂર રતનબાઈ હતી, અને તેણીને ત્યાં તે વખતે બોધનાભાઈ નામે છ વર્ષનો એક બેટો હતો. મરનાર માણેકજીની તે બેટા ઉપર ઘણી મમતા હતી, અને તેવણે તેને પોતાનો પાલક કરવાનો પોતાના બેશીઓ તથા ઓળખાણ પીછાણવાળાઓ આગળ ઈરાદો જાહેર કીધો હતો. હવે માણેકજીનુ જ્યારે મરણ નિપજ્યુ ત્યારે અઠવાડીઆ ભરી રહયા પછી તેમની મજકૂર વીધવા તથા દીકરીએ બોધલાભાઈને તેમના પાલક ઠેરવી તદરેશ્તી પઢાવી. એ પછી ઉઠમણાને દાહડે જ્યારે સઘળી અંજુમન એકઠી થઈ ત્યારે માણેકજીના ભત્રિજા એક જમશેદજી બોધાભાઈ મોદીએ પંચાતના બીજા અકાબરો આગળ ફરીયાદ કીધી કે આપણા ધર્મની રૂએ મુજબ છોકરીના છોકરાને પાલક કરાય નહિ, પણ કોઈબી મરનારના બાપીકા લોહીનો હોય તેને પાલક કરવો સજાવારછે પંચાતના ઘણાખરા અકાબરોએ તે વાંધો કબુલ રાખ્યો, અને જમશેદજીએ પોતાના ડોસાભાઈ નામના બાર વર્ષના એક છોકરાને પાલક ઠેરવી ઉઠમણામા તેને નામની તંદરેશ્તી પઢાવી, તથા એક લેખ કરી તે પર ત્યાં હાજર રહેલા મુખ્ય આગેવાનોની સહી લીધી કે "પંચાતે આજ દીને જમશેદજી બોધાભાઈના છોકરા ડોસાભાઈને મરનાર માણેકજી જીજીભાઈ[?]દીનો પાલક ઠેરવ્યોછે "૧

આ ઠેરાવની સામે માણેકજીની મજકૂર વીધવા, દીકરી, તથા ઘરના બીજા બઈરાઓએ વાંધો લીધો, સબબ મજકૂર જમશેદજી બોધાભાઈ તથા માણેકજી (કાકા ભત્રિજાઓ) ને સુલેહ બનાવ હતો નહિ, અને તેઓને એકમેકપર કસ્સુ હેત પ્રીત પણ નહિ હતુ. લેકીન તેમનો વાંધો ચાલી શકયો નહિ, અને ડોસાભાઈએ ઉમરે પુગી માણેકજીના પાલક તરીકે તેમની સઘળી પુંજી ઉપર દાવો કીધો, અને "મેયર" ની અદાલતમાં તેમની મજકુર વીધવા તથા દીકરી ઉપર ફરીયાદી માંડી હતી. આ ઉપરથી "મેયરે" પારસીઓમા પાલક કરવા વિષે ધર્મનુ ફરમાન તથા રવેશ શુ છે તે જાણવા સારૂ કેટલાક આબરૂદાર બેહદીનો તથા મોબેદોને સાક્ષિ આપવા બોલાવ્યા હતા, અને તે સઘળાઓએ પાલક કરવાના રેવાજ વિષે નીચે પ્રમાણે પોતાના અભિપ્રાય આપ્યા હતા:—

દાદીભાઈ નોશરવાનજી—ઉમર વર્ષ ૬૦) એવણે જણાવ્યુ કે પારસીઓમા બાપીકા લોહીનાજ શખ્સોને પાલક કરવાનો રેવાજછે, અને છોકરીના વંશનાઓને કરતા નથી. જ્યારે કોઈ પારસી કાંઈ દઈવિત મુકી મરી જાએ અને તેના કુટુંબવાળાઓ તેનો પાલક નહિ ઠેરવે અથવા તો તેઓમા તેની નેમનુક વિષે કાંઈ વાંધો હોય, તો પંચાત તેવા ઘણીના કુટુંબમાથી તેનો પાલક ઠેરવી આપેછે.

આ૦ સોરાબજી નાનાભાઈ શેઠના—ઉમર વર્ષ ૫૦) જણાવ્યુ કે પારસીઓમા છોકરીના વંશનાઓનેબી પાલક કરવાનો રેવાજછે. તેના તેવણને કેટલાક દાખલા માલમછે. એક ધણી પોતાની હૈયાતીમા ગમે તેને પોતાનો પાલક ઠેરવી શકેછે, અને તે ઠેરવ્યા વગર મરણ પામેતો તેની વીધવા ઠેરવી શકેછે. પંચાતે કોઈનો પાલક ઠેરવવાના દાખલા મે સાંભળ્યા નથી.

આ૦ મનચેરજી એદલજી શેઠના—ઉમર વર્ષ ૪૮) જણાવેછે કે પારસીઓમા છોકરો અથવા છોકરી હરકોઈનાબી વંશમાથી પાલક કરવાનો રેવાજ સાધારણછે.

આ૦ બેહરામજી બહમનજી શેઠના—ઉમર વર્ષ ૫૮) કહેછે કે પારસીઓમાં બાપીકા લોહીનો ધણી જયાસુધી પાલક થવાને મળી આવે ત્યાસુધી છોકરીના વંશનાઓને પાલક કરવાનો રેવાજ નથી

---

૧ આ લેખપર ઉઠમણાનીજ એટલે તા૦ ૨૧ મી ફેબરવારી ૧૭૭૩ ની તેરીખ ભરેલીછે અને તે પર નીચલા પારસીઓની સહીઓછે

આ૦ મનચેરજી બહમનજી શેઠના, આ૦ સાપુરજી બહમનજી શેઠના, આ૦ નાનાભાઈ બહમનજી શેઠના, આ૦ બેહરામજી બહમનજી શેઠના, આ૦ રતનજી દાદાભાઈ શેઠના, બેહરામજી હોમજી (મેહડી હોમજી) દાદીભાઈ નોશરવાનજી, નાલાભાઈ બહમન જીવા, બહમનજી નવરોજજી વાડીઆ, પટેલ બરજોરજી સાપુરજી (મેજરના), માણેકજી દોરાબજી સરાફ, બહમનજી ખરશેદજી, આ૦ નશરવાનજી નવરોજજી, આ૦ ફરામજી નવરોજજી, બહમનજી ધનજી કોપર, આ૦ જમશેદજી મનચેરજી, આ૦ જમશેદજી મેનદોશજી, આ૦ કાવશજી બચાજી, સોરાબજી માણેકજી પારખ, જીવનજી દાદાભાઈ, માણેકજી રતનજી, હીરજી જીવણજી રેડીમની, મોદી બહમનજી હીરજી, મોદી જમશેદજી બેહરામજી, મોદી કાવશજી ખરશેદજી, મોદી ખરશેદજી માણેકજી, મોદી એદલજી બેહરામજી, બરજોરજી દોરાબજી દાદીબરજોર, નવરોજજી હોમા, નવરોજજી નાહનજી, ભીમજી બેરામજી, કુકાજી કુવરજી દા૦ જમશેદજી કુકાજી, રૂસતમજી નવરોજજી, રાણજી રતનજી જથાવાળા, હીરજી રતનજી જથાવાળા, નશરવાનજી ભીમજી ગામડીયા, કામાજી કુવરજી દા૦ મનચેરજી કામાજી, દાદજી જીવાજી ગાંધી દા૦ જીવાજી દાદજી, મોટાશાહ મનજીશાહ, પેશતનજી ધનજી ખરાસ, પટેલ કામાજી પેશતનજી, બેહરામજી દોરાબજી, નશરવાનજી રૂસતમજી, મોદી બાપુજી નવરોજજી, બેજનજી માણેકજી કાબરા, સોરાબજી એદલજી બાટગરા, ધનજી જીવણજી, મોટાભાઈ મનચેરજી, ભીખાજી રૂસતમજી, કાવશજી જીવાજી, મોદી કુવરજી કાવશજી, ભીખાજી કુવરજી પીરાજોગીના, દોરાબજી કાવશજી દાદી બરજોર, રૂસતમજી નવરોજજી, આ૦ કેકવાજી જમશેદજી, આ૦ સોરાબજી રૂસતમજી, આ૦ માણેકજી જમશેદજી, આ૦ જમશેદજી ખરશેદજી, આ૦ માણેકજી બેરામજી.

આ૦ કાવસજી બયાજી દાજીના—ઉમર વર્ષ ૬૫) જણાવેછે કે પારસીઓમા જયાસુધી બાપીકા લોહીનો કોઈબી ધણી પાલક થવાને મલી આવે ત્યાંસુધી છોકરીના વંશનાઓને પાલક કરવાનો રેવાજ નથી. અગર કોઈ પારસી કાંઈ પુત્ર મુકી મરણ પામે અને તેના પાલકને માટે તેનાં કુટુંબીઓમા કાંઈ વાંધો હોયતો પંચાતે તેવા ધણીના કુટુંબમાંથી તેનો પાલક ઠેરવી આપવાનો રેવાજછે.

આ૦ કડવાદારૂ જમશેદજી—ઉમર વર્ષ ૬૮) ઉપલા શાહિદની માફકનુજ મત આપેછે.

આ૦ પુંજીઆભાઈ માણેકજી શેઠ—ઉમર વર્ષ ૩૦) ઉપનુજ મત આપેછે.

બરજોરજી દોરાબજી દારીબરજોરના—ઉમર વર્ષ ૫૦) ઉપલીજ રીતનુ મત આપેછે.

મોટાભાઈ મનચેરજી—ઉમર વર્ષ ૮૫) ઉપલીજ રીતનુ મત આપેછે.

શોરાબજી મનચેરજી રેડીમની—ઉમર વર્ષ ૩૭) ઉપર પ્રમાણેજ મત આપેછે.

બેજનજી માણેકજી કાણગા—ઉમર વર્ષ ૪૫) ઉપર પ્રમાણેજ પોતાનુ મત આપેછે

મોદી એદલજી બેહરામજી—ઉમર વર્ષ ૫૨) ઉપર પ્રમાણેજ મત આપેછે.

જમશેદજી બહમનજી વાડીઆ—ઉમર વર્ષ ૩૯) ઉપર મુજબનુજ મત આપેછે.

નાનાભાઈ બહમનજી—ઉમર વર્ષ ૬૦) ઉપર મુજબનુજ મત આપેછે.

મોદી વાછાગાંધી ભીમજી—ઉમર વર્ષ ૫૬) ઉપર પ્રમાણેજ મત આપેછે

ફરામજી નાનાભાઈ દાવર—ઉમર વર્ષ ૬૨) ઉપર મુજબનુજ મત આપેછે.

શેરાબજી એદલજી ભાતગર—ઉમર વર્ષ ૭૨) ઉપર મુજબનુજ મત આપેછે.

ફરામજી માણેકજી વાડીઆ—ઉમર વર્ષ ૬૬) ઉપર મુજબનુજ મત આપેછે.

માણેકજી દોરાબજી મગરૂ—ઉમર વર્ષ ૫૬) ઉપર મુજબજ મત આપેછે.

મુલાં કાઉસજી રૂસતમજી—ઉમર વર્ષ ૬૦) ઉપર મુજબનુજ મત આપેછે. હું તેવણ કેહેછે કે જે વેળાએ માણેકજી મરણ પામ્યા તે વેળાએ હુ મુંબઈમા નહિ હતો.

નવરોજજી માણેકજી વાડીઆ—ઉમર વર્ષ ૬૧) ઉપર મુજબનુજ મત આપેછે.

મનચેરજી બેહરામજી બનાજી—ઉમર વર્ષ ૫૮) ઉપર મુજબનુજ મત આપેછે.

આ૦ જમશેદજી બરજોરજી વાછા—ઉમર વર્ષ ૭૬) જણાવેછે કે પારસીઓમાં છોકરો અથવા છોકરી હરકોઈ નામી વંશમાંથી પાલક કરવાનો રેવાજછે. જયારે કોઈ ધણી વગર છોકરે મરણ પામેછે ત્યારે તેની બીવવાએ પોતાને ગમે તે ધણીને મરનારનો પાલક કરવાનો ચાલછે.

આ૦ મનચેરજી બહમનજી શેઠના—ઉમર વર્ષ ૮૨) ઉપર મુજબનુજ મત આપેછે.

આ૦ શોરાબજી માણેકજી શેઠના—ઉપર મુજબજ મત આપેછે.

આ૦ દોરાબજી ફરામજી—ઉપર મુજબ મત આપેછે, અને એક દાખલો આપેછે કે સુરતના વડા દસ્તૂર કાઉસજી પોતાના મમાવા દસ્તૂર ભીખાજીના પાલક થયાછે, અને તેમની જગોએ દસ્તૂરી ચલાવેછે, તથા તેમની સઘળી મીલકતના પણ માલેક થયાછે, જોકે તેવણનો એક ભત્રિજો તે વખતે હૈયાત હતો.

બરજોરજી કાવસજી મોદી—જણાવેછે કે કાલાભાઈ શોરાબજી અને કાલાભાઈ બહમનજી નામના સુરતના બે જાણીતા પારસીઓને તે ઓળખેછે. પેહલાના મરણ વખતે તેના ત્રણ ભાઈઓ જીવતા હતા, અને બીજાની વખતે તેના બાપીકા લોહીના કેટલાક ઓરસીઓ હતા, તોપણ તેઓએ પોતાની છોકરીના છોકરાઓને પાલક કીધા હતા.

હોરમજજી બેહરામજી—જણાવેછે કે હું મારા મામાનો પાલક થયોછું.

આ પ્રમાણેની શાહેદી સાંભળી "મેયર" આજદીને પોતાનો ચુકાદો આપ્યો કે ડોસાભાઈ જમશેદજી મોદીને પારસીની પંચાતે મરનાર માણેકજી જીજીભાઈ મોદીનો પાલક તેમના ઉઠમણામા ઠેરવી આપ્યોછે, માટે મરનારની બીવવા સુનાબાઈ તથા દીકરી રતનબાઈએ તેની સઘળી મીલકતનો કબજો ડોસાભાઈને તેના પાલકતરીકે આપવો, અને ડોસાભાઈએ મજકૂર બંધે બાઈઓને તેમની હૈયાતી સુધી દરેકને રૂ૦ ૫૦) નો દરમાયો તેમના ઉદરપોષણને માટે આપવો.[1]

[1] આ ચુકાદાથી નારાજી થઈ ઉપલી બંધે બાઈઓ સુનાબાઈ તથા રતનબાઈએ મુંબઈની "અપીલ કોરટ" મા તા૦ ૨૭ મી અકટોબર ૧૭૯૫ ને દીને અપીલ કીધી હતી, અને તેનો ચુકાદો પણ ઉપલા "મેયર" ના ચુકાદાના જેવોજ થયો હતો આ બંધે ચુકાદાઓની સામે એ બાઈઓએ ઠેઠ ઇંગલાંડ ખાતે "કીંગ-ઈન-કૌનસીલ" મા અપીલ કીધી હતી તેના ફેસલાની નકલ ઘણી શોધ કર્યા છતા હાથ લાગી નથી, પણ સાંભ-ળ્યા પ્રમાણે ઈંગલાંડના ન્યાયધિશોએ ઉપલી બંધે મુંબ-ઈની કોરટના ચુકાદા રદ કરી મજકૂર બાઈઓ તથા ડોસાભાઈના લાભમા ચુકાદો કરી આપ્યો હતો, શબબ "મેયર" ની કોરટમા પડેલી શાહેદી ઉપરથી તેઓએ જોયું કે પારસીઓમા પાલક કરવા વિષે ચોકસ નીયમ નથી, અને જયારે મરનારની ખાહેશ પોતાની છોકરીના છોકરાને પાલક કરવાની હતી, ત્યારેતો તેની ખુશી પ્રમાણેજ થવુ જોઈએ. આ મુકદમાને લગતાં સઘળાં કાગળીયાં શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મળ્યાછે.

તા૦ ૧૫ મી જુલાઈ.

રોજ ૯ માહ ૧૦ (શે૦) ૧૧૬૪ યજદજરદી.

આજ દીને મુંબઈ મધે ચોપાતીના ડુંગર ઉપર દોખમાંઓની સામે શેઠો બેહમનજી, હોરમજજી અને ખરશેદજી માણેકજી સરાફે પોતાના બાવા મરહુમ શેઠ માણેકજી દોરાબજી સરાફની નઈમતે પથ્થરની એક થગડી બધાવી જરથોશતીઓના વપડાસને માટે આલી મુકી હતી.[1]

---

તા૦ ૧૩ મી અકટોબર.

રોજ ૪ માહ ૧ (શે૦) ૧૧૬૫ યજદજરદી.

**મરણ**—કડવાજી નાનાભાઈ[2]—ઉમર વર્ષ ૬૧) એવણ ભરૂચ મધે પોટલીઆના ધીહનો મોટો વ્યાપાર ચલાવતા હતા. પોતે લાંબી ઉમરે પોહચેલા હોવાથી ભરૂચના આગલા જરથોશતીઓને લગતી તથા બીજી ઘણીક વીગતોથી એવણ માહીતગાર હતા.

---

આએ વર્ષના "બાંબે કુરીઅર" માંથી નીકલેલાં ધી એજી કાલેનડર[3] માં પારસીઓને લગતી નીચલી બીના આવેલી હતી:

**ઈનસુરનશ શોશાઈટીના પારસી બાગીદારો.**

ઈ૦ સ૦ ૧૭૯૩ ના કાલેનડરની માફક.

**પારસી વ્યાપારીઓ.**

એ ટીપમા શેઠો હીરજી જીવણજી રેડીમની તથા દોરાબજી ફરદુનજી લશકરીના નામો આએ વર્ષ આવેલાં નથી અને શેઠ ખરશેદજી માણેકજી સરાફનુ નામ વધ્યુ છે. બાકી બીજાં નામો ઈ૦ સ૦ ૧૭૯૩ નાં કાલેનડરની માફકજ છે.

**ચીન તરફ જનાર આડતીઆ.**

છેલા કાલેનડરની માફકજ

**પારસી વાહણવતીઓ.**

ઈ૦ સ૦ ૧૭૯૩ ના કાલેનડરમા નોંધેલા કારટીયર, પરશોતમ, અને શાહ બેહરામ, વાહણોના નામ આએ વર્ષની ટીપમા નથી, તેમજ 'હારનબી' અને 'રાયલ શારલેટ' વાહણો શેઠ હીરજી જીવણજી રેડીમનીને બદલે શેઠ શોરાબજી મનચેરજી રેડીમનીના નામપર તથા શેઠ બરજોરજી દોરાબજી દાદીબરજોરના નામપર 'બુફરથ' ને ઠેકાણે 'ઝારોઆષ્ટર' કરી વાહણ નોંધાયલાછે. એ ઉપરાત 'ફરેનડશીપ' નામનુ નવું વાહણ શેઠ દાદીભાઈ નોશરવાનજીના તથા 'અપટણ કાશ્ટન' નામનુ વાહણ શેઠ હોરમજજી બેહમનજી વાડીઆ અને ડબલ્યુ થામસના નામ ઉપરછે.

---

## ઈ૦ સ૦ ૧૭૯૬.

તા૦ ૫ મી ફેબરવારી.

રોજ ૨૯ માહ ૫ (ક૦) ૧૧૬૫ યજદજરદી.

**મરણ**—દસ્તૂર રૂસતમજી દારાબજી કુમાના—ઉમર વર્ષ ૫૫) સુરતવાલા દસ્તૂર દારાબજી શોરાબજી કુમાના (દાદાદારૂ) ના દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૭૨ મા પોતાના બાપનાં મરણથી સુરતના કદમી પારસીઓના વડા દસ્તુર ઠેરવ્યા હતા.

---

તા૦ ૨૧ મી મારચ

રોજ ૧૪ માહ ૭ (ક૦) ૧૧૬૫ યજદજરદી.

**મરણ**—બેહરામશાહ પેશતનજી તાલેઈયારખાન—ઉમર વર્ષ ૪૩) સુરતવાલા શેઠ પેશતનજી શોરાબજી તાલેયારખાનના વડા દીકરા. એવણ પોતાના બાપની જાગીરોના વહીવટ તથા તેમના વ્યાપારને લગતા કામોમાં પડેલા હતા, અને બાપની હૈયાતીમાજ મરણ પામ્યા હતા.

---

તા૦ ૫ મી નવેમબર.

રોજ ૨૮ માહ ૧ (શે૦) ૧૧૬૬ યજદજરદી

**મરણ**—જમશેદજી કડવાજી નાનાભાઈ—ઉમર વર્ષ ૨૮) ભરૂચવાલા શેઠ કડવાજી નાનાભાઈના વડા દીકરા. એવણ પોતાના ભાઈઓ શેઠ શોરાબજી તથા માણેકજી સાથે ગામમા ભરૂચ ખાતે વાહાણોની દલાલી તથા મોહવડાનો વ્યાપાર મોટા પાયા ઉપર ચલાવતા હતા. આ માટે એઓને ત્યાં વાહણો, ફતેહમારી, તથા બતેલા મળી ૨૧ બારકસો પોતાની પેહડીના હતા.

---

તા૦ ૨૪ મી નવેમબર.

રોજ ૧૭ માહ ૨ (શે૦) ૧૧૬૬ યજદજરદી

આજ દીને મુંબઈના બાહેરકોટ ખાતે શેઠ શોરાબજી માણેકજી શેઠે પોતાના પીતા શેઠ મનચેરજી

---

[1] આ થગડી ઊપર કાંઈ તખ્તી અથવા લેખ કોતરેલો નથી, પણ શેઠ માણેકજી ખરશેદજી સરાફની યાદદાસ્ત પ્રમાણે તે એવણના (શેઠ માણેકજીના) બાપાવાની પરસીને દાહાડે ઇજાવી હતી

[2] ભરૂચવાલા ખાનબાહદુર શેઠ રૂસતમજી શોરાબજી દલાલના બપાવા

[3] The Bombay Calendar and Directory for 1795 *Bombay Courier Office*

બહેમનજી શેઠનાને નામે એક દરેમેહર બંધાવી પ-રાવી હતી.[૧]

---

આએ વર્ષમા મુંબઇમા જરથોસ્તીઓના બાળકોને જંદ અવસ્તા શિખાડવાની એક નિશાળ શેઠ દાદીભાઈ નોશરવાનજીએ પોતાને ખરચે બીકાવાલા મોહલામા હીરવાડીઆની[૨] પોલમાંનો એક ગારો ગીરવી લઈ ત્યા આ૦ દાદાભાઈ ફ્રામજી વેલાતીનાં ઉપરીપણા હેઠલ સ્થાપી હતી. વળી એજ ઘરમા ઈરાનથી અંતરે આવતા જરથોસ્તીઓને ઉતારો આપવાને માટે પણ ખાસ જગો રાખી હતી.[૩]

---

૧ આ દરેમેહરના ચાલુ ખરચ વગેરેને માટેના ખરદાખસ્તોનુ એક "ટરસટડીડ" એના ટરસટીઓ શેઠો મનચેરજી ફરામજી, દારાશાહ મેહરવાનજી, એદલજી નશરવાનજી, અને ફરામજી હોરમજજી શેઠનાએ તા૦ ૧ લી આપરેલ ૧૮૭૪ ને દીને કીધેલુ શેઠ એદલજી નશરવાનજી શેઠના પાસેથી અમારા જોયામા આવ્યુ હતુ, તેમા એ દરેમેહરને પેહલવેહલી પરઠવાનો સને ઊપર પ્રમાણેનો લખેલોછે એ પછી એ દરેમેહર પુરાની થવાથી તથા તેની ઇમારત ભાંગીમા પેથી જવાથી શેઠ શોરાબજીના વારેસોએ હાલની મોટી ઈમારત બંધાવી તેમા તા૦ ૧૯ મી નવેમબર ૧૮૨૨ ને દીને નવા આદરાન તખ્તનશીન કીધા હતા

૨ આ હીરવાડીઆ અંતરેના શેઠો કાવશજી તથા દોરાબજી રૂસતમજી પટેલને ત્યાં ઈ૦ સ૦ ૧૭૬૩ થી કારભારી હતા, અને તેમની વતી મુંબઈ તથા થાણાની પટેલાઈનો મોટો વહીવટ ચલાવતા હતા. તે વખતે અંતરેના ઈંગ્રેજી અમલદારો તથા દેશી સોદાગરોમા એવણ સારો વગ તથા પીછાણ ધરાવતા હતા પછવાડેથી એવણે પોતાના હાથ હેઠલ પોતાના એક બેથી શેઠ મેહરવાનજી માણેકજી પટેલ (મેહતા પટેલ) ને રાખ્યા હતા

૩ આ નિશાલ તથા ઇરાનીઓના ઊતારાને માટેનુ ઘર શેઠ દાદીભાઇ નોશરવાનજીએ ઇ૦ સ૦ ૧૭૮૬ મા હીરવાડીઆ પાસેથી રૂ૦ ૨૧૪૧) આપી ગીરવી લીધુ હતુ તે એમનુ એમ છેક ઈ૦ સ૦ ૧૮૪૮ લગણ ચાલ્યા કીધુ એ પછી તે સાલની તા૦ ૨૨ મી સપટેમબરે એઓના વારસ શેઠ ખરશેદજી અરદેસર દાદીશેઠ મરહુમ હીરવાડીઆની છોકરી બાઈ જીવણબાઈની ત્રણ છોકરીઓ નામે બાઈ બીખાઇજી તે શેઠ ખરશેદજી મેહરવાંનજી મેહતા પટેલના ધણિઆણી, બાઇ માણેકબાઈ તે શેઠ માણેકજી એદલજી આલબલેસના ધણિઆણી, તથા બાઈ ગુલબાઇ તે શેઠ રૂસતમજી ફરામજી દાદીબરજોરનાં ધણિઆણી એઓ સાથે એક લખત કરી તે ઘર પોતે વેચાન કરી લીધું હતુ. તે અસલ લખત શેઠ હીરજી અરદેસર દાદીશેઠ પાસેથી અમારા જોયામા આવ્યું હતુ, તેમાં એ નિશાલ તથા ઇરાનીઓની ઊતારાની જગા માટે નીચે પ્રમાણે ઇસારો કીધેલોછે—

## ઈ૦ સ૦ ૧૭૯૭.

તા૦ ૨૧ મી જાનેવારી.

આજ દીને શેઠ દાદીભાઈ નોશરવાનજીએ મુંબઈના ગવરનર જોનાથન ડંકનને વાલકેશરની હેઠાણમા પોતે લીધેલી જમીનપર પોતાના ગવાનને નાખવા માટે એક એનાહેદુ દોખમું બાંધવાની પરવાનગી મેલવવા થકી અરજ કીધી હતી.[૪]

---

"તમારા વડવા શેઠ અરદેસર દાદીશેઠ પારશી એદલજી બહમનજી કાકા હસતકથી હમારા મમાવા હીરવાડીઆ રતનજીને અંગરેજી સને ૧૭૮૬ ના મે તથા જુન મહીનામા ચીઠી તથા કરારથી મલીને રૂ૦ ૨૧૪૧) આપી તેને બદલે મુંબઈના કોટમાં હીરવાડીઆ રતનજીની પોલમા હમારા મમાવા હીરવાડીઆ રતનજીનાં ઘરોનાં ગારા ૭ ની ચાવીમાના વચલા ગાલાના ઘેરનો પેહલો માલ તથા નીચેનુ ભોઅતલીઊ મલીને ગાળગેરણે ઇયાને ગીરવી લઇને તાહા દાદાદારૂ વીલાએતીને જરથોશતીઓના છોકરાઓને, જંદ અવસતા શીખવવા સારૂ નીશાલ તથા ઈરાની પારસીઓને ઊતારાની જગો કરીને રાખ્યા હતા"

આ દાદાદારૂ વીલાયતીના મરણ બાદ તેનો દીકરો આ૦ જાગીર સદાભાઈ વીલાયતી એ નિશાલ ચલાવતો હતો, પણ તે ઈ૦ સ૦ ૧૮૪૪ મા મરણ પામવાથી તે બંધ પાડવામા આવી હતી.

૪ આ અસલ અરજી તથા તેની હેઠલ જ ગવરનર ડંકને લખી આપેલી પરવાનગી એવણના ધર્મખાતાના મુતવલી શેઠ હીરજી અરદેસર દાદીશેઠ પાસે મોજુદછે, અને તે ઊપરથી નીચલી નકલ ઊતારીછે :—

To

THE HON'BLE JONATHAN DANCAN, ESQ
*President and Governor &c.,*
*Bombay*

The humble Petition of
DADY NASSERWANJEE OF BOMBAY
PARSEE MERCHANT

Sheweth,

That the advanced age and Infirmity of your Petitioner causes him to contemplate with a considerable degree of Resignation the close of his arduous worldly labours—Hence your Petitioner is desirous in conformity to the principles of his Religion to provide a suitable receptacle for his Remains when that awful period shall arrive—With this view your Petitioner has obtained at a considerable Expence a sufficient spot of Ground at the foot of Malabar Hill in the vicinity of the Tomb of one of his Caste (Muncher Jevan) for the purpose of erecting under his own immediate Inspection a similar Tomb for his Reception after his dissolution shall have taken place

Your Petitioner however anxious to avoid censure or the infraction of the Orders of Government, conceives it incumbent upon him prior to his commencing

તા૦ ૨૩ મી જાનેવારી.

આજ દીને અતરેની "ઇનશુરનશ શોશાઈટી" ના મેમબરો તથા ચીનના તરતના આવેના બ્યાપારીઓના વાહણના માલેકોની એક સભા, નામદાર સરકારની મનવાર "હોબારટ" ના કપટાન જી. ડબલ્યુ પેજને તેની બ્યાપારના સંબંધમાં કીંમતી નોકરીના બદલામા એક માનપત્ર આપવાનો વિચાર કરવા માટે મળી હતી, જે વેળાએ સરકારની મારફતે તેની ઉપર અતરેના વાહણવટીઓ તરફથી એક માનપત્ર મોકલવાનો ઠેડાવ થયો હતો. તે માનપત્ર ઉપર ચાર ઇંગ્રેજ તથા નીચના ત્રણ પારસી વાહણવટીઓની સહીઓ હતી ૧

કાવસજી રૂસતમજી પટેલ, વાહણ "જેહાંગીર" ના માલેક
સોરાબજી મનચેરજી રેડીમની, વાહણ "હારનબી" ના માલેક
હોરમજજી બહેમનજી વાડીઆ, વાહણ "લવજીફેમીલી" ના માલેક.

---

તા૦ ૧૬ મી મેએ.

રોજ ૧૦ માહ ૧૦ (શે૦) ૧૧૬૬ યજદજરદી.

**મરણ**—રૂસતમજી મનચેરજી દારૂખાનાવાલા—ઉમર વર્ષ ૫૫) શેઠ મનચેરજી મનાજીગીના નાહના દીકરા. એવણ પોતાના વડા ભાઈ શેઠ માણેકજીની સાથે સરકારી તોપખાનાને માટે બારૂટ બનાવવાના કારખાનામા હતા, અને ઈ૦ સ૦ ૧૭૮૦ મા પોતાના ભત્રીજા શેઠ દાદાભાઈ માણેકજીના મરણથી તે કારખાનાના વડા ઠર્યા હતા.

તા૦ ૪ થી જુલાઈ.

રોજ ૨૯ માહ ૧૦ (કે૦) ૧૧૬૬ યજદજરદી.

**મરણ**—નશરવાનજી કોહાજી[૨]—ઉમર વર્ષ ૮૦) સુરતના એક જાણીતા શેઠીયા. એવણ ત્યાંની વલંદાઓની કોઠીમા દલાલી તથા તેમના બ્યાપારને લગતી જીનસોની ખરીદી અને વેચાણ કરતા હતા. મુંબઈની મીસીઅરસ બરૂસ ફાસેટની કંપની તરફથી સુરતમાં આવતા વીનાયતી વાહણોનો વીમો ઉતારવાની એવણ આડત કરતા હતા. એવો આરબી તથા ફારસી ભાષામા માહેર તેમજ જરથોસ્તી ધર્મ ઉપર ઘણા ચુસ્ત હતા, અને બેવાર પોતાના બ્યાપારસર ઇરાનની સફર પણ કરી આવ્યા હતા. હિંદુસ્થાનના જરથોસ્તીઓમાથી ઇરાન ખાતે ધર્મ ખાતુ સ્થાપવાની પેહલ એવણ તરફથી નીકળી હતી. ત્યાના યજદ શેહેરમા એવોએ એક ઇમારત બંધાવી તેમા આતશબેહેરામ પરઠાવ્યા હતા, તથા આતશનો કેબલો સુરતથી પગરસ્તે મોબેદો પાસે મોકલ્યો હતો. અને તેના ચાલુ ખરચને માટે "બાગેચનાર" અને "આબે મુબારક" નામની જાગીરો ખરીદી આપી હતી. જેમાથી દર વર્ષે એજ મકાનમાં એક ઘાહમ્બાર પણ એવણને નામે કરવામા આવેછે.[૩] એ ઉપરાંત સુરત ખાતેનુ પ્રખ્યાત

---

the beforementioned Erection to obtain from your Honor permission for that purpose

Wherefore he most humbly prays that your Honor will be pleased to grant him permission to erect his Tomb on the Ground and at the place hereinbefore set forth

And your Petitoner as in duty bound will Ever Pray

(સહી) લા૦ દાદી નોશરવાનજી,
DADY NASSERWANJEE

Bombay, 11th January 1797

આ અરજીની હેઠળજ શેઠ દાદીભાઈને એ દોખમુ એખવા પોતાના કુટુંબનાજ વપરાસને માટે બાંધવુ એ પ્રમાણેની પરવાંનગી તા૦ ૨૮ મી ફેબરવારી ૧૭૯૭ ને દીને ગવરનર ડંકને પોતાને હાથે નીચે મુજબ લખી આપી હતી.—

"The Prayer of the Petition is granted, provided the Tomb intended to be built is only a private family Tomb

(Sd.) JONATHAN DUNCAN

Bombay, 28th February 1797

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૨૮ મી જાનેવારી ૧૭૯૭.

૨ મુંબઈવાલા શેઠો રતનશાહ અને જાગીરશાહ એરચશાહ કોહીયાર, તથા શેઠ જાગીરજી ગુસતાદજી અને કરાચીવાલા શેઠ અરદેશર ગુસતાદજીના બાપના બપાવા. મુંબઈવાલા શેઠ નશરવાનજી કોહાજી તથા રાજકોટવાલા શેઠ કુંવરજી કોહાજી અને સુરતવાલા શેઠ ફીરોજશાહ શાપુરજી અઠા અથવા કમીસરીવાલા પણ એવણનાજ કુટંબીઓછે

૩ આ માટેની બીના ઈરાન દેશના રેહનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવા સારૂ સ્થાપેલા ધર્મ ખાતાની ઊપજ નીપજના ઇ૦ સ૦ ૧૮૬૫ ના દફતર આશકારા છાપાખાનાગાથી છપાયલા હેવાલમા ઈરાનનાં આતશબેહરામ તથા આદરીઆનો વિષે શેઠ માણેકજી લીમજી હાટરીઆએ લખી મોકલેલા અહેવાલમા સફે ૧૯૨ મે નીચે પ્રમાણે જોવામા આવેછે —

" . તે ઉપરાંત આપણા માજદીઅરકનોને વાકેફ થવા જોગ બીના એછે જે અથવ આતશ કરેહવાલી એમારત શુરતવાલા શવરગવાથી નોશરવાનજી કોહાજીનાએ બંધાવી આપેલી કેહવાએચ"

"અને ચાલુ ખરચને પેટે ખરીદાવી આપેલી જાગીરમા બાગેચનાર તથા આબે મુબારકની ઊપજમાથી એ મેહચાત મેહેરેને નામે દર વરશે ઘમ્બાર પણ એ મુબારક મકાનમા થાતા આવેચ"

" અને તે આતશનો કેબલો પણ શુરતથી પગ મારગે હીંદીશતાની મોબેદો લેઈ આવેઆ હતા ને દીન કીરીઆનુ કાંમ કરી તેવોએજ તખતે બેશાડીઆ બાદ તેઓમાંહેનો એક હેરબદ નોશીરવાન નામે ઇઅજદમાજ

ખહમનજી શેઠનાને નામે એક દરેમેહર બધાવી પરહાવી હતી.[૧]

આજ વર્ષમા મુબઈમા જરથોસ્તીઓના બાળકોને જદ અવસ્તા શિખાડવાની એક નિશાળ શેઠ દાદીભાઈ નોશરવાનજીએ પોતાને ખરચે પીકાવાલા મોહલામા હીરવાડીઆની[૨] પોલમાંનો એક ગારો ગીરવી લઈ ત્યા આ૦ દાદાભાઈ ફરામજી વેલાતીના ઉપરીપણા હેઠલ સ્થાપી હતી. વળી એજ ઘરમા ઈરાનથી અતરે આવતા જરથોસ્તીઓને ઉતારો આપવાને માટે પણ ખાસ જગો રાખી હતી ૩

૧ આ દરેમેહરના ચાલુ ખરચ વગેરેને માટેના બદોબસ્તોનુ એક "ટરશાટડીડ" એના ટરશાટીઓ શેઠો મનચેરજી ફરામજી, દારાશાહ મેહરવાનજી, એદલજી નશરવાનજી, અને ફરામજી હોરમજજી શેઠનાએ તા૦ ૧ લી આપરેલ ૧૮૭૪ ને દીને કીધેલુ શેઠ એદલજી નશરવાનજી શેઠના પાસેથી અમારા જોવામા આવ્યુ હતુ. તેમા એ દરેમેહરને પેહલવેહલી પરકાનો અને ઊપર પ્રમાણેનો લખેલોછે એ પછી એ દરેમેહર પુરાની થવાથી તથા તેની ઈમારત ભોએમા પેશી જવાથી શેઠ શેરાબજીના વારેસોએ હાલની મોટી ઈમારત બંધાવી તેમા તા૦ ૧૯ મી નવેમબર ૧૮૮૨ ને દીને નવા આદરાન તખતનશીન કીધા હતા

૨ આ હીરવાડીઆ અતરેના શેઠો કાવશજી તથા દોરાબજી રૂસતમજી પટેલને ત્યા ઈ૦ સ૦ ૧૭૬૭ થી કારભારી હતા, અને તેમની વતી મુંબઈ તથા થાણાની પટેલાઈનો મોટો વહીવટ ચલાવતા હતા તે વખતે અતરેના ઈંગ્રેજી અમલદારો તથા દેશી સોદાગરોમા એવણ સારો વગ તથા પીછાણ ધરાવતા હતા પછવાડેથી એવણે પોતાના હાથ હેઠળ પોતાના એક બેશી શેઠ મેહરવાનજી માણેકજી પટેલ (મેહતા પટેલ) ને રાખ્યા હતા

૩ આ નિશાળ તથા ઈરાનીઓના ઊતારાને માટેનુ ઘર શેઠ દાદીભાઈ નોશરવાનજીએ ઈ૦ સ૦ ૧૭૯૬ મા હીરવાડીઆ પાસેથી રૂ૦ ૨૧૪૧) આપી ગીરવી લીધુ હતુ તે એમનુ એમ છેક ઈ૦ સ૦ ૧૮૪૮ લગણ ચાલ્યા કીધુ એ પછી તે સાલની તા૦ ૨૨ મી સપટેમબરે એઓના વારસ શેઠ ખરશેદજી અરદેસર દાદીશેઠે મરહુમ હીરવાડીઆની છોકરી બાઈ જીવણબાઈની ત્રણ છોકરીઓ નામે બાઈ ભીખાઈજી તે શેઠ ખરશેદજી મેહરવાનજી મેહતાપટેલના ધણિઆણી, બાઈ માણકબાઈ તે શેઠ માણેકજી એદલજી આલમનેસના ધણિઆણી, તથા બાઈ ગુલબાઈ તે શેઠ રૂસતમજી ફરામજી દાદીબરજોરના ધણિઆણી એઓ સાથે એક લખત કરી તે ઘર પોતે વેચાન કરી લીધુ હતુ તે અસલ લખત શેઠ હીરજી અરદેસર દાદીશેઠ પાસેથી અમારા જોવામા આવ્યુ હતુ, તેમાં એ નિશાળ તથા ઈરાનીઓની ઊતારાની જગા માટે નીચે પ્રમાણે ઈશારો કીધેલોછે—

## ઈ૦ સ૦ ૧૭૯૭.

### તા૦ ૧૧ મી જાનેવારી.

આજ દીને શેઠ દાદીભાઈ નોશરવાનજીએ મુંબઈના ગવરનર જોનાથન ડંકનને વાલકેશરની ટેકાણમા પોતે લીધેલી જમીનપર પોતાના સ્વાનને નાખવા માટે એક એનાહેદુ દોખમુ બાધવાની પરવાનગી મેળવવા વાસ્તે અરજ કીધી હતી.[૪]

"તમારા વડવા શેઠ અરદેસર દાદીશેઠે પારશી એદલજી બહમનજી કાકા હસતકથી હમારા મબાવા હીરવાડીઆ રતનજીને અગરેજી શને ૧૭૯૬ ના મે તથા જુન મહીનામા ચીઠી તથા કરારથી મલીને રૂ૦ ૨૧૪૧) આપી તેને બદલે મુબઈના કોટમા હીરવાડીઆ રતનજીની પોલમા હમારા મબાવા હીરવાડીઆ રતનજીના ઘરોનાં ગારા ૩ ની ચાલીમોના વચલા ગાલાના ઘરનો પેહલો માલ તથા નીચેનુ ભોએતળીઉ મલીને ગાથગીરવે ઈપાને ગીરવી લઈને તાહા દાદાદારૂ વીલાએતીને જરથોશતીયોના છોકરાઓને, જદ અવસ્તા શીખવવા સારૂ નીશાલ તથા ઈરાની પારસીઓને ઊતારાની જગો કરીને રાખ્યા હતા"

આ દાદાદારૂ વીલાયતીના મરણ બાદ તેનો દીકરો આ૦ જાગીર દાદાભાઈ વીલાયતી એ નિશાલ ચલાવતો હતો, પણ તે ઈ૦ સ૦ ૧૮૪૪ મા મરણ પામવાથી તે બધ પાડવામા આવી હતી

૪ આ અસલ અરજી તથા તેની હેઠળ ગવરનર ડંકને લખી આપેલી પરવાનગી એવણના ધર્મખાતાના મુતવલી શેઠ હીરજી અરદેસર દાદીશેઠ પાસે મોજુદછે, અને તે ઊપરથી નીચલી નકલ ઊતારીછે :—

To

THE HON'BLE JONATHAN DANCAN, ESQ
*President and Governor &c.,*
*Bombay*

The humble Petition of
DADY NASSERWANJEE OF BOMBAY
PARSEE MERCHANT

*Sheweth,*

That the advanced age and Infirmity of your Petitioner causes him to contemplate with a considerable degree of Resignation the close of his arduous worldly labours—Hence your Petitioner is desirous in conformity to the principles of his Religion to provide a suitable receptacle for his Remains when that awful period shall arrive—With this view your Petitioner has obtained at a considerable Expence a sufficient spot of Ground at the foot of Malabar Hill in the vicinity of the Tomb of one of his Caste (Muncher Jevan) for the purpose of erecting under his own immediate Inspection a similar Tomb for his Reception after his dissolution shall have taken place

Your Petitioner however anxious to avoid censure or the infraction of the Orders of Government, conceives it incumbent upon him prior to his commencing

તા૦ ૨૩ મી જાનેવારી

આજ દીને અતરેની "ઈનશુરનશ શોશાઈટી" ના મેમબરો તથા ચીનના તરતનાં આવેલા વ્યાપારીઓના વાહણના માલેકોની એક સભા, નામદાર સરકારની મનવાર "હોબર્ટ" ના કપટાન પી. ડબલ્યુ. પેજને તેની વ્યાપારના સબંધમા કીધેલી કીમતી નોકરીના બદલામા એક માનપત્ર આપવાનો વિચાર કરવા માટે મળી હતી, જે વેળાએ સરકારની મારફતે તેની ઉપર અતરેના વાહણવટીઓ તરફથી એક માનપત્ર મોકલવાનો ઠરાવ થયો હતો. તે માનપત્ર ઉપર ચાર ઇંગ્રેજ તથા નીચના ત્રણ પારસી વાહણવટીઓની શહીઓ હતી.[૧]

કાવશજી રૂસતમજી પટેલ, વાહણ "જેહાંગીર" ના માલેક
શોરાબજી મનચેરજી રેડીમની, વાહણ "હારનબી" ના માલેક
હોરમજજી બહમનજી વાડીઆ, વાહણ "લવજીફેમીલી" ના માલેક

તા૦ ૧૬ મી મેએ.

રોજ ૧૦ માહ ૧૦ (શે૦) ૧૧૬૬ યજદજરદી.

**મરણ**—રૂસતમજી મનચેરજી દારૂખાનાવાલા—(ઉમર વર્ષ ૫૫) શેઠ મનચેરજી મનાજીગીના નાધના દીકરા. એવણ પોતાના વડા ભાઈ શેઠ માણેકજીની સાથે સરકારી તોપખાનાને માટે બારૂટ બનાવવાના કારખાનામા હતા, અને ઈ૦ સ૦ ૧૭૮૦ મા પોતાના ભત્રિજા શેઠ દાદાભાઈ માણેકજીના મરણથી તે કારખાનાના વડા ઠડયા હતા.

તા૦ ૪ થી જુલાઈ.

રોજ ૨૯ માહ ૧૦ (ક૦) ૧૧૬૬ યજદજરદી.

**મરણ**—નાશરવાનજી કોહાજી[૨]—ઉમર વર્ષ ૮૦) સુરતના એક જાણીતા ચોકીયા. એવણ ત્યાની વલંદાઓની કોઠીમા દલાલી તથા તેમના વ્યાપારને લગતી જીનસોની ખરીદી અને વેચાણ કરતા હતા. મુંબાઈની મીલીઆરમ બરૂસ ફાસેટની કંપની તરફથી સુરતમા આવતા વીનાયતી વાહણોનો વીમો ઉતારવાની એવણ આડત કરતા હતા. એવો આરબી તથા ફારસી ભાષામા માહેર તેમજ જરથોસ્તી ધર્મ ઉપર ઘણા ચુસ્ત હતા, અને બેવાર પોતાના વ્યાપારસર ઈરાનની સફર પણ કરી આવ્યા હતા. હિંદુસ્થાનના જરથોસ્તીઓમાથી ઈરાન ખાતે ધર્મ ખાતુ સ્થાપવાની પેહલ એવણ તરફથી નીકળી હતી. ત્યાના યજદ શેહેરમા એઓએ એક ઈમારત બંધાવી તેમા આતશબેહેરામ પધરાવ્યા હતા, તથા આતશનો કેબલો સુરતથી ખુશકરસ્તે મોબેદો મારફત મોકલ્યા હતો. અને તેના ચાલુ ખરચને માટે "બાગેચનાર" અને "આબે મુબારક" નામની જાગીરો ખરીદી આપી હતી. જેમાથી દર વર્ષે એજ મકાનમાં એક ઘાહંબાર પણ એવણને નામે કરવામા આવેછે.[૩] એ ઉપરાત સુરત ખાતેનુ પ્રખ્યાત

---

the beforementioned Erection to obtain from your Honor permission for that purpose

Wherefore he most humbly prays that your Honor will be pleased to grant him permission to erect his Tomb on the Ground and at the place hereinbefore set forth

And your Petitioner as in duty bound will Ever Pray

(સહી) બા૦ દાદી નોશરવાનજી,
DADY NASSERWANJEE

Bombay, 11th January 1797

આ અરજની હેઠળ શેઠ દાદીભાઈને એ દોખમુ એટલે પોતાના કુટુંબનાજ વપરાશને માટે બાંધવુ એ પ્રમાણેની પરવાનગી તા૦ ૨૮ મી ફેબરવારી ૧૭૯૭ ને દીને ગવરનર ડંકને પોતાને હાથે નીચે મુજબ લખી આપી હતી :—

"The Prayer of the Petition is granted, provided the Tomb intended to be built is only a private family Tomb

(Sd.) JONTH. DUNCAN

Bombay, 28th February 1797

[૧] બોમ્બે કુરીઅર, તા૦ ૨૮ મી જાનેવારી ૧૭૯૭

[૨] મુંબઈવાલા શેઠ રતનશાહ અને જાગીરશાહ એરચશાહ કોહીયાર, તથા શેઠ જમશેદજી ગુસતાદજી અને કરાચીવાલા શેઠ અરદેશર ગુસતાદજીના બાપના બપાવા. મુંબઈવાલા શેઠ નવરોજાનજી કોહાજી તથા રાજકોટવાલા શેઠ કુવરજી કોહાજી અને સુરતવાલા શેઠ શીરોજશાહ શાપુરજી અઠા અથવા કમીસરીવાલા પણ એવણનાજ કુટંબીઓછે

[૩] આ બાદેની બીના ઈરાન દેશના રેહનારા ગરીબ જરથોસ્તીઓની હાલત સુધારવા સારૂ સ્થાપેલા ધર્મ ખાતાની ઉપજ નીપજના ઈ૦ સ૦ ૧૮૬૫ મા દફતર આશકારા છાપખાનામાંથી છપાયલા હેવાલમા ઈરાનના આતશબેહરામ તથા આદરીઆનો વિષે શેઠ માણેકજી લીમજી હાટરીઆએ લખી મોકલેલા અહેવાલમા સફે ૧૯૨ મે નીચે પ્રમાણે જોવામા આવેછે —

" , તે ઉપરાત આપણા માજદીઅશનાનોને વાકેફ થવા જોગ બીના એછે જે અશ્તુ આતશ કદેહવાલી એમારત સુરતવાલા શવરજવાલી નોશરવાનજી કોહાજીનાએ બંધાવી આપેલી કેહવાએછ "

"અને ચાલુ ખરચને પેટે ખરીદાવી આપેલી જાગીરમા બાગેચનાર તથા આબે મુબારકની ઉપજમાથી એ બેહસ્ત ગેહેરને નામે દર વરસે ખમબાર પણ એ મુબારક મકાનમા થાતા આવેછ"

" અને તે આતશનો કેબલો પણ સુરતથી પગ મારગે હીરોથતાંની મોબેદો લેઈ આવેઆ હતા ને દીન કીરીઆનુ કામ કરી તેવોએજ તખતે બેશાડીઆ બાદ તેઓમાહેનો એક હેરબદ નોશીરવાન નામે ઇમ્બજદમાંજ

ગોઠીનુ આદરાન પણ એવણે બંધાવેલુ કેહવાયછે. સુરતમાં આવતા ઈરાનીઓની મદારત તથા તેમને ઉતારો એવણને ત્યા મનતો હતો. જમશેદી નોરોજનો મહીમા દર વર્ષે સુરતમા એઓને ત્યાં ધામધુમથી થનો હતો.[2] એવણ કબીરી પંથની સારી માહેતગારી ધરાવતા હતા, તથા પોતે ગોસ્તનો ખોરાક હરગેજ લેતા હતા નહિ.

તા૦ ૩૧ મી આગસ્ટ.

રોજ ૨૭ માહ ૧૨ (કઠ) ૧૧૬૬ યજદજરદી.

**મરણ**—આ૦ કૈકોબાદ મુલા કાવુશ જલાલ[3]—(ઉમર વર્ષ ૩૨) કદમી પંથના વડા દસ્તુર મુલા કાઉશ રૂસતમ જલાલના નાંધલા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૮૮ માં ઈરાનથી સુરતે આવી પોતાના બાપના હાથ હેઠલ શેઠ દાદીભાઈ નોશરવાનજીનાં આતશબેહરામમા રેહેલા હતા. ચોપાતીનાં શેઠ દાદીભાઈએ પોતાના કુટુંબને માટે બંધાવેલા દોખમાનો તાણો પુરવાની ક્રિયા કદમી તરીકા મુજબ એવણે પેહલવેહલી મુંબઈમા કીધી હતી.

તા૦ ૩૦ મી ડીસેમ્બર.

તા૦ ૨૮ મી ડીસેમ્બર ૧૭૯૭ ને દીને મુંબઈના સઘળા બ્યાપારીઓ તથા વાહણવટીઓ થોડીક મુદત થઈ રૂનાં ભરેલા વાહાણોમા આગ લાગેછે તેનો સબબ શોધવાને તથા તે વિષે પુરતા બંદોબસ્તો કરવાને મલ્યા હતા, તેના ઠેડાવો આજનાં "બોમ્બે કુરીઅર" માં છપાયા હતા, તેપર ચાર ઈંગ્રેજરે તથા નીચલા છ પારસી બ્યાપારીઓની સહીઓ હતી.

પેશતનજી બેહમનજી વાડીઆ, નશરવાંનજી માણેકજી વાડીઆ, કાવસજી રૂસતમજી પટેલ, હોરમજજી બેહમનજી વાડીઆ, દાદીભાઈ નોશરવાંનજી, શોરાબજી મનચેરજી રેડીમની.

ઈ૦ સ૦ ૧૭૮૮ મા મુંબઈની પારસી પંચાએતે આતરેના મેયરની અદાલતમા શેઠ શોરાબજી માણેકજી શેઠના તથા શેઠ મનચેરજી બેહમનજી શેઠના ઉપર ફરીયાદી કીધી કે તેઓ મરહુમ શેઠ માણેકજી નવરોજજી શેઠના ધર્મખાતાનો વહીવટ તેમનાં વશીયત મુજબ બરાબર ચલાવતા નથી, તેથી તેવણના લખાણ મુજબ એ ધર્મખાતાનો વહીવટ પંચાતને સોંપવો.[4] મેયરની અદાલતે આ અરજ બાહલ ગણી, અને પંચાતને એ ધર્મખાતુ ચલાવવાનો હોકમ કીધો. આથી શેઠ શોરાબજી તથા શેઠ મનચેરજીએ એ ધર્મખાતાનો વહીવટ તેઓ બરાબર ચલાવેછે તે માટેના ઘટતા પુરાવા સાથે ઉપલા મેયરના ચુકાદાની સામે નામદાર ગવરનરની કૌનસીલને અપીલ કીધી. કૌનસીલે સઘળી બીનાં ધ્યાનમા લઈ મેયરનો ચુકાદો રદ કીધો, અને પાછો શેઠ શોરાબજી તથા મનચેરજીને એ ધર્મખાતાનો વહીવટ ચલાવવાનો અખત્યાર આપ્યો. આ ઉપરથી પંચાતે ઇંગલાંડ મધે "કીંગ-ઇન-કૌનસીલ" જોગ અપીલ કીધી જયાથી પણ આએ વર્ષમા નામદાર ગવરનરની કૌનસીલનો ચુકાદો બાહાલ રાખી શેઠ શોરાબજી તથા શેઠ મનચેરજીનેજ એ ધર્મખાતું ચલાવવાનો અખત્યાર આપ્યો. એ મુજબ આ ટંટાનો નવ વર્ષે નિવેડો આવ્યો અને તેમા શેઠ શોરાબજી તથા શેઠ મનચેરજીને બધો મળી રૂ૦ ૯૯૪૫ નો ખરચ થયો હતો.[5]

---

રેહાને સબબે તીઆંજ મરણ પામીઆ વીરો તથા બીજી સેહેવીજ બીના શરવે ઈઅજદના ઘરડાઓને પુછપરછ કરતે જાણવામો આવીછે વાશતે એ આતશ બાબે બીજી બીનાં નીચે જણાવીએચ"

"તે એજ આતશબેહેરામનો સુબેજ જે ઘેરમા હતો તે શેઓઆ બાબોની બીહીકને સબબે છુપુ રાખવા સારૂ એક કોઠારની કાની ખુનાએ બંધાવી તેની આશપાશનાં ઓરડા ઓરડીમા જનાબ દસ્તુર કૈખશરૂ પોતાના કબીલા સાથે રેહેતા હતા"

[2] આ જમશેદી નોરોજ વિષે તે વેળાએ આપણા ઘણાખરા લોકો બીનમાહીતગારીને લીધે એને કોઈ મુસલમાંની તેહવાર સમજતા હતા, અને તે પાલવા માટે પેહળીબારીમા એઓનો ગીલો પણ થવા માંડયો હતો લેકીન પછવાડેથી તેની સહમજ બરાબર પડવાથી ઘણા લોકોએ સુરતમા એને તેહવાર તરીકે પાલવો શરૂ કીધો હતો

[3] [illegible] પછી તેવણના કુટુંબના થઈ અરદેશર દાદીશેઠ પાસેથી અમારા બેવણની ઓલાદના હતા તેમાં એ નિયાજ તથા ઈરાનીઓના [illegible] માટે નીચે પ્રમાણે ઈસારો કીધેલોછે—

[4] મરહુમ શેઠ માણેકજીનાં તા૦ ૪ થી આપરેલ ૧૭૪૮ ને દીને કીધેલા વશીયતનામામા એ બાબે આ પ્રમાણે લખાણ આવેલુ છે:—

"ને કદી અમારા વારેશમાથી કોઈએ ખાંનત તથા
"બીગાડ કરે તથા તશાવત કરેતો અમારા અવારૂછે
"તથા પંચાતના પારશીછે તે તેહને તાગીર કરે એટલે
"દુર કરે ને વાડીઓ તેહેને હાથથી લેઈને બે માણશ
"બીજા ભલા માણસને ઈમાનતદાર જોઈને તેહેને મુત-
"વલી કરે તે અહમારી શરત બજાએ લાવે"

[5] શેઠ શોરાબજીના ઈ૦ સ૦ ૧૭૯૮ મા મરણ પામવાથી આ ખરચ તેમના વડા દીકરા શેઠ નવરોજજી તે આ ધર્મખાતાના મુતવલીએ આપવો તે માટે એવણના વારેસોમા પછવાડેથી મોટો વાધો ઉઠયો હતો, અને એક મુકરદમો પણ નિકલ્યો હતો, જેને લગતાં કાગજીયા શેઠ ફરામજી હોરમજજી બેહમનજી શેઠના પાસેથી અમોએ વાચી તે [illegible]

## ઈ૦ સ૦ ૧૭૯૮.

તા૦ ૨૦ મી માર્ચ.

રોજ ૧૩ માહ ૭ (કદ૦) ૧૧૬૭ યજદજરદી.

**મરણ**—આ૦ ફરામજી હતાજી[1]—ઉમર વર્ષ ૭૫) એવણ મુંબઈના એક જાણીતા વ્યાપારી, તથા નાણા ધીરનાર હતા, અને પોતાના મરણ વખતે એક મોટી પુંજી મેલી ગયા હતા

---

તા૦ ૧૨ મી આપરેલ.

રોજ ૬ માહ ૭ (શે૦) ૧૧૬૭ યજદજરદી.

**મરણ**—શેરાબજી માણેકજી શેઠના—ઉમર વર્ષ ૬૧) શેઠ માણેકજી નવરોજજી શેઠના જમાઈ તથા પાલખ. એવણ શેઠ મનચેરજી બહમનજી શેઠના દીકરા હતા, પણ મુસરાએ કરી લીધાથી તેનણના મથી ઓળખાતા હતા. એવણ ઈ૦ સ૦ ૧૭૫૯ થી રતનજીતે ગદી ત્યારથી મરહુમ શેઠ માણેકજીની પેહડીનો વહીવટ ચલાવતા હતા, અને અતરેના તેમના ધર્મખાતાનો વહીવટ એમના પીતા શેઠ મનચેરજી બહમનજી ચલાવતા હતા. એ પછી ઈ૦ સ૦ ૧૭૮૫ મા એવણ મુંબઈ આવ્યા હતા, અને એ ધર્મખાતાનો વહીવટ પોતાને હસ્તક લીધો હતો તથા પોતાને નામે અતરે એક પેહડી કાઢી દેશાવરો સાથેનો વ્યાપાર તથા સરાફી ધંદો ચલાવતા હતા ઈ૦ સ૦ ૧૭૯૦ ના સડતાલાના દુકાળની વખતે ગુજરાતથી વાખાના મારેલા અતરે આવેલા-જરથોશતીઓને એવણે પોતાને હસ્તકની મરહુમ માણેકજી શેઠવાળી ધર્મ ખાતાની વાડીમા ઉતારો આપ્યો હતો. એવણે પોતાના બાપ શેઠ મનચેરજી બહમનજીને નામે મુંબઈના બાહેરકોટ ખાતે એક દરેમેહેર બંધાવી તે તા૦ ૨૮ મી નવેમબર ૧૭૯૬ ને દીને પરજાળી હતી એ વેળાની અતરેની પારસી પંચાતના એવણ એક અકાબર હતા.

---

તા૦ ૨૨ મી આપરેલ.

રોજ ૧૬ માહ ૮ (કદ૦) ૧૧૬૭ યજદજરદી

આજ દીને શેઠ દાદીભાઈ નોશરવાનજીએ ધાનકેશરની ફેરણમા પોતાની જગા ઉપર પોતાના તથા પોતાના કુટુંબના રવાનોને આતશ બહેરામ પોહચાડવા માટે બંધાવવા માડેલુ દેહેરુ તૈયાર થયાથી તેને પરજાવવાની ક્રિયા કરવામાઆવી હતી.[2]

---

તા૦ ૧૬ મી જુન.

રોજ ૧૧ માહ ૧૦ (કદ૦) ૧૧૬૭ યજદજરદી.

**મરણ**—દોરાબજી ફરદુનજી લશકરી[3]—ઉમર વર્ષ ૫૮) અતરેના લશકરી ખાનદાનના વડવા. એવણ પોતાના વખત પ્રમાણે સારી અંગ્રેજી કેળવણી પામી અતરેની "કમીસરીએટ" મા પોતાના નાહલા ભાઈ શેઠ બેહરામજી સાથે હીસાબ રાખવાના ખાતામા ચાકરી રહ્યા હતા. ત્યાથી ઈ૦ સ૦ ૧૭૮૦ મા ટીપુ સુલતાનના બાપ મીર હૈદર સાથની બીજીવારની લડાઈની વખતે એ બને ભાઈઓને સરકાર તરફથી લશ્કર ખાતાની ખોરાકી વગેરેનો હીસાબ રાખવા માટે માહસોર તરફ મોકલ્યા હતા. ઈ૦ સ૦ ૧૭૮૩ મા એવણે "કમીસરીએટ" માથી પોતાનો ઓહદો છોડયો, અને લાલભાઈ ગોરધનદાસ નામના હિંદુ વ્યાપારી સાથે ભાગમા વ્યાપાર કરવા માડયો એ પછી ઈ૦ સ૦ ૧૭૮૯ ના નવેમબર માસથી તેની સાથે ભાગ છુટો કરી પોતાને હીસાબે જુદો રોજગાર કરવા લાગા. એવણ તે વખતની મુંબઈની પારસી પંચાતના એક અકાબર હતા. તારાપોર ગામમા એવણે પોતાની આગેવાનીથી એક દોખમુ બંધાવ્યુ હતુ.

---

તા૦ ૧૦ મી અકટોબર

રોજ ૨ માહ ૧ (શે૦) ૧૧૬૮ યજદજરદી.

**મરણ**—આ૦ મનચેરજી કાવસજી લશકરી[4]—ઉમર વર્ષ ૮૫) આ૦ કાવસજી બચાજીના વડા દીકરા.

---

[1] એવણના વંશનો નર વારેસ કોઈ નથી, પણ એમની દીકરીઓને પેટના વારેસોમા શેઠ ફરદુનજી ખરશેદજી ખુરમશા તથા શેઠ બહમનજી ખરશેદજી વગેરે અને શેઠ શાવકશાહ કાવસશાહ મુલાશીરોજ હાલ હેયાતછે

[2] એ દોખમાના દરવાજા ઉપર નીચે મુજબની તખ્તી મારેલીછે.—

"શ્રી દાદાર હોરમજદની મદદથી
"બેહદીન નેકનામ દાદીભાઈ નોશરવાનજીએ રોજ
"મુબારક મેહર અને માહ આબાન કદીમી સને ૧૧૬૭
"યજદજરદી શંવત ૧૮૫૪ વઈશાખ સુદ ૬ વાર
"રવેઊ તારીખ ૨૨ આપરેલ શને ૧૭૯૮ ને દીને એ
"દખમુ બંધાવી તઈઆર કરી દીનવીઊ છે"

[3] અતરેના આગલા જાણીતા વ્યાપારી શેઠ હોરમજજી દોરાબજી લશકરીના બાવા.

[4] એવણના બાવા આ૦ કાવસજી બચાજી ઘણા આગલા વખતથી મુંબઈમા પંથકપણુ ચલાવવાને આવ્યા હતા, અને એવણના જેવડીજ મોટી ઉમરે મરણ પામ્યા હતા તેઓ પણ અતરેના પારસીઓના મોટા ભાગને તાબે પંથકી હતા, તથા મુંબઈની પારસીની પંચાતના શરૂઆતથીજ એક અધિકારી ડડેતા હતા એવણના બીજા દીકરા આ૦ જીવણજી કાવસજી પણ અતરેજ મોબેદી કરતા હતા, અને ત્રીજા દીકરા આ૦ રૂસ્તમજી

એવણને ઇ૦ સ૦ ૧૭૪૦ મા નવસારીની અન્જુમને એક લેખ કરી લઈ મુંબાઈ પંથકપણું ચલાવવાને મોકલ્યા હતા. એવણ મોબેદીના કામમા ખબરદાર હોવા સાથે અતરેના પારસીઓના મોટા ભાગને ઘેર પંથકીપણું ચલાવતા હતા.

---

તા૦ ૧ લી ડીસેમ્બર.

રોજ ૨૪ માહ ૨ (શે૦) ૧૧૬૮ યજદજરદી.

**મરણ**—આ૦ જમશેદજી બરજોરજી વાછા[२]—ઉમર વર્ષ ૭૭) એવણ ઈ૦ સ૦ ૧૭૬૦ મા નવસારીથી અતરે આવ્યા હતા, અને મોદીખાનેની મોટી જમશેદજી હીરજી વાછાવાલી દરેમેહરમા પંથકી થયા હતા. એવણે મુંબઈમાં પેહલવેહલી નીરંગદીન તથા વરશીયાની ક્રિયા ઈ૦ સ૦ ૧૭૬૧ મા નવસારીની અન્જુમનની પરવાનગીથી કીધી હતી. એવણ તે વખતે અતરે દીનઆઈનની બાબદમા ખબરદાર ગણાતા હતા.

---

## ઈ૦ સ૦ ૧૭૯૯.

તા૦ ૭ મી આપરેલ.

રોજ ૧ માહ ૮ (શે૦) ૧૧૬૮ યજદજરદી.

**મરણ**—દાદીભાઈ નોશરવાનજી[३]—ઉમર વર્ષ ૬૫) એવણ અતરેના એક માતબર વ્યાપારી, વાહણવટી તથા જાગીરદાર હતા. ચીનાયતથી અતરે આવતા વ્યાપારી વાહણોની આડત, તેમજ ચીન ખાતેનો મોટો વ્યાપાર ચલાવતા હતા. આ માટે એવણનાં શાહ અરદેશર, કીંગ જારજ, ફ્રેન્ડશીપ, બીગવીલ્યમ, અને ડ્યુકઓફકલેરેન્સ નામના પાંચ વાહણો હતા. ઈ૦ સ૦ ૧૭૭૧ માં એવણે અતરે રુની ગાસડીઓ દાબવાનો એક "સ્ક્રુ" સ્થાપ્યો હતો. એવણે ઇ૦ સ૦ ૧૭૮૦ મા મુલ્લા ફાઉસના અતરે આવ્યા બાદ પેહલ વેહલો મુંબઈમા કદીમી રોજમાહ પલેશ શરૂ કીધો હતો, અને પોતાની સાથે અતરેના થોડાક પારસીઓને પણ શામેલ કીધા હતા. તે બાદ કદમી તરીકા મુજબ મુંબઈમાં પેહલ વેહલા આતશબેહરામ બનાવી તે તા૦ ૨૯ મી સપટેમબર ૧૭૮૩ ને દીને પરઠાવ્યા હતા. ઇ૦ સ૦ ૧૭૯૦ ના ગુજરાત તરફના "સડતાલા" ના દુકાળની વખતે એવણે એક પેશતનજી બહમનજી વાડીઆ, તથા એક નશરવાનજી માણેકજી વાડીઆની સાથે મલી અતરે આવતા શેહકડો નાચાર જરથોસ્તીઓની દશ મહિના લગન પરવરસી કીધી હતી, તે ઉપરાત બીજી જાતવાળાં પણ લગભગ ૨૦૦૯) માણસોને એવણે ઘણીક મુદત મુધી દરરોજ અન્ન આપ્યાનો કીધો હતો પોતાના કુટુંબનાં રવાનની ખાતરી બેસમ જન પોહચાડવા માટે એવણે વાલકેશરની હેઠણમા પોતાની જગ્યો ઉપર એક દોખમું બધાવી તે તા૦ ૨૨ મી આપરેલ ૧૭૯૮ ને દીને પરઠાવ્યું હતુ. તે વેળાની મુંબઈની પારસી પંચાએતના એવણ એક મુખ્ય અકાબર હતા.[३]

---

(કે જેવણ જીવણજીના પાલક થએલા હોવાથી ફરામજી જીવણજી લખાતા હતા) તેવણ તથા એ આ૦ જીવણજીના સગા છોકરા આ૦ બહમનજી જીવણજી અતરે પંથકીપણુ ચલાવ્યા સાથે તે વેળાની મુંબઈની પારસી પંચાતના અકાબરો ઠરેલા હતા એઓ સઘળાઓ "કાવલીદારુ" ના છોકરાઓને નામે ઓળખાતા હતા મજકુર શેઠ દોરાબજી રસ્તમજી લશકરી પણ એઓના કુટુંબી હતા

१ મુંબઈવાલા જાણીતા એ૦ મનચેરજી જામાસપજી વાછાના બાપના બપાવા, તથા એ૦ રસ્તમજી બરજોરજી વાછાના બાપના કાકા એવણના વડા ભાઈ આ૦ બીખાજી બરજોરજી વાછા પોતાના મામા શેઠ નવરોજજી રુસતમજી શેઠનાની સાથે કેહેછે કે ઈ૦ સ૦ ૧૭૨૭ મા ઈરાન ગયા હતા.

२ એવણના બાવા શેઠ નશરવાનજી હોમજી કે જેવણ "નકલી હોમજી" ને નામે ઓળખાતા હતા તેવણ પોતાના ભાઈ શેઠ બેહરામજી હોમજી (બેહરી હોમજી) સાથે વાહણોના નોલ મેળવી આપવાની દલાલી કરતા હતા તે વેળાની મુંબઈની પારસી પંચાતના તેઓ એક અકાબર પણ હતા તેવણના બાવા શેઠ હોમજી બેહરામજી સુરતથી અતરે આવી વસેલા હતા

३ એવણે તા૦ ૨૧ મી આગસટ ૧૭૯૪ ને દીને પોતાનુ એક વશીયતનામુ લખાણથી કીધુ હતુ, તેમા પોતાના સઘળા નજદીકના તથા દુરના સગા વાહલા, બાઈ ભાઉ, ચાકર નફરો વગેરે સર્વેને થોડો કે ઘણો વારસો આપ્યો હતો, તેમજ પોતાના દીકરા શેઠ અરદેસર દાદીભાઈને ઘણીક કીમતી નશીહતો લખી હતી આ વશીયતનામાની એક નકલ એવણના વારસ શેઠ હીરજી અરદેસર દાદીશેઠ પાસેથી અમોને મલીછે, તેમાનો છેલ્લો ફકરો વાંચવા લાયક ધારી અતરે સદાબરો ઉતારી લઈએછે.—

"બીજુ ભાઈ અરદેસરજી વો૦ દાદાભાઈ લા૦ તમારા પીતાજી દાદીભાઈ નોશરવાનજીનો સલામ વાચજો. જત ભાઈજી આ વશીએતનામુ અમોએ લખુછે અમારી સમજણ પરમાણે પણ તમારૂ પર તપાસજો. ખોદાએ તમુને હીમત આપેલીછે શરવે થારૂં થશે પણ તમારૂ કારખાનુ તપાસજો દુકાનનુ લોકોને દેવુ શરવેને આપતા વધારો હોએતો અમોએ શરવેને રૂપીઆ આપવા લખાછે તે તમારૂ ઘર તપાસીને અમારા લખવાને આપરૂ આપજો બીજુ ભાઈજી વેપાર વાહણોનો તથા બીજો વેપાર કમ કરજો પણ આપણ અસલથી વીલાતી વાહણોવાલાની તથા બીજાં વાહણવાળાઓની દલાલી કરતા આવીએ છીએ તે ધધો કાએમ રાખજો તેને મુકશો મા ને જહાતાથી તમારા નામ કરીને લોકોનુ દેવુ આપજો તથા તમારા ઘર તથા વાડીઓની

તા૦ ૯ મી આપરેલ.

રોજ ૩ માહ ૭ (શે૦) ૧૧૬૮ યજદજરદી.

**મરણ**—જીવીબાઈ તે જીજીભાઈ માનજીભાઈ વાછાનાં ધણિઆણી—મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટનાં માએ. એ બાનુ તે વખતે પોતાના ગરીબ સંસારે વ્યવહાર તથા છઈઆઓ સાથે ગુજરાન ચલાવતા હતાં, અને જે સપુતને એવણે જન્મ આપ્યો તેનાં આખી મુબારકી દુનિયામાં નામદારી મેળવવા વિષેનો જરાએ ખ્યાલ એમના મનમા હશે કે નહિ તે કેહવાઇ શકાતુ નથી. પોતાના ઉમરાવ પુત્રની કારકીરદીનો જરાએ છાંયડો જોયા વગર તેમના આ માવતર તેમને ૧૬) વર્ષની વયના મુકીને પોતાના વતન નવસારીમા મરણ પામ્યા હતા.

---

તા૦ ૧ લી જુલાઈ.

રોજ ૨૬ માહ ૯ (શે૦) ૧૧૬૮ યજદજરદી.

**મરણ**—ભીમજીભાઈ રતનજી શેઠી—ઉમર વર્ષ ૪૦) સુરતવાલા શેઠ રતનજી માણેકજી શેઠીના વડા દીકરા. એવણ પોતાના બાપના મોહટા વ્યાપાર વણજનાં કામોમા પડેના હતા, અને તેમની હૈયાતીમાંજ મરણ પામ્યા હતા. એવણની નધઈને એવણના બાવાએ સુરત મધે સઈદપુરી ભાગળ આગળ જરથોસ્તીઓના સર અંવ-સરના વપરાસને માટે એક મોટી ધર્મશાળા બંધાવી હતી

---

તા૦ ૬ ઠી આગસ્ટ.

રોજ ૨ માહ ૧૧ (શે૦) ૧૧૬૮ યજદજરદી.

**મરણ**—કાવસજી રુસતમજી પટેલ—ઉમર વર્ષ ૫૫) શેઠ રુસતમજી દોરાબજી પટેલના વડા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૬૩ મા પોતાના બાપના મરણ પછી મુંબઈની પટેલાઈનો રઘરો અખત્યાર મલ્યો હતો તે ઉપરાંત ઈ૦ સ૦ ૧૭૭૪ મા જ્યારે ઇંગ્રેજ સરકારે મરાઠા સરદાર રઘુનાથરાવ દાદાસાહેબ પાસેથી થાણું અને વસાઈ લીધું ત્યારે તે જીલ્લાઓને લગતાં ગામો ચરણી-બંદર, મનપેસર, તુરભ, મડ, મરવે, મનોરી, વેશાવુ, દાંડા, વાદરા, કળીઆણી, બીમરડી, ઈત્યાદિની પટેલાઈ પણ એવણનેજ સોંપી હતી, અને તે એવણ પોતાના ભાઈ શેઠ દોરાબજી રુસતમજી પટેલની સાથે ચલાવતા હતા એઓએ થાણા ગામમા ઘણાક પારસીઓને લાવી વસાવ્યા હતા તથા તેમના ઉપયોગને માટે ત્યાં ઈ૦ સ૦ ૧૭૮૦ મા એક દોખમુ, આતશબેહરાહની દરેમેહર, તથા નશાખાનુ બંધાવ્યુ હતુ. આગના વખતમા અંગરેજ લશ્કર તથા તેના અસબાબને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લાવ લઈજા કરવાની સરકારને ઘણી અડચણ પડતી હતી, જે ઉપરથી ઈ૦ સ૦ ૧૭૭૦ મા એ કારણસર કંપની સરકારને જોઈતા સઘળા બારકસો પુરા પાડવાનુ "કોન્ટ્રાક્ટ" એવણને આપ્યુ હતુ. ઈ૦ સ૦ ૧૭૭૫ મા મુંબઈના ગવરનર વીલીઅમ હોર્નબીએ એવણને એક "ડરેસ-ઑફ-હૉનર" અથવા ખેલાત સિરપાવ આપ્યો હતો. મુંબઈમા ખેતવાડીના રસ્તા ઉપર એવણે ઈ૦ સ૦ ૧૭૭૬ મા એક મોટો તળાવ બંધાવ્યો હતો, કે જે આજ લગણ "કાવસજી પટેલના તળાવ" ને નામથી ઓળખાએછે તેમજ અંગરેના કોટમા "કાવસજી પટેલ સ્ટ્રીટ" ને નામે ઓળખાતો મોહલો પણ એવણનાજ નામ ઉપરથીછે મુંબઈમા સુરખો કરવાની સઉથી મોટી કેરી એવણે કરી હતી, જેથી તે આજ સુધી "કાવસજી પટેલના આંબા" ને નામે ઓળખાએછે ઈ૦ સ૦ ૧૭૮૦ મા એવણે બાહેરકોટ ખાતે એક નશાખાનુ બંધાવી તે અંજુમનના વપરાસને માટે આપ્યુ હતુ [1] એવણ તે વેળાની મુંબઈની પારસી પંચાએતના એક અગ્રેસર હતા.

---

તા૦ ૮ મી આગસ્ટ.

રોજ ૪ માહ ૧૧ (શે૦) ૧૧૬૮ યજદજરદી.

**મરણ**—મનચેરજી બહમનજી શેઠના[2]—ઉમર વર્ષ ૮૮) શેઠ બહમનજી રુસતમજી શેઠના બિજા દીકરા

---

બરદાશ કરજો ને તે ઉપર શુકર કરજો પછીતો તમુને ખોદા નેક સજા આપે તે કરજો બીજુ ભાઈજી અમારો નેક દાહડો આવે તારે ખરચ તપાસી કરજો બીજુ અમારૂ ઊઠેણુ તથા ચોથીઉ આતશબેહેરામમા કરજો તથા અમારૂ બારતનુ કામ શરવે આતશબેહેરામમા કરાવજો . ' બીજુ ભાઈજી આપણા સાથી વાડીઆજીવાલા તથા બનાજીનાઓ તથા મનચેરજી જીવણજીના તથા રુસતમ પટેલવાલા તથા વનવેહેવાઈઓ તથા આપણી કમજાત સાથે હેતપીત રાખજો કોઈ તમારૂ બાડુ કરે તોબી તમો તેનુ ભલુ કરજો "

---

૧ આ નશાખાનુ ઘણુ પુરાનુ થયાથી ઈ૦ સ૦ ૧૮૪૯ મા તે ફરીથી એવણના નબીરા શેઠ દાદાભાઈ રુસતમજી પટેલે બંધાવ્યુ હતુ, તે તેમના મરણ પછી તેવણના વકીલો શેઠ બેહરામજી હોરમસજી પટેલ તથા શેઠ બરજોરજી દોરાબજી પટેલે તા૦ ૫ મી આપરેલ ૧૮૭૩ ને દીને મુંબઈની જરથોસ્તી અંજુમનના વરમ ખાતાના તરસ્ટીઓને સદામર સપુરદ કીધુ હતુ

૨ એવણના બાવા શેઠ બહમનજી રુસતમજી શેઠના તે સુરતવાલા શેઠ રુસતમ માણેકના બીજા દીકરા હતા તેવણ પોતાના બાપના હીસાબ તથા જાગીર સંબંધી ઇંગ્રેજ કોઠીવાલાઓ સાથે પડેલા વાંધાને માટે ઈ૦ સ૦ ૧૭૨૯ મા મુંબઈ ખાતે ગવરનરની હજુરમા ફરીયાદ કરવાને આવેલા હતા તે પછી અંતરેજ રેહથાણ કીધુ હતુ અંતરેના સરકારી અમલદારોમા તેવણ મોટો વગ ધરાવતા હતા, તથા પારસીની પંચાત મુંબઈમા સ્થાપવામા

એવણુ ઈ૦ સ૦ ૧૭૪૧ મા સુરતથી અતરે આવ્યા હતા, અને પોતાના ભાઈઓ સાથે દેશાવરો ખાતેનો વ્યાપાર ચલાવતા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૭૪૯ મા પોતાના પિત્રાઈ શેઠ માણેકજી નવરોજજી શેઠનાં મરણથી તેમના ધર્મખાતાનો વહીવટ ઈ૦ સ૦ ૧૭૮૫ લગણ એવણે ચલાવ્યો હતો અતરેની પારસી પચાતના એવણ એક મુખ્ય અકાબર હતા, તથા પોતે કદેલ અને સર્વથી જઈફ હોવાથી અતરેના "મેયર" ની કોરટમા પારસીઓના રેવાજ વીગેરેને માટે નિકલતા સવાલો બાબે એવણનુ મત લીધામા આવતુ હતુ. એવણના દીકરા શેઠ સોરાબજી માણેકજીએ મુબઈના બાહેરકોટ ખાતે એવણને નામે એક દરેમેહેર બંધાવીને તા૦ ૨૪ મી નવેમબર ૧૭૯૬ ને દીને પરસાવી હતી.

---

તા૦ ૧૬ મી સપટેમબર.

રોજ ૧૩ માહ ૧૨ (શે૦) ૧૧૬૮ યજદજરદી

**મરણ**—જીજીભાઈ મનકજીભાઈ વાછા—મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટના બાવા. એવણ પોતે જોકે તે વખતે કોઈ રીતે જાણીતા ન હતા, પણ એક એવા પુત્રને જન્મ આપ્યો હતો કે જેણે પારસી ટોળાનું નામ તેમની પાદશાહત ગયા પછી દુનિયામાં પાછુ એકવાર જાહોજલાલી ભર્યું કર્યું હતુ. એવણનું જન્મ ગામ નવસારી હતું ત્યાથી પોતાના બાપના મરણ પછી એવણ અતરે પોતાની મોહરેદાર સાથે આવ્યા હતા, અને મેદાનને નાકે હાલ જયા "ફાકરડ માર્કીટ" છે તે તરફ પારસીઓને રેહવાના "અથાહુવેરીયો" નામના મોહલામા વાસો કીધો હતો.[1] મુબઈથી એવણ પાચેક વર્ષમા પાછા નવસારી કુટુબ સહીત ગયા, અને થોડીક મુદતમા ત્યાજ મરણ પામ્યા હતા.

---

## ઈ૦ સ૦ ૧૮૦૦.

આએ વર્ષના "બોમ્બે કુરીઅર" માથી નીકલેનાં છ પ્રેઝી કાલેનડરમા[2] પારસીઓને લગતી નીચેલી બીના આવેલી હતી.—

### પારસી વાહણવતીઓ.

| વાહણનું નામ. | માલેક. | ટણ. |
|---|---|---|
| લવજી ફેમીલી | હોરમજજી બહમનજી વાડીઆ | ૮૮૩ |
| શાહ અરદેશીર | દાદાભાઈ નશરવાનજી | ૮૩૯ |
| શાહ કેખુશરૂ | સોરાબજી મનચેરજી રેડીમની | ૧૦૦૦ |
| સાહ જેહાગીર | કાવશજી રૂસતમજી પટેલ | ૭૦૫ |
| આસ | પેશતનજી બહમનજી વાડીઆ અને બરૂસ ફાસેટની કપની | ૭૪૮ |
| એશીયા | હોરમજજી બહમનજી વાડીઆ અને ફારબસ સ્મીથની કપની | ૭૪૦ |
| ગંજાવર | ફરામજી નાનાભાઈ દાવર | ૬૮૦ |
| કારનવાલીસ | નશરવાનજી માણેકજી વાડીઆ | ૬૫૩ |
| ખપટન કાર્ટલ | હોરમજજી બહમનજી વાડીઆ | ૬૨૭ |
| ઓરેયાન્ટર | બરજોરજી દોરાબજી દાદીબરજોર | ૪૭૭ |
| બોમ્બે મરચટ | નશરવાનજી માણેકજી વાડીઆ | ૨૯૫ |

### ઈનશુરનસ સોસાઈટીના ભાગીદારો.

અરદેસર દાદીભાઈ.

નશરવાનજી માણેકજી વાડીઆ.

પેશતનજી બહમનજી વાડીઆ.

હોરમજજી બહમનજી વાડીઆ.

ફરામજી નાનાભાઈ દાવર.

ફરામજી માણેકજી વાડીઆ.

---

તેવણની પોતાના ભાઈઓ સાથે મુખ્ય આગેવાની હતી તેવણના વડા દીકરા શેઠ નાનાભાઈ બહમનજી શેઠને પોતાના બાપની જગોએ અતરેની પારસી પચાતના અકાબર ઠરાયા હતા તેવણ અતરેના એક મોટા જમીનદાર હતા કોટમા "નાનાભાઈ બહમનજી સ્ત્રીટ" ને નામે જે મોહલો ઓળખાએછે તે એવણના નામ ઊપરથી છે એવણથી ઊતરતા ભાઈ શેઠ ખરશેદજી બહમનજી શેઠના તે મરહુમ માણેકજી શેઠના બીજા જમાઈ તથા પાલખ શેઠ દાદાભાઈ માણેકજી શેઠના બાવા થાયછે તેવણ સુરતમાજ રહી મુબઈ, ભરૂચ, ખબાત વગેરે દેશાવરો ખાતેનો મોટો વ્યાપાર ચલાવતા હતા એવણના ચોથા ભાઈ શેઠ શાપુરજી બહમનજી શેઠના પણ પોતાના ભાઈઓ શેઠ ખરશેદજી તથા નશરવાનજીની સાથે દેશાવરો ખાતેનો પરસુરણ વ્યાપાર કરતા હતા તેવણ મુબઈની પારસી પચાતના એક અકાબર હતા અતરેના કોટમા "શાપુરશેઠના ચકલા" ને નામે જે મોહલો ઓળખાએછે તે એવણના નામ ઊપરથીછે એવણથી ઊતરતા ભાઈ શેઠ નશરવાનજી બહમનજી શેઠના સુરત તથા મુબઈ ખાતેનો રૂનો મોટો વ્યાપાર કરતા હતા, તથા અતરેની પારસી પચાતના એક અકાબર હતા મુબઈવાલા શેઠ પેશતનજી બહમનજી વાડીઆની મારફતે ઈ૦ સ૦ ૧૭૯૨ મા એવણે સુરતથી કીધેલા રૂના વ્યાપારને લગતો એવણનો એક આકડો મરહુમ શેઠ મનચેરજી પેશતનજી વાડીઆ પાસે અમારા જોવામા આવ્યો હતો જેમા રૂ ૧૨૬૦૭૫॥૬૦ નો રૂ એવણને હીસાબે તે વર્ષમા વેચેલો જણાએછે એવણના સઊથી નાહના ભાઈ શેઠ બેહરામજી બહમનજી શેઠના પણ અતરેના એક જાણીતા રેહવાસી તથા જમીનદાર હતા

[1] કેહછે કે મરહુમ સર જમશેદજીનો જન્મ પણ એજ મોહલામા થયો હતો એવણના બાવા તથા માએ એકજ વર્ષમા એમને ૧૬ વર્ષની ઊમરના મુકીને મરણ પામ્યા હતા નવસારી તેમજ મુબઈમા કેટલેક ઠેકાણે અમોએ સાભલ્યુછે કે એવણનુ કુટુબ નવસારીના આગલા વડા અધ્યારૂ ચાગા આશાના વશની કોઈ છોકરી સાથે નીસબત રાખેછે

[2] The Bombay Calendar, and Directory for 1800 *Bombay Printed at the Courier Printing Office*

શેરાબજી મનચેરજી રેડીમની.
કાવસજી રૂસતમજી પટેલ.
જમશેદજી બહમનજી વાડીઆ

**પારસી વ્યાપારીઓ.**

અરદેશર દાદીભાઈ
નશરવાનજી માણેકજી વાડીઆ.
પેશતનજી બહમનજી વાડીઆ.
હોરમજજી બહમનજી વાડીઆ.
સોરાબજી મનચેરજી રેડીમની.
ફ્રામજી નાનાભાઈ દાવર
સોરાબજી રૂસતમજી પટેલ.
જમશેદજી માણેકજી મગરૂ.
બરજોરજી સોરાબજી દાદીબરજોરના
પેસતનજી કાવસજી નાલીએરવાલા.
મેહરામજી જમશેદજી ગામડીઆ.
ભીમજી ભીખાજી પાંડે
ભીખાજી મેહરજી

**ચીન ખાતેના આડતીઆ**

એદલજી બહમનજી (એદલકાકા).

---

તા૦ ૨૭ મી જાનેવારી
રોજ ૨૧ માહ ૪ (શે૦) ૧૧૬૯ યજદજરદી.

**મરણ**—ભીમજીભાઈ દાદાજી[૨]—ઉમર વર્ષ ૭૦) તારાપોરના એક જાણીતા રેહવાસી એવણ પ્રથમમા તારાપોરમા પોતાના પિત્રાઈ શેઠ મેહરજીભાઈ વીકાજીની સાથે જમીનો ઈજારે રાખી ખેતીવાડી કરતા હતા એ પછી એવણે વસાઈ કે જે તે વેળાએ પેશવાઇ હકુમતને તાબે હતુ તેના "આશેરી" નામના માહાલનો ખેતીવાડીને માટે ઈજારો લીધો હતો. "આશેરી" નો કીલ્લો કેહલે કે આગના વખતપર ઘણો મજબૂત અને ખીકત ગણાતો હતો તેનો વહીવટથી પેશવાઈ સરકાર તરફથી એવણુનેજ સપુરદ થયો હતો. તેની આગમજ આ કીલ્લાની નગેહબાની તથા માહાલનો ઈજારો કોઈ બાહમણે રાખ્યો હતો, તેને વસાઈના હાકમે કાઇ વાકસર બરતરફ કર્યાથી, તેણે છુપી રીતે ઉશ્કેરણી કરી એવણપર ઉપના કીલ્લામાથી એક રાજદ્વારી બંધવાને મુંબાઈમાથી નસાડી મુકવાની ગોઠવણ કરવાનુ બોહતાન તે વેળાના પેશવાઈ સુબા આણોબા ગહતેકરની હજુરમા મેલ્યુ હતુ. તેની તપાસ થાય તેટનામાતો એવણ તારાપોર કાઈ કામસર ગયના ત્યાંજ થોડાક દિવસની માદગી ભોગવી મરણ પામ્યા હતા

તા૦ ૨૦ મી મેએ

શેઠ અરદેશર દાદીભાઈએ વાલકેશરની દક્ષિણ બાજુએ બાધવા માડેલો મોટો બંગલો કે જે લગભગ તૈયાર થવા આવ્યો હતો તે આજદીને એકાએક તુટી પડયો અને તેમા ૨૫ માણસો દબાઈ તુરત મરણ પામ્યા, તથા ઘણાકો સખ્ત ઘાએલ થયા હતાં.[૨]

---

તા૦ ૭ મી જુલાઈ.

આજ દીને મુંબઈના ગવરનર જોનાથન ડંકને સુરતના શેહનશાહી પારસીઓના વડા દસ્તૂર કાઉસજી રૂસતમજીને એક સનદ[૩] આપી હતી, અને તેમા તેવણને આનરેબલ ઈસ્ટ ઇંડીઆ કંપની તરફથી આએ મહિ-

---

[૨] મરહુમ શેઠો વીકાજી તથા પેશતનજી મેહરજીના બાપના પિત્રાઈ, તથા મુંબઈવાલા શેઠ શાપુરજી ભીમજીભાઇ અને દારાશાહ શેરાબજી, તથા પુનાવાલા ખાનબાહદુર શેઠ બહમનજી શેરાબજી તારાપોરવાલાના બાપના બાપાવા

[૨] બોમ્બે કુરીઅર, તા૦ ૨૪ મી મેએ ૧૮૦૦.

[૩] આ સનદની એક ફારસી નકલ તથા તેનો ઈ૦ સ૦ ૧૮૬૬ મા અતરેની હાઈ કોરટના તરજુમા ખાતા તરફથી થયલો સતાદાર ઇંગ્રેજી તરજુમો એવણના વારસ દસ્તૂર રૂસતમજી જમશેદજી પાસેથી મલ્યોછે તેમાના ઇંગ્રેજી તરજુમાની અતરે સદાબરી નકલ ઊતારી લઇએ છૈયે —

TRANSLATION OF A DOCUMENT IN PERSIAN
(Signed) JONATHAN DUNCAN

UNITED EAST INDIA COMPANY

A Parwanah (or an order) of the Hon'ble and prosperous British Company Bahadoor (is issued) in the name of Kawas Dustoor of the Parsi Community an inhabitant of the auspicious seaport Town of Surat On account of the respectability and position which the learned one has in the Parsi Community and on account of his being faithful to the British Company Bahadoor, the amount of fifty rupees by way of support and maintenance has been bestowed and fixed per month for the learned one from the first of the month of July 1800 It is incumbent that he having engaged himself in doing good acts and remembering the kindness of the Hon'ble Government shall preach to his community as much as it may be in his power, to obey the rules of religion and to be good disposed (subjects) and he shall try to keep them more firm than others as regards to their fidelity to the British Government Should Government ask the learned one respecting the customs and religion of the Parsi Community, he shall be honest in explaining the same so that every one may be dealt with justice Written in the auspicious seaport Town of Surat Dated the seventh of the Month of July 1800 of the Christian Era Corresponding with the 13th of the holy month of Safar in the Hijri year 1215

Translated by me
(Signed) GOOLAM MOHAIDEEN,
*Translator High Court*

Bombay, 1st December 1866

નાની પેહલી તારીખથી દર માસે રૂ૫૦) નો દરમાયો મુકરર કરી આપ્યો હતો, તથા એવો બંદોબસ્ત કીધો હતો કે તેવણે સુરતના પારસીઓમાં ધર્મ સબંધી વાએજીઓ કરી તેઓને બ્રીટીશ સરકારને વફાદાર રેહવાને બોધ આપવા, તેમજ પારસીઓની રહેરસમ વગેરેને માટે ઈનસાફને વાસ્તે સરકાર કાંઈબી સવાલો પુછાવે તેના પ્રમાણીકપણે ફતવા આપવા.

---

આજ વર્ષના સપટેમબર માસમા સુરતથી મુંબઈ આવતાં દરીયામા એક મોટુ તોફાન થયુ હતુ. તે વેળાએ ઘણાક બારકસો ભાગી ગયા હતા, તથા બેશુમાર જાનોની ખુવારી થઇ હતી. પારસી ઉતારૂઓ પણ ઘણાક આ તોફાનમા મરણ પામ્યા હતા. તેઓમાના જેઓના જાન હાથ લાગ્યા તેમને તારાપોરવાલા શેઠ ભીખાજી પટેલે મેહનત કરી અવલમંજલ પોહચડાવ્યા હતા.[2]

---

તા૦ ૨૫ મી નવેમબર.

આજ વર્ષમા યુરોપ ખાતે નેપોલ્યન બોનાપાર્ટની લડાઈ ચાલતી હતી, જેથી અતરેનાં બંદરોમા સરકારના કામસર ફરતા બારકસોને ફ્રેન્ચ ચાંચીઆઓની ઘણી ધાસતી રેહતી હતી, અને તે ઉપરથી તેના ધણીઓ સરકારના કામસર પોતાના બારકસો આપતા ન હતા આ ઉપરથી ઉપલી તારીખે મુંબઇના સઘળા બતેલા, બુમડા, તથા ગુરાબોના ધણીઓએ કંપની સરકારની વતી તેમના બોર્ડ કંટ્રાકટર શેઠ સોરાબજી રૂસતમજી પટેલ સાથે એક લખત કીધુ હતુ.[2] તેમા કેટલીક બીજી સરતો સાથે એવી પણ સરત કીધી હતી કે "કદાચ વાટમા ફરાનસીસ તથા ચોર મલીને તે પકડી લઇ જાએ તેનુ જોખમ સરકારને માથે રહે" આ લખત ઉપર ૨૨) હિંદુ તથા બીજા ૮) પારસીઓએ સહી કરી હતી—

વાડીઆ હોરમજજી બેહમનજી, બતેલા ૨.
વાડીઆ ફરામજી માણેકજી, બારકસ ૪.
જમશેદજી નાનાભાઈ ગજધર, બતેલો ૧.
મેહતા કાવસજી હીરજીભાઈ ટાકર, બતેલા ૪
રૂસતમજી નથુભાઈ દા૦ માણેકજી રૂસતમજી, બતેલો ૧.
મેહતા માણેકજી મનચેરજી, બતેલા ૨.
વાડીઆ રતનજી બેહમનજી, બારકસ ૨.
ખરશેદજી શેઠ સોરાબજી, બતેલો ૧.
ભાઈ ફરામજી પેશતનજીની વતી દલાલ નવરોજજી બેહરામજી.
હીમજી જીજીભાઈ, બતેલો ૧.

---

તા૦ ૧૬ મી ડીસેમબર.

રોજ ૯ માહ ૩ (એ૦) ૧૧૭૦ યજદજરદી.

**મરણ**—એદલજી બેહરામજી મોદી—ઉમર વર્ષ ૫૫) શેઠ બેહરામજી રૂસતમજી મોદીના વડા દીકરા. એવણ પ્રથમમા પોતાના બાપના વ્યાપારના કામોમા શામેલ હતા. તે બાદ ઈ૦ સ૦ ૧૭૭૭ મા તેમના મરણથી તેવણની વતી પોતાના પિત્રાઈ શેઠ નશરવાનજી દાદાભાઈ મોદી તથા કાકા શેઠ ભીમજી રૂસતમજી મોદી સાથે ગુમસ્તા વ્યાપાર ચલાવતા હતા એ પછી તે બંનેના મરણથી પેહડીના વહીવટ શેઠ દાદાભાઈ નશરવાનજી મોદી સાથે સમજુતી કરી તા૦ ૮ મી આપરેલ ૧૭૯૦ થી છુટા કરી પોતે એખતીઆરે વ્યાપાર ચલાવવા માંડયો હતો. એવણે ફલીઆણી મધે ઈ૦ સ૦ ૧૭૮૮ મા એક દરેમેહેર બંધાવી પરસાની હતી.

---

## ઈ૦ સ૦ ૧૮૦૧.

તા૦ ૨૫ મી આપરેલ.

રોજ ૧૯ માહ ૮ (કે૦) ૧૧૭૦ યજદજરદી

**મરણ**—મોદી વાછાગાંધી ભીમજી[3]—ઉમર વર્ષ ૬૪) શેઠ ભીમજી રૂસતમજી મોદીના વડા દીકરા એવણ પ્રથમમા પોતાના બાપના વ્યાપારના કામોમા શામેલ હતા. તે પછી ઈ૦ સ૦ ૧૭૮૬ મા તેમના મરણબાદ પેહડીમાથી પોતાનો ઈલાકો બંધ કરી પોતે સુરત ખાતે જઈ વસ્યા હતા, અને ત્યાંજ મરણ પણ પામ્યા હતા.

---

તા૦ ૭ મી જુલાઈ

રોજ ૨ માહ ૧૦ (એ૦) ૧૧૭૦ યજદજરદી.

**મરણ**—માણેકજી નવરોજજી તબાક—ઉમર વર્ષ ૭૦) અતરેના તબાક આનદાનના વડવા. એવણ ઈ૦ સ૦ ૧૭૫૬ મા નવસારીથી પોતાના છ ભાઇઓ સાથે અતરે આવ્યા હતા, અને કેટલાક પોરટુગીજોની સાથે અતરે આવતા તબાકુનો ઈજારો રાખ્યો હતો. આ

---

૧ એને લગતી નોંધ સુરતવાલા ખાંનબાહદુર રૂસતમજી ખરશેદજી મોદીને ત્યાના એક ચોપડામાથી મલીછે

૨ આ લખતની એક નકલ અમારી પાસે તથા એક શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆ પાસે મોજુદછે

૩ મરહુમ શેઠ સોરાબજી વાછાગાંધીના બાવા

ઉપરથી એવણુ તથા એવણુના ભાઈઓ "તબાક" ની અટકથી ઓળખાવા લાગા. એ પછી એવણુ પોતાના ભાઈઓની સાથે તબાકુ ઉપરાંત બીજા પરચુરણ માલનો તેમજ ઈ૦ સ૦ ૧૭૭૬ થી ચીન તરફનો વ્યાપાર કરવા લાગા હતા, અને તેના વપારને માટે "જેમસ ફારમન" તથા "ફતેહ મુબારી" નામના બે વાહણો પણ, પોતે લીધા હતા એવણે પોતાના તથા પોતાના છએ ભાઈઓના કબીલાના વસવાસને માટે સાત માળાની એક સામસામી ચેહલી કોટમા બંધાવી હતી, કે જે આજ લગણ "માકા તબાકની પોળ" ને નામે ઓળખાએછે.

---

તા૦ ૧૨ મી આગસ્ટ.

રોજ ૭ માહ ૧૧ (યેઝ૦) ૧૧૭૦ યજદજરદી.

**મરણ**—દાદાભાઈ મનચેરજી રાણીના[1]—ઉમર વર્ષ (૯૦) એવણુ પોતાના બાપની હૈયાતીમા તથા તેમના મરણ પછી પોતાના ભાઈઓ શેઠ મોટાભાઈ, શાપુરજી તથા માણેકજીની સાથે મીનાકારી તથા તાસપતરી બનાવી તેનો રોજગાર મોટા પાયા ઉપર કરતા હતા. અતરેની ગોદીમા સરકારને જોઈતી એ ઇજનસો પણ એઓજ પુરી પાડતા હતા

---

તા૦ ૫ મી સપટેમબર

મુંબઈના મુખ્ય વ્યાપારીઓએ આનરેબલ કંપનીના અતરેના દરીઆવરી ખાતાના કેપટન સેનખીન જ્યારે તે સુરત તરફ "કામાડોર" હતો ત્યારની તેની કીમતી નોકરીઓને માટે એક માનપત્ર તથા સાથે એક તલવાર ભેટ આપી હતી તે માનપત્ર પર તણ ઇગ્રેજ, એક ફીરંગી, એક હિંદુ અને નીચના ૭ પારસીઓની સહીઓ હતી

પેશતનજી બેહમનજી વાડીઆ, અરદેશર દાદીભાઈ, દોરાબજી રૂસ્તમજી પટેલ, નશરવાનજી માણેકજી વાડીઆ, હોરમજજી બેહમનજી વાડીઆ, દોરાબજી મનચેરજી રેડીમની.

---

[1] અતરેવાળા શેઠ નાનાભાઈ રૂસતમજી રાણીનાના વડવા એવણુના બાપ શેઠ મનચેરજી એદલજી રાણીના અતરેના એક ઘણા પુરાતમ રેહવાસી હતા, અને તેઓનો રોજગાર પણ મીનાકારી તથા તાલપતરીનોજ હતો એમના માતાજીનુ નામ રાણીબાઈ કરી હોવાથી એઓ "રાણીબાઈના" કરી ઓળખાતા હતા, અને તે પછી એઓના વારેસો આજસુધી "રાણીના" કરી ઓળખાએછે

સુરત ખાતેથી ત્યાના દેશી વ્યાપારીઓએ-પણ એક માનપત્ર કપતાન સેનખીની ઉપર મોકલ્યુ હતુ, તેપર ૭ હિંદુ, બે મુસલમાન, અને નીચના સાત પારસીઓની સહીઓ હતી—

રતનજી માણેકજી શેઠી, જમશેદજી શોરાબજી હોડીવાલા, મેહરવાનજી રૂસતમજી વખારીઆ, ડોસાભાઈ ખરશેદજી મોદી, એદલજી ધનજી મેહતા, બાપુજી નવરોજજી, પેશતનજી કાવસજી દલાલ.[2]

---

તા૦ ૧૩ મી ડીસેમબર.

રોજ ૬ માહ ૩ (યેઝ૦) ૧૧૭૧ યજદજરદી.

આજ દીને બીલીમોરા મધે આ૦ રૂસતમજી બેહમનજી બાટલીવાલા તે કાઉસ બમનનાની નઇઓતે તેમનાં ધણીઆણીએ એક દોખમુ બંધાવી પરસાવ્યું હતુ[3]

---

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૫ મી સપટેમબર ૧૮૦૧

[3] આ દોખમાની સામેની શગડી ઊપર નીચે મુજબની તખ્તી મારેલીછે:—

" આ૦ રૂસતમજી બમનજી બાતલીવાલા તે
" કાઊશ બમનના વહુના પઇરા ધણીઆનીની મેત
" તથી શવત ૧૮૫૮ ના રોજ ૬ માહ ૩, બાધુ
" બરજોર બચાજીના ભાઈજ સુરતના કુંબઈ રમા "

એ દોખમા આગલ ગોમાથાના દિવસોપર જવાને ઘણી અડચણ પડતી હતી, તથા રેલ આવે ત્યારેતો રવાનોને પણ લઈ જવાનો અટકાવ થતો હતો, તે ઊપરથી ઈ૦ સ૦ ૧૮૩૬ મા મરહુમ શેઠ મેહરવાનજી લીમજીભાઈ બીલીમોરીઆએ રૂ૨૫૦૦) ખરચી એક પાકો પુલ દોખમા આગલ જવાના રસ્તાપર બંધાવ્યો હતો, તથા એ દોખમાની ઊગમન દસાએ બીલીમોરાનુ રેલવે સ્ટેશન નજદીકમા આવ્યાથી ઈ૦ સ૦ ૧૮૬૬ મા મરહુમ શેઠ રૂસતમજી જમશેદજી જીજીભાઈએ રૂ૫૦૦૦) ખરચી દોખમાની આસપાસ એક પાકી ફરતી દેવાલ બંધાવી હતી

એની આગમનજનુ એક ઘણુ જુનુ દોખમુ બીલીમોરાથી આસરે ૨॥ મૈલ દૂર હાલમા પડત પડેલુછે તે માટે ત્યાના જુના રેહવાસીઓ કહેછે કે આસરે બસો વર્ષની વાત ઊપર બીલીમોરાના પારસીઓએ પોતે મેહનત કરી એ દોખમુ બાંધવા માંડ્યુ હતુ, તેહવામા કોઈએક પારસી પોતાના કબીલા સાથે પગરસ્તે મુસાફરી કરતો હતો, તેની ગાડી બીલીમોરા આગલ ભગવદાસ નામની જગાની પાસે ખાડીમા ડુબી ગઈ તે વેળાએ ત્યા બીલીમોરાના કેટલાક પારસીઓ હુલેલા હતા, તેઓએ તે સઘળા ડુબતા માણસોને મેહનત કરી બાહેર કાઢ્યા, અને પોતાના ગામમા લઈ જઈ વીસામો આપયો આના ઊપકારમા કેહછે કે પેલા પારસીએ આએ દોખમાનુ કામ પોતાને ખરચે પુરૂ કરાવી આપ્યુ હતુ.

# ઈ૦ સ૦ ૧૮૦૨.

આગ્લે વર્ષના "બોમ્બે કુરીઅર" માથી બીજેના ઇંગ્રેજી કાલેનડર[૧] મા પારસીઓને લગતી નીચલી ખીના આવેલી હતી:—

### પારસી વાહણવતીઓ.

ઈ૦ સ૦ ૧૮૦૦ ના કાલેનડરમાં નોંધેલા 'આન' અને 'ત્રોગાઆગ્ટર' વાહણોના નામ આગ્લે વર્ષની ટીપમાં નથી; તેમજ 'શાહ જેહાંગીર' વાહણ શેઠ કાવશજી રૂસ્તમજી પટેલને બદલે શેઠ દોરાબજી રૂસ્તમજી પટેલના નામપર તથા 'અપટન કાસ્ટલ' શેઠ હોરમજજી બહમનજી વાડીઆની સાથે મેસર્સ સ્મીથ ફારબસની કંપનીના નામપર નોંધાયલાછે. એ ઉપરાત 'ફતેહ સુબાની' નામનુ વાહણ શેઠ માણેકજી નવરોજજી તબાકના નામ ઉપરછે.

### ઈનસુરનશ શોશાઈટીના પારસી ભાગીદારો.

એશા કાલેનડરમા આપેલી ટીપ ઉપરાત આમા નીચલા નામો આગ્લે વર્ષે વધ્યાછે.

અરદેશરજી અરદેસર દાદી.
જેહાંગીર અરદેસર દાદી.
રતનજી બહમનજી વાડીઆ.
એદલજી બહમનજી (એદલકાકા).
ભીમજી ભીખાજી પારેખ.
નશરવાનજી કાવશજી બનાજી.
મેહરામજી કાવશજી બનાજી.
જમશેદજી નાનાભાઈ રાજઘર.

શેઠ કાવશજી રૂસ્તમજી પટેલને બદલે આમા શેઠ દોરાબજી રૂસ્તમજી પટેલનુ નામ નોંધાયલુ છે.

### પારસી વ્યાપારીઓ.

ઈ૦ સ૦ ૧૮૦૦ નાં કાલેનડરની માફક, ફકત શેઠ કાવશજી માણેકજીનુ નામ વધારે.

### ચીન તરફ જનાર આડતીઆ.

ઈ૦ સ૦ ૧૮૦૦ ના કાલેનડર પ્રમાણેજ.

### સરકારી ગોદીના બીલડરો.

ફરામજી માણેકજી વાડીઆ.
જમશેદજી બહમનજી વાડીઆ.
રતનજી બહમનજી વાડીઆ.
રૂસ્તમજી માણેકજી વાડીઆ.
નવરોજજી જમશેદજી વાડીઆ

તા૦ ૨૬ મી ફેબરવારી.

રોજ ૨૧ માહ ૬ (ક૦) ૧૧૭૧ યજદજરદી.

**મરણ**—મુલ્લા કાઉસ રૂસ્તમ જલાલ—ઉમર વર્ષ ૬૯) અતરેના મુલ્લા ફીરોજના ખાંનદાનના વડવા, તથા કદમી પંથના પેહલા વડા દસ્તૂર. એવણ પ્રથમમા ભરૂચના વતની હતા, તથા ફારસી અને આરબી ભાષા સારી પેઠે જાણતા હતા. ઈ૦ સ૦ ૧૭૬૭ મા જ્યારે સુરતમા રોજમાહના તફાવત વિષેની તકરાર ઘણી જોસમાં ચાલતી હતી ત્યારે સુરતના નામીઆ શેઠ ધનજીશાહ મનજીશાહે એવણને સઘળી પ્રકારે લાએક જાણી તે વિષેની તેહકીક કરવાને ઇરાન મોકલ્યા હતા. તે વખતે પોતાના ૮ વર્ષની વયના બેટા પેશોતનને[૨] પણ સાથે લઈ એવણ તા૦ ૨૯ મી મારચ ૧૭૬૮ ને દીને ઇરાન ગયા હતા. ત્યા યઝદ, કેરમાંન, ઇસ્ફહાન, શીરાજ, રૂમ વગેરે સુનકોમા મુસાફરીઓ કીધી, તથા ઇરાનના શાહ મહમદ કરીમખાનની મુલાકાત પણ લીધી હતી. એ પછી પોતે કરવા ગયલુ કામ સમાધાન ઉતારી પાછા ૧૨ વર્ષે એટલે ઈ૦ સ૦ ૧૭૮૦ ની તા૦ ૯ મી ફેબરવારીને દીને સુરત મધે આવી પોંહતા હતા. આ વેળાએ શેઠ ધનજીશાહ મનજીશાહ મુંબઈ ગયલા હોવાથી એવણ અતરે આવ્યા; અને શેઠ દાદીભાઈ નોશરવાંનજી સાથે પીછાંણ થવાથી તેવણે અતરે કદમી તરીકા પ્રમાણે એક આતશબેહરામ પરઠાવવાની એવણ આગલ પોતાની મરજી બતાવી. તે આતશબેહરામની સઘળી ક્રિઆનુ ઉપરીપણુ એવણે ચલાવ્યુ હતુ, અને તે તૈયાર થયા પછી તા૦ ૨૯ મી સપટેમબર ૧૭૮૩ ને દીને તે તખતનશીન કીધા હતા, તથા તેજ દાહડેથી કદમી અજુમનના વડા દસ્તૂરનો ઓધ્ધો એવણને મલ્યો હતો. એ પછી અતરેથી કાંઈ કારણસર પોતાનો દસ્તૂરનો ઓધ્ધો પોતાના દીકરા મુલ્લા ફીરોજજીને સોંપી એવણ ઈ૦ સ૦ ૧૭૮૪ મા હૈદરાબાદ ગયા હતા, ત્યા શેઠ નોશરવાનજી રાજા નામના એક પારસી ગીરાસદારની મદદથી એવણને ત્યાના નીજામ સાથે પીછાણ થઈ, અને તેની દરબારમા એવણનો વગ વસીલો પણ વધ્યો, જેથી બાકીની ઉમર ત્યાજ વ્યાપાર વનજમા કાંઈ મરણ પણ ત્યાજ પામ્યાં હતા. એવણની કબર આજલગણ હૈદરાબાદમાં મોજુદછે. એવણે કબીશાની ભાંજઘડ વિષેનો એક રૂસાલો તથા "માકુલાતે બહમની" નામના બે પુસ્તકો લખ્યા હતા.

---

[૧] The Bombay Calendar and Directory for 1802 *Bombay Printed at the Courier Printing Office*

[૨] આપણા જાણીતા મુલ્લાફીરોજજી. એવણનુ ભરૂચમા જન્મ નામ પેશોતન હતુ, પણ ઇરાન ખાતે એમની ચ લાઈ જોઈ ફીરોજ નામ આપવામા આવ્યું હતુ.

તા૦ ૧૭ મી જુલાઈ.

રોજ ૧૨ માહ ૧૦ (શે૦) ૧૧૭૧ યજદજરદી.

**મરણ**—શાપુરજી નવરોજજી તબાક—ઉમર વર્ષ ૪૧) શેઠ માણેકજી નવરોજજી તબાકના નાહના ભાઈ.[1] એઓણે પેહલ વેહલા ઈ૦ સ૦ ૧૭૮૧ મા પોતાના વડા ભાઈની તરફથી વ્યાપારને માટે ચીન ગયા હતા, "અને તેવાજ કામકુશર ત્યાંની દર મોસમે એકેક પછી આટાર સફરો તેનાએ કરીને વ્યાપારી વર્ગમા મોટી વખાણ વરસાવી હતી." એઓણે પોતાના વડા ભાઈની પાછલ બરાબર એક વર્ષે મરણ પામ્યા હતા

તા૦ ૨૭ મી જુલાઈ

આજ દીને શેઠ બરજોરજી દોરાબજી દાદીબરજોરના ૨૦ વર્ષની વયના એક દીકરા શેઠ ફરદુનજી બરજોરજીએ પોતાનુ તથા પોતાની બાયડીનુ ખુન કીધુ હતુ. તેની હકીકત એમકે કે તેવણ ત્રણ પ્હોરે પોતાના દોસ્તો સાથે વાડી મોજ કરવા ગયા હતા, "ત્યા કોઇએ મગરબ કરતા એઓણની મોહરદારના પતિવરતાપણા ઉપર મશ્કરી કીધી, જેથી એઓણ ઘણાજ બુરા વેહમમાં પડયા, અને રાત્રે ઘેર આવીને બીચારી ૧૬) વર્ષની જવાન મોહરદાર કે જે પેહલ વેહલી હમેલદાર હતી તેણીના તથા પોતાના પેટમા વેહતી છરીના ઘાહ કરી બનેનો પ્રાણ લીધો.[2]

તા૦ ૪ થી નવેમબર.

રોજ ૨૭ માહ ૧ (શે૦) ૧૧૭૨ યજદજરદી.

**મરણ**—દસ્તૂર બરશેદજી બરજોરજી દારાબ પાહલણના—ઉમર વર્ષ ૫૬) નવસારીવાલા દસ્તૂર બરજોરજી દારાબજી પાહલણજીના દીકરા. એઓણને ઈ૦ સ૦ ૧૭૭૭ મા એમના બાપનાં મરણબાદ ત્યાંની અન્જુમને બીજા દસ્તૂરની જગા આપી હતી. ઈ૦ સ૦ ૧૭૭૬ મા નવસારીમા જે મોટી લુટ તથા ગીરદી પડી તે વેળાએ એઓણ સુરત ખાતે નિકલી જઈ ત્યાના રૂસ્તમપરામા વસ્યા હતા, અને ત્યાજ મરણ પણ પામ્યા હતા. રૂસ્તમપરાના જરથોશતીઓ એઓણને દસ્તૂર તરીકેનુ મોટું માન આપતા હતા.

આએ વર્ષમા સુરત મધે શાહપુરી ભાગલ આગલ શેઠ રતનજી માણેકજી એટીએ જરથોસ્તીઓના સગ અવસરના વપરાસને માટે એક મોટી ધર્મશાલા બધાવી ખોલી મુકી હતી.[3]

## ઈ૦ સ૦ ૧૮૦૩.

આએ વર્ષના "બોમ્બે કુરીઅર" માથી નીકલેલા ધ ગ્રેજી કાલેનડર[4] મા પારસીઓને લગતી નીચલી ખીના આવેલી હતી.—

### પારસી વાહણવતીઓ

છેલા કાલેનડરની માફકજ. ફકત "ફતેહ સુબાની" ને બદલે "જેમસ ડરમ ન્ડ" નામનુ ૬૪૩ ટણનુ એક નવુ વાહણ શેઠ માણેકજી નવરોજજી તબાકના નામ ઉપર.

### ઈનસુરનસ ઓફીસોના પારસી ભાગીદારો.

છેલા કાલેનડર પ્રમાણેજ.

### પારસી વ્યાપારીઓ.

છેલા કાલેનડર પ્રમાણેજ "એમા પેશતનજી અને અરદેસર" તથા "બહમનજી અને કાસીનાથ શદાશીવજી" નામની બે પારસી પેહડીઓના નામ વધારેછે

### ચીન તરફ જનાર આડતીઆ.

એદલજી બહમનજી અને હોરમજજી બહમનજી.[5]

### સરકારી ગોદીના બીલડરો

છેલા કાલેનડર માફકજ

---

૧ એઓણથી વડા તથા શેઠ માણેકજીથી નાહના બીજા એમના ભાઇઓ શેઠ બનગીરજી, દાજીભાઇ, હીરજીભાઇ, કાવશજી અને બેહરામજી નામે હતા તે સઘળાઓ પ્રથમમા અંતરે જુદે જુદે ઠેકાણે તબાકુના ઇજારાના કામપર વેહચાઇ ગયા હતા, અને તે પછી વડા ભાઇની સાથે બીજા વ્યાપાર વણજમા પડયા હતા

૪ The Bombay Kalendar and Directory for 1803. Bombay Courier Press

૨ મુબઇનો બાહાર સફે ૭૭૬

૩ આએ ધર્મશાલા ઊપર કશી તખ્તી મારેલી નથી, પણ તેના બધાવાનુ ઊપલુ વર્ષ એઓણના વશના બે ત્રણ બુજરગ ગ્રહસ્થોથી તેહકીક કરી સુરતવાલા શેઠ પાલણજી બેજનજી કોટવાલે મેલવી આપ્યુ છે

૫ અમો ધાર્યેછે કે આ નામ હોરમજજી દોરાબજી (જરાકરી) ને ઠેકાણે હોરમજજી બહમનજી કરી ભુલમા છપાયુ હશે કારણકે પેહના ગ્રહસ્થ ઇક આએ સદીની શરૂઆતથી ચીન તરફ લોકોની આડત ઘોડા પાયાપર ચલાવતા હતા એવુ સારી રીતે જણાયછુ છે

### તા૦ ૮ મી જાનેવારી.

ઇંગલાંડની તીજોરીના સર્વથી વડા ગબર્ ઓનરેબલ વીલ્યમ પીટ પોતાના અમલમાં તીજોરી ખાતાનો કારોબાર ઘણી સરસ અને શુદ્ધિ રીતે બજાવ્યો તે માટે તેનુ એક બાહવલુ ઉભુ કરવાને લંડનમા થયના ફંડને માટે મુંબાઈમાના ઇંગ્રેજોએ એક ઉઘરાણુ કીધુ હતુ, તેમા પારસીઓએ નીચે પ્રમાણે રકમ ભરી હતી.[2]

| | |
|---|---|
| શેઠ પેસ્તનજી બહેમનજી વાડીઆ .... | ૨૫૦ |
| શેઠ અરદેશર દાદીભાઈ . .... .. . | ૨૫૦ |
| શેઠ નસરવાનજી માણેકજી વાડીઆ . | ૨૫૦ |
| શેઠ સોરાબજી મનચેરજી રેડીમની | ૨૫૦ |

### તા૦ ૮ મી જાનેવારી

રોજ ૨ માહ ૮ (શે૦) ૧૧૭૨ યજદજરદી

**મરણ**—આ૦ ઉકાજી કાવસજી—ઉમર વર્ષ ૭૦) ભરૂચના એક જાણીતા મોબેદ એવણ પોતાની શક્તિ પ્રમાણે પોતાની કોમનુ ભલુ કરવાને ઘણા ખંતી હતા. ભરૂચમા આગલા વખતમા હિંદુઓનો વડો બ્રાહમણ કોઈબી જરથોસ્તીને ત્યાં લગન હોય ત્યારે વર કન્યાની ચોરી બાંધવાને નામે દર લગન દીઠ ચાર આનાનો વેરો લેતો હતો, તે તે વેળાના વડા બ્રાહમણના મરણથી તેની વીધવાને કાંઈક અમુક રકમ પોતાની ગીરેથી એવણે આપી જરથોસ્તીઓ પરથી તદન બંધ કરાવ્યો હતો.

### તા૦ ૨૦ મી જાનેવારી

ઇંગલાંડ મધે ડાકટર જેનરે વાકસીનના ટોકી કાઢવાથી હજારો મનુષ્યોનો જીવ બચવાથી તેને અંતરેના યુરોપ્યન તથા દેશી રેહવાસીઓ તરફથી એક રૂપાનો સરભેટ આપવા માટે ઉઘરાણુ થયુ હતુ, તેમા પારસીઓએ નીચે પ્રમાણે રકમ ભરી હતી —[3]

| | |
|---|---|
| શેઠ અરદેશર દાદીભાઈ . | ૨૫૦૦ |
| શેઠ સોરાબજી મનચેરજી રેડીમની . | ૨૫૦૦ |
| શેઠ પેસ્તનજી બહેમનજી વાડીઆ . | ૨૫૦૦ |
| શેઠ નશરવાનજી માણેકજી વાડીઆ . | ૨૫૦૦ |
| શેઠ હોરમજજી બહેમનજી વાડીઆ.. | ૨૫૦૦ |
| શેઠ બરજોરજી રૂસતમજી મોદી . .. | ૨ ૫૦ |

### તા૦ ૨૯ મી જાનેવારી.

મુંબઈ માહેલા બે જાણીતા પારસી વ્યાપારીઓ શેઠ અરદેશર દાદીભાઈ અને શેઠ સોરાબજી મનચેરજી રેડીમનીના કુટુંબમાં[4] સોહાદી હોવાથી આએ ચાલુ અઠવાડીઆમા તેને લગતી ધામધુમોને માટે આજનાં "બોમ્બે કુરીઅર" મા લખેછે કે "આ ધામધુમો પૂર્વ તરફના દેશોની રીત મુજબના ઠાઠમાઠ અને ભપકા ભરેલી હતી, કે જે જાણે આરેબીયન નાઈટ્સમાની સર્વથી વધારે રંગીન વારતામાના બયાનને આબેહુબ મળતી આવતી હતી. દરેક ઠેકાણે આપણી આખ રોશનીની રેલછેલ અને પૂર્વ તરફના નરાળી જાતના ઘરેણાઓ અને જવાહેરોના ઝળકાટ ઉપર ખેચાતી હતી. પરોણાઓને નાચનારીઓના પ્રૌઢ અને સુંદર ગાયણ તથા નાચથી મનમોહન કરી નાખવામા આવતા હતા ટેબલો ઉપર તરેહવાર જાતના પકવાનો તથા શરાબોના જાણે ઢગલા પડેલા હોવાથી પરણના જોડાના સુખી બાપોની પહેરોણુગત જણાઈ આવતી હતી. વળી આ શુશોભિત દેખાવ યુરોપ્યન બાનુઓની તનને બદીવાન કરે એવી મોહીણી તથા સરકેશીયન નાજનીનોની જેબદાર ખુબસુરતીથી કરી ઘેનડો તેજદાર લાગતો હતો."[5]

### તા૦ ૧૭ મી ફેબરવારી.

આજ દીને મુંબઈના કોટમાં બજાર તરફ એક મોટી અને ભયંકર આગ લાગી હતી કે જેથી લગભગ પોણુ બજાર અને ૧૦૦૦) રેહઠાણો બળી ગયા હતા, અને સેહકડો જીનડાઓનો નાશ થયો હતો. એ આગ આજે સુવારના એક તબેલામાથી[6] શરૂ થઇ, કે

[1] First Lord of the Treasury

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૮ મી જાનેવારી ૧૮૦૩

[3] બોમ્બે કુરીઅર, તા૦ ૨૧ મી ફેબરવારી ૧૮૦૩

[4] શેઠ અરદેશર દાદીભાઇના દીકરા શેઠ જાગીરજી તથા શેઠ શોરાબજી મનચેરજી રેડીમનીની બેટી બાઈ માણેકબાઈના આએ લગન હતા

[5] "For some weeks past the most splendid preparations have been making for celebrating the nuptials between the families of Ardeshir Dady and Sorabjee Muncherjee Parsee Merchants of this place in a style of Eastern magnificence and grandeur which almost realized some of the most huge coloured descriptions of the Arabian Nights. The eye is every where attracted by a profusion of lights and glittering ornaments disposed in all the variety of Oriental taste. The welcome Guests are enchanted with the display of female Elegance in the graceful evolutions of the Dance, the charming performers breathing the perfumes of Arabia, whilst the mellifluous airs of soft music ravish the senses. Tables covered with the soft exquisite Viands and generous wines display the attentive hospitality of the happy Fathers, and the gay and luxuriant scene is animated and enlivened by the captivating charms of the European Fair, blended with the more sombre Graces of Circassia."

[Bombay Courier, 29th January 1803]

[6] એ તબેલો કોટેકોટ હાલ જ્યા સર જમશેદજી જીજીભાઇ પારસી બેનીવોલંટ ઇનસટીટયુશનની મોટી સ્કુલ વાળું મકાનછે તે જગોપર હતો. આ જગો શેઠ અરદેસર દાદીભાઇની હતી, અને તે હરજીવન લાલાની વાડીને નામે ઓળખાતી હતી

જેમા કેટલાક કીમતી ઘોડાઓ બાંધેલા હતા, અને તે સઘળા તેનો ભોગ થઈ પડયા હતા. મારા ભાગ્યેગે આખો દિવસ પવન જોસમા હોવાથી બળતું એટલી અજાયબ જેવી જહડકથી ફેલાયુ કે સાજના સુરજ અસ્ત પામતી વખતે કોટમાંના દરેક ઘરને આગથી બચવાની આશા છોડી દીધી હતી . અતરેની શેક્રેટરીએત આપીસના સઘળા કીમતી દસ્તાવેજો અને કાગળીઆઓ જલદીથી ખાલી કરી બાહેર લઈ ગયા હતા, અને સાંજ પડતામાં સઘળા વ્યાપારીઓ પોતાનો કીમતી અસેબ, અને સઘળા રેહવાસીઓ પોતાનો સર સામાન તથા ગરઝરીઆતુ ઘરમાંથી બાહેર કાઢવા પડયા હતા. આગ નરમ પાડવાને સત્તાવાળાઓ તરફથી દરેક ઉપાય લેવામા આવતા હતા, પણ તે સઘળા વ્યર્થ જતા, અને જયારે પવનની વળાણ જે બાજુપર સરકારી દારૂગોળો રાખ્યામા આવતો હતો ત્યા જતી જોઈ ત્યારે મુંબઇમાનો દરેક જીવડો આએ ભયંકાર દેખાવથી સવળુ નાશ પામવાની ચીંતામા પડયો હતો. ઠીક મધરાત પડી ત્યારે પવન જરા નરમ પડયો, અને બળતા ઓછા દેખાવા માડયા. નામદાર ગવરનર પોતાની રેસાલા સાથે આખો બખો વખત સુધી આગની જગોપર હાજર હતો, અને અમલદારો તથા નોકરોને તરેહવાર જાતના હુકમો અને સુચનાઓ કરતો હતો, કે જેની હાજરી તથા ફિકરગીરીથી દરેક જણને પોતાથી બનતી મેહનત કરવાને ઉંમેદ થતી હતી. રાતના ત્રણ વાગે જોકે સઘળી ધામધુમ મટી ગઈ, તોપણ એ આગનો બળરાત ત્રણ દાહડા સુધી ચાલુ રહયો હતો. અતરેના દરિયાઇ ખાતાનો વડો વાઇસ આડમીરલ રેનીર તથા તેનો કાફલો, અને લશ્કર ખાતાનો વડો જનરલ નીકોલ તથા તેના સિપાહીઓએ તન, મન, તથા બાહદૂરીથી, આ વખતે ઘણી મદદ આપી હતી વળીકે કેટલાક ઇગ્રેજી બાનાસીઓ પણ આગમા મેહનત કરતા બની ચુકા હતા. તે વેળાનુ "કુરીઅર"[1] પત્ર કેહછે કે "આએ બનાવથી અતરેના લોકોમા ફેલાયલો કમકમાટ, ધ્રુજારી, દેહશત, અને ભયના જોસ્સાનુ વર્ણન કરવાનો અમો દાવો કરી શકતા નથી હજારો દેશીઓના ટોળાને ટોળા પોતાની થોડીઘણી માલ મત્તા સાચવવાને દરેક ઠેકાણે પોતાના ભાયગ ઉપર બળાપો તથા રુદન કરતા ભટકતા ફરતા જોવામા આવતા હતા, અને ઘરબાર વગરના થઇ પડવાથી ઓછા મોહલાઓ તથા બીજરોમા જઇ કુટુંબ સહીત વાસો કરતા હતા."[2]

તા૦ ૨૫ મી સપટેમબર.

રોજ ૧૭ માહ ૧ (કદમી) ૧૧૭૩ યજદજરદી.

આજ દીને શેઠ અરદેસર દાદીભાઇએ મુંબઇમા કોટકોટ પોતાના બાપ શેઠ દાદીભાઈ નોશરવાનજીની નઇએતે આદરાનની એક દરેમેહર બંધાવી કદમી તરીકો મુજબ પરહાવી હતી[3]

---

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૧૯ મી ફેબરવારી ૧૮૦૩

૨ આ ઈ૦ સ૦ ૧૮૦૩ ની મોટી આગનુ નામ હજુસુધી મુંબઇના વતનીઓને જાણીતુ છે કેહેછે કે આ આગને લીધે કોટમા સરકારી અમલદારોને રેહવા લાયકની કાંઇ જગા નહિ હોવાથી શેઠ નવરોજજી શોરાબજી શેઠખાનદાનવાલાએ પોતાની કોટ માહેલી હવેલી સરકારને મુફત વાપરવા આપી હતી, તથા એ આગથી ઘેરબાર વીના વેરાન થયલા કેટલાક જરથોશતીઓને શેઠ પેશતનજી બહમનજી વાડીઆએ પરેલના પોતાના લાલબાગના મેહલ તથા તેને લગતા ચોકમા ઘણેક સુધી રાખી તેમની બરદાસત કીધી હતી

૩ આ દરેમેહરને લગતી જગાપર અસલમા મી૦ જેમસ ટૉડનુ રેહવાનુ ઘર હતુ તે ઘર શેઠ અરદેસરે પોતાના બાપની તરફથી તા૦ ૨૧ મી ફેબરવારી ૧૭૮૧ ને દીને મી૦ ટૉડ સાથે એક ખત કરી રૂ૨૫૦૦૦ (૨૫૦૦ પાઊંડ) ની કીમતે વેચાતુ લીધુ હતુ એ પછી શેઠ દાદીભાઇ ઈ૦ સ૦ ૧૭૯૯ મા મરણ પામવાથી એ જગોએ તેવણને નામે મોટા પાયાપર એક દરેમેહર બાંધવાનો શેઠ અરદેસરે ઇરાદો કીધો, તથા તે માટે એની પાસેના બીજા ઘ્ હુરો જે શેઠ નશરવાનજી રૂસતમજી બનાજીના હતા તે તા૦ ૨૪ મી સપટેમબર ૧૮૦૨ ને દીને તેવણ પાસેથી રૂ૧૨૦૦૧) ની કીમતે વેચાતા લીધા તે વેચાણ ખતમા એ વિષે આ પ્રમાણે લખેલુ છે —

" બાબત તમો ઘર મખાતે અગીઆરી બાંધોછો--
" ટૉડવાલુ ઘર ભાજીને પણ તે જગો તમોને ઘણી થોડી
" પડેછે તે માટે હમો પાસેથી પણ તમોએ પારશી હીરજી
" નવરોજજી હીરામાણેકનાને વચે નાખીને હમોને પ્રાર્થના
" જાપીને હમો પાસેથી વેચાતા લેવા કબુલ કરાવાછે "

આ બંધે ખતોની અસલ નકલ શેઠ હીરજી અરદેસર દાદીશેઠ પાસેથી અમારા જોવામા આવી હતી એ રીતે રૂ૩૭૦૦૧) ની કીમતે જગો વેચાતી લઇ તે પર આ મોટી રોણકદાર દરેમેહર બંધાવી હતી આગલા વખતમા જરથોસ્તી અંજુમનની જાહેર સભાઓ એ દરેમેહરમાંજ ભરાતી હતી

એ દરેમેહર પ્રથમમા કોટકોટ હાલ જયા સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલન્ટ ઇનસ્ટીટયુશની સકુલવાળુ મોટુ મકાન તથા મરહુમ શેઠ જીવાજી માણેકજી વાછા અને શેઠ નશરવાનજી બહમનજી મોદી વાલા ઘરો આવેલાછે, તથા જયા આગલ યુરોપયન જનરલ હારપીટલ હતી તે જગોપર બાંધવાનો મરહુમ શેઠ દાદીભાઈ નોશરવાનજીનો ઇરાદો હતો, અને તે માટે તેઓએ ઈ૦ સ૦ ૧૭૮૦ મા તે જગો ખરીદી હતી, પણ કંપની સરકારના ઇજનરોએ તે જગાપર યુરોપયનોને માટે હારપીટલ બાંધવાની ભલામણ કર્યાથી સરકારે શેઠ દાદીભાઇને એ જગોપર કાંઇબી ઇમારત બાંધવાને મના કર્યા હતા, તથા એ જગો તેવણ પાસેથી વેચાતી લેવાને ઇથા તેના બદલામા તેમને બીજી જમીન આપવાને પોતાની ઇચ્છા જણાવ્યા કીધી હતી જેથી તે વિષેનો બંદોબસ્ત થાય તેટલા એ દરેમેહરનુ કામ ઢીલમા

તા૦ ૨૩ મી નવેમબર.

રોજ ૧૬ માહ ૨ (શે૦) ૧૧૭૩ યજદજરદી.

આજ દીને સુરતની પાસેનાં સુમારી ગામમા-સુરતવાલા નામીચા શેઠ રતનજી માણેકજી એ ટીએ એક દોખમું બધાવી પરઠાવ્યુ હતું.[૧]

---

તા૦ ૩ જી ડીસેમબર.

રોજ ૨૬ માહ ૩ (ક૦) ૧૧૭૩ યજદજરદી.

**મરણ**—બેહરામજી જમશેદજી ગામડીઆ[૨]—ઉમર વર્ષ ૭૮) શેઠ જમશેદજી ભીમજીભાઈ પટેલના બીજા દીકરા. એવણે પોતાના બાપના મરણબાદ પોતાના વડા ભાઈ શેઠ દાદાભાઈની સાથે મલી "બેહરામજી દાદાભાઈની કંપની" ના નામથી ઇંગ્રેજી અસબાબ તથા દારૂકામનો રોજગાર ચલાવવા માડયો હતો. ઈ૦ સ૦ ૧૭૯૨ માં વડા ભાઈ શેઠ દાદાભાઈના મરણથી એવણે એકલાએ તે વ્યાપાર ચાલુ રાખ્યો હતો. અતરેના ઇંગ્રેજોમાં એવણની આંટ ઘણી સારી ગણાતી હતી. એ પછી બેહુ ભાઇઓના કુટુંબમાં કેટલાક મીનાઇેસા થવાથી તેના જોસ્સાના માર્યા એવણે પોતાનો છુરી વતે આપઘાત કીધો હતો.

## ઈ૦ સ૦ ૧૮૦૪.

આએ વર્ષના "બામબે કુરીઅર" માથી નીકલેલા ઇંગ્રેજી કાલેનડરમા[3] પારસીઓને લગતી નીચની બીના આવેલી હતી.—

---

પડયુ, અને શેઠ દાદીભાઇ મરણ પામ્યા આ બીના શેઠ અરદેસર દાદીભાઇએ તા૦ ૧૮ મી આગસટ ૧૮૦૫ ને દીને અતરેની "ટાઉન કમીટી" ના સરનશીન મીં૦ લુઇસ કારકરેન ઉપર લખેલા એક પતરમા નીચે પ્રમાણે જણાવીછે.—

"I beg leave to represent, that my late Honored father purchased the spot of ground in question in the year 1787, with a view to erect thereon buildings to charitable uses, but on his application for permission to do so, he was prohibited, the Government intimating that the spot of ground would be required by the Hon'ble Company for erecting a hospital or other public purpose "

"My father being disappointed in his hopes of erecting the building on this spot to the charitable uses he wished for and intended, was reduced to the necessity of appointing another place and places to such purposes some short time before his death, and in consequence after his death, I appropriated to such use the house which had been purchased from Mr James Todd within the Town walls for thirty thousand rupees, and for which I had been in the monthly receipt of two hundred rupees for rent, also two other houses at the back thereof, from Nusserwanjee Rustomjee, Parsee, for twelve thousand rupees for a compound to the use of the said church. "

આ પતરની નકલ શેઠ હોરમજજી બનાજીરજી દાદીશેઠ પાસેથી અમારા વાચવામા આવીછે વળી કેટલાકો કેહછે કે એની આગમજ એવણના બાવા શેઠ દાદીભાઇએ ફૉર્ટમાં હાલમા જયા શેઠ પાલણજી દોરાબજી લાણુજીનુ ઘરછે તે જગોપર ઈ૦ સ૦ ૧૭૭૩ મા કદમી તરીકા પ્રમાણે આદરાનની એક દરેમેહર પરઠાવી હતી તે આદરાનને એવણ (શેઠ અરદેસર) આએ જગોપર લાવ્યા હતા પણ તે બાટેની કરસી શાહદત આપણને મલતી નથી મુબઇમા કદમી થવાનો પેહલો પાયોજ ઈ૦ સ૦ ૧૭૮૩ મા શેઠ દાદીભાઇએ આતશબેહરામ પરઠાવ્યા ત્યારથીછે ત્યારે મજકુર દરેમેહર તેની દશ વર્ષ આગમજ હોય કેમ?

### ઈનશુરનસ શોશાઇટીના ભાગીદારો.

છેલ્લા કાલેનડર પ્રમાણેજ.

### પારસી વ્યાપારીઓ.

છેલ્લા કાલેનડર પ્રમાણેજ. ફકત એ ટીપમા શેઠ પેશતનજી કાવશજી નાળીએરવાલા તથા શેઠ બેહરામજી જમશેદજી ગામડીઆના નામ નથી અને શેઠ મનચેરજી નવરોજજીનુ નામ વધેલ છે.

### ચીન તરફ જનાર આડતીઆ.

છેલ્લા કાલેનડરમા જણાવેલા નામો ઉપરાંત મોદી દાદાભાઈ નશરવાનજીનુ નામ વધારે.

### સરકારી ગોદીના બીલડરો.

છેલ્લાં કાલેનડર માફકજ

---

તા૦ ૧૮ મી જનેવારી.

ઈ૦ સ૦ ૧૮૦૩ ના ફેબરવારીની મુબઇની મોટી આગમા જે દેશીઓની મીલકત બળી ગઈ હતી તેઓમાના મુખ્યઓએ આજ દીને એક અરજી બળી ગયલી જગાઓપર નવા ઘરો સરકારના પલાન પ્રમાણે બાધવાનો

---

૧ આ દોખમાની સાંગની શગડીપર નીચે મુજબ તખતી કોતરેલીછે—

" શ્રી સંવત ૧૮૬૦ ના વરખે રોજ ૧૬ મે માહા ૨
" જે માગશર શુદ ૯ થાર બુધે એ દીને દુખમુ ઇજીશી છે.
" એનો બધાવનાર દીનદોશાત શેઠજી રતનજી માણેકજી
" આટડીઆ ગોદાવરાઓ દુખમુ બધાવીઊ છે"

૨ મુબઇવાલા શેઠ નવરોજજી બનાજીરજી ગામડીઆના બપાવા તથા શેઠો મનચેરજી અને બેહરામજી રસ્તમજી પટેલ, બી એ ના બાપના બપાવા

3 The Bombay Kalendar, and Directory for 1804 *Bombay Courier Press*

બંદોબસ્ત કરવાને ઠેરવેલી "ટાઉન કમીટી" ના સરનશીન થોમસ લીસ્ટમોર તથા બીજા અધિકારીઓ જોગ કીધી હતી. તેમા જણાવ્યું હતું કે તમારી કમીટી જે નવા પલાન પ્રમાણે બળેલી જગાઓપર ઘરો બંધાવવા માગેછે તેથી અતરેના રેહવાસીઓને ઘણી આપડામા આવવું પડશે. તેના કારણમા અરજદારો જણાવેછે કે દરેક જણને ઘરનો જુનો પાયો ઉખેડી નાખી નવેસરથી કરવો પડશે, તથા બાજુની દેવાલો તેમજ અસલી કુવા અને ટાકાઓ પુરી નાખી પાછા નવેસરથી બાધવાં પડશે, તથા તે ઉપર ઘણુંઘણો વધારે ખરચ બેશશે, અને જમીનના ધણીઓમા માહોમાહે ઘણીજ ગેરસમજુતી તથા બેશુમાર વાંધાઓ નીકલ્યા કરશે કેટલાક લોકો, મુખ્ય કરી વિધવાઓ પોતાના વડીલોની જગા ખોવા કરતા પોતાનો જાન બરબાદ કરવાને ચાહશે આ આગમાં કેટલાક દેવલો, દેહડાઓ અને બીજી ધર્મની જગાઓ બળી ગઈછે, અને તમારા નવા પલાન પ્રમાણેતો દરેક ઘેર ૮૦) ફીટની જગાપરજ બાધવુ એવુ ઠેરવ્યુછે, કે જે હદ કોઈબી કોમની ધર્મની જગા બાધવાને કરસીબી રીતે પુરતી નથી. મુખ્ય કરી પારસીઓની એક દરેમેહર[૧] કે જે "ગ્રીન મારકેટ" ની નજદીકમા હતી ત્યા અવાર નવાર ધર્મની ક્રિયાઓને માટે એટલુ લોક ભેગુ થતુ હતુ કે તે જગો ઘણી મોટી છતા પણ તેને વખતે થોડી પડતી હતી. ત્યારે હવે નવા પલાન પ્રમાણેતો તેમાથીબી નજદીક અરધી જગા તે બાધવાને ઓછી કરવી પડશે, કે જે ધર્મ સબંધી કામોને માટે ઘણી આપડા જેવુ થશે. તેટલા માટે તમારા અરજદારો ધારેછે કે આગળ જે પ્રમાણે હતા તેજ જગોપર દરેક ધણીએ પોતાના મકાનો બાધ્યાથી તેઓને નવો પાયો પુરવાનો, બાજુની દેવાલો બાધવાનો, કુવા તથા ટાકાઓ નવા ખોડાવવાનો, વગેરે ઘણો ખરચ બચશે, અને પાર પડોશીઓ વચ્ચે સલાહ સંપજ જારી રેહશે[૨] આ અરજી ઉપર ૨૩ હિંદુ, ૮ મુસલમાન અને નીચલા પારસીઓની શહીઓ હતી—

ફરામજી નાનાભાઈ દાવર
અરદેશર દાદીભાઈ
શોરાબજી મનચેરજી રેડીમની.
પેશતનજી બહમનજી વાડીઆ
રૂસતમજી જીવણજી દાદાભાઈ.[૩]
શાપુરજી મનચેરજી.
નશરવાનજી હીરજી
રતનજી બહમનજી વાડીઆ.
માણેકજી નાનાભાઈ.
ધનજીભાઈ દાદાભાઈ માણેકજી.
એજનજી હીરજી આછાજી.[૪]
દાદાભાઈ નશરવાનજી મોદી.
શોરાબજી વાછાગાંધી.

તા૦ ૫ મી મારચ

રોજ ૨૯ માહે ૬ (ક૦) ૧૧૭૩ યજદજરદી.

**મરણ**—બેહરામજી જીજીભાઈ છાપગર—ઉમર વર્ષ ૫૦) એવણ સુરતથી ઈ૦ સ૦ ૧૭૯૦ ને આસરે શેઠ નશરવાનજી જમશેદજી દાતરાની સાથે મુંબઈ આવ્યા હતા, અને અતરેનુ "બાંબે કુરીઅર" પત્ર કે જે મી૦ લુક આશબરનરની માલિકીમા હતુ તેમા કંપાજીટર તરીકે રહયા હતા. મી૦ આશબરનરે એવણ પાસે ગુજરાતી બીબાં પણ મુંબઈમા ઓટાવ્યા હતા આથી પારસીઓમાં પેહલ વેહલા ધંધેજી કંપાજીટર તથા ગુજરાતી બીબા ઓટનાર તરીકે એવણ જણાયલાછે.

તા૦ ૨૩ મી મારચ.

રોજ ૧૭ માહ ૬ (શે૦) ૧૧૭૩ યજદજરદી.

આજ દીને સુરતની પાસેના ભાઠા ગામમા એક દરેમેહર સુરતવાલા શેઠ વીરજીભાઈ બહમનજીએ બંધાવી પરઠાવી હતી.[૫]

તા૦ ૧૭ મી આપરેલ.

રોજ ૧૨ માહે ૭ (શે૦) ૧૧૭૩ યજદજરદી

**મરણ**—નવરોજજી નાનાભાઈ ખંભાતા[૬]—ઉમર વર્ષ ૯૦) એવો અસલમા ખંભાતના વતની હતા, પણ સુરત તરફ વ્યાપારને અર્થે ગયલા હતા, ત્યાથી ઈ૦ સ૦ ૧૮૦૨ મા મી૦ મારલી નામના ઈસ્ટ ઈંડીઆ કંપનીના

---

[૧] મુંબઈમા પેહલ વેહલી ઈ૦ સ૦ ૧૬૭૦ મા કોટમા મોદીખાને મોદી હીરજી વાછાએ પરઠાવેલી દરેમેહર

[૨] આ અરજીની નકલ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી મલી હતી

[૩] મરહુમ શેઠો જમશેદજી તથા અરદેસર રૂસતમજી સોહેરીના બાવા એવણની ધણીઆનીનુ નામ સોહેરીબાઈ હતુ તે ઊપરથી એમના વારેસોની અટક "સોહેરીના" કરી પડીછે

[૪] મરહુમ શેઠ જાગીરજી બરજોરજી તારાચંદના બાબા, તથા શેઠ પેશતનજી હોરમજજી કામાજીના બાવા

[૫] આ દરેમેહરને પરઠાયાનો દાહડોવાર ગોદાવરા પથકવાલા આ૦ નાનાભાઈ ભીખાજીએ એક જુની દીસાપોથીમાથી આ પ્રમાણે આપેલોછે, "ભાઠાની દરેમેહર સંવત ૧૮૬૦ મા, રોજ ૧૭ માહ ૬ ઈજાઈ. બંધાવનાર સુરતનો પારસી વીરજીભાઈ બહમનજી" એ દરેમેહર જુની થવાથી ઈ૦ સ૦ ૧૮૬૧ માં ભાઠાવાલા શેઠો શોરાબજી તથા નવરોજજી ફરામજી મીસતરીએ પાછી નવેસરથી બંધાવી હતી

[૬] મુંબઈવાલા શેઠ ખરશેદજી દીનશાહજી ખંભાતા (મી૦ મારટન કંપનીવાલા) ના વડવા

એક અમલદાર સાથે ભરૂચના નવાબ મોજુજખાન પાસે જમીનને લગતું કાંઈ લેહણું વસુલ કરવાને ભરૂચ આવ્યા હતા. એ પછી એઓએ પોતાનાં કુટુમ્બ શહીત ત્યાંજ મથક કીધું હતું, તથા "માર-લીના નવરોજજી" ને નામે ઓલખાતા હતા. ઈ૦ સ૦ ૧૮૦૩ મા ઇંગ્રેજ સરકારે ભરૂચ લીધા પછી તેમની છાવણીમા જોઈતો માલ વગેરે પુરો પાડવાનું કંત્રાકટ એવણે લીધું હતું.

---

તા૦ ૫ મી મેએ.

ઈ૦ સ૦ ૧૮૦૩ ના ફેબરવારીની મુંબઈની મોટી આગમા જે દેશીઓની મીલકત બળી ગઈ હતી તેઓમાના મુખ્યઓએ આજ દીને એક બીજી અરજી "ટાઉન કમીટી" ના સરનશીન તથા બીજા અધિકારીઓ જોગ કીધી હતી. તેમા તેઓએ જણાવ્યું હતું કે જે પ્રમાણે તમારી કમીટી નવા પલાન પ્રમાણે ઘરો બધાવવા માગેછે તે હાલનો વખત જોતા તથા બીજી અડચણો ધ્યાનમાં લેતા બનવું અશક્યછે, અને તેના કેટલાક કારણો આગલી જાનેવારી માસની અરજીની માફક જણાવ્યાં હતા, અને અરજી કીધી હતી કે વરસાદની મોસંમ હાલમાં ઘણી નજદીક આવ્યાથી હાલ તરત મજકુર પલાન મોકુફ રાખવા, અને બળી ગયલા ઘરોની જગા ઉપર કામચલાઉ છાપ-ડાઓ બાંધી તેમા ગુરતવેળા લોકોને રેહવાની પરવાનગી આપવી. આ અરજીપર પણ આગલી જાનેવારીની અરજીવાલાજ સઘળા ધણીઓની સહીઓ હતી.[1]

---

તા૦ ૧૨ મી મેએ.

રોજ ૭ માહ ૯ (કે૦) ૧૧૭૩ યજદજરદી.

**મરણ**—લીમજી ભીખાજી પાંડે—ઉમર વર્ષ ૬૩) શેઠ ભીખાજી બેહરામજી પાંડેના વડા દીકરા. એવણ પ્રથમથીજ પોતાના બાપની ઇંગ્રેજી સામાણની દુકાનપર રેહેલા હતા, અને બાપના મરણબાદ ભાઇઓની સાથે મળી "લીમજી ભીખાજીની કંપની" ને નામે તે દુકાનનો વહીવટ ઘણો વધારી મેલ્યો હતો. એવણ તે વેળાએ અતરેના સર્વ ઇંગ્રેજો તથા દેશીઓમા ઘણા જાણીતા હતા.

---

તા૦ ૪ થી જુન.

આજ દીને મુંબઈ માહેલી બારની જમીનના કેટ-લાક માલેકોએ નામદાર ગવરનર જોનાથન ડંકનને એક અરજી કીધી હતી કે મુંબઈનું મેદાન વધારવાને માટે તેની ૮૦૦) વાર આસપાસની જગા જે "ટાઉન કમીટી" એ લીધી હતી તેના બદનામા તેના ધણીઓને અમારે હસ્તકની બારની જમીનો કે જે અમો તથા અમારા વડવાઓને છેક અસલના વખતથી "થીકો" ભરવાની બોલીએ મલેલી હતી, અને જે પર અમોએ ભાત વીગેરેની ખેતી કરી સુધારી નાખી હતી તે જમીનપર દરેકને થોડી થોડી જગા આપીછે. પણ તે કેટલી આપી તેનું કાંઈ માપ નહિ કર્યાથી, તથા આગળ વરસાદમાં ત્યા કાદવ કીચડ ઘણો થવાથી તેની કસી હદ જણાતી નથી, અને તેથી તે ધણીઓ તથા અમો વચે વાર વાર ગેરસમજુતી થયા કરેછે, માટે સરકારે "ટાઉન કમીટી" ના અમલદારને હોકમ કરવો કે જે નવા ધણીઓને જગા આપી હોય તેમના નામ તથા તે જગાનું માપ કરી અમો તે જમી-નોના અસલી કબજદારોને આપવું.[2] આ અરજીપર ૧૫ હિંદુ, ૮ મુસલમાન, ૧ ફરંગી તથા નીચેના ૨ પાર-સીઓની સહીઓ હતી—

સોરાબજી મનચેરજી રેડીમની.
દોરાબજી રૂસતમજી પટેલ.

---

તા૦ ૧૩ મી આગસ્ટ.

રોજ ૧૦ માહ ૧૧ (શે૦) ૧૧૭૩ યજદજરદી.

**મરણ**—દોરાબજી રૂસતમજી પટેલ—ઉમર વર્ષ ૫૦) શેઠ રૂસતમજી દોરાબજી પટેલના બીજા દીકરા. એવણ પોતાના વડા ભાઈ શેઠ કાવસજીની સાથે પટેલા-ઈના કામમા પડેલા હતા. તે ઉપરાંત ઈ૦ સ૦ ૧૭૮૪ મા શેઠ પેસતનજી બહમનજી વાડીઆ સાથે રામમા વમાઈ તરફનો, તથા ઈ૦ સ૦ ૧૭૯૦ મા શેઠ જમશેદજી કુકાજી મનાઈનાની સાથે મધરાજ તરફનો, તેમજ પોતાના ભાઇઓ સાથે "દોરાબજી રૂસતમજી પટેલની કંપની" ના નામથી ચીન, કલકતા, પેગુ, રંગુન, ઇત્યાદિ જગાઓ પરનો વ્યાપાર ચનાવતા હતા. ઈ૦ સ૦ ૧૭૬૩ મા એવણ પેહલ વેહલા ચીન ખાતે ગયા હતા. અને તે પછી બીજી બેવાર ત્યાની સફરો કીધી હતી. ઈ૦ સ૦ ૧૭૯૯ મા શેઠ કાવસજીનાં મરણથી મુંબઈ તથા થાણા જીલ્લાની પટેલાઇનો તેમજ સરકારને જોઈતી બોટો પુરી પાડવાનાં "બોટ કંત્રાકટ" નો સઘળો અખત્યાર એવણને મલ્યો હતો. ઈ૦ સ૦ ૧૮૦૦ માં ધરુ વડીઆ કંપની-નો સુરત, ભરૂચ, જંબુસર, ઇત્યાદિ તરફથી રૂ; તથા કલિકટ, કાનાનોર, ઇત્યાદિ કોસ્તાઓ તરફથી લાકડા મુંબઈનાં બાગમાં પોહચતા કરવાનું કંત્રાકટ એવણને મલ્યું હતું, તથા ઈ૦ સ૦ ૧૮૦૧ માં મજગાંમની "ગન-

---

[1] આ અરજીની નકલ શેઠ દાદાભાઈ પેસતનજી વાડીઆ પાસેથી મલી હતી.

[2] આ અરજીની નકલ શેઠ દાદાભાઈ પેસતનજી વાડીઆ પાસેથી મલીછે.

પાઉડર ફૈકટરી" મા સઘળી ચીજો પુરી પાડવાનુ કંત્રાક્ટ શેઠ પ્યરશેદજી માણેકજી મુરાદ્દ-સાથે ભાગમાં એવણે રાખ્યુ હતુ. એવણ હસ્તક પેહલું "પ્રયોગ્મ" તથા તે પછી "શાહ જેહાંગીર" નામના બે વાહણો હતા.

---

તા૦ ૧૮ મી આગસ્ટ.

પુણાં મધે એક સખ્ત દુકાલ પડવાને લીધે ત્યાના ગરીબ લોકોના આશ્રાને માટે અતરેની મીલીટ્રરી ફારબસની કંપનીએ એક ઉઘરાણુ ઉભુ કીધુ હતુ, જેમા અતરેના સઘળા મુખ્ય યુરોપીયન તથા પારસીઓએ મલી રૂ૧૯૫૫૦ ની રકમ ભરી હતી. પારસીઓની ભરેલી રકમ નીચે પ્રમાણે રૂ૫૧૦૦ હતી:—૧

| | |
|---|---|
| શેઠ હોરમજજી બહમનજી વાડીઆ | રૂ૧૦૦૦ |
| શેઠ સોરાબજી મનચેરજી રેડીમની . | રૂ૨૦૦૦ |
| શેઠ પેશતનજી બહમનજી વાડીઆ . . | રૂ ૫૦૦ |
| શેઠ અરદેસર દાદીભાઈ . . | રૂ૧૦૦૦ |
| શેઠ નશરવાનજી માણેકજી વાડીઆ . . | રૂ ૫૦૦ |
| શેઠ જમશેદજી નાનાભાઈ ગજધર . . . . | રૂ ૧૦૦ |

---

તા૦ ૯ મી સપટેમ્બર.

રોજ ૭ માહ ૧૨ (શે૦) ૧૧૭૩ યજદજરદી.

**મરણ**—કાવશજી દાદાભાઈ દારૂખાનાવાલા[2]—ઉમર વર્ષ ૨૫) શેઠ દાદાભાઈ માણેકજી દારૂખાનાવાલાના નાધના દીકરા. એવણ અતરેના સરકારી તોપખાનાને માટે બારૂદ બનાવવાના કારખાનામા વડા "આસીસટંટ" હતા.

---

તા૦ ૨૧ મી સપટેમ્બર.

દખ્ખણ મધે ઉભા થાયલા "પેટ્રીઓટીક-ફંડ" મા મદદ કરવાને અતરેના મુખ્ય રેહવાસીઓમાં ગવરનર જોનાથન દંકને એક ટીપ ફરતી કીધી હતી, જેમા નીચલા પારસીઓએ નાણાં ભર્યા હતા[3]

| | |
|---|---|
| શેઠ પેશતનજી બહમનજી વાડીઆ ૧૦૦ ગીની અથવા | રૂ૮૪૧ |
| શેઠ હોરમજજી બહમનજી વાડીઆ ૫૦ ગીની અથવા | રૂ૪૨૧ |
| શેઠ અરદેસર દાદીભાઈ . . | રૂ૫૦૦ |
| શેઠ નશરવાનજી માણેકજી વાડીઆ . | રૂ૧૫૦ |
| શેઠ સોરાબજી મનચેરજી રેડીમની | રૂ૨૦૦ |

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૧૮ મી આગસ્ટ ૧૮૦૪

૨ મરહુમ શેઠ નવરોજજી કાવશજી દારૂખાનાવાલાના બાપ.

૩ બોમ્બે કુરીઅર, તા૦ ૨૯ મી સપટેમ્બર ૧૮૦૪

તા૦ ૫ મી અકટોબર.

ગાયા ૩ (શે૦) ૧૧૭૩ યજદજરદી.

**મરણ**—હીરજીભાઈ માણેકજી વાડીઆ[4]—ઉમર વર્ષ ૪૦) શેઠ માણેકજી લવજી વાડીઆના બિજા દીકરા. એવણ અતરેની સરકારી ગોદીમા "આસીસટંટ માસટર બીલ્ડર" હતા.

---

તા૦ ૨૩ મી અકટોબર.

આજ દીને શેઠ અરદેસર દાદીભાઈએ કદમી જરથોસ્તીઓના જાહેર ધાહમબાર કરવાનુ એક ફંડ ઉભુ કીધુ હતુ, અને તેમા પેહલ વેહલી પોતે રૂ૪૦૦૦) ની રકમ ભરી હતી[5]

---

તા૦ ૩ જી નવેમ્બર.

રોજ ૨૭ માહ ૧ (શે૦) ૧૧૭૪ યજદજરદી.

**મરણ**—રતનજી માણેકજી શેઠ[6]—ઉમર વર્ષ ૭૧) સુરતવાલા શેઠ માણેકજી રતનજી હાટડીઆના બીજા

૪ શેઠ હીરજીભાઈ મેહરવાનજી વાડીઆના બપાવા

૫ એ ફંડનો શરૂઆતથી તે આજ તુધીકનો હીસાબ એના માનેજીંગ તરસટી શેઠ હીરજી અરદેસર દાદીશેઠ પાસેછે તેમાં એની શરૂઆત એ દિવસથી થયલી જણાવીછે એ ફંડનુ ઈ૦ સ૦ ૧૮૪૮ મા એક કાએદાસર તરસટડીડ કરાવ્યુછે એની આગમજ કેહછે કે જે દીનથી મુબઈમા કદમી પંથનો પાયો નખાયો ત્યારથી ૬૨ વર્ષના છેહુ ધાહબાર શેઠ દાદીભાઈ નોશરવાનજી પોતાને ખરચે પોતાના આતશબેહરામમા કરતા હતા, અને તેની નેઆતના જમનને માટે એજ મકાનમા બે મોટા ઓરડા પણ બંધાવ્યા હતા મજકુર ફંડ સ્થાપ્યા પછી ૬૨ ધાહબારની સેનીજ હાલની માફક એકેક સારા માણસને વારો પારી સોંપવામા આવતી હતી, અને તેના ઉધરા રૂ૧૫૦) ફંડમાથી તે ધણીને આપવામા આવતા હતા પેહલવેહલો એ મુજબનો વારો કદમી અરદીબેહશત મહીનાના પાંચમા ધાહબારે ઈયાને તા૦ ૨૨ મી અકટોબર ૧૮૦૫ ને દીને શેઠ ફરામજી કાવશજી બનાજીએ કીધો હતો

૬ એવણના બાવા શેઠ માણેકજી રતનજી હાટડીઆ તથા કાકા શેઠ કાવશજી રતનજી હાટડીઆ પ્રથમમા સુરતની પાસેના સુમારી ગામમા ઈંગ્રેજોની સુરતની કોઠીનુ વ્યાપારને લગતુ કામકાજ કરતા હતા (સુમારીની પાસે બારકસના દરીઆનુ બારૂં આવેલુ હોવાથી ત્યા આગલા વખતમા વાહણોની મોટી આવજાવ થતી હતી) તથા તે તરફ ઈંગ્રેજો બધ તેમની સારી મદારત કરતા હતા એ પછી ઈ૦ સ૦ ૧૭૨૨ મા બંધે ભાઈઓ સુરત ખાતે આવી બીબીની વાડી મધે કોઈ કુવરબાઈ તે ગાંધી દોરાબજી હીરજી વાછાની દીકરીના ઘરનો એક ગાલો ગીરવી રાખી ત્યાં રહયા હતા, અને ઈંગ્રેજી કોઠીમા દલાલી તથા પોતાનો ખાનગી વ્યાપાર ચલાવતા હતા એઓનુ કુટુંબ સુમારી ગામમાં પણ પોહચ્યુ હતુ. . ઈરાનવાલા શેઠ માણેકજી લીમજી હાટડીઆ તથા મુબઈવાલા શેઠ હીરજીભાઈ મનચેરજી માલેગાંમવાલા પણ એવણનાજ કુટુંબ માંથી ઊતરેલાછે.

દીકરા. એવણ સુરતના એક નામીચા વ્યાપારી તથા આગેવાન શેઠીયા હતા. મુંબઈ ઉપરાંત મચ્છા, જદા વગેરે આરબસ્થાનનાં મુલકોમા એવણે સફરો કીધી હતી, તથા તે પછી સુરતમા આવી તે દેશો સાથે મોહલો વ્યાપાર ચલાવ્યો હતો. એ ઉપરાંત સુરતમા ઇંગ્રેજી કોઠીનું તથા નવાબની સરકારનુ કામકાજ કરતા હતા. સુરતમા એવણનો રૂનો મોટો વ્યાપાર ચાલતો હતો, તથા મુંબઈ વાલા નામીચા વ્યાપારીઓ શેઠ દાદીભાઈ નોશરવાનજી અને તે પછી તેમના દીકરા શેઠ અરદેશર દાદીભાઈની રૂની મોહલી આડતનુ કામ એવણને હસ્તક હતું. ઈ૦ સ૦ ૧૭૯૦ ના ગુજરાતના "સડતાલા" ના હેબતનાક દુકાલની વખતે મુંબઈથી મરહુમ શેઠ દાદીભાઈ નોશરવાનજીની તરફથી ગરીબોને સસ્તે ભાવે વેચવા માટે અનાજની જે બેશુમાર ગુણો એવણ ઉપર મોકલવામા આવી હતી તે એવણ સસ્તી કીમતે, પણ નવો સિક્કો લઈનેજ આપતા હતા. નવા સિક્કા વગર કોઈને પણ અનાજ નહિ આપવાના એવણના મક્કમ ઠેરાવને લીધે એવણની અટક તે વેળાથી "એંટી" કરી પડી હતી, અને સુરતમા નવા રૂપીઆને સિક્કો "એંટીસાઈ રૂપીઆ" કેહવા લાગા હતા. એવણે સુમારી ગામમા એક દોખમુ બંધાવી તે તા૦ ૨૩ મી નવેમબર ૧૮૦૩ ને દીને પરસાવ્યુ હતું, તથા તેજ વર્ષમા સુરત મધે શાહપુરી ભાગલ આગન જરથોસ્તીઓના સર અવસરના વપરાશને માટે એક મોટી ધર્મશાલા બંધાવી હતી. એવણ પોતાની પાછલ પચીસ લાખ રૂપીઆની એક મોટી પુંજી મેલી ગયા હતા."

---

તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૪ માહ ૩ (ક૦) ૧૧૭૪ યજદજરદી.

**મરણ**—ભીખાજી મેહરજી—ઉમર વર્ષ ૫૦) એવણ સુરતની પાસેના ઉમરા ગામમાથી ઈ૦ સ૦ ૧૭૭૫ મા અતરે આવ્યા હતા, અને શેઠ દાદાભાઈ તથા મેહેરામજી જમશેદજી ગામડીઆની ઇંગ્રેજ બજારમાની મોટી દુકાન ઉપર ગોડાઉનકીપરની ચાકરીએ રહયા હતા. તે કામમા એવણે કેટલોક અનુભવ મેળવ્યાથી પછાડેથી એજ દુકાનમા એવણનો થોડોક ભાગ રખ્ખામા આવ્યો હતો. એ પછી ત્યાથી છુટા પડી પોતાના ભાઈઓ શેઠ નવરોજજી, દોરાબજી, અને હીરજી મેહરજીની સાથે મલી "ભીખાજી મેહરજીની કંપની" ના નામથી ઇંગ્રેજ બજારમા એક મોટી સર્વ જાતના વીલાયતી સામાનની દુકાન કાઢી વ્યાપાર કરવા માંડયો હતો. એવણ તે વેળાએ અતરેના સર્વે ઇંગ્રેજો તથા દેશીઓમાં સારીપેઠે જાણીતાં હતા.

તા૦ ૨૯ મી નવેમબર.

આજ દીને શેઠ અરદેશર દાદીભાઈએ મુંબઈમાં ફરવાને આવેલા રાઈટ હાનરેબલ લારડ વાઈકાઉનટ વેલેનશીયાને પોતાના પરેલના બંગલામા એક મોટી ઝીયાફત આપી હતી, જયા મુંબઈના મોટે વાગેના સઘળા ગ્રહસ્થોને નોતરયા હતા.[1]

---

તા૦ ૧૫ મી ડીસેમ્બર.

રોજ ૯ માહ ૩ (શ૦) ૧૧૭૪ યજદજરદી.

**મરણ**—ફરામજી માણેકજી વાડીઆ—ઉમર વર્ષ ૫૫) વાડીઆ માણેકજી લવજીના વડા દીકરા. એવણ નાહનપણથીજ પોતાના બાપની સાથે અતરેની ગોદીમાં રહેલા હતા. અને ઈ૦ સ૦ ૧૭૯૨ મા બાપના મરણ પછી તેમની જગોએ વડા "માસટર બીલડર" થયા હતા. એવણે પોતાના બાપના મરણ પછીથી તે પોતાની હૈયાતી સુધીના બાર વર્ષના અરસામાં બધાં મલી ૩૦) નવાં વાહણો તથા મનવારો બાંધી હતી, તેમજ ઘણાક જુનાઓની મરામત કીધી હતી. એવણની આ હુનરમાં હુશિયારી તથા જેહડફને માટે આડમીરાલટીના લારડો, કોરટ ઓફ ડાએરેકટરો, તથા બીજા ઘણાક અમલદારો તરફથી શાબાસી પત્રો, અને ઇનામો મલ્યાં હતા. એવણ તે વખતની મુંબઈની પારસીની પંચાએતના એક આગેવાન અકાબર હતા, તથા તે વખતે પારસીઓમા ધર્મને નામે ચાલતી કેટલીક અણઘટતી રસમો એવણે પોતાનાં કુટુંબમાંથી કહાડી નાખી બીજા હમદીનોને સારો દાખલો આપતો કીધો હતો. જરથોસ્તી મજહબને લગતી કેતાબો વાચવાનો તથા તેની નકલો પોતા પાસે રખ્ખવાનો એવણને માહવરો હતો.

---

તા૦ ૨૬ મી ડીસેમબર.

રોજ ૨૦ માહ ૩ (શે૦) ૧૧૭૪ યજદજરદી.

**મરણ**—હોરમજજી નશરવાનજી વાડીઆ[2]—ઉમર વર્ષ ૨૧) શેઠ નશરવાનજી માણેકજી વાડીઆના

---

૧ આ ઝીયાફત માટે તા૦ ૧ લી ડીસેમબર ૧૮૦૪ ના "બોમ્બે કુરીઅર" મા નીચે પ્રમાણે છપાએલુ છે.—

'On Thursday last, Ardeshir Dady one of the principal Parsee Inhabitants of this Island gave an elegant Dinner at his house near Parell, to the Right Honorable Lord Viscount Valentia, at which was present a select party comprizing some of the first characters in the settlement The Dinner we understand exhibited an abundance of every article which was in season, and the entertainment was generally conducted in such a manner as to afford great satisfaction to the noble Lord, and the other guests who were present."

[Bombay Courier, 1st December 1804.]

૨ મરહુમ શેઠ જહાંગીરજી નશરવાનજી વાડીઆના વડા ભાઈ, તથા શેઠ નવરોજજી અરદેશર દાવરના બબાવા.

વડા દીકરા. એવણ પોતાના બાપના વ્યાપાર વનજનાં કામમા તેમની પેહડીપર હતા. એવણના જવાન વયમા મરણથી એમના બાપે રૂ૫૦૦૦) ની રકમ એમની નામેતે ધર્મ ખાતાઓમા આપી હતી.

---

મુંબઈની ગોદીના "માસટર બીલડરો" શેઠ ફરામજી માણેકજી વાડીઆ તથા શેઠ જમશેદજી બહેમનજી વાડીઆને તેમની લાંબા વખતની અને નીમકહલાલ નોકરીઓના બદલામા, તથા તેમના કુટુંબને એજ ધોરણપર ચાલવાને ઉતેજન મલે તેઓના માટે આજે વર્ષના ડીશેમબર માસમા લંડનથી "કોરટ ઑફ ડાએરેકટરસ" તરફથી એકેક રૂપાનુ રૂલ ખરતા લેખ સાથે બેટ મોકલવામાં આવ્યુ હતુ.[1]

---

# ઈ૦ સ૦ ૧૮૦૫.

આજે વર્ષના "બામ્બે કુરીઅર" માથી નીકલેલાં ઈ ગ્રેજી કાલેનડર[2] મા પારસીઓને લગતી નીચલી બીના આપેલી હતી:—

## ઈનસુરનસ શોસાઈટીના પારસી ભાગીદારો.

ઈ૦ સ૦ ૧૮૦૨ ના કાલેનડરની માફકજ. ફકત ધીમજી ભીખાજી પાંડેની જગોએ પેશતનજી ભીખાજી પાંડેનુ નામછે.

## પારસી વ્યાપારીઓ.

છેલા કાલેનડર પ્રમાણેજ એ ટીપમા દોરાબજી રૂસતમજી પટેલનુ નામ નથી.

## ચીન તરફ જનાર આડતીઆ.

છેલા કાલેનડરની માફકજ.

## સરકારી ગોદીના બીલડરો.

જમશેદજી બહેમનજી વાડીઆ.
રૂસતમજી માણેકજી વાડીઆ.
રતનજી બહેમનજી વાડીઆ.
નવરોજજી જમશેદજી વાડીઆ.
લવજી (નવરોજજી) ફરામજી વાડીઆ
બરજોરજી રૂસતમજી વાડીઆ.

## રીકારડર કોરટનો પારસી દુબાશીઓ.

પેશતનજી એદલજી પાટક.

## પારસી વાહણવટીઓ.

| વાહણનું નામ. | માલેક. | ટણ. |
|---|---|---|
| શાહ કૈખુશરૂ | દોરાબજી મનચેરજી રેડીમની | ૧૦૪૫ |
| શાહ જેહાંગીર | કાવસજી રૂસતમજી પટેલનું કુટુંબ | ૭૦૮ |
| ગંજાવર | ફેરામજી નાનાભાઈ દાવર | ૬૮૦ |
| જેમસ ડરમંડ | માણેકજી નવરોજજી તબાક | ૧૪૨ |
| કોરનવાલીસ | નશરવાનજી માણેકજી વાડીઆ | ૬૦૦ |
| બોમ્બે મરચંટ | નશરવાનજી માણેકજી વાડીઆ | ૪૩૪ |

તા૦ ૨૫ મી જાનેવારી.

રોજ ૨૦ માહ ૪ (શે૦) ૧૧૭૪ યજદજરદી.

**મરણ**—દસ્તર શાપુરજી માણેકજી મ ંજણા[3]—(ઉમર વર્ષ ૭૦) સુરતવાલા દસ્તૂર રૂસ્તમજી મેહેરામજી મ ંજણાના ભત્રિજા. એવણ પોતાના વખતમા પેહલવી તથા ફારસીમા ઘણા પહેલા હતા, તથા ફારસી જેતોમા

---

[1] આ બધે રૂલ ઉપર નીચે પ્રમાણે લેખ કોતરેલાછે —

"Presented by the Court of Directors of the United East India Company to Framjee Monackjee one of the Master Builders in their Dock yard at Bombay in Testimony of their approbation of his continued Fidelity and long tried services and in encouragement to him and his Family to persevere in that line of conduct which has so often called forth the approbation of his Superiors.

AT LONDON 1804

THE HON'BLE WILLM. Elphinstone, Chairman
CHARLES GRANT ESQ., Deputy Chairman.
JONATHAN DUNCAN ESQ., Governor of Bombay"

*Engraved on the hinges*

BRITANNIA—SIR EDWARD HUGHES—BOMBAY—CORNWALLIS—MORNINGTON

---

"Presented by the Court of Directors of the United East India Company to Jamsetjee Bomanjee one of the Master Builders in their Dock yard at Bombay in Testimony of their approbation of his continued Fidelity and long tried services and in encouragement to him and his Family to persevere in that line of conduct which has so often called forth the approbation of his Superiors

AT LONDON 1804

THE HON'BLE WILLM Elphinstone, Chairman
CHARLES GRANT ESQ, Deputy Chairman.
JONATHAN DUNCAN ESQ, Governor of Bombay"

*Engraved on the hinges*

BRITANNIA—SIR EDWARD HUGHES—BOMBAY—CORNWALLIS—MORNINGTON

ઉપલુ શેઠ ફરામજીને મલેલું રૂલ તેમના એક વારસ મરહુમ શેઠ મેહેરવાનજી ફરામજી વાડીઆના વીધવા બાઈ બીખાઈજીના કબજામા, અને શેઠ જમશેદજી વાલું તેમના એક વારસ શેઠ એદલજી જગીરજી નવરોજજી વાડીઆ પાસે મોજુદછે

[2] The Bombay Kalendar and Register for 1805
*Bombay, Printed for the Proprietors, by Moroba Danotherica.*

[3] કદીમી ફીરકાના હાલના દસ્તુર રૂસતમજી મેહેરાંમજી સ ંજણાના બાપના કાકા

કેટલીક મોનાજાતો, અને ઈ૦ સ૦ ૧૭૬૫ મા નવસારીમા આતશબેહેરામ પધરાવાને લગતો હેવાલ એવણે રચેલો છે. એ આતશબેહેરામ પધરાવાને લગતી ક્રિઆ કરવામાં એવણે પણ પોતાના કાકાની સંગાથે કેટલીક મદદ કીધી હતી. એવણનુ મરણ મુંબઈમા નીપજ્યુ હતું.

---

તા૦ ૧૯ મી જુલાઈ

રોજ ૧૨ માહ ૧૦ (શે૦) ૧૧૭૪ યજદજરદી

**મરણ**—બરજોરજી દાદાભાઈ દારૂખાનાવાળા—(ઉમર વર્ષ ૫૫) શેઠ દાદાભાઈ માણેકજી દારૂખાનાવાળાના વડા દીકરા. એવણે પ્રથમમા અતરેના સરકારી તોપખાનાને માટે બારૂત બનાવવાના કારખાનામા પેહલા ૨૩ વર્ષ બીજા મદદનીસ, અને તે પછી ૧૧ વર્ષ પેહલા મદદનીસ, તથા પછવાડેથી થોડીક મુદતવેર એ દારૂખાનાના વડાનો ઓધ્ધો ચલાવ્યો હતો.[1]

---

તા૦ ૧૬ મી આગસટ.

રોજ ૧૩ માહ ૧૧ (શે૦) ૧૧૭૪ યજદજરદી.

**મરણ**—દાદાભાઈ હીરજીભાઈ જરથાવાલા[2]—ઉમર વર્ષ ૨૭) શેઠ હીરજીભાઈ રતનજી જરથાવાલાના દીકરા. એવણ પોતાના બાપ તથા કાકાઓની ઇંગ્રેજી અશબાબની મોટી દુકાનપર કામે લાગેલા હતા. ઇંગ્રેજી ભાષામા તે વેળાએ એવણે સારી માહીતગારી હાસલ કીધી હતી.

---

તા૦ ૭ મી અકટોબર.

ગાથા ૫ (શે૦) ૧૧૭૪ યજદજરદી.

**મરણ**—શોરાબજી મનચેરજી રેડીમની—ઉમર વર્ષ ૫૦) શેઠ મનચેરજી જીવણજી રેડીમનીના વડા દીકરા. એવણ પોતાના વખતમા એક મોટા વ્યાપારી, વાહણવતી, તથા જાગીરદાર ગણાતા હતા. ચીન ખાતે એવણનો મોહલો વ્યાપાર તે વેળાના નામીચા નાખોદા મીઆં મહમદઅલી બીન મહમદહુશેન રોગેની સાથે આડતમા ચાલતો હતો, તથા એવણના "શાહ મીનોચેહર" અને "શાહ કૈખુશરૂ" નામના બે મોટા મુસાફરી વાહણો હતા. ઈ૦ સ૦ ૧૭૯૦ ના સાલમા ગુજરાત તરફ પડેલા ભયકાર દુકાલની વખતે જે હજારો માણસો ભુખમરાના માર્યા અતરે નાસી આવતા હતા તેઓમાથી દરરોજ લગભગ બે બે હજાર માણસોને એવણે દશ મહિના લગણ પોતાને ખરચે વાહડામા બેવાર ખોરાક પુરો પાડયો હતો. એ સિવાય એવણે બીજી ઘણીક સખાવતો, તથા દરેક સારાં કામોમા તે વેળાએ આગેવાની લીધી હતી એવણ તે વેળાની મુંબઈની પારસીની પંચાએતના એક મુખ્ય અકાબર હતા.

---

તા૦ ૭ મી અકટોબર.

ગાથા ૫ (શે૦) ૧૧૭૪ યજદજરદી.

**મરણ**—લવજી શોરાબજી લાકડાવાલા—ઉમર વર્ષ ૫૫) એવણ ઈ૦ સ૦ ૧૭૬૨ મા પોતાના જન્મ વતન ભરૂચથી અતરે આવ્યા હતા, અને થોડીક મુદતમા માહેલા પ્રાંતો તથા જંગલો ખાતે રખડી લાકડાંનો વ્યાપાર મોટા પાયાપર કરવા માંડયો હતો. લાકડાની ખરીદીને માટે એવણને વસાઈ મધે ઘણુ ખરૂ રેહવુ પડતું હતુ, અને તે તરફ એવણે મુસાફરોના ઉતારાને માટે એક ધર્મશાલા બંધાવી તે તા૦ ૧૦ મી ડીસેમબર ૧૭૮૮ ને દીને ખોલી મુકી હતી.

---

તા૦ ૨૨ મી અકટોબર.

રોજ ૧૫ માહ ૧ (શે૦) ૧૧૭૫ યજદજરદી.

**મરણ**—હેરમુજજી જીવણજી રેડીમની—ઉમર વર્ષ ૮૭) એવણ ઈ૦ સ૦ ૧૭૨૮ મા પોતાના ભાઈઓ શેઠ મનચેરજી તથા હીરજીભાઈની સાથે નવસારીથી અતરે આવ્યા હતા, અને તેઓની સાથેજ વ્યાપારના કામોમાં થોડાઘણા શામેલ હતા. એ પછી બંને ભાઈઓના મરણ બાદ એવણે એકાંત જીંદગી ગુજારવા માંડી હતી.

---

તા૦ ૨૬ મી નવેમબર

રોજ ૨૦ માહ ૨ (શે૦) ૧૧૭૫ યજદજરદી.

ઈ૦ સ૦ ૧૮૦૩ ની કોટની મોટી આગને લીધે ચંદનવાડી તરફ પારસીઓની ઘણી સંખ્યા જઈ વસી

---

[1] એવણના મરણ પછી એવણની વીધવાએ સરકારમાથી પોતાના ખાવંદની લાંબા વખતની નોકરીને માટે કાંઇ બદલો મેલવવાને એક અરજી શેઠ પેશતનજી બહમનજી વાડીઆની મારફતે કીધી હતી, જેમા એવણની નોકરીઓ માટે તે બાઇ લખેછે કે —

" ... who had served the company for 34 years, viz. as second assistant for 23 years, and as a first assistant about 11 years, and acted for some time as head Powder Maker"

આ અરજીની નકલ મરહુમ શેઠ મનચેરજી પેશતનજી વાડીઆ પાસેથી અમારા જોવામા આવી હતી

[2] એવણના બાવા શેઠ હીરજીભાઇ રતનજી જરથાવાલા પોતાના બાપની જુની ચેકેરીએટની સામેની પુરાતન દુકાન ઈ૦ સ૦ ૧૭૯૪ મા તેમનાં મરણ પછી પોતાના ભાઈઓ શેઠ કુવરજી, રાંનજી, તથા રૂસતમજીની સાથે મલી ચલાવતા હતા.

હતી. તેઓના વપરાશને માટે તે તરફ આજ રીતે શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ આદરાનની એક દરેમેહર બંધાવી પરશાવી હતી.[૧]

આજે વર્ષમા શેઠ અરદેશર દાદીભાઈએ વશાઈની પેથીએ "દતોરા" નામના ગામમા ગુજરાતથી પગ રસ્તે આવનાર મુસાફરોના ઉતારાને માટે એક ધર્મશાળા બંધાવી હતી.[૨]

## ઈ૦ સ૦ ૧૮૦૬.

આજે વર્ષના "બોમ્બે કુરીઅર" માથી નીકળેલા મુંબઈ કાલેનડરમા[૩] પારસીઓને લગતી અગતી બીના જેવાં કાલેનડરની બરાબરજ છે. ફકત વાહણવટીઓની ટીપમા શેઠ શેરાબજી મનચેરજી રેડીમનીના વાહણ "શાહ કૈખુશરૂ" નુ નામ નથી, અને તેની જગોએ "એલીઝા-બેઠ" નામનુ વાહણ શેઠ ખરશેદજી અને જેહાંગીર અરદેશર દાદીના નામ ઉપરછે. તેમજ પારસી વેપારી-ઓની ટીપમા પણ શેઠ શેરાબજી મનચેરજી રેડીમનીને બદલે શેઠ ધનજીભાઈ શેરાબજી રેડીમનીનુ નામ આવેલુછે.

### તા૦ ૧૮ મી જાનેવારી

મરનાર મારકુઈજ ઑફ કારનવાલીસની કબર ઉપર એક યાદગારીનો સ્થંભ, તથા તેનુ બાહવલુ ઉભુ કરવાને હિંદુસ્તાનમા થયેલા ફંડ મધ્યે મદદ કરવાને અરથે એક ઉઘરાણુ થયુ હતું, તેમા નીચલા પારસીઓએ રકમ ભરી હતી.[૪]

| | |
|---|---|
| શેઠ નશરવાંનજી માણેકજી વાડીઆ | રૂ ૮૦૦ |
| શેઠ પેશતનજી બહમનજી વાડીઆ . | રૂ ૮૦૦ |
| શેઠ હોરમજજી બહમનજી વાડીઆ . | રૂ૧૦૦૦ |
| શેઠ ધનજીભાઈ શેરાબજી રેડીમની, મરહુમ શેઠ શેરાબજી મનચેરજી રેડીમનીના ફંડમાથી . . | રૂ ૯૦૦ |
| શેઠ ખરશેદજી માણેકજી શરાફ .. | રૂ ૩૦૦ |

મનબાર કોરતા તરફથી નીચલા પારસીઓએ એ ફંડને માટે નાણા મોકલ્યા હતા—

| | |
|---|---|
| શેઠ દારાશાહ ખરશેદજી તાલચરીવાળા. | રૂ૧૫૦ |
| શેઠ જમશેદજી રતનજી . | રૂ ૫૦ |
| શેઠ હીરજી મોનાજી ... | રૂ ૫૦ |

### તા૦ ૨૦ મી માર્ચ

રોજ ૧૪ માહ ૬ (શે૦) ૧૧૭૫ યઝદજરદી.

**મરણ**—ખરશેદજી નાનાભાઈ દાવર—ઉમર વર્ષ ૫૦) દાવર નાનાભાઈ બેહરામજી બનાજીના ત્રિજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૮૮ મા પોતાના બાપના મરણ બાદ તેમની "બનાજી લીમજી" ના નામથી ચાલતી પેહડીના પોતાના ભાઈઓ તથા પિત્રાઈઓ સાથે ભાગ્યા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૭૯૩ મા ભાગીઆઓમા વાંધો પડયાને લીધે પેહડીનુ કામ ઈનસાફની અદાલતે ચઢયાથી એવણે પોતાને હીસાબે ફરીને મોટો વેપાર શેઠ પેશતનજી બહમનજી વાડીઆની મારફતે ચલાવવા માંડયો હતો.

### તા૦ ૧૯ મી આપરેલ.

એક પારસી ગ્રહસ્થ (મરહુમ સર જમશેદજી જીજી-ભાઈ પેહલા બારોનેટ) કે જે વાહણ "બરનસ્વીક" મા બેસી મુંબઈથી ચીન જતા હતા તેવણ હાલમા ચાલતી ઇંગ્લાંડ તથા ફ્રાન્સની લડાઈને લીધે તે વાહણ ફ્રેન્ચોને હાથ "ગાલી" તરફ કેદ પકડાયાથી "કેપ-ઑફ-ગુડ-હોપ" ભણી કેદી તરીકે ગયા હતા, તેઓએ પોતે ખમેલી જફાઓ વગેરેને લગતો સંપુરણ અહેવાલ અતરે કોઈ પોતાના દોસ્ત ઉપર લખ્યો હશે તે આજના "બોમ્બે કુરી-અર" મા સદાબરો છપાયોછે, તેમાથી થોડોક સાર અતરે ટાંકી લઈએ છૈયે. તે લખેછે કે—"અમો તા૦ ૩૦ મી જુને બપોરના બે વાગે મુંબઈથી વાહણ "બરનસ્વીક" મા બેસી ચીન જવાને નિકલ્યા, અને તા૦ ૧૧ મીએ

૧ આ દરેમેહરનો કેબલો હાલમા એજ મરહુમ શેઠને નામના આતશબેહરામવાલા મકાનમાછે અને પેરદાયાનો ઉપલો દાહડોવાર દસ્તુરજી સાહેબ પેશોતનજી બેહરામજી સંજાણાએ મેલવી આપ્યોછે એ દરેમેહર પરઠવાને લગતી ક્રિઆનુ ઉપરીપણુ મરહુમ દસ્તુર એદલજી દારાબજી સંજાણા તથા તેમના બાપ દસ્તુર દારાબજી રૂસતમજી સંજાણાએ કીધુ હતુ, અને ક્રિઆ કરવા નવસારીથી મોબેદની જોર પાચ અતરે ખાસ તેડાવી હતી, જેઓમાના નીચલા છના નામ એ૦ જામાસપજી શેરાબજી દસ્તુર મેહરજી રાણાએ જુના લેખો ઉપરથી મેલવી આપ્યાછે — આ૦ ફરામજી મનચેરજી માદન, આ૦ મનચેરજી કાવશજી બાના, આ૦ ખરશેદજી રૂસતમજી ગેબખરીઆ, આ૦ મનચેરજી ફરામજી હોલદાર, આ૦ શાપુરજી ખરશેદજી કાગા, અને આ૦ હોરમજજી મનચેરજી બજ

૩ The Bombay Kalendar and Register for 1806 *Bombay, printed for the Proprietors, by Moroba Damotherjee*

૪ બોમ્બે કુરીઅર, તા૦ ૧૮ મી જાનેવારી ૧૮૦૬.

૨ મુંબઈનો બાહાર, સફે ૩૧૪ આ ધર્મશાળાની મરામત તથા તેના ખરચ, વગેરેને માટે એક જાગીર પણ એવણે તે તરફ એલાહેદી કાઢી આપી હતી, તે જાગીર તથા ધર્મશાળા હજીસુધી મોજુદછે, લેકીન આગ-ગાડી થવાથી તેનો ઉપયોગ આગલના જેટલો થતો નથી

બીજા વાહણ "શાહગ" ની સાથે "પોઈંટ ડી. ગૉલ" આગલ આવી પુગા. તે વખતે ફ્રેન્ચોના બે લડાઈના બારકસો અમોને મલ્યા. અમારા કપતાને તેઓનું જોર વધારે માલમ પડયાથી વાવટો હેઠે ઉતારી શરણ થયો. બીજે દીને સવારનાં અમારાં વાહણના વડા માલમ, ડાકટર, મી૦ મેગ્રા, મી૦ મારીસ, અને અમો તથા બીજા ઉતારૂઓ સિવાય બધા અમલદારો અને ખલાસીઓને ફ્રેન્ચ બારકસના કપતાન આગલ લઈ ગયા, અને તેઓને બદલે અમારા વાહણપર ફ્રેન્ચ કપતાન, માલમો, અને ખલાસીઓને મોકલ્યા કે જેઓએ અમારૂ "બરનસ્વીક" વાહણ હંકારયુ. સેના ફ્રેન્ચ કપતાનને ત્યાના સત્તાવાલાઓ તરફથી એક મોહરબંદ કાગજ આપી તે રસ્તામા ઉખેડવાને કહયુ હતુ. તે ઉખેડયા પછી તેમા ફરમાવ્યા મુજબ અમો "માડેગાસકર" તરફ તા૦ ૨૨ મી આગસ્ટે આવી પુગા, અને ત્યાથી ખોરાક પાણી લીધુ. જે વખતે અમો એ (માડેગાસકર) ટાપુ આગલ આવી પોહચ્યા ત્યારે ફ્રેન્ચ બારકસના થોડાક ખલાસીઓએ અમારી સાથે ઘણી ખરાબ ચાલ ચલાવી અમોને ઘણા હેરાન કીધા, અને એક દાહડે ફ્રેન્ચ કપતાનને એવું હુંધું સમજાવ્યુ કે આએ પારસી, મુસલમાનો, અને ચાર ઇંગ્રેજોએ વાહણપરના બધા ફ્રેન્ચોને મારી નાખીને વાહણ હંકારી લઈ જવાનો કપ કીધોછે. આ ઉપરથી કપતાને અમોને કેદ કર્યા અને ઘણો જુલમ ગુજાર્યો. પણ સારા ભાગ્યે અમારી સાથના ચાર ઇંગ્રેજોમાથી એકને ફ્રેન્ચ ભાષા આવડતી હોવાથી તેણે કપતાનને સમજાવ્યુ કે જો તેને અમારા ઉપર કાંઈભી શક આવતો હોયતો અમારા જાહડા જોવા કે કોઈ પાસેભી કાંઈ હથિયારછે. એ મુજબ હમારા જાહડા જોઈ કોઈ પાસેથીભી કાંઈ નહિ નીકલવાથી છોડયા, પણ તેટલા અરસામા અમોને એટલુ તો ખમવુ પડયું હતું કે તે લખાઈ શકાતુ નથી. એ પછી ત્યાથી તા૦ ૩૧ મી આગસ્ટે પાછા હંકારી ગયા, અને તા૦ ૧૬ મી સપટેમબરે "કેપ-ઑફ-ગુડ-હોપ" આગલ આવી પુગા, અને "ફૉલસ-બે" મા બે લંગર નાખ્યા. તે રાત્રે તોફાન મોટું હોવાથી બંને લંગરો તુટી ગયા, જેથી એક ત્રિજુ નાખ્યુ. બીજે દીને એટલે તા૦ ૨૭ મી સપટેમબરે સવારનાં છ વાગામો દોરડું કાપી નાખીને અમો આગલ વધ્યા, અને પવન ઘણો જોરમા ફુકવાથી તથા વાહણપર બીજું લંગર નહિ હોવાથી અમો નદીમા દાખલ થયા અને એક મોટી બોટમા એક અમલદારને ઉતારીને ફ્રેન્ચ લડાઈનાં બારકસપર લંગર લેવાને મોકલ્યો, પણ તે બોટ ડુબી ગઈ. આથી અમે ઉપરાસાપરી "બાર" કીધા, લેકીન પવન ઘણો જોસમા હોવાથી લંગર લઈને જે બોટ અમારી તરફ આવતી હતી તે આવી શકી નહિ અને આતે નવ વાગે અમારૂં વાહણ ધસડાઈને કીનારા તરફ જમીનપર લાવી ગયું. આથી અમે કપતાન પાસે કીનારાપર ઉતરવાની રજા માગી, પણ તેણે તેમ કરવાને "આડમીરલ" નો હોકમ નથી એમ કહી ના પાડી, અને તે રાત અમે ઘણીજ કઢંગી રીતે ગુજારી. બીજે દીને સવારનાં પવન નરમ પડવાથી "આડમીરલ" પોતે અમારા વાહણપર આવ્યો, જેની આગલ અમોએ અમારી માલમતા લઈને જવા દેવાને અરજ કીધી. તેનો "આડમીરલે" જવાબ આપ્યો કે વ્યાપારની જીનસો સિવાય અમોને અમારા પેહરવાના કપડાં અને ખોરાક આપી છુટા કર્વામા આવશે. આથી તેના હોકમ મુજબ કપતાને અમારો સઘળો અસબાબ મંગાવી તપાસ્યો અને મારા ચોખાની ગુણો તથા દારૂનો બાકસ લઈ લીધો અને ફકત એક નાધલી, "તરંનક" મા કપડા આપ્યાં. મેં ચોખાની એક ગુણ માગી પણ તેણી ના પાડી.

એ પછી અમો બધા ઉતારૂઓ કીનારે ગયા, જયા અમારાં વાહણ -"બરનસ્વીક" નો આગલો કપતાન ગ્રાંટ અમોને મલ્યો જેની આગલ અમો બધા રડી પડયા, અને તેણે અમોને દીલાસો આપ્યો. એ બાદ ત્યા મી૦ ટરનર નામના એક ઇંગ્રેજ ગ્રહસ્થે ત્રણહજાર ડાલરના નોસ હાનરેબલ કંપનીને ખરચે એક અમેરીકન બારકસ "બરનસ્વીક" ના સઘળા અમલદારો અને અમો ઉતારૂઓને ત્યાથી મોકલી આપવાને વાસ્તે રાખ્યુ હતુ તેમા બેસાડી અમોને એક ગામ બાણી લઈ ગયા, કે જયાં ખોરાકની તંગી હતી અને દર માણસ દીઠ રોજ અરધો રતલ ચોખા તથા અઠવાડીઆંમા ત્રણવાર વાહરાનુ ગોશ્ત ખાવાનો હોકમ હતો. ત્યાથી પછી એક વલંદાનુ વાહણ બંગાલા તરફ હંકારી જવાને તૈયાર હતુ તેમા અમોને મોકલવાને કપતાન ગ્રાંટે મેહનત કરી, પણ તેના ડચ કપતાને વાહણમા જગા નથી એમ કહી ના પાડયુ. આથી મેં વાહણના કોઈપણ ભાગ ઉપર જયાંભી જગા આપે ત્યા રેહવાને કબુલ કીધુ. ત્યારે તેણે મારી અને મારી સાથવાલા મુસલમાનોની પાસીજના ૮૦૦) ડાલર માગયા, પણ આ તે ઘણી રીકઝીકે કપતાન ગ્રાંટે ૧૬૦૦) રૂપીએ સઘળાની પાસીજ ઠેરવી આપી, અને મે ૩૮૦૦) ની હુંડી કલકતામો મારી પેહડી ઉપર લખી આપી. હવે હિયાથી કપતાન ગ્રાંટ છુટો પડી "સેંટ હેલીના" ભણી ગયો, અને જતી વખતે તે કપતાન કે જેનુ નામ "ફ્રાસ-ટીન" હતુ તેને મારી બરદાસત લેવાને ભલામણ કીધી હતી. તોપણ તેતો અમોને દર સવારે એકરી બીસકોટ અને સાંજે ચાર પાચ વાગે થોડીક બાફેલી ખીચરી આપતો હતો. આથી વળી અમારી ઉપર ભુખમરો પડવા લાગો. વળી તે ઉપરાંત ૩૧૬૦૦) લીધા છતાં

તેણે અમોને વાહણપર એથી ખરાબ જગો આપી કે આપણા ગામડી બારકઓમા ૫૦) રૂપીઆપી તે કરતા સારી જગા મલે તેણે અમો નવ જણા વચ્ચે ગધવા અને પીવાને એક પાણીનુ હાલ્લું આપ્યું હતું. ગરજને લીધે અમોએ એ સઘ્ધુ ખમ્યું. એ પછી તા૦ ૫ મી ડીજેમબરે રાતના બાર વાગે અમો કલકતે આવી પુગા."[૨]

---

તા૦ ૨૫ મી આપરેલ.

રોજ ૨૦ માહ ૭ (શે૦) ૧૧૭૫ યજદજરદી.

**મરણ**—મોદી દોસાભાઈ કાવસજી—ઉમર વર્ષ ૫૭) સુરતવાલા મોદી કાવસજી ભીમજીના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૮૮ મા પોતાના વડા ભાઈ શેઠ માણેકજીના મરણથી તેમની જગોએ ત્યાની અંજુમનના વડા અઘ્કાબર ઠરયા હતા. પોતાને હીસાબે તથા મુંબઈવાલા શેઠ પેસતનજી બહમનજી વાડીઆ અને શેઠ ચોરાબજી મનચેરજી રેડીમની સાથે આડતમા રૂ, અફીણ, વગેરેનો મોટો વ્યાપાર ચલાવતા હતા. ઈ૦ સ૦ ૧૮૦૬ મા એવણે મુંબઈ આવી તા૦ ૨૬ મી માર્ચે નામદાર ગવરનર જોનાથન દંકનને એક અરજી કીધી હતી કે સુરતના પારસીઓના વડા તરીકે તેવણના વડવાઓના વખતથી જે હકો તેઓ ભોગવતા આવ્યાછે તેમા સરકારે તેમને મદદ કરવી અને એ ટોળામા જે બદફેલી દિવસે દિવસ પેસેછે તેનો અટકાવ કરવાને ઉપાયો કરવા દેવા આથી સરકારે તા૦ ૮ મી આપરેલ ૧૮૦૬ ને દીને સુરતના જડજ અને માજીસ્ટ્રેટ ઉપર એક હોકમ[૨] મોકલ્યો કે એવણને જે કાંઈ ઘટતી મદદ પારસીઓના સંબંધમા કરવી ઘટે તે આપવી. એ પરવાનો સુરત ગયા પછી એવણતો અતરે મુંબઈમાજ મરણ પામ્યા હતા

---

તા૦ ૭ મી મેએ

રોજ ૨ માહ ૮ (શે૦) ૧૧૭૫ યજદજરદી.

**મરણ**—નશરવાનજી રૂસતમજી બનાજી[૩]—ઉમર વર્ષ ૫૫) શેઠ રૂસતમજી બેહરામજી બનાજીના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૭૭ મા પોતાના બાપના મરણ બાદ તેમની "બનાજી લીમજી" ના નામથી ચાલતી પેહડીના ભાગયા થયા હતા. તે પછી ભાગયાઓમાં વાંધો પડવાને લીધે પેહડીનુ કામ ઈ૦ સ૦ ૧૭૯૩ મા ઈનસાફની અદાલતે ચઢયાથી એવણે એકાંત જીંદગી ગુજારી હતી

---

તા૦ ૩ જી જુલાઈ.

શેઠ અરદેશર દાદીભાઈની મુંબઈમા કોટકોટ હૉરનબી રો તરફ (હાલ જયા સર જમશેદજી જીજીભાઈ પારસી બેનીવોલંટ ઈનસ્ટીટયુટની કોટની મોટી સ્કુલવાલુ મકાન તથા તેની આસેપાસેના ધરોછે) મોટી જમીન હતી તે સરકારે યુરોપયનોને માટે એક હાસપીટલ બાધવા સારૂ લીધી હતી, અને તેના બદલામા આજ દીને તેવણને ઈસ્ટ ઈડીઆ કંપની તરફથી છાસઠીમા આપેલા નીચના

---

[૧] આ અહેવાલ લખનાર પારસી તે મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટ હશે એવુ વગર શક સાબિત થાયછે શાસબ એવણની જીંદગી તથા ચરિત્રોને લગતી છપાયલી એકેએક ચોપડીમા એવો પોતાની છેલ્લી ચીનની સફરે જતા વાતમા કેદી તરીકે ફ્રેન્ચોને હાથ પકડાયા હતા એવો ઇસારો આવેલોછે, અને મજકૂર બની બાબદ પણ તેને ધણીખરી ખબરી મલતી આવેછે આ અહેવાલ છપાવ્યા આગમજ અમોએ ઘણાક જઈફ તથા એ મરહુમ બારોનેટ સાહેબ સાથે દોસ્તી વરાવનારા ગ્રહસ્થોને વંચાવોછે, અને તેઓ સર્વે એ અહેવાલને પોતે વાબસેલી વીગતો સાથે ઘણોખરો મળતો જણાવેછે. તે વખતે કાઇ વીજલીક તાર અથવા સ્ટીમરની સેહલાઈ ન હોવાથી અતરે એવી બાબદના સંદેશાઓ આવતા જતા ઘણો વીલમ લાગતો હતો, અને આએ બાબદ જે ઈ૦ સ૦ ૧૮૦૫ ના આગસટથી તે ડીજેમબર લગણમા બનેલી તેની ખબર ૧૮૦૬ ના આપરેલમા મુંબઈમા પેહલી વેહલી આવી, અને તે પણ વળી આ કાગળથીજ જણાઇ હતી આ માટે મજકૂર "કુરીઅર" ના આંકમા લખેછે કે —

"The following letter from a Parsee who was on board the Brunswick, to a friend in Bombay, containing the only particular account of the proceedings of the Brunswick after the capture, that we have seen, and some curious circumstances regarding the condition of things at the Cape, we lay it before our readers, and, for obvious reasons, nearly in its original form"

[Bombay Courier, 19th April 1806]

[૨] આ હોકમનામાના થોડાક ફકરા એવણના નબીરા ખાનબાહદુર મોદી રૂસતમજી ખરશેદજીએ "પારસી લા કમીશન" ના રીપોરટની શેવટે કરેલી મીનીટમા સફે ૩૧ મે છપાવેલાછે, તેના છેલ્લા ફકરામા લખેછે કે —

" I take this opportunity of forwarding to you the accompanying copy of a petition from Dossabhoy Cawasjee, styling himself head Modee at Surat, with the instructions of the Honorable the Governor in Council that you support him in all his just rights and privileges"

[૩] મુંબઈવાલા જાણીતા મરહુમ બાઇ ધનાઇજી તે શેઠ હોરજી જીવણજી રેડીમનીની દીકરીના ખાવંદ, તથા શેઠો શાવકશાહ ધનજીભાઈ, ફરામજી કેખશરૂ, અને હોરમજજી રૂસતમજી બનાજીના બાપાવા

સાત ગામો દર વર્ષે રૂ૩૦૭૭—૨—૭૫ રેસનો થોકો સરકારમાં ભરવાની કબુલાતે વંશપરંપરા આપ્યાં હતા:—૧

મલાર. કનેરી. એરૂ. દહીસુર.
એકસર. તુલસી. માગાથાન.

---

૧ આ હૉરનબીરો તરફની જગા શેઠ અરદેસરના પીતા શેઠ દાદીભાઈ નોશરવાનજીએ ઈ૦ સ૦ ૧૭૮૭ મા લીધી હતી, અને ત્યા તેઓની મકસદ આદરાનની એક દરેમેહર બાધવાની હતી પણ ઈ૦ સ૦ ૧૭૯૨ મા મુમ્બઈના ચીફ ઇનજીનીઅર જનરલ નીકલસને તેવણને જણાવ્યુ કે એ જગાપર સરકાર યુરોપ્યનોને માટે હાસ્પીટલ બાધનારછે માટે એ પર તમોએ કાઈ અમલો ઊઠાવવો નહિ સરકાર એ જગોની તમોને કીમત આપશે અથવા તો તેના બદલામા તમોને બીજી તમો માગશો તેવી જમીન આપશે આથી એ જગો છેક ઈ૦ સ૦ ૧૮૦૫ લગણ એમનીએમ પડી રહી હતી, અને ઈ૦ સ૦ ૧૮૦૩ ની મોટી આગ પણ હિયાથીજ શરૂ થઈ હતી એ પછી ઈ૦ સ૦ ૧૮૦૬ મા સરકારે એ જગો હાસ્પીટલ બાધવાને માટે શેઠ અરદેસર પાસે લેવાનુ નકી કેડ્યુ, અને તેના બદલામા તેઓને છાસટી તરફના સાત ગામો આપવાની મરજી જણાવી આ ગામોની કીમત તથા તેમની ઊપજ ઊપરથી જગા કરેતા ઘણી વધારે હોવાથી તે વધારાના રૂપીઆના બદલામા સરકારને શેઠ અરદેસરે તથા તેમના વારેસોએ દર વર્ષે રૂ૩૦૭૭—૨—૭૫ રેસનો થોકો કેડ વેની મુદતે ભર્યા કરવો એવી ગોઠવણ કીધી હતી એ પછી તે ગામોની રૈયત તથા કુનબીઓ શેઠ અરદેસરની માલેકીમા રેહવાને તથા તેમને પોતાનુ દેહનુ ભરવાને ખુશી છે કે નહિ તેની તેઓથી ખાતરી મેળવવાને માટે મુબઇ તથા છાસટીનો કલેકટર જનરલ મી૦ પીટર લીમેજરર તા૦ ૧ લી આપરેલ ૧૮૦૬ ને દીને શેઠ અરદેસરને પોતાની સાથે લઈને તે ગામો ભણી ગયો હતો, અને લોકોને સરકારના હોકમથી વાકેફ કીધા, જેથી તેઓ ખુશી થયા હતા આ માટે શેઠ અરદેસરે તા૦ ૨ જી મેએ ૧૮૦૬ ને દીને મજકુર અમલદાર ઊપર હેઠે પ્રમાણે લખ્યુ હતુ —

".. and you having, in consequence of their order accompanying same, done me the favor, on the 1st of April last, of your personal attendance with me on Salsette, to meet the Ryotts, in the villages desired by me, for the purpose of obtaining their consents, of holding under me such villages, namely Cusba Mallar, Canary, Arrow, Dyesur, Exar, Toolsey, and Magatana, and as on such occasion the Ryotts acquiesced, and in your presence have granted their consents, I am now, under your approbation, to propose to the Honorable the Governor in Council, that I may become the proprietor of these seven villages, subject to a fixed revenue to Government, on such like terms of security of tenure as is vested in Mr Scott and Mr Ashburner, for the lands they hold in Salsette . . . . . ."

એજ મુજબ વળી તા૦ ૨ જી જુન ૧૮૦૬ ને દીને શેઠ અરદેસરે એક લબાન અરજી એ બાબેની સરકારના સેક્રેટરી મી૦ ફ્રાનસીસ વારડન જોગ લખી હતી, તેમા પણ તેવણ જણાવેછે કે:—

" you will, Sir perceive by the said report, that the Ryotts of the villages desired by me, have been assembled by the Collector, who hath explained to them particularly the orders of the Governor in Council on the occasion, as directed to him through you, under date the 23rd of December last, and of which he made them individually and collectively, fully comprehend.

"It thereby appears also, that the Ryotts are willing to allow of my taking out the deeds of property they have thus long and hitherto forborne receiving, or to take out themselves, and to pay me the same rents they are at present assessable, instead of the Hon'ble Company"

આ ઊપરથી સરકારે તા૦ ૭ જી જુલાઇ ૧૮૦૬ ને દીને નીચેનો પતર લખી એ સાતે ગામો શેઠ અરદેસરના હવાલામા આપ્યા હતા.—

REV DEPT

To

Ardaseer Dady

Sir,

1 I am directed to acknowledge the receipt of your letter, dated the 2nd of last month, and to inform you that the Hon'ble the Governor in Council has agreed to constitute you the proprietor of the villages of Cusba Mallar, Canary, Arrow, Dyesur, Exar, Toolsey, and Mygaton or Magatoona, on the like terms of security of tenure as is now invested in Mr Helenas Scott and Mr Ashburner, upon condition of your regularly paying the fixed revenue of those villages, which is fixed at Rupees 14,600-1-12 after deducting the interest of the valuation to be made of your ground within the garrison, to be exchanged for them, and upon the express condition likewise of your maintaining the several Ryotts in the enjoyment of the spots they now cultivate, according to the terms on which they have respectively acquiesced in your becoming their landlord, and as they shall severally desire to be continued in it, leaving to you to make the most of the waste and unoccupied ground within your estate, and to raise thereon such articles as you may prefer, as well as within the cultivated parts now occupied by the Currenbees or Ryotts

2 In constituting you proprietor of the villages in question, on the terms specified in the preceding paragraph, the Governor in Council confidently relies on your best endeavours to bring the waste lands of these villages into the earliest state of cultivation, setting thereby an example to the other landholders and tenants in Salsette of promoting the public good in concurrence with private advantage, as likewise that you and your heirs will ever consider as a primary duty to attend to the comfort and well being of the Ryotts, and to the increase of the population of the villages, thus permanently committed to your and their good management, to the end that others may, by observing the success of your exertions, be induced to become proprietors of land in an island so suscep-

---

તા૦ ૧૦ મી જુલાઈ.

રોજ ૬ માહ ૧૦ (શે૦) ૧૧૭૫ યજદજરદી.

મરણ—દસ્તુર ફરામજી સોરાબજી મેહરજી રાણાના— (ઉમર વર્ષ ૪૮) નવસારીવાળા દસ્તુર સોરાબજી રૂસ્તમજી મેહરજીરાણાના બીજા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૯૩ માં પોતાના વડા ભાઈ દસ્તુર કાઉસજીના મરણ પછી

નવસારીના વડા દસ્તૂરની જગા મળી હતી. એવણ ઇ૦ સ૦ ૧૮૦૩ મા મુંબઇમધે શેઠ અરદેશર દાદીભાઇની ફરમાશથી તેમને ત્યાંની શેઠાઇમા શામેલ થવાને આવ્યા હતા, અને અતરેના પારસીઓથી મોટું માન મેળવ્યું હતુ. નવસારીના મેહરજી રાંણાના કુટુંબના સઘળા દસ્તૂરોમા એવણ વધારે કામેલ થઈ ગયાછે. પેહલવેહલો ઓરદેહ અવસ્તાનો ગુજરાતીમાં તરજુમો એવણે કીધો હતો.[1] તથા શાહનામુ અને બરજોરનામાના[2] ગુજરાતીમા તરજુમા પણ એવણે કીધા હતા. કદમીઓના વડા દસ્તુર મુલાંફીરોજજીએ એવણની તારીફમા ફારસી ભાષામા સ્લોક બેતો જોડેલાછે.

તા૦ ૨૨ મી સપટેમબર.

રોજ ૨૦ માહ ૧૨ (શે૦) ૧૧૭૫ યજદજરદી.

આજ દીને સુરત મધે રૂસ્તમપરામે નવસારીવાલા દેશાઈ મનચેરજી ખુરશેદજીએ એક દરેમેહર બંધાવી પરહાવી હતી.[3]

---

tible of, and of yielding an adequate and ample return for the labor and expense that may be bestowed upon its agriculture and improvement

By order of the Hon'ble the
Governor in Council
(Signed) F WARDEN,
*Secy to Govt*

Bombay, July 3rd 1806

એ ઊપરથી તા૦ ૬ ઠી જુલાઇ ૧૮૦૬ ને દીને અતરેના કલેક્ટર જનરલ મી૦ પી લીમેજરરે શેઠ અરદેસરને થાણે મોલાવી તેઓને દરેક ગામમા લઈ જઈ તેનો અખત્યાર સોંપ્યો હતો એ પછી મજકૂર અમલદાર ઊપર શેઠ અરદેસરે તા૦ ૨૪ મી જુલાઈ ૧૮૦૬ ને દીને લખેલા પતરમાં તેઓ એ ગામોમા ગયા તથા ત્યાના લોકોની તેમના તરફની વર્તણુકથી ખુશી થયા તે માટે નીચે પ્રમાણે જણાવેછે:—

" and I have the pleasure to inform you, that on my visiting the several villages, I am at present very well satisfied with the conduct of the people thereof"

એ પ્રમાણે ઊપલા ગામો શેઠ અરદેસરને સ્વાધીન થયા પછી વળી પાછો તેવણની હોરનબી રોની મજકૂર જગો કે જેના બદલામા આ ગામો તેમને આપ્યા હતા તે જગાની કીમતમા વાંધો પડયો અતરેની ટાઊન કમીટીએ તેની કીમતના દર ચોરસવારે રૂ૨૫) આપવાની ભલામણ કીધી હતી, પણ સરકારે તેના દર ચોરસવારે રૂ૨૦) આપવા જણાવ્યા આથી શેઠ અરદેસરે કેટલીક લખાન દલીલોથી બતાવ્યુ કે તેવણની જમીનની કીમત ટાઊન કમીટીએ જે ઠેરવીછે તેજ આપવી જોઇએ આથી સરકારે એ બાબદ ઇગલાંડ કોરટ-ઑફ ડાએરેકટરસની મુનસફી ઊપર સોંપવાને ઠેરવ્યુ, અને શેઠ અરદેસરે પણ તેમના અપક્ષપાત ફેસલા ઊપર રાજી થવાની પોતાની મરજી તા૦ ૨૭ મી નવેમબર ૧૮૦૬ ને દીનેના મી૦ વારડન શેક્રેટરી જોગના પોતાના પત્રમા બતાવી વળી એજ પત્રમા તેવણે જણાવ્યુ કે "હુ કાઈ મારી જમીનની કીમતનુ રોકડ નાણુ તો માગતોજ નથી હુ હવડાજ નથી માગતો એમ નહિ, પણ આગળ જ્યારે સરકારને નાણા સબધી ખુટ હતી ત્યારે પણ મે રોકડ નાણું માગ્યુ નથી મારો હેતુ આએ બાબદમા કાઈ નાણુ લઈ વેપરો કરવાનો નથી, પણ મારા કુટુંબની બજાવણી તથા પોષણનો બંદોબસ્ત કરવાનોછે અને હતો" આ બારેના શેઠ અરદેસરના સખુનો નીચે પ્રમાણેછે —

"I beg the Hon'ble the Governor in Council will please to remember, that when the exigencies of the Government were great and cash very scarce, I never even then mentioned a desire to be paid for my ground in cash, when I could have used it to much greater advantage than I can now My motives are not mercantile but family, and they are the same now as at the period when the offer was made in regard to the principle of adjustment"

આ ઊપરથી સરકારે ઇગલાડથી "કોરટ-ઑફ ડાએરેકટરસ" જેમ ઠેરવશે તે પ્રમાણેની તે જગોની કીમત ગણ્યામા આવશે એવી કબુલાતથી તે જગાનો કબજો તા૦ ૨૯ મી નવેમબર ૧૮૦૬ ને દીને શેઠ અરદેસર પાસેથી લીધો હતો

એ રીતે આ ગામો શેઠ અરદેસરના હસ્તકમા આવ્યાથી તેવણ મુંબઈના પારસીઓમા પેહલવેહલા જાગીરદાર તરીકે થયલા ગણાયછે શેઠ અરદેસરના મરણ પછી નવ વર્ષે એટલે તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૧૯ ને દીને તેવણના બે દીકરાઓ શેઠો ખરશેદજી અને જાગીર અરદેસર દાદીને એ સાતે ગામોનુ ઇસ્ટ ઇડીઆ કપની તરફથી અતરેની સરકારના સેક્રેટરી મી૦ ડબલયુ ન્યુનહામની સહી સુધાનુ એક "દીડ ઑફ કનવેયનસ" કરી આપવામા આવ્યુ હતુ એ ગામોમાના કનેરી, મલાડ, તુલસી, અને એરૂ ગામો શેઠ ખરશેદજીને હીસ્સે આવ્યા હતા, તે ઇ૦ સ૦ ૧૮૬૯ મા તેમના છોકરાઓની કપનીના ભાગાથી વેચી નાખવામા આવ્યા હતા, અને તે શેઠ અહમદભાઈ હબીબભાઈએ ખરીદ કીધાછે બાકીના ગામો શેઠ જાગીરજીને હીસ્સેના હાલ તેમના ત્રણ દીકરાઓ શેઠો હોરમજજી, શોરાબજી (મરહુમ), તથા દાદાભાઈ જાગીરજી દાદીશેઠના હસ્તકમાછે

ઊપલી બાબદને લગતા સઘળા કાગળીયાઓ શેઠ હોરમજજી જાગીરજી દાદીશેઠ પાસેથી અમોએ ઊપયોગમા લીધા હતા

૧ આ તરજુમો ઇ૦ સ૦ ૧૮૧૮ મા મુબઈ સમાચાર છાપાખાનામાથી મોબેદ ફરદુનજી મરજબાનજીએ છાપી બાહેર પાડયો હતો

૨ આ બરજોરનામાના ગુજરાતી તરજુમાના સાત વાલમો ઇ૦ સ૦ ૧૮૪૪ મા શેઠ કાવશજી બરજોરજી સબજાણીએ વરતમાન છાપાખાનામા છપાવી બાહેર પાડયા હતા

૩ એ દરેમેહરપર કસ્સી તખતી મારેલી નથી, પણ તેને પરહવાનો ઊપલો દાહડો વાર એ૦ જામાસ્પજી શોરાબજી દસ્તૂર મેહરજી રાણાવાલાએ મેળવી આપ્યોછે એની આગમજ ઇ૦ સ૦ ૧૭૭૬ મા જ્યારે નવસારીમા ગીરદી પડી અને લોક બધુ નાસીને સુરત આવ્યું ત્યારે તેમને

તા૦ ૬ ઠી નવેમબર.

રોજ ૩૦ માહ ૨ (કo) ૧૧૭૬ યજદજરદી.

**મરણ**—એદલજી બહમનજી (એદલકાકા)—ઉમર વર્ષ ૬૦) અતરેના "એદલકાકા" ના ખાનદાનના વડવા. એવણે પોતાની આખી ઉમર ચીનની સફરોમાજ કાઢી હતી પેહલવેહલા એવણ ઈ૦ સ૦ ૧૭૭૫ મા શેઠ દાદીભાઇ નસરવાનજીની તરફથી તેમના આડતીઆ તરીકે ચીન ગયા હતા, અને તે પછી તેમની (શેઠ દાદીભાઈની) તથા બીજા વ્યાપારીઓની તરફથી ચીનની આડતનુ કામ કરતા હતા. ચીનમા એઓનો પોતાનો પણ મોટો વ્યાપાર ચાલતો હતો, તથા ત્યાના "હાંગ મરચંતો" સાથે એવણ ઘણાજ પલોટાઈ ગયલા હતા. મકાઉ તથા કાંનટનમાં એવણે પોતાને રેહવાને માટે બે મોટા ઘરો બાંધ્યા હતાં. પોતાની જીંદગીના છેના બે ત્રણ વર્ષજ એવણે મુબઈમાં કાઢયા હતા

# ઈ૦ સ૦ ૧૮૦૭.

આએ વર્ષના "બોમ્બે કુરીઅર" માથી નીકળેલા અગ્રેજી કાલેનડરમા[1] પારસીઓને લગતી સઘળી ખીના છેલા કાલેનડરની બરાબરજછે. ફકત વાહણવટીઓની ટીપમા નીચના વાહણોનો પારસીઓના નામપર ઉમેરો થાયોછે :—

| વાહણનું નામ. | માલેક. | ટણ. |
|---|---|---|
| મીનરવા | હોરમજજી દોરાબજી લશકરી . . . | ૯૫૭ |
| શાહ અરદેસર | હોરમજજી દોરાબજી લશકરી | ૮૬૪ |
| આવબોઅન | દોરાબજી કાવશજી પટેલ . . | ૮૦૦ |
| અલેકજાનડર . | ધનજીભાઈ દોરાબજી રેડીમની . | ૬૦૦ |
| સુલેમાની | ફરામજી કાવશજી બનાજી અને બીજાઓ | ૫૪૦ |
| હીલ્યમ . | અરદેસર દાદીભાઈ . . . . | ૩૫૦ |

તા૦ ૨ જી આપરેલ.

રોજ ૨૭ માહ ૬ (શે૦) ૧૧૭૬ યજદજરદી.

**મરણ**—બરજોરજી જીજીભાઈ વાછા—ઉમર વર્ષ ૫૭) એવણ "બજી વાછા" ને નામે અતરેના લોકોમા તે વખતે જાણીતા હતા. પોતાના જન્મ ગામ નવસારીથી ઈ૦ સ૦ ૧૭૬૫) ને આસરે અતરે આવી પોતાના ભાઈ શેઠ એદલજીની ચાલીની દુકાનમા ભાગ લીધો હતો. તે પછી થોડીક મુદતે પોતે તેઓથી છુટા પડી જુદી દુકાન મોટા પાયા ઉપર કાઢી હતી.

તા૦ ૨૫ મી આપરેલ.

કરનાટીક મધે દુકાલ પડવાથી ત્યાના ગરીબોના આસરાને માટે અતરે એક ફંડ ઉભું કરવામાં આવ્યું હતુ, જેમાં નીચના પારસીઓએ રકમ ભરી હતી[2]

| | |
|---|---|
| મરહુમ શેઠ સોરાબજી મનચેરજી રેડીમનીના ફંડમાથી . . . . | ૩૧૫૦૦ |
| શેઠ હોરમજજી બહમનજી વાડીઆ . | ૩૧૦૦૦ |
| શેઠ અરદેસર દાદીભાઈ . . . . . . | ૩૧૦૦૦ |
| શેઠ પેશતનજી બહમનજી વાડીઆ . | ૩૨૦૦૦ |
| શેઠ નશરવાનજી માણેકજી વાડીઆ . . | ૨ ૫૦૦ |

તા૦ ૩૦ મી મેએ.

લંડનમાના "સ્કાટીશ કારપોરેશન" નામનાં બીજા ચારલસ રાજાએ સ્થાપેલાં એક ધર્મખાતાનાં ફંડમા મુંબઈના ગવરનર જોનાકન ડંકને અતરેથી ઉઘરાણુ કરી ૨૭૦૦૦) ને આસરેની એક રકમ એકઠી કરી મોકલી હતી. તે ત્યાની વાર્ષિક સભા જે તા૦ ૨૫ મી જુન ૧૮૦૬ ને દીને મલી હતી તેમા કબુલ કર્યામા આવી હતી, તથા ગવરનર ડંકનનો તેમજ નાણાં ભરનારાઓનો ઉપકાર માની તે ઠેરાવ છપાવવા મોકલ્યો હતો, તે આજની તારીખના "બોમ્બે કુરીઅર" મા નાણા ભરનારાઓનાં નામની ટીપ સાથે છપાયો હતો, જેમા નીચના પારસીઓના નામ હતા.

શેઠો અરદેસર દાદીભાઈ, પેશતનજી બહમનજી વાડીઆ, હોરમજજી બહમનજી વાડીઆ, નશરવાનજી માણેકજી વાડીઆ, મનચેરજી નવરોજજી.

ધર્મ નીમની ક્રિયા કરવા માટે એજ જગોપર મરહુમ દેશાઈ ખુરશેદજી કેકુબાદજીએ બે ત્રણ ઓરડા બંધાવ્યા હતા મજકૂર દરેમેહર દેશાઈ મનચેરજીએ બંધાવ્યા પછી તે પુરાનો થવાથી પાછો નવેસરથી ઈ૦ સ૦ ૧૮૬૩ મા મુબઈવાલા મરહુમ શેઠ એદલજી દાદાભાઇ સુખીઆના છોકરાઓએ નવેસરથી બંધાવી હતી, તથા તેના આગલા ભાગપર એક મોટી ધર્મશાલા પણ સાથેલાગી એજ શેઠોએ બંધાવીછે વળી એના પાછલા ભાગપર એક મોટો ઓટલો તથા ઊચી દેવાલ ત્યાના દસ્તૂર દારાબજી ખરશેદજી દારાબ પાવરીનાએ પોતાને ખરચે બંધાવેલીછે. એ દરેમેહરમા ચેરાગ તથા કાઠીનો ખરચ ઈ૦ સ૦ ૧૮૬૧ થી મુબઈવાલા શેઠ હોરમજજી શાપુરજી પાવરી પુરો પાડેછે

[1] The Bombay Kalendar and Register for 1807
Bombay, printed for the Proprietors, by Moroba Damothery &.

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૨૫ મી આપરેલ ૧૮૦૭

તા૦ ૨૯ મી જુન.

રોજ ૨૫ માહ ૯ (શે૦) ૧૧૭૬ યજદજરદી.

**મરણ**—શોરાબજી કડવાજી નાનાભાઈ—ઉમર વર્ષ ૩૩) ભરૂચવાલા શેઠ કડવાજી નાનાભાઇના બીજા દીકરા. એવણ પોતાના ભાઇઓ સાથે ગામમા ભરૂચ ખાતે વાહણોની દનાની તથા મોહલવડાનો બ્યાપાર મોટા પાયા ઉપર ચલાવતા હતા. આ માટે એઓને ત્યા વાહણો, ફતેહમારી, તથા બતેના મલી ૨૧ બારકસો પોતાની પેહડીના હતા.

---

તા૦ ૭ મી આગસટ.

રોજ ૪ માહ ૧૧ (શે૦) ૧૧૭૬ યજદજરદી.

**મરણ**—એદલજી ધનજી મેહતા[1]—ઉમર વર્ષ ૬૦) સુરતવાલા શેઠ ધનજીભાઈ હતુજી મેહતાના વડા દીકરા. એવણ "એડા મેહતા" ને નામે સુરતમા જણાયતા હતા, તથા ત્યા રૂનો મોટો બ્યાપાર પોતાને હીસાબે તથા પોતાના ભાણેજો શેઠ પેશતનજી અને હોરમજજી બહમનજી વાડીઆની આડતમા કરતા હતા મુબઈ માહેલી મેસર્સ ફારબસની નામીચી પેહડીની સુરત તથા ભરૂચ તરફની રૂની ખરીદી પણ એવણજ કરતા હતા. સુરતની જરથોસ્તી અંજુમનના એવણ એક આગેવાન હતા.

---

તા૦ ૧૭ મી અકટોબર.

આજ દીને અતરેના જાણીતા બ્યાપારી મી૦ એલેકજાનડર આડમસન કે જે મુબઈમા લાગત છેલા ૨૫) વર્ષ થેર રહ્યા હતા તે મરણ પામ્યો હતો તેણે પોતાની મીલકતના એકજીક્યુટરો તરીકે મી૦ ચારલસ ફારબસ અને શેઠ અરદેશર દાદીભાઇને ઠેરવ્યા હતા.[2]

તા૦ ૨૦ મી અકટોબર.

આજ દીને અતરેના સઘળી કોમના આગેવાનોએ મુબઈના ગવરનર જોનાથન ડનકનને એક અરજી કીધી હતી કે અમો તેમજ અમારા વડવાઓ મરણ તથા લગ્નની ક્રિયાને માટે નાત વગેરે જમાડવાને અમારા ઘેર આગલ જે છેક અસલના વખતથી માંડવાઓ બાધતા આવ્યા છૈયે તેનો પોલીસે અટકાવ કર્યોછે, અને તેનાં કારણમા તેઓ ઈ૦ સ૦ ૧૮૦૩ ની ભયંકાર આગનો દાખલો આપેછે. પણ તમારા અરજદારો કેહવાની રજા લેછે કે તે આગ કાઈ એવી અમારી ધર્મ સબધી ક્રિયાઓ ઈતા માંડવાઓથી લાગી નથી, ઓર હમેતો એવી કાઈ હોનાગત નહિ બને તે વિષે હમેશા ઘણા સાહુચેત રહીજીયે છૈયે. અમો તથા અમારા વડવાઓ જે આટલી લાંબી મુદત થાઈ માયાલુ સરકારના રાજ્યમા સુખચેન ભોગવતા આવ્યા છૈયે તે ઉપરથી અમો કહી શકયે છૈયે કે એ અટકાવ અમારૂં ભલુ થાય એવા વિચારથીજ કર્યો હશે; પણ કેહવાની રજા લઈજીએછ કે એથી અમારી ધર્મ સબધી ક્રિયાઓને ઘણી ખલલ પોહચશે, માટે આશાછે કે સરકાર એ વાત પોતાના માયાલુ ધ્યાનમા લેશે. આ અરજી ઉપર ૨૯ હિંદુ, ૬ મુસલમાન, અને બીજા ૧૯ પારસીઓની સહીઓછે[3]

ફરામજી નાનાભાઇ દાવર, દાદાભાઈ કાવસજી શાએર, અરદેશર દાદીભાઈ, પેશતનજી બહમનજી વાડીઆ, નશરવાનજી માણેકજી વાડીઆ, ધનજીભાઈ શોરાબજી રેડીમની, ખરશેદજી માણેકજી સરાફ, દાદાભાઈ નશરવાનજી મોદી, નવરોજજી પેશતનજી, શોરાબજી કાનજી પટેલ, નશરવાનજી કાવસજી પીટી, બરજોરજી દોરાબજી દાદીબરજોર, જીવાજી ધનજી ઢોડી, બેહરામજી એદલજી મોદી, કાવસજી બેહરામજી બનાજી, પેશતનજી ભીખાજી પાંડે, હોરમજજી ધનજી પટેલ, કાવસજી હીરજી રાશકર, શોરાબજી એદલજી મેજરના.

---

આએ વર્ષમા શેઠ ફરામજી દાદાભાઈ શેઠનાના નામે સુરતના એક પારસી ગ્રહસ્થ ડાકટર હેમનર નામના ઈસ્ટ ઈંડીઆ કંપનીની નોકરી માહેલા એક અમલદારની સાથે ઈંગલાંડ ગયા હતા[4]

---

[1] એવણના બાવા શેઠ ધનજી હતુજી મેહતા પણ સુરતના એક જાણીતા અકાબર હતા તેવણ ત્યાના નામીચા મુલ્લા અબદુલ ગફુર કે જે મોટો વાહણવતી તથા સોદાગર હતો તેમને ત્યાના વડા મેહતા હતા એવણના વડવાઓના નામો સુરતની એક જુની ડીસાપોથીમાથી નીચે મુજબ મલી આવેછે

ધનજી, હતુજી, માણેકજી, હપુજી, નરશગજી, આશાજી, જશાજી, બેહરામજી, સપતમાનજી

[2] આએ મી૦ એલેકજાનડર આડમસન આપણા પારસીઓ સાથે ઘણોજ પરોઠાઈ ગયલો હતો, અને મુખ્ય કરી મરહુમ શેઠ દાદીભાઇ નશરવાનજી સાથે એટલીતો મોહબત રાખતો હતો કે ઈ૦ સ૦ ૧૭૯૯ મા શેઠ દાદીભાઇના મરણ પછી તેમની વરસીને તાકણે એણે તેવણની એક બાજ પોતાને ખરચે શેઠ દાદાભાઇ કાવસજી બાટલીવાલાની મારફતે કરાવી હતી, અને ત્યા સઘળા બ્યાપારી પારસીઓને જમવાને બોલાવ્યા હતા આ મી૦ આડમસને કરેલી બાજના ખાણામા શામેલ થયલા એક જરથોસ્તી શેઠ કુવરજી હોરમજજી બાબા, કે જેવણ થોડુ કજ થયુ ૮૮ વર્ષની ઊમરે મરણ પામ્યાછે તેવણે એ હકીકત પોતાના દીકરાઓ આગલ કહેલી અમોએ તેઓમાના એક શેઠ નવરોજજી જમશેદજી ગામડીઆથી સાભલીછે

[3] આ અરજીની નકલ શેઠ દાદાભાઇ પેશતનજી વાડીઆ પાસેથી મલીછે

[4] મરહુમ શેઠ કરસનદાસ મુલજીની "ઇગલાંડમાં પ્રવાસ" ની ચોપડી સફે ૩૬ કેહેછે કે ઊપલો ડાકટર એવણને ચપલ જોઇ ૧૭ વર્ષની વએના ઇગલાંડ લઇ ગયો હતો ત્યા ઇગ્રેજી બાબાની કેળવણી સારી રીતે આપી એઓને અતરે કોઇ વાહણમા પાછા મોકલ્યા હતા એ પછી સુરત ખાતે એવો સરકારી નોકરીમા રહ્યા હતા.

## ઈ૦ સ૦ ૧૮૦૮.

આએ વર્ષનાં "બોમ્બે કુરીઅર" માંથી નીકલેલા ને ગ્રેજી કાલેનડરમાં[2] પારસીઓને લગતી સઘળી ખીના છેલા કાલેનડરની બરાબરજછે. ફકત ઈનસુરનશ સોશા-ઈટીના પારસી ભાગીદારોની ટીપમા શેઠ એદલજી બેહ-મનજી (એદલદારૂ) નુ નામ નથી, અને શેઠ શોરાબજી મનચેરજી રેડીમનીને બદલે શેઠ ધનજીભાઈ સોરાબજી રેડીમની, તથા શેઠ દોરાબજી રૂસતમજી પટેલને બદલે શેઠ શોરાબજી કાવશજી પટેલ, તથા શેઠ ફરામજી માણેકજી વાડીઆને બદલે શેઠ નવરોજજી ફરામજી વાડીઆનાં નામ આવેલાછે.

તા૦ ૯ મી ફેબરવારી.

મુબઈની પોલીસના સુપરીનટેન્ડન્ટ મી૦ સાઈમન હાલીડેના અતરેથી પોતાને વતન સીધાવવાથી આજ દીને અતરેના દેશી રેહવાસીઓએ તેને એક માન પત્ર આપ્યું હતુ, જે પર ૨૮ પોરતુગીજ, ૧૩ હિંદુ, ૩ મુસલમાન, અને બીજલા ૨૨ પારસીઓ મળી ૬૬ ગ્રહસ્થોની સહીઓ હતી.[2]

મેહરવાનજી બરજોરજી શેઠ, ભીખાજી મેરજીની કંપની, અરદેશરજી માણેકજી સગર, નશરવાનજી રતનજીની કંપની, પેશતનજી ભીખાજીની કંપની, હોરમસજી ધનજી પટેલ, હીમજી કાવશજી બનાજી, મોદી માણેકજી નવરોજજી, સોરાબજી કાવશજી પટેલ, સોરાબજી શાપુરજી શેઠના, નશરવાનજી માણેકજી વાડીઆ, અરદેશર દાદી-ભાઈ, ધનજીભાઈ સોરાબજી રેડીમની, જમશેદજી બહેમ-નજી વાડીઆ, બરજોરજી દોરાબજી દાદીબરજોરના, પેશતનજી બહેમનજી વાડીઆ, ફરામજી નાનાભાઈ દાવર, નવરોજજી સોરાબજી શેઠના, હોરમસજી બહેમનજી વાડીઆ, મોદી દાદાભાઈ નશરવાનજી, મોદી સોરાબજી વાછાગાંધી, અરદેશરજી સોરાબજી શેઠના.

તા૦ ૧૫ મી ફેબ્રુઆરી.

રોજ ૧૧ માહ ૫ (શે૦) ૧૧૭૭ યજદજરદી.

**મરણ**—શીરીનબાઈ તે રૂસતમજી દોરાબજી પટેલના ધણિઆણી—ઉમર વર્ષ ૮૦) એવણના માબાપ શીયાવક્ષ બીન દીનયાર અને શીરગીજ કરી ઈરાનના રેહવાસી હતા. તેઓ ઘણા જુલમ તથા હાદેમાઓને લીધે મુસલમાન ધર્મમા વટલી ગયા હતાં, અને પોતાની બે છોક-રીઓને છુપી રીતે જરથોસ્તી દીનમાજ રાખી હતી, તથા તેણીઓને હિંદુસ્થાન ખાતે પારસીઓની વસ્તીમાં મોક-લવાની ગોઠવણ કરતા હતા. તેવામા એક જરમન મુસાફર ત્યા જઈ લાગો, કે જે ઘણો ભલું માણસ હોવાથી શી-યાવક્ષે તેને કાલાવાલા કરી પોતાની બન્ને બેટીઓને સોંપી, અને કહ્યું કે તેણીઓને હિંદુસ્થાનમા જ્યાં પારસીઓની વસ્તી હોય ત્યા કોઈ સારા માણસોને સોંપવી. પેલા જરમન મુસાફરે તે બેમાની એક છોકરી સાથે પરણવાને પોતાની ઈચ્છા જણાવી, અને બીજીને મુંબઈમા કોઈ સારા માણસ સાથે પરણાવી આપવાને કબુલાત આપી. દુશમનની જુલમ ગુજારમા સપડાયા કરતાં પેલી બન્ને છોકરીઓએ તથા તેમના માબાપોએ આ માગણી કબુલ કીધી, અને તેથી તેણીઓ પેલા મુસાફરની સાથે ઈરા-નથી નિકલી અતરે મુંબઈમા આવી પુગી. મુંબઈમા આવી પેલો જરમન એક છોકરીને તેણીની રાજીખુશીથી પોતાને દેશ લઈ ગયો, અને બીજીને તે વેળાના અત-રેના નામીચા પારસી દુકાનદાર શેઠ ભીખાજી બેહરામજી પાંડેને કોઈ પારસી ગ્રહસ્થ સાથે પરણાવવા માટે સોંપી ગયો આ છોકરી તે મજકુર શીરીનબાઈ હતી. તે વેળાએ મુંબઈમા હાલ જ્યા "હારબસ સ્ટ્રીટ" છે ત્યા જુની પોલીસવાલા મકાન આગળ એક તળાવ હતો તે તળા-વને કીનારે મુંબઈના ઘણાખરા પારસીઓ સાંજને છેટે હવા ખાવા બેસતા હતા. તે ઠેકાણે કેહછે કે શેઠ ભીખાજી શીરીનબાઈને કોઈ બિચાર પસંદ કરાવવા લાવ્યા. ત્યા તેણીએ પોતાના મજકૂર ખાવંદને પસંદ કીધા, અને પરણ્યા પછી ચાર બેટાઓને જન્મ આપ્યો, કે જેઓમાના જાણીતા શેઠો કાવશજી (પટેલ), દોરાબજી, અને કેખશરૂ, એમની હૈયાતીમાજ મરણ પામ્યા હતા

તા૦ ૧૬ મી આપરેલ.

નામદાર કંપની સરકારના વાહણ "સેંટ ફલોરેનઝ" ના મરનાર કપટાન હારડીંગની મુંબઈના દેવળ માહેલી કબર ઉપર અતરેના રેહવાસીઓ તરફની યાદગારીનો એક સ્થંભ ઉભો કરવાને મુંબઈના રીકારડર સર જેમસ મેકીનટોશે એક ઉઘરાણાની ટીપ ફેરવી હતી, જેમા નીચના પારસીઓએ રકમ ભરી હતી.[3]

| | |
|---|---|
| શેઠ અરદેશર દાદીભાઈ . . . . . | રૂ૨૦૦ |
| શેઠ હોરમસજી બહેમનજી વાડીઆ | રૂ૨૦૦ |
| શેઠ પેશતનજી બહેમનજી વાડીઆ . . . | રૂ૧૦૦ |

૧ The Bombay Kalendar and Register for 1808 *Bombay, Printed for the Proprietors, by Samuel Rans.*

૨ બોમ્બે કુરીઅર, તા૦ ૨૦ મી ફેબરવારી ૧૮૦૮

૩ બોમ્બે કુરીઅર, તા૦ ૭ મી મે ૧૮૦૮

| | |
|---|---|
| શેઠ નશરવાનજી માણેકજી વાડીઆ | ૨૧૦૦ |
| શેઠ ધનજીભાઈ શોરાબજી રેડીમની | ૨ ૫૦ |
| શેઠ ફરામજી નાનાભાઈ દાવર . . | ૨ ૫૦ |
| શેઠ ખરશેદજી માણેકજી સગાક . . | ૨ ૫૦ |
| શેઠ દાદાભાઈ નશરવાનજી મોદી | ૨ ૫૦ |
| શેઠ હોરમજજી દોરાબજી લશ્કરી . . | ૨ ૫૦ |
| શેઠ શોરાબજી કાવશજી પટેલ . . | ૨ ૫૦ |
| શેઠ જમશેદજી નાનાભાઈ ગાર્ડ | ૨ ૫૦ |
| શેઠ જમશેદજી બહુમનજી વાડીઆ | ૨ ૫૦ |
| શેઠ રતનજી બહુમનજી વાડીઆ | ૨ ૫૦ |
| શેઠ નવરોજજી ફરામજી વાડીઆ . . | ૨ ૫૦ |
| શેઠ બેહરામજી કાવશજી બનાજી . | ૩ ૨૦ |

તા૦ ૧૭ મી જુન

આજ દીને બપોરના બાર કલાકે ધોબીઓના તલાવની પાસેના એક પેરીપાના ઘરમા ભયંકર આગ લાગી હતી. તે થોડાવારમા છેક ધોબીતલાવથી તે ગીરગામના રસ્તા સુધી ફેલાઈ અને નજદીક ૧૫૦ ઘરો બાળી નાખ્યા, તેમા શેઠ ખરશેદજી માણેકજી સગાફવાલાનુ દારૂનુ કારખાનુ બળી ગયુ,[1] અને આગનો દેખાવ તે જગોપર અત્યંત ધાસ્તી ભરેલો લાગવા માંડયો. બપોરના બે વાગાને આસરે નામદાર ગવરનર જોનાથન ડંકન, ટાઉનમેજર, એડજુટન્ટ, પોલીસ સુપરીંટેન્ડન્ટ, કરનલ કીટીંજ, અને બીજા અમલદારો, સિપાહીઓ તથા સોલ્જરો સાથે આવ્યા હતા, અને સાંજના આગ નરમ પડી ત્યાંલગ તે જગોએ રહયા હતા.[2]

તા૦ ૧ લી જુલાઈ

રોજ ૨૮ માહ ૯ (શે૦) ૧૧૭૭ યજદજરદી.

મરણ—ધનજીભાઈ હોમાજી પટેલ[3]—ઉમર વર્ષ ૭૦) શેઠ હોમાજી પેશતનજી પટેલના ત્રિજા દીકરા એવણ "ધનાપટેલ" ના નામથી જણાયલા હતા, અને તેજ અટકથી આજ લગણ એવણનુ કુંટુંબ પણ ઓળખાએછે. એવણે પ્રથમમા કોટના હોરબજારમા પરચુરણ સામાનની એક નાહની દુકાન માંડી હતી. તે બાદ મરીન ખાતાના કપતાન હેમીલટનની સાથે ભાગમા ભુલેશવરના રસ્તા તરફ વાહણોના ઉપયોગને માટે પીંજાયલી દોરડા વણવાનુ એક કારખાનુ અથવા કરદોરી સ્થાપી હતી. એવણ તે વેળાની મુંબઈની પારસીની પંચાએતના એક આકાબર હતા.

તા૦ ૨ જી સપટેમબર

શેઠ હોરમજજી બહુમનજી વાડીઆની મુંબઈમા પારશી બંદરના દરવાજા આગળ (હાલ જ્યા "ઈજીકાસ ચરચ" તથા સરકારી "આઈસ-હાઉસ" છે) મોટી જગા હતી તે સરકારે પોતાના કાંઈ કારણસર લીધી હતી, અને તેના બદલામા આજ દીને તેવણને ઈસ્ટ ઇંડીઆ કંપની તરફથી છાપરીમા આવેલા નીચલા આઠ ગામો દર વર્ષે ૩૮૬૮૪—૦—૯૩ રેસનો થોડો સરકારમા ભરવાની કબુલાતે વંશપરંપરા આપ્યાં હતા —[4]

મરોલી, મરોલી, કુરેલ, કાવીન,
ઓરહોલી, અમીઆપેનકોલ, નાર, પરતપુર.

---

[1] આ બાબે એની બીજે દિવસના "કુરીઅર" મા લખેછે કે —

" Amongst the most valuable of the premises which fell a prey to its destructive violence was the distillery of Curcetjee Maneckjee. When the fire reached this spot the scene became most tremendously awful "

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૧૮ મી જુન ૧૮૦૮

[3] એવણના બાવા શેઠ હોમાજી પેશતનજી પટેલ ઈ૦ સ૦ ૧૭૩૪ મા સુરતની પાસેના સુમાલી ગામમાથી અતરે આવ્યા હતા. તેવણના ગુજરાતી દસખત ઘણા સરસ હોવાથી અતરે આવ્યા પછી આગલા વખતના ગુજરાતી નામાઓ તથા કીમ્સાઓ લોકોને લખી આપી તેઓર પોતાનો ગુજરો કરવા માંડયો હતો. તે બાદ કેટલેક ઈ૦ સ૦ ૧૭૩૮ મા જયારે મુંબઈના કોટની આસપાસ રસતી ઘરો બાંધવા માંડી ત્યારે તે માહેલા કેટલાક ભાગના કામનુ ઊનરીતુ એવણને મળ્યુ હતુ. એવણના ચાર છોકરાઓના વંશો આજે ચાર જુદી જુદી અટકથી ઓળખાએછે. તેમા વડા શેઠ નશરવાનજીના વંશો "નશલાપટેલ", બીજા શેઠ શોરાબજીના વંશો "છીબાપટેલ" ત્રિજા શેઠ ધનજીભાઈના વંશો "ધનાપટેલ" અને ચોથા શેઠ કાવશજીના વંશો "કાઉપટેલ"ની અટકથી જણાયછે. એવણના કોઈ વડવાઓ કેહછે કે સુમાલી ગામમા અસલ પટેલાઈ કરતા હતા

[4] આ જગા સરકારે શેઠ હોરમજજી પાસે માગવાથી તેવણે તા૦ ૪ થી આગસટ ૧૮૦૮ ને દીને સરકાર પર એક કાગજ લખી તેમની એ જગાના બદલામા છાપરી તરફના કાઈક ગામો લેવાની મરજી જણાવી આના જવાબમા સરકારે તા૦ ૨ જી સપટેમબર ૧૮૦૮ ને દીને શેઠ હોરમજજીપર એક પત્ર લખી ઉપલા ગામો તેમને સ્વાધીન કીધા. આ ગામોની કીમત તથા તેમની ઉપજ ઊનવી જગા કરતા ઘણી વધારે હોવાથી તે વધારાના રૂપીઆના બદલામા સરકારને શેઠ હોરમજજીએ તથા તેમના વારેસોએ દર વર્ષે ૩૮૬૮૪—૦—૯૩ રેસનો થોડો હંમેશની મુદતે ભર્યા કરવો એવી ગોઠવણ કીધી હતી એ પછી તા૦ ૧૬ મી આગસટ ૧૮૧૮ ને દીને શેઠ હોરમજજીને એ આઠે ગામોનુ ઈસ્ટ ઈંડીઆ કંપની તરફથી અતરેની સરકારના સેક્રેટરી મી૦ જેમસ ફેરીશની સહી સુધાંત એક "ડીડ ઑફ કનવેયન્સ" કરી આપવામાં આવ્યુ હતુ. ત્યારબાદ ઈ૦ સ૦ ૧૮૮૦ મા ગવરનર સર રીચર્ડ ટેમ્પલના વખતમા એ ગામોના અમલદારીના હક સરકારને આપી દઈ બીજા એકંદર રૂ૨૫૦૦૦)ની રકમ આપી ઊનતો વાર્ષિક થોડો એવણના વારેસોએ બંધ કરાવ્યો હતો

તા૦ ૨૦ મી સપટેમબર.

રોજ ૧૮ માહ ૧ (ક૦) ૧૧૭૮ યજદજરદી.

**મરણ**—માણેકજી કાવશજી લીલાઉવાલા—ઉમર વર્ષ ૭૦) શેઠ દાદાભાઈ કાવશજી જાટલીમેનના ભાઈ. એવણ તે વખતે અતરેના સઘળા લીલાઉઆંનાઓમા, તથા ઈસ્ટ ઇંડીઆ કંપનીના અફીમ તથા બીજા વ્યાપારને લગતા માલોના લીલાઉઓમા "ક્રાએર" તરીકે જતા હતા.[૧]

---

તા૦ ૨૩ મી સપટેમબર.

રોજ ૧૭ માહ ૧ (ક૦) ૧૧૭૮ યજદજરદી.

આજ દીને મુંબઈ મધે ભીંડીબજાર તરફ શેઠ મેહેરવાનજી માણેકજી પેટેલે રસમી તરીકા મુજબ આદરા-નની એક દરેમેહેર બંધાવી પરકાવી હતી.[૨]

---

તા૦ ૧૧ મી અકટોબર.

રોજ ૫ માહ ૨ (ક૦) ૧૧૭૮ યજદજરદી.

**મરણ**—પેશતનજી શેરાબજી તાલેયારખાન[૩]—ઉમર વર્ષ ૭૫) સુરતવાલા શેઠ શેરાબજી કાવશજી નેક-સામતખાનના નાથના દીકરા. એવણના બાપે દીલ્હીના શાહનશાહ જેહાનદારશાહના ઘડીઆલો સમારી આપ્યાથી તેણે પ્રસન થઈ તેમને તથા તેમના બે છોકરાઓને જે એલકાબો આપ્યા હતા તેમા એવણને "તાલેયારખાન" એટલે "ભાગ્યશાલી નશીબવાલો" એવો એતાબ મલ્યો હતો. ઈ૦ સ૦ ૧૭૭૨ માં બાપના મરણ બાદ એવણ તથા એવણના ભાઈ શેઠ બરજોરજી બેહેરામ દખાન શામમા રૂસમ, કપડ, વગેરેનો વ્યાપાર તથા પોતાના બાપને મલેલી જાગીરોનો ભોગવટો ચલાવતા હતા. તે ઉપરાંત ઈ૦ સ૦ ૧૭૭૫ થી તે ૧૭૮૦ સુધી પાચ વર્ષને કરારે મી૦ બુચર નામના કોઈ ઇંગ્રેજ અમલદાર પાસેથી "ટીંબા" પરગણુ ઇજારે લીધું હતુ. ઈ૦ સ૦ ૧૭૯૧ માં એવણ વડા ભાઈથી સઘળો હીસાબ ચુકાવી છુટા પડયા હતા, અને પોતાનો એલાહેદો વ્યાપાર ચલાવ્યો હતો.

---

તા૦ ૨૮ મી ડીસેમબર.

ઇંગલંડ મધેની "લંડન હાસ્પીટલ" ના ફંડને માટે મુંબઈમાં એક ઉઘરાણુ કરવામા આવ્યુ હતુ, જેમાં નીચલા પારસીઓએ રકમો ભરી હતી.[૪]

| | |
|---|---|
| શેઠ પેશતનજી બહેમનજી વાડીઆ.. | ૩૨૫૨ |
| શેઠ હોરમજજી બહેમનજી વાડીઆ . | ૩૨૫૨ |
| શેઠ અરદેસર દાદીભાઈ. . . . | ૩૨૯૪ |
| શેઠ ધનજીભાઈ શેરાબજી રેડીમની . | ૩૨૫૨ |
| શેઠ નશરવાનજી માણેકજી વાડીઆ .. | ૩૧૦૦ |
| શેઠ લીમજી ભીખાજીની કંપની .. . | ૨ ૩૬ |
| શેઠ ભીખાજી મેહેરજીની કંપની . .. | ૨ ૧૬ |

---

આએ વર્ષમા શેઠ અરદેસર દાદીભાઈએ ઈરાન મધે "મુબારકા" નામના ગામમા ત્યાંના જરથોસ્તીઓના ઉપયોગને માટે આદરાનની એક દરેમેહેર બંધાવી હતી, તથા તેના જાથુકના નીભાવને માટે એક જાગીર પણ વેચાતી લઈ ત્યાંની અંજુમનને સપુરદ કીધી હતી.[૫]

---

૧ શેઠ કાવશજી બેહરામજી લીલાઉવાલાના બપાવા તથા શેઠો અરદેસર જમશેદજી અને ફરામજી પેસ્તનજી લીલાઉવાલાના બાપના બપાવા આએ "ક્રાએર" ને તે વેળાએ જામા પીછોડી સાથે ઇજત હોરમતથી જવુ પડતું હતુ, તથા તેમની ફી પણ ઘણી મોટી હતી

૨ એ આદરાનનુ મકાન ઘણુ પુરાણુ થયાથી એવણની દીકરી મરહુમ બાઈ મીઠીબાઈની દીકરી બાઈ દીનબાઈ તે શેઠ નશરવાનજી માણેકજી પીટીટના વણિ-આણીએ પાકુ નવેસરથી બંધાવી તેમા અસલ આદરા-નને તા૦ ૩ જી જુન ૧૮૭૮ ને દીને તખ્તનશીન કીધા હતા, તે વખતે મારેલી તખ્તીમા શરૂઆતમા તેનો અસલ પરહાયાનો દાહડો વાર આ પ્રમાણે લખેલોછે —

"આએ આતશ આદરીઆન મરહુમ શેઠ મેહેર-વાનજી માણેકજી પટેલે રોજ ૨૨ મો ગોવાદ ઇજદ, માહ ૧૨ મો અસપંદારમદ અમશાસ્પંદ શેહનશાહી સને ૧૧૭૭ ઇઅજદજરદી, તા૦ ૨૩ મી સપટેમબર, સને ૧૮૦૮ અંગરેજીને દીને તખ્તનશીન કરયા હતા .. . ."

૩ સુરતવાલા શેઠ અરદેસર શેરાબશાહ તાલેયા-રખાનના બપાવા, તથા વરોડરાવાલા શેઠ પેશતનજી જાગી-રજી અને શેઠ દીનશાહ અરદેસર, નવસારીવાલા શેઠ શેરાબજી જાગીરજી અને મુંબઈવાલા શેઠ હોરમજજી જાગીરજી (માસટર), તથા શેઠ માણેકશાહ જાગીરશાહ (પલીડર) ના બાપના બપાવા

૪ બોમ્બે કુરીઅર, તા૦ ૩૧ મી ડીસેમબર ૧૮૦૮

૫ આ દરેમેહેર બાબે ઈરાનવાલા શેઠ માણેકજી લીમજી હાટરીઆ પોતાના "એજહારે શીઆતે ઇરાન" નામના ઈ૦ સ૦ ૧૮૬૫ મા "યુનિયન પ્રેસ" મા છપા-વેલા રીસાલામા સફે ૬૫ મે લખેછે કે —

"શવરગવાશી શેઠ અરદેશર દાદીશેઠનાએ ઘણી લાંબી મુદતપર અવેજ ને અસબાબ મોકલી "મુબારેકા" નામના ગામમે આદરીઆન બંધાવી આપી તેના ચાલુ ખરચ થકી જાગીરથી ખરીદી અપાવી હતી, પણ તે જાગીર બેહેદીનોના હાથમાથી જતે આદરીઆનની અમારત પણ માઠી હાલતમા આવી પડી; તે મકાન બંધાવી આપનારનુ નામ પણ બીમાલુમ બનયુ ચ, મગર બીજી સોધો સાથે એ બાબતની પણ જુસ્તેજુ કરતે જણાયુ છે, અને હાલે તે ગકાલ જેવી હાલતમાછે તેવુજ લાંબા દાહડા રેહશે તો આગલ જતે નહી સરખુ બનવાનુ"

# ઈ૦ સ૦ ૧૮૦૯.

આએ વર્ષના "બોમ્બે કુરીઅર" માથી નીકલેના ઇંગ્રેજી કાલેનડરમા[૧] પારસીઓને લગતી સઘળી ખીના છેલા કાલેનડરની માફકજછે ફકત વાહણવતીઓની ટીપમા શેઠ અરદેસર દાદીભાઈના નામપર દેવીડ સ્કાટ, ફ્રેન્ડશીપ, અને શાહ અરદેશર, એ ત્રણ વાહણો ઉમેરાયાછે, તથા શેઠ સોરાબજી કાવસજી પટેલના નામપર "આલબીઅન" ને બદલે "શાહ જેહાગીર" વાહણ નોધાયલુંછે.

---

તા૦ ૧૮ મી ફેબ્રવારી.

રોજ ૧૧ માહ ૬ (કે૦) ૧૧૭૮ યજદજરદી.

**મરણ**—નશરવાનજી જમશેદજી દાતારા[૨]—(ઉમર વર્ષ ૪૦) એવણ સુરતથી ઈ૦ સ૦ ૧૭૮૦ ને આસરે શેઠ બેહરામજી જીજીભાઈ છાપગર સાથે અતરે આવ્યા હતા, અને ઈ૦ સ૦ ૧૭૯૮ થી શેઠ દાદાશાહ ખરશેદજી તાલચરીવાલાની મારફતે મલબાર કોસ્તાઓ ભણીનો બ્યાપાર કરતા હતા.

---

તા૦ ૧૭ મી આપરેલ.

રોજ ૧૩ માહ ૮ (કે૦) ૧૧૭૮ યજદજરદી.

**મરણ**—મોદી રૂસતમજી માણેકજી દમણવાલા[૩]—(ઉમર વર્ષ ૫૦) સુરતવાલા શેઠ માણેકજી લવજી મોદીના નાઘના દીકરા. એવણ પ્રથમમા સુરત મધે પોતાના બાપની સાથે ફરંગી વ્યાપારીઓની દલાલી તથા બીજાં કામોમા પડેલા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૭૯૫ ને આસરે સુરત ખાતેની ફરંગીઓની કોઠીના ડરેકટર સનોર જેસીનટો ડામીનગો ડી ફોનસીકાની ભલામણ ઉપરથી પોતાના ભાઈ શેઠ મેહરવાનજીની સાથે દમણ ખાતે આવી ત્યા કપડ બનાવવાનુ તથા રંગવાનુ કારખાનુ કાઢયું હતુ. એ કારખાનાનુ કામ વધારવાને તથા મોટા પાયા ઉપર એમને ત્યાનુ કપડ વેચાવી આપવાને દમણની સરકાર તરફથી એઓને ઘણી મદદ મલી હતી, તથા આ કાપડની બનાવટનુ કામ દમણમા નીભાવી રાખવાને એઓને ઉતેજન મલે માટે એ બધે ભાઈઓને ઈ૦ સ૦ ૧૮૦૦ નાં મેએ માસમા પોરટુગાલના શાહનશાહ ડામ-જોઆસે દમણમા આવેલુ "વરકુડ" નામે એક ગામ કે જેની વાર્ષિક પેદાયશ ૩૦૦૦) ઝીરાફીન (૨૨૫૯૩-૧૨-૦) ની હતી, તે દર વર્ષે ૯૦૦) ઝીરાફીન (૨૭૭૮-૨-૦) નો થોકો પોરટુગીજ સરકારને ભરવાની કબુલાતે એઓને ત્રણ ઓલાદ સુધી બખશીશ આપ્યુ હતુ, તથા એવી સરત કીધી હતી કે એઓ બધે ભાઈઓએ એક વર્ષ દાહાડાની અંદર પોતાના કુટુંબ કબીલાને સુરતથી બોલાવી દમણ ખાતેજ વસવુ, તથા ઉપલા ગામડામા રૂની ખેતી વગેરેનો સુધારો કરવો.[૪] એ પછી એવો સુરત કાઈ કામસર ગએ હતા અને ત્યાંજ એકાએક મરણ પામ્યા હતા.

---

[૧] The Bombay Kalendar and Register for 1809 *Bombay, printed for the Proprietors, by Samuel Rans*

[૨] શેઠ પેશતનજી બેહરામજી દાતરા તથા ડાકટર હોરમસજી બેજનજી દાતરાના વડાવા.

[૩] અતરેની ઓરીએનટલ બેંકના સરાફ શેઠો ડોસાભાઈ, રતનજી, અને ફરામજી ખરશેદજી મોદીના વડાવા. એવણના બે ભાઈઓ શેઠ મેહરવાનજી (તે દમણવાલા શેઠ બેહરામશાહ મેહરવાનજી મોદીના બાવા, તથા શેઠ દાદાભાઈ શાપુરજી મોદીના વડાવા) તથા શેઠ નશરવાનજી (તે સુરતવાલા રેલવે પોલીસના ઈનસપેક્ટર શેઠ નવરોજજી કૈકોબાદજી મોદીના બાપના વડાવા) એવોની સાથે દમણ ખાતેજ આવ્યા હતા, અને ત્યા તેમનુ કુટુંબ આજસુધી વસેછે. એવોના એક ભાઈ શેઠ લોહરાસપજી માણેકજી મોદી (તે મરહુમ શેઠ સોરાબશાહ બેજનજી શદર અદાલતવાલાના વડાવા) સુરત ખાતે કપડનો વ્યાપાર તથા ફરંગી વ્યાપારીઓની દલાલી કરતા હતા. તેમના બાપ શેઠ માણેકજી લવજી મોદી પણ સુરતમાં એજ ધંધો ચલાવતા હતા, અને તેઓના બાપ શેઠ લવજી ધનજી મોદી સુરતવાલા નામીચા વ્યાપારી તથા વાહણવતી હોઈ અનેક અંગરેજ વાહણોને ત્યા વાહણોનો ખરચ તથા નોકરોને સીધો સામાન વગેરે પુરો પાડવાનુ મોદીનુ કામ કરતા હતા.

[૪] આ "વરકુડ" નુ ગામ મોદી મેહરવાનજી માણેકજી તથા મોદી રૂસતમજી માણેકજીને આપવામા આવ્યુ તેનુ ઈ૦ સ૦ ૧૮૦૦ ના મેએ માસમા પોરટુગાલની સરકાર તરફનુ એક બખશેશનામુ લખાણથી પોરટુગીજ ભાષામા લખેલુ મોજુદછે તેનો ઈંગ્રેજીમા કરેલો તરજુમો એઓના એક વારસ શેઠ ડોસાભાઈ ખરશેદજી મોદી (ઓરીએનટલ બેંકના સરાફ) પાસે અમોએ જોયોછે તેમા શરૂઆતમા લખેછે કે —

"Dom Jore, by the Grace of God the reigning Prince of Portugal and of Algarves in and out of the sea of Africa Lord of Guine, and the Conquests Navigation, Commerce and of Etopia Arabia, Persia and of the Indies Make known to all those who, by a new Grace for three lives (generations) may see this charter of lease that Mody Mervanjee Maneckjee and Mody Rustomjee residing in Damon Pergan inhabitants of the Port of Surat merchants protecting the Protuguese Factory having presented a petition signed by them to Francisco Antonio de Viega Cabral da Camara Pimental Senth, of my Council, Staff General of my force and Governor and Captain General of India saying that they having been induced by Jacinto Domingos de Fonceca formerly a Director of that Factory and now residing in Damon that they the petitioners should come with him to that Port (of Damon) there to establish manufacturing houses

તા૦ ૨૦ મી સપટેમબર.

રોજ ૧૪ માહ ૧ (કદમી) ૧૧૭૮ યજદજરદી.

**મરણ**—માણેકજી કાવશજી લીલાઉવાલા—ઉમર વર્ષ ૭૦) શેઠ દાદાભાઈ કાવશજી જાટલીમેનના ભાઈ. એવણ તે વખતે આતરેના સઘળા લીનાકીઆનાઓમા, તથા ઈસ્ટ ઇંડીઆ કંપનીના આફીમ તથા બીજા વેપારને લગતા માલોના લીનાકીઓમા "શ્રાઓર" તરીકે જતા હતા.[૧]

---

તા૦ ૨૩ મી સપટેમબર.

રોજ ૧૭ માહ ૧ (કદમી) ૧૧૭૮ યજદજરદી.

આજ દીને મુંબઈ મધે ભીંડીબજાર તરફ શેઠ મેહેરવાનજી માણેકજી પટેલે કદમી તરીકા મુજબ આદરાનની એક દરેમેહેર બંધાવી પરઠાવી હતી.[૨]

---

તા૦ ૧૧ મી અકટોબર.

રોજ ૫ માહ ૨ (કદમી) ૧૧૭૮ યજદજરદી.

**મરણ**—પેશતનજી શોરાબજી તાલિયારખાન[૩]—ઉમર વર્ષ ૭૫) સુરતવાલા શેઠ શોરાબજી કાવશજી નેકસાહેતખાનના નાધના દીકરા. એવણના બાપે દીલ્હીના શાહનશાહ જેહાનદારશાહના ઘડીઆળો સમારી આપ્યાથી તેણે પ્રસન થઈ તેમને તથા તેમના બે છોકરાઓને જે એલકાબો આપ્યા હતા તેમાં એવણને "તાલિયારખાન" એટલે "ભાગ્યશાલી નસીબવાલો" એવો એતાબ મલ્યો હતો. ઈ૦ સ૦ ૧૭૭૨ માં બાપનાં મરણ બાદ એવણ તથા એવણના ભાઈ શેઠ બરજોરજી બેહેરામ ઈસ્પાંન ગાસમાં રેશમ, કપડ, વગેરેનો વ્યાપાર તથા પોતાના બાપને મલેલી જાગીરોનો ભોગવટો ચનાવતા હતા. તે ઉપરાંત ઈ૦ સ૦ ૧૭૭૫ થી તે ૧૭૮૦ સુધી પાચ વર્ષને કરારે મી૦ ફુચર નામના કોઈ અંગ્રેજ અમલદાર પાસેથી "ટીબા" પરગણું ઇજારે લીધું હતું. ઈ૦ સ૦ ૧૭૯૧ મા એવણ વડા ભાઈથી સઘળો હીસાબ ચુકાવી જુદા પડયા હતા, અને પોતાનો એલાહેદો વ્યાપાર ચલાવ્યો હતો.

---

તા૦ ૨૪ મી ડીસેમબર.

ઇંગલંડ મધેની "નંડન હાસ્પીટલ"ના ફંડને માટે મુંબઈમાં એક ઉઘરાણું કરવામા આવ્યું હતું, જેમાં નીચલા પારસીઓએ રકમો ભરી હતી.[૪]

| | |
|---|---|
| શેઠ પેશતનજી બહેમનજી વાડીઆ . | ૩૨૫૨ |
| શેઠ હોરમસજી બહેમનજી વાડીઆ . | ૩૨૫૨ |
| શેઠ અરદેસર દાદીભાઈ . . . . . . . | ૩૨૯૮ |
| શેઠ ધનજીભાઈ શોરાબજી રેડીમની .. | ૩૨૫૨ |
| શેઠ નવરોજી માણેકજી વાડીઆ .. | ૩૧૦૦ |
| શેઠ લીમજી ભીખાજીની કંપની . . | ૨ ૩૬ |
| શેઠ ભીખાજી મેહેરજીની કંપની . . | ૨ ૧૬ |

---

આએ વર્ષમા શેઠ અરદેસર દાદીભાઈએ ઈરાન મધે "મુબારકા" નામના ગામમાં ત્યાંના જરથોસ્તીઓના ઉપયોગને માટે આદરાનની એક દરેમેહેર બંધાવી હતી, તથા તેના જાશુકના નીભાવને માટે એક જાગીર પણ વેચાતી લઈ ત્યાંની અંજુમનને સુપુરદ કીધી હતી.[૫]

---

૧ શેઠ કાવશજી મેહેરામજી લીલાઊવાલાના બપાવા તથા શેઠો અરદેસર જમશેદજી અને ફરામજી પેસ્તનજી લીલાઊવાલાના બાપના બપાવા આએ "શ્રાઓર"ને તે વેળાએ જામા પીછોડી સાથે ઈજત હોરમતથી જવું પડતું હતું, તથા તેમની રી પણ ઘણી મોટી હતી

૨ એ આદરાનનું મકાન ઘણું પુરાણું થયાથી એવણની દીકરી મરહુમ બાઈ મીઠીબાઈની દીકરી બાઈ દીનબાઈ તે શેઠ નસરવાનજી માણેકજી પીટીટના વણિઆણીએ પાકું નવેસરથી બંધાવી તેમા અસલ આદરાનને તા૦ ૩ જી જુન ૧૮૭૮ ને દીને તખ્તનશીન કીધા હતા, તે વખતે મારેલાં તખ્તીમા શરૂઆતમા તેનો અસલ પરઠાયાનો દાહડો વાર આ પ્રમાણે લખેલો છે —

"આએ આતશ આદરીઆન મરહુમ શેઠ મેહેરવાનજી માણેકજી પટેલે રોજ ૨૨ મો ગોવાદ ઈજદ, માહ ૧૨ મો અસફંદારમદ અમશાસફંદ શેહેનશાહી સને ૧૧૭૭ ઈઅજદજરદી, તા૦ ૨૩ મી સપટેમબર, સને ૧૮૦૮ અંગરેજીને દીને તખ્તનશીન કરયા હતા."

૩ સુરતવાલા શેઠ અરદેસર શોરાબશાહ તાલેયારખાનના બપાવા, તથા વરોડરાવાલા શેઠ પેશતનજી જાગીરજી અને શેઠ દીનશાહ અરદેસર, નવસારીવાલા શેઠ શોરાબજી જાગીરજી અને મુંબઈવાલા શેઠ હોરમસજી જાગીરજી (માસ્તર), તથા શેઠ માણેકશાહ જાગીરશાહ (વકીલ) ના બાપના બપાવા

૪ બોમ્બે કુરીઅર, તા૦ ૩૧ મી ડીસેમબર ૧૮૦૮

૫ આ દરેમેહેર બાબે ઈરાનવાલા શેઠ માણેકજી લીમજી હાટરીઆ પોતાના "એજહારે શીઆતે ઈરાન" નામના ઈ૦ સ૦ ૧૮૬૫ મા "યુનિયન પ્રેસ" મા છપાવેલા રીસાલામા સફે ૬૫ મે લખેછે કે —

"શાવરગવાલી શેઠ અરદેશર દાદીશેઠનાએ ઘણી લાંબી મુદતપર અવેજને અસબાબ મોકલી "મુબારેકા" નામના ગામમા આદરીઆન બંધાવી આપી તેના ચાલુ ખરચ થકી જાગીરબી ખરીદી અપાવી હતી, પણ તે જાગીર બેદીનોના હાથમાથી જતે આદરીઆનની ઈમારત પણ માઠી હાલતમા આવી પડી, તે મકાન બંધાવી આપનારનું નામ પણ બીમાલુમ બનયું ચ, મગર બીજી શોધો સાથે એ બાબતની પણ જુસ્તેજુ કરતે જણાયું છે, અને હાલે તે મકાન જેવી હાલતમાછે તેવુંજ લાંબા દાહડા રેહશે તો આગલ જતે નકી સરખું બનવાનું."

# ઈ૦ સ૦ ૧૮૦૯.

આએ વર્ષના "બોમ્બે કુરીઅર" માથી નીકલેલા ઇંગ્રેજી કાલેનડરમા[1] પારસીઓને લગતી સઘળી ખીના છેલ્લા કાલેનડરની માફકજછે. ફક્ત વાહણવટીઓની ટીપમા શેઠ અરદેશર દાદીભાઈના નામપર દેવીડ સ્કાટ, ફ્રેન્ડશીપ, અને શાહ અરદેશર, એ ત્રણ વાહણો ઉમેરાયાછે, તથા શેઠ સોરાબજી કાવશજી પટેલના નામપર "આલબીઅન" ને બદલે "શાહ જેહાગીર" વાહણ નોધાયલુ છે.

---

તા૦ ૧૮ મી ફેબરવારી.
રોજ ૧૧ માહ ૬ (કo) ૧૧૭૮ યજદજરદી.

મરણ—નશરવાનજી જમશેદજી દાતારે[2]—ઉમર વર્ષ ૪૦) એવણ સુરતથી ઈ૦ સ૦ ૧૭૯૦ ને આસરે શેઠ મેહરાબજી જીજીભાઈ છાપગર સાથે અતરે આવ્યા હતા, અને ઈ૦ સ૦ ૧૭૯૮ થી શેઠ દારાશાહ ખરશેદજી તાલચરીવાલાની મારફતે મનબાર કોસ્તાઓ ભણીનો બ્યાપાર કરતા હતા.

---

તા૦ ૧૭ મી આપરેલ.
રોજ ૧૩ માહ ૮ (કo) ૧૧૭૮ યજદજરદી.

મરણ—મોદી રુસતમજી માણેકજી દમણવાલા[3]—ઉમર વર્ષ ૫૦) સુરતવાલા શેઠ માણેકજી લવજી મોદીના દીકરા. એવણ પ્રથમમા સુરત મધે પોતાના બાપની સાથે ફરંગી બ્યાપારીઓની દલાલી તથા બીજા કામોમા પડેલા હતા તે પછી ઈ૦ સ૦ ૧૭૯૫ ને આસરે સુરત ખાતેની ફરંગીઓની કોઠીના ડરેક્ટર સીનોર જોસીનટો ડામીનગો ડી ફોનસીકાની મનામણ ઉપરથી પોતાના ભાઇ શેઠ મેહરવાનજીની સાથે દમણ ખાતે આવી ત્યા કપડ બનાવવાનુ તથા રંગવાનુ કારખાનુ કાઢયુ હતુ. એ કારખાનાંનું કામ વધારવાને તથા મોટા પાયા ઉપર એમને ત્યાનુ કપડ વેચાવી આપવાને દમણની સરકાર તરફથી એઓને ઘણી મદદ મલી હતી, તથા આ કાપડની બનાવટનુ કામ દમણમાં નીભાવી રાખવાને એઓને જન મને માટે એ બન્ને ભાઇઓને ઈ૦ સ૦ ૧૮૦૦ મેએ માસમા પોરટુગાલના શાહનશાહ ડોમ-જોઆસે દમણમા આવેલુ "વરકુડ" નામે એક ગામ કે જેની વાર્ષિક પેદાયશ ૩૦૦૦) ખીરાફ્રેન (૨૨૫૯૩-૧૨-૦) ની હતી, તે દર વર્ષે ૯૦૦) ઝીરાફીન (૩૭૭૮-૨૦) નો શેરો પોરટુગીજ સરકારને ભરવાની કબુલાતે એઓને ત્રણ ઓલાદ સુધી બખ્સીસ આપ્યુ હતુ, તથા એવી સરત કીધી હતી કે એઓ બન્ને ભાઇઓએ એક વર્ષ દાહાડાની અદર પોતાના કુટુબ કબીલાને સુરતથી બોલાવી દમણ ખાતેજ વસવુ, તથા ઉપલા ગામડામા રૂની ખેતી વગેરેનો સુધારો કરવો.[4] એ પછી એઓ સુરત કાઈ કામસર ગએ હતા અને ત્યાજ એકાએક મરણ પામ્યા હતા.

---

[1] The Bombay Kalendar and Register for 1800 *Bombay, printed for the Proprietors, by Samuel Rans*

[2] શેઠ પેશતનજી મેહરોમજી દાતરા તથા ડાક્ટર હોરમજજી પેજનજી દાતરાના વડાવા.

[3] અતરેની ઓરીએનટલ બેકના સરાફો શેઠો ડોસાભાઈ, રતનજી, અને કરામજી ખરશેદજી મોદીના બપાવા એવણના બે ભાઇઓ શેઠ મેહરવાનજી (તે દમણવાલા શેઠ મેહરાબશાહ મેહરવાનજી મોદીના બાવા, તથા શેઠ દાદાભાઈ શાપુરજી મોદીના બપાવા) તથા શેઠ નશરવાનજી (તે સુરતવાલા રેલવે પોલીસના ઇનસ્પેક્ટર શેઠ નવરોજજી કેકોબાદજી મોદીના બાપના બપાવા) એવોની સાથે દમણ ખાતેજ આવ્યા હતા, અને ત્યા તેમનુ કુટુબ આજસુધી વસેછે એવોના એક ભાઈ શેઠ લોહરાસપજી માણેકજી મોદી (તે મરહુમ શેઠ સોરાબશાહ બેજનજી શદર અદાલતવાલાના બપાવા) સુરત ખાતે કપડનો બ્યાપાર તથા ફરંગી બ્યાપારીઓની દલાલી કરતા હતા તેમના બાપ શેઠ માણેકજી લવજી મોદી પણ સુરતમા એજ ધધો ચલાવતા હતા, અને તેઓના બદલે શેઠ લવજી ધનજી મોદી સુરતવાલા નામીચા બ્યાપારી તથા વાહણવટી મીઆ અમદુલ ગફુરને ત્યા વાહણોનો અસબાબ તથા નોકરોને સીધો સામાન વગેરે પુરો પાડવાનુ મોદીનુ કામ કરતા હતા

[4] આ "વરકુડ" નુ ગામ મોદી મેહરવાનજી માણેકજી તથા મોદી રુસતમજી માણેકજીને આપવામા આવ્યુ તેનુ ઈ૦ સ૦ ૧૮૦૦ ના મેએ માસમા પોરટુગાલની સરકાર તરફનુ એક બખસીસનામુ લખાણથી પોરટુગીજ ભાષામા લખેલુ મોજુદછે તેનો ઈંગ્રેજીમા કરેલો તરજુમો એઓના એક વારસ શેઠ ડોસાભાઈ ખરશેદજી મોદી (ઓરીએનટલ બેકના સરાફ) પાસે અમોએ જોયેછે તેમા શરૂઆતમા લખેછે કે —

"Dom Joas, by the Grace of God the reigning Prince of Portugal and of Algarves in and out of the sea of Africa Lord of Guine, and the Conquests, Navigation, Commerce and of Etopia Arabia, Persia and of the Indies Make known to all those who, by a new Grace for three lives (generations) [illegible] and charter of lease that Mody Merwanjee [illegible] and Mody Rustomjee residing in Damon [illegible] inhabitants of the Port of Surat merchants [illegible]ecting the Portuguese Factory having [illegible] petition signed by them to Francisco A[illegible] Viega Cabral da Camara Pimental Senth, [illegible] Council, Staff General of my force in [illegible] Captain General of India saying [illegible] they having been induced by Jac[illegible] os de Fonseca formerly a Director of that Factory and now residing in Damon that they the petitioners should come with him to that fort (of Damon) there to establish manufacturing houses

એમા લખ્યુ હતુ કે "જ્યારે અરદેશર દાદી પોતાની જગોની કીમતને માટે અમો ઉપર સોંફેછે અને તે માટેનો સંપુરણ વિશ્વાસ અમારી ઉપર મેલેછે, કે જે વિશ્વાસ તેણે આ બાબદની શરૂઆતથીજ અમારા અદલ ઈનસાફ ઉપર રાખ્યોછે, ત્યારે અમોને ચુકાદો કર્યા વગર ચાલતુ નથી કે એ જગાની કીમત જે "ટાઉન કમીટી" એ દર ચોરસવારે ૨૫) લેખે ઉઠવીછે તે તેમને આપવી." વળી તેના બદલામા એવણને આપેલા ગામો માટે લખેછે કે "અગર દરજાવાલા અને માતબર દેશીઓ એ પ્રમાણે હિન્દુસ્થાનમા જમીનના માલેકો અથવા ઈજારેદાર થાય તે અમોને ઘણુ પસંદ છે, અને તા૦ ૩ જી જુલાઈ ૧૮૦૬ ને દીને અરદેશર-દાદીને જે ગામો તમોએ આ-પ્યાછે તે અમો બાહલ રાખ્યે છૈયે; અને અમોને અર-દેશરે તે જગોને સારીપેઠે સુધારવાની જે કબુલાત પોતાની અમો જોગની અરજીમાં આપીછે તે ઉપર પુરતો ભરૂસોછે, તથા જો તેવણ પોતાની કબુલાત બરાબર પાલે, અને તે ગામોની રૈયત તથા કુનબીઓ ઉપર માયાળુ રહેતો તમો તેમને આપણી તરફની ઘટતી મદદ તથા આશ્રો આપ્યા કરજો. અગર અરદેશર દાદીનો દાખલો બીજા આબરૂદાર અને માતબર વર્ગના લોકો લેશે તો તે જાણી અમોને મોટી ખુશી ઉપજશે, અને એવી રીતનાં કામોમા તમોએ હમેશા તેવા લોકોને ઉતેજન આપવુ ચાલુ રાખવું, એવુ અમો તમોને ફરમાવ્યે છૈયે."૨

---

of all sorts of Cloth as they used to do in Surat for the consumption of the metropolis, encouraging the petitioners that they would obtain great indulgence and graces from the protection of the said Governor and Captain General Wherefore the petitioners who were ever since brought up under the Portuguese protection in Surat with great delight acceded to the proposal of the said Jacinto Domingos they rapidly came down to Damon where they founded an establishment of manufacturing with various tanks of tincturing, calling out from Surat and other parts able manufacturers, advancing to them sums of money, and employing various other manufacturers from Damon who were unemployed for about 4 years supporting themselves by other means of life, meanwhile the increase up to that day was very great *This undertaking was never before so well realised by any of my subjects in those Dominions although many were desired so to do* That the petitioners had greatly increased the manufacturing business by employing numerous manufacturers and by manufacturing *Chint* of Broach and its Colours And whereas in Damon the jealousy of rivals was increased, and in consequence of this the proprietors (the petitioners) suffered much in their merchandise in Surat in recovery of their money, so that they were not attended to That it was necessary for the petitioners some sure means of subsistence to their families to remove themselves to Damon and there to establish their merchandise, and for the reasons above mentioned and with a view to remedy any unforeseen eventuality requested the above mentioned Governor and Captain General to grant them (the petitioners) upon a lease by a reasonable tax the village *Varacunda* now belonging to my Royal Treasury That the charter may be granted to them for 3 lives (generations) the first being in favor of the son of the first petitioner Sapoorjee Merwanjee—the second in favor of the grandson or in favor of any other person whom he may appoint—and the third in the same way First on condition that the said petitioners should together with *their families* go to the Port of Damon within a year there to establish perpetually their residence 2nd Not to disturb any workman who may be now residing in the manufacturing houses of *Goganus* which are now being manufactured there—the petitioners should rather bring other workmen from out side of that Port for manufacturing *Cadias* and other cloth 3rd To promote the cultivation of Cotton upon all the ground of the above mentioned Village where it may be productive and to bring it up well as that no part of it may remain uncultivated, ..... ..... ..... ......"

૨ આ "ડીસપાચ" ની નકલ શેઠ હોરમજજી જાગીરજી દાદીશેઠ પાસેથી અમારા જોવામા આવીછે, તેમાના મજકૂર બાબદને લગતા બધે ફકરાઓ અતરે સદાબરા ઊતારી લઇજીએ છૈયે:—

"Moreover as Ardaseer Dady in agreeing to refer the subject to our decision and to abide by whatever rate of valuation we shall fix for the ground, has evinced such a degree of confidence in our justice and such a candour of sentiments so universal in Natives of India and which has indeed been observable in his conduct throughout the whole of the negociation. We cannot but consider his claim as entitled to such a compensation as may not disappoint the confidence he appears to have placed in our justice, and therefore direct, that you pay him for the ground in question at the rate of 25 Rs per square yard according to the valuation of the Town Committee whose competency to judge of its value We have no reason to suspect nor of their having been influenced by any partial motive towards Ardaseer Dady

"We shall now consider the transaction of the Grant of Lands &c to Ardaseer Dady in Salsette, independent of its being an Exchange for the ground in Bombay, and having on former occasion recommended to give consideration to the state of the Island of Salsette with respect to the improvement of its resources and the amelioration of the condition of its Inhabitants, and it appearing to us that the attainment of these desirable objects will be accelerated if Natives of character and opulence could

તા૦ ૩૦ મી સપટેમબર.

આજ દીને સુરતના મુખ્ય દેશી રેહનારાઓએ ત્યાના ચીફ જડજ અને માજીસ્ટ્રેટ મી૦ નેડન ક્રોને તેની મુમબઈની કૌનસીલમા નેમનૂક થવાથી સુરત છોડતી વેળાએ એક માન પત્ર આપ્યુ હતુ તે પર નીચેના પારસીઓની સહીઓ હતી ૨

મોદી બરજોરજી ડોસાભાઈ, મોદી હોરમજજી ભીમજી, મેહરવાનજી રુસતમજી વખારીઆ, રતનજી માણેકજી પારખ, બરજોરજી બરશેદજી, ફરામજી કાવશજી પારખ, કાઊશજી કામાજી, દીનશા એદલજી ધનજી મેહતાના, પેશતનજી જામાસપજી ભાવનગરી, મોદી બેજનજી સોહરાબજી, મનજીભાઈ વાછાગાંધી, બરજોરજી કુવરજી માસીદલાનના, ગોશતાસપજી સોહરાસપજી મોદી, જમશેદજી સોરાબજી હોડીવાના, રુસતમજી માણેકશાહ, રુસતમજી નશુજી, મનચેરજી જામાસપજી ભાવનગરી, પેશતનજી અસ્પંદયારજી, બેહરામજી બરશેદજી, ધનજીશાહ બરજોરજી બેહરેમ દસ્તાન, કાઊશજી રુસતમજી તમના, સોરાબજી જીવણજી, પેશતનજી રુસતમજી તમના, હોમજી માણેકજી, ધનજીભાઈ માણેકજી, દેશાઈ મનચેરજી બરશેદજી, નશરવાનજી કાઊશજી, નવરોજજી નશરવાનજી, એદલજી કાઊશજી ચેક, રતનજી માણેકજી પારખ.

# ઈ૦ સ૦ ૧૮૧૦.

આએ વર્ષના "બોમ્બે કુરીઅર" માથી નીકળેલા ઇંગ્રેજી કાલેનડરમા[૨] પારસીઓને લગતી સઘળી બીના છેક્ષ કાલેનડરની બરાબરજ છે. ફકત ઈનસુરનસ સોસાઈટીના ભાગીદારોમા ચેકો બરશેદજી માણેકજી સરાફ અને દાદાભાઈ નશરવાનજી મોદીના નામ વધારે છે. તેમજ વાહણવતીઓમા નીચના ત્રણ વાહણ પારસીઓના નામપર ઉમેરાયના છે.

| વાહણનુ' નામ. | માલેક. | ટણ. |
|---|---|---|
| ગોવરહિરડ | પેશતનજી બહમનજી વાડીઆ . | ૬૭૯ |
| ફેન | હોરમજજી બહમનજી વાડીઆ | ૬૦૦ |
| દાદેપાઈ | મનચેરજી જમશેદજી વાડીઆ . | ૪૦૦ |

તા૦ ૧૬ મી જાનેવારી.

રોજ ૧૫ માહ ૫ (કદ૦) ૧૧૭૯ યજદજરદી

**મરણ**—ધનજીશાહ બરજોરજી બેહરેમ દસ્તાન[૩]—ઉમર વર્ષ ૪૦) સુરતના એક બરજોરજી સોરાબજી બેહરેમ દસ્તાનના વડા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૯૧ મા પોતાના બાપના મરણ બાદ તેમના ઓલપાડ, કરોદ, અને વાલોદ ગામોની મામલતદારીના ઓહધા મળ્યા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૦૦ મા જયારે નામદાર ઈસ્ટ ઇંડીઆ કંપનીએ સુરત શેહર નવાબ પાસેથી લીધુ ત્યારે એવણને તેની આસપાસના સચીન, વાસડા, માંડવી ધરમપોર વગેરેના નાના રાજ્યોના ઇંગ્રેજ સરકારના "નેટીવ એજનટ" તરીકે નેમ્યા હતા. એવણે તે ઓહધાઓ ઘણીજ બાહોશીથી ચલાવ્યા હતા, અને પોતાના ઓહધાની ફરજો બજાવતાજ માર્યા ગયા હતા. તે એમ કે સુરતથી ૫૦ મૈલ દૂર બોહાન નામના માંડવીના રાજને હસ્તકના એક ગામમા આ એ વર્ષમા અબદુલ રેહમાન નામનો એક ફકીર બાહેર નિકળી આવ્યો કે "મને ખોદાએ મોકલ્યો છે, હો આખી દુનયામા મુસલમાની ધર્મ ફેલાવવાનો વચન આપ્યો છે" આથી ત્યા વસનારા સઘળા હોરાઓ

be induced to become Proprietors or Renters of the Lands of the island We approve of the Grant to Ardaser Dady of the 3rd July 1806, and we have not only a reliance on his performance of those conditions, but that he will also pursue that liberal course of improvement of the Land which in his memorial he has informed us it is his intention to do, assuring him of our favor and protection while he continues faithful to his engagements and in the observance of a lenient and moderate conduct towards the Ryots and other inferior classes of Natives incumbents of the Lands and inhabitants of the villages under his charge and it will afford us much satisfaction if the example of Ardaser Dady shall be followed by others of the opulent and respectable class of Natives to whom we direct you to hold out encouragement to engage in similar undertakings The perusal of the Papers connected with this subject has incidentally discovered that some of the Lands of Salsette have been granted to Europeans, particularly to Dr Helenus Scott and Mr Ashburner, a practice militating against our general Policy, which prohibits Europeans from becoming the Proprietors of Lands in India, but as local circumstances and characters of the Natives of Salsette may not require so strict an application of this Rule as with respect to the Lands under the Governments of Bengal and Madras, we will not insist on their resumption, But we direct that you inform us the nature of the tenure of such Grants to the Persons named or to any others of a similar description, the period at which they were granted and of every circumstance relating thereto"

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૧૧ મી નોવેમ્બર ૧૮૦૯.

૨ The Bombay Kalendar and Register for 1810 *Bombay, printed for the Proprietors, by Samuel Rans.*

૩ સુરતના મરહુમ ખાન બાહાદુર ફીરોજશાહ તથા અરદેશર ધનજીશાહ બાહદૂરના બાવા.

અને બીજા મુસલમાનો તેની સાથે મળી ગયા, અને માંડવીમાં મોટું બંદ મચાવી મુક્યું, તથા ત્યાં ઘણાક હિંદુઓને મારી નાખ્યા. એ પછી તા૦ ૧૭ મી જાનેવારી ૧૮૧૦ ને દીને તેણે સુરતમાં એક જાહેરનામુ કાઢી ત્યાંની રૈયતને તથા ઇંગ્રેજી અમલદારોને જણાવ્યું કે "દુન્યાની આખેરનો ઇમાંમ મેહ્દી પેગમબર હવે જાહેર થયોછે. તેથી બધાઓ ઇસ્લામી દીન કબુલ રાખો, નહિતો શેહર છોડી જાવો, અથવાતો લડવાને તૈયાર થાવો." સુરતના મુસલમાનો પણ આએ પેગામથી તે ફકીરની તરફેણમાં ઘણા ઉશ્કેરાયા, અને આખા શેહેરમાં ધભગાટ ચાલ્યો. આથી સુરતના ચીફ મી૦ એન ક્રોએ કરનલ કીથની સાથે મસલત કરી પેલા ફકીરને એકદમ પકડવાને રાતોરાત કપતાન કનીગહામ, એવણ (શેઠ ધનજીશાહ) તથા બીજા પેહરાગીરો અને ઘોડેસ્વારોની બે નાથવી ટુકડી બોદાન ઉપર ઘેરો નાખવાને મોકલી. તેઓ સવારના પોહરમા ત્યાં જઈ પોહચ્યા, અને તે ફકીર એક મસીદમા હતો ત્યાં ગયા. તેઓમાં સર્વથી પેહલા ધનજીશાહ ચાલતા હતા, અને એવણેજ બાહદૂરીથી તે ફકીરને જઇને શરણ થવાને કહ્યુ, તેહવારજ એવણ ઉપર ઝનુની મુસલમાનો ઉતરી પડયા, અને તરવારથી એમના ટુકડેટુકડા કરી નાખ્યા.[1] આથી કપતાન કનીગહામ તથા ઇંગ્રેજ ઘોડેસ્વારોએ જોશમાં આવી તેમના પર એકદમ હલો કીધો, અને ઘણા મુસલમાનોને મારી નાખ્યા. ફકીર અબદુલ રેહમાન ઘાએલ થવાથી એક લોહારની ઝુપડીમા સંતાઈ ગયો હતો તેને પણ શોધી કાઢી તરત કતલ કીધો, અને એ રીતે તે બખેડાનુ શેવટ આવ્યું. શેઠ ધનજીશાહનાં માર્યા જવાથી ઇંગ્રેજી સતાવાળાઓ ઘણા દલગીર થયા, અને તેવણની વીધવા બાઈ જીજીબાઇને તેમની હૈયાતી સુધી દર વર્ષે રૂ૩૦૦૦) નુ પેનશન સરકાર તરફથી આપવાનો બંદોબસ્ત કીધો હતો.

---

તા૦ ૧૦ મી માર્ચ.

રોજ ૫ માહ ૭ (ક૦) ૧૧૭૯ યજદજરદી.

**મરણ**—જમશેદજી કુકાજી મજાઈનાં[2]—ઉમર વર્ષ ૬૫) એવણ પ્રથમમાં મુંબઇ ખાતે પોતાના બાપની સાથે પરચુરણ જીનસોનો બ્યાપાર કરતા હતા. ઇ૦ સ૦ ૧૭૮૫ માં એવણે પેહલ વેહલા મદ્રાસ ખાતે જઈ ત્યાં ચીન, સીલાન, તથા કલકતા સાથે બ્યાપાર ચલાવવા માંડયો હતો. મદ્રાસમાં સાત વર્ષને આસરે રહી વાર નવાર ઘણીક સફરો કરી પછી ઇ૦ સ૦ ૧૭૯૩ થી કલકતામાં જઇ જાથુકનો વાસો કીધો હતો, તથા ત્યાં મુંબઈ, ચીન, મદ્રાસ, વગેરે બંદરોના નામીચા બ્યાપારીઓની આડત, તથા ત્યાંવાલા મેશીઅર્સ કાલવીનસ અને બેઝેટની કંપનીની દલાલી કરતા હતા. કલકતામા એવણે એક મોટી દોલત મેલવી હતી, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા. ત્યાં એવણની મોહટી મીલકત હતી, તેમાથી થોડીક એવણનાં મરણ પછી એવણના જમાઈ શેઠ નશરવાનજી કાવસજી પીટીટ કે જેઓ એમની મીલકત તથા વહીવટનો કલકતામા ફડચો કરવાને ગયા હતા તેઓએ ત્યાંના પારસીઓને માટે ધર્મના કામો કરવાને શેઠ નવરોજજી કાવસજી બનાજી તથા શેઠ નવરોજજી સોરાબજી ઉમરીગરનાં સ્વાધીનમા અરપીત કીધી હતી, પણ પછવાડેથી તેના સંબંધમાં કેટલોક જગડો ઉઠયો હતો.

---

[1] આ માટે સુરતના ચીફ મી૦ ક્રોએ તા૦ ૩૧ મી જાનેવારી ૧૮૧૦ ને દીને મુંબઈના ગવરનર જોનાથન ડંકન ઊપર મોકલેલા "આફીશીયલ રીપોરટ" મા તે અમલદાર નીચે મુજબ લખેછે —

*Extract from a letter from N Crow, Esq Chief of Surat to the Hon'ble Jonathan Duncan Esq President and Governor-in Council, dated 31st January 1810*

"By the 17th, two Borahs of Boodhan were sent to me by the Kazy, with a letter (No 3) they had brought to him from the fanatic, and one to me, desiring me to accept the religion of Mahomet, retire, or fight"

"The best part of this and the following day was taken up in collecting information, which all bespoke the determined resolution of the fanatic, and the hearty concurrence of his brother Mahometans to try a revolution here, when I resolved to take the sudden step of seizing him"

"About two o'clock I imparted this (No 4) to Colonel Keith, who approved the measure, and as the securing this insurgent Faquir, who, from the best intelligence, had not left Boodhan, during the change of Government, was the primary object, two troops of Cavalry were ordered to proceed by night, in order to invest the place, and get hold of him if they could, or bar his departure, till the arrival of four companies of infantry Captain Cunningham, who commanded the infantry, Dhunjeeshah Behramund Khan, a vakeel of the Rajah of Mandvie, and four scouts, attended them"

"The dragoons arrived about day light at Boodhan *Dhunjeeshah was among the first over the river, and endeavoured to prevail on the Faquir to surrender himself, but was killed in the attempt, with the Rajah's vakeel, and some others near him*"

[The Cities of Gujarashtra, by H G Briggs Appendix B p p V]

[2] મુંબઈવાલા શેઠ માણેકજી નવરોજજી કાકા (મી૦ આફ્રેડ ડવારા) ના બાવા તથા બાપના કાકા એવણના બાપ શેઠ કુકાજી કુવરજી પણ મુંબઈના એક જાણીતા રેહવાસી તથા બ્યાપારી હતા

તા૦ ૨૪ મી માર્ચ.

રોજ ૧૯ માહ ૬ (શે૦) ૧૧૭૮ યજદજરદી

આજ દીને શેઠ પેસતનજી બહેમનજી વાડીઆએ અકલેસરમા એક દોખમુ બંધાવી પરહાળ્યુ હતુ.[1]

તા૦ ૭ મી આપરેલ.

લંડન મધે મરણ પામેલા પાદરીઓ તથા સ્કાટલંડની "યુનીવરસીટી" ના પ્રોફેસરોના નાવારેસ બચ્ચાઓના આસરાને માટે "એબરડીન-સોસાઈટી" નામની મંડળી ઉભી થઈ હતી, તેના ફંડમા મદદ કરવાને અંગરેજના ઘણ્ગ્રેજોએ એક ઉઘરાણું કીધુ હતુ, જેમા નીચેના પારસીઓએ પણ નાણુ ભર્યુ હતુ.[2]

| | | |
|---|---|---|
| શેઠ આરદેસર દાદીભાઈ | ૫ ગીની અથવા | ૩૪૨ |
| શેઠ નસરવાનજી માણેકજી વાડીઆ | ૫ ગીની અથવા | ૩૪૨ |
| શેઠ ધનજીભાઈ સોરાબજી રેડીમની | ૫ ગીની અથવા | ૩૪૨ |
| શેઠ હોરમસજી બહમનજી વાડીઆ | ૧૦ ગીની અથવા | ૩૮૪ |
| શેઠ ખરશેદજી માણેકજી સગાદ | ૨ ગીની અથવા | ૩૧૬-૩-૫૦ |
| શેઠ ભીખાજી મેહેરજીની કંપની | - | ૩૧૦ |
| શેઠ હીમજી ભીખાજીની કંપની | | ૩૧૦ |

તા૦ ૨૯ મી જુન.

રોજ ૨૬ માહ ૧૦ (૪૦) ૧૧૭૯ યજદજરદી.

મરણ—આરદેસર દાદીભાઈ—ઉમર વર્ષ ૫૪) શેઠ દાદીભાઈ નોસરવાનજીના બીજા દીકરા. એવણ પોતાના બાપની માફક તે વેળાએ એક મોટા વ્યાપારી, વાહણવટી, તથા જાગીરદાર હતા ચીન ખાતે એવણનો મોહટો વ્યાપાર ચાલતો હતો, તથા તે માટે બાપના વખતના વાહણો ઉપરાંત ફીનીક્સ, મીનરવા, એનીમાસ તથા અપરણ કાસ્ટલ, નામના બીજા ચાર વાહણો એવણે રાખ્યા હતા ઇંગલાંડ ખાતે પણ એવણ મીસીઅર્સ ડેવીડ સ્કાટની કંપનીની મારફતે મોટો વ્યાપાર કરતા હતા. મુંબઈમા ફોટફોટ એવણે પોતાના બાપની નઈમતે આદરાનની એક દરેમેહર કદમી તરીકા મુજબ તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૦૩ ને દીને પરકાવી હતી ઈ૦ સ૦ ૧૮૦૫ મા એવણે વસાઈની પેલીમેર "દંતોરા" નામના ગામમા એક મોટી ધર્મશાલા બંધાવી હતી ઈ૦ સ૦ ૧૮૦૬ મા છાસટી તરફ કનેરી, મનાર, ઘુસમી, માગાથાન, દહીસર, એર તથા એકસાર નામના સાત ગામો એવણે દર વર્ષે સરકારમા રૂ૩૦૭૭ ૨-૭૫ રૈસનો ધોકો ભરવાની કબુલાતે પોતાની હાગનબી રોતગફ્ગી જગા આપી તેના બદલામા લીધા હતા ઈ૦ સ૦ ૧૮૦૫—૬ મા વાયવ હિંદુસ્થાનમા પડેલા દુકાળની વખતે એવણે ઘણાક મહિના સુધી દરરોજ ચાર પાંચ હજાર માણસોને પોતાને ખરચે ખોરાક પુરો પાડયો હતો. ઈ૦ સ૦ ૧૮૦૮ મા ઇરાન મધે "મુબારકા" નામના ગામમા એવણે પોતાને ખરચે આદરાનની એક દરેમેહર બંધાવી આપી હતી તે વેળાની મુંબઈની પારસીની પંચાતના એવણ એક મુખ્ય અગ્રેસર હતા. એવણ મરણ પામ્યા તે વેળાએ કેહકે કે સરકાર કાઢતી વેળાએ મુંબઈના નામદાર ગવરનર જોનાથન ડંકન એવણના ઘરની સામેના સેંટ થામસના મોટા દેવળમાં આવી ઉભા હતા, અને તેના હુકમથી જેવુ એવણનુ રવાંન ઘેરમાથી બાહેર કાઢયુ ત્યારથી તે દેવળવાળો આખો મોહલો પસાર કરી ગયુ ત્યા લગણ ગમગીનીનો ઘંટ વગાડવામા આવ્યો હતો.

તા૦ ૧૨ મી સપટેમબર.

રોજ ૧૧ માહ ૧૨ (શે૦) ૧૧૭૯ યજદજરદી

મરણ—દાદાભાઈ નસરવાનજી મોદી—ઉમર વર્ષ ૫૦) શેઠ નસરવાનજી દાદાભાઈ મોદીના દીકરા. એવણ "દાદા મોદી" ના નામથી અંગરે ઓળખાતા હતા. પ્રથમમા એવણ પોતાના બાપના વ્યાપારમા શામેલ હતા. તે બાદ ઈ૦ સ૦ ૧૭૮૯ મા તેમના મરણથી તેમના બાકી રહેના ભાગ્યા શેઠ એદલજી બેહરામજી મોદી સાથે તા૦ ૮ મી આપરેલ ૧૭૯૦ થી તેમનો ધનાકો બંધ કરી પોતે પોતાને હીસાબે ચીન ખાતેનો જુદો વ્યાપાર તથા લોકોની આડત કરવા માંડી હતી તેમા એવણે એક મોટી પુંજી મેળવી હતી. તથા સારો ધર્મદાન કરતા હતા એવણના મરણ પછી એવણની પુંજીમાથી એમના પીતરાઈ ભાઈ બાઈજીએ પોતાના ભાઈ શેઠ હોરમસજી બહેમનજી વાડીઆની ડોલેનથી સુરત મધે શેઠનવાડી જરથોસ્તીઓને માટે આતશ્બેહરામ બંધાવી તે તા૦ ૧૯ મી નવેમબર ૧૮૨૩ ને દીને તખ્તનશીન કીધા હતા. એવણને પેટે કોઈ નર વારેસ નહિ હોવાથી એમના મરણથી એમની ઓલાદ ખતમ થઈ હતી.

૧ આ દોખમા ઊપર નીચે પ્રમાણે તખતી મારેલી છે
" શ્રી દાદાર હોરમજદના નામની બરકતથી મેહે
" તર દીનના હુકમ પરમાણે એ દખમુ શ્રી કદીમે અક-
" લેસર મધે દીનદોસત મેહેદીને મોજદીઆસાની શેઠ શ્રી
" પેસતનજી બહમનજી નોરોજજી વાડીઆજી મુંબઈના
" રેહેનારીએ પોતાની ખરજથી શવાબને વાસતે બના-
" વીઓ રોજ ૧૯ માહ ૬ સને ૧૧૭૯ ઈઅજદજરદી
" સાલ ૧૮૬૬ ના શરાવણ વદ ૪ સનેઊ, તા૦ ૨૪ મી
" માર્ચ સને ૧૮૧૦ "

એજ વખતે એ દોખમા તરફ જવાનો પાકો રસ્તો તથા ગેહમાસાને માટે એક મોટો પથરનો પુલ એવણે પોતાને ખરચે બંધાવેલો આજ સુધી સલામત છે એ દોખમુ તથા રસ્તો અને પુલ બાંધવાની સઘળી મેહેનત શેઠ એદલજી હોરમજી લશકરીએ કરી હતી

૨ બોમ્બે કુરીઅર, તા૦ ૭ મી આપરેલ ૧૮૧૦

લાંડ ખાતે "કોર્ટ આફ ડાએરેકટરો" ના ચેરમેન ધી રાઈટ હાનરેબલ જાન લમસડેન ઉપર એક લંબાન અરજી કીધી હતી. તેની મતલબ એ હતી કે મરનાર માજી ગવરનર ડંકનની ખાએશથી મેં જે મીઆજે નામાંકીત શાએર ફેરદોસી તુસીએ ઈરાનના પુરાતન રાજાઓની તવારીખ ફારસી બેતોમાં શાહનામામાં લખીછે તેજ મુજબ અને તેજ કાવ્ય રચનાથી ઇંગ્રેજોની હિંદુસ્થાન મધેની ફતેહ અને તવારીખ ફારસી બેતોમાં રચવા માંડી હતી, અને તે તવારીખનું નામ "જારજ નામું" આપવાને તે સાહેબે મને ફરમાવ્યું હતું, તથા સાથે હિંદુસ્થાનમાં ઇંગ્રેજોને લગતી તવારીખનો સાર મને સમજાવવાને પણ તે નામદારે માથે લીધું હતું, લેકીન તેઓને કમ કીસમત હોવાથી એ કામ મારી એકલાની મેહનત ઉપરથી તેવણે મી૦ વીલ્યમ એરસ્કીનને સોંપ્યું હતું. તે પછી ખતાર લગણમાં મેં મરહુમ મજકુર ગવરનરની દેખરેખ હેઠળ એ તવારીખને લગતા (૬૦૦૦) બેતો પુરાં કર્યાંછે, જે તમારી હજુરમાં હું નમનતાઈ સાથે રજુ કરૂં છું, અને એવી અરજ ગુજારૂં છું કે આપે મારૂં પુસ્તક હાનરેબલ ઈસ્ટ ઇંડીઆ કંપનીના આશ્રા હેઠળ પુરૂં કરવાની જેમ તમો સાહેબની નજરમાં દુરસત લાગે તેમ પરવાનગી આપવી.[૧]

---

### તા૦ ૨૯ મી અકટોબર.

આજ દીને મુંબઈના મુખ્ય દેશી રેહવાસીઓએ અતરેની મેસરસ ફારબસની કંપનીના વડા ભાગીઆ તથા દેશીઓના ખેરખાહ ચારલસ ફારબસ ઈસ્કવાએર (પાછળથી સર ચારલસ ફારબસ, બારોનેટ) ને મુંબઈ મધે છેલ્લાં ૨૨ વર્ષ રહી પોતાને વતન ઇંગલંડ સીધાવતી વેળાએ એક માન પત્ર[૨] તથા ૧૫૦૦ ગીની (રૂ૧૫૭૫૦) ની કીમતની એક "સરવીસ-પ્લેટ" ભેટ આપી હતી. આ માન પત્રપર નીચના પારસીઓની સહીઓ હતી :—

To

Charles Forbes Esq

Sir,

Having heard of your intention shortly to return to England, we the undersigned Native Merchants and Shroffs of Bombay come to bid you farewell, with a hearty concern for the loss of that friend, in [illegible] general benevolence has been uniformly [illegible] the liberal patronage of native [illegible] generous support of native [illegible]

After an experience of two and twenty years we think we can appreciate your worth and speak the language of our heart without the imputation of flattery We address you therefore with the freedom of old friends who have long known you. Many of us you have laid under personal obligations, which tho' you may not remember, we can never forget—and we have all seen your prosperity with satisfaction, for whoever applied to you in the hour of distress, and did not find you the friend of the poor and the helpless

Liberality in dealing has been too long the distinguishing characteristic of a British Merchant to be made the peculiar praise of any individual We shall not therefore dwell on the uniform integrity and candour which have marked all your commercial transactions They have excited our admiration and esteem, it is true, but is a train of full gentler virtues which has won our hearts—the generous concern you have ever taken in the interests of your friends, your zeal for their welfare, your sympathy in their misfortunes, the assistance you have been ever ready to afford, with your advice, your influence, your exertions, and the noble sacrifices you have so often made, when the vicissitudes of human life have appealed to your benevolence, these are qualities peculiarly your own, they spring from the feelings of a superior mind, and with all our admiration of your country's virtues eminently distinguish you amongst your countrymen

We are about to seperate, in all probability for ever, this therefore is not the moment for worldly praise, it is gratitude and affection that speak, and request you to accept as a small but sincere memorial of our friendship a Service of Plate of the value of fifteen hundred Guineas engraved with the Arms of your Family and bearing the following inscription

TO
CHARLES FORBES, Esq
FROM
*THE NATIVE MERCHANTS AND SHROFFS*
OF BOMBAY
IN MEMORY OF TWENTY TWO YEARS EXPERIENCE
*of his Liberality as a Gentleman*
*his disinterestedness as a friend*
*and his spirited integrity as a British Merchant*

And now Sir farewell! The loss we sustain by your return to the land of your birth is great indeed, and to many of us irreparable But we are not so selfish as to forget the happiness that awaits you in the bosom of your family, your friends, your country That your days may be long amongst them—That you may always live in prosperity and honor, and that in the enjoyment of your well earned fortune God may continue his blessings is the sincere and affectionate prayer

Of your faithful friends
and obliged humble servants,

Framjee Nanabhoy
Pestonjee Bomanjee
Ruttonjee Bomanjee
Hormusjee Bomanjee
Sorabjee Cowasjee Patell
Dadabhoy Nasserwanjee Moody
Cursetjee Manackjee

---

૧ આ અરજીની નકલ એઓના વારસ દસતુર ઘીરાબજી રૂસતમજી મુલાંફીરોજ પાસેથી અમારા જોવામાં આવીછે

૨ સર ચારલસ ફારબસ દેશીઓનો એક ખરેખરો ખેરખાહ અને દીલોજાની દોસ્ત હતો મુંબઈના રેહવાસીઓ આજ લગણ તેનું નામ મોટા માન સાથે યાદ કરેછે તેના માટે આ માનપત્ર તથા તેનો જવાબ અંતરે સમાચારે પરગટ કરી નોંધી રાખવો દુરસત ધાર્યું છે—

ફરામજી નાનાભાઈ દાવર, પેશતનજી બહમનજી વાડીઆ, રતનજી બહમનજી વાડીઆ, હોરમજજી બહ-મનજી વાડીઆ, શોરાબજી કાવશજી પટેલ, દાદાભાઈ નશરવાનજી મોદી, ખરશેદજી માણેકજી સરાફ, ફરામજી નશરવાનજી બાટલીવાલા, નવરોજજી કાવશજી નાળીએ-રવાલા, પેશતનજી કાવશજી નાળીએરવાલા, જમશેદજી નાહનાભાઈ ગજ્જર, લીમજી ભીખાજીની કંપની, ભીખાજી મેહરજીની કંપની, ફરામજી કાવશજી બનાજી, બરજોરજી નાહનાભાઈ દાવર, દાદાભાઈ લીમજી પાંડે, કેખશરૂ શોરાબજી ઈડીમની, જાંગીર ફરામજી નાનાભાઈ, બેહરામજી નાહનાભાઈ દાવર, બેજનજી માણેકજી કાબરા, મોદી શોરાબજી વાછાગાંધી, બરજોરજી દોરાબજી દાદી બરજોર, નશરવાનજી કાવશજી બનાજી.

---

Framjee Nasserwanjee
Nourojee Cowasjee
Pestonjee Cowasjee
Jamsetjee Nanabhoy
Limjee Bhiccajee
Bhiccajee Merjee
Framjee Cowasjee
Burjorjee Nanabhoy
Dadabhoy Limjee
Kaikhusroo Sorabjee
Jehangeir Framjee Nanabhoy
Byramjee Nanabhoy
*Bezanjee Manockjee.*
Moody Sorabjee Watcha.
Burjorjee Dorabjee
Nasserwanjee Cowasjee
Hajee Mahomed Ebrahim Parker
Javerchund Atmaram
Gopaldass Manordass.
Manordass Dwarkadass
Arjoonjee Nathjee
Goverdan Jugjeevandass
Murledar Samboodass
Megjee Habichund
Narrondass Narotumdass
Mawjee Anundjee.
Trebovan Luckmedass
Pransunker Treebovan.
Ambojdass Tuckoydass
Kessordass Ransoordass.
Wittuldass Kessowdass
Sunkersett Baboolsett
Madowdass Ransordass
Davidass Hurjiwandass
Virjee Nanjee
Madow Bhowan.
Purboo Jugeewandass
Mahondass Doolabdass
Dhackjee Dadajee.
Luckmichund Poozraz
Narrondass Tulseedass
Nemchund Amechund.
Sikerdass Nagurdass
Mootychund Ragoonathdass
Nagurdass Cursondass
Bugwan Cullu
*Govendou Kessordass*
Tricum Lalchund
Dama Gopall
Assaram Murledur
Narondass Tricumdass

Bombay, 24th October 1811

(Reply)

To

THE NATIVE MERCHANTS AND SHROFFS
OF BOMBAY

Gentlemen,

The flattering testimony you have borne to my character and conduct as a Merchant and the general sentiments of friendship and esteem which you have done me the honor to express in your kind farewell, affect me so sensibly, that no language can do justice to the lasting impression they have made upon my feelings

The experience of two and twenty years to which you have done me the honor to advert, enables me, with equal pride and satisfaction, to declare, that in the intercourse I have had with the Native Merchants and Shroffs of Bombay, I have witnessed *acts of generosity, fidelity and honor* which could not in any country be surpassed, to have been connected with such men, for so long a period, is an advantage which I shall never cease to acknowledge, to have obtained their confidence and esteem is a distinction which I shall be anxious to preserve with my life

The generous memorial of your friendship, which you have honored with an inscription so far beyond my deserts, will ever be highly valued by me as a pledge of the principles which have bound us so long together, and I shall bequeath it to my children, as a sacred remembrance of the gratitude and respect their father owes to the Native Merchants and Shroffs of Bombay

Though about to be separated from you by my natural attachment to the country which gave me birth, there are many powerful ties which will continue to bind my affections to India I came so young amongst you, that there is hardly any feeling dear to human nature, which is not associated in my mind with the Island of Bombay, no change of time or place can destroy such an association, the memory of your worth is connected with the happiest days of my life and your prosperity and honor will never cease to be objects of my solicitude

I have the honor to be with the greatest respect,
Your sincere and obliged friend,
CHARLES FORBES

Bombay 25th October 1811

[Bombay Courier, Saturday 9th November 1811]

---

તા૦ ૨૬ મી અકટોબર.

આજ દીને શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ પોતાના પરેલના "લવજી કાસ્ટલ" ના મેહેલમા દેશીઓના ખેરખાહ ચારલસ ફારબસ ઈસ્કુવાએરને ઈગલાડ જતી વેળાએ એક મોટી જીયાફત આપી હતી. તે વેળાએ અતરેના તમામ પેહલે વાગેના યુરોપ્યનોને નોતરયા હતા. તેઓને માટે જે ઉમદા અને તાજો ખાણુ તૈયાર હતું તે ખાઈ રહયા પછી, શેઠીયાઓ જમશેદજી, પેશતનજી અને હોરમજજી બહમનજી વાડીઆ, તેમનુ કુટુંબ, સગીઓ, દોસ્ત આશનાઓ તથા મુંબઈના સઘળા પેહલે વાગેના

પારસી ગ્રહસ્થો જઈને ટેબલ આગળ બેઠા. સરેશતા પ્રમાણેની ઇંગલાંડનાં પાદશાહી કુટુંબ તરફની વફાદારીની સલામતીઓ લેવાયા બાદ મી૦ મેકવીને શેઠ હોરમજજી વાડીઆની તરફથી એક સુંદર ભાષણ કરી મી૦ ચારલસ ફારબસની સલામતી લેવાડી હતી, કે જે સઘળાઓએ ચાહનાથી ભરેલા ગલાઓથી ઘણીવાર ખુશાલીના પોકારો સાથે લીધી હતી. તે બાદ નીચલી સલામતી લેવાઈ હતી –

મીશીઆરસ ફારબસની કંપનીના સ્થાપનાર મી૦ જાન ફારબસ.

શેઠ હોરમજજી બહમનજી વાડીઆ, અને પારસી કોમની આબરૂની કીમત બ્રીતિષ વ્યાપારીઓ હમેશ સુની સરતી રીતે પીછાણે.[1]

શેઠ જમશેદજી બહમનજી વાડીઆ

શેઠ પેશતનજી બહમનજી વાડીઆ.

એ પછી આપણા માનવંતા "માસ્ટર બીલડર" શેઠ જમશેદજી બહમનજી વાડીઆએ ફરી એક સુંદર ભાષણ કરી મી૦ ફારબસને માટે અતરેના સઘળા લોકો જે માન ધરાવે છે તે તથા સઘળી પ્રજાઓપર અને મુખ્ય કરી તેવણના (વાડીઆ) કુટુંબ ઉપર તેણે કરેલા ઉપકારો, મદદો, તથા સલાહોને માટે તેનો ઉપકાર માનયો, અને સઘળા પહરોણાઓ દીવાનખાનામા નાચની બેઠકમા બીરાજયા[2]

---

તા૦ ૨૮ મી અકટોબર.

આજ દીને મુંબઈના ૮૦) મુખ્ય દેશી રેહવાસીઓએ અતરેની કોનસીલના એક અધિકારી મી૦ રાબર્ટ રીકારડસને તેને વતન જતી વખતે એક માન પત્ર આપ્યું હતું, જેમા તેણે હિંદુસ્થાનના વ્યાપારને ખીલવવાને દેશીઓને જે ઉતેજન આપ્યું હતું તેની ઘણી તારીફ કીધી હતી, અને મુંબઈના રેહવાસીઓ તરફના માનની નિશાન દાખલ ૧૦૦૦) ગીનીની કીમતની "પીસ ઑફ પલેટ" ધરતા લેખ સાથે ભેટ આપી હતી. આ માનપત્ર પર ૨૨ હિંદુ, ૧૬ મુસલમાન, ૨૪ પોરટુગીજ અને નીચલા ૧૮ પારસીઓની શહીઓ હતી.[3]

ફરામજી નાનાભાઈ દાવર, જમશેદજી બહમનજી વાડીઆ, નવરોજજી રોરાબજી શેઠના, પેશતનજી બહમનજી વાડીઆ, હોરમજજી બહમનજી વાડીઆ, ખરશેદજી અરદેસર દાદી, જાંગીરજી અરદેસર દાદી, જાંગીરજી નશરવાનજી વાડીઆ, નવરોજજી નશરવાનજી વાડીઆ, જમશેદજી નાનાભાઈ ગજધર, શોરાબજી કાવશજી પટેલ, ખરશેદજી માણેકજી સરાફ, બરજોરજી દોરાબજી દાદીબરજોર, ફરામજી પેશતનજી મામા, ફરામજી કાવશજી બનાજી, પેશતનજી ભીખાજી પાંડે, કેખશરૂ શોરાબજી રૂડીમની, બરજોરજી નાનાભાઈ દાવર.

---

તા૦ ૫ મી નવેમબર.

આજ દીને મુંબઈનો વડો રીકારડર સર જેમસ મેકીનટોશ, અતરેની કોનસીલનો અધિકારી મી૦ રાબર્ટ રીકારડસ, તથા દેશીઓનો ઓરબાહ મી૦ ચારલસ ફારબસ, સ્ટીમર "કેરોલાઈન" મા સવાર થઈ પોતાને વતન સીધાર્યાં હતા. તેઓને આદરમાન આપવાને પાલવા બંદર ઉપર અતરેના મોટે વાગેના ઇંગ્રેજો, પારસીઓ, તથા બીજા દેશીઓની ઠઠ મળી હતી.[4]

---

## ઈ૦ સ૦ ૧૮૧૨.

તા૦ ૨ જી આપરેલ.

રોજ ૨૯ માહ ૭ (કo) ૧૧૮૧ યજદજરદી.

મરણ—મેરવાનજી સોહરાબજી મોદી[5]—ઉમર વર્ષ ૪૫) સુરતવાલા શેઠ સોહરાબજી માણેકજી મોદીના વડા દીકરા. એવણ પોતાના બાપનાં મરણ પછી પોતાના ભાઈઓ શેઠ રૂસ્તમજી તથા હોરમજજીની સાથે મળી તેમનાં સુરત તથા ભરૂચ ખાતેના કાપડની વણાંતના કારખાના ચલાવતા હતા, તથા ફરંગી વ્યાપારીઓના માલની દલાલી કરતા હતા. એ પછી ભાઈઓથી છુટા પડી પોતાને હીસાબે જવાહેરનો વ્યાપાર કરતા હતા આ માટે એવણ એકવાર ફરંગી વ્યાપારીઓની સાથે "બટેવીઆ" ખાતે પણ જઈ આવ્યા હતા.

---

૧ "Hormusjee Bomanjee and long may the value of the Parsee character be duly appreciated by the British Merchant"

૨ બોમ્બે કુરીઅર, તા૦ ૯ મી નવેમબર ૧૮૧૧

૫ મરહુમ શેઠ શોરાબશાહ મેરવાનજી સદરઅદા-લતવાલાના બાવા.

૩ આ માનપત્ર તે વેળાના ઇંગ્રેજી પત્રોમા છપાયલું નથી, પણ તેની એક નકલ મરહુમ શેઠ પેશતનજી બહમનજી વાડીઆના જુના કાગજોમાથી મરહુમ શેઠ મનચેરજી પેશતનજી વાડીઆએ અમોને આપી હતી

૪ બોમ્બે કુરીઅર, તા૦ ૯ મી નવેમબર ૧૮૧૧

### તા૦ ૫ મી આપરેલ.

રોજ ૨ માહ ૭ (શે૦) ૧૧૮૧ યજદજરદી.

આજ દીને બાઈ શુનાંબાઈ તે શેઠ નવરોજજી જમશેદજી વાડીઆના મેહેલા ધણિઆની તથા શેઠ પેશતનજી બહમનજી વાડીઆના બેટીના ઉઠમણાની મજલેસમા તેમના બાવાએ એક અંજુમન પતર[1] વંચાવી જાહેર કીધું હતુ કે એ મરહુમ બાઈની નઈએતે પોતાનુ મુંબઈના કોટમા ફારબસ સ્ટ્રીટ માહેલુ રૂ૨૦૦૦૦) ની કીમતનુ એક ઘર કે જેનું ભાડુ દર વર્ષે રૂ૧૨૬૦) ઉપજતુ હતુ તે મધેથી મરામત વગેરેનો ખરચ બાદ કરી રૂ૧૧૦૦) જયા સુધી એ ઘર સલામત હશે ત્યાસુધી તેઓ પોતે તથા તેમની પછી તેમના ફરજંદાન ફરજંદો નીચે મુજબના ધર્મના કામોમા દર સાલ ખરચે.

૪૨૫) ગરીબ બેહદીન લોકોના છોકરા પરણાવી આપવાના કામમા રૂ૪૨૫).

૪૨૫) આંધના, લુલા તથા લાચાર બેહદીનોને મદદ કરવાના કામમા રૂ૪૨૫).

૨૫૦) નાવારિસ બેહદીનોના મરણપર ચાર દાહડાનો ખરચ કરવાના કામમા રૂ૨૫૦)

### તા૦ ૧૦ મી જુન.

આજ દીને અતરેની ગોદીમાં મી૦ જાન બીકી નામના વ્યાપારીને માટે બંધાયલુ "આન" નામનું ૭૬૮ ટણનું એક મોટુ વાહણ પાણીમા ઉતારવાની ક્રિયા બપોરના બાર કલાકે મુંબઈના ગવરનરે કીધી હતી. આ વાહણની સરસ બાંધણીને માટે ગવરનરે પોતાને હાથે વડા "માસટર બીલડર" શેઠ જમશેદજી બહમનજી વાડીઆને વાહણના માલિક તરફથી એક શાલ ઓઢાડી હતી.[2]

### તા૦ ૧૪ મી આગસ્ટ

રોજ ૧૩ માહ ૧૧ (શે૦) ૧૧૮૧ યજદજરદી

**મરણ**—રૂસતમજી માણેકજી વાડીઆ—ઉમર વર્ષ ૫૦) શેઠ માણેકજી લવજી વાડીઆના ચોથા દીકરા. એવણ પ્રથમમા અતરેની સરકારી ગોદીમાં ત્રિજા "આસીસટંટ-બીલડર" અને તે પછી ઈ૦ સ૦ ૧૮૦૮ થી બીજા "માસટર-બીલડર" ના ઓહદા ઉપર આવ્યા હતા. વાહણ બાંધવાના હુનરમા એવણની ચપલાઈને લીધે દરીયાઈ ખાતાના સતાવાળાઓ તરફથી એમને ઘણી વાર શાબાસી પત્રો મલ્યા હતા.

### તા૦ ૧૬ મી આગસટ.

રોજ ૧૫ માહ ૧૧ (શે૦) ૧૧૮૧ યજદજરદી.

**મરણ**—દસ્તૂર કાઉસજી રૂસતમજી સુરતવાળા[3]—ઉમર વર્ષ ૬૦) સુરતવાળા દસ્તૂર રૂસતમજી હોરમજદયારના વડા દીકરા. એવણ પોતાના બાપની પછી સુરતના શેહનશાહી પારસીઓના દસ્તૂર ઠરયા હતા એવણ જાતે ચંચલ અને ગંભીર સ્વભાવના હોવાથી અંગ્રેજ સરકારે સુરત શેહેરનો અમલ પોતાને હસ્તક લીધા પછી ત્રણ મહિને એટલે તા૦ ૭ મી જુનાઈ ૧૮૦૦ ને દને મુંબઈના ગવરનર જોનાથન ડંકને એવણને એક સનદ આપી ત્યાના તમામ પારસીઓના વડા દસ્તૂર તરીકે ગણી

---

[1] આ અંજુમન પતરની નકલ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલીછે તેપર શેઠો ખરશેદજી માણેકજી સરાફ અને માણેકજી મનચેરજી મેહતાની શાખોછે તેમા શરૂઆતમા એઓ લખેછે કે :—

"શ્રી પારશીની પનચાત શ્રી મુંબઈની જોગ લા૦ વાડીઆજી પેશતનજી બહમનજી જત હમારી બેટી શુનાબાઈ શવત ૧૮૬૮ ના રોજ ૩૦ માહ ૬ બેહેશતી થાએઆ તેનુ ઊઠીઆણુ આજદીને રોજ ૨ માહ ૭ થાએછે તેથી અમો હમારી બેટી શુનાબાઈનો શવાબ હાશલ થાવાને આપણી પારશીની કમજાતવાલા ઊપર ધરમ કરવાને રૂ૨૦૦૦૦) અંકે વીશહજાર કાહાડીને આપવા ધારેઆ જે એ રોકડા આપીએ ને તેના વીઆજમાથી જે બીના હમો હેઠલ લખીછે તે મુજબ આપીએ પણ પછે વીચાર કરો જે આપણા કમજાતના બીજા શાહેમો જે બેહેશતુકામ થએઆછે તેવોએ એમ ઊઠમણાની વખતમા નામ પાડીને તનદરૂશતી પઢાવી ગએઆ ને પછી તે રૂપઈઆ પનચાતને પોહોતા નહી કાઈ ગરીબ લોકોના કામમા પણ લાગા નહી, ને રૂપઈઆ જતાતાહા રહી ગઆ તેથી અમો ધારૂ જે રૂ૨૦૦૦૦) વાજે મેલીએ તેનુ વાજ આવે તેમાથી ગરીબ લોકના બાબમો આપીએ તેવી કેઠ ગનીએ તારે તેને ઠેકાણે આજ તીજોરીમો વાજ ટકા ૬) ને હશાબે રૂ૨૦૦૦૦) નુ વાજ શાસુતા રૂ૧૨૦૦) વરશ ૧ ના ઊપજે તેથી હમોએ ત મુજબ ધારીને પછે ઘેહેર ૧ હમારૂ થી મુંબાઈ મધે કોટમોનુ શારબશ ઈશતરીટ મધેનુ છેએ તે આપણા પારશી પંનચાતમો આપુછે તેહેનુ ભાડૂ દર વરશે ૧ ના રૂ૧૨૬૦) ઊપજેછે તે મધેથી ખરચ જતા રૂ૧૧૦૦) વરશ ૧ ના આવેછે તે મધેથી હમો હેઠલ બીના લખીછે તે મુજબ તે રૂ૧૧૦૦) ધરમ ખાતે હમો તથા હમારાં ફરજંનદો શુધા આપીએ શાઈ . . . . . . . . . . ."

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૧૩ મી જુન ૧૮૧૨

[3] એવણના બાપ દસ્તૂર રૂસતમજી હોરમજદયારને પોતાના સસરા દસ્તૂર ભીખાજી જમશેદજીની દસ્તૂરી મળી હતી એ ભીખાજી દસ્તૂર આગલા વખતમા સુરત શેહેરના એક પ્રખ્યાત તથા ખબરદાર દસ્તૂર થઈ ગયાછે એઓને સુરતના હાકમ દરબાર વગેરેમાં પણ સારૂ માન હતુ એવણના બાપ જમશેદજી મેહેરાબજી તથા બાપાવા બેહરામ ફરામરોજ પણ સુરતમાં દસ્તૂરી ભોગવતા હતા એ છેલ્લા દસ્તૂરના વંશમાથી સુરતવાલા જાણીતા મરહુમ મનચેરજી ખરશેદજી શેઠ તથા મુંબઈવાલા મરહુમ મોબેદ ફરદુનજી મરજબાનજી પણ ઊતરેલા હતા

સરકાર તરફથી તા૦ ૧ લી જુલાઈ ૧૮૦૦ થી રૂ૫૦) નો દરમાયો બાંધી આપ્યો હતો, તથા તે સનદમાં એવો બંદોબસ્ત કીધો હતો કે એવણે પારસીઓમા ધર્મ સંબંધી વાએજીઓ કરી સમજાવવી, અને તેઓ સુલેહ સંપથી તથા સરકાર તરફ વફાદારીથી ચાલે એવા તેમને બોધ આપવા, તથા કોઈબી વખતે સરકાર પારસીઓની રાહ રસમ વગેરેને લગતા કાંઈ ઓબામા ઇનસાફને માટે પુછે તો એવણે પ્રમાણિકપણેથી તેના જવાબ આપવા. એ બંદોબસ્ત મુજબ એવણે બાર વર્ષ વેર દસ્તુરી ચલાવી હતી.

---

તા૦ ૨૯ મી આગસટ.

આજનાં "બોમ્બે કુરીઅર" મા જન્મ, મરણ તથા લગનની ટીપમા નીચે મુજબ છપાયુ છે.

જન્મ—ગઈ કાલે હોરમજજી બહમનજીની બાનુએ એક બેટાનો જન્મ આપ્યોછે.[1]

---

તા૦ ૧૪ મી નવેમબર

રોજ ૧૦ માહ ૨ (શે૦) ૧૧૮૨ યજદજરદી.

**મરણ**—હોરમજજી કેખશરૂ પટેલ—ઉમર વર્ષ ૨૭) શેઠ કેખશરૂ રૂસતમજી દોરાબજી પટેલના દીકરા. એવણ તે વેળાએ સારી ઇંગ્રેજી ભાષા શિખેના હતા, તથા પોતાના વડવાઓની મુંબઈ અને થાણાની પટેલાઈના કામકાજોમા પડેલા હતા.

---

તા૦ ૧૬ મી ડીસેમબર.

આએ વર્ષમા ઉતર તરફના દેશ બાજે વરસાદ નહિ પડવાથી મોટો દુકાલ આવ્યો હતો, અને તેથી હજારો લોકો અતરે નાશી આવતા હતા, તેઓને આસરો આપવાને શેઠો પેશતનજી બહમનજી વાડીઆ, દેવીદાસ હરજીવણદાસ, અને નાગરદાસ હીરજી મોદીએ અતરેના દેશી રેહવાસીઓમા એક ઉઘરાણુ કીધુ હતુ, તેમા ઘણાક હિંદુઓએ તથા નીચલા પારસીઓએ રકમો ભરી હતી.[2]

| | |
|---|---|
| શેઠ પેશતનજી બહમનજી વાડીઆ . | રૂ૯૦૦૦ |
| શેઠ હોરમજજી બહમનજી વાડીઆ | રૂ૪૦૦૦ |
| શેઠ હોરમજજી દોરાબજી લશ્કરી .. . | રૂ ૫૦૦ |
| શેઠ ખરશેદજી અને જાંગીરજી અરદેશર દાદી . ........ .. . | રૂ ૫૦૦ |
| શેઠ લીમજી ભીખાજીની કંપની .... | રૂ ૫૦૦ |
| શેઠ ફરામજી નશરવાનજી બાટલીવાલા .. | રૂ ૫૦૦ |
| શેઠ નવરોજજી કાવશજી નાળીએરવાલા. | રૂ ૭૦૦ |
| શેઠ કરામજી કાવશજી બનાજી .... . | રૂ૧૨૫૦ |
| શેઠ જાંગીરજી ફરામજી કાવશજી .... | રૂ ૧૦૦ |
| શેઠ કાવશજી માણેકજી આશબરનર .. | રૂ ૪૦૦ |
| શેઠ ભીખાજી મેહરજીની કંપની .... | રૂ ૫૦૦ |
| શેઠ દાદાભાઈ કાવશજી વાહેર.... . | રૂ ૩૨૫ |
| મોદી શોરાબજી વાછાગાંધી અને ખરશેદજી કરાંમજી વાડીઆ .. ... | રૂ ૨૦૦ |
| શેઠ દાદાભાઈ મેહરવાનજી મુગાના .. | રૂ ૧૨૫ |
| શેઠ મેહરવાનજી રૂસતમજી દારૂખાનાવાલા | રૂ ૧૫૦ |
| શેઠ નશરવાનજી કાવશજી પીટી...... | રૂ ૧૫૦ |
| શેઠ બરજોરજી નાનાભાઈ દાવર .... | રૂ ૨૦૦ |
| શેઠ અરદેશર ફરામજી વાડીઆ . . | રૂ ૧૦૦ |
| શેઠ એદલજી ખરશેદજી બાપુશાહ ... | રૂ ૧૦૦ |
| શેઠ એદલજી રતનજી કોપર....... | રૂ ૧૫૦ |
| શેઠ હોરમજજી કુવરજી મોદી .. .. | રૂ ૧૧૦ |
| શેઠ નશરવાનજી કાવશજી બનાજી.... | રૂ ૨૨૫ |
| શેઠ ધનજીશાહ રતનજી કપતાન .. . | રૂ ૨૦૦ |
| શેઠ ફરામજી પેશતનજી મામા .. .. | રૂ ૨૨૫ |
| શેઠ ખરશેદજી માણેકજી સરાફ...... | રૂ ૩૦૦ |
| શેઠ દાદાભાઈ જીવાજી ગાવી .. | રૂ ૧૦૦ |
| શેઠ હોરમજજી ધનજી પટેલ . . | રૂ ૩૦૧ |
| શેઠ એદલજી માણેકજી લામ ... .. | રૂ ૨૦૦ |
| શેઠ રૂસતમજી નાદરશાહ.... . .. | રૂ ૨૫૧ |
| શેઠ હીરજી જીવણજી .... .. . | રૂ ૩૦૦ |
| શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ .. | રૂ ૧૦૦ |
| શેઠ હોરમજજી અને મેહરવાનજી નવરોજજી નાલીએરવાલા ..... . | રૂ ૧૫૦ |
| શેઠ જમશેદજી નાનાભાઈ ગજધર . | રૂ ૪૦૧ |
| | રૂ૧૭૩૧૩ |

---

આએ વર્ષમા મુંબઈ મધે મોબેદ ફરદુનજી મરજબાંનજીએ પેહલ વેહલું ગુજરાતી છાપાખાંનુ ઉઘાડયુ હતું.[3]

---

[1] Birth—Yesterday the lady of Hormusjee Bomanjee of a son

ઇંગ્રેજી વરતમાન પત્રમા દેશી ગ્રહસ્થને ત્યાનો આ પેહલ વેહલો જન્મ છપાયેલોછે એની આગમજ ઇયા એની પછી ઘણા વર્ષના વરતમાન પત્રોમા કોઈબી દેશીને ત્યા થએલો જન્મ છાપયો અમારા વાચવામા આવ્યો નથી આ જન્મ નોંધમા જણાવેલો બેટો તે આપણી વસતીના જાણીતા શેઠ અરદેશર હોરમજજી વાડીઆછે

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૨૬ મી ડીસેમબર ૧૮૧૨

[3] આ મુંબઈમા પેહલવેહલુ ગુજરાતી છાપાખાનુ ઊઘાડવાનો ઊપલો સને તેના સ્થાપક મરહુમ મોબેદ ફરદુનજીના વીધવા બાઇ કુવરબાઇ કે જેવણ હાલમા હૈયાતછે તેમની યાદદાસ્ત ઊપરથી મે નોંધોછે તે ઊપરાંત ઇ૦ સ૦ ૧૮૧૪ માંતો એમાથી પેહલ વેહલુ ગુજરાતી પંચાગ નીકલ્યુ હતુ તે ઊપરથી પણ જણાએછે કે છાપાખાનુ એની એકુ વર્ષ આગમજ નીકળ્યુ જોઇએ એ છાપાખાનાનુ તે વેળાએ કસ્યુ નામ આપેલુ ન હતુ ફકત પંચાગ ઊપર આ પ્રમાણે છપાતુ :—

"એ પંચાગ શ્રી મુમબઇ મધે મોબેદ ફરદુનજી મોબેદ મરજબાનજીના કારખાનામો છપાઇલીછે"

એ પછી ઇ૦ સ૦ ૧૮૨૨ મા એ કારખાનામાથી "શ્રી મુંબઈના શમાચાર" નુ આગલુ જાણીતુ વર્તમાન પત્ર એજ ચહાપે કાઢવા માંડયાથી એનુ નામ "મુંબઈ સમાચાર છાપાખાનુ" કરી આપવામા આવ્યુ હતુ

# ઈ૦ સ૦ ૧૮૧૩.

તા૦ ૨ જી મેએ.

રોજ ૨૯ માહ ૮ (કદ૦) ૧૧૮૨ યજદજરદી.

**મરણ**—હોરમજજી દાદીભાઈ—ઉમર વર્ષ ૬૦) શેઠ દાદીભાઈ નોશરવાનજીના વડા દીકરા. એવણ એકવાર પોતાના બાપની તરફથી ઈ૦ સ૦ ૧૭૯૩ મા ચીન જઈ આવ્યા હતા, અને તે પછી ઈ૦ સ૦ ૧૭૯૯ માં બાપના મરણથી પોતાના ભાઈ શેઠ અરદેશર દાદીભાઈના આસરા હેઠળ રહેલા હતા.

---

તા૦ ૧૬ મી મેએ.

રોજ ૧૩ માહ ૮ (શે૦) ૧૧૮૨ યજદજરદી.

**મરણ**—ખરશેદજી બહમનજી લીકીમ[1]—ઉમર વર્ષ ૪૫) એવણ અતરે આવતી ઈંગ્રેજી તથા ફ્રેન્ચ મનવારોના ડુબાવનુ કામ કરવામા પકાયલા હતા.

---

તા૦ ૨૯ મી મેએ.

રોજ ૨૬ માહ ૮ (શે૦) ૧૧૮૨ યજદજરદી.

**મરણ**—એદલજી કુવરજી જશાવાલા—ઉમર વર્ષ ૩૫) શેઠ કુવરજી રતનજી જશાવાલાના વડા દીકરા. એવણ પોતાના બાપની ધ ગ્રેજ બજારમાંની મોટી દુકાનમા શામેલ હતા, તથા તેને લગતા કામોને માટે દેશાવરો ખાતે પણ જતા આવતા હતા. બાપની હૈયાતીમાજ એવો મરણ પામ્યા હતા.

---

તા૦ ૨૧ મી નવેમબર.

આજ દીને અતરેના દરીયાઈ ખાતાના રેસીડંટ કમીશનર મી૦ જે જાનસ્ટને મુબઈની ગોદીના વડા "માસ્ટર બીલ્ડર" શેઠ જમશેદજી બહમનજી વાડીઆ પર એક પત્ર લખી તેવણે પોતાના ઉપરીપણા હેઠળ અતરેની ગોદીમા નામદાર સરકારને માટે "મીનદેન" નામની ૭૪ તોપોની એક મોટી મનવાર જે તારીફ લાયક કારીગરી તથા ચતુરાઈથી બાંધી તે માટે ઈંગલાંડના દરીયાઈ ખાતાના લારડ કમીશનરો તરફથી એક રૂપાનુ કપ ઘટતા લેખો સાથે ભેટ મોકલ્યુ હતુ.[2]

તા૦ ૩૦ મી નવેમબર.

આજ દીને અતરેના દેશી રેહવાસીઓએ મુબઈ ઈલાકાના વડા પાદરી રેવરંડ આરનોલ્ડ બરોસ,[3] કે જે છેલો ૪૦ વર્ષ લગણ મુબઈમાજ રહેલો હતો, અને તેટલા અરસામા અતરેના સઘળી વર્ણના દેશીઓમાં હલી ગયલો હતો, તેને ઈંગલાંડ પોતાને વતન સીધારતી વેળાએ એક માન પત્ર આપ્યુ હતુ. આ માન પત્ર પર અતરેના ૨૪ હિંદુ, ૧૩ ફીરંગી, અને નીચલા ૨૩ પારસીઓએ શહીઓ કીધી હતી.[4]

પેશતનજી બહમનજી વાડીઆ, જમશેદજી બહમનજી વાડીઆ, હોરમજજી બહમનજી વાડીઆ, રતનજી બહમનજી વાડીઆ, ફરામજી નાનાભાઈ દાવર, બહમનજી સોરાબજી શેઠ, મેહરવાનજી નવરોજજી શેઠ, ફરામજી સોરાબજી શેઠ, નશરવાનજી માણેકજી વાડીઆ, બરજોરજી દોરાબજી દાદીબરજોર, ભીખાજી મેહરજીની કપની, પેશતનજી ભીખાજી પાંડે, લીમજી ભીખાજીના છોકરાઓની કપની, ફરામજી કાવશજી બનાજી, ખરશેદજી માણેકજી સગાફ, દાદાભાઈ કાવશજી શાહેર, જમશેદજી નાનાભાઈ ગજધર, નવરોજજી કાવશજી નાળીએરવાલા, ખરશેદજી અરદેશર દાદી, જાગીરજી અરદેશર દાદી, ધનજીભાઈ સોરાબજી રેડીમની, જાગીરજી હીરજી રેડીમની, કેખશરૂ સોરાબજી રેડીમની.

---

તા૦ ૩ જી ડીસેમબર.

રોજ ૨૯ માહ ૨ (શે૦) ૧૧૮૩ યજદજરદી.

**મરણ**—નવરોજજી સોરાબજી શેઠના—ઉમર વર્ષ ૫૦) શેઠ સોરાબજી માણેકજી શેઠના વડા દીકરા. એવણ પોતાના ભાઈઓ શેઠ બહમનજી તથા ફરામજીની

---

૧ મરહુમ શેઠ જાગીરજી ખરશેદજી તારાચંદના બાવા

૨ આ કપ ઉપર નીચે પ્રમાણેનો લેખ કોતરેલોછે.—

THIS CUP IS PRESENTED
TO JAMSETJEE BOMANJEE
BY THE RIGHT HONORABLE THE LORDS COMMISSIONERS,
OF THE ADMIRALTY
*In testimony of the sense they entertain*
*of his diligence and skill in building*
For the Service of His Britannic Majesty's Navy,
THE MINDEN OF 74 GUNS

આ કપ એમના એક વારસ શેઠ દોરાબજી નાનાભાઈ નવરોજજી વાડીઆ પાસે મોજુદછે તેની કારીગરી ઘણી ઊતમછે, અને આકારમા એક મોટા રૂપાના અરગાનીઆ જેવુછે તેના ઢાકણ ઊપર એક વાહણ કોતરેલુછે

૩ એ નામીચા પાદરીની નોકરીમા ફકીરજી તથા નશરવાનજી નામના બે પારસી બાપ દીકરાઓ હતા. જેઓ પણ એ પોતાના શેઠના સબબથી અતરે વગવાલા ગણાતા હતા, અને "પાદરી બરશના" ની અટકથીજ ઓળખાતા હતા એ રેવરંડ મી૦ બરોસે આપણા પારસીઓને કેટલીક વાર પોતાના વગથી સરકાર દરબારમા મદદ કીધેલી સભલાયછે

૪ બોમ્બે ગેજેટ, તા૦ ૨૨ મી ડીસેમબર ૧૮૧૨.

સાથે મળી પોતાના બાપની "સોરાબજી માણેકજી શેઠ" ના નામથી ચાલતી વ્યાપારની પેહડી ચલાવતા હતા. મરહુમ માણેકજી શેઠના ધર્મ ખાતાના મુતવલીપણાનો અખ્ત્યાર એવણને મલયો હતો. ઈ૦ સ૦ ૧૮૦૩ ની મુંબઈની મોટી આગની વેળાએ એવણે કેટલીક સરકારી ઈમારતો બળી જવાથી સરકારના અમલદારોને રેહવાને માટે પોતાનુ ઘેર ખાલી કરી આપયું હતુ, અને તેનું કસ્સું ભાડુ સરકાર પાસેથી લીધુ હતું નહિ. આથી સરકારે એવણનો ઉપકાર માની આગમા બળી ગયલી કેટલીક ખાલી જમીન તેના બદલામાં એવણને ભેટ આપી હતી. એવણે મરનાર માણેકજી શેઠનાં ધર્મના કામો તેમના બંદોબસ્ત મુજબ ૧૫ વર્ષ વેર ચલાવ્યાં હતાં.

તા૦ ૨૭ મી ડીસેમબર.

રોજ ૨૩ માહ ૩ (સં૦) ૧૧૮૩ યઝદજરદી.

**મરણ**—દોરાબજી ધના—ઉમર વર્ષ ૫૬) ભરુચના એક નામીચા પારસી શેઠીયા. એવણ્ સીરંગી તથા વલંદા બ્યાપારીઓની ભરૂચમાં દેશી કાપડની ખરીદીની દલાલી કરતા હતા. ત્યાંની જરથોસ્તી અંજુમનના એવણ એક અગ્રેસર હતા.

## ઈ૦ સ૦ ૧૮૧૪.

આએ વર્ષના "બોમ્બે કુરીઅર" માથી નીકલેલા ઈંગ્રેજી કલેનડર[1] મા પારસીઓને લગતી નીચલી ખીના હતી.—

### ઈનસુરનશ શોશાઈટીના પારસી બાગીદારો.

આગલા કલેનડરોની માફકજ.

### પારસી બ્યાપારીઓ.

ફ્રામજી નાનાભાઈ દાવર.
નશરવાનજી માણેકજી વાડીઆ.
પેશતનજી બહમનજી વાડીઆ.
હોરમજજી બહમનજી વાડીઆ.
ધનજીભાઈ સોરાબજી રેડીમની.
ખરશેદજી અને જાહાંગીરજી અરદેશર દાદી.
ખરશેદજી માણેકજી સરાફ.
બરજોરજી દોરાબજી દાદીબરજોર.
ફ્રામજી કાવશજી બનાજી.
નવરોજજી કાવશજી નાલીએરવાલા
ભીખાજી મેહરજીની કંપની.
લીમજી ભીખાજીના છોકરાઓની કંપની.
જમશેદજી નાનાભાઈ ગજધર.
દાદાભાઈ કાવશજી શાહેર.
નશરવાનજી રૂસતમજી જથાવાલા.
પેશતનજી રૂસતમજી.
બહમનજી નશરવાનજી (કાસીનાથ).

### સરકારી ગોદીના બીલડરો.

જમશેદજી બહમનજી વાડીઆ.
નવરોજજી જમશેદજી વાડીઆ.
નવરોજજી ફ્રામજી વાડીઆ.
ખરશેદજી રૂસતમજી વાડીઆ.
મેહરાંમજી ફ્રાંમજી વાડીઆ.

### પારસી વાહણવતીઓ.

| વાહણનું નામ. | માલેક. | ટણ. |
| --- | --- | --- |
| ફરેંનડસીપ | હોરમજજી બહમનજી વાડીઆ | ૮૭૨ |
| શાહ બેહરામગોર. | ફ્રામજી નશરવાનજી બોટલીવાલા. | ૫૬૦ |
| ગોલ્ડફીલ્ડ.. | પેશતનજી બહમનજી વાડીઆ. | ૬૭૯ |
| ગુજાવર .. | ફ્રામજી નાનાભાઈ દાવર | ૬૮૦ |
| સુલેમાની | ફ્રામજી કાવશજી બનાજી | ૬૭૯ |

તા૦ ૨૫ મી આપરેલ.

આજ રોજે બજારગેટનાં નાકા આગલના મેદાનમાં કેટલાક પારસીઓની ગાયો એક ગવલનના સ્વાધીનમા ચરતી હતી. ત્યા પોલીસના બે સિપાહીઓએ આવી તે ગાયોને પકડી, જે ઉપરથી પેલી ગવલને વાંધો લીધાથી તેઓએ તેણીને બે તમાચા સુધી કાઢયા તથા ઘાતકીપણે કેટલાક માર માર્યો, જે તેજ વખતે શેઠો પેશતનજી તથા જમશેદજી બહમનજી વાડીઆ, જેઓ પોતાની ગાડીમાં બેસી ત્યાથી પસાર થતા હતા તેઓએ પોતાની નજરે જોયો. આ ઉપરથી કાવશજી માણેકજી તથા બીજા તે ગાયોના પારસી માલેકો શેઠો પેશતનજી તથા જમશેદજી વાડીઆની ખાએશથી પેલી ગવલનને લઈ પોલીસના સીનીયર માજીસ્ટ્રેટ મી૦ ગુડવીન પાસે ગયા હતા. જેણે પેલી ગવલનને પોતા પાસે બોલાવી અને સિપાહીઓને હોકમ કીધો કે "આએ કાગરાઓને બાહેર કાઢ" જે ઉપરથી કાવશજી માણેકજીએ કહ્યુ કે હુ આએ મુકદમો સાબેત કરવાને શાખસી તરીકે આવ્યો છુ, આથી તેને ત્યા ઉભો રેહવા દઈ બીજા પારસીઓને પોલીસની બાહેર કાઢયા. પછી પેલી ગવલનની તથા કાવશજીની શાખસી

[1] The Bombay Calendar and Register for 1814 *Bombay, Printed for the Proprietors, by Samuel Rans*

લીધી, અને પેલા સિપાહીઓને કસી સજા ઈધા ઠપકો આપ્યો નહિ, પણ કાવશજીએ શેઠ પેશતનજી તથા જમશેદજી વાડીઆનું નામ દીધાથી પેલી ગાયોને પોલીસમા ખવાડવાનો પરમ લઈ પાછી પારસીઓને સ્વાધીન કીધી હતી. માજીસ્ટ્રેટની આ ચાલ માટે શેઠ પેશતનજીએ પછવાડેથી કાવશજી પાસે રીકાડર કોરટમા એક અરજી કરાવી હતી.[૧]

---

### તા૦ ૨૪ મી મેએ.

આજ રોજે મુંબઈના મુખ્ય હિંદુ, પારસી તથા મુસલમાન રેહવાસીઓએ અતરેના નામદાર ગવરનર સર ઈવીન નેપીઅનને એક અરજી કીધી હતી કે હાલમા માજીસ્ટ્રેટોએ કાઢેલા એક હોકમ મુજબ પોલીસના સિપાહીઓ રસતામા ફરતાં કુતરા, ગાયો વગેરે જાનવરોને પકડી લઈ જઈ મારી નાખેછે; કે જે અમો દરેક કોમના ધર્મની સરીયતથી ઉલટું, તથા અમારી લાગનીને દુખ ઉપજાવનાર છે એવા ઘરસ ભારી જાનવરોને મારી નહિ નાખવાનો ચાલ કાંઈ અમો લોકોમા રેવાજ ઈધા દેતકથાથી પડેલો નથી, પણ હિંદુ, પારસી અને મુસલમાન, એ દરેક કોમવાળાઓના ધર્મ પુસ્તકોમા એવા ઘર સંભારી જાનવરોને ખવાડવા તથા તેમને પાળવાનો ખાસ ફરમાન છે, માટે તમો નામદારની કૌનસીલ ઉપલો માજીસ્ટ્રેટોનો હોકમ તથા આએ અમારી અરજી એ બંને તમારા માયાલુ ધ્યાનમા લઈ તેનો તોલ કરશો એવી અરજદારો આશા રાખેછે. આ અરજીપર ઘણાક હિંદુ, મુસલમાન તથા નીચેના આગેવાન પારસીઓએ સહીઓ કીધી હતી.[૨]

ફરામજી નાનાભાઈ દાવર, જમશેદજી બહેમનજી વાડીઆ, પેશતનજી બહેમનજી વાડીઆ, બહેમનજી શોરાબજી ચેકના, પેશતનજી ભીખાજી પાંડે, ફરામજી કાવશજી બનાજી, નવરોજજી મેહરજી, કેખશરૂ શોરાબજી રેડીમની, હોરમજજી બહેમનજી વાડીઆ, ખરશેદજી માણેકજી મગાક.

---

### તા૦ ૪ થી જુન.

રોજ ૨ માહ ૯ (શે૦) ૧૧૮૩ યજદજરદી

**મરણ**—નશરવાનજી માણેકજી વાડીઆ—(ઉમર વર્ષ ૬૪) શેઠ માણેકજી લવજી વાડીઆના બીજા દીકરા એવણ એક મોટા વ્યાપારી, વાહણવટી, તથા ફ્રેન્ચ સરકારના અતરેના આડતીઆ હતા. બોમ્બે, હોરમજીબાર, કારનવાલીસ, અને બોમ્બે મરચંટ, નામના એવણનાં ચાર મોટાં વાહણો હતા. ફ્રેન્ચ સરકારમા એવણને ઘણું માન હતુ, તથા ત્યાની દરબારમા એવણની એક તસવીર પણ ટાંગેલી હતી એવુ તે વખતે તે તરફ જઈ આવેલા એક પારસીથી અતરે જાહેર થયું હતુ.[૩] ઈ૦ સ૦ ૧૭૯૦ ના ગુજરાતના "સડતાલા" ના ભયકાર દુકાલની વખતે એવણે શેઠ પેશતનજી બહેમનજી વાડીઆ તથા શેઠ દાદીભાઈ નોશરવાંનજીની સાથે મળી અતરે આવતા શેહકડો લાચાર જરથોસ્તીઓની દશ મહિના લગણ પરવરશી કીધી હતી તે ઉપરાંત દેશાવરો ખાતે ગરીબોને વેહચી આપવાને હજરો ગુણ અનાજ એવણે જુદો મોકલ્યો હતો. નવસારીનાં આતશબેહરામની ઈમારત જુની થવાથી તે એવણે દેશાઇ મનચેરજી ખુરશેદજીની સાથે મળી નવેસરથી ઈ૦ સ૦ ૧૮૧૦ મા બંધાવી હતી એવણ તે વખતની મુંબઈની પારસી પંચાતના એક અકાબર હતા.

---

૧ આ અરજીની નકલ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસે અમોએ જોઈ હતી

૨ આ અરજીની નકલ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મળી હતી.

૩ આ વાત અતરે કેમ જાહેર થઈ તે બાબેની એક ઘણી રમુજી બીના "મુંબઈના બાહાર" મા સફે ૫૫૧ મે નીચે પ્રમાણે આવેલીછે:—

" . ફરાનસ તથા અંગરેજના રાજઅમલમા છેહલીવાર ઉઠેલી લડાઈ વખતે આપણી શેહરના એક પારસી વેપારી શેઠ રૂસતમજી મનચેરજી બંગાલી (લકબે મેટકી) અંગરેજી વાવટાના જે વાહાણમા સવાર થઈ ચીન અથવા બંગાલાની સફરે ફરતા, તે માલથી ભરેલા બારકસ સહીત ફરેંચ મનવારના સપાટામા સપડાઈ ગયા કબજે થયલા બારકસને તે માહેલા માલ તથા ઉતારૂઓ સહીત ફરાનસને તાબેના કોઈ સંસથાન ખાતે લઈ જઈને લડાઈના બંધવા તરીકે સઘલાઓને રાખેઆ, તેમા મરહુમ રૂસતમજીબી સામેલ હતા આ ગરહસથ દેખાવે ઘણા શુશીઆના તથા ડાહાપણવાલા માલુમ પડેઆથી કેહચ કે, એક દાહાડે તાહાની દરબારમા તેણાને બોલાવેઆ જતા જતા વાર આ નેકનામ વાડીઆજી (નશરવાનજી) ની એક મોટી તસવીર ટાંગેલી જોઈને નવધાર આંસુ ટીપાવીને બેશુમાર રડવા લાગા, અને કલાપીતમી કહેઉ કે, જેના સંબંધમા આ માહરા કાકા જહોજલાલી ભરેલી દોસતી બાંધી બેઠા તેનાજ કબજાનમા હુ તેનો ભતરીજો હાવી પરેશાન હાલતમા કેદ પડેઓ, તે વાત ખરેખરી દુખ ધરવા જોગ નીવડેછે આ બોલવુ દરબારીઓએ સાચુ માનીને રાજ સભાને લખી વાલેઆથી તેમના જપત કીધેલા માલ તથા અસબાબ સાથે તેણાને તતકાલ તાહાથી આજાદ કીધા, અને કોઈ બીજા વાવટાવાલા બારકસમા સરકારના ખરચથી તેણાને ચડાવીને તેમની ખુશી પડતે મુલક મોકલી આપેઆ હતા"

ઊપલી વાત કાંઈ કલપણાથી ઉભી થાએલી નથી, પણ ખરેખરી બનેલી ખુદ ઘણીએ ઘણા ગરહસથો આગલ તે વખતપર કીધેલી આપણા તરફના પુરાતન સાહેબોના સાંભલવામા આવી હતી, એમ ઉપલો ફકરો લખનાર શેઠ રતનજી ફરામજી વાછા કેહેછે

પછવાડેથી વ્યાપારમા મોટી ખોટ આવ્યાથી તા૦ ૧૫ મી આગસ્ટ ૧૮૯૦ થી એવણને પોતાનો વહીવટ બંધ કરવા પડયો હતો.[૧]

---

તા૦ ૧૫ મી જુલાઈ.

મુંબઈના મુખ્ય હિંદુ, પારસી તથા મુસલમાન રેહવાસીઓની ગઈ તા૦ ૨૪ મી મેએની અરજીનો આજ દીને સરકારના સેક્રેટરી મી૦ ડબલ્યુ. ન્યુનહામ તરફથી શેઠો અબાઈદાસ ઠાકોરદાસ, જમશેદજી બહેમનજી વાડીઆ તથા આગા મહમદ શુસતરી જોગ એક લંબાણ જવાબ આપ્યો હતો, તેમા જણાવ્યું હતુ કે રસ્તામા રખડતાં જાનવરોને મારી નાખવાનો આએ કાએદો નામદાર સરકારે જાહેર રૈયતની સંભાળ તથા સલામતીને વાસ્તે પુખ્ત વિચાર કીધા પછી કાઢયોછે. બીજુ એકે એ ધારો બંગાળ—મદરાજ અને સીલોનના સરકારને હસ્તકના બધા ગામોમા અસલથી ચાલતો આવેલોછે, અને મુંબઈને પણ તે છેક ઈ૦ સ૦ ૧૭૯૮ થી લાગુ પાડવામા આવેલોછે, કે જે વખતે સિપાહીઓની ટુકડીઓ એ ટાપુમાં રખડતા કુતરાઓને મારી નાખવાને ફરતી હતી. એ વતરાગે બીજી ઘણીક અરજદારોની માગણીનો સખ્ત રીતે રદ જવાબ આપ્યોછે.[૨]

---

તા૦ ૧૩ મી સપ્ટેમબર.

આજ દીને મુંબઈના મુખ્ય હિંદુ, પારસી તથા મુસલમાન રેહવાસીઓએ તેમની કુતરા મારવાની અરજીનો ગઈ તા૦ ૧૫ મી જુલાઈએ સરકારના સેક્રેટરી મી૦ ન્યુનહામ તરફથી જે સખ્ત જવાબ આવ્યો હતો તે વિષે પાછી એક લંબાન અરજી મુંબઈના ગવરનર સર ઈવીન નેપીઅન જોગ કીધી હતી, અને તેઓપર સરકારે જે સખ્ત જવાબ મોકલ્યો તે માટે પોતાની અજાયબી દેખાડી હતી, તથા જણાવ્યુ કે અમોએતો ફક્ત અમારી રાહરસમો તથા ધર્મ સબંધી ક્રિઆઓને ઉપલા કુતરા મારવાના હોકમથી જે ધોકો પોહચેછે તથા અમારી લાગણીને જે દુઃખ લાગેછે તે નામદાર સરકારને માનભરી રીતે અમારી અરજીમા જણાવ્યુ હતુ પણ ઉપલા જવાબ ઉપરથી અમો બેહદ દલગીર છૈએ કે અમારી મજકૂર અરજી નામદાર સરકારે તદન રદ કીધીછે, અને સાંખી અમારી ઉપર સરકારની નાખુશી ઉતરીછે. જોકે અમો કાંઈ કુતરાં, વગેરે જાનવરોને રસ્તામા રખડવા દેવાને કેહતા નથી, પણ આ કાયદો જે છેક હદની બાહેર ઘાતકી રીતે લઈ જવામા આવેછે તેની સામે અમો ફરિયાદ કરીએ છૈએ, અને હજુરથી આશાછે કે અમારી આગલી અરજીપર નામદાર સરકાર ઈનસાફ અને દયાની નજરથી ધ્યાન પોહચાડશે. આ અરજીપર પણ આગલીજ અરજીવાલા ઘણાખરાઓની શહીઓ હતી.[૩]

---

તા૦ ૨૯ મી સપટેમબર.

આજ દીને મુંબઈની નેટીવ જનરલ હાસપીટલના સરજન ડાકટર વીલ્યમ ડનબારને તેને વતન સીધારતી વેળાએ અતરેના મુખ્ય હિંદુ, પારસી તથા ફરંગી રેહવાસીઓએ એક માન પત્ર શેઠ પેશતનજી બહેમનજી વાડીઆની મારફતે મોકલી આપ્યું હતુ. તે પર ૧૮ હિંદુ, ૧૦ ફીરંગી, ૨ મુસલમાન, અને બીજવા પારસીઓની શહીઓ હતી.[૪]

હોરમજજી બહેમનજી વાડીઆ, ખરશેદજી અરદેશર દાદી, ફરામજી નાનાભાઈ દાવર, ખરશેદજી માણેકજી સરાફ, જાહાંગીરજી અરદેશર દાદી, નવરોજજી નશરવાનજી વાડીઆ, બરજોરજી દોરાબજી દાદીબરજોર, પેશતનજી બહેમનજી વાડીઆ, દાદી રતનજી, નવરોજજી કાવશજી નાળીએરવાળા, શાપુરજી કાવશજી, બરજોરજી નાનાભાઈ દાવર, મુલાં ફીરોજજી કાઉસજી, કેખશરૂ શેરાબજી રેડીમની.

---

તા૦ ૭ મી અકટોબર.

રોજ ૨ માહ ૧ (શે૦) ૧૨૬૪ યજદજરદી.

**મરણ**—દાદાભાઈ કુવરજી બનાજી—ઉમર વર્ષ ૪૫) શેઠ કુવરજી માણેકજી બનાજીના બીજા દીકરા. એવણ પ્રથમમા પોતાના બાપ કે જેવણ "બનાજી લીમજી" ના નામથી ચાલતી પેઢીના ભાંગ્યા ઉપરાન પોતાને હીસાબે દેનાવરો બાતેનો વાપાર તથા આડતનું કામ કરતા હતા તેમા સામેલ હતા. તે બાદ ઈ૦ સ૦ ૧૮૦૦ ની પછી એવણ શેઠ અરદેશર દાદીભાઈના કારભારી થયા હતા.

---

તા૦ ૧૯ મી અકટોબર.

ધનવાડના ફીઆવર્ગી ખાતાના લારડ કમીશનરો તરફથી અતરેની ગોદીના વડા માસ્ટર મીનવાર શેઠ જમશેદજી બહેમનજી વાડીઆને ગયા વર્ષની તા૦ ૨૧ મી

---

૧ કેહછે કે આ બનાવથી એવણને એટલીતો દલગીરી ઊપજી હતી કે એ દિવસથી તે પોતાના મરણ લગણના અરસામા એવણ પોતાનાં ઘરના ઓરડામાથી બાહેર પણ નિકલ્યા ન હતા

૨ આ અસલ જવાબ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી અમોને મલ્યોછે

૩ આ અરજીની નકલ શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ પાસેથી મલીછે.

૪ બોમ્બે કુરીઅર, તા૦ ૮ મી અકટોબર ૧૮૯૪.

નવેમબરે રૂપાનું એક કપ અતરેના દરીઆવરદી ખાતાંના રેસીડંટ-કમીશનર મી૦ જે. જાનસ્ટનને એક પત્ર લખી ભેટ આપ્યુ હતુ, તે પત્રનો જવાબ આજ દીને શેઠ જમશેદજીએ મજકુર અમલદાર ઉપર ઘણી માયાકુલ રીતે લખ્યો હતો તેમા તેવણની કારીગરી તથા મેહનતને નામદાર કમીશનરોએ આવી રીતે પીછાણી પોતાની દીલસોજી બતાવી તે માટે એવણે પોતાની તરફથી ખુશાલી જણાવી તેમનો મોટો ઉપકાર માન્યો, તથા લખ્યુ કે દુનિયાના આએ ભાગ ઉપર નામદાર બ્રીતિષ સરકારને માટે ૭૪ તોપની પેહલવેહલી મનવાર મેં બાંધી તેજ મહને તથા મારા કુટુંબને મોટુ માન તથા સંતોષ હતો, લેકીન આએ મારી નાકિશ કોશેશને હિંદુસ્થાનના દરિયાઈ કારીગરો ઉપરાંત આખા બ્રીતિષ દરિયાઈ ખાતા ઉપર સરદારી ચલાવનારા અમલદારોએ પણ આવી રીતે વખાણીછે તેની યાદગારીનો છાપ મારા મનમાથી કદી પણ ભીશનાર નથી. ઉપલી ૭૪ તોપની મનવાર "મીનદેન" બાંધ્યા પછી તેજ કદની એક બીજી મોટી મનવાર "કારનવાલીસ" મે અતરેની સરકારને માટે બાંધીછે, અને તેવીજ એક બીજી મોટી મનવાર "વેલેસલી" નું કામ લગભગ પુરૂ થવા આવ્યુછે, માટે તે બારકશોબી કરસી રીતે પેહલા કરતા ઉતરતા નથી, એવી નામદાર કમીશનરો તરફની ગવાહી જાણી હું બેવડો ખુશી થઇશ [1]

---

તા૦ ૧૧ મી નવેમબર.

આજ દીને સંવત ૧૮૭૧ ના હિંદુ માલનુ ગુજરાતીમા પંચાગ પેહલવેહલુ મોબેદ ફરદુનજી મરજબાંનજીએ પોતાના છાપાખાનામાથી છાપી દર નકલે રૂ૨) ની કીમતે બાહેર પાડયું હતુ [2]

---

# ઈ૦ સ૦ ૧૮૧૫.

તા૦ ૧૭ મી જાનેવારી.

રોજ ૧૪ માહ ૪ (ચં૦) ૧૧૮૪ યજદજરદી.

**મરણ**—કુવરજી માણેકજી બનાજી—ઉમર વર્ષ ૯૦) શેઠ માણેકજી બનાજી લીમજીના વડા દીકરા એવણ ઈ૦ સ૦ ૧૭૭૫ મા પોતાના બાપના મરણ બાદ તેમની "બનાજી લીમજી" નાં નામથી ચાલતી પેહડીના પોતાના ભાઈ તથા બીજા પિત્રાઇઓ સાથે ભાગ્યા હતા. તે ઉપરાંત ઈ૦ સ૦ ૧૭૯૬ થી પોતાને હીસાબે પુણા તથા બીજા દેશાવરો ખાતેનો બાપાર તથા આડતનુ કામ કરતા હતા.

---

તા૦ ૧૩ મી ફેબરવારી.

રોજ ૧૧ માહ ૫ (ચં૦) ૧૧૮૪ યજદજરદી.

**મરણ**—મનચેરજી મેહેરામજી બનાજી—ઉમર વર્ષ ૮૦) શેઠ મેહેરામજી બનાજી લીમજીના ચોથા દીકરા. એવણ પ્રથમમા પોતાના બાપની "બનાજી લીમજી" ના નામથી ચાલતી બાપારી પેહડીના પોતાના ભાઇઓ તથા પિત્રાઇઓ સાથે ભાગ્યા હતા. તે પછી ભાગ્યાઓમા વાંધો પડવાને લીધે પેહડીનુ કામ ઈ૦ સ૦ ૧૭૯૩ મા ઇનસાફની અદાલતે ચડવાથી એવણે તે પછી એકાંત જીદગી ગુજારી હતી.

---

તા૦ ૨૭ મી ફેબરવારી.

રોજ ૨૫ માહ ૫ (ચં૦) ૧૧૮૪ યજદજરદી.

**મરણ**—લોદી ખુરશેદજી જમશેદજી પુણાવાલા—ઉમર વર્ષ ૬૦) એવણના વડવાઓ અસલમા ખંભાતના વતની હતા. ઈ૦ સ૦ ૧૮૦૦ ને આસરે એવણ પુણા ખાતે ત્યાના રેસીડંટની નોકરીમા પેહલવેહલા ગયા હતા.

---

[1] આએ શેઠ જમશેદજી વાડીઆનો પત્ર તથા તેની સાથના બીજા કાગળીયાઓ તા૦ ૪ થી ફેબરવારી ૧૮૧૫ ના "બોમ્બે કુરીઅર" મા છપાયાછે તેમાના નીચલા બે ફકરા એ બાબદને લગતા અતરે અસલ ઇંગ્રેજીમાથી ઊતારી લેવા દરૂરત ધાર્યે છૈયે.—

"2nd Deeply impressed as I cannot fail to be with the strongest feelings of gratitude and respect towards the high authority from whence has emanated the distinction now conferred upon me through your hands, *I am but ill able to express the pride and* pleasure derived, to myself and family on the present occasion that the first ship of seventy four guns ever built for His Britannic Majesty in this part of the world, should have been constructed by me was in itself a matter of great gratification, but that my humble efforts in that work should have obtained not only the approbation of many respectable professional men in India but also that of the high authority which presides over the whole British Navy, can not fail to make a lasting impression on my mind and be carefully transmitted to my latest posterity."

"3rd Since the construction of the Minden of 74 guns, I have built under the auspices of the respectable Government of this Presidency the Cornwallis of 74 guns, and nearly completed the Wellesley of 74 guns, and will add to the pleasure I now feel under their Lordships high approbation, if these latter works are considered not inferior to the first."

[2] આ પેહલવેહલા ગુજરાતી પંચાગની નકલ અમારા જોવામા આવી નથી, પણ એની પછીના બીજા છપાને સંવત ૧૮૭૨ ના સાલથી સંપુરણ પંચાગો મુંબઈની પારસી પંચાતના મેહતા શેઠ મેહેરવાનજી નવરોજજી (કે જેમના બાવા મરહુમ શેઠ નવરોજજી કાવસજી દારૂડીવાલા એ કારખાનાના ઘણી લાંબી મુદત સુધી પરીનટર હતા) પાસે સચવાઈ રહેલા હાલમા મોજુદછે.

# ઈ૦ સ૦ ૧૮૧૬.

આએ વર્ષનાં "બોમ્બે કુરીઅર" માંથી મીકળેલા ઇંગ્રેજી કાલેનડરમા[૨] પારસીઓને લગતી સઘળી ખીના ઈ૦ સ૦ ૧૮૧૪ ના કાલેનડરની માફકજછે. ફક્ત ઈનસુરનશ ઓફીશના પારસી ભાગીદારોની ટીપમા શેઠ ફરામજી નશરવાનજી બાટલીવાલાનું નામ વધારેછે, તથા પારસી વ્યાપારીઓની ટીપમા શેઠ નશરવાનજી માણેકજી વાડીઆનું નામ નથી, તથા શેઠ દાદી રૂસતમજી અને ખરશેદજી એદલજીના નામ વધારેછે, તેમજ વાહણવતીઓની ટીપમા શેઠ જમશેદજી જીજીભાઈના નામ ઉપર "ગુડ સકશેસ" નામનુ ૫૫૦ ટણનુ વાહણ નોંધાયલુંછે.

તા૦ ૧ લી ફેબરવારી.

રોજ ૨૯ માહ ૫ (ક૦) ૧૧૮૫ યજદજરદી.

**મરણ**—ખરશેદજી રૂસતમજી ચીનાઈ—સુરતવાલા શેઠ માણેકજી એદલજી અરમાનીના દલાલના નમીંગ. એઓ વણુ શેઠ અરદેશર દાદીભાઈના આડતીઆ તરીકે લાંબી મુદત સુરી ચીન જાવ આવ કર્યા કરતા હતા, જે ઉપરથી ચીનાઈ કરી ઓળખાવા લાગા હતા. ચીનના કામકાજમાં એઓએ મોટી દોલત મેલવીહતી, અને પછવાડેથી પોતાના વતન સુરતમા જઈ વાસો કીધો હતો, તથા ત્યાંજ મરણ પણ પામ્યા હતા.

તા૦ ૧૯ મી ફેબરવારી.

જે બ્રીતિષ સિપાહો "વાટરલુ" ની ફેલી લડાઈમાં ડયુક-ઑફ-વેલીંગટનના હાથ હેઠલ બાહાદુરીથી લડતા માર્યા ગયા હતા, તેઓના કુટુંબને આશ્રો આપવા મારે એક ઉઘરાણુ કરવાનો વિચાર કરવાને મુંબઇના રેહવાસીઓની એક જાહેર સભા આજ દીને અતરેનાં કોરટ-હાઉસમા મળી હતી. તે વેલાએ ઉભી થયલી ઉઘરાણાની ટીપમા નીચેના પારસીઓએ નાણા ભર્યા હતાં.[૨]

| | |
|---|---|
| શેઠ પેશતનજી બહેમનજી વાડીઆ . . | ૨૩૦૦ |
| શેઠ ફરામજી કાવશજી બનાજી . . . . | ૨૨૦૦ |
| શેઠ ફરામજી નશરવાનજી બાટલીવાલા. . | ૨૧૦૦ |
| શેઠ ખરશેદજી કાવશજી બનાજી . . | ૨ ૫૦ |
| શેઠ પેશતનજી ભીખાજી પાંડે . . . . | ૨ ૩૦ |
| શેઠ પીરોજશાહ ધનજીશાહ સુરતવાલા. . | ૨૧૦૦ |
| શેઠ અરદેશર ધનજીશાહ સુરતવાલા . . | ૨ ૫૦ |

તા૦ ૮ મી જુન.

આજ દીને મુંબઇના સઘળા દેશી રેહવાસીઓએ એક જાહેર ઠરાવ કીધું હતું કે હરેક સરકાર દરબારનો જુલમ હોય તે બાબે ઇંગલાંડ ખાતે સત્તાવાળાઓ ઉપર લખી મોકલવુ, અને તે વિશેની મેનીજ કરવા સારૂં શેઠ હોરમજજી બહેમનજી વાડીઆ, શેઠ ફરામજી કાવશજી બનાજી, શેઠ દેવીદાસ હરજીવણદાસ તથા શેઠ નાગરદાસ હીરજી મોદી, મલી જણ ૪) ને ઠરાવ્યા હતા.[૩]

તા૦ ૨૪ મી જુન.

રોજ ૨૩ માહ ૯ (શે૦) ૧૧૮૫ યજદજરદી.

આજ દીને સુરતની પાસેના ઉમરા ગામમા મુંબઇની શેઠ બહેમનજી શોરાબજી કપાવાલાએ એક દરેમેહર બંધાવી પરકાવી હતી.[૪]

તા૦ ૨૦ મી આગસટ.

રોજ ૨૦ માહ ૧૧ (શે૦) ૧૧૮૫ યજદજરદી.

**મરણ**—પેશતનજી બહેમનજી વાડીઆ—ઉમર વર્ષ ૫૮) શેઠ બહેમનજી લવજી વાડીઆના બીજા દીકરા. એઓ પોતાના વખતમા એક આહમીક વ્યાપારી, હીમતવાંન ગૃહસ્થ તથા ઉદાર ગ્રહસ્થ તરીકે જાણીતા હતા. જાહેર હીમતમા એઓ તે વખતે એકબાજ એક દેશી હતા એમ કહીજીએતો ચાલે. ઈ૦ સ૦ ૧૭૮૦ મા અતરેની મોશીઅરસ બ્રુસ ફાસેટની નામીચી વ્યાપારી પેહડીના એઓ ભાગીદાર થયા હતા, અને તે પછી તેમા ભાગ્યા થયા હતા. તે ઉપરાંત ચીન, કલકતા, મદરાજ, ઇંગ-

કીધી હતી પછવાડેથી એ પુસ્તક ઘણુ કમયાબ થવાથી એજ મોબેદ રૂસતમજીએ પોતાના મરણની બે વર્ષ આગમજ ઇશાને ઇ૦ સ૦ ૧૮૪૫ મા તે મુંબઇ ખાતે "દફતર આશકારા છાપખાના" મા ફરીથી કેટલેક સુધારો કરી છપાવી પરગટ કીધુ હતુ

[૧] The Bombay Calendar and Register for 1816. Bombay printed for the Proprietors by Samuel Rans

[૨] બોમ્બે કુરીઅર, તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૧૬.

[૩] મુંબઇના સમાચાર, તા૦ ૭ મી જુલાઇ ૧૮૨૬ એ ઠરાવનો કાંઇ ઉપયોગ ન થવાથી તે નાણા ભરનારાઓની પરવાનગી લઇ ઇ૦ સ૦ ૧૮૨૫ માં હરેક કોમની પંચાતના વરખાતામા વાળી દેવુ વેહચી આપ્યુ હતુ.

[૪] આ દરેમેહર ઊભા કરતી તક્ષી મારેલી નથી. તેને પરકાવાનો ઉપયોગ દાહાડોવાર મુંબઇવાલા દસ્તૂર જમશેદજી શોરાબજી કુકાદારૂએ મેલવી આપ્યોછે

ખાંડ વગેરે જગાઓપરનો મોહટો વ્યાપાર ચલાવતા હતા.[1] આ માટે એવણના બહમનીયાર, મીનુફરડ, આન, હીરા અને તાજબખ્શ, નામનાં પાંચ વાહણો હતાં. ઈ૦ સ૦ ૧૭૮૬ મા રૂની ગાસડીઓ દાબવાનો એક સ્ક્રૂ એવણે કોટના દેવળની પછવાડે બંધાવ્યો હતો. ઈ૦ સ૦ ૧૭૬૪ મા એવણને રેજીમેંટોને અતરે તથા ક્લીકટ, કાનાનોર ઈતિઆદી તરફ આરક પુરો પાડવાનું કંત્રાક્ટ મળ્યું હતું. ઈ૦ સ૦ ૧૭૯૦ ના ગુજરાત ભણીના "સડતાના" ના ભયંકાર દુકાલની વખતે એવણે શેઠ નશરવાનજી માણેકજી વાડીઆ તથા શેઠ દાદીભાઈ નોશરવાનજીની સાથે મળી અતરે આવતા શેહકડો લાચાર જરથોસ્તીઓની ૬ મહિના લગણ પરવરશી કીધી હતી. ઈ૦ સ૦ ૧૭૯૮ મા એવણે ઉદવારાની પાસેના "પારડી" નામના ગામમા એક ધર્મશાળા બંધાવી હતી, તથા ઈ૦ સ૦ ૧૭૯૦ મા સોંપાવીના દોખમા ઉપર જવાના ડુંગરનો રસ્તો જે ઘણો વીકટ હતો તે ઉપર સીડીઓ બંધાવી હતી. ઈ૦ સ૦ ૧૮૧૦ માં ભરૂચની પાસેના અંક્લેસર ગામમાં એક દોખમું બંધાવી તે તા૦ ૨૪ મી મારચને દીને પગલાવ્યું હતું. ઈ૦ સ૦ ૧૮૧૨ મા પોતાની મરહુમ બેટી શુનાબાઈના પુનને માટે ૨૨૦૦૦) ની કીમતનું એક ધરમ ધરમ ખાતે આપ્યું હતું. એજ વર્ષમાં ઉત્તર તરફના દેશો ભણી પડેલા દુકાળનું નીવારણ કરવા માટેનું એક ફંડ ઉભું કરવામા એવણે શા૦ દેવીદાસ હરજીવણદાસ તથા શા૦ નાગરદાસ હીરજી મોદીની સાથે મોટી આગેવાની લીધી હતી, તથા તેમા પોતે ૨૪૦૦૦) ની રકમ ભરી હતી. પરેલનો નામીચો લાલબાગનો મેહલ એવણે ઈ૦ સ૦ ૧૭૯૨ માં બંધાવ્યો હતો. એવણ તે વખતની મુંબઈની પારસીની પંચાતના એક આગેવાન અકાબર હતા.

૧ શેઠ પેસતનજીની તરફથી દેશાવરો ખાતે કોણ કોણ આડતીઆઓ વેપાર ચલાવતા હતા તેમના નામ એવણના જુના દફતરો જે હાલમા શેઠ દાદાભાઈ પેસતનજી વાડીઆ પાસે મોજુદછે તેમાથી આ પ્રમાણે મળેછે.—

ઈ૦ સ૦ ૧૭૮૦ મા વસાઈ ખાતે શેઠ દોરાબજી રૂસતમજી પટેલ ઈ૦ સ૦ ૧૭૮૭ મા મદરાજ ખાતે શેઠ કાવસજી રૂસતમજી ખુરશીજરા ઈ૦ સ૦ ૧૭૯૮ મા કલકતા ખાતે શેઠ એદલજી બેહરામજી દોરડી ઈ૦ સ૦ ૧૮૦૦ મા ગોવા ખાતે શેઠ બીખાજી લીમજી ઈ૦ સ૦ ૧૮૦૬ મા પુને શેઠ ફરામજી પાલણજી(ફલા પાલણ) ઈ૦ સ૦ ૧૮૧૧ મા ચીન ખાતે શેઠ ખરશેદજી ફરામજી વાડીઆ, ઈ૦ સ૦ ૧૮૦૪ મા એવણ વરોડરાવાલા હરીભગતીના તથા ઈ૦ સ૦ ૧૮૧૧ મા પુણાવાલા મોદી ખુરશેદજી જમશેદજીના મુંબઈ ખાતે આડતીઆ હતા એ ઊપરાંત મી૦ એમ રીશ તથા મી૦ ડેવીડ સ્કોટ ઈંગલાંડમા એવણના ખાસ આડતીઆઓ હતા

તા૦ ૨૧ મી સપટેમબર.

મી૦ જે. એ. પોપ નામના અગરેના એક જણીના બ્યાપારીએ "આરદાવીરાફ નામા" નો ઈંગ્રેજીમા તરજુમો કરી તે ઇંગલાંડ ખાતે છપાવી મંગાવી દર નકલે ૨૮) ની કીમતે બાહેર પાડયો હતો.[2] આ પુસ્તક શેઠો જમશેદજી, પેશતનજી, રતનજી અને હોરમજજી બેહમનજી વાડીઆને અર્પણ કીધું હતું.[3]

---

તા૦ ૨ જી અકટોબર.

ગાથા ૩ (શે૦) ૧૧૮૫ યજદજરદી.

**મરણ—બેહમનજી શોરાબજી શેઠના[4]—** ઉમર વર્ષ ૬૨) શેઠ શોરાબજી માણેકજી શેઠના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૯૮ મા પોતાના બાપના મરણબાદ ભાઈઓની સાથે મળી તેમની "શોરાબજી માણેકજી" ના નામથી ચાલતી પેહડીનો વહીવટ ચલાવતા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૦૭ થી છુટા પડી પોતાને હીસાબે બંગાલ ખાતેનો અફીણ, રેશમ વીગેરેનો વ્યાપાર કરતા હતા, તથા ઈ૦ સ૦ ૧૮૧૪ થી "હોરમજજી બરજોરજીની કંપની" ને નામે પોતાના કેટલાક કુટુંબીઓ સાથે વીમાનો ધંધો કરતા હતા.

૨ બોમ્બે કુરીઅર, તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૧૬ આ તરજુમો કરવામા મી૦ પોપને દસ્તૂર એદલજી દારાબજી સંજાણા તથા શેઠ રતનજી બહમનજી વાડીઆએ ઘણી મદદ કીધી હતી, કે જે માટે તે પોતાના દીબાચાની સેવટે લખેછે કે—

"I cannot conclude without offering my best thanks to my esteemed friend Ruttenjee Bomanjee for his assistance, and to Edil Daroo, that learned and benevolent priest, by whose means I was enabled to make the translation."

૩ આ અર્પણ પત્રમા તે લખેછે કે:—

To
Jamsetjee Bomanjee
Pestonjee Bomanjee,
Ruteanjee Bomanjea
and
Hormujee Bomanjee

GENTLEMEN,

The present Work, undertaken under your auspices, can no where be so properly dedicated as to the respectable family of Loujee I beg, therefore, that you will accept of it, also, as a token of individual esteem.

I have the honour to be, Gentlemen,
Your most obedient Servant,
J A POPE

LONDON

૪ શેઠ હીરજીભાઈ તથા ફરામજી હોરમજજી શેઠના બાપાવા

### તા૦ ૨૨ મી અક્ટોબર.

રોજ ૧૮ માહ ૨ (ક૦) ૧૧૮૬ યજદજરદી.

**મરણ**—દાદાભાઈ લીમજી પાંડે[1]—ઉમર વર્ષ ૩૫) શેઠ લીમજી ભીખાજી પાંડેના વડા દીકરા. એવણુ ઈ૦ સ૦ ૧૮૦૪ મા પોતાના બાપના મરણ પછી તેમને નામે ચાલતી પેહડીમા પોતાના ભાઈઓ તથા કાકાઓ સાથે "લીમજી ભીખાજીની કંપની" ને નામે દુકાન ચલાવતા હતા. તે પછી તા૦ ૨ જી નવેમબર ૧૮૧૨ થી કાકાઓથી છુટા પડી પોતાના ભાઈઓ શેઠ રૂસતમજી તથા ફરદુનજીની સાથે મલી "લીમજી ભીખાજીના છોકરાઓની કંપની" ને નામે રોજગાર ચલાવ્યો હતો.

---

### તા૦ ૨૫ મી નવેમબર.

આજ દીને મુંબઈના કેટલાક આબરૂદાર દસ્તુરો તથા મોબેદોએ શેઠ ખરશેદજી માણેકજી સરાફની સુચના ઉપરથી એક બંદોબસ્ત ઘડી કાઢયો હતો કે મુંબઈ મધે જ્યારેથી કેપે પારસીઓની માજલસ મલે તેવારે સર્વે દસ્તુર મોબેદોએ પોતાના વડાવોનો મનાજો રાખીને પાસે ઈધા સાથે બેસવું.[2] આ બંદોબસ્ત ઉપર નીચલા દસ્તુરો તથા મોબેદોએ સહીઓ કીધી હતી.

આ૦ ખરશેદજી દસ્તુર જમશેદજી સહી.
આ૦ દારાબજી રૂસતમજી સંજાણા સહી, લા૦ એરચ દારાબજી.
આ૦ દારાબજી દસ્તુર જમશેદજી સહી, લા૦ એરચ દારાબજી
મોબેદ ફરામજી જમશેદજી નાહવાદાર, લા૦ મો૦ સોરાબજી.
દ૦ રૂસતમજી દસ્તુર બેહરામજી, દ૦ મેહેરજીરાણા.
મેરનોશજી બરજોરજી દારાબ પાલણના.
એ૦ નોશરવાન માણેકજી મનચેરજી પાલણજી.
એ૦ મનોચેર શાપુર સંજાણા
આ૦ હોરમજજી ફાહીદાર પંથકી.
આ૦ દોરાબજી ફરામજી.
આ૦ ફરામજી કાવસજી પંથકી.
આ૦ દાદાભાઈ જમશેદજી પંથકી.
આ૦ માણેકજી નશરવાનજી પંથકી.
આ૦ નવરોજજી ફરદુનજી વાછા, સોરાબજીના ડુંગરના સહી.
આ૦ પેશતનજી નશરવાનજી વાછ્છ પંથકી.

---

### તા૦ ૨૯ મી નવેમબર.

આજ દીને શેઠ ખરશેદજી માણેકજી સરાફે ગોવાળીયા તીની વાડીમાં પોતાના બાપે ઈ૦ સ૦ ૧૭૯૦ માં પરઠાવેલાં આદરાંનને કોટમાહેથી પોતાના રેહવાના ઘરની પછવાડે લાવી તખ્તનશીન કીધા હતા.[3]

---

### તા૦ ૭ મી ડીસેમબર.

સુરતની સદર અદાલતમાં કોઈ પારસણે પોતાના આવંદ ઉપર તેણે જીવતી બાયડી છતાં બીજી બાયડી કર્યાથી પોતાના ભરણ પોષણ વગેરેના બંદોબસ્તની તથા તેને શિક્ષા કરાવવા માટેની ફરીયાદી માંડી હતી, તે ઉપરથી ત્યાંના જડજોએ ગઇ તા૦ ૯ મી જુનને દીને સુરતની પારસીની અંજુમનના અગેવાનો મોદી ખુરશેદજી ડોસાભાઈ તથા દસ્તુર દાદાભાઈ રૂસતમજી વગેરેને એક પત્ર લખી સવાલ પુછાયા હતા કે કોઈ પારસીથી પોતાની જીવતી ઓરત છતાં બીજી ઓરત થઈ શકે કે નહિ? અગર થઈ શકેતો તે કઈ રીતે? પોતાની કોમનો શરેસ્તો તોડી જો ધણી એ રીતે બીજી ઓરત કરે તેને શું સજા કરી જોઈએ? વગેરે. આના જવાબમાં સુરતના અગેવાનોએ આજ દીને લખી જણાવ્યું હતું કે અમારી કોમના શરેસ્તા પ્રમાણે વગર સબબે જીવતી ઓરત ઉપર ઓરત થઈ શકે નહિ. કદાચને કોઈને ફરજંદ નહિ થાય અને જરૂરીઆત પડેતો તે ઉમરે પોહચી પોતાની પરણેલી ઓરતને રાજી કરી બીજી બાયડી કરે. એ સિવાય બીજા કારણસર બીજી ઓરત થઈ શકે નહિ. અગર જો કોઈ એ ઉપરાંત બીજી બાયડી કરેતો તેને પંચાતને શરેસ્તે સજા થવી જોઈએ, અથવા તેની પાસેથી તેની મકદુર મુજબનો દંડ લેવો જોઈએ. આ જવાબપર નીચલા અગેવાનોની સહીઓ હતી.—[4]

---

[1] શેઠ દાદી લીમજી પાંડે (પેતીસાહેબ) ના બપાવા

[2] આ બંદોબસ્તમા લખેછે કે;—

"હરેક વખતે મુંબાઇ મધે હરેક જગો ઊપર પારસીની મીજલસ થાએ તેવારે હમારા વડાવાનો મનાજો રાખીને સાથે બેસવું સહી. અગર પાસે બેસવુ પડયુ તો હમારા વડાવોનો અદબ રાખીને બેસવુ સહી એ લખેલો પારસી ખરશેદજી માણેકજી સરાફનાએ માગી લીધાથી અમે અમારી રાજી રજાવંદીથી લખી આપીએ છે તે હમારે સરવેને કબુલ મંજુર રાખવુ સહી."

એની નકલ મુંબઇના આગલી પારસી પંચાતના કારોબારની એક અસલ ચોપડી જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફ પાસે મોજુદછે તેમા નોંધેલીછે એ નોંધની હેઠળ મરહુમ શેઠ ખરશેદજી માણેકજી સરાફે પોતાને હાથે નીચે પ્રમાણે લખેલુછે

"એ કાગલની નકલ સવંત ૧૮૭૮ ના જેઠ મહીના મધે શેઠ હોરમજજી બમનજી નવરોજજી શેઠવાણાએ ફાળી લીધીછે"

[3] આ દરેમેહર ઊપર કશી તખ્તી મારેલી નથી. પણ તેને પરઠવાનો હીસ્સો હાલના વાર શેઠ માણેકજી ખરશેદજી સરાફે તથા એ દરેમેહરના એક પંથકી એ૦ શાપુરજી બરજોરજી કુવારે મેળવી આપ્યોછે

[4] આ સવાલ તથા જવાબોની નકલ મુંબઇની આગલી પારસી પંચાતના કારોબારની એક અસલ ચોપડી જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફ પાસે મોજુદછે તેમા નોંધેલીછે

મોદી ખુરશેદજી ડાશાભાઈ, દસ્તૂર દાદાભાઈ રૂસ્તમજી, મેહેરવાનજી રૂસ્તમજી વખારીઆ, દીનશાહ એદલજી ધનજી મેહતાના, મનચેરજી એદલજી ધનજી મેહતાના, માણેકજી મેહેરવાનજી વખારીઆ, બરજોરજી ખુરશેદજી, રૂસ્તમજી માણેકશાહ, પુંજીઆભાઈ રતનજી પારખ, પેશતનજી રૂસ્તમજી તમના, હકીમ કાવશજી રૂસ્તમજી તમના, રૂસ્તમજી નથુજી, જમશેદજી હીરજીભાઈ પારખ, હોમજી માણેકજી, શોરાબજી ફરામજી પારખ, મનચેરજી રતનજી, નવરોજજી બેહરામજી, હોરમજજી બહમનશાહ ધનજીશાહ, મોદી ગોશતાસ્પજી લોહરાસપજી, દાદાભાઈ પેશતનજી પારખ, દાદી રતનજી.

## ઈ૦ સ૦ ૧૮૧૭.

તા૦ ૨૧ મી આપરેલ.

રોજ ૧૯ માહ ૭ (શે૦) ૧૧૮૬ યજદજરદી

આજ દીને ગ઼ણદેવી ગામમા શેઠ જમશેદજી નાનાભાઈ ગજધરે પોતાના માતાજી બાઈ મોટીબાઈની નધઐતે એક દોખમુ બધાવી પરઠાવ્યુ હતુ.[1]

તા૦ ૨ જી જુન

રોજ ૧ માહ ૯ (શે૦) ૧૧૮૬ યજદજરદી.

**મરણ**—નવાજબાઈ તે નશરવાનજી દાદાભાઈ મોદીનાં વીધવા—ઉમર વર્ષ ૮૨) એ બાઈ પોતાના ધર્મ ઉપર ઘણા ચુસ્ત હતા. ઈ૦ સ૦ ૧૭૯૦ મા એવણે પોતાના ખાવંદની નઈઐતે કલીઆણી મધે એક દોખમુ બધાવ્યુ હતુ. તે પછી ઈ૦ સ૦ ૧૮૧૦ મા પોતાના એકજાયુગ દીકરા શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીના મરણથી તેમની નઈઐતે સુરતમા આતશબેહરામ પરઠાવવાનો કસદ એવણે કીધો હતો, અને તે માટેની ગોઠવણમા હતાં તેટલામા એવણનુ મરણ નીપજ્યુ હતુ. સંજાણની પાસેના નારગોર ગામની દરેમેહેર પણ કેહછે કે એવણેજ બધાવી આપી હતી.

તા૦ ૧૮ મી આગસ્ટ.

રોજ ૧૮ માહ ૧૧ (શે૦) ૧૧૮૬ યજદજરદી

**મરણ**—રતનજી માણેકજી બનાજી—ઉમર વર્ષ ૮૦) શેઠ માણેકજી બનાજી લીમજીના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૭૫ મા પોતાના બાપના મરણ બાદ તેમની "બનાજી લીમજી" ના નામથી ચાલતી પેહડીના પોતાના ભાઈ તથા પિત્રાઈઓ સાથે ભાગ્યા હતા તે પછી ભાગ્યાંઓમા વાંધો પડવાને લીધે ઈ૦ સ૦ ૧૭૯૬ માં પેહડીનુ કામ ઇનસાફની અદાલતે ચઢયાથી એવણે પોતાને હીસાબે જુદો વ્યાપાર કરવા માંડયો હતો. મુંબઈમા એવણની ઘણી મોટી મીનકતો હતી

તા૦ ૭ મી ડીસેમબર.

રોજ ૮ માહ ૩ (શે૦) ૧૧૮૭ યજદજરદી.

**મરણ**—નવરોજજી ફરામજી વાડીઆ—ઉમર વર્ષ ૨૯) શેઠ ફરામજી માણેકજી વાડીઆના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૦૫ થી આતરેની સરકારી ગોદીમા શેઠ જમશેદજી બહમનજી વાડીઆના હાથ હેઠલ "આસીસટંટ-બીલ્ડર" તરીકે હતા. એવણ સીતાર ઘણી સરસ રીતે વગાડી જાણતા હતા.

## ઈ૦ સ૦ ૧૮૧૮.

તા૦ ૧ લી જાનેવારી.

આજ દીને મોબેદ ફરદુનજી મરજબાનજીએ પોતાના છાપખાનામા ખોરદેહ અવસતાનો ગુજરાતી ભાષામા આખા આખા વાકયોનો તરજુમો કે જે નવસારીવાલા મરહુમ દસ્તૂર ફરામજી શોરાબજી મેહેરજી રાણાનાએ કીધો હતો, તેનુ એક દફતર છાપી બાહેર પાડયુ હતુ[2] એ તરજુમો તેના દીબાચામા જણાવ્યા મુજબ મોબેદ ફરદુનજીએ શેઠ જમશેદજી બહમનજી વાડીઆની બાહેસ

[1] એ દોખમા ઊપર નીચે પ્્રમાણે નક્ષી મારેલીછે —
" શ્રી દાદાર હોરમજદ રાસતીછે શા૦ ૧૮૭૩ ના
" વઈશાખ સુદ ૫ સોમ શ્રી દખમુ સંપુરણ દખમુ શ્રી
" ગણદેવીના બેહુદીન જમશેદજી નાનાભાઇ હોસંગજી
" ગજદરે બધાવેલીછે પોતાની માઈ મોતીબાઇને નામે
" દખમુ છે એનો કારીગર અમરતરામ મેસ્તર સુરતનો
" હતો એ દખમાની જમીન રેજગામની વેચાતી લીધી,
" વીંધા ૪ાારાા વસા એની આડ ઊભની વીગત
" પોહોલાઈએ ઓતર દખણ ગજ ૨૨૪ા જુના દખ
" માની દખણ દશાએ જમીન ગજ ૭રાા છે તેની
" હદનો દશાએ પોવીછે માંડેલબાઇએ એ ચગડીની
" ઊગમન દશાની દેવાલની હદની આંઠમણ દશા
" ગજ ૧૮રાા છે"

[2] ખોરદેહ અવસતા બા માએની ઇબાને નીઆએશ તથા ઇબાદત માએની સાથે, તરજુમો બેહેદીની દસતુરાન દસતૂર ફરામજી વલદે દસતૂર શોહોરાબજી નોસારીવાલાનો એ કિતાબ શ્રી મુમબઇ મધે કમતરીન મોબેદ ફરદુનજી મરજબાનજીના કારખાનામા છપાઇછે રોજ (૨૯) માહ (૭) રશમી માહ (૪) કદમી શને (૧૧૮૭) ઇઅજદ- જરદી તારીખ (૧) માહે જાનેવારી સને (૧૮૧૮) ઇશવી

ઉપરથી છાપી પરગટ કીધો-હતો. ગુજરાતી ભાષામાં ખોરદેહ અવસ્તાના તરજુમાનુ આ પેહલવેહલું પુસ્તક છપાયું હતું.

---

તા૦ ૩૦ મી જાનેવારી.

રોજ ૨૮ માહ ૪ (ચે૦) ૧૧૮૭ યજદજરદી.

આજ દીને બાઈ મેહરબાઈ તે શેઠ હોરમજજી બહમનજી વાડીઆના પેહલાં ધણિઆનીના ઉઠમણાની મજલિસમા તેમના બાવ દે રૂ૩૦૦૦) ની સરકારી તીજોરીની નોટ ૧) પારસીઓની પંચાતના નામની કરી આપી હતી, અને એવી તંદરેસ્તી ભણાની હતી કે તેનું જે વ્યાજ આવે તે પંચાતના અકાબરો લઈ હરેક ધર્મના કામ ઉપર ખરચે, અને અસલ રૂપીઆ તીજોરીમા અનામત રાખે.૧

---

તા૦ ૪ થી મારચ.

આજ દીને શમશત પારસીની અંજુમન શેઠ દાદીબાઈ નોશરવાંનજીના આદરાન મધે મલી હતી. જયા એવું ઠેરવ્યુ હતુ જે આજ લાંબી મુદત થાઈ આપણી કોમને લગતા બંદોબસ્તો તથા ઘેરગતુ કજીયાઓનો ચુકાદો પંચાતથી થતો આવોછે, તથા ઘણા વર્ષો ઉપર આપણી પંચાતમાથી બાર જણાને ચુંટી કાઢી, તેમને સરકાર તરફથી પંચાતના અધિકારીઓ તરીકે મુકરર કરવામા આવ્યા હતા. તેઓમાથી હરકોઈ બે જણા આપણી કોમને લગતા ટંટાઓ સાભલી તેનો નીવેડો લાવતા હતા. તેઓના મરણ પછી તેઓના ફરજંદો આએ પ્રમાણે ચલાવતા હતા. પણ તેઓમાનાબી ઘણાઓ મરણ પામવાથી તથા આપણા લોકોની વસ્તી અતરે વધવાથી ઘણાઓ પંચાતના આગલા બંદોબસ્તોથી ઉલટા ચાલેછે, તેટલા માટે આજ રોજે અતરે શમશત અંજુમન મલી ઠેરવ્યુ છે કે બાર બેહદીનો તથા છ મોબેદો મલી ૧૮ જણની એક પંચાત હોવેથી આપણી કોમને લગતા ઘેરગતુ કજીયાઓ સાંભલવા તથા તેમનો નીવેડો લાવવાને માટે મુકરર કરવી. તે મૂજબ નીચના ૧૮ ગ્રહસ્થોને પંચાતના અધિકારીઓ તરીકે નેમ્યાછે.

બેહદીનો.

દાવર ફરામજી નાનાભાઈ.
વાડીઆ જમશેદજી બહમનજી.
વાડીઆ હોરમજજી બહમનજી.
શેઠ ખરશેદજી અરદેશર દાદીશેઠ,
શેઠ ધનજીભાઈ શોરાબજી રેડીમની.
શેઠ ફરામજી કાવશજી બનાજી.
મોદી શોરાબજી વાછાગાંધી.
શેઠ બરજોરજી દોરાબજી દાદીબરજોર.
શેઠ દાદાભાઈ કાવશજી શાહેર.
શેઠ ખરશેદજી માણેકજી સરાફ.
શેઠ પેશતનજી ભીખાજી પાંડે.
શેઠ નવરોજજી મેહરજી.

મોબેદો.

દસ્તૂર ખરશેદજી જમશેદજી જામાસ્પઆશાના.
દસ્તૂર મુલ્લા ફીરોજજી કાઉશજી.
આ૦ મેહરવાંનજી નવરોજજી શેઠના.
આ૦ રૂસતમજી શાપુરજી શેઠના.
પંથકી દોરાબજી ફરામજી.
આ૦ હોરમજજી દોરાબજી લશકરી.

એઓ પંચાતને લગતુ કાંઈબી કામકાજ હશે તે સાથે એકઠા મલીને કરશે. પણ કાંઈ નજીવી બાબદના ટંટાઓ હોય તે ચુકવવાને ઢીલ ન થાય માટે જેમ આગલ શેઠ જમશેદજી બહમનજી વાડીઆ, તથા શેઠ ફરામજી નાનાભાઈ દાવર ચુકવતા હતા તેમ તેઓ ચુકવે. પણ જ્યારે જરૂર પડે ત્યારે પોતાની સાથે બીજા બે ચાર અધિકારીઓને શામેલ કરે. બીજુ એવુ ઠેરવ્યું જે આજથી કોઈ ધણીએ પોતાની જીવતી ઓરત છતાં બીજી ઓરત કરવી નહિ. અગર કાંઈ કારણથી બીજી કરવાની ફરજ પડેતો તેણે પોતાનો હેવાલ પંચાતપર લખી મોકલવો. તેઓ તે ઉપર વિચાર કરી તેમને ઘટતુ લાગશે તો પરવાનગી આપશે. પણ તેમ કરી આગમજ તે પેહલી ઓરતની ખોરાકી પોશાકી તથા તેણીના મોત ખરચનો બંદોબસ્ત તે ધણી પાસે પંચાત કરાવી લેશે. અગર કોઈ ધણી પંચાતની રજા લીધા વીના બાયડી ઉપર બાયડી કરશે તેને, તેમજ જે ધણી તેને પોતાની છોકરી આપશે તેને નેઆતબાહેર મેલવામા આવશે, અગર મુંબઈની બાહેર થાણા, કરંજા, વીગેરે તરફ જઈ કોઈ ધણી બીજી ઓરત કરી આનશે તો તેને પણ નેઆત બાહેર મેલવામા આવશે. બીજુ જે ધણી પંચાતની રજાથી પોતાની જીવતી ઓરત ઉપર ઓરત કરે તે અગર જો શેહનશાહી હોયતો તેના આશીરવાદ દસ્તૂર ખરશેદજી જમશેદજી જામાસ્પઆશાના પોતે અથવા તેવણના તાબા હેઠના મોબેદો સારે, અને અગર તે ધણી કદમી હોયતો તેના આશીરવાદ દસ્તૂર મુલ્લા ફીરોજજી કાઉશજી અથવા તેમના તાબા હેઠના મોબેદો સારે. બીજા કોઈ અલ-ફાતુ મોબેદ પાસે મજકુર દસ્તૂરોની પરવાનગી વગર જે કોઈ ઉપલા આશીરવાદ સરાવશે તે પંચાત કબુલ નહિ

---

૧ આ ધર્મખાતાની નોંધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની એક અસલ ચોપડી જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફ પાસે મોજુદછે તેમા કીધેલીછે

રાખશે, અને તેના મોબેદને અગીઆરી આતશબેહેરામમા જતો અટકાવવામા આવશે. બીજું જે માબાપો પોતાની દીકરીને સાસરે નહિ મોકલશે, અથવા જે સાસુ સસરાઓ પોતાની વહુને નહિ તેડાવશે તેમની ફરીયાદ પછાત સાંભળી તેમને ઘટતા હોકમો કરશે, અને જે કોઈ તેમના હોકમો તોડશે તેમને સજા કરવામા આવશે.

આ અંજુમનની સભાનાં કામકાજની લખેલી નોંધણી[૧] હેઠળ નીચેના સાહેબો જેઓ એ દીનેની અંજુમનમા હાજર હતા તેઓની સહીઓછે.—

દસ્તૂર ખુરશેદજી જમશેદજી જામાસ્પઆશાના, દસ્તૂર એદલજી દારાબજી સંજાણા, મુલ્લા ફીરોજ બીન કાઉસ, ફરામજી નાનાભાઈ દાવર, જમશેદજી બહમનજી વાડીઆ, ધનજીભાઈ શોરાબજી રેડીમની, ફરામજી કાવશજી બનાજી, ખરશેદજી દોરાબજી દાદીશરજીરના, મોદી શોરાબજી વાછાગાંધી, દાદાભાઈ કાવશજી શાહેર, ખરશેદજી માણેકજી સરાફ, નવરોજજી મેહરજી, પેશતનજી બીખાજી પાંડે, હોરમજજી દોરાબજી લશકરી, ધનજીભાઈ ખરશેદજી સરાફ, ઓદાબખશ મેહરબાન ઇરાની, પેશતનજી કાવશજી નાળીએરવાલા, પટેલ નશરવાનજી હોમજીની ફરમાશથી પેશતનજી કાવશજી, હોરમજજી નાનાભાઈ કેનાવાલા, પેશતનજી બહમનજી પશતાકીઆ, રૂસતમજી જમશેદજી ચીજગર, દસ્તૂર દારાબજી જમશેદજી જામાસ્પઆશાના, દસ્તૂર એદલજી બહમનજી જામાસ્પઆશાના, આ૦ એદલજી કાવશજી નવદર, ફરામજી પેશતનજી મામા (ફલાજી મામા), જાંગીરજી હોરમજજી મોટાભાઈ, ધનજીભાઈ રૂસતમજી વાડીઆ, ફરદુનજી શાપુરજી જવેરી, માણેકજી કુવરજી કલયેકર, રૂસતમજી ફરામજી હકીમજી, મેહરવાનજી એદલજી કાકા, નશરવાનજી જમુજી, ડોશાભાઈ દાદાભાઈ ગોરવાળા, મેહતા જમશેદજી હીરાજી, જમશેદજી બીખાજી પીરોજગીના, મોબેદ દારાબજી કાવશજી અરજાની, માણેકજી મનચેરજી મેહતા, દસ્તૂર જમશેદજી નશરવાનજી કુટાર, રૂસતમજી શાપુરજી શેઠના, નશરવાનજી કાવશજી પટેલ, નવરોજજી કાવશજી નાળીએરવાલા, આ૦ ફરામજી કાવશજી પથકી, આ૦ ખરશેદજી જમશેદજી મોદી, આ૦ જીવણજી દારાબજી નરીમાન, આ૦ દાદાભાઈ જમશેદજી પથકી, આ૦ દોરાબજી ખુરશેદજી રાનજી, નવરોજજી શોરાબજી ભરૂચા, કુવરજી કાવસજી નાળીએરવાલા, કાવશજી દાદાભાઈ પુરોગર, આ૦ એદલજી નવરોજજી પાનખીવાલા, નવરોજજી શોરાબજી વઈદ, એદલજી જીજીભાઈ વાછા, હોરમજજી બહમનજી ખુનસુની, હોરમજજી કારાવાડીઆ, ધનજીભાઈ દાદાભાઈ દારૂખાનાવાલા, દાદાભાઈ નશરવાનજી ઉમરીગર, કાવશજી મેહરામજી બનાજી, મેહરવાનજી માણેકજી હીરવાડીઆના (મેનાપટેલ), નશરવાનજી રૂસતમજી જબાવાલા, શોરાબજી માણેકજી રૂસતમફરીમના. બહમનજી નશરવાનજી કાશીનાથ, મેહરવાનજી પાલણજી જોગા, હીરજી નવરોજજી લાહોર, પેશતનજી રતનજી પટેલ, મેહરવાનજી નવરોજજી માણેકજી (જુને ફરાસીસના), રૂસતમજી મેહરવાનજી સોપેદાર, મનચેરજી ખરશેદજી બશીનગડાના.

---

તા૦ ૧૪ મી મારચ.

રોજ ૧૧ માહ ૬ (શે૦) ૧૧૮૭ યજદજરદી.

મરણ—બહુખાજી કાઉશજી[૨]—ઉમર વર્ષ ૫૮) સુરતવાલા શેઠ કાઉશજી મનજીશાના દીકરા એઓસુ ઈ૦ સ૦ ૧૭૮૧ થી સુરતમા વલંદાના સરદારની નોકરીમા રહી તેમના વ્યાપારની દલાલી કરતા હતા. જ્યારે વલંદા લોકોએ સુરતનો વ્યાપાર બંધ કીધો ત્યારે તેઓના સરદાર "મનેર સનાઅરીન" સાથે એઓણુ ઈ૦ સ૦ ૧૭૯૯ મા કેપ-આફ-ગુડ હોપ ખાતે ગયા હતા. ત્યાંથી પાછા આવી સુરતમા વાઈન વીગેરેનો વ્યાપાર કરવા માંડયો હતો. એઓણ સુરતમા નાનપરાની પારસી કોમના એક આગેવાન અકાબર હતા.

---

તા૦ ૧૦ મી આપરેલ

આજ દીને મુંબઈની શમસત પારસી અંજુમન મરહુમ માણેકજી શેઠની વાડીના ઓટલા ઉપર મલી હતી તે વેળાએ આ૦ જમશેદજી બેહરામજી લશકરી કે જેવાણુ કલકતેથી એક મોટી પુંજી કમાઈ આનરે આવેલા હતા, તેનણે પોતાની જીવતી બાયડી છતા બીજી બાયડી કરવાથી પછાતે થોડાક મહિનાની વાત ઉપર બેહ્માતબાહેર મેલ્યા હતા. તે વેળાએ તેનણે પછાતના મોબેદ આ૦ એદલજી શોરાબજી મસાનીને ગાળો દેવાથી તથા તેની સાથે મારામારી કરવાથી પછાતે તેમની ઉપર પોલીસેશનની કોરટમા ફરીયાદી માંડી હતી જેથી ધમગાઈ તેનણે આજ રોજે મલેની અંજુમન પાસે માફ માગવાથી પછાતે તેમને પોતાને હાથે પોતાના ગાલ ઉપર પાંચ ખાસડા મારવાની, અને ડાંડીનો દંડ તથા પોલીસેશનમા જવાનો જે ખરચ થયો

---

૧ આ નોંધ મુંબઈની આગલી પારસી પછાતના કારોબારની એક અસલ ચોપડી જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફ પાસે મોજુદછે તેમા ઊતારી સહીઓ સાથે કીધેલીછે.

૨ સુરતવાલા ડાકટર માણેકજી બહુખાજીના બાવા

હોય તે આપવાની શિક્ષા કરી પાછા નેઆતમા લેવાને ઠેરવ્યુ હતુ [૧]

તા૦ ૧૭ મી આપરેલ.

આજ દીને મુબઈની શમશત અંજુમન મરહુમ માણેકજી શેઠની વાડીના ઓટલા ઉપર મળી હતી તે વેળાએ સરેશતા મુજબનુ કેટલુંક કામ કરી ગયા પછી એક અરજી શેઠ જમશેદજી નાનાભાઈ ગજધર તથા બીજા પારસીઓએ કીધી હતી કે હમારા મોહલા (કાવશજી પટેલના મોહલા) માં પારસી દાદાભાઈ લીમજી પીથાવાલા નશાખાનાની કોઠડીમાં દારનુ પીઠું માડેછે તે કાઢી નખાવવુ, કાંએજે આપણા પારસી લોકોના મોહલામા પીઠુ જોઈએ નહિ. આ ઉપરથી સર્વે અંજુમને ઠેરવ્યુ જે એ ધણીએ આવતી દીવાલીથી એ જગો પરથી પીઠુ ખાલી કરી જવુ.[૨]

તા૦ ૨૦ મી મેએ.

અતરેના કદમી પથના દસ્તૂર મુલાં ફીરોજજી કાઉશજી તથા તેમના બાપ ઈરાંન ખાતે ઈસ્ફેહાન શેહેરમાથી "દસાતીર" ની એક પુરાતમ કેતાબ અતરે લાવ્યા હતા. તે કેતાબનો મુબઈના માજી ગવરનર મરહુમ જોનાથંન ડંકને મુલાં ફીરોજજી સાથે ઇંગ્રેજી ભાષામા તરજુમો કરવા માડયો હતો, પણ તે પુરો થાય તેટલામા તે (ગવરનર ડંકન) અતરેજ મરણ પામ્યો હતો. એ પછી થોડીક મુદતે સર જાન માલકમે તે તરજુમો છપાવવા વિષે મુલાં ફીરોજજીને સુચના કીધાથી તેવણે મી૦ વીલ્યમ અરસકીન પાસે તેનો બાકી રહેલો ઇંગ્રેજી તરજુમો પુરો કરાવી તે, તથા એ અસલ દસાતીરની નકલ, અને તેના હઘડા શબદોની પોતે બનાવેલી ફરહંગ મળી બે પુસ્તકો આજ દીને છપાવી બાહેર પાડયાં હતા. એ પુસ્તક સર જાન માલકમનેજ અર્પણ કીધુ હતુ.[૩]

---

૧ આ નોધ મુબઈની આગલી પારસી પંચાતના કારોબારની એક અસલ ચોપડી જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફ પાસે મોજુદછે તેમા કીધેલીછે તેમા પંચાતે કીધેલા એવા સખ્યાબંદ ફેસલાઓમાથી ફકત આએજ ફેસલાની અતરે નોધ લેવાનુ કારણ એકે આગલા વખતમા પારસીની પંચાતવાલાઓ કેવી રીતે પોતાના ગુનાહાઓ ગરીબ તેમજ તવંગર સામે અપક્ષપાત રીતે કરતા હતા તે દેખાડવા આ નોધમા જણાવેલા ગ્રહસ્થ શેઠ જમશેદજી પંચાતના નવા ઠરેલા અધિકારીઓમાના એક સાથે પિત્રાઈ ભાઈનો સબધ, તેમજ પોતાની પાસે એક મોટી દોલત ધરાવતા હતા, તે છતા તેઓ પંચાતને ગુરેથતે ઊલટા ચાલવાથી જેમ એક ગરીબ પારસીને સજા કરે તે પ્રમાણે તેઓને કર્યાંમા આવી હતી વળી એવીજ પંચાતની આપઅખત્યારીનો એક બીજો એથી પણ વધારે જાણવાજોગ દાખલો ઈ૦ સ૦ ૧૮૨૭ મા બન્યો હતો, કે જેની નોધનો ચોપડો હાલમા જડતો નથી, પણ તે ચોપડામાથીજ શેઠ માણેકજી ખરશેદજી સરાફે તા૦ ૯ મી ડીસેમબર ૧૮૪૪ ના "બોમ્બે ટાઇમસ" મા Q in the corner ની શહીથી તે વેળાની પંચાતની સામે કાઇક લખાણ ચલાવ્યુ હતુ તેમા એ દાખલો આપેલોછે તે એમ કે ઈ૦ સ૦ ૧૮૨૩ મા પંચાતે કેટલાક મરણ તથા લગનપરના બેજા ખરચો કાઢી નાખીને ચોકસ ખરચોજ કરવાના બદોબસ્ત કીધા હતા તે બદોબસ્તો થયા પછી સેહુજ દીવસે પંચાતના વડા અકાબર શેઠ હોરમજજી બહમનજી વાડીઆના એક બેહને પોતાને તીઆથી બાજના બાણા વેહચ્યા હતા આ ખબર પંચાતના એક અધિકારીને પડવાથી તેણે તે બાણા રસતામાથી જતાજ અટકાવ્યા અને માણેકજી શેઠની વાડીમા મોકલી દઈ ત્યા આધળા પાગળા જરથોશતીઓને બોલાવી તેમને ખવાડયાં એ પછી તે વાતની ખબર શેઠ હોરમજજીને પડવાથી તેવણે પણ પેલા અધિકારીએ ભરેલુ પગલુ પસદ કીધુ અને તેની બીજતે દીને શમસત અંજુમન બોલાવી ત્યા પોતાનાજ કુટબમાથી તે બદોબસ્ત તોડાયો તે માટે પોતાની દલગીરી જણાવી, અને પેલી બાઈની વતી તેમના એક દીકરા (શેઠ અરદેસર હરમજજી વાડીઆ કે જેવણ પણ એક મોટા પારસી વ્યાપારી તથા વાહણવતી હતા) એ પંચાત પાસે માફ માગી તથા ડંડીનો દંડ આપ્યો

૨ આ નોધ મુબઈની આગલી પારસી પંચાતના કારોબારની એક અસલ ચોપડી જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફ પાસે મોજુદછે તેમા કીધેલીછે,-અને તેપર પણ આગલની માફકજ સર્વે અંજુમનમા હાજર રહેલા ધણીઓની શહીઓછે

૩ "The Desatir" or sacred writings of the ancient Persian prophets, in the original tongue, together with the ancient persian version and commentary of the *Fifth Sasan*, carefully published by Mulla Firuz Bin Kaus, who has subjoined a copious Glossary of the *Obsolete and Technical Persian Terms*, to which is added an English Translation of the Desatir and Commentary In Two Volumes Bombay printed at the Courier Press

એ તરજુમો બાહેર પડયા પછી તેના ઊપર ઘણીક ચુનોચરા થઇ હતી, અને મુંબઈ તેમજ કલકતાના ઘણાક યુરોપ્યન વિદ્વાનોતો એ પુસ્તકનાં અસલપણા ઊપર પણ શક નાખવા મંડયા હતા તે સઘળાની મુલા ફીરોજજીએ માયાકુલ જવાબોથી ખાતરી કરી આપી હતી એ પછી એવણના એક વારસ દસ્તૂર કૈકોબાદજી મનચેરજી મુલા ફીરોજનાએ એ કેતાબનો ગુજરાતી ભાષામાં તરજુમો કરી તે મોબેદ ફરદુનજી મરજબાનજી પાસે તપાસાવી ઈ૦ સ૦ ૧૮૪૮ મા દફતર આશકારા છાપાખાનામા છપાવી બાહેર પાડયો હતો

### તા० ૧૧ મી જુન.

આજ દીને દસ્તુર એદલજી દારાબજી સંજાણાએ ખોરદેહ અવસતાનો ગુજરાતી ભાષામાં ખોલેખોલ તરજુમો કરી "કુરીઅર" છાપાખાનામાં છપાવી બાહેર પાડયો હતો.[1] એ તરજુમાની કેતાબ દસ્તુરજીએ શેઠ જમશેદજી બહમનજી, રતનજી બહમનજી, અને હોરમજજી બહમનજી વાડીઆને અર્પણ કીધી હતી.

### તા० ૨ જી જુલાઈ.

આજ દીને મુંબઈની સમસત પારસી અંજુમન શેઠ દાદીભાઈ નોશરવાનજીના આદરાનમાં મળી હતી. તે વેળાએ આ० જમશેદજી બેહરામજી લશકરીને પોકાર મારી પાછા નેઆતમાં લીધા હતા, અને એવું ઠેરવ્યું જે તેવણે પોતાની પેહલી બાયડીના ગુજરાણને માટે રૂ૨૦૦૦) પંચાતને આપવા, અને પોતે આગલ કીધેલું જરજવાહીર તથા કપડા લતા તેણીને આપી દેવાં. તે સાથે એ મજકુર આ० જમશેદજી તથા તેવણની નવી કીધેલી બાયડીને નાહન નાહવાને ફરમાવ્યુ હતું.

એજ દીનની પંચાતમાં આગલ ઠેરવેલા ૧૮ અધિકારીઓમાંથી આ० હોરમજજી દોરાબજી લશકરી પોતાના વ્યાપારના કારણસર ચીન ગયા હતા તેમની જગોપર દસ્તુર એદલજી દારાબજી સંજાણાને નેમ્યા હતા.[2]

### તા० ૧૭ મી આગસટ.

આજ દીને મુંબઈની પારસી પંચાતના અકાબરો શેઠ દાદીભાઈ નોશરવાનજીના આતશબેહરામમાં મલયા હતા, તે વેળાએ એક પારસીએ પોતાની રાંડને પેટની છોકરી જે તે ધણીથી લાવ્યો હતો તેને સદરો પેહરાવવાની રજા માગી હતી, કે જે કેટલીક તકરારો કીધા પછી આપવામાં આવી હતી, અને એવું ઠેરવ્યું હતું કે હવેથી એવા છોકરાઓને પંચાતની રજા વગર કોઈએ સદરો પેહરાવવો નહિ. આ ઠેરાવની હેઠલ ત્યાં હાજર રહેલા નીચલા અકાબરોની સહીઓ હતી.—[3]

જમશેદજી બહમનજી વાડીઆ, ફરામજી નાનાભાઈ દાવર, મુલ્લા ફીરોજ બીન કાઉસ, આ० દોરાબજી ફરામજી પથકી, દસ્તુર ખરશેદજી જમશેદજી જામાસપ આશાના, બરજોરજી દોરાબજી દાદીબરજોરના, દસ્તુર એદલજી દારાબજી સંજાણા, ફરામજી કાવસજી બનાજી, ખરશેદજી માણેકજી સરાફ, દોરાબજી વાછાગાંધી, નવરોજજી મેહરજી, દાદાભાઈ કાવસજી શાહેર, રૂસતમજી શાપુરજી શેઠના.

### તા० ૨૯ મી આગસટ.

આએ માસમા મુંબઈ મધે કોલેરાનો રોગ ઘણો ફેલાયો હતો, તે દૂર કરવાને અતરેના સરકારી "મેડીકલ" ખાતાએ ઘણી બાહોશીથી મેહનત લીધી, તેના બદલામા અતરેના જાણીતા હિંદુ તથા પારસી આગેવાન શેઠીઆઓએ આજ દીને અતરેના "મેડીકલ બોરડ" ના શેક્રેટરી મી० જી ઓગીલવી ઉપર એક ઉપકારનો પત્ર લખી તે "બોરડ" મા રજુ કરવાની અરજ કીધી હતી. આ પત્ર ઉપર ત્રણ હિંદુ[4] તથા નીચલા છ પારસીઓની સહીઓ હતી —[5]

શેઠ જમશેદજી બહમનજી વાડીઆ.
શેઠ હોરમજજી બહમનજી વાડીઆ.
શેઠ ફરામજી કાવસજી બનાજી.
શેઠ ફરામજી નાનાભાઈ દાવર.
શેઠ ખરશેદજી માણેકજી સરાફ.
શેઠ ખરશેદજી અરદેશર દાદી.

### તા० ૧૭ મી સપટેમબર.

રોજ ૧૮ માહ ૧૨ (શે०) ૧૧૮૭ યજદજરદી

**મરણ**—ફરામજી નશરવાનજી બાટલીવાલા—ઉમર વર્ષ ૪૮) મરહૂમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટના મામા તથા સસરા. એવણે ઈ० સ० ૧૭૯૦ ને આસરે નવસારીથી અતરે આવી ખાલી બાટલીઓ વેચવાની એક દુકાન કાઢી હતી. તે પછી મરહુમ સર જમશેદજી સાથે ઈ० સ० ૧૮૦૧ થી ચીનનો વ્યાપાર કરવા માંડયો હતો. નવસારીના જરથોશતીઓપર ગાયકવાડી સરકારની તરફથી દર વર્ષે નખાતો વેરો ગરીબોથી નહિ ભરાયાને લીધે તેઓની તરફથી તે સરકારમા ભરવાને એવણે રૂ૨૦૦૦૦) ની એક રકમ એનાહેદી કાઢી હતી.

---

૧ "ખોરદેહ અવસતાનો તરજુમો, ગુજરાતી બોલીમાં કીધોછે એરવદ એદલ બીન દારાબ બીન રૂસતમ લકબ સનજાણાએ શ્રી મુંબઈ મધે છાપીછે. કુરીઅર હાઉસ મધે, શેઠ જીજીભાઈ બીન બેહેરામજી છાપગરના કારખાનામાં, શાને ઈઅજદજરદી, ૧૧૮૭"

૨ આ નોધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની એક અસલ ચોપડી જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફ પાસે મોજુદછે તેમા કીધેલીછે

૩ આ ઠેરાવની નોધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની એક અસલ ચોપડી જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફપાસે મોજુદછે તેમા કીધેલીછે

૪ દેવીદાસ હરજીવણદાસ, નાગરદાસ હીરજી મોદી, જવેરચંદ આતમારામ

૫ બોમ્બે કુરીઅર, તા० ૧૨ મી સપટેમબર ૧૮૧૮

તા૦ ૫ મી નવેમબર.

રોજ ૨ માહ ૨ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—ધનજીભાઈ સોરાબજી રેડીમની—ઉમર વર્ષ ૩૨) શેઠ શોરાબજી મનચેરજી રેડીમનીના વડા દીકરા. એવણે ઈ૦ સ૦ ૧૮૦૫ મા પોતાના બાપના મરણ બાદ થોડુ કવેર તેમનો બ્યાપાર ચનાવ્યો હતો, તથા તે માટે "અલેકજાનડર" નામનું એક વાહણ પણ લીધુ હતુ. પછવાડેથી બ્યાપારમા મોટુ નુકસાન જવાથી સઘળો વહીવટ બંધ કરવો પડયો હતો. એવણ પોતાના બાપની જગોએ મુંબઈની પારસી પંચાતના એક અકા-બેર ઠરેલા હતા.

---

તા૦ ૧૭ મી નવેમબર.

રોજ ૧૪ માહ ૨ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—ધનજીભાઈ રતનજી એદી—ઉમર વર્ષ ૫૨) સુરતવાલા શેઠ રતનજી માણેકજી એદીના પાચમા દીકરા. એવણ પ્રથમમાં પોતાના બાપના બોહલા બ્યાપાર વનજના કામોમા પડેલા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૦૪ માં બાપનાં મરણ બાદ બે ત્રણ વર્ષે ભાઈ ભાઈઓમા તેમના હકોને માટે મોટો કજીયો ઉપજયો, અને તે માટે ખાનગી રીતે તેમજ સરકારમાં લડવાથી સઘળાઓ મોટી નુકસાનીમા આવી પડયા હતા.

---

તા૦ ૯ મી ડીસેમબર.

રોજ ૬ માહ ૪ (ક૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—નશરવાનજી કાવશજી બનાજી[1]—ઉમર વર્ષ ૪૨) શેઠ કાવશજી બેહરામજી બનાજીના બીજા દીકરા. એવણ પોતાના વડા ભાઈ શેઠ ફરામજી કાવશજી બનાજીની સાથે પ્રથમથીજ બ્યાપાર વનજમા સામેલ હતા, અને તેનાઓની તરફથી એકવાર ચીન પણ જઈ આવ્યા હતા. એ પછી ઈ૦ સ૦ ૧૮૧૧ થી પોતાનો એલાહેદો બ્યાપાર કરવા માડયો હતો.

---

તા૦ ૧૦ મી ડીસેમબર.

રોજ ૭ માહ ૩ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—મેહેરવાનજી નવરોજજી શેઠના—ઉમર વર્ષ ૪૩) શેઠ નવરોજજી શેરાબજી શેઠના વડા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૮૧૩ મા બાપના મરણ બાદ મરહુમ માણેકજી શેઠના ધર્મ ખાતાના મુતવલીપણાનો વહીવટ મલ્યો હતો. ઈ૦ સ૦ ૧૮૧૪ મા એવણે પોતાના કેટલાક કુટુંબીઓની સાથે મળી "હોરમજજી બુરજોરજીની કંપની" ને નામે એક વીમાની કંપની ઉઘાડી હતી.

1 એવણના એકજ દીકરા શેઠ ધનજીભાઇ નશરવાનજી બનાજીના મરણ પછી એમની નર ઓલાદ ખતમ થઇ હતી

એવણને પોતાના ભાઇઓ સાથે મજકૂર મુતવલીપણા સબંધી કેટલોક વાંધો ઉઠયો હતો, પણ તે સમાધાન થાય તેટલામા એવણનુ મરણ નીપજયુ હતું.

---

ગયા મારચ માસમા મુંબઈમા નવી પારસીની પંચાત સ્થાપવા પછે તેના અકાબરોએ બાહેરોબાહેરથી ઇંગલાંડ "કોરટ-ઑફ-ડાએરેકટરસ" પર એક અરજી મોકલી હતી કે તેઓને પોતાના ટોળાને લગતા બંદોબસ્તો વગેરે કરવાને સતા આપવી. આના જવાબમા આ વર્ષના ડીસેમબર માસમા ઇંગલાંડથી "કોરટ-ઑફ-ડાએરેકટરો" એ મુંબઈના ગવરનર સર ઈવીન નેપીઅનની સરકાર જોગના પોતાના એક "ડીસપાચ" માં લખ્યુ હતું કે "પારસીની પંનચાત મધે જે કોઈ મોટા આબરૂવાન છે તેહેનાને અશલના મુજબ હકુમત અથવા સતા આપવી મુનાશેબછે, કે એ લોકો પોતાના ગરીબ ટોલાનુ જે કામ કરે તેહને બોજ મલે."[2]

2 આ "ડીસપાચ" અતરે આવ્યા પછી સર ઇવીન નેપીઅનનુ થોડીક મુદતમા ઇંગલાંડ જવુ થયુ, અને તે બાદ ગવરનર માઊનટસ્ટુઅરટ એલફીનસટનનો અમલ થયો ત્યારે તેની કૌનસીલે ઈ૦ સ૦ ૧૮૨૧ ના મેઅે માસમા એ "ડીસપાચ" ના જવાબમા એવી સત્તા પંચાતને નહિ આપવાને પોતાનો વિચાર લખ્યો, અને તેના કારણમા જણાવ્યું કે "આગલા દાહડા ઊપર વચલે વાઘેના જે પારસીઓ હતા તે પોતાના વડા બુજોરગો કે જેવો પંનચાતના મોટા શાહુમો હતા તેવોને ઘણુ માન આપતા ને હાલના જે પારસીઓછે તેહેનાની પાશે થોડીએક પુંજી થઇછે તેથી તેવો શરવે આપઅખતીઆરીથી જેમ કાંઇ તેવોના મનમાં આવેચ તેમ ચાલેચ અને પંનચાતને આગલા દાહડાની પરે માન આપતા નથી ને વલી હવડા મુંબઇમા શુપરીમ કોરટ આવેલીછે તેથી ગવરમેનટને પંચાતવાલાને કશો અખતેઆર આપવાનો ધારો બાંધી આપવાને અડચન જેહેવુ નજર આવેછે." આના જવાબમા ઇંગલાંડથી લખાઇ આવ્યુ કે "તમોએ જે કાંઇ ઠરાવેલુ છે તે દરૂસતછે" એ રીતે પંચાતને સત્તા નહિ મલવાના કારણમા અતરેની કૌનસીલના એક મેમબર મી૦ ફરાનસીસ વારડને એક પતર જયારે તે ઇંગલાંડ હતો ત્યારે કોરટ-ઑફ-ડાએરેકટરસના એક અધિકારી મી૦ ટી એચ. વીલરસ ઊપર તા૦ ૩૦ મી આપરેલ ૧૮૩૨ ને દીને લખ્યો હતો તેમા જણાવ્યુ હતુ કે "એ ટોલી ઘણી વધી પડયો તથા ઘણાઓ પઇશાવાલા અને આપઅખતેઆર વીચારના થાએઆ, તથા તેવોના મોટે વાઘેના કુટમઓમાં સંપ નથી તેથી એ અડચણ ઊભી થાઇ તેવોની પંનચાએત વીશે વાધો નહી લેવાએ હેવા કાએદા બનાવવાનુ કામ ઘણુ મુશકેલછે જેવારે તેવો ગરીબ હતા અને પોતાના ગુજરાનને માટે મેહનત કરતા હતા તેવારે તેવો પારકાના કરતા પોતાની ગનેઆતના અકાબરોને તાએએ રેહતા હતા તે વખત હવે જતો રહેઓ અને તેવી બાબેઆ હવે પાછી ઊતપન થઇ શકતી નથી" [ખુલાસે પંનચાત સફે ૨૪૦-૨૪૩]

# ઈ૦ સ૦ ૧૮૧૯.

તા૦ ૪ થી જાનેવારી
રોજ ૨ માહ ૪ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—આ૦ ઉકાજી રૂસતમજી જલાન—ઉમર વર્ષ ૭૩) ભરૂચવાલા આ૦ રૂસતમજી બેહેરામજી જલાનના બીજા દીકરા, તથા મુંબઈવાલા મુલ્લા કાઉસ રૂસતમ જલાલના ભાઈ એવણુ ભરૂચ મધે મોબેદી કરતા હતા, અને બેહેનવાણી પંથમાજ રહયા હતા. ભરૂચ તથા મુંબઈમા આજે પણ એઓના વારેસો બેહેનથાણી એતેકાદ પ્રમાણેજ ચાલે છે.

---

તા૦ ૧૫ મી જાનેવારી.
રોજ ૧૩ માહ ૪ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—દસ્તૂર બરજોરજી બરઝોદજી દાગબ પાલણના—ઉમર વર્ષ ૮૭) સુરતવાલા દસ્તૂર બરઝોદજી બરજોરજી દાગબ પાલણના દીકરા. એવણુ ઈ૦ સ૦ ૧૮૦૨ મા પોતાના બાપના મરણ બાદ સુરત ખાતે રૂસતમપરાના દસ્તૂરનો ઓહ્દો ચનાવતા હતા.

---

તા૦ ૨૭ મી જાનેવારી
રોજ ૨૫ માહ ૪ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—હકીમ કાવસજી રૂસતમજી તમના—ઉમર વર્ષ ૫૮) એવણુ સુરતના જાણીતા હકીમ હતા, તથા નવાબ, બખ્શી, અને મોટા ઇંગ્રેજ અમલદારોમા સારો વગ ધરાવતા હતા. ત્યાના ફીરંગી સોદાગરોની કોઠી સાથે એવો કાપડ, વીગેરેનો વ્યાપાર તથા બીજી આડતો ચનાવતા હતા. એવણુ ગરીબોની દવાદારૂ મફત કરી તેઓ પાસથી કરસી ચીજની તહમા રાખતાતા નહિ, જે ઉપરથી એમને તહમનાની અટકથી લોક ઓળખતા હતા. સુરતના પારસીઓમા એવણુ એક આગેવાન અકાબર હતા. એવણુની નાદમેતે એવણુના ભાણેજ શેઠ પાલણજી કાવસજી અહુગરે સુરત મધે નાહનપરામા એક મોટી ધર્મશાળા બંધાવી તે તા૦ ૨૬ મી જુનાઈ ૧૮૧૯ ને દીને એવણુની છમસીને દાહડે ખોલ્લી મુકી હતી

---

તા૦ ૪ થી ફેબ્રરવારી.
રોજ ૩ માહ ૫ (વં૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—બરજોરજી દોરાબજી દાદીબરજોરના[૨]—ઉમર વર્ષ ૮૦) શેઠ દોરાબજી કાવસજી દાદીબરજોરના વડા દીકરા. એવણુ પોતાના વખતમા એક મોટા વ્યાપારી, વાહણવટી, તથા જાગીરદાર હતા. "નીડીફ્રથ" અને "જોરોઆસ્ટર" નામના બે સફરી વાહણો એવણુ પાસે હતા. કોટ કોટ હાલ જયા મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટની મોટી હવેલી છે તે જગા પ્રથમમા એનાવોની હતી, અને તેજ ઘરમા એવણુનુ રેહઠાણ પણ હતુ. એવણુ તે વખતની મુંબઈની પારસી પંચાતના એક અકાબર હતા.

---

તા૦ ૭ મી ફેબ્રરવારી.
રોજ ૬ માહ ૬ (ક૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—નવરોજજી કાવસજી બનાજી[૨]—ઉમર વર્ષ ૪૧) શેઠ કાવસજી બેહેરામજી બનાજીના ત્રિજા દીકરા. એવણુ પોતાના વડા ભાઈ શેઠ ફ્રામજીની સાથે પ્રથમથીજ વ્યાપાર વણજમા શામેલ થયા હતા, અને તેનાઓની તરફથી ઈ૦ સ૦ ૧૮૦૮) મા ચીન ખાતે ગયા હતા. ત્યા ચારેક વર્ષ રહી આવ્યા પછી વળી ઈ૦ સ૦ ૧૮૧૨) મા કલકતે ગયા હતા, અને ત્યા પોતાના મરણ લગણ રહી એનાહિદો વ્યાપાર ચનાવયો હતો. એવણુ કલકત્તામાજ મરણ પામ્યા હતા.

---

તા૦ ૧૬ મી માર્ચ.

મુંબઈમા ગરીબોના બાળકોને કેળવણી આપવા માટે ઉભી થયલી મંડળી[૩] ની વાર્ષિક સભા આજ દીને અતરેના કોટના સેંટ થામસના દેવળમા મળી હતી, તે વેળાએ જે રીપોર્ટ વંચાયો તેમા એક ઠેકાંણે જણાવ્યુ હતુ કે દેશીઓને કેળવણી આગ પાયાપર આપવાને આએ ખાતાનો ઉપયોગ વધારવાને કમીટીની કોશેશોમા "દસાતીર" કેતાબના કાબેલ બનાવનાર મુલ્લા ફીરોજજીએ ઘણી મદદ તથા મેહનત કીધી હતી[૪]

---

[૧] એવણુના બાપના બપાવા શેઠ દાદાભાઈ બરજોરજી કે જેવણુ સાધારણ રીતે "દાદી બરજોર" ના નામથી ઓળખાતા હતા, તેવણુ ઈ૦ સ૦ ૧૭૦૦ ને આસરે સુરતથી અતરે આવ્યા હતા, તેતે બાહેર બીજો ખાતેનો વ્યાપાર ચલાવતા હતા. કેહછે કે તેવણું સહુ . . . ઊમરે મરણ પામ્યા હતા તેવણના એકજપુરા દીકરા શેઠ કાવસજી દાદાભાઈ પોતાના બાપની સાથે તથા તેમના મરણ પછી તેજ વ્યાપાર કરતા હતા તેમનાથી એકજ દીકરા શેઠ દોરાબજી કાવસજી દાદીબરજોર પોતાના બાપના વહીવટમાજ પડેલા હતા

[૨] શેઠ પેશતનજી નવરોજજી બનાજીના બાવા

[૩] "Society for educating the poor of Bombay"

[૪] " . . . That the Committee were endeavouring to extend the benefits and influence of the institution in improving the education of the natives, in which they had derived much assistance from the ready co-operation of Mulla Feroze, the learned editor of the Desatir"

[Bombay Gazette, 24th March 1819]

તા૦ ૫ મી નવેમબર.

રોજ ૨ માહ ૨ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—ધનજીભાઈ શોરાબજી રેડીમની—ઉમર વર્ષ ૩૨) શેઠ શોરાબજી મનચેરજી રેડીમનીના વડા દીકરા. એવણે ઈ૦ સ૦ ૧૮૦૫ માં પોતાના બાપના મરણ બાદ થોડું કેર તેમનો વ્યાપાર ચનાવ્યો હતો, તથા તે માટે "અલેકજાનડર" નામનું એક વાહણ પણ લીધું હતુ. પછવાડેથી વ્યાપારમા મોટું નુકસાન જવાથી સઘળો વહીવટ બંધ કરવો પડયો હતો. એવણ પોતાના બાપની જગોએ મુંબઈની પારસી પંચાતના એક અકા-બર ઠેલા હતા.

---

તા૦ ૧૭ મી નવેમબર.

રોજ ૧૪ માહ ૨ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—ધનજીભાઈ રતનજી શેઠી—ઉમર વર્ષ ૫૨) સુરતવાલા શેઠ રતનજી માણેકજી શેઠીના પાચમા દીકરા. એવણ પ્રથમમાં પોતાના બાપના ભોહલા વ્યાપાર વનજનાં કામોમા પડેલા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૦૪ મા બાપનાં મરણ બાદ બે ત્રણ વર્ષે ભાઈ ભાઇઓમા તેમના હકોને માટે મોટા કજીયો ઉપજયો, અને તે માટે ખાનગી રીતે તેમજ સરકારમા લડવાથી સઘળાઓ મોટી નૂકસાનીમા આવી પડયા હતા.

---

તા૦ ૯ મી ડીસેમબર.

રોજ ૬ માહ ૪ (ક૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—નશરવાનજી કાવશજી બનાજી[1]—ઉમર વર્ષ ૪૨) શેઠ કાવશજી બેહરામજી બનાજીના બીજા દીકરા. એવણ પોતાના વડા ભાઈ શેઠ ફરામજી કાવશજી બના-જીની સાથે પ્રથમથીજ વ્યાપાર વનજમા સામેલ હતા, અને તેનાંઓની તરફથી એકવાર ચીન પણ જઈ આવ્યા હતા. એ પછી ઈ૦ સ૦ ૧૮૧૧ થી પોતાનો એલાહેદો વ્યાપાર કરવા માંડયો હતો.

---

તા૦ ૧૦ મી ડીસેમબર.

રોજ ૭ માહ ૩ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—મેહરવાનજી નવરોજજી શેઠના—ઉમર વર્ષ ૪૩) શેઠ નવરોજજી શોરાબજી શેઠના વડા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૮૧૩ માં બાપનાં મરણ બાદ મરહુમ માણેકજી શેઠના ધર્મ ખાતાના મુતવલીપણાનો વહીવટ મલ્યો હતો. ઈ૦ સ૦ ૧૮૧૪ મા એવણે પોતાના કેટ-લાક કુટુંબીઓની સાથે મલી "હોરમજજી બુરજોરજીની કંપની" ને નામે એક વીમાની કંપની ઉઘાડી હતી. એવણને પોતાના ભાઇઓ સાથે મજકૂર મુતવલીપણા સબંધી કેટલોક વાંધો ઉઠયો હતો, પણ તે સમાધાન થાય તેટલામા એવણનુ મરણ નીપજયુ હતું.

---

ગયા મારચ માસમા મુંબઈમા નવી પારસીની પંચાત સ્થાપવા પછે તેના અકાબરોએ બાહરોબાહરથી ઇગલાડ "કોરટ-ઑફ-ડાએરેકટરસ" પર એક અરજી મોકલી હતી કે તેઓને પોતાના ટોળાને લગતા બંદોબસ્તો વગેરે કરવાને સતા આપવી. આના જવાબમા આ વર્ષના ડીસેમબર માસમા ઇંગલાડથી "કોરટ-ઑફ-ડાએરેક-ટરો" એ મુંબઈના ગવરનર સર ઈવીન નેપીઅનની સર-કાર જોગના પોતાના એક "ડીસપાચ" મા લખ્યું હતું કે "પારસીની પંનચાત મધે જે કોઈ મોટા આબરવાલાછે તેહેનાને અરજના મુજબ હકુમત અથવા સતા આપવી મુનાસેબ છે, કે એ લોકો પોતાના ગરીબ ટોલાનુ જે કામ કરે તેહને બોજ મલે."[2]

---

[1] એવણના એકજ દીકરા શેઠ ધનજીભાઇ નશર-વાનજી બનાજીના મરણ પછી એમની નર ઓલાદ ખતમ થઇ હતી

[2] આ "ડીસપાચ" અતરે આવ્યા પછી સર ઇવીન નેપીઅનનુ થોડીક મુદતમા ઇગલાંડ જવું થયુ, અને તે બાદ ગવરનર માઊનટ સ્ટુઅરટ એલફીનસટનનો અમલ થયો ત્યારે તેની કૌનસીલે ઇ૦ સ૦ ૧૮૨૧ ના મેએ માસમા એ "ડીસપાચ" ના જવાબમા એવી સત્તા પંચા-તને નહિ આપવાને પોતાનો વિચાર લખ્યો, અને તેના કારણમા જણાવ્યું કે "આગલા દાહડા ઊપર વચલે વાધેના જે પારસીઓ હતા તે પોતાના વડા બુજોરગો કે જેવો પનચાતના મોટા શાહેબો હતા તેવોને ઘણુ માન આપતા ને હાલના જે પારશીઓછે તેહુનાની પાશે થોડીએક પુંજી થઇછે તેથી તેરો શરવે આપઅખતીઆરીથી જેમ કાઇ તેવોના મનમા આવેચ તેમ ચાલેચ અને પનચાતને આગલા દાહડાની પઠે માન આપતા નથી ને વલી હવડા મુંબઇમા શુપરીમ કોરટ આવેલીછે તેથી ગવરમેનટને પંચાતવાલાને કશો અખતેઆર આપવાનો ધારો બાંધી આપવાને અડચન જેહેવુ નજર આવેછે" આના જવા-બમા ઇંગલાડથી લખાઇ આવ્યુ કે "તમોએ જે કાઇ ઠરાવેલી છે તે દુરશતછે" એ રીતે પંચાતને સત્તા નહિ મલવાના કારણમા અતરેની કૌનસીલના એક મેમબર મી૦ ફરાનસીસ વારડને એક પતર જયારે તે ઇગલાડ હતા ત્યારે કોરટ-ઑફ-ડાએરેકટરસના એક અધિકારી મી૦ ટી એચ વીલરસ ઊપર તા૦ ૩૦ મી આપરેલ ૧૮૩૨ ને દીને લખ્યો હતો તેમા જણાવ્યુ હતુ કે "એ ટોલો ઘણો વધી પડયો તથા ઘણાઓ પઇશાવાલા અને આપઅખતેઆર વીચારના થાએઆ, તથા તેવોના ચોટે વાધેના કુટમમોમા સપ નથી તેથી એ અડચણ ઊભી થાઇ તેવોની પનચાએત વીશે વાધો નહી લેવાએ હેવા કાએદા બનાવવાનુ કામ ઘણુ મુશકેલછે .. ... જેવારે તેવો ગરીબ હતા અને પોતાના ગુજરાનને માટે મેહનત કરતા હતા તેવારે તેવો પારકાના કરતા પોતાની ગનેઆતના અકાબરોને તાએમ રેહતા હતા. તે વખત હવે જતો રહેઓ અને તેવી માએઆ હવે પાછી ઊતપન થઇ શકતી નથી" [ખોલાસે પનચાત સફે ૧૪૦–૧૪૩]

# ઈ૦ સ૦ ૧૮૧૯.

તા૦ ૪ થી જાનેવારી
રોજ ર માહ ૪ (શેં૦) ૧૧૮૮ યજદજરદી

**મરણ**—આ૦ ઉકાજી રૂસતમજી જલાલ—(ઉમર વર્ષ ૭૩) ભરૂચવાલા આ૦ રૂસતમજી મેહરામજી જલાલના બીજા દીકરા, તથા મુબઈવાલા મુલ્લાં કાઉસ રૂસતમ જલાલના ભાઈ. એવણ ભરૂચ મધે મોબેદી કરતા હતા, અને શેહનશાહી પંથમાજ રહયા હતા ભરૂચ તથા મુબઈમા આજે પણ એઓના વારસો શેહનશાહી એતેકાદ પ્રમાણેજ ચાલેછે.

તા૦ ૧૫ મી જાનેવારી.
રોજ ૧૩ માહ ૪ (શેં૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—દસ્તૂર બરજોરજી ખરશેદજી દારાબ પાલણના—(ઉમર વર્ષ ૪૭) સુરતવાલા દસ્તૂર ખરશેદજી બરજોરજી દારાબ પાલણના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૦૨ મા પોતાના બાપનાં મરણ બાદ સુરત ખાતે રૂસતમપરાના દસ્તૂરનો ઓહદો ચલાવતા હતા.

તા૦ ૨૭ મી જાનેવારી
રોજ ૨૫ માહ ૪ (શેં૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—હકીમ કાવસજી રૂસતમજી તમના—(ઉમર વર્ષ ૫૮) એવણ સુરતના જાણીતા હકીમ હતા, તથા નવાબ, બખ્શી, અને મોટા ઇંગ્રેજ અમલદારોમા સારો વગ ધરાવતા હતા ત્યાના શીંગ ગી સોદાગરોની કોઠી સાથે એરો કાપડ, વિગેરેનો વ્યાપાર તથા બીજી આડતો ચલાવતા હતા. એવણ ગરીબોની દવાદારૂ મફત કરી તેઓ પાસથી કસ્સી ચીજની તઈમા રાખતા નહિ, જે ઉપરથી એમને તહમનાની અટકથી લોક ઓળખતા હતા. સુરતના પારસીઓમા એવણ એક આગેવાન અકાબર હતા એવણની નઇયે એવણના ભાણેજ શેઠ પાલણજી કાવસજી અહુગરે સુરત મધે નાહનપરામા એક મોટી ધર્મશાળા બધાની તે તા૦ ૨૬ મી જુલાઈ ૧૮૧૯ ને દીને એવણની છમશીને દાહડે ખોલી મુકી હતી.

તા૦ ૪ થી ફેબ્રવારી.
રોજ ૩ માહ ૫ (શેં૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—બરજોરજી દોરાબજી દાદીબરજોરના[૧]—(ઉમર વર્ષ ૮૦) શેઠ દોરાબજી કાવસજી દાદીબરજોરના વડા દીકરા. એવણ પોતાના વખતમાં એક મોટા વ્યાપારી, વાહણવટી, તથા જાગીરદાર હતા "પીકફરથ" અને "જોરાબાસ્ટર" નામના બે મઝરી વાહણો એવણ પાસે હતા. કોટેમાં હાલ જ્યા મરહુમ સર જમશેદજી જીજીભાઈ બારોનેટની મોટી હવેલી છે તે જગા પ્રથમમા એવણોની હતી, અને તેજ ઘરમા એવણનુ રેહઠાણ પણ હતુ એવણ તે વખતની મુબઈની પારસી પંચાતના એક અકાબર હતા.

તા૦ ૭ મી ફેબ્રવારી.
રોજ ૬ માહ ૬ (શેં૦) ૧૧૮૮ યજદજરદી

**મરણ**—નવરોજજી કાવસજી બનાજી[૨]—(ઉમર વર્ષ ૪૧) શેઠ કાવસજી મેહરામજી બનાજીના બિજા દીકરા. એવણ પોતાના વડા ભાઈ શેઠ ફરામજીની સાથે પ્રથમથીજ વ્યાપાર વનજમા શામેલ થયા હતા, અને તેનાઓની તરફથી ઈ૦ સ૦ ૧૮૦૮) મા ચીન ખાતે ગયા હતા. ત્યા આસરે વર્ષ રહી આવ્યા પછી વલી ઈ૦ સ૦ ૧૮૧૨) મા કલકતે ગયા હતા, અને ત્યા પોતાના મરણ લગણ રહી એનહેરા વ્યાપાર ચલાવયો હતો એવણ કલકતામાજ મરણ પામ્યા હતા.

તા૦ ૧૬ મી માર્ચ

મુબઈમા ગરીબોના બાળકોને કેળવણી આપના માટે હુલી થયલી મંડળી[૩] ની વાર્ષિક સભા આજ દીને બાતરેના કોટના સેંટ થામસના દેવળમા મળી હતી, તે વેળાએ જે રીપોર્ટ વચાયો તેમા એક ઠેકાણે જણાવ્યુ હતુ કે દેશીઓને કેળવણી સારા પાયાપર આપવાને આએ ખાતાનો ઉપયોગ વધારવાને કમીટીની કોશેશોમા "દસાતીર" કેતાબના કામેલ બનાવનાર મુલ્લાં ફીરોજજીએ ઘણી મદદ તથા મેહનત કીધી હતી.[૪]

૧ એવણના બાપના બાપા શેઠ દાદાભાઈ બરજોરજી કે જેવણ સાધારણ રીતે "દાદી બરજોર" ના નામથી ઓળખાતા હતા, તેવણ ઈ૦ સ૦ ૧૭૦૦ ને આસરે સુરતથી અતરે આવ્યા હતા, ને તે બાહિર જે ખાતેનો વ્યાપાર ચલાવતા હતા કેહછે કે તેવણે ... ઉમરે મરણ પામ્યા હતા તેવણના એકજ્પુત્ર દીકરા શેઠ કાવસજી દાદાભાઈ પોતાના બાપની સાથે તથા તેમના મરણ પછી તેજ વ્યાપાર કરતા હતા તેમનાથી એકજ દીકરા શેઠ દોરાબજી કાવસજી દાદીબરજોર પોતાના બાપના વહીવટમાંજ પડેલા હતા

૨ શેઠ પેશતનજી નવરોજજી બનાજીના બાપા

૩ "Society for educating the poor of Bombay"

૪ " ...That the Committee were endeavouring to extend the benefits and influence of the institution in improving the education of the natives, in which they had derived much assistance from the ready co-operation of Mulla Feroze, the learned editor of the Desatir"

[Bombay Gazette, 24th March 1819]

### તા૦ ૨૪ મી માર્ચ.

મુલ્લાં ફીરોજ બીન કાઉશે ગયે વર્ષે બાહેર પાડેલા "દસાતીર" ના તરજુમાની કેતાબના દીબાચામા તેવણે એક ઠેકાણે એવુ જણાવ્યુ હતુ કે "તેવણના બાપ ઈરાનથી આ એ કેતાબ લાવ્યા હતા, અને દુનિયામા તે એકજ નકલ બચી રહેલી જાણવામા આવી હતી. આની સામે આજના "બોમ્બે ગેઝેટ" મા "જરથુસ્ત" ની સહીનું એક ચરચા પત્ર છપાયુ હતું. જેમાં તે લખેછે કે—"મુંબઈના માજી ગવરનર જોનાથન દંકનના વખતમા મુલ્લા ફીરોજજીના પોતાના હાથમા દસાતીરની ત્રણ નકલો જોવામા આવતી હતી, જે તેવણ વારેઘડીએ મી૦ દંકન પાસે લઈ જતા હતા, અને તે નામદાર પોતાની ફોરસદને વખતે તે નકલો એકમેકસે સરખાવતો હતો. આમાંની એક નકલ (મુલ્લાં ફીરોજના બાવા) ઈરાનથી લાવ્યા હતા, બીજી તેવણે (મુલ્લાં ફીરોજે) મુંબઈમા વેચાતી લીધી હતી, અને ત્રીજી મી૦ દંકને કેથેથી મેળવી હતી. આ નકલ વિષે એમ વાતછે કે આશરે ૬૦) વર્ષની વાત ઉપર એક હિંદુસ્થાની મગોલ દીલ્હીથી સુરત આવ્યો હતો તે પોતાની સાથે પેહલવેહલી "દસાતીર" ની નકલ અતરે લાવ્યો હતો, તે તેણે દોસ્તીના હકમા સુરતના એક કામેન પારસી જીવણજી પદમજી દસ્તૂરને ભેટ આપી હતી, તેવણે તે કેતાબને કીમતી જાણી પોતાના દોસ્ત આશનાઓને તેની નકલ કરવા દીધી હતી. જીવણજીના મરણ બાદ તેમની વીધવા તે અસલ નકલ ભરુચ પોતાને મમવાર લઈ ગઈ હતી, જ્યાં તે વેચાઈ ગઈ, અને તે વેચનારે મુંબઈ લાવી મુલ્લાં ફીરોજજીને અથવા તેમના બાવાને એક નાહની રકમ લઈ આપી. સુરતમા આજે એ કેતાબની આઠ દશ નકલો મજકૂર જીવણજીની નકલ ઉપરથી લીધેલી મોજુદછે, અને મે પોતે મુલ્લાં ફીરોજજીના ઈરાનથી અતરે આવ્યા આગમજ તેની એક નકલ સુરતમા જોઈ હતી."[૨]

૧ એ ચરચા પત્રનો મુલ્લાં ફીરોજજીએ તા૦ ૭ મી આપરેલ ૧૮૧૯ ના "બોમ્બે ગેઝેટ" માં એક લાંબો જવાબ છપાવ્યો હતો તેમા તેવણે આલેબાલ્લુ લખ્યુ હતુ કે "મજકૂર પત્રમા છપાયલી બીના વગર આધારનીછે આ એ ખરૂ છે કે હું ગવરનર દંકન પાસે આ એ કેતાબ તેના ઇંગ્રેજી તરજુમાને વાસ્તે લઈ જતો હતો, પણ તે ફકત એકજ નકલ શબબ મારી પાસે એકજ નકલ હતી. અને તે નકલ પણ નામદાર ગવરનરે મારી સાથે કોઈને આપવાતો નહિ પણ દેખડાવવા વકીક નાહિંતો ગનસુબો કીધો હતો. એ ત્રણ નકલો વિષે હું જાણુંછુ, પણ તે બની મારી પાસની નકલ ઉપરથીજ થયલીછે મારા બાપે ઈરાનથી મુંબઈ આવ્યા પછી બે વર્ષે મરહુમ શેઠ ફરામજી ... હતી. તેની

• સ૦

### તા૦ ૨૭ મી માર્ચ.

રોજ ૨૪ માહ ૬ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—દેસાઈ નવરોજજી મનચેરજી—(ઉમર વર્ષ ૫૯) નવસારી વાળા દેસાઈ મનચેરજી ખુરશેદજી બીજા દીકરા. એવણ પોતાના બાપના વખતમા ગા... કવાડી સરકાર તરફથી પરગણે ગણદેવી, કોશ, અનાવે...

૧૮૦૪) સગણ તે પોતાના ઘરમા રાખી હતી, પણ તે પ... તે ખોવાઇ ગઇ અને હાથ લાગતી નથી બીજી ના... મે નામદાર ગવરનર દંકન સાથે તરજુમો કરવા માટ... આગમજ સર જાન માલ્કમને વાસ્તે ઊતરાવી હ... હુ એમ ધારૂ છું કે તમારા ચરચા પત્રીને કોઈ નાવા... સખસે **દબેસતાંનને** બદલે **દસાતીર** કેતાબ વિષે એ... સમજાવ્યુ હશે ઈરાન તથા હિંદુસ્થાનમા કદાચ દસાત... ની બીજી નકલો હોય તે હું ના પાડી શકતો નથી, પ... મારા સાંભળવામા તે વિષે કસુ આવ્યુ નથી તો... આટલુ તો જણાવવુ જોઈએ કે અગર સુરતમા દસાત... કેતાબની આઠ દશ નકલો હોય તો તે વિષે ગમેતો ના... પણ શુ નામદાર મી૦ દંકનનેથી ખબર પડે નહિ? ... સાથે અગર જીવણજીના હાથમા એક નકલ આવી હોય તે તેની આટલીબધી નકલો ઊતારવા દે નહિ, કો... દેશીઓમા એવી રીતની ચાલ નથી" આ ઊતરથી વ... તા૦ ૨૮ મી આપરેલ ૧૮૧૯ ના "બોમ્બે ગેઝેટ" "વીનડેકસ" ની સહીના એક ચરચા પત્રી સુરતથી લ... જણાવેછે કે "દસાતીર કેતાબની એક અસલ નકલ સુરત શેહરમા એક પારસી ગ્રહસ્થ પાસેથી મેળવીછે જેના કુટુંબમા તે આસરે છેલા પચીસ વર્ષ થયાં મોજુદ... આ એ નકલ મુંબઈની લીટરરી સોસાઇટી (અતરે રાયલ એશીયાટીક સોસાઈટીની માતા) નાં પુસ્તક... નામા ભેટ મોકલવામા આવશે કે જેથી આ એ બાબત... તકરારમા જેઓ ભાગ લેછે તેમની ખાતરી માટે" મુજબ ઊપલી દસાતીરની નકલ સુરતથી અતરે મોક... વામા આવી હતી, અને આજનાજ ગેઝેટમા નીચે મુજ... તેની પોહચ પણ કબુલ કરવામા આવી હતી—

We are requested to mention that the mar script copy of the Desatir alluded to in the above lett has been received by the Secretary to the Liter: Society, and deposited in their Library"

ઊપલી પોહચ છપાયા પછી તા૦ ૧૨ મી મે ૧૮૧૯ નાં "ગેઝેટ" મા પાછુ મુલ્લાં ફીરોજજીએ ક... પત્ર લખી તેમા કબુલ કીધુ હતુ કે "એ ઊપરથી જ... એછે કે દસાતીરની મારી પાસેની નકલ ઊપરાંત તે... બીજી નકલછે, અને હિંદુસ્થાનના બીજા ભાગોમા ક... હજુ તેની બીજી નકલો હશે મે એમ નથી ક... અથવા દાવો કીધો કે એની બીજી નકલો મુદલ કેડે ના... ફકત તે મારા જાણવામા આવી નથી વળી જ્ય... આપણ આ એ દેશમા દસ્તાવેજો તથા ચોપડીઓ કે... રીતે સતાડી રાખવામા આવેછે, તથા તેની નકલો લેવ... કેવી રીતની અઘડી પડેછે તે વિચારે છે પે, ત્યારે મને કેવ... હીમત પૂરેછે કે અગર મારી દસાતીર કેતાબ છપાઈ નહિ.

વગેરે માહલોમા મામનતદારીનો ઓહદો ચનાવતા હતા.[૧] ઈ. સ. ૧૮૦૧ મા ઇંગ્રેજ સરકારે સુરત લીધા પછી ત્યાનાં ચોરાસી વગેરે પરગણાઓમા એઓએ જુદે જુદે વખતે ઇંગ્રેજોની તરફથી મામલતદારી કીધી હતી. તે પછી ઈ. સ. ૧૮૧૦ મા બાપના મરણ બાદ પોતાના ભાઇઓની સાથે તેમનાં દેસાઈગીરીનો વહીવટ ચલાવતા હતા. ઇ.સ. ૧૮૧૧ મા એવણને ગાયકવાડ સરકાર તરફથી પાલખીમા બેસી ફરવાનો એક પરવાનો આપવામાં આવ્યો હતો, અને તે માટે દર વર્ષે રૂ. ૧૦૦૦) નો લવાજમો પણ વરશપરપરા બાંધી આપ્યો હતો, જે સાંભળયા પ્રમાણે આજ સુધી એઓના વારેસોને મલેછે. એવણે નવસારીમા કેટલાક ધર્મના કામો કે જે પોતે કરતા હતા, તે પોતાની પાછળ ચાલુ રાખવાને માટે "કાકડીઆ" નામનો વછીઓ એનાહેદો કાઢી રાખ્યો હતો.

### તા૦ ૨૦ મી આપરેલ.

આજ દીને અતરે સ્થાપેલી "સેનટરલ નેટીવ સ્કુલ" ના છોકરાઓની પેહલા વર્ષની પરીક્ષા લેવામા આવી હતી. તે પેળાએ મુંબઇનો વડો આરચડીકન, તથા ઘણાક યુરોપીઅનો, તેમજ શેઠ જમશેદજી બહમનજી વાડીઆ, મુલ્લા ફીરોજ બીન કાઉસ, વગેરે ઘણાક દેસીઓભી હાજર થયા હતા. છોકરાઓએ આપેલા જવાબો તથા તેઓએ આ નિશાલ સ્થાપ્યા પછીના આટલા ટુંક વખતમા કરેલા અભીઆસથી સભાજનો ઘણાં ખુશી થયા હતા, અને તેમને ઈનામો આપી સભા બરખાસ્ત થઈ હતી.[૨]

### તા૦ ૧૫ મી જુન.

મુંબઇની સરકારની નોકરી મહિલા ફરસટ લફટનટ કપટાન ડબલ્યુ. આનડરસને ગઈ કાલ દીને અતરેની ગોદીના વડા માસટર બીલડર શેઠ જમશેદજી બહમનજી વાડીઆ ઉપર એક પત્ર લખી તેમનો ઉપકાર માન્યો હતો કે વાહણ બાંધવાના હુનરની તેમની (શેઠ જમશેદજીની) ચતુરાઇને લીધે તેનો (કપટાન આનડરસનનો) અને તેની સાથવાલા નામદાર સરકારના વાહણ "સાનસેટ" ના બાકીના કાફલાનો જાન જતો બચ્યોછે. સબબ ઈ૦ સ૦ ૧૮૦૮–૯ ના શીયાલામા બાલટીક સમુદ્ર મધે બરફના ટેકડાથી તેની સાથના બીજા પાચ નાહના લડાઇને લગતાં, તથા બાર બ્યાપારને લગતા [illegible] અનાર પોતે બાહેરના કાફલા સાથે ઉંધા વળી ગયા હતા, પણ ફક્ત એજ "સાનસેટ" [illegible] કારીગરીથી બાંધેલી હોવાથી બચી ગઈ હતી. આની યાદદાસ્ત તરીકે કપટાન આનડરસને આ પત્ર સાથે એવણ ઉપર એક કીમતી ઘડીઆલ[૩] ભેટ મોકલ્યુ હતુ.

આ પત્રનો જવાબ આજ દીને શેઠ જમશેદજીએ

---

તો "વીનડીકેશે" જે નકલ અતરે (લીટરરી શોશાઇટીપર) મોકલીછે, તે આજસુધી આપણા જોવામા આવતે નહિ . . . . . . . અને આએ સારીપેઠે જાણીતુ છે કે હુ ઇંગ્રેજી ભાષાથી નાવાકેફછુ, તેથી બોલ્લુ છે કે પઢેલા માણસો સાથે આએ ભાષામા કાબેલીઅતના મેદાનમા લડવાના મારી પાસે હથિયારો નહિ હોવાથી મને મોટો ગેરફાએદોછે, તેટલા માટે હવેપછી મારી સાથની આએ તકરારના પત્રો ફારસી ભાષામા લખી બનેતો તેના ઇંગ્રેજી તરજુમા છપાવશેતો મારી ઉપર ઉપકાર થશે"

એ પ્રમાણેના વિચાર ઉપલા પત્રમા છપાયા પછી વળી પાછી એ ઉપલી સુરતથી આવેલી કેતાબને બારીકીથી તપાસી મુલા ફીરોજજીએ એ તકરારને લગતુ પોતાનુ છેલ્લુ ચરચા પત્ર કે જે તા૦ ૧૫ મી જાનેવારી ૧૮૨૦ ના "બોમ્બે કુરીઅર" મા છપાવ્યુ હતુ, તેના છેલ્લા ભાગમા ભાર મુકીને જણાવેછે કે "અને આએ મારો તરજુમો છપાયા આગમજ અગર મુંબઇ અથવા સુરતમા તેની નકલ કેઠે હોય તો તેભી આએ મારા બાપની ઇરાનથી લાવેલી નકલ ઉપરથીજછે સબબ એની એક નકલ મે આજથી ૩૬ વર્ષની વાત ઉપર મરહુમ શેઠ ફરામજી માણેકજી વાડીઆને આપી હતી, અને તેવણ પાસથી તે નકલ ગોરાઇ ગઈ હતી (જારથી મેસે કોઇ દસ્તુરથી) અને તે ઉપરથી કદાચ બીજી નકલો થઈ મુંબઇ યા સુરતમા ફેલાઇ હોય, પણ હુ ખાતરીથી કહુછુ કે તેના અતરે હિંદુસ્થાનમા લાવનાર તો અમો બાપ બેટાજ છઇએ, અને આએ મારો તરજુમો છપાયા આગમજ કદીઓ લગાણ કેઠેબી એ કેતાબ હતી નહિ"

સારા ભાગ્યે મુલ્લા ફીરોજજીના બાવાની લાવેલી દસાતીરની અસલ નકલ અતરેના મુલ્લા ફીરોજ કેતાબખાનાંમા મોજુદછે, તેમજ ઉપલી સુરતથી "વીનડીકેશે" મોકલેલી નકલ પણ મુંબઇની રાયલ એશીઆટીક શોશાઇટીનાં પુસ્તકખાનામા સલામતછે. એ બધી નકલોને અમોએ શેઠ ખરશેદજી રૂસતમજી કામાજી તથા દસ્તુર એરચજી શોરાબજી મેહરજીરાણાની સાથે મળી મેળવી જોઇ હતી, અને તે ઉપરથી ઉલટુ મરહુમ મુલ્લા ફીરોજજીએ કીધેલુ અનુમાન ખરૂ પડેછે કે સુરતવાળી "વીનડીકેશ" ની નકલ પણ તેમના બાવાની લાવેલી મજકૂર કેતાબ ઉપરથીજ ઉતારેલીછે, સબબ અસલ કેતાબમા કેટલેક ઠેકાણે દસખતો ખરાઇ જઈ નેમાલુમ થયા હતા તે ઠેકાણાઓ ઉપર "વીનડીકેશ" વાળી નકલમા ખાલી જગા રાખ્યામા આવીછે

[૧] નવસારીના હાલના વડા દેસાઈ ખરશેદજી નવરોજજીના બાવા

[૨] બોમ્બે કુરીઅર, તા૦ ૨૪ મી આપરેલ ૧૮૧૯

[૩] આ ઘડીઆલ ઘણુ કીમતી અને અછી કારીગરીથી બનાવેલુ હતુ એને માટે એઓના એક વારસ શેઠ હોરાબજી નાનાભાઈ વાડીઆ અમોને કહેછે કે તે ઈ૦ સ૦ ૧૮૪૯ મા મરહુમ શેઠ નવરોજજી વાડીઆના ઘરમા લાગેલી મોટી આગમા બળી ગયુ હતુ.

મોકલ્યો તેમા જણાવ્યુ હતું કે મજકૂર "સાલસેટ" આપણી ગોદીમાં લડાઈ ખાતાના બાધવા માંડેલાં બારકશોમા પેહલ વેહલી એક નાહની ફ્રોગેટ હતી, અને તે આવી રીતે બાલટીક સમુદ્ર માહેલા બરફથી ખંચી ગઈ એવું જયારે તમો જેવા અમલદારથી મે સાંભળ્યું ત્યારે મને તેથી ઘણી ખુશી, હરખ, તથા સંતોષ ઉપજયોછે."[૧]

---

તા૦ ૨૪ મી જુન.

રોજ ૨૩ માહ ૯ (શે૦) ૧૧૮૮ યજદજરદી

મરણ—બેહમનજી શોરાબજી કપાવાલા—ઉમર વર્ષ ૭૦) એવણ મુંબઈ મધે પોતાના ભાઇઓ શેઠ દાદાભાઈ તથા શાપુરજીની સાથે મળી "શાપુરજી શોરાબજી કપાવાલા" ના નામથી વાહણોને માટે મોટી કપીઓ બનાવવાનો ધંધો તથા બીજો પરચુરણ બ્યાપાર કરતા હતા. એવણે પોતાનાં જન્મ વતન ઉમરામા એક દરે-મેહર બધાવી સે તા૦ ૨૪ મી જુન ૧૮૧૬ ને દીને પરકાવી હતી.

---

તા૦ ૩ જી જુલાઈ.

મુલ્લાં ફીરોજ બીન કાઉશના "દસાતીર" કેતાબના ઇંગ્રેજી તરજુમા ઉપરથી વળી આગ્રે વર્ષે હિંદુસ્થાન માહેના ઘણાક ઇંગ્રેજ વિદ્યાર્થીઓએ એક બીજી તકરાર ઉઠાવી હતી કે એ પુસ્તક તથા તેની ભાષા ઈરાન કીંવા હિંદુસ્થાનના હાલના કોઈ દસ્તૂર અથવા મોબેદે બનાવટથી હુભી કીધીછે. આવી મતલબનુ એક તોહમત તા૦ ૧૪ મી જાનેવારી ૧૮૧૯ નાં કલકતા ગવરમેંટ ગેઝેટમા ખોલ્લી રીતે મુલ્લાં ફીરોજજીની સામે મુકવામાં આવ્યુ હતુ. તેનો આજ દીને તેવણે "બોમ્બે કુરીઅર" મા બારીક ટાઈપથી ભરેલી સાત કૉલમમા જવાબ આપ્યો હતો. તેમા તેવણે બતાવી આપ્યુ હતુ કે દસાતીર કેતાબ કાંઈ આજ કાલની બનેલી નથી. તેને વાસ્તે પ્રાચીન તથા અર્વાચીન કાળના ... મા ... કુલ ... છપાવ્યો હતો તેમા તેવણે ... લખ્યુ હતુ કે "મજકૂર પત્રમા ... આધારનીછે, ... ગયાછે, અને અગર કોઈ પણ ઘણી ... તેની અગાઉના વખતની હેયાતી ખોટી પાડી આપે તો હું જે રૂ ૮૦૦૦) ની રકમ એ પુસ્તકથી કમાયોછું તે મોટી ખુશીથી પાછી આપી દઉં."[૨]

---

તા૦ ૨૬ મી જુલાઈ.

રોજ ૨૫ માહ ૧૦ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

આજ દીને સુરત મધે નાહનપરામા મરહુમ શેઠ કાવશજી રૂસ્તમજી તમનાની નાઇએતે તેવણના ભાણેજ શેઠ પાલણજી કાનજી અહુગરે જરથોસ્તીઓને સગ અવસરે વાપરવાને માટે એક મોટી ધર્મશાળા બધાવી ખોલ્લી મુકી હતી.[૩]

---

૨ એ પછીથી ઘણાક હુમલાઓ એ કેતાબની સામે કલકતાના પત્રોમાં છપાયા કીધા હતા. ત્યારબાદ એ કેતાબના બચાવમા તા૦ ૧ લી જાનેવારી ૧૮૨૦ ને દીનેના "બોમ્બે કુરીઅર" મા "હોસેન" ની સહીના એક મુસલમાન ચરચા પત્રીએ ત્રણ કાલમ બારીક ટાઈપથી ભરેલી બીનાનુ એક પત્ર છપાવ્યુ હતુ તેનો સાર એ હતો કે "મે દસાતીર કેતાબ તથા તેનો તરજુમો ઘણી બારીકીથી વાચ્યોછે, અને તેની અસલ ભાષાની સરાઇ, તથા માયાકુલ વિચારો ઊપરથી કોઇબી ફારસી ચોપડી એ મારતમા આજના વખતમા તો શું પણ આજથી બે ત્રણ સદી અગાઊની એવી હયથી લખાઇ હોય એવુ તેની જાણમા નથી એ કેતાબ ઘણા આગળા વખતમા લખાયલી હોવી જોઇએ" એ પછી મુલ્લાં ફીરોજજીએ એક સેવટનુ ચરચા પત્ર તા૦ ૧૫ મી જાનેવારી ૧૮૨૦ ના "કુરીઅર" મા બારીક બીબાંથી ભરેલી ચાર કાલમનું છપાવ્યુ હતુ. તેમા લખ્યુ હતુ કે "મે તમોને છેલો પત્ર લખ્યા પછી મારી દસાતીરની કેતાબની સામે કલકતાના પત્રોમાં ઘણા જોસથી હુમલાઓ થયાછે, પણ તે સઘળાના જવાબો આપવાને હુ એવા વિચારથી થોભયો કે મારી સામે જેટલા વધારે હુમલા થાય તેટલાનો અવાજ તથા સંખ્યા જોઇને પછી એકદમ જવાબ વાળું. આ મૂજબ મારી ઊપર થએલા બધા ટીકાઓનો હુ આ એકજ પત્રમા જવાબ આપુછુ, કાએકે બધાઓની તકરાર બસ એટલીજછે કે એ કેતાબ કાઇ અસલના વખતની નથી, પણ બનાવટથી હુભી કરેલીછે" આ તકરારનો લંબાણથી જવાબ વાળી એવણ સેવટે બતાવી આપેછે કે દસાતીર કેતાબ કાઇ આજ કાલના વખતની નથી, પણ માહબાબાદના ... વખતની લખાયલીછે આ સઘળી દીઆનત ... ૧૮૨૦ ના ફેબરવારી માસના તકરારો પરથી ઇ... "એશીઆટીક જરનલ" મા એ કેતાબને બનાવટની એક લખાણ "આરટી-ચોપડી તરીકેના તોહમતમાથી ... કલ" લખી મોકલી કીધી હતી, અને તે આરટીકલમાના થોડાક ફકરા તા૦ ૧૦ મી જુલાઇ ૧૮૨૦ ના "બોમ્બે કુરીઅર" મા "ટી બી" ની સહીના એક ચરચા પત્રીએ મોકલી છપાવ્યા હતા

૩ સુરતવાલા ડાકટર માણેકજી બરજોરજીની જણ મુજબ એ ધર્મશાલા મરહુમ શેઠ કાવશજી તમનાની છમ... સીને દાકડે ખોલી મુકી હતી એ મકાનમા અસલમા

### તા૦ ૧૩ મી આગસટ.

### રોજ ૧૩ માહ ૧૧ (શે૦) ૧૧૮૮ યજદજરદી.

**મરણ**—દસ્તૂર નવરોજજી રૂસતમજી સંજાણા[૨]—ઉમર વર્ષ ૭૬) સુરતવાના દસ્તૂર રૂસતમજી બેહરામજી સંજાણાના વડા દીકરા. એવણ પોતાના વખતમા જંદ તથા પેહલવી ભાષાઓમા ખબરદાર ગણાતા હતા, તથા આફરીનો અને પાચ ઘેહોનો ફારસીમા તરજુમો, તેમજ હાદોખ્ત નુસ્ક મધેના અવસ્તા તથા તેની દસ્તૂર આદરબાદ મેહરેસ્પંદે કીધેલી પાજંદ શરેહોનો એવણના બાપે કરેલા ફારસી તરજુમા ઉપરથી ગુજરાતી ભાષામા તરજુમો કીધો હતો.

---

### તા૦ ૫ મી અકટોબર.

આજ દીને દસ્તૂર એદલજી દારાબજી જામાસપ આશાનાએ પેહલવી ખુરદેહશનેનો ગુજરાતી ભાષામા તરજુમો કરી મોબેદ ફરદુનજી મરજબાનજીના છાપાખાનામા છપાવી બાહેર પાડયો હતો.[૨] એ તરજુમો તેના દીબાચામાં જણાવ્યા મુજબ દસ્તૂરજીએ અસલ પેહલવી ખુરદેહશનેની એક નકલ ઈરાન મધે યજદજરદી ૭૭૬ (ઈ૦ સ૦ ૧૪૦૭) ના સાલમા મોબેદ રૂસ્તમ મેહરવાન મરજબાન શેહરીયારને હાથની લખેલી, તથા બીજી એક નકલ નવસારી મધે યજદજરદી ૧૧૩૯ (ઈ૦ સ૦ ૧૭૭૦) ના સાલમા દસ્તૂર જમશેદજી જામાસપજી આશાનાને હાથની લખેલી હતી તે બધે ઉપરથી મેલવીને કર્યો હતો

---

### તા૦ ૨૫ મી અકટોબર

### રોજ ૨૧ માહ ૧ (શે૦) ૧૧૮૯ યજદજરદી

**મરણ**—પટેલ ફરામદાર જીવણજી દાજીના—ઉમર વર્ષ ૮૦) પટેલ કાવશજી બમાજીના વડા દીકરા[૩] એવણ અતરેના ઘણાક નામીચા ખાનદાનોમા અસલથી પટેલ હતા, તેમજ આગલા વખતની અતરેની પારસી પંચાતના એક અકાબર ડેના હતા

---

### તા૦ ૪ થી નોવેમબર.

આજ દીને મુંબઈની શમસ્ત પારસી અંજુમન શેઠ દાદીભાઈ નોશરવાનજીના આદરાનમા મલી હતી તે વેળાએ "બદેઓદા" ની ચડી કરી કોઈ જરથોશતીએ પંચાત ઉપર મોકલેલી એક અરજી વાચવામા આવી હતી તેમા લખ્યુ હતુ કે "આપણા ટોળાના કેટલાક મરદો તથા ઓરતો ઘણાક ગુનાહ ભરેલા કામો કરેછે, અને અગર તેઓને વખતસર સજા નહી કરવામા આવેતો તેઓના પાપનો બોજો પંચાતના વડાને સરછે . જ્યારે આ બાબદ ઉપર વીચાર કરવા પંચાત મલશે ત્યારે જે બાબદ હુ જાણુ છુ તે પંચાતને જાહેર કરશ" આથી ઉપલા ઘણીને મજલેસમા આ પ્રમાણે પોકારવામા આવ્યો કે "આએ અરજીમાની બાબદ વીશે જે કોઈ ધણી કાંઈ જાણતો હોય તેણે આવીને પુરવાર કરી આપવુ" આનો કોઇએ જવાબ નહિ આપ્યાથી પંચાતે ઠેરાવ્યુ કે જ્યારે આએ અરજી લખનાર પોતે બાહેર આવી તે સાબેત નથી કરી આપતો ત્યારે તેમા લખેલી બીનાનુ પાપ તેને સરછે. તોપણ પંચાતની ખાતરીછે કે તેમા લખેલી બાબદો કેટલેક દરજજે ખરીછે માટે એવુ ઠેરાવ્યુ કે ગામમો નશેઆલાર ફેરવી સર્વે જરથોશ્તીઓને જાહેર કરવુ કે કોઈબી ઓરતે સવારના સુરજ ઉગયા આગમજ અને સાજના તે આથમયા પછી બાહેર કાંઈબી કામસર નીકલવુ નહિ. અગર અગતસર નીકલવુ પડેતો કોઈ ખાતરીના માણસ સાથે જવુ, તથા રસ્તામા સાથે ફાનુસ

---

ફક્ત પૂર્વ તથા પશ્ચિમે બે સામસામી ઓટલાઓ હતા, પણ બાજે વખત તે નાહનપરાના જરથોશતીઓને સર અવસરે પુરા નહિ પડી શકવાથી એ બધે ઓટલાઓની વચેના ભિતર દવાના ગાળાપર સુરતવાલા મરહુમ શેઠ મેહરવાનજી હોરમજજી ફરેજરે એક બીજો નવો ઓટલો બધાવી તે તા૦ ૭ મી આગસટ ૧૮૪૫ ને દીને ત્યાની અંજુમનને સપુરદ કીધો હતો, તથા એજ દીને એ ધરમશાલાના અસલ બધાવનાર શેઠ પાલણજી અડુગરના દીકરા મરહુમ શેઠ બેજનજી પાલણજી કોટવાલે એ મકાનને લગતા અસલ ખત પત્રો વગેરે પોતાના સ્વાધીનમાથી પંચાતના સ્વાધીનમા આપ્યા હતા

૨ મુંબઈવાળા મરહુમ દસ્તૂર એદલજી દારાબજી સંજાણાના કાકા, તથા દસ્તૂર પેશોતનજી બેહરામજી સંજાણાના બાપના બાપાવા

૨ "ખુરદેહશનેનો તરજુમો, પેહલવી જુબાન મધેથી ગુજરાતી જુબાનમો કીધોછે, માજદીઅશની દીનના લોકોને વાચવાને સારૂ એ કેતાબ શ્રી મુંબઈ મધે કમતરીન મોબેદ ફરદુનજી મોબેદ મરજબાનજીના કારખાનામો છપાઇછે તા૦ ૫ મી અકટોબર શને ૧૮૧૯ અંગરેજી"

એ કેતાબનો તરજુમો કરનારનુ નામ "ટાઈટલ પેજ" ઉપર નથી, પણ દીબાચામા આ પ્રમાણે લખેછે

"કમતરીન બાકશાર એરવદ એદલ બીન દસતુર દારાબ બીન દસતુર જમશેદ બીન દસતુર જામાશપ આશા નોશારીના રેહનારાએ એ કીતાબ શ્રી મુંબઈ મધે શને એજદેજરદી (૧૧૮૫) ના શાલથી પેહેલવી કીતાબથી તરજુમો ગુજરાતીમાહા શરૂ કરવા માંડેઓ હતો તે શને એજદેજરદી (૧૧૮૯) મા તમામ થાએઓછે તમામ માજદીઅશની દીનના શાહેમોને રોશન કરવાને વાશતે બનાવીછે"

૩ એવણ પોતાના વડા ભાઈ આ૦ જીવણજી કાવશજીના પાલક થવાથી ફરામજી જીવણજી કરી લખાતા હતા

ગમ્મતુ. તેમજ નશેશાલારોને કોટના દરવાજા આગલ તથા બીજી જગાપર ફરતા રાખવા કે ઉપલા હોકમથી કોઈબી ઓરત ઉલટી આલે તેને નશાખાંનામા લાવી રાખવી. વળી કોઈબી ઓરતે મામાદેવી, ભુલેશવર, માહલક્ષમી, વાલકેસર, અથવા બીજા કોઈબી હિંદુનાં દેહડામા માનતા કરવાને જવુ નહિ, તથા હોલી બાળવાની ક્રિયામા પોતે અથવા પોતાના છોકરાઓને શામેલ કરવા નહિ. તેમજ કોઈબી ઓરતે મામાઅરજાની, તથા મેહમ અને બાવા બાઆમલ્લાની મુસલમાનોની દરગાહમા જવુ નહિ, તથા તાબુતની માનતા કરવી નહિ. તેમજ છડી, ગડેલ, હજ-રત, વીગેરે હિંદુ તથા મુસલમાનોની માનતાઓ કરવી નહિ. અગર કાંઈ માનતા કરવી પડેતો જરથોસ્તી ધર્મને લગતી ક્રિયાઓ કરવી. વળી કેટલીક ઓરતો પોતે તથા પોતાના ધણી અને છોકરાઓને દોરા, ચીઠી, માદલીઆ, ઈત્યાદિ બ્રાહમણો પાસેથી લઈ પેહરાવેછે, માટે હવેથી કોઈબી ઓરતે બ્રાહમણ, સેવરા, તથા જોશીઓને ઘેર જવુ નહિ. અગર ઉપલા બંદોબસ્તોથી જેઓ ઉલટા ચાલશે તેઓને પસ્ચાત જાહેરમા શિક્ષા કરશે.

આની હેઠલ સઘળા અકાબરોની આગલની માફક સહીઓ કીધેલીછે.[૧]

---

તા૦ ૧૫ મી નવેમબર.

આજ દીને મુંબઈના દેશી રેહવાસીઓએ અત રેના "મેયર" તથા "આકટીંગ રીકારડર" મી૦ જે. એ. પોપને તેને વતન સીધારતી વેળાએ તેની દેશીઓ તરફની દીલસોજી તથા અપક્ષપાત ઈનસાફને માટે એક માન પત્ર આપ્યુ હતું. આ માનપત્રપર નીચલા પારસીઓની સહીઓ હતી.[૨]

Jamsetjee Bomanjee (વાડીઆ),
Hormasjee Bomanjee (વાડીઆ).
હોરમજજી દોરાબજી (લશકરી.)
H[illegible] (બનાજી.)
Framjee Cowasjee (બનાજી).
Jehangir Nasserwa[illegible] (વાડીઆ)
Jamsetjee Jejeebhoy
નશરવાનજી રૂસતમજી [illegible]આ.
કુવરજી રતનજી જવાવ[illegible]
Burjorjee Nanabhoy (દાવ[illegible]
ભીખાજી મેહરજીની કંપની.
એદલજી ખરશેદજી (બાબચરર.)
Dhunjeeshaw Ruttonjee (કપટાન)
Dinshaw, Nowrojee, (દીનશા દાદાભાઈ અને નવરોજજી ઉનવાળ)
Cursetjee Manackjee (સરાફ).
Jehangir Framjee Nanabhoy (દાવર).
H Bhicajee (મેહેરજી).
ડોસાભાઈ કુવરજી (બનાજી.)
ફરદુનજી મરજબાનજી.
Merwanjee Nowrojee M (જુને ફરાસીઆ)
Cursetjee Ardaseer (વાડી)
Sorabjee Cowasjee Patell
Ruttonjee Bomanjee (વાડીઆ)
Merwanjee Manackjee (મેહતા)
કાવસજી માણેકજી (આશબરનર.)
Cursetjee Cowasjee (બનાજી).
Furdoonjee Lamjee (પાંડે)
પેશતનજી ભીખાજી (પાંડે.)
D Cowasjee Manackjee (શામેર).
હોરમજજી નવરોજજી (નાળીએરવાલા.)
Framjee Bomanjee (સરાફ).
Framjee Hirjee (લાહેર)
પારસી ખુરશેદજી બેહેરામજી ગામડીઆ.
પારસી ફરામજી મનચેરજી કામાજી.
કુવરજી ભીખાજી (વીરા જોગીના).
Cursetjee, Sorabjee (ખરશેદજી ફરામજી વાડીઆ અને શોરાબજી વાછાગાંધી.)
દાદાભાઈ મેહરવાંનજી (મુગાના.)
Dadabhoy Jejeebhoy
માણેકજી કુવરજી (કલવેકર).
પારસી નવરોજજી ખરશેદજી.
બરજોરજી રતનજી (ઈસપીશરના.)
Bomanjee Hormasjee
પેશતનજી કાવસજી (નાળીએરવાલા.)
Cursetjee Rustomjee (વાડીઆ).
કુવરજી દાદાભાઈ (બનાજી.)
Byramjee Framjee (વાડીઆ)
Dossabhai Cursetjee (વાડીઆ),
ખરશેદજી જામાજી.
Dadabhoy Jeevajee (ગાંધી)
Framjee Ruttonjee (મુસ).
Muncherjee Furdoonjee (વજીફદાર).

---

[૧] આ બંદોબસ્તોની નોંધ મુંબઈની આગલી ન્યાતના કારોબારની એક અસલ ચોપડી જે શેઠ ખરશેદજી સરાફ પાસે મોજુદછે
[૨] તા૦ ૨૦ મી નવેમબર ૧૮૧૯

* જેઓના નામો ઈંગ્રેજીમાછે તેઓએ ઈંગ્રેજીમા અને ગુજરાતીમાછે તેઓએ ગુજરાતીમા પોતાની સહીઓ કીધીછે.

તા૦ ૨૦ મી ડીસેમબર.

રોજ ૧૭ માહ ૩ (શે૦) ૧૧૮૯ યજદજરદી.

**મરણ—નશરવાનજી૦ કાવસજી પીટી**[1]—ઉમર વર્ષ ૫૦) એવણ ઈ૦ સ૦ ૧૭૮૫ માં સુરતથી મુંબાઈ આવ્યા હતા, અને અતરે આવતા વ્યાપારીઓનાં વાહણોના દુબાસનુ કામ કરવા માંડયું હતુ. એ પછી ઈ૦ સ૦ ૧૮૦૪ થી વાહણોના નોલની દલાલી તથા નેહાવ પુરો પાડવાનુ કામ કરતા હતા. ઈ૦ સ૦ ૧૮૧૦ મા એવણના બીજી-વારના સસરા શેઠ જમશેદજી કુકાજી મજાઈના કલકતામા મરણ પામવાથી તેમની અથકેઆમતનો કબજો લેવા માટે એવણ ત્યા ગયા હતા, અને ત્યાંથી ડોઢ વર્ષમા પાંછા આવી કલકતા સાથનો વ્યાપાર કરવા માંડયો હતો. પાછ-લથી એમને વ્યાપારમા મોટુ નુકસાન ગયું હતું.

આએ વર્ષમાં વલસાડ મધે શેઠ હોરમજજી ભીખાજી ચીનાઇએ એક દરેમેહેર બંધાવી પરઠાવી હતી.[2]

# ઈ૦ સ૦ ૧૮૨૦.

આએ વર્ષના "બોમ્બે કાલેનડર"[3] મા પારસીઓને લગતી નીચલી ખીના આવેલી હતી.—

### પારસી વાહણવતીઓ.

| વાહણનું નામ. | માલેક. | ટણ. |
|---|---|---|
| અશીયા . | હોરમજજી ભીખાજી ચીનાઈ . . | ૪૦૨ |
| ગુડ સકસેસ | . જમશેદજી જીજીભાઈ . . .. | ૫૪૫ |
| ગીની (ભોગ) | જમશેદજી જીજીભાઈ . . | ૭૯ |
| જાન બાનરમેન | , વીરજલાલ, હોરમજજી (નવરોજજી નાળીએરવાળા) ની કંપની . | ૭૫૪ |
| બીલફોરડ | દાદાભાઈ પેશતનજી વાડીઆ અને કપ-ટાન પેલી . . .. | ૬૫૫ |
| ફરામ્જી(ભોગ) | હોરમજજી બહમનજી વાડીઆ . | ૧૫૩ |
| શાહ બેહેરામગોર | જમશેદજી જીજીભાઈ . . .. . | ૭૫૧ |
| શાહ બેહેરામગોર (ભોગ) | સોરાબજી ફરામજી વાડીઆ . , | ૧૦૧ |
| સુલેમાની. | ફરામજી કાવસજી બનાજી . | ૬૦૯ |
| અપરણ કાસલ | ખરશેદજી અને જેહાંગીર આરદેસર દાદી | ૫૬૧ |

### ઈનસુરનસ સોસાઈટીના પારસી ભાગીદારો.

જમશેદજી નાનાભાઈ ગજધર . . . . ૧
ફરામજી કાવસજી બનાજી . . . . . ૧
હોરમજજી દોરાબજી સથકડી . . , ૧
જાહાંગીરજી આરદેસર દાદી . . . . . . ૧
ખરશેદજી આરદેસર દાદી . . . . ૧
હોરમજજી બહમનજી વાડીઆ . . . ૪
પેશતનજી ભીખાજી પાંડે . . . . . . . . ૧
ખરશેદજી માણેકજી સરાફ . . . . . . . ૧
જમશેદજી બહમનજી વાડીઆ . . . . . ૨
સોરાબજી કાવસજી પટેલ . . . . . . . ૧
કેખશરૂ સોરાબજી રેડીમની . . . . . ૧
ફરદુનજી લીમજી પાંડે . . . . . . . . ૧
રતનજી બહમનજી વાડીઆ . . . . ૧
ફરામજી નાનાભાઈ દાવર . . . . ૧
આરદેસર ફરામજી વાડીઆ . . . . ૧
જમશેદજી જીજીભાઈ . . . . . . ૨
નવરોજજી જમશેદજી વાડીઆ . . . ૨
હોરમજજી ભીખાજી ચીનાઈ . . . . . ૧
હોરમજજી નવરોજજી નાળીએરવાળા. . ૧

---

૧ મરહુમ શેઠ માણેકજી નશરવાનજી પીટીના બાવા કેહછે કે એવણનુ કદ ઘણુ ઠીંગણું હોવાથી જે વેળાએ દુબાસનુ કામ કરતા હતા તે વેળાએ વાહણોના અમ-લદારો એમને "પેટી પારસી" કરી બોલાવતા હતા, જે ઉપરથી સાધારણ રીતે પારસીઓમા પણ "પીટી" કરી ઓળખાવા લાગા હતા.

૩ The Bombay Calendar and Register for 1820 *Bombay, Printed for the Proprietors, by Joz Fras De Jesus*

૨ આ દરેમેહેરમા આતશ પરઠેલા ન હતા, પણ ફકત મોબેદાપરેગરીના કામ સારુ ઊભી કાઢેલા હતા. એ જગો અસલ દસ્તૂર જામાસ્પ બાઇજીના વખતથીજ દરેમેહેર તરીકે હતી એ પછી તે મકાન પુરાણુ થવાથી આએ વર્ષમા શેઠ હોરમજજી (કે જેઓ પણ દસ્તૂર જામા-સ્પ બાઇજીના વંશનાજ હતા) એ રૂ.૨૭૨૦॥ ખરચી તે નવેસરથી પાછી બંધાવી હતી, અને તેમા ચેરાગ, વગેરેનો ખરચ તેવણ પોતાની હેયાતી સુધી પુરો પાડતા હતા આ માટે એવણે પોતાનુ છેલ્લુ વશીઅતનામું કે જે તા૦ ૨ જી મેએ ૧૮૪૦ ને દીને કીધુ હતુ, તેની ૯ મી કલમમા નીચે મુજબ લખ્યુ હતું:—

" . . . . . . . . . . તથા દરેમેહેર એક વલસાડ-માહે તે પણ હમે બાંધીછે પણ એ મધે આતશ આદ-રાન નથી, ફકત રોજ ચેરાગ રાતના મુકેછે તેના વરશના ખરચના દર સાલ હમો આપીએછે . . . . . . . "

એ પછી મરહુમ શેઠ હોરમજજીના મરણબાદ તેમની નઈઅેતે તેમના વારેસો શેઠો ખરશેદજી તથા જા-હાંગીરજી હોરમજજી ચીનાઇએ તા૦ ૧૯ મી મારચ ૧૮૪૭ ને દીને પોતાને ખરચે એ દરેમેહેરમા આતશ દાદગાહ તખ્તનશીન કરાવ્યા હતા.

માણેકજી શોરાબજી પારખ....... ૧
ધનજીભાઈ નશરવાનજી બનાજી ... ૧

*ઃ* આ મંડળીના ૧૦૦ શેરો હતા. તેમાં ૬૨ યુરોપીઅનોના, ૨૭ પારસીઓના, ૭ હિંદુઓના, ૩ ફીરંગીઓના અને ૧ મુસલમાનનો હતો.

દરેક શેરની કીમત રૂ૧૫૦૦૦) પંદરહજારની હતી.

**પારસી વ્યાપારીઓ.**

પેશતનજી બહેમનજી હા૦ દાદાભાઈ પેશતનજી.
હોરમજજી બહેમનજી વાડીઆ.
ખરશેદજી અને જાગીરજી અરદેશર દાદી.
જમશેદજી જીજીભાઈ.
હોરમજજી દોરાબજી લશકરી.
હોરમજજી ભીખાજી ચીનાઈ.
ફરામજી કાવશજી બનાજી.
નવરોજજી કાવશજી નાળીએરવાલા.
જાગીરજી અને નવરોજજી નશરવાનજી વાડીઆ દાદી રૂસતમજી.

**પારસી દુકાનદારો તથા દારૂના વ્યાપારીઓ.**

ભીખાજી મેહરજીની કંપની.
ભીમજી ભીખાજીના છોકરાઓની કંપની
પેશતનજી ભીખાજીની કંપની.
દાદાભાઈ કાવશજી માણેકજી (શાહેર.)
નશરવાનજી. રૂસતમજી જશાવાલા.
પેશતનજી રૂસતમજી
બહેમનજી નશરવાનજી (કાસીનાથ).
કુવરજી રતનજી જશાવાલા.
ધનજીશાહ (રતનજી કપટાન) અને ફરામજી (જીવાજી ઢોંડી).
દીનશાહ (દાદાભાઈ) અને નવરોજજી (જીવાજી).

**ચીન જનાર આડતીઆ.**

ખરશેદજી ફરામજી વાડીઆ.

**પારસી શીપ ચાંનડલરો**

ફરામજી બહેમનજી (સરાફ.)
ખરશેદજી, શોરાબજી, (ખરશેદજી ફરામજી વાડીઆ અને શોરાબજી વાછાગાંધી.)

**પારસી લીલાંઉખાંનાંવાલા.**

ફરાર અને એદલજી, (ખરશેદજી બાબશટર)

**સરકારી ગોદીના માસટર બીલડરો.**

જમશેદજી બહેમનજી વાડીઆ.
નવરોજજી જમશેદજી વાડીઆ.
ખરશેદજી રૂસતમજી વાડીઆ.
બેહરામજી ફરામજી વાડીઆ.

**રીકારડર કોરટનો પારસી દુબાશીઓ.**

પેશતનજી એદલજી પાટક.

---

તા૦ ૨૧ મી જાનેવારી.

રોજ ૧૬ માહ ૪ (શે૦) ૧૧૮૯ યજદજરદી.

**મરણ**—બેજનજી માણેકજી કાબરા[૧]—ઉમર વર્ષ ૭૦) એવણ અતરે ગામડી દારૂનો તથા અરકનો રોજગાર શેઠ ખરશેદજી માણેકજી સરાફની મદદથી કરતા હતા. તે પછે પોતાનું દુકાન શેઠ નવરોજજી મોટાભાઈને વેચી ઈ૦ સ૦ ૧૮૦૪ થી શેઠ પેશતનજી બહેમનજી વાડીઆ તથા શેઠ ફરામજી નાનાભાઈ દાવરની પેહડીપર દાણા અને બીઆની દલાલી કરવા લાગા હતા. સુરતવાલા શેઠ ડાશાભાઈ રતનજી એ ટીના એવણ અતરે આડતીઆ હતા.

---

તા૦ ૨૮ મી જાનેવારી.

રોજ ૨૬ માહ ૪ (શે૦) ૧૧૮૯ યજદજરદી.

**મરણ**—દાદાભાઈ રતનજી એ ટી—ઉમર વર્ષ ૫૯) સુરતવાલા શેઠ રતનજી માણેકજી એ ટીના ત્રિજા દીકરા. એવણ પ્રથમમા પોતાના બાપનાં મોહલા વ્યાપાર વનજના કામોમા પડેલા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૦૪ માં બાપના મરણ બાદ બે ત્રણ વર્ષે ભાઈભાઈઓમા તેમના હકોને માટે મોટો કજીઓ ઉત્પન્ન થયો, અને તે માટે ખાનગી રીતે તેમજ સરકારમા લડયાથી સઘળાઓ મોટી નૂકશાનીમા આવી પડયા હતા.

---

તા૦ ૧૪ મી ફેબરવારી.

મુંબઈની "એડયુકેશન શોશાએટી" ની વાર્ષિક સભા આજ દીને મલી હતી, જે વેળાએ અતરેના ગવરનર ધી રાઇટ હાનરેબલ માઉન્ટ સ્ટુઅરટ એલફીનસટન સભાપતીની ખુરશીએ બીરાજયો હતો. ત્યા છોકરાઓની પરીક્ષા લઇ તેઓમાના દશ સઉથી હુશીયાર છોકરાઓને રૂપાના ચાંદો ઈનામમાં આપ્યા હતા. એઓમા

---

૧ શેઠ અરદેસર બહેમનજી કાકાના બપાવા, તથા શેઠ ફેખશરૂ નવરોજજી કાબરાજીના બાપના બપાવા એવણના બપાવા શેઠ ખરશેદજી ફરદુનજી કાબરા ઈ૦ સ૦ ૧૭૫૦ ને આશરે સુરતથી અતરે આવ્યા હતા, અને ઈ૦ સ૦ ૧૭૬૩ લગણ તેમનુ નામ અતરેના એક જાણીતા રેહવાસી તરીકે માલમ પડે છે તેમના એકજ દીકરા શેઠ માણેકજીનો રોજગાર પણ દારૂનોજ હતો

૬ ઇંગ્રેજ, ૧ આરમીનીયન, ૧ હિંદુ, અને નીચના ૨ પારસીના છોકરાઓ હતા:—[1]

મેહરવાનજી નશરવાનજી.

રૂસતમજી હોરમજજી.

---

તા० ૪ થી મારચ

આજના "બોમ્બે કુરીઅર" મા મુલ્લા ફીરોજ બીન કાઉસે એક મદેહનજર છપાવી હતી કે તેવણ આવતા જુન માસની ૧ લી તારીખથી "ધી બોમ્બે મનથલી મેગેઝીન"[2] નામનુ એક માસીક ચોપાનયું મુંબઈના ગવરનર તથા અતરેની "લીટરરી સોસાઇટી" ના પ્રેસીડંટ હાનરેબલ માઉનટ સ્ટુઅરટ એલફીનસટનના આસરા હેઠળ તથા એક જાણીતા કેનમકેરની મદદથી બાહેર પાડશે. એમા સઘળી રાજદ્વારી અને લોકઉપયોગી બાબદો, સરકારી જાહેરનામાઓ, હુકમો, પરદેશની ખબરો, લગન, જન્મ તથા મરણની નોંધો, અમનદારોની આવજાવ, તેમજ નીતિ, ફીલસુફી અને વિદ્યા હુનરની બાબદો, વારતાઓ, જન્મચરિત્રો, ગણિતના સવાલો, કવિતા અને બીજી ઘણીક પરચુરણ બાબદો અંગ્રેજી તથા ફારસી, આરબી તથા બીજી એશિઆખંડની ભાષાઓમા દાખલ કરવામા આવશે. તેનુ વાર્ષિક લવાજમ ૨૪૦), છુટક નકલના ૨૩॥.[3] ,

---

તા० ૯ મી જુન.

રોજ ૯ માહ ૯ (શે૦) ૧૧૮૯ યજદજરદી.

આજ દીને તારાપોર ગામમા મુંબઈવાલા શેઠ વીકાજી મેહરજીએ એક દરેમેહર બંધાવી પરકાવી હતી.[4]

---

તા० ૨૬ મી જુન.

રોજ ૨૬ માહ ૧૦ (કે૦) ૧૧૮૯ યજદજરદી.

**મરણ**—ડોસાભાઈ બરજોરજી મેહરેમ દસ્તાન[5]—ઉમર વર્ષ ૪૫) સુરતવાલા શેઠ બરજોરજી સોરાબજી મેહરેમંદસ્તાનના બીજા દીકરા. એવણના હાથમા પોતાના વડવાઓને સરકારથી મળેલી કેટલીક જાગીરોનો ભાગ હતો, તે ઉપર એકાંત જીંદગી ગુજારતા હતા. સુરતમા એવણ તે વેળાએ વગવાલા ગણાતા હતા.

---

તા० ૩૦ મી જુન

રોજ ૩૦ માહ ૯ (શે૦) ૧૧૮૯ યજદજરદી

**મરણ**—આ० માણેકજી નશરવાનજી પટેલ[6]—ઉમર વર્ષ ૬૦) પટેલ નશરવાનજી નવરોજજીના દીકરા એવણ મુંબઈના પારસીઓના મોટા ભાગને ત્યા પોતાના બાપની સાથે પટેલપણુ ચલાવતા હતા, અને બાપના મરણબાદ તેમની જગોએ અતરેની આગલી પારસી પંચાતના એક અધિકારી ઠર્યા હતા

---

તા० ૧૩ મી જુલાઈ.

રોજ ૧૩ માહ ૧૦ (શે૦) ૧૧૮૯ યજદજરદી.

**મરણ**—જમશેદજી નાનાભાઈ ગંજવર[7]—ઉમર વર્ષ ૫૧) એવણ ગણદેવી ગામથી ઈ० સ० ૧૭૬૯) મા પોતાની પાચ વર્ષની વયે મુંબઈ આવ્યા હતા, અને ઈ० સ० ૧૭૮૯ મા શેઠ દાદીભાઈ નોશરવાનજીએ એવણને પોતાના વ્યાપારની આડત સોંપી ચીન મોકલ્યા હતા. એ પછી એવણે ચીન ખાતે વ્યાપારને અર્થે બારી મની સાત સફરો કીધી હતી. ઈ० સ० ૧૮૦૦ થી એવણ પોતાનો એનાહેદો વ્યાપાર ચલાવવા લાગા, અને તે કારણસર ઈ० સ० ૧૮૦૧) મા

---

[1] બોમ્બે ગેઝેટ, તા० ૧૬ મી ફેબરવારી ૧૮૨૦.

[2] The Bombay Monthly Magazine

[3] એ પછી તા० ૨૦ મી મેઇ ૧૮૨૦ ના "બોમ્બે કુરીઅર" મા મુલ્લા ફીરોજજીએ પાછી જાહેર ખબર આપી હતી કે એ ચોપાનયાના પુરતા ઘરાક ન મળવાથી હાલ તરત તે બાહેર પાડવાને મુલતવી રાખ્યુ છે

[4] આ દરેમેહરપર કરસી તખ્તી મારેલી નથી તેને પરકાવાનો ઊલ્લેખ દાકતરવાર એ० જમશેદજી પેશતનજી વવસાદાએ મેલવી આપ્યોછે

[5] સુરતવાલા મરહુમ ખાન સાહેબ ફીરોજશાહ તથા અરદેસર ધનજીશાહ બાહદુરના કાકા

[6] શેઠ મનચેરજી બહમનજી પટેલના બપાવા એવણના બાવા પટેલ નશરવાનજી નવરોજજી પણ પોતાના વખતમા અતરેના બેહદીનોના મોટા ભાગને ત્યા પટેલપણુ ચલાવતા હતા, તથા બતે ખબરદાર અને પુર જહીરીએ પોહચેલા હોવાથી મુંબઈની આગલા વખતની પારસી પંચાતના એક અફાસર ઠરેલા હતા

[7] શેઠ રૂસતમજી નાનાભાઈ ગંજવરના બપાવા, તથા મરહુમ સર કાવશજી જાગીરજી રેડીમની નાઈટ, સી એસ આઈના સસરા એવણ "સપના" ની અટકથી પણ ઓળખાતા હતા એવણના બપાવા શેઠ હોરાગજી દોરાબજી કરી ગણદેવી ગામમા શહેર તથા દોરી વતે લાકડાની માપણીનુ કામ કરતા હતા, જે ઊપરથી ગંજવર કરી અટક પડી હતી તેમના વડા દીકરા શેઠ ધનજીભાઈ (તે અતરેવાલા જાણીતા મરહુમ શેઠ હીરજી જીવણજી રેડીમનીના સસરા) તથા બીજા દીકરા શેઠ નાનાભાઈ (તે શેઠ જમશેદજીના બાવા) તથા ત્રિજા અને ચોથા દીકરા શેઠો રૂસતમજી તથા દોરાબજી ગણદેવીમાજ પોતાના બાપીકા ધંધામા પડેલા હતા, અને પાચમા દીકરા શેઠ રતનજી (તે અતરેવાલા જાણીતા શેઠ અરદેસર ફરામજી મુસના બપાવા) મુંબઈ આવી ધંધા રોજગારમા પડયા હતા

ગોવા તરફ ગયા હતા. એવણે કોટમા પીથાંવાલા મોહલામા હાનજયા બાઈ મોટલાબાઈની આદરાનની દરેમેહરછે તેની પાસે એક આતશદાદગાહની દરેમેહર બંધાવી હતી, તથા પોતાના જન્મ ગામ ગંદેવીમા એક દોખમુ બંધાવી તે તા૦ ૨૧ મી આપરેલ ૧૮૧૭ ને દીને પરહાર્યું હતુ. એવણે પોતાનુ નાણું કોઈ નવાબ નીજાંમઅલીખાનને પુરતી જામીનગીરી વગર ધીરવાથી મોટી રકમ ખોઈ હતી, અને તેથી પોતાનો બ્યાપાર પણ બંધ કીધો હતો, તથા તે પછી થોડીક મુદતમા મરણ પામ્યા હતા.

---

તા૦ ૪ થી આગસ્ટ.

રોજ ૫ માહ ૧૧ (શે૦) ૧૧૮૯ યજદજરદી.

**મરણ**—ફરામજી શોરાબજી શેઠના[૧]—ઉમર વર્ષ ૬૩) શેઠ શોરાબજી માણેકજી શેઠના નાહલા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૯૮ મા બાપનાં મરણબાદ પોતાના ભાઈઓની સાથે મલી તેમના "શોરાબજી માણેકજી" ના નામથી ચાલતી પેહડીનો વહીવટ ચલાવતા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૦૭ થી છુટા પડી પોતાને હીસાબે થોડાક બ્યાપાર ચલાવતા હતા. ઈ૦ સ૦ ૧૮૧૪ મા શેઠખાનદાનના કુટુંબીઓએ "હોરમજજી ખુરશેદજીની કંપની" ને નામે વીમાનો ધંધો ચલાવવાને જે પેહડી કાઢી હતી તેમા એવણ પણ એક ભાગયા હતા.

---

તા૦ ૬ ઠી આગસ્ટ.

રોજ ૭ માહ ૧૧ (શે૦) ૧૧૮૯ યજદજરદી.

**મરણ**—ખરશેદજી મેહરવાનજી બેહરા—ઉમર વર્ષ ૪૦) મધરાજના એક જાણીતા બ્યાપારી. એવણ પોતાના બાપની સાથે લાંબી મુદત સુધી મધરાજ ખાતેજ બ્યાપારને અર્થે જઈ વસેલા હતા, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા.

---

તા૦ ૧૪ મી આગસ્ટ.

વલસાડની જરથોશ્તી અંજુમન તરફથી ગઈ તા૦ ૭ મી જુલાઈ ૧૮૨૦ ને દીને ૫૭ જણાની સહીનો એક પત્ર મુંબઈની પારસી પંચાતના અકાબરો જોગ આવ્યો હતો, તેમા ત્યાના કોઈ મોબેદે એક પરણેલી ઓરતને તેનો ખાવંદ હૈયાત હોવા છતા વલસાડથી મુંબઈ લાવી તેની સાથે નાતરૂં કીધું તે માટેની ફરીયાદ લખી મોકલી હતી, તથા અરજ કીધી હતી કે અમારે ત્યાં ધર્મગુરૂ અમન થયા પછી એ રીતે વાત ઘણી બેહદી છે માટે તમો સાહેબોએ એ માટેના કોઈ ઉપાય લેવા અને તે ઓરતને પોતાના પરણ્યા ખાવંદને પાછી સવાધીન કરી અપાવવી. વળી એની પછી બીજો એક પત્ર વલસાડથી ૬૨) જરથોશ્તીઓની સહીનો તા૦ ૧૨ મી જુલાઈ ૧૮૨૦ ની તેરીખનો એજ અકાબર સાહેબો ઉપર આવ્યો, તેમાં એવી મતલબનું લખાણ હતુ કે "હમારાં ગામ મધે હેવી રીત આગલ થતુ આવેછે" અને તેની શાહેદતમાં એવાં કેટલાક આગલા વખતમા જીવતી ઓરત તથા મરદ છતા થયલા નાતરા કરનારાં ધણીઓના નામ નિશાનની એક ટીપ મોકલી હતી.

આ બંધે પત્રો ઉપર વિચાર કરવાને મુંબઈની શમસત જરથોશ્તી અંજુમનની એક બેઠક આજ દીને મરહુમ શેઠ દાદીભાઈ નોશરવાનજીના આદરાનમાં મળી હતી તે વેળાએ એ બંધે કાગળો તપાસતાં એવું માલમ પડ્યું કે પેહલા પત્રપર સહી કરનાર કેટલાક ધણીઓએ પાછી બીજા પત્રપર પણ સહીઓ કીધી હતી, તથા જે નાતરાઓની ટીપ મોકલી હતી તેમાં પણ કેટલાક ખોટા દાખલાઓ હતા. વળી મુંબઈ મધે વસનારા વલસાડના મોબેદો તથા બેહદીનોને પણ આજની પંચાતમા બોલાવી એ વિષે પુછ્યું, ત્યારે તેઓએ પણ કબુલ કીધું કે અમારે ત્યાં કોઈનો આ કોશ ન હોવાથી એવા ખરાબ કામો બનેછે, અને તે માટે તેઓ સઘળાઓએ પોતાની નાખુશી બતાવી તેનો ઉપાયો કરવાને અરજ કીધી.

આ ઉપરથી શમસત અંજુમને એવું ઠેરવ્યું કે વલસાડમાં આએ રીતે કરેછે તે જાણે મજાકી દોર ચલાવ્યા જેવુ છે, માટે આપણે વલસાડની અંજુમનનાં કાગજનો જવાબ લખી મોકલવો, અને તેમા જણાવવું કે ઉપલી ઓરતને કાઢી લાવનાર મોબેદ શેઠ વીકાજી મેહરજીનાં જણાવ્યા મુજબ મુંબઈથી તેણીને લઈને પાછો વલસાડ ગયોછે, અને તેવણ (શેઠ વીકાજી) આગળ કબુલ કરી ગયોછે કે તે ઓરતને પાછી તેના અસલ ખાવંદને સવાધીન કરી જે રીતે વલસાડની અંજુમન ઠેરવશે તે રીતે તે અમલ કરશે. અગર તે મોબેદ એ રીતે નહિ કરે અને તે ઓરતથી હાથ નહિ ઉઠાવેતો તેને પોતાને, તે ઓરતને, તેણીના માબાપને, તથા બીજા જે કોઈ તે કામમા શામેલ હોય તેમને બેહ્દીનનાર કાઢવાં, અને તે મોબેદપર ધર્મગુરૂની અદાલતમા પાંચથી દસ હજાર રૂપીઆ સુધીની ફરીઆદી માંડવી, અને તે ફરીઆદીનો ખરચ અગર તમારી ગરીબ અંજુમનથી નહિ બની શકેતો ઉદવાડે તથા નવસારી તથા સુરતની અંજુમનપર લખી અમો મદદ કરાવવુ, અને અગર તે સાહેબો જો કાંઈ ખરચને સારૂ અમોને લખશે તો ફરીઆદીનો ખરચ અમો આપશું. બીજુ એવુ ઠેરવ્યું જે શ્રી ઉદવાડા, દમણ, નવસારી, સુરત, ભરૂચ, ખંભાત, કલીઆણી, તથા થાણાની અંજુમન ઉપર આપણી પંચાતને નામે

---

[૧] શેઠ ખુરશેદજી ફરામજી શેઠના બાવા.

એકેકો જુદો કાગજ લખી ઉપર મૂજબ વલસાડ મોકલીના પત્રની નકલ બીડની તથા સુચના કરવી કે કદાચ વલસાડની અંજુમન તમોને કાગજ લખે અને એ ઓરતના બાબમાં કાંઈ મદદ માગેતો તે બની શકે તે પ્રમાણે આપી ગરીબ અંજુમનનુ કામ બજાવી આપવુ. અગર કાંઈ બાબને વિશે અમોને લખશો તો અમોબી તૈયાર છૈયે.

એ રીતે ઠેરવ્યા પછી વલસાડની શમસત અંજુમનની વતી ત્યાના દસ્તૂરજી ફરામજી રૂસતમજી તથા મોબેદ હીરજીઆરજી કાવશજી, જામાસપજી રૂસતમજી, માણેકજી મેહરામજી, નવરોજજી ભીખાજી; તથા બેહદીનો ફરામજી ધનજીભાઈ, ગોરાભાઈ દોરાબજી, ધનજીભાઈ ભીખાજી અને બહમનજી નાનાભાઈ એઓના નામનો એક કાગજ લખી તેમા ઉપલા ઠેરાવને મળતી બાબદ વીગતવારે લખ્યા ઉપરાંત બીજુબી સુચના કીધી હતી કે જો કોઈ મોબેદ અગર તે ઓરતને પોતાના ખાવદને સવાધીન કરેતો તે બંધેને તથા તે ઓરતના માબાપને, તથા આશીરવાદ ભારનારા મોબેદોને, તથા બીજા જેઓએ એ કામમા મદદ કીધી હોય તેમને નાહન નવાડી તેનાની પાસે પશેમાનીની પતેત કરાવજો, અને તેમની પાસેથી તેમની મકદુર મુજબ કાંઈ જુજવી ધર્મ ખાતે તમારી પંચાતની નજરમા આવે તે લઈને તેમના જામીન લેજો કે ફરીથી એવા બદફેલીના કામો કરે નહિ.

આ કાગજપર નીચલા અંજુમનમા હાજર થાએલા પારસીઓએ સહીઓ કીધી હતી.—[1]

ફરામજી નાનાભાઈ દાવર, જમશેદજી બહમનજી વાડીઆ, હોરમજજી બહમનજી વાડીઆ, ફરામજી કાવશજી બનાજી, દસ્તૂર ખરશેદજી જમશેદજી જામાસપઆશાના, મુલા ફીરોજ બીન કાઉસ, દસ્તૂર એદલજી દારાબજી સંજાણા, શોરાબજી વાછા શેઠના, દાદાભાઈ કાવશજી શાહેર, પેશતનજી ભીખાજી પાંડે, નવરોજજી મેહરજી, કેખશરૂ શોરાબજી રેડીમની, ખરશેદજી માણેકજી સરાફ, આ૦ દોરાબજી ફરામજી પંથકી, નશરવાનજી બરજોરજી દાદીશરજોરના, જાંગીરજી નશરવાનજી વાડીઆ, ખરશેદજી જીવાજી ગાંધી, રૂસતમજી જીજીભાઈ ગનદેવીના, માણેકજી મનચેરજી મેહતા, ખરશેદજી અરદેશર દાદી, કાવશજી શોરાબજી, ધનજીભાઈ દાદાભાઈ દારૂખાનાવાલા, નશરવાનજી હોમજી પટેલ, હોરમજજી ભીખાજી મેહરજી, હોરમજજી ભીખાજી ચીનાઈ, વીકાજી મેહરજી, હોરમજજી ધનજી પટેલ, જમશેદજી જીજીભાઈ, એદલજી ખરશેદજી હાએવાએ (બાકસટરના), એદલજી પેશતનજી ધનજી રઈઆ, ફરામજી બહમનજી સરાફ, પેશતનજી કાવશજી નાળીએરવાલા, શોરાબજી હોરમજજી, માણેકજી શોરાબજી પારખ, જમશેદજી કુવરજી જશાવાલા, નશરવાનજી રૂસતમજી જશાવાલા, કુવરજી રતનજી જશાવાલા, હોરમજજી દોરાબજી લશકરી, ડોસાભાઈ કુવરજી બનાજી, નવરોજજી ખરશેદજી, દીનશાહજી કાવશજી ગાંધી, કાવશજી બહમનજી સરાફ, અરદેશર શાપુરજી રતનદોરાબના, કાવશજી બહમનજી બમનાના, હીરજી નવરોજજી હીરામાંનકના, નવરોજજી હોરમજજી મોટાભાઈ, મેહરવાનજી નવરોજજી માણેકજી, નવરોજજી કાવશજી નાળીએરવાલા, દસ્તૂર દારાબજી જમશેદજી જામાસપઆશાના, નશરવાનજી માણેકજી જમશેદજી દસ્તૂર, આ૦ હોમજી કોહીદાર પંથકી, આ૦ હોરમજજી ફરામજી હોજદાર, આ૦ રૂસતમજી બહમનજી કાગા, આ૦ ખરશેદજી જમશેદજી મોદી, ફરામજી પેશતનજી ગાંધી, આ૦ મેરવાનજી બરજોરજી દારાબપાલણના, આ૦ ખરશેદજી એદલજી વાછા.

તા૦ ૧૦ મી આગસ્ટ

મુંબઈમા ગરીબોના બાળકોને કેળવણી આપવા માટે ઉભી થએલી મંડળીમાં[2] નાણા ભરનારાઓની એક સભા આજ દીને મળી હતી. હાનરેબલ માઉન્ટ સ્ટુઅર્ટ એલફીનસ્ટન સભાપતીની ખુરશીએ બીરાજયો હતો. તે વેળાએ એવુ ઠેરવ્યુ હતુ કે આએ મંડળી તરફથી દેશી નિશાલોમા શિખવવા લાયકની ચોપડીઓ તૈયાર કરાવવી, તથા તે નિશાલોમા બીજા જોઈતા સુધારા કરવા. આ માટે એક જુદી કમીટી ઠેરવવી અને તેનુ નામ "ધી નેટીવ સ્કુલ એન્ડ સ્કુલ-બુક કમીટી"[3] રાખવુ, અને તેમા આએ ખાતાની કમીટીના અધિકારીઓ સિવાય બીજા ૧૨ દેશીઓ, જેમા ૪ પારસી, ૪ મુસલમાન, અને ૪ હિંદુઓને અધિકારીઓ ઠેરવવા.[4]

તા૦ ૨૮ મી અકટોબર

ગઈ તા૦ ૧૦ મી આગસ્ટે ઠેરવેલી "ધી નેટીવ સ્કુલ એન્ડ સ્કુલ-બુક કમીટી" ની એક સભા આજ દીને મળી હતી જેમાં શેઠ જમશેદજી બહમનજી વાડીઆ, હોરમજજી બહમનજી વાડીઆ, ખરશેદજી માણેકજી સરાફ, ફરામજી

---

૧ શમસત અંજુમનની આ સભાની નોંધ તથા ઉપલા વલસાડ લખેલા કાગજની નકલ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારની એક અસલ ચોપડી જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફ પાસે મોજુદ છે તેમા નોંધી લીધી છે.

૨ Society for promoting the Education of the poor

3 The Native School and School Book Committee

૪ બોમ્બે કુરીઅર, તા૦ ૨૬ મી આગસ્ટ ૧૮૨૦

કાવસજી બનાજી, જમશેદજી એદલજી દસ્તૂર જામાસપ આશાના, દેવીદાસ હરજીવણદાસ, રઘુનાથ કરશદના જોશી, વીનોબા સદાશીવ, વગેરે ઘણાક આગેવાન દેશીઓ બીરાજ્યા હતા.

શેઠ દેવીદાસ હરજીવણદાસે આ મંડળીના દેશી અધિકારીઓની તરફથી સભાને જણાવ્યુ કે અતરેની દેશી કોમોના આગેવાનો તથા આબરવાલા દેશીઓ પોતે આએ મંડળી સ્થાપવાના ફાયદા સારીપેરે સમજેછે, અને છેલી સભા પછે તેઓએ પોતાની કોમોને વારંવાર એકઠી મેલવી આ મંડલીથી થતા ફાયદા, વગેરે સમજાવી તેઓના છોકરાઓને આપણી નિશાલોમા મોકલવાની બનામણી કીધી હતી, પણ તેઓ દલગીરછે કે તેમના ચોકસ બાગનાં મનમાં આવા આતાઓ માટેના કેટલાક વેહમોએ મજબૂત જડ ઘાલેલી હોવાથી તેઓની સમજાવત ફોકટ ગઇછે.

શેઠો જમશેદજી તથા હોરમજજી બહમનજી વાડીઆ પણ આએ મતને એકમત થયા, અને તેઓએ વળી એમ પણ જણાવ્યું કે દેશી આગેવાનોનો હાન પોતાની કોમો ઉપર એટલો કાબુ નથી કે તેઓ આવાં અગત્યના કામોમાં શામેલ થવાને તેમને સમજાવી શકે, તોપણ તેઓ પોતે પોતાથી બનતી દરેક રીતની મદદો આપવાને તૈયારછે.

એ પછી આ મંડળીને લગતી નિશાલોમા શિખવવાને દેશી બાષામાં ઉપયોગી ચોપડીઓ બનાવી તે સસ્તી કીમતે અથવા મુફત આપવાને તથા તેને લગતી ગોઠવણો કરવા માટે નીચના બાર દેશીઓની એક કમીટી મુકરર કીધી હતી.[૧]

**પારસીઓ.**

શેઠ રતનજી બહમનજી વાડીઆ.
શેઠ ફરામજી કાવસજી બનાજી.
શેઠ હોરમજજી ધનજી પટેલ.
મુલા ફીરોજ બીન મુલા કાઉસ.

**હિંદુઓ.**

શેઠ દેવીદાસ હરજીવણદાસ.
શેઠ નાગરદાસ ઊરજી મોદી.
શેઠ રઘુનાથ કરશદના જોશી.
શેઠ સદાશીવ કાશીનાથ ચતરી.

**મુસલમાનો.**

મુંબઇનો વડો કાજી.
કાજી ગુલામ હોસેન.
શેઠ મહમદ ઇબ્રાહીમ મકબા.
શેઠ મહમદઅલી રોગે.

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૨૮ મી અકટોબર ૧૮૨૦

તા૦ ૨ જી નવેમબર.

રોજ ૩૦ માહ ૧ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—એદલજી અરદેશર બાકસઅર[૨]—ઉંમર વર્ષ ૬૦) શેઠ અરદેશરજી કુવરજી હાઓવાઓના દીકરા. એવણ મુંબઇના એક જાણીતા લીલાંડખાનાવાલા હતા, તથા ઘણા વર્ષ લગણ મીસીઅરસ જે. બાકસઅર એન્ડ કંપની, બાકસઅર ફેરાર એન્ડ કંપની તથા ફેરાર એન્ડ એદલજીની કંપનીમા બાગયા હતા. તે પછી તા૦ ૨૧ મી અકટોબર ૧૮૧૫ થી પોતે એપનાએ હમામ સ્ટ્રીટમા "એદલજી અરદેશરજી એન્ડ સનસ" ને નામે લીલાંડખાનું તથા "કમીશન એજંટ" ની દુકાન ઉઘાડી હતી. એવણ તે વેળાએ અતરેના અંગ્રેજો તથા દેશીઓમાં ઘણા જાણીતા હતા.

તા૦ ૧૪ મી ડીસેમબર.

રોજ ૧૨ માહ ૩ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—ફરામજી નાનાભાઈ દાવર—ઉમર વર્ષ ૬૬) દાવર નાનાભાઈ બેહરામજી બનાજીના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૮૮ માં પોતાના બાપનાં મરણ પછી તેમની "બનાજી લીમજી" નાં નામથી ચાલતી પેહડીનો વહીવટ પોતાના ભાઇઓ તથા પિત્રાઈઓ સાથે ચલાવતા હતા. તે પછી એવણે પેહડીના બીજા બાગયાઓ ઉપર ઈ૦ સ૦ ૧૭૯૩ મા ઇનસાફની અદાલતમા ફરીયાદી માડી હતી. આ ફરીયાદીનો ફડચો ઘણો લંબાણ હોવાથી કોરટે તે શેઠો જમશેદજી બહમનજી વાડીઆ તથા ફરામજી કાવસજી બનાજીની લવાદી હેઠલ સોપ્યું હતુ, જેઓએ ઘણી લાંબી મુદતે થઈને તા૦ ૨૨ મી મારચ ૧૮૧૭ ને દીને પોતાનુ લવાદનામુ લખી આપી તેનો નીકાલ આણયો હતો. તેટલા અરસામા એવણ ચીન તથા બીજા દેશાવરો સાથેનો મોટો વ્યાપાર પોતાને હીસાબે ચલાવતા હતા. આ માટે એવણનું "ગંજાવર" નામે એક મોટું સફરી વાહણ પણ હતુ. તે વેળાની મુંબઇની પારસીની પંચાએતના એવણ પોતાના બાપની જગોએ દાવર થઈને વડા અકાબર ઠરેલા હતા.

૨ શેઠો દાદાભાઈ તથા બહમનજી ડોસાભાઈ, રૂસતમજી પેસતનજી અને બાપુજી હોરમજજી બાકસઅરના બાપાવા એવણના બાવા શેઠ અરદેશરજી કુવરજી હાઓવાઓ પણ અતરેના એક જાણીતા ગ્રહસ્થ હતા

# ઈ૦ સ૦ ૧૮૨૧.

આએ વર્ષનાં "બામ્બે કુરીઅર" માંથી નીકલેલા ઇંગ્રેજી કાલેનડરમાં[1] પારસીઓને લગતી નીચલી બીના આવેલી હતી:—

## પારસી વાહુણવતીઓ.

ગયાં વર્ષના કાલેનડરમાં નોંધેલા ઉપરાંત નીચલા વાહણો આએ વર્ષમાં ઉમેરાયાછે.

| વાહુણનું નામ | માલેક. | ટણ. |
|---|---|---|
| કારનવાલીસ | જમશેદજી અને નવરોજજી નશરવાનજી વાડીઆ . . .. | ૬૬૦ |
| કાઉનટેસ આર લકન | મેહરવાનજી (હીરજીભાઈ) અને ડોશાભાઈ જમશેદજી વાડીઆ | ૨૬૦ |
| હેના — | હોરમજજી બહમનજી વાડીઆ અને મો૦ હીપોરન . . . | ૪૮૨ |
| હેલન | તુલસીદાસ માણેકજી (શેરાબજી પારખ) | ૫૦૬ |
| લારડ કાસ્ટલરે. | હોરમજજી દોરાબજી લશકરી, નાગરદાસ હીરજી મોદી અને કપતાન એફ ડી ગ્રીગસ | ૭૮૫ |
| માર્ક્વિસ (ગ્રીમ) | મેહરવાનજી (હીરજીભાઈ) અને ડોશાભાઈ જમશેદજી વાડીઆ . . | ૧૫૩ |

## નેટીવ સ્કુલ ઍન્ડ સ્કુલ-બુક કમીટીના પારસી અધિકારીઓ:

રતનજી બહમનજી વાડીઆ.
ફરામજી કાવસજી બનાજી.
મુલ્લાં ફીરોજજી કાઉસજી.
હોરમજજી ધનજી પટેલ.

એ ઉપરાંત બીજી બધી બાબદો છેલ્લા કાલેનડરની માફકજછે. ફકત પારસી વ્યાપારીઓની ટીપમાં શેરાબજી માણેકજી પારખનું નામ ઉમેરાયલું છે, તથા પારસી સીનાઈખાનાવાના તરફે "ફરાર અને એદલજી" ને બદલે "એદલજી બરજોરજી (બાકરટર) ઍન્ડ સનસ" નું નામછે.

---

તા૦ ૮ મી મારચ.

રોજ ૬ માહ ૬ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—ધનજીભાઈ દાદાભાઈ દારૂખાનાવાલા—ઉમર વર્ષ ૫૦) શેઠ દાદાભાઈ માણેકજી દારૂખાનાવાલાના બીજા દીકરા. એવણ અતરેના સરકારી તોપખાનાને માટે બારૂદ બનાવવાના કારખાનામાં ઈ૦ સ૦ ૧૭૯૭ થી વડા "આમીસર ટ" ના ઓધા ઉપર હતા.

તા૦ ૧૪ મી મારચ.

રોજ ૧૨ માહ ૭ (ક૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—હોરમજજી ભીમજી મોદી[2]—ઉમર વર્ષ ૭૦) શેઠ ભીમજી રૂસતમજી મોદીના નાધનાં દીકરા. એવણ પ્રથમમાં પોતાના બાપના વ્યાપારનાં કામોમાં શામેલ હતા. તે પછી ઈ૦ સ૦ ૧૭૮૬ માં તેમના મરણ બાદ પેહડીમાંથી પોતાનો ઈજારો બંધ કરી સુરત ખાતે જઈ વસ્યા હતા, અને ત્યાંજ પોતાનો રોજગાર ચલાવી મરણ પામ્યા હતા.

---

તા૦ ૨૩ મી મારચ.

રોજ ૨૧ માહ ૬ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—દેશાઈ બરજોરજી જીવણજી—ઉમર વર્ષ ૭૪) નવસારીવાલા પોલીઆ દેશાઈ જીવણજી માણેકજીના બીજા દીકરા. એવણે ઈ૦ સ૦ ૧૭૭૮ માં પોતાના વડા ભાઈ દેશાઈ ટેહમુલજીના મરણથી તેમના દીકરા જામાસ્પજીની સાથે મલી કેટલીક મુદત સુધી પોતાના બાપને લગતો દેશાઈગીરીનો વહીવટ ચલાવ્યો હતો. એ પછી બંને કાકા ભત્રિજાઓને કાંઈ લાગ ભાગને લગતી ભાંજઘડ નિકલ્યાથી વડોદરા ખાતે ગાયકવાડની દરબારમાં પણ જવું પડયું હતું, અને તેનો ફેસલો નક્કી થાય તેટલામાં એવણનું મરણ નિપજ્યું હતું.

---

તા૦ ૪ થી આપરેલ.

રોજ ૩ માહ ૭ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

આજ દીને નવસારી મધે શેઠ હોરમજજી મનચેરજી ભાભાએ બંધાવવા માંડેલાં દોખમાનો તાણો પુરવાની ક્રિયા કરવામાં આવી હતી.[3]

---

[1] The Bombay Calendar and Register for 1821 *Bombay, printed for the Proprietors, by Jos Francisco De Jesus*

[2] સુરતવાલા શેઠ હોરમજજી ફેખશરૂ મોદીના બપાવા

[3] એ દોખમાની સામેજ એવડીજ એક શગડી બંધાવેલીછે તે ઉપર જે તખ્તી મારેલીછે તેમાં આએ ઉપલો દીવસ એ દોખમું તથા સગડી બંધાવવાનો કરી લખેલોછે પણ એ દોખમું તો એની પછી બે વર્ષે એટલે તા૦ ૬ ઠી મારચ ૧૮૨૩ ને દીને પરઠાયું હતું, જેનો સંપુરણ અહેવાલ તા૦ ૨૭ મી મારચ ૧૮૨૩ ના "મુંબઈના સમાચાર" પત્રમાં છપાયો હતો, જે માટે એ૦ જામાસ્પજી શેરાબજી દસ્તૂર મેહરજી રાણા કેટલીક જુની નોંધો ઉપરથી અમોને જણાવેછે કે એ તખ્તીમાં લખેલા દિવસે દોખમાનો તાણો પુરાયો હતો

તા૦ ૧૨ મી આપરેલ.

રોજ ૧૨ માહ ૭ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—કુંવરજી રતનજી જર્થાવાલા—ઉમર વર્ષ ૭૬) શેઠ રતનજી જથાજી જીવણજીના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૬૪ મા પોતાના બાપનાં મરણથી પોતાના[*] ભાઈઓની સાથે મળી તેમની ઇંગ્રેજ બજાર માહેલી વીનાયતી સામાણની મોટી દુકાન ચલાવતા હતા. એ દુકાનનુ કામ એવણે દર દેશાવરો સાથે ઘણી સારી રીતે વધારયુ હતુ, તથા તેની ઘણેક ઠેકાણે શાખાઓ ઉઘાડી હતી. એવણ અતરેના ઇંગ્રેજો તથા દેશીઓમા માશીપેઠ જણાયલા હતા.

---

તા૦ ૨૬ મી આપરેલ.

રોજ ૨૫ માહ ૭ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—દસ્તૂર દારાબજી રૂસતમજી સંજાણા—ઉમર વર્ષ ૭૫) સુરતવાલા દસ્તૂર રૂસતમજી મેહરામજી સંજાણાના નાધના દીકરા. એવણ મુબઈ મધે પોતાના દીકરા દસ્તૂર એદલજી દારાબજી સંજાણાની સાથે આવ્યા હતા, અને ચંદનવાડી ખાતેની શેઠ હોરમજજી બહમનજી વાડીઆની દરેમેહરના વડા પથકીનુ કામ ચલાવતા હતા.

---

તા૦ ૨ જી મેએ.

રોજ ૧ માહ ૮ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—જીવાજી મેહરવાનજી મારડીન[૧]—ઉમર વર્ષ ૪૯) એવણ ઈ૦ સ૦ ૧૭૮૮ ને આસરે સુરતથી અતરે આવી લશ્કર ખાતાના કપટાન ગોરડનની નોકરીમા રેહેતા હતા, અને ઈ૦ સ૦ ૧૭૯૮ મા તેની સાથે સીરીંગાપટામની લડાઈમા ગયા હતા. તે પછી અતરે આવી ઈ૦ સ૦ ૧૮૦૧ મા મજકૂર કપટાન ગોરડન "આરમી કલોથીંગ" ખાતાનો એજંટ થયો હતો, અને તેણે એવણને ઉપલા ખાતાના માનેજર, તથા "હેડ-ઓવ-રસીયર" કીધા હતા, કે જે ઓહદો એવણે પોતાના મરણ લગણ બજાવ્યો હતો.

---

તા૦ ૧૯ મી જુન.

રોજ ૧૯ માહ ૯ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—મનચેરજી જમાસ્પજી ભાવનગરી[૨]—ઉમર વર્ષ ૫૬) સુરતવાલા શેઠ જમાસ્પજી ફરામજી ભાવનગરીના બીજા દીકરા. એવણ ભાવનગર ખાતે પોતાના બાપે સ્થાપેલી વ્યાપારની પેહડી, તેમજ નામદાર ઈસ્ટ ઇંડીઆ કંપનીની, તથા મુબઈવાલા જાણીતા વ્યાપારી શેઠ અરદેશર દાદીશેઠની રૂની આડતનુ કામ, તથા ભાવનગરના થાકોરનુ શાહુકારુ ચલાવતા હતા. એવણે ભાવનગર જીલાના ઉદલી ગામમા એક મોટો અમાડો પશુ ઢોરોની તરશ છીપાવવાને માટે બધાવ્યો હતો. સુરતની પારસી અંજુમનના એવણ એક અકાબર હતા.

---

[૧] શેઠ નવરોજજી કાવશજી દારૂખાનાવાલાના શશરા

[૨] એવણના બાવા શેઠ જમાસ્પજી ફરામજી ભાવનગરી ઈ૦ સ૦ ૧૭૬૦ ને આસરે પેહલવેહલા સુરતથી ભાવનગર ખાતે વ્યાપારનાં કારણસર ગયા હતા ત્યા એમનો વગવસીલો વધવાથી થાકોર સાહેબે એમને બીનદેહસ્ત વ્યાપાર કરવાની છુટ આપી તા૦ ૧૭ મી અકટોબર ૧૭૬૫ ને દીને નીચલો પરવાણો કરી આપ્યો હતો :—

" ॥ લા૦ પડત શ્રી જાદવરાઓજી વા૦ અધારૂ
" જમાશજી જત તમો વેપાર ભાવનગર મધે કરશો તે
" મધે રઆત ટકા ૨૦ વીશની કરશુ ખાતર જમેથી
" માલ મંગાવજો વેપાર કરજો તે વાતનો શરકારનો
" કોલછે કોએ મુવાહજ થાશે નહી શવત ૧૮૨૨ ના
" કારતગ શુદ ૩ "

વળી એજ પ્રમાણે તા૦ ૨૯ મી આગસ્ટ ૧૮૦૬ ને દીને એવણના માલની જગાતમા દર ખાડીએ એક આનો ઓછો કરવા માટે નીચલો પરવાણો કરી આપ્યો હતો.—

રાવળ શ્રી
વખતસંઘજી
અભેસંઘજી

" લા૦ રાજશ્રી વખતસંઘજી વા અંધારૂ જમાશજી
" ફરામજી જત તમે શા૦ મોતી જીવરાજની મારફત
" તોલામણી તથા દલાલી તથા સુખડીનુ ખાડી ૧ એક
" રૂ૦॥। અકે રૂપૈઆ પુણે આપતા તેમાથી દરબારે
" તમને શવત ૧૮૬૨ ના શ્રાવણ બીજા શુદ ૧૫ થી
" દોકડા ૬। અંકે દોકડા શવાછનો રઆઅત કરીછે તે
" પરમાણે હવેથી શાલ બ શાલ તમે દરબારમા આપજો
" ને દરબાર પણ તમારી પાશેથી ઇ પરમાણે હવેથી ખાડી
" ૧ એકે રૂ૦॥ઃ અકે રૂપૈઆ અરધો ને આના ત્રણ
" લેશે તેથી વધુ લેશુ નહી—શવત ૧૮૬૨ ના શાવણ
" બીજા શુદ ૧૫ "

ઊપલા બ વે પરવાનાઓની અસલ નકલ એવણના એક વારસ શેઠ ફરામજી જમાસ્પજી ભાવનગરી પાસે મોજુદછે, એ મુજબ એવણ ભાવનગરમા વ્યાપારી પેહડી સ્થાપી રૂ, વગેરેનો સુરત તથા મુંબઈ સાથે વ્યાપાર ચલાવતા હતા એવણે ભાવનગર મધે ઘોઘાના દરવાજા બાહેર બોડ ભંજન માહદેવની પાસે એક મોટો પથ્થરની વાવ ઈ૦ સ૦ ૧૭૭૩ મા બંધાવી હતી, કે જે હજુ લગણ ત્યા મોજુદછે એવણના વડા દીકરા શેઠ પેશતનજી જમાસ્પજી ભાવનગરી પણ પોતાના બાપની ભાવનગર તથા સુરત ખાતેની વ્યાપારી પેહડી ચલાવ્યા ઊપરાત સુરતની પારસી પંચાતના એક અકાબર હતા.

તા૦ ૧૮ મી જુલાઈ.

રોજ ૧૮ માહ ૧૦ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—દસ્તૂર ટેહમુલજી કાઉશજી મીરજાં[1]—(ઉમર વર્ષ ૭૦) ઉદવારેવાલા આ૦ કાઉશજી રૂસતમજી મીરજા પ્રુશરે પિગના વડા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૭૬૧ મા પોતાના કાકા દસ્તૂર પેહેરામજી રૂસતમજીના મરણથી તેમની જગોએ ઉદવારેના દસ્તૂર ઠેરવ્યા હતા. એઓમા જરથોસ્તી દીનઆઈનને લગતી ઘણી માહેતગારી અને ફારસી તથા પેહલવી ભાષાઓનું સારૂ ગ્યાન હતુ. તે સાથે એવા બંદુક, તલવાર, વીગેરે હથિયારો સારી રીતે વાપરી જાણનારા, તેમજ એક ચુનંદા ઘોડેસ્વાર હતા.

તા૦ ૯ મી આગસ્ટ.

રોજ ૧૦ માહ ૧૧ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—રૂસતમજી મનચેરજી દેશાઈ[2]—(ઉમર વર્ષ ૬૪) નવસારીવાલા દેશાઈ મનચેરજી ખુરશેદજીના વડા દીકરા. એવણ પ્રથમમા પોતાના બાપનો નવસારી કસબાને લગતો કારભાર ચલાવતા હતા, ઈ૦ સ૦ ૧૮૦૩ મા તેમના (બાપના) ગાયકવાડ સરકાર સાથેના કાંઈ વાંધાનો ફેડચો લાવવાને એવણ મુંબઈ ખાતે નામદાર ગવરનર જોનાથન ડંકનની મોલાકાતે આવ્યા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૧૦ મા બાપના મરણ બાદ અગીઆર દિવસે, એટલે તા૦ ૧ લી ડીસેમબર ૧૮૧૦ ને દીને આનંદરાવ ગાયકવાડે એવણ ઉપર એક પત્ર[3] લખી એમને દેશાઈગરીનો વહીવત પોતાના વડીલોની માફક ચલાવવાને રેસીડંટ મેજર કરનાકની ભલામણ ઉપરથી એક સનદ કરી આપી હતી એવણને ગાયકવાડી સરકાર તરફથી "ડોનાશરૂ" નામે રૂ૧૦૦૦) ની વાર્ષિક ઉપજ વાલુ એક ગામ ઈનામમા મલ્યું હતું, નવસારીની જરથોસ્તી અંજુમનના એવણ પોતાના બાપના મરણ પછી વડા આગેવાન હતા.

તા૦ ૩૦ મી આગસ્ટ.

મુંબઈની સરકારી ગોદીના વડા માસ્ટર બીલ્ડર શેઠ જમશેદજી બહમનજી વાડીઆ કે જેવણ આજ દીને પોતાના મરણને છેક કાંઠે આવેલા હતા, તેવણે તા૦ ૮ થી આગસ્ટ ૧૮૧૮ ને દીને ઇંગ્લાંડ ખાતે "કોરટ-ઑફ-ડાએરેક્ટરસ" ઉપર પોતાની લાંબા વખતની અને નીમકહલાલી ભરી નોકરીના બદલામા કાંઈ જાગીર ઈનામ તરીકે મેલવવાની અરજ કીધી હતી, તેના જવાબની તેવણ આશામા હતા તેવામા એકાએક બીમાર પડી ગયા, અને પોતાના કુટુંબને પછવાડેથી તે મને ઈચ્છા નહિ એવી ફીકરમા હતા. આથી તેવણે પોતાના બીછાના ઉપરથીજ એક પત્ર આનરેબલ નામદાર સરકાર ઉપર લખી ઇંગ્લાંડ ખાતે કોરટને તેવણની આ આશા વિષે જણાવવાની અરજ કીધી હતી. આ એવણની અરજનો નામદાર સરકાર તરફથી આજ દીને એવણના ભાઈ શેઠ હોરમસજી બહમનજી વાડીઆની મારફતે જવાબ આવ્યો કે તમારી અરજ બાહાલ રાખીછે આથી એવણે પોતાના મરણની છેક છેલી ઘડીએ ઘણા ખુશાલ થઈ સાંજના ત્રણ વાગે સરકારના વડા શેક્રેટરી મી૦ ફ્રાંસીસ વારડન ઉપર એક પત્ર[4] લખી પોતાનો ખુશીનો ઉભરો સરકારને જણાવ્યો, તથા પોતાને છેલી ઘડીએ મલેલા આ દીલાસાને માટે તેમનો ઉપકાર માનયો. એ પછી થોડાક ક્લાકમા એવણનો પ્રાણ બંધ થઈ ગયો હતો.

---

[1] ઉદવારેવાલા દસ્તૂર બરજોરજી રૂસતમજી મીરજાના બાપાવા તથા મરહુમે ગ્રોમેદ ફરદુનજી મરજબાનજીના મામા

[2] નવસારીવાલા દેશાઈ પેશતનજી ખુરશેદજીના બાપાવા

[3] એવણના બત્રિજા શેઠ ટેહમુલજી જમશેદજી દેશાઈએ તા૦ ૨૯ મી જાનેવારી ૧૮૯૫ ને દીને મુંબઈના ગવરનર રાઈટ હાનરેબલ બાન આરલ ઑફ હૅરિસ જોગ કરેલી એક અરજીમા એ પત્ર નીચે મુજબ ટાંકયોછે —

"Your Father Muncherjee Cursetjee having died this letter is issued to you—to direct that you continue to do the business of the Dessoyship as he did—your Rights, Customs, Gifts, Khatta, Estates and mortgaged Lands, with whatever else you have enjoyed from the time of the late Pillajee Row to this time you are to continue to enjoy from generation to generation."

[4] આ પત્રની નકલ તા૦ ૧૯ મી અક્ટોબર ૧૮૨૧ ના "બોમ્બે કુરીઅર" મા નીચે મૂજબ છપાઇછે :—

To

FRANCIS WARDEN, Esq.,
Chief Secretary to Government
Bombay,

Honored Sir,

The promptness with which His Excellency our Noble Governor and the Members of the Council have complied with my last wishes, and the celerity with which you have condescendingly forwarded to me through my brother Hormarjee the welcome communication have calmed my dieing moments and smoothed my discent into my Tomb

My dissolution Sir, is now quivering upon my dieing lips, yet it would be refusing myself an unpurchaseable consolation were I not to indulge myself in acknowledging even with my last breath the gratitude I owe to that upright and intelligent character the present worthy Superintendent His valuable advice has in numerous instances been of the most important use to me while I have often experienced the most heartfelt gratification by the readiness with which he has uniformly concurred in my humble opinions

My breath is going Sir, and you and the service

તા૦ ૩૧ મી આગસટ.

રોજ ૨ માહ ૧૨ (શે૦) ૧૧૯૦ યજદજરદી.

**મરણ**—જમશેદજી બહમનજી વાડીઆ—ઉમર વર્ષ ૬૭) શેઠ બહમનજી લવજી વાડીઆના વડા દીકરા. એવણ નાહનપણથીજ અતરેની સરકારી ગોદીમા પોતાના બાપની સાથે રહેલા હતા, અને ઈ૦ સ૦ ૧૭૯૦ મા તેમના મરણ પછી તેમની જગોએ બીજા "માસટર બીલડર" થયા હતા, તે પછી પોતાના પિત્રાઈ શેઠ ફરામજી માણેકજી વાડીઆનાં ઈ૦ સ૦ ૧૮૦૪ મા મરણ પછી એવણને વડા "માસટર બીલડર" ની જગા મલી હતી. વાહણ બાંધવાના હુનરમાં એવણ પણ ઘણાજ બાબગદાર હતા, તથા જયાં લગણ પોતે વડા "બીલડર"ના ઓહદાપર હતા તેટલા અરસામા ૧૬ લડાએક મનવારો તથા ૪૦ મોટા મફરી વાહણો બાંધ્યા હતા. આ એવણના કામોને માટે એવણને પણ આડમીરલટીના લારડો, કોરટ આફ ડીરેક્ટરો, તથા અતરેના હાનરેબલ ઈસ્ટ ઇંડીઆ કંપનીના અધિકારીઓથી વારંવાર શાબાસી તથા ઈનામો મલ્યાં હતા. એવણની કીમતી નોકરીઓના બદલામા નામદાર સરકાર તરફથી એવણના મરણ પછી તા૦ ૨૦ મી અક્ટોબર ૧૮૨૧ ને દીને એમના વારેસોને ૨૬૦૦૦) ની

---

have my dieing blessing My life has been devoted to the service and all I now pray for, is that I will be remembered by the Hon'ble the Government Board to the Hon'ble the Court of Directors May the all directing Providence prosper you all. God prosper you. Adieu, Adieu, Adieu.

(Signed) Jamsetjee Bomanjee
Bombay 30th August 1821 3 P. M.

આ પત્ર વિષે "કુરીઅર" ના એજ આકમા નીચલા મોતેબર વિચારો છપાયા હતા:—

"We publish an interesting letter from the late Builder Jamsetjee Bomanjee, of which we have obtained a copy, conveying to the Government his expressions of gratitude for its ready *compliance with an* anxious appeal which he had preferred for its protection, a few hours before his dissolution. Jamsetjee Bomanjee had for some time back been in expectation of receiving from the Court of Directors an official communication of a grant of land which he had solicited, as a reward for his long and faithful services. *On his death bed* his moments were embittered by the non receipt of the Courts determination, and by the consequent apprehension of leaving his family in distress. *He was* pressed by his relatives to address the Government to beseech its anticipation of the Courts liberality He *followed* the *advice with a full* confidence, in the justice of a benign administration, and survived to receive the gratifying proof that his confidence had not been misplaced, he just lived to be informed, that his wishes had been complied with, and to dictate the following effusions of a grateful heart, towards a Government *which had* thus beneficently extended a boon of the greater value as it was conferred with so ready a munificence."

[Bombay Courier, 13th October 1821]

વાર્ષિક ઉપજવાળી જમીન મુંબઈ તથા છાસઠીમાં મળી બખશેશ આપી હતી. મુંબઈની પારસીની પંચાતના એવણ પ્રમુખ હતા, તથા સઘળા જાહેર કામોમાં આગેવાની લેતા હતા.

---

તા૦ ૨ જી સપટેમબર.

આજદીને મરહુમ શેઠ જમશેદજી બહમનજી વાડીઆનાં ઉઠમણાંની મજલેશમાં તેમના દીકરા શેઠ નવરોજજી જમશેદજી વાડીઆએ ૨૨૦૦૦) ની રકમ પંચાતના ધર્મ ખાતામા આપી હતી.

વળી એજ દીનેની મજલેશમા સર્વે અંજુમનના એકમતથી મરહુમ શેઠ જમશેદજીની જગોએ તેમના ભાઈ શેઠ રતનજી બહમનજી વાડીઆને પંચાતના અકાબર ઠેડ્યા હતા.[1]

---

તા૦ ૨૨ મી સપટેમબર.

રોજ ૧૯ માહ ૧ (ક૦) ૧૧૯૧ યજદજરદી.

**મરણ**—આ૦ આંનઘર હોરમજદીઆર[2]—ઉમર વર્ષ ૭૭) એવણ ભરૂચના વતની હતા, અને કદમી રોજમાહની પેહલી તકરારની વખતે ભરૂચમા કદમીઓની તરફથી મોટો ભાગ લીધો હતો. ઈ૦ સ૦ ૧૭૬૮ માં મુલા કાઊશ રૂસતમ જલાલની સાથે કેહછે કે એવણ પણ ઈરાન ગયા હતા, લેકીન ત્યાં જઈ એકુ વર્ષમા તુરત પાછા ફરયા હતા.

---

તા૦ ૨૦ મી અક્ટોબર.

મરહુમ શેઠ જમશેદજી બહમનજી વાડીઆને તેમનાં મરણ વખતે આપેલી કબુલાત મુજબ આજ દીને તેમના વારેસોને મુંબઈની સરકાર તરફથી ૨૬૦૦૦) ની વાર્ષિક પેદાયશવાલી જમીન (તેમા ૨૪૦૦૦) ની પેદાયશવાલી છાસઠીમા અને ૨૨૦૦૦) વાલી મુંબઈમાં) ઈનામ દાખેલ આપવામા આવી હતી.[3]

---

[1] આ બધી બાબદોની નોધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારનુ દફતર કે જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફ પાસે મોજુદછે તેમા કીધેલી છે.

[2] મરહુમ શેઠ નવરોજજી દોરાબજી ચાબુકવાલાના બાપાવા, તથા ભરૂચવાલા એ૰ દાદાભાઈ ફરદુનજીના બાપાવા

[3] આ બાબેના એવણના વડા દીકરા શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ ઊપર તા૦ ૨૦ મી અક્ટોબર ૧૮૨૧ ને દીને ચીફ સેક્રેટરીની સહીના નંબર ૧૪૬૯ વાલા આવેલા પત્રમા લખેછે કે,

"That the Honorable the Governor in Council has caused orders to be issued to the Collector of Bombay and in the Northern Concun to grant to your late

### તા૦ ૧૦ મી નવેમબર.

આજ દીને અતરેની સરકારી ગોદીમા નામદાર ટ ઇડીઆ કપનીને સારૂં બાધેલુ ૮૪ ટોપોનુ વાહણુ "ગેનજીસ" પાણીમા ઉતારવાની ક્રિયા નામદાર ગવરનર એલફીનસટનને કીધી હતી. એ વાહણુ મરહુમ વડા માસ્ટર બીલડર શેઠ જમશેદજી બહમનજી વાડીઆના ઉપરીપણા હેઠળ બધાયુ હતુ, અને આ ક્રિયાની શેરટ તેમના

---

ather's family subject to the confirmation of the onorable the Court of Directors lands yielding an annual rent of Rupees six thousand by transferring in such manner as may be agreeable to you with the consent of the Ryots"

| | |
|---|---|
| dsetta | Rs 4,000 |
| ombay | „ 2,000 |
| | Rs 6,000 |

એ મૂજબ રૂ૬૦૦૦) ની પેદાયશની જમીન એવના વારેસોને આપવાનુ નકી કીધા પછી તા૦ ૨૯ મી નેવારી ૧૮૨૨ ને દીને મી૦ ફરીથ શેક્રેટરીએ શેઠ વરોજજી પર એક કાગજ લખી સીમ તથા પરેલ તરફ ૨૦૦૦) ની વાર્ષિક પેદાયશવાળી જમીનનો કબજો ાપ્યો હતો તે પછી એ જગાનુ કાએદાસર "દીડ ૉફ કનવેયનસ" તા૦ ૨૯ મી મેએ ૧૮૨૮ ને દીને રકાર તરફથી તેમના શેક્રેટરી મી૦ જાન બાકસની ડી સુધાનુ શેઠો નવરોજજી, મનચેરજી, અને ડોશાભાઇ મશેદજી વાડીઆને તેમના મરહુમ બાપની વતી કરી ાપ્યુ હતુ એ પછી છઓ બધે ભાઇઓ સાથે સમતી કરી એ જગાનો કબજો એકલા શેઠ નવરોજજી પોતાને હસ્તક રાખ્યો હતો. ત્યારબાદ એમાની ડીક જગા કે જે પરેલના સરકારી મેહલની નજદીકમા ો તે એ મેહલનો કમપાઉડ વધારવાને માટે સરકારે ૦ ૭ મી નવેમબર ૧૮૫૭ ને દીને મી૦ યગ શેક્રેટરી થકી સાધનુ એક લખત કરી શેઠ નવરોજજી વેચી લીધી હતી, અને તેની કીમતના બદલામા એઓને સટીમા મલેલા ગામોનો જે દર વર્ષે રૂ૭૧૧—૭—૭ નો થીકો ભરવો પડતો હતો, તેમાથી રૂ૫૧૧) બાદ ા હતા અને દર વર્ષે ફકત રૂ૨૦૦—૭—૭ નો કો ભરવાનુ ઠેડવ્યુ હતુ આ જગોનો થોડોક ભાગ ામા એઓના એક વારસ શેઠ ખરશેદજી નવરોજજી ોઆના સ્વાધીનમાછે

એ ઉપરાત રૂ૪૦૦૦) ની વાર્ષિક પેદાયશવાળી ીન જે છાસટી ભણી આપવાને સરકાર તરફથી હોકમ ા હતો તે મૂજબ પ્રથમમા તો એમને કાઇ ત્યા જમીન પવામા આવી નહિ, પણ એમના કાકા શેઠ હોરમ‑ ? બહમનજી વાડીઆને હસ્તક જે છાસટી માહેલા ક ગામો હતા અને જેમને પેટે તેઓ દર વર્ષે ૬૮૪—૦—૯૩ રેસનો થોકો સરકારમા ભરતા હતા, ાથી સરકારે તેઓ સાથે તા૦ ૨૪ મી મેએ ૧૮૨૭ ોને એક પત્ર લખી એવી ગોઠવણ કીધી હતી કે ા થોકાના રૂપીઆમાથી શેઠ હોરમજજીએ રૂ૪૦૦૦) વર્ષે પોતાના મરહુમ ભાઇ શેઠ જમશેદજીના વારેસોને મે સરકારે એટલી પેદાયશવાળી જમીન છાસટીમા ાપાને કબુલ કીધેલુ તેના બદલામા રોકડા ભરવા, બાકીના રૂપીઆ સરકારમા ભરવા એ મુજબ હોરમજજીએ તથા તેમની પછી તેમના વારેસોએ સ૦ ૧૮૪૧ લગણ દર વર્ષે રૂ૪૦૦૦ આપ્યા કીધા પણ પછી તેજ વર્ષમા શેઠ હોરમજજી વાલા ઉપલા ગામોનો થોકો સરકારે અમુક રકમ લઇ માફ કર્યાથી એ રૂ૪૦૦૦) ની પેદાયશવાળી બીજી જમીન શેઠ જમશેદજીના વારેસોને આપવાને સરકારને ફરજ પડી આથી તા૦ ૨૭ મી આપરેલ ૧૮૪૧ ને દીને સરકારના શેક્રેટરી મી૦ એલ આર રીડ શેઠ નવરોજજી પર એક કાગજ લખી પુછાવ્યુ કે તમોએ છાસટીમા ઉપલી રકમની પેદાયશવાલી કાઇ જમીન હોય તે બતાવવી? આના જવાબમા શેઠ નવરોજજીએ ઘટતી તલાસ કરી તા૦ ૪ થી જાનેવારી ૧૮૪૪ ને દીને મી૦ રીડ શેક્રેટરીને લખી જણાવ્યુ કે તેઓને "છાસટી માહેલા મોજે ગુહ અને એલાપારવાના ગામો આપવા, અગર તેની ઉપલી અમારી રૂ૪૦૦૦) કરતા વધારે પેદાયશ હશે તો તે વધારાના રૂપીઆના બદલામા સરકાર ઠેડવશે તે પ્રમાણેનો થોકો તેમને ભરશુ" એ ઉપરથી તા૦ ૫ મી ફેબરવારી ૧૮૪૫ ને દીને થાણાના કલેકટર મી૦ જે એસ લોએ સરકારની વતી શેઠ નવરોજજીને કાગજ લખી જણાવ્યુ કે "તમોને ઉપલા ગુહ અને એલાપારલાના ગામો સરકારે સ્વાધીન કીધાછે, અને તેની વાર્ષિક પેદાયશ બધી મલી રૂ૪૪૪૬—૪—૦ છે, માટે રૂ૪૦૦૦) બાદ કરી બાકીના રૂ૪૪૬—૪—૦ નો થોકો તમોએ દર વર્ષે સરકારમા ભરવો" એ પછી એ ગામોની પાસેની કેટલીક જગો તથા ઝાડો વગેરે શેઠ નવરોજજીએ વાપરવા માગયાથી તે તેમને આપી થોકાની રકમમા વધારો કરી બધા મલી દર વર્ષે રૂ૭૧૧—૭—૭ રેસ સરકારે લેતી કીધી હતી એ બાદ ઉપલા બધે ગામોનુ ઇ૦ સ૦ ૧૮૪૮ મા કાએદાસર "દીડ ઑફ કનવેયનસ" થાણાના કલેકટર મી૦ લોએ એવણને કરી આપ્યુ હતુ, અને તેમા એક સરત નાખી હતી કે અગર મરહુમ શેઠ જમશેદજી વાડીઆની એલાદ ખતમ થાયતો એ ગામો સરકારે પાછા લઇ લેવા એ પ્રમાણે એ બધે ગામો શેઠ નવરોજજીને હસ્તક થયા પછી તેવણે તા૦ ૧૬ મી મારચ ૧૮૫૭ ને દીને એક "તરસ્ટ દીડ" કરી એ ગામો શેઠો મનચેરજી પેશતનજી, નાનાભાઇ નવરોજજી, જાગીરજી નવરોજજી, શોરાબજી નવરોજજી, બરજોરજી મનચેરજી, અને ડોશાભાઇ મેહરવાનજી વાડીઆ એઓને તરશટીઓ નેમી તેમના સ્વાધીનમા આપ્યા હતા કે તે તરશટીઓ તેની પેદાયશ તેવણ પોતે (શેઠ નવરોજજી) જીવે જાગે ત્યાવેર તેમને આપે, અને તેમના મરણબાદ તેમના પાચ દીકરાઓને તથા તેમની પછી તેમના દીકરાઓને, અને એ પ્રમાણે વશ પરપરા તેમના મરદ વારેસોને એ ગામોની પેદાયશ મધેથી શલા પ્રમાણે વેહચી આપે ઓરત વારેસોનુ કાઇ તેપર ચાલે નહિ, અને એ ગામો કોઇથી વેચાય સતાય નહિ

ઉપલી બાબદને લગતા સઘળા કાગજો એવણના એક વારસ શેઠ દોરાબજી નાનાભાઇ વાડીઆ પાસેથી અમોએ ઉપયોગમા લીધાછે

દીકરા તે નવા ઠરેલા માસટર શેઠ નવરોજજી જમશેદજી વાડીઆને એક થાલ જોડા ભેટ આપવામા આવ્યો હતો.[૧]

તા૦ ૧૨ મી નવેમબર.

રોજ ૧૦ માહ ૩ (કો) ૧૧૯૧ યજદજરદી.

**મરણ**—નવરોજજી મેહરજી—ઉમર વર્ષ ૬૮) શેઠ ભીખાજી મેહરજીના બીજા ભાઈ. એવણુ પોતાના ભાઇઓ શેઠો ભીખાજી, દોરાબજી (દોલી મેહરજી) અને હીરજી સાથે ભાગમાં "ભીખાજી મેહરજીની કંપની" ને નામે ઇંગ્રેજ બજારમા એક મોટી સર્વે જાતના વીલાયતી સામાણુની દુકાન કાઢી બોહલો બ્યાપાર ચલાવતા હતા. તે પછી તા૦ ૯ મી મારચ ૧૮૨૦ થી એવણે પોતીકો ભાગ છોડયો હતો. આ દુકાનમાં એવણે મોટી પૂંજી મેલવી હતી. તે વેળાની મુંબઈની પારસી પચાતના એવણુ એક અકાબર ઠરેલા હતા. એવણુને પેટે કોઇ નર વારસ નહિ હોવાથી એમના મરણથી એમની ઓલાદ ખતમ થઈ હતી.

## ઈ૦ સ૦ ૧૮૨૨.

આએ વર્ષના "બોમ્બે કુરીઅર" માંથી નીકલેલાં ઇંગ્રેજી કાલેનડરમાં[૨] સઘળી બીના છેલા કાલેનડર પ્રમાણેજછે. ફકત પારસી વાહણવતીઓની ટીપમાં ગ્રીગ "જાની" નું નામ નથી, તથા વાહણુ "હેના" ના એખના શેઠ હોરમજજી બહમનજી વાડીઆ માલેક તરીકે નોધાયલા છે, અને વાહણુ "લારડ કાસ્ટલરે" ના માલેકોમાં કેપટન ગ્રીગસનું નામ નથી. એ ઉપરાત નીચલાં ત્રણુ નવાં વાહણો પારસીઓના નામ ઉપર નોધાયલાછે.

| **વાહણનું નામ.** | **માલેક.** | **ટણ.** |
|---|---|---|
| કારનવાલ ... | તુલસીદાસ માણેકજી(શોરાબજી પારખ) | ૪૨૩ |
| ચારલસ કારનસ. | હોરમજજી ભીખાજી ચીનાઈની કંપની. | ૭૧૮ |
| રાયલ ચારलोट. | ધનજીભાઈ નાનાભાઈની કંપની (ધનજી ભાઈ અને નાનાભાઈ નશરવાનજી રૂસ-તમજી બનાજી) . . . | ૪૭૧ |

સરકારી ગોદીના "બીનડરો" ની ટીપમા શેઠ જમશેદજી બહમનજી વાડીઆનું નામ નથી.

તા૦ ૧૨ મી જાનેવારી.

આજ દીને મુંબઈના કેટલાક યુરોપયન તથા દેશી બ્યાપારીઓએ અતરેના "કસટમ" ખાતાના કલેકટર મી૦ હેનરી શેનકને તેને વતન સીધારતી વેળાએ એક માન પત્ર તથા ૩૦૦) ગીનીની કીમતની "પીસ ઑફ પલેટ" ભેટ આપી હતી. આ માન પત્ર પર ૧૧ યુરોપયન પેહ-ડીઓ, ૩૨ હિંદુ, ૯ મુસલમાન, અને નીચના ૧૧ પારસીઓએ શહીઓ કીધી હતી —[૩]

હોરમજજી બહમનજી વાડીઆ, ફરામજી કાવસજી બનાજી, જમશેદજી જીજીભાઈ, ખરશેદજી અને જાંગીરજી અરદેસર દાદી, જાંગીરજી અને નવરોજજી નશરવાનજી વાડીઆ, હોરમજજી દોરાબજી લશકરી, ભીખાજી મેહ-રજીની કંપની, શોરાબજી અને શાપુરજી, શાપુરજી પેસતનજી મેહતા, જાંગીરજી કાવસજી પટેલ, ફરદુનજી શોરાબજી પારખ.

તા૦ ૨૦ મી જાનેવારી.

રોજ ૧૬ માહ ૪ (ચેં૦) ૧૧૯૧ યજદજરદી.

**મરણ**—બનાજી લીમજી બનાજી—ઉમર વર્ષ ૨૫) શેઠ લીમજી બનાજી લીમજીના દીકરા. એવણુ પોતાના બાપનાં ઈ૦ સ૦ ૧૭૫૭ મા મરણુ બાદ તેમની "બનાજી લીમજી" નાં નામથી ચાલતી પેહડીના પોતાન પિત્રાઇઓ સાથે ભાગ્યા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૭૯૩ મા ભાગ્યાઓમા વાંધો પડવાને લીવે પેહડીનું કામ ઈન-સાફની અદાલતે ચડયાથી એનણે શેઠ પેશતનજી બહમ-નજી વાડીઆ અને શેઠ અરદેસર દાદીભાઇને લવાદ ઠેરવી તેઓની મારફતે તા૦ ૨૧ મી ફેબરવારી ૧૮૦૦ ને દીને પોતાનો હીસ્સો પિત્રાઇઓ પાસેથી ચુકવી લીધો હતો, અને તે પછી પોતાને હીસાબે ટુક ટુક બ્યાપાર ચલા-વતા હતા. એનણુના એકજ્જુગ દીકરા શેઠ જમશેદજીના મરણુથી એમની ઓલાદ ખતમ થઈ હતી.

---

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૧૪ મી નવેમબર ૧૮૨૧ એ વાહણની કારીગરી બારે ગેઝેટમા લખેછે કે:—

"The science displayed in the building of this Ship, unique in her construction and the largest ship ever built in India, reflect the utmost credit on Mr Seaton, the Superintendent as well as on the Venerable Jamsetjee, and his son Nowrojee the present head builder"

[Bombay Gazette, 14th November 1821 ]

૨ The Bombay Calendar and Register for 1822

*Bombay, printed for the Proprietors, by Jos Frans De Jesus*

૩ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૩ મી જાનેવારી ૧૮૨૨

### તા૦ ૨૮ મી જાનેવારી.

### રોજ ૨૭ માહ ૪ (શે૦) ૧૧૯૧ યજદજરદી.

આજ દીને શ્રી કલકતા મધે ત્યાંના એક વ્યાપારી શેઠ નવરોજજી શોરાબજી ઉમરીગરે પોતાને ખરચે એક દોખમુ બધાવી પરહાન્યુ હતુ.[1]

---

### તા૦ ૧૧ મી ફેબરવારી.

આજ દીને અતરેના એક જાણીતા વ્યાપારી શેઠ જમશેદજી જીજીભાઇએ પોતાના વડા દીકરા શેઠ ખરશે-દજીની શેહાદીની[2] ખુશાલીમાં અતરેના મોટે વાઘેના યુરોપ્યન ગ્રહસ્થો તથા બાનુઓને જીઆફતને માટે નોત-રયા હતા; જેઓમા નામદાર ગવરનર ધી હાનરેબલ માઉંનટ સ્ટુઅરટ એલફીનસ્ટન, કમાનડર-ઈન-ચીફ, લેડી કૉનવીન, અને બીજા ઘણાઓએ હાજર થઈ માન આપયુ હતુ. પહેરાણાઓની ગમતને માટે દેશી નાચ, ગાયણ, તથા એક લશ્કરી બેન્ડ હાજર હતુ. ટેબલ તરેહ-વાર વાણાઓથી ભરપુર હતી, અને મોડી રાતેર પહે-રોણાઓએ મોજ તથા ગમત મેળવી શેઠ જમશેદજી તથા તેમની કોમ વિષે ઘણા સારા વિચારો બાંધી તથા મેજ-બાનનો ઉપકાર માની છુટા પડયા હતા.[3]

---

### તા૦ ૨૩ મી મારચ.

### રોજ ૨૧ માહ ૭ (ક૦) ૧૧૯૧ યજદજરદી.

**મરણ**—ધનજીશાહ રતનજી કપટાન[4]—ઉમર વર્ષ ૪૦) એવણ ઈ૦ સ૦ ૧૮૦૦ ને આસરે ભરૂચથી અતરે આવ્યા હતા, અને પોતાના ભાઈ શેઠ જમશેદજીના હાથ હેઠળ કોઈ પરસુ વ્યાપારીને ત્યાં રહયા હતા. એ પછી ત્યાથી નીકળી પારસી બજારમા સરાફની દુકાન કાઢી હતી, અને તે બાદ ઈ૦ સ૦ ૧૮૧૨ થી પોતાના ભાઇઓ સાથે મનબાર કોસ્તાઓ ભણીનો વ્યાપાર કરવા માડયો હતો. ઈ૦ સ૦ ૧૮૧૭ ના નવેમબર માસથી એવણે શેઠ ફરામજી જીવાજી દોડી સાથે બાગમા "ધનજીશાહ ફરામજીની કંપની" ના નામથી ચીનાયતી અફબાબ તથા દારૂકામની

---

૧ આ દોખમાનો એક ફોતોગ્રાફ એવણના નબીરા શેઠ શોરાબજી શાપુરજી બંગાલી પાસે અમોએ જોયો હતો તેમાથી જણાએછે કે દોખમાની આજુ બાજુની સઘળી જગા એક મોટી દેવાલ બાધી ઘેરી લીધીછે, અને તેની એક બાજુપર દોખમુ બાંધ્યુ છે એ જગા કલક-તાની જરથોશતી અંજુમનની હતી, અને તેની બીજી બાજુપર આ દોખમું બધાયા આગમજ ત્યાના જરથો-સ્તીઓના રવાનોને ભુમીદા કરવામા આવતા હતા, કે જે જગા પણ આજ સુધીક જુદી પાડીને દોખમાની પેલીગેર સભાળથી રાખવામા આવીછે એ દોખમાના કમપાઉ-ડની બાહેરની દેવાલ ઉપર નીચલી બે તખ્તીઓ મારેલીછે:—

"શ્રી દાદાર હોરમજદની મદદછે

"રોજ ૨૭ માહા ૪ તીર શને ૧૧૯૧ ઈઅજદે "જરદી શને ૧૮૭૮ ના માહા શુદ ૪ વાર સોમે, "તા૦ ૨૮ મી જાનેવારી શને ૧૮૨૨ અંગરેજી, શ્રી "જરતુશ પેગમબરની ભલી દીનના પારસી લોકોને સારૂ' "હમોએ હમારી જાતી મેહનતથી ને પરવરદેગારની મદ-"તથી એ નેક બેહશત મુકામની જગો બનાવીછે કે "આપડી ભલી દીનના શીકોને કામ લાગે ને હમારી "કબાએ જે કોઈ આપડી ભલી દીનના સાહેબો હોએ "તેહનાને લાજમછે કે એ જગો તથા દોખમાની હમેશા "ખબરદારી કરે

"લી૦ કમતરીન

"પારસી નવરોજજી બીન શોહરાબજી ઉમરીગરના."

"Burying ground of the Parsees purchased by their voluntary subscriptions and surrounded with a wall at the expence and under the superintendance of Nowrojee Sorabjee

Frected in Calcutta 23 Jany 1822"

એ દોખમાનો તાણો પુરવાની તથા તેને પરહવાની ક્રિઆ કરવાને શેઠ નવરોજજી પોતે ઈ૦ સ૦ ૧૮૨૧ મા મુમબઈ આવી મોબેદો લઈ ગયા હતા, તથા સઘળી ક્રિઆ અતરેવાલા દસ્તૂર એદલજી દારાબજી સંજાણાના રતવા મૂજબ કરવામા આવી હતી

૨ આ લગન આપણા મરહુમ સર જમશેદજી જીજી-ભાઈ (બીજા) બારોનેટ સી એસ આઈ. ના ભાઈ દીનબાઈ તે શેઠ દીનશાહજી દારાભાઈ શાહેરની દીકરી સાથે થયા હતા

૩ આ વેળાની શેઠ જમશેદજીની રીતભાત તથા ગોઠવણ વીષે "બોમ્બે કુરીઅર" મા નીચે મુજબ વિચાર જણાવેછે —

"The amusements provided by Jamsetjee for his guests, evinced the elegance of his taste, while the amenity of his manners afforded ample proof, that good breeding and politeness are not exclusively the attri butes of the inhabitants of the western world."

[Bombay Courier, 16th February 1822]

૪ મરહુમ શેઠો દારાશાહ તથા રૂસતમજી ધનજી-શાહ કપટાનના બાવા એવણના બાવા શેઠ રતનજી નમાજી પ્રથમમા ભરૂચના વતની હતા ત્યાથી સુરત ખાતે વણકરના ધંધા સારૂ આવી વસ્યા હતા એઓના સાત દીકરાઓ નામે નવરોજજી, દોરાબજી, જમશેદજી, કાવસજી, ફરદુનજી, બહમનશાહ અને ધનજીશાહ કરી હતા, જેઓમાના ત્રિજા શેઠ જમશેદજી પેહલવેહલા મુમબઈ આવી કોઈ પરસુ વ્યાપારીની નોકરીમા રહયા હતા તે પછી તેઓએ આસ્તે આસ્તે પુના ખાતે ધંધો કરવા માડયો, અને પોતાના સઘળા ભાઇઓને મુમબઇ બોલાવી તેમની સાથે પછવાડેથી મલબાર કોસ્તાઓ તથા સીલાન અને કોલમ્બો તરફનો વ્યાપાર કરવા માડયો હતો કેહછે કે એવણનુ વાહણ ઈ૦ સ૦ ૧૮૦૫—૬ મા કોલમ્બોથી અતરે આવતા ફરેંચોને હાથ પકડાયુ હતુ, અને તેમા એવણને પણ બંદીવાન તરીકે લઈ જઈ "કેપ-કોમોરીન" તરફ છોડયા હતા

એક મોટી દુકાન ઇંગ્રેજ બજારમાં ઉઘાડી હતી. એવણ અતરેના વ્યાપારી મંડલમાં સારી આબરૂ ધરાવતા હતા.

---

તા૦ ૨૯ મી આપરેલ.

રોજ ૨૮ માહ ૭ (શે૦) ૧૧૯૧ યજદજરદી.

**મરણ**—પેશતનજી રૂસતમજી તમના—ઉમર વર્ષ ૬૫) સુરતવાલા શેઠ કાવશજી રૂસતમજી તમનાના ભાઈ. એવણ સુરતમા પોતાના ભાઇની સાથે હકીમાનો ધંધો કરતા હતા. આ ધંધામા એવણ ઘણા ખબરદાર હોવાથી સુરતના અમીર ઉમરાવો તથા આગેવાન શેઠીયાઓનો એવણપર ઘણો એતેકાદ હતો. ગરીબ ગુરબાઓને એવણ હમેશા મુફત દવાઈ આપતા હતા. સુરતની જરથોસ્તી અંજુમનના એવણ એક અગ્રેસર હતા.

---

તા૦ ૨ જી મેએ.

રોજ ૧ માહ ૮ (શે૦) ૧૧૯૧ યજદજરદી.

આજ દીને સુરતની પાસેના સુમાલી ગામમા મુંબઈવાલા શેઠ કુવરજી માણેકજી મુકાદમે આદરાનની એક દરેમેહેર બંધાવી પરઠાવી હતી.[૧]

---

તા૦ ૧ લી જુલાઈ.

આજ દીને મુંબઈ મધે ગુજરાતી ભાષામા પેહલવેહલા વર્તમાન પત્રનો પાયો અતરેવાલા જાણીતા મોબેદ ફરદુનજી મરજબાનજીએ નાખ્યો હતો. તેવણે "મુંબઈના શમાચાર" નામનું દર અઠવાડીઆના શોમવારે પરગટ થતું એક ગુજરાતી વરતમાન પત્ર કાઢવા માંડ્યું હતું. તેનું લવાજમ દર માસે રૂ૨) ઠેરવ્યું હતું. મુંબઈના ગવરનર ધી હાનરેબલ માઉનટ સ્ટુઅરટ એલફીનસટને સરકારને ખરચે તેની ૫૦) નકલો પેહલવેહલા ઉતેજન તરીકે લેવી કીધી હતી, તથા અતરેના તેમજ બાહેર દેશાવરોના મલી ૧૪ યુરોપ્યનો, ૮ હિંદુ, ૬ મુસલમાન તથા નીચલા ૬૭ પારસીઓ તેના ઘરાક થયા હતા:—[૨]

ખાનસાહેબ અરદેશર ધનજીશાહ—સુરત, બેહરામજી ભીખાજી ભરડા—દમણ, બરજોરજી નાનાભાઈ દાવર, બહમનજી મનચેરજી ભાવનગરી—સુરત, બરજોરજી બેહરામજી લશકરી, ભીમજીભાઇ મનચેરજી મોદી—સુરત, ખરશેદજી કાવશજી બનાજી, ખરશેદજી રૂસતમજી સુરતી, કાવશજી માણેકજી મી૦ આશબરનરવાલા, કાવશજી ફરામજી બુરી, ખરશેદજી અને જાંહગીર અરદેશર દાદી, ખરશેદજી એદલજી ધનજી મેહતાના—સુરત, દાદાભાઇ કાવશજી શાહેર, ડાદાભાઈ ફરામજી મામા, ડાદાભાઇ શોરાબજી મુનશી, ડાદાભાઇ જમશેદજી વાડીઆ, દીનશાહ એદલજી ધનજી મેહતા—સુરત, મુલ્લા ફીરોજ બીન કાઉશ, ફરામજી કાવશજી બનાજી, ફરામરોજ શોરાબજી ગારડીનના, ફરામજી બહમનજી મી૦ વારડીનવાલા, ગુસ્તાદજી બેજનજી દોરડી, હોરમજજી બહમનજી વાડીઆ, હોરમજજી ભીખાજી મેહરજી, હોરમજજી દોરાબજી લશકરી, જમશેદજી જીજીભાઈ, જીજીભાઈ દાદાભાઈ, જાહગીર માણેકજી—પુના, જમશેદજી હીરજી પારખ, જમશેદજી નાનાભાઈ ગજધર. જાહગીર અને નવરોજજી નશરવાનજી વાડીઆ, લીમજી ભીખાજીના છોકરાઓની કંપની, મનચેરજી એદલજી ધનજી મેહતાના, મનચેરજી ફરદુનજીની કંપની, મેહરવાનજી માણેકજી શાહ ભરચા, મનચેરજી ધનજીભાઇ બેરાવાલા, માણેકજી નવરોજજી વાડીઆ, નશરવાનજી નવરોજજી શોરાબજી શેઠ, નવરોજજી જમશેદજી વાડીઆ, નવરોજજી શોરાબજી ઉમરીગર—કલકતા, નશરવાનજી અને ફરામજી મનચેરજી કામાજી, પેશતનજી નશરવાનજી ચીનાઇ, પેશતનજી ભીખાજી પાંડે, રતનજી બહમનજી વાડીઆ, રૂશતમજી કાવશજી બનાજી—કલકતા, શોરાબજી કાવશજી પટેલ, શાપુરજી ફરદુનજી કમીશરીવાલા—સુરત, વીકાજી મેહરજી તારાપોરવાલા, કાવશ-

---

૧ આ દરેમેહર ઊપર નીચે પ્રમાણે તખ્તી મારેલી હતી

"શ્રી દાદાર હોરમજદની મદદથી પારશી સને
"૧૧૯૧ ના વરષે રોજ ૧ ને માહ ૮, શવત ૧૮૭૮
"વૈશાખ શુદ ૧૧ વાર ગરેથી, પારશી કુવરજી માણેકજી
"ગારાવારા મુકાદમ શ્રી મુમાઈના રેવાશીએ શ્રી આતશ
"આદરાનની દરગા બંધાવીછે તારીખ ૨ મે સને
"૧૮૨૨ ઇશવી"

એ પછી લગભગ ૪૫) વર્ષે એ દરેમેહર રેતીના ઢગામા દટાઇ જવાથી ઇ૦ સ૦ ૧૮૬૮ મા એવણના બત્રિજ શેઠ રૂસતમજી શાપુરજી મુકાદમે બીજી જગાપર એવણની નઇએતે દરેમેહર બંધાવી ત્યા નવેસરથી આદરાન પરઠાવ્યા હતા.

૨ મુંબઇ ઇલાકામા પેહલવેહલું ગુજરાતી વર્તમાનપત્ર આ હોવાથી તે પત્રની શેવતે આખું વર્ષ સુધી નીચે પ્રમાણેની એલતેમાસ તેના પરવરતાવનારે છાપ્યા કીધી હતીઃ—

"શ્રી મુમબઇ મધે કોટની મારકીટમા ફરદુનજી મોબેદ મરજબાનજીના છાપાના ઇસ્તરમા છપાઇછે— અને શરવે શાહેબોની શેવામા અરજ એછે જે જે શાહેબને કાઇ વેચવા શાટવાની ખબર તથા હરેક વીદેઆની વાતો તથા કવેતા, દોહેરાવો અને એ વનાએ બીજુ જે કાઇ છપાવુ હોએ તે ખુશીથી હમારે તા મોકલે હમો તેહનો મોટો આભાર જાણીને છાપીશું અને જે શાહેબને હરેક ખબર છપાવેઆથી લાભ થાતો હશે તેહની છપામણીનો ખરચ પડશે અને તે વતરોગ બીજુ જે કાઇ છાપવા શારૂ મોકલશે તેહની છપામણીનો ખરચ પડશે નહી."

જી એદલજી, કાવસજી ફરામજી, કાવસજી કુવરજી—સુરત, બારજોરજી રૂસતમજી, નવરોજજી નાદરશાહ, જમશેદજી જામાસ્પજી, ટેહમુલજી ધનજીભાઈ શેઠી, દાદાભાઈ બારજોરજી—સુરત, દાદાભાઈ પેશતનજી, ધનજીભાઈ નાનાભાઇની કંપની, મનચેરજી નવરોજજી, મનચેરજી માણેકજી, મનચેરજી નવરોજજી, એદલજી બેહેરામજી, રૂસતમજી રતનજી, રૂસતમજી રતનજી, શાપુરજી દોરાબજી, હોરમજજી હોશંગજી.

---

તા૦ ૩ જી જુલાઈ

રોજ ૩ માહ ૧૦ (શે૦) ૧૧૯૧ યઝદજરદી.

આજ દીને મુંબઈ મધે માથ જવાના રસ્તા ઉપર શેઠ નવરોજજી કાવસજી નાળીએરવાળાએ એક દરેમેહેર બંધાવી પરઢાવી હતી.[૧]

---

તા૦ ૪ થી સપટેમબર.

સુરત મધે મરહુમ શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીના નીચવા બાઈ જાઇજીએ પોતાના ભાઇઓ શેઠો જમશેદજી તથા હોરમજજી બહમનજી વાડીઆની મારફતે શેહેનશાહી જરથોશ્તીઓને માટે એક આતશબેહેરામ પરઢાવવાની ત્યાંની અંજુમન પાસે રજા મેળવી હતી, અને તેજ દરમિઆનમાં ત્યાંના એક વતની શેઠ પેશતનજી કાશાભાઇ વગેરે પણ કદમી જરથોશ્તીઓને માટે એક બીજુ આતશબેહેરામ બંધાવવાની શરૂઆત કીધી હતી. આથી સુરતના પારસીઓમા મોટી ચરચા ઉઠી રહી હતી કે એક શેહેરમા કદી બે આતશબેહેરામ થાયજ નહિ માટે જેતે એક જણેજ તે પરઢાવવા. સુરતની પારસી પંચાતના વડા મોદી ખુરશેદજી ડોસાભાઇ તથા બીજા કેટલાક આગેવાનોનો વિચાર શેહેનશાહી આતશબેહેરામ પરઢાવવાની તરફેણમાં હતો, શબબ ત્યાં શેહેનશાહી જરથોશ્તીઓની મોટી વસ્તી હોવાથી તેઓ તેનો લાભ લે. આ ઉપરથી બાઈ જાઇજીના ભાઇઓ શેઠો જમશેદજી અને હોરમજજી બહમનજી વાડીઆની તરફથી તેમના સુરત ખાતેના મુખત્યાર શેઠો દીનશાહ અને મનચેરશાહ એદલજી ધનજી મેહતાનાએ ત્યાંની અદાલતમાં તા૦ ૧૯ મી આગસટ ૧૮૧૯ ને દીને મુજકૂર શેઠ પેશતનજી કાશાભાઈ વગેરે ઉપર રૂ૨૫૦૦૦) ની રકમની ફરીઆદી માંડી એ બાબેનો કોરટથી ફેસલો કરાવવા માગયો. તેઓએ ફરીયાદી નામામાં જણાવ્યું કે આજથી સાત વર્ષ થયા તેઓએ સુરતમાં આતશબેહેરામ પરઢાવવાની ત્યાંના મોદી ખુરશેદજી ડોસાભાઇને મરજી જણાવી હતી, અને તેનણે તે માટેની પંચાતની તરફથી પરવાનગી વકીક આપી હતી, પણ તે માટેની લાયક જગા નહિ મળવાથી આ કામ આજ સુધી મુલતવી રહ્યુ હતુ. તેટલામાં પરતીવાદીએ એક આતશબેહેરામનું કામ પંચાતના અકાબરોની રજા વગર બાંધવાને શરૂ કીધું, કે જેથી અમોએ બંધાવવા ધારેલા આતશબેહેરામના કામને હરકત નડશે, કારણકે અમારા રેવાજ મુજબ એક શેહેરમાં બે આતશબેહેરામ બંધાય નહિ. આથી તેઓએ અરજ કીધી કે પરતીવાદીને ઉપલું મકાન બાંધવાનું કામ કરતા અટકાવવાને "ઇનજંકશન" કાઢવું, અને તેઓ (વાદીઓ) ને આતશબેહેરામ બાંધવાનો કોરટ તરફથી હોકમ આપવો.

આ મુકદમો ત્યાંના જડજ મી૦ જી. ડબનયુ એતડરસનની હજુરમાં નીકળ્યો હતો. પરતીવાદી શેઠ પેશતનજી કાશાભાઈ તરફથી એવો બચાવ લાવ્યામાં આવ્યો હતો કે તેનણે થોડુ કપર ઘણી ભય ભરેલી બીમારીમાં હતા ત્યારે તેનણે કદમી તરીકા મુજબ પોતાના વતન સુરતમાં એક આતશબેહેરામ પરઢાવવાની માનતા કીધી હતી, અને તે માટે આતશ પણ મેળવ્યા હતા. તેવણે કબુલ કીધું હતુ કે સુરતમાં શેહેનશાહી પારસીઓની વસ્તી મોટી છે, પણ તેથી કાંઈ કદમી તરીકા મુજબ આતશબેહેરામ પરઢાવવાને હરકત નથી, કેમકે મુંબઈમાં પણ શેહેનશાહી પારસીઓની વસ્તી મોટી હોવા છતાં મરહુમ દાદીશેઠવાળું કદમી આતશબેહેરામ ત્યાંહાં પરઢાયલું છે વળી એક શેહેરમાં બે આતશબેહેરામ બંધાવવાની કસ્ની મનાઈ અમારા ધર્મમાં લખેલી નથી, તથા તે બાંધવા માટે પંચાતની રજા લેવાની કસસી જરૂર પણ નથી. આના ટેકામાં પરતીવાદીની તરફથી થોડાક જરથોશ્તીઓની સહીનો એક અરજ પત્ર કોરટમાં રજુ કરવામાં આવ્યો હતો, કે તેવણે (શેઠ પેશતનજીએ) બંધાવના માંડેલા આતશબેહેરામનું કામ કોરટે બંધ પાડવું નહિ, પણ જલદીથી એ મુકદમાનો ફેસલો કરવો. એમાં ઢીલ કીધાથી પરતીવાદીને ઘણી અડચણ તથા ખરચમાં આવવું પડશે, અને આતશબેહેરામને પરઢાવવાનો આએ અરદીબેહેશત મહિનો ચાલેછે તે વીતી જશેતો વળી એ કામને માટે બીજા બે વર્ષ સુધી થોભવું પડશે.

વાદીઓની તરફથી કોરટમાં સુરતવાળા મોદી ખુરશેદજી ડોસાભાઈ, દસતૂર દાદાભાઈ રૂસતમજી અને બીજા ૧૬૦૦ જરથોશ્તીઓની સહીનો એક મેહજર રજુ કરવામાં આવ્યો હતો, તેમાં તેઓએ અરજ કીધી હતી કે "વાદીઓ (શેઠો જમશેદજી તથા હોરમજજી બહમનજી વાડીઆ) એ સુરતમાં પોતાના બનેવી દાદાભાઈ નશરવાનજી મોદીની નાઇએને આતશબેહેરામ પરઢાવવાનો પોતાનો ઇરાદો અવલથી સુરતની અંજુમનને જણાવ્યો હતો, અને પરતીવાદીએ તેઓને જણાવ્યા તથા તેમની

૧ મુંબઈનો બાહાર સફે ૬૨૭.

મરજી વગર આતશબેહેરામનું કામ ચલાવ્યુંછે, કે જે મકાન અગર પરહાયતો તે થોડાક સુકીભર લોકોનેજ કામ લાગે, પણ વાદીઓવાળું આતશબેહેરામતો આખા શેહનશાહી ટોળાને કામ આવે, શબબ તેમની સંખ્યા અતી મોટીછે; તેમજ એક શેહેરમા કદી બે આતશબેહેરામ બંધાયલા નથી." વળી બીજો એક મેહજર નવસારીથી દસ્તૂર (નશરવાંનજી શોરાબજી મેહેરજી રાણાના) તથા બીજા ૨૫૦) મોબેદો અને બેહદીનોની શહી સુધાનો રજુ કરવામા આવ્યો હતો, તેમા તેઓએ જણાવ્યું હતું કે "નવસારીનું આતશબેહેરામ ત્યાંની અંજુમનની પરવાનગી લઈ બાંધવામાં આવ્યું હતું, અને તે માટે એવી પરવાનગીની જરૂરછે. અમારા વડવાઓના રેવાજ મુજબ એક શેહેરમા બે આતશબેહેરામ થાયજ નહિ." આવીજ મતલબનો એક મેહજર ભરૂચથી દસ્તૂર અસપંદયારજી કામદીનજી અને બીજા ૪૦૦ મોબેદો તથા બેહદીનોની શહીનો, તથા બીજો એક મેહજર ઉદવાડેથી દસ્તૂર દારાબજી મેહેરામજી અને બીજા ૩૭ મોબેદોની શહી સુધાનો આવેલો રજુ કર્યામા આવ્યો હતો. તેમજ શેહનશાહી અને કદમીઓ વચ્ચેના એક મહિનાના તફાવત વિષે કબીશાની તકરાર વેળાએ ઈરાનથી આવેલા મેહજરો, વગેરે કોરટમા મુકવામા આવ્યા હતા.

પરતીવાદીની તરફથી દસ્તૂરો ટેહમુલજી નવરોજજી સંજાણા તથા શોરાબજી જમશેદજી નાલાદારએ શાક્ષી આપી કે "એક શેહેરમા બે આતશબેહેરામ નહિ જોઈએ એવું કાંઈ જરથોશ્તી ધર્મમા લખેલું ફરમાન નથી, ફક્ત એમ લખાએલુંછે કે જે શેહેરમા જરથોશ્તીઓની વસ્તી હોય ત્યા એક આતશબેહેરામ બંધાવવું જોઈએ." તે ઉપરાંત કોરટે મુંબઈના શીનીયર માજીસ્ટ્રેટ ઉપર પાંચ સવાલના કાગળો મોકલ્યા હતા કે તે આદાબખશ મેહરબાંન, નામદાર જાવીદ, બેહેરામ ઈરાની, મુલા ફીરોજ બીન કાઉસ તથા કદમી અને શેહનશાહી અંજુમનના અગાબરો (શેઠો જમશેદજી તથા હોરમજજી બહમનજી વાડીઆ અને શેઠ ફરામજી કાવસજી બનાજી સિવાય) ને પુછી તેના જવાબ મોકલે. તે જવાબો આવ્યાથી રજુ કીધા હતા, તે ઉપરથી એમ સાર નિકલ્યો કે કદમી અને શેહનશાહીઓનો ધર્મતો એકજછે, લેકીન કેટલીક મોબેદોની ક્રિઆઓમા હેરફેરછે. વળી શેઠો પાલણજી કાવસજી અફુરા, રૂસતમજી નસુજી ચીનીમીની, માણેકજી મેહેરવાનજી વછ્છોરીઆ અને પેસતનજી ભીખાજીની શાક્ષી રજુ કીધી હતી, જેમા તેઓ સઘળાઓએ જણાવ્યું હતું કે વાદીઓએ આતશબેહેરામ પરડવાની અંજુમન આગળ મંદિરા જણાવી તે આગમજ પરતીવાદીએ આતશબેહેરામનું કામ શરૂ કરાવ્યું હતું. તેઓએ બીજું એમ જણાવ્યું કે, જો કે તેઓ શેહેનશાહી પંથનાછે તોપણ તેમને આ કદમી આતશબેહેરામમા જવાની કસ્સી હરકત નથી. મોદી ખુરશેદજી દાદાભાઈએ શાક્ષી આપતા જણાવ્યું કે વાદીઓએ આઠ વર્ષ થયા તેમની મારફતે આતશબેહેરામ બાંધવાની અંજુમન પાસે રજા મેળવી હતી. તેવણે (મોદીજીએ) કોઈ શેહેરમા બે આતશબેહેરામ બંધાયલા જોયા અથવા સાંભળ્યા નથી, પણ તેમના વડવાઓથી એવું સંભળાતું આવ્યુંછે કે બે આતશબેહેરામ એક શેહેરમા જોઈએજ નહિ. આ માટે કાંઈ લખેલા ફરમાન તેવણ દેખાડી શકતા નથી. શેહનશાહી પારસીઓના વડા દસ્તૂર દાદાભાઈ રૂસતમજીએ મોદીજીના જેવીજ શાક્ષી આપી તથા જણાવ્યું કે એક શેહેરમા બે આતશબેહેરામ નહિ બાંધવા વિષે પેહલવી વજરકરદ દીનીમા લખેલુંછે. શેઠો ખરશેદજી કાનાબાઈ, હોરમજજી રૂસતમજી અને હોમજી માણેકજીએ શાક્ષી આપી કે તેઓની જાંણ મુજબ વાદીઓએ સુરતમાં આતશબેહેરામ બાંધવાની અંજુમન પાસે રજા લીધીજ નથી. કદમી પારસીઓના વડા દસ્તૂર શોરાબજી રૂસતમજી કુમાનાએ જણાવ્યું કે પરતીવાદીએ આતશબેહેરામ બંધાવવાની મારી પાસેથી લાંબી મુદતની રજા લીધી હતી. એ પછી પરતીવાદીની તરફથી જંદ અવસ્તા, રેવાયત, જરથોશતનામું, સિકંદરનામું, બુરહાનેકાતેહ, વગેરે કેતાબોના ફકરા એક શેહેરમા બે આતશબેહેરામ બંધાઈ શકાય તેના ટેકામાં રજુ કીધા હતા.

એ પછી તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૨૨ ને દીને જડજ મી૦ આનડરસને આ મુકદમાનો એવો ચુકાદો કીધો હતો કે વાદીઓની તરફના પુરાવા ઉપરથી કાંઈ એવું ચોકસ શાબેત થતું નથી કે તેઓએ સુરતમા આતશબેહેરામ બાંધવા માટે અંજુમનની રજા લીધી હતી, તે સાથે એક શેહેરમા બે આતશબેહેરામ નહિ જોઈએ એવું પણ તેઓ પોતાના ધર્મ પુસ્તકોથી પુરવાર કરી શક્યા નથી, તેમજ પરતીવાદીઓથી એક શેહેરમાં એકથી વધારે આતશબેહેરામ બંધાઈ શકે એવું બરાબર પુરવાર કીધું નથી, માટે એ સઘળી વાત મોઘમમાજ રહી. તે છતા હવડા પારસીઓમા કદમી અને શેહનશાહી એવા બે તડા હોવાથી બંનેને એકકું આતશબેહેરામ જોઈએ, અને જ્યાસુધી તેમના ધર્મના કાએદાઓથી મનાઈ નહિ હોય ત્યાંલગી હરકોઈની ધણીને તે બંધાવવાની છુટછે. એમ કહી વાદીનો દાવો ખરચું સુધાં ઉડાડી નાખ્યો હતો.

આ ઉપરથી વાદીઓએ સુરતની સદર અદાલતમા આપીલ કીધી હતી, અને તે અપીલનો નીવેડો આજ દીને ત્યાંના બીજા જડજ મી૦ જેમસ મડકલાડ બંને બોરડુએ સમજુતી કરાવી આપ્યો હતો. તે એમ કે વાદીઓ તથા પરતીવાદીએ સુરતમા શેહનશાહી તથા કદમી આતશબેહેરામ પરહાવવા. તેમા વાદીએ પેહલા એટલે રોજ ૧૭ માહ ૨ શેહનશાહી ૧૧૯૩ યજદજરદી (તા૦ ૧૯ મી

નવેમબર ૧૮૨૩) ને દીને અને પરતીવાદીએ તે પછીના હરકોઈબી દિવસે પરઠાવવા. અગર તે દીને વાદી નહિ પરઠાવેતો પછી પરતીવાદીએ પોતાના આતશબેહેરામ પેહલા પરઠાવવા. પરતીવાદીને પોતાનુ આતશબેહેરામનુ કામ ચનાવતા વાદીઓની તરફથી અટકાવ થવાથી જે નુકસાન તથા ખરચ થયો તે તેણે મુકી દેવો, અને સદર અદાલતનો મસલો ખરચ વાદીઓએ આપવો. આ મુજબનું એક લખત ઘડી કાઢી તે પર બંને ખોરદુની શહી શાખ કરાવી લઈ આ મુકદમો કાઢી નાંખ્યો હતો.

એ પછી પરતીવાદી શેઠ પેશતનજીએ એક મહિનાનો લાભ લઈ કદમી ગણત્રિ મુજબ રોજ ૧૭ મો માહ ૨ જો ગણી વાદીઓની અગાઉ પોતાનું આતશબેહેરામ પરઠાવવાની કોશેશ કીધી હતી, પણ પાછુ જડજ મી૦ મહરલાંડ વચ્ચે પડી તે વાંધો ફરીથી પટાવી આપ્યો, અને શેહેનશાહી આતશબેહેરામ પેહલા પરઠાવવાની ગોઠવણ કીધી હતી.[1]

[1] Borradaile's Reports of Civil Causes adjudged by the Court of Sudder Adawlut, for the Presidency of Bombay, between the years A D 1800 and 1824, Volume II Page 412 Case No 75

એજ મુજબ વર્ષે એક બનાવ નવસારીમાં ઈ૦ સ૦ ૧૭૬૫ જી મેહેર જુરશેદજી ટેહમુરસજીએ આતશબેહેરામ પરઠાવ્યા તેવારે પણ બન્યો હતો, તે એમ કે ઊદવારેના દસતુર મોબેદોએ તે વેળાએ પણ એમ વાંધો ઊઠાવ્યો હતો કે આખા દેશમાં (ઇરાને હિંદુસ્થાનમાં) એકજ આતશબેહેરામ જોઇએ, અને એક થયલાછે એટલે બીજો કંઈ નવા પરઠાય નહિ, શબબ એક મુલકમા બે પાદશાહ હોય નહિ આ બાબતનો ફરીયાદમા તા૦ ૧૫ મી નવેમબર ૧૭૬૪ ને દીને ત્યાના દસતુર રૂસતમજી શેહેરીયારજી તથા બીજા ૨૧ મોબેદોની શાહી સુધાના સુરતના દસતુર તથા શેઠ (મોદી) તથા હમકાર તથા શમશત અંજુમન જોગ તેઓએ લખેલા એક પત્રની નકલ અતરેવાલા દસતુર એરચજી શોરાબજી મેહરજી રાણા પાસે અમોએ જોઈ હતી, તેમા તેઓ લખેછે કે આપણા બુજરોગોને "દીનના પાદશાહની દરકાર હતી તેથી દીન મુઆફિક તેણાએ શ્રી આતશબેહેરામ પરઠેઆ કાએજે દીનનો પાદશાહ એક મલુક બસ—તેથી દીનનુ કામ ચાલે—ને આજે એ લોક પોતાના જોર ઊપર મગરૂર થાઈ અદાવતે બીજા આતશબેહેરામ કરવા માગેછે તે દીનની રાહે થનાર નથી . . . . . તમો વીચારજો જે આજ એનાને શું અટકોછો જેને એ લોકોને શીજના (આતશબેહેરામનાં) દરશણની બાકીછે તે આહા (ઊદવારે) આવેછે કદમબોશી કરી પોતાની મોરાદ હાશેલ કરી જાએછે આહા એનાને કોણ મોનએ થાએછે અસલમા પણ (આતશબેહેરામ) શ જાણ હતા તેવારે ખંભાએત તથા ભરૂચ તથા નોશારી, સુરત વગેરેથી આવતા શરવે અંજુમન કદમબોશી કરી જાતા. જો નવા કરતેતો તે લોક કરતે કાએજે તે લોક કમ નહી હતા પણ તેણાએ નવુ નહી કીધુ કાએજે દીનનો પાદશાહ એકજ હોએ"

તા૦ ૨૯ મી સપટેમબર.

રોજ ૨૬ માહ ૧ (કદમી) ૧૧૯૨ યજદજરદી.

**મરણ**—રતનજી બહમનજી વાડીઆ—ઉમર ૪૬ ૫૮) શેઠ બહમનજી લવજી વાડીઆના ત્રીજા દીકરા. એઓણ પોતાના બોહલા વાડીઆ કુટુંબમાં "રતનજી કાકા" ને નામે ઓળખાવાથી બાહેરના લોકો પણ એમને એજ નામથી પીછાણતા હતા. એઓણ ઈ. સ. ૧૭૯૯ થી પોતાના વડા ભાઇ શેઠ જમશેદજીના હાથ હેઠળ મુંબઈની ગોદીમા "આસીસટંટ માસટર બીલડર" હતા, અને મરણ લગણ તેજ જગાપર કાયમ હતા. ફારસી તથા ઇંગ્રેજી ભાષામા એઓણ ઘણા ખબરદાર હતા, અને અતરેની પારસી પંચાતના એક અકાબર તથા "બોમ્બે નેટીવ એડયુકેશન સોશાઇટી" ની કમીટીના ઈ૦ સ૦ ૧૮૨૦ થી એક અધિકારી ઠર્યા હતા.

---

તા૦ ૩૦ મી સપટેમબર.

આએ વર્ષમા ગુજરાત ભણી પુષ્કળ વરસાદ પડવાથી સુરત તથા ભરૂચમા તેમજ તેમની આસપાસના ગામોમા મોટી રેલો આવી હતી, જે "માહાજગત રેલ" ને નામે આજ સુધી જણાયછે. ભરૂચમા ગઈ તા૦ ૧૫ મી સપટેમબરે નર્મદા નદીના પાણી ચડી ગયાથી આખા શેહેરમા પાણી પાણી થઈ ગયુ તથા હજારો જાનવરો ધસડાઈ ગયા, અને ત્યાનુ કતપોરનું બજાર તથા દાડીઆ બજાર અને આસપાસની ઘણીક દુકાનો તથા ઘરો બેસી ગયા, અને નદીના પાણી તથા ફાટા તળાવ તથા જાહેદશરી તળાવ સર્વે એક થઈ ગયા. પારસીઓના ઘણાક ઘરો આ રેલથી નાશ પામ્યાં હતા.

એજ પ્રમાણે તા૦ ૨૧ મી સપટેમબરે સુરતમા પાણી ચડી વળ્યા હતા, અને ત્યાના ૧૨ દરવાજા મહેથી ૧૧ દરવાજા રેલના પાણીથી ભરાઈ ગયા, અને ફકત શાહપોરની ભાગળનો એક દરવાજો સલામત હતો સુરતના પરાના ઘણા લોક આ રેલમા ધસડાઈ જતે પણ ત્યાના કોટવાલ ખાન સાહેબ અરદેસર ધનજીશાહે છ દિવસ અને રાત ભારે મેહનત તથા ખરચ કરી ખુદ પોતે શાહપુરી ભાગલ આગલ બેસીને ઠેકાણે ઠેકાણે મછવા મોકલાવીને હજારો આદમી ડુબી જતા બચાવ્યા, તથા તેમને ખોરાક પાણી પોહચતો કીધો હતો[2]

[2] મુંબઈના શમાચાર, તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૨૨ આ રેલની વખતે કોટવાલ અરદેસરે કીધેલી મેહનતની સ્તુતીમા સુરતના એક જાણીતા શાહેર હારેજ દાઊદે કેટલાક ફારસી બેતો જોડયા હતા, તે બેતો તથા તેનો ગુજરાતીમા નાનાભાઇ અંબારામે કરેલો તરજુમો સુરતથી કોઇએ અતરે મોકલી તા૦ ૨ જી ડીસેમબર ૧૮૨૨ ના મુંબઈના શમાચારમા છપાયો હતો

### તા૦ ૧ લી અકટોબર.

આજ દીને મરહુમ શેઠ રતનજી બહમનજી વાડીઆના ઉઠમણાની મજલેશમાં તેમના દીકરાઓ શેઠ અરદેશર તથા રૂસતમજી રતનજી વાડીઆએ રૂ૧૦૦૦) ની ચીઠી શેઠ હોરમજજી બહમનજી વાડીઆનાં નામ ઉપર લખી પચાતના ધર્મ ખાતાંમા આપી હતી.

વળી એજ દીનેની મજલેશમાં સર્વે અંજુમનનાં એકમતથી મરહુમ શેઠ રતનજીની જગોએ તેમના ભત્રિજા શેઠ નવરોજજી જમશેદજી વાડીઆને પચાતના અકાબર ઠેરવ્યા હતા.[1]

### તા૦ ૯ મી અકટોબર.

આજ દીને સુરત મધે નામદાર કપની સરકારના હોકમથી ત્યાના જડજ મી૦ રોમરે એક મોટી દરબાર ભરી ખાન સાહેબો શીરોજશાહ તથા અરદેશર ધનજીશાહને તેઓએ સરકારની બજાવેલી કીમતી નોકરીઓના બદલામા એક ખેલાત તથા જાગીર ભેટ આપી હતી. આ દરબાર સવારના ૮ કલાકે ભરાઈ હતી, અને તેમા સુરતના નામદાર નવાબ કમરોદોલેહ હશમત જંગ બાહાદોર, તથા મોટે વાધેના પારસીઓ, હિંદુઓ, મુસલમાનો, અને સઘળા સરકારી અમલદારો હાજર થયા હતા. પ્રથમમાં બે સરકારી અમલદારોને શેઠ શીરોજશાહને ઘર તેમને એસ્તેકબાલ લેવાને મોકલ્યા હતા, તેમની સાથે તેવણ આવ્યા અને સઘળાઓને અદબ બજા લાવી બેઠા. એ પછી મી૦ રોમરના હોકમથી શેઠ અરદેશર (કે જેવણ અદાલતના અમીન પણ હતા) શીરોજશાહને એક જુદી કોઠડીમા લઈ ગયા, અને ત્યાં તેમને સરપાવના કપડા પેહડાવી બંધે ભાઈઓ બાહેર આવ્યા તથા અદબ બજાલાવી પોતાની જગાપર બેઠા. ત્યાર બાદ એક ફરમાન વંચાયુ જેમા શેઠ શીરોજશાહે નામદાર સરકારની બજાવેલી કીમતી નોકરીઓની કદર બુજી મુંબઈની સરકાર તરફથી તેમને જાહેરમાં સરપાવ આપવાનો તથા કાંઈ જાગીર બખ્શીશ કરવાનો હોકમ લખેલો હતો. તે વંચાયા પછી શેઠ અરદેશરે એક જવાહેરાતનો શરપેચ લાવી મી૦ રોમરની હજુરમા મુકયો, અને તે તેણે (મી૦ રોમરે) પોતાને મુબારક હાથે શેઠ શીરોજશાહને ગલે બાંધ્યો, તથા ચમરી, આફતાબગીરી, છટા, ચોબદાર, પાલખી, વગેરે તેમને એનાયત કીધુ. આ વેળાએ ચોબદારોએ બુલંદ અવાજથી "સરફરાજ શુદંદ, સરફરાજ શુદંદ" કરી બે મરતબે બાગ મારી, અને શેઠ શીરોજશાહ સર્વે દરબારને નમ્યા. એ પછી મી૦ રોમરે શેઠ અરદેશરને પણ એક સરપાવ તથા સાજદાર ઘોડો બખશેશ આપ્યો, અને દરબાર બરખાસ્ત થઈ નીચે પ્રમાણેની સવારી સાથે એ બંધે ભાઈઓને પોતાને ઘેર વદાય કરી આવ્યા—

પ્રથમમાં નવાબનો રેસાલો તથા હાથી,
તેની પછવાડે અદાલતનો રેસાલો,
તે પછી શેઠ અરદેસર સાજદાર ઘોડા ઉપર,
તેમની પાછળ ગારડના આસરે ૨૦૦) સિપાહીઓ,
તેની પછવાડે સદર અદાલતનો રેસાલો,
તે બાદ મી૦ રોમર તથા કલેકટર અને તેમનો રેસાલો,
તેમની પાછળ સર્વે ચોબદારો મોટે અવાજે પોકાર મારતા,
અને સર્વેથી છેલ્લા શેઠ શીરોજશાહ પાલખીમાં સવાર.[2]

### તા૦ ૧૩ મી અકટોબર.

રોજ ૧૦ માહ ૧ (શે૦) ૧૧૯૨ યજદજરદી.

આજ દીને બાઈ આઇમાએ તે શેઠ ખરશેદજી માણેકજી શરાફના બેટી તથા [illegible] નશરવાનજી બનાજીનાં ધણિઆણીના ઉઠમણાની મજલેશમા તેમના બાવાએ રૂ૨૫૦) તથા બાવ દે[illegible]) ની તદરીરની પઢાની હતી કે તેને રૂપીઆ પચાતને [illegible] એવી સરતથી આંપવા કે તેનુ જે વાજ ઉપજે તે દર વર્ષે એ મરહુમ બાઈના પુનને માટે પચાતના ધાહમબારના ખરચમા વાપરવુ, અને મુદલ નાણુ અનામત રાખવુ.[3]

### તા૦ ૨૧ મી અકટોબર.

રોજ ૨૩ માહ ૨ (ક૦) ૧૧૯૨ યજદજરદી.

**મરણ**—મોદી જમશેદજી બોગાભાઈ—ઉમર વર્ષ ૬૮) મોદી બોગાભાઈ જીજીભાઈના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૭૧ માં પોતાના બાપના મરણ પછી તેમના બીજા ભાગયાઓને જુદા કરી ઈસ્ટ ઇંડીઆ કપનીનાં લશ્કર ખાતાને સરંજામ પુરો પાડવાનુ કામ ચનાવતા હતા. આગના વખતની મુંબઈની પારસી પચાતના એવણ એક મુખ્ય તથા આગેવાન અકાબર હતા. મુંબઈમા ઈ૦ સ૦ ૧૭૮૩ થી એવણે પણ શેઠ દાદીભાઈ નોશરવાનજીની સાથે પેહલવેહલો કદીમ રોજ માહ પઢવો શરૂ કીધો હતો. એ પછી ઈ૦ સ૦ ૧૭૯૬ મા એવણને વ્યાપારમા મોટુ નુકશાન ગયુ હતુ, તથા ઈ૦ સ૦ ૧૮૦૧ થી તે પોતાના મરણ સુધીની લાંબી મુદત દીવાનાપણાની

---

[1] આ બધી બાબદોની નોધ મુંબઈની આગલી પારસી પચાતના કારોબારનુ દફતર કે જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફ પાસે મોજુદ છે તેમા કીધેલી છે.

[2] મુંબઈના શમાચાર, તા૦ ૨૧ મી અકટોબર સને ૧૮૨૨.

[3] મુંબઈના શમાચાર, તા૦ ૧૨ મી આપરેલ ૧૮૨૪ (સંવત ૧૮૮૦ ના કારતકથી તે ફાગણ માસ સુધીનો પચાતનો છપાયલો હીસાબ).

હાલતમાં ગુજરી હતી. એવણના બે દીકરાઓ બેહમનજી. તથા ડોશાભાઈ નામે હતા, તેમાં પેહલા પણ બાપની માફક દીવાનાપણાની હાલતમાં તથા બીજો જવાન વયે મરણ પામ્યા હતા, જેથી એનણની ઓલાદ ખતમ થઈ હતી.

તા૦ ૨૯ મી અકટોબર.

રોજ ૨૧ માહ ૨ (કo) ૧૧૯૨ યજદજરદી.

**મરણ**—મરજબાન ફ્રાઉન્ટ મુનજમી[1]—ઉમર વર્ષ ૬૦) અતરેનાં "મરજબાન" ખાનદાનના વડવા એવણ ઈ૦ સ૦ ૧૮૦૭) ને આસરે પોતાના જન્મ વતન સુરતથી અતરે આવ્યા હતા, અને મોબેદીનો ધંધો કર્યા ઉપરાંત કદમી ૫ થના છોકરાઓને જ઼ંદ અવસ્તા શિખાડવાની એક નિશાળ કાઢી હતી. એવણ ફારસી ભાષામા તથા રમલની વિદ્યામા ઘણા ખબરદાર હતા.

તા૦ ૩૦ મી અકટોબર

'રોજ ૨૭ માહ ૧ (શ૦) ૧૧૯૨ યજદજરદી

**મરણ**—દસ્તૂર નોશરવાનજી શોરાબજી મેહરજી રાણાના[2]—ઉમર વર્ષ ૬૨) નવસારીવાળા દસ્તૂર સોરાબજી રૂસ્તમજી મેહરજી રાણાના ત્રિજા દીકરા. એવણને ઈ૦ સ૦ ૧૮૦૬ મા પોતાના ભાઈ દસ્તૂર ફ્રામજીના મરણ પછી નવસારીના વડા દસ્તૂરની જગા મળી હતી

તા૦ ૧૯ મી નવેમબર.

રોજ ૧૭ માહ ૨ (શ૦) ૧૧૯૨ યજદજરદી.

મરહુમ સેઠ શોરાબજી માણેકજી સેઠનાએ ઈ૦ સ૦ ૧૭૯૬ મા પોતાના બાપ મરહુમ સેઠ મનચેરજી બેહમનજી સેઠનાને નામે મુંબઈના આહેરકોટ ખાતે જે દરેમેહર બંધાવી હતી તે જુની થવાથી તથા તેની ઈમારત બાએમા બેસી જવાથી તેમના વારેસોએ તે નવેસરથી બંધાવી, તેમા નવા આદરાન કરી, આજ દીને તે મરહુમ સેઠ મનચેરજી બેહમનજી તથા સોરાબજી માણેકજીને નામે પરઠાવી હતી[3]

તા૦ ૨૩ મી નવેમબર.

મુંબઈની નામદાર સરકારની આગેવાની હેઠળ આએરલંડ મધે દુકાળના સબબથી પીડાતા ગરીબ લોકોના આશ્રાને માટે અતરે એક ઉઘરાણું કરવામાં આવ્યુ હતુ, જેમા ઘણાખરા સરકારી નોકરો તથા અમલદારોએ નાણાની નાધની નાધની રકમો આપી હતી, તથા નીચલી રકમ પારસીઓએબી ભરેલી હતી[4]—

| | | |
|---|---|---|
| મેહરવાંનજી ફ્રામજી (મીલીટરી આડીટર જનરલની આફીસના કલાર્ક) . | ૩ | ૨ |
| હીરાજીશાહ ધનજીશાહ, સુરતવાળા . | ૨૨૦૦ | |
| શોરાબજી કાવસજી પટેલ (સરકારી બોટ કનાકટર) . . . .. . . | ૩ | ૧૫ |
| જીવણજી એદલજી, વ્યાપારી . | ૨ | ૧૦ |

સરકારી "વેરહાઉસ" ખાતાના કલાર્કો.

| | | |
|---|---|---|
| દાદાભાઈ મેહરવાનજી . .. | ૨ | ૧૫ |
| નશરવાંનજી એદલજી . . | ૩ | ૩ |
| ફ્રામજી બરજોરજી ..... . .. | ૩ | ૨ |
| એદલજી ધનજી . . . | ૩ | ૧ |
| રૂસ્તમજી હોમજી .. .... . . | ૨ | ૨ |

તા૦ ૯ મી ડીસેમબર

રોજ ૭ માહ ૩ (શ૦) ૧૧૯૨ યજદજરદી

**મરણ**—દસ્તૂર દાદાભાઈ રૂસ્તમજી સુરતવાળા[5]—ઉમર વર્ષ ૫૯) સુરતના વડા દસ્તૂર કાઉસજી રૂસ્તમજીના બીજા ભાઈ. એવણ ઈ૦ સ૦ ૧૮૧૨ મા દસ્તૂર કાઉસજીના મરણ પામવાથી, તેઓના એકજ દીકરા ૬૦ બરજોરજી જન્મથી મુગા તથા બેહરા હોવાથી તેમની જગાપર સુરતની શેહનશાહી જરથોસ્તી અંજુમનના દસ્તૂર કડયા હતા.

તા૦ ૧૫ મી ડીસેમબર.

આજ દીને દસ્તૂર ફરદુનજી દારાબજી જામાસપ આશાનાએ "દીન હદીશ" નામની જરથોસ્તી મજહબને લગતી એક ચોપડી ફારસીમાથી ગુજરાતી ભાષામા તરજુમો કરી પોતે કાઢેલા એક નવાં છાપખાનામાથી છાપી બાહેર પાડી હતી[6]

[1] મરહુમ મોબેદ ફરદુનજી મરજબાનજીના બાવા

[2] નવસારીના હાલના વડા દસ્તૂર દારાબજી માહીયારજીના બસાવાના બાપાવા

[3] મુંબઈના સમાચાર, તા૦ ૨૫ મી નવેમબર અને તા૦ ૯ મી ડીસેમબર ૧૮૨૨

[4] બાંમ્બે કુરીઅર, તા૦ ૨૩ મી તથા ૩૦ મી નવેમબર ૧૮૨૨

[5] સુરતવાળા દસ્તૂર નશરવાનજી કેખશરૂના બાપાવા

[6] "દીન હદીશનો તરજુમો, ફારસી જુબા મધેથી ગુજરાતી જુબાનમાહા કીધોછે માજદીઅસ્નાની દીનનાં લોકોને વાચવાને શારૂ એ કિતાબ મમબઈ મધે કમતરીન ફરદુનજી દશતુર દારાબજીના કારખાનામાહા છપાઈછે. રોજ (૧૩) મા (૩) રશમી મા (૪) કદમી શને (૧૧૯૨) ઇઅજદજરદી તા૦ (૧૫) મી ડીસમબર શને (૧૮૨૨) અંગરેજી"

### તા૦ ૧ લી અકટોબર.

આજ દીને મરહુમ શેઠ રતનજી બહમનજી વાડીઆનાં ઉઠમણાની મજલેસમા તેમના દીકરાઓ શેઠ અરદેશર તથા રૂસતમજી રતનજી વાડીઆએ રૂ૧૦૦૦) ની ચીઠી શેઠ હોરમસજી બહમનજી વાડીઆના નામ ઉપર લખી પંચાતનાં ધર્મ ખાતામાં આપી હતી.

વળી એજ દીનેની મજલેસમાં સર્વે અંજુમનનાં એકમતથી મરહુમ શેઠ રતનજીની જગાએ તેમના ભત્રિજા શેઠ નવરોજજી જમશેદજી વાડીઆને પંચાતના અકાબર ઠેરવ્યા હતા.[1]

### તા૦ ૬ ઠી અકટોબર.

આજ દીને સુરત મધે નામદાર કંપની સરકારના હોકમથી ત્યાના ... ૧૧ હિન્દુઓના, ૨ મુસલમાનોના, ૧ યાહુદીનો, તથા બીજના ૩૧ પારસીઓના શેરો હતા.—

| | |
|---|---|
| જમશેદજી જીજીભાઈ .... | ૫ |
| નવરોજજી જમશેદજી વાડીઆ . | ૪ |
| ફરામજી કાવસજી બનાજી .... | ૨ |

અને બીજવા પારસીઓના નામપર એકેકો શેર હતો:—

હોરમસજી દોરાબજી વછાછી, ખરશેદજી અરદેસર દાદી, જહાંગીરજી અરદેસર દાદી, કાવસજી માણેકજી હાથીવાળા, બીમજી કાવસજી બનાજી, ખરશેદજી કાવસજી બનાજી, હોરમસજી ધનજી પટેલ, પેશતનજી ભીખાજી પાંડે, ખરશેદજી માણેકજી સરાફ, સોરાબજી નાવરોજી પટેલ, ફરામજી સોરાબજી ડેડીમની, ફરદુનજી બીમજી પાંડે, માણેકજી સોરાબજી પારખ, ધનજીભાઈ નસરવાનજી બનાજી, જહાંગીરજી નસરવાનજી વાડીઆ, જહાંગીરજી ફરામજી નાનાભાઈ, મેહેરવાનજી નવરોજજી નાળીએરવાળા, બરજોરજી રૂસતમજી મોદી, એદલજી સોરાબજી પારખ, નવરોજજી નસરવાનજી વાડીઆ, શાપુરજી પેશતનજી મેહેતા.

#### નવી બોમ્બે ઇનસુરનસ સોસાઇટીના પારસી ભાગીદારો.

આ મુદતમા આ કંપનીના રૂ ૩૫૦૦૦) ની કીમતના ૯૦ શેરો હતા, તેમા ૫૪ અંગ્રેજોના, ૪ હિંદુઓના, ૧ ફરંગીનો તથા બીજના ૩૧ પારસીઓના શેરો હતા.

| | |
|---|---|
| હોરમસજી બહમનજી વાડીઆ .... | ૫ |
| જમશેદજી જીજીભાઈ ....... | ૪ |
| ફરામજી કાવસજી બનાજી ....... | ૨ |
| ફરદુનજી બીમજી પાંડે ....... | ૨ |

દરબારને નમ્યા. એ પછી મી૦ રોમરે શેઠ અરદેસરને પણ એક સરપાવ તથા શાનદાર ઘોડો બક્ષેશ આપ્યો, અને દરબાર બરખાસ્ત થઈ નીચે પ્રમાણેની સવારી સાથે એ બધે ભાઇઓને પોતાને ઘેર વદાય કરી આવ્યા—

પ્રથમમા નવાબનો રેસાલો તથા હાથી,
તેની પછવાડે અદાલતનો રેસાલો,
તે પછી શેઠ અરદેસર શાનદાર ઘોડા ઉપર,
તેમની પાછળ ગારડના આસરે ૨૦૦) સિપાહીઓ,
તેની પછાડે સુ[?]ર અદાલતનો રેસાલો,
તે બાદ મી૦ રોમર તથા કલેકટર અને તેમનો રેસાલો,
તેમની પાછળ સર્વે ચોપદારો મોટેઅવાજે પોકાર મારતા,
અને સર્વેથી છેલ્લા શેઠ ફીરોજશાહ પાલખીમા સવાર.[2]

આ ઉપરાંત બી[?] ઘણી બાબદો ડરની માફકજછે. ફકત પારસી વાહણવટીઓની ટીપમા વાહણ "હેના" તથા "કારનવાલીસ" પારસીઓનાં નામ પર નથી, અને બીજવા બે નવાં વાહણો તેમના નામપર ઉમેરાયાછે.

| વાહણનું નામ. | માલિક. | ટણ |
|---|---|---|
| લોરડ કાસલ | જમશેદજી જીજીભાઈ અને બોમનજી | ૫૮૬ |
| એડમનસ્ટન | હોરમજી કાવસજી પટેલ . | ૪૪૫ |

### તા૦ ૧૮ મી જાનેવારી.

રોજ ૨૭ માહ ૪ (શે૦) ૧૧૯૨ યજદજરદી.

આજ દીને સુરત મધે રૂસતમપરાને દસતુરજીવાના મોહોલામા મરહુમ શેઠ શાપુરજી બમાભાઈ દોટીવાલાનું બંધાવેલું આતશ્ગાહ કે જે ગયે વર્ષની આગમાં બળી ગયું હતું, તે પાછું તેમના એક કુટુંબી શેઠ રૂસતમજી અમરદરજી આરીટનવાલાએ બંધાવી તેમાં નવા આતશ્ગાહ નશીનથીન કીના હતા.[3]

1 "શીખતર મરેની ભોખતેચર ભાવનમી ગરાબર, પ્રમાને, અંગરેજ વેઆકરણની કેતાબનો તરજુમો તથા થરહે ગુજરાતી બોલીમા આ૦ અરદેશેરજી બેહેરામજી લથકરીનાએ ગુજરાતી વાચનારાવોને અંગરેજી વીદ્યા શીખવા વાસ્તે કીધોછે એ કેતાબ શ્રી મુમબઈ મધે ફરદુનજી મોબેદ મરજબાનજીના કારખાનામો થઈ ૧૮૨૨ અંગરેજના વરસમો છપાઇછે"

એ કેતાબના દીબાચામા મોબેદ ફરદુનજી મરજબાનજી લખેછે કે:—

"પછે તે ગરામરની કેતાબને એ કમતરીને આ૦ અરદેશેરજી બેહેરામજી લથકરી સાથે મળીને ગુજરાતી બોલીમો તરજુમો કીધોછે."

2 The Bombay Kalendar and Register for 1822. Bombay printed for the Proprietors, by Jos. Francisco De Jesus.

3 આ દરેમેહર ઉપર હમણાં તજી મારેલી નથી, પણ એના નવેસરથી મરામતનો ઉપલો હાકડો વાર રૂસતમ પરાવાળા દસતુર દારાબજી ખરશેદજી દારાબ પાલણજીએ સવાલી આપેછે.

### તા૦ ૨૩ મી જાનેવારી
### રોજ ૨૨ માહ ૫ (ક૦) ૧૧૯૨ યજદજરદી.

**મરણ**—ફરામજી પેશતનજી મામા[1]—ઉમર વર્ષ ૬૦) શેઠ પેશતનજી મેહેરવાનજી હોમજીના વડા દીકરા. એવણ શેઠો ખરશેદજી તથા જાહાંગીરજી અરદેશર દાદીના મામા હોવાથી સર્વેમા "ફરામજી મામા" ને નામે ઓળખાતા હતા. પ્રથમમા એવણ પોતાના મામા શેઠ દાદીભાઈ નોશરવાનજીની પેઢીપર હતા, અને તેમના મરણ બાદ મલબાર કોસ્તા તથા મસ્કત બાજુએથી જુદી જુદી જાતના કરીયાણા મંગાવી તેનો વ્યાપાર શા૦ ભવાની દેવરાજની સાથે કરતા હતા. તે પછી ચીનનો વ્યાપાર પણ કરવા માંડયો હતો.

---

### તા૦ ૨૫ મી જાનેવારી

આજ દીને મરહુમ શેઠ ફરામજી પેશતનજી મામાના ઉઠમણામા તેમના દીકરાઓએ રૂ૧૦૦૦) ધર્મ ખાતે આપવાની તંદરોસ્તી પઢાવી હતી. તેમા રૂ૫૦૦) કદમી પાહેબારના ફંડમાં, તથા રૂ૫૦૦) આંધલા પાંગલા તથા નાચાર જરથોસ્તીઓની પરવરસી કરવાના ફંડમા ભર્યા હતા.[2]

---

### તા૦ ૧૦ મી ફેબરવારી

આજ દીને મુંબઈના આગેવાન દેશી ગ્રહસ્થોનુ એક ડેપ્યુટેશન અતરેની કૌનસીલના એક અધિકારી ઓનરેબલ અલેકઝાનડર બેલ, કે જે છેલ્લા ત્રિસ વર્ષ સુધી મુંબઈ ખાતે હતો, તેને પોતાને વતન સિધારતી વેળાએ એક માન-પત્ર આપવાને માટે તેના રેહવાના મકાનમા ગયુ હતુ. શેઠ હોરમસજી બેહમનજી વાડીઆએ તેઓની ત્યાં ભેગા થવાની મકસદ ટુંકમા કહી સમજાવી, અને મી૦ બારડનને માનપત્ર વાંચી સંભળાવવાને અરજ કીધી. આ માનપત્રમા મી૦ બેલને જણાવ્યુ હતુ કે તેઓની તરફથી ઇંગલાંડમા મીસીઅરસ બ્રેઝેટ, કારકપુઆર, શાફરડની કંપની તેમને ૬૦૦) ગીનીની કીમતની એક "સીસ-ઑફ-પ્લેટ" ભેટ આપશે તે તેણે મેહેરબાની કરી દેશીઓ તરફના માન દાખલ કબુલ રાખવી. આ માનપત્ર પર ૬ હિંદુ, ૩ મુસલમાન, અને નીચલા ૧૮ પારસીઓની સહીઓ હતી —[3]

શેઠો હોરમસજી બેહમનજી વાડીઆ, નવરોજજી જમશેદજી વાડીઆ, ખરશેદજી અરદેશર દાદી, જાહાંગીરજી અરદેશર દાદી, ફરામજી કાવસજી બનાજી, જમશેદજી જીજીભાઈ, જાંગીરજી નશરવાનજી વાડીઆ, નવરોજજી નશરવાનજી વાડીઆ, લીમજી કાવસજી બનાજી, સોરાબજી કાવસજી પટેલ, હોરમસજી દોરાબજી લશકરી, ખરશેદજી કાવસજી બનાજી, દાદાભાઈ પેશતનજી વાડીઆ, નવરોજજી કાવસજી નાળીએરવાળા.

---

### તા૦ ૧૮ મી ફેબરવારી.

આજ દીને શેઠ હોરમસજી બેહમનજી વાડીઆના છોકરાઓના લગન[4] હોવાથી તેની ખુશાલીમા એઓના ઘર આગલ મુંબઈના સઘળી ઝાતના દેશીઓની એક મોટી ઠઠ શાહજનમા મળીહતી, તેમજ અતરેનો ગવરનર ઓનરેબલ માઉન્ટ સ્ટુઅરટ એલફીનસ્ટન, તથા તેનો રેસાલો અને બીજા આસરે ૨૦૦ ઇંગ્રેજ અમલદારો તથા વ્યાપારીઓ પણ શાહજનમા બીરાજયા હતા. છોકરાઓના આશીરવાદ ભણવાની ક્રિઆ નામદાર ગવરનરે જોયા પછી તે થોડોકવાર નાચના દીવાનખાનામા બીરાજી વદાય થયો હતો. એ પછી લગનનુ સરઘશ કાઢવામા આવ્યુ હતુ કે જે જોવાને આખા કોટનુ લોક તુટી પડયુ હતુ.

આ વેળાએ શેઠ હોરમસજીએ આપણા લોકોમા લગનની રીતભાત તથા પેહેરામણીના જે બેહદ ખરચો થતા હતા, તેમા પોતાને ઘેરથી સુધારાની પેહેલ કાઢી હતી, અને નવસારીના ચાલ પ્રમાણે ૩ વાસણ, ૬ રૂપીઆ, અને ૧ સાડી રૂ૨૫) ની કીમતમા આપી તથા અપાવી હતી.[5]

---

[1] એવણના બાવા શેઠ પેશતનજી મેહેરવાનજી હોમજી પોતાના પિત્રાઈ શેઠ દાદીભાઈ નોશરવાનજીની સાહેતા હેઠલ મલબાર કોસ્તાઓ તરફથી જુદી જુદી જાતના કરીયાણા મંગાવી તેનો વ્યાપાર કરતા હતા. તેમના બાવા શેઠ મેહેરવાનજી હોમજી સાધારણ રીતે "મેહેલી હોમજી" ના નામથી ઓળખાતા હતા. તેવણ પોતાના ભાઈ શેઠ નશરવાનજી હોમજી (નસલી હોમજી) સાથે વાહણોના નોલની દલાલી કરતા હતા. તે વેળાની મુંબઈની પારસી પંચાતના તેવણ એક અકાબર હતા. ઈ૦ સ૦ ૧૭૫૭ મા મુંબઈના ગવરનર રીચરડ બુચીઅરે એવણ તથા પરબુ રામાજી પુતલાજીને તેઓએ સરકારની કાંઈ ચોકસ નોકરીઓ બજાવાથી પરેલ તરફ "સોનોથો" નામની જગાપર ત્રણ જમીનના ટુકડાઓ જાગીર તરીકે વગરવરા ભેટ આપ્યા હતા. મુંબઈના કોટમા કીંગ બરાખની પછવાડે "મેહેરવાનજી હોરમજી સ્ત્રીટ" ને નામે જે મોહલો હાલ ઓળખાએછે તે એવણના નામ ઉપરથીછે, કેમકે ત્યાં એવણ તથા એવણના વારેસો ઘણી મુદત સુધી રહેલા હતા.

[2] મુંબઈના સમાચાર, તા૦ ૨૭ મી જાનેવારી ૧૮૨૨

[3] બોમ્બે કુરીઅર, તા૦ ૨૨ મી ફેબરવારી ૧૮૨૩

[4] આ લગન શેઠ હોરમસજીના નાંધલા દીકરા શેઠ અરદેસરના બાઈ પીરોજબાઈ તે શેઠ અરદેસર રતનજી વાડીઆની બેટી સાથે, તથા એવણની (શેઠ હોરમસજીની) નાંધલી દીકરી બાઈ ખરશેદબાઈના શેઠ મનચેરજી પેશતનજી વાડીઆ સાથે થયા હતા.

[5] મુંબઈના સમાચાર, તા૦ ૨૪ મી ફેબરવારી ૧૮૨૩

તા૦ ૬ ઠી માર્ચ.

રોજ ૪ માહ ૬ (શેં૦) ૧૧૯૨ યજદજરદી.

આજ દીને નવસારી મધે શેઠ હોરમજજી મનચેરજી બાબા, કેરાવાળાએ ૧૯૫ પાયીનું એક દોખમું બંધાવી પરઠાવ્યું હતું. તેના જશનની ક્રિયામાં જરથોસ્તીઓનો એક મોટો મેળાવડો થયો હતો, જેમાં ૩૦૦૦ નવસારીના અને ૭૦૦૦ બાહેરના લોકો આવ્યા હતા. જશનની ક્રિયા પુરી થવા બાદ શેઠ હોરમજજીએ નવસારીમાં ૮૦) વીઘા જમીનનો એક વજીફો કે જે તેવણે વેચાતો લીધો હતો તે ત્યાંના વડા દસ્તુર કેમતમજી નવરવાનજી મેહરજી રાણાને ભેટ આપ્યો હતો. એ બાદ સર્વે લોક નેઆરતનું જમન સરી વડાએ થયા હતા, અને આખો દિવસ નવસારીમાં લોકોએ ખુશીખુરમીથી ગુજાર્યો હતો

એ દોખમું પરઠાવાની બે માન આગમજ બાહેર દેશાવરો બાજેથી બેસુમાર પારસીઓ, હિંદુઓ, તથા મુસનમાનો વગેરે તે જોવાને આવ જાવ કર્યા કરતા હતા. જેઓમાં વરાદરવાળો મીનાગમ બાપુ, સચીનવાળો નવાબ બાપુ તથા નવસારીવાળો અમીન જમાદાર, બાપુજી મુખી, તેમજ બીજા ગરગામડાના દેસાઇઓ, મોટી સવારીઓ લઈ આવ્યા હતા. એ દોખમું પરઠાવવા માટે શેઠ હોરમજજી બાબા જેવારે મુંબઈથી નવસારી આવ્યા, ત્યારે તેમને એસ્તેકબાલ લેવાને દેસાઇજી, દસ્તુરજી, તથા સર્વે અંજુમન દશ બાર કોશ લગણ ગયું હતું, અને હોલ તાસા ગુસા વગેરે ધામધુમ તથા આદરભાવથી તેમને શેહેરમાં લાવ્યા હતા.[૧]

---

તા૦ ૧૭ મી માર્ચ.

રોજ ૧૫ માહ ૭ (શેં૦) ૧૧૯૨ યજદજરદી.

મરણ—બહમનજી હોરમજજી બેહરામાઇ—ઉમર વર્ષ ૪૫) શેઠ હોરમજજી બોહરામાઇના બીજા દીકરા.

---

એવણ પ્રથમમાં પોતાના મામા શેઠ નાનાભાઇ બહમનજી જીવાના હાથ હેઠળ વ્યાપારનાં કામમાં પડેલા હતા. ત્યાર બાદ શેઠ આરદેસર દાદીભાઇની મારફતે તેમની આડતમાં આવતા વીલાયતી વાહણોના કુબાનનું કામ કરતા હતા. ઈ૦ સ૦ ૧૮૧૦ મા શેઠ આરદેસરના મરણ પછી એવો પોતાનો એકવાહિદો વ્યાપાર કરતા હતા. એવણ પોતાના એક દોસ્તની સાથે વાડીથી જમીને રાતના ૧૦ કલાકને અમલે ઘોડાની ગાડીમાં બેસી આવતા હતા, તેવામાં મેદાનમાં દારૂનાં કર આગળ અચાનક ગાડી ઉપરથી પડી ગયા, અને ત્યાંથી ઘેર લાવે તેટલામાં એમનું મરણ નીપજ્યું હતું.[૩]

---

તા૦ ૨૬ મી માર્ચ.

રોજ ૨૪ માહ ૬ (શેં૦) ૧૧૯૨ યજદજરદી.

મરણ—બેહરામજી નાનાભાઇ દાવર—ઉમર વર્ષ ૬૮) દાવર નાનાભાઇ બેહરામજી બનાજીના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૮૮ મા પોતાના બાપનાં મરણબાદ તેમની "બનાજી લીમજી" ના નામથી ચાલતી પેઢીના પોતાના ભાઇઓ તથા પિત્રાઇઓ સાથે ભાગ્યા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૭૯૩ મા ભાગ્યાઓમાં વાંધો પડવાને લીધે પેઢીનું કામ ઇનસાફની અદાલતે ચડ્યાથી એવણ પોતાને હીસાબે ચીન ખાતેનો મોટો વ્યાપાર ચલાવતા હતા. આ માટે એવણે "કારટીયર" નામે પોતાના બાપની પેઢીનું વાહણ પોતાનાં નામપર પાડી રાખ્યું હતું. એવણને પેટે કોઈ નર વારસ નહિ હોવાથી પોતાનો સઘળો વહીવટ પોતાની એકપુરી દીકરીના દીકરા શેઠ હોરમજજી દોરાબજી પટેલને હવાલે કરી ગયા હતા.

---

તા૦ ૧૮ મી આપરેલ.-

રોજ ૧૭ માહ ૮ (શેં૦) ૧૧૯૨ યજદજરદી.

મરણ—આરદેસર દાદાભાઈ સાહેર[૪]—ઉમર વર્ષ ૪૫) શેઠ દાદાભાઈ કાવસજી સાહેરના વડા દીકરા. એવણ પોતાના બાપની ધ ગ્રેટ બજારમાંની વીલાયતી સામાનની મોટી દુકાનનો વહીવટ ચલાવતા હતા, અને બાપની હયાતીમાંજ મરણ પામ્યા હતા. એવણના પુનને માટે એમના બાવાએ ઈ૦ સ૦ ૧૮૨૯ મા સુરતની પાસેના ભાઠાં ગામમાં એક મોટો બે ડોળ ફેરે તેવડો કુવો ત્યાંની રૈયતને બંધાવી આપ્યો હતો.

---

[૧] મુંબઈના સમાચાર, તા૦ ૧૭ મી મારચ ૧૮૨૩. આ દોખમાની સામેની એવજેજ બંધાવેલી સગડી ઉપર નીચે પ્રમાણેની તખ્તી કોતરેલી છે —

"સંવત ૧૮૭૭ ના વરખે ચૈત્ર સુદ ૨ વાર બુધ
" રોજ ૩ અરદીબેહસ્ત માહ ૭ મેહેર સને ૧૧૯૦ યેઝ
" દજરદી. નેકનામ બેહેદીન શેઠ હોરમજજી મનો-
" ચેરજી ઉરફે બેહેરામે શ્રી પાક દખમું તથા સગડી
" બંધાવું છે. મુંબઈનાંએ ના ; ."

એ તખ્તીમાં જણાવેલા દિવસે આપણે આગળ સફે ૧૫૩ મે જોયા મુજબ એ દોખમાનો તાલો પુરાયો હતો.

[૨] શેઠ હોરમજજી, નાનાભાઇ (નાથાશેઠ) તથા ડોસાભાઇ બહમનજી બોહરામાઇના બાવા. એવણના બાવા શેઠ હોરમજજી બોહરામાઇ તથા તેમના ભાઈ શેઠ બેહરામજી બોહરામાઇ અગરે આગલા વખતમાં જાણીતા વ્યાપારીઓ જણાતા હતા. તેમના બાપ બોહરામાઈ મનચેરજી સુરતથી ઈ૦ સ૦ ૧૭૮૦ ને આસરે અત્રે આવ્યા હતા, અને તે વેળાની મુંબઈની પારસી પંચાતના એક અગાવર હતા.

[૩] મુંબઈના સમાચાર, તા૦ ૨૪ મી મારચ ૧૮૨૩.

[૪] શેઠો ગોરાબજી તથા નવરોજજી કાવસજી સાહેરના બાવા.

તા૦ ૪ થી મેએ.

રોજ ૭ માહ ૮ (શે૦) ૧૧૯૨ યજદજરદી.

**મરણ**—શાપુરજી કાવસજી શોખેદાર[1]—ઉમર વર્ષ ૫૮) શેઠ કાવસજી લીમજી શોખેદારના દીકરા. એવણુ પોતાના બાપના મરણ પછી તેમની જગાપર અતરેની માડવી (ઈધાને કસ્ટમ) ખાતામા શોખેદાર (ઈનિસપેકટર) ના ઓહ્યા ઉપર પોતાના મરણ લગણ હતા. એ ઓહ્યો એવણે સતાવાળાઓની તથા વ્યાપારી મંડળની મનપસંદ જ ભરી રીતે બજાવ્યાથી વારંવાર સરકાર તરફથી શાબાસી પણ મેળવી હતી.

---

તા૦ ૨૧ મી મેએ.

રોજ ૨૦ માહ ૮ (શે૦) ૧૧૯૨ યજદજરદી.

**મરણ**—મેહરવાંનજી રૂસતમજી વખારીઆ[2]—ઉમર વર્ષ ૮૦) એવણુ સુરતના ઈસ્ટ ઇંડીઆ કંપનીના વ્યાપાર ખાતામા ઈ૦ સ૦ ૧૭૬૯ થી કપડની તપાસ કરનાર અમનદાર[3] કડયા હતા. તે ઉપરાંત ઈ૦ સ૦ ૧૭૮૭ થી કંપનીની કોઠીમા દલાલી તથા નાણાંની લીધદેંણ પણ કરવા લાગા હતા. પોતાના મરણની બાર વર્ષ આગમચ એવણે પેનશન લેઇ લીધુ હતુ. સુરતની પારસી પંચાતના એવણુ એક મુખ્ય અકાબર હતા, તથા પંચાતને લગતા વજીફાઓ અને ધર્મના કામોની જાગીરોના ખત પત્રો સુરતની પંચાતે એવણુને હસ્તક સોપેલા હતા.

---

તા૦ ૨૬ મી મેએ.

આજે અઠવાડીઆમા મુંબઈ મધે શેઠ હીરજી નવરોજજી હીરામાણેક (નાહેર) ને ત્યા તેમના એક દીકરાના લગન હતા, તે દીને સવારના કલાક ૮ ને અમલે આશીરવાદ ભણાવી લગનની ક્રિયા પુરી કીધી હતી. મુંબઈ મધે પારસીઓમા પેહલવેહલા સવારના લગન આજે થયા હતા.[4]

---

તા૦ ૨૭ મી મેએ.

રોજ ૨૬ માહ ૮ (શે૦) ૧૧૯૨ યજદજરદી.

આજ દીને બાઈ રતનબાઈ તે મરહુમ શેઠ નશરવાનજી માણેકજી વાડીઆના વીધવાના ઉઠમણામા તેમના દીકરાઓ શેઠો જાહાંગીરજી તથા નવરોજજી નશરવાનજી વાડીઆએ રૂ૨૦૦૦) પંચાતનાં ધરમખાતામાં આપ્યા હતા.[5]

---

તા૦ ૨૮ મી મેએ.

રોજ ૨૭ માહ ૮ (શે૦) ૧૧૯૨ યજદજરદી.

**મરણ**—પથકી દોરાબજી ફરામજી[6]—ઉમર વર્ષ ૭૫) એવણુ મુંબઈમાના ઘણાખરા જાણીતા પારસીઓને

---

[1] એવણના બાવા શેઠ કાવસજી લીમજી શોખેદાર પણ મુંબઇના માડવી ખાતામા ઘણી લાંબી મુદત સુધી શોખેદારના ઓહ્યા ઉપર હતા, અને અતરેના સઘળા વ્યાપારીઓ તથા પારસીઓમા સારીપેઠે જાણીતા હતા મુંબઈના કોટમા "કાવસજી શોખેદાર લેન" ને નામે જે મોહલો જણાયલોછે તે એવણના નામ ઉપરથીછે

[2] એવણના બાવા શેઠ રૂસતમજી જમશેદજી સુરતમા એક મોટા વ્યાપારી હતા, અને તે ઉપરથી તેમને નવાબની દરબારમાં તથા ઇંગ્રેજી કોઠીમા પણ વગ વસીલો હતો. સુરતની જરથોસ્તી કોમમા પણ તેવણ એક આગેવાન અકાબર હતા તેમના બાવા જમશેદજી હીરજી તથા વડવાઓ હીરજી રતનજી અને રતનજી પદમજી પણ સુરતના જાણીતા રેહવાસીઓ હતા

[3] Examiner of Piece Goods in the Commercial Residents Department at Surat.

[4] આજે અસાધારણ બનાવ વિષે તે વેળાના સમાચારમા તેના અધીપતી મોબેદ ફરદુનજી મરજબાનજી ખુશાલી બતાવી લખેછે કે:—

"પારસી લોકો શ્રી ઈરાન દેશથી શ્રી હીનદોસતાન આવેઆ પછે એ લોકોમા હેવોબી એક ચાલ પડેઓ હતો જે છોકરાના લગન કરે તેહવારે એક લગન આજે સાહાંજના કરાવે તો બીજુ લગન તેહને બીજે દને પાછલી રાતના કરાવે પછે પછવાડેથી એ ચાલ લોકોને ભારી પડેઓ તેહવારે થોડાને ડાહેઆ લોકોએ એહવો ચાલ કાહાડેઓ જે બીજુ લગનની તેજ દીને પાછલી રાતના કરાવે અને એ ચાલ હજુસુધી ચાલેઓ જાએછે પણ હમણે થોડાએક વરસ થએઆ શ્રી મુમબઈ મધે એક પારસી નામે હીરજી નવરોજી હીરામાણેકના કરીનેછે તે માણસ ઘણુ ડાહીલો અને શેઆણુછે તેણે પોતાને ઘેરથી હેવો ચાલ કાહાડેઓ જે પાછલા પોહોરના ૪ કલાકને અમલે એકજવાર લગન કરાવેઆ અને પાછલી રાતના લગન કરાવાની મેહનત કાહડી નાખી, પછે થોડા લોકો તેહને જોઇને એજ રીતે પાછલા પોહોરના એકજવાર આશીરવાદ કરાવા લાગા અને વલી એજ પારસી હીરાજીએ આજે અઠવાડીઆમો પોતાના છોકરાના લગન હતા તે સહુવારના કલાક ૮ ને અમલે એકજવાર લગન કરાવી નચીંત થઇને પોતાને ઘનથી લાગો, અને હેવો નીતનો વેહવા કીધો જે ન પઇશો ખરચવો પડેઓ ન મેહનત કરવી પડી, અને નહી કોઇની ખુશામત કરવી પડી. નહી ઢોલ વજડાવેઆ અને નહી ગીત ગવડાવેઆ સહુવારમો જે કામ પોતાનુ કરવુ હતુ તેરસુજ કરીને સુખેથી નચીંત થાએઓ હેવો સુણગારો કર નીકલેએ તે સાભલીને ડાહેઆ અને શેઆણા પારસી લોકો હતા તે ખુસી થાએઆ."

[5] મુંબઈના સમાચાર, તા૦ ૧૨ મી આપરેલ ૧૮૨૪ (સંવત ૧૮૮૦ ના કારતકથી તે સરાવણ સુધીનો પંચતનો છપાયલો હીસાબ)

[6] એવણ આગલા વખતની પંચાતના અકાબર મરહુમ આ૦ કાવસજી બચાજીના જિમાઇ હતા.

ત્યાના પંચકી હતા, તથા તે વેળાની મુંબઈની પારસી પંચાતના ઘણા અસનયીજ એક અકાબર ઠરેલા હતા. કેહકે કે આગલા વખતની મુંબઈની પારસી પંચાતને લગતી ઘણીક ખબરો તથા જુના બંદોબસ્તો શેઠ ખરશેદજી માણેકજી સરાફને એવણે લખાયા હતા.

---

તા૦ ૨૯ મી મેએ.

સુરતવાલા મોદી ખુરશેદજી ડાહાભાઈ કે જેઓ થોડુંક થયું મુંબઈ આવેલા હતા, તેમને આજદીને પોતાને વતન પાછા સીધારતી વેળાએ અત્રેની પારસી પંચાતના અકાબરોએ શેઠ હોરમસજી બહમનજી વાડીઆના ઘરમા બા આબરૂ સાથે બોલાવી મુંબઈની સમસ્ત અંજુમનની તરફથી એક ચાલજોડો બેઠ કીધો હતો. તે પછી કેટલાક મોટા સાહેબો તેમને માન સાથે રવાને કરવા ગયા હતા.[1]

---

તા૦ ૬ મી જુન.

સુરત મધે મરહુમ શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીની નાયએ તે તેમના વીધવા બાઈ જાઈજીએ પોતાના ભાઈ શેઠ હોરમસજી બહમનજી વાડીઆની મારફતે જે આતશબેહરામ પધરાવવાનું કામ શરૂ કીધું હતું તેને માટે વીજળીના આતશની જરૂર હોવાથી શેઠ હોરમસજીએ કલકત્તા ખાતે પોતાના આડતીઆ શેઠ નવરોજજી શેરાબજી ઉમરીગરને લખ્યું હતું જે હર તદબીરથી તે આતશ લઈને મુંબઈ મોકલે. આ ઉપરથી શેઠ નવરોજજીએ કલકત્તાના પોતાના જરથોસ્તી દોસ્તોની સાથે મળી તે આતશ કેવી રીતે મેળવ્યો અને કેમ મુંબઈ મોકલ્યો તે બાબેનું એક પત્ર તા૦ ૧૫ મી મેએ ૧૮૨૩ ની તેહીખનું કલકતેથી ૭ આગેવાન જરથોસ્તીઓની સહી સાથનું લખી "મુંબઈના સમાચાર" ના અધીપતી ઉપર મોકલ્યું હતું, અને તે આજના સમાચારમા મશહુર છપાયું હતું. જેમા તેઓ લખેછે કે,

"શ્રી કલકત્તા મધે પેશ પાર પારસી રૂસતમજી માણેકજી બનાજીનાની એક જગોહ છે તાહા રૂડું દાખમાનો નગીદરૂ છે તે જગો ઉપર એ ધણીએ પોતાની ખુશીને વાસ્તે એક બગીચો તથા ઘર બનાવેલું છે. તાહા હમેશા હર આતવારને દીને પોતાના દોસ્તોને લઈને જવાનો આદત ગમ્મતેછે તે ચાલ પરમાણે રોજ ૩ જે આરદીબેહેશત અને માહા ૬ મે આદર કદમી માહા ૮ મી આવા રોજ સને ૧૧૯૨ ઈઆજદેજરદી, તા૦ ૪ થી મેએ ૧૮૨૩ અંગરેજી, સંવંત ૧૮૭૯ નાં ખાજે ચઈતર વદી ૯ ને રવેવારને દીને પોતાના દોસ્તોને લઈને તે જગો ઉપર ગએઆ હતા. તાહા તે દીને શાંજને વખત કલાક પાંચ ને અમલે હમો નીચે સહીના કરનારાઓ નદીના કીનારા ઉપર બેઠેલા હતા તેટલામા એક તોફાની વાદળ ચઢ આવીઉ તેમાથી એકાએક ઉપરાઉપરી વીજળીઓ થાવા લાગી. તેટલામા પાક પરવરદેગારની બખશેશથી હમો બેઠેલા હતા તાંહાથી કદમ ૪૦ ને આશરે કેરનાં જાહાડ હતાં તે ઉપર વીજળી પડી તેથી કેટલીએક કેરી બળી ગઈ તેહવામા એક માલીએ આવીને ખબર આપી જે કેરનાં જાહાડ ઉપર વીજળી પડીછે તે સાંભળતાંજ હમો સઉ દોડીને બગીચામા જઈને જે કેર ઉપર વીજળી પડી હતી તે મધેથી એક સુકી ડાહાલ બળતી હતી તે ડાહાલને પારસી નવરોજજી શેરાબજીએ પોતાને હાથે ભાગીને તેહનો આતશ તાકીદથી ઘર મધે લાવીને ધુપ્પડ તથા રૂ તથા લાકડા મુકીને ઘણીએક ચોકસાઈથી આતશ રોશન કીધો. પછે તેજ વેળાએ હમો સવનાઓ ,મળીને નીઆએશ કીધી. પછે સારી રાત તે આતશ રોશન રાખેઓ અને હમોએ ઘણીએક તપાસ કરેઆ કીધી પછે બામદાદને વખત એ આતશને લઈને આએ પાર આવીને પારસી નવરોજજી શેરાબજીના ઘરમા એક જગો આતશ રાખવાની મુકરર કીધીછે તાહા તે આતશને મુકેઓ કાએજે તે જગો ઉપર હમેશ શ્રી કલકત્તાનાં રેહવાશી બધી માજદીઅશની દીનના લોકો હરરોજ બંદગી તથા નીઆએશ કરવા સારૂં આવેછે....... ......
અને એ આતશ સારૂં એક ધુપદાનુ બનાવીને તે મધે મુકીને ઘણીએક ચોકસાઈથી વાહાણ ૧ નામે મુંબઈ કપતાન પારકરવાલાં મધે હમો સવનાઓ સાથે જઈને ચડાવી આપેઆ છઈએ. અને એ આતશની ખીદમતમા ૨) બેહેદીનોને આપાછે જે ઘણીજ તજવીજથી એ આતશને સારા રોશનનો રોશન રાખીને લઈ જાએ ........"

આ પત્ર ઉપર નીચલા જરથોસ્તીઓની સહીઓ હતી,

નવરોજજી શેરાબજી ઉમરીગર, રૂસતમજી કાવસજી બનાજી, દોરાબજી બેહરામજી બગાલી, નવરોજજી જમશેદજી, બહમનજી રતનજી, મેહરવાનજી લીમજીભાઈ બોલીમોરીઆ.[2]

---

તા૦ ૧૨ મી જુન.

આજ દીને મુસલમાનોની ઈદનો તેહવાર હોવાથી સુરત ખાતે ત્યાના નવાબ સાહેબ મીર અફજલોદીનખાન કમરૂદીલ હશમતજંગ બાહાદોરને ખાંનસાહેબ શેરાજાહ ધનજીશાહે તેની મુબારકબાદીમા પોતાને મકાને બોલાવ્યા હતા. ત્યાં ઘણી ધામધુમ સાથે નવાબ સાહેબ બેઠકમાં આવી બીરાજ્યા, અને શેઠ ધીરાજશાહને તકીઆ

---

૧ મુંબઈના સમાચાર, તા૦ ૨ જી જુન ૧૮૨૩

૨ મુંબઈના સમાચાર, તા૦ ૯ મી જુન ૧૮૨૩

બક્ષીશ કીધો, જેથી બીજાઓમાં સર્વને ઘણો હરખ ઉપજ્યો, કારણ આજસુધી નવાબ સાહેબ તરફથી કોઇને તરીકે બક્ષીશ થયો હતો નહિ.[1]

---

તા० ૧૪ મી જુન.

રોજ ૧૪ માહ ૧૦ (કo) ૧૧૯૨ યજદજરદી.

**મરણ**—ફરામજી મનચેરજી કામાજી[2]—ઉમર વર્ષ ૪૩) શેઠ મનચેરજી કામાજીના વડા દીકરા. એવણે ઈ० સ० ૧૮૦૦ ની આગમજ ચીન ખાતે પોતાના પિત્રાઈ શેઠ હોરમસજી એદલજી કામાના હાથ હેઠળ બેવાર સફરો કીધી હતી. તે પછી મુંબઈ આવી ચીનનો વ્યાપાર તથા આડતનું કામ મોહટા પાયા ઉપર ચલાવવા માંડયું હતું. એઓનો વ્યાપાર મુખ્ય કરી અફીણ, મોતી-મોરકામ, ચીનાઈ કપડ, અફીમ તથા બીજા પરચુરણ સામાનનો હતો, અને તેમાં મોટી પુંજી મેળવી હતી. એ પછી એવણે પોતાના બંને ભાઇઓ શેઠ હોરમસજી તથા નશરવાનજીને પોતાની સાથે શામેલ કરી પ્રથમમાં "ફરામજી તથા નશરવાનજી મનચેરજી કામા" અને તે પછી "નશરવાનજી તથા ફરામજી કામા" ને નામે પેહડી ચાલુ કીધી હતી.

---

તા० ૧૪ મી જુન.

સ્કોટલંડ દેશનાં ગરીબોનાં બાળકોને કેળવણી આપવા માટે ઉભી થએલી મંડળીના ફંડને માટે મુંબઈમાં નામદાર ગવરનર હાનરેબલ માઉનટ સ્ટુઅરટ એલફીનસટનને આગેવાની કરી એક ટીપ ઉભી કીધી હતી, જેમાં નીચલા પારસીઓએથી રકમ ભરી હતી.[3]

શેઠ હોરમજજી બહમનજી વાડીઆ . ૫ ગીની.
શેઠ ધીમજી કાવશજી બનાજી. . . . ૫ ગીની

---

તા० ૧ લી જુલાઈ.

આજ દીને મજગાંમ મધે "બેલવીડરની ટેકડી" નીહોન ઉકરજી નામના એક પારસી તાડીના પીઠાવાલાનું કોઇએ ખુન કીધું હતું. મરનારની પાસે થોડાક પૈસા હતા તે લુટવાને અર્થે કોઈ ચંડાળે એ કરમ કીધેલું હશે એવું ધારવામાં આવતું હતું. તેની છાતી ઉપર એક મોટો પથ્થર મેલેલો તથા ગળામાં ફાસો નાખેલો હતો. પોલીસે તે ખુન કરનાર ચંડાળને પકડી આપનારને રૂ૩૦૦) નું ઈનામ છપાવ્યું હતું.[4]

---

તા० ૯ મી આગસ્ટ.

રોજ ૧૦ માહ ૧૧ (શે०) ૧૧૯૨ યજદજરદી.

**મરણ**—ફરામજી જીજીભાઈ મલાબેલાલા—મપરાજના એક જાણીતા વ્યાપારી. એવણ મેનરાજ ખાતે રહી ત્યાં મનબાર કોસતા સાથનો મોટો વ્યાપાર ચલાવતા હતા, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા.

---

તા० ૧૯ મી સપટેમબર.

રોજ ૨૧ માહ ૧૨ (શે०) ૧૧૯૨ યજદજરદી.

**મરણ**—રૂસતમજી જીજીભાઈ પાછા—ઉમર વર્ષ ૪૫) મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટના ભાઈ. એવણ પોતાના જન્મ ગામ નવસારીથી અતરે આવી પોતાના નાહના ભાઈ શેઠ જમશેદજીની તરફથી કલકતા ખાતે વ્યાપારને માટે ગયા હતા, અને મુંબઈ તરફ પાછા ફરતા ત્યાંની ખાડીમાં વાહણ ભાગવાથી ડુબી ગયા હતા. એવણને પેટે કોઈ નર વારસ નહિ હોવાથી એમની ઓલાદ ખતમ થઈ હતી.[5]

---

તા० ૨૦ મી સપટેમબર.

રોજ ૨૨ માહ ૧૨ (શે०) ૧૧૯૨ યજદજરદી.

આજ દીને સુરત મધે રૂસતમપરામે દસ્તૂરજી વાચા મોહલામાં ઉમરીવાળા પટેલ મેહરજીભાઈ તથા નાનપરા વાળા શેઠ રતનજી છીબગરજીએ એક દરેમેહર બંધાવી પરઠાવી હતી.[6]

---

તા० ૧૫ મી અકટોબર.

આજ દીને શમસત પારસીની પંચાત શેઠ હોરમસજી વાડીઆના ઘરમાં મળી હતી તે વેળાએ દેસ્તુર સરેશતા મુજબનું કામ કીધા બાદ પંચાતના બે અધિકારીઓ શેઠ નવરોજજી મેહરજી અને પથકી દોરાબજી ફરામજીનાં મરણથી ખાલી પડેલી બે જગાઓપર શેઠ

---

[1] મુંબઈના શમાચાર, તા० ૨૩ મી જુન ૧૮૨૩

[2] શેઠો મનચેરજી, પેશતનજી, બહમનજી, તથા ડોસાભાઈ ફરામજી કામાજીના બાવા

[3] બોમ્બે કુરીઅર, તા० ૧૪ મી જુન ૧૮૨૩

[4] બોમ્બે કુરીઅર, તા० ૫ મી જુલાઈ ૧૮૨૩

[5] મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટ પોતાના એ ભાઇના પાલક થવાથી, જરથોસ્તી દીન આઈનને લગતી ક્રિઆઓમાં એ મરહુમ બારોનેટ સાહેબનું નામ એવણની સાથે (જમશેદજી બે० રૂસતમજી કરી) દેવામાં આવેછે

[6] એ દરેમેહર અસલમાં પાલણજી હોમાજી શેઠ નામના બેહદીને બંધાવેલી હતી, પણ તે ઈ० સ० ૧૮૨૨ ની મોટી આગમાં બળી જવાથી પાછી નવેસરથી ઉપલા બંધ ગ્રહસ્થોએ બંધાવી હતી. વળી એ પણ જુની થઈ પડી ભાગવાથી પાછળથી મુંબઈવાલા શેઠ પેશતનજી નશરવાનજી બાટલીવાલાએ તે ફરી નવેસરથી બંધાવી આપી હતી

જમશેદજી જીજીભાઈ અને આ૦ હોરમજજી દોરાબજી લઘકરીને નેમયા હતા.[1]

---

*તા૦ ૧૮ મી અકટોબર.

આજ દીને મુંબઈની શમસ્ત પંચાત શેઠ દાદીભાઈ નોશરવાનજીનાં આતશબેહેરામમાં મળી હતી, જે વેળાએ આપણા લોકોમાં મરણ તથા લગનને લગતા કેટલાક બંદોબસ્તો કરવામાં આવ્યા હતા, કે જેની મતલબ નીચે પ્રમાણેની હતી:—

### મરણના બંદોબસ્તો.

કોઈબી બાનુંદે તેડાં વગર હરકોઈની રવાનની ક્રિયાની મજલેશમાં આશીરવાદ લેવાને જવું નહિ, તથા કોઈબી બેહદીને પોતે બોલાવ્યા હોય તે ઉપરાંત બીજા અજાણ્યુ બાનુંદોને આશીરવાદ આપવી નહિ. રવાનનાં ચેહારૂમ, દશમાં, માસીસો, વરસી અને દર વર્ષની બાજો ઉપર બાણું, મીઠાઈના ખુમચા, તથા વાસણ કુસણ એકએકને ઘેર મોકલવાં નહિ. કોઈ નાબાલગ વહેમાન થાય ત્યારે એક દિવસ, વર્ષ દાહડાથી તે સાત વર્ષનું રવાન થાય ત્યારે ત્રણ દિવસ, અને સાત વર્ષથી વધારે ઉમરનું રવાન થાય ત્યારે દસ દિવસ સુધી ઓરતોએ ઘરમાં પાયદસ્ત રાખવું. તેથી વધારે દિવસો રાખવું નહિ, અને ઘરમાં રડાકુટ તથા માતમપોસી ચલાવવી નહિ. આપણાંમા ઉઠમણાંની મજલેશમા જે કોઈ દસ્તૂર બેસેછે તેની પાસે બીજા દસ્તુરોને બેસવાને અવાગનવાર બીનાઓ થાયછે તે સઘળું નાબુદ કરવાને વાસ્તે ઠેરાવ્યુછે જે હવેપછી હરેક મજલેશ મધે પ્રથમ નીચના દસ્તૂરો બેશે.

પેહલા દસ્તૂર બરજોરજી જમશેદજી નોસારીવાલા બેશે.
બીજા દસ્તૂર મુલ્લા ફીરોઝજી કાઉસજી બેશે.
ત્રીજા દસ્તૂર એદલજી દારાબજી સંજાણા બેશે.
ચોથે મેહરજી રાણાના ખાનદાનનો જે કોઈ વડો હોય તે બેશે

એ પ્રમાણે ચાર દસ્તૂરો બેસા પછી જે કોઈ બીજા દસ્તૂરો તથા પંથકી મુગ્ત તથા નવસારીમાં બેસેછે તે પ્રમાણે બેસે સકે. અને તેનાની પાસે બીજા સારા બેહેદીનો હોય તે પોતાની ઉમર પ્રમાણે બેશે.

### લગનના બંદોબસ્તો.

જ્યારે કોઈ જરથોસ્તી પોતાના છોકરા છોકરીને અદરાવે ત્યારે માછલી અથવા મેવો અથવા હરકોઈ બીજી જનસ રૂ૦॥ થીતે રૂ૨) સુધીની વેહવાઈને ઘેર મોકલે. પરબો તથા તેહવારો ઉપર છોકરાને ઘેર બોલાવે ત્યારે ફકત એક નાળીએર તેને આપે અને જુરીઆત હોયતો રૂ૦॥ થીતે રૂ૧) સુધીની મીઠાઈ અથવા રોકડ આપે. આદરણીને દાહડે વહુને રૂ૫) થીતે રૂ ) સુધીનાં કપડા તથા જરીઆન અને જમાઈને રૂ૧ થીતે રૂ ) સુધીના વીટી તથા કપડા આપે, તે ઉપરાંત કસ્સી રીત તથા પર પેહરામણી વનેહવાઈને ઘેરવાળાઓને કરે નહિ. લગન મધે જે કોઈ ધણી નાતનું જમન કરે તે ગોશ વગરનું સાદુ ખાણુ ખવાડે સકે. લગનને દાહાડે વહુને કપડાં તથા જરીઆન રૂ૫) થીતે રૂ ) સુધીનું કરે, અને જમાઈને કપડા તથા વીટી મળી રૂ૧) થીતે રૂ ) સુધીનો આરેજ આપે. છોકરીના સસરાને રૂ૧) થી તે રૂ ) સુધી પાઘડીના તથા સાસુને રૂ૧) થી તે રૂ ) સુધી સાડીના કરી આપે. લગનને દાહડે છોકરીને પદના સામાનમા ફકત ત્રાંબાનાં વાસણો શેર ૧૦) થી તે મન ) સુધી આપે, અને તે મધે જેટલા બની આવે તેટલો અનાજ ભરે. લગનના આશીરવાદ ઓટર ન થેહ યથા પછી એકજ વખત પાડવા. પાછલી રાતના આશીરવાદની કાંઈ જરૂર નથી.[2]

---

[1] આ નોધ મુંબઈની આગલી પારસી પંચાતના કારોબારનુ દફતર કે જે હાલમા શેઠ માણેકજી ખરશેદજી સરાફ પાસે મોજુદછે તેમા નીચે મુજબ કરેલીછે:—

"બીજું પંચાતના બેસનારા પારસી નવરોજજી શેઠ તથા પંથકી દોરાબશાહ ફરામજી મેહેરજીના મરણથી તેનને બદલે પંચાત મધે બેસવાને વાસતે પારસી જમશેદજી જીજીભાઈ તથા હોરમજી દોરાબજીને શમસ્ત અંજુમને પંચાત મધે બેસવાને ઠેરાવાછે"

[2] આ બંદોબસ્તો પંચાતના અધિકારીઓએ ઘડી કાઢયા હતા, અને તે શમસ્ત અંજુમન ભેગી ભાહલ રખાવ્યા આગમજ તેના ચોપાનયાં છપાવી જરથોસ્તીઓમા વેહચ્યાં હતા, તથા તે ઊપર જેને ગમે તેને સુચનાઓ લખી મોકલવાની અરજ કીધી હતી એમા મરણના ખરચના બંદોબસ્તોની ૧૯ કલમ તથા લગનના ખરચના બંદોબસ્તોની ૨૮ કલમો ઘણી લંબાણથી તથા ખોલાસેવાર લખી હતી, પણ લગનના ખરચની ટીપમા આદરણી, વહુના કપડા તથા જરીઆણ, જમાઈનો વાગો તથા વીટી, છોકરીને પદ તથા વેહવાઈ વેહવાણની પેહરામણી શું કરવી તેનાં રૂપીઆની પાસે ખાલી જગા રાખેલી હતી, આ વિશે શેઠ માણેકજી ખરશેદજી સરાફ કેહછે કે તે રકમ બીજી સભામાં મુકરર કર્યામાં આવી હતી, પણ દલગીર છૈયે કે તે સભાની નોધ હાથ લાગતી નથી ઊપલા બંદોબસ્તો ફરીથી ચોપાનયાંના આકારમાં ઈ૦ સ૦ ૧૮૬૦ મા શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ "દફતર આશકારા છાપાખાના" માંથી "જરતોશતીઓનું ભલુ ઇછનાર" ને નામે છપાવી બાહેર પાડયા હતા, તથા તેમા એક લંબાણ દીબાચો શેઠ નવરોજજી ફરદુનજીએ લખ્યો હતો એવુ અમારા જાણવામા આવ્યુછે એ ઊપરાંત તા૦ ૯ મી અને ૨૨ મી ડીસેમબર ૧૮૪૪ નાં "બોમ્બે ટાઈમસ" માં શેઠ માણેકજી ખરશેદજી સરાફે Q in the corner ની સહીથી એ બંદોબસ્તોમાંની ટીકીક ચીજત છાપી હતી.

### તા૦ ૧ લી નવેમબર.

ગઈ તા૦ ૧૮ મી અકટોબરે મુંબઈની શમસત પંચાતે મળી જે મરણ તથા લગનના ખરચના બંદોબસ્તો મુકરર કીધા હતા તે ઉપરથી આજના "બોમ્બે કુરીઅર" મા શેઠ મનચેરજી મેહેરવાનજી નવરોજજીએ ઇંગ્રેજી તથા ગુજરાતી ભાષામા એક જાહેર ખબર છપાવી "પરોટેસ્ટ" કીધો હતો કે એ બંદોબસ્તો "હમુને કબુલ નથી તથા એ વાતમાં હમુને વાંધો લાગેછ—વાશતે અમે પોતે અગર હમારૂ કુટુંમ એ પરમાણે ચાલશુ નહી—બીજું હમુને ઘણી ખુશાલીછે જે ઘણાએક નામીચાં પારસી લોકોના મતમાબી હમો જે રીતે ધારીએચ તે રીતે છે—અને હેવી બતલાવેલી ચાલો હમારી નેઆતના વડાઓની અશલ કીવેલી ચાલોને અણઘટતી તથા નાદરૂશત છે—અને નામીચા લોકોને એ ચાલ ચલાવા વાશતે અણઘટારતછે—તે વાશતે હમો લોકોએ એ વાતને રદ તથા બાતલ કીધીછે"[1]

---

### તા૦ ૫ મી નવેમબર.

રોજ ૩ માહા ૩ (કદ૦) ૧૧૯૩ યજદજરદી

**મરણ**—એદલજી દોરાબજી લશકરી— ઉમર વર્ષ ૫૭) શેઠ દોરાબજી ફરદુનજી લશકરીના બીજા દીકરો. એવણ પ્રથમમા પોતાના બાપના બ્યાપાર વનજના કામમા પડેના હતા, તે પછી ઈ૦ સ૦ ૧૭૯૮ મા તેમના મરણ બાદ પોતાના ભાઇ શેઠ હોરમજજીની સાથે બ્યાપાર કરતા હતા, તથા તેમની સાથેજ પ્રથમમા ઈ૦ સ૦ ૧૮૦૭ મા તથા તે પછી બીજી એકવાર ચીન પણ જઈ આવ્યા હતા. ઈ૦ સ૦ ૧૮૧૬ મા એવણ મધગાજ ખાતે શેઠ પેશતનજી બહમનજી વાડીઆની તરફથી બ્યાપારને માટે આડતીઆ તરીકે ગયા હતા, તથા ત્યા બે વર્ષ રહી કલકતા ખાતે જઈ ઈ૦ સ૦ ૧૮૧૯ મા અતરે પાછા ફર્યા હતા. એવણને પેટે કોઈ નર વારેસ નહિ હોવાથી એમના મરણ પછી એમની ઓલાદ ખતમ થઈ હતી .

---

### તા૦ ૯ મી નવેમબર.

રોજ ૭ માહ ૨ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

**મરણ**—કાવશજી હીરજી ટાશકર[2]—ઉમર વર્ષ ૬૦) એવણ ઈ૦ સ૦ ૧૭૮૧ થી પોતાના મરીઆઈ શેઠ પેશતનજી બહમનજી વાડીઆના મેહતા હતા, ઈ૦ સ૦ ૧૮૦૦ ના વર્ષથી એવણે પોતાને પૈસે સાત બરેમાઓ વેઆતા લઈ બ્યાપારના કામસર દેશાવરો ખાતે ફેરવતા કીધા હતા, ઈ૦ સ૦ ૧૮૧૦ થી શેઠ પેશતનજીની નોકરી છોડી એકાત જીંદગી ગુજારી હતી અતરેની દેશી તેમજ ઇંગ્રેજ બ્યાપારીઓમા એવણ શેઠ પેશતનજીના વગને લીધે ઘણા જાણીતા હતા.

---

### તા૦ ૧૧ મી નવેમબર

રોજ ૯ માહ ૨ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

**મરણ**—પેશતનજી કાવશજી નાળીએરવાલા[3]—ઉમર વર્ષ ૭૦) શેઠ કાવશજી રૂસતમજી નાળીએરવાલાના નાના દીકરા. એવણ પ્રથમમા કોઈ વોહોરાને ત્યા કરાનીના કામપર રહ્યા હતા. તે પછી પોતાના ભાઈ શેઠ નવરોજજી સાથે બ્યાપાર વનજના કામમા જુતાયા હતા એવણનો બ્યાપાર બટેના તથા ફતેહમારીઓમા માલ ભરી કોસ્તાઓ ભણી લઈ જઈ ત્યાનો માલ અતરે પાછો લાવવાનો હતો એક વેળા એવણ પોતે એક બટેલામા બેસી કોસ્તા તરફ જતા હતા તેવામા રસ્તામા તોફાન લાગાથી નજદીકના કીનારા ભણી ઉતરવાનો ઠેરાવ કરી મલબાર કોસ્તા તરફ તરાવનકોરના બંદરમા માલ સાથે ઉતર્યા ત્યાના રાજાએ એવણને પોતાના દેશ સાથે બ્યાપાર ચલાવવાની પરવાનગી આપી જેથી એવણે ત્યાનુ "આલપાઈ"નુ બંદર પોતાના વસવાસને માટે પસંદ કરી ત્યા રહી પોતાના ભાઈ શેઠ નવરોજજીની સાથે બ્યાપાર ચલાવવા માંડયો એવણનુ "શાહ બેહરામ" નામનુ એક વાહણ હતુ એ પછી એવણ મુંબઈ આની મરણ પામ્યા હતા.

---

[1] એ પ્રમાણે છપાયા પછી એની ત્રિજે દીને એટલે તા૦ ૩ જી નવેમબર ૧૮૨૩ નાં મુંબઇના શમાચારમા પંચાત તરફથી જવાબ આપો હતા કે પંચાતે જે બંદોબસ્તો કીધાછે તે ગરીબ લોકોનુ સારૂ ચાહી કીધાછે, અને એ રીતે આજ વર્ષ ૧૫૦ ને આસરેથી પંચાતે જે બંદોબસ્તો ઠેરાવ્યાછે તે સર્વે અંજુમને કબુલ રાખ્યાછે . એ બંદોબસ્તોમા નરશુ લખ્યુછે તેનો દાખલો જો તમો જલદીથી નહી લખશોતો તમને અંજુમનને જવાબ દેવો ઘણો ભારી પડશે તે સત જાણજો" આ ઉપરથી શેઠ મનચેરજીએ બેબુ બરતબે ઇંગ્રેજી તથા ગુજરાતી પત્રોમા જાહેર ખબર છપાવી પોતાની દલગીરી જણાવી હતી કે તેઓએ એ બંદોબસ્તો બરાબર વાચ્યા ન હતા, પણ હવે તે ધ્યાન દઈ વાચવાથી માલમ પડેછે કે તેમાની બાબદ પારસી કોમના શાયદાને લગતીછે

[2] શેઠ કુવરજી જીવાજી ટાશકરના બપાવા

[3] એવણના બાવા શેઠ કાવશજી રૂસતમજી નાળીએરવાલા ભરૂચની પાસેના "હાસોત" ગામમાથી ઈ૦ સ૦ ૧૭૬૬ મા અતરે આવ્યા હતા, અને નાહીમ તથા બીજા ગામોમાથી નાળીએર મંગાવી તેનો બ્યાપાર કરતા હતા તેવણના વડા દીકરા શેઠ જમશેદજી કાવશજી નાળીએરવાલા તબીબપણાની વિદ્યા જાણતા હતા, અને અતરે વૈદનો ધંધો ચલાવતા હતા

તા૦ ૧૯ મી નવેમબર.

રોજ ૧૭ માહ ૨ (સં૦) ૧૧૯૩ યજદજરદી.

આજ દીને સુરત મધે શહેનશાહી ભાગળ આગલ મરહુમ શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીની નઈએતે તેમનાં વીધવા બાઈ જાઈજીએ પોતાના ભાઈ શેઠ હોરમજજી બહમનજી વાડીઆની મારફતે શેહનશાહી તરીકા મુજબ આતશબેહેરામ બનાવી તખ્તનશીન કીધા હતા. ઈ૦ સ૦ ૧૮૧૦ મા મરહુમ શેઠ દાદાભાઈ મોદીના મરણથી તેમના માતાજી બાઈ નવાજબાઈએ આ આતશબેહેરામ બનાવવાનો ઈરાદો કીધો હતો, પણ તેવામા ઈ૦ સ૦ ૧૮૧૮ મા તેમના ગુજરવાથી એ કામ મજકૂર બાઈ જાઈજીએ ઉપાડી લીધું હતું. આ વેળાએ એ પવિત્ર કેબનાને ભેજદો કરવા, તથા તેના જશનની મજલેસમા શામેલ થવા માટે ગામેગામથી જરથોસ્તી ટોળાના દસ્તૂરો, મોબેદો તથા બેહદીનો મળી આશરે ૨૦૦૦૦) વીશ હજાર માણસ ભેગુ મળ્યુ હતુ. એ દીને સુરતની સદર અદાલત, તથા બીજી કચેરીઓ, કલેકટરની આફીસ, તીજોરીખાતુ, અને આતશના કામના શીશબીઓના સઘળા કારખાના બંધ રખ્ખામા આવ્યા હતા. એ ક્રિયામા શામેલ થવાને મુંબઈથી શેઠ હોરમજજી વાડીઆના સાહેબજાદાઓ[1] સુરત આવ્યા હતા, અને તેઓએ શેહરના મોટા બજારને નાકે શેઠ દીનશાહજી એદલજી ધનજી મેહતાના ઘરમા ઉતારો લીધો હતો, ત્યા સહવારના પોહરમા સદર અદાલત, જીલા અદાલત, તથા ગેરીશનની પલટણ, તેમજ કલેકટર અને સુરતના બખશીના સિપાહીઓ તથા ચોબદારો પોતાના વાજા તથા બેરખ સુધા આવીને ઉભા હતા, તેઓની સાથે એ સઘળા સાહેબો એક સવારીના આકારમાં સુરતવાલા મોદી ખુરશેદજી કેખશરૂના મકાન આગળ ગયા, અને ત્યાથી તેમને પાલખીમા સવાર કરી સરઘસ નગરશ આતશબેહેરામવાલા મકાનમા ગયુ. ત્યા બંદગી કર્યા પછી જશનની ક્રિયા ૯॥ કલાકને અમલે શરૂ થઈ હતી, જે પુરી થયાબાદ પ્રથમમા સુરત શેહરના વડા દસ્તૂર (કામદીન દારાબજી) ને શેલ્લાજ તથા શરપાવ તથા ૩૫૦૦) ની કીમતનુ એક ઘેર, તથા એ આતશબેહેરામની ક્રિયાનું ઉપરીપણુ કરનાર દસ્તૂર એદલજી દારાબજી સંજાણાને ૨૧૦૦૦) ની કીમતનો વજીફો તથા મોદી ખુરશેદજી કેખશરૂને એક શેલ્લાજ વાડીઆજી તરફથી હોગડવામા આવી હતી એ પછી સઘળા દસ્તૂરોને એકકી શેલ્લાજ તથા મોબેદોને આશીરવાદ આપવામા આવી હતી. એ આતશબેહેરામના દર શાલના ખરચને માટે રૂ૧૫૦૦૦) નો એક વજીફો એનાહેદો કાઢવામા આવ્યો હતો. એ બાદ સઘળાઓ નેઆતનુ જમન જમી પોતાને મકાને સીધાર્યા હતા, અને આખો દિવસ જરથોસ્તીઓએ ખુશી ખુશહાલીમા ગુજાર્યો હતો.

વળી એજ દીનની જશનની મજલસમા સુરત મધે એક દોખમાની જરૂર હોવાથી અંજુમનના ઉમંગથી એક નવુ દોખમું બંધાવવાની તદબીરોમતી પંચાતને નામે શેઠ બહમનજી મનચેરજી ભાવનગરીએ પઢાવી હતી, અને તેના ફંડમા પોતે રૂ૧૦૦૦૦) ભર્યા હતા, તથા શેઠ માણેકજી મેહરવાનજી વખારીઆએ ૨૭૦૦૦) તથા શેઠ ટેહમુલજી ધનજીભાઈ એ ઠીએ ૨૧૧૦૦) અને એ વતરોગે બીજા રૂપીઆ ભરાયા હતા.[2]

---

[1] એ આતશબેહેરામ પરઠવાનાં જશનમા બાઈ જાઈજી તથા શેઠ હોરમજજી વાડીઆની તરફથી તેમના નીચલા બેટીઓ સુરત ખાતે ગયા હતા:—

શેઠો બહમનજી તથા રૂસ્તમજી હોરમજજી વાડીઆ, મનચેરજી જમશેદજી વાડીઆ, દાદાભાઈ પેશતનજી વાડીઆ, કેખશરૂ મેહરવાનજી વાડીઆ અને અરદેસર તથા રૂસ્તમજી રતનજી વાડીઆ.

[2] મુંબઈના સમાચાર, તા૦ ૧ લી ડીસેમબર ૧૮૨૩

એ આતશબેહેરામ સાહેબના દરવાજા ઊપર નીચલી તખ્તી મારેલીછે.

" શ્રી દાદાર હોરમજદની મદદછે સહી

" શ્રી બલી દીન માજદીઅશનીનો રોશન શ્રી આ-
" તશબેહેરામ શ્રી જરથોશ્ત પેગમબરના ફેરકાના પારશી
" લોકોનો કેબલેછે તે શ્રી સુરત શેહેર બંદર મુબારક
" મધે શ્રી આતશબેહેરામને તખ્તનશીન કીધાછે તેનો
" રોજ ૧૭ મો સરોશ ઇજદ માહા ૨ જો અરદીબે-
" હશત અમશાશપંદ શને ૧૧૯૩ એઝદેજરદી તથા
" તારીખ ૧૯ મી નવેમબર શને ૧૮૨૩ ઇશાવી તથા
" વીક્રમાજીત શંવત ૧૮૮૦ ના કારતક વદ ૧ વાર
" બુધે શાલી વાહન શાકે ૧૭૪૫ ના તથા તારીખ ૧૫
" માહે રબીઓલ અવલ શને ૧૨૩૯ હેજરી એ
" દાહાડે ૯) નવ ઘડી દાહાડો ચડેઆ પછી તમામ
" અનજુમન બેહેતર માજદીઅશની દીનના મોટા તથા
" નાના બુજરોગો હર શેહેરના તથા ગામોના તથા કશ-
" બાવોના તમામ એકઠા થઇને દીનઆઇનના હોકમ
" મારફ બુજરોગ બેહેરામ ઇજદ ફીરોજગરને તખ્ત
" ઊપર બેશાડીઆછે શઇ તથા જે કોઈ માજદીઅ-
" શની દીનના લોકોએ નેઆએશ તથા બંદગી કરીને
" સર જમીન ઊપર મુકીને બેહેશ્તી મોદી દાદાભાઈ
" વલદે નોશેરવાનજીના રોઆંન ઊપર દોવા કીધી તથા
" એ શ્રી આતશબેહેરામનું કામ શરૂ કરીને પુરૂ કરવાને
" શારૂ બાઈ જીઆઇજી તે દાદાભાઈ મોદીની ધરીઆણી-
" એ પોતાના ધણીની નઈએતે એરાદો આતશબેહેરામ
" બનાવેઆનો કરીને પોતાના ભાઈ મુરબી શાહેબ ગરીબ
" પરવર રેહેમદેન શેઠ શ્રી હોરમજજી બહમનજી બીન
" નવરોજજી ઓરફે વાડીઆજી શાહેબને એ કામ શો-
" પીઊ તારે તેઓ શાહેબ મુખતીઆર થઇને ઘણી મેહેનત

એ દીને સુરત મધે આતશબેહેરામ પરઠાયા તેની ખુશાલીમા બાઈ બાઈજીના ખરચથી શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ પોતાના મુબઈ મધે ચંદનવાડી તરફના આદરાનમા એક મોટુ જશન કરી નેઆતનુ જમન કીધું હતું.[1]

---

તા૦ ૨૮ મી નવેમબર.

આજ દીને મુંબઈની પારસી પંચાતના મેમબરો શેઠ હોરમજજી બહમનજી વાડીઆના ઘેરમા મલ્યા હતા. બાપદ શેઠ હોરમજજી વાડીઆએ પંચાતના સાહેબોપર એક ચીઠી લખી હતી જે "હવેથી પંચાતના રૂપીઆ મારે (એખનાએ) રાખવા નથી" તેનો વિચાર કરવાને માટે આ ઉપરથી સર્વેએ એકમતથી એવો ઠેડાવ કીધો જે "પચાતની પૂંજી રાખવા સારૂં તરસટી જણ ૪ નામે શેઠ હોરમજજી બહમનજી વાડીઆ, શેઠ ફરામજી કાવસજી બનાજી, શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ, અને શેઠ જમશેદજી જીજીભાઈને ઠેરવવા. તે મધે શેઠ ફરામજી કાવસજીએ તરસટીઓના ખજાનચી તરીકે જે નાણું આવે તે વશુલ કરીને રૂ૧૦૦૦) ની રકમ થાય એટલે મી૦ રીમીંગટન ફારબસની કંપનીમા પારસી પંચાતને નામનુ ખાતુ પડાવી ત્યા ભરવા"[2]

---

તા૦ ૧ લી ડીશેમબર

ગઈ તા૦ ૨૮ મી નવેમબરે પારસી પંચાતના મેમબરોએ શેઠ હોરમજજી બહમનજી વાડીઆજીના ઘેરમા મલી કીધેલા ઠેડાવ મુજબ આજ દીને શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ રોકડા રૂ૧૫૮૬૩॥૧૬॥ તથા નોટ રૂ૨૦૦૦ ની ટકા ૫ ના વ્યાજની મલી જુમલે રૂ૧૭૮૬૩॥૧૬॥ પંચાતે ઉપલી તારીખે ઠેડેલા તરસટીઓને સેપોરદ કીધા હતા, તેમજ રૂ૨૧૯૬॥૧૨॥ આજદીને શેઠ નવરોજજી

---

"થી તથા પોતાની બજોરગીથી તથા દાનાઈથી એ નેક
"શ્રી આતશબેહેરામ સાહેબનુ શરવે કામ માશ ૧૨)
"બારના દરમેઆનમા પુરૂ કીધુ છે શહી"

એ આતશબેહેરામ સાહેબને તખ્તનશીન કરવાના જશનની મીજલસમા શામેલ થવાને શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ ૧॥ માસ આગમજથી પુને તા૦ ૧૭ મી અકટોબર ૧૮૨૩ થી "મુંબઈના શમાચાર" પત્રની મારફતે જાહેર ખબર છપાવી સુરત, નવસારી, ગણદેવી, બીલીમોરા, વલસાડ, ઊદેપોર, મુંબઈ, ભરૂચ, ખંભાત, ગોદાવરા, અને તે વનાએ હીંદુસ્થાનમા વશનારા તમામ શેહેરો તથા ગામોના દસ્તુરો, મોબેદો તથા બેહદીનોને અરજ કરી નોતરયા હતા, તથા એની ક્રિઆનુ સઘળુ ઊપરીપણુ મુંબઈવાલા દસ્તુર એદલજી દારાબજી સંજાણાએ કીધુ હતુ, અને પેહેલ વેહેલી બોઈ સુરતવાલા દસ્તૂર કેખશરૂ દાદાભાઈએ દીધી હતી, તેમજ એ મકાન બાધવાને લગતી સઘળી મેનીજ તથા ગોઠવણ બાઈ બાઈજી તથા શેઠ હોરમજજી વાડીઆની વતી તેમના મામાઓ તે સુરતવાલા શેઠો દીનશાહજી તથા મનચેરજી એદલજી ધનજી મેહેતાનાએ કીધી હતી એ મકાન પરઠાયુ તેની ખુશાલીમા કોઈએ થોડાક કવેતા જોડી તા૦ ૮ મી ડીશેમબર ૧૮૨૩ ના "શમાચાર" પત્રમા છપાવ્યા હતા તે અતરે સદાબરો નોધી રાખવાને દરૂસ્ત ધાર્યું છીએ:—

"(૧) ધન બાઈગછે નશરવાનજી મોદી તાહરૂ નામ, કે તાહરી હલાલ મેહનતના પઈશાથી બનીઊછે શુરતમા આતશબેહેરામ (૨) શાબાશછે નવાજબાઈ તાહરી ખુનીઆદીનુ કામ, કે કીધી ખબરદારી ને રાખુછે ધણીનુ નામ (૩) ખુબો બરેલુ બાઈબાઈએ કીધુછે નેકીનુ કામ, કે ખરચ કીધા લાખ રૂપીઆ ને વધારેઊછે ધણીનુ નામ (૪) નામેદાનાસુધી કેહવાશે દાદાભાઈ મોદી તાહરૂ નામ, કે તાહરી નજઅતે બનાવેઆછે શુરત મધે આતશબેહેરામ (૫) રોશન થઊછે વાડીઆજી હોરમજજી બહમનજી તાહરૂ નામ, કે અમીરોની મીશાલે શુરતમો કરેછે શરવે તાહરા ફરજદાન શદ રેહમતછે તાહરૂ કામ કે પોહચાડીછે શરવ શરંજામ, ને વીજવીના આતશ શુના તખતે બેશાડાછે આતશબેહેરામ (૬) આફરીનછે એદલદારૂ શંજાણા તાહરૂ વીઆન, કે દીનના ફરમાન પરમાણે કીધાછે આતશબેહેરામ (૭) દીનશાહ, મનચેરશાહે કીધીછે ઘણી મેહનત તારે, ચઊદ મહીના મધે થઊછે શરવે આતશબેહેરામનુ મકામ (૮) બહુરે લવજી વાડીઆ તારૂ નામ, કે તારા ફેરજદાન ફરજદો કરતા આવેછે હેવા શવાબના કામ, ને અશલથી હીનદોશતાનથી તે વેતાત શુરી થઊછે તારૂ નેકનામ (૯) મુબારક થઊછે મોદી કેખશરોજી કોશાભાઈ તારૂ નામ, કે પાદશાહી દબદબાથી આશરે ૨૦૦૦૦ વીશ હજાર માણસ શાથે જઈને તખતે બેશાડાછે આતશબેહેરામ (૧૦) વેલાતનો પાદશાહ કીંગ જારજ ચોથાના વખતમો, મુંબઈના જદરાલ એલફીનશટન શાહેબના વખતમા, શુરતનો સરદાર મીશટર રોમર શાહેબના વખતમો, પરથમ તખતે બેઠાછે તે શુરતની અંજુમન મધે આતશબેહેરામ"

[1] મુંબઈના શમાચાર, તા૦ ૨૪ મી નવેમબર ૧૮૨૩

[2] મુંબઈના શમાચાર, તા૦ ૨૭ ફેબરવારી ૧૮૨૪

પંચાતનુ નાણુ ઈ૦ સ૦ ૧૮૨૦ મા શેઠ હોરમજજી વાડીઆના હાથમા આવ્યુ તેની આગમજ મરહુમ શેઠ ફરામજી નાનાભાઈ દાવર તથા તેમની આગમજ મરહુમ શેઠ નાનાભાઈ બેહેરામજી દાવરને ત્યા રાખ્યામાં આવતુ હતુ, પણ આજદીને આ ઠેડાવ થયા પછીથી તે તરસટીઓને હસ્તક રેહવા લાગુ, અને તેનો દર વર્ષે હીસાબ છપાવવામા આવતો હતો, કે જે રીત આજ સુધી ચાલુ રાખ્યામા આવીછે પંચાતના ફંડનો છેલ્લો હીસાબ સવંત ૧૯૩૩ ના શાલનો જે છપાઈ બાહેર પડયોછે તેમા જણાવ્યા મુજબ તરસટીઓને હસ્તક હવડા રૂ૨૧૭૯૦૩૧૧૮ ની પૂંજીછે.

જમશેદજી વાડીઆજીએ પોતાના બાપના ઉઠમણામા ભરેલા વ્યાજસુધાં ઉપલા તરસ્ટીઓને સુપ્રત કરી આપ્યાં હતા.[૨]

---

તા૦ ૫ મી ડીસેમ્બર.

રોજ ૩ માહ ૪ (કદમી) ૧૧૯૩ યજદજરદી.

આજ દીને સુરત મધે શેઠ પેશતનજી કાલાભાઈ વકીલ કદમી તરીકા મુજબ આતશબેહરામ બનાવી તખ્તનશીન કીધા હતા. આ વેળાએ ત્યા જરથોસ્તીઓનો મોટો મેલાવડો થયો હતો, તથા એ દીને સુરતની અદાલત, કલેકટરની આફીસ, અને આતશનાં કામના કોશખીઓના સઘળા કારખાના આગલની માફક બંધ રાખવામા આવ્યા હતા. સહવારના પોહરમા સુરતના નવાબ તથા બખશીના ખાસ રેસાલાઓ વાજા સુધા શેઠ પેશતનજીના ઘર આગલ આવ્યા હતા, અને ત્યાથી તેઓ તથા જરથોસ્તી ફેરકાના કેટલાક અકાબરો મોદી ખુરશેદજી ડોશાભાઈનાં મકાન આગલ ગયા, અને તેમને બા આબરૂથી બોલાવી સઘળું સરગશ આતશબેહરામની દરઘાહમા ગયુ ત્યારબાદ ખાનસાહેબ શીરોજશાહ ધનજીશાહ તથા નવસારીના દેશાઈજી સાહેબ (દેશાઈ જમશેદજી મનચેરજી) તે મીજલસમા ઘણીક જાહોજલાલીથી આવ્યા એ પછી કલાક ૧૦ ને અમલે જશનની ક્રિઆ શરૂ થઈ હતી, જે પુરી થયા બાદ મોદી ખુરશેદજી ડોશાભાઈ, ખાન સાહેબ શીરોજશાહ ધનજીશાહ, સુરતના દસ્તુરજી, નવસારીના દેશાઈજી, ભરૂચના દસ્તુરના ભાઈ તથા ઉદેપોરના દસ્તુરજીને શેઆલો હોગાડી હતી, તથા એ આતશબેહરામની ક્રિઆ કરનાર મોબેદોને શેઆલ શુધાના સરપાવ આપ્યા હતા, તેમજ બીજા સઘળા મોબેદોને આશોદાદ આપવામા આવી હતી. એ બાદ સઘળાઓ નેઆતનુ જમન જમી પોતાને મકાને સીધાર્યા હતા, અને આખો દિવસ જરથોસ્તીઓએ ખુશાલીમા ગુજાર્યો હતો.

વળી એજ દીનેની જશનની મીજલસમા સુરત મધે કણપીઠને નાકે કદમીનુ આદરાન ઘણુ જુનુ થવાથી ખાન સાહેબ શીરોજશાહ ધનજીશાહે તે પોતાને ખરચે નવેસરથી મરામત કરાવી આપવાની તંદરોસ્તી ભણાવી હતી.[૨]

---

૨ એ નાણામાથી રૂ૨૦૦૦) ની નોટ અનામત પચાતમા રાખી બાકીના રૂ૧૮૦૬૨૨૬ શેઠ જમશેદજી જીજીભાઈએ એની વળતે દીને એટલે તા૦ ૨ જી ડીસેમ્બર ૧૮૨૩ ને દીને મીશીઅરસ રીમીંગટન ક્રાફરડની કંપનીમા એક પતર લખી ચારે તરસ્ટીઓને નામે ભર્યા હતા, અને તેનુ વ્યાજ ૫) ટકા લેવુ ઠેરવ્યુ હતું, તથા એ એક ધર્મનુ કામ હોવાથી નાણા લેતી અને આપતી વખતે તેઓએ સરેસતા પ્રમાણેનુ કમીશન અથવા હકસાઈ લેવી નહિ એવો બંદોબસ્ત કીધો હતો.

[બીબાસી પચાત સફે ૧૫૧—૫૨]

૨ મુંબઈના શમાચાર, તા૦ ૧૫ મી ડીસેમ્બર ૧૮૨૩

એ આતશબેહરામ સાહેબના દરવાજા ઊપર સુરતના એક બેહદીન મરહુમ શેઠ દારાશાહ મેહરવાનજીના બનાવેલા નીચલા બેતોની તખ્તી મારેલી છે.—

بنام خداوند هردو جهان
که هست از همه نقص او بیگمان
نه مورند دارد نه انبار و جفت
بری زآتش از تهمت خورش و خفت
ازل تا ابد هست و باشد بجای
کسی نیست همتاش در دو سرای
ازو بر زراتشت پاکیزه نام
درود و تحیات بادا مدام
که او پاک کرده جهان سربسر
هم از شرک و از کفرها بی خبر
بجهت پرستش سزاوار تر
پرستیدن ایزد دادگر
که تا هر عقدی پرستش کنند
جزایی باعمال خود در برند
بیاورد آتش ازانجا بایی
که تا ملک باشد کیهی و معین
بحکم اوستا و پس پاوردی
همه آتشانرا بیکجا کنند
پرستش کهرا نموده کنند
ورا نام بهرام آتش کنند
کنون بر مراد دل پر یقین
روا کرده آتشکده پیستن
پشوتن زکالای حسی حلف
زکالای دنیا سراسر شرف
هم از سعی دستور سهراب راد
پرستشکده شد عجب با مراد
خدایا به گیتی تو آباد دار
همه وقت از حرم و شاد دار
دمدو روان بزرگان او
انوشه روان باد در جان او
سده یزدجرد شهنشاه مه
هزار و صد و سه و هشتاد و ده
باردیبهشت روز در ماه تیر
نشست بر نشست آتش اس یادگیر
گفت هاتف مصرعه تاریخش تمام
رهی پایه آتش ورهرام
۱۱۹۳

અરથ—બે જેહાનના સાહેબના નામથી, કે જે સઘળી જાતના નુકસાનથી બેશક (ઇપાને વગર શકનો છે)

તા૦ ૨૦ મી ડીશેમબર.

રોજ ૮ માહા ૩ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

મરણ—બરજોરજી રતનજી ઈસીશરનાર—ઉમર વર્ષ ૯૦) શેઠ રતનજી જમશેદજી ઈસીશરના વડા દીકરા. એવણ સુરત તથા ભરૂચ ખાતેનો મોટો વ્યાપાર કરતા હતા, અને તે માટે પોતાના ૨૧ ખતેનાઓ હતા. કંપીઆણી ખાતે તકઆસને લગતુ કાંઇ કનાકટ એવણે લીધુ હતુ, તેમજ સરકારનુ અતરેની "આરમી કૉટારેમ" ખાતાને માલ પુરો પાડવાનુ કનાકટ પણ પ્રથમમા એવણને હસ્તક હતુ. તે વેળાની મુંબઈની પારસી પંચાતના એવણ એક અકાબર હતા

તે ફરજંદ, ભાગયા અથવા જોડીઆ વગરનોછે, અને ખાવા તથા સુવાના તોહમતથી તે પાકછે (ઇપ્રાને તેને વાસ્તે ખાવુ, પીવુ, સુવાનુ, એવુ કાંઇ બોલાય નહિ) અવલથી તે આખર સુધી તે છે અને હમેશ રેહશે, તથા બધે જેહાનમા તેની બરોબરીઓ કોઇ નથી તે સાહેબ તરફથી પાકીજે નામના જરતોસ્ત ઊપર, દોઆ અને આફરીન હમેશા હોજો કે તેણે (જરતોસ્તે) સઘળી દુનિયાને પાક કીધી, કે જે (દુનિયા) ગુમરાહી અને કાફેરીપણામા ખરાબ થએલી હતી બોહાતાલાને પૂજવુ જોઇએ, કાએકે તે પરસતેશ કરવાને વધારે લાએકછે કે આકેમતના દાહડાને વાસ્તે (તેથી) પરસતેશ થાય, અને પોતાના કામો બાબકનો બદલો મેળવે તે માટે (જરતોસ્ત) પેલી દુનિયામાથી ઊંચા આતશ લાવ્યો કે, તેનો સઘળા નાવલા મોટાઓ ફેસલો કરે અવસતા તથા પાજંદના હોકમ માફક, સઘળા આતશોને એક જગોએ એકઠા કરે દરેમેહરનો દેખાવ કરી તેમા મુકે, અને તેનુ આતશબેહરામ નામ રાખે હવડો પુર એકીન ભરેલા દીલની મોરાદ મુજબ પેશોતને આતશ કદેહ બનાવ્યા પેશોતન તે કાલા(ભાઇ) જીજી(ભાઇ) નો છોકરો, કે જેને આ દુનિયાના માલમતાથી સઘળી બુજરગીછે દાનાવ દસ્તૂર શોહરાબની કોશેશથી આ દરેમેહર મોરાદ પ્રમાણે ઘણી સરસ થઇ અએ ખોદા તુ તેને (પેશતનજીને) આ દુનિયામા આબાદ રાખ, અને તેનો સઘળો વખત ખુશી ખુશાલી ભર્યો કર બીનોઇ જેહાનમા તેના બુજરગોના રવાન તથા રૂહ ઊપર આફરીન હોજો મોટા શાહનશાહ યજદજરદના એક હજાર એકશો ત્રાણુના શાલમા તીર મહિનો અને અરદીબેહસ્ત રોજે આતશને તખ્ત ઊપર બેશાડયા તે તુ યાદ રાખ એની તારીખનો તમામ બીશરો શેખના ફરેસતાએ સોપ્યોતો તે "જહીપાયે આતશવરેહરામ" શબ્દોમાથી નીકળ્યો

❋ અબજદને કાયદે "જહીપાયે આતશવરેહરામ" શબ્દોના આકડા ગણતાં તે ૧૧૯૩ થાયછે

એ આતશબેહરામ સાહેબને તખ્તનશીન કરવાના જશનની મીજલસમા શામેલ થવાને શેઠ પેશતનજી કાલાભાઇ વકીલે ૨૧ માસ આગમજથી યાને તા૦ ૨૭ મી અક્ટોબર ૧૮૨૭ થી "મુંબઈના શમાચાર" પત્રની મારફતે જાહેર ખબર છપાવી મુંબઈ, સુરત, ભરૂચ, ખંભાત, નવસારી, ગંદેવી, બીલીમોરા, વલસાડ, ઊદેપોર, ગોલાવરા, દમણ, તારાપોર અને તે વનાએ સઘળા શેહેરો તથા ગામોના દસ્તૂરો, મોબેદો અને બેહદીનોને અરજ કરી નોતરયા હતા, તથા એની ક્રિઆનુ સઘળુ ઊપરીપણ સુરતવાલા પેહલવેહલા કદમી દસ્તૂર મરહુમ દાદાભાઇ શોરાબજી (કુમાના દાદાદાદ) ના નબીરા દસ્તૂર શોરાબજી

રૂસતમજી કુમાનાએ કીધુ હતુ એ ક્રિયા કેમ કીધી હતી તેની ટુંક વીગત શેઠ પેશતનજીએ તા૦ ૨૭ મી અક્ટોબર ૧૮૨૯ ના "મુંબઈના શમાચાર" મા છપાવેલી મજકૂર જાહેર ખબરમા નીચે મુજબ આપી હતી —

"દીનએહે માજદીઅશનીના હોકમ પરમાણે જે એક હજાર એક આતશ શોળ ભાતના લીધા જોઇએ તે લીધા અને તે એક એક આતશ ઊપર દીનના હોકમ મુજબ ઇજશની તથા વીશપરદ તથા વંદીદાદ પઢવાની તે પઢીને તે તમામ આતશને બાલેસ કીધા જોઇએ તે કીધા અને શોલ પાતરા શોલે ભાતના આતશના જુદા જુદા કીધા જોઇએ તે કીધા તારબાદ તે શોલે પાતરા ઊપર વરશ એકના ગહમબાર લીવા જોઇએ તે દીનના હોકમ મુજબ અરદીબેહેશત મહીનાના ગહમબારથી તે દએ મહીનાના ગહમબાર સુધી ગહમબાર પાંચ લીધા તારબાદ અશપનદાદ મહીનાના હોરમજદ રોજથી તે અનેરા રોજ સુંધી શોલે પાતરા ઊપર દરરોજ ઇજશની શોલ શોલ કરવી જોઇએ તે કીધી અને તારપછે અનેરા રોજની પાછલી રાતે શોલે પાતરાનુ એક પાતર કીધુ જોઇએ તે કીધુછે તારબાદ તે એક પાતરા ઊપર છઠા ગહમબાર આથાના લીવા જોઇએ તે લીધાછે"

૧ ડાકટર બરજોરજી અરદેસર તથા શેઠ રૂસતમજી અરદેસર ઇસ્પીશરના બાપના બાવા, શેઠ હોરમજજી જમશેદજી ઇસફોરૂવાલાના બાપના કાકા, તથા શેઠ જમશેદજી ખરશેદજી બાટલીબોઇના બાપના પિત્રાઇ એવણના બાવા શેઠ રતનજી જમશેદજી ઇસ્પીશર, સુરતની ઇંગલીશ ફેકટરીના ચીફ તથા તે પછીના મુંબઇના ડેપ્યુટી ગવરનર મી૦ સ્પેનસરની નોકરીમા હોવાથી અતરેના પારસીઓમા એક વગવાલા ગણાતા હતા તથા અતરેની તે વેળાની પારસી પંચાતના એક અકાબર પણ હતા તેવણના બાપ શેઠ જમશેદજી બેહરામજી ભરૂચથી અતરે આવ્યા હતા, અને ઇસ્ટ ઇંડીઆ કંપનીના અતરેના વડા અમલદારની નોકરીમા રહયા હતા મુંબઇમા ઈ૦ સ૦ ૧૭૨૫ ને આસરે જે પેહલી પંચાત સ્થાપામા આવી તેના એવણ પણ એક અધિકારી હતા એવણના એક નાંધેલા ભાઇ પેશતનજી બેહરામજી વાહાણોના દુબાશનુ કામ કરતા હતા, અને તેમના દીકરા શેઠ માણેકજી પેશતનજી કે જેઓ પણ ઇસ્પીશરની અટકથીજ ઓળખાતા હતા, તેઓ ચીન તથા બીજા દેશાવરો ખાતેનો મોટો વ્યાપાર ચલાવતા હતા, અને તે માટે "બેંગાલ સલામતી" નામનુ તેવણનુ એક મોટુ વાહાણ પણ હતુ.

જમશેદજી વાડીઆજીએ પોતાના બાપના ઉઠમણામા ભરેલા બ્યાજસુધાં ઉપલા તરસ્ટીઓને ચુકાવી આપ્યાં હતા.[१]

---

તા૦ ૫ મી ડીસેમબર.

રોજ ૩ માહા ૪ (કદ૦) ૧૧૯૩ યજદજરદી.

આજ દીને સુરત મધે શેઠ પેશતનજી કાલાભાઈ વકીલે કદમી તરીકા મુજબ આતશબેહેરામ બનાવી તખ્ત-નશીન કીધા હતા. આ વેળાએ ત્યા જરથોશ્તીઓનો મોટો મેળાવડો થયો હતો, તથા એ દીને સુરતની અદા-લત, કલેકટરની આફીસ, અને આતશના કામના કારી-ગીઓના સઘળા કારખાના આગલની માફક બંધ રખ્યા-મા આવ્યા હતા. સહવારના પોહરમા સુરતના નવાબ તથા બખશીના ખાસ રેસાલાઓ વાજા સુધા શેઠ પેશતનજીનાં ઘર આગલ આવ્યા હતા, અને ત્યાથી તેઓ તથા જરથોશ્તી ફેરકાના કેટલાક અકાબરો મોદી ખુરશે-દજી ડોશાભાઈના મકાન આગલ ગયા, અને તેમને બા આબરૂથી બોલાવી સઘળુ સરગશ આતશબેહેરામની દરઘાહમા ગયુ ત્યારબાદ ખાનસાહેબ ફીરોજશાહ ધન-જીશાહ તથા નવસારીના દેશાઈજી સાહેબ (દેશાઈ જમશેદજી મનચેરજી) તે મીજલસમા ઘણીક જાહોજલાલીથી આવ્યા. એ પછી કલાક ૧૦ ને અમલે જશનની ક્રિઆ શરૂ થઈ હતી, જે પુરી થયા બાદ મોદી ખુરશેદજી ડોશાભાઈ, ખાન સાહેબ ફીરોજશાહ ધનજીશાહ, સુરતના દસ્તૂરજી, નવ-સારીના દેશાઈજી, ભરૂચના દસ્તૂરના ભાઈ તથા ઉદવા-ડાના દસ્તૂરજીને શેઆલ ઓરાડી હતી, તથા એ આતશ-બેહેરામની ક્રિઆ કરનાર મોબેદોને શેઆલ શુધાના સર-પાવ આપ્યા હતા, તેમજ બીજા સઘળા મોબેદોને આશી-રવાદ આપવામા આવી હતી એ બાદ સઘળાઓ નેઆ-તનું જમન જમી પોતાને મકાને સીધાર્યા હતા, અને આખો દિવસ જરથોશ્તીઓએ ખુશાલીમા ગુજાર્યો હતો.

વળી એજ દીનેની જશનની મીજલસમા સુરત મધે કણપીઠને નાકે કદમીનુ આદરાન ઘણુ જુનુ થવાથી ખાન સાહેબ ફીરોજશાહ ધનજીશાહે તે પોતાને ખરચે નવે-સરથી મરામત કરાવી આપવાની તજવીજ જણાવી હતી.[२]

---

१ એ નાણામાથી ૨૨૦૦૦) ની નોટ અનામત ખાતામા રાખી બાકીના ૨૨૮૦૬રા૬૬ શેઠ જમશેદજી જીજીભાઈએ એની વળતે દીને એટલે તા૦ ૨ જી ડીસે-મબર ૧૮૨૩ ને દીને બીશોપ અરસ રીમીંગટન કારડની કંપનીમા એક પતર લખીં ચારે તરસટીઓને નામે ભર્યા હતા, અને તેનુ વ્યાજ ૫) ટકા લેખે ઠરાવ્યુ હતુ, તથા એ એક ધર્મનુ કામ હોવાથી નાણા લેતી અને આપતી વખતે તેઓએ સરેશતા પ્રમાણેનુ કમીશન અથવા દલાલી લેવી નહિ એવો બંદોબસ્ત કીધો હતો.

[ખોલાસે પંચાત સફે ૧૫૧—૫૨]

२ મુંબઈના શમાચાર, તા૦ ૧૫ મી ડીસેમબર ૧૮૨૩

એ આતશબેહેરામ સાહેબના દરવાજા ઊપર સુર-તના એક બેહદીન મરહુમ શેઠ દારાશાહ મેહેરવાનજીના બનાવેલા નીચલા બેતોની તખ્તી મારેલીછે:—

نام خداوند هردو جهان
که هست از همه نقص او بیگمان
نه فرزند دارد نه انباز و جفت
بری از تن و از خورش و خفت
ازل تا ابد هست و باشد بجای
کسی نیست همتاش در دو سرای
ازو بر زرتشت پاکیزه نام
درود و تحیات بادا مدام
که او پاک کرده جهان سربسر
هم از شرک و از کفرها بد بتر
نمت پرستش سزاوار تو
پرستیدن ایزد دادگر
که تا سر عقدی پرستش کنند
جزایی ز اعمال خود در برند
بیاورد آتش از ایرانزمین
که تا قبله باشد کهین و مهین
بحکم اوستا و پس باورند
همه آتشانرا بیک جا کنند
پرستش کده را نموده کنند
ورا نام بهرام آتش کنند
کنون بر مراد دل پر یقین
بنا کرده آتشکده پیشتن
بشوتن زکالای جشتی خلف
زکالای دنیا سراسر شرف
هم از سعی دستور سهراب راد
پرستش کده شد بعشق با مراد
خدایا به گیتی تو آباد دار
همه وقت از جرم و شاد دار
همیشه روان بزرگان او
انوشه روان باد بر جان او
سنه یزدجرد شهنشاه مه
هزار و صد و سه و هشتاد و ده
دارد بهشت روز در ماه تیر
نشست بر نشست آتش این یادگیر
گفت هاتف مصرعه تاریخش تمام
رهی پایه آتش ورهرام
۱۱۹۳.

**અરથ**—બધે જહાનના સાહેબના નામથી, કે સઘળી જાતના નુકસાનથી બેશક (છેપાને વગર શકનો દ

તા૦ ૩ જી આપરેલ

રોજ ૭ માહ ૮ (૬૦) ૧૧૯૩ યજદજરદી

**મરણ**—એદલજી ફરામજી બનાજી—ઉમર વર્ષ ૩૦) શેઠ ફરામજી કાવશજી બનાજીના બીજા દીકરા. એવણ પોતાના બાપના વ્યાપારના કામસર ચીન તરફ ગયા હતા ત્યાંથી પાછા આવતા મધરાજ ઉતરીને પગરસ્તે મુંબઈ આવતા પનવેલીથી છ મૈલ દુર "ચોક" નામના ગામમા રાતના ઉતારો લીધો હતો સુતી વેળા ચોરોના ભયને લીધે પોતાની સાથે એક ભરેલી બંદુક રાખી હતી, જે મોડી રાતે અકસમાતથી ફુટી જવાથી એવણનુ તાબરતોબ મરણ નિપજ્યુ હતુ

તા૦ ૪ થી આપરેલ

રોજ ૪ માહા ૭ (મેં૦) ૧૧૯૩ યજદજરદી.

**મરણ**—જાઇજી તે દાદાભાઈ નશરવાનજી મોદીના વીવા—ઉમર વર્ષ ૬૦) એવણના ખાવંદ મરહુમ શેઠ દાદાભાઈ નશરવાનજી મોદીની નઇઅતે તેમના માઅે બાઈ નવાજબાઇએ જે સુરતમા આતશબેહરામ બેસાડવાનો કસદ કીધો હતો, તે તેવણની મરજી મુજબ એવણે પોતાના ભાઈ શેઠ હોરમજજી બહમનજી વાડીઆની મારફતે મોટો ખરચ કરી તા૦ ૧૯ મી નવેમબર ૧૮૨૩ ને દીને તખ્ત નશીન કરાવ્યા હતા, અને તેના બનયુકના ખરચને માટે રૂ૫૦૦૦૦) ની રકમ જુદી કાઢી હતી.

તા૦ ૫ મી આપરેલ

આજ દીને શેઠ ફરામજી કાવસજી બનાજીના દીકરા મરહુમ શેઠ એદલજીના ઉઠમણાની મીજલસમા શેઠ ફરામજીએ તેમની નઇઅતે એક મોટા પુનનુ કામ કરવાની તદબીરસતી પકડી હતી.—તે એકે મુંબઈ શેહેરે કમાટીપરા તથા તેની આસપાસના લતાઓ ઉપર લોકોને પાણીની ઘણી આપદા પડતી હતી, તે ઉપરથી સરકારે કમાટીપરાને નાકે ઉસનાજી સુબાનજી નામના મુસલમાન ગ્રહસ્થને પઇસે બે ટાકીઓ બાંધી કાવસજી પટેલના તળાવ આગળથી નળ બાંધી તે ટાકીઓને મેળવી, કે જેથી તે તળાવનુ પાણી ઉપલી ટાકીઓમા જતુ થયુ, પણ જ્યાંસુધી તળાવમા પાણી ઉપર હતુ ત્યાંસુધી તે ટાકીઓમા પોહચ્યા કીધુ, અને તળાવમા તે ખુટી જવાથી લોકો પાછા હેરાન થવા લાગા.—આ ઉપરથી શેઠ ફરામજીએ એવી તદબીરસતી આજદીને પકડી કે મરનારને નામે તેવણ એક મોટો કુવો કાવસજી પટેલના તળાવ આગળ ખોદાવશે, કે જેમાથી ઉપલી બંને ટાકીઓમા બનયુક પાણી પોહચતુ થાય. એ ઉપરાંત રૂ૫૦૦) ની રકમ પારસી પંચાતના ફંડમાં પણ આપી હતી [1]

[1] મુંબઈના સમાચાર, તા૦ ૨૪ મી મેએ ૧૮૨૪

આ મુજબની તદબીરસતી પકડ્યા પછી શેઠ ફરામજીએ કાવસજી પટેલના તળાવની સામે આથમણી દીશા પર "મુગભાત" નામે એક મોટી નાળીએરીની વાડી વેચાતી લઇ તે મધે ત્રણ જબરદસ્ત કુવાઓ ખણાવ્યા હતા, અને તેની શેઢેથી એક મોટો નળ બાંધી લઇ તે પેલા સરકારી નળ સાથે મેળવી દઈ કોશ તથા સ્ટીમ એનજીન વડે કમાટીપરાની મજકુર ઉસનાજી સુબાનજીના પૈસા વડે સરકારે બંધાવેલી બે ટાકીઓમા તા૦ ૧૭ મી મેએ ૧૮૨૫ ને દીનેથી પાણી પોહચતુ કીધું હતુ આ કામ ઉપર એવણે રૂ૩૦૦૦૦) ત્રિસ હજાર ખરચ્યા હતા, તથા દર મહિને તે કામ ચાલુ રાખવાપર રૂ૨૦૦) નો ખરચ થાતો હતો એ રીતે ઈ૦ સ૦ ૧૮૩૧ સુધી એવણે ચલાવ્યા કીધુ હતુ, પણ ત્યારતેહ બાદ એવણની પછી એવણના વારેસોથી એ પુનનુ કામ દર મહિનાના આવડા મોટા ખરચને લીધે ચાલુ ન રહે તે માટે એવણે એજ સાલના અકટોબર માસમા મુંબઈની સરકારના ચીફ શેક્રેટરી મી૦ ચારલસ નોરીસ ઉપર એક પત્ર લખી અરજ કીધી હતી કે છાસઠી મધે તેવણ (શેઠ ફરામજી) ને સરકારે જે સાત ગામો દર વર્ષે રૂપયા ૪૭૯૭—૨—૨૪ રેસને થેકે આપેલાછે તે ગામો સુધારવા તથા તેમા સુધરેલી રીતે ખેતી વગેરે ચલાવવા પાછળ આએ બે વર્ષમા તેવણે દોહડ લાખથી વધારે રૂપીયા ખરચેઆછે, અને તે મુદલ રૂપીઆ પાછા ઉપજવાની તેમને પોતાને અથવા પોતાના વારેસોને માટેથી આશા નથી, તેટલા માટે એ ગામોના થેકાની દશ વર્ષની એકંદર રકમ રૂ૪૬૦૦૦) તેવણ સરકારમા એ ગામોના વેચાણ તરીકે ભરી દીએ, અને પછી દર વર્ષે કસો થેકો ભરે નહિ, તથા ઉપલી બે ટાકીઓમા પાણી પોહચતુ કરવાનુ કામ તેવણ પોતાની હયાતીસુધી ચાલુ રાખે, અને તે બાદ પોતાના વશીઅતનામામા પણ તે કામ હમેશાંન સુધી ચાલુ રાખવાને પોતાના વારેસોને તાકીદ કરે, અને અગર તેઓ તે ફરજ બજા લાવવામા ગફલતી કરે તો સરકાર પોતે ઉપલા સાત ગામો માહેલા સર્વથી મોટા ગામ પવાઈની ઉપજમાથી દર વર્ષે રૂ૨૪૦૦) લઈ એ કામ ચાલુ રાખે આ માટે ઉપલા પત્રમા શેઠ ફરામજીએ નીચે પ્રમાણે લખાણ કીધુ હતુ —

" I beg to state that from a charitable motive I was led many years ago to sink wells for the better and constant supply of fresh water from my Oart called Moogbhat through the aqueduct of the two Reservoirs situated on the (New Town) Duncan Road for the use of the Inhabitants of Cumateepoora. For the purpose I obtained every assistance from Major Dickinson and by his advice sank three walls in the said Oart Moogbhat and set up a steam Engine and four wheels with cattle to draw water, the whole of which work was not completed under an outlay of about Rupees thirty thousand in addition to which I have all along maintained an Establishment at a monthly charge of about Rupees Two hundred or Rupees Two thousand and four hundred per annum

તા૦ ૧૨ મી આપરેલ.

મુબઈની પારસી પચાતનુ ફડ જે ગયે વર્ષ તા૦ ૧ લી ડીસેમબરને દીનેથી શેઠ હોરમજજી બહમનજી

The supply of fresh water leads from the aforesaid Mooghbat through aqueduct to the two Reservoirs erected on the Duncan Road by the late Major Hawkins from the bequest of Uslajee deceased. These Reservoirs were delivered to my charge on the 17th May 1825 by Major Belasis and ever since I have continued the supply of fresh water. The continuance of these useful works during my life time in the same spirit which first prompted me to undertake them is certain, but without in any degree wishing to detract from the benevolent intentions of those who may succeed me, I may, I trust be excused for expressing a desire for wishing to perpetuate them. Whatever may be the disposition of my Heirs I cannot reasonably expect that they should contribute thus materially to the public welfare without some consideration from a liberal and enlightened Government. Looking, therefore to the importance of these works to the great and essential benefit resulting from them and to the desirableness of rendering them as far as practicable lasting, I cannot but entertain a lively hope that the proposition I am desirous of making towards accomplishing so important an object will if coming within the bounds of reason and moderation be received and viewed with that consideration and liberal attention which I am fully sensible it is the desire and wish of the Right Hon'ble the Governor in Council to extend towards all propositions of public utility emanating from the Natives of the country. This Estate it will be remembered was originally conferred on the late Doctor Scott but resumed in consequence of a failure on the part of his Heirs or Agents in paying the assessment of Government Revenue, impressed therefore with the hopes to which my past exertions have given rise and with an anxiety to avoid any such failure on the part of my family, I beg to propose that instead of paying a yearly revenue of Rupees Four thousand seven hundred and ninety seven, two quarters and twenty four reas. I hope I may be permitted at once to discharge the amount of ten years purchase or Rupees forty six thousand the net amount, and henceforth to hold it as Free Hold Estate and a Deed may be made by the Government to be continued to me and my Heirs, and further I would beg to propose that on the expiration of the Forty years rent free Lease under which I held the waste land connected with the estate and the rent on the same may be fixed and my Heirs may be permitted to redeem it in like manner by payment of the amount of ten years purchase. The proposal made by me which is under the expectation to a perpetual and permanent provision in order to continue the supply of fresh water from my charitable Oart called Mooghbat through the aqueducts to those Reservoirs built by the late Major Hawkins from the bequest of the said Uslajee I intend to insert in my last Will and Testament about the charitable object in the manner as follows. That my children may receive the revenue from my Powey Estate on Salsette and out of which is to defray the expense for the establishment kept at the charitable Oart Mooghbat and in default thereof I intend to empower the Right Honorable the Governor in Council that they will compell on my Heirs if the supply of water will be neglected to continue for ever from my said Oart Mooghbat and an expense for the said Establishment to be paid from the collection of the Revenue of my Poway Estate on Salsette

વાડીઆએ પોતાને હસ્તકથી કાઢી ચાર ટરશટીઓને સોપ્યુ હતુ, તેઓએ તે દીનથી તે તા૦ ૩૦ મી મારચ

આના જવાબમા તા૦ ૨૬ મી નવેંબર ૧૮૩૧ ને દીને અતરેની સરકારના શેક્રેટરી મી૦ વીલ્યમસને શેઠ ફરામજીને લખી જણાવ્યુ કે ઊપલા છાસટીના ગામો સુધારવા પાછલ તમોએ કીધેલી મેહનત તથા આએ જથુક પાણી પોહચતુ કરવાના તમારા ધર્માદા હેતુ વિષે નામદાર સરકાર મોટુ માન વરાવેછે, અને તમારી અરજ તેમના તરફની મજબુત ભલાંમણ સાથે ઇગલાડ ખાતે "કોરટ ઑફ ડાઅરેકટેરસ" ની હજુરમા રજુ કર્યામા આવશે આ માટેના સરકાર તરફના જોબનો નીચે પ્રમાણેછે :—

"In reply I am desired to acquaint you that observing with great satisfaction your exertions for the extension of cultivation and general improvement of Salsette and appreciating the public spirit you have manifested and the charitable motives which prompt you to perpetuate so great a benefit to the inhabitants of the populous districts in which the reservoirs are situated as that which they now enjoy, through your memo, The Right Honorable the Governor in Council will have much pleasure in bringing your application to the favorable notice of the Honorable Court of Directors with a strong recommendation from this *Government that your request may be complied with.*

એ પછી ઇગલાડથી "કોરટ ઑફ ડાઅરેકટરસે" પોતાના તા૦ ૨૮ મી અકટોબર ૧૮૩૫ ના ડીસપાચમાં ઊપલી શેઠ ફરામજીની માગણી નીચે મુજબ લખી મજુર રાખી હતી —

"With *respect to* the *proposal* of Framjee to purchase the Powey Estate which has been already granted to him in perpetuity a proposal which he appears to have made with the laudable intention of providing for ever a supply of fresh water for the public reservoirs on the Duncan Road in the new Town we are disposed as a special case to accede to his request on the terms he has offered namely to pay a sum *equal to ten years* purchase of the Estate which on the annual rental (Rupees four thousand seven hundred and forty seven) will amount to Rupees forty seven thousand four hundred and seventy"

એ પ્રમાણેના બદોબસ્તો થયાથી હજુસુધી ઊપલુ બે ટાકીમા પાણી પોહચતુ કરવાનુ કામ મરહુમ શેઠ ફરાં-મજીને ખરચે થાયછે એ માટે મુગભાટની વાડીમા શેઠ ફરામજીએ જે કુવાઓ બધાવ્યાછે તેઊપર કાઇ તખ્તી મારેલી ઇપા લેખ કરેલો નથી, પણ મજકૂર બે ટાકીઓ આગળ નામદાર સરકારે એકકો પથ્થર મુકાવી એકપર તેના બધાવનાર મરહુમ ઊસલાજી સુબાનજીના નામની નોધ કરીછે, તથા બીજાપર મરહુમ શેઠ ફરામજીના નામની નીચે મુજબ નોધ કરીછે :—

THE
WELLS FROM WHICH THESE
*Reservoirs are supplied, and*
*the Establishment for drawing*
THE WATER ARE MAINTAINED BY
FRAMJEE COWASJEE
IN COMMEMORATION OF
*those Liberality, This Tablet*
IS PLACED BY THE
BRITISH GOVERNMENT

૧૮૨૪ સુધીનો એ ફંડનો હીસાબ આજના "મુબઈનાં શમાચાર" મા છપાવી પરગટ કર્યોછે. તેમાથી જોવામા આવેછે કે તા૦ ૧ લી ડીસેમ્બર ૧૮૨૩ ને દીને શેઠ હોરમજજી વાડીઆએ ટરશટીઓને પોતાને હસ્તકના રૂ૧૭૮૬૩॥૬૬ આપ્યા ઉપરાંત આએ ચાર માશમા ૫ખાતના ફંડ ખાતે રૂ૬૧૭૦॥૫૦ ની આવક થઇ હતી, અને ખરચ કુલ રૂ૮૯૭॥૧૨ થયો હતો, જે બાદ કરતા ટરશટીઓના હસ્તકમા રૂ૨૩૧૩૭॥૪ બાકી હતા.[1]

---

તા૦ ૧૩ મી આપરેલ

રોજ ૧૩ માહ ૮ (કદ૦) ૧૧૯૩ યજદજરદી

**મરણ**—પેશોતનજી જમશેદજી ભાણુજા—ઉમર વર્ષ ૬૦) એવણના બાપ ભરુચથી અતરે આવેલા હતા, અને જોશીપણાનો ધધો ચલાવતા હતા કેહછે કે એવણ (પેશોતનજી) ને નાધલા હતા ત્યારે કોઈ ગોશાઇ રસ્તેથી ઉચકી લઈ પોતાની ઝોળીમા મેલી લઈ જતો હતો, તેવામા મુંબાદેવીની ગોકી આગલ કોઈ પારસીની નજર તે ઝોળી ઉપર પડી જેથી પેલો ગોશાંઈ તે નાખી દઈ તરત દોડી ગયો કે રખે પારસી તેને મારે. એ પછી એવોને પાછા પોતાના બાપને સ્વાધીન કીધા. એવણ ઉમરે પુગા પછી નજુમ તથા જોતિષ શાસ્ત્રમા એકા ગણાતા હતા. અને શેઠો પેશતનજી તથા હોરમજજી બહમનજી વાડીઆ સાથે જોશી તરીકે સારી પીછાણ હોવાથી તેમની મારફતે થોડોક ચીનનો બ્યાપાર પણ કરતા હતા. એવો જોશી તરીકે અતરેના પારસીઓમા ઘણા પકાયલા હતા

---

તા૦ ૧૪ મી આપરેલ.

રોજ ૧૪ માહ ૭ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

**મરણ**—રતનજી નાહલાભાઈ બગાલેવાલા—ઉમર વર્ષ ૫૫) એવણ કલકતાના એક જાણીતા બ્યાપારી હતા, અને છેલ્લાં ૨૦ વર્ષ ત્યાં લાગત કાઢયા પછી અતરે પોતાની તબીયતના સુધારાને માટે આવ્યા હતા, તેવામા હિયાજ એમનુ મરણ નીપજયુ હતુ.

---

તા૦ ૧૮ મી આપરેલ.

આજ દીને સુરત મધે શેઠ બહમનજી મનચેરજી ભાવનગરીને ત્યા તેમના બે દીકરાઓની શેહાદી હોવાથી તેમને બારણેથી સુરતની સઘળી વર્ણના લોકોનુ એક મોટું શાહજન તથા વરઘોડો નીકલ્યો હતો, કે જેની વાખવાખી છેક અતરેના વર્તમાન પત્રોમા પણ આવી હતી એ લગનની ખુશાલીમા શેઠ બહમનજીએ તા૦ ૧૦ મી આપરેલને દીને સુરતના સર્વે ઇંગ્રેજ ગ્રહસ્થોને એક જીઆફત આપી હતી, કે જેમાં ત્યાની અદાલતના જડજો મીશીઅર્સ રોમર, સધરલાંડ, એનડરસન, લમસડેન, તથા બીજા સર્વે અમલદારો શામેલ થયા હતા, અને અદાલતનો રેસાલો તથા વાજા તેમને માન દેવાને આવ્યા હતા. તા૦ ૧૬ મી આપરેલને દીને આ સુચીણના નવાબ સાહેબ શીદી ઈબ્રાહીમ યાકુતખાન—કે જેમના શેઠ બહમનજી સુરત ખાતેના આડતીઆ તથા સરાફ હતા, તેઓ મોટી સવારી તથા ભારે ધામધુમ સાથે બેડકમા આવ્યા હતા, અને શેઠ બહમનજીને પોતાની તરફથી એક કીમતી સરપાવ, તથા પાલખી, ચમર, આફતાબગીરી, અને રૂપાની લાકડીનો અશાબરદાર ભેટ કીધો હતો[2]

---

તા૦ ૨૪ મી આપરેલ.

રોજ ૨૪ માહા ૭ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

**મરણ**—દાદાભાઈ સતોકજી[2]—ઉમર વર્ષ ૭૯) શેઠ સતોકજી બરજોરજીના વડા દીકરા. એવણે પોતાના બાપના મરણ પછી ઈ૦ સ૦ ૧૭૮૧ થી મોદીખાના મધે એક મોટો તબેલો લઈ આર્બસ્થાનથી આવતા ઘોડાઓની દલાલી કરવાનું શરૂ કર્યું હતુ. ઈ૦ સ૦ ૧૮૦૩ ની કોટની મોટી આગમા એવણનો આ તબેલો બળી જવાથી ચદનવાડી આગલ સોનાપોરના રસ્તાની દક્ષિણે આવેલી ખાલી જગાપર એક મોટો તબેલો બાંધ્યો હતો, કે જે આજ લગણ "દાદી સતોક" ના તબેલાને નામે ઓળખાએછે આ જગોએ વીશ વર્ષ લગી પોતાનુ કામ મોટા પાયાપર ચલાવી એવણ મરણ પામ્યા હતા

---

તા૦ ૮ મી મેએ

અતરે જે "રીકાર્ડરની કોરટ" ના નામથી વડી અદાલત ચાલતી હતી, તેના ધોરણમા ફેરફાર કરી આજ દીનથી "સુપરીમ-કોર્ટ-ઑફ-જુડીકેચર" ના નામથી તે અદાલતનુ કામ ચાલુ કરવામા આવ્યુ હતુ. બરાબર દશ કલાકે વડા ન્યાએધીશ સર એડવરડ વેસ્ટ, તથા બીજા ન્યાએધીશ સર ચારલસ ચેમબરસ કોરટમા દાખલ થયા, અને તુરત નવો "ચારટર-ઑફ-જસટીસ" જાહેર રીતે વાચી સભળાવવામા આવ્યો હતો, તથા તે વાચ્યાબાદ તુરત ૨૧ ટોપો ફુટી હતી. તે પછી સર એડવરડ વેસ્ટે,

---

૧ મુબઈ શમાચાર, તા૦ ૯ જી મેએ ૧૮૨૪

૨ એવણના બાવા શેઠ સતોકજી બરજોરજી ઈ૦ સ૦ ૧૭૪૫ મા ઐબાવથી અતરે આવ્યા હતા, અને અતરેના લશ્કર ખાતાના સિપાહીઓના પોશાગ બનાવી આપવાના કામનુ કંત્રાક્ટ સરકારે તેવણને આપ્યુ હતુ આથી ઈંગ્રેજ અમલદારોમા તેઓ ઘણો વગ ધરાવતા હતા, તથા પારસી કોમમાથી તેમને સારુ માન હતુ તે વેળાની અતરેની પચાતના તેવણ એક અગ્રાબર હતા.

"ચીફ જસ્ટીસ" તથા મીસ્ટર ચારલસ ચેમબરસે "પ્યુની જડજ" તરીકેના સપત લીધા હતા; જે પછી પેહલાનાં માનને માટે ૧૭ તથા બીજાને માટે ૧૫ ટોપો ફોડવામા આવી હતી.[1]

---

તા૦ ૩૦ મી જુન.

રોજ ૧ માહ ૧૦ (સ૦) ૧૧૯૩ યજદજરદી.

આએ વર્ષે મુંબઈ મધે વરસાદ નહિ પડવાથી અતરેની પારસી પંચાત તરફથી આજદીને બાહિરકોટ સેઠ દાદીભાઈ નોશરવાનજીના આતશબેહરામમા એક જાહેર જશન કરવામા આવ્યુ હતુ, તે વેળાએ જરતોશતીઓની એક ભારે ગીરદી થઈ હતી. ત્યાથી ફારેગ થઈ સર્વે લોકો ચંદનવાડી સેઠ હોરમસજી બહમનજી વાડીઆનાં આદરાંનવાલા મકાનમા નેઆતનું જમન કીધુ હતું ત્યા જમવાને ગયા હતા. એ દીને પાછલા પોહરના પાચ કલાકને અમલે વરસાદનુ એક મોટું ઝાપટુ દશ મીનીટ સુધી પડયુ હતુ. એજ પ્રમાણે હિંદુઓએ પોતાના મુલેશરના દેહડામા ચાર દિવસ સુધી હવનની ક્રિઆ, તથા પોરટુગીજોએ પોતાના મોટા દેવલમાં "ઓર સાઉંડ સાદાદેના" ની ક્રિઆ કીધી હતી.[2]

---

તા૦ ૧૭ મી જુલાઈ.

રોજ ૧૮ માહ ૧૦ (સ૦) ૧૧૯૩ યજદજરદી.

**મરણ**—નવરોજજી હોરમજજી મોટાભાઈ[3]—ઉમર વર્ષ ૫૦) સેઠ હોરમજજી મોટાભાઈના વડા દીકરા. એવણ પ્રથમમા પોતાના મામા સેઠ નાનાભાઈ બહમનજી જીવાના હાથ હેઠલ વ્યાપારના કામમા પડેલા હતા. ત્યારપછી તેમના મરણબાદ સેઠ ખરશેદજી માણેકજી મગાકની મદદથી અતરેની કમીસરીએટમાં કંત્રાકટો લેતા હતા.

---

તા૦ ૩૧ મી જુલાઈ.

આજનાં "બોમ્બે કુરીઅર" માં દસ્તુર ફરદુનજી દારાબજી જમાસપઆસાનાએ એક મહેરનજર છપાવી હતી કે તેઓ અતરેના ગવરનર હાનરેબલ માઉંનટ સ્ટુઅરટ એલફીનસટનના આસરા હેઠલ "અખબાર" નામનુ ફરસી બોલાડીઆનું એક વર્તમાન પત્ર ફારસી ભાષામાં કાઢનાર છે. તેનુ મણ માસીક લવાજમ રૂ૯) નુ ઠેરવ્યુ છે.[4]

---

તા૦ ૬ થી આગસટ.

રોજ ૮ માહ ૧૧ (સ૦) ૧૧૯૩ યજદજરદી.

આજ દીને પુણા મધે સેઠ સોરાબજી રતનજી પટેલે આંતશદાદગાહની એક દરેમેહર બંધાવી પરઠાવી હતી.[5]

---

તા૦ ૨૯ મી આગસટ.

રોજ ૧ માહ ૧૨ (સ૦) ૧૧૯૩ યજદજરદી.

આજ દીને પુણા મધે સેઠ સોરાબજી રતનજી પટેલે બંધાવવા માંડેલા દોખમાનો તાણો પુરવાની ક્રિઆ કરવામા આવી હતી, તે વેળાએ પુણા તથા તેની આજુબાજુનાં ગામોના મળી આસરે ૨૦૦) જરથોશતીઓ ભેગા મલયા હતા.[6]

---

તા૦ ૪ થી સપટેમબર.

રોજ ૨ માહ ૧ (ક૦) ૧૧૯૪ યજદજરદી.

**મરણ**—ખરશેદજી દોરાબજી રાંડેલીઆ[7]—ઉમર વર્ષ ૨૫) સેઠ દોરાબજી બેહરામજી રાંડેલીઆના વડા દીકરા. એવણ પોતાના બાપના વ્યાપારનાં કામમાં પડેલા હતા, અને ટુંક ઉમરમા અચાનક મરણ પામ્યા હતા. "એક અપહડ વઈદનું અઉશડ હેના જીવનો કાલ થાઇઉ."

---

તા૦ ૮ મી સપટેમબર.

રોજ ૧૧ માહ ૧૨ (સ૦) ૧૧૯૩ યજદજરદી.

**મરણ**—માણેકજી સોરાબજી પારખ—ઉમર વર્ષ ૬૦) સેઠ સોરાબજી એદલજી પારખના વડા દીકરા.

---

[1] બોમ્બે ગેઝેટ, તા૦ ૧૨ મી જુન ૧૮૨૪

[2] મુંબઈના શમાચાર, તા૦ ૫ મી જુલાઈ ૧૮૨૪

[3] સેઠ નવરોજજી રૂસતમજી મોટાભાઈ (બારીસટર) ના બપાવા.

[4] બોમ્બે કુરીઅર, તા૦ ૩૧ મી જુલાઈ ૧૮૨૪ આ પત્રનાં પુરતા ઘરાકો ન થવાથી તે કાઢવામા આવ્યુ હતું નહિ.

[5] મુંબઈના શમાચાર, તા૦ ૨૬ મી આગસટ ૧૮૨૪

[6] મુંબઈના શમાચાર, તા૦ ૬ મી સપટેમબર ૧૮૨૪ આ દોખમુ પુણા મધે બાંધવા માટે સેઠ સોહરાબજીની તરફથી તેમના ભાઈ સેઠ પેશતનજી રતનજી પટેલે મુંબઈની શમસત જરથોશતી અંજુમનની એક સભા કે જે ગઈ તા૦ ૨૦ મી મેએ ૧૮૨૪ ને દીને દાદીસેઠવાલા આતશબેહરામમા મળી હતી તેમા પંચાતને અરજ કીધી હતી જે "શ્રી પુણા મધે આપણ લોકોની વશતી ઘણી થાઇછે અને તે જગો દોખમુ તથા દરેમેહર નથી તેથી ઘણી અડચણ પડેછે વાશતે મારો ભાઇ નામે સોહરાબજી રતનજી પટેલ શ્રી પુણા મધેછ તેહની હેવી ઇછાછે જે તે જગો એક દોખમુ બનાવે અને શ્રી પુણ શ્રી મુંબઇને લગતુ છે વાશતે શ્રી મુંબઇની પંચાતની પાશે એ નેક કામ કરવાની રજા માગુ છ" તેહવારે પંચાતના લોકો ઘણાએક ખુશી થઇને તેહને રજા આપી ને તનદોરોશતી મણેઆ

[મુંબઈના શમાચાર, તા૦ ૨૪ મી મેએ ૧૮૨૪].

[7] અતરેવાળા સેઠ ધનજીભાઈ ખરશેદજી રાંડેલીઆના બાવા

એવણ અતરેના એક જાણીતા વ્યાપારી હતા,[૧] તથા પોતાના ભાઇઓ શેઠ એદલજી તથા શાપુરજી અને શા૦ નરસીદાસ કાલાભાઈ સાથે "માણેકજી નરસીદાસ"ની કંપનીને નામે ચીન તથા બીજા દેશાવરો ખાતેનો મોટો વ્યાપાર ચલાવતા હતા. આ માટે એવણની પેહડીના "હેલન" અને "કારનવાલ" નામના બે સફરી વાહણો હતા.

---

તા૦ ૨૭ મી સપટેમબર.

દસ્તૂર એદલજી દારાબજી જામાસપ આશાનાએ પેહલવી પંદનામે જરથોશ્તનો ગુજરાતીમા તરજુમો કરી આજ દીને તે મુંબઈ સમાચાર છાપખાનામાંથી છપાવી રૂ૧॥ ની કીમંતે બાહેર પાડયો હતો.[૨] એ તરજુમો તેના દીબાચામા જણાવ્યા મુજબ મજકૂર પેહલવી પંદનામાની એક નકલ કે જે મરહુમ દસ્તૂર જામાસપ આશાને હાથની લખેલી હતી તે ઉપરથી દસ્તૂરજીએ કર્યો હતો.

---

તા૦ ૧ લી અકટોબર.

વલસાડમાં થતા લગનોની આવક ઉપર ઉદવારે-વાલા મોબેદોના ભાગ હીસ્સા બાબેં એ બંધે તરફવાલાઓમાં કંઇક મુદત થઈ ટંટો ચાલ્યા કરતો હતો, અને તેના નીવેડાને માટે તેઓ સુરતની અદાલતમા ગયા હતા, જ્યા આજ દીને એવો ફેસલો થયો હતો કે "૭૨ વર્ષ ઉપર એ બાબે પેશવાની સરકાર તરફથી ફેસલો થયો હતો,— જે હદ કાવેરી દક્ષણ નીર પ્રાત સુરતથી તે હદ વૈતરની કીનારે મોજે દાવીર પ્રગણે માહીમ પ્રાત વશઈ લગીના પારસી લોકનું અધારૂપણું જે અસલથી ઉદવારેવાલા અધારૂ ત્રણ ભાગ્યા (વનપાવ હોરમજીયાર, કામ હોરમજીયાર અને શાએર હોરમજીયારના વારેસો) તથા ત્રણેના બીજા ભાગ્યાઓમા ચાલતુ આવેછે તે પ્રમાણે ચલાવવું," પણ તે પછી વલસાડવાલાઓએ પોતાને ત્યાં થતા લગનોનો ભાગ ઉદવારેવાલાઓને નહિ આપ્યો તે ગેરવાજબી છે. વલસાડના દસ્તૂર ફરામજી રૂસ્તમજી કેહેછે કે એમ તેઓને ભાગ આપે તો બાઇજીએ શું? પણ તે કંઈ વાજબી કારણ નથી. એના પુરાવામા તેઓ બીજી કંઈ શાક્ષી લાવ્યા નથી, માટે જેમ કદીમ શરેસતા પ્રમાણે ચાલેછે તેમ ચાલતું, અને ઉદવારેવાલાઓના ચઢેલા રૂ૫૨) તેઓની વતી દસ્તૂર દોરાબજી બેહરામજી તથા દસ્તૂર રૂસ્તમજી ટેહમુલજીને વલસાડવાલાઓની વતી આ૦ માણેકજી બેહરામજી તથા આ૦ બહમનજી માણેકજીએ આપવા."[૩]

---

તા૦ ૧૦ મી અકટોબર.

સુરતની પાસેના ભાઠા ગામમાં એક મોટો ૨) કોશ ફરે તેવડો કુવો મુંબઈવાલા શેઠ દાદાભાઈ કાવશજી શાહેરે પોતાના મરહુમ દીકરા શેઠ અરદેસરજીની નઇએતે બંધાવી ધર્મખાતે આપ્યો હતો.[૪]

---

તા૦ ૨૨ મી નવેમબર.

આજ દીને શેઠ જમશેદજી જીજીભાઇએ પોતાના મજગાંમના બંગલામાં અતરેની મીશીઅરસ રીમીંગટન ફાકરડની કંપનીવાલા મી૦ જે. એમ. ફાકરડને પોતાને વતન સીધારતી વેળાએ એક જીઆફત તથા "બાલ" આપ્યો હતો. તે વેળાએ અતરેના નામદાર ગવરનર હાનરેબલ માઉનટ સ્ટુઅરટ એલફીનસટન, નામદાર ચીફ જસટીસ, અને બીજા ઘણા સરકારી તથા લશ્કરી ખાતાંના અમલદારો, વ્યાપારીઓ વગેરે હાજર થયા હતા. લગભગ ઘણું કરીને "બાલ-રૂમ"મા નાચરંગ કરી સઘળાઓ મધરાતના ખાણાની "ટેબલ" ઉપર એકઠા મલ્યા હતા તે વેળાએ મી૦ જે એમ ફાકરડે પોતાના મેજબાન શેઠ જમશેદજી જીજીભાઈની સલામતી એક

---

૧ એવણના બાવા શેઠ શોરાબજી એદલજી પારખ સુરતથી અતરે આવ્યા હતા, અને શેઠ શોરાબજી મનચેરજી રેડીમનીના મેહતા તરીકે લાંબી મુદત સુધી રહેલા હતા તેમના મરણ બાદ ત્યાંથી નીકલી પોતાને હીસાબે ચીન ખાતેનો વ્યાપાર "શોરાબજી એદલજીની કંપની"ના નામથી ચલાવતા હતા

૨ "શ્રી જરતોશત પેગમબર શાહેબનું ફરમાવેલું પંદનામું, એટલે જે નશીહતનામું પેહલવી જોબાનમાંથી ગુજરાતી જોબાનમો તરજુમો કીધોછે કુરબર એદલ દશતુર દારાબજી જમશેદજીએ શને ૧૧૯૩ ઇઅજદજરદીમો શ્રી મુંબઈના શમાચારખાનામો છપાઈલી છે શને ૧૮૨૪ ઇશવી"

૩ આ ફેસલાની અસલ નકલ ઊદવારેની અંજુમનને લગતા દસતાવેજોમાથી ત્યાંના દસ્તૂર બરજોરજી રૂસતમજી મીરજાએ અમોને દેખાડી હતી

૪ આ કુવાપર નીચે પ્રમાણેની તખ્તી કોતરેલીછે.—
"શંવત ૧૮૮૦ ના ચૈત્ર શુદ ૧ વાર શનેઉ
"તા૦ ૧૦ અકટોબર શને ૧૮૨૪ ઇસવી, રોજ ૧૦
"માહ ૮ શને ૧૧૯૩ એજદેજરદી શેઠ શ્રીપ મુંબાઇવાશી
"પારશી દાદાભાઈ કાવશજી માણેકજી શાહેરે પોતાનો
"બેટો અરદેશર ગુજરેઓ તેની નઈએતે ધરમખાતે
"બંધાવી આપેઓછે. તેના કોશના ખરચને કાજે
"રાજેશરી શીતારામ રાવજી શાહેબના હોકમથી તથા
"ગામના પટેલ તથા રઈએત મલીને જમીન વીગા
"(૬) અપાવીછે તે મધેથી કોશનો ખરચ ચંદરોકાલ
"દીવાકરણ શુધી શલ્યા કરે"

"ચીફ જસટીસ" તથા સર ચારલસ ચેમબરસે "રબુની જડજ" તરફીના સપત લીધા હતા, જે પછી પેહલાનાં માનને માટે ૧૭ તથા બીજાને માટે ૧૫ તોપો ફોડયામા આવી હતી.[1]

---

તા૦ ૩૦ મી જુન.

રોજ ૧ માહ ૧૦ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

આએ વર્ષે મુંબઈ મધે વરસાદ નહિ પડવાથી અનજૈની પારસી પંચાત તરફથી આજદીને બાહેરકોટ શેઠ દાદીભાઈ નોશરવાનજીના આતશબેહરામમા એક જાહેર જશન કરવામા આવ્યુ હતુ, તે વેળાએ જરતોશતીઓની એક ભારી ગીરદી થઈ હતી. ત્યાથી ફારેગ થઈ સર્વે લોકો ચંદનવાડી શેઠ હોરમજજી બહેમનજી વાડીઆનાં આદરાનવાલા મકાનમા નેઆતનું જમન કીધુ હતુ ત્યાં જમવાને ગયા હતા. એ દીને પાછલા પોહરના પાચ કલાકને અમલે વરસાદનુ એક મોટુ ઝાપટુ દશ મીનીટ સુધી પડયુ હતુ. એજ પ્રમાણે હિંદુઓએ પોતાના ભુલેશ્વરના દેહડામાં ચાર દિવસ સુધી હવનની ક્રિઆ, તથા પોરટુગીજોએ પોતાના મોટા દેવળમાં "ઓર શાઉડ બાદાઈના" ની ક્રિઆ કીધી હતી.[2]

---

તા૦ ૧૭ મી જુલાઈ.

રોજ ૧૮ માહ ૧૦ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

મરણ—નવરોજજી હોરમજજી મોટાભાઈ[3]—ઉમર વર્ષ ૫૦) શેઠ હોરમજજી મોટાભાઈના વડા દીકરા. એવણ પ્રથમમાં પોતાના મામા શેઠ નાનાભાઈ બહેમનજી જીવાના હાથહેઠળ વ્યાપારના કામમા પડેલા હતા. ત્યારપછી તેમના મરણબાદ શેઠ ખરશેદજી માણેકજી સરાફની મદદથી અનજૈની કમીશનીઓમા કમાણી લેતા હતા.

---

તા૦ ૩૧ મી જુલાઈ.

આજના "બોમ્બે કુરીઅર" માં દસ્તુર ફરદુનજી દારાબજીએ જમાસપઆસાનાએ એક મહેઝર છપાવી હતી કે તેઓ આરકોના ગવરનર હાનરેબલ માઉન્ટ સ્ટુઅરટ એલફીનસટનના આસરા હેઠળ "જામબાજ" નામનું ઇરાન આવાડીઆનું એક વર્તમાન પત્ર ફારસી ભાષામાં કાહાડનાર છે. તેનુ ખરચ માસીક લવાજમ રૂ૯)નું ઠેરવ્યું છે.[4]

1 બોમ્બે ગેજેટ, તા૦ ૧૨ મી જુલાઈ ૧૮૨૪

2 મુંબઈના સમાચાર, તા૦ ૫ મી જુલાઈ ૧૮૨૪.

3 શેઠ નવરોજજી રૂસતમજી મોટાભાઈ (બારીસ-'૨૧) ના બાવા

4 બોમ્બે કુરીઅર, તા૦ ૩૧ મી જુલાઈ ૧૮૨૪ આ પત્રનો પુરતો ઘરાકો ન થવાથી તે કાહાડવામા આવ્યું હતું નહિ.

તા૦ ૬ થી આગસટ.

રોજ ૮ માહ ૧૧ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

આજ દીને પુણા મધે શેઠ સોરાબજી રતનજી પટેલે આતશદાદગાહની એક દરેમેહર બંધાવી પરઠાવી હતી.[5]

---

તા૦ ૨૯ મી આગસટ.

રોજ ૧ માહ ૧૨ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

આજ દીને પુણાં મધે શેઠ સોરાબજી રતનજી પટેલે બંધાવવા માંડેલા દેરામાંનો તાણો પુરવાની ક્રિઆ કરવામા આવી હતી, તે વેળાએ પુણા તથા તેની આજુ બાજુના ગામોના મળી આસરે ૨૦૦) જરથોસ્તીઓ ભેગા મલયા હતા.[6]

---

તા૦ ૪ થી સપટેમબર.

રોજ ૨ માહ ૧ (ક૦) ૧૧૯૪ યજદજરદી.

મરણ—ખરશેદજી દોરાબજી રાંદેલીઆ[7]—ઉમર વર્ષ ૨૫) શેઠ દોરાબજી મેહેરવાનજી રાંદેલીઆના વડા દીકરા. એવણ પોતાના બાપનાં વ્યાપારના કામમા પડેલા હતા, અને ટુંક ઉમરમા અચાનક મરણ પામ્યા હતા. "એક અપહડ વઈદનું અઉશડ હેનાં જીવનો કાલ થાઇઉં."

---

તા૦ ૮ મી સપટેમબર.

રોજ ૧૧ માહ ૧૨ (શે૦) ૧૧૯૩ યજદજરદી.

મરણ—માણેકજી સોરાબજી પારખ—ઉમર વર્ષ ૬૦) શેઠ સોરાબજી એદલજી પારખના વડા દીકરા.

5 મુંબઈના સમાચાર; તા૦ ૨૬ મી આગસટ ૧૮૨૪

6 મુંબઈના સમાચાર, તા૦ ૬ થી સપટેમબર ૧૮૨૪

આ દેરાસું પુણા મધે બાધવા માટે શેઠ સોહરાબજીની તરફથી તેમના ભાઈ શેઠ પેસતનજી રતનજી પટેલે મુંબઈની સમસત જરથોસ્તી અંજુમનની એક સભા કે જે ગઈ તા૦ ૨૦ મી મેએ ૧૮૨૪ ને દીને દાદીશેઠવાળા આતશબેહરામમા મળી હતી તેમાં પંચાતને અરજ કીધી હતી જે "શ્રી પુણાં મધે આપણા લોકોની વસતી વધતી થાઇછે અને તે જગો દેરાસું તથા દરેમેહર નથી તેથી ઘણી અડચણ પડેછે વાસતે મારો ભાઇ નામે શેઠ સોહરાબજી રતનજી પટેલ શ્રી પુણા મધેછે તેમની ઉવી ઇછાછે જે તે જગો એક દેરાસુ બનાવે અને શ્રી પુણા શ્રી મુંબઈને લગતુ છે વાસતે શ્રી મુંબઈની પંચાતની પાસે એ નેક કામ કરવાની રજા માગુ છ" તેવારે પંચાતના લોકો ઘણાએક ખુશી થઇને તેહને રજા આપીને તે નશેરોસતી બક્ષીઆ.

[મુંબઈના સમાચાર, તા૦ ૨૪ મી મેઈ ૧૮૨૪].

7 અનરેવાપા શેઠ ધનજીભાઈ બરજોરજી રાંદેલીઆના બાવા.

એવણ અતરેના એક જાણીતા વ્યાપારી હતા,[1] તથા પોતાના ભાઇઓ શેઠ એદલજી તથા શાપુરજી અને શા૦ તનસીદાસ કાલામોદી સાથે "માણેકજી તલમીદાસ" ની કંપનીને નામે ચીન તથા બીજા દેશાવરો ખાતેનો મોટો વ્યાપાર ચલાવતા હતા. આ માટે એવણની મેહડીના "હેલન" અને "કારનવાલ" નામના બે સફરી વાહણો હતા.

---

તા૦ ૨૭ મી સપટેમબર.

દસ્તુર એદલજી દારાબજી જામાસપ આશાનાએ પેહલવી પંદનામે જરથોસ્તનો ગુજરાતીમા તરજુમો કરી આજ દીને તે મુંબઈ સમાચાર છાપાખાનામાથી છપાવી રૂ૧॥ ની કીમતે બાહેર પાડયો હતો.[2] એ તરજુમો તેના દીબાચામા જણાવ્યા મુજબ મજકૂર પેહલવી પંદનામાની એક નકલ કે જે મરહુમ દસ્તૂર જામાસપ આશાને હાથની લખેલી હતી તે ઉપરથી દસ્તૂરજીએ કર્યો હતો.

---

તા૦ ૧ લી અકટોબર.

વલસાડમા થતા લગનોની આવક ઉપર ઉદવારે-વાલા મોબેદોના ભાગ હીસ્સા બાબે એ બંધે તરફવાલા-ઓમા કંઇક મુદત થઈ ટંટો ચાલ્યા કરતો હતો, અને તેના નીકાલને માટે તેઓ સુરતની અદાલતમા ગયા હતા, જ્યા આજ દીને એવો ફેસલો થયો હતો કે "૭૧ વર્ષ ઉપર એ બાબે પેશવાની સરકાર તરફથી ફેસલો થયો હતો,— જે હદ કાવેરી દક્ષણ નીર પ્રાંત સુરતથી તે હદ વૈતરની કીનારે મોજે દાતીવેર પ્રગણે માહીમ પ્રાંત વશઈ લગીના પારસી લોકનુ અધારપણુ જે અસલથી ઉદવારેવાલા અવાડે ત્રણ ભાગ્યા (વનપાલ હોરમજીઆર, કામ હોરમજીઆર અને ચાંગેર હોરમજીઆરના વારેસો) તથા ત્રણેના બીજા ભાગ્યાઓમા ચાલતુ આવેછે તે પ્રમાણે ચલાવવુ," પણ તે પછી વલસાડવાલાઓએ પોતાને ત્યા થતા લગનોનો ભાગ ઉદવારેવાલાઓને નહિ આપ્યો તે ગેરવાજબીછે વલસાડના દસ્તૂર ફરામજી રૂસતમજી કેહેછે કે એમ તેઓને ભાગ આપે તો બાઇજીએ શુ ? પણ તે કંઈ વાજબી કારણ નથી. એના પુરાવામા તેઓ બીજી કંઈ શાક્ષી લાવ્યા નથી, માટે જેમ કદીમ શરેસતા પ્રમાણે ચાલેછે તેમ ચાલવુ, અને ઉદવારેવાલાઓના ચઢેલા રૂ૫૨) તેઓની વતી દસ્તૂર દોરાબજી બેહરામજી તથા દસ્તૂર રૂસતમજી ટેહમુલજીને વલસાડવાલાઓની વતી આ૦ માણેકજી બેહરામજી તથા આ૦ બહમનજી માણેકજીએ આપવા."[3]

---

તા૦ ૧૦ મી અકટોબર.

સુરતની પાસેના ભાઠા ગામમા એક મોટો ૨) કોશ ફરે તેવડો કુવો મુંબઈવાના શેઠ દાદાભાઈ કાવશજી શાહેરે પોતાના મરહુમ દીકરા શેઠ અરદેસરજીની નઇ-એતે બંધાવી ધર્મખાતે આપ્યો હતો.[4]

---

તા૦ ૨૨ મી નવેમબર.

આજ દીને શેઠ જમશેદજી જીજીભાઇએ પોતાના મઝગામના બંગલામા અતરેની મોશીઅરસ રીમીંગટન ફારબસની કંપનીવાલા મી૦ જે. એચ ફારબસને પોતાને વતન સીધારતી વેળાએ એક જીઆફત તથા "બાલ" આપ્યો હતો. તે વેળાએ અતરેના નામદાર ગવરનર હા-નરેબલ માઉનટ સ્ટુઅરટ એલફીનસટન, નામદાર ચીફ જસટીસ, અને બીજા ઘણા સરકારી તથા લશકરી ખા-તાના અમલદારો, વ્યાપારીઓ વગેરે હાજર થયા હતા. લગભગ ત્રણ કલાકોવેર "બાલ-રૂમ" મા નાચરંગ કરી સઘળાઓ મધરાતના ખાણાની "ટેબલ" ઉપર એકઠા મલ્યા હતા તે વેળાએ મી૦ જે એચ ફારબસે પોતાના મેજબાન શેઠ જમશેદજી જીજીભાઇની સલામતી એક

---

[1] એવણના બાવા શેઠ હીરાજી એદલજી પારખ સુરતથી અતરે આવ્યા હતા, અને શેઠ હોરાબજી મન-ચેરજી રેડીમનીના ચેહતા તરીકે લાંબી મુદત સુધી રહેલા હતા. તેમના મરણ બાદ ત્યાથી નીકળી પોતાને હીસાબે ચીન ખાતેનો વ્યાપાર "હોરાબજી એદલજીની કંપની" ના નામથી ચલાવતા હતા

[2] "શ્રી જરતોશત પેગંબર શાહેબનુ ફરમાવેલુ પંદનામુ, એટલે જે નશીહતનામુ પેહલવી જોબાન-માથી ગુજરાતી જોબાનમો તરજુમો કીધોછે હેરબદ એદલ દસ્તુર દારાબજી જમશેદજીએ શને ૧૧૯૩ ઇઅજ-દજરદીઓ શ્રી મુંબઇના શમાચારખાનામો છપાઇઊછે શને ૧૮૨૪ ઇશવી"

[3] આ ફેસલાની અસલ નકલ ઊદવારેની અંજુ-મનને લગતા દસતાવેજોમાથી ત્યાના દસ્તૂર બરજોરજી રૂસતમજી મીરજાએ અમોને દેખાડી હતી

[4] આ કુવાપર નીચે પ્રમાણેની તખ્તી કોતરેલીછે —
"શંવત ૧૮૮૦ ના ચૈત્ર શુદ ૧ વાર શનેઊ
"તા૦ ૧૦ અકટોબર શને ૧૮૨૪ ઇસવી, રોજ ૧૦
"માહ ૮ શને ૧૧૯૩ એજદેજરદી શેઠ શ્રીપ મુંબાઇવાશી
"પારશી દાદાભાઈ કાવશજી માણેકજી શાહેરે પોતાનો
"મોટો અરદેશર ગુજરેઓ તેની નઇએતે ધરમખાતે
"બંધાવી આપેઓછે તેના કોશના ખરચને કાજે
"રાજેશરી શીતારામ રાવજી શાહેબના હોકમથી તથા
"ગામના પટેલ તથા રહીએત મલીને જમીન વીગા
"(૬) અપાવીછે તે જમીથી કોશનો ખરચ ચંદરોકાલ
"દીવાકરણ સુધી થઆ કરે"

સુભાખીત ભાષણ કરી લેવાડી હતી. શેઠ જમશેદજીની તરફથી અતરેના આડવોકેટ જનરલે તેનો જવાબ વાલ્યો અને મી૦ ક્રાફુરડની તથા તેની બાનુની સલામતી લેવાડી. એ પછી સઘળાઓ પાછા નાચના ઓરડામા ગયા, અને બામદાદ સુધી ગમત મેલવી છુટા પડયા હતા.[૨]

તા૦ ૨૫ મી નવેમબર.

આજ દીને મુબઈના મુખ્ય દેશી રેહવાસીઓએ શેઠ જમશેદજી જીજીભાઈના ઘેરમા એકઠા મલી મી૦ જેમસ હેનરી ક્રાફરડ કે જે ૧૮ વર્ષપેર અતરેનો એક જાણીતો વ્યાપારી તથા પછવાડેથી મુબઈનો માજીસ્ટરેટ પણ થયો હતો તેને પોતાને વતન સીધારતી વેળાએ એક માન પત્ર તથા ૭૦૦) ગીનીની કીમતની "પીસ-ઑફ-પ્લેટ" ભેટ આપી હતી. શેઠ ધાકજી દાદાજીએ અતરેના આડવોકેટ જનરલને અરજ કરવા ઉપરથી તેણે માન પત્ર બુલંદ અવાજે વાચી સંભલાવ્યુ હતુ, જેનો મી૦ ક્રાફરડે લાયક રીતે ઉતર વાલ્યા પછી તે મેલાવડો બરખાસ્ત થયો હતો. આ માન પત્રપર નીચના પારસી ગ્રહસ્થોની સહીઓ હતી —[૨]

શેઠો ખરશેદજી અરદેસર દાદી, જાંહગીર અરદેશેર દાદી, નવરોજજી જમશેદજી વાડીઆ, ફરામજી કાવસજી બનાજી, જમશેદજી જીજીભાઈ, દાદાભાઈ પેશતનજી વાડીઆ, જાહગીર નશરવાનજી વાડીઆ, હોરમજજી દોરાબજી લપકરી, હીમજી કાવશજી બનાજી, ખરશેદજી કાવશજી બનાજી, ખરશેદજી માણેકજી સરાફ, કાવશજી માણેકજી હાથબરનરના, એદલજી શેરાબજી પારખ, શાપુરજી સોરાબજી પારખ, નવરોજજી કાવશજી નાળીએરવાલા, ફરદુનજી હીમજી પાડે, ભીખાજી મેહરજીની કંપની, દાદાભાઈ કાવશજી શાએર, બરજોરજી નાનાભાઈ દાવર, એદલજી ખરશેદજી બાકસટર અને છોકરાઓ, નશરવાનજી અને ફરામજી મનચેરજી કામાજી, હોરમજજી ભીખાજી ચીનાઈ, બાપુજી પેશતનજી મેહતા, ખરશેદજી જમશેદજી જીજીભાઈ.

તા૦ ૧૦ મી ડીસેમબર.

આજ દીને મુબઈની સરકારના સેક્રેટરી મી૦ જેમસ ફેરીસનો પારસી પંચાત ઉપર એક પત્ર આવ્યો હતો કે નેટીવ સ્કુલ સ્થાપવા સારૂં કંપની સરકારની જામીનગીરી હેઠલ પારસી પંચાતના ફંડ મધેથી રૂ૧૩૭૦૪॥૧૮। "નેટીવ એડયુકેશન સોસાઇટી" ના સેક્રેટરી કપતાન જારજ જરવીસને આપવા, અને તેના બદલામાં સરકાર તા૦ ૧ લી આપરેલ ૧૮૨૫ થી વર્ષ ૯ સુધી દર માસે રૂ૧૭૦) લેખે પંચાતને આપશે.[૩]

તા૦ ૨૧ મી ડીસેમબર.

અતરેની ગોદીમા મીશીઅરસ ફારબસની કંપનીને માટે બધાયલું ૭૪૨ ટણનુ મોટુ સફરી વાહણ "કેલીડોનીયા" ને પાણીમા ઉતારવાની ક્રિયા આજ દીને રાત્રે ૧૧ વાગે કરવામા આવી હતી. હાનરેબલ મી૦ ગુડવીને ચંપીનની બાટલી ફોડયા પછી તે વાહણને સર્વેની ખુશાલીની તાળીઓ વચ્ચે દરીયામા ઉતારવામા આવ્યુ હતુ. તે પછી મુબઈના દરીયાવંદી ખાતાના સુપરીનટેનડનટ મી૦ હેનરી મેરીટને વડા માસ્ટર બીલડર શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ તથા બીજા માસ્ટર બીલડર શેઠ ખરશેદજી રૂસતમજી વાડીઆને તેમની આ વાહણ બાધવાની કારીગરીને માટે એકેકો શાલ જોડો ભેટ આપ્યો હતો, તથા એક સુભાખીત ભાષાણ કરી તેમની ચતુરાઈની ઘણી તારીફ કીધી હતી, તથા જણાવ્યુ કે મુબઈની ગોદીએ વાહાણ બાધવાના હુનરમા જે મોટુ નામ મેલવ્યુછે તેને એનો સારીપેઠે ટકાવી રાખનારછે, તથા શેઠ નવરોજજી પોતાના મરનાર બાપ શેઠ જમશેદજીના રૂડા પગના ઉપર ચાલ્યાછે, તે માટે પોતાની તરફની ખુશાલી બતાવી હતી.[૪]

આએ વર્ષમાં શેઠ બેહરામજી કાવશજી બનાજીએ મુબઈ મધે મેદાન માહેલા કાપના કુવાની પાસે સર્વે દાતન લોકોના ઉપયોગને માટે એક મોટો કુવો બધાવ્યો હતો.[૫]

---

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૨૭ મી નવેમબર ૧૮૨૪ આ મેલાવડા માટે "કુરીઅર" મા નીચે પ્રમાણે વિચાર જણાવે છે:—

"We had seldom had an opportunity of witnessing, even in the houses of the first European Gentry in the Island, an entertainment so agreeably and judiciously arranged, as this of Jamsetjee's."

[Bombay Courier, 27th November 1824]

૨ બોમ્બે કુરીઅર, તા૦ ૨૭ મી નવેમબર ૧૮૨૪.

૩ આ સરત પંચાતના અકાબરોએ કાબુલ રાખી હતી, તથા મજકુર રૂ૧૩૭૦૪॥૧૮। ની સરકાર કંપનીની ચુનીતી પંચાતના ફંડમાથી વેચાતી લીધી હતી, અને તે રૂપીઆની રકમ તા૦ ૨૨ મી અકટોબર ૧૮૨૪ થીતે તા૦ ૧૦ મી નવેમબર ૧૮૨૫ સુધીનો પંચાતના ફંડનો હીસાબ જે તા૦ ૯ મી જુલાઈ ૧૮૨૬ ના "મુબઈના સમાચાર" મા છપાયલોછે તેમાં ઉધારેલી માલમ પડેછે

૪ બોમ્બે કુરીઅર, તા૦ ૨૫ મી ડીસેમબર ૧૮૨૪

૫ આ કુવો હજુસુધી તે તરફ નની બવાલી "ફેઠ-ડરેલ સ્કુલ" વાલી ઇમારતની પડોસમા સલામતછે, અને તેની અંદર નીચલી તખ્તી જડેલીછે.—

"This well was built by Byramjee Cowasjee Banajee A D 1824"

"એ કુવો પારસી બેરામજી કાવશજી બનાજીનાએ ધરમ ખાતે——સને ૧૮૮૦"

# ઈ૦ સ૦ ૧૮૨૫.

આએ વર્ષના "બોમ્બે કુરીઅર" માંથી નીકળેલાં ધ ગ્રેજી કાલેનડરમાં[1] પારસીઓને લગતી સઘળી ખીના નીચલા ફેરફાર સિવાય આગલા કાલેનડર પ્રમાણેજ હતી.

પારસી વાહણવટીઓની ટીપમા વાહણ "અપટણ કાસ્લ" નુ નામ નથી.

"બોમ્બે ઈનસુરનશ સોશાઈટી" ના પારસી ભાગીદારોની ટીપમા શેઠો સોરાબજી પેશતનજી પાટક, ધનજીભાઈ ફરામજી બાટલીવાલા અને ફરદુનજી સોરાબજી પારખના નામ એકઠા ચેરહોલડર તરીકે ઉમેરાયનાછે.

"બોમ્બે લાઈફ ઈનસુરનશ કંપની" ના ભાગીદારોની ટીપમા શેઠ સોરાબજી ફરામજી વાડીઆનુ નામ એક શેરના ભાગીદાર તરીકે ઉમેરાયલુ છે

પારસી દુકાનદારોની ટીપમા દીનશાહ દાદાભાઈ અને નવરોજજી જીવાજીના નામ નથી.

---

તા૦ ૨૫ મી જાનેવારી.

રોજ ૧૫ માહ ૮ (શે૦) ૧૧૯૮ યજદજરદી

આજ દીને સુરત મધે અગ્યુમનના ઉપરાતથી બધાવવા ધારેલા દોખમાનો તાણો પુરવાની ક્રિઆ કરવામા આવી હતી.[2] એ ક્રિઆનું જશન પુરૂ થયાબાદ તેજ મીજલસમાં એક ખીજી નેક કામની તદબીરસ્તી પડવામા આવી હતી. તેની ખીના એમકે સુરત મધે ચોમાસાના દિવસો ઉપર દોખમા તરફ જવાના રસ્તા આગલ રેલના પાણી ભરાઈ રેહવાથી ત્યાથી ર્વાનોને,તેરવીને લઈ જવાની મોટી મુસીબત પડતી હતી, તે ઉપરથી ત્યાના એક શેહનશાહી બેહદીને પોતાનુ નામ છુપુ રાખી બંદેઆદાને નામે ઉપલુ દોખમુ બધાવવાની મેનીજ કરનારાઓમાના એક શેઠ દીનશાહજી એદલજી ધનજી મેહતાનાને ૩૩૦૦૦) ની રકમ આપી એ ઠેકાણે એક પાકો પુલ બધાવવાની અરજ કીધી તથા તેમા ઉપલી રકમથી વધારે ખરચ થાયતો તેપણ પોતે આપવાની મરજી જણાવી. આ માટેની તદબીરસતી શેઠ દીનશાહજીએ પડાવ્યાથી સર્વે

---

[1] The Bombay Kalendar and Register for 1825
*Bombay, printed for the Proprietors by Shreecrustna Jaggonathjee*

[2] આ માટે એ દોખમાપર મારેલી તખતીમા નીચે મુજબ લખેલુછે. " . શને ૧૧૯૪ એજદે " જરદી રોજ ૧૫ મો દેતમેહર માહા ૪ થો તીર ઈજદ " એ દીને દખમાનો તાણો પુરાયો . "

એ દોખમુ બધાવવાના ઊઘરાણામા સઘળા મલી રૂ૫૪૧૨૯) ભરાયા હતા, જેની ટીપ તા૦ ૨૮ મી નવેમ્બર ૧૮૨૫ ના મુંબઈના શમાચારમા છાપીછે, જેમાથી નીચલી મોટી રકમો અનતરે ટાકીછે.—

૧૦૦૨૫) શેઠ રતનજી માણેકજી એ દીને નામે દા૦ બરજોરજી, બાઈ રૂસતમજીના કઆથી
૧૦૦૦૧) શેઠ મનચેરજી જમાસપજી ભાવનગરીને નામે હા૦ શેઠ બહમનજી
૭૦૦૧) મેહરવાનજી રૂસતમજી વખારીઆ
૭૦૦૦) પુણાવાલા મરહુમ મોદી ખુરશેદજી જમશેદજીએ એ દોખમા બાબત સુરતવાલા મોદી ખુરશેદજી ડોશાભાઈ ઊપર મોકલેલા તે મોદીજીએ અંજુમનની વતી મીશીઅરસ ફારબસની કંપનીમા વીઆજે મેલેલા
૨૦૦૦) વોહોરા ખરશેદજી કુવરજીની વતી મેહરવાનજી તથા દાદાભાઈ
૧૫૦૦) પારખ રતનજી માણેકજી
૧૨૦૧) એદલજી ધનજી મેહતાની વતી દીનશાહ તથા મનચેરશાહ
૧૧૦૦) ટેહમુલજી ધનજીભાઈ એ દીના
૧૦૦૧) આ૦ પેશતનજી જમાસપજી ભાવનગરીની વતી ડોશાભાઈ પેશતનજી ભાવનગરી.
૧૦૦૦) એદલજી કાવસજી શેઠના
૧૦૦૦) જમશેદજી શોરાબજી હોડીવાલાની વતી બરજોરજી તથા ફરામજી તથા દાદાભાઈ
૧૦૦૦) બાઈ સુનાબાઈ તે બરજોરજી રૂસતમજી ચીનાઈના વીધવા
૫૨૫) દાદાભાઈ પેશતનજી.
૫૦૧) મોદી ખુરશેદજી ડોશાભાઈ
૫૦૧) બાઈ હીરાબાઈ બરજોરજીની ધણીઆની
૫૦૦) બાઈ કુવરબાઈ તે મનચેરજી જમાસપજી ભાવનગરીના વીધવા
૫૦૦) આ૦ શોરાબજી બેહરામજી છીબડાના
૪૦૧) પેશતનજી કુવરજી રાનજી
૪૦૦) માણેકજી દાદાભાઈ હાટડીઆ (એ દીના)
૪૦૦) રતનજી છીબડા પીઠાવાલા
૩૫૧) ખરશેદજી ભીખાજી અરમાનીના દલાલ
૩૫૦) મોદી હોરમજજી ભીખજીને નામે
૩૪૦) પારખ હીરજી જીવણજીને નામે.
૩૦૦) હોરમજજી ફરામજી કરનાએકવાલા
૨૫૧) કુવરજી માણેકજી
૨૫૦) પેશતનજી રૂસતમજી બાકીદલાલના
૨૨૫) નશરવાનજી ફરામજી હીરામાણેકના
૨૦૧) માણેકજી શેરીઆરજી, બી૦ કરોવાલા
૨૦૧) માણેકજી શબાવોરા
બાકીની રકમો ૩૨૦૦) ની અંદરછે

અંજુમને એ છુપે નામે રૂપીઆ આપનાર ધણી ઉપર આફરીન કીધી.[1]

તા૦ ૧૯ મી ફેબરવારી.

રોજ ૨૦ માહ ૫ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

આજ દીને સુરત મધે ભનથાંણા આગલ નોશા-રીઆ સાથને માટે અંજુમનના ઉધરાતથી બંધાવવા ધારેલા નવાં દોખમાનો તાણો પુરવાની ક્રિઆ કરવામા આવી હતી. આ વેળાએ સુરતનુ પુસ્કળ લોક એકઠું મલ્યુ હતુ, તથા નવસારીથી પણ ૫૦૦) ગાલીઓ લોકથી બરેલી આવી હતી, જેમા દસ્તુરજી, દેશાઈજીઓ, તથા સર્વે અંજુમન શામેલ હતુ. સઘળી ક્રિઆ નવસારી-વાલા વડા દસ્તૂર રૂસતમજી નશરવાનજી મેહરજી રાણાનાં ઉપરીપણા હેઠલ થઈ હતી.[2]

તા૦ ૧૧ મી મારચ.

રોજ ૧૦ માહ ૬ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

**મરણ**—એદલજી સોરાબજી પારખ—ઉમર વર્ષ ૫૫) શેઠ શોરાબજી એદલજી પારખના બીજા દીકરા. એવણ અતરેના એક જાણીતા વ્યાપારી હતા, તથા પોતાના ભાઈઓ શેઠો માણેકજી તથા શાપુરજી અને શા૦ તલસીદાસ કાલાભાઈ સાથે રાસમાં "માણેકજી તલ-સીદાસ" ની કંપનીને નામે ચીન તથા બીજા દેશાવરો બાતેનો મોટો વ્યાપાર ચલાવતા હતા. આ માટે એવ-ણની પેહડીના "હેલન" અને "કારનવાલ" નામના બે સફરી વાહાણો હતા. એવણનુ મરણ અચાનક નીપ-જ્યુ હતુ.

તા૦ ૧૪ મી મારચ.

રોજ ૧૩ માહ ૬ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

**મરણ**—ડોશાભાઈ બહમનજી શેઠના[3]—ઉમર વર્ષ ૪૫) શેઠ બહમનજી નાનાભાઈ શેઠનાના વડા દીકરા. એવણે પોતાના બાપના મરણબાદ તેમનો પરચુરણ વ્યાપાર ચલાવતા હતા.

તા૦ ૧૫ મી આપરેલ.

આજ દીને મુબઈના મુખ્ય દેશી રેહવાસીઓએ અતરેના એક જાણીતા સરકારી ઓહેદાર લફટનંટ કરનલ વીલ્યમ બ્રુક્સ કે જેણે સીવીલ-આરકીટેક્ટ, સુપરીન ટેનડીંગ ઇનજીનીયર, સુપરીનટેનડન્ટ ઑફ-રીપેરસ, વગે-રેના ઓધ્ધાઓ ૪૨ વર્ષની લાંબી મુદત સુધી અતરે ચલાવ્યા હતા, તેને પોતાને વતન સીધારતી વેળાએ એક માનપત્ર તથા ૫૦૦) પાંઉડની કીમતની "પીસ-ઑફ-પ્લેટ" ભેટ આપી હતી. આ માનપત્ર પર નીચલા પારસીઓની શહીઓ હતી[4]

શેઠો હોરમજજી બહમનજી વાડીઆ, હોરમજજી બહમનજી શેઠ, દાદાભાઈ પેશતનજી વાડીઆ, શોરાબજી કાવશજી પટેલ, જમશેદજી જીજીભાઈ, ખરશેદજી માણેકજી સરાફ, ભીખાજી મેહરજીની કંપની, ખરશેદજી અને જાહગીર અરદેશર દાદી, જાહગીર અને નવરોજજી નશરવાનજી વાડીઆ, લીમજી ભીખાજીની કંપની, ક્રેમ-શર શોરાબજી રેડીમની, દાદાભાઈ કાવશજી શાએર, ફરામજી કાવશજી બનાજી, ખરશેદજી કાવશજી બનાજી, હોરમજજી દોરાબજી લશકરી, જાંહગીર ફરામજી નાનાભાઈ દાવર, મેહરવાનજી નવરોજજી માણેકજી, મનચેરજી ફુર-દુનજી વજીફદાર, પેશતનજી ભીખાજી પાંડે, હીરજી નવ-રોજજી હીરામાણેકના, કાવશજી માણેકજી હામબરગરના, નવરોજજી કાવશજી નાળીએરવાલા, ફરામજી બહમનજી સરાફ, ડોશાભાઈ ખરશેદજીની કંપની, ડોશાભાઈ કુવરજી બનાજી, શાપુરજી પેસતનજી મેહતા, હોરમજજી ખરશેદજી સરાફ, બમનજી નાનાભાઈ દાવર, ફરદુનજી શોરાબજી પારખ, લીમજી કાવશજી બનાજી.

તા૦ ૨૯ મી આપરેલ.

રોજ ૨૯ માહ ૭ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

આજ દીને પુણા મધે શેઠ શોરાબજી રતનજી પટેલે બંધાવવા માંડેલુ દોખમુ તૈયાર થવાથી તેને ઇજવાની ક્રિઆ કરવામા આવી હતી. એ ક્રિઆ પુરી થયા પછી મુબઈની પંચાત તરફથી એક માનપત્ર તથા શાલજોડો

---

[1] મુબઈના શમાચાર, તા૦ ૧૪ મી ફેબરવારી ૧૮૨૫

આ રૂપીઆ છુપે નામે આપનાર ધણી તે સુરતવાલા શેઠ એદલજી કાવશજી શેઠના હતા, અને એ પૂલ પાકો ત્રણ કમાનનો બાંધવામા આવ્યો હતો, જે ઉપર એકંદર ખરચ રૂ૪૨૭૭—૧૩—૮ પાઇનો પડ્યો હતો તે એ શેઠના ચોપડામા ઊતારેલો માલમ પડે

[2] મુબઈના શમાચાર, તા૦ ૧૪ મી મારચ ૧૮૨૫

[3] શેઠ પાલણજી ફરામજી શેઠના અથવા દુબાશના બાપાવા એવણના એક ભાઈ અરદેશર પટ્ટીઆશેઠને નામે જણાયલા હતા એમના બાવા શેઠ બહમનજી નાહનાભાઈ પોતાના ભાઈઓ શેઠો શોરાબજી, રૂસતમજી, તથા ફરામજીની સાથે મલી નાહનાભાઈ બહમનજી શેઠના છોકરાઓને નામે પરચુરણ રોજગાર અતરે ચલાવતા હતા એઓ સઘળાઓ ઘણા એકમાર્ગી સ્વભાવના હતા, એઓમા વડા ભાઈ શેઠ શોરાબજી નાહનાભાઈ અતરે પારસીઓમા વધારે જાણીતા હતા

[4] બોમ્બે કુરીઅર, તા૦ ૨૬ મી આપરેલ ૧૮૨૫

શેઠો દોરાબજી માણેકજી શીનાઈ તથા રૂસતમજી મેહરવાનજી શુમેદારની મારફતે મોકલાવ્યો હતો તે મીજલસમા શેઠ શોરાબજીને ભેટ આપવામા આવ્યો હતો. એ માન પત્રમા લખ્યુ હતું કે હમારી તરફથી શેઠ ખરશેદજી માણેકજી મગરૂ ઉપલો શાલજોડો તથા માનપત્ર લઇને પુણે આવનાર હતા, પણ તેવણને કાંઈ કામસર અટકાવ થવાથી અવાઈ શકાયુ નહિ એ પછી ત્યાં હાજર થયના સર્વે જરથોસ્તીઓને નેઆતનુ જમન જમાડવામા આવ્યુ હતુ.[1]

---

તા૦ ૧૫ મી મેએ.

રોજ ૧૫ માહ ૯ (કો૦) ૧૧૯૪ યજદજરદી

**મરણ**—બેહરામજી ફરદુનજી લશકરી[2]—ઉમર વર્ષ ૮૦) શેઠ દોરાબજી ફરદુનજી લશકરીના ભાઈ. એવણ "બેહલાઈ લશકરી" ને નામે ઓળખાતા હતા. પોતાના વખત પ્રમાણે સારી ઇંગ્રેજી કેળવણી પામી અતરેની "કમીસરીએટ" આફીસમા પોતાના વડા ભાઈ શેઠ દોરાબજીની સાથે હીસાબ રાખવાના ખાતામા ચાકરી રહ્યા હતા. ત્યાથી ઈ૦ સ૦ ૧૭૮૦ માં ટીપુ સુલતાનના બાપ મીર હૈધર સાથની બીજીવારની લડાઈની વખતે એ બંધે ભાઇઓને સરકાર તરફથી લશકર ખાતાની ખોરાકી, વગેરેનો હીસાબ રાખવા માટે માઇસોર તરફ મોકલ્યા હતા. આથી એ બંધે ભાઇઓની અટક "લશકરી" કરીને પડી હતી. એ પછી એવણે કમીસરીએટ ખાતામાજ લાબી મુદત કાઢી જઇફીએ પોહચ્યા બાદ પેનશન લઈ પોતાનો ઓધ્ધો છોડયો હતો.

---

તા૦ ૧ લી જુન.

આજ દીને મજગામ મધે નવાબના તનાવ તરફ જવાના રસ્તા ઉપર શેઠ નવરોજજી રૂશતમજી નાદરશાહએ એક મોટો કુવો બંધાવી લોકોને ધર્મખાતે વાપરવાને ખોલ્લો મુકયો હતો.[3]

---

તા૦ ૧૦ મી જુન.

રોજ ૧૧ માહ ૧૦ (કો૦) ૧૧૯૪ યજદજરદી

**મરણ**—દોરાબજી મેહરજી[4]—ઉમર વર્ષ ૭૦) શેઠ ભીખાજી મેહરજીના ભાઈ. એવણ "દોલી મેહરજી" ને નામે ઓળખાતા હતા, તથા પોતાના ભાઇઓ શેઠો ભીખાજી, નવરોજજી અને હીરજીની સાથે રાસ ખાતામા ઇંગ્રેજ બજારમાની "ભીખાજી મેહરજીની કંપની" ને નામની મોટી વીલાયતી સામાણની દુકાન ચલાવતા હતા, તે પછી તા૦ ૯ મી મારચ ૧૮૨૦ થી સઘળા ભાઇઓ પોતાકો ફાલો ચુકવી લઈ છુટા પડયા હતા.

---

તા૦ ૧૭ મી જુન.

રોજ ૧૮ માહ ૯ (શે૦) ૧૧૯૪ યજદજરદી

**મરણ**—નશરવાનજી રૂસતમજી જવાવાલા[5]—ઉમર વર્ષ ૫૨) શેઠ રૂસતમજી રતનજી જવાવાલાના દી-

---

૧ મુબઇના શમાચાર, તા૦ ૯ મી મેએ ૧૮૨૫

આ દોખમાની સામેની શગડી ઊપર નીચલી તખ્તી મારેલીછે —

" શવત ૧૮૮૧ ના વરખે ચૈઇત્ર શુદી ૯ રવેઊ,
" પારસી રોજ ૨૬ આશતાદ માહા ૬ શેહુરેવર શને
" એજદેજરદી ૧૧૯૪ એ દીને પારસી શ્રીપ નેકનામી
" સોહોરાબજી રતનજી પટેલે પોતે પોતાના સવાબને વાસતે
" શ્રી માજદઈઅસનીઓના રવાનોને આસાએશને વાસતે
" એ દખમૂ બનાવીઊ છે શહી "

ઊપલી તખ્તીમાં એ દોખમુ ઇજવાનુ કામ શરૂ થયુ તે દિવસ લખેલોછે એ દોખમુ પરઠાવાની ક્રિઆમા શામેલ થવાને શેઠ શોરાબજીએ તા૦ ૪ થી આપરેલ ૧૮૨૫ ના મુબઇ શમાચારમા જાહેર ખબર છપાવી સર્વે દેશાવરોના જરથોસ્તીઓને અરજ કીધી.હતી એને લગતી સઘળી ક્રિઆ મુબઇથી ગયલા દસ્તૂર જામાસપજી એદલજી જામાસ્પ આશાના ઊપરીપણા હે૦લ થઇ હતી વળી એ ક્રિઆમા શામેલ થવાને મુબઇથી પુણે ગયલા બે જરથોસ્તીઓ શેઠો રૂસતમજી મેહરવાનજી શોમેદાર તથા નવરોજજી નશરવાનજી ધીશતા એઓએ પુણા મધે જરથોસ્તી મુસાફરોના ઊતારાને કીજે પોતાને ખરચે એક ધર્મશાલા તથા કુવો બંધાવવાને ત્યાના ચાર ગ્રહસથોને સોંપ્યુ હતુ તે ધર્મશાલાનુ કામ તા૦ ૧૭ મી મેએ ૧૮૨૫ થી શરૂ થયુ હતુ, અને તે બંધાવવા પાછલ સઘળી મેહનત ત્યાના એક વ્યાપારી આ૦ પેશતનજી શોરાબજી (પછવાડેથી ખાનબાહદૂર) એ કીધી હતી એવુ તા૦ ૨૦ મી જુન ૧૮૨૫ના મુબઇના શમાચારમા પુણેથી એક ખબર પત્રીએ લખી મોકલ્યુ હતુ

૨ મુબઇની માજી સુપરીમ કોરટના જાણીતા દુભાશીઆ મરહૂમ શેઠ અરદેશર બેહરામજી લશકરીના બાવા

૩ એ કુવાપર નીચે મુજબ તખ્તી મારેલીછે.—

" નવરોજી રૂશતમજી નાદરશાહે કુવો પોતાના
" પઇશાએ બાધોછે ધરમખાતે લોકોને પાણી ભરવા
" હે જગો શેઠજી પેશતનજી બમનજી વાડીઆજીના
" વારશદાર હે જગો ધરમખાતે કુવો બાધવા આપીછે
" તારીખ ૧ જુન શને ૧૮૨૫ અંગરેજી "

૪ શેઠ સોરાબજી પાલણજી દોલીમેહરજીના બપાવા

૫ એવણના બાવા શેઠ રૂસતમજી રતનજી જવાવાલા પોતાના બાપની જુની સેક્રેટરીએટની સામેની પુરાતમ દુકાન ઈ૦ સ૦ ૧૭૯૪ મા તેમના મરણ પછી પોતાના ભાઇઓ શેઠ કુવરજી, સોનજી તથા હીરજીભાઈની સાથે મલી ચલાવતા હતા

કરા. એવણે પોતાના કાકાઓથી છુટા પડી ઇંગ્રેજ બજારમાં જુદી દુકાન કાઢી વીનાયતી સામાણ તથા દારૂકામનો વ્યાપાર મોટા પાયા ઉપર ચનાવ્યો હતો. પછવાડેથી તેમા એમને કેટલુંક નુકશાન ગયું હતું.

---

તા૦ ૧૯ મી જુન.

રોજ ૨૦ માહ ૯ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

**મરણ**—નશરવાનજી જમુજી[2]—ઉમર વર્ષ ૬૫) એવણ "નશના જમુજી" ના નામથી અતરેના પારસીઓમા ઓળખાતા હતા, તથા ચીન તરફનો મોટો વ્યાપાર કરતા હતા. આ માટે એઓએ બે ત્રણવાર ત્યાની સફરો પણ કીધી હતી.

---

તા૦ ૨ જી જુનાઈ.

રોજ ૩ માહ ૧૦ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

**મરણ**—નવરોજજી કાવશજી નાળીએરવાલા—ઉમર વર્ષ ૭૫) શેઠ કાવશજી રૂસતમજી નાળીએરવાલાના ચોથા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૭૧ મા અતરેથી કલકતે ગયા હતા, અને પોતાના નાધના ભાઈ શેઠ પેશતનજીની મારફતે અતરેથી માલ મગાવી વ્યાપાર કરવા માંડ્યો હતો. તે પછી મુંબઈ આવી કોરતાઓ બણીનો વ્યાપાર કરવા લાગા. તરાવનકોરના રાજા રામરાજના આસરા તલે એવણે "આલપાઈ" ના બંદરની મારફતે મલબાર કોસ્તા બણીનો મોટો વ્યાપાર ચનાવ્યો હતો, તથા ત્યાના ગામોમા વ્યાપારી પેહડીઓ સ્થાપી હતી. એ ઉપરાંત ત્યાથી ઇસ્ટ ઇંડીઆ કંપનીના વાહણોને માટે સાગની લાકડા મુંબઈ ખાતે પુરા પાડવાનુ કંત્રાકટ લીધુ હતું. આલપાઈમા એવણે એક દાખમુ તથા દરેમેહર બનાવ્યા હતા,[2] તથા મુંબઈમા ઓયના રસ્તાપર એક દરેમેહર બંધાવી તે તા૦ ૩ જી જુનાઈ ૧૮૨૨ ને દીને પારસી હતી. એવણનુ "જન બાનરમેન" નામે એક મોટું સફરી વાહણ હતું. એવણ મુંબઈમા મરણ પામ્યા હતા.

---

તા૦ ૩ જી જુનાઈ.

રોજ ૪ માહ ૧૦ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

**મરણ**—શાપુરજી બરજોરજી વાડીઆ[3]—ઉમર વર્ષ ૬૦) એવણ મુંબઈ મધે વાહણ બાંધવાનો જે ઠેકો હતો તે ઉપર વાહણો બાંધવાનુ તથા તેમની મરામત કરવાનુ કામ કરતા હતા.

---

તા૦ ૧૩ મી જુનાઈ.

ઈ૦ સ૦ ૧૮૧૬ મા તા૦ ૮ મી જુને મુંબઈના સઘળા દેશી રેહવાસીઓએ જે જાહેર ફંડ અતરેના લોકો ઉપર સરકાર દરબારનો જુલમ હોય તે બાબે ઈંગલાંડ ફરીયાદ લખી મોકલવાને માટે સ્થાપ્યુ હતુ તે ફંડનુ કામ કેટલાક વર્ષ સુધી ચાલ્યા પછી આએ વર્ષમાં સર્વેએ મળી એવો ઠેરાવ કીધો કે તે ફંડના મુદલ નાણાં ધણી ધણીને પાછાં આપવાં, અને તેના વ્યાજમાથી ખરચ બાદ કરતા પારસીની કોમના વ્યાજ સાથે જે કાંઈ નાણાં બાકી રહ્યા હોય તે પારસી પંચાતના ચાર ટરસ્ટીઓને સોંપવા—આ બાબે તે અસલ ફંડીઆ ભરનાર પારસીઓની પરવાનગી લઈને રૂ૧૧૯૫૪૭ વ્યાજ સીને પારસી પંચાતના જનરલ ફંડ ખાતે ટરસ્ટીઓને સ્વાધીન કીધા હતા.[4]

---

તા૦ ૨૬ મી જુનાઈ.

રોજ ૨૭ માહ ૧૦ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

**મરણ**—કાવશજી નસુજી ચાનીમીની—ઉમર વર્ષ ૫૫) એવણ સુરતમા જયારે વલંદા તથા ફરંગીઓની કોઠીઓ હતી, ત્યારે ત્યાના સોદાગરો સાથે જવાહેર તથા કાપડનો વ્યાપાર કરતા હતા, અને તેમા એક મોટી પુંજી મેળવી હતી.

---

[2] એવણના એક ભાઈ બરજોરજી જમુજી કરી હતા, તેઓ પણ પોતાના ભાઈની સાથે ચીનના વ્યાપારમા શામેલ હતા. એઓના બાવા જમુજી કાહનજી ફલીઆણીથી અતરે આવેલા હતા, અને શુ ધંધો કરતા હતા તેનો પતો મળતો નથી.

[2] આ દાખમુ તથા દરેમેહર હેહજી કે આજ સાઇમા હજુસુધી મજબુત છે, પણ તેમને પરઠ્યાના દાહડા વારનો કશો પતો મળતો નથી.

[3] મુંબઈવાલા જાણીતા શેઠ ખરશેદજી ફરદુનજી પારખના બપાવા. એવણના ત્રણ દીકરાઓ, તેમા વડા અતરેવાલા આગલા જાણીતા વ્યાપારી તથા મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટના ભાણજા શેઠ ફરદુનજી શોરાબજી પારખ હતા. બીજા શેઠ માણેકજી (તે સુરતવાલા મરહુમ શેઠ મેહરાબજી માણેકજી વાડીઆના બાવા) પણ પોતાના બાપની સાથે વાહણ બાંધવાનુ કામ કરતા હતા. તેવણે "જમશેદજી જીજીભાઈ" તથા "અપારાબ દયારાંમ" નામે બે વાહણો સુરત મધે બાંધ્યા હતા. ત્રિજા શેઠ એદલજી (તે સુરતવાલા શેઠ શોરાબજી એદલજી વાડીઆના બાવા) વ્યાપાર વણજમા પડેલા હતા.

[4] આ રૂ૧૧૯૫૪૭ ની રકમ તા૦ ૨૨ મી અકટોબર ૧૮૨૪ થી તે તા૦ ૧૦ મી નવેમબર ૧૮૨૫ સુધીનો પંચાતના ફંડનો હીસાબ જે તા૦ ૩ જી જુનાઈ ૧૮૨૬ ના "મુંબઈના સમાચાર" મા છપાયેલો છે તેમાં જમે કરેલી માલમ પડે છે.

તા૦ ૮ મી આગસ્ટ.

મુંબઈની પારસી પંચાતના ફંડનો તા૦ ૧ લી આપરેલ ૧૮૨૪ થીતે તા૦ ૨૨ મી અકટોબર ૧૮૨૮ સુધીનો હીસાબ આજના "મુંબઈના સમાચાર" મા તરસ્‍ટીઓએ છપાવી પરગટ કર્યોછે. તેમાથી જોવામા આવેછે કે છેલા હીસાબની બાકીના રૂ૨૩૧૩૭॥૪ ઉપરાંત આએ સાત માસમા પંચાતના ફંડ ખાતે રૂ૯૬૫૯॥૧૮। ની આવક થઈ હતી, અને ખરચ કુલ રૂ૧૧૬૯૭॥૨ થયો હતો, જે બાદ કરતા તરસ્ટીઓના હસ્તકમા રૂ૩૧૦૯૯॥૨૦। બાકી હતા.

---

તા૦ ૨ જી સપટેમબર.

રોજ ૫ માહ ૧૨ (શ૦) ૧૧૯૪ યજદજરદી

**મરણ**—નવરોજજી નશરવાનજી ધીરતા[1]—ઉમર વર્ષ ૮૨) ગજમવાલા શેઠ નશરવાનજી મનચેરજી ધીરતાના દીકરા એવણને લાંબી મુદત સુધી પોતાના બાપની મીલકતને લગતા જાણીતા દગ્રામા ગુંથાવુ પડ્યુ હતુ. તે પછી શેઠ ફરામજી કાવસજી બનાજીની સાહેતા લેઈને થોડોક વ્યાપાર કરતા હતા. આએજ વર્ષમા પુણા મધે એવણે એક ધર્મશાલા બંધાવવા માંડી હતી.

તા૦ ૮ થી સપટેમબર

રોજ ૭ માહ ૧૨ (શ૦) ૧૧૯૪ યજદજરદી.

**મરણ**—શોરાબજી કાવસજી પટેલ—ઉમર વર્ષ ૫૮) શેઠ કાવસજી રૂસતમજી પટેલના વડા દીકરા. એવણને પોતાના કાકા શેઠ દોરાબજી રૂસતમજી પટેલના ઈ૦ સ૦ ૧૮૦૪ મા મરણ પછી મુંબઈના ગવરનર હાનરેબલ જોનાથન ડંકને એવણના વડવાઓની પટેલાઈનો મુચલો અપાવ્યાર આપ્યો હતો, કે જેમા મજગામ, મેહમ, વરલી, ધારાવી, શીવ, શીવરી, મોરી તથા કેવલી મેહમના કોલીઓપરના સરકારી કરો; તેમજ કોટ, ડુંગરી, મજગામ, ગીરગામ, વાલકેશ્વર, માહલક્ષમી, વરલી, મેહમ ઈત્યાદિ જગાઓની બાગની જમીનનુ મેહશુલ વશુલ કરવાના કામો હતા. એ ઉપરાંત દેશાવરો ખાતેથી નામદાર ઈસ્ટ ઇંડીઆ કમપનીનો રૂ, લાકડા, ઈત્યાદિ સામાણ અતરે લાવવાને તથા તરકર અને તેના અશબાબને એક ઠેકાણેથી બીજે ઠેકાણે લાવ નઈજા કરવાને માટે "બોટ" તથા "તનેજો" પુરી પાડવાને લગતુ એવણના વડવાઓને મોટુ સરકારી કનટ્રાક્ટ એવણ ચલાવતા હતા, અને તે મનપસંદ ભરી રીતે બજવ્યાને લીધે એવણને સતાનાઓ તરફથી વાર વાર શાબાશી મલ્યા કીધી હતી. એવણ અતરે તથા દેશાવરો ખાતેનો ઘણોક વ્યાપાર કરતા હતા, તથા તે માટે "એડમનસટન" નામનુ એક સફરી વાહણ પણ હતુ

---

તા૦ ૨૩ મી સપટેમબર.

રોજ ૨૬ માહ ૧૨ (શ૦) ૧૧૯૪ યજદજરદી

**મરણ**—નવરોજજી રૂસતમજી શેઠજી[2]—ઉમર વર્ષ ૭૫) એવણ "નવલાઈ શેઠજી" ના નામથી અતરેના પારસીઓમાં જાણીતા હતા. પેહલવેહલી એવણે ઈ૦ સ૦ ૧૭૮૦ થી અતરેના પારસી બજારમા સરાફની

---

[1] મુંબઈવાલા શેઠ નશરવાનજી ફરામજી ધીરતા (મીશીઅરસ ભીનીસની કમપનીવાલા) ના બપાવા એવણના બાવા શેઠ નશરવાનજી મનચેરજી ધીરતા તથા કાકા શેઠ ખરશેદજી મનચેરજી ધીરતા મહારાજમા આવેલા ગજમના શેહેર ખાતે મોટો વ્યાપાર ચલાવતા હતા, તથા ત્યાના હાકેમ તરફથી એઓને કાઈ ઓહદો તથા જાગીર ઈનામમા મલેલી હતી એઓના એક ભાઈ શેઠ માણેકજી મનચેરજી ધીરતા (તે મજકુર શેઠ નશરવાનજી ભીનીસવાલાના બપાવા) મુંબઈ ખાતે પોતાના ભાઈઓની વ્યાપારની આડત કરતા હતા મજકુર બંને ભાઈઓના મરણ પણ ગજમ ખાતેજ નીપજ્યા હતા તેઓમાના વડા શેઠ નશરવાનજીના ઈ૦ સ૦ ૧૮૦૩ મા મરણ પછી તેમની મીલકતના વારસાના સબંધમા એક મોટો મુકદમો અતરેની રીકારડર કોરટમા ઊભો થયો હતો તે એમકે ગજમ ખાતે શેઠ નશરવાનજીને ત્યાં બીજી ગ્નાતની ઓરતને પેટનો એક બેટો હતો, તેણે એવણની મીલકત ઉપર પોતાનો દાવો ઊઠાવ્યો બીજી ગમથી એમના પરણી બાયડીને પેટના દીકરા મજકૂર શેઠ નવરોજજીએ વાંધો લીધો કે એક પારસીની મીલકત ઉપર તેના પરાઈ ઓરતના સબંધમા થયલા ફરજંદનો કસ્સો હક નથી આ મુકદમો ઘણા દીવસ સુધી ચાલ્યો, તથા તેમા અતરેના પારસી આગેવાનો, દસ્તૂરો, વગેરેની શાક્ષી લઈ રીકારડરે પરણી બાયડીને પેટના છોકરા શેઠ નવરોજજીની તરફેણમાં ચુકાદો આપ્યો આ ઉપરથી સામી બાજુવાલાઓએ ઈંગલાંડ ખાતે "કીંગ ઈન કોનસીલ" જોગ અપીલ કીધી હતી, જયાથી એવો ફેસલો થઈ આવ્યો હતો કે પારસીઓમા વારસા હીસ્સાના એકસ નીયમો ન હોવાથી પરાઈ ગ્નાતની ઓરતને પેટના બચ્ચાનો પણ પોતાના પારસી બાપની મીલકતમાથી હીસ્સો પડવો જોઈએ, અને તે મુજબ રૂ૪૦૦૦૦) ને આશરેની રકમ તે છોકરાનો ભરણ પોષણને માટે ભીશીઅરસ શારબસની કમપનીમા એમાહેદી રખાવી હતી આ ચુકાદાથી અતરેના પારસીઓમા મોટો ગભરાટ ઊપજ્યો હતો, અને તેઓ એ ઊપરથી પોતાને લગતો વારસા હીસ્સાનો કાઈ ધારો સરકાર તરફથી બંધાવવાની પેરવીમા રહયા હતા

[2] શેઠ હોરમજજી મેહરવાનજી નવલાઈ શેઠજીના બપાવા એવણના બાવા શેઠ રૂસતમજી શેઠજી પ્રથમમા સુરત મધે કોઈ મુસલમાન શેઠની નોકરીમા હતા, તે ઊપરથી શેઠજી કરી અટક પડી હતી એ પછી તેઓ અતરે મુંબઈમા આવી વસ્યા હતા.

દુકાન[૧] કહાડી હતી, તે પછી ઈ૦ સ૦ ૧૮૦૦ થી કોટમાં તાડ સ્ટ્રીટમા શેઠ હોરમજજી રૂસતમજી લાકડાવાલાની સાથે મલી એવણે ઈંગ્રેજોને બરનું એક પોહરખાનુ ઉઘાડ્યું હતુ, જેમા એક મોટી પુંજી મેલની હતી.

---

તા૦ ૨૮ મી સપટેમબર.

ગાથા ૧ (શે૦) ૧૧૯૪ યજદજરદી.

મરણ—નવરોજજી શેઠાણજી ઉમરીગર[૨]—ઉમર વર્ષ ૯૮) કલકતાના એક જાણીતા વ્યાપારી તથા ત્યાના પારસીઓના આગેવાન આકાબર. એવણ પેહલવેહલા ઈ૦ સ૦ ૧૮૦૦ મા શેઠ હોરમજજી બાપુજી ડોસાભાઉની સાથે ચીન ગયા હતા, અને તે પછી ફરીથી બે વાર શેઠ હોરમજજી બહમનજી વાડીઆની આડત લઈ ત્યા ગયા હતા. ઈ૦ સ૦ ૧૮૦૭ મા મુંબઈની જાણીતી મીશીઆરસ આરલસ ફારબસની પેહડીની તરફથી કલકતામા "નેટીવ એજંટ" તરીકે એવણ ગયા હતા, તથા ત્યા ઈ૦ સ૦ ૧૮૧૭ મા તા૦ ૧૮ મી નવેમબરને દીને એજ પેહડીની "હટણની કંપની" ને નામે જે શાખા ઉઘાડી હતી તેના એવણને મીશીઆરસ થામસ હટણ, અને થામસ આલપોરટ સાથે ભાગયા કીધા હતા.[૩] આખા બંગાળ ઈલાકામા એવણે એક દેશી વ્યાપારી તથા સરત જગ્યોશ્વી તરીકે સારૂ માન મેલવ્યું હતુ,[૪] તથા કલકતામા પારસીઓના વપડાસને માટે રૂ૩૫૦૦૦) આસરી એક

---

૧ પારસી બજારમાં હાલ જયા મીશીઅરસ ગ્રાહમ કંપનીની આફીસછે ત્યાથી તે ગણભાવાના કુવા સુધી આગલા વખતમા હારેદાર પારસી સરાફો બાકો મુકી બેશતા હતા તેઓ કાઈ પુરદો અને ચવલી પાવલીજ વેચતા હતા નહિ, પણ યુરોપ તથા એશિઆના દરેક ભાગોના શિક્કા વેચતા તથા લેતા, અને વ્યાપારી, ધધાદારી તથા બીજા સાધારણ કામદારોને નાણુ, શિક્કા, શાહજોગી ચીઠી, હુંડી વગેરે આકારમા મોટો વટાવ લઇ આપતા, અને એક ઠેકાણેથી બીજે ઠેકાણે નાણુ મોકલી આપવાનુ કામ પણ તેઓજ કરતા આ કામમા કેહછે કે તેઓ સવારના આવીને પોતાના બાક ઊપર બેશે ત્યારથી તે સાંજના ઘર જાય ત્યાસુધીમા ઓછામા ઓછા રૂા ૫૦૦ રૂપીઆનો નફો મેલવા જતા આવી પારસી સરાફોની સઘળી દુકાનોતો એ લટાપર મોટી ઈમારતો બધાયાથી ઊચકાઇ ગઈછે, પણ તેમાની એકજ આએ નવરોજ શેઠજીની દુકાન અસલ ૮૫ પ્રમાણેજ આજસુધી મીશીઅરસ ગ્રાહમ કંપનીની આફીસની બરાબર સામે આવેલીછે, અને તેપર હાલ શેઠ ધનજીભાઈ ભીકરજી બનાજી મેથી સરાફનો ધધો ચલાવેછે

૨ અતરેવાલા શેઠ સોરાબજી શાપુરજી બંગાલીના બાપાવા

૩ આ ત્રણ ભાગયાઓપર જે વેળાએ એ પેહેડી ઊઘાડી તે વેળાએ મી૦ આરલસ ફારબસે (પછવાડેથી સર ચારલસ ફારબસ, બારોનેટ) ઈગલાંડથી એક માયાલુ કાગજ લખ્યો હતો, તેમાના નીચલા ફકરા આજ પણ આપણા વ્યાપારીઓને નફાકારક જણાશે:—

"તમુને જાણવું જોઇએ જે તમારી આએપત "અને કમાઇ ઊપર હમેશા શારી રીતે નેધા રાખવી, તથા "તેને ચંચલાઇથી સભાલવાની મોટી જરૂરછે. તમારા "પોતાના અંગતખરચ તથા તમારી પેહેડીનો તથા બીજો "ખરચ માવજતથી તથા કરારથી કરવો. તમુને શાદાઇથી ફરવુ ધટારતછે બીજુ આગલા વખતની એક "અછી કેહેવાતછે તે તમોને હમેશા ધ્યાન રાખવી જે— "પઇશાને શંભાલજો, અને જો પઇશા શભાલશો તો "(તેનાં રૂપીઆ થાશે અને) રૂપીઆ પોતાની મેલે પોતાનો શભાલ કરશે.

"તમારે દરએકને પોતાને હીશાબે અંગત ખાતે "દેણુ કરવુ નહી અથવા નાણા ધીરવા નહી અથવા "કોઈના જામીન થાવુ, નહી

"બંગાલ દેશની જમીન ફળવાંનછે અને મજુરી "શસતીછે વાશતે ઈઅરોપ ખાતે જનાર માલ શારી "રીત મલી આવશે વાશતે જે કોઇ શભાલીને ધધો "કરે તેહેને ગોટો નહી પામેઆ વના રેહે નહી

"ભલા માણશ અને ઊદીઓગી કારીગરોને નાણાં "ધીરવા કે જેઓને મદદ કીધાથી તેઓનુ કામ સુધરે."

[જગત મીતર, પુ૦ ૧, આંક ૨, સફે ૧૦૩, ઈ૦ સ૦ ૧૮૫૦.]

બંગાલા ખાતે એવણની મદદ તથા કુનેહથી ફારબસ કંપનીનુ કામ જ્યારે એવણ તેમના નેટીવ એજંટ હતા ત્યારે ઘણુ મનમાનતી રીતે ચાલવાના સમાચાર મી૦ ફારબસે ઈગલાંડ ખાતે જાણ્યાથી તેણે ત્યાથી તા૦ ૧૦ મી અકટોબર ૧૮૧૬ ને દીને આતરે શેઠ હોરમજજી બહમનજી વાડીઆ ઊપર લખેલા એક પત્રમા શરૂઆતમા નીચે મુજબ લખ્યુ હતુ:—

"By the arrival of my brother you will learn, the increasing interest I take in the welfare of Mr James Calder, who, with the assistance of your friend Nowrojee, has so ably conducted our concern in Bengal for some time past"

૪ આ બાટે એવણના મરણની નોધ લેતી વખતે કલકતાના "બંગાલ હરકારૂ" નામના વર્તમાન પત્રમા નીચે પ્રમાણે લખેછે —

" He was a Parsee merchant and one of the first of his nation that settled in Calcutta. His career in life was fortunate, and he evinced a peculiar shrewdness of mind and quickness of talent in all the situations of trust in which he was placed. In Bombay, in Canton and in Calcutta, he formed friendships with Natives, Chinese, and Europeans, and was deservedly held in great respect. Whatever may be the peculiarities of different forms of Religion, it may be generally remarked, that the man who lives sober and piously observes the Ordinances of his faith will be a good member of Society. Nowrojee was a striking illustration of the fact. He lived in the most strict observance of the form of his Religion, and [illegible] of his [illegible] to the [illegible] of importance by the Parsees. "

# ઈ૦ સ૦ ૧૮૨૬.

આએ વર્ષના "બોમ્બે કુરીઅર" માથી નીકલેલાં ઇંગ્રેજી કાલેનડરમાં[1] પારસીઓને લગતી સઘળી બીના નીચલા ફેરફાર સિવાય આગલા કાલેનડર પ્રમાણેજ હતી.

સુપરીમકોરટના પારસી દુભાશીઆ તરીકે શેઠ પેશતનજી એદલજી પાટકને બદલે શેઠ અરદેશર મેહેરજી લશકરીનુ નામછે.

પારસી વાહણવટીઓની ટીપમા વાહણ "કાઉનટેસ ઑફ લંડન" નુ નામ નથી, અને વાહણ "મીલફોરડ" એના શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆના નામપરછે.

"બોમ્બે ઇનસુરનસ સોસાઈટી" ના પારસી ભાગીદારોની ટીપમા શેઠો માણેકજી તથા એદલજી સોરાબજી પારખને બદલે શેઠ શાપુરજી સોરાબજી પારખનુ નામછે.

"નવી બોમ્બે ઇનસુરનસ સોસાઈટી" ના પારસી ભાગીદારોની ટીપમા શેઠ રતનજી બહમનજી વાડીઆ અને શેઠ અરદેસર ફરામજી વાડીઆના નામ નથી, તથા તેમને બદલે શેઠો બહમનજી, રુસતમજી, અને અરદેસર હોરમજજી વાડીઆ અને મેહેરવાનજી હીરજીભાઈ વાડીઆના નામ ઉમેરાયાછે.

પારસી બ્યાપારીઓની ટીપમા શેઠ બહમનજી હોરમજજી વાડીઆનુ નામ ઉમેરાયુ છે.

---

તા૦ ૧ લી જાનેવારી

ઇસ્ટ ઇંડીઆ કંપનીના સોલીશીટર મી૦ ડબલ્યુ. એ. મારગેન, લાંબી મુદત સુધી ઉપલો ઓધ્ધો બજાવી પોતાને વતન સીધાવનાર હોવાથી આજ દીને મુંબઇના મુખ્ય દેશી બ્યાપારીઓ, સરાફો તથા દુકાનદારોએ તેને એક માન પત્ર આપ્યુ હતુ, જે ઉપર નીચના પારસીઓની સહીઓ હતી.[2]

શેઠો હોરમજજી બહમનજી વાડીઆ, ફરામજી કાવશજી બનાજી, જમશેદજી જીજીભાઈ, ખરશેદજી અરદેસર દાદી, જાહાંગીરજી અરદેસર દાદી, હોરમજજી દોરાબજી લશકરી, ખરશેદજી માણેકજી સરાફ, કરદુનજી સીમજી પાડે, જાહાંગીરજી નશરવાનજી વાડીઆ, હોરમજજી ધનજી પટેલ, ખરશેદજી રુસતમજી વાડીઆ, કાવસજી માણેકજી હાસુબારનર, નવરોજજી માણેકજી ભાડુપવાના (લશકરી), ભીખાજી મેહેરજીની કંપની, દાદાભાઈ પેશતનજી વાડીઆ, ખરશેદજી કાવશજી બનાજી, પેશતનજી ભીખાજી પાડે, દાદાભાઈ કાવશજી શાહેર, એદલજી ખરશેદજી (બાખસટર) ના છોકરાઓ, બરજોરજી નાનાભાઈ દાવર.

---

તા૦ ૧૫ મી જાનેવારી.

આજ દીને નીચલા ઉતારુઓ કંતાન ખાતેથી વાહણ "લવજી ફેમીલી" માં સવાર થઇને મુંબઈ આવ્યા હતા. તેઓની સફરમા તે વાહણના કપતાન વીલ્યમ લુઇસે ઘણી મદારત કર્યાથી તેના પાડમા કીનારે ઉતરતી વેળાએ તેઓએ તેને એક સોનાનુ ઘડીઆલ ઘટતો ઉપકાર પત્ર લખી ભેટ કીધુ હતુ. આ પત્ર ઉપર નીચલા ૧૦ ઉતારુઓની સહીઓ હતી.[3]

શેઠો અરદેસર ફરામજી વાડીઆ, નશરવાનજી હોરમજજી કામા, જમુજી નશરવાનજી, રતનજી મેહેરામજી નગત, પેશતનજી કાવશજી શેઠના, હોરમજજી બહમનજી, એદલજી ફરદુનજી ખબાતા, નશરવાનજી સીમજી, ગુલામહુશન સરીફ, મુસાજી ખાનજી.

---

તા૦ ૧૮ મી જાનેવારી.

આજ દીને સુરત મધે ત્યાના ઇંગ્રેજી એજંટે મુંબઈની સરકારના હોકમથી એક મોટી દરબાર ભરી ખાનસાહેબ અરદેસર ધનજીશાહને તેઓએ સરકારની બજાવેલી કીમતી નોકરીઓને માટે એક સુંદર ખેલાત ભેટ આપ્યો હતો, તથા પાલખી, ચોબદાર, ચમર, હલકી, શીગો, વગેરે અસબાબ એનાયત કીધો હતો. આ વેળા એ દરબારમા મોટી ઠઠ મળી હતી, જેઓમા વાશદાનો રાજા ઉદેરાજ, સુરતના નવાબ મીર અફજલોદીન કમરૂદોલેહ બાહદૂર, તથા બીજા ઘણા આગેવાનો બીરાજયા હતા. કલેકટરે ખેલાત ભેટ કરતી વેળાએ સરકાર તરફનુ એક જાહેરનામુ વાચી સંભળાવ્યુ હતુ, જેમા શેઠ અરદેશરની ઘણી સ્તુતી કરેલી હતી. એ પછે એઓના ભાઈ ખાનસાહેબ શીરોજશાહ ધનજીશાહને પણ એક શાલ જોડો તથા બે કીનખાબના તાકા ભેટ કરવામા આવ્યા હતા. આ પ્રસંગે સુરતના ૮૦૦ મુખ્ય રેહવાસીઓની સહીનો એક પત્ર ઇંગ્રેજી એજંટ ઉપર આવ્યો હતો, જેમા તેઓએ પોતાના નામીઆ શેહરી શેઠ અરદેસરે રૈયતની સુખાકારી અને સલામતીને વાસ્તે જે મેહેનત લીધી તેની નામદાર સરકારે આવી ઉતમ રીતે કદર પીછાણી તે માટેનો પોતાનો સંતોષ તથા ખુશાલી જણાવી હતી. એ પછી સઘળી મીજલસ એક સરઘશના આકારમા શેઠ અરદેસરને તેમના મકાનપર મુકવાને ગઈ હતી.[4]

---

1 The Bombay Calendar and Register for 1826. *Bombay Courier Press*

2 બોમ્બે કુરીઅર, તા૦ ૧૪ મી જાનેવારી ૧૮૨૬

3 બોમ્બે ગેઝેટ, તા૦ ૨૫ મી જાનેવારી ૧૮૨૬

4 મુંબઇના સમાચાર, તા૦ ૬ ઠી ફેબરવારી ૧૮૨૬

### તા૦ ૨૧ મી જાનેવારી.

ઉગવાડ મધે વાહણો ભાગાથી માણસોના જાન જાય તેનો બચાવ કરવાને "રાયલ નેશનલ ઈનસ્ટીટ્યુશન" નામે ખાતુ ઉભુ થયુ હતુ, તેના ફંડને મદદ કરવા માટે મુંબઈ મધે મોશીઅર્સ રીમીંગટન શ્રાફરડની કંપનીએ એક ટીપ ફરતી કીધી હતી, જેમા નીચલી રકમ પારસીઓની હતી [1]

| | | |
|---|---|---|
| શેઠ જમશેદજી જીજીભાઈ | .. | પાઉંડ ૧૦ાા |
| શેઠ ફરામજી કાવશજી બનાજી | | પાઉંડ ૫ાા |

---

### તા૦ ૨ જી ફેબરવારી
રોજ ૩ માહ ૫ (શે૦) ૧૧૯૫ યજદજરદી

આજ દીને મુંબઈ મધે ગોદાવરા મોબેદોના વપરાસને માટે જરથોસ્તીઓના ઉઘરાતથી તથા પંચાતના ફંડમાથી મળી એક દરેમેહેર કોટમા કાવશજી પટેલના મોહલામા પંચાતના સાહેબોએ બંધાવી પરવારી હતી.[2]

---

### તા૦ ૫ મી ફેબરવારી.
રોજ ૬ માહ ૫ (શે૦) ૧૧૯૫ યજદજરદી.

**મરણ**—દસ્તૂર બહેમનજી જમશેદજી જામાસ્પ આશાના[3]—ઉમર વર્ષ (૮૧) નવસારીવાલા દસ્તૂર જમશેદજી જામાસ્પ આશાના બીજા દીકરા. એવણે પોતાના બાપના હાથ હેઠળ જંદ, પેહલવી તથા ફારસીનો તેમજ દીનઆઈનને લગતી બાબદોનો અભીઆસ કીધો હતો. એવણ પોતાના વખતમા નવસારી મધે એક આબરદાર દસ્તૂર ગણાતા હતા

---

### તા૦ ૭ મી ફેબરવારી.

આજ દીને વલસાડના સમસ્ત મોબેદોએ ઉદવાડેના દસ્તૂર દારાબજી મેહેરામજી તથા દસ્તૂર રૂસતમજી ટેહમુરજી વગેરે ત્યાની સમસ્ત મોબેદ અંજુમનને એક લેખ કરી આપ્યો હતો કે શ્રી વલસાડ તરફ આપણા કદીમ શરેસતા મુજબ લગનનો હક જે તમારો (ઉદવાડેવાલાઓનો) હતો તે વિષે સંનત ૧૮૭૬ (ઈ૦ સ૦ ૧૮૨૦) મા આપણને જે ટંટો ચાલ્યો હતો, તે કજીયો અદાલતે ચડયા પછી વલસાડવાલા શેઠો મોટાભાઈ બાપુરજી, નાનાભાઈ દારાબજી, ગોરાભાઈ દોરાબજી, બરજોરજી ભીખાજી, રૂસતમજી જીજીભાઈ, ધનજીભાઈ ભીખાજી, રૂસતમજી દોરાબજી, અને ખુરશેદભાઈ માણેકજી એ આઠ જણાને દરમીઆન લાવીને બેહુ તરફથી અંજુમન ભરી એવો ઠેરાવ કીધોછે કે હોરથી જેમ આગલ થતુ હતુ તેમ લગન તથા ગંગરતાનો નવાજમ તથા વારના હકમા તમોને (ઉદવાડેવાલાઓને) સામીલ કરવા, અને જયારે વારો આવે ત્યારે વડા દસ્તુરજીપર કેહવડાવવુ, તથા અગર અમો (વલસાડવાલાઓ) ઉદવાડે આવી ત્યાના વહીવટ મુજબ બરશનુમ લઈજીયે તો આતશબેહરામની બોઈ દેવાના વારાનો હક અમોનેબી આપવો આ લેખ ઉપર વલસાડના મોટે માહલેના મોબેદો આ૦ માણેકજી મેહેરામજી, આ૦ નશરવાનજી રૂસતમજી, આ૦ નવરોજજી ભીખાજી, આ૦ હોરમજજી કાહનજી, તથા બીજાઓની સહીઓછે [4]

---

### તા૦ ૨૭ મી ફેબરવારી.

આજ દીને મુંબઈની પારસી પંચાતના ફંડના તરસટીઓએ એક જાહેર ખબર છપાવી સર્વે જરથોસ્તીઓને સુચના કીધી હતી કે મુંબઈ મધે હરકોઈ ગરીબ તથા લાવારિસ જરથોસ્તીનુ રવાન થાય ત્યારે તેને અવલમંજલ પોહચાડવાનો તથા ઉઠમણુ, ચેહારમ, દસમુ અને માસીઆના ખરચના રૂ૩૦) સુધી પંચાતના ફંડ મધેથી આપવામા આવશે માટે હરકોઈબી લાવારસ તેવુ બેવારેસ રવાન થાયતો નીચના તે લતાઓપર રેહનાર ગ્રહસ્થોમાથી હરકોઈનેબી ખબર કર્યાથી તેઓ

---

[1] બોમ્બે કુરીઅર, તા૦ ૨૧ મી જાનેવારી ૧૮૨૬

[2] એ દરેમેહેર બાંધવાપર રૂ૧૦૦૬૪ા નો ખરચ થયો હતો, જેમા રૂ૬૯૭૩) અંતરેના જરથોસ્તીઓમા ઉઘરાણુ કરી એકઠા કીધા હતા, તથા બાકીના રૂપીઆ પંચાતના ફંડ મધેથી આપવામા આવ્યા હતા એ દરેમેહેરનુ મકાન પુરાણુ થયાથી ઈ૦ સ૦ ૧૮૬૦ મા મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટની પુંજીમાથી તેમની નઈઅતે તેમના સાહેબજાદાઓએ નવેસરથી ફરીથી મકાન બંધાવ્યુ હતુ, તથા તેના દરવાજાપર એક મોટી તખ્તી જડાવી હતી, જેની શરૂઆતમા એ દરેમેહેર અસલમા કેમ બંધાઈ તે માટે નીચે પ્રમાણે લખેલુ છે :—

"આએ આતશ આદરીઆન શાહેબનુ પવીતર
"મકાન શને ૧૧૯૫ ઈઅજદજરદીના શાલમાં શ્રી
"મુંબઈના જરથોશતી ટોલાના શાહેબોએ પોતપોતામો
"એક ઉઘરાણાની ટીપ કરીને ગોદાવરાના બાશીંદાઓને
"વાશતે બંધાવ્યુંહ હતુ, અને રોજ ૩ જો માહા ૫
"મો શેહેનશાહી શને ૧૧૯૫ ઈઅજદજરદીના શાલમા
"આદરીઆન શાહેબને પધરાવીને કુલ જરથોશતની આ-
"લમને એબાદત કરવાને માટે ખુલુ રાખવામા આવેલુ
"હતુ એ એમારતની જગા તથા બાંધકામ પછવાડે
"રૂ૧ ૧૦૦૬૪ા એકે દશહજાર ને શાઠચોશઠનો
"ખરચ થાએલો હતો"

[3] પુણાવાલા ખાનબાહદૂર દસ્તૂર નશરવાનજી જામાસ્પજી જામાસ્પ આશાના બાપના બાપા

[4] આ અસલ લેખ ઉદવાડેની અંજુમનના દસ્તાવેજોમાથી દસ્તૂર બરજોરજી રૂસતમજી મીરજાએ અમોને દેખાડ્યો હતો

પોતાની દેખરેખ હેઠલ તેનો ખરચ કરાવશે, અને પંચા-તમાથી તેવુ નાણુ લેશે ૧

**કોટ મધે.**

શેઠ હોરમજજી બહમનજી શેઠના
શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ.
શેઠ ખરશેદજી માણેકજી સરાફ.
શેઠ શોરાબજી વાછાગાંધી.

**બાહેરકોટ**

શેઠ જમશેદજી જીજીભાઈ.
શેઠ શાપુરજી શોરાબજી કપાવાલા.
શેઠ પાલણજી એદલજી અપુ.
શેઠ દાજી બરડી.
દસ્તુર મુલ્લા ફીરોજજી કાઉસજી.
દસ્તુર એદલજી દારાબજી સંજાણા.
શેઠ શોરાબજી પેશતનજી પાટક.

**ભાએખલે.**

શેઠ મેહરામજી કાવશજી બનાજી.

**મજગામ.**

શેઠ ફરામજી કાવશજી બનાજી.
શેઠ મેહરવાનજી રૂસતમજી દારૂખાનાવાલા
શેઠ નવરોજજી રૂશતમજી નાદરશાહ.

---

તા૦ ૭ મી મારચ.

રોજ ૬ માહ ૬ (શે૦) ૧૧૯૫ યજદજરદી.

**મરણ**—હોરમજજી બહમનજી વાડીઆ—ઉમર વર્ષ ૬૦) શેઠ બહમનજી લવજી વાડીઆના નાહાલા દીકરા. એવણ પોતાના વખતમા એક સાહસીક વ્યાપારી, હીમતવાન શેહરી, તથા ઉદાર ગ્રહસ્થ થઈ ગયાછે. ઈ૦ સ૦ ૧૭૮૬ થી એવણે જુદા જુદા ઠેકાણાઓ પરનો વ્યાપાર ચલાવવા માંડયો, તથા અતરેની નામીચી મીસીઅરસ ફારબસની કંપની સાથે રાસમા કેટલોક રોજગાર કરતા હતા. તે વેળાએ ઈસ્ટ ઈંડીઆ કંપનીની સરકારને જોઈતા નાણાની ધીરધાર વગેરે મીસીઅરસ ફારબસ, તથા બરૂસ ફાસેટની પેહડીમાથી થતી હતી, તેમા પેહલી પેહડીમાથી સરકારને જોઈતાં નાણાની સગવડ એવણ કરી આપતા હતા.[2] અતરેના ઇંગ્રેજ તથા દેશી તેમજ બંગલાના વ્યાપારીઓમા પણ એવણનું નામ મશહુર હતુ.[3] એવણે પોતાના વ્યાપારને માટે લવજી, ફેમીલી, અપટણ

---

૧ મુંબઈના શમાચાર, તા૦ ૨૭ મી ફેબરવારી ૧૮૨૬

૨ આની શાહદતમા કોટ મધે "બોંમ્બે ગ્રીન" મા એવણના ઘરની પાસે આવેલી કેટલીક ખાલી જમીન એવણે પોતાના કુટુંબને માટે એક મોટુ ઘર બાંધવાને વાસ્તે સરકાર પાસેથી વેચાતી ઇયા લાએબાડે માગવાને મી૦ ચારલસ ફારબસ (પછવાડેથી સર ચારલસ ફારબસ, બારોનેટ) ની મારફતે તા૦ ૧૬ મી આપરેલ ૧૮૦૫ ને દીને એક અરજી કીધી હતી, તે અરજી તા૦ ૩૦ મી આપરેલ ૧૮૦૫ ને દીને મી૦ ફારબસે અતરેના ગવરનર જોનાથન ડંકન ઊપર પોતાની તરફની ભલામણના એક પત્ર સાથે મોકલી હતી, તેમા આ નાણા ધીરવાને લગતી બાબદનો નીચે પ્રમાણે એસારો કીધેલોછે :—

"I have great pleasure in acknowledging to your Hon'ble Board the able and Zealous co-operation, which for nearly two years past I have received from Hormarjee Bomanjee, in such of the Hon'ble Company's money concerns as have fallen to my management in consequence of the arrangement concluded between Government and the Houses of Forbes & Co and Bruce Fawcett & Co in 1803 for supplying the Hon'ble Company's Treasury under your immediate direction and superintendence, and to which I trust you, Hon'ble Sir, will likewise bear testimony from the frequent opportunities you have thus had of becoming acquainted with his exertions upon various pressing occasions, in assisting me to carry into effect your orders for raising supplies of money Bills for the public service."

આ સઘળી બાબદો ધ્યાનમા લઈ સરકારે તા૦ ૩૧ મી જુલાઈ ૧૮૦૫ ને દીને મુંબઈના કલેકટર મી૦ પી લીઝેજરરની મારફતે ઊપલી જગા એવણને દર વર્ષે રૂ૫૭—૧—૨૮ રેંટના નામના લાએબાડાથી લેટ૦આપી હતી

૩ આ બાટેની બીજી શાહદતો ટાકયા કરતા મજકુર મી૦ ચારલસ ફારબસનાજ એવણની વ્યાપાર વનજની કુનેહ બાટેના વિચારો ઘણા કીમતી ધારી અતરે ટાકીએ છીએ મી૦ ફારબસે અતરેનો કીનારો છોડી ઈંગલાંડ જતા, વાહાણમાજ તા૦ ૧૯ મી નવેમ્બર ૧૮૧૧ ને દીને પોતાની પેહડીના બીજા ભાગીઆઓ ઊપર તેની ગેરહાજરીમા પેહડીનુ કામ શી રીતે ચલાવવુ તે બાટેનો એક લંબાન સુચના પત્ર લખ્યો હતો તેમા શેઠ હોરમજજીની મસલત લઈ હરએક કામ કરવાને નીચે પ્રમાણે તેમને ફરમાવ્યુ હતુ —

"I cannot take leave of this subject, without again enforcing, what I have already recommended both verbally and in writing that Hormarjee's advice and assistance be resorted to upon all occasions in which the interests or welfare of the House may be concerned I know from experience the value of his clear judgment and excellent opinions promptly formed thereon I profited by them nor are they to be rejected upon the first impression, but let them be well weighed, and I venture to say, that others will do as I have often done, lay aside their own, and act upon his But more especially ought his superior knowledge of *Bazar Credit* to be attended to, founded as it is upon long experience and a more intimate knowledge of the Native Character than Europeans can possibly acquire. We have certainly had every reason hitherto to congratulate ourselves on having steered clear of the various Insolvencies that have taken place around us, and our good fortune in this respect is not a little to be attributed to the information I have been constantly in the habit of receiving from Hormarjee often conveyed in communications of a most confidential nature, and to

કાસ્ટલ, એશીઆ, દ કન, ફરેન્ડ શીપ, અને હેના, નામે છ વાહણો જુદે જુદે વખતે ખરીદ્યા હતા, તે સાથે મુંબઈમા "મરીન સ્ટ્રીટ" મા ૨૭ દામ્બવાના "ડકર" ની એક ઈમારત તથા ઘણીક જાગીરો એવણની હતી. પરેલનો "જવજી કાસ્ટલ" નો નામીચો મેહલ એવણે ઈ૦ સ૦ ૧૭૯૩ મા બધાવ્યો હતો. ઈ૦ સ૦ ૧૮૦૮

---

his great attention in the sale of our Goods to responsible Merchants"

ઊપલા વિચારો લખીને ઈગલાડ ગયા બાદની મી૦ શારબસે એવણ સાથે એટલીતો દોસતી તથા મોહબત રાખી હતી કે તે દરેક વાહણ જે ઈગલાડથી ઊપડે તેમા એવણ ઊપર કાગળો લખ્યા કરતો હતો તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૧૨ ને દીને તેણે એવણ ઊપર લખેલા પત્રના નીચના ફકરા ઊપરથી જોવામા આવશે કે એ આપણા દેશીઓનો મોટો ખેરખાહ મિત્ર આપણાથી દુરો પડયા પછીબી તેનુ સઘળુ ચીત મુંબઈમાજ ભરાયલુ હતુ, અને એકવારતો તેણે પાછા મુંબઈ આવવાનો પણ ખીઆલ કીધો હતો.—

" I assure you, Hormarjee, that the more I see of this country, the better do I like Bombay, and wish myself there again I believe in this respect I am not singular, and that most Indians prefer the *warmth* of the *East* to the *cold* of the *West*, in more respects than in point of climate I am told however that I shall get more reconciled to every thing, by and bye If not, I may take it into my head to pay you a visit one of these days—which would no doubt surprise you a little! I should have no fear however but you would make me welcome—and if I do come I shall set myself down as Pestonjee's neighbour at *Lowjes Castle*, and live the life of a country Gentleman, occasionally travelling about to see you and my other friends, and pick up the news!

Remember me very kindly to my worthy friend Jamsetjee—to Pestonjee—Nasservanjee—and all the young folks of the family—and give my compliments to Cowasjee Patell's family—Hirjee Jeevanjee—Nemchund—Madow Bhowan—Jamsetjee Nanabhoy—&c.&c in short all those whom you know I wish well."

ઈ૦ સ૦ ૧૮૧૨—૧૩ મા ઊતર ભણીના દેશોમા જે મોટો દુકાળ ચાલ્યો હતો તે બાબેની હકીકત મી૦ શારબસે ઈગલાડમા જાણ્યા ઊપરથી તા૦ ૧૯ મી મેએ ૧૮૧૩ ને દીને શેઠ હોરમજજી પર લખેલા એક પત્રમા તેણે નીચે પ્રમાણે પોતાની આપણા દેશ તરફની દીલસોજી તથા ઊદારતા બતાવીછે —

'I wish, my friend, you had put my name down for a *thousand Rupees or two* to the subscription for the relief of the poor Natives who came down to Bombay in consequence of the famine to the Northwards. I give you authority to put *my name* to any thing of this kind you put *your own* name to, and I shall acquaint the House accordingly, that they may pay on my account or you can debit me for it, as you think proper You are *one of my attornies*, and have an equal power with any others to act for me"

ઊપલા કાગળો કરતા પણ વધારે જાણવાજોગ બીના એછે કે ઈગલાડથી કોઈપણ નવો ગ્રહસ્થ અતરે વ્યાપાર વધા ઈના નોકરીને સર આવેતો તે મી૦ શારબસ પાસેથી શેઠ હોરમજજીપર ભલામણ પત્ર લેધા વગર આવેજ નહિ એવા કાઈ સબ્બાબ઼દ ગ્રહસ્થોને મી૦ શારબસ તરફથી એવણ ઊપર આપેલા ભલામણોના પત્રો અમોએ ખુદ વાચ્યાછે, અને તેમાના ફકત બેમાથીજ નીચલા ફકરા અતરે ટાકયે છેયે —

તા૦ ૩ જી જાનેવારી ૧૮૧૯ ને દીને મી૦ પોપ નામના એક ઈગ્રેજ ગ્રહસ્થને વિષે ભલામણ કરતા મી૦ શારબસ લખેછે કે —

" I doubt not with reason, that you have it more in your power to serve him (Mr Pope) than any other person in Bombay, Native or European Of this, also, I am confident, that you possess in a peculiar degree the inclination to oblige, and to promote the success of the deserving, of every class of mankind, or you must be greatly altered, since I left you! Of that however I have no apprehension. Had you passed the last seven years of your life in *this cold country*, as I have done, I might be of a different opinion "

તા૦ ૨૧ મી ફેબરવારી ૧૮૨૧ ને દીને મી૦ શારબસ નામનો કોઈ એક જવાન ગ્રહસ્થ જે ઈસ્ટ ઈડીઆ કપનીના દરીઆવરી ખાતામા અતરે નોકરીએ આવતો હતો તેને બાહે ભલામણ કરતા આપણા દેશીઓનો ઊપલો ખેરખાહ મિત્ર શેઠ હોરમજજીને લખેછે કે —

" Remember I put him under your special care and protection, which our friend Mr Sutherland (who has a great regard for you,) told him the other day in my hearing, "was worth *a hundred* letters" —and added " when Hormarjee takes a man by " the hand, he does not easily let him go, and when " he does, it must be the man's own fault " I agreed with him. And now my friend, you must continue to merit the high character you have established"

આ ઊપરથી વાચનારાઓને જણાશે કે આરથી સદીની વાત ઊપર એક પારસી શેઠીયા વિષે ઈગલાડમા કેવા મોતેબર વિચારો હતા એ મુજબ મી૦ શારબસ શેઠ હોરમજજી સાથે એકસોબધી વેહવાર તથા બેહદ વિશ્વાશ રાખતો હતો મુંબઈમા આવતા દરેક નવા ગવરનર, કૌનસીલર, તથા બીજા ઓહદેદારોપર પણ તે શેઠ હોરમજજી સાથે ઓળખાણ રાખવા, પ્રીતથી ચાલવા, તથા જરૂરની વખતે તેમની સલાહ લેવાને ભલામણ કરતો હતો શેઠ હોરમજજીના મરણ પછી તે એવીજ રીતનો વેહવાર તેમના વડા દીકરા શેઠ બહમનજી હોરમજજી વાડીઆ સાથે, તેમજ શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ સાથે રાખતો હતો મરહુમ શેઠ હોરમજજીના નામ ઊપર તે એટલોતો ફીદા હતો કે શેઠ બહમનજીના વડા દીકરા તે હાલના શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ પોતાની નાહની ઊમરમા છપીને ઈ૦ સ૦ ૧૮૪૭ મા તેની ઊપર પેહલવેહલો એક અગ્રજી ખબર અતરનો કાગળ લખ્યો હતો, તે કાગળનો જવાબ, જોકે તે વખતે એ નામાકીત ગ્રહસ્થે પુર જઈફીએ પોહચવાને લીધે લખવાનો બાહેરો છોડી દીધો હતો, તોપણ તે પોતાના મરનાર દોસતના માનને ખાતર ખુદ પોતાને હાથદસખતે તા૦ ૭ મી આગસટ ૧૮૪૭

માં એવણે છાસટી તરફ મરોલી, મોહેની, મરોલ, આસીઆપેનકોલ, કુરલ, શાર, કાળીન, અને પરજાપુર, નામના આઠ ગામો દર વર્ષે સરકારમાં ૨૮૬૮૪—૦—૯૩ રૂમનો ચોકો ભરવાની કબુલાતે પોતાની પાલવા બંદરના દરવાજા આગળ (હાલ જ્યા "ઈસ્કાચ ચરચ" તથા સરકારી "આઈસ હાઉસ" છે) ની જગા આપી તેના બદલામા લીધા હતા. મુંબાદેવીના દેહરાની સામે "એલાહીબાગ" નામે તે વખતે જરથોસ્તીઓને સર અવસરે કામે લાગતું એક મકાન એવણે બંધાવ્યું હતું. વળી ચંદનવાડી તરફ આતશઆદરાનની એક દરેમેહર બંધાવી તે તા૦ ૨૯ મી નવેમબર ૧૮૦૫ ને દીને પરસાવી હતી. સુરત મધે પોતાના બવેવી મરહુમ શેઠ દાદાભાઈ નસરવાનજી મોદીની નહએતે તેમના વીધવા બાઈ બાઇજીએ તા૦ ૧૯ મી નવેમબર ૧૮૨૩ ને દીને પરસાવેલા આતશબેહરામની સઘળી આગેવાની એવણે કીધી હતી એવણ તે વખતની મુંબઈની પારસી પંચાતના એક મુખ્ય અકાબર હતા, તથા પંચાતના ધર્મખાતાની પૂંજી જે ૨૧૭૮૯૩।।૯૯ રૂસની એવણને હસ્તક હતી તે એવણે દુર અંદેશો કરી તા૦ ૧ લી ડીસેમબર ૧૮૨૩ ને દીનેથી પંચાતના સર્વે અધિકારીઓની મસલત લઈ પોતાની સાથે શેઠો ફરામજી કાવસજી બનાજી, નવરોજજી જમશેદજી વાડીઆ, અને જમશેદજી જીજીભાઈને તરસટીઓ તરીકે દાખેલ કરી એઓ ચાર જણાના નામપર સઘળી પૂંજી અતરેની મીનીઆરસ ટીમીગટન કાફરડની કંપનીમા વ્યાજે મેલી હતી, જેથી પંચાતનું ફંડ કાયદાસર મચવાવાનુ માન એમને ઘટેછે. એવણે પોતાનાં વસીહત નામામા ફરમાવ્યું હતું કે એવણનાં મરણ પછી આપણા લોકોના સરેશ્તા પ્રમાણે એમની બાજને દીને મીઠાઈ તથા ભાંણા વગેરે વેહચના નહિ, તથા વરસીને તાકણે બીજા સગા વાહલાંઓએ એવણની બાજ કરવી નહિ. હેકકે કે આ વસીહત મુજબ એવણના વારસો ચાલ્યા હતા.

---

ને દીને લખી શેઠ હોરમસજી પર મોકલ્યો હતો, તેમા શરૂઆતમા લખ્યું હતું કે.—

My Dear Young Friend

*Hormarjee Bomanjee* born, the first time I have written that respected name since the death of your worthy Grand Father

I have had the pleasure of receiving the first letter you have favored me with dated the 18th June 1822, which I acknowledge with my own hand—not very usual now a days since writing has become irksome to me, altho' to you I doubt not a pleasant occupation

તા૦ ૧૮ મી માર્ચ.

રોજ ૧૭ માહ ૬ (શે૦) ૧૧૯૫ યજદજરદી.

**મરણ**—મેહરવાનજી જીજીભાઈ માણેકજી મુગાના[१]—ઉમર વર્ષ ૯૨) એવણ જન્મથીજ મુગા હતા, તોપણ જાતે તિક્ષણ બુધ્ધીના હોવાથી હાથે સીવવાનો હુનર સારી જહદકથી અખત્યાર કીધો હતો, તથા પોતાના એક એસી એક સંતોકજી બરજોરજી કે જેવણે અતરેનાં લશકર ખાતાને સિપાહીઓનો પોશાગ પુરો પાડવાનું કંત્રાક્ટ લીધું હતું, તેમને સઘળો પોશાગ એવણ સીની તથા સીવાડી આપતા હતા. આ કામમા એવણે એક સારી પુંજી એકઠી કીધી હતી.

---

તા૦ ૨૫ મી માર્ચ.

આજ દીને ઈસ્ટ ઇંડીઆ કંપનીને માટે અતરેની ગોદીમા શેઠ નવરોજજી જમશેદજી વાડીઆના ઉપરીપણા હેઠલ બંધાયલી ૧૪ ટોપની અને ૪૨ ટણની એક કરૂજર નામે "લારડ કલાઈવ" ને પાણીમા ઉતારવાની ક્રિઆ કરવામા આવી હતી. આ વેળાએ જેનરલ વીલશન, તેની બાણુ તથા બીજા ઘણાક ઈંગ્રેજ ગ્રહસ્થો અને બાનુઓ હાજર થયા હતા, જેઓ સર્વે એ કરૂજરની બાંધણી જોઈ ઘણા ખુશી થયા હતા. એ પછી શેઠ નવરોજજીને તથા તેમના હાથ હેઠલના બીનડરોને સરેશ્તા પ્રમાણે શાલો પાગડી માન આપવામા આવ્યું હતું.[२]

---

તા૦ ૨૯ મી માર્ચ

રોજ ૨૫ માહ ૭ (કદ૦) ૧૧૯૫ યજદજરદી.

**મરણ**—મેહરવાનજી માણેકજી પટેલ—ઉમર વર્ષ ૬૦) એવણ "મેહરા પટેલ" ના નામથી ઓળખાતા હતા, અને પ્રથમમા અતરેના પટેલ શેઠો કાવસજી તથા દોરાબજી રૂસતમજી અને તેમના પછી શેઠ ચોગબજી કાવસજી પટેલના કારભારી હતા. એ બાદ ઈ૦ સ૦ ૧૮૧૬ થી પોતાને હીસાબે કેટલાક સરકારી કંત્રાક્ટો વગેરે લેતા કીધા હતા. એવણે ભીંડીબજાર તરફ કદમી તરીકા મુજબ આદરાનની એક દરેમેહર બંધાવી તે તા૦ ૨૩ મી સપટેમબર ૧૮૦૯ ને દીને પરસાવી હતી. અતરેના ઇંગ્રેજો તથા દેશી વ્યાપારીઓમા એવણનો ઘણો વગ હતો.

---

[१] મરહુમ શેઠ જીજીભાઈ દાદાભાઈના બાપાવા એવણના બાવા શેઠ જીજીભાઈ માણેકજી ઈ૦ સ૦ ૧૭૩૦ ને આસરે "એવાવ" ગામથી અતરે આવ્યા હતા

[२] મુંબઈના સમાચાર, તા૦ ૨૭ મી માર્ચ ૧૮૨૬.

તા૦ ૧૪ મી આપરેલ.

રોજ ૧૮ માહ ૮ (કો૦) ૧૧૯૫ યજદજરદી.

**મરણ**—ખરશેદજી જમશેદજી બાટલીવાલા[1]—ઉમર વર્ષ ૪૯) શેઠ જમશેદજી રૂસતમજી બાટલીવાલાના નાહલા દીકરા. એવણ પોતાના મમાવા શેઠ લીમજી ભીખાજીની કંપનીમા ગોડાઉનકીપર હતા.

---

તા૦ ૨૩ મી આપરેલ.

રોજ ૨૩ માહ ૭ (શ૦) ૧૧૯૫ યજદજરદી.

**મરણ**—અરદેસર ફરામજી વાડીઆ—ઉમર વર્ષ ૩૭) શેઠ ફરામજી માણેકજી વાડીઆના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૧૭ થી શેઠ હોરમજજી ભીખાજી ચીનાઈ તથા શેઠ વીકાજી મેહરજી સાથે ભાગમા "હોરમજજી ભીખાજીની કંપની" ને નામે ચીન તથા કલકતાનો વ્યાપાર કરતા હતા તે પછી તા૦ ૧૬ મી આગસટ ૧૮૨૩ થી ભાગ છોડવી પોતે એખલા વ્યાપાર ચલાવતા હતા પોતાના મરણની થોડાક માસ આગમજ એવણ ચીન ખાતેની પણ એક સફર કરી આવ્યા હતા. એવણ પોતાના વખતમા ફારસી ભાષાનુ સારૂ ગ્યાન ધરાવતા હતા

---

તા૦ ૨૬ મી આપરેલ.

રોજ ૨૬ માહા ૭ (શ૦) ૧૧૯૫ યજદજરદી.

**મરણ**—ખરશેદજી કુવરજી જશાવાલા[2]—ઉમર વર્ષ ૪૬) શેઠ કુવરજી રતનજી જશાવાલાના બીજા દીકરા. એવણ પોતાના ભાઇઓ તથા ભત્રિજાઓની સાથે મલી પોતાના બાપની ઈંગ્રેજ બજારમાની વીલાયતી સોમાણના વ્યાપારની મોટી દુકાન ચલાવતા હતા પોતાની પાછળ એવણ સાત દીકરાઓ મેલી ગયા હતા.

---

તા૦ ૨૯ મી આપરેલ.

રોજ ૨૯ માહ ૭ (શ૦) ૧૧૯૫ યજદજરદી.

આજ દીને ખબાત મધે શેઠ પેશતનજી ખરશેદજી મોદીએ પોતાના મરહુમ મુરબ્બી પુણાવાલા શેઠ ખરશેદજી જમશેદજી મોદીની નઇમેતે એક દોખમુ તથા શગડી બધાવી તે પરહવાનું જશન કરાવ્યું હતુ.[3]

---

તા૦ ૨૨ મી જુન

આજ દીને મુંબઈની શમસત જરથોશ્તી અન્જુમનની એક સભા શેઠ દાદીભાઈ નોશરવાનજીના આતશબેહરામમા મલી હતી ત્યા પંચાતના અકાબરોએ જાહેર કીધુ હતુ જે જરથોસ્તી કોમમા જેઓ આધલા, લુલા તથા અશકત માણસોછે તેઓને પંચાતના ફંડમાથી

---

૧ શેઠ જમશેદજી ખરશેદજી બાટલીવાલાના બાવા એવણના બપાવા શેઠ રૂસતમજી જમશેદજી બાટલીવાલા અતરેવાલા જાણીતા શેઠ રતનજી જમશેદજી ઇસપીશારના ભાઈ હતા તેઓ પણ અનરેના એક જાણીતા રેહવાશી હતા તેમના ચાર દીકરાઓ શેઠો જમશેદજી, ફરદુનજી, ફરામજી, અને ભીમજી પ્રથમમા સાથે વીલાયતી તથા આમઠી દારૂકામનો ધધો કરતા હતા તે પછી બધા ભાઇઓ છુટા પડી પોતાને હીસાબે જુદો જુદો રોજગાર કરવા લાગા હતા એઓમાના વડા શેઠ જમશેદજીએ ઈ૦ સ૦ ૧૭૮૬ મા મુંબઇ મધે તારદેવ તરફ હાલ જ્યા "માણેકજી પીટીટ માન્યુફેકચરીંગ કંપની" ની મીલછે તે ભણી બધાવેલા એક કુવાની તખ્તી મજકૂર મીલનુ કાંઇ બાધકામ કરવાને તેની આગલનો ડુગર ખણતા જમીનમાથી ઈ૦ સ૦ ૧૮૭૫ મા મલી આવી હતી તેની નકલ નીચે દાકીછે:—

"શ્રી દાદાર હોરમજદની મદતછે

"પારસી જમશેદજી રૂસતમજી બાટલીવાલાએ
"વાડી ડુગેરની બનાવીછે તે મધે કુઓ બાધોછે સને
"ઇજદગરદ ૧૧૫૫——કો૦ રોજ ૧૬૮ રોજ ૧૮
"માહા સા૦ ૧—માહા વદ ૧૩ રવેઊ, તા૦ ૨૬ ફેબરવારી ૧૭——"

[રાસ્ત ગોફતાર, તા૦ ૨૨ મી આગશટ ૧૮૭૫]

૨ શેઠો ડોશાભાઇ અને બાપુજી ખરશેદજી જશાવાલાના બાવા, તથા શેઠો મનચેરજી હોરમજજી, ખરશેદજી મેહરવાનજી અને શોરાબજી બરજોરજી જશાવાલાના બપાવા

૩ આ દોખમાની સામેની શગડી પર નીચે મુજબની તખ્તી મારેલીછે.—

"એ પાક પરવરદેગાર
"દાદાર હોરમજદની મદતછે
"આએ દોખમુ બેહેશતી ગુરથમાની ચોદી ખૂરશેદજી જમશેદજી મોદી એદલજી કાવશજીનાની નઇમેતે
"શરી ખબાએત મધે માજદીએશની જરથુશતી શીરકાની આલમને કામ આવા શારૂ રોજ ૨૩ ચે ને
"માહા ૩ જે શને ૧૧૯૩ શવત ૧૮૮૦ ને દીને તાણો
"દોખમાનો પુરાવેઓતો તે તઇઆર કરાવી શવત
"૧૮૮૨ ના શને ૧૧૯૫ એજદજરદીના વરશમા
"રોજ ૨૯ મો મારેશપંદ માહા ૭ મો મેહેર, ચઇતર
"વદ ૮ ને શનેઊ એ દીને ઇબવીણછે શહી ખાકશાર
"મોદી પેશતનજી ખૂરશેદજી"

એ દોખમુ પરહાવાના જશનમા શામેલ થવાને શેઠ પેશતનજીએ તા૦ ૨૭ મી મારચ ૧૮૨૬ ના મુંબઇમા શમાચારમા જાહેર ખબર આપી સર્વે દેશાવરોના જરથોસ્તીઓને નોતરૂ દીધુ હતુ

હવેથી રૂ૬) નો તથા લાચાર અને નાવાગસોને રૂ૪) નો ગુજારો આપવામાં આવશે.[૧]

---

તા૦ ૩ જી જુલાઈ.

મુંબઈની પારસી પંચાયતના ફંડનો તા૦ ૨૨ મી અક્ટોબર ૧૮૨૪ થી તે તા૦ ૧૦ મી નવેમબર ૧૮૨૫ સુધીનો હીસાબ આજના "મુંબઈનાં શમાચાર" માં તરસટીઓએ છપાવી પરગટ કર્યોછે. તેમાથી જોવામા આવેછે કે છેલા હીસાબની બાકીના રૂ૩૧૦૯૯ા૨૦ા ઉપરાંત આખે આખા વર્ષમા પંચાતના ફંડ ખાતે રૂ૨૩૨૭૮ા૩ાા ની આવક થઈ હતી, અને ખરચ કુલ રૂ૪૭૭૬ા૨૦ાાા થયો હતો, જેથી વર્ષની આખરીએ તરશ-ટીઓના હસ્તકમા સઘળા મળી રૂ૪૯૫૯૮ાા૨ાાા બાકી હતા.

---

જુલાઈ.

આએ માસમા ભરૂચવાલા દસ્તૂર અસ્પંદયારજી કામદીનજીએ "કદીમ તારીખ પારશીઓની કશર" ઈઆને કબીસો જરથોસ્તી દીનમા જાગેજછે તે માટેની એક કેતાબ ગુજરાતી ભાશામા સુરત મધે છપાવી પરગટ કીધી હતી.[૨]

તા૦ ૭ મી આગસ્ટ.

ગયા જુન માસની તા૦ ૭ મીએ જમશેદજી ખર-શેદજી પીરખાન નામે આસરે ૪૦) વર્ષની ઉમરનો એક પારસી કોલેરાથી મરણ પામ્યો હતો, તે દોખમાંમાથી સજી-

---

૧ મુંબઈના શમાચાર, તા૦ ૨૮ મી આગસટ ૧૮૨૬

એ આગમજ મુંબઈમા આંધલા પાગલા તથા નાચાર જરથોસ્તીઓની પરવરસી કરવા તથા તેમને ગુજારો આપવાના કસા ચોકસ બંદોબસ્તો પંચાત તરફથી કરેલા ન હતા તેઓ કેટલાક સખી દીલના જરથો-સ્તીઓના ખાનગી આસરા તલે રેહતા હતા, પણ ઉપલો તેમને ગુજારો આપવાનો બંદોબસ્ત એ દીનેની પંચાતમા તેઓ સઘળાઓને બોલાવીને કહી સમજાવ્યાથી તેઓ પણ તેપર રાજી થયા હતા

૨ "કદીમ તારીખ પારશીઓની કશર, ઈઆને કબીસાની હકીકત દસ્તુર અસ્પંદીઆરજી કામદીનજી ભરૂચવાલાએ કેટલીએક શરશી કેતાબોથી તેહકીક શાહી કરીને ગુજરાતી જુબાનમા તરજુમો કીધોછે, શને ૧૧૯૫ ઈઆજદજરદી, જણુશી શ્રી સુરત મધે શાલમણ શાહે-બના છાપાખાનામા છપાણી ૧૮૨૬"

આએ કેતાબ મુંબઈમા આવ્યા પછી અતરેના કદમી તથા શેહનશાહી જરથોસ્તીઓમા પાછી એ બા-બેની તકરાર ૫૦ વર્ષે જાગૃત થઈ હતી એ ચોપડીમા કબીસો બએજછે તે માટેની દસ્તૂર અસ્પંદયારજીની તકરારનો રદીઓ કદમીઓની તરફથી આપવાને મુલા ફીરોજ બીન કાઉસે "મુંબઈના શમાચાર" મા શરૂ કીધુ, અને શમાચારના પરવરતાવનાર મોબેદ ફરદુનજી મરજબાનજી પણ મુલા ફીરોજજીના શાગેરદ તથા સુર-તમા પેહલું વેહલા કદમી થયલા દસ્તૂરના નબીરા હોવાથી એ બંધે સાહેબોએ આ તકરાર ઘણી જોરતવાર રીતે ચલાવી દર અઠવાડીએ "શમાચાર" પત્રનું કદ હમેશ કરતાં એ તકરારોને લીધે બેવડું કરવા માડયુ શેહન-શાહીઓની તરફથી દસ્તૂર ફરદુનજી દારાબજી જામાસ્પ આશા કે જેઓ દસ્તૂર અસ્પંદયારજીના મુંબઈ ખાતેના આડતીઆ હતા તેઓએ ખાસ એ કારણનીજ મુલા ફીરોજજી સાથે તકરાર ચલાવવાને "અખબારે કબીસે" નામનું શીલા છાપાપર એક વર્તમાન પત્ર કાઢવા માડયુ તેમાં મુખ્ય મદદ તેઓને દસ્તૂર એદલજી દારાબજી સંજાણા તથા શેઠ ડોશાભાઈ શોરાબજી મુનશી કરવા લાગા કદમીઓની તરફથી એની સામે "એબતાલે કબીશે" નામનું બીજુ વર્તમાન પત્ર થોડુંક સુધી નીકલવા લાગુ ઈંગ્રેજી "બોમ્બે કુરીઅર" તથા "બોમ્બે ગેજેટ" બાબી એ બાબે બંધે બાજુ તરફથી અવાર નવાર લંબાન ચરચા પત્રો લખાવા માડયા શેહનશાહીઓની તરફથી ઈંગ્રેજીમા લખાણ કેહછે કે શેઠ કેખશરૂ શોરાબજી રેડી-મની કરતા હતા, અને કદમીઓની તરફથી શેઠ શોરાબજી પેશતનજી પાટક કરતા હતા તે પછી એ તકરારો રીતસર ચલાવવાને શેહનશાહી તથા કદમીઓએ પોતપોતાના થો-ડાક આગેવાનોની એકકી કમીટી મુકરર કીધી તેમા શેહનશાહીઓની તરફથી કમીટીમા નીચલા ગ્રહસ્થો હતા—

દસ્તૂર એદલજી દારાબજી સંજાણા, દસ્તૂર એદલ-જી દારાબજી જામાસ્પઆશા, આ૦ ડોશાભાઈ શોરાબજી મુનશી, આ૦ હોરમજજી બહમનજી શેઠના, શેઠ ખરશે-દજી માણેકજી સરાફ, બહમનજી હોરમજજી વાડીઆ, જમશેદજી જીજીભાઈ, કેખશરૂ શોરાબજી રેડીમની, નશ-રવાનજી નવરોજજી શેઠના, જાંગીરજી નશરવાનજી વાડીઆ, નવરોજજી નશરવાનજી વાડીઆ, ખરશેદજી રૂસતમજી વાડીઆ, હોરમજજી ધનજી પટેલ, ફરામજી બહમનજી સરાફ, જાંગીરજી ફરામજી નાનાભાઈ દાવર, દાદાભાઈ મેહ-રવાનજી મુગાના, વીકાજી મેહરજી, પેશતનજી મેહરજી, જીજીભાઈ દાદાભાઈ, દીનશાહ એદલજી ધનજી મેહતાના, મનચેરજી ફરદુનજી વજીફદાર, હોરમજજી બીખાજી ચીનાઈ, પેશતનજી નવરોજજી શેઠના અને દોરાબજી નશરવાનજી પટેલ, (આ કમીટીના શેક્રેટરીનું કામ આ૦ હોરમજજી બહમનજી શેઠના ચલાવતા હતા)

કદમીઓની તરફની કમીટીમા નીચલા ગ્રહસ્થો હતા

મુલા ફીરોજ બીન કાઉસ, શેઠ ખરશેદજી અરદેસર દાદી, જાંગીરજી અરદેસર દાદી, ફરામજી કાવશજી બનાજી, ખરશેદજી કાવશજી બનાજી, બેહરામજી કાવશજી બનાજી, હોરમજજી દોરાબજી લશકરી, હોરમજજી દાદાભાઈ શાહેર, શોરાબજી વાછાગાંધી, ફરદુનજી લીમજી પાંડે, મનચેરજી એદલજી એદલકાકાના, ફરામજી જીવાજી ઢોંડી—ડોશા-ભાઈ અસ્પંદયારજી મોતીવાલા, શાપુરજી નશરવાનજી, પેશતન રૂસતમજી મુલ્લાફીરોજના, હોરમજજી મનચેરજી

વણ થઈ બાહેર નીકલ્યોછે, એવી અફવા કોઇએ તેના મરણ પછી પાચ છ દિવસે ઉગાડી હતી, અને તે માટે તેનાં સગા વાહલાઓએ ઘણીક શોધ કીધી પણ કસો પતો હાથ લાગો નહિ, અને તે અફવા તેજ વખતે અટકી પડી હતી એ પછી આએ અડવાડીઆમા વળી અતરેના પારસીઓમા બુમ ફેલાઈ હતી કે તે પારસી દોખમામાંથી નીકલીને થાણે ભરાઈ બેઠોછે, જેથી પચાત તરફથી થાણે

---

કામાજી, હોરમજજી એદલજી કામાજી, ખેહરામજી રૂસ-તમજી રાણા, લીમજી કાવશજી બનાજી, પેશતનજી બોખાજી પાંડે, ખોદાબખશ મેહરબાન ઇરાની, નામદાર જાવીદ ઇરાની (આ કમીટીના શેક્રેટરીનું કામ શેઠ ખરશેદજી કાવશજી બનાજી ચલાવતા હતા)

આ તકરાર પેહલવેહલી "મુબઇ શમાચાર" પત્રમા શરૂ થઇ હતી અને મજકૂર ચોપડીની સામે પેહલુ ચરચા પત્ર તા૦ ૭ મી આગસ્ટ ૧૮૨૬ ના શમાચારમા મુલ્લા ફીરોજજીએ છપાવ્યુ હતુ તે પછી એક અઠવાડીએ એટલે તા૦ ૧૬ મી આગસ્ટ ૧૮૨૬ ને દીને દસ્તુર અસપંદયારજી કામદીનજી ભરૂચ મધે બેહસતનશીન થયો હતા, જેથી તા૦ ૨૮ મી આગસટના શમાચારમા મુલ્લા ફીરોજજીએ તે બાબેની દલગીરી બતાવી તેમના છોકરા-ઓ સાથે તકરાર કરવાની ખાએસ દેખાડી હતી આ ઊપરથી દસ્તૂર અસપંદયારજીના વડા દીકરા દસ્તુર કાઊ-શજીએ મુલ્લા ફીરોજજી સાથે શમાચારમા અરસપરસ કેટલાક કાગજ પત્રો ચલાવ્યા કીધા, પણ તેમાથી કસ્સો સાર નીકલ્યો નહિ, અને અતે શમાચારમા એ તકરાર ચાલતી બંધ પડી ઇંગ્રેજી વર્તમાન પત્રોમા પણ એ બાબે અવાર નવાર બાવત નામે ચરચા પત્રો આવ્યા કીધા હતા બધે કમીટીવાલાઓએ પોતપોતાની ખાનગી સભાઓ એકએકની સામે શુ દલીલો લાવવી તેની શો-ધને માટે મેલવ્યા કીધી તેઓએ એ તકરારને માટે બે ત્રણવાર અતરેના જાણીતા મગોલ વ્યાપારીઓ તથા આલમાઓને પોતાની સાથે બોલાવ્યા હતા શેહનશાહી-ઓની તરફથી હાજી હાસમ નામના જાણીતા મગોલ વ્યા-પારીએ તથા કદમીઓની તરફથી નામીચા વ્યાપારી આગા મહમદ શુશતરીએ એ તકરારોમા ઘણો ભાગ લીધો હતો આએ બારીમા અતરેના હલકા વર્ગના પારસીઓએ કેટલીકવાર મારામારી તથા ફેસાદો વડીક કીધા હતા લોકોમા એટલુ મજુન ફેલાયલુ હતુ કે એકવાર તા૦ ૨ જી જાનેવારી ૧૮૨૭ ને દીને શેહનશાહી અન્જુમનની એક સભા શેઠ હોરમજજી વાડીઆના એવાહીબાગ મધે મલી હતી, તે મીજલસમા ઘણીએક તકરારોની અરજી-ઓ જાહેર તથા ગ્નરત નામેથી આવી હતી, તે સઘળી-ઓમા પચાતને ભલામણ કીધી હતી કે કમીટીની જે જેકર હવડા ચાલે તે કોઇની ખાતરદારીને વાસ્તે અન્જુ-મનને જાહેર કીધા વગર મોકી વાળવી નહિ, એ કામમા જે મેહનત લેવી પડશે તથા ખરચ થાશે તેમા ભાગ લેનારા ઘણા બહેદિલોદા હાજરછે, વગેરે એ પછી શેહનશાહી તથા કદમી એ બંધે કમીટીઓ વચ્ચે અરસપરસ ઈંગ્રેજી વર્તમાન પત્રોમા લબાન ચરચા પત્રો ચાલ્યા કીધા હતા, પણ તેથીબી કાઈ સાર ન આવ્યો અને એ રીતે આએ છેલ્લુ ૧॥ વર્ષ એ તકરાર બધે બોરદૂએ કાગજ પત્રો, સભાઓ, વગેરેથી ચાલ્યા પછી ઈ૦ સ૦ ૧૮૨૭ ની આખરીએ વર્તમાન પત્રોમા ચાલતી બંધ પડી પણ

પછી બધે તરફથી અવારનવાર એ તકરારોને લગતી ચોપડી, ચોપાન્યા, વગેરે નીકલ્યા કીધા હતા.'

પેહલવેહલી એ બાબેની ચોપડી શેહનશાહીઓની તરફથી હાજી હાસમ ઇસફહાની નામના મગોલે "શવા-હેદોલ નશીરે શી અશમાતોલ કબીશે "ઇયાને કબીશો શાબેત કરવાની બાબદના રેસાલાની ઇ૦ સ૦ ૧૮૨૭ મા છપાવી હતી, અને શેહનશાહી કમીટીવાલાઓએ તેનો શેઠ ડોશાભાઇ શોરાબજી મુનશી પાસે તરજુમો કરાવી તે અતરેની સરકારના ઓરીએનટલ ત્રાનસલેટર કરનલ વાનસ કેનડી પાસે તપાસાવી ઈ૦ સ૦ ૧૮૨૮ મા બાહેર પાડયો હતો એ રેસાલાનો મુલ્લા ફીરોજ-જીએ ફારસી ભાષામા એક લબાન જવાબ "અદલે કબી-એ" નામની ચોપડી એજ વર્ષમા છપાવી તેમા આપ્યો હતો એ ચોપડીનો કદમી વાલાઓએ મોબેદ ફર-દુનજી મરજબાનજી પાસે ગુજરાતીમા તરજુમો કરાવ્યો હતો વળી પાછો એ ચોપડીનો જવાબ મજકૂર હાજી હાસમે "દલેઊલ હજલ" નામની કેતાબ છપાવી તેમા આપ્યો હતો, અને તે કેતાબનો પણ કમીટીએ ગુજરા-તીમા શેઠ ડોસાભાઈ શોરાબજી મુનશી પાસે તરજુમો કરાવી ઈ૦ સ૦ ૧૮૩૬ મા બાહેર પાડયો હતો એ ઊપરાત દસ્તૂર એદલજી દારાબજી સજાણાએ ઈ૦ સ૦ ૧૮૨૮ મા શેહનશાહી કમીટીને ખરચે "ખોરેહ વહીજક" નામની કેતાબ જરથોસ્તી દીનની રૂએ કબીશો શાબેત કરવા બાબે છપાવી હતી, તેના મુખતેસર જવાબમા મુલ્લા ફીરોજજીએ એજ વર્ષમા "અવીજેહ દીન" નામે એક ચોપાનયુ છપાવો બાહેર પાડયુ હતુ અને તેજ નામની એક મોટી તુલોતવીલ જવાબની ચોપડી બનાવી છપાવતા હતા, તેવામા તેમનુ મરણ નીપજ્યાથી તે ઈ૦ સ૦ ૧૮૩૨ મા બાહેર પડી હતી વળી ઈ૦ સ૦ ૧૮૨૮ મા મુલ્લા ફીરોજજીએ "રેસાલે એશતેશહાદત" નામની કેટલીક ઇરાનથી આવેલા મેહજરો તથા તારીખોની ગણત્રિ તથા કોઠાઓની એક ચોપડી છપાવી હતી એ ચોપડીમા કાઈક ભુલ રહી જવાથી બીજે વર્ષે ઇયાને ઈ૦ સ૦ ૧૮૨૯ મા તેના એક વધારાની ચોપડી બાહેર પાડી હતી શેહ-નશાહી કમીટી તરફથી ઈ૦ સ૦ ૧૮૩૩ મા કબીશો દીનમા જાએજછે તે બાબે કેટલાક ઇસફહાનથી આવેલા મેહજરો તેમના ગુજરાતીમા શેઠ ડોશાભાઇ શોરાબજી મુનશી તથા દસ્તૂર ફરદુનજી દારાબજી જામાસ્પઆશાના પાસે કરાવેલા તરજુમા સુદ્ધા છપાવી બાહેર પાડયા હતા આ તરજુ-માઓ પણ સરકારના ઓરીએનટલ ત્રાનસલેટર કરનલ વાનસ કેનડી પાસે તપાસાવ્યા હતા એ ઊપરાત બીજા બી કાઈ ચોપડી ચોપાન્યા છપાયા હશે, પણ તેની કસ્સી નોંધ મલી શકતી નથી

આ તકરારોપર શેહનશાહી કમીટીને લગભગ ચા-લીસ હજાર રૂપીઆ, તથા કદમીઓને પણ તેટલોજ મોટો ખરચ થયો હતો

માણસો મોકલ્યા અને ઘણી શોધો કરાવી, પણ એ વાત સદંતર ખોટી અને વગર પાયાની માલમ પડી આવી.[1]

તા૦ ૧૬ મી આગસ્ટ.

રોજ ૧૮ માહ ૧૧ (શે૦) ૧૧૯૫ યજદજરદી.

**મરણ**—દસ્તૂર અસ્પંદયારજી કામદીનજી ભરૂચ-વાલા[2]—ઉમર વર્ષ ૭૫) ભરૂચવાલા જાણીતા દસ્તૂર કામદીનજી ફરદુનજીના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૮૧ માં પોતાના બાપના મરણથી ભરૂચના વડા દસ્તૂર ઠરયા હતા. એવણ જરથોસ્તી મજહબને લગતી બાબદો તથા ફારસી ભાષામા ઘણા ખબરદાર હતા. ભરૂચમા ઇંગ્રેજ સરકારનો અમલ ઈ૦ સ૦ ૧૮૦૩ થી શરૂ થયો ત્યારથી તે પોતાના મરણ લગણ એવણે મુનસફ અથવા સદર અમીન એટલે નાઘલા દીવાંની મુકદમાઓ ચુકવવાનો ઓહદો ચલાવ્યો હતો, અને તે મનપતીજ ભરી રીતે ચલાવવા માટે ત્યાના કલેકટરો મીશીઅરશ પરેનડર ગાસ્ટ, રોમર, અને બરનારડ, તરફથી એવણને વાર-વાર શાબાસી મલી હતી. પોતાનાં મરણની એક માસ આગમજ એવણે કબીશો જરથોસ્તી દીનમા જાએજછે તે માટેની "કદીમ તારીખ પારસીઓની કશર" ઇધાને કબીશાની હકીકત એવે નામની એક ચોપડી સુરત મધે છપાવી હતી. તે ચોપડી બાહેર પડયા પછી મુંબઈમાં પાછી કદમી શેહનશાહીઓ વચ્ચે રોજ માહના તફાવત બાબેની તકરાર ખુબ જોવામાં ઉઠી હતી, અને તેમા એ કેતાબ શેહનશાહીઓ તરફની એક મુખ્ય શાહદત ગણવામાં આવી હતી.

તા૦ ૨૧ મી આગસ્ટ.

રોજ ૨૩ માહ ૧૨ (ક૦) ૧૧૯૫ યજદજરદી.

**મરણ**—માણેકજી બેહરામજી લશકરી[3]—ઉમર વર્ષ ૫૦) શેઠ બેહરામજી ફરદુનજી લશકરીના વડા દીકરા. એવણ શરૂઆતથીજ કલકતા ખાતે પોતાના મામા શેઠ દોરાબજી બેહરામજી બંગાલીને ત્યા તેમના વ્યાપારનાં કામોમાં શામેલ હતા, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા.

તા૦ ૨૫ મી આગસ્ટ.

આજદીને જરથોસ્તી ફેરકાના કેટલાક લોકોએ પંચાતના અકાબરો ઉપર એક લંબાન અરજી લખી મોકલી હતી તેમા પ્રથમમા પંચાતના અકાબરોએ પંચા-તનુ ફંડ સારા પાયા ઉપર લાવી તેમા પોતાની જાતી કોશેશથી વધારો કીધો તથા તે સારી ઉપજ થતુ કીધું, અને તેનો દર વર્ષે લોકોની જાણને માટે બરાબર હીસાબ છપાવવા માડયો, તે માટે તેઓનો ઉપકાર માની શાબાશી આપી હતી. તે પછી તેઓને નીચલી ચાર સુચનાં કીધી હતી. (૧) એકે આપણા લોકોમા ગ્વાન થાયછે તે વેળાએ નસેસાલારો ઘણો જુલમ કરી મોટું દામ માગેછે તે માટેના કાઈ ચોકસ બંદોબસ્તો કરવા અથવા પંચાતના ફંડમાથી તેમને કાંઈ સુમાગ કરી આપવા; (૨) મોબેદોના છોકરાઓ લોકોની પાએદશ તથા ઉઠી-આને વગર બોલાવે ભટકયા કરેછે તેમને જદ અવશતા શિખાડવા માટે પંચાતના ખરચથી કોટ તથા બાહેરકોટ ખાતે નિશાલો સ્થાપવી, (૩) જેમ મરહુમ શેઠ હોરમજજી

---

[1] મુંબઈના શમાચાર, તા૦ ૭ મી અને ૧૪ મી આગસ્ટ ૧૮૨૬

આપણા લોકોમા કોઇ કોઇ વેળા એવી રીતે રવાં-નને દોખમામા સજીવણ થવાની અફવા ફેલાયછે, અને તે માટે એવી ખોટી ધારસ્તી રાખવામા તથા કેહતી કેહવામા આવેછે કે દોખમામા રવાનને લઇ ગયા પછી તે સજીવણ થાયતો તેનાથી બાહેર આવી શકાય નહિ, અને નસેસાલારો માહેજ તેને ઠાર કરી નાખે આ ધારસ્તી તથા કેહતી તદન ખોટી અને વગર આધારનીછે, એવુ આજથી અરધી સદી આગમજના વર્તમાન પત્રમા ઉપલા પારસીને સજીવણ થવાની અફવાની નોધ લેતા નીચે પ્રમાણે લખેછે.—

" અને આજના વખતમો ઇશવરે એ પારશીને બેવડુ આઇઊશ આપીઊછે અને એ પારશી પોતાની કાચી શમજણને લીધે શેકટની ધાશતી કરેછે કાએજે દખમા મધે નશાશાલાર જાઇને વલી પાછા શેહેરમો આ-વેછે અને ચાહેછે તે દાહડે નવ રાતનુ બરશનમ લઇને પવીતર થાઇને પારસીઓ સાથે બેશીને ખાએછે તથા આતશબેહરામ મધે તથા આદરીઆન મધે જાએછે તેહને પારશી લોકો કશી વાતે મના કરતા નથી તારે એ શજીવન થાએલો પારશી જમશેદજીની એ પરમાણે પવી-તર થાશે તારે એ પારશીમો અને બીજા પારશીઓમો કશો આતરો રેહશે નહી, તે કરતા એ પારશીની ધાશતી શારૂ પનચાતના શાહેબ લોકો ઘણો શારો બંદોબશત કરશે અને પારશીના ધરમ આચાર જે કાઇછે તે શરવને પરગટ કરી દેખાડશે જે અશલ ધાશતી લોકોનાં શાં-ભલેઆમો આવેછે તે શરવ ખોટીછે તે સારૂ તેહનો દાખલો દેખાડશે જે હેવી વાતની ધાશતી કોઇને રેહશે નહી તેહનુ જાણવુ એજે કોઇ શમે હેવો બનાવ બને અને જે માણશ શજીવન થાએ તેહને નશાશાલાર અથવા બીજા કોઇને માલમ પડે ને તે શજીવન થાનારને મદદ કરીને બાહેર કાહાડી લાવે તે મદદ કરનારને રૂ.૨૦૦) પનચાતના ધરમના પઇશાઓથી ઇનામ આપશે"

[2] ભરૂચના હાલના વડા દસ્તૂર ખાનસાહેબ દીન-શાહજી પેશતનજી કામદીનજીના બાવા

[3] શેઠ નવરોજજી માણેકજી લશકરી (બાદુરવાલા) ના બાવા

બહમનજી વાડીઆએ પોતાના કુટુંબ કબીલાને પંચાતે લગનના તથા ઉઠમણાના ખરચો બાબેના બંદોબસ્તોની ચોપડીમાં લખ્યા મુજબ ખરચ કરવાની નશિહત દીધીછે, અને તે પ્રમાણે તેઓના કુટંબીઓ ચાલેછે, તેમ વરસે જરથોશતીઓને ચાલવાની બનામણુ કરવી, (૪) આપણામાં ઘણે ઘેર મરદ ઓરતો તથા શાશુ વહુઓના કજીયા ચાલેછે તેથી ઘણા જોડાઓ રાહતવાટ કરતા નથી અને બદફેલીનો રસ્તો પકડેછે, માટે સર્વ અંજુમને એકદીલ થઇને એ બાબેના આગલ બંદોબસ્તો લખેલાછે તેમા કાંઈ વધાર ઘટાર કરવુ હોય તે કરવુ.[1]

---

તા૦ ૮ થી સપટેમબર.

ગઈ તા૦ ૨૫ મી આગસટે જરથોશતી ફીરકાના કેટલાક લોકોએ પંચાતના અકાબરો ઉપર જે અરજી લખી મોકલી હતી તેનો પંચાતવાલા સાહેબોએ આજના "મુંબઈના શમાચાર" સાથે એક વધારો પરગટ કરી જવાબ વાલયોછે. તેમા લખેલેછે કે અરજદારોએ જે પંચાતવાલા સાહેબોનો ઉપકાર માનયોછે તે તેઓએ પોતાની બુજોરગી કીધીછે, બાકી પંચાતવાલાઓએતો રૂપીઆના એક આના જેટલીબી અંજુમનની ખીદમત કીધી નથી. બીજુ આપણી પંચાતના ફંડમા લોકો સારે માથે તથા કદમી અને શેહનશાહીઓની પરેઠીને ટાકણે નાણું ભરતા નથી, અને કેટલાકો હરેક વાતે પંચાતના કામોની આડે આવેછે, તેથી પંચાતવાલાઓનુ દીલ ઘણુ હટી જાએછે, બાકી તેઓની ઉમેદ એછે જે હરેકવાતે દીલોજાનથી મેહનત કરવી પડેતો કરીને અંજુમનની ખીદમતમા શરૂ ખરૂ થાવુ. અગર લોકો પંચાતના ફંડમા હર ટાકણે પોતાની જોગવાઈ મુજબ નાણુ ભરે અને ફંડ મોટું થાયતો તેઓ ગરીબોનાં છોકરાઓને જરદ અવસ્તા તથા ગુજરાતી શિખાડવાની નિશાલો કોટ અને બાહેરકોટના લટાઓપર ઉઘાડે તથા નશેશાલારોને આપવાના દરનો પાકો બંદોબસ્ત કરે. બીજુ માટી બાઇઓના કજીયા તથા રાહતવાતને માટેના ચોકસ બંદોબસ્તો પંચાતવાલાઓ મલીને કરનારછે, માટે જેને ગમે તે પોતાની તરફની સુચનાઓ લખીને પંચાત ઉપર મોકલે, તે સઘળાં ઉપર ધ્યાન આપી સાગ આવતી ૧૦૦ થી તે ૨૦૦ સુધી મેનની તેઓની સાથે મસલત કરીને બંદોબસ્તો મુકરર કર્યા પછી તે જાહેર અંજુમન મેલવી વાચીને બાહાલ રાખ્યામા આવશે.

---

તા૦ ૨૯ મી અકટોબર.

આજ દીને સુરત મધે માછલીપીઠમા સાંજને વખતે કાવશજી મેહરવાનજી આઈના નામે એક પારસી ગ્રહસ્થની બાયડી તથા છોકરી પોતાના ઘરના માલ ઉપર હતાં, ત્યા કોઈ ચંડાલ શખશે જઈ તે બનેના ગલા વાહડી નાખ્યાં. આથી આખા સુરત શેહરમા ભારે ગરબડ મચી રહી, તથા સારી રાત તેમના ઘર આગલ લોક એકઠુ મલ્યુ, અને તે ખુન કરનારની ઘણીબી શોધ કરી, પણ કસેલો મુદો હાથ લાગો નહિ.[2]

---

તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૯ માહા ૨ (શે૦) ૧૧૯૬ યજદજરદી

**મરણ**—ફરામજી કુવરજી જશાવાલા[3]—ઉમર વર્ષ ૪૪) શેઠ કુવરજી રતનજી જશાજી જશાવાલાના ત્રિજા દીકરા. એઓણ પોતાના ભાઇઓ તથા ભત્રિજાઓની સાથે મલી પોતાના બાપની ઇંગ્રેજ બજારમાની વીલાયતી સામાણની મોટી દુકાન ચલાવતા હતા.

---

તા૦ ૨૧ મી ડીસેમબર.

રોજ ૨૦ માહ ૩ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

**મરણ**—બાપુજી નવરોજી મોતીવાલા[4]—ઉમર વર્ષ ૫૫) એઓણ સુરતથી અતરે આવેલા હતા, અને જવાહેરાનો વ્યાપાર ચલાવતા હતા

---

તા૦ ૨૧ મી ડીસેમબર.

રોજ ૨૦ માહા ૩ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

**મરણ**—પાહલણજી જીવણજી પાહલમકોલાવાલા—ઉમર વર્ષ ૬૯) એઓણ મથરાજ મધે પાહલમકોલા ગામમા એક મોટા વ્યાપારી હતા ત્યા એઓણ ઇ૦ સ૦ ૧૮૦૧ થી જઈ રહયા હતા, અને તે તરફના ઇંગ્રેજો તથા દેશીઓમાં મોટું માન ધરાવતા હતા. એઓણનુ મરણ પણ ત્યાજ નીપજયુ હતુ.

---

તા૦ ૨૫ મી ડીસેમબર

રોજ ૨૪ માહા ૩ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

**મરણ**—બેજનજી નશરવાનજી જમુજી—ઉમર વર્ષ ૬૦) શેઠ નશરવાનજી જમુજીના વડા દીકરા. એઓણ

---

[1] મુંબઈના શમાચાર સાથે નીકલેલો વધારો, તા૦ ૨૯ મી આગસટ ૧૮૨૬.

[2] મુંબઈના શમાચાર, તા૦ ૬ ઠી નવેમબર ૧૮૨૬

[3] શેઠ કાવશજી બમોરજી જશાવાલાના બાપાવા

[4] મરહુમ શેઠ પેશતનજી માણેકજી જમે જમશેદવાલાના કાકા, તથા શેઠ હોરાભાઈ બેજનજી મોતીવાલાના બાપાવા

પોતાના બાપની સાથે તેમના ચીનના વ્યાપાર તથા આડતના કામમા પડેલા હતા, અને તે માટે બે વાર ચીનની સફરો કીધી હતી.

---

આજે વર્ષમા બંગાલા ખાતે "કલકતા હેરલડ" નામના ઇંગ્રેજી વર્તમાન પત્રમા સરકારના કામકાજની સામે કાંઈ લખાણ આવ્યાથી તેના અધીપતી મી૦ બકીંગહામને તેનુ પત્ર બંધ કરી એકદમ દેશ છોડી ઇંગલાંડ જવાનો સત્તાવાળાઓ તરફથી હોકમ થયો હતો. તેના ઇંગલાંડ ગયા પછી ત્યાના લોકોમા તેની તરફ ઘણી દીલસોજી ઉસ્કેરાઈ હતી, અને દેશીઓના ખેરખાહ સર ચારલસ ફારબસ બારોનેટે આગેવાની લઈ તેને ભેટ આપવા માટે એક ઉઘરાણું કીધુ હતુ, જેમા ત્યાના નામીચા ઇંગ્રેજોએ મોટી મોટી રકમો ભરી હતી. મુંબઈમાં પણ મી૦ ફારબસે તે ઉઘરાણામા અતરેના દેશીઓ તરફથી કાંઈ મદદ મોકલવાને શેઠ બહેમનજી હોરમજજી વાડીઆ ઉપર લખ્યુ હતુ. જેઓની મારફતે અતરે ૫૬૦) પાઉંડ એકઠા થયા હતા. જેમા ૧૩૫) પાઉંડ હિંદુઓના, ૧૫) પાઉંડ મુસલમનોના અને નીચે પ્રમાણે ૪૧૦) પાઉંડ પારસીઓ તરફના હતા ૧

| | |
|---|---|
| શેઠ બહેમનજી હોરમજજી વાડીઆ. | પાઉંડ ૧૨૫ |
| શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ.. | પાઉંડ ૫૦ |
| શેઠ ખારશેદજી માણેકજી સરાફ . | પાઉંડ ૧૦૦ |
| શેઠ હોરમજજી બીખાજી ચીનાઈ.. | પાઉંડ ૧૦૦ |
| શેઠ જમશેદજી જીજીભાઈ . . . | પાઉંડ ૩૫ |

---

# ઈ૦ સ૦ ૧૮૨૭.

આજે વર્ષના "બોમ્બે કુરીઅર" માથી નીકલેના ઇંગ્રેજી કાલેનડરમા૨ પારસીઓને લગતી સઘળી ખીના નીચલા ફેરફાર સિવાય આગલા કાલેનડર પ્રમાણેજ હતી:—

પારસી વાહણવટીઓની ટીપમાં વાહણ "જાન બેનરમેન" મેહરવાનજી નવરોજજી (નાળીએરવાલા) ની કંપનીના નામપર ઉમેરાયુ છે, તથા "લારડ કાસ્ટલરે" એખલા શેઠ હોરમજજી દોરાબજી લશકરીના નામ પરછે.

"બોમ્બે ઇનસુરનસ સોસાઇટી" ના પારસી ભાગીદારોની ટીપમા તથા પારસી વ્યાપારીઓની ટીપમા શેઠ હોરમજજી બહેમનજી વાડીઆનુ નામ નથી.

"બોમ્બે નેટીવ એડયુકેશન સોસાઇટી" ની કમીટીમા શેઠ હોરમજજી ધનજી પટેલને બદલે શેઠ ફ્રેમજી શોરાબજી રેડીમનીનુ નામછે.

---

તા૦ ૧ લી જાનેવારી:

આજ દીને પુણા મધે શેઠ શોરાબજી રતનજી પટેલે શીવપુરી પેઠમાથી ગણેશપેઠ જવાના માર્ગમા "નાગઝીરી" ની ખાડી ઉપર લોકોને આવજાવ કરવા માટે એક પૂલ બધાવ્યો હતો.૩

તા૦ ૧૧ મી જાનેવારી.


મેજર જનરલ શામીયુએલ વીલસન, જેણે મુંબઈની સરકારમા ત્રેપન ૪૬ વર્ષ પેરમા જુદા જુદા ઓહદાઓ ચલાવ્યા હતા, તેના પોતાને વતન જવાથી આજ

---

૧ આ કારણસર સર ચારલસ ફારબસે શેઠ બહેમનજી ઊપર લખેલો પતર, તથા અતરે કીધેલા ઊઘરાણાની ટીપ અને તે ઇંગલાંડ ગયા પછી મી૦ ફારબસે પાછો તે માટે શેઠ બહેમનજીપર લખેલો પતર હમોએ શેઠ હોરમજજી બહેમનજી વાડીઆ પાસે જોયોછે

૨ The Bombay Calendar and Register for 1827
*Bombay Courier Press*

૩ આ પૂલપર નીચે પ્રમાણે મોરી ભાષામા એક તખ્તી કોતરેલીછે, તે પુણાવાલા દસ્તૂરજી સાહેબ ખાનબાહદૂર પ્રોફેસર હોશંગજી જામાસપજી જામાસપ આશાનાએ હમોને ઊકલાવી મોકલીછે —



અરથ—શાકે ૧૭૪૮ પોષ સુદ ૪ શોમવાર, તા૦ ૧ લી જાનેવારી શને ૧૮૨૭ ઇશવીને દીને પૂલ તૈયાર થાયો પારસી શોરાબજી રતનજી પટેલ, એઓએ બધાવ્યો

એની આગમજ ફાપમાથી તથા નાનાફેશવપુરી પેઠમાથી ગામમા જવાનો પૂલ હતો નહિ, પણ લોકો "નાગઝીરી" મા ઊતરી જતા હતા, મજકૂર શેઠ શોરાબજી પટેલવાલો પૂલ બધાયા પછી ઘણે વર્ષે સરકાર તરફથી તેની સામેની બાજુએ આસરે ૩૦૦ વાર દૂર એક બીજો મોટો પૂલ (ગણેશપેઠને નાકે) બધાવ્યોછે, જે પરથી ગાડી ઘોડા વગેરે આવજાવ કરેછે.

દીને મુબઈના દેશી રેહવાસીઓએ એક માન પત્ર આપ્યુ હતુ. તેપર ૧૩ હિંદુ, ૫ મુસલમાન અને નીચના ૮૪ પારસીઓની સહીઓ હતી.[1]

શેઠો નવરોજજી જમશેદજી વાડીઆ, બેહમનજી હોરમજજી વાડીઆ, ખરશેદજી અરદેશર દાદી, જાંગીરજી અરદેશર દાદી, ફરામજી કાવશજી બનાજી, દાદાભાઈ પેશતનજી વાડીઆ, કેખશરૂ સોરાબજી રેડીમની, જમશેદજી જીજીભાઈ, હોરમજજી બેહમનજી શેઠ, હોરમજજી ધનજી પટેલ, હોરમજજી દોરાબજી લશકરી, હોરમજજી ભીખાજી ચીનાઈ, જાંગીરજી ફરામજી દાવર, ખરશેદજી માણેકજી સરાફ, જીજીભાઈ દાદાભાઈ, હોરમજજી ભીખાજી મેહરજી, મોદી સોરાબજી વાછગાંધી, સોરાબજી શાપુરજી શેઠ, પેસતનજી ભીખાજી પાંડે, જાંગીરજી હીરજી રેડીમની, બેહરામજી કાવસજી બનાજી, નવરોજજી નશરવાનજી વાડીઆ, જાંગીરજી નશરવાનજી વાડીઆ, ફરામજી બેહમનજી સરાફ, મેહરવાનજી નવરોજજી માણેકજી, ફરામજી રતનજી એન્ડ ફેમીલી, બરજોરજી નાનાભાઈ દાવર, રૂસતમજી કાવસજી પટેલ, જમશેદજી પેશતનજી પાંડે, હીરજી નવરોજજી હીરામાણેકના, મનચેરશાહ એદલજી ધનજીમેહતાના, સોરાબજી ફરામજી વાડીઆ, રૂસતમજી રતનજી વાડીઆ, ડોસાભાઈ જમશેદજી વાડીઆ, અરદેસર રતનજી વાડીઆ, મેહરવાનજી નવરોજજી નારીએલવાળા, શાપુરજી પેશતનજી મેહતા, ફરદુનજી લીમજી પાંડે, ડોસાભાઈ અસપદયારજી મોતીવાલા, એદલબખશ મેહરબાન ઈરાની, ડોસાભાઈ કુવરજી બનાજી, વીકાજી મેહરજી, પેશતનજી મેહરજી

---

તા૦ ૨૦ મી જાનેવારી

આજ દીને મુબઈની "નેટીવ સ્કુલ બુક એન્ડ સ્કુલ સોસાઈટી" ની વાર્ષિક સભા મળી હતી તે વેળાએ મુબઈના નામદાર ગવરનર હાનરેબલ માઉન્ટ સ્ટુઅર્ટ એલફીનસ્ટન સભાપતીની ખુરશીએ બીરાજ્યો હતો.

શેક્રેટરી કપતાન જ્યાર્જ જારવીશે કમીટીનો રીપોર્ટ વાચ્યા બાદ,

શેઠ કેખશરૂ સોરાબજી રેડીમનીએ દરખાસ્ત કીધી અને શેઠ ખરશેદજી માણેકજી સરાફે ટેકો આપ્યો કે "જે રીપોર્ટ હાલમા વચાયો તે બાહાલ રાખી, કમીટીના ઉપરીપણા હેઠલ છપાવી પરગટ કરવો."

શેઠ ફરામજી કાવસજી બનાજીએ એક નાજુ ભાષાણ કરી દરખાસ્ત કીધી અને તેને શેઠ દેવીદાસ હરજીવનદાસે ટેકો આપ્યો કે "મુબઈના ગવરનર નામદાર

1 બોમ્બે કુરીઅર, તા૦ ૧૩ મી જાનેવારી ૧૮૨૭

માઉન્ટ સ્ટુઅર્ટ એલફીનસ્ટનનો આએ ખાતા તરફ ઉલટભરી દીલસોજી બતાવવા માટે મોટો ઉપકાર માનવો."

શેઠ જમશેદજી જીજીભાઈએ દરખાસ્ત કીધી તેને શેઠ જગનાથ શંકરશેઠે ટેકો આપ્યો કે "શેક્રેટરી કપતાન જારવીસની આએ ખાતાને વધારવાની ઉલટ તથા મેહનતને માટે ઉપકાર માનવો."

ડબલ્યુ -ગ્રેહામ, ઈસ્કવાએર દરખાસ્ત કીધી તેને જેમસ ફારબસ ઈસ્કુવાએર ટેકો આપ્યો કે "આએ ખાતાને માટે ઈમારત બાધવાના ફંડમા જે દેશી ગ્રહસ્થોએ રૂપી દીનથી મદદ કરીછે તેમનો ઉપકાર માનવો."

દેશીઓની તરફથી શેઠ ખરશેદજી માણેકજી સરાફ તથા શેઠ ફરામજી કાવશજી બનાજીએ આ ઉપયોગી ખાતુ સ્થાપનારા ઇંગ્રેજ ગ્રહસ્થોનો ઉપકાર માનયો હતો.

એ પછી શેક્રેટરી કપતાન જારવીસે દરખાસ્ત કીધી તેને મી૦ ડબલ્યુ એચ વાથને ટેકો આપ્યો કે "ઈ૦ સ૦ ૧૮૨૦ મા આએ ખાતુ સ્થાપ્યા પછીથી તેનુ કામ ઘણુ વધવાથી તથા મોટા પાયાપર આવવાથી હવેથી તેનુ નામ "બોમ્બે નેટીવ સ્કુલ બુક એન્ડ સ્કુલ સોસાઈટી" ને બદલે "બોમ્બે નેટીવ એડયુકેશન સોસાઈટી" કરી રાખવુ."

એ પછી નામદાર ગવરનરે પોતાને હાથે છોકરાઓને ઈનામો આપયાબાદ સભા બરખાસત થઈ હતી.[2]

---

તા૦ ૨૦ મી જાનેવારી.

રોજ ૨૦ માહ ૪ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

**મરણ**—મેહરવાનજી હીરજીભાઈ વાડીઆ[3]—(ઉમર વર્ષ ૪૩) શેઠ હીરજીભાઈ માણેકજી વાડીઆના દીકરા. એવણ પ્રથમમા શેઠ ડોસાભાઈ જમશેદજી વાડીઆ સાથે "ડોસાભાઈ મેહરવાનજીની કંપની" ને નામે શેઠ હોરમજજી બેહમનજી વાડીઆની સાહેતા હેઠલ પેગુ તથા પીનાંગનો વ્યાપાર ચલાવતા હતા. આ માટે એઓની પેહડીનુ "કાઉન્ટેસ ઑફ લંડન" નામનું વાહણ પણ હતુ તે પછી ઈ૦ સ૦ ૧૮૨૫ મા ભાગ છોડી પોતાને હીસાબે જુદો વ્યાપાર કરવા માડયો હતો. એવણ શેઠ ડોસાભાઈ સોરાબજી મુનશીના પોતાના મજકૂર ભાગ્યા સાથે પેહલવેહલા પારસી શાગેરદ હતા, અને તેમના હાથ હેઠલ ફારસી ભાષાનો સારો અભીઆસ કીધો હતો

---

2 બોમ્બે કુરીઅર, તા૦ ૨૭ મી જાનેવારી ૧૮૨૭.

3 શેઠ હીરજીભાઈ મેહરવાનજી વાડીઆના બાવા, તથા અતરેની સરકારી ગોદીના હાલના માસ્ટર બીલડર ખાંનબાહદૂર શેઠ જમશેદજી ધનજીભાઈ વાડીઆના બપાવા.

તા૦ ૩૧ મી જાનેવારી

રોજ ૧ માહ ૫ (શે૦) ૧૧૯૬ યજદજરદી

સુરત ગયે ભલથાણામા નવસારીવાલા પદાનીઆ-ઓને માટે ૨૦૦ પાવીનું એક દોખમું મુંબઈના જર-થોશતીઓના ઉધરાણાથી બધાવી આજ દીને પરહાવ્યું હતું. તેને લગતી સઘળી આગેવાની તથા ક્રિયા નવસા-રીના વડા દસ્તૂર રૂસતમજી નોશરવાનજી મેહરજી રાણાએ કીધી હતી.[૧]

તા૦ ૭ મી ફેબરવારી

રોજ ૮ માહ ૫ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

**મરણ**—કુવરબાઈ તે હીરજી જીવણજી રેડીમનીના વીધવા[૨]—ઉમર વર્ષ ૯૫) એવણને પોતાના નામીચા ખાવદની મોટી દોલત મળી હતી, જે લાંબી મુદત સુધી સાચવી રાખી ઉપલી જઈફ વયે મરણ પામ્યા હતા.

તા૦ ૨૩ મી ફેબરવારી.

રોજ ૨૪ માહા ૫ (શે૦) ૧૧૯૬ યજદજરદી.

આજ દીને સુરતની પાસેના કરજણ ગામમા બાઈ દીનબાઈ તે ત્યાના એક રેહવાસી મરહુમ શેઠ પુંજીઆજી. મનાજીના વીધવાએ બધાવવા માડેલા દોખમાંનો તાણો પુરવાની ક્રિઆ કરવામા આવી હતી.[૩]

તા૦ ૨૫ મી આપરેલ.

રોજ ૨૫ માહ ૭ (શે૦) ૧૧૯૬ યજદજરદી

**મરણ**—દેશાઈ શેઠજીભાઈ ફરામજી[૪]—ઉમર વર્ષ ૭૦) એવણ નવસારીને તાબેના કોશ તથા અનાવલ પ્રગ-ણાનુ પોતાના વડવાઓથી ઉતરતુ આવેલુ દેશાઈગરૂં ચલાવતા હતા. એવણનુ રેહઠાણ મજકુર અનાવલ

૧ એ દોખમુ ઇજાવવાની ક્રિઆ તા૦ ૩૧ મી જાને-વારી ૧૮૨૭ થી શરૂ થઈ અને તા૦ ૪ થી ફેબરવારી ૧૮૨૭ ને દીને પુરી થઈ, તે દીનેની જશનની મજલેશમા શામેલ થવાને અતરેના તથા દેશાવરોના સર્વે જરથોશતી-ઓને સુરતથી દસ્તૂર રૂસતમજી નશરવાનજી મેહરજી રાણાએ તા૦ ૧ લી જાનેવારી ૧૮૨૭ ના મુબઈના શમાચારમા એક જાહેર ખબર છપાવી નોતરૂ દીધુ હતુ

એ દોખમાના દરવાજા ઊપર નીચે પ્રમાણેની તખ્તી મારેલીછે —

" શવત ૧૮૮૩ ના વરખે માહા શુદ ૪ ને વાર
" બુધ રોજ ૧ લો માહા ૫ મો શને ૧૧૯૬ ઇઅજદ
" જરદી શ્રી દાદગાહ ભરથાણાવાલુ ગરીબ ટેલા ઊપર
" મેહેરબાની કરીને મુબઇના શાહેબોએ બધાવી આ-
" પેલછે, જરતોશતીના "

૨ એવણે પોતાની હૈયાતીમા પોતાની વડી દીકરી બાઈ શુનાઇજી તે શેઠ નશરવાનજી રૂસતમજી બનાજીની ધણીઆનીના દીકરા શેઠ જાંગીરજીને પોતાની બીજી દીકરી બાઈ બીખાઇજી તે શેઠ ખરશેદજી અરદેસર દાદીશેઠની ધણીઆનીની દીકરી બાઇ મેહરબાઇ સાથે પરણાવી પોતાના ખાવંદને નામે પાલખ કીધા હતા આ જોડાને પેટે આપણા મરહુમ અકાબર સર કાવશજી જાંગીરજી નાઇટ, સી એસ આઇનો જન્મ થયો હતો

૩ આ માટે એ દોખમાની સામેની શગડીપર મારેલી તખ્તીમા નીચે પ્રમાણે લખેલુ છે .—

" . . . શાલ ૧૮૮૩ ના માહા વદ ૧૩ વાર
" શુકર, રોજ ૨૪ માહ ૫ શને ૧૧૯૬ ને દીને કામ
" માડેલ . . . . . "

૪ એવણના સર્વથી પેહેલા વડવા નશરવાનજી નરશગજી નામનાને કોશ તથા અનાવલ પરગણાનુ દેશાઇગરૂ ઇ૦ સ૦ ૧૬૫૫ મા દીલ્હીના પાદશાહ ગાજી સાહેબ કેરાનશાની શાહાબોદીન મહમદશાહા જેહાન જેહાઆરા બેગમની શહી મોહર સુધાના એક ફરમાનથી મલ્યુ હતુ ' તે ફરમાનમા લખેલુછે કે "જે વખત પર-ગણે અનાવલ તથા કોશ નવુ આબાદ થાએ તે વખતે દેશાઇ નહી હતો નોશેરવાન પારશીને—કે કામની આબાદીનો સરબરાહી કરનારછે, તેથી તેને તે જગાની દેશાઈગરી ઊપર મુકરર કરયોછે " એવણનાં મરણ પછી એવણના ભાઇ કુવરજી નરશગજીને મજકૂર દેશાઇગરાનો અખતીઆર મલ્યો હતો, અને તેવણને પણ ઇ૦ સ૦ ૧૭૩૭ મા દીલ્હીના પાદશાહ મહમદશાહ ગાજીસાહેબ કેરાનશાની નાશરોલદીન અબુ ફતેહની શહી મોહર સુધાનુ એક બીજુ ફરમાન મલ્યુ હતુ, તેમા લખેલુ હતુ કે " તે જગાનો મજબુત ચોવરી જાણીને પોશત દર પોશત મજકુર ખેદમતને તેના ફરજદો સુધા તેના કબજામા ચાલવા દેવી તથા તમામ બાબતની હક દશાતુરીથી માફી અને કાપેલી કલમ ગણવી અને હર વરશ બીજી નવી સનદ માગવી નહી." એ પછી નવસારીને લગતા પરગ-ણાઓ ગાયકવાડ સરકારને તાબે થવા પછી પેહેલ વેહલા ગાયકવાડ પીલાજીરાવે પણ એમની દેશાઇગરી બાહાલ રાખી એક પરવાનો આપ્યો હતો એવણના મરણ પછી મજકુર દેશાઇગરાનો ભોગવતો એવણના વડા દીકરા બેહ-રામજી કુવરજીને મલયો હતો તેવણને પણ ઇ૦ સ૦ ૧૭૪૯ મા દામાજીરાવ ગાયકવાડે એક પરવાનો આપી તેમનો હક કબુલ રાખ્યો હતો તેવણના મરણ પછી તેમના બીજા ભાઇ ફરામજી કુવરજી તે મજકૂર શેઠજી-બાઇ ફરામજીના બાવાને ઊપલા પરગણાઓનું દેશાઇગરૂ મલ્યુ હતુ, અને તેમને પણ કેદાજીરાવ ગાયકવાડે ઇ૦ સ૦ ૧૭૫૫ મા એક પરવાનો આપ્યો હતો ઊપલા શેઠજી-બાઇ દેશાઇના મરણબાદ તેમની એક દીકરીના દીકરા તે નવસારીવાલા દેશાઇ બરજોરજી નવરોજજીને ઊપલા ગામોનું તેમને હીસ્સેનુ દેશાઇગરૂ મલ્યુ હતુ, જે તેઓને

પ્રગણાના "વેહેવન" નામના ગામમા હતુ, તેથી એવણ "વેહેવણીઆ દેશાઈ" ની અટકથી પણ ઓળખાતા હતા. એ ગામોની આસપાસ એઓની મોઠી મોઠી જમીનો તથા જગાત તેમજ ઓવરાઈનો હકો હતા. ગાયકવાડી તેમજ વાસદા અને ડાંગ જીલાના રાજાઓની દરબારમા પણ એવણને વગવસીલો હતો.

તા૦ ૨૫ મી આપરેલ.

રોજ ૨૫ માહ ૮ (ક૦) ૧૧૯૬ યજદજરદી

**મરણ**—હોરમજજી દીનશાહજી ગાંધી[1]—ઉમર વર્ષ ૮૯) શેઠ દીનશાહજી કાવસજી ગાંધીના દીકરા. એવણ પોતાના બનેવી શેઠ હોરમજજી કુવરજી મોદીની સાથે કમીસરીએટના કંત્રાક્ટનાં કામોમા પડેલા હતા

તા૦ ૨૮ મી મેએ

રોજ ૨૮ માહ ૮ (શ૦) ૧૧૯૬ યજદજરદી

**મરણ**—બોમણજી જીવાજી ગારડીન—ઉમર વર્ષ ૩૫) શેઠ જીવાજી મેહેરવાનજી ગારડીનના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૧૨ થી પોતાના બાપના હાથ હેઠળ અતરેના "આગમી કલોદીંગ" ખાતામાં રહેતા હતા તે પછી ઈ૦ સ૦ ૧૮૨૧ મા બાપના મરણથી તેમની જગોએ મનિજર ઠરયા હતા, અને તે પછી છ માસમા ત્યાના "હેડ-ઓવરસીયર"નો ઓધો એમને મળેલો હતો.

તા૦ ૪ થી જુન

રોજ ૫ માહ ૯ (શ૦) ૧૧૯૬ યજદજરદી.

**મરણ**—રતનજી નાહનજી[2]—ઉમર વર્ષ ૭૦) એવણ વાગપોર ગામના રેહવાશી હતા, તથા પેશવાઈ રાજ્યની નોકરીમા કોંકણ કાંઠા તરફ લીણદી ખાતાની સરદારી ભોગવતા હતા. આ હોદ્દાપર ત્યાં કેટલાક ગદમાશ લુટારાઓ—જેઓમા ખંડુ નાએક તથા પીરીઓ ગોનારી મુખ્ય હતા, તેઓનો મોટો ઉપદ્રવ હતો તે સઘળાઓ એવણની બાહાદુરી, હીમત, તથા ડ્હાપણથી એકદમ નાબુદ થઈ ગયા હતા. એવણની આવી વફાદારી ભરી નોકરીને માટે ત્યાના પેશવાઈ શુબાએ એમને ઘણીવાર માન તથા સરપાવ આપ્યા હતા. એવણ પોતાના જન્મ ગામ તારાપોરમાજ મરણ પામ્યા હતા.

તા૦ ૧૦ મી જુન.

રોજ ૧૧ માહ ૧૦ (ક૦) ૧૧૯૬ યજદજરદી.

**મરણ**—રૂસ્તમજી લીમજી પાંડે—ઉમર વર્ષ ૪૦) શેઠ લીમજી ભીખાજી પાંડેના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૦૪ મા પોતાના બાપના મરણ પછી તેમને નામે ચાલતી પેહેડીમા પોતાના ભાઈઓ તથા કાકાઓ સાથે લીમજી ભીખાજીની કંપનીને નામે વ્યાપાર ચલાવતા હતા. તે પછી તા૦ ૨ જી નવેમબર ૧૮૧૨ થી કાકાઓથી છુટા પડી પોતાના ભાઈઓ દાદાભાઈ અને ફરદુનજીની સાથે મળી "લીમજી ભીખાજીના છોકરાઓની કંપની" ને નામે વ્યાપાર ચલાવતા હતા.

તા૦ ૧૦ મી જુન

રોજ ૧૧ માહ ૯ (શ૦) ૧૧૯૬ યજદજરદી.

**મરણ**—માણેકજી જીજીભાઈ વાછા[3]—ઉમર વર્ષ ૫૦) એવણે પોતાની જન્મ ભુમિ નવસારીથી અતરે આવી ગણબાવાના કુવાની સામે ગાંધીની દુકાન માંડી હતી તેપછી એમના નામીચા ભાઈ શેઠ જમશેદજી જીજીભાઈએ પોતાનો વ્યાપાર સારી સ્થિતીપર આવતો જોઈ એવણને પોતાના કામોમા રાખ્યા હતા.

તા૦ ૧૯ મી જુન.

રોજ ૨૦ માહ ૯ (શ૦) ૧૧૯૬ યજદજરદી.

આજ દીને સુરતની પાસેના અરાજણ ગામમા મુબઈવાલા શેઠ જમશેદજી જીજીભાઈએ આદરીઆનની એક દરેમેહેર બંધાવી પરસાવી હતી[4]

તા૦ ૨૮ મી જુન.

રોજ ૨૯ માહ ૯ (શ૦) ૧૧૯૬ યજદજરદી.

**મરણ**—મોદી ખુરશેદજી ડોસાભાઈ સુરતવાળા—ઉમર વર્ષ ૫૮) સુરતવાળા મોદી ડોસાભાઈ કાવસજીના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૦૬ મા પોતાના બાપના

---

હાલતક હતુસુધીછે, અને બાકીના અરવા દેસાઈગરાનો હીસ્સોગ શેઠજીભાઈના કાકા જીજીભાઈ કુવરજીના નબીરા રતનજી ભીખાજીના નબીરા મેનાભાઈ જીજીભાઈ ચલાવેછે

આ બાબદને લગતા ફરમાનોની નકલ અમોને નવસારીવાળા દેસાઈ બરજોરજી નવરોજજીના ઘરમાથી મળી હતી

[1] શેઠ કાવસજી હોરમજજી ગાંધીભાઈના બાપા

[2] મરહુમ શેઠ વીકાજી તથા પેસતનજી મેહેરજીના મામા

[3] મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહેલા બારોનેટના વડા ભાઈ, તથા શેઠ સાપુરજી જીવાજી વાછાના બપાવા

[4] આ દરેમેહર હાલર તની મારેવી નથી પણ તેના પરસાવાનો હીસેબ દાહડો વાર ફ્રેડાવરા ૫ પકવાલા આ૦ નાનાભાઈ ભીખાજીએ અમોને મેળવી આપેલોછે

### તા૦ ૨૪ મી ફેબરવારી.

રોજ ૨૫ માહ ૫ (શે૦) ૧૧૯૭ યજદજરદી.

**મરણ**—ખરશેદજી કાવશજી શેઠનાર[1]—ઉમર વર્ષ ૭૫) શેઠ કાવશજી ફરામજી શેઠનાના નાધલા દીકરા. એવણ પ્રથમમાં પુણા મધે મોદી ખુરશેદજી જમશેદજીના હાથ હેઠલ થોડીક મુદત સુધી હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૧૫ મા મોદીજીના ગુજરવા બાદ પુણા, અહમદનગર વગેરે દખણના ગામો ખાતેનો બ્યાપાર કરવા માંડયો હતો. એવણ અહમદનગરમા મરણ પામ્યા હતા.

---

### તા૦ ૮ મી મારચ.

"બોમ્બે નેટીવ એડયુકેશન શોશાઇટી" ની વાર્ષિક સભા આજ દીને તેનાં મકાંનમા મળી હતી. સરનશીનની ખુરશીએ મુબઇનો ગવરનર સર જાન માલકમ બીરાજયો હતો.

એ ખાતાના શેક્રેટરી કપટાન જારજ જરવીસે રીપોરટ વાચ્યાબાદ મુંબઇની સરકારના ચીફ શેક્રેટરી મી૦ ન્યુનહામે તે બાહલ રાખવાની દરખાસ્ત કીધી અને તેને શેઠ જમશેદજી જીજીભાઇએ ટેકો આપ્યો.

હાનરેબલ જડજ મી૦ ચારલસ ચેમબરસે દરખાસ્ત કીધી અને તેને શેઠ ફ્રેમજી શેરાબજી રેડીમનીએ ટેકો આપ્યો કે "નામદાર ગવરનરે સરનશીનની ખુરસી લઈ આએ ખાતાને ઉતેજન આપ્યુછે માટે તેમનો ઉપકાર માનવો."

નામદાર ગવરનર સર જાન માલકમે એક સુભાખીત ભાષણ કરી દરખાસત કીધી અને તેને શેઠ જમશેદજી જીજીભાઇએ ટેકો આપ્યો કે "આ મંડલીના ચાએ તથા હવેપછેના દરેક રીપોરટોમા તેના સ્થાપનાર તરીકે હાનરેબલ માઉન્ટ સ્ટુઅરટ એલફીનસટનનુ નામ જોડી કાએમ રાખવુ."

શેઠ ફ્રેમજી શેરાબજી રેડીમનીએ એ ખાતાના નેટીવ શેક્રેટરી મી૦ સદાશીવ કાશીનાથ ચતરીનો ઉપકાર માનવાની દરખાસ્ત કીધી અને તેને શેઠ નાનાભાઈ ફરામજી કાવશજી બનાજીએ ટેકો આપ્યો.

એ બાદ છોકરાઓને નામદાર ગવરનરે પોતાને હાથે ઈનામો વેંહચી આપ્યાં, જે પછી શેઠ જમશેદજી જીજીભાઇએ તે નામદારનો ઉપકાર માનવાની દરખાસ્ત કીધી, અને તેને સર ગાલ્બર ડી. કારીઆએ ટેકો આપ્યો, અને સભા બરખાસ્ત થઈ.[2]

---

### તા૦ ૧૭ મી મારચ.

ખતરેની ગોદીમા નામદાર સરકારનાં દરીયાવર્ધી ખાતાને માટે બાંધેલુ ૮૬ ટોપનુ નવુ વાહણ "બોમ્બે" ને પાણીમા ઉતારવાની ક્રિઆ આજદીને બપોરના નામદાર ગવરનર સર જાન માલકમે કીધી હતી. તે પુરી થવા બાદ ગવરનરે પોતાને હાથે વડા બીલડર (શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ) તથા બીજા બીલડર (શેઠ ખરશેદજી રૂસતમજી વાડીઆ) અને તેમના હાથ નીચેના વાડીઆઓને શેઆલો ઓઢાડી, તથા સરકારી જાહેર નોકરીમા જે ખંત અને હુશીયારીને માટે તેમનુ કુટુંબ લાંબી મુદતનું જાણીતુ છે તે માટે તેઓને મુબારકબાદી આપી હતી.[3]

---

### તા૦ ૨૬ મી મારચ.

રોજ ૨૬ માહ ૭ (ક૦) ૧૧૯૭ યજદજરદી.

**મરણ**—દાદાભાઈ કાવશજી શાહેર—ઉમર વર્ષ ૭૦) શેઠ કાવશજી માણેકજી શાહેરના દીકરા. એવણે પોતાના બાપની ઇંગ્રેજ બજારમાની વીલાયતી સામાનની દુકાનનો વહીવટ "દાદાભાઇ કાવશજીની કંપની" ને નામે મોટા પાયા ઉપર વધારી મેલ્યો હતો, અને તેમા એક મોટી પૂંજી મેલવી હતી. ખતરેના સર્વે ઇંગ્રેજો તથા દેશીઓમા એવણ ઘણા કામેશ થયલા હતા, તથા તે વેળાની મુંબઇની પારસી પંચાતના એક અકાબર ગણેલા હતા.

---

### તા૦ ૨૮ મી મારચ.

આજ દીને મરહુમ શેઠ દાદાભાઈ કાવશજી શાહેરના ઉઠમણાની મીજલસમા તેમના દીકરાઓ શેઠો હોરમજજી અને માણેકજી દાદાભાઈ શાહેરે મુંબઇ મધે

---

[1] પુણાવાલા ખાનબાહદૂર શેઠ અરદેસર ખરશેદજી સુનરાના બાવા એવણના એક ભાઈ શેઠ માણેકજી કાવશજી શેઠના તથા તેમના દીકરા શેઠ રૂસતમજી અથવા રૂસ્તમજી શેઠ મુંબઇમા પારસીઓમા જાણીતા હતા

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૧૫ મી મારચ ૧૮૨૮

[3] On the conclusion of the ceremony of the launch, the Hon'ble Governor, accompanied by other distinguished personages, proceeded to the office of the Marine Storekeeper, where the usual ceremony of the distribution of Shawls &c took place, and which was performed by the Hon'ble the Governor, who accompanied their presentation to the First and Second Builders and their assistants by a handsome compliment for their perseverance in a course which had, for a lengthened period, rendered their families conspicuous for talent and zeal in the public service.
[Bombay Courier, 22nd March 1828]

ચોપાતીના ડુંગર ઉપર દોખમાઓની સામે એક પથ્થરની શગડી પોતાના બાપની નઇઅતે બંધાવવાની તદરેશસ્તી પકાવી હતી.[1]

---

તા૦ ૧૦ મી આપરેલ.

આજ દીને અતરેના એક જાણીતા વ્યાપારી શેઠ લીમજી કાવશજી બનાજીએ (પોતાના દીકરા શેઠ માણેકજીનાં લગનની ખુશાલીમા) પોતાના મજગામ મધેના નેશબીટ લેનમાના બગવામા અતરેના પેહલે વાધેના યુરોપ્યન ગ્રહસ્થોને એક "બાલ" આપ્યો હતો આ વેળાએ તેમા નામદાર ગવરનર સુર જાન માલકમ, એડમીરલ ગેગ, મી૦ વારડન, અને બીજા ઘણા સરકારી, લશ્કરી, તથા દરીયાવથી અમલદારો અને બ્યાપારીઓ શામેલ થયા હતા. પરોણાઓની ગમતને માટે "આરટીનરીનુ બેંડ" તથા દેશી નાચ અને ગાયણો વગેરે હતા. ગવરનર તથા બીજા સઘળાઓ મોડી ગતનેર રહી શેઠ લીમજીનો તેમની પરોણાગતને માટે આભાર માની વદાય થયા હતા.[2]

---

તા૦ ૧૬ મી આપરેલ.

રોજ ૧૭ માહ ૭ (શે૦) ૧૧૯૭ યજદજરદી.

**મરણ**—બેહરામજી ભીખાજી ડાકટર[3]—ઉમર વર્ષ ૫૯) સુરતના એક જાણીતા હકીમ એવણુ સુરત મધે લાબી મુદ્દત સુધી તબીબપણાનો ધંધો મોટા પાયા ઉપર ચનાવતા હતા, અને એવણુને "સુરતના ઘણાંખરા લોકો પોતાના વખતનો લોકમાન કરી જાણતા" હતા. ગુજરાતના ઘણાખરા રાજવંશીઓ પણ પોતાને ત્યાની સખ્ત બીમારીમા એવણુને બોલાવતા હતા. જેઓમા પાલણપોરના નવાબ તથા વાશદાના રાજા ઉદેશ ગજીના નામો જાણવામા આવ્યા છે

---

[1] મુંબઇના શમાચાર, તા૦ ૨૯ મી મારચ ૧૮૭૦

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૧૨ મી આપરેલ ૧૮૨૮

[3] ખ્યાતવાલા શેઠ દોરાબશાહ બેહરામજી ડાકટરના બાવા, તથા વરોડરા રેલવેવાલા શેઠ શોરાબશાહ દોરાબશાહ પે માસટરના બપાવા એવણના એક ભાઇ શેઠ દાદાભાઇ ભીખાજી પુણામા પેશવાઇ સરકારમા નોકરી હતા એવણના બાવા શેઠ ભીખાજી દોરાબજી પણ સુરતના એક જાણીતા તબીબ હતા. તેવણ મોગલાઇ ઊપરાત વઘદા લોકોની પાસેથી પણ થોડી ઘણી તબીબપણાની વિદ્યા શિખ્યા હતા તેમના બાવા શેઠ દોરાબજી કાવશજી સુરતમા યુનથીપણ ઈયાને લોકોને શારસી ભાષા શિખાડતા હતા

તા૦ ૧૦ મી મેએ.

મુંબઇના બાગમા ગઇ તા૦ ૧૯ મી મારચને દીને "ટાઈન" નામનુ એક વાહણ બળી ગયુ હતુ. તેના બચાસીઓના આસરાને માટે અતરેના યુરોપ્યન વ્યાપારીઓએ એક ઉઘરાણુ કીધુ હતુ, જેમાં નીચલી રકમ પારસીઓની હતી—[4]

| | રૂપીઆ. |
|---|---|
| શેઠ જમશેદજી જીજીભાઈ. . . . . | ૧૦૦ |
| શેઠ લીમજી કાવશજી બનાજી. . . . . . . | ૫૦ |
| શેઠો ખરશેદજી અને જાગીરજી અરદેસર દાદીશેઠ. . . . . . . . . . . . | ૫૦ |
| શેઠો જાગીરજી અને નવરોજજી નશરવાનજી વાડીઆ. . . . . . . . . | ૮૦ |

---

તા૦ ૩૧ મી મેએ.

આજ દીને મુંબઇની માશીઅરસ ફારબસની કંપનીને માટે અતરેની ગોદીમા બંધાયલુ એક મોટું વાહણ નામે "હોરમજજી બહમનજી" ને મજગામના ધકા ઉપરથી પાણીમા ઉતારવાની ક્રિઆ કરવામા આવી હતી. આ વેળાએ મુંબઇનો ગવરનર સર જાન માલકમ, સ્પુની જડજ સર ચારલસ ચેમબરસ, મી૦ વારડન, મી૦ જેમસ ફારબસ, મી૦ જારજ ફાગ્બસ, મી૦ થામસ બકાનાન, શેઠ બહમનજી હોરમજજી વાડીઆ, અને બીજા ઘણાક યુરોપ્યન તથા દેશી શેઠીઆઓ એ ક્રિઆ જોવાને હાજર થયા હતા. નામદાર ગવરનરે પોતાને હાથે બાટલી ફોડી એ વાહણનુ નામ "હોરમજજી બહમનજી" આપ્યુ હતુ, તથા તે બાદ પોતાને હાથેજ વડા માસટર બાલડર શેઠ નવરોજજી જમશેદજી વાડીઆને તથા તેમના હાથ હેઠલના વાડીઆઓને શાલો હોગાડી હતી. એ પછી માસીઅરસ ફારબસની કંપની તરફથી "ટીફીન" તૈયાર કરાવ્યુ હતુ, તે લેવાને સઘળાઓ માડવામા ગયા, અને ત્યા ગવરનરે એક સુભાખીત ભાષણ કરી એ નવા વાહણની સલામતી ચાહી, તથા ઉમેદ ગખી કે તે પણ વાહણ "લવજી ફેમીલી" જેવુ બનીતુ થાય.[5]

---

તા૦ ૩૧ મી મેએ.

હિંદુસ્થાનના દેશીઓને ઈનસાફની અદાલતમા "ગ્રાંડ" તથા "પીટી" જુરીમા બેસવાનો હક આપવાનો એક કાએદો ઇગલાંડની પાર્લામેંટમા સર ચારલસ ફારબસ, બારોનેટ તથા બીજા હિંદુસ્થાનના ખેરખાહ મિત્રોની મેહનતથી ગયે વર્ષે પસાર કર્યામા આવ્યો હતો. એ

---

[4] બોમ્બે કુરીઅર, તા૦ ૧૦ મી મેએ ૧૮૨૮

[5] મુંબઇના શમાચાર, તા૦ ૨૭ જુન ૧૮૨૮

કાએદાની રૂએ અતરેની સુપરીમ કોરટમા આગે વર્ષથી દેશીઓને "પીટી" જુરીમા બેસાડયામા આવ્યા હતા; અને તે માટે મુંબઈની સરકાર તરફથી આજના "બોમ્બે કુરીઅર" મા કોણ કોણ દેશીઓ ગ્રાંડ તથા પીટી જુરીમા બેસવાને લાયકછે તેમના નામની એક ટીપ છપાવી પરગટ કર્યા મા આવી હતી. આ ટીપમાં નીચના પારસીઓના નામોછે.

"ગ્રાંડ" જુરરો.

બહમનજી હોરમજજી વાડીઆ, ખરશેદજી અરદેસર દાદીશેઠ, ખરશેદજી કાવસજી બનાજી, ખરશેદજી રૂસતમજી વાડીઆ, ખરશેદજી માણેકજી સરાફ, દાદાભાઈ પેશતનજી વાડીઆ, ફરામજી કાવસજી બનાજી, હોરમજજી દોરાબજી લશકરી, હોરમજજી ભીખાજી ચીનાઈ, હોરમજજી ધનજી પટેલ, હોરમજજી બહમનજી શેઠ, જાગીરજી અરદેસર દાદીશેઠ, જાગીરજી નશરવાનજી વાડીઆ, જમશેદજી જીજીભાઈ, કેખશરૂ શોરાબજી રેડીમની, લીમજી કાવસજી બનાજી, મનચેરજી જમશેદજી વાડીઆ, મેહરવાનજી નવરોજજી નાળીએરવાલા.

"પીટી" જુરરો.

અરદેસર રતનજી વાડીઆ, અરદેસર ફરામજી દાવર, અરદેસર ફરદુનજી લીમજી પાંડે, અરદેસર એદલજી શામા, અરદેસર ખરશેદજી જીવાજી, અરદેસર નશરવાનજી દાદીબરજોર, બરજોરજી નાનાભાઈ દાવર, ભીખાજી દાદાભાઈ લીમજી પાંડે, બેહરામજી દાદાભાઈ લીમજી પાંડે, બરજોરજી ફરદુનજી પારખ, બહમનજી બેજનજી કાબરાજી, બેહરામજી રૂસતમજી રાણા, બેહરામજી જીવાજી આપુ, બહમનજી બરજોરજી દાવર, બાપુજી દાદાભાઈ કરશનગાવ, બરજોરજી રૂસતમજી મોદી, ખરશેદજી જીવાજી ગાંધી, ખરશેદજી દોરાબજી, ખરશેદજી બરજોરજી કોપર, કાવશજી માણેકજી દાસબાગનર, ખરશેદજી જમશેદજી જનરલ, ધનજીભાઈ રૂસતમજી વાડીઆ, ધનજીભાઈ નશરવાનજી કાવશજી બનાજી, ધનજીભાઈ ખરશેદજી સરાફ, દોરાબજી હોરમજજી લશકરી, ડોસાભાઈ રતનજી એંટી, દાદાભાઈ નવરોજજી પોહચા, દાદાભાઈ જીવાજી ગાંધી, ધનજીભાઈ જીવાજી ઢોડી, દાદાભાઈ જીજીભાઈ લામ, ડોશાભાઈ એદલજી બાકસટર, ડોશાભાઈ પેશતનજી, ધનજીભાઈ ફરામજી બાટલીવાલા, દીનશાહ બાપુજી સોબેદાર, દોરાબજી નરવરજી પટેલ, દાદાભાઈ મોટાભાઈ ચમાર, દાદાભાઈ ફરામજી ગુનના, દોરાબજી બરજોરજી કોપર, ધનજીભાઈ બેહરામજી રાણા, એદલજી ખરશેદજી માણેકજી સરાફ, ફરામજી બહમનજી સરાફ, ફરામજી દાદાભાઈ બનાજી, ફરામરોજ પેશતનજી પાંડે, ફરામરોજ સોરાબજી હાજીના (માટીના), ફરદુનજી લીમજી પાંડે, ફરામજી ભીખાજી પાંડે, ફરામજી પેશતનજી પાઠક, ફરામજી રતનજી સુરત, ફરામજી જીવાજી ઢોડી, ફરામજી કુકાજી ભરચા, ફરામજી શીવશજી પટેલ, ફરદુનજી શોરાબજી પારખ, ફરામજી નશરવાનજી બાટલીવાલા, હોરમજજી દોરાબજી સીત્રવા, હોરમજજી ખરશેદજી માણેકજી સરાફ, હીરજીભાઈ રૂસતમજી પટેલ, હોરમજજી ફરામજી મેહતા, હોરમજજી દાદાભાઈ શાહેર, હોરમજજી એદલજી કામાજી, હોરમજજી ખરશેદજી પોટર, હોરમજજી કુવરજી મોદી, હોરમજજી શોરાબજી રૂસતમફરામના, હીરજી નવરોજજી લાહેર, હોરમજજી બરજોરજી કોપર, જાગીરજી ફરામજી કાવશજી બનાજી, જાગીરજી ફરામજી નાનાભાઈ દાવર, જમશેદજી પેશતનજી પોહચા, જમશેદજી પેશતનજી પાંડે, જીજીભાઈ દાદાભાઈ, જાગીરજી ખરશેદજી લીકીમ (તાગાચંદ), જાગીરજી હીરજી રેડીમની, જમશેદજી કાવશજી નાગપોરવાલા, જમશેદજી કુવરજી જશાવાલા, જાગીરજી હોરમજજી મોટાભાઈ, જામાસપજી માણેકજી દાસબાગનરના, લીમજી દાદાભાઈ લીમજી પાંડે, મનચેરજી ફરામજી શેઠના, મનચેરજી ફરદુનજી વછાકદાર, મનચેરજી ધનજીભાઈ રેડીમની, મેહરવાનજી જીવાજી ઢોડી, મનચેરજી એદલજી એદલકાકાના, માણેકજી દાદાભાઈ શાહેર.[૧]

---

તા૦ ૨ જી જુન.

રોજ ૮ માહ ૯ (શે૦) ૧૧૯૭ યજદજરદી.

આજ દીને સુરત મધે ઉમરા ગામની હદમા પીપલોદની જમીન ઉપર સુરત તથા મુંબઈની અંજુમનના ઉધરાતથી બંધાવવા માંડેલાં દોખમાંનો તાણો પુરવાની ક્રિઆ કરવામા આવી હતી.[૨]

---

૧ આ જગોએ અમો ઘણા દલગીર છૈયે કે ઇંગ્રેજી રાજયમા દેશીઓને મલેલા આ પેહલવેહલા મોટા હકને લાયકના જે જે પારસીઓને સરકારે સુટી કાઢયા હતા તેઓ બધાના નામની ટીપ અતરે અપાઈ નથી તેનુ કારણ એમકે તે વેળાનુ સરકારી પત્તર "બોમ્બે કુરીઅર" કે જેમા આ ટીપ છપાઇછે, અને જે પત્રની ફાઇલ મુંબઇમા ફકત શેક્રેટરીએત આફીસના "રીકારડ રૂમ" માજછે તેનુ માઠા બાએગે આ ટીપવાલુજ અરધુ પાનુ ફાટી ગયુ છે, અને અરધુ પાનુ બચી રહેલુ છે, જેમાથી ઇંગ્રેજી M અક્ષર વેરનાજ નામો મલેછે આથી ઊપલી ટીપમાના અરધાઅરધ નામ અતરે આપવા રહી ગયાછે આ માટે અમોએ મુંબઇના શેરીફની આફીસમા પણ એ બાબેનો રીકારડ જોયો, તથા તજવીજ કીધી, લેકીન ત્યાથી પણ એટલી જુની ટીપ મલી શકી નહિ.

૨ આ માટે એ દોખમાપર મારેલી તખ્તીમા નીચે મૂજબ લખેલુ છે.—

" . . . . શવત ૧૮૮૪ ના જેઠ વદ ૫ ને
" વાર શોમે રોજ ૪ થો શેહરેવર માહા ૯ મો આદર
" શને ૧૧૯૭ એજદેજરદી એ દીને દખમાનો તાણો
" પુરાયો . . . . . . ."

તા૦ ૭ મી જુન.

રોજ ૯ માહ ૧૦ (કદ) ૧૧૯૭ યજદજરદી.

મરણ—બેહમનજી હોરમજી બનાજી[1]—ઉમર વર્ષ ૨૫) શેઠ હોરમજી બેહરામજી બનાજીના પાચમા દીકરા. એવણ પ્રથમમાં પોતાના મરહુમ શેઠ આરદેશર દાદીભાઈની પેહડીપર હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૧૦ મા તેમનાં મરણ બાદ ત્યારથી તે તે પોતાને ધીમાને મોટો વ્યાપાર કરતા હતા, તથા અંગરેજી નામીચી મોગીઅરસ ગીલીઝ્મન ફાર્બસની કંપની મેકવીકરની કંપની, તથા આરમ ગ્રીનાની કંપનીના દલાલ થયા હતા. અંગરેજી વ્યાપારી મંડલમાં એઓ મોટું માન ધરાવતા હતા.

તા૦ ૯ મી જુન.

રોજ ૧૧ માહ ૯ (ગ્રે૦) ૧૧૯૭ યજદજરદી.

આજ દીને ઉપરના મરે શેઠ પેશતનજી ખરશેદજી મોદીએ પોતાના મરહુમ મુરબી પુનાવાલા શેઠ ખરશેદજી રુસ્તમજી મોદીની નવશને બનાવવા માટેના દોખમાનો પાયો પુરવાની કિયા કરવામા આવી હતી.[2]

તા૦ ૧૦ મી જુન.

રોજ ૧૨ માહ ૯ (ગ્રે૦) ૧૧૯૭ યજદજરદી.

મરણ—નવરોજજી નસરવાનજી વાડીઆ—ઉમર વર્ષ ૩૮) શેઠ નસરવાનજી માણેકજી વાડીઆના નાહના દીકરા. ઈ૦ સ૦ ૧૮૧૪ માં એમના બાપના મરણ પછી કંપની સરકાર તરફની આડતનું કામ પાકું એવણ તથા એવણના વડા ભાઈ શેઠ જહાંગીરજીને મળ્યું હતું. અને તે માટે બંને ભાઈઓએ મળી "જેહાંગીર અને નવરોજજી નસરવાનજીની કંપની" ને નામે વ્યાપારી પેહડી સ્થાપી હતી. હિંદુસ્તાનની કેટલીક વ્યાપારી પેહડીઓની આડતો, તેમજ ઈ૦ સ૦ ૧૮૨૫ થી મીંટ ડબાવાનું. તીજોરી કું૦ ની હવાલીનું કામ પણ એવણની પેહડીને મળ્યું હતું.

તા૦ ૧૨ મી જુન.

આજ દીને મરહુમ શેઠ નવરોજજી નસરવાનજી વાડીઆના ઉઠમણાની મજલસમા તેમના ભાઈ શેઠ જહાંગીરજી નસરવાનજી વાડીઆએ રૂ૫૦૦૦) ની રકમ પંચાયતનાં ખાતાનાં ફંડ મધે આપી હતી.[3]

તા૦ ૧૭ મી જુન.

રોજ ૧૯ માહ ૯ (ગ્રે૦) ૧૧૯૭ યજદજરદી.

આજ દીને સુરત મધે ગોપી ઉમરવાડાના દોખમાઓની પાસે એક નાની ગેહડી અંજુમનના ઉપગારથી બનાવી પાડવામાં આવી હતી.[4]

તા૦ ૨ જી જુલાઈ.

રોજ ૪ માહ ૧૦ (ગ્રે૦) ૧૧૯૭ યજદજરદી.

આજ દીને ભાઈ જીજીભાઈ તે મરહુમ શેઠ પેશતનજી બેહમનજી વાડીઆના વીરાના ઉઠમણામા તેમના વારસો શેઠ દાદાભાઈ તથા મનચેરજી પેશતનજી વાડીઆએ રૂ૫૦૦૦) પંચાયતના ધર્મ ખાતામા આપ્યા હતા.[5]

તા૦ ૧૩ મી આગસ્ટ.

રોજ ૧૦ માહ ૧૧ (ગ્રે૦) ૧૧૯૭ યજદજરદી.

મરણ—ફરામજી રુસ્તમજી પટેલ—ઉમર વર્ષ ૭૨) શેઠ રુસ્તમજી દોરાબજી પટેલના નાહના દીકરા. એવણ પોતાના ભાઈઓ તથા ભત્રીજાઓની સાથે અંગરેજી પેહેલાર્મના ધંધામા પડેલા હતા. તે પછી કેટલાંક વર્ષો એકાંતપણે કાઢતા હતા.

તા૦ ૩૧ મી આગસ્ટ.

રોજ ૮ (કદ) ૧૧૯૭ યજદજરદી.

મરણ—હોરમસજી મનચેરજી કામાજી[6]—ઉમર વર્ષ ૪૪) શેઠ મનચેરજી કામાજીના બીજા દીકરા. એ

---

[1] મરહુમ શેઠ માણેકજી લીમજી બનાજીના બાવા

[2] આ બાબે એ દોખમાની ઓટેની ગચ્છીપર મારેલી તખતીમા લખેલું છે કે—

"રોજ ૧૧ મો ખુરશેદ માહ ૯ મો આદર સને
"૧૧૯૭ ઇઅજદજરદી—સને ૧૮૨૮ ને દીન બોજ
"તારીખે બસખીથી શ્રી દીહવાર મધે પાક જરતોસ્તી
"દીનના રવાનો અશોઅરેઓગોને વાસ્તે દુખમુ આનો-
"શેરવાનો મરીઆ માન મરહુમ મરીની બીહીશ્તી ખુરશેદજી રુસ્તમ-
"જી શેઠ મોદી પુનાવાલા અથવ રેહેનાર બનાવ્યા-
"એતના તેઓના રવાનની ખુશી તેઓનાં વારેસ મોદી
"પેશતનજી ખુરશેદજીએ તાજો પુરાવી ........"

[3] તા૦ ૨૬ મી અકટોબર ૧૮૨૯ ના "મુંબ-
ઈના સમાચાર" મા છપાયેલો પંચાયતનો હીસાબ

[4] આ ગચ્છીપર નીચે મુજબની તખતી મારેલી છે —
"આ ગેહડી નીચરથી બાંધી છે, સને ૧૧૯૭
"યઝદજરદી રોજ ૧૯ મો ફરવરદીન માહ ૯ મો
"આદરઇજદ સને ૧૮૨૮ ના પરથમ આખાડ
"શુદ ૫ વાર સોમે એ દાહાડે ગેહડીનું કામ તમામ
"સરનજામ પુરું પાડ્યું છે શ્રી પાક દાદાર હોરમજદની
"મદદથી"

[5] તા૦ ૨૬ મી અકટોબર ૧૮૨૯ ના "મુંબ-
ઈના સમાચાર" મા છપાયલો પંચાયતનો હીસાબ

[6] શેઠ પેશતનજી હોરમસજી કામાજીના બાવા, તથા શેઠ ખરશેદજી રુસ્તમજી કામાજીના બપાવા

વણ પ્રથમમા શેઠ બરજોરજી નાનાભાઈ દાવરવાલી મીશીઆરસ બાઈસ કેપની કંપનીની પેહડીપર મેહતા હતા. તે પછી પોતાના ભાઈઓ શેઠો ફરામજી તથા નશરવાંનજીની સાથે મલી પેહલા "ફરામજી તથા નશરવાનજી મનચેરજી કામા" અને તે બાદ "નશરવાનજી તથા ફરામજી કામા" ને નામે પેહડી કાઢી બ્યાપાર કરવા માંડયો હતો. એવણ તે વેળાએ ઇંગ્રેજી ભાષામા ઘણા આબરદાર ગણાતા હતા.[1]

---

તા૦ ૯ મી સપટેમબર.

રોજ ૮ માહા ૧ (કo) ૧૧૯૮ યજદજરદી.

. **મરણ**—જાંગીરજી અરદેસર દાદીશેઠ—ઉમર વર્ષ ૪૭) શેઠ અરદેસર દાદીભાઈના નાઘલા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૧૦ મા પોતાના બાપના મરણ બાદ વડા ભાઈ શેઠ ખરશેદજીની સાથે ગાસમા "ખરશેદજી અને જેહાંગીર અરદેસરની કંપની" ને નામે વ્યાપાર અનાવતા હતા. વ્યાપાર ઉપરાત એવણની પેહડીને હરનક મીશીઆરસ મીનબારન, પાટરીક સ્ટુઆરટ, અને આદમ સ્કીનરની કંપનીની નામીચી વ્યાપારી પેહડીઓની દલાલીનુ કામ હતુ. એવણનુ મરણ કાલેરાથી અચાનક નીપજવાથી પારસીઓમા મોટી દલગીરી ફેલાઈ હતી

તા૦ ૨૭ મી સપટેમબર.

આજ દીનથી શેઠ જમશેદજી જીજીભાઈએ મુંબઈમા દર વર્ષના છએ ઘાહમ્બારની ૭ નેઆત પોતાને ખરચે કરવાનુ શરૂ કીધું હતુ.[2]

---

તા૦ ૧ લી અકટોબર.

આજ દીને મુંબઈના મુખ્ય દેશી આગેવાન ગ્રહસ્થોનુ એક "ડેપુટેશન" અનરેબલ ચીફ જસટીસ સર એડવરડ વેસ્ટનુ ગઈ તા૦ ૧૮ મી આગસ્ટને દીને પુણામા મરણ નીપજયુ તે માટેની દલગીરી બતાવવા માટે ૧૮૦ શખ્સોનો એક દીલાસા પતર લઈ આકટીંગ ચીફ જસટીસ સર ચારલસ ચેમબરસના મકાનમા ગયુ હતુ. શેઠ બહમનજી હોરમજજી વાડીઆએ ઉપલુ દીલાસાનુ પતર વાંચી સંભળાવ્યુ હતુ, જેમાં એ મરહુમ નામેદારે દેશીઓ તરફ બતાવેલી સારી લાગણી, તથા તેમને જુરીમા બેશવાનો હક અપાવવા માટે તેણે દેખાડેલી દીલસોજીની તારીફ કીધી હતી, તથા જણાવ્યુ હતુ કે એ મરહુમ માનવંતની આ દેશમા યાદગારી સાચવવા માટે તેઓ (દેશીઓ) એ એક નાણાની રકમ (રૂ૧૪૦૬૪) પોતપોતામા એકઠી કીધીછે, અને તે "નેટીવ એડયુકેશન શોસાઈટી" ને સોપવામા આવશે કે તેના વ્યાજમાથી એ નિશાલ ખાતે બે સકાલરશીપો "વેસ્ટ સકાલરશીપ" ને નામે આપવામા આવે, તથા નાણુ પુરતુ હોયતો તેને નામનાં ઇનામો પણ આપે. આ દીલાસા પત્રનો મી૦ ચેમબરસે લાયક રીતે ઉતર વાળયો હતો.[3]

---

[1] એવણના મરણ પછી થોડીક મુદતે એવણના દીકરાઓએ "હોરમસજી મનચેરજી કામાજીના છોકરાઓ" ને નામે વ્યાપારી પેહડી સ્થાપી હતી. તે પેહડીનો વહીવટ ઈ૦ સ૦ ૧૮૭૧ મા સર્વેની રાજી ખુશીથી બંધ કરવામા આવ્યો, તે વેળાએ એવણના બે દીકરાઓ શેઠો પેશતનજી તથા ડોશાભાઈ હોરમસજી કામાજી તથા નબીરા શેઠ ખરશેદજી રૂસતમજી કામાજીએ રૂ૧૨૫૦૦૦) સવા લાખની ચાર ટકાની સરકારી નોટ એવણની યાદગારીને માટે "મરહુમ શેઠ હોરમસજી મનચેરજી કામાજીનાં ધરમખાતા" ને નામે એલાહેદી કાઢી હતી, અને તેના એવો પોતે ત્રણ જણા તથા શેઠો દાદાભાઈ ડોશાભાઈ કામાજી અને એદલજી પેશતનજી કામાજી મલી જણ ૫ તરસટી થઈ તા૦ ૨૩ મી જાનેવારી ૧૮૭૨ ને દીને કાએદાસરનુ એક "તરસટડીડ" કરાવ્યુ હતું, તથા તેમા એવો બંદોબસ્ત કીધો હતો કે ઊનની રકમના વ્યાજમાંથી એવોના પોતાના કુટંબીઓ, બેશીઓ, તથા બીજા કોઈ જરથોસ્તીઓ લાચારીમા આવી પડયા હોય તેમને બની શકતો આસરો આપવો, તથા કોઈની ધર્મના અને પરોપકારી કામોમા, તથા જરથોસ્તી ધર્મની બેહતરીને લગતાં કામોમા મદદ કરવી, તેમજ એવણના ધણીઆની મરહુમ બાઈ રતનબાઈએ ઈ૦ સ૦ ૧૮૪૫ માં નવસારી તથા દમણમા જે ધરમના મકાનો બંધાવેલાછે તેમની મરામત તથા ચાલુ ખરચ કરવો

[2] બોલાસે પચાસ સઈ ૨૭૭ એ ઘાહમ્બારનુ કામ આએ વર્ષથી એવણે પોતાને ખરચે ચાલુ કીધુ હતુ, પણ પોતાની પાછલ તે હમેશ ચાલુ રાખવાના ઇરાદાથી એવણે ચોકસ રકમ તથા માલકતો એલાહેદી કાઢી તેનુ "જમશેદજી જીજીભાઈ ચારીટી ફંડ" ને નામે તા૦ ૭ મી ફેબરવારી ૧૮૩૮ ને દીને એક "તરસટડીડ" કરાવ્યુ હતુ, અને તેનાં વ્યાજ તથા આવકમાથી દર વર્ષના છએ ઘાહમ્બારની ૭ નેઆત મુંબઈ, નવસારી, ઊદવાડા તથા દમણ ખાતે, તથા ચાર મહીનાના ઘાહમ્બારની એક નેઆત સુરત ખાતે એવણને નામે કરવાનો બંદોબસ્ત કીધો હતો, અને તે મુદલ થાપણના તરસટીઓ તરીકે મીશીઆરસ જે એચ ક્રાફરડ, ટી ડગલસ એનડરસન, મહમદઅલી રોગે, ખરશેદજી જમશેદજી જીજીભાઈ, અને ફરદુનજી શોરાબજી પારખને ઠેરવ્યા હતા. પછવાડેથી ઈ૦ સ૦ ૧૮૫૧ મા એવણે એ ઉપરાત બીજા કેટલાક દેશાવરો ખાતે ઘાહમ્બારની નેઆતો તથા બીજા પોતાની તરફથી ધર્મના કામો કરાવવાને એક મોટી રકમ જુદી કાઢી હતી, અને તેનુ નામ "સર જમશેદજી જીજીભાઈ સુરત એન્ડ નવસારી ચારીટી ફંડ" કરી રાખ્યુ હતુ

[3] બોમ્બે ગેઝેટ, તા૦ ૮ મી અકટોબર ૧૮૨૮

તા૦ ૩ જી નવેમબર.

મુંબઈની પારસી પંચાતના ફંડનો તા૦ ૩૧ મી અકટોબર ૧૮૨૬ થી તે તા૦ ૨૦ મી અકટોબર ૧૮૨૭ સુધીનો હીસાબ આજના "મુંબઈના શમાચાર" મા તરશટીઓએ છપાવી પરગટ કર્યો હતો. તેમાથી જોવામા આવે છે કે છેલા હીસાબની બાકીના રૂ૫૫૫૨૬॥।૦॥ ઉપરાંત આએ આખા વર્ષમા પંચાતના ફંડ ખાતે રૂ૧૧૮૧૯)૮। ની આવક થઈ હતી, અને ખરચ કુલ રૂ૮૫૪૪॥૨। થયો હતો, જે બાદ કરતા વર્ષની આખરીએ તરશટીઓના હસ્તકમા સઘળા મળી રૂ૬૨૨૬૦॥।૬॥ બાકી હતા.

---

તા૦ ૫ મી નવેમબર.

રોજ ૫ માહ ૨ (ચૈ૦) ૧૧૯૮ યજદજરદી.

**મરણ**—ગાહમોજી ટેહમુલજી મીરજાં—ઉમર વર્ષ ૨૫) દિલવારેવાના દસ્તુર ટેહમુલજી કાઉશજી મીરજાના બીજા દીકરા. એવણ પોતાના એશી તે અતરેના "મુંબઈ શમાચાર" ના અધીપતી મોબેદ ફરદુનજી મરજબાનજીના હાથ હેઠલ સમાચાર પત્રમા લખવાનુ કામ કરતા હતા.

---

તા૦ ૬ મી નવેમબર.

રોજ ૬ માહ ૨ (ચૈ૦) ૧૧૯૮ યજદજરદી.

આજ દીને બાઈ ધીનબાઈ તે શેઠ દોરાબજી હોરમસજી લશકરીના પેહલા ધણીઆણીના[1] ઉઠમણાની મીજલશમા તેમના બાવા શેઠ હોરમસજી ભીખાજી ચીનાઈ તથા સશરા શેઠ હોરમસજી દોરાબજી લશકરીએ મળી રૂ૫૦૦) ની રકમ પારસી પંચાતના બાહદરાના તથા આપના પાગલાના ફંડમા આપી હતી.[2]

---

તા૦ ૧૧ મી નવેમબર.

રોજ ૧૧ માહ ૨ (ચૈ૦) ૧૧૯૮ યજદજરદી

**મરણ**—ફરામજી જીવાજી ઢેડી[3]—ઉમર વર્ષ ૪૦) શેઠ જીવાજી ધનજી ઢોડીના વડા દીકરા. એવણ પ્રથમમા શેઠ ભીમજી કાવશજી બનાજી તથા શેઠ દાદાભાઈ જીવાજી ગાંધીને ત્યાં દુબાશેનુ કામ ચલાવતા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૧૭ ના નવેમબર માસથી શેઠ ધનજી શાહ રતનજી કપતાન સાથે ભાગમા "ધનજીશાહ ફરામજીની કંપની" ના નામથી વીલાયતી અશબાબ તથા દારૂ કામની એક મોટી દુકાન ઉઘાડી હતી. ત્યારબાદ ઈ૦ સ૦ ૧૮૨૨ મા શેઠ ધનજીશાહના મરણથી તેમનો ભાગ છોડવી પોતાના ભાઈઓ શેઠો મેહેરવાનજી તથા ધનજીભાઈ સાથે ભાગમાં "ફરામજી જીવાજીની કંપની" ના નામથી તે દુકાન ચાલુ રાખી હતી

---

તા૦ ૧૨ મી નવેમબર.

રોજ ૧૨ માહ ૩ (ક૦) ૧૧૯૮ યજદજરદી.

**મરણ**—મનચેરજી એદલજી એદલકાકાના—ઉમર વર્ષ ૨૯) શેઠ એદલજી બહમનજી (એદલકાકા) ના બીજા દીકરા. એવણે ઈ૦ સ૦ ૧૮૧૮ મા કોટમા પારસી બજાર માહેની મરહુમ શેઠ દાદાભાઈ કાવશજી જારબીમેનવાલી મોટી દુકાન કે જે શેઠ રુસતમજી ભીખાજી ભાભા ચલાવતા હતા તે તેઓ પાસેથી ખરીદી રાખી હતી તે પછી ઈ૦ સ૦ ૧૮૨૩ મા ચર્ચ બજારમા એક મોટી દુકાન પોતાના ભાઈ શેઠ મેહેરવાનજીની સાથે મળી "મનચેરજી તથા મેહેરવાનજી" ને નામે ચલાવતા હતા.

---

તા૦ ૨૪ મી ડીશેમબર.

રોજ ૨૪ માહ ૩ (ચૈ૦) ૧૧૯૮ યજદજરદી.

આજ દીને સુરતની પાસેનાં કરંજ ગામમા બાઈ દીનબાઈ તે ત્યાના એક રેહનારા મરહુમ શેઠ પુંજીઆજી મનાજીના વીધવાએ પોતાના ખાવદની નઈએતે એક દોખમુ બધાની પરઠાવ્યુ હતુ. એ દોખમાની સાથે એજ બાઈએ એક શગડી, નહાવાનુ તથા કુવો પણ બધાવી ત્યાના જરથોસતીઓના વપરાશને માટે ઓપી મુકયા હતા[4]

---

[1] શેઠો ખરશેદજી તથા જાંગીરજી હોરમસજી ચીનાઈના માઆ

[2] તા૦ ૧૧ મી અકટોમર ૧૮૩૦ ના મુંબઈ શમાચારમા છપાવેલો પંચાતનો ફંડનો હીસાબ

[3] શેઠો નશરવાનજી, ફરદુનજી તથા દોરાબજી ફરામજી ઢોડીના બાવા. એવણના બાવા શેઠ જીવાજી ધનજી ઢોડી અતરે મરહુમ શેઠ દાદીભાઈ નશરવાનજી તથા તેમની પછી શેઠ અરદેસર દાદીભાઈને ત્યાં દુબાશેનુ કામ કરતા હતા તેમના બે ભાઈઓ શેઠો નવરોજજી (શેઠ એદલજી ફરામજી ઢોડીના બાવા) તથા મનચેરજી પણ તેવણની સાથેજ એ કામમા પડેલા હતા એઓના બાપ શેઠ ધનજી ઢોડી કરીઆણીથી અતરે આવેલા હતા

[4] એ દોખમાની સામેની શગડી ઉપર નીચે પ્રમાણે લખી મારેલી છે —

" શ્રી દાદાર હોરમજદની મદદથી આએ શગડી
" તથા દખમુ તથા કુવો તથા નહાવાનુ શ્રી કરંજ મધે
" બનાવીઊં છે પારસી પુંજીઆજી મનાજી હીરા આછા
" કરજનાના ધણીઆની બાઈ દીનબાઈ તે પટેલ નશર-
" વાનજી હોમજી સુમારીવારા હોમીઆરની બેટીએ
" પોતાના ખાવદ બેહેશતી પુંજીઆજી મનાજીના પૈસાથી

તા૦ ૩૧ મી ડીસેમબર.

રોજ ૧ માહ ૪ (શેં૦) ૧૧૯૮ યજદજરદી.

આજ દીને સુરતની પાસેના માછી ગામમા અ-જુમનના ઉધરાતથી બંધાવવા માંડેલા દોખમાનો તાણો પુરવાની ક્રિઆ કરવામા આવી હતી.[૨]

આજે વર્ષમા વસાઈની પાસેના ગોરબંદર ગામ મધે ગુજરાતથી પગ રસ્તે આવતા જતા મુસાફરોના ઉતારાને માટે શેઠ નવરોજજી જમશેદજી વાડીઆએ એક ધર્મશાલા બંધાવી હતી.[૨]

# ઈ૦ સ૦ ૧૮૨૯.

આજે વર્ષના "બોમ્બે ગેઝેટ" માથી નીકલેના ઇંગ્રેજી કાલેનડરમા[3] સઘળી પીના આગલા કાલેનડર પ્રમાણેજછે, ફકત પારસી વાહણવતીઓની ટીપમા "આરાબેટ" નામનુ ૬૯૧ ટનનુ એક વાહણ શેઠ કેખશરૂ શેરાબજી રેડીમની અને બીજાઓના નામપર ઉમેરાયલુ છે.

" બેહેશતી મુરૂબ્બીઆજી મનાજીની નઈએતે બાધેલા છે
" શ્રી જરથોશતી રીરકાની અનજુમનને થકી બાધેલાછે
" શાલ ૧૮૮૩ ના માહા વદ ૧૩ વાર શુક્ર, રોજ ૨૪
" માહ ૫ શને ૧૧૯૬ ને દીને કામ માંડેલો તે શાલ ૧૮૮૫
" માગશર વદ ૩ વાર બુધ રોજ ૨૪ માહ ૩ શને ૧૧૯૮
" એજદેજરદીને દીને જશન કરીને પુરૂ કરેલ છે. શ્રી
" દાદાર હોરમજદની મદદથી

એ દોખમુ પરહાવાના જશનમા શામેલ થવાને બાઈ દીનબાઈએ તા૦ ૧૭ મી નવેમબર ૧૮૨૮ ના મુંબઈના શમાચારમા જાહેર ખબર છપાવી સર્વે જગાના જરથોશતીઓને અરજ કીધી હતી એ દોખમુ કરેજ, ભગવા, મહરોઈ, તથા કુડીઆણા, ગામોના જરથોશ્તીઓને વાપરવાને બંધાવ્યુ હતુ

૨ આ માટે એ દોખમાની સામેની શગડી ઉપર આરેશી તક્તીમા નીચે પ્રમાણે લખેલુ છે —

" . . તાણો પુરાવી રોજ ૧ માહા ૫
" કદમી ને માહા ૪ રશમી શને ૧૧૯૮ એજદેજરદીને
" દીને ."

૨ આ ધર્મશાલા બંધાવવાનુ કારણ એમ પડયુ કે શેઠ નવરોજજીના કાકા મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆ ઇ૦ સ૦ ૧૮૨૬ મા મરણ પામ્યા તે વેળાએ જે વશીહત કરી ગયા હતા કે તેમની વરસીને તાકણે બીજા સગા વાહલાઓએ તેમની બાજ કરવી નહિ આ ઉપરથી આપણા લોકોના મરેશતા પ્રમાણે શેઠ નવરોજજીએ તેવણની બાજ કીધી નહિ, અને ગોરબંદર તરફ એક ધર્મશાલાની અગત હોવાથી તે પોતાના બાવા મરહુમ શેઠ જમશેદજીને નામે શેઠ હોરમજજીના પુનને સારૂ બંધાવી આપી આ કામમા શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેશતનજી વાડીઆએ પણ પોતાના મરહુમ ફરબી શેઠ પેશતનજીને નામે અરધોઅરધ ખરચ (રૂ.૨૮૦૦) આપો હતા, પણ તે પછી એ ધર્મશાલાની સર્વે મરામત તથા દેખરેખ શેઠ નવરોજજીએજ રાખી હતી, અને પછવાડેથી તેની પાસેજ એક બંગલો પણ મુસાફરોના ઉતારાને કીજે પોતાને ખરચે બંધાવ્યો હતો

તા૦ ૧૯ મી જાનેવારી.

અતરેના આખના (ઓપથાલમીક ઈજીમ) ડાકટર મી૦ જાફરસન કે જેવણની કોશેશ તથા માવજતથી મુંબઈ અને તેને લગતા બીજા ગામોના લગભગ ૬૫ હજાર આંખના દરદીઓ આજે થોડાં વર્ષમા સાહજા થયા હતા, તે માટેની પોતાની તરફની શનદ તરીકે અતરેના ૪૦ આગેવાન દેશીઓએ તે ડાકટરની હુશીયારી તથા ભલમનશાઈની તારીફમા પોતાની શહી સાથનો એક પત્ર શેઠ મેહેરાંમજી કાવશજી બનાજીની મારફતે સરકાર ઉપર મોકલ્યો હતો કે તે ઇંગલાંડ ખાતે "કોરટ ઑફ ડાએરેકટરસ" ની હજુરમા પોહચાડે.[૪]

તા૦ ૯ મી મારચ.

રોજ ૯ માહા ૬ (શેં૦) ૧૧૯૮ યજદજરદી.

**મરણ**—માણેકજી નવરોજજી વાડીઆ—ઉમર વર્ષ ૩૨) શેઠ નવરોજજી ફરામજી વાડીઆના દીકરા. એવણ અતરેની સરકારી ગોદીમાં ત્રિજા "બીલડર" હતા.

તા૦ ૧૭ મી મારચ.

રોજ ૧૭ માહા ૬ (શેં૦) ૧૧૯૮ યજદજરદી.

**મરણ**—ખરશેદજી ફરામજી વાડીયા—ઉમર વર્ષ ૪૮) શેઠ ફરામજી માણેકજી વાડીયાના ત્રિજા દીકરા. એવણ પેહલવેહલા વ્યાપાર તથા આડતના કારણસર ઇ૦ સ૦ ૧૮૧૩ માં ચીન ગયા હતા, અને ત્યારપછી બે ત્રણવાર ચીનની સફરો કીધી હતી. અતરેની મેસર્સ આરસ ફારબસ કંપની તથા શેઠો હોરમજજી અને પેશતનજી બહમનજી વાડીઆ, તથા બીજા નામીચા વ્યાપારીઓની આડત ચીનમા એવણ હસ્તક ચાલતી હતી. એવણનુ મરણ ત્યાંજ મકાઉમા નીપજ્યુ હતુ, અને તે ઉપરથી અતરેના સઘળા પારસીઓમા મોટી દલગીરી ફેલાઈ હતી. એવણના સ્વાનને ભુમિદ કરવા લઈ જતી

[3] The Bombay Register and Directory for 1829 Bombay, printed at the Gazette Press

[૪] મુંબઈના શમાચાર, તા૦ ૧૯ મી જાનેવારી ૧૮૨૯

વખતે મકાઉના કેટલાક ઇંગ્રેજી અમલદારો, તપીનો તથા સર્વે વેપારીઓ માનને ખાતર હાજર થયા હતા.[૧]

### તા૦ ૮ મી આપરેલ.

### રોજ ૯ માહ ૭ (શે૦) ૧૧૯૮ યજદજરદી.

આજ દીને થાણાં ગામમા મુંબઇવાલા શેઠ રૂસતમજી કાવસજી પટેલે આદરાનની એક દરેમેહર બંધાવી પરકાવી હતી. આ વેળાએ થાણા મજે મુંબઈ તથા બાહેર ગામના જરથોશતીઓનો એક મોટો મેળાવડો થયો હતો જશનની ક્રિઆ પુરી થવા બાદ શેઠ રૂસતમજી પટેલે તે દરેમેહરની પરકાવવાની વેળાએ મજલેશને જાહેર કીધુ કે એ દરેમેહરમા શેહનશાહી તથા કદમી એ બંનેનાં કામો કરવા દેવામા આવશે. એ પછી નેઆતનુ જમન જમી સર્વે લોકો મજવાઓ તથા ગાગઓમા વદાય થયા હતા.[૨]

### તા૦ ૧૫ મી આપરેલ.

### રોજ ૧૬ માહ ૭ (શે૦) ૧૧૯૮ યજદજરદી.

**મરણ**—મેહરવાંનજી ખરશેદજી શેઠના—ઉમર વર્ષ ૮૧) શેઠ ખરશેદજી બહમનજી શેઠના બીજા દીકરા. એવણ પોતાના વડા ભાઈ શેઠ દાદાભાઈ માણેકજી શેઠ કે જેવણ મરહુમ શેઠ માણેકજી નવરોજજી શેઠના એક જમાઈ તથા પાલક થતા હતા તેમના ઈ૦ સ૦ ૧૭૮૫ મા મરણ બાદ તેમના કારભારને માટે શેઠ શોરાબજી માણેકજી શેઠના સાથે અતરેના "મેયર" તથા તે પછી "રીકારડર" ની કોરટમાં કજીઓ લડતા હતા, કે જે ૨૦ શ ૩૦) વર્ષે પુરો થયો હતો. એવણના દીકરા શેઠ રૂસતમજી મરહુમ શેઠ દાદાભાઈના જમાઈ તથા પાલક થવાથી તેવણ ઉમરે પુગે ત્યા લગણ તેવણનો સઘળો વહીવટ એવણે ચલાવ્યો હતો.

### તા૦ ૪ થી મેએ.

આજ દીને મજગામની ગોદીમા અતરેના જાણીના વેપારીઓ મીશીઅરસ થામસ શાકરડ, અને હોરમજજી ધનજી પટેલને માટે બંધાવેલું ૯૦૦ ટણનુ એક વાહણ નામે "સર આગલસ માલકમ" ને પાણીમા ઉતારવાની ક્રિઆ કરવામાં આવી હતી. આ વેળાએ ડકા ઉપર દેશી તથા યુરોપીઅનોની એક મોટી ઠઠ મળી હતી, તેઓની વચ્ચે શાબાશીના પોકાર સાથે તે ઉતારવામા આવ્યુ હતુ, અને તેના સુકાન ઉપર લેડી માલકમે ચપીનની એક બાટલી ફોડી હતી. એ વાહાણ વડા માસ્તર બીલ્ડર શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ અને તેમના આસીસટંટ શેઠ અરદેસર રતનજી વાડીઆના ઉપરીપણા હેઠળ બંધાયુ હતુ, કે જેમને સર આગલસ માલકમે પોતાને હાથે શાલો ઓઢાડી હતી.[૩]

### તા૦ ૨૩ મી મેએ

### રોજ ૨૪ માહ ૯ (કે૦) ૧૧૯૮ યજદજરદી

**મરણ**—દાદાભાઈ જીવાજી ગાંધી[૪]—ઉમર વર્ષ ૫૨) શેઠ જીવાજી દાદજી ગાંધીના વડા દીકરા. એવણ અતરેના બારામા આવતા ઈસ્ટ ઇંડીઆ કંપનીના વાહણોના દુબાશનુ કામ કરતા હતા એ પછી ચીન ખાતેનો વેપાર કરવા માંડયો હતો.

---

૧ એકવાર એવણ તથા શેઠ જાહાંગીરજી કાવસજી પટેલ વાહણ "ફરેંડશીપ" મા બેશી ચીનથી અતરે આવતાં દરીયામા મોટુ તોફાન થઈ આવ્યાથી ડુબી જતા જતા બચી ગયા હતા

૨ મુંબઈના શમાચાર, ૧૩ મી આપરેલ ૧૮૨૯. એ દરેમેહરના દરવાજા ઉપર નીચલી તખ્તી મારેલીછે.—

" શ્રી દાદાર હોરમજદની મદદછે

" આએ જગાએ અસલમા આતશદાદગાહ ઇશવી
" શને ૧૭૮૦ ની આગમજ બેહેશતનશીન કાવસજી
" તથા દોરાબજી રૂશતમજી પટેલે બંધાવી હતી તીઆ
" નવેશરથી આતશઆદરાનની દરેમેહેર પારશી રૂશત-
" મજી કાવશજી પટેલે પોતાના બાવા મરહુમ કાવશજી
" રૂશતમજી પટેલની નઇએતે શ્રી થાણા ગામમા રોજ ૯
" મો માહ ૭ મો શેહનશાહી માહા ૮ મો કદમી
" શને ૧૧૯૮ યઅજદજરદી, તા૦ ૮ મી આપરેલ શને
" ૧૮૨૯ ઇશવી ને વાર બુધેને દીને પરકાવીછે "

એ દરેમેહર પરકાવવાના જશનમા શામેલ થવાને મુંબઈ તથા તેને લગતાં સઘળા ગામોના જરથોસ્તીઓને શેઠ રૂશતમજી પટેલે તા૦ ૨૩ મી મારચ ૧૮૨૯ ના મુંબઈના શમાચારમા જાહેર ખબર આપી નોતરૂ દીધુ હતુ એ વેળાએ થાણામા થયલી રચનાનો હેવાલ એક નજરે જોનાર જરથોસ્તીએ તા૦ ૧૩ મી આપરેલ ૧૮૨૯ નાં શમાચારમા લખી મોકલ્યો હતો, તેમા લખેછે કે "તે વેળાએ શેવકે જે મીજલશ તથા જશન તથા રોશનાઈ જોઇ તેથી શેવકના દીલ ઉપર ઘણીએક ખુશી હાશેલ થાઈ કાંજે શેવકે બીજી દરેમેહેરો શ્રી મુંબઈમાં ઇજાતા તથા આદરીઆન શાહેબને પરકતા જોએઆછે તે કરતાંને દરજજે જીઆદે રોશનાઈ જોઆમો આવી અને મજલેશ પણ ઘણીજ મોટી થાઈ હતી અને પારશીના ફીરકાના ઘણાએક નામીઆ લોકો પણ તે મજલેશમાં હાજર હતા તેથી એ શેવકે બીચારીછે જે આએ રોશનાઈ શેહેરના કરતાને જીઆદે નજર આવેછે તેનો શબબ એજ જે શેહેરમા એવી જગો નથી હોએ ને કોઇ બનાવે તાહા હેવી રોશનાઈ થાએ આ બનાએ રેહ નથી"

૩ બોમ્બે કુરીઅર, તા૦ ૯ મી મેએ ૧૮૨૯

૪ શેઠ દીનશાહજી દાદાભાઈ ગાંધીના બાવા એવણના બાવા શેઠ જીવાજી દાદજી ગાંધી પોતાના ભાઈઓ માણેકજી તથા મોટાભાઈની સાથે મલી પોતાનો બાપીકો કરીયાણાનો વેપાર ચલાવતા હતા

તા૦ ૨૪ મી જુલાઈ.

રોજ ૨૬ માહ ૧૦ (શ૦) ૧૧૯૮ યજદજરદી.

**મરણ**—હોરમજજી ફરદુનજી મોદીફરામના[૧]—ઉમર વર્ષ ૩૨) શેઠ ફરદુનજી મનચેરજી મોદીફરામના વડા દીકરા. એવણ પોતાના ફુઆ શેઠ હોરમજજી દોરાબજી લશકરીની પેહડીપર હતા, અને તેમની સાથે બે વાર ચીનની સફરે પણ જઈ આવ્યા હતા.

---

તા૦ ૨૩ મી આગસટ.

રોજ ૨૬ માહ ૧૨ (ક૦) ૧૧૯૮ યજદજરદી.

**મરણ**—શોરાબશાહ દાદાભાઈ લામના[૨]—ઉમર વર્ષ ૩૩) શેઠ દાદાભાઈ જીજીભાઈ લામના વડા દીકરા. એવણ પોતાના બાપના હાથ હેઠળ અતરેની જાણીતી સર રાજર ડી. ફારીઆની વ્યાપારી પેહડીમા દલાલી કરતા હતા. "એ મરનાર ઘણોજ શવરૂપ અને શેઆંણો અને ચાતુર હતો."[૩]

---

તા૦ ૧૪ મી અકટોબર.

મુંબઈની ગોદીમાં અગનીના સાચાનુ પેહલવેહલું વાહણ "હયુ લીંડસે" નામનુ આએ વર્ષમા બધાયું હતું. તેને પાણીમા ઉતારવાની ક્રિઆ આજદીને બપોરના કરવામા આવી હતી: મરીન ખાતાના કેપટાન વીલસનની બાનુએ પોતાને હાથે બાટલી ફોડી તે વાહણને મજકૂર નામ આપ્યુ હતુ. તે બાદ માશીર્સ રોમર વડા તથા બીજા માસટર બીલડર (શેઠ નવરોજજી જમશેદજી અને બમનશેરજી રૂસતમજી વાડીઆ) ને શાલો ઓરાડી હતી, અને સર ચારલસ માલકમે આ નવ કામમા તેમની ફતેહને માટે તેમને મુબારકબાદી આપી હતી.[૪]

---

તા૦ ૧૬ મી અકટોબર.

આજદીને અતરેની સુપરીમ કોરટમાં અપરાધીઓની છાડણ કરનારી શેશનમા જાન પાવર નામના એક યુરોપ્યન સોલજરને ગઈ તા૦ ૬ થી સપટેમબરને દીને બજારગેટના રસ્તા ઉપર છાકટો થઈ સુખનાજી નવરોજજી નામના મુંબઈના શમાચારમા ઉઘરાણી કરનાર એક બુઢા પારસીને પોતાની "બેયોનેટ" ભોકી મારી નાખવાના વાકસર ઉભો કીધો હતો. ચીફ જસટીસે મત આપ્યું કે ઉપલા ખુનીના ઘાહથી એ પારસીનું મરણ નીપજ્યુ તે માટેની તપાસ કોઈ યુરોપ્યન ડાકટર પાસે કરાવી નહિ, તથા તેની ઉપર કોરોનરની જુરી પણ બેસાડી નહિ અને કોરોનરને એ વાત માલમ પડે તે આગમજ તેન રવાનને દોખમે સુવાડ્યુ હતું. આ ઉપરથી જુરીએ તેને છોડી મેલ્યો હતો.[૫]

---

તા૦ ૨૬ મી અકટોબર.

મુંબઈની પારસી પંચાતનાં ફંડનો તા૦ ૨૬ મી અકટોબર ૧૮૨૭ થીતે તા૦ ૭ મી નવેમબર ૧૮૨૮ સુધીનો હીસાબ આજના "મુંબઈનાં શમાચાર" મ તરશદીઓએ છપાવી પરગટ કર્યોછે, તેમાથી જોવામ આવેછે કે ઉગા હીસાબની બાકીના રૂ૬૨૬૦૧॥૬॥ ઉપગત આએ આખાં વર્ષમા પંચાતના ફંડ ખાતે રૂપીઆ ૭૯૮૧॥૧॥॥ ની આવક થઈ હતી, અને ખરચ કુલ રૂ૫૯૮૮) થયો હતો, જે બાદ કરતા વર્ષની આખરીએ તરશદીઓના હસ્તકમા સઘળા મળી રૂ૬૪૫૯૫)૧૭ બાકી હતા.

---

કની મદદ નજર તથા તેમા આપેલા થોડાક છાપેલા નમુનાની એક નકલ એવણ સાહેબના જોવામા એક જાણીતા પારસી ગ્રહસથની મારફતે આવી, અને તેમાં મરહુમ શેઠ શોરાબજી પેશતનજી પાટક વીશે તેવણ તે વખતે એક સરસ ઇંગ્રેજી લખનાર હતા એવુ અમોએ લખેલુ જાણી તુરત પેલા ગ્રહસથને પોતે શાહેદત આપી કે "હુ પોતે જ્યારે પેહલવેહલો રીમીંગટન કરાફરડની કંપનીમા એક "આપરેનટીસ" તરીકે રહેલો હતો તીઆરે મેહેરબાની શોરાબજી પાટક ઈલોરાના ગોફાઓ જોવાને ગયા હતા, ત્યાથી તેઓએ મારી ઉપર તે ગોફાઓના બયાનનુ એક કાગજ ઈંગ્રેજીમા લખ્યુ હતુ. તે કાગજ મે મારા સીનોરને દેખડાવ્યાથી તે ઘણો તાજુબ થયો હતો કે એક નેટીવ આવુ સરસ ઇંગ્રેજી લખેછે, અને તેણે તે કાગજ મારી પાસેથી લેઈને નામદાર ગવરનર સર જાન માલકમને દેખડાવ્યો, કે જે પણ તે વાચી ઘણો અજબ થયો હતો."

એ ઉપરાંત તા૦ ૨૫ મી જુલાઈ ૧૮૨૯ ના "બોમ્બે કુરીઅર" મા એવણના મરણની નોધ લેતાં લખેછે કે:—

"The deceased was one of the most perfect masters of the English language amongst the Parsee caste."

૧ એવણના બાવા શેઠ ફરદુનજી મનચેરજી મોદીફરામના તે અતરેવાલા જાણીતા શેઠ રૂસતમજી મનચેરજી બંગાલી (શેતકી) ના ભાઈ હતા. તેમના બીજા દીકરા શેઠ શોરાબજી ફરદુનજી ઈ૦ સ૦ ૧૮૪૦ માં જયારથી અતરેની મુંબઈ બેંક સ્થાપી તેજ વખતથી તેમા વડા સરાફના ઓહદા ઉપર હતા, અને નાહના દીકરા શેઠ બહમનજી ફરદુનજી ફરસુદણ ધંધો કરતા હતા.

૨ શેઠ જીજીભાઈ જાંગીરજી લામના કાકા તથા શેઠ નાનાભાઈ બેહરામજી જીજીભાઈના ભમાવા.

૩ મુંબઈના શમાચાર, તા૦ ૩૧ મી આગસટ ૧૮૨૯.

૪ બોમ્બે કુરીઅર, તા૦ ૧૭ મી અકટોબર ૧૮૨૯

૫ બોમ્બે કુરીઅર, તા૦ ૨૦ મી અકટોબર ૧૮૨૯.

### તા૦ ૩૧ મી અકટોબર.[1]

રોજ ૩૦ માહ ૧ (શ૦) ૧૧૯૯ યજદજરદી.

**મરણ**—માણેકજી મેહરવાનજી વખારીઆ[1]—ઉમર વર્ષ ૫૧) સુરતવાલા શેઠ મેહરવાનજી રુસતમજી વખારીઆના દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૧૦ થી સુરતના ઈસ્ટ ઇંડીઆ કંપનીના વ્યાપાર ખાતામા પોતાના બાપની જગોપર કપડની તપાસ કરનાર તથા વેચનાર અમલદાર ઠરયા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૨૨ મા એ ખાતુ કાઢી નાખવાથી એમને સરકારી નોકરી છોડવી પડી હતી એવણ ઈ૦ સ૦ ૧૮૨૩ મા પોતાના બાપના મરણથી તેમની જગોએ સુરતની પારસી પંચાતના અકાબર ઠરયા હતા.

---

### તા૦ ૯ મી નવેમબર.

રોજ ૯ માહા ૩ (ક૦) ૧૧૯૯ યજદજરદી.

**મરણ**—જમશેદજી બેહરામજી લશકરી—ઉમર વર્ષ ૪૦) શેઠ બેહરામજી ફરદુનજી લશકરીના બીજા દીકરા. એવણ નાહનપણથી પોતાના મામા શેઠ દોરાબજી બેહરામજી બંગાલી સાથે વ્યાપારને માટે કલકતા તરફ ગેહલા હતા, અને ત્યાથી થોડીક પૂંજી એકઠી કરી અતરે આવ્યા હતા. એ બાદ એકાતપણે જીદગી ગુજારવા માટે દમણ તરફ જઈ રહ્યા હતા, અને ત્યા પોતાના એકપુત્ર દીકરા શેઠ પેશતનજીના મરણથી તેમની નઇયેતે એક દોખમુ બંધાવવા માંડયું, પણ તે તૈયાર થાય તેટનામા એવણ ત્યાજ મરણ પામ્યા હતા એ પછી તે દોખમુ તૈયાર થતાથી એવણની વીધવા બાઈ માણેકબાઇએ તા૦ ૧૨ મી મેએ ૧૮૩૧ ને દીને તે પરઠાવ્યુ હતુ

---

### તા૦ ૧૦ મી નવેમબર.

રોજ ૧૬ માહ ૨ (શ૦) ૧૧૯૯ યજદજરદી.

**મરણ**—મેહરવાનજી રુસતમજી કાદાવાલા[2]—ઉમર વર્ષ ૬૫) એવણ સુરતના વતની હતા, અને પ્રથમમા ઈસ્ટ ઇંડીઆ કંપનીનાવાલા મી૦ રાબર્ટ હેનસાની નોકરીમા હતા, જેથી "હેનસાના મેહરવાનજી" ને નામે ઓળખાતા હતા એ બાદ સર જાન માલ્કમ સાથે એવણ નોકરીએ પેહેલવેહલા ઈરાન ગયા હતા ત્યા તેહરાન પુગા પછી મી૦ માલકમ પાસેથી ત્રણ માસની રજા લઈ યજદ ખાતે કરવાને ગયા, અને ત્યાના દસ્તુર મરજબાનને ત્યા ઉતારો લઈ ત્યાના ઈરાની જરથોસ્તીઓને લગતી કેટલીક તપસીલ મેળવી હતી એ બાદ મુંબઈ આવી હિયાના અકાબરોને પોતે ઈરાનમા જોએલી સર્વે હકીકતોથી વાકેફ કીધા હતા. ઈરાનથી અતરે આવ્યા પછી એવણને મી૦ માલકમની ભલામણ ઉપરથી "મેસ એજંટ" નુ કામ મલ્યુ હતુ, અને દખણમા તથા ખેડા અને અમદાવાદ ખાતે ગયલી રીજમેંટોની સાથે એવણ તે કામપર ગયા હતા છેલા મથકપર બીમાર પડવાથી એવણ ભરુચ તબીયત સુધારવાને ગયા હતા, પણ ત્યાજ એમનુ મરણ નીપજ્યુ હતુ.

---

### તા૦ ૨૨ મી ડીસેમબર

આજ દીને મુંબઈના નામદાર ગવરનર સર જાન માલકમે સુરત ખાતે એક જાહેર અને દબદબાવાળી દરબાર ભરી ત્યાના કોટવાલ તથા નેટીવ એજંટ ખાન સાહેબ અરદેશર ધનજીશાહને તેમની ઉપયોગી નોકરીઓને માટે સરકાર તરફથી એક કીમતી બેનાત તથા "બાહદૂર" નો ખેતાબ અને સોનેરી સાજ સાથનો એક ઘોડો તથા રૂ૩૦૦૦) ની વાર્ષિક પેદાયશવાલા ચાર ગામો[3] બેટ આપ્યા હતા, તથા એક સોનાનો ચાદ એમને માટે તૈયાર થયેથી મોકલવાને જણાવ્યુ હતુ આ વેળાએ સુરત તથા તેની આજુ બાજુના ગામોના વીશ હજારથી વધારે લોકો પોતાના આએ દેશહિતકારી શેહરીને નામદાર ગવરનરને હાથે અપાતુ માન જોવાને એકઠા મલીઆ હતા. આ પ્રસંગે શેઠ અરદેશરના મોટા માનને ખાતર સરકારના હુકમથી અંગરેજી લશકરની પલટણો જેનરલ હેરીમેનની સરદારી હેઠળ ત્યા હાજર થઈ હતી, અને પાયદળની એક ટુકડી પોતાના લશકરી વાજા સાથે શેઠ અરદેશરને તેમના મકાન ઉપર બા આબરૂ સાથે વદાએ કરી આવી હતી[4]

---

### તા૦ ૩૧ મી ડીસેમબર.

આજ દીને મુંબઈના મુખ્ય હિંદુ, પારસી અને મુસલમાન રેહેવાસીઓએ ઈંગ્લાડ ખાતે નર આરનલ

---

[1] શેઠો દાદાભાઈ તથા બેહરામજી માણેકજી વખારીઆના બાવા

[2] કરાચીવાલા શેઠ બેહરામજી મેહરવાનજી કાદાવાલના બાવા, તથા અતરેવાલા શેઠ પાલણજી પેશતનજી ડાકતરના બાપના કાકા બીડીબજારમા પારસીઓથી વસાયલા કાદાવાલા મોહલાનુ નામ એવણના સઘળા કુટુંબીઓ ત્યા વસવાથી કરી પડયુ હતુ

[3] ચોરાશી પરગણાને લગતા બે ગામો મોજે ભેસતાન અને શોનારી, તથા ચીકલી પરગણાના બે ગામો કમબાડા અને બીલીઆચ

[4] મુંબઈના શમાચાર, તા૦ ૨૮ મી ડીસેમબર ૧૮૨૯, તથા ડાકતર ડોસાભાઇ ફરામજી કરાકાવાલુ પારસીઓની તવારીખ, ધર્મ, રીતભાત, વગેરેવ ઈ૦ સ૦ ૧૮૫૮ મા લંડન ખાતે છાપયલુ પુસ્તક સફે ૧૬૦

ફારબસ, બેરોનેટની મારફતે "હાઉસ ઑફ કામનસ" જોગ એક અરજી મોકલી હતી, અને તેમાં નીચલી ત્રણ માગણી કીધી હતી.—

૧—હિંદુસ્થાનના દેશીઓને નામદાર બ્રીતિષ સરકારે જયારે પીટી જુરીમાં બેસવાનો હક આપ્યોછે, ત્યારે હવે ઇનસાફનું કામ વધારે સવલ થવાને તેમને ગ્રાંડ જુરીમાં બેસવાનો પણ હક આપવો, શબબ પીટી જુરીમા બેશી તેઓએ પોતાની વફાદારી તથા અપક્ષપાતપણા વિષે સત્તાવાલાઓની ખાતરી કરી આપીછે.

૨—તેઓને "જસટીસ ઑફ ધી પીસ" ઇઆને સુલેહના અમલદારનું માન આપવું, કેમકે ઇનસાફની અદાલતોમા જુરીમા બેશવાથી તેઓ એ માનને પણ લાયકના ઠરેછે.

૩—માહેલાં પ્રાંતોમા ઇનસાફ ચલાવવાની રીત જે ઘણી ખામી ભરેલીછે તેમા સુધારો કરવો. શબબ ત્યાંના સત્તાવાલાઓની આપખુદીને લીધે વાર વાર ત્યાંની રૈયતના જાન, માલ તથા આબરૂ હંમેશા ધાસ્તીમા રેહેછે.

આ અરજીપર ૪૦ હિંદુ, ૫ મુશલમાન અને નીચલા પારસીઓની શહીઓ હતી.[૨]

શેઠો ફરામજી કાવશજી બનાજી, ખરશેદજી અરદેસર દાદી, જાંગીરજી નશરવાંનજી વાડીઆ, બહમનજી હોરમજજી વાડીઆ, જમશેદજી જીજીભાઈ, હોરમજજી દોરાબજી લશકરી, હોરમજજી ભીખાજી ચીનાઈ, રૂસતમજી રતનજી વાડીઆ, અરદેસર હોરમજજી વાડીઆ, દાદાભાઈ પેશતનજી વાડીઆ, મનચેરજી પેશતનજી વાડીઆ, ખરશેદજી જમશેદજી જીજીભાઈ, માણેકજી લીમજી બનાજી, મેહરવાંનજી બહમનજી, શોરાબજી એદલજી મેજરના, ડોશાભાઈ મેહરવાનજી વાડીઆ, પેશતનજી કાવશજી શેઠના, હીરજીભાઈ નરશરાજી પટેલ, મનચેરજી જમશેદજી વાડીઆ, રૂસતમજી હોરમજજી વાડીઆ, ડોશાભાઈ જમશેદજી વાડીઆ, મનચેરજી એદલજી ધનજી મેહતાના, પેશતનજી ફરામજી કાવશજી, જાંગીરજી ફરામજી કાવશજી, માણેકજી મેહરવાનજી શેઠના, ખરશેદજી હોરમજજી મેહરજી, મેહરજી હોરમજજી મેહરજી, બેહરામજી કાવશજી બનાજી, મનચેરજી ફરદુનજી વાછાકદાર, જાંગીરજી ખરશેદજી તારાચંદ, મેહરવાનજી માણેકજી મેહતી, મનચેરજી ધનજીભાઈ રેડીમની, હોરમજજી બેહમનજી શેઠ, ફરામજી પેશતનજી પાઠક, ખરશેદજી માણેકજી સરાફ, હોરમજજી કુવરજી મોદી, જાંગીરજી ફરામજી નાનાભાઈ, બરજોરજી રૂસતમજી મોદી, બરજોરજી નાનાભાઈ દાવર, હોરમજજી ધનજી પટેલ, નાનાભાઈ ફરામજી દાવર, પેશતનજી ભીખાજી પાડે, જીજીભાઈ દાદાભાઈ, દાદાભાઇ નવરોજજી બંગાલી, મેહરવાનજી ભીખાજી, મનચેરજી ખરશેદજી, જીજીભાઈ રતનજી મુસ, નાનાભાઈ બહમનજી, હોરમજજી પેશતનજી બાટલીવાલા, નશરવાનજી અને રતનજી (ખરશેદજી દેરાવાલા), શોરાબજી ફરામજી વાડીઆ.

---

આએ વર્ષમાં સુરતની પાસેના અરાજણ ગામમાં લોકોને પાણીની શગવડ કરી આપવાને મુંબઈવાલા શેઠ જમશેદજી જીજીભાઇએ ત્રણ કુવા નીચે પ્રમાણે બંધાવી આપ્યા હતા —

કુવો એક મોટો આભારા સાથનો બે કોશ ફરે તેવડો બારી આગલ પારસીવાડને નાકે

કુવો બીજો મોટો સરકારી મોહલામા પેશતન બમનીનાં ઘેરની પડોશમા.

કુઈ એક ઢેડવારામા ઢેડાઓને સારૂ.[૨]

## ઈ૦ સ૦ ૧૮૩૦.

આએ વર્ષના "બોમ્બે ગેઝેટ" માથી નીકલેલા ૪ થી કાલેનડરમા[૩] મુબલી બીના આગલા કાલેનડર પ્રમાણેજછે, ફકત પારસી વ્યાપારીઓની ટીપમા "ખરશેદજી અને જાંગીરજી અરદેસર" ને બદલે "ખરશેદજી અરદેસરની કંપની" નું નામછે.

તા૦ ૩ જી જાનેવારી.

રોજ ૮ માહ ૬ (શે૦) ૧૧૯૯ યજદજરદી.

આજ દીને સુરતની પાસેના માડવી ગામમા ત્યાંના જરથોસ્તીઓ તથા મુંબઈ અને સુરતની અંજુમનના ઉધરાતથી એક દોખમું બંધાવી પરઠાવ્યામા આવ્યું હતું.[૪]

---

[૧] આ અરજીની ઇંગલાંડ મધે પારલામેંટના મેમબરોમા વેહચવાને છાપેલી એક નકલ શેઠ હોરમજજી બહમનજી વાડીઆ પાસેથી અમોને મલી હતી.

[૨] આ ત્રણે કુવાઓપર કરસી તખ્તી મારેલી નથી. તેમને બંધાવ્યાનું ઊપજ્યુ શાલ ત્યાંના જઈફ લોકોથી તેહકીક કરી ગોદાવરા ૫ યકવાલા આ૦ નાનાભાઈ ભીખાજીએ મેલવી આપ્યું છે

[૩] The Bombay Register and Directory for 1830. Bombay, printed and published for the Proprietors by Thomas Bixby

[૪] આ દોખમાની સામેની શગડી ઊપર નીચે પ્રમાણે તખ્તી કોતરેલીછે —

"શ્રી દાદાર હોરમજદની મદતછે.
"શ્રી બેહદાતાના બેહું જહાનનો પેદાનો કરનારના
"નામે કરી માજદીઅશની દીનનો પેગામબર જરથોસ્તના
"ફરમાન મુજબ શેહેર માડવી મધે શ્રી સુરતના તથા
"શ્રી મુંબઈની અંજુમન મલી ઊધરાતથી દખ્મું બન-
"ધાવેલો—તેનો તાણો પુરાવો રોજ ૧ માહ ૫ કદમી ને

તા૦ ૭ મી જાનેવારી.

રોજ ૮ માહ ૫ (કો૦) ૧૧૯૯ યજદજરદી.

**મરણ**—પેશતનજી કાલાભાઈ વકીલ—ઉમર વર્ષ ૫૫) એવણ સુરત મધે ત્યાની અદાલતમા વકીલાતનુ કામ કરતા હતા, તથા જાતે ઘણા ચમન હોવાથી તે ધંધામાં એક મોટી પૂજી મેળવી હતી એવણે પોતાને ખરચે સુરત મધે કદમી તરીકા મુજબ આતશબેહરામ બનાવી તે તા૦ ૫ મી ડીસેમબર ૧૮૨૩ ને દીને પરણાવ્યા હતા. સુરત મધે એવણ સર્વે જાતના લોકોમા પકાયના વકીલ હતા

તા૦ ૧૧ મી જાનેવારી.

રોજ ૨૨ માહ ૪ (શે૦) ૧૧૯૯ યજદજરદી.

**મરણ**—કેખશરૂ શોરાબજી રેડીમની—ઉમર વર્ષ ૩૫) શેઠ સોરાબજી મનચેરજી રેડીમનીના નાઘના દીકરા. એવણ તે વખતે પારસીઓમા ઉચ્ચ દરજ્જેની કેળવણી પામેલા હતા.[૨] પોતાનો વ્યાપાર એવણે ટુકમાજ ગએલો હતો, તથા તે માટે "બોમબે કાસ્ટલ" નામનુ એક વાહણ ખરીદ કીધુ હતુ. ઈ૦ સ૦ ૧૮૧૯ મા મુલ્લા ફીરોજજીની દસાતીર કેતાબ વિષે ઘણા ઈંગ્રેજો જયારે શક બતાની તે ખોટી પાડવા નીકલ્યા, ત્યારે એવણ તે સઘળી તકરારોના ઇંગ્રેજી ભાષામા મુલ્લા ફીરોજજીને બાહોશીથી રદ જવાબ લખી આપતા હતા, તેમજ ઈ૦ સ૦ ૧૮૨૬—૨૭ ની કબીશાની તકરારની વેળાએ શેહનશાહીઓ તરફથી ઇંગ્રેજી પત્રોમા એવણ લખાણ કરતા હતા.

તા૦ ૮ મી ફેબરવારી.

રોજ ૧૦ માહ ૬ (કો૦) ૧૧૯૯ યજદજરદી.

**મરણ**—દીનશાહજી કાવશજી ગાદી[૨]—ઉમર વર્ષ ૭૨) શેઠ કાવશજી હીરજી ગાદીના દીકરા. એવણ પ્રથમમા શેઠ અરદેસર દાદીભાઈને ત્યા ઇંગ્રેજી લખનાર તરીકે હતા, તથા પારસીઓ તેમજ પરભુઓને ઇંગ્રેજી ભાષા શીખવતા હતા. પછવાડેથી કમીશરીએટ ખાતામા પોતાના જમાઈ શેઠ હોરમસજી કુવરજી મોદીની મારફતમા કનાક્ટો લેતા હતા.

તા૦ ૧૧ મી ફેબરવારી.

આજ દીને અતરેના મુખ્ય યુરોપ્યન તથા દેશી આગેવાનોની એક સભા મુબઈ મધે એક બગાએત અને જીરાએત મડળી સ્થાપવા માટે "નેટીવ એડયુકેશન શોસાયટી" ના દીવાનખાનામા મળી હતી. સરનશીનની ખુરશી સર સીડની બેકવીથને આપવામા આવી હતી. આ વેળાએ એવુ ઠેરવ્યુ હતુ કે "મુબઈ ઈલાકામા બગાએત અને જીરાએતનો સુધારો કરવા તથા તે કામને ઉત્તેજન આપવા માટે "ધી એગ્રીકલ્ચરલ એન્ડ હારટીકલ્ચરલ શોસાઈટી ઑફ વેસ્ટરન ઇંડીઆ" નામે એક મંડળી સ્થાપવી. આ મડળીનો વહીવટ ચલાવવા માટે ૧૫ ઇંગ્રેજો, ૨ હિદુ, અને ૨ પારસી (શેઠો ફરામજી કાવશજી બનાજી અને જમશેદજી જીજીભાઈ) ની એક કમીટી મુકરર કીધી હતી, તથા મીશીઅરસ રીમીંગટન કાફ્રડની કપનીને ખજાનચી, અને મી૦ જેમસ વાપેન તથા શેઠ બારજોરજી જમશેદજી જીજીભાઈને શેક્રેટરીઓ તરીકે નેમ્યા હતા. એ પછી અતરેની સરકારના ચીફ શેક્રેટરી મી૦ નુનહામે દરખાસ્ત કીધી કે શેઠ ફરામજી કાવશજી બનાજી, કે જેઓની પોતાના છાસટી માહેના ગામોમા ખેતીવાડી અને બાગાએતના કામોમા સુધારો કરવાની કાળજી સર્વને જાણીતી છે, તેઓનુ નામ આએ ખાતાના સરનશીન તરીકે મી૦ ફેરીશની સાથે મુકવુ. એ દરખાસ્ત સર્વેએ એકમતથી પસાર કર્યાબાદ સભા બરખાસ્ત થઈ હતી[૩]

---

"માહા ૪ રથમી શને ૧૧૯૮ એજદેજરદીને દીન ઉપ-
"રાનુ કામ પુરૂ થઊ ને રોજ ૧ માહ ૫ દીનનુ કામ
"શરૂ થઊ તે રોજ ૪ ને માહા ૫ કદમી ને માહા ૪
"રથમી શને ૧૧૯૯ એજદેજરદીએ એ કામ શરનજામ
"પોહુ તમામ અનજુમનની દોલત શવત ૧૮૮૬
"ના વરખે પોશ શુદ ૯ વાર રવેઊ, તારીખ ૩ જાને-
"વારી શને ૧૮૩૦ ઇશવી, તારીખ ૭ મી રજબ શને
"૧૨૪૫ હીજરીમા શી"

એ દોખમુ પરણાવાના જશનમા શામેલ થવાને તેના મોનેજરોએ મુબઈની પચાતના અખબારોની મારફતે તા૦ ૨૧ મી ડીસેમબર ૧૮૨૯ ના શમાચારમા જાહેર રીતે સર્વે જરથોશ્તીઓને અરજ કીધી હતી

૨ આ માટે એવણના મરણની નોધ લેતી વખતે તે વેળાના "બોમ્બે કુરીઅર" મા લખેછે કે.—

"Keikusroo Sorabjee was one of the very few Native gentlemen on this side of India who thirsted after literature His acquaintance with the English language was by no means confined, and the activity and research which he invariably manifested when questions were agitated having reference to the religion and ancient customs of the Parsees were as remarkable as they were honorable to his feelings and understanding

[*Bombay Courier, 16th January 1830*]

૨ શેઠ કાવશજી હોરમજજી આધીભાઈના બાપાવા

૩ બોમ્બે કુરીઅર, તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૩૦,

તા૦ ૧૭ મી ફેબરવારી.

આજ દીને ભરૂચ મધે મકબારી દરવાજા આગળ સરકારી બારમી રેજીમેંટના પુરબી સિપાહીઓ તથા પારસીઓ વચ્ચે એક મોટો જઘડો થયો હતો, જેમાં ૧૧ પારસીઓને ઘણુ સખ્ત વાગુ હતુ, તથા ૩ જણા સખ્ત તલાબ હાલતમા હતા, જેમને સતાવાનાઓ તરફથી એક જુદા ઘરમા રાખી યુરોપીઅન ડાકટર પાસે તેમની માવજત કરાવવામા આવી હતી. આ વેળાએ હોળીના દિવસો નજીક હોવાથી સરકારે ત્યા લશકર, વગેરેનો સારો બંદોબસ્ત રખાવ્યો હતો.[૧]

તા૦ ૨૮ મી ફેબરવારી

રોજ ૨૬ માહા ૫ (ગે૦) ૧૧૯૯ યજદજરદી.

આજ દીને મુંબઈવાલા શેઠ જાગીરજી નશરવાનજી વાડીઆએ પોતાના ભાઈ મરહુમ શેઠ નવરોજજી નશરવાનજી વાડીઆની નઇમેતે દીવ મધે આદરાંનની એક દરેમેહર બંધાવી પરડાવી હતી.[૨]

તા૦ ૧ લી મારચ.

આજ દીને શેઠ મેહેરવાનજી રૂસતમજી દારૂખાનાવાલાએ છાસટીમા પોતાને સરકાર તરફથી મળેલા ગામો ચેમ્બુર અને ગુરુગામ, તરફ આશરે છેલ્લાં બે વર્ષોમા તેઓએ ખેતીવાડી તથા બાગાએત સબંધી કરેલા સુધારાઓ દેખાડવાને, તથા તે સુધારેલી જગાને નવુ નામ આપવાને, પોતાના કેટલાક યુરોપ મિત્રોને તે તરફ એક મેજમાનીમા બોલાવ્યા હતા. આ તરફ બે વર્ષમા શેઠ મેહેરવાનજીએ કીતેના તરેહવાર સુધારાઓ, તેઓએ ઓદરેના કુવા તળાવો તથા પાણીની નેહરો, ૩, નેપકળ, શેરડી, અનેસ, વગેરેની રોપણીઓ ઈત્યાદિ જોઈ સુધારાઓ ઘણા ખુબી થયા હતા, અને તે જગોનુ નામ "મેહેન" કરી રાખ્યુ હતુ. સિવા શેઠ મેહેરવાનજીએ બગીચેના નવા બંગલામા સુધારાઓ બાબુ નર્ઈ એક દિવસ રહ્યા હતા.[૩]

તા૦ ૨૬ મી મારચ.

રોજ ૨૬ માહ ૭ (ક૦) ૧૧૯૯ યજદજરદી.

આજ દીને મુંબઈ મધે ચોપાતીના ડુંગર ઉપર દોખમાઓની સામે એક મોટી પથ્થરની શગડી આતશે-વાલા શેઠો હોરમજજી અને માણેકજી દાદાભાઈ વાડીએ પોતાના બાવા મરહુમ શેઠ દાદાભાઈ કાવશજી વાડીઆની નઇમેતે બંધાવી પરડાવી હતી. આ વેળાએ ત્યા થયેલી જશનની ક્રિઆમા જરથોસ્તીઓની એક મોટી ઠઠ મળી હતી. તે ક્રિઆ પુરી થયા બાદ મજકૂર શેઠો તરફથી એક અંજુમન પત્ર વચાવવામા આવ્યો હતો, તેમા એ શગડી બાંધવા માટે પંચાતના સાહેબોએ પોતાને હસ્તકની જમીનમાથી થોડીક જગા તથા શેઠ ખરશેદજી અરદેસર દાદીશેઠે પોતાના માતાજી બાઈ બચુબાઈના ડુંગરમાથી થોડીક જગા ધરમખાતે આપી હતી; તેમજ શેઠ બહમનજી હોરમજજી વાડીઆ તથા મરહુમ શેઠ હીરજી જીવણજી રેડીમનીની બેટી બાઈ સુનાબાઈએ પોતાની વાડીની દેવાનો બાજી એ શગડીના બાવકામને માટે કુવા તથા તળાવોનુ પાણી લેવા દીધુ, તથા એને લગતો સામાણ અને ગાગરો જનાને પોતાના ગડકા તથા છાપરા બાજીને રસતો આપ્યો તે માટે એ સર્વ સાહેબોનો ઉપકાર માનયો હતો, તથા એ શગડી પંચાતના તાબેદારીઓને સવાધીન કીધી હતી. એ પછી એજ દીને બપોરના એ શેઠો તરફથી ડોર માહેલી મરહુમ માણેકજી શેઠવાળી વાડીમા નેઆતનુ જમન કીધુ હતુ, ત્યા જમનાને સર્વે અંજુમન ગયુ હતુ.[૪]

---

[૧] મુંબઈના સમાચાર, તા૦ ૮ મી મારચ ૧૮૩૦

[૨] આ દરેમેહરનર કરસી તરી ખારેલી નથી, પણ તેના પરદાવાનો ઊતેરો દાદાડોવાર મુંબઈની આગની પારસી પંચાતના સેક્રેટરી મરહુમ શેઠ પેસ્તનજી માણેકજી બંને નમશેરવાળાની એક ખાનગી નોંધબુક ઊપરથી અમોને મળ્યો છે

[૩] આ જમે પર પેતી વગેરેને માટે શેઠ મેહેરવાનજી એ સોરની મેહનતની તારીફમા તે વેળાના "બોમ્બે કુરીઅર" મા ઊતરી મેજમાનીની નોંધ કરતા નીચે મુજબના વિચારો જણાવ્યા હતા :—

"The estate offers the most satisfactory proofs of the capability of the soil of Salsette when in the hands of enterprising capitalists like Merwanjee Rustomjee to undergo successfully that system of agriculture and management which will, by the introduction of superior production, at once insure the proprietors most advantageous returns, and confirm the policy which has induced Government to encourage and assist such intelligent and liberal minded individuals.

"The greater part of Merwanjee's farm near Chemboor has only been twenty two months under cultivation and when the number of tanks, wells, and watercourses constructed and in progress together with the various descriptions of new produce introduced in so short a period, are considered, its present appearance does the greatest possible credit to its respectable owner, who has expended large sums in bringing it to its present state." [*Bombay Courier*, 13th March 1830.]

[૪] મુંબઈના સમાચાર, તા૦ ૨૯ મી મારચ ૧૮૩૦

એ શગડીમા નીચલી તરફ એક મોટા પથ્થરપર કોતરેલ રીતે —

" બનાએ ઇઅન્દે મેહરબાન

" શેઠ ઊપતી દાદાભાઈ કાવશજી સાહેબના ફિકરજનને

" ઇને એવજના ઊપરવેજ્ઞે તે શેઠઊપતીના રવાનના

### તા૦ ૨૭ મી માર્ચ.

રોજ ૨૭ માહ ૬ (ર્થિ૦) ૧૧૯૯ યજદજરદી.

ઉદવાડેના પુરાતન આતશબેહેરામ સાહેબની ઇમારત ઘણી જુની થવાથી તે જગાપર એક નવી મોટી ઇમારત (હાલની) મુંબઇવાલા શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેશતનજી વાડીઆએ પોતાના મરહુમ મુરબ્બી શેઠ પેશતનજી બેહમનજી વાડીઆની નામે બંધાવી હતી. તે ઇમારત પરઠવા તથા તેમાં ઉપલા પુરાતન આતશબેહેરામને તખતનશીન કરવાનું જશન આજ દીને ઉદવાડામાં થયું હતું. આ વેળાએ મુંબઇથી તે ભરૂચ સુધીના ગામોમાંથી જરથોસ્તીઓની એક મોટી સંખ્યા હાજર થઈ હતી, તથા મુંબઇથી મજકુર શેઠો દાદાભાઈ તથા મનચેરજી અને બીજા ઘણાક ગૃહસ્થો તે ક્રિઆમાં શામેલ થયા હતા. જશનનું કામ પુરૂં થયા બાદ મજકૂર શેઠો તરફથી આખા ગામમાં ગરીબોને રૂપાનાણું વેહેંચવામાં આવ્યું હતું, તથા નેઆતનું જમન જમાડી સર્વેને વદાય કીધા હતાં. ઉદવાડામાં એ દીને આખો દિવસ લોકોએ ખુબી ખુરરમીમાં ગુજાર્યો હતો.[1]

### તા૦ ૩૦ મી માર્ચ.

આજ દીને સુરતની પાસેના શીંગણપોર ગામમાં રતનજી નામના એક પારસીએ એક જબરો વાઘ કોહાડાથી વડે કેટલાક કોલીઓની મદદથી માર્યો હતો.[2]

### તા૦ ૧૭ મી આપરેલ

મી૦ જેમસ ટેલર નામના એક ઇંગ્રેજ ગ્રહસ્થે મુંબઈ તથા ઇંગલાંડ વચ્ચે વખતે વખત આગબોટના સાધાની "સ્ટીમરો" ફેરવવાને લગતી એક મદેહ નજર કાઢી હતી, તે ઉપર વિચાર કરવાને આજ દીને અતરેના ઇંગ્રેજ તથા દેશી રેહવાસીઓની એક જાહેર સભા "નેટીવ એડ્યુકેશન સોસાઇટી" ના દીવાનખાનામાં મળી હતી. પ્રમુખપદ શરનશીનની ખુરસી મી૦ ફારરે લીધી હતી. આ વેળાએ ઘણાક યુરોપિયન ગ્રહસ્થોએ ભાષણ કરી મી૦ ટેલરની સુચનાને પસંદ કીધી હતી. એ પછી દેશીઓની તરફથી શેઠ જગનાથ શંકરશેઠે ઉભા થઈ જણાવ્યું કે તેઓ આ કામમાં મી૦ ટેલરની હીલાજ નથી ફતેહ ઇછે છે, સબબ એથી જેમ ઇંગ્રેજોને તેમજ દેશીઓને પણ ફાએદો થશે. શેઠ ફરામજી કાવસજી બનાજીએ ઉપલા બોલવાને ટેકો આપ્યો, અને આ કામ પાર પડે એવી દોઆ ઇછી.[3]

### તા૦ ૨૮ મી આપરેલ.

રોજ ૨૯ માહ ૭ (ર્થિ૦) ૧૧૯૯ યજદજરદી.

આજ દીને ઉદવાડા મધે શેઠ પેશતનજી ખુરશેદજી મોદીએ પોતાના મરહુમ મુરબ્બી પુણાવાલા શેઠ ખુરશેદજી જમશેદજી મોદીની નામે એક દોખમું તથા સગડી બંધાવી તે પરઠવાનું જશન કરાવ્યું હતું.[4]

---

" શવાનને વાસને તદરીવશતી પદાવી હતી જે શ્રી મુંબ
" ઇના દોખમાના ડુંગર ઉપર સગડી એક બેહેશતીની
" નામે બનાવીશું તે કારણસર બાજદીઅશની
" દીનના અંજુમનના સાહેબોને અરજ કીધાથી એ
" જગા બતલાવી તેથી શેઠ દાદીભાઇ નશરવાનજીના
" ડુંગર ઉપરની થોડી જમીન તથા થોડી પારસીની અં
" જુમનના ડુંગરની જમીન લઇને મેલવીને આએ
" સગડીનું કામ જરતોશતી લોકોની અંજુમનને વાસતે
" શરૂ કીધું તે રોજ ૨૬ મે આશતાદ માહા ૭ મે મેહેર
" મહીનો કદમી સને ૧૧૯૯ ઇઅજદજરદી કદમી, શંવત
" ૧૮૮૬ ના વરખે ચઇતર સુદ ૨ ને વાર શુકરે, તારીખ
" ૨૬ મી માર્ચ સને ૧૮૩૦ ઇશવીને દીને તમામ
" થાઉ ને એ દીનેથી એ સગડીની એમારત જરતોશતી
" દીનની અંજુમનને હવાલે આપીછે "

૧ મુંબઇના સમાચાર, તા૦ ૧૨ મી આપરેલ ૧૮૩૦

આ મેનાવડાનો અહેવાલ શેઠો દાદાભાઈ તથા મનચેરજી પેશતનજી વાડીઆની પેઢીના વડા કારભારી મરહુમ શેઠ ખરશેદજી દોરાબજી બંગાલીએ ઇંગ્રેજી ભાષામાં એક નોંધપુસ્તકમાં લખેલો અમારા વાંચવામાં આવ્યો છે, તેમાં લખે છે કે એ ઇમારત બંધાવવા પાછળ રૂ૧૬૦૦૦) નો ખરચ થયો હતો, તથા તે બાંધવાનું ઉપરીપણું શેઠો કુવરજી દાદાભાઈ અને ફકીરજી કાવસજી બીસતરીએ કીધું હતું. કે જેમને જશનની બીજ વખતમાં શાલો ઓઢાડવામાં આવી હતી. જશનની ક્રિઆ ઉદવાડેવાલા દસ્તૂર દારાબજી મેહેરાબજીએ કીધી હતી.

૨ મુંબઇના સમાચાર, તા૦ ૫ મી આપરેલ ૧૮૩૦

૩ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૧ મી આપરેલ ૧૮૩૦

૪ આ દોખમાની સામેની સગડીપર નીચે મુજબની તખ્તી મારેલી છે —

" પાક પરવરદેગારની મદદથી
" રોજ ૧૧ મો ખુરશેદ માહા ૯ મો આદર સને
" ૧૧૯૭ ઇઅજદજરદી—શંવત ૧૮૮૪ ને દન બોદા
" તાલાની બખશીશથી શ્રી ઉદવાડા મધે પાક જરતોશતી
" શીરકાના રવાનો અશોરરોહરોને વાસતે દખમું અનો-
" શેરવાની શરોશપાન મકાની બેહેદીન ખુરશેદજી જમશે
" દજી શેઠ મોદી પુનાવાલા અસલ રેહેનાર ખંભાએતના
" તેઓના રવાનની નામે અતે તેઓના વારેસ મોદી પેશત
" નજી ખુરશેદજીએ તાબે કરાવી કામ જારી કરી તમામ
" તઇઆર કરાવી રોજ ૨૫ માહા ૭ ને ઇજવાનું કામ
" જારી કરી રોજ ૨૮ મારેશફંદ માહા ૭ મેહેરઇજદ
" સને ૧૧૯૯ ઇઅજદજરદી, શંવત ૧૮૮૬ ના વઇશાખ

તા૦ ૫ મી મેએ.

રોજ ૬ માહ ૮ (શે૦) ૧૧૯૯ યજદજરદી.

મરણ—શાપુરજી શોરાબજી પારખ[1]—ઉમર વર્ષ ૫૦) શેઠ શોરાબજી એદલજી પારખના નાધના દીકરા. એવણ્ણ અતરેના એક જાણીતા વ્યાપારી હતા, તથા પોંતાના ભાઇઓ શેઠો માણેકજી તથા એદલજી અને શા૦ તનસીદાસ કાલાભોદી સાથે રાસમા "માણેકજી તનસીદાસ" ની પેહડીને નામે ચીન તથા બીજા દેશાવરો ખાતેનો મોટો વ્યાપાર ચલાવતા હતા. આ માટે એવણની પેહડીના "હેલન" અને "કારનવાલ" નામના બે વહાણો હતા.

---

તા૦ ૧૧ મી મેએ.

મુંબઈની "નેટીવ એડયુકેશન શોશાઇટી" ના શેક્રેટરી કપતાન જાર્જ જરવીસ પોતાને વતન ઇંગલાંડ સીધારવાના હોવાથી તેમને અતરેના દેશી રેહવાસીઓ તરફથી એક માન પત્ર તથા રૂ૩૦૦૦) ની કીમતની "પીસ ઑફ પ્લેટ" ભેટ આપવાને આજ દીને મુંબઇના દેશી આગેવાનોની એક સભા મળી હતી, જેમા ઘણાક યુરોપ્યન ગ્રહસ્થો તથા બાનુઓ પણ હાજર થયા હતા. શરૂઆતમા શેઠ ફરામજી કાવશજી બનાજીએ એક ભાષણ કરી કપતાન જરવીસને આપવાનુ માન પત્ર શેઠ અરદેશર હોરમસજી વાડીઆના હાથમાં આપ્યુ, જે તેઓએ બીજાઓ સભામાં વાચી સંભળાવ્યુ હતુ. તેમા કપતાન જારવીસે દેશીઓના છોકરાઓને ભણી આપવા બાબે જે દીલસોજી તથા તન મનથી મેહ કરી હતી તે વિષેની તારીફ કરી તેમનો ઉપકાર માન્યો હતો. એ માનપત્ર પર ૭ હિંદુ, ૧ મુસલમાન, અને નીચના પારસીઓની સહીઓ હતી.[2]

શેઠો બહમનજી હોરમસજી વાડીઆ, ખરશેદજી અરદેશર દાદી, જમશેદજી જીજીભાઇ, ફરદુનજી કાવશજી બનાજી, ખરશેદજી માણેકજી સરાફ, હોરમસજી હોરમસજી લશકરી, ખરશેદજી જમશેદજી જીજીભાઇ, નસરવાનજી વાડીઆ, નગીરજી ફરામજી બનાજી, ... તનજી ફરામજી બનાજી, માણેકજી ભીમજી બનાજી, ધનજીભાઇ મેહરૂાંમજી, બરજોરજી નાનાભાઇ દાવર, નસરવાનજી મનચેરજી કામાજી, પેશતનજી નવરોજજી બનાજી, મુલાં ફીરોઝ બીન કાઉસ.

---

તા૦ ૧૨ મી મેએ.

આજ દીને અતરેની "નેટીવ એડયુકેશન શોશાઇટી" ની વાર્ષિક સભા તેના દીવાનખાંનામા મળી હતી, જે વેળાએ સરનશીનની ખુરશી મુંબઈના ચીફ જસટીસ ધી હાનરેબલ સર જેમસ ડયુઆરે લીધી હતી. તે બાદ એ ખાતાંના શેક્રેટરી મી૦ આર. સી. મનીએ રીપોર્ટ વાચ્યો હતો, જેમાં જણાવ્યું હતું કે કમીટીએ ગયા સાલ વર્ષમાં છોકરાઓને શિખવા લાયક જુદાં જુદા પુસ્તકોની સઘળી મળી ૧૩૦૦૦) નકલો છપાવી હતી, તથા નિશાળોમા કેળવણી આપવા લાયકના ૨૫ શિક્ષકો તૈયાર કર્યા હતા. એ રીપોરટ વંચાઈ રહયા બાદ કમીટીનો ઉપકાર માનવાની શેઠ અરદેસર હોરમજજી વાડીઆએ દરખાસત કીધી અને તેને હાનરેબલ મી૦ મલકમાંડે ટેકો આપ્યો હતો. એ ખાતાના માજી શેક્રેટરી કપટાંન જારજ જરવીસનો ઉપકાર માનવાની શેઠ ફરામજી કાવશજી બનાજીએ દરખાસત કીધી અને તેને સર જે. પી. ગ્રાંટે ટેકો આપ્યો હતો. તે બાદ શેઠ માણેકજી ખરશેદજી સરાફે એક નાધનુ ભાષણ કરી નામદાર સરનશીનનો ઉપકાર માન્યો, અને તે પછી સભા બરખાસત થઈ હતી.[3]

---

તા૦ ૨૫ મી મેએ.

રોજ ૨૬ માહ ૮ (શે૦) ૧૧૯૯ યજદજરદી.

મરણ—રૂસતમજી દાદાભાઈ શેઠના[4]—ઉમર વર્ષ ૪૯) શેઠ દાદાભાઈ માણેકજી શેઠના જમાઈ તથા પાલક. એવણ શેઠ મેહરવાનજી ખરશેદજી શેઠના દીકરા હતા, પણ સસરાએ કરી લીધાથી તેવણના નામથી ઓળખાતા હતા. એવણને પોતાના સસરાની સઘળી દોલત તથા મીલકત મળવાથી એક મોટી પૂંજી ધરાવતા હતા. એવણનો વ્યાપાર ઘણો જુજવી હતો.

---

તા૦ ૨૫ મી મેએ.

મુંબઈમા સ્થાપેલી "એગ્રીકલચરલ એન્ડ હારટીકલચરલ શોશાઇટી" ની પેહલવેહલી સભા આજ દીને મળી હતી. તેમા કેટલુંક સાધારણ કામકાજ કર્યા

---

" ઘર ૬ બુધે એ દીને તમામ ૧ ચાતનાં શાહેઆ થા
" મીઅજદ કરીને જશન કરીઉછ શહી."

એ દોખજુ પરકવાના જશનમા શામેલ થવાને પેશતનજીએ તા૦ ૨૨ મી મારચ ૧૮૩૦ ના મુંબઈ સમાચારમા એક જાહેર ખબર આપી સર્વે જરથોસ્તીઓ અરજ કીધી હતી

[1] શેઠો જમશેદજી, નસરવાંનજી તથા મરહુમ શેઠ પેશતનજી અને માણેકજી શાપુરજી પારખના બા...

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૨૫ મી મેએ ૧૮૩૦.

[3] બોમ્બે ગેઝેટ, તા૦ ૧૯ મી મેએ ૧૮૩૦.

[4] શેઠ ફરામજી રૂસતમજી શેઠનાના બાવા, તથા શેઠ રૂસતમજી ડોસાભાઈ શેઠના (મી૦ મેકફારલેનવાલા) ના બપાવા

બાદ શેઠ ફરામજી કાવશજી બનાજીએ સભાને જાહેર કીધુ કે તેવણ પોતાના છાબડી માહેનાં ગામોમા રુતીનો પાક કરવાનો ઇરાદો રાખેછે, અને તે માટે બંગાલા ખાતેથી તેના રોપાઓ, તથા તે રોપી જાણનાર અને તેની દેખરેખ કરનાર એક હુશિયાર માણસ વકીક તેવણ મંગાવી ચુકાછે. બીજુ એજ ગામોમા તેવણે ૨૦૦) થી વધારે શેતુરના ઝાડો રોપ્યાછે કે જેમાંથી તેવણ જોગવાઈ મલેથી રેસમની ઉતપતી કરવાનો ઇરાદો રાખેછે. આ ઉપરથી સભા ઘણી ખુશી થઈ, અને આ નવા અખતરાઓમા તેમની પુર ફતેહ ઈછી.૨

---

તા૦ ૫ મી જુન.

મુંબઈ મધે જે આંખની ઈસ્પીટાલ (ઓપ્થાલ્મીક ઇનસ્ટીટ્યુશન) ઈ૦ સ૦ ૧૮૨૩ મા સ્થાપી હતી, તેનો વડો ડાક્ટર વીલ્યમ જેફરસન પોતાને વતન ઇંગલાંડ જવાનો હોવાથી તેને આજ દીને અતરેના દેશીઓની તરફથી એક માનપત્ર તથા ૩૦૦) ગીનીની કીમતની "પીસ ઓફ પ્લેટ" એક સભા ભરી ભેટ આપી હતી. આ માનપત્ર પર નીચના પારસીઓની સહીઓ હતી૨ —

શેઠો ખરશેદજી માણેકજી સરાફ, ખરશેદજી અરદેશર દાદી, અરદેશર ફરામજી દાવર, શેરાબજી બેહરામજી બનાજી, જાગીરજી દોરાબજી બનાજી, જાગીરજી અને નવરોજજી નશરવાનજી વાડીઆ, દાદાભાઇ જીજીભાઈ લીમ્બા, બેહરામજી કાવશજી બનાજી, નાનાભાઈ ફરામજી દાવર, દાદાભાઈ બેહરામજી બનાજી, ફરામજી ભીખાજી પાંડે, રતનજી હોરમજજી કોપર, દાદાભાઈ પેશતનજી વાડીઆ, બરજોરજી નાનાભાઈ દાવર, ફરામજી રતનજી મુસ, હોરમજજી ફરામજી સંતોક, મેહરવાનજી જીવાજી ઢોંડી.

---

તા૦ ૨૨ મી જુન

રોજ ૨૪ માહ ૯ (શે૦) ૧૧૯૯ યજદજરદી.

**મરણ**—દેસાઈ જામાસ્પજી ટેહમુલજી—ઉમર વર્ષ ૭૦) નવસારીવાલા પોપીઆ દેશાઈ ટેહમુલજી જીવણજીના વડા દીકરા. એવણે ઈ૦ સ૦ ૧૭૭૮ મા પોતાના બાપના મરણથી તેમને લગતા દેશાઈગીરીનો વહીવટ પોતાના કાકા દેશાઈ બરજોરજી જીવણજી સાથે મળીને ચલાવ્યો હતો. એ પછી બંને કાકા ભત્રિજાઓને કાંઈ ભાગ લાગને લગતી ભાંજગડો નિકલ્યાથી વડોદરા ખાતે ગાયકવાડ સરકારની હજુરમા પણ જવું પડયુ હતુ. તે બાદ ઈ૦ સ૦ ૧૮૨૧ મા દેશાઈ બરજોરજીના મરણથી એવણે એખલાએ સઘલો વહીવટ ચલાવ્યો હતો.

---

તા૦ ૫ મી જુલાઈ

રોજ ૭ માહ ૧૧ (ક૦) ૧૧૯૯ યજદજરદી.

**મરણ**—હોરમજજી એદલજી કામાજી૩—ઉમર વર્ષ ૬૪) શેઠ એદલજી કામાજીના વડા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૭૮૬ મા પેહલવેહલા શેઠ એદલજી બહમનજી (એદનકાકા) ની સાથે ચીન ગયા હતા. ત્યા વ્યાપાર વણજની ઘણીક માહીતી મેળવી પછી પોતાનો ખાનગી વ્યાપાર તથા આડતનુ કામ ચાલુ કીધુ હતુ, તથા શેઠ હોરમજજી બહમનજી વાડીઆ અને બીજા અતરેના જાણીતા વ્યાપારીઓની આડત કરતા હતા. આ માટે એવણે ત્યાની પુશ્કળ સફરો કીધી હતી ઈ૦ સ૦ ૧૮૨૩ મા એનાએ અતરે આવી એકાંત જીદગી ગુજરવા માંડી હતી. એવણે લાંબી મુદત ચીન મધે કાઢયાથી ચીનાઈ ભાષા સારીપેઠે બોલી જાણતા હતા, અને ચીનાઓ તથા આપણા લોકો વચ્ચે વ્યાપાર વણજ વગેરેના કાંઈ વાધા પડતો એવણની દુભાશીઆ તરીકે ઘણાઓને મદદ લેવી પડતી હતી આથી ચીનાઓ એમને "પાહાવા" કરી ઓળખતા હતા, કે જેનો અર્થ પણ દુભાશીઓજ થાયછે મુંબઈમા પણ કેટલીકવાર એવણને ઇનસાફની અદાલતોમા ચીના બંધવાઓને તેમની બોલીમા સમજાવવા માટે બોલાવ્યામા આવતા હતા, કે જે કામ એવણ કસ્સોપણ લવાજમો લીવા વગર ફકત સરકાર તરફના માનને ખાતર મુફત બજાવી આવતા હતા.

---

તા૦ ૯ મી આગસ્ટ.

જામે જમશેદ છાપખાનામાથી ફરવરદીન, અરદેબેહેશ્ત, તથા જમયાદ યશ્તો શીળા છાપપર છાપી તેનુ એક દફતર આજદીને બાહેર પાડવામા આવ્યુ હતુ.૪

---

તા૦ ૨૬ મી આગસ્ટ

રોજ ૨૯ માહ ૧૨ (ક૦) ૧૧૯૯ યજદજરદી.

**મરણ**—દોરાબજી બેહરામજી રાંદેરીઆ૫—ઉમર વર્ષ ૭૦) એવણ પોતાના જન્મ વતન રાંદેરથી ઈ૦ સ૦

---

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૨૯ મી મેઅે ૧૮૩૦

૨ બોમ્બે કુરીઅર, તા૦ ૧૯ મી જુન ૧૮૩૦

૩ શેઠ મનચેરજી હોરમજજી કામાજીના બાવા, તથા શેઠો રૂસતમજી દાદાભાઇ, અને હોરમજજી બેહરામજી કામાજીના બપાવા

૪ મુંબઇના સમાચાર, તા૦ ૯ મી આગસ્ટ ૧૮૩૦

૫ શેઠો ધનજીભાઇ ખરશેદજી તથા જાગીરજી દારાશાહ રાંદેરીઆના બપાવા એવણના એક ભાઈ શેઠ

૧૮૦૦ મા અતરે, આવા હતા, અને થોડીક મુદતમા શેઠ હોરમજજી દોરાબજી લશકરીની સાથે પેહલવેહલા ચીન ગયા હતા. ત્યાની બે ચાર સફરો એ પ્રમાણે કર્યા પછી પોતાને હીસાબે ચીન તથા મોરીસ ખાતેનો મોટો વ્યાપાર ચલાવતા હતા.

તા૦ ૧ લી સપટેમબર.

આજ દીનથી મુંબઈ મધે શેઠ નવરોજજી દોરાબજી ચાનદારૂએ "મુંબઈ વરતમાન" નામનુ દર અઠવાડીઆનુ ગુજરાતી વર્તમાન પત્ર કાઢવા માંડ્યુ હતુ.[૧]

તા૦ ૧૦ મી સપટેમબર.

મુંબઈની સુપરીમ કોરટના એક જડજ સર જાન પીટર ગ્રાંટે અતરેની સરકારી વરોડગને લગતી કાંઈ બાબદના કીવિના કેડાવની વીરૂધમા ફેસલો કર્યાથી તેને અતરેના ગવરનરની કૌનસીલે તેના જડજના ઓહ્દા ઉપરથી બરતરફ કર્યો હતો, અને તે માટે ઇંગલાંડ લખી વાળીઆથી ત્યાના સત્તાવાળાઓએ પણ તેને "રી-કોલ" કરવાનો હોકમ કીધો હતો.[૨] આ ઉપરથી તે જડજના આવા અપક્ષપાતપણાને લીધે તેને એ ઓહ્દો છોડતી વેળાએ અતરેના સઘળા વર્ગના દેશી રેહવાસીઓની તરફથી એક માન પત્ર આપવામા આવ્યુ હતુ.[૩] આ માટે સુપરીમકોરટમાં તે નામદારનો ઓરડો (ચેમબર) ઘણો નાનો પડે વાસ્તે મેડોઝસ્ટ્રીટમા "લીટરરી સોસાઈટી" ના પુસ્તકખાનાની પડોસમા શેઠ જમશેદજી નશરવાનજી વાડીઆવાળી કુશાદે જગોપર એક માંડવ બાંધી તેમાં તે માનપત્ર આપવામા આવ્યુ હતુ. આને લગતી સઘળી ગોઠવણો શેઠો જમશેદજી નશરવાનજી વાડીઆ, બેહમનજી હોરમજજી વાડીઆ, જીજીભાઈ દાદાભાઈ, અને ખારશેદજી માણેકજી સરાફ એઓની એક કમીટીએ કીધી હતી. બપોરના કોઢ વાગે સઘળી મીજલસ મળ્યાબાદ સર જે. પી. ગ્રાંટ ત્યા હાજર થયો હતો, જેને સભાની તરફથી શેઠ જમશેદજી નશરવાનજી વાડીઆએ એક નાનુ ભાષાણ કરી તેના તેઓથી જુદા પડવા વિષે દલગીરી જણાવી હતી. એ પછી દેશીઓ તરફનુ ૪૫૦૦ સહીનુ એક

થાપુરજી બેહરામજી રાકેનીઆ રાકેન ગામમા જમીનોના ઇજારા લઈ તેમનો ભોગવતો ચલાવતા હતા, તથા બીજા ભાઈ શેઠ રૂસતમજી બેહરામજી રાકેનીઆ એમની બાર ફતમા ચીન આવ જાવ કરતા હતા. આ પુસતકમા સફે ૧૧ મે તથા ૧૫ મે ગોદાવરા પથકના વડા મથક અંકલેસર ખાતેથી સુમાળી તથા રેણું ગામમા પેહલવેહલા મોકલેલા મોબેદોના જે નામોછે, તેમા જણાવેલો મોબેદ પેશોતન ખોરશેદ એઓના નીચે પ્રમાણે વડીલ થાયછે —

દોરાબજી બેહરામજી, હોમજી, નવરોજજી, કામદીન, પેશોતન, ખોરશેદ

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૮ મી સપટેમબર ૧૮૩૦

૨ સર જે પી ગ્રાંટે સરકારના કેડાવની વીરૂધમા ફેસલો કર્યાથી અતરેની સરકારે તેને માટે ઇંગલાંડ ફરીયાદ લખી મોકલવાથી ત્યાના સત્તાવાળાઓએ તેને "રી-કોલ" કીધો હતો, પણ તે પછી તેણે (મી૦ ગ્રાંટે) પોતાનો સઘળો અહેવાલ તથા પોતે સરકારની વીરૂધમા સુકરેલા મજકૂર મુકદમાની કેફીઅત લખી જણાવી પોતાનુ રાજીનામુ મોકલ્યુ હતુ. જે પછવાડેથી ઇંગલાંડના પાદશાહે કબુલ રાખ્યુ હતુ. જેથી તે (મી૦ ગ્રાંટ) ઇંગલાંડ પાછો જવાને બદલે કલકતા ખાતે બારીસટરનો ધંધો ચલાવવાને ગયો હતો. ત્યાથી તેણે તા૦ ૧૧ મી જુન ૧૮૩૧ ને દીને અતરે શેઠો બેહમનજી હોરમજજી વાડીઆ, જમશેદજી નશરવાનજી વાડીઆ, જીજીભાઈ દાદાભાઈ અને ખારશેદજી માણેકજી સરાફ ઊપર એક પત્ર લખી પોતાનુ રાજીનામુ ઇંગલાંડના પાદશાહે કબુલ રાખ્યા વિષે પોતાનો ખુશાલી જણાવી હતી, તથા મુંબઈના દેશીઓની તેના તરફની દીલસોજીને માટે ઊપકાર માન્યો હતો, અને ઇંગલાંડ ખાતે પોતે લખી મોકલેલા ઊપલા અહેવાલની છ નકલો એ સાહેબો ઊપર મોકલી હતી. એ પછી ઇંગલાંડના સત્તાવાળાઓએ એ નામદારને કલકતા ખાતે જડજ નેમ્યો હતો, પણ ટુંક મુદતમા તે મરણ પામ્યો હતો.

૩ આ માનપત્ર મી૦ ગ્રાંટને આપવા માટે મુંબઈના સઘળા વર્ગના દેશીઓએ એક અરજી અતરેના આગેવાન શેઠીયાઓ ફરામજી કાવસજી બનાજી, ખારશેદજી અરદેસર દાદી, જમશેદજી જીજીભાઈ, બેહમનજી હોરમજજી વાડીઆ, હોરમજજી દોરાબજી લશકરી, જમશેદજી નશરવાનજી વાડીઆ, દાદાભાઈ પેસતનજી વાડીઆ, ખારશેદજી કાવસજી બનાજી, બેહરામજી કાવસજી બનાજી, માધવદાસ રણછોડદાસ, દેવીદાસ હરજીવણદાસ, ધાકજી દાદાજી, અને જગનાથ શંકરશેઠ જોગ તા૦ ૧૧ મી જુલાઈ ૧૮૩૦ ને દીને કીધી હતી, અને તેમા મજબત ભલામણ કીધી હતી કે તેઓએ આગેવાની લઈ જલદીથી એક લાયક માનપત્ર એ નર્મ દીલના, અપક્ષપાત, અને દેશીઓના ખેરખાહ ન્યાએધિસને આપવુ. એ પછી જે વેળાએ આ માનપત્ર દેશીઓ મી૦ ગ્રાંટને આપવા જતા હતા તેજ વખતે સરકારના ચીફ શેક્રેટરીની સહી સાથના છાપેલા હેંડબીલો તેઓમા વેહચી ચેતવણી આપવામા આવી હતી કે "સર જે પી ગ્રાંટને 'કીંગ-ઇન કૌનસીલ' તરફથી રી-કોલ કરવામા આવેલોછે" આ છતા દેશીઓએ તેને બે વાર માનપત્રો આપ્યા હતા. સબબ તેઓની ખાતરી હતી કે તે સ્વધિ અને આપઅખત્યાર ન્યાએધિસ પોતાના ઓહ્દાની ખરી ફરજો બજાવતા અતરેના સત્તાવાળાઓનો ભોગ થઈ પડ્યો હતો. એ ઊપરાંત વળી અતરેના દેશીઓ તરફથી એક માયાળુ અરજી તા૦ ૨ જી ડીસેમબર ૧૮૩૦ ને દીને ઇંગલાંડના નામવર પાદશાહ ઊપર મોકલવામા આવી હતી કે સર જે. પી. ગ્રાંટને પાછો મુંબઈનો ન્યાએધિસ નેમવો

માનપત્ર અંતરેના બારીસ્ટર મી૦ રોપરે વાંચી સંભળાવ્યુ. જેનો મી૦ ગ્રાંટે લખાનથી જવાબ વાળ્યો, અને તેમા દેશીઓની જાહેર હીમતની તારીફ કીધી હતી.[1]

વળી બીજુ એક માનપત્ર અંતરેના મુખ્ય દેશી આગેવાનોની તરફનુ સર જાન પીટર ગ્રાંટને તા૦ ૧૩ મી સપટેમબર ૧૮૩૦ ને દીને "ટોઉન હાઉસ" મા તેના પોતાના ચેમબરમાં આપવામા આવ્યુ હતુ. તેને લગતી સઘળી ગોઠવણો શેઠ બહમનજી હોરમજજી વાડીઆ, જમશેદજી જીજીભાઈ, દાદાભાઈ પેશતનજી વાડીઆ, હોરમજજી દોરાબજી લશકરી, ફરામજી કાવસજી બનાજી, અને દાદી બરજોરજી અરદેસર દાદી એઓની એક કમીટીએ કીધી હતી. બરાબર સાઢાત્રણ વાગે સઘળા આગેવાન દેશીઓ, તેમજ કોરટના બારીસટરો, વકીલો, તથા બીજા અમલદારો હાજર થયા હતા. શેઠ બહમનજી હોરમજજી વાડીઆએ માનપત્ર વાંચી સંભળાવ્યુ, જે પર ૩૦૦ જાણીતા આગેવાન દેશીઓની સહીઓ હતી. મી૦ ગ્રાંટે તેનો લખાનથી જવાબ વાળી સઘળાઓનો ઉપકાર માનયો, અને મીજલસ બરખાસત થઈ હતી.[2]

તા૦ ૧૮ મી સપટેમબર.

રોજ ૨૨ માહ ૧૨ (શે૦) ૧૧૯૯ યજદજરદી.

**મરણ**—મેહરવાનજી માણેકજી તબાક[3]—ઉમર વર્ષ ૬૨) શેઠ માણેકજી નવરોજજી તબાકના વડા દીકરા. એવણ પેહલવેહલા ઈ૦ સ૦ ૧૭૯૦ મા પોતાના કાકા શેઠ સાપુરજી નવરોજજી તબાક સાથે ચીન ગયા હતા, અને ત્યા વ્યાપાર વણજને લગતો કેટલોક અનુભવ મેળવી પછી પોતાના ભાઈઓ સાથે ત્યાનો વ્યાપાર, તેમજ સેઠોની આડતનુ કામ ચલાવતા હતા. આ માટે એવણે ત્યાની ઘણીક સફરો કીધી હતી. મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટ એવણના મીસીઆઇ ભાઈ હતા, અને તેવણ પેહલવેહલા એવણની સાથેજ ચીન ગયા હતા. થોડીક મુદત સુધી એવણનો વ્યાપાર સારી રીતે ચાલ્યા પછી એકાએક ચોતરફથી મોટુ નૂકશાન થવા લાગ્યુ, જેથી સર જમશેદજીએ પોતાના ચઢતા વખતમા એવણને પાછા ચીન ખાતે આડતીઆ તરીકે મોકલી એક સારી પૂંજી કમાવી આપી હતી.

[1] બોમ્બે કુરીઅર, તા૦ ૧૧ મી સપટેમબર ૧૮૩૦

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૧૪ મી સપટેમબર ૧૮૩૦

[3] શેઠ માણેકજી પેશતનજી તબાકના બાપાવા

તા૦ ૪ થી અકટોબર.

શેઠ પેશતનજી માણેકજીએ પોતાના જામે જમશેદ છાપખાનામાથી આગ્રે વર્ષ (સનત ૧૮૮૭) ની સુરજગતી પંચાંગ ૨૨) ની કીમતે બાહેર પાડયા હતા[4].

તા૦ ૮ મી અકટોબર.

રોજ ૭ માહ ૨ (કદ૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—મુલ્લાં ફીરોજ બીન મુલ્લાં કાઉસ—ઉમર વર્ષ ૭૨) મુલ્લાં કાઉસ રૂસતમ જલાલના વડા દીકરા, તથા મુંબઈના કદમી ટોળાના વડા દસ્તૂર. એવણ ૮ વર્ષની ઉમરે પોતાના બાપની સાથે ઈ૦ સ૦ ૧૭૬૮ મા ઈરાન ગયા હતા. ત્યાં યઝદ સેહરમા તા૦ ૮ મી નવેમબર ૧૭૭૧ ને દીને મરાતેબ થયા હતા. તે પછી ત્યા ફારસી તથા આરબી ભાષાની પુખ્ત કેળવણી લઈ ઈ૦ સ૦ ૧૭૮૦ માં બાપની સાથે પાછા સુરત થઈને મુંબઈ આવ્યા હતા. અંતરે આવી ઈ૦ સ૦ ૧૭૮૬ મા એવણે પોતાની તથા પોતાના બાપની ઈરાન ખાતેની મુસાફરીનો હેવાલ ફારસીમા "દીને બેરદે મનજુમે" નામની કેતાબના આકારમા લખ્યો હતો. તે બાદ મુલ્લાં કાઉસના ઈ૦ સ૦ ૧૭૯૪ મા હૈદરાબાદ જવાથી મુંબઈના કદમી પંથના વડા દસ્તૂરનો ઓહદો એવણને મળ્યો હતો. એવણે પોતાનો આખો જનમારો પુસ્તકો લખવામા કાઢયો હતો. મુંબઈના ગવરનર જોનાથન ડંકનને એવણ રૂ૧૦૦) ને દરમાહે ફારસી શિખાડવા જતા હતા, તથા તેની સાથે "દશાતીર" કેતાબનો તરજુમો એવણે ઇંગ્રેજીમા કરવા માંડયો હતો, અને તેના ત્રણ ભાગ પુરા થાય તેટલામા તે નામદાર હાકેમ ઈ૦ સ૦ ૧૮૧૧ મા મરણ પામવાથી બાકીનો ભાગ અધુરો રહી ગયો હતો, જે એવણે મી૦ વીલ્યમ અરસ્કીન પાસે તમામ કરાવી ઈ૦ સ૦ ૧૮૧૯ મા છપાવી પરગટ કીધો હતો. આ તરજુમો છપાયા પછી હિંદુસ્થાનના ઘણાખરા ઇંગ્રેજોએ જોશમા તકરાર ચલાવી કે એ ચોપડી બનાવટથી ઉભી કીધીછે. આ તકરારોના જવાબો ઘણી બાહોશીથી એવણે તે વેળાના "બોમ્બે કુરીઅર" મા લખાન પત્રો લખી આપ્યા હતા. એવણે ગવરનર ડંકનના વખતથીજ જેમ ફીરદોસી શાએરે ઈરાનના પુરાતમ રાજ્યની તવારીખ ફારસી બેતોમા શાહનામામા લખીછે તેજ મુજબ અને તેજ કાવ્ય રચનાથી ઇંગ્રેજોની હિંદુસ્થાન મધેની ફતેહ અને તવારીખ ફારસી બેતોમા "જારજનામા" ને નામે રચવાનુ શરૂ કીધુ હતુ. આ નામુ બનાવવાને એવણે સરકારના આસરાની અરજ કર્યાથી ઈ૦ સ૦ ૧૮૨૪ ની તા૦ ૫ મી

[4] મુંબઈના શમાચાર, તા૦ ૪ થી અકટોબર ૧૮૩૦ એ પંચાંગ ફકત ત્રણ વર્ષ નીકલી બંધ પડયા હતા

અકોબરથી એવણને સરકારે દર મહીને રૂ૪૦૦) નો મુસારો એવણની જીંદગી લગણ બાંધી આપયો હતો. એ કામ એવણ મરણ પામ્યા ત્યા લગણ પુરૂં નહિ થવાથી એવણના મરણ બાદ તે એવણના ભત્રિજા તથા ગાદીના વારેસ દસ્તૂર રૂસતમજી કેકોબાદજીએ ઈ૦ સ૦ ૧૮૩૭ મા ત્રણ પુસ્તકોમા છપાવી બાહેર પાડયું હતુ, તથા નામદાર માહરાણી વિકટોરીયાને તે અર્પણ કર્યું હતુ. એવણે ઉપલા દસાતીર અને જારજનામા સિવાય બીજાં ઘણાં પુસ્તકો જુદે જુદે વખતે લખ્યાછે, તે સઘળાઓની ટીપ નીચે આપીછે —

૧ જારજનામુ. ૨ બેહદીન અને દાવરોનો બેવાન. ૩ ઈરાનીઓની શરૂઆતનો હેવાલ. ૪ જમાનાના દસતુર મોબેદોનો હેવાલ. ૫ નવાબ બાહદુરનો હેવાલ. ૬ મીર આલેમ બાહદુરનો હેવાલ. ૭ જનરાલ જોનાથન દંકનનો હેવાલ ૮ મીરજા મહમદ ઇબરાહીમ નામના સરકારના એક મુનશી વીશે બીના. ૯ દુનીઆના એક નાલાએક માણસ વીશેનુ બેઆન. ૧૦ મુનશી મીરજા અહમદના જવાબમા કશીદા. ૧૧ મોનાજાતો. ૧૨ મતાબ્રીએ મનજુમે. ૧૩ ગવરનર જનરલ મારકુઇજ આફ હેસટીંગસની તારીફ. ૧૪ મુલ્લા ફીરોજનો ગશ્ત. ૧૫ દીને બેહદ મનજુમે. ૧૬ જરથોશ્તની તારીફ. ૧૭ ગુનાહ અને તકશીરના મુસ્તરેશ. ૧૮ ગનામીનોના હજરતનાં દુશ્મની ફરીયાદ. ૧૯ દસ્તુરાન દસ્તુર પેશોતનનો બેનાબ. ૨૦ જરતોશતનામા કેતાબની નજમ. ૨૧ દસાતીર. ૨૨ દસાતીરના લોગતોની ડીક્ષનરી. ૨૩ મુલ્લાફીરોજની ગજલો. ૨૪ દસ્તુર ફરામજી સોરાબજી નોશારીવાલાની તારીફ. ૨૫ કેતાબે અવીજે દીન. ૨૬ એક દોસતનો જવાબ. ૨૭ રેશાલે અશલે કવી. ૨૮ બાદશાહની તારીફમા રૂબાઈ. ૨૯ પદનામેએ ફીરોજ.[૧]

ઉપલા પુસ્તકોમાથી દસાતીર, પદનામુ, દસ્તુર મોબેદોનો હેવાલ તથા કેતાબે અવીજેહ દીન (ગુજરાતીમા) છપાઈ બાહેર પડયાછે, અને બાકીના સઘળા હાથના લખેલાછે. વિદ્યા અભીઆસ સાથે એવણ ખુમેર, બગદાદ તથા ઈરાનના બીજા ભાગો ઉપરનો બ્યાપાર તથા આડતનુ કામ કરતા હતા. ઈ૦ સ૦ ૧૮૨૬—૨૭ મા મુંબઈમા કબીશાને લગતી તકરારમા કદમીઓ તરફના મુખ્ય આગેવાન તથા તકરાર ચલાવનાર એવણ હતા, અને તેવખતે એવણને નાણાં સબબ ની મોટું નૂકસાન ગયુ હતુ. એવણ તે વેળાની મુંબઈની પારસીની પંચાતના પણ એક અનવર હોદેદાર હતા. એવણે પોતાના મરણ અગાઉ પોતાનુ કીમતદાર કેતાબખાનુ જે મધે ફારસી, આરબી, તુરકી, નજુમની, તથા જંદ, પાજંદ, પેહલવી અને અંગરેજીની કેતાબો હતી તે પોતાને હાથે લખીને કદમી અંજુમનના સાહેબોના સ્વાધીનમા આપી હતી જે "એ કેતાબખાના ઉપર હમારા વારેશોનો કબજ દરઘડી પોહોચે નહી, અને એ કેતાબખાનું હમારે નામે શરૂ કોમના દાનાઓને વાચવા થકી જાહેરાતમા રાખવુ." એ વશીહત મુજબ એવણના મરણ પછી સઘળી કેતાબોનુ એક લીસ્ટ મોબેદ ફરદુનજી મરજબાનજી પાસે કરાવી કદમી આગેવાનોએ પોતાની દેખરેખ હેઠળ તે "મુલ્લા ફીરોજ કેતાબખાના" ને નામે સર્વે લોકોને વાચવાને માટે ખોલ્લુ રાખ્યુ હતુ. તેમજ ઈ૦ સ૦ ૧૮૫૪ મા એવણની ગાદીના વારસ દસ્તૂર રૂસતમજી કેકોબાદજીના મરણ તાકણે અતરેના જરથોસ્તીઓએ એવણનાં નામની યાદગારીને માટે "મુલ્લા ફીરોજ મદરેસા" નામની જરથોશ્તીઓના છોકરાઓને જંદ, પેહલવી, અને ફારસી સિખાડનાની એક મકતબ સ્થાપી હતી.[૨]

### તા૦ ૧૦ મી અકટોબર.

આજ દીને મરહુમ મુલ્લા ફીરોજ બીન કાઉસના ઉઠમણાની મજલેશમા તેમના વારેસોએ એ મરહુમ દસ્તૂર સાહેબનુ કેતાબખાનુ તેમના વશીહત મુજબ સર્વે લોકોને વાપરવાને જાહેરમા ખોલ્લુ રાખવા માટે કદમી અંજુમનના અકાબરોને સુપોરદ કરવાની તંદરોસ્તી પઢાવી હતી.[૩]

---

[૧] શેઠ જમશેદજી પાલનજી કાપડીઆવાળી "તવારીખે કદીમ ઇરાન" ની કેતાબનો દીબાચો સફે ૭૭.

[૨] એવણના મરણની બીજે દિવસે એટલે તા૦ ૯ મી અકટોબર ૧૮૩૦ ને દીને અતરેની સદર અદાલતના જડજ મી૦ જેમસ સટરલાંડ (કે જે એની પછી થોડે દિવસે મુંબઈના ગવરનરની કૌનસીલનો એક અધિકારી ઠરયો હતો) એ બનાવ માટે પોતાની તરફની દલગીરીનો એક પત્ર પોતાના દોસત શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆ ઊપર લખ્યો હતો, તે અતરે સદાબરો ટાકીએ છેયે —

MY DEAR DADABHOY,

I am much grieved to hear of the death of the learned and venerable Moola Feroze bin Kaoos, and many will be sorry on the occasion, for he was held most deservedly in high estimation by the literary community. To the Parsees, of whom he was so bright an ornament, his loss must be severe, for I fear he has left darkness behind, as he had not his equal as an oriental Scholar, and there is no one so well qualified to throw light on any difficulties on your ancient religion and literature as he was.

For my own part I never met a more gentlemanly person possessed of such amiable feelings as he had among any of the Natives of India.

I remain, my dear Sir,
Yours very faithfully
(Signed) JAMES SUTHERLAND

*Belmont 9th October 1830*

[૩] મુંબઈના સમાચાર, તા૦ ૧૮ મી અકટોબર ૧૮૩૦

### તા૦ ૧૧ મી અકટોબર

મુબઇની પારસી પચાતના ફડનો તા૦ ૮ મી નોમબર ૧૮૨૮ થી તે તા૦ ૨૭ મી અકટોબર ૧૮૨૯ સુધીનો હીસાબ આજના "મુબઇના શમાચાર" મા તરશટીઓએ છપાવી પરગટ કર્યોછે તેમાથી જોવામા આવેછે કે છેલા હીસાબની બાકીના રૂ૬૪૫૯૫)૧૭ા ઉપરાત આએ આખા વર્ષમા પચાતના ફડ ખાતે રૂ૧૦૧૬૫)૨૧ા ની આવક થઇ હતી, અને ખરચ કુલ રૂ૫૧૧૮૨ાા૧૩ા થયો હતો, જે બાદ કરતા વર્ષની આખરીએ તરશટીઓના હસતકમા સઘળા મળી રૂ૬૯૫૭૭ાા બાકી હતા.

---

### તા૦ ૨૫ મી અકટોબર.

મુબઈના ગવરનર સર જાન માલકમની યાદગારી આ દેશમા કાએમ રાખવા માટે અતરેના ઇગ્રેજ ગ્રહસ્થોએ તેનુ બાહવલુ ઉભુ કરવાને એક ફડ પોતપોતામા એકઠુ કરવાની હીલચાલ કરવા માડી હતી તેમા અતરેના દેશીઓએ પણ તે નામદાર તરફ પોતાની વફાદારીની નિશાન બતાવવા માટે શામેલ થવા માગલુ હતુ, અને તેઓની તરફથી નીચના પારસીઓએ એ કામસર નેમાયલી કમીટી ઉપર આજ દીને એક પત્ર[1] લખી તેમને તે કામમા શામેલ કરશે કે નહિ તે પુછાવ્યુ હતુ —

શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ (સરકારી ગોદીના વડા બીલ્ડર), ફરામજી કાવસજી બનાજી (છાસટીમા જમીનદાર), ખરશેદજી રૂસતમજી વાડીઆ (સરકારી ગોદીના બીજા બીલ્ડર), રૂસતમજી કાવસજી પટેલ (સરકારના બોટ કન્ત્રાકટર), ખરશેદજી માણેકજી સુરાફ અને શોરાબજી વાછાગાધી (કમીસરીઅટમા કન્ત્રાકટરો).

---

### તા૦ ૩૦ મી અકટોબર.

અતરેના લશકરી ખાતાનો એક અમલદાર મેજર જનરલ સર લાયોનલ સ્મીથ, કે. સી. બી. આએ ઇન્ડીઆમા વીશ વર્ષથી વધારે મુદત નોકરી બજાવી પોતાને વતન ઇગલાડ જવાનો હોવાથી તેના ઇગ્રેજ દોસ્તોએ તેને એક તલવાર તથા "શીસ ઑફ પલેટ" ભેટ આપવાને એક ફંડ કીધુ હતુ, જેમા નીચના ચાર પારસીઓએ રકમ ભરી હતી[2] :—

| | રૂપીયા. |
|---|---|
| શેઠ ખરશેદજી માણેકજી સરાફ . | ૧૦૦ |
| શેઠ ધનજીભાઈ ખરશેદજી સરાફ.. | ૫૦ |
| શેઠ માણેકજી ખરશેદજી સરાફ . .. | ૫૦ |
| શેઠ ખરશેદજી જમશેદજી જીજીભાઇ . | ૧૦૦ |

---

### તા૦ ૩૦ મી અકટોબર.

રોજ ૨૯ માહ ૨ (કo) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—આ૦ શોરાબજી જમશેદજી નાનાદારૂ—(ઉમર વર્ષ ૭૦) એવણ સુરતના કદમી પથના એક જાણીતા તથા ખબરદાર મોબેદ હતા. આથી શેઠ અરદેશર દાદીભાઇએ ઇ૦ સ૦ ૧૮૦૩ મા મુબઇમા કોટેકોટ તરફ પરહાપૂરી પોતાની આદરાનની દરેમેહરના વડા પથકી તરીકે એવણને સુરતથી બોલાવી રાખ્યા હતા. અતરે ૨૦ વર્ષ સુધી રહી ઇ૦ સ૦ ૧૮૨૩ મા સુરત ખાતે શેઠ પેશતનજી કાલાભાઇ વકીલવાલા કદમી આતશબેહરામની ક્રિઆને માટે એવણ ત્યા ગયા હતા, અને બાકીની જીદગી ત્યાજ ગુજારી મરણ પામ્યા હતા. ધર્મ સંબંધી બાબદોમા એવણ સારીપેઠે માહીતગાર હોવાથી સુરત તથા મુબઇના કદમીઓ એવણ તરફ ઘણુ માન ધરાવતા હતા

---

[1] આ પત્રની નકલ તા૦ ૩ જી નવેમબર ૧૮૩૦ ના "બોમ્બે ગેઝેટ" માથી નીચે ટાકીછે —

To the Committee of Superintendence for the erection of a statue of Major General the Hon'ble Sir John Malcolm G C B

We the undersigned with several of the Native Inhabitants of Bombay being anxious to evince our profound respect and esteem towards Major-General Sir John Malcolm G C B &c &c &c on his approaching departure from the Government of this settlement take the liberty of requesting that you will be pleased to inform us whether we may be allowed to join in the subscription now open with a view to commemorate the name of this distinguished Statesman

We have the honor to be,
Gentlemen,
Your most Obedient Servants,

NOWROJEE JAMSETJEE,
*Head Builder to the Hon'ble Company*
FRAMJEE COWASJEE,
*Landholder on Salsette,*
CURSETJEE RUSTOMJEE,
*Second Builder to the Hon'ble Company*
RUSTOMJEE COWASJEE PATELL,
*Boat Contractor to the Hon'ble Company*
CURSETJEE MANOCKJEE,
SORABJEE VACHAGANDY,
*Contractors in the Commissary's Office,*

Bombay 25th October 1830
[*Bombay Gazette, 3rd November 1830*]

સાભલ્યા પ્રમાણે એમા દેશીઓને શામેલ નહિ કર્યાથી તેઓએ તા૦ ૨૯ મી નવેમબર ૧૮૩૦ ને દીને પોતાની તરફનુ એક જુદુ માનપત્ર સર જાન માલકમને આપ્યુ હતુ, તથા તેની એક આખા કદની તસવીર ઉતરાવી તે "નેટીવ એડયુકેશન શોશાઇટી" ના દીવાનખાનામા ટાગી હતી

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૩૦ મી અકટોબર ૧૮૩૦.

### તા૦ ૩૧ મી અકટોબર.

### રોજ ૩૦ માહ ૧ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—જમશેદજી સોરાબજી લશકરી—(ઉમર વર્ષ ૩૧) એવણ "આલીસ હજારના જમશેદજી" ને નામે અતરેના પારસીઓમા ઓળખાતા હતા. સબબ પોતાના મામા શેઠ બહમનજી તથા જહાંગીરજી માણેકજી પથકીની સાથે એવણ નાગપોર તરફ વ્યાપારને માટે ગયા હતા, અને ત્યાથી આવી તેઓ સાથેનો ભાગ છુટો કીધો, જેમા એવણને ફાલે રૂ૪૦૦૦૦) ની રકમ આવી હતી.

---

### તા૦ ૧૫ મી નવેમબર.

અતરેના કેટલાક ઇંગ્રેજ ગ્રહસ્થોએ "બોમબે જેનરલ લાઇબ્રેરી" નામે એક પુસ્તકખાનુ સ્થાપ્યુ હતુ, તેને માટે શેઠ ફરામજી કાવસજી બનાજીએ પોતાના ઇંગ્રેજ બજારમાના ઘરનો હવાવાલો માલ ફકત રૂ૭૦) ને ભાડે આપ્યો હતો, તે માટે આજદીને તે પુસ્તકખાનુ ઉઘાડવાની સભામા સર્વ ઇંગ્રેજ ગ્રહસ્થોએ એકમતથી શેઠ ફરામજીનો આવા સુભ કામમા મદદ કરવા થકી મોટો ઉપકાર માનવાનો ઠેરાવ કીધો હતો.[૧]

---

### તા૦ ૧૭ મી નવેમબર.

### રોજ ૧૭ માહ ૨ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

આજ દીને મુંબઈ મધે ચંદનવાડીના રસ્તા ઉપર શેઠો બહમનજી, રૂસતમજી અને અરદેસર હોરમજજી વાડીઆએ પોતાના બાવા મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆની નામ્નીતે શેહનશાહી જરથોસ્તીઓને માટે આતશબેહેરામ બનાવી પરઠાવ્યા હતા. આ વેળાએ સુરત, ભરૂચ, નવસારી તથા બીજા દેહવરો ખાતેના મળી લગભગ ૧૦૦૦) જરથોસ્તીઓ, તથા મુંબઈના લગભગ તમામ પારસીઓ તે ક્રિઆમા શામેલ થયા હતા. એ આતશબેહેરામને લગતી સઘળી ક્રિઆ અતરેવાલા દસ્તુર એદલજી દારાબજી સંજાણાના ઉપરીપણા હેઠળ થઈ હતી, કે જેમને જશનની ક્રિઆ પુરી થયા બાદ જુદા જુદા જરથોસ્તીઓ તરફથી આ પવિત્ર કામ બાહોશીથી સંપુરણ રીતે બજાવવા માટે સઘળી મળી ૩૭) શાલો શીરપાવમા આપી હતી.[૨] એ પછી મજકૂર શેઠો તરફથી સર્વે જરથોસ્તીઓને નેઆતનુ જમણ જમાડીઆમા આવ્યુ હતુ, અને આખો દિવસ સઘળા જરથોસ્તીઓએ ખુશી ખુશાલીમા ગુજાર્યો હતો.[૩]

૧ બોમબે કુરીઅર, તા૦ ૨૦ મી નવેમબર ૧૮૩૦.

૨ બોમબે કુરીઅર, તા૦ ૨૩ મી નવેમબર ૧૮૩૦.

૩ મુંબઈના શમાચાર, તા૦ ૨૨ મી નવેમબર ૧૮૩૦.

આ આતશબેહેરામ સાહેબને તખ્તનશીન કરવાના જશનમા શામેલ થવાને શેઠો બહમનજી, રૂસતમજી અને અરદેસર હોરમજજી વાડીઆએ ૧॥ માસ આગમજથી ઇથાને તા૦ ૪ થી અકટોબર ૧૮૩૦ થી મુંબઈના શમાચાર પત્રની મારફતે જાહેર ખબર છપાવી મુંબઈ, સુરત, નવસારી, ભરૂચ, વરોડરા, ખંભાત, ખેડા, ગોદાવરા, ગણદેવી, બીલીમોરા, વલસાડ, ઉદવાડા, દમણ, નારગોર, તારાપોર, કલીઆણી, દીવ, થાણા, પુણા, ગોરનદી, જાલના, અને તે વનાએ હિંદુસ્થાનના તમામ શેહરો, બંદરો, તથા ગામોના દસ્તૂરો, મોબેદો અને બેહદીનોને અરજ કરી નોતરયા હતા, તથા એની પેહલવેહલી બોઇ દસ્તૂર એદલજી દારાબજી સંજાણાએ દીધી હતી, અને એ આતશબેહેરામનુ મકાન અતરેવાલા જાણીતા મીસતરી શેઠ ભીખાજી સંતોકજીના ઊપરીપણા હેઠળ બંધાયુ હતું. એજ દીનેના જશનની મજલેસમા કહેછે કે મુંબઈની પારસી પંચાત તરફથી દસ્તૂર એદલજી દારાબજી સંજાણાને એક શેઆલ હોરાડી અતરેના શેહનશાહી જરથોસ્તીઓના વડા દસ્તૂર ઠેરવ્યા હતા. આ આતશબેહેરામ પરઠાયા તે બાબેની નોધ તે વેળાના ઇંગ્રેજી "બોમબે કુરીઅર" પત્રમા નીચે પ્રમાણે આવી હતી, જે અતરે સહાબરી દાખવી દરૂરત ધારૂં છૌં, સબબ ઇંગ્રેજી પત્રમા જરથોસ્તીઓને લગતુ એક ધર્મનુ મકાન પરઠાવાની આ પેહલવેહલી નોધ આવીછે:—

"On Wednesday last the 17th Inst Bomanjee, Rustomjee and Ardaseer Hormuzjee the sons of the late Hormuzjee Bomanjee (of whom so much is known here and abroad that it is unnecessary to say any thing further) consecrated the ground of the Principal Temple of Fire called the Auttish Vheram. Thousands of the Zoroasterians congregated at the spot to witness this most sacred and particular ceremony. Numberless Parsees from Surat, Broach, Nowsary, and other places in India came to Bombay on the occasion and the assembly was such a one as never was seen before in India. The building stands near the entrance of Girgaum a little beyond the Washerman's tank. It is square and extremely elegant. The Hall is richly ornamented with Chandeliers, Mirrors &c. &c. and the place where the Fire is deposited is paved with marble stones in the middle of which is placed a large silver vase of the value of upwards of 10,000 Rupees, in which the Fire just mentioned is placed. The donations were liberal and the whole expence from the commencement of the work up to the day of its consecration will have amounted to about one lac of Rupees. Every thing was conducted in a manner deserving of praise, and all the religious superintendance was under the controll and direction of the High Priest, named Edaldaroo, to whom upwards of (30) shawls have been presented by the principal Parsees, for his Zeal and activity in performing this most sacred ceremony."

એ આતશબેહેરામ સાહેબના દરવાજા ઊપરની તખ્તીમા નીચે પ્રમાણે ગુજરાતી લખાણછે:—

"શ્રી પાક દાદાર હોરમજદની મદદગારીથી શ્રી
"આતશબેહેરામ પાદશાહ, જે જરતોશતી ભલી દીનનાં

તા૦ ૨૫ મી નવેમબર.

આજ દીને ચીન મધે કંતાન પાતેથી ઈસ્ટ ઇંડીઆ કંપનીની સીલેક્ટ કમીટીના ત્રણ મેમબરો મીશીઅરસ વીલ્યમ બેયોનીસ, ચારલસ મારજોરીબેંક, અને જેમસ બેનરમેન, પોતાનો ઓહદો છોડી મુંબઈ જવાથી તેમને ત્યાંના પ્રતીષ્ઠીત વ્યાપારીઓએ એક માનપત્ર આપ્યું હતું, જેપર સઘળા ઇંગ્રેજો અને ફક્ત નીચેના પાંચ પારસીઓની સહીઓ હતી —

" લોકોનો બુજોરગ કેમસોછે, તેહને શ્રી મુંબઈ બંદર
" મધે બુજોરગીના તખત ઊપર તખતનશીન કીધાછે
" તેહેના રોજ ૧૭ મો શરોશઈવ્રદ માહ ૨ જો અર-
" દીબેહેશત અમશાસ્પંદ શને ૧૨૦૦ ઇઅજદેજરદી શેહે-
" નશાહી તથા તા૦ ૧૭ મી નવેમબર શને ૧૮૩૦ ઇશવી
" તથા વીક્રમાજીતના સંવત ૧૮૮૭ ના માગશર શુદ ૨ ને
" વાર બુધે તથા શાહલીવાહન શાકે ૧૭૫૨ તથા તા૦ ૩૦
" મી માહે જમાદીઆલ અવલ શને ૧૨૪૬ હીજરીમો
" મોબારક દાહાડે દીશના કલાક ૯ ને અમલે બેહેતર
" માજદીઅશની દીનનું તમામ અનજુમન મોહટા તથા
" નાહાના તથા બુજરોગવાર લોકો હર શેહેરના તથા
" બંદરો તથા કશબાવો તથા ગામોના તમામ એકઠા
" થઈને ઘણી ખુશી ખુશહાલી સાથે બની દીનના હોકમ
" પરમાણે શ્રી આતશબેહેરામ ફીરોજગર પાદશાહને
" તખતનશીન કીધાછે શહી અને તમામ માજદીઅ-
" શની દીનના લોકોએ નીઆએશ તથા બંદગી કરી
" શર જમીન ઊપર મુકીને બેહેશત મોકામ શેઠજી શ્રી
" શેઠ હોરમજજી બીન બહમનજી બીન નવરોજજી
" વાડીઆજી શાહેબના અનોશેહેરોવાન ઊપર દોવા અને
" આફરીન કીધી, તથા પરથમ એ આતશબેહેરામ શાહેબ
" તખતનશીન કરવાનો નેક એરાદો જનતમકાની શેઠ
" હોરમજજી બહમનજી વાડીઆજી શાહેબે પોતેજ ધારેલો
" હતો—પણ તે શાહેબની ઓમર વફા નહી કીધી
" તેઆર પછી તે શાહેબનું નેક કામ ધારેલું અંજામ આપવા
" શારૂ બાઈ બીહીબાઈજી તે શેઠજી બેહેશતી હોરમજજી
" શેઠની ધણીઆણી તથા તેવણના બેટાઓ વાડીઆજી
" બહમનજી, તથા વાડીઆજી રૂશતમજી તથા વાડી-
" આજી અરદેશરજી જનતમકાની શેઠ હોરમજજી વાડી-
" આજી એ ૪ શાહેબો એકદીલ થઈને ઘણી કોશેશ
" અને મેહનતથી પોતાના ખરચથી બેહેશતી વાડીઆજી
" શેઠ હોરમજજી બહમનજી શાહેબના અનોશેહેરવાનની
" નઈએતે એ આતશબેહેરામ પાદશાહને ઊપર લખેલી
" તરીખે તખતનશીન કીધાછે કે બેહેશતી શેઠજી હોરમ-
" જજી વાડીઆનું નેકનામ હમેશે ઈઆદગાર રેહે શહી "

એ આતશબેહેરામવાળા મકાનમાં અસલમાં મરહુમ શેઠ હોરમજજી બહમનજી વાડીઆએ ઈ૦ સ૦ ૧૮૦૫ મા પરહાવેના આદરાનનો દરેમેહર, તથા જશનોતીઓને સર અવસરે વાપડવાના બે જમનવારના ઓટલા એજ મરહુમ શેઠે બંધાવેના હતા તે આદરાનનો કેબલો એજ મકાનના પાછલા ભાગમાં, તથા મજકૂર ઓટલાઓ એમના એમ કાએમ રાખ્યા હતા

શેઠો ફરામજી પેશતનજી પાટક, નાનાભાઈ ફરામજી કાવશજી બનાજી, બરજોરજી માણેકજી ચીનાઈ, જાંગીરજી ખારશેદજી તારાચંદ, મેહરવાનજી હોરમજજી સુર્તી[1]

તા૦ ૨૭ મી નવેમબર.

મુંબઈ માંહેલા એકપુરા "થીએટર હાઉસ" ને સાંગારવા તથા તેની મરામત કરવા માટે અતરેના ઇંગ્રેજ ગ્રહસ્થોએ એક ફંડ ઉભું કીધુ હતું, જેમાં ઇંગ્રેજો તરફના ૩૪૨૧૫), હિંદુઓના ૩૨૨૫) અને નીચેના પારસીઓ તરફથી ૩૬૭૫) મળી ૨૫૦૧૫) ની રકમ થઈ હતી[2] —

| | રૂપીઆ |
|---|---|
| શેઠ બહમનજી હોરમજજી વાડીઆ | ૧૫૦ |
| શેઠ ફરામજી કાવશજી બનાજી .. .. | ૧૦૦ |
| શેઠ જમશેદજી જીજીભાઈ. . .. | ૧૦૦ |
| શેઠ ખારશેદજી અરદેશર દાદી . . | ૧૦૦ |
| શેઠ ખારશેદજી કાવશજી બનાજી .. | ૧૦૦ |
| શેઠ હોરમજજી દોરાબજી લશકરી .... | ૫૦ |
| શેઠ વીકાજી મેહરજી .: . | ૫૦ |
| શેઠ ખારશેદજી માણેકજી સરાફ . | ૨૫ |

તા૦ ૨૯ મી નવેમબર.

મુંબઈનો નામદાર ગવરનર સર જાન માલકમ, જી સી બી પોતાનો ઓહદો છોડી ઇંગલાંડ સીધાર-વાનો હોવાથી અતરેના મુખ્ય દેશી રહેવાસીઓએ આજ દીને તે નામદારને મકાને જઈ તેને એક માનપત્ર આપ્યું હતું. પ્રથમમાં શેઠ ફરામજી કાવશજી બનાજીએ એક નાહનું ભાષણ કરી તે નામદારની સ્તુતી કરી હતી જે પછી તેમની એક્સલેન્સી ઉપરથી શેઠ દાદાભાઈ પેશતનજી વાડીઆએ બુલંદ અવાજે માનપત્ર વાંચી સંભળાવ્યું હતું. જેમાં અતરેના દેશીઓ તરફથી તેમની દીનમોજી તથા મેહરબાનીની તારીફ કીધા બાદ અરજ કીધી હતી કે તે નામદાર દેશીઓને ખરચે પોતાની એક આબેહુબ તસવીર અતરેની "નેટીવ એડયુકેશન સોસાઈટી" ના દીવાનખાનામાં મુકવાને માટે ઊતરાવવા દેશે. આ માનપત્રપર સઘળા આગેવાન દેશીઓની સહીઓ હતી, જેમાં નીચેના પારસીઓની સહીઓ છપાયામાં આવી છે[3] —

શેઠો નવરોજજી જમશેદજી વાડીઆ, ખારશેદજી રૂસતમજી વાડીઆ, ફરામજી કાવશજી બનાજી, દાદી ખરશેદજી અરદેશર દાદી, ખારશેદજી માણેકજી સરાફ, શે-

૧ બોમ્બે ગેઝેટ, તા૦ ૫ મી ફેબરવારી ૧૮૩૧

૨ બોમ્બે કુરીઅર, તા૦ ૨૭ મી નવેમબર ૧૮૩૦

૩ બોમ્બે કુરીઅર, તા૦ ૪ થી ડીસેમબર ૧૮૩૦

ગભજી વાછાગાંધી, રૂસતમજી કાવસજી પટેલ, દાદાભાઇ પેશતનજી વાડીઆ, મનચેરજી પેશતનજી વાડીઆ, વીકાજી મેહરજી, પેશતનજી મેહરજી, પેશતનજી ખરશેદજી મોદી, અરદેસર રતનજી વાડીઆ, બેહરામજી ફરામજી વાડીઆ, કાવશજી માણેકજી હાસ્પારનર, હીરજીભાઈ રૂસ્તમજી પટેલ.

---

## તા૦ ૩ જી ડીસેમબર.

આજ દીને મુબઈના ગવરનર સર જાન માલકમ પોતાના રેસાલા સાથે પનાઈવાલી શેઠ ફરામજી કાવશજી બનાજીની જાગીર જોવાને ગયો હતો. તે નામદાર ત્યાંની સઘળી ખેતી કીવેની જમીનો, ઝાહડપાનો, કુવા તલાવો, સેરડીના રસમાથી શાકર બનાવવાના શાચાઓ, વગેરેના બીજા કેટલાક સુધારાઓ જોઈ ઘણો ખુસી થયો હતો, અને પોતા તરફની યાદગારીની કસ્મી ભેટ આપવા જોગ ચીજ તે સાથે લઈ નહિ જનાથી પોતાને વાપડવાનુ સોનાનુ ઘડીઆલ ગજવામાથી કાઢી શાકલી શુધાં શેઠ ફરામજીને ભેટ આપ્યુ, અને તેમની ઘણી સ્તુતી કરી પાછો વદાય થયો હતો.[1]

---

## તા૦ ૧૪ મી ડીસેમબર.

આજ દીને સુરત ખાતેના જુડીશીઅલ કમીશનર મી૦ જેમસ સદરલાંડે મુબઈની સરકાર તરફથી એક જાહેર દરબાર ભરી શેઠ અરદેશર ધનજીશાહ બાહદૂરને નામદાર ગવરનર સર જાન માલકમ જે શોનાનો ચાદ મોકલવાને ગયે વર્ષ કહી ગયા હતા તે ભેટ આપવાની ક્રિઆ કીધી હતી. આ વેળાએ ઇગ્રેજ તથા દેશીઓની એક મોટી ઠઠ વચ્ચે મી૦ સદરલાંડે ઇગ્રેજી ભાષામાં ઇગ્રેજ સરકારની તથા સુરતના રેહવાસીઓની જે કીમતી શેવાઓ શેઠ અરદેશરે બજાવી તે બાબે તથા સરકાર તેનાણ વિષે જે ઉચ્ચુ મત ધરાવેછે તે વિષે વીશતારીને એક સુભાષીત ભાષાણ કીધુ, અને તેનો મીરજા અબુતુરાબે ઉર્દુમા તરજુમો કરી સમજાવ્યો, જે પછી મી૦ સદરલાંડે પોતાને હાથે એમને ઉપલો ચાદ[2] પેહરાવ્યો હતો. તે પછી રૈયત તરફનુ એક માનપત્ર એનાણુની કોટવાલીની મીફતમાં લખેલુ સુરતના નગરશેઠે મી૦ સદરલાંડના હાથમાં આપ્યું, તે દરબારમા વંચાવ્યામા આવ્યુ. જેમા લખેલું હતુ કે એનાણુની કોટવાલીના વખતમા અમો સુરતની રૈયત "રાતના ઉઘાડા બારણા મેલીને રહીએ છૈએ ને ચોરોની કશી દેહેશત રેહતી નથી ને વળી ચોમાશામાં પણ બેફકરથી રહીએ છીએ ને તે નીવાએ કોઈ વક્તે આફતે આશમાનીથી અગનીની તથા પાણીની દેહેશત થાએછે તારેપણ એ અરદેશર બાહદર પોતાના જાનને શંભાલતા નથી ને રઇઅત શુખી થવાની તદબીર કરેછે." આ માનપત્ર વંચાયા બાદ મી૦ સદરલાંડે જણાવ્યુ કે સરકાર તરફના માન કરતા પણ આ રૈયત તરફનુ માનપત્ર શેઠ અરદેસરને વધારે માન લાયકછે. એ પછી શેઠ અરદેશરને એક સવારીના આકારમા તેમને ઘેર સર્વે લોકો વદાય કરી આવ્યા હતા.[3]

---

## તા૦ ૨૮ મી ડીસેમબર.

આજ દીને ચીનકતાનના બ્રીતિષ વ્યાપારીઓએ કતાન ખાતેથી ઇગલાંડની પાર્લામેટ ઉપર એક અરજી મોકલી હતી. તેમા લખ્યુ હતુ કે જ્યારે હાલમા ચીન સાથે બ્રીતિષ વ્યાવહારને લગતા કાએદાઓપર ધ્યાન આપવામા આવેછે, તથા ઇસ્ટ ઈંડીઆ કપનીનો હાલનો ચારટર બદલવાનો વખત આવ્યોછે, તે વખતે તેઓ નામદાર પાર્લામેટને સુચના કરવા માગેછે કે આગલ ચીનના વ્યાપારને માટેના ઇગ્રેજી વાહણો એમોઈ, નીમપો, ચુસૌ, તથા ફોરમોસાના ટાપુઓ ભણી જવાને દેતા હતા, પણ હવડા થોડી મુદત થઈ તેઓને ઉપલા ટાપુઓ તરફ જવા દેતા બધ કરી ફક્ત કતાનના બારામાજ જવા દેછે, કે જયા બારે જગાતના બોજાને લીધે તેઓથી ઘણા વાહણો લાવી શકાતાં નથી, માટે તેનો બદોબસ્ત કરવો; અને બનેતો પીકીનની દરબાર સાથે ઇગ્રેજી દરબારે પરભારો સબધ રાખવો, કે જે વગર તમારા અરજદારો બીહેછે કે વ્યાપારનો ઘણો વધારો થઈ શકશે નહિ આ અરજીપર ૮૦ ઇગ્રેજ તથા નીચલા પારસી વ્યાપારીઓની શહીઓ હતી.[4]

શેઠો નશરવાનજી ફરામજી, બરજોરજી ફરામજી કોઠીદાર, બરજોરજી માણેકજી ચીનાઈ, જાગીરજી ખરશેદજી તારાચદ, ફરામજી પેશતનજી પાઠક, શોરાબજી કાવસજી ખરાસ, મેહરવાનજી હોરમજજી સુસ.

---

૧ બોમ્બે કુરીઅર, તા૦ ૪ થી ડીસેમબર ૧૮૩૦.

૨ આ ચાદપર નીચે પ્રમાણે લેખ કોતરેલોછે.—
"This medal is presented to Ardasir Dhunjeeshah Bahadoor, Kotwal of Surat, in token of the high sense entertained by the Bombay Government of the diligence and fidelity with which he has performed his public duties both as an officer of police and in other capacities" 1st January, 1830

૩ મુબઈના શમાચાર, તા૦ ૨૭ મી ડીસેમબર ૧૮૩૦

૪ બોમ્બે ગેઝેટ, તા૦ ૩૦ મી માર્ચ ૧૮૩૧

# ઈ૦ સ૦ ૧૮૩૧.

આએ વર્ષના "બોમ્બે ગેઝેટ" માંથી નીકલેના ઇ ગ્રેજી કાલેનડરમાર[૧] પારસીઓને લગતી નીચલી ખીના હતી

"બોમબે નેટીવ એડયુકેશન શોસાઈટી" ની માનેજીગ કમીટીમા ૧૩ ઇગ્રેજો, ૮ હિંદુ, ૩ મુસલમાન, અને નીચના બે પારસીઓના નામો હતા —

શેઠ ફરામજી કાવસજી બનાજી,
શેઠ જમશેદજી જીજીભાઈ.

### પારસી વ્યાપારીઓ.

શેઠો દાદાભાઈ પેશતનજી વાડીઆ, બહમનજી હોરમજજી વાડીઆ, ખરશેદજી આરદેશર દાદીની કંપની, જમશેદજી જીજીભાઈ, ખરશેદજી માણેકજી સરાફ, હોરમજજી દોરાબજી લશકરી, હોરમજજી ભીખાજી ચીનાઈ, ફરામજી કાવસજી બનાજી, જાગીરજી અને નવરોજજી નશરવાનજી વાડીઆ, શોરાબજી માણેકજી રૂસ્તમફરામના.

### પારસી દુકાનદારો અને વાઈન મરચંટો.

શેઠો ભીમજી ભીખાજી (પારેખ) સનસ એન્ડ કો૦, પેશતનજી ભીખાજી (પારેખ) એન્ડ કો૦, દાદાભાઈ કાવસજી (શાહેર) સનસ, ફરામજી નશરવાનજી (બાટલીવાલા) એન્ડ કો૦, એદલજી ખરશેદજી (બાપ્પસટર) સંનસ, ફરામજી જીવાજી ઢોડી, જાગીરજી નશરવાનજી (જથાવાલા), ખરશેદજી હોરમજજી જીવાજી (પોટગ), કાવસજી એન્ડ પેશતનજી (માગ્કર).

### સરકારી ગોદીના બીલ્ડરો.

શેઠો નવરોજજી જમશેદજી વાડીઆ, ખરશેદજી રૂસ્તમજી વાડીઆ, બેહરામજી ફરામજી વાડીઆ.

### સુપરીમ કોરટનો પારસી દુભાશીઓ.

શેઠ આરદેશર બેહરામજી લશકરી

### પારસી વાહણવટીઓ.

| વાહણનુ નામ. | માલેક. | ટણ. |
| --- | --- | --- |
| બોમ્બે કાસટલ | કેખશરૂ શોરાબજી રેડીમની અને બીજાઓ | ૫૮૨ |
| આરીએટ | કેખશરૂ શોરાબજી રેડીમની અને બીજાઓ | ૧૯૧ |
| આરલસ કારનસ | હોરમજજી ભીખાજી ચીનાઈની કંપની. | ૯૧૭ |
| એડમનસટન | રૂસતમજી કાવસજી પટેલ | ૪૫૮ |
| ફોરટ વીલીઅમ | રીમીંગટન એન્ડ કો૦ તથા જમશેદજી જીજીભાઈ | ૧૧૪૨ |
| જોસેફીના | ફરામજી કાવસજી બનાજી | ૮૫૮ |
| ગુડ સકસેસ | જમશેદજી જીજીભાઈની કંપની | ૫૪૫ |
| હેલન | તપસીદાસ, માણેકજી (શોરાબજી પારેખ) | ૬૦૬ |
| હીંદુસ્થાન(સ્ટીમ) | કરશનજી મરજબાનજી | ૦૦૦ |
| જાન બાનરમેન | મેહરવાનજી નવરોજજી (નાળીએરવાલા) ની કંપની | ૮૧૬ |
| લારડ કાસલરે | હોરમજજી દોરાબજી લશકરી | ૭૬૨ |
| સુલેમાની | ફરામજી કાવસજી બનાજી | ૬૦૯ |
| પારસીઆ | ખરશેદજી અને જાગીરજી આરદેશર દાદી | ૮૦૨ |

૧ The Bombay Register and Directory for 1831
*Bombay, printed at the Gazette Press*

### તા૦ ૨૨ મી જાનેવારી.

આજ દીને મુબઈના આકટીંગ ગવરનર હાનરેબલ મી૦ રોમરે પોતાના મકાનમા એક દરબાર ભરી સુરતવાલા મોદી રૂસતમજી ખુરશેદજીને એક ખેલાત ભેટ આપ્યો હતો. આ વેળાએ શેઠો ફરામજી કાવસજી બનાજી, જમશેદજી જીજીભાઈ, નવરોજજી જમશેદજી વાડીઆ, અને બીજા આગેવાન પારસી ગ્રહસ્થો ત્યાં હાજર થયા હતા. મી૦ રોમરે કહી સમજાવ્યુ કે આએ જવાન ગ્રહસ્થના લાભો તેના બાપની માફક સાચવવાની અને ટેકાવી રાખવાની આપણને જરૂરછે, અને આએ પુરાતમ કુટુંબને ઘટતુ માન આપવાને કોઈ ના પાડશે નહિ, વગેરે કહી શેઠ રૂસતમજીને ખેલાત ભેટ આપી સભા બરખાસ્ત કીધી હતી.[૨]

### તા૦ ૨૨ મી જાનેવારી.

રોજ ૨૩ માહ ૪ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—રૂસતમજી જમશેદજી ચીનગર[૩]—ઉમર વર્ષ ૫૦) એનણે નવસારીથી અતરે આવ્યા હતા, અને

૨ બોમ્બે કુરીઅર, તા૦ ૨૯ મી જાનેવારી ૧૮૩૧

"The Hon'ble the Governor seized the opportunity to impress on those present, the propriety and necessity of supporting the interests of the young man, as they had those of his father, and hoped that the late disputes on the Kubbeesa question would never operate with any to withhold from so ancient a family the honor that was due to it, particularly as the present member was young, and needed all the counsel of the older and more experienced Native Gentlemen. The young man whose name is Rustomjee Carsetjee Modee has a pleasing appearance and bears a high character The title Moodee, is Hindoo, and was acquired by this family more than a century ago from the English The duties of the Modee were always arduous. The Arbitrator among Parsees in all disputes—The Peace maker, and Judge on all civil matters that the law did not recognize His advice was given gratuitously, the family at one time having been independant of the patronage or favour of others, and considering itself the most noble of all those that left Persia for this country, springing from the Royal stock."

[*Bombay Courier, 29th January* 1831 ]

૩ મરહુમ શેઠ દોરાબજી જમશેદજી સકરાતવાળાના ભાઈ, તથા મરહુમ શેઠ પેશતનજી મનચેરજી ચીનગારના પિત્રાઈ એવણના બાવા શેઠ જમશેદજી તથા કાકા શેઠ મનચેરજી બેહરામજી ચીનગર નવસારીમાં બેદ વેચવાનો ધંધો કરતા હતા

શા૦ રતનસી ધારસી સાથે કપડનો વ્યાપાર કરતા હતા. ચીન ખાતે પણ એવણ અફીમનો મોટો વ્યાપાર શેઠ દાજીભાઈ મનચેરજી ઉનવાલાની મારફતમા ચલાવતા હતા.

---

તા૦ ૨૮ મી જાનેવારી.

આજ દીને મુંબઈની "એગ્રીકલચરલ એન્ડ હારટીકલચરલ સોસાઈટી આફ વેસ્ટરન ઇંડીઆ" ની એક સભા મળી હતી. સરનશીનની ખુરશી હાનરેબલ મી૦ ફેરીશે લીધી હતી એ ખાતાંના નેટીવ પ્રેસીડંટ શેઠ ફરામજી કાવશજી બનાજી તરફથી પવાઈના ગામમા તેમના એક ઈરાની માલી મેહરબાને રોપેલા આંગ ગાબાદના સ તરા તથા નીલગરીના પટેટાના રોપા, કે જે જમીનમા ફકત ત્રણ અઠવાડીઆના રોપેલા હતા, અને જેપર ખુબુતરના ઇંડા જેવડા પટેટા વલીક લાગા હતા તે સભામા રજુ કીધામા આવ્યા, અને તે વખાણવા લાયક ઠરવાથી ઉપલા શેઠ ફરામજીના માલી મેહરબાનને રૂ૩૦) નુ ઈનામ આપવામા આવ્યુ હતુ. એજ ગામમા થાયલા કાચા રેશમના થોડાક નમુના પણ સભામા દેખડાવવામા આવ્યા હતા.[1]

---

તા૦ ૧ લી મારચ.

મુંબઈના કોટમા બજારગેટના મોહલામા તરકારીની મારકીટની દખ્ખણ દશાપર શીનોર ફ્રાસીસ ડાસીઆસ તથા શેઠ નશરવાનજી મનચેરજી પોંચાનાએ પારસીઓના છોકરાઓને ઇંગ્રેજી સિખાડવા માટે એક સ્કુલ ઉઘાડી હતી.[2]

---

તા૦ ૧ લી આપરેલ.

રોજ ૨ માહ ૯ (કદ૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—ફરામજી હીરાજી લાહેર—ઉમર વર્ષ ૪૦) શેઠ હીરજી નવરોજજી હીરામાણેકના બીજા દીકરા. એવણ થાણાં મધે પ્રથમમા ઇંગ્રેજ સરકાર તરફથી સર-કારકુનનુ કામ કરતા હતા. તે પછી અતરે આવી થોડાક વ્યાપાર કરવા માંડયો હતો. એવણ તે વેળાએ ઇંગ્રેજીમા સારીપેઠે માહીતગાર હતા.

---

તા૦ ૧૨ મી આપરેલ.

રોજ ૧૩ માહ ૮ (કદ૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—બોદાબખશ મેહરબાન ઈરાની—ઉમર વર્ષ ૬૨) એવણ ઈ૦ સ૦ ૧૭૮૬ ને આસરે ઈરાનથી અતરે આવેલા હતા, અને મગોલ વ્યાપારીઓને ત્યાં વીમાની દલાલી, તથાં પોતાને હીસાબે ચીનનો વ્યાપાર કરતા હતા. જરથોસ્તી દીનઆઇનને લગતી ઘણીક બાબદોમાં એવણ તે વેળાએ ખબરદાર ગણાતા હતા.

---

તા૦ ૧૯ મી આપરેલ.

આજ દીને અતરેની નેટીવ એડયુકેશન સોસાઈટીની વાર્ષિક સભા મળી હતી. સરનશીનની ખુરશીએ મુંબઈનો નવો ગવરનર ગેઇટ હાનરેબલ અરલ આંફ કલેર બીરાજયો હતો. સેક્રેટરીએ વાંચેલા રીપોર્ટ ઉપરથી જણાયુ કે એ ખાતાને હસતક મુંબઈના જુદા જુદા લટાઓપર બની મળી ૫૬ ગુજરાતી તથા મરાઠી નિશાલોછે, અને તેમાં ૩૦૦૦ છોકરાઓ કેળવણી લેછે એ પછી ચહડતા વર્ગોના વિદ્યાર્થીઓને ઇનામો આપ્યા બાદ નામદાર ગવરનર, ચીફ સેક્રેટરી મી૦ ન્યુનહામ, સર જાન આઇરી, શેઠ જગનાથ શંકરશેઠ, ફરામજી કાવશજી બનાજી, અને બમનજી માણેકજી વગેરે નાથના નાથના ભાષણો કીધાં હતા, અને સભા બરખાસ્ત થઈ હતી[3]

---

તા૦ ૨૨ મી આપરેલ.

રોજ ૨૩ માહ ૮ (કદ૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—શેરાબજી માણેકજી રૂસતમફરામના[4]—ઉમર વર્ષ ૭૨) શેઠ માણેકજી રૂસતમજી ફરામજીના દીકરા. એવણ પ્રથમમા શેઠ મનચેરજી કામાજીના મેહતા તરીકે ચીન ગયા હતા, અને તે પછી પોતાને હીસાબે ચીન ખાતેનો મોટો વ્યાપાર કરતા હતા. પાછના વર્ષોમા જઇફીને લીધે પોતાનો વહીવટ પોતાના ત્રણ દીકરાઓને સોપી એકાતપણે રહયા હતા. "એ ધણીએ પોતાની સઘલી વએ વેપારના કામમા કાહાડી હતી તેથી કરી વેપારના કામમો ઘણોજ પરવીણ અને પાકો થએના હતો."[5]

---

[1] બોમ્બે ગેઝેટ, તા૦ ૨૬ મી જાનેવારી ૧૮૩૧

[2] મુંબઈના સમાચાર, તા૦ ૮ મી આગસટ ૧૮૩૧

[3] બોમ્બે કુરીઅર, તા૦ ૨૧ મી આપરેલ ૧૮૩૧

[4] એવણના બાવા શેઠ માણેકજી રૂસતમજી ફરામજી પ્રથમમા અતરેની સરકારી ગોદીમા હતા તે પછી અતરે તથા સુરત વચ્ચેનો પરચુરણ વ્યાપાર કરતા હતા. તેમના બાપ શેઠ રૂસતમજી ફરામજી જેવણ "રૂસતમ ફરામ" ને નામે ઓળખાતા હતા, તેવણ ઈ૦ સ૦ ૧૭૩૫ મા સુરતથી શેઠ લવજી નશરવાનજી વાડીઆ સાથે મુંબઈ આવ્યા હતા, અને અતરેની સરકારી ગોદીમા તેમના હાથ હેઠળ રહેલા હતા

[5] મુંબઈના સમાચાર, તા૦ ૨૫ મી આપરેલ ૧૮૩૧

તા૦ ૬ થી મેએ.

રોજ ૭ માહ ૯ (૬૦) ૧૨૦૦ યજદજરદી.

આજ દીને બાઈ દીનબાઈ તે શેઠ ફરામજી કાવશજી બનાજીની દીકરી તથા શેઠ નવરોજજી ખરશેદજી કાવશજી બનાજીના પેહલીવારના ધણિઆણીના ઉઠમણાની મીજલશમા તેમના બાવા શેઠ ફરામજી કાવશજી બનાજીએ ચોપાતીના ડુંગર ઉપર એક મોટું દોખમું બધાવવાની તદબીસ્તી પડાવી હતી. આ વેળાએ શેઠ ફરામજીની તરફથી શેઠ ખરશેદજી માણેકજી સરાફે એક અંજુમન પત્ર વાચી સંભળાવ્યો, તેમાં જણાવ્યું હતું કે એ દોખમું બાધવાપર "અમારી છોકરી બેહશતનશીન દીનબાઈના આશરે રૂપીઆ વીશહજાર હમો પાસેથી તે ખરચ કરવા, અને તે ઉપરાંત જે કાંઈ વધારે ખરચ લાગશે તે એ બેહશતનશીન દીનબાઈની માતા બચુબાઈ તથા દીનબાઈની બેહનો નામે બાઈ રતનબાઈ (શેઠ નશરવાનજી રુસતમજી ગણાના ધણિઆણી) તથા નવાજબાઈ (શેઠ ધનજીભાઈ બેહરામજી ગણાના ધણિઆણી) તથા મેહરબાઈ (શેઠ પેશતનજી નવરોજજી બનાજીના ધણિઆણી) તથા માણેકબાઈ (શેઠ દાદાભાઈ રૂસતમજી બનાજીના ધણિઆણી) તથા પીરોજબાઈ (શેઠ અરદેશર ખરશેદજી દાદીશેઠના ધણિઆણી) પોતાના રૂપીઆઓથી ખરચ કરીને એ દોખમાનું કામ પાક પરવરદેગારની ઈચ્છાથી શરંજામ પોહચાડીને અંજુમનને હવાલે કરશે" એ પછી એ દોખમું બંધાય તેટલી જગો બાઈ બચુબાઈ તે મરહુમ શેઠ અરદેશર દાદીભાઈના વીધવાએ પંચાતના દોખમાઓવાલા ડુંગરની પાસેના પોતાના ડુંગરમાથી આપવાને કબુલ કીધું હતું તે બાબે એ બાઈપર લખેલી ચીઠી તથા તેનો આવેલો જવાબ મીજલશમા વાચી સંભળાવ્યા હતા.[૧]

તા૦ ૧૨ મી મેએ.

રોજ ૧૩ માહ ૮ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

મરહુમ શેઠ જમશેદજી બેહરામજી લશકરીએ પોતાના મરનાર દીકરા શેઠ પેશતનજીની નશીએતે દમણ મરે એક દોખમું બધાવવા માંડ્યું હતું. તે દોખમું તૈયાર થવાની આગમજ શેઠ જમશેદજી મરણ પામવાથી તેવણનાં વીધવા બાઈ માણેકબાઈએ તે પુરૂ કરાવી આજદીને તેને પરકવાનું જશન કરી અંજુમનને સ્વાધીન કીધું હતું.[૨]

---

૧ આ બધું કાગજો તે વેળાના "મુંબઈના શમાચાર" માંથી હેઠળ ટાંકીએ છૈએ —

(શેઠ ફરામજીએ લખેલી ચીઠી)

"માતાજી શાહેબ બાઈ બચુબાઈ તે બેહેશતી શેઠ અરદેશરજી દાદીભાઈની ધણીઆણી લા૦ શેવક તમારો હમેશાનો દોઆગો ફરામજી કાવશજીની બંદગી વાચવી લખવા કારણ એછે જે આશમાની કજાથી હાલમાં હમારી છોકરી બાઈ દીનબાઈનું આ એ જહાનથી ગુજરી જવું થાએલું છે તેહની નશીઅતે શ્રી મુંબઈની પંચાતના દોખમાંવાલા ડુંગરની દેવાલને લગતો તમારો ડુંગરછે તે ઊપર એક દોખમું બાધવાની ખાએશ કરૂં છ વાશતે તમારી પાસે માગુછ કે પંચાતના દોખમાવાલા ડુંગરની દેવાલને લગતો તમારો ડુંગરછે તે ડુંગરમાથી મોટીના દોખમાની તરફથી એક કટકો ડુંગરનો એક દોખમાને પોહચી વલે એટલો જો તમો હમુને આપોતો તે ઊપર જરતોશતી ફેરકાના લોકોને વાશતે એક દોખમું બાવી અનજુમનને આપું અગર જો એ નેક કામને તમો કબુલ ફરમાવી આનો જવાબ લખોતો હમો એ ઊઠમણાની વેલાએ અનજુમનને જાહેર કરીએ એજ અરજ તા૦ ૫ મી મેએ ૧૮૩૧

લા૦ શેવક ફરામજી કાવશજી બનાજીનાની બંદગી વાચજો ને ઊપર લખેલ છે તેથી વાકેફ થાઈને મેહરબાનીથી એ જગો આપો એજ અરજ"

(ઊપલી ચીઠીનો જવાબ)

"પાક મનશનીના નેક ખાહેશવાલા ભાઈ ફરામજી કાવશજી બનાજીના લા૦ દોઆગો બાઈ બચુબાઈ તે બેહેશતી શેઠ અરદેશરજી દાદીભાઈની ધણીઆણીની દોઆ વાચવી લખવા કારણ એછે જે તમારી આએ ચીઠી વાચી હમો વાકેફ થાએઆ, અને તમારો નેક એરાદો વાચી આફરીન કીધી અને તમોએ જે અમારા ડુંગરમાથી એક દોખમા જોગ જગો માગીછે તે હમોએ મોટી ખુશીથી કબુલ કરી તમુને લખીએચ કે તમો બાધો તે એક દોખમાને પોચી વલે એટલી જગો આશરે કાઠી ૩૦) લાંબી તથા કાઠી ૨૦) પોહોરી મોટીના દોખમાની તરફથી હમારા ડુંગરમોથી અનજુમનના કામ સારૂ અમોએ આપવાને ઘણા ખુશી છઈએ કે તે તરફની દેવાલ ભાજીને તેટલી જગો તમો પંચાતના ડુંગરમો દાખલ કરીને તે ઊપર તમો ખુશીથી એક નવું દોખમું બાંધો હમોએ એટલી જમીન એ નવા દોખમાના કારણશર માજદીઅશની દીનના લોકોના કારણશર ધરમખાતે મોટી ખુશીથી આપીછે ખોદાએતાલા તમુને એથી જીઆદા નેક ખુશી આપે ને એવા નેક કામો કરવાની ખાએશ રાખતા રેહજો એજ વીનતી

તા૦ ૫ મી મેએ ૧૮૩૧ અંગરેજી

લા૦ બચુબાઈ તે શેઠ અરદેશરજી દાદીભાઈની ધરીઆણી, જત અમોને લખતા આવડતું નથી તેથી અમારે હાથે નીશાની કરીછે દા૦ શેઠ રોમજી રૂસતમજી (રાણા)

[મુંબઈના શમાચાર, તા૦ ૯ મી મેએ ૧૮૩૧]

૨ આ દોખમાપર તખ્તી મારેલી નથી, પણ તેને પરકાવવાના જશનમા શામેલ થવાને બાઈ માણેકબાઈએ તા૦ ૨ જી મેએ ૧૮૩૧ ના મુંબઈના શમાચારમા જાહેર ખબર છપાવી સઘળા દેશાવરો ના તેના જરથોસ્તીઓને અરજ કીધી હતી

### તા૦ ૧૩ મી મેએ.

મુંબઈની "એગ્રીકલચરલ એન્ડ હારટીકલચરલ શોસાઈટી" ની એક સભા આજ દીને મલી હતી. તે વેળાએ મુંબઈની જમીનની પેદાયશના જુદા જુદા ૯ ધણીઓ તરફના મોકલેલા નમુનાઓ ઈનામને લાયકના ઠરયા હતા, જેમા નીચલા બે ઈનામો પારસીઓને મલ્યા હતા.—

શેઠ ફરામજી કાવશજી બનાજી તરફથી તેમના છાસઠી માહેલા પવાઈ ગામમા ઉગાડેલા રેશમના નંબર ૧, ૨, ૩, ના અનુક્રમે ઉતર નમુનાઓ; તેમજ નીનગરીથી મંગાવેલા બીના રોપેલા પરેઆ, બંગાલી પટની સોપ્પા, સુરતી કમોદના ચોખા, માલાદાર ખાડ, અફીમ અને કાલમાના નમુનાઓ સભાને દેખડાવનામા આવ્યા હતા, જે મજલી રીતે ઉતેજન આપવા લાયક જણાયાથી તેને માટે મંડલી તરફનુ સૌથી વડુ રૂ૧૩૦) નુ ઈનામ અથવા સોના અને રૂપાનો ચાંદ આપવાને ઠેરવ્યુ હતુ. આ રૂપીઆ શેઠ ફરામજીએ પોતાનાં ગામ માહેના મજુરથી હુનરીઆર બેઠુલો અને કારીગરોને વેહચી આપવાને જણાવ્યુ હતુ.

શેઠ મેહરવાનજી રૂસતમજી દારૂખાનાવાલાના ચીખુરના ગામમા તેમના માલી વીઠુએ ઉગાડેલા ઓરબાનના રૂ તથા કપાસીઆ, તેમજ સુરત હાંકુમની કેલીના નમુના દેખડાવવામા આવ્યા હતા, જે સભાને ઘણા પસંદ પડયાથી તેને માટે રૂ૩૦) નુ ઈનામ અથવા રૂપાનો એક ચાંદ આપવાને ઠેરવ્યુ હતુ.[૨]

---

### તા૦ ૧૬ મી મેએ.

રોજ ૧૭ માહ ૯ (કદમી) ૧૨૦૦ યઝદજરદી

**મરણ**—નવરોજજી પેશતનજી પોહચાજી[૨]—ઉમર વર્ષ ૬૫) શેઠ પેશતનજી પોહચાજીના વડા દીકરા. એઓ પ્રથમમા શેઠ અરદેશર દાદીભાઈની પેહડીપર આવતા વાહણોના ફુલાવનુ કામ કરતા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૧૧ થી તે કામ મુકી દઈ પોતાને હીસાબે પરચુરણ વ્યાપાર કરવા માંડયો હતો.

---

### તા૦ ૧૯ મી મેએ

રોજ ૨૦ માહ ૯ (કદમી) ૧૨૦૦ યઝદજરદી

**મરણ**—હોરમજજી ફરામજી મેહતા[૩]—ઉમર વર્ષ ૬૧) એઓ ઈ૦ સ૦ ૧૮૧૦ થી શેઠ નવરોજજી કાવસજી નાજીએરવાલાની અતરેની વ્યાપારી પેહડીના મેહતા હતા, અને બાજે વખત શેઠ નવરોજજી તથા તેમના છોકરાઓની દેખાવરો ખાતેની ગેરહાજરીની વખતે એઓજ પેહડીનો સઘળો વહીવટ ચલાવતા હતા. "એ મરનાર એક સાચો અને ખુરો અને મોટી દયેઆવાલો અને નમરૂ અને સેઆણો પુરૂશ હતો."[૪]

---

### તા૦ ૩ જી જુન.

રોજ ૫ માહ ૧૦ (કદમી) ૧૨૦૦ યઝદજરદી.

આજ દીને મુંબઈ મધે ચોપાતીના ડુંગર ઉપર શેઠ ફરામજી કાવશજી બનાજીએ પોતાની દીકરી બાઈ દીનબાઈના પુનને માટે બંધાવવા માંડેલા દોખમાનો તાણો પુરવાની ક્રિઆ કરવામા આવી હતી.[૫] આ વેળાએ દોખમાઓવાલા ડુંગર ઉપર દશથી તે બારહજાર પારસીઓ ભેગા મલ્યા હતા. જશનની ક્રિઆ પુરી થવાબાદ શેઠ ફરામજીએ ડુંગરની હેઠલ માંડવા બંધાવી નેઆતનું જમન કરાવ્યુ હતુ ત્યાં સર્વે લોકો આનંદી કરી વદાય થયા હતા, અને આવડા મોટા મેલાવડાની મેનીજમા શેઠ ફરામજીની સાથે પંચાતના બીજા અગાબરો શેઠો નવરોજજી જમશેદજી વાડીઆ, બહમનજી હોરમજજી વાડીઆ, ખારશેદજી અરદેશર દાદીશેઠ, જમશેદજી જીજીભાઈ, ખારશેદજી માણેકજી મગર, હોરમજજી દોરાબજી લશકરી અને બીજાઓએ "સારો દાહડો કમર બાંધી મેહનત લીધી હતી"[૬]

---

[૧] બોમ્બે કુરીઅર, તા૦ ૨૧ મી મેએ ૧૮૩૧

[૨] શેઠ રાઘુરજી નવરોજજી પોહચા, તથા મરહુમ શેઠો દાદાભાઈ, નશરવાનજી, કાવશજી અને પેશતનજી નવરોજજી પોહચાના બાવા

[૩] શેઠો ફરામજી અને મેહરવાનજી હોરમજજી મેહતાના બાવા, તથા શેઠ પીરોજશાહ મેહરવાનજી મેહતા, એમ એ (બારીસટર) ના બપાવા

[૪] મુંબઈના શમાચાર, તા૦ ૨૩ મી મેએ ૧૮૩૧

[૫] આ બાબે એ દોખમાંના દરવાજાર બારેની તખ્તીમા નીચે પ્રમાણે લખેલુ છે :—

" .... ...અને રોજ ૫ મે માહ ૧૦ મે
" કદમી માહ ૯ મે રશમી શને ૧૨૦૦ ઇઅજદજરદી,
" તા૦ ૩ જી જુન શને ૧૮૩૧ ઇશવીને દીને એ બેહ-
" શતનનો બાગ્રાસો હતો તે દીને કદીમ બાજદીઅશની
" દીનના હોકમ મુજબ આએ દોખમાનો તાણો પુરાયો
" ...."

એ દોખમાનો તાણો પુરાવાના જશનમા શામેલ થવાને મુંબઈના તથા આખા હિંદુસથાનના સર્વે જરથોશતીઓને શેઠ ફરામજીએ તા૦ ૧૬ મી મેએ ૧૮૩૧ ના "મુંબઈના શમાચાર" મા જાહેર ખબર છપાવી નોતર દીધુ હતુ.

[૬] મુંબઈના શમાચાર, તા૦ ૯ મી જુન ૧૮૩૧
આ મેલાવડા બાબે નજરૂરે શમાચારના આકમા લખેછે કે —

" અને એ દીને શહવારથી તે શાંજ સુધી કોટમા અને કોટબાહેર એક પારશી કોઇએ જોઆઓ નહી

તા૦ ૭ મી જુન.

રોજ ૯ માહ ૯ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

આજ દીને ભરૂચ મધે ખગારવોડામા બાઈ હીરાંબાઈ તે મરહુમ શેઠ નવરોજજી કાવશજી નાળીએરવાળાના વીધવાએ પોતાના ખાવંદના પુનને માટે એક દરેમેહેર બંધાવી પરઠાવી હતી.[1]

---

તા૦ ૨૨ મી જુલાઈ.

રોજ ૨૮ માહ ૧૦ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—મનચેરજી નાહનજી વોરા[2]—ઉમર વર્ષ (૬૨) શેઠ નાહનજી નશરવાનજી કીકાજીના ચોથા દીકરા. એવણ પ્રથમમા પોતાના ભાઈ શેઠ શેરાબજી મનચેરજી રેડીમની, તથા તેમની પછી શેઠો ધનજીભાઈ અને ડેબ શરૂ શોરાબજી રેડીમનીની પેહડીમા હતા

---

તા૦ ૨૯ મી જુલાઈ.

આજ દીને નામે જમશેદ છાપાખાનામાથી તેના માલેક શેઠ પેશતનજી માણેકજીએ વંદીદાદનુ આખુ દફતર, તેની ક્રીઆને લગતી મતે સમજણ સાથે, દસ્તૂર એદલજી દારાબજી સંજાણાની તપાસ ઉપરથી છાપા ઉપર છાપી (ર નકલ ૩૧૭) ની કીમતે બાહેર પાડયુ હતુ.[3] એ પુસ્તક શેઠ જમશેદજી જીજીભાઈને અર્પણ કરવામા આવ્યુ હતુ.

---

તા૦ ૩૦ મી જુલાઈ.

રોજ ૨ માહ ૧૧ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—બહમનજી ફકીરજી ખરાસ[4]—ઉમર વર્ષ (૬૧) શેઠ ફકીરજી ધનજી ખરાસના બીજા દીકરા. એવણ પ્રથમમા શેઠ હોરમજજી બહમનજી વાડીઆની મારફતે માશીઅરસ ફારબસની કંપની તરફથી ઘોડાઓની ખરીદીના કામપર હતા. તે ઉપરાંત ઇંગ્રેજોને બરનુ ફરનીચર પુરૂ પાડવાનુ તથા કેટલાક રજવાડાઓનુ અંતરેનુ કામકાજ કરતા હતા.

---

આશરે શો પચાસ પારશી જે હરેક બારે દુખમા હશે તેજ લાચારીને લીધે આવી નહી શકીઆ હશે. કેહવુ શાભળ્યુ છે જે એક નામીચા પારશીને તા એક બનુ ગુજરીઉ તેહને પાછલા પોહરના ૪ કલાકના અમલ સુધી ઠેકાણે પોચાડવા જોગની માણસ મળી આવા નહી તેથી તે ખબર ૫ ચાતની હુરૂ પોચેથી છેક માણસો તાથી આવેથી ૫ કલાકે તે બનાને ઠેકાણે પોચાડુ એ રીતે લોકો બાહેર પડી ગીઉ હતુ કેવી રચના અને ગડીમા અને મેળાનુ મળવુ પારશી લોકોમા એક અચરત થયુ છે હવે બીજી ગનેઆતના લોકોએ એ રીતનો મેળો મળવાથી અચરત નહી રેહવુ કાજે પારશી લોકોના ધરમમા એ જગોને જાઇને જોવાનુ મોટુ પુનછે, અને તેજ દીને પાછલા પોહરથી તે જગોએ પારશી લોકોની અથતરીઓએ જવા માડીઉ તે ગએઓ શનવાર તથા આઇતવાર એ બંધે દીવશે અવતરીઓની મોટી ઠઠ મળી હતી તે વેળા તે જગો કોઇ પુરશ હતા નહી"

[1] આ દરેમેહરપર તખ્તી મારેલી નથી, પણ તેના પરઠાવ્યાનો ઊરસો દાઉડોવાર ભરૂચવાલા દસ્તુર દીનશાહજી પેશતનજી કામદીનજી તથા એ૦ દાદાભાઈ ફરદુનજીએ મેળવી આપ્યોછે

[2] શે૦ હોરાબજી મનચેરજી નાહનજી વોરાના બાવા. એવણના બાવા શેઠ નાહનજી નશરવાનજી કીકાજી કનીઆણીથી અંતરે આવ્યા હતા, અને ડોટી વેચવાનો ધંધો કરતા હતા

[3] "એ વંદીદાદ કે જેહને જુદદેવદાદ કરીનેબી કહછે એ પાક અને ખાલેસ અવસતાના ૨૧ નુસક હકની દરગાહથી આપણા મુજીરગ પેગમબર જરથોશત અસપતમાન અનોશેહરવાન લાવેઓ તે મધેનો (૨૦ મો દદ નુસક) જરૂર ઇઓજદાથરેગર ચોપડીને દીને માજદીઅસનીના કામમા પઢવાનો કીરીઆ મારગ તથા જોતી તથા આતરવખશીના સેહેલ તથા સોદા પરગણા સુધા દસ્તૂર સાહેબ દસ્તૂર એદલજી દારાબજી લકબે સંજાણાની તપાસ ઉપરથી. શ્રી હીનદોસતાનમા મુંબઇ મધે કમતરીન બેહેદીન પેશતનજી માણેકજીએ પોતાના નામે જમશેદના છાપાખાનામા છાપેઓછે છાપેઆનો સને ૧૨૦૦ નાકેસે ઇઅજદેજરદી જલૂસી"

આ આખુ પુસ્તક શીળાપર મરહુમ દસ્તૂર મનચેરજી એદલજી જામાસપ આશાનાને દસ્તખતે લખાયેલુ છે.

[4] શેઠ એદલજી બહમનજી મારીસ તથા મરહુમ શેઠ મેહરાબજી બહમનજી ખરાસના બાવા એવણના બાવા શેઠ ફકીરજી ધનજી ખરાસ (ફકીરા ખરાસ) પોતના બે ભાઈઓ શેઠો મેહરાબજી (મેહલી ખરાસ) તથા પેશતનજી (પેશી ખરાસ) ની સાથે અંતરે નેતર ભરવાનો ધંધો કરતા હતા આ ધંધામા તે વેળાએ અંતરે બીજા પારસીઓ પડેલા ન હોવાથી એઓ ત્રણેઉ ભાઈઓએ તેમા સારી પુંજી એકઠી કરી મુંબઈના "રૉડ સ્ટ્રીટ" મા કેટલીક મીલકતોના માલેક થયા હતા એવોના બાવા શેઠ ધનજી કુવરજી ખરાસે પ્રથમમા ઈ૦ સ૦ ૧૭૨૫ ને આસરે ભરૂચથી અંતરે આવી નેતર ભરવાનો ધંધો ચાલુ કીધો હતો મજકૂર ફકીરજી ખરાસના વડા દીકરા શેઠ જમશેદજી ફકીરજી (શેઠ પેશતનજી મેહરવાનજી ખરાસના બપાવા) તથા મેહરાબજી ખરાસના વડા દીકરા શેઠ બહમનજી મેહરાબજી (શેઠ પેશતનજી નવરોજજી ખરાસના બપાવા) પણ અંતરેના જાણીતા રેહવાસીઓ હતા છેલ્લા ગ્રહસ્થના એક નમીરા શેઠ શોરાબજી નવરોજજી ખરાસે (તે મરહુમ ડાકટર મેહરવાનજી શોરાબજીના બાવા) ઈ૦ સ૦ ૧૮૭૫ મા પોતાના મરણ સુધી દોટ સદીથી ઊતરતા આવેલા પોતાના વડીલોનો ધંધો "રૉડ સ્ટ્રીટ" મા તેમની જગા ઊપરજ ચાલુ રાખ્યો હતો

તા૦ ૩૦ મી જુલાઈ.

રોજ ૨ માહ ૧૨ (ક૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—નામદાર જાવીદ ઈરાની[૧]—(ઉમર વર્ષ ૫૦) એવણ ઈરાનથી ઈ૦ સ૦ ૧૭૯૦ ને આસરે અતરે આવેલા હતા તથા કેટલાક મોગલ વ્યાપારીઓ સાથે ઈરાન તેમજ ચીનનો વ્યાપાર ચલાવતા હતા. જરથોસ્તી દીન-આઈનને લગતી બાબદોમા એવણ તે વેળાએ ખબરદાર ગણાતા હતા, અને ઈરાનની આપણા લોકોની ચરચાની શહેરસમો વગેરેને માટે જોઈતી વેળાએ એવણ તેમજ મરહુમ આદાબખશ મેહરબાન ઈરાનીના મત લેવામા આવતા હતા.

---

તા૦ ૮ મી આગસટ.

રોજ ૧૧ માહ ૧૨ (ક૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—ફરદુનજી જમશેદજી નવાબ—ઉમર વર્ષ ૬૫) એવણ પ્રથમમા સુરતના નવાબની નોકરીમા હતા, જેથી "ફરદુન નવાબ" ને નામે ઓળખાતા હતા. તે પછી મુબઈમા આવી કમીસરીએટના કેટલાક કનત્રાકટો લીધા હતા, તથા તેમા એક સારી પુજી મેળવી હતી.

---

તા૦ ૧૨ મી આગસટ.

આજ દીને અતરેની "કમીસરીએટ" ના હેડ-એકાઉનટટ શેઠ શાપુરજી ફરદુનજી આકાને કમીસરી જનરલે પોતાની આફીસમા સઘળા અમલદારો, કારકુનો, કનત્રાકટરો, તથા કેટલાક વ્યાપારીઓની હજુરમા તેમની ૨૭ વર્ષની કીમતી નોકરીઓ—કે જે તેઓએ મુખ્ય કરી લડાઈના મેદાનમા પોતાના જાન માલની દરકાર કીધા વગર બજાવી હતી—તેના બદલામા એક રૂપાનો આદ નામદાર ગવરનરની કૌનસીલને નામે ભેટ કીધો હતો; તથા તેજ મીજલસમાં કમીસરી જનરલના હોકમથી કપ્ટાન હાલ ડે પારચમેનપર લખેલો એક માનપત્ર વાચી સભળાવી તે પણ તેનણને ભેટ આપ્યો હતો.[૨]

---

તા૦ ૧૫ મી આગસટ.

રોજ ૧૮ માહ ૧૧ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—મેહેરામજી ફકીરાજી—ઉમર વર્ષ ૬૫) એવણ "બેહરા ફકીરા" ને નામે અતરેના પારસીઓમા ઓળખાતા હતા. પ્રથમમાં એવણ આવપાઈ ખાતે શેઠ નવરોજજી કાવશજી નાળીએરવાલાની પેહડીપર નોકરીએ ગયા હતા. તે પછી ત્યાંના જાણીના વ્યાપારી મુસા માપવાની આડત લઈ મુબઈ આવ્યા હતા, અને હિયા તે ઉપરાત પોતાને હીસાબે ચીન ખાતેનો વ્યાપાર તથા આડતનુ કામ તેમજ અતરેના આરબ વ્યાપારીઓની મોતીની દલાલી કરવા માડી હતી. આ માટે એવણે ચીનની ઘણીક સફરો કીધી હતી.

---

તા૦ ૧૯ મી આગસટ.

રોજ ૨૨ માહ ૧૧ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

**મરણ**—માણેકજી ડોશાભાઈ વાડીઆ—ઉમર વર્ષ ૨૨) શેઠ ડોશાભાઈ જમશેદજી વાડીઆના દીકરા. એવણ પોતાના કાકા શેઠ નવરોજજી જમશેદજી વાડીઆના હાથ હેઠળ અતરેની સરકારી ગોદીમા હતા.

---

તા૦ ૨૮ મી આગસટ.

રોજ ૧ માહ ૧૨ (શે૦) ૧૨૦૦ યજદજરદી.

આજ દીને મુબઈવાલા શેઠ પેશતનજી ખરશેદજી કામા (ચીનાઈ) એ પોતાના પેહલીનારના ધણીઆની મરહુમ બાઈ જીવણાઈના પુનને માટે ગુજરાતથી પગરસ્તે આવતા જતા મુસાફરોના ઉતારાને કીજે શ્રી "જાએસોરડી" નામના ગામમા એક ધર્મશાલા બંધાવી ખોલી મુકી હતી.[૩]

---

[૧] શેઠ મનચેરજી હોરમજજી કામાજી તથા મરહુમ શેઠ મેહેરવાનજી ફરામજી પાડેના મામા.

[૨] મુબઈના સમાચાર, તા૦ ૧૫ મી આગસટ ૧૮૩૧ શેઠ શાપુરજીને આપેલા મજકૂર આદપર નીચલો લેખ કોતરેલો હતો:—

PRESENTED
TO
SHAPOORJEE FURDOONJEE,
*Head Accountant*
In the Commissary General's Office
BY THE HON'BLE THE GOVERNOR IN COUNCIL
Who also placed him on the
CLASS OF MERIT

For his Integrity during a Service of
27 years chiefly in the Field, where, his Zeal
frequently exposed his Life and Property
to immenent hazard

[૩] આ ધર્મશાલા ઉપર નીચલી તખ્તી જડેલી છે.—

"શ્રી દાદાર હોરમજદની મદદછે

"એ ધરમશાલા શેઠ પારશી પેશતનજી ખુરશેદજી
"કામાના શ્રી મુબઈ બંદરના રેવાશીએ પોતાનો મર-
"નાર ધણીઆણી જીવણાઈના પુન સારૂ એ જગાએ
"બાધીને સઘળી ગનેઆતના લોકોને ઉતારો કરવા સારૂ
"ધરમમા આપીછે એ ધરમશાલા રોજ ૧ લો માહા ૧૨
"મો કદમી સને ૧૨૦૦ ઈઅજદજરદી, તા૦ ૨૮ મી
"આગસટ સને ૧૮૩૧ ઈશવી. સવત ૧૮૮૭ ના
"શાકે ૧૭૫૩, શરાવણ વદ ૫ ને વાર રવેઉને દીને
"એ ધરમશાલાનુ કામ શમાપત કરી ધરમમા આપીછે"

એ ધર્મશાલા મુસાફરો તથા રાહદારીઓના ઉતારા કીજે ખોલી મુકવા બાબે શેઠ પેશતનજીએ તા૦ ૮ મી

### તા૦ ૩૧ મી અક્ટોબર.

મુબઈની પારસી પંચાતના ફંડનો તા૦ ૨૮ મી અક્ટોબર ૧૮૨૯ થી તે તા૦ ૨૬ મી અક્ટોબર ૧૮૩૦ સુધીનો હીસાબ આજના "મુબઈના શમાચાર" મા તરસ્ટીઓએ છપાવી પરગટ કર્યોછે તેમાથી જોવામા આવેછે કે છેલા હીસાબની બાકીના રૂ૨૯૯૫૭૩ા ઉપરાંત આએ આખા વર્ષમા પંચાતના ફંડ ખાતે રૂ૭૫૨૮ાા૭ા ની આવક થઈ હતી, અને ખરચ કુલ રૂ૫૫૮૭ાા થયો હતો, જે બાદ કરતા વર્ષની આખરીએ તરસ્ટીઓના હસ્તકમા સઘળા મલી રૂ૭૧૫૨૮ાા૭ા બાકી હતા.

### તા૦ ૮ મી નવેમબર

આજ દીનથી "મુબઈ વરતમાન" પત્રના માલેક શેઠ નવરોજજી દોરાબજી ચાનદારૂએ પોતાના વરતમાન પત્રનુ નામ "મુબઈના હરકારૂ અને વરતમાન" કરી રાખ્યુ હતુ, અને તે અઠવાડીઆને બદલે દર અઠવાડીઆમા બેવાર બાહેર પાડવુ કીધુ હતુ.[1]

### તા૦ ૧૭ મી નવેમબર.

આજ દીને મુબઈનો નામદાર ગવરનર અરલ ઑફ કલેર સવારના ૯ કલાકને અમલે શેઠ ફરામજી કાવસજી બનાજીવાળી પવાઈની મીલકત જોવાને પોતાના કેમ્પના સાથે ગયો હતો. ત્યા પ્રથમમા શેઠ ફરામજીની મોલાકાત લઈ પછી તેમની સાથે ગામમા ફરવાને નીકલ્યો હતો, અને રેશમ, ખાંડ, સાકર, ગલી તથા બીજી બનાવટો, તેમજ સેગડી પીલવાના નવી તરેહના કોલુઓ, તથા દારૂ ગાલવાની ભઠીઓ, અને તરેહવાર જાતના ઝાડપાનો, આસરે બે કલાક સુધી ફરી ફરીને જોયા અને ઘણો ખુશી થયો એ પછી સઘળાઓએ નાસતો કરી થોડોક વાર વીસામો લીધાબાદ નામદાર ગવરનરે સર્વેની હજુરમાં શેઠ ફરામજીને બોલાવીને કહી સભળાવ્યુ જે "અમે ગામને તમોએ બે વર્ષમા ઘણી સારી રીતે સુધાર્યુ તે જોઈ હુ ઘણો ખુશી થાઓછઉ કેમકે જે થોડી મુદતમા એવુ સુધરવુ ઘણુ જ કઠણુછે" પછે એક શાનદાર આશરે રૂ૧૬૦૦) ની કીમતનો પોતાના હાથમા લઈને શેઠ ફરામજીને કહ્યુ જે હમોએ તમારી મેહમાની કબુલ કીધી તેમ હુ તમને આએ એક ભેટ આપુ છુ તે તમારે કબુલ કરવી આ ઉપરથી શેઠ ફરામજીએ કહ્યુ જે, "હુ એ માંનને લાયકનો નથી, પણ તમો સાહેબ જ્યારે મેહરબાનગીથી આપોછો, ત્યારે હુ તે મોટી ખુશી સાથે કબુલ કરછુ, અને એ રીતે સદાકાલ તમો નામદારની માયાલુ સરકારે પોતાની પ્રજા ઉપર મેહરબાની રાખવી કે જેથી તેમનુ ભલુ થાય" એ પછી નામદાર ગવરનરે પોતાને હાથે શેઠ ફરામજીને શાલ દોરાડી માન આપ્યુ, અને સઘળાઓ ૩ા કલાકે ખાણા ઉપર બેઠા તે ૫ કલાકે ઉઠી પોતપોતાને મકાને ગયા.[2]

### તા૦ ૨૫ મી નવેમબર.

રોજ ૨૫ માહ ૨ (શે૦) ૧૨૦૧ યજદજરદી

**મરણ**—નશરવાનજી ખરશેદજી કેરાવાલા—ઉમર વર્ષ ૪૦) એવણ પોતાના ભાઈ શેઠ રતનજી ખરશેદજી કેરાવાલાની સાથે ભાગમાં "નશરવાનજી અને રતનજી" ને નામે વીલાયતી અશબાબ તથા દારૂકામની એક મોટી દુકાન ઇંગ્રેજ બજારમા કાઢી વ્યાપાર ચલાવતા હતા. અંતરેના ઇંગ્રેજોમા એઓ બધે ભાઈઓ ઘણા સારી પેઠે જાણીતા હતા.

### તા૦ ૧ લી ડીસેમબર

રોજ ૧ માહ ૩ (શે૦) ૧૨૦૧ યજદજરદી

**મરણ**—સોરાબજી જીવણજી—ઉમર વર્ષ ૬૬ એવણ ભરૂચના એક જાણીતા વ્યાપારી હતા, અને "સોહોલભાઈ શેઠ" ના નામથી ઓળખાતા હતા એઓનો મુખ્ય વ્યાપાર કાપડનો હતો

### તા૦ ૭ મી ડીસેમબર

રોજ ૭ માહ ૩ (શે૦) ૧૨૦૧ યજદજરદી.

**મરણ**—પેશતનજી ખરશેદજી કેરાવાલા[3]—ઉમર વર્ષ ૭૮) એવણ સુરતથી અંતરે આવી શેઠ નવરોજજી કાવસજી નાળીએરવાલાને ત્યા મેહતાગીરીમા રહ્યા હતા, અને તેઓની તરફથી લાંબી મુદત આલપાઈમા ગુજરી હતી. પોતાની સાથે એવણે પોતાના બે દીકરાઓ શેઠ

---

આગસ્ટ ૧૮૩૧ ના મુંબઈના શમાચારમા એક જાહેર ખબર છપાવી હતી, તથા એ કામ સરંજામ પોહચ કવામા તેઓને મદદ કરવા માટે શેઠ વીકાજી મેહેરજીનો ઊપકાર માન્યો હતો

[1] બોમ્બે ગેઝેટ, તા૦ ૫ મી નવેમબર ૧૮૩૧ એ પછી તા૦ ૫ મી નવેમબર ૧૮૩૨ થી એ પત્રનુ નામ "મુબઈના ચાબુક" કરી રાખ્યુ હતુ

[2] મુબઈના શમાચાર, તા૦ ૨૧ મી નવેમબર ૧૮૩૧, તથા બોમ્બે કુરીઅર, તા૦ ૩ જી ડીસેમબર ૧૮૩૧

[3] મુબઈવાલા શેઠો મનચેરજી-જાગીરજી, અને કાવસજી શાપુરજી મેહતાના બાપાવા, તથા સુરતવાલા શેઠ કેખશરૂ હોરમજજી આલપાઈવાલાના બાપના બાપાવા

### તા૦ ૭ મી આપરેલ.

આજ દીને ભરૂચ મધ્યે મુંબઈના ગવરનર અરલ ઑફ ક્લેર અમરૂદ બાગના મેદાનમાં એક જાહેર દરબાર ભરી ત્યાંના ઇંગ્રેજો તથા આગેવાન દેશીઓની મોલાકાત લીધી હતી. દરબારનુ કામ પુરૂં થયા બાદ ત્યાંના એક સરકારી ઓહદેદાર શેઠ ફરદુનજી બહેરામજી દારૂવાલાએ ઉઠી નામદાર ગવરનરને અરજ કીધી જે ભરૂચના સબ કલેક્ટર મી૦ મીલની થાણે બદલી થવાથી તેઓએ રૈયતની બજાવેલી કીમતી નોકરીઓના ઉપકારમાં તેમને આપવા માટે એક માનપત્ર તૈયાર કર્યું છે તે તમો નામદારને હાથે મી૦ મીલને અપાવવાની રૈયતની ઈછાછે. આ અરજ ગવરનરે બાહલ રાખ્યાથી શેઠ ફરદુનજીએ "મોટા શબદથી તે માનપત્ર સઘળી કચેરી દેખતા વાચેઓ," અને તે બાદ શેઠ મેહરવાનજી હોરમજજી ફરેજરે તે ગવરનરના હાથમાં મુકયું, જેણે તે મી૦ મીલને ઘણા શબ્દોમાં તારીફ કરી ભેટ આપ્યુ.[1]

### તા૦ ૧૩ મી આપરેલ

આજ દીને મુંબઈનો ગવરનર અરલ ઑફ ક્લેર ચોપાતીના ડુંગર ઉપર શેઠ ફરામજી કાવસજી બનાજીએ બધાવેલુ નવું દોખમુ જોવાને પોતાના રેસાલા સાથે ગયો હતો. આસરે એક કલાક સુધી તે દોખમુ તથા તેની સામેની શગડીઓ, વગેરે જોઈ તે નામદાર રવાને થયો હતો.[2]

### તા૦ ૩ જી મેએ.

રોજ ૫ માહ ૯ (કo) ૧૨૦૧ યજદજરદી.

આજ દીને મુંબઈ મધ્યે ચોપાતીના ડુંગર ઉપર શેઠ ફરામજી કાવસજી બનાજીએ પોતાની મરહુમ દીકરી બાઈ દીનબાઈના પુનને માટે બધાવવા માંડેલુ દોખમુ તૈયાર થવાથી તેને પગડવાની ક્રિઆ કરવામાં આવી હતી. આ પેજાએ ડુંગર ઉપર જરથોસ્તીઓની મોટી ઠઠ એકઠી મળી હતી. જશનની ક્રિઆ પુરી થવાબાદ શેઠ ફરામજીની તરફથી મુંબઈ સમાચારના અધીપતી મોબેદ ફરદુનજી મરજબાનજીએ મીજલસમાં એક અંજુમન પત્ર વાચી સંભળાવ્યો.[3] જેમાં જણાવ્યુ હતું કે એ દોખમાની પાલી ૨૩૭ ફુટ પગની છે, તથા તે કદમી મોબેદો પાસે ઈજસ્યુછે, અને તે કદમી તથા શેહનશાહી સર્વેને વાપરવાની છુટછે, તથા તે દોખમાંના મુતવલી તેઓ પોતે અને તેમની પછી તેમના વારેસો રેહશે. બીજુ એ દોખમાનું કામ સર જામ ઉતારવા માટે શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ, બહમનજી હોરમજજી વાડીઆ, ખરશેદજી માણેકજી સરાફ, જમશેદજી જીજીભાઈ અને બીજા પચાતના અકાબરોએ જે મદદ કીધી હતી તે માટે તેમનો, તથા સર્વે અંજુમને હાજર થાઈ માન આપ્યું, તે માટે તેઓનો ઉપકાર માનયો હતો. આ અંજુમન પત્ર વચાયા પછી શેઠ ખરશેદજી માણેકજી સરાફે ઉભા થઈ શમસત અંજુમન તરફથી શેઠ ફરામજીએ આ નેક કામ પાર પાડયુ તે માટે શાબાશી આપી ઉપકાર માન્યો હતો. એ પછી શેઠ ફરામજીએ રૂ૧૦૦૦) મુંબઈની પારસી પચાતના ફંડમાં દોખમાંના ડુંગરની દેવાલ તથા શીહડી વગેરેની મરામત કરવા માટે, તથા રૂ૧૦૦૦) ઈરાનના આતશબેહરામ ખાતે જાયુક કાઠી પોહચાડવા માટે, ધર્મખાતે આપવાની તદબીરસ્તી પઢાવી હતી. ત્યારબાદ ડુંગરની હેઠળ શેઠ ફરામજી તરફથી ન્યાતનુ જમન કરવામાં આવ્યુ હતું તે જમી સર્વે લોકો વદાય થયા હતા.[4]

---

[1] મુંબઈના શમાચાર, તા૦ ૧૮ મી આપરેલ ૧૮૩૨.

[2] મુંબઈના શમાચાર, તા૦ ૧૪ મી આપરેલ ૧૮૩૨

એ દોખમુ સર્વે ખિસ્ટી, હિંદુ, તથા મુસલમાન ન્યાતના લોકોને જોવા માટે શેઠ ફરામજીએ તા૦ ૨૮ મી મારચથી તે તા૦ ૧૫ મી આપરેલ ૧૮૩૨ સુધી ખોલ્યુ મુક્યુ હતુ, અને તે બાબેની તા૦ ૨૮ મી મારચના "બૉમ્બે ગેઝેટ" મા તથા તા૦ ૨૯ મી મારચના "મુંબઈના શમાચાર" મા જાહેર ખબર છપાવી સર્વે કોમને જાણ કીધી હતી.

[3] મુંબઈના જામેજમશેદ, તા૦ ૭ મી મેએ ૧૮૩૨.

[4] મુંબઈના શમાચાર, તા૦ ૫ મી મેએ ૧૮૩૨

એ દોખમાના દરવાજાપર નીચલી તખ્તી મારેલીછે –

"બનામે ઇઅજદે દાદગાર,

"પાક ઇઅજદાનની ઇઆદગારીથી અને પેગામ-
"બર હજરત જરતોશત અસપતમાન અનોશેહરવાનની
"રેહનુમાઇથી આએ દોખમુ માજદીઅશની દીનના
"ગુજરેલાઓને વાસતે કમતરીન બાહશાર દીનમેહ માજ-
"દીઅશનીનો તાબેદાર બેહદીન ફરામજી બીને કાવશજી
"બીને બેરામજી બનાજીનાએ પોતાની છોકરી બેહશત-
"નશીન બાઇ દીનબાઇના અથો રવાનની નઇએતે એ
"બેહશતનશીનના પોતાના તથા તેવણની માતા બસુ-
"બાઇના તથા તેવણની બેહનોના ખઇરાબો બધાવુછે ને
"એ દોખમાની જમીન નેકનામ પાકદામાન શેઠાણી બાઇ
"બસુબાઇ તે બેહશતી શેઠ અરદેશરજી દાદાભાઇની
"ધનીઆણીએ અમારા માગીઆથી પચાતના ડુંગરને
"લગતા પોતાના ડુંગરમાંથી તોડીને ૩૫૬૮ ઇસકુવેર
"વાર જમીન આએ ધરમના કામમાં અમોને આપીને
"એ સવાબમાં શામેલ થાઆછે અને હાલમાં આએ
"દોખમુ તેઓની આપેલી જગા ઊપર બાંધ્યુછે અને
"હમારી છોકરી બાઇ દીનબાઇ રોજ ૫ માહ ૯ કદમી
"શને ૧૨૦૦ ઇઅજદજરદીને દીને એકાએક પાખ લો-

નામ ઉપરથી “આગ ઑફ ફ્રીઝ” કરી ગણવામા આવ્યુ હતુ.[1]

તા૦ ૧૯ મી મેએ.

“મુંબઈના હરકારૂ અને વરતમાન” પત્રના અધિપતી શેઠ નવરોજજી દોરાબજી ચાનદારુએ આજના “બોમ્બે કુરીઅર” મા એક મેહેરબાની છપાવી હતી કે તેવણ પોતાના પત્રમા આવતી અગતજોગ બાબદોના તરજુમા તથા પારસીઓની અસલી તવારીખ, રહેરસમ, ધર્મ, વગેરેની તકરારોનુ ઇંગ્રેજી ભાષામા “પારસી રીફારમર” નામે એક ત્રણ માસીક ચોપાનીઉ હેરથી બાહેર પાડશે તેના દર આંકની કીમત રૂ૧). ઘરાક થનારાઓએ તેવણને પોતાને અથવા “ઓરીએનટલ ક્રિશ્ચીઅન સ્પેકટેટર” ના એજંટને લખી જણાવવુ.[2]

તા૦ ૨૫ મી મેએ.

રોજ ૨૭ માહ ૮ (શેં૦) ૧૨૦૧ યજદજરદી.

**મરણ**—શાપુરજી નવરોજજી બંગાલી[3]—ઉમર વર્ષ ૨૫) કલકતાવાળા શેઠ નવરોજજી સોરાબજી ઉમરીગરના નાના દીકરા. એવણ પોતાના બાપની સાથે નાની વયથી કલકતે ગયા હતા, અને ત્યાંજ કેળવણી પણ પામ્યા હતા. ઈ૦ સ૦ ૧૮૨૩ માં એવણ બાપની તરફથી એકવાર ચીનની સફરે ગયા હતા, અને તે પછી મુંબઈ આવી પાછા ઈ૦ સ૦ ૧૮૨૫ મા તેમના (બાપના) મરણથી વડા ભાઈ શેઠ દાદાભાઈની સાથે કલકતે તેમની મીલકત તથા વ્યાપારને લગતો વહીવટ નકી કરવા માટે ગયા હતા. અને ત્યાથી પાછુ એકવાર ચીન પણ જવું પડ્યુ હતુ. કલકતેથી પાછા ફરતી વખતે એઓ બંને ભાઈઓએ ત્યા પોતાના બાપે બંધાવેલા દોખમાની સામે એક સગડી તેમની નીઅતે બંધાવી હતી[4]

તા૦ ૨૯ મી મેએ.

મુંબઈની “એગ્રીકલચરલ એન્ડ હારટીકલચરલ સોસાઈટી” ની એક સભા આજરોજ મળી હતી. તેમા નીચના પારસીઓને ઈનામ આપવામા આવ્યા હતા —

૧—શેઠ ફરામજી કાવસજી બનાજી તથા મેહેરવાનજી રૂસતમજી દારૂખાનાવાળાના પવાઈ અને સીમ્બુરના ગામોમા ઉગાડેલી તાજી મરગામની ફેરી, કારવારની નીગ, અફીમ, અને અનીનાસના નમુનાઓને માટે એ ગામોના ઈશીની માળી મેહેરબાનને રૂ૬૦) નુ ઈનામ આપવામા આવ્યુ હતુ.

૨—શેઠ નવરોજજી કાવસજીને વીલાયતી પનીરની માફકનુ સારુ પનીર બનાવવા માટે રૂ૫૦) નુ ઈનામ આપવામા આવ્યુ હતુ.[5]

તા૦ ૭ મી જુન.

રોજ ૧૦ માહ ૯ (શેં૦) ૧૨૦૧ યજદજરદી.

**મરણ**—દોરાબજી કુવરજી લાલકાકા[6]—ઉમર વર્ષ ૬૭) એવણ સુરત મધે ફીરંગી વ્યાપારીઓની કોઠીમા દલાલીનુ કામ કરતા હતા. તેમજ કેટલીક મુદત સુધી મુંબઈ ખાતે તેમના વ્યાપારનાં કામકાજ આડતીઆ થઈને આવ્યા હતા. એવણનું મરણ સુરતમાંજ નીપજ્યુ હતુ.

---

૧ મુંબઈના જામેજમશેદ, તા૦ ૨૧ મી મેએ ૧૮૩૨.

૨ આ ચોપાનીઉ બાહેર પડેલુ હોય એવુ અમારા જાણવામા આવ્યુ નથી

૩ શેઠ સોરાબજી શાપુરજી બંગાલીના બાવા

૪ આ માટે એવણના વડા ભાઈ શેઠ દાદાભાઈ નવરોજજી બંગાલીએ કલકતાની કાઇ ધરમની વાડી બાબે એવો બંને ભાઈઓ (શેઠો દાદાભાઈ અને શાપુરજી) ને મરહુમ શેઠ જમશેદજી કુકાજી નગાઇનાની વીધવા બાઈ હીરાબાઇ સાથે વાંધો ચાલતો હતો તે બાબેની છાપાછાપીનો જવાબ આપતા તા૦ ૯ મી જુલાઈ ૧૮૩૨ ના “મુંબઈના જામેજમશેદ” મા પોતાની સહી સુધા લખ્યુછે કે —

“બીજુ હમારા બાવા બેહેસતી નવરોજજી શેઠ રાબજીએ હજારો રૂપીઆ ખરચ કરીને આપરી હમજાતના રૂવાનને વાસતે શ્રી બંગાળામાં દોખમુ બંધાવેલું છે. તે શેઠાએ પોતાની ગરીબી પરમાણે આપણી હમજાતની ખરદાશ કરતા હતા તે સરવેને રોશન છે ત્યારપછે તે દોખમાની સગરીનુ કામ બાકી હતુ તેવારે હમે શ્રી ચીન ગએલા હતા ........ ત્યારે હમે શ્રી ચીનથી બંગાલે આવ્યા તેવારે હમારા બેહેસતી ભાઈ શાપુરજી સાથે મસલત કરીને હમારેથી બની આવેલુ તે પરમાણે આશરે રૂ૭૫૦૦) ખરચીને સગરીનુ કામ તઈઆર કરાવી આપેલુ છે.”

૫ બોમ્બે કુરીઅર, તા૦ ૨ જી જુન ૧૮૩૨.

૬ મુંબઈવાળા શેઠો ડોસાભાઈ અને દાદાભાઈ દોરાબજી લાલકાકા, અમદાવાદવાળા શેઠ જમશેદજી દોરાબજી લાલકાકા, તથા સુરતવાળા શેઠ માણેકજી દોરાબજી લાલકાકાના બાવા; તથા ગુજરાતના ઇનસ્પેકટીંગ પોસ્ટ માસ્ટર ખાનસાહેબ ખરશેદજી પાલણજી લાલકાકાના બપાવા. એવણના બાવા શેઠ કુંવરજી લાલકાકા સુરત મધે વલંદાઓની કોઠીમા દલાલી કરતા હતા, અને જઈફ તથા ઊમરે પુગેલા હોવા છતા પણ લાલ જવાન સરખો ચેહેરો હોવાથી ત્યાના સર્વે વ્યાપારીઓ એવણને “લાલકાકા” ના નામથી ઓળખતા હતા

તા૦ ૭ મી જુન.

રોજ ૧૦ માહ ૯ (ય઼૦) ૧૨૦૧ યજદજરદી.

મરણ—મેહરાંમજી ભીખાજી ભરડા[1]—ઉમર વર્ષ ૭૨) એવણ પ્રથમમાં ઉદવારા ગામમા વસતા હતા, અને ત્યા જમીનોનો ઇજારો લેતા હતા. એ ગામ તે વખતે માડવીના રાજ્યને તાબે હોવાથી ત્યા રાજાની દરબારમા પણ એમનો પગપેસારો થયો, અને તેનીજ મદદથી દમણ મધે એવણે વ્યાપાર ચલાવવા માડયો, તથા ઈ૦ સ૦ ૧૮૧૫ થી ત્યા જાપુકતુ રેહઠાણ કીધુ. હિંવાથી પછી ધરમપોરના રાજ્યમા પણ એવણે પોતાનો રોજગાર લબાવ્યો, અને એ ત્રણે ગામો ભણી સોહલો રોજગાર ચાલ્યાને લીધે એવણે એક સારી પુંજી એકઠી કીધી હતી. માડવીના રાજા તરફથી એવણને પોતાના જન્મ ગામ ઉદવારા મધે કેટલીક જમીન ઈનામમા આપવામા આવી હતી.

---

તા૦ ૭ મી જુન.

આજ દીને મુંબઈ મધે કેટલાક ઉતરતા વર્ગના પારસીઓ તથા હિંદુઓએ હડતાલ પાડી થોડાકવાર તોફાન મચાવ્યુ હતુ આ તોફાન કરવાનુ કારણ એ હતુ કે અંગરેજી સરકારે જાહેર રસ્તાઓ તથા મોહલાઓમા રખડતા કુતરાઓને મારી નાખવાનો જે અમલથીજ હોકમ કાઢેલો હતો, તે હોકમ દર વર્ષના રસેતા કરતા આએ વર્ષ પોલીસના અમલદારો વધારે સખ્ત રીતે બજા લાવ્યાથી, અંગરેજના દેશીઓના દીલ ઉસ્કેરાયા હતા.[2] ગઈ કાલે એટલે તા૦ ૬ થી જુન ૧૮૩૨ ને દીને પોલીસના બે કાનસ્ટેબલો પોતાના ઓહદાની ફરજ બજાવવાની ઉતાવળમા, પોતાને મળેના અખત્યારની બાહેર જઈ કોઇ દેશીના કમપાઉંડમા દાખલ થઈ એક કુતરૂ માર્યુ હતુ. આ ઉપરથી તે જગોએ પારસીઓ તથા હિંદુઓનુ એક મોહટુ ટોલુ ઉસ્કેરાઇને એકઠુ થયુ, અને બેના બંધે કાનસ્ટેબલોને સખ્ત માર માર્યો તથા ઘાએલ કીધા.[3] એ પછી તેઓએ એકઠા થઈ આજ દીને બજારના કોટ માહેલી સરવે દુકાનો બંધ રાખી, તથા કેટલોક ફીસાદ કીધો, જેને લગતો દર કલાકે કલાકનો અહેવાલ નીચે આપીયે છેયે—

સવારના ૬ કલાકે—સઘળુ કોટ સમશાન હતુ, અગારનવાર થોડા થોડા લોકોના ટોળાઓ મોહલાઓમા ઉભા રહી વાતો કરતા હતા. સઘળી દુકાનો બંધ હતી, અને કસ્બી ચીજની ખરીદી થતી હતી નહિ.

૭ વાગતે—માટીડાઓ તથા છોકરાઓના ટોળા મોહલાઓમા ફરતા અને ગરબડ સરબડ કરતા હતા

૮ વાગતે—એજ પ્રમાણે લોકોના ટોળા ફરતા હતા, અને બીગચોધડીએ કોઈ દુકાન ઉઘાડે તો તેને ધમકાવી તથા ગાળો દઈને પાછી બંધ કરાવતા.

૯ વાગતે—લોકોના ટોળાને ટોળા હજુર મોહલાઓમા વધારે જોસ્સાથી ફરતા, અને દુકાનદારોને જો તેઓ દુકાનો ઉઘાડે તો સઘળુ ભાંગફોડ કરી નાખવાની ધમકી આપતા. કોટ બાહેરથી આવતી ઘણીક ગાડીઓ તથા રાહદારીઓને દેવલના મોહલાની બાહેર અટકાવામા આવ્યા હતા, અને બાહેરકોટથી બજાર તથા સરસામાન લઈ આવતા હેલકરીઓને મારી તેમના ટોપલાઓ નાખી દેતા હતા.

---

૧ શેઠ માણેકજી કાવસજી દમણવાલાના બાપાવા એવણના બાપ આ૦ ભીખાજી ભરડા અસલમા તારાપોરના વતની હતા ત્યાથી પીંડારાઓની લુટ તથા ધાકને લીધે કદાચ ઈ૦ સ૦ ૧૭૪૬ મા ઊદવારા ખાતે આવી વસ્યા હતા.

૨ આ બાબે તે વેળાના બંધે ઇંગ્રેજી વર્તમાન પત્રો—બોમ્બે કુરીઅર અને બોમ્બે ગેઝેટમા, નીચે પ્રમાણે લખ્યુ હતુ —

"The annual order for a general massacre of the dogs—which have become more numerous and insufferable of late than they ever were known before—has always we believe, been considered by the Natives as a very objectionable act of power, but has rarely if ever led to any thing like open resistance. Having, this year however, been more rigidly enforced than usual, it appears to have excited a degree of indignation which nothing could repress

We have been given to understand that the order itself is not so much objected to as the manner in which it is executed, and that if, instead of the brutal butcheries which constantly take place in the verandahs and entrances of the houses occupied by natives, the emissaries of the Police were to confine themselves strictly to the streets and highways, little or no notice would be taken of them and their occupation "

[ *Bombay Courier, 9th June 1832* ]

"This insurrectionary movement appears to have been occasioned by the last Edicts of Government for the destruction of all dogs found straying about without Owners—edicts the most necessary, but which do not appeared to have been carried into effect whith that deference to the feelings and prejudices of others, that has so universally been acknowledged to be both necessary and proper, more particularly when those feelings and prejudices are connected with Religion.

[ *Bombay Gazette, 9th June 1833* ]

અલબત્ત, પોલીસની આ બાબી કાઢયા છતા ઇંગ્રેજી પત્રોએ દેશીઓને પણ મુલેહનો ભંગ કરવા આ આડો રસ્તો લેવાને ઠપકો આપ્યો હતો

૩ બોમ્બે કુરીઅર, તા૦ ૯ મી જુન ૧૮૩૨. કેહછે કે આ મારામારી કોટમા પારસી બજાર સ્ટ્રીટમા હાલ જનાબ શેઠ હીરજીભાઈ હોરમસજી શેઠના તથા શેઠ ધોરાબજી શાપુરજી બંગાલીના રેહવાના ઘરછે તે તરફ થઇ હતી

૧૦ વાગતે—પોલીસ અને પોસ્ટ આફીસ તરફ લોકોનું એક મોટું ટોળું ભેગું મળ્યું હતું. આ વેળાએ ત્યાં સરકારે લશ્કર બોલાવવાની અફવા ફેલાઈ, પણ પારસીઓએ તે માની નહિ

૧૧ વાગતે—મોહલાઓમાં સમશાન, પણ પોલીસ આફીસની આજુબાજુએ લોકોની ભીડ.

૧૨ વાગતે—લશ્કર આવી પોહચવાની બુમ પડી, તોપણ લોકો બેદરકાર નાચના નાચલા ટોળાઓમાં ઉભા રહ્યા, અને મોટે મોટે વાતો કરવા લાગા.

૧ વાગતે—"કુવીનસ રાયલ" ની પલટણની ટુકડી પાલવાના દરવાજા તરફથી કોટમાં જલદીથી આવતી જણાઈ, જે જોઈ લોકોએ ધસાગાપદ નાહસવા માંડયું. વાણીયાઓ અને પારસીઓના ટોળાઓ બોમ્બે ગ્રીન તથા બજારગેટ તરફ વીખરાઈ ગયા પલટણની ટુકડીએ પેહના શેઠ એદલજી ફરામજી (આલબ્લેસ) ની દુકાન આગલ ધામો નાખ્યો, અને તે પછી તુરત સરકારી વેર હાઉસ તથા બીજી જગાઓ આગલ ફરવા માંડયું સિવાય સઘળા માજીસ્ટ્રેટો, જસ્ટીસ ઑફ ધી પીસો, લશ્કરનો કમાનડન્ટ, ટાઉન મેજર, અને ઘણાક લશ્કરી તથા દરીયાવદી અમલદારો એકઠા મલ્યા, અને તેઓની હજુરમાં પોલીસના ચીફ માજીસ્ટ્રેટે "રાયટ એક્ટ" વાચી સંભલાવ્યો જે પછી પલટણની ટુકડીએ કોટમાં બજારગેટ તરફ વીખરાઈ જઈ કેટલાક તોફાનમાં સામેલ રહેલા દેશીઓને પકડી પોલીસને સ્વાધીન કીધા. એ પછી ત્રણ વાગતામાં સઘળું સમાધાન થયું, અને પલટણને કીંગ બાગમાં આખી રાત હથીયાર સાથે રેહવાને તથા જરૂર પડે તો મદદને માટે આવવાનો હોકમ કીધો હતો. પણ તેની કશી જરૂર પડી હતી નહિ.[1] એ પછી આજના પોલીસના ચીફ માજીસ્ટ્રેટે દેશી કોમના આગેવાનોને બોલાવી તેઓને લોકોને સમજાવી બાજે દીને દુકાનો ઉઘડાવવા તથા કાએદાસર ચાલવા, વીગેરેને માટે શીખામણ દેવાને કહયાથી "પારસીની પંચાતનો નશાથાસાર તથા હીંદુના માહાજનનો ભટ મોહલે મોહલે પોકારવા લાગા જે શેઠીયાઓએ કેહવાડું છે જે સરવેએ સુલેહસ પજાથી રેહવું તથા બામદાદમાં દુકાનો ઉઘાડવી. કોઇએ રસતામાં બલનો કરવો નહી."[2]

તા૦ ૮ મી જુન.

રોજ ૧૧ માહ ૯ (શે૦) ૧૨૦૧ યજદજરદી

આજ દીને દીવ મધ્યે મુંબઈવાલા શેઠ જાગીરજી નસરવાનજી વાડીઆએ બંધાવવા માડેના દોખમાનો તાણો પુરવાની ક્રિઆ કરવામાં આવી હતી[3]

[1] બોમ્બે ગેઝેટ, તા૦ ૯ મી જુન ૧૮૩૨ વળી એજ હુલડને દિવસે બનેલા એક દલગીરી ભરેલા બનાવની તા૦ ૮ મી સપટેમબર ૧૮૩૨ ના "બોમ્બે ગેઝેટ" મા નોંધ લીધીછે તે એકે હુલડને દીને બપોરના એક આબરૂદાર પારસી ગ્રહસ્થનો દીકરો કોઈ ઈગ્રેજ ગ્રહસ્થ કે જે તેના બંગલામાં ભાડુત હતો તેની આફીસમા બાડાને લગતા કાઇ કામસર ગયો હતો ત્યાથી પાછો ફરતા તેણે રીજમીટના સોલજરોને હુલડખોરોની પછવાડે દોડતા જોયા, જેથી તે પણ બીહીને હુલડખોરોના ટોળાની સાથે નાસવા માડયો, અને તેની પુઠે પણ બે સોલજરો આવતા જોઇ એક નજદીકના ઘરમા પેઠો, અને ત્યા માર્યા જવાની બીહકથી તદન બેહોસ થઈ પડયો એ પછી હુલડનો ઘબરાટ નરમ પડવા બાદ તેને પોતાને ઘર લઈ ગયા, અને સાજો કરવાના દરેક ઉપાયો લીધા પણ તે બીચારાએ એવીતો સખત હેબત ખાધી હતી કે એક અઠવાડીઆમા તે મરણ પામ્યો.

આમ હુલડ કરવાની આગેવાની લેનારા ધણીઓનો જે કોઇ બરાબર પત્તો મેલવી આપે તેને રૂ૫૦૦) નું ઇનામ આપવાનો સીનીયર માજીસટ્રેટ મી૦ જે ડી દાવતરીએ જાહેર ખબર છપાવી હતી

એ પછી એ હુલડમા પકડાયલા ૧૮ જણાની તપાસ એજ સાલના અકટોબર માસની અપરાધીઓની છાડણ કરનારી શેશનમા ચીફ જસટીસની હજુરમા છ દિવસ ચાલી હતી તે વેળાએ જુરીએ ઉપલા ૧૮ માના ૧૦ જણને અપરાધી ઠેરાવ્યા હતા, જેઓમા ૮ પારસી અને ૨ હિંદુ હતા એઓ માહેલા બે જણાને ૧॥ વર્ષ, ત્રણ જણાને એક વર્ષ, એક જણને ૯ માસ, ત્રણ જણાને ૬ માસ, અને એક જણને ૧ માસના કેદખાનાની સજા તા૦ ૨૩ મી અકટોબર ૧૮૩૨ ને દીને ચીફ જસટીસે કીધી હતી, તથા બે વર્ષ વેર સુલેહથી રેહવા માટેના જામીન તથા હાથ મચકડા લખાવી લીધા હતા

આ બનાવ અતરેના કેટલાક અગ્નાન લોકોના ધર્મ સબધી જોસ્સાને લીધે બન્યો હતો તેમા કશો રાજ દરબારી હેતુ હતો નહિ, ઇવા કોઈ પણ શખસ સતાવાલાઓની સામે થયો હતો નહિ આ માટે એ હુલડને દિવસે અતરેની "ગારીસન" ના કમાનડર કરનલ બોમગારડે સુપરીમ કોરટની શેશનમા એ મુકદમાની વેળાએ શાહિદી આપતા નીચે પ્રમાણે કહયું હતું —

I came through the crowd in Captain Seton's buggy, who brought me from Colaba to the Police Office The crowd opened out for me as the horse approached, there was no opposition offered The few that I could see were moving each other out of the way with their hands A few had chettrys in their hands The only noise I heard was a calling to each other to open out

[2] મુંબઈના શમાચાર, તા૦ ૯ મી જુન ૧૮૩૨

[3] આ દાહાડાવાર મુંબઈની આગલી પારસી પંચાતના શેક્રેટરી મરહુમ શેઠ પેશતનજી માણેકજી જાગે જમશેદવાલાની એક ખાનગી નોંધની ચોપડી ઉપરથી અમોને મલયોછે

તા૦ ૯ મી જુન

આજ દીને મુસલમાનોના ધર્મામરી કતલની રાત ...થી પારસી પંચાયતના અકાબરોએ આજના "મુંબ...ઈ સમાચાર" મા જાહેર ખબર છપાવી સરવે પારસી-ને જાહેર કીધું હતું કે કોઈએ આજે રાતનાં તથા ...વતી કાલે તાબુત નાખતી વેળાએ તમાશો જોવાને ...વું નહિ.[2]

તા૦ ૩૦ મી જુન

મુંબઈના નામદાર ગવરનર ઈન કૌનસીલે ઈ૦ સ૦ ...૩૧ ના ૧૮ મા કાએદા પ્રમાણે આવતી તા૦ ૧ લી ...ઈથી મુંબઈ ઈલાકાને લગતાં ગામોના "જુડીશી...લ" ખાતામા નેટીવ જડજો, તથા પ્રીનસીપાલ અને ...સીઅર કમીશનરો તરીકે ૬૫ હિંદુ, ૧૬ મુસલમાન, ...ને નીચેના ૬ પારસીઓને ઓહદા આપ્યા હતા[2] —

- શેઠ ફરામજીશાહ ધનજીશાહ, સુરતના નેટીવ જડજ
- શેઠ અરદેસર ધનજીશાહ બાહદુર, સુરતના નેટીવ પ્રીનસીપાલ કમીશનર.
- દસ્તૂર ફરામજી આસપંદીઆરજી, ભરૂચના નેટીવ પ્રીન-સીપાલ કમીશનર
- દસ્તૂર કુંવરજી કામદીનજી, સુપા પરગણાના નેટીવ પ્રીનસીપાલ કમીશનર.
- શે૦ હોરમસજી નવરોજજી, ડેમુર ગામના નેટીવ પ્રીન-સીપાલ કમીશનર.
- શેઠ સોહરાબજી ભીમજી, તારાપોરના જુનીઅર પ્રીન-સીપાલ કમીશનર.

તા૦ ૨૧ મી જુલાઈ.

રોજ ૨૪ માહ ૧૦ (એ૦) ૧૨૦૧ યજદજરદી

**મરણ**—દસ્તૂર રૂસ્તમજી નવરોજજી સંજાણા[3]—...ર વર્ષ ૬૫) સુરતવાલા દસ્તૂર નવરોજજી રૂસ્તમજી ...જાણાના દીકરા. એવણ પોતાના બચપનમા જરથો-...ી મજહબને લગતી બાબદો તથા ભાષાઓમા બાહો-...ર હતા ઈ૦ સ૦ ૧૮૨૩ મા સુરત મધે મરહુમ શેઠ દાદાભાઈ નસરવાનજી મોદીની નઈએતે પરહેઝના આનચ-બેહરામની ક્રિઆ કરાવવામા એવણે પણ મદદ કીધી હતી. ઈ૦ સ૦ ૧૮૩૦ મા એવણે "જેહાંગીર નામા" નો ફારસીમાથી ગુજરાતીમા તરજુમો કીધો હતો.[4]

તા૦ ૨૪ મી જુલાઈ.

રોજ ૨૭ માહ ૧૧ (કે૦) ૧૨૦૧ યજદજરદી.

**મરણ**—રૂસ્તમજી પેસ્તનજી કાનાબાર—(ઉમર વર્ષ ૨૮) સુરતવાલા શેઠ પેસ્તનજી કાનાબાઈ વકીલના વડા દીકરા એવણ પોતાના બાપના મરણ પછી સુરત મધે રૂ, વગેરેનો વ્યાપાર કરતા હતા, અને નામી વેપારી ...પાંસેના ગણાતા હતા. મુંબઈ મધે એવણ શેઠ ફરામજી કાવસજી બનાજીવાલા દોખમાનાં જશનની ક્રિઆમા શામેલ થવાને આવ્યા હતા, અને કાનમા કાંઈ દરદ થઈ આવવાથી આખેરે મરણ પામ્યા હતા

તા૦ ૨૫ મી જુલાઈ.

રાયલ એશીઆટીક સોસાઈટીએ પોતાના સભાસદોમાથી એક "કોરેસપાનડનસ કમીટી" નેમી હતી કે જેની મારફતે એશિયાખંડના લોકોને યુરોપમાથી તથા યુરોપના લોકોને એશિયામાથી એકમેકના દેશને લગતી હરેક ખબર મળી આવે. તે કમીટીએ નીચલી ચાર બાબદોની શોધ કરવી એવું ઠેરવ્યું હતું. (૧) હિંદુસ્તાનની ભાષાઓ બાબે. (૨) યુરોપ તથા એશિયા વચ્ચે આગળથી જે વેહવાર હતો તેને લગતી પુરાતન ખબરો. (૩) હિંદુસ્થાનના કારખાનાઓ બાબે. અને (૪) જુદી જુદી જાતના લોકો જેવાકે યુરોપ તથા એશિયાના રેહનારાઓ હિંદુસ્થાનમા ક્યારે અને કેમ આવી વસ્યા તે બાબે. આ કમીટીનો સેક્રેટરી ... માજી ચીફ જસટીસ સર એડવર્ડ વેસ્ટ હતો. એ કમીટીએ પોતાના ત્રણચાર રીપોર્ટ કરી સોસા-ઈટી આગળ રજુ કીધા હતા. તેમાનો ત્રીજો રીપોર્ટ આજના "બોમ્બે ગેઝેટ" મા છપાયોછે, જેમા નીચેનો ફકરો પારસીઓ બાબે આવેલોછે —

"મુંબઈના પારસીઓ વિદ્યા હુનરના ફાએદાની કદર પીછાણનારછે તેઓ પાસે નાણું ઘણું હોવાથી તેઓ એશિયાખંડની ઘણી જગાઓપરનો વ્યાપાર કરેછે તેઓએ દસાતીર પુસ્તકના બનાવનાર મુલ્લાં ફીરોજના બાપ મુલ્લાં કાઉસને પોતાને ખરચે થોડાક વર્ષ ઉપર

---

[1] મુંબઈના સમાચાર, તા૦ ૯ મી જુન ૧૮૩૨

[2] મુંબઈના સમાચાર, તા૦ ૩૦ મી જુન ૧૮૩૨

[3] મરહુમ દસ્તૂર એદલજી દારાબજી સંજાણાના પેત્રાઈ, તથા દસ્તૂર પેશોતનજી બેહરામજી સંજાણા અને નવરોજજી શાપુરજી સંજાણાના સગા બાપાવા એવણને હાથના લખેલા કેટલીક પસ્તોના ગુજરાતી તરજુમા દસ્તૂર પેશોતનજી પાસે મોજુદછે

[4] આ તરજુમો ઈ૦ સ૦ ૧૮૭૫ મા મોબેદ ખુશરૂ બેહરામ યજદી નામના એક ઈરાનીએ "આપઅખતી ...ર" છાપખાનામા છપાવી બાહેર પાડ્યો હતો

ઈરાન જે કાંઈ પારસીઓને લગતી ખીના બાકી બચેલી હોય તેની શોધ કરવા મોકલ્યો હતો.[૧] મુલ્લા કાઉસ જયારે ઈરાનમા તે કામપર હતો ત્યારે દસાતીરનુ પેહલવી ભાષાનુ એક પુસ્તક શોધી કાઢીઉં, અને તે અજાએબ જેવાં પુસ્તકનો તરજુમો ઇંગ્રેજીમા ઈ૦ સ૦ ૧૮૧૮ માં મુંબઈમા છપાવી પ્રગટ કર્યો, તે ઉપરથી જણાએછે કે મુંબઈના પારસીઓ પોતાના અસલ દેશને લગતી બાબદો શોધી કાઢવાની ઘણી આએશ રાખેછે. માજી વાહણ ખાતાના વડા બીલ્ડર જમશેદજી બહમનજીએ જે હુશિયારી તથા ચાલાકી દેખાડીછે તે ઉપરથી જણાએછે કે પારસીઓ મોટા અને ઉપયોગી કામો માથે લેવાને તથા વિદ્યા હુનર અને કારીગરીના કામોમા પડવાને પુરતા લાયકછે, અને તેના ભત્રિજા બહમનજી હોરમજજી પોતાના દેશીઓની કેળવણી તથા નીતિનો વધારો કરવાની ખંત તથા મેહનત રાખેછે. પારસીઓ ઇંગ્રેજી ભાષા શિખવાને તથા સારી રીતભાતો જાણવાને યુરોપ્યન વિદ્યા હુનર તથા ભણતર જે તેમને હિંદુસ્થાનમાથી મળી આવેછે તેને ઘણું અમુલ્ય સમજેછે."[૨]

---

તા૦ ૧૩ મી આગસ્ટ.

આજ દીને "મુંબઈના શમાચાર" પત્રના અધીપતી મોબેદ ફરદુનજી મરજબાનજીએ પોતાનાં પત્રમા એક લંબાન આરટીકલ લખી તે પત્ર સાથનો પોતાનો સંબંધ છોડયો હતો, અને તેમા છેવટે લખ્યુ હતુ જે "અમારા હાથ તરેનો ઇનવાએલીડ એક વખસ હવેથી આએ પતરનુ અધીપતીપણુ અમારા વારસુપરજ ચલાવશે." આ નવા અધીપતી મોબેદ ફરદુનજીના એક એવી ઉમ્મેદવાર એ૦ ટેહમુરજી રૂસતમજી મીરજાં હતા, કે જેમનુ નામ એની બીજે દીનથી શમાચારમા તેના પરવરતાવનાર તરીકે આવા કરતુ હતુ.

---

તા૦ ૨૩ મી આગસ્ટ.

રોજ ૨૭ માહ ૧૨ (કદ૦) ૧૨૦૧ યજદજરદી.

**મરણ**—દસ્તુર મનચેરજી કેકોબાદજી મુલ્લા ફીરોજના—ઉમર વર્ષ ૮૨) મરહુમ મુલ્લા ફીરોજ બીન કાઉસના વડા ભત્રિજા. એવણ પ્રથમમા મુલ્લા ફીરોજજીનાં વ્યાપાર વનજના કામોમા પડેલા હતા. ઈ૦ સ૦ ૧૮૦૨ મા પોતાના બાપાવા મુલ્લા કાઉસ રૂસતમ જલાલના હેદરાબાદ ખાતે મરણ પામવાથી એવણ તે તરફ ગયા હતા, અને બે વર્ષ ત્યાં રહી આવ્યા હતા. એ પછી ઈ૦ સ૦ ૧૮૨૭ મા ચીન ખાતે વ્યાપારઅર્થે ગયા હતા; તેવામા ઈ૦ સ૦ ૧૮૩૦ મા મુલ્લા ફીરોજજી મરણ પામવાથી તેમની જગોએ અંતરેની કદમી અંજુમને એવણને પોતાના વડા દસ્તુર ઠેરવ્યા હતા. પણ તે પછી એવણે અંતરે આવી તે ઓહદો સંભાળ્યો ના થાડી, અને એકવાર પાછા ચીન જઈ ત્યાંથી બીમાર પડી અંતરે આવી તે ત્રણ માસમા મરણ પામ્યા હતા.[૩]

---

તા૦ ૧ લી સપટેમબર.

રોજ ૬ માહા ૧૨ (શે૦) ૧૨૦૧ યજદજરદી.

**મરણ**—હોરમજજી કુવરજી મોદી[૪]—ઉમર વર્ષ ૬૦) શેઠ કુવરજી કાવસજી મોદીના દીકરા. એવણ અંતરેની "કમીસરીએટ" મા દવા દારૂ પોહચાડવાના તેમજ ઘોડાનાં અને બીજા પરચુરણ કંત્રાકટો લેતા હતા. એવણની મદદથી ઘણા પારસીઓને કમીસરીએટમા નાધના નાધના કંત્રાકટો મળતા હતાં.

---

તા૦ ૧૯ મી સપટેમબર.

મુંબઈની પારસી પંચાતનાં ફંડનો તા૦ ૧૭ મી અકટોબર ૧૮૩૦ થી તે તા૦ ૪ થી નવેમબર ૧૮૩૧ સુધીનો હીસાબ આજના "મુંબઈના શમાચાર" મા ટરસ્ટીઓએ છપાવી પરગટ કર્યોછે. તેમાથી જોવામા આ-

---

[૧] મુલ્લા કાઉસ મુંબઈના પારસીઓને ખરચે નહિ, પણ સુરતવાળા કદમી પંથના આગેવાન શેઠ ધનજીશાહ મનજીશાહને ખરચે ઈરાન ગયા હતા એવુ આપણે આ પુસ્તકને સફે ૪૬ મે જોયુછે

[૨] બોમ્બે ગેઝેટ, તા૦ ૨૫ મી જુન ઈ ૧૮૩૨

[૩] એવણ પણ ફારસી ભાષામા તથા બીજી કેટલીક બાબદોમા ઘણા ખબરદાર હતા, અને તે માટે મરહુમ મુલ્લા ફીરોજજીએ એવણને પોતાના વારસ નેમ્યા હતા, તથા પોતાના મરણની પાંચ દિવસ આગમજ એટલે તા૦ ૩ જી અકટોબર ૧૮૩૦ ને દીને મુંબઈના ગવરનર સર જાન માલકમ ઉપર એક પત્ર લખ્યો હતો, તેમા પણ તેવણે લખ્યુ હતુ કે "મે મારી જીંદગીનો ઘણો મોટો વખત "જારજનામુ" રચવામા ગુજાર્યોછે, અને હવે મને આ દુનિયાથી કુચ કરવાનો વખત નજદીક આવ્યોછે, માટે હુ અરજ કરૂંછુ કે મારા કુટુંબના ફાએદાને માટે મારા મરણ પછી મારી મેહનતનો બદલો જેમ તમારી નેક નજરમા આવે તેમ આપવો. હુ તમારી ખાતરી કરૂછુ કે મારો ભત્રિજો મીનોચેહર બીન કેકોબાદ કે જે હાલ કંતાન ખાતેછે, અને તેની હુશિયારી વિષે મને પુરતો વિશ્વાસછે તે થોડા વખતમાં અંતરે આવી "જારજનામુ" પુરૂ કરશે. મારી આએ છેલી અરજછે કે તમો મારા આએ ભત્રિજાને મારા વારસ તરીકેનુ માન આપો, કે જેથી એ ચમ મારા ઘેરમાથી નાબુદ થઇ જાય નહિ."

[૪] શેઠો કુવરજી, બરજોરજી, જાંગીરજી તથા હોરમજજી રૂસતમજી મોદીના બાપાવા

છેલ્લા હીસાબની બાકીના રૂ૭૧૫૧૮ાા૩ ઉપરાત આખાં વર્ષમા પંચાતના ફંડ ખાતે રૂ૧૦૦૮૮ાપાા (વક થઈ હતી, અને ખરચ કુલ રૂ૮૩૦૨) થયો જે બાદ કરતા વર્ષની આખરીએ તરસ્ટીઓના iાં સઘળા મળી રૂ૭૩૩૦૧)૨ાા બાકી હતા.

### તા૦ ૨૧ મી સપટેમબર.

આજ દીને મોબેદ ફરદુનજી મરજબાનજીએ મુંબઈ સમાચાર છાપખાનાંમાથી "ગોલ્હાને કાતેહ" નુ પુસ્તક મોટા કદના ૯૦૦ સફાનુ રૂ૪૦) ની બાહેર પાડયું હતુ.[2]

### તા૦ ૨૪ મી સપટેમબર.

મુંબાઈની સુપરીમ કોરટના ચીફ જસટીસ સર હરકાપટને અતરેની પારસી પંચાતના અકાબરોને . કીધી હતી કે પારસીઓના વારસા હીસ્સાના મુકદમો કોરટમા આવેછે ત્યારે તે ચુકાવવાને ઘણો મુ- પડેછે માટે તમારાં ધર્મ પુસ્તકો અને રાહેરસમોની એક ધારાનો ખરડો કરી સરકારમા અરજી કરી કે જો તે ઇગનાડથી પસાર થઇ આવે તો તમારી લગતા કજીયા તે ધારા મુજબ ચુકે. આ ઉપરથી તના અકાબરોએ "પારસી લોકો શારૂ નવા રીગીન ઈધાને કેટલાએક નવા ધારા બાધવાના સવાલોની ડી" એવે નામનું કેટલીક ધારાની કલમોનું એક નુ "મુંબઈના સમાચાર" છાપખાનામા છપાવી અ- ા જરથોસ્તીઓમા વેહચ્યું હતુ —તે સાથે સુરત અને ની અદાલતના રેજીસટ્રાર મી૦ હારી બારોઊલે ત્યાની તના શેઠીઆઓને કેટલાક પારસીઓના વારસા હીસ્સાના સવાલો પુછ્યા હતા, તેના જવાબો તે સાહેબોએ આપેના હોવાથી તે સવાલો પણ આમે ચોપાનીઆમા વ્યા હતા, અને આજના મુંબઈના સમાચારમા મદેહ ર આપી સર્વે જરથોસ્તીઓને અરજ કીધી હતી કે મી તેમા કાંઈ સુચના કરવી હોય તે પોતાની સહી લખી પંચાતના અકાબરો ઉપર મોકલી આપવી પછી અંજુમન મેળવી તે ખરડો નકી કરી વલીઓ ઈગ્લનાડ મોકલી આપવામા આવશે.[2]

### તા૦ ૨૯ મી સપટેમબર.

અતરેના એક જાણીતા પારસી વેપારી શેઠ ફરદુનજી લીમજી પાંડેએ પોતાના એક દીકરા શેઠ દીનશાહજીને ઇગલાંડ કેળવણી લેવા માટે વાહણ "અરલ ઑફ એલડન" મા મોકલવાની ગોઠવણ કીધી હતી. આ માટે તેવણે મુંબઈની સરકારને અરજ કીધાથી સરકારે એવી રીતે તવગર દેશીઓને પોતાના છોકરાઓને ઇંગલાડ કેળવણીલેવા મોકલવાને ઉત્તેજન મળે, માટે "કોરટ ઑફ ડાએરેકટરસ" પર તે તરફ શેઠ ફરદુનજીની આ શુભ મતલબમાં દરેક પ્રકારની મદદ આપવાને લખી જણાવવાને કબુલાત આપી હતી.[3]

### તા૦ ૬ ઠી નવેમબર.

રોજ ૭ માહા ૩ (ક૦) ૧૨૦૨ યઝદજરદી.

**મરણ**—ખરશેદજી શોરાબજી રૂસતમ ફરામના[4]—ઉમર વર્ષ ૫૦) શેઠ શોરાબજી માણેકજી રૂસતમ ફરામના વડા દીકરા. એવણ પોતાના બાપની તરફથી વેપારને માટે ચીન તરફ આવજાવ કરતા હતા, અને ત્યાની બડી મની ૨૨ સફરો કીધી હતી. પછવાડેથી બાપે પોતાનો સઘળો વહીવટ પણ એઓને પોતાના બવે ભાઈઓ સાથે સોપ્યો હતો.

### તા૦ ૧૧ મી નવેમબર.

આજ દીને કરંજના રાપુમા આવેલાં મસુરી નામના ગામડામા શેઠ પેશતનજી કુવરજી વકીલના ઘરમાં ૩૦ થી તે ૩૫ લટારાઓ નાગા હથિયાર સમેત દાખલ થઈ સઘળો તેમનો અસબાબ લુટી લઈ ગયા હતા. તેઓની સોધને માટે થાણાના આસીસટંટ કલેકટર અને કુમાવીસદારે ૭૫ માણસો મોકલ્યા હતા, પણ કસો પતો હાથ લાગો નહિ[5]

---

૧ મુંબઈના સમાચાર, તા૦ ૨૧ મી સપટેમબર ૧૮૩૨

૨ મુંબઈના સમાચાર, તા૦ ૨૪ મી સપટેમબર ૧૮૩૨

૩ The Government of Bombay duly appreciating the public spirit of Furdoonjee Sett, and desirous of encouraging wealthy natives to send their children to England for education, has we understand, promised, at the request of that Gentleman, to write to the Court of Directors to beg they will give every assistance in their power to Furdoonjee Sett's friends in England towards the accomplishment of the objects he has in view in sending his son to that country
[*Bombay Gazette, 29th September 1832.*]

એ પછી તા૦ ૧૮ મી અકટોબર ૧૮૩૨ ને દીને મજકુર શેઠ દીનશાહજી ફરદુનજી પાંડે પોતાની સાથે બે પારસી નોકરો લઇ વાહણ "અરલ ઑફ એલડન" મા સુવાર થઇ ઈગલાડ કેળવણી લેવાને ગયા હતા

૪ શેઠ ડોસાભાઈ ખરશેદજી રૂસતમ ફરામના બાવા

૫ બોમ્બે ગેઝેટ, તા૦ ૨૪ મી નવેમબર ૧૮૩૨.

તા૦ ૨ લી ડીસેમબર.

બંગાલ ઈલાકામાં આવેલાં બાલાસોર નામનાં કટક શેહેરના એક ગામમા ચાલેલા સખ્ત દુકાળથી ભુખે મરતા ગરીબ લોકોના આશરાને માટે અસરેવાના શેઠ જમશેદજી જીજીભાઇએ રૂ૫૦૦) ની એક રકમ કલકતા ખાતેના પોતાના આડતીઆની મારફતે તે તરફ મોકલી હતી.[1]

તા૦ ૬ ઠી ડીસેમબર.

રોજ ૭ માહ ૩ (શેહે૦) ૧૨૦૨ યજદજરદી.

**મરણ**—નસરવાનજી બરજોરજી દાદીભરજોરનાર[2]—(ઉમર વર્ષ ૫૦) શેઠ બરજોરજી દોરાબજી દાદીભરજોરના બીજા દીકરા. એવણ પ્રથમમા પોતાના બાપના વ્યાપાર વનજના કામમા શામેલ હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૧૯ મા બાપનાં મરણ બાદ શેઠ લીમજી કાવસજી બનાજીની સાહેતા હેઠળ દુબાશનું કામ કરતા હતા.

## ઈ૦ સ૦ ૧૮૩૩.

આએ વર્ષના "બોમ્બે કુરીઅર" માથી નીકળેલા શેઠજી કેલેનડરમાહે[3] મુબઈની બીના નીચેના ફેરફાર સિવાય આગલા કેલેનડરની માફકછે.

"બોમ્બે નેટીવ એજ્યુકેશન સોસાઇટી" ની જનરલ કમીટીમા તથા છોકરાઓને સિખાડવા માટે નવી ચોપડીઓ બનાવવા માટે કેહેલી કમીટીમા પારસી મેમબર તરીકે શેઠ ડોસાભાઈ સોરાબજી મુનશીની સાથે દસ્તૂર રૂસતમજી કેકોબાદજી મુલ્લા ફીરોજનુ નામ વધારેલુ છે.

પારસી વાહાણવટીઓની ટીપમા વાહાણ "બોમ્બે મરચંટ" તથા "ફોરટ વીલ્યમ" એબના જમશેદજી જીજીભાઈની કંપનીનાં નામપર, તથા વાહાણ "હેજન" નસરવાનજી એદલજી અને પેસતનજી શાપુરજી પારખના નામપરછે. તથા બ્રીગ "હીંદુસથાન" નુ નામ નથી. એ ઉપરાંત નીચલા નવા વાહાણો પારસીઓના નામપર ઉમેરાયાછે —

| વાહાણનુ નામ | માલેક. | ટણ. |
|---|---|---|
| ફેઓદીનોબા | વીકાજી મેહેરજી | ૭૧૦ |
| આસમાઇકોર | મેહેરવાનજી નવરોજજી (નાલોએરવાલા) ની કંપની | ૫૧૦ |
| જુબ્ના (બ્રીગ) | દરાબજી રતનજી મુસ | ૧૨૦ |

તા૦ ૮ મી જાનેવારી.

આજ દીને અતરેની "એગ્રીકલચરલ એન્ડ હારટીકલચરલ" સોસાઇટીની એક સભામા શેઠ ફરામજી કાવસજી બનાજીએ પોતાની છાસઠીવાલી જમીનકતમા મી૦ ઢાડોની મારફતે આણેલી મોરીસની સેરડીનો સારો પાક થએઆની બીના કહી સંભળાવી. તેવણે કહયુ કે મેં ૧૦૦૦ સેરડી તમાસને માટે મુંબઇના બજારમા વેચવાને મોકલી તેના રૂ૨૭) ઉપજેઆ, અને વળી તે સરવાઓને ઘણી પસંદ પડતી થાય. આથી તેવણે સાત વીઘા જમીનમા આસરે ૨૬૦૦૦ સેરડી રોપીછે, કે જે હવે મુંબઈના બજારને બસ થાશે, અને વળી સારી, જાડી, તથા મીઠાસદાર સેરડી મલશે.[4]

તા૦ ૧૧ મી જાનેવારી

આજ દીને સુરતની પાસેનાં અરાજણ ગામમા ત્યાના એક વતની શેઠ જમશેદજી લીમજીભાઇએ એક કુવો બંધાવી ધર્મ ખાતે લોકોને વાપરવાને ખુલો મુક્યો હતો.[5]

તા૦ ૧ લી ફેબરવારી.

આજ દીને મુબઇના જાણીતા વ્યાપારી શેઠ ખરશેદજી કાવસજી બનાજીએ અતરેના બારામા આવેલી મનવાર "મેનડીન" વગના અમલદારો તથા તેના "આડમીરલ" ને પોતાના બગીચામા એક મોટી જીયાફત તથા દેશી નાચ આપ્યો હતો. ગાનારી ગુંદરીઓના અવાજથી પરોણાઓ ઘણા મગન થયા હતા.[6]

---

૧ બોમ્બે ગેજેટ, તા૦ ૧ લી ડીસેમબર ૧૮૩૨ આ સખાવતને માટે કલકતાનું "કુરીઅર" પત્ર કેહેછે કે તે બંગાલાના તવંગર બાબુઓને શરમ પોહચાડનારીછે, કેમકે તેઓએ આ આફતમા કશી વખાણવા જોગ મદદ કીધી હતી નહિ. આ માટે તે લખેછે કે —

"Jamsetjee Jejeebhoy, the most eminent Parsee Merchant of Bombay, has put to shame many a richer Baboo of Calcutta, by the munificent donation of 500 Rs. to the Cuttack fund. We say with pride that our friend Jamsetjee has an English heart as well as the mind of an enlightened English man."

[Calcutta Courier, 14th November 1832.]

૨ શેઠ અરદેસર તથા પેસતનજી નસરવાનજી દાદીભરજોરના બાવા

3 The Bombay Calendar and Almanac for 1833. Bombay, printed at the Courier Press.

૪ મુબઈના સમાચાર, તા૦ ૧૩ મી ફેબરવારી ૧૮૩૩

૫ આ કુવાપર નીચે પ્રમાણે લખી મારેલીછે—

"સંવત ૧૮૮૯ પોષ વદ ૬ વા૦ શુક્ર તા૦ ૧૧ "જાનેવારી ૧૮૩૩ ઈસવી રોજ ૧૨ માહ ૮ મો ૧૨૦૨ "યજદેજરદી પારસી જમશેદજી લીમજી અરાજણના"

૬ બોમ્બે ગેજેટ, તા૦ ૨ જી ફેબરવારી ૧૮૩૩

તા૦ ૨ જી ફેબરવારી.

રોજ ૫ માહ ૫ (શેહ) ૧૨૦૨ યજદજરદી.

મરણ—એદલજી જીજીભાઇ વાછા[1]—ઉમર વર્ષ ૮૫) એવણ "એદલ વાછા" ને નામે અતરે જાણીતા હતા. ઇ૦ સ૦ ૧૭૬૮) મા પોતાના જન્મ ગામ નવસારીથી અતરે આવી એક નાનવી ગાધીની દુકાન કાહાડી હતી, અને તે પછી ઇ૦ સ૦ ૧૭૮૦) મા ઇંગ્રેજ બજારમા વીનાયતી સામાન વગેરેની એક મોટી દુકાન સ્થાપી તેમા સારી પુંજી એકઠી કીધી હતી. એવણને ત્યા પાચ બેટા હતા[2] તે સઘળા એવણની હૈયાતીમાજ મરણ પામયાથી, પછવાડેથી દુકાન કાહાડી નાખી એકાત જીંદગી ગુજારી હતી.

---

તા૦ ૯ થી ફેબરવારી

આજ દીને અતરેના જાણીતા વ્યાપારીઓ મોતી ડગનાથની પેહડી તરફથી બંધાવેલું ૫૦૦ ટનનુ એક નવું વાહણ પાણીમા ઉતારવાની ક્રિઆ મજગામની ગોદીમા કરવામાં આવી હતી. આ વેળાએ માશીશ (ચક-ટનટ) હેનસે તેના મુકાન ઉપર એક વાઈનની બાટલી ફોડી તે વાહણનું નામ "જમશેદજી જીજીભાઈ" કરી સર્વેની ખુશાલીના પોકારો વચ્ચે આપ્યુ હતું.[3]

---

તા૦ ૧૮ મી ફેબરવારી

રોજ ૨૧ માહ ૫ (શેહ) ૧૨૦૨ યજદજરદી.

આજ દીને શેઠ હોરમસજી ધનજી પટેલે પોતાના દીકરા મરહુમ શેઠ રતનજીના ઉઠમણાની મજલેશમા તેમની નઈઓતે ડુંગરીરોડ ઉપર પોતાની કરેલી આગન એક દરેમેહર બંધાવવાની તદબેરની પદાવી હતી, તથા ૩૫૦૦) અતરેની પંચાતના ધાહબારના ફંડમા આપ્યા હતા.[4]

---

1 શેઠ રતનજી કરામજી વાછાના બપાવા, તથા શેઠ એદલજી મનચેરજી વાછા, કમીસરીવાળાના બાપના બપાવા.

2 શેઠો દાદાભાઈ, જમશેદજી, ફેરસાસપજી, બાપેકજી, અને કરામજી એદલજી વાછા

3 બોમ્બે કુરીઅર, તા૦ ૧૨ મી ફેબરવારી ૧૮૩૩

એ વાહાણ ઇ૦ સ૦ ૧૮૩૭ મા ચીનમાથી ત્રણ લાખ રૂપીઆની ખાંડ ભરી અતરે આવતા કુઆલાનની વાવટાકાઠીથી બે મૈલ દુર એક ખરાબાપર ચઢી તા૦ ૩ જી જાનેવારી ૧૮૩૭ ને દીને ભાગુ હતુ.

4 મુબઇના જામેજમશેદ, તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૩૩

તા૦ ૧૦ મી મારચ.

રોજ ૧૧ માહ ૬ (શેહ) ૧૨૦૨ યજદજરદી.

આજ દીને શીવ મધે મુબઈવાળા શેઠ જાંગીરજી નસરવાનજી વાડીઆએ એક દોખમુ બંધાવી પરગાવ્યુ હતુ.[5]

---

તા૦ ૧૧ મી મારચ.

રોજ ૧૨ માહ ૬ (શેહ) ૧૨૦૨ યજદજરદી.

મરણ—દસ્તૂર ફરામજી રૂસ્તમજી વલસાડવાળા—ઉમર વર્ષ ૭૦) વલસાડમા પેહલવેહલા થયલા વડા દસ્તૂર. એવણ વલસાડમા સઘળા મોબેદોમા વધારે ખબરદાર હોવાથી ત્યાના લોકોએ એમને પોતાના દસ્તૂર ઠેરવ્યા હતા

---

તા૦ ૧૩ મી મારચ.

રોજ ૧૪ માહ ૬ (શેહ) ૧૨૦૨ યજદજરદી.

મરણ—દોરાબજી મનચેરજી બનાજી—ઉમર વર્ષ ૭૦) શેઠ મનચેરજી બેહરામજી બનાજીના બીજા દીકરા. એવણ પ્રથમમા પોતાના બાપની "બનાજી લીમજી" ના નામથી ચાલતી પેહડીમા તેમના હાથ હેઠલ કામકાજોમા પડેલા હતા. તે પછી વાહણોમા માલ લાદવાને માટે "ડુમકનામ" ભાડે આપતા હતા, અને તેમા એક મોટી પુંજી એકઠી કીધી હતી.

---

તા૦ ૨૨ મી મારચ.

મુંબઈની નેટીવ એડયુકેશન સોસાઈટીની વાર્ષિક સભા આજ દીને મળી હતી. નામદાર ગવરનર અરલ ઑફ ક્લેર સભાપતીની ખુરશીએ બીરાજ્યો હતો. સેક્રેટરીએ રીપોરટ વાચ્યાબાદ ગવરનરે પોતાને હાથે ચચન છોકરાઓને ઇનામ તથા "પેટ સ્કાલરો" ને સનદ આપી હતી.

તે પછી શેઠ ફરામજી કાવશજી બનાજીએ દરખાસ્ત કીધી અને શેઠ દેવીદાસ હરજીવણદાસે ટેકો આપ્યો કે "નામદાર ગવરનરે મેહરબાની કરી સરનશીનની ખુરશી લીધી તેથી તેમનો ઉપકાર માનવો."

---

5 આ દોખમાપર તખ્તી મારેલી નથી, પણ તેને પરકાવવાના જશનમા સામેલ થવાને શેઠ જાંગીરજીએ તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૩૩ ના મુબઈના જામે જમશેદની મારફતે સર્વે જરથોશ્તીઓને અરજ કીધી હતી, તેમજ ત્યા જનારા જરથોશ્તીઓ સારૂ ઉતારાની જગો તથા ખાધા પીધા વગેરેની ગોઠવણ શેઠ કરામજી ખરજોરજી દાદીશરજોરનાં—કે જેવણના ઊપરીપણા હેઠલ એ દોખમું બંધાયું હતુ, તેવણે કીધી હતી

શેઠ બહેમનજી હોરમજજી વાડીઆએ દરખાસ્ત કીધી અને તેને શેઠ જમશેદજી જીજીભાઈએ ટેકો આપ્યો કે "આએ ખાતાની કમીટીએ પોતાનો ઓહદો ચાલાકીથી બજાવ્યો માટે તેમનો ઉપકાર માનવો.

શેઠ ફરામજી કાવસજી બનાજીએ દરખાસ્ત કીધી અને તેને શેઠ બહેમનજી હોરમજજી વાડીઆએ ટેકો આપ્યો કે શેક્રેટરીનો ઉપકાર માનવો. એ પછી ગવરનરે એક નાંધનું જેવું ભાષણ કર્યાબાદ સભા બરખાસ્ત થઈ.[1]

### તા૦ ૧૭ મી આપરેલ.

### રોજ ૧૯ માહ ૭ (શે૦) ૧૨૦૨ યજદજરદી.

**મરણ**—હોરમજજી શેરાબજી પોચા—ઉમર વર્ષ ૫૨) એવણ "હોરમજજી બાની" ને નામે ઓળખાતા હતા. અને મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહલા બારોનેટના એક વિશ્વાસુ કારભારી હતા. એવણ પ્રથમમા શેઠ જમશેદજીની નોકરીમા તેમની સાથે ચીનની સફરે પણ જતા હતા. એકવાર શેઠ જમશેદજી તથા એવણ જે વાહણમા બેશી ચીન જતા હતા તે વાહણ સુમાત્રાના કીનારા તરફ કોઈ ખડક સાથે અથડીને ભાગી ગયુ, તેવારે એવણે પોતાનો જીવ જોખમમા નાખી પોતાના ધણી પાસે કેટલાક ભારે કીમતના મોતીના શરાઓ જે વીમા ઉતરાવેઆ વગરના હતા તે બચાવવાને ઘણી મેહનત કીધી હતી.[2] આ ઉપરથી શેઠ જમશેદજીનો એવણ ઉપર ઘણો ઈતબાર બેઠો, અને એમનાં મરણની ઘડી લગણ એવણને પોતાની પાસેથી ખીસાડયા હતા નહિ.

### તા૦ ૨૨ મી આપરેલ.

પુણા અને અહમદનગરની વચમા કારે નામના એક ગામમાં પાણીની બહુ તાણ પડવાથી મુંબઈવાલા શેઠ જમશેદજી જીજીભાઈએ ત્યા પોતાને ખરચે એક મોટો કુવો પુણાવાલા શેઠ શેરાબજી રતનજી પટેલની મારફતે બધાવી પ્રજાને વાપરવા માટે ઓફર મુકયો હતો.[3]

### તા૦ ૨ જી મેએ.

આજ દીને અતરેના "હલકારૂ" છાપખાનામાથી પારસીઓના બચ્ચાઓને ધર્મનીતિ શિખાડવાની "રાહનુમાએ માજદીઅશની" નામે એક ચોપડી બાહેર પાડી હતી.[4]

### તા૦ ૫ મી મેએ.

### રોજ ૭ માહ ૮ (શે૦) ૧૨૦૨ યજદજરદી.

આજ દીને નવસારીની પાસે મહવા ગામ મધે શેઠ માણેકજી જીનાજીએ એક દોખમુ બધાવી પરશાબ્યુ હતુ. એને લગતી ક્રિઆ નવસારીવાલા દસ્તૂર રૂસતમજી નશરવાનજી મેહેરજી રાણાના ઉપરીપણા હેઠલ થાઈ હતી.[5]

### તા૦ ૧૪ મી મેએ.

આજ દીને મુંબઈના યુરોપ્યન તથા દેશી ગ્રહસ્થોની એક જાહેર સભા અતરેના ટાઉનહાલમા ચીફ જસ્ટીસ સર હરબર્ટ કાપટનના સરનશીનપણા હેઠલ મળી હતી. તે વેળાએ મુંબઈ અને યુરોપ વચ્ચે રાતા સમુદ્રને માર્ગે સ્ટીમરો ફરતી કરવાનો ઠરાવ થયો હતો, અને તે માટેની ગોઠવણ કરવાને કેટલાક ઇંગ્રેજો તથા બે પારસીઓ (શેઠો નવરોજજી જમશેદજી વાડીઆ અને ખરશેદજી રૂસતમજી વાડીઆ) ની એક કમીટી નેમી હતી, તથા સભામાજ એક ઉઘરાણાની ટીપ કરવી કીધી હતી, જેમા ઇંગ્રેજોના રૂ૧૪૫૫૦), હિંદુઓના રૂ૧૭૫૦), મુસલમાનોના રૂ૧૨૦૦), પોરટુગીજોના રૂ૫૦૦) અને પારસીઓના રૂ૬૨૦૦) નીચે પ્રમાણે ભરાયા હતા.—

| | રૂપીઆ |
|---|---|
| શેઠ જમશેદજી જીજીભાઈ.... . . | ૧૦૦૦ |
| શેઠ દીનશાહ ફરદુનજીની વતી ફરદુનજી લીમજી પાંડે ... .... . . | ૧૦૦૦ |
| શેઠ બહેમનજી હોરમજજી વાડીઆ અને ભાઇઓ . .... ... . . | ૫૦૦ |
| શેઠ ખરશેદજી જમશેદજી જીજીભાઇ . | ૫૦૦ |
| શેઠ નવરોજજી જમશેદજી વાડીઆ. . | ૫૦૦ |
| શેઠ ખરશેદજી રૂસતમજી વાડીઆ . . | ૫૦૦ |
| શેઠ ખરશેદજી આરદેશર દાદી.. ... | ૫૦૦ |
| શેઠ શાપુરજી શેરાબજી રતનજી પટેલ .. | ૫૦૦ |
| શેઠ જહાંગીરજી નશરવાનજી વાડીઆ .. | ૫૦૦ |
| શેઠ માણેકજી નવરોજજી વાડીઆ .... | ૫૦૦ |
| શેઠ માણેકજી ખરશેદજી સરાફ.. .. . | ૧૦૦ |
| શેઠ નવરોજજી દોરાબજી, તે હલકારૂ અને વરતમાનના અધીપતી ... . .. | ૧૦૦ |

આ સભામા શેઠ માણેકજી ખરશેદજી સરાફે આ કામ પાર પડવાથી યુરોપ તથા હિંદુસ્થાનને અનેક પ્રકારના ફાએદાઓ થશે તે માટે એક ભાષણ કરી સભળાવ્યું હતુ.[6]

---

[1] મુંબઈના સમાચાર, તા૦ ૭ મી આપરેલ ૧૮૩૩
[2] મુંબઈનો બાહાર, સફે ૬૬૬
[3] મુંબઈના જામેજમશેદ, તા૦ ૨૨ મી આપરેલ ૧૮૩૩
[4] બોમ્બે કુરીઅર, તા૦ ૨૭ મી આપરેલ ૧૮૩૩.

[5] એ દોખમાપર તખ્તી મારેલી નથી, લેકીન એના પરશાયાનો ઊંલો દાહડો વાર એ૦ જામાસપજી શેરાબજી દસ્તૂર મેહેરજી રાણાએ મેળવી આપેલો છે

[6] બોમ્બે ગેઝેટ, તા૦ ૧૫ મી મેએ ૧૮૩૩
આ ફંડમા ઈ૦ સ૦ ૧૮૩૩ ની આખરી સુધીમા રૂ૭૮૫૦૧) ભરાયા હતા.

તા૦ ૧૯ મી મેએ.

રોજ ૧૮ માહ ૮ (શે૦) ૧૨૦૨ યજદજરદી

**મરણ**—શોરાબજી ભીમજી ઉમરીગર[1]—ઉમર વર્ષ ૫૩) શેઠ ભીમજી ધનજી ઉમરીગરના વડા દીકરા. એવણ પોતાના બાપની "ભીમજી ધનજી"ને નામે મુંબઈમા તથા "શોરાબજી અને શાપુરજીની કંપની" ને નામે મનસાર ડોમતા તરફ કાનાનોર ખાતે ચાલતી વ્યાપારી પેહડીમા શામેલ હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૨૯ મા એવણના બાવા શેઠ ભીમજીએ જઇફીને લીધે વ્યાપાર મુકી દીધાથી એવણે ઈ૦ સ૦ ૧૮૩૦ મા પોતાના સઘળા ભાઇઓ સાથે મળીને "દાદાભાઈ તથા શોરાબજીની કંપની" ને નામે મનસાર ડોમતાનો વ્યાપાર ચાલુ રાખ્યો, તેમજ ઈ૦ સ૦ ૧૮૩૨ મા "શાપુરજી ભીમજીની કંપની" ને નામે તીનવેલી ખાતે એક દુકાન તથા વ્યાપારી પેહડી કાઢી હતી.

---

તા૦ ૨૨ મી મેએ.

રોજ ૨૮ માહ ૮ (શે૦) ૧૨૦૨ યજદજરદી

**મરણ**—કુવરજી માણેકજી મુકાદમ[2]—ઉમર વર્ષ ૬૨) એવણ ભરૂચથી અંતરે આવેલા હતા, અને અંતરેની "કમીસરીએટ" મા રાશ તથા પાણી પોહચાડવાનું કંત્રાકટ લેતા હતા. સુરતની પાંસેના સુમારી ગામમા એવણે એક દરેમેહેર બંધાવી તે તા૦ ૨ જી મેએ ૧૮૨૨ ને દીને પરસાવી હતી.

---

તા૦ ૨૯ મી મેએ.

આજ દીને અંતરેની "રોયલ બ્રાંચ ઑફ ધી રૉયલ એશીઆટીક સોસાઈટી" ની સભામા શેઠ માણેકજી ખરશેદજી સરકારને મેમબર કરવાની દરખાસ્ત મુકી હતી. તે એક વધતા મતથી રદ ગઈ, નામ દેશીઓને તેમા લેવાને ઇંગ્રેજો સામે હતા. રેવરંડ ડાકટર જાન વીલસને શેઠ માણેકજીના અભ્યાસ તથા સુધરેલા વિચારોની ઘણી તારીફ કીધી.[3]

---

તા૦ ૧૯ મી જુન

રોજ ૧૭ માહ ૯ (શે૦) ૧૨૦૨ યજદજરદી

**મરણ**—નશરવાનજી નવરોજજી શેઠના[4]—ઉમર વર્ષ ૪૫) શેઠ નવરોજજી શોરાબજી શેઠના બીજા દીકરા. એવણ ઈ૦ સ૦ ૧૮૧૩ મા પોતાના બાપના મરણબાદ પોતાના ભાઈ શેઠ નાનાભાઈની સાથે પરચુરણ વ્યાપાર કરતા હતા. ઈ૦ સ૦ ૧૮૧૪ મા એવણે પોતાના કેટલાક કુટુંબીઓની સાથે મળી "હોરમજજી ખુરશેદજીની કંપની" ને નામે એક વીમાની પેહડી ઉઘાડી હતી. અંતરેના પારસીઓમા એવણ પોતાના "શેઆણપણ તથા સતરાઇ અને નમનતાઇ" ને માટે સારીપેઠે જાણીતા હતા.

---

તા૦ ૧૫ મી જુન.

રોજ ૧૮ માહ ૯ (શે૦) ૧૨૦૨ યજદજરદી.

**મરણ**—હીરજી કાવસભાઇ કોલાહ[5]—ઉમર વર્ષ ૬૨) એવણ પ્રથમમા પોતાના બાપની સાથે ચીન ખાતે મેહતાગીરીના કામ ઉપર જતા હતા. એ પછી ત્યાના વ્યાપારમા ઘણોક અનુભવ મેળવ્યાથી પોતાને હીસાબે તે તરફનો મોટો વ્યાપાર તથા અંતરેના જાણીતા વ્યાપારીઓની આડત કરતા હતા. અંતરેનાં વ્યાપારી મંડળમા એવણ ઘણા જાણીતા હતા.

---

તા૦ ૨૧ મી જુન

આજ દીને અંતરેની ગોદીમા શેઠો નવરોજજી જમશેદજી અને ખરશેદજી રૂસતમજી વાડીઆના ઉપરીપણા હેઠળ શાગની લાકડા અને ત્રાંબાના પતરાથી બંધાવેલી ૨૭૭ ટનની એક સુંદર "બ્રીગ" પાણીમા ઉતારવામા આવી હતી. તે બટેવીઆ ખાતેની એક વ્યાપારી પેહડીને માટે બંધાઇ હતી, અને તેનુ નામ "ડુ-મીસટરસ" ઇધાને બે બેહનો કરી આપવામા આવ્યું હતું.[6]

---

તા૦ ૨૩ મી જુન.

આએ મહિનામા દર બુધવારે રેવરંડ ડાકટર જાન વીલસને પોતાના મકાનમા પારસીઓના વેંદીદાદ વિષે જાહેર ભાષણો કીધા હતા.[7]

---

૧ શેઠ જીજીભાઇ દોરાબજી ઉમરીગરના કાકા

૨ એવણના એક ભાઇ શાપુરજી માણેકજી મુકાદમ કરી અંતરેના જાણીતા મીસતરી હતા

૩ મુંબઇના સમાચાર, તા૦ ૬ ઠી જુન ૧૮૩૩

૪ શેઠ એદલજી નશરવાનજી શેઠના તથા મરહુમ શેઠ પીરોજશાહ નશરવાનજી શેઠનાના બાવા

૫ એવણના બાવા શેઠ કાવસભાઈ બીખાજી કોલાહ પ્રથમમા ચીન ખાતે શેઠ નશરવાનજી રૂસતમજી વાડીઆહની સાથે મેહતાગીરીમા જતા હતા. તેમના બીજા બે દીકરાઓ શેઠો નશરવાનજી અને જામાસપજી કરી મુંબઈ ખાતેની શેઠ હોરાજીની પરચુરણ વ્યાપારની આડત કરતા હતા

૬ બોમ્બે કુરીઅર, તા૦ ૨૨ મી જુન ૧૮૩૩.

૭ મુંબઇના સમાચાર, તા૦ ૨૩ મી જુન ૧૮૩૩

તા૦ ૫ મી જુલાઈ.

મુંબઈની સુપરીમ કોરટની અપરાધીઓની ઇનસાફ કરનારી આખે વર્ષની બીજીવારની શેશન આજ દીને ચીફ જસટીસ સર હરબરટ કાપટન તથા પુની જડજ સર જાન આદરીની હજુરમા મળી હતી. આ વેળાએ મુંબઈમધે દેશીઓ પેહલવેહલા ગ્રાન્ડ જુરીમાં બેઠા હતા, તે જોવાને કોરટમાં ઠઠ મળી હતી, તથા બેનચ ઉપર એક બાજુએ ચીફ જસટીસની બાનુ તથા દીકરી પણ બીરાજ્યા હતા. પ્રથમમા ઈંગ્રેજ જુરરોને સપત આપ્યા બાદ નીચના દેશી જુરરોને સપત આપ્યા હતા —

શેઠો ફરામજી કાવશજી બનાજી, જમશેદજી જીજી-ભાઈ, બરજોરજી રૂસતમજી વાડીઆ, બરશેદજી કાવશજી બનાજી, દેવીદાસ હરજીવણદાસ, ધાકજી દાદાજી, મહમદ અલી રોગે, જગનાથ શંકરશેઠ.

એ પછી સર જાન આદરીએ તેઓને ગાંમખાતાના તથા ઇનસાફના કારોબારમા શામેલ કીધા તેની ઘટતા સબુનોમા મુબારકબાદી આપી કોરટનુ કામ ચાલું કીધું હતુ.[१]

---

તા૦ ૨૩ મી જુલાઈ

રોજ ૨૬ માહ ૧૦ (શે૦) ૧૨૦૨ યેજદજરદી

આજ દીને બાઈ દીનબાઈ તે શેઠ બરશેદજી જમશેદજી જીજીભાઈના પેહલીવારના ધણીઆણી તથા મરહુમ શેઠ દીનશાહજી દાદાભાઈ શાહેરના દીકરીના ઉઠમણામા તેમના સસરા શેઠ જમશેદજી જીજીભાઈએ રૂ૧૫૦૦) ની રકમ મુંબઈની પારસી પંચાતના શાહબારના તથા આધના પાગનાઓની પરવરસી કરવાના ફંડમા આપી હતી.

એજ દીને બાઈ મીઠીબાઈ તે મુરતવાલા મરહુમ શેઠ કુવરજી બરશેદજી માસીદલાલના વીધવાના મુંબઈ ખાતેના ઉઠમણાંમા તેમની દીકરીના દીકરા શેઠ માણેકજી નવરોજજી વાડીઆએ રૂ૫૦૧) પંચાતનાં શાહબારના ફંડ મધે આપ્યા હતા.[२]

---

તા૦ ૧૫ મી આગસ્ટ.

આજ દીને મુંબઈના ૨૦૦ મુખ્ય દેશી રેહવાસીઓએ ઇગલાંડ ખાતે હિંદુસ્થાનને લગતા વહીવટને માટે ઠેરેલી "બોરડ ઑફ કમીશનર" ના સરનશીન ધી રાઈટ હાનરેબલ ચારલસ ગ્રાંટ પર હિંદુસ્થાનના દેશીઓને સુલેહના અમલદાર તથા ગ્રાન્ડજુરીમા બેસવાના હકો આપવા બાબેનો ધારો પારલામેંટમા પસાર કરાવવા માટે તેણે ઘણી મેહનત લીધી તે માટેનો ઉપકાર માનવાનુ એક માનપત્ર મોકલ્યું હતું, તથા તેમા અરજ કીધી હતી કે તે નામદારે ઇંગલાંડના લારડ હાઈ ચાનસેલર તથા બીજા પ્રધાનોને પણ મુંબઈના દેશીઓ તરફનો બેહદ ઉપકાર જાહેર કરવો.

વળી એ કાએદો બધાવવા થકી મેહનત કરવા માટે પારલામેંટના જાણીતા મેમબરો ડાનીઅલ-ઓ-કોનેલ, જોસફ હ્યુમ, સર જાન માલકમ, અને રાઈટ હાનરેબલ ચારલસ વીન; તથા ઇસ્ટ ઇંડીઆ કંપનીના ડાએરેકટરો સર અલેકઝાનડર જાનસ્ટન, રબરટ રીકારડસ, જે. આર કરનાક, જેમસ ફારબસ, અને જારજ લાએઆલનો પણ તેમનાપર છાપેલા સરકયુલરો મોકલી મોટો ઉપકાર માન્યો હતો

ઉપલુ સર ચારલસ ગ્રાંટવાળુ માનપત્ર તથા સરકયુલરો દેશીઓના ખેરખાહ સર ચારલસ ફારબસ, બેરોનેટની મારફતે તેની ઉપર પણ એક ઉપકારનો પત્ર લખી મોકલવામા આવ્યા હતા, અને એ બધા સરકયુલરો તથા સર ચારલસ ફારબસ જોગના પત્ર ઉપર નીચના ૩૭ દેશીઓની સહીઓ હતી.[३]

માધવરાવ રણછોડદાસ, દેવીદાસ હરજીવણદાસ, જગનાથ શંકરશેઠ, ધાકજી દાદાજી, ફરામજી કાવસજી બનાજી, જમશેદજી જીજીભાઈ, બહમનજી હોરમજજી વાડીઆ, દાદાભાઈ પેશતનજી વાડીઆ, બરશેદજી અરદેસર દાદી, દાદી બરજોરજી અરદેસર દાદી, બરજોરજી કાવશજી બનાજી, હોરમજજી ધનજી પટેલ, જીજીભાઈ દાદાભાઈ, હોરમજજી બહમનજી શેઠ, હોરમજજી ભીખાજી ચીનાઈ, બરશેદજી જમશેદજી જીજીભાઈ, બરજોરજી નાનાભાઈ દાવર, હોરમજજી દોરાબજી લશકરી, બરજોરજી માણેકજી સરાફ, ફરામજી બહમનજી સરાફ, માણેકજી બરજોરજી સરાફ, માણેકજી નવરોજજી વાડીઆ, રૂસતમજી હોરમજજી વાડીઆ, અરદેસર હોરમજજી વાડીઆ, રૂસતમજી રતનજી વાડીઆ, મહમદઅલી રોગે, બરજોરજી ફરદુનજી પારખ, પેશતનજી ફરામજી કાવસજી, જહાંગીરજી ફરામજી કાવસજી, પેશતનજી નવરોજજી બનાજી, માણેકજી લીમજી બનાજી, રૂસતમજી કાવશજી પટેલ, દોરાબજી બરજોરજી કોપર, શાપુરજી નશરવાનજી, માણેકજી નશરવાનજી પીટી, દોરાબજી ફરામજી વાડીઆ, દીનશાહ એદલજી ધનજી મેહતાના, મનચેરજી એદલજી ધનજી મેહતાના.

---

१ બોમ્બે ગેઝેટ, તા૦ ૬ ઠી જુલાઈ ૧૮૩૩.

२ તા૦ ૧૬ મી અકટોબર ૧૮૩૪ ના "મુંબઈના શમાચાર" મા છાપલો પંચાતનો હીસાબ

३ બોમ્બે કુરીઅર, તા૦ ૧૪ મી ડીશેમબર ૧૮૩૩.

તા૦ ૧૯ મી આગસ્ટ.

આજ દીને મજગાંમની ગોદીમા શેઠ અરદેશર ખરશેદજી વાડીઆએ ઘણી ઉતમ કારીગરીથી બાંધેલું અગનીના સાચાનુ એક વાહણુ (સ્ટીમર) પાણીમા ઉતારવાની ક્રિઆ ઇંડીઅન નેવીના કપટાન ઓનવાને કીધી હતી તેને પાણીમા ઉતારતી વેળાએ સગળાઓની ખુશાલીના પોકારો વચ્ચે તેનુ નામ "ઇનડસ" કરી પાડવામા આવ્યું હતું. એ સ્ટીમરમા સઘળુ સાચાકામ શેઠ અરદેશર વાડીઆએ પોતે જડયું હતુ ૧

---

તા૦ ૨૯ મી આગસ્ટ.

રોજ ૩૦ માહ ૧૧ (શે૦) ૧૨૦૨ યજદજરદી.

આએ વર્ષ મુંબઇમા વરસાદ ઘણો કમતી પડવાથી તે માટે જરથોસ્તીઓને એક જાહેર બંદગી કરવા અતરેવાળા જાણીતા વ્યાપારીઓ શેઠો મેહરામજી, બરજોરજી અને કુવરજી કાવશજી બારીવાળાએ પોતાને ખરચે મરહુમ શેઠ હોરમજજી બમનજી વાડીઆજીવાળા આતશબેહેરામમા આજ દીને એક જાહેર જશન તથા નેઆતનુ જમન કરાવ્યુ હતુ સહવારનાં ૯ કલાકને અમલે જશનની ક્રિઆ શરૂ થઇ હતી, અને તેમા અતરેની પંચાતના સઘળા અકાબરો, દસતુરો, તથા બીજા શેઠીઆઓ અને આમ લોકોનો મોટો મેળાવડો થયો હતો એ ક્રિઆ પુરી થયાબાદ પંચાતના વડા અકાબર શેઠ નવરોજજી જમશેદજી વાડીઆની ફરમાશથી શેઠ ખરશેદજી માણેકજી સગરે ઉઠી શમસ્ત અંજુમનની વતી શેઠો મેહરામજી, બરજોરજી અને કુવરજીનો ધરતા નમ્રપણામા ઉપકાર માની શાબાશી આપી, તથા તેઓ દરેકને પંચાતના ફંડમાથી એકેકી શેઆર ઓઢાડી એ પછી એ ત્રણે ભાઇઓએ શેહનશાહી ધાહબારના ફંડમાં રૂ૩૦૦) પોતાની તરફથી આપવાની તદરોસ્તી પડાથી હતી, અને સર્વે લોકો નેઆતનુ જમન જમી વદાય થયા હતા ૨

---

તા૦ ૫ મી સપટેમબર.

દસતુર એદલજી દારાબજી જમાસપ આસાનાએ આવાંવટની ગુજરાતીમા માએની કરી તેનુ ૨૩૬ સફાનુ એક પુસ્તક મુંબઇના સમાચાર છાપખાનામા છાપી જાહેર પાડયુ હતુ.૩

---

તા૦ ૭ મી સપટેમબર.

રોજ ૭ માહ ૧ (કે૦) ૧૨૦૩ યજદજરદી.

**મરણ**—મેહરવાનજી જમશેદજી મજાઇના ૪—ઉમર વર્ષ ૨૮) શેઠ જામાસપજી હીરજી મજાઇના વડાદીકરા. એ વળી પોતાના મમાવા તે કલકતાવાળા જાણીતા વ્યાપારી મરહુમ શેઠ જમશેદજી કુકાજી મજાઇનાના પાલક થવાથી તેમનાં નામથીજ ઓળખાતા હતા. "એ ઘણી ધીરા શભાવનો, શનશાલી વીહીઆનો, મોટી ખોબીનો, સારા રૂપનો, મોટા દાહાપણનો, રૂડી ખુબીનો, અને ભીતરગાચારીમો ગુંઠાએલો એક પુરશ હતો."૫

---

તા૦ ૧૯ મી સપટેમબર.

આજ દીને મુંબઇ મધે ચીનનો વ્યાપાર કરનારા વાહણવટીઓની એક સભા મળી હતી, તેમા વ્યાપારીઓના વાહણોના કપટાનો, માલમો, અમલદારો તથા ખલાસીઓના સુમારા તથા હકસાઇ વગેરેને માટે ચોકસ બંદોબસ્તો કરી કેટલાએક ઠરાવો ઘડી કાઢયા હતા, તથા એવુ ઠેરવ્યુ હતુ કે અતરેની "નેટીવ એડયુકેશન શોસાઇટી" ના શેક્રેટરીથી તેહકીક કરી લેખી જાતના છોકરાઓ સુકાની તથા વાહણોને લગતા બીજા કામો શિખનારે "આપરેનટીસ" તરીકે રેહવાને ખાએસ રાખે તેમને વાહણો ઉપર રાખી શિખાડવાને ઘટતી મદદ તથા ઉતેજન આપવુ

આ મંડળીએ ઠેરાવેના સઘળા બંદોબસ્તો તથા કાએદાઓ છપાવી અતરેના બારામાના સઘળા વ્યાપારીઓના વાહણોના કપટાનો ઉપર મોકલ્યા હતા, અને તે ઉપર સભામા હાજર થયના ચીનના વ્યાપારીઓની સહીઓ હતી.૬

મીસીઅરસ ફારબસની કંપની, લીટીની કંપની, ગાજર ડી કાર્ટીઆની કંપની, રામસ ડાકુરડની કંપની,

---

૧ બોમબે કુરીઅર, તા૦ ૧૭ મી આગસટ ૧૮૩૩

૨ મુંબઇના જામેજમશેદ, તા૦ ૨૭ સપટેમબર ૧૮૩૩

૩ " એ કેતાબ આવાઇઅસતન બા માએની, ગુજરાતી જબાનમાહા કીધીછે, બાજદીઅશની દીનના શાહેબોને પહટવાને વાશતે એ કેતાબની માએનીનો કરનાર કમતરીન હુરબદ એદલજી દસતુર દારાબજી એઅને દસતુરાન દસતુર જમશેદજી જામાશાજી આશાજીએ છપાવીછે. શ્રી મુમબઇ મધે રોજ ૧૦ માહ ૧૨ શને ૧૨૦૨ ઇઅજદજરદી તા૦ ૫ મી શપટેમબર શને ૧૮૩૩ ઇશવી શ્રી મુમબઇના શમાચાર ખાનામો છપાઇછે"

૪ અતરેવાળા શેઠ માણેકજી જમાસપજી ડાકા (બી૦ આકલેંડવાળા) ના ભાઇ એવણના બાવા શેઠ જમાસપજી હીરજી મજાઇના એક પિત્રાઇ રતનજી મજાઇ કરી આગલા વખતમા અતરેના એક જાણીતા ગ્રહસ્થ તથા જુની પારસી પંચાતના એક અકાબર હતા

૫ મુંબઇના સમાચાર, તા૦ ૧૨ મી સપટેમબર ૧૮૩૩

૬ બોમ્બે ગેઝેટ, તા૦ ૧ લી મારચ ૧૮૩૪

જમશેદજી જીજીભાઈની કંપની, મોતીચંદ અમીચંદ, અમરચંદ ખીમચંદની કંપની, બહમનજી હોરમસજી વાડીઆ, હોરમસજી ભીખાજી ચીનાઈ, ફરદુનજી ગોગ-બજી પારખ, આરદેશર આરદેશર દાદીની કંપની, પીરોજી મેહરજી, નસરવાનજી પેશતનજીની કંપની, ફરામજી કાશીજી બનાજી, નાનાભાઈ અને પેશતનજી ફરામજી બનાજી, હોરમસજી દોરાબજી સનજરી, મેહરવાનજી અને બાપુજીની કંપની.

તા૦ ૨૫ મી સપટેમબર.

મુંબઈની સુપરીમ કોરટની આગરીઓની છાપણ કરનારી આએ વર્ષની નિછવારની બેઠક આજ દીને સીર જમેશીઅ તથા પ્યુનીજડજ સર જાન આદીની હજુરમા મરી હતી. તે વેળાએ ચાકરીમા હોકના પારસીઓ બોલાવ્યા હતા.—

શેઠ આરદેશર જમશેદજી જીજીભાઈ, હોરમસજી ભીખાજી ચીનાઈ, હોરમસજી બહમનજી શેઠ, આરદેશર હોરમસજી વાડીઆ.[1]

તા૦ ૨૭ મી સપટેમબર.

આજ દીને અતરેની સુપરીમ કોરટમા ચીફ જસ ટીસે પોતાની ખુરસી લીધા પછી એ કોરટના દુભાસીઆ શેઠ મહમદ ઈબ્રાહીમ મકબાને આવતી તા૦ ૧ લીથી પોતાનો ઓહદો છોડી જવાને લીધે તેમની લાંબા વખતની અને નીમકહલાલીભરી નોકરીને મારે ઘણાક કીમતી સખુનો બોલીને શાબાશી આપી હતી, તથા તેમની જગો પર શેઠ આરદેશર હોરમસજી સનજાનીને વડા દેશી દુભાસી આ (મીનીસટર ઓફ પ્રોવીડેન્સ) ઠરાવ્યા હતા.[2]

તા૦ ૮ મી અકટોબર.

રોજ ૮ માહ ૧ (શે૦) ૧૨૦૩ યજદજરદી.

મરણ—મેરવાનજી નસરવાનજી નનાભાઈ શેઠ બનાજી—(ઉમર વ૨ ૫૫) શેઠ નસરવાનજી રૂસતમજી શેઠ

જીના દીકરા. એઓ પ્રથમમા કોટમા પારસી બજારમા પોતાના બાપની સરાફની દુકાન ચલાવતા હતા, અને તે પછી ઈ૦ સ૦ ૧૮૨૬ થી અતરેની સરકારી તીજોરીમા સરાફના ઓહદા ઉપર રહ્યા હતા.

તા૦ ૧૩ મી અકટોબર.

મુંબઈની પારસી પંચાતના ફંડનો તા૦ ૫ મી નવેમબર ૧૮૩૧ થીતે તા૦ ૨૩ મી અકટોબર ૧૮૩૨ સુધીનો હીસાબ આજના "મુંબઈના સમાચાર" મા તરસટીઓએ છપાવી પરગટ કીધો હતો, તેમાથી જોવામા આવેછે કે એવા હીસાબની બાકીના રૂ૭૩૩૦૧)૨૨॥। ઉપરાંત આએ આખા વર્ષમા પંચાતના ફંડ ખાતે રૂ૯૭૮૨॥।ના ની આવક થઈ હતી, અને ખરચ કુલ રૂ૮૬૩૫૨ થયો હતો. જે બાદ કરતા વર્ષની આખરીએ તરસટીઓના હસ્તકમા સઘળા મળી રૂ૭૯૬૮૦૮॥।૫ બાકી હતા.

તા૦ ૪ થી નવેમબર.

આજદીને સુરતના નગરશેઠ નથુભાઈ લાલજી વગેરે સાથેજી તથા પારસીની પંચાતના મોદી રૂસતમજી ખુર-શેદજી તથા દાદાભાઈ રતનજી પારખ, તથા નાખોદા અ-બદુલ રેહમાન એઓએ ત્યાના આસીસટંટ જડજ મી૦ ગ્રેગર સાહેબની હજુરમા જઈ સુરતના આસરે ૩૭૫ શેઠી-આઓ તથા વ્યાપારીઓની એક અરજી રજુ કીધી હતી. તેમા અરજ કીધી હતી કે સુરતનુ ગરીબ લોક બેરોજગારીના સબબથી પૈસે ટકે ઘણી માઠી હાલતમાછે. તોપણ ઓલતાલાના હોકમથી જરૂરતી અનાજ સસ્તો મળવાને લીધે લોકોનો નીભાવ થાયછે. પણ હાલમા ત્યાના કેટલાક લોકો પોતાના રોજગાર તથા નફાને વાસ્તે સુરતના શેહ-રમાથી તથા આસપાસની પરગણાઓમાથી અનાજ તેમજ માલ ખરીદ કરી બારકસો ભરી બાહેર દેશાવરે મોકલેછે. તેથી તેનો તમો નામદારે અટકાવ કરવો. એ પ્રમાણે આગલા વખતના વખતમા તેમજ કંપની સરકારના અ-મલ પછીથી ઈ૦ સ૦ ૧૮૦૪ તથા ૧૮૧૩ ના સાલમા ચીફ મી૦ શેના વખતમા પણ મોઘવારીને લીધે સુરતના શેહર તથા પરગણાઓમાથી અનાજ બાહેર લઈજવાનુ માફક કર્યુ હતુ.[4]

તા૦ ૭ મી નવેમબર.

અતરેની સુપરીમ કોરટના માજી જડજ સર જે. પી. ગ્રાંટે કલકત્તાની કોરટના જડજનો ઓહદો કબુલ કરવાથી તેઓએ આ શેહરના દેશીઓએ ને

1 બોમ્બે કુરીઅર, તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૩૩

2 બોમ્બે કુરીઅર, તા૦ ૨૮ મી સપટેમબર ૧૮૩૩

શેઠ મહમદ ઈબ્રાહીમ મકબાને પોતાનો ઓહદો છોડવા બાબત શેઠ રામજી કાવસજી બનાજી, નવરોજી જમશેદજી વાડીઆ, બહમનજી હોરમસજી વાડીઆ, જમશેદજી જીજીભાઈ, આરદેશર આરદેશર દાદી, આરદેશર જમશેદજી અને બીજા આગેવાન દેશીઓએ તા૦ ૧૪ મી આગસ્ટ ૧૮૩૩ ને દીને ફારસી તથા ગુજરાતી ભાષામા એક માનપત્ર આપ્યું હતુ.

3 શેઠ હોરમસજી તથા ખાદુમ શેઠ દાદાભાઈ દીનશાહજી નસરવાનજી શેઠના બાપ

4 મુંબઈના સમાચાર, તા૦ ૫ મી ડીસેમબર ૧૮૩૩.

નામદારને મુબારકબાદીનું એક ૨૦૦ સહીનુ માનપત્ર ગઈ તા૦ ૧૭ મી અક્ટોબરને દીને કલકતા ખાતે શેઠ રૂસતમજી કાવશજી બનાજીની મારફતે મોકલ્યુ હતુ. તે માનપત્ર તેવણે કલકતાવાલા બીજા પારસી ગ્રહસ્થોને પોતાની સાથે લઇને આજદીને તે નામદારને ઘેર જઇ આપ્યુ હતુ. આ વેળાએ શેઠ રૂસતમજીએ કહી સમજાવ્યુ કે એ માનપત્રમા જે લખ્યુંછે તેમા કલકતાના સર્વ પારસીઓ પણ દીલોજાનથી એકમનતાછે એ પછી તે વાચી સમજાવ્યુ હતું, અને સર ચારલે તેનો લાયેકીથી ઉતર આપ્યાબાદ સઘળાઓ છુટા પડયા હતા [1]

---

તા૦ ૧૫ મી નવેમબર.

રોજ ૧૬ માહ ૨ (શે૦) ૧૨૦૩ યજદજરદી

મરણ—એદલજી રૂસતમજી બાટલીવાલા [2]—ઉમર વર્ષ ૫૫) એવણ ઈ૦ સ૦ ૧૭૯૯ મા નવસારીથી અતરે આવી ખાલી બાટલીઓ વેચવાનો ધંધો કરતા હતા. તે પછી આસ્તે આસ્તે પોતાનો વહીવટ વધારી પરચુટણ વ્યાપાર, તથા ચીન જતા પારસીઓની અતરેની આડતનુ કામ કરના લાગા હતા, અને તેમા એક મોટી પુંજી મેલવી હતી એવણે મુંબઈના કોટમા, ગનબાવાના કુવાની પાસે એક અવાડો પશુ ઢોરોને પાણી પીવા માટે બંધાવ્યો હતો (જે આજસુધી મોજુદછે). એવણને ત્યા કોઈ નર વારેસ નહિ હોવાથી પોતાના ભાણેજ શેઠ રતનજી બહમનજી તબોલીને પાલક કરી લઈ સઘળુ દઉલત તેવણને સોપ્યુ હતુ, જે ઉપરથી તેવણ શેઠ રતનજી એદલજી બાટલીવાલાને નામે ઓળખાતા હતા.

---

તા૦ ૩ જી ડીસેમબર.

રોજ ૪ માહ ૪ (ક૦) ૧૨૦૩ યજદજરદી.

મરણ—મેહેરવાનજી કાવશજી બનાજી [3]—ઉમર વર્ષ ૫૩) શેઠ કાવશજી મેહેરવાનજી બનાજીના ચોથા દીકરા એવણ પોતાના વડા ભાઈ શેઠ ફરામજીની સાથે પ્રથમમા ઘોડાવણા વ્યાપારમા ગુંતાયા હતા, અને તે પછી ચીન તથા કલકતા ખાતે પોતાનો એનાહેદો વ્યાપાર કરવા માડયો હતો, તથા તે માટે ખુદ પોતાના પલાન પ્રમાણે સુરતના ધકા ઉપર "જાન બેનરમેન" તથા બીજા બે વાહણો બંધાવ્યા હતા. છાસટી માહેલુ "અનીક" નામનુ એક ગામ એવણે સરકાર પાસથી તા૦ ૨૮ મી જુન ૧૮૩૦ ને દીને દર વર્ષે રૂ૮૦૦) ને ઘેકે લીધુ હતુ, [4] અને ત્યા પોતાના જાતી ઉદ્યોગથી ખેતી કરી તે ગામની પેદાશ ઘણી વધારી મેલી હતી ત્યા પાકતી કેરીઓ ઘણી સરસ હોવાથી એવણના મિત્રો "મેહેરવાનજી આંબા" ના નામથી એવણને બોલાવવા લાગા. ઈ૦ સ૦ ૧૮૨૪ માં જયારે મુંબઈમા પાણીની મોટી ટીપણી પડી તે વેળાએ એવણે અતરે જુદે જુદે ઠેકાણે સાત કુવાઓ બંધાવ્યા હતા. એ પછી એવણે આરબસ્થાનથી ઘોડાઓ મંગાવી તેનો વ્યાપાર કરવા માડયો, પણ તેમા ઘણુ નુકસાન ગયુ હતું. તોપણ ભીંડીબજારના રસ્તા ઉપરનો એવણનો ઘોડાઓ રાખવાનો તબેલો, જે આજ ઘણે હાથ વેચાયા છતા પણ "મેહેરવાનજી આંબાના તબેલા" ને નામે લોકોમા જણાયલોછે એવણ સાદા દેખાવના, પણ એક સાહસીક, ઉદાર અને ચતૂર પારસી ગ્રહસ્થ હતા [5]

---

તા૦ ૧૭ મી ડીસેમબર.

અતરે નવા શિખેના પારસી ઈંજનેર શેઠ શોરાબજી ધનજીભાઈ પુણેગર કે જેવણના ઉપરીપણા હેઠલ ઈ૦ સ૦

---

[1] મુંબઈના સમાચાર, તા૦ ૨૮ મી નવેમબર ૧૮૩૩

[2] મરહુમ શેઠ રતનજી એદલજી બાટલીવાલાના મામા

[3] મરહુમ શેઠો શોરાબજી, હોરમસજી અને દાદાભાઈ મેહેરવાનજી બનાજીના બાવા, તથા શેઠ રૂસતમજી મેહેરવાનજી પટેલ, એમ એ, એલ એલ બી ના મબાવા

[4] આ ગામ એવણના મરણ પછી સરકારે એવણના વારેસોને એકદર રૂ૧૦૦૦૦) ની રકમ આપી પાછુ લીધુ હતુ તે ઈ૦ સ૦ ૧૮૩૭ મા અતરેવાલા જાણીતા શેઠ ફરામજી નસરવાનજી પટેલે સરકાર પાસેથી રૂ૨૫૦) નો વાર્ષિક ધારો વધારે આપતા કરી લીધુ હતુ, અને તેનુ થાણાના કલેકટરે તા૦ ૨૯ મી મેએ ૧૮૩૯ ને દીને શેઠ ફરામજીને કાયદાસરનુ એક "ડીડ ઑફ કનવેયનસ" કરી આપ્યુ હતુ

[5] એવણના મરણની નોંધ લેતી વખતે તે વેળાનાં "બોમબે ગેજેટ" મા લખેછે કે,—

"This much esteemed individual was among the foremost of his enlightened countrymen the Parsees—to whose general enterprize and liberality, he added the ingenuity of a European artist, and the manly frankness of European manners. To his encouragement were mainly to be attributed the splendid importations of Arab horses, which raised the name of the Bombay stud so high in days of Mr Elphinstone, and three vessels out of this harbour, built after models of his invention attest the practical utility of his Mechanical talents During the greater part of his career, his munificence and charity were as large as his fortune—and tho' in the autumn of his life misfortune overtook him, and a princely estate, fell like his years, "into the sear and yellow leaf" his generosity, and independence of character never forsook him he died even more honored and more beloved in poverty, than he had been in wealth, a rare and unerring test of genuine worth"

[ *Bombay Gazette, 11th December 1833* ]

૧૮૩૨ માં મુંબઈ માહેલું શેઠ ફરામજી કાવશજી બનાજી-વાલું દેખમું બંધાયું હતું. તેણે તે દેખમાનો એક લાકડાનો "મોડલ" બનાવી તેને લગતી સમજણ સાથે અનરેબલ કોનસીલના મેમ્બર હાનરેબલ વીલ્યમ ન્યુનહામની મારફતે ઇંગલાંડ ખાતે ત્યાંની "રાયલ એશીઆટીક સોસાઇટી ઑફ ગ્રેટ બ્રીટન એન્ડ આયરલન્ડ" ની સભા ઉપર ભેટ મોકલ્યો હતો, તે સોસાઇટીમાં રજુ કર્યાથી તે વિષે આજ દીને તે ખાતાની તરફથી તેના સેક્રેટરી મી૦ એચ હારક્નેસે શેઠ ફરામજીપર એક પત્ર લખી તેમનો મોટો આભાર માન્યો હતો, તથા હાનરેબલ મી૦ ન્યુનહામ ઉપર પણ એક જુદો પત્ર લખી તેને સુચના કીધી હતી કે તેણે એ રીતે શેઠ ફરામજીના જેવા બીજા સખન દેશીઓને પણ તેમની કારીગરીના નમુના સોસાઇટીપર મોકલવાની ભલામણ કરવી.[1]

---

તા૦ ૧૮ મી ડીસેમ્બર.

રોજ ૧૯ માહ ૩ (શે૦) ૧૨૦૩ યજદજરદી.

આજ દીને ભરુચ મધે અંજુમનના ઉઘરાતથી બંધાવવા માંડેલું દેખમું તૈયાર થવાથી તેને પરઠવાની ક્રિયા કરવામાં આવી હતી. આ પ્રસંગે ભરુચ તથા બીજાં બાહેરના દેશાવરોના મળી લગભગ ૫) થીને ૬૦૦૦) જરથોસ્તીઓનો મેળાવડો થયો હતો. જશનની ક્રિયા પુરી થયા બાદ ભરુચના તથા દેશાવરોથી આવેલા દસ્તુરોને શાલ દોશાલા ઓહોરાડવામાં આવ્યા હતા એ પછી નેઆતનું મસીદા મુઆનુ જમન જમી સર્વે જરથોસ્તીઓ વદાય થયા હતા. એ દેખમું બાંધવા માટે સુરતથી આવેલા મીસ્તરીઓ તથા સનારોને પણ જશનની ક્રિયા ખલાસ થયા બાદ ઘટતા ઇનામો આપવામાં આવ્યાં હતાં.[2]

---

[1] આ બધી પત્રો તા૦ ૧૯ મી જુલાઈ ૧૮૩૪ ના "બોમ્બે કુરીઅર" માં છપાયલા છે

[2] આ દેખમું પરઠવાને લગતો સઘળો અહેવાલ તા૦ ૩૦ મી ડીસેમ્બર ૧૮૩૩ ના મુંબઈના જામે જમશેદમાં ભરુચથી દસ્તુર પેસ્તનજી અસપંદયારજી કામદીનજી તથા મોબેદ રુસતમજી જીવણજી ઓલીઆજીએ લખી મોકલ્યો હતો વળી એ ક્રિયામાં શામેલ થવા માટે ભરુચની અંજુમન તરફથી તા૦ ૧૦ મી ઓકટોમ્બર ૧૮૩૩ ના મુંબઈના શમાચારમાં તથા તા૦ ૭ મી ઓકટોમ્બર ૧૮૩૩ ના મુંબઈનાં જામેજમશેદમાં એક જાહેર ખબર છપાવી મુંબઈ તથા દેશાવરો ખાતેના સર્વે જરથોસ્તીઓને નોતરયા હતા અને એ દેખમું બાંધવાને નામદાર ઇસ્ટ ઇંડીઆ કંપનીની સરકારે મોજે શકરેસર બાગને નામેની

તા૦ ૩૧ મી ડીસેમ્બર.

આજ દીને ગુજરાતના "કમરશીયલ રેસીડંટ" મી૦ પેરીએ તે તરફના "નેટીવ કમરશીયલ એજન્ટ" શેઠ મેહેરવાનજી હોરમજજી ફરેજરવાલાને અનરેબલ ગવરનર અરલ ઑફ કલેર સાથે પરેલના સરકારી મેહલમાં મોલાકાત કરાવી હતી. નામદાર ગવરનરે કેટલીક વાતચીત કીધા પછી શેઠ મેહેરવાનજીને તેમની ગુજરાતના વ્યાપાર ખાતામાં બજાવેલી કીમતી નોકરીઓના બદલામાં, સરકાર તરફના માનની નિશાન દાખલ એક એનાયત ભેટ આપ્યો હતો.[3]

---

આએ વર્ષમાં સુરતની પાસેના બાહા ગામની પાદર આગળ આવેલી મોટી બારી ઉપર મુંબઈવાલા શેઠ જમશેદજી જીજીભાઈએ બે પુલ બંધાવ્યા હતા.[4]

---

આએ પારની જમીન વીઘા ૧૫)૧ વસો બક્ષીસદા આપી હતી તે મધે એ દેખમું તથા શગડી અને કુવો ભરુચ, સુરત, અને મુંબઈની અંજુમનના ઊઘરાણાથી એકઠા કીધેલા આસરે રૂ૭૦૦૦) ના ખરચે બંધાવ્યો હતો એ દેખમાનો તાણો પુરાયાની તથા તે પરઠવાને લગતી સઘળી ક્રિયા ભરુચના વડા દસ્તૂર કાઊસજી અસપંદીઆરજી કામદીનજીના ઊપરીપણાં હેઠલ થઈ હતી

એ દેખમાની સામેની શગડી ઊપર નીચે પ્રમાણે તખ્તી મારેલી છે,—

"શ્રી પાક પરવરદેગારની બક્ષીશથી તથા પાક
" અશો જરતોશત પેગામબર સાહેબની દીનની બરકતથી
" જરતોશતી ફીરકાની કુલ અંજુમન શ્રી મુંબઈ તથા
" સુરત તથા ભરુચ વીગેરેના રેવાસી લોકના રૂપીઆથી
" એ નવું દખમું અશો રવાનોને વાસતે બંધાઈ તઇ-
" આર થયુંછે તથા આએ શગડી પારશી હોમાજી
" શોરાબજીએ પોતાના બાપ શોરાબજી જીવણજીની નઈ-
" એતે બંધાવા શારૂ રૂ૭૦૦) આપાછે ને બાકીનો ખરચ
" અંજુમનના રૂપીઆ મધેથી થઓછે રોજ ૧૯ ને
" માહ ૩ જો શેહેનશાહી સને ૧૨૦૩ ઇઅઝદેજરદી
" તા૦ ૧૮ મી ડીસેમ્બર સને ૧૮૩૩ ઇશવી તથા શવંત
" ૧૮૯૦ ના માગશર શુદ ૭ વાર બુધેને દીને દખમાનું
" જશન થયુંછે ને એ દખમું તથા શગડીની જગો તથા
" આસપાસ ખુલી જગો સાથે જમીન વીઘા ૧૫ સરકાર
" કંપનીબહાદરે બક્ષીસ અનદરોકાર સુધી બક્ષીછે"

[3] બોમ્બે કુરીઅર, તા૦ ૪ થી જાનેવારી ૧૮૩૪

[4] આમાંનો એક પુલ ભારે વરસાદના જોરથી તા૦ ૮ મી જુન ૧૮૩૪ ને દીને રાતના ૧ કલાકને આસરે તુટી પડયો હતો, કે જે પાછો ઈ૦ સ૦ ૧૮૬૭ માં એમના પ્રખ્યાત દીકરા શેઠ રુસતમજી જમશેદજી જીજીભાઈએ સરકારને રૂ૧૫૦૧૦—૧૨—૧ આપી પોતાના મરહુમ કુરસીના પુનને માટે બંધાવ્યો હતો.

# ઈ૦ સ૦ ૧૮૩૪.

આ વર્ષના "બોમ્બે કુરીઅર" માંથી નીકલેના ૯ ગ્રેજી કાલેનડરમા[1] સઘળી બીના નીચના ફેરફાર તથા વધારા સિવાએ આગલાં કાલેનડરની માફકજછે.

વ્યાપારી પેહડીઓના પારસી દલાલોની ટીપમા દાદાભાઈ પેશતનજી વાડીઆ, દાદાભાઈ રૂસતમજી, તથા જાગીરજી અને માણેકજી નવરોજજી વાડીઆના નામ ઉમેરાયલાછે

પારસી વ્યાપારીઓમા જાગીરજી અને નવરોજજી નશરવાનજી (વાડીઆ) ને બદલે જાગીરજી અને માણેકજી નવરોજજી (વાડીઆ), તથા બહમનજી હોરમજજી (વાડીઆ) ને બદલે બહમનજી અને અરદેસર હોરમજજી (વાડીઆ) ના નામોછે. તેમજ એ ટીપમા શોરાબજી બાછાગાંધી, રૂસતમજી કાવશજી પટેલ, હોરમજજી ધનજી પટેલ, અને પીરોજજી મેહરજીના નામો ઉમેરાયાછે

પારસી દુકાનદારો તથા વાઈન મરચંટોની ટીપમાં ખરશેદજી હોરમજજી જીવાજીને બદલે કાવશજી અને હોરમજજી જીવાજી (પોટર), તથા ફરામજી જીવાજી ઢોડીને બદલે નશરવાનજી અને ફરદુનજી ફરામજી (ઢોડી) ના નામોછે, તેમજ હોરમજજી પેશતનજી બાટલીવાલા, ખરશેદજી બેહરામજી ગામડીઆ, અને બરજોરજી ડોશાભાઈ ખરાસના નામો ઉમેરાયાછે.

સરકારી ગોદીના પારસી બીલ્ડરોમા અરદેસર રતનજી વાડીઆનુ નામ ઉમેરાયુ છે.

---

તા૦ ૨ જી જાનેવારી.

રોજ ૪ માહ ૪ (એ૦) ૧૨૦૩ યજદજરદી.

**મરણ**—મેહરનોશજી બરજોરજી કુટાર[2]—ઉમર વર્ષ ૬૦) એવણ મુબઈના કોટ માહેલી શેઠ ખરશેદજી માણેકજી સરાફવાલી દરેમેહરના વડા પથકી હતા. એવણના મરણ વખતે અતરેના મોબેદોમા એક જાણવા જોગ બનાવ બન્યો હતો. તે એકે એવણના રવાનના પગ નવસારીના મોબેદોના સરેશતાથી ઉલટી રીતે શેઠ ખરશેદજી માણેકજી સરાફે આગળ ઉભા રહી લાંબા રાખવાને બદલે વલાવ્યા હતા. આથી અતરેના ભગરીઆ મોબેદોમા ઘણુ ઝનુન ફેલાયુ, અને તેઓની એક મોટી સંખ્યાએ રાતના પોતાની સાથે એ બાવીઆઓને તેડી, એવણના ઘર આગળ આવી રવાનને સંજોગેશુ છોડાવી તેના પગ લાંબા રખાવ્યા હતા.

---

તા૦ ૭ મી જાનેવારી.

આજ દીને અતરેની "એગ્રીકલચરલ એન્ડ હારટીકલચરલ" સોસાઈટીની મળેલી સભામા નીચેના બે પતરો રજુ કીધામા આવ્યા હતા —

૧—સોસાઈટીના નાયબે સરનશીન શેઠ ફરામજી કાવશજી બનાજી તરફથી ગઈ તા૦ ૧૭ મી અકટોબર ૧૮૩૩ ને દીને આવેલો પતર, જેમા તેવણે જણાવ્યું હતુ કે છાસટી માહેલા તેવણનાં પવાઈનાં ગામમા આવતા નવેમબર મામની આખરીએ ૫૬૦૦૦ સેરડી તૈયાર થશે, જે પચીસ રૂપીએ હજારને હીસાબે ખરીદવાને સોસાઈટી તરફથી સરકારને અરજ કરવી. બીજું શેઠ ફરામજીએ આ પતરમા લખ્યુ હતુ કે તેવણે જેમ "જમેકા" અને "વેસ્ટ-ઈનડીસ" ના ટાપુઓમા રોપણી કરેછે તે ધોરણ પર સેરડીની રોપણી ૬૪ વીઘા જમીનમા કીધીછે, કે જેમાથી બની સની ૨૦૦૦૦૦ બે લાખ સેરડીની ઉપજ થશે, અને કોઈબી ધણી એ રોપણીની રીત વિષે તેવણ પાસેથી કાંઈ ખુલાસો લેવા બાબર માગશે તો તે મોટી ખુશી સાથે આપવામા આવશે.

૨—ઉપલા કાગજની નકલ સરકારપર મોકલવાથી તેના જવાબમા તા૦ ૩૦ મી અકટોબર ૧૮૩૩ ને દીને સરકારના શેક્રેટરી મી૦ એન. આર. રીડે લખી જણાવ્યુ હતુ કે સરકારે થાણાના કલેકટરપર શેઠ ફરામજી વાલા પવાઈના ગામની ૨૦૦૦૦ સેરડી ખરીદી જુદા જુદા ગામોના કલેકટરો ઉપર તેમના ખપ પ્રમાણે મોકલી આપવાને હોકમ કીધોછે. અને એજ પ્રમાણે આવતે શાલબી જરૂર પડશેતો શેઠ ફરામજી વાલા ગામનીજ સેરડીનો ઉપયોગ કરવાને સરકારની મરજીછે.

આ બન્ને કાગજો સોસાઈટીના દફતરમાં નોંધવાને ઠેરવ્યું હતુ.[3]

---

તા૦ ૧૮ મી જાનેવારી.

આજ દીને મુબઈમા નીકલતા "હરકારૂ અને વરતમાન" પત્રના અધીપતી શેઠ નવરોજજી દોરાબજી ચાનદારૂએ અતરેના ટાઉનહાલમાં "પારસીઓની રાહ રસમ" વિષે ગુજરાતીમા એક ભાષણ કીધુ હતુ.[4]

---

[1] The Bombay Calendar and Almanac for 1834
*Bombay, printed at the Courier Office,*
*by Sorabjee Dorabjee.*

[2] મરહુમ શેઠ ખરશેદજી માણેકજી સરાફવાલી દરેમેહરના હાલના પથકીઓ એ૦ હોરમજજી તથા એ૦ શાપુરજી બરજોરજી કુટારના બાવા

[3] બોમ્બે કુરીઅર, તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૩૪

[4] બોમ્બે ગેઝેટ, તા૦ ૨૨ મી જાનેવારી ૧૮૩૪

### તા૦ ૧૨ મી ફેબરવારી.

આજ દીને રાતના ચાર કલાકે કોટ મધે પારસી બજાર સ્ટ્રીટમા મરહુમ શેઠ ફરામજી માણેકજી વાડીઆના ઘરના બખારચીખાનામાં એક મોટી ભઠ્ઠી ભરેલી આગ લાગી હતી. રાંધણીમા લાકડા ઘણાં ભરેલા હોવાથી ભડકો મોટો ઉઠયો હતો, તોપણ આસપાસના પારસીઓની જબરી દોડાદોડથી, તથા ગોદીનાં મજુરા માણસો તુરત આવી પોહચવાથી, તેમજ એની પાસે શેઠ જાગીરજી નશરવાનજી વાડીઆની હવેલી આવ્યાથી તેમની શરમને લીધે યુરોપ્યનો વગેરે તે હોલવવામા મદદ કરવાને જુંપલાવ્યાથી, રાત્રે આઠ કલાકે તે આગ હોલવાઈ હતી.[1]

### તા૦ ૧૪ મી ફેબરવારી.

### રોજ ૧૭ માહ ૫ (શે૦) ૧૨૦૩ યજદજરદી.

આજ દીને મુંબઈ મધે ડંકનરોડ પર કરહેરીની પાસે શેઠ હોરમજજી ધનજી પટેલ (ધનાપટેલના) પોતાના મરહુમ દીકરા શેઠ રતનજીના પુનને માટે એક દરેમેહર બંધાવી પરઠાવી હતી. આ વેળાએ જશનની ક્રિઆમા અતરેના સઘળે વાગેના જરથોસ્તીઓનો એક મોટો મેળાવડો થયો હતો. દશ કલાકને આસરે એ ક્રિઆ પુરી થયા બાદ શેઠ હોરમજજીએ અંજુમનની હજુરમા દસ્તુરજી સાહેબ એદલજી દારાબજી સંજાણા, કે જેઓના ઉપરીપણા હેઠળ એ દરેમેહર પરઠવાને લગતી સઘળી ક્રિઆ થઈ હતી તેમને, તથા અતરેના ભગીના ઈજનેર શેઠ સોરાબજી ધનજીભાઈ પુણેગર, કે જેઓના ઉપરીપણા હેઠળ એ દરેમેહરની ઈમારત બંધાઈ હતી, તેમને પોતાની તરફથી એકેકી શેઆળ હોરાડી માન આપ્યું હતું. એ પછી મુંબઈની પારસી પંચાત તરફથી શેઠ નવરોજજી જમશેદજી વાડીઆએ શેઠ હોરમજજીને એક શેઆળ એ શુભ કામ પાર પાડવાની ખુશાલીમા હોરાડી હતી. ત્યારબાદ શેઠ હોરમજજી તરફથી એક અંજુમન પત્ર વંચાયો, જેમા જણાવ્યું હતું કે એ દરેમેહરના ચાલુ ખરચને માટે મુંબઈના કોટમા ગોદીબંદરને તેઓના પૈસાથી બાંધેલું ને ભાડાનુ ઘર છે તે મીઠી એક સારો વક્ફ કીધો છે, અને હંમેશા એ ઘરના ભાડામાંથી કાંઈ ફરજ દારી વાડી મતલબનો તે ખર્ચ આપવામા આવશે. બીજુ એ દરેમેહરના મુગતની તેઓ પોતે તથા તેમની પછી તેઓ જે જરથોસ્તીને ઠરાવે તે દેખશે. છેવટે આ કામ પાર પાડવામા શેઠ ખરશેદજી માણેકજી સગડે તેઓને ઘણી કીમતી મદદ તથા સલાહ આપી માટે તેમનો ઉપકાર માનયો હતો. એ અંજુમન પત્ર વંચાયા બાદ શેઠ હોરમજજીએ એ દરેમેહરની પાસેની પોતાની કરહેરીવાલી વાડીમાં નેઆતનુ જમન તૈયાર કરાવ્યું હતું તે જમી સર્વે સેઠો ખરાબ થયા હતા.[2]

### તા૦ ૧ લી મારચ.

હિંદુસ્થાનના દેશીઓને ગ્રાંડ જુરીમાં બેશવાના તથા સુપ્રિમના અમલદારો ઠરવાના બાબેના પાર્લામેંટે પસાર કરેલા કાએદાની રૂએ, આજ દીને મુંબઈના નામદાર ગવરનર અરલ ઓફ કલેરની કૌનસીલે અતરેના નીચના દેશી ગ્રહસ્થોને મુંબઈમાં પેહલવેહલા "જસટીસ ઓફ ધી પીસ" ઠરાવ્યા હતા.[3]

**પારસી**—શેઠો જમશેદજી જીજીભાઈ, બહમનજી હોરમજજી વાડીઆ, ફરામજી કાવસજી બનાજી, ખરશેદજી કાવશજી બનાજી, ખરશેદજી અરદેશર દાદીશેઠ, નવરોજજી જમશેદજી વાડીઆ, ખરશેદજી રૂસ્તમજી વાડીઆ, હોરમજજી ભીખાજી ચીનાઈ.[4]

**હિંદુ**—શેઠો જગંનાથ શંકરશેઠ, ધાકજી દાદાજી.

**મુસલમાન**—શેઠો મહમદ ઈબ્રાહીમ મકબા, મહમદઅલી રોગે.

**ફરંગી**—સર રાજર ડી. ફારીઆ.

---

૧ મુંબઈના સમાચાર, તા૦ ૧૭ મી ફેબરવારી ૧૮૩૪

૨ મુંબઈના જામેજમશેદ, તા૦ ૧૭ મી ફેબરવારી ૧૮૩૪

આ દરેમેહર પરઠાવવાના જશનમા શામેલ થવાને શેઠ હોરમજજી ધનજી પટેલે મુંબઈના તથા દેશાવરો બાતેના જરથોસ્તીઓને તા૦ ૬ ઠી ફેબરવારી ૧૮૩૪ નાં મુંબઈના સમાચારમા તથા તા૦ ૧૦ મી ફેબરવારી ૧૮૩૪ ના મુંબઈનાં જામે જમશેદમા જાહેર ખબર છપાવી નોતરૂં દીધું હતુ, તથા બીજી જાતના લોકોને અરજ કીધી હતી કે તેમની નોકરીમા જેઓ પારસીઓ હોય તેમને આએ ક્રિઆમા શામેલ થવાને એ દિવસે મેહરબાની કરી રજા આપવી.

૩ બોમ્બે કુરીઅર, તા૦ ૨ લી મારચ ૧૮૩૪.

૪ આ ટીપમા શેઠ દાદાભાઈ પેસતનજી વાડીઆનુ નામ જુદથી છપાયું નથી, લેકીન એવણને આ ઓહ્દો તે વખતે એ ઓહ્દો મલ્યો હતો, કેમકે તા૦ ૨ જી આપરેલ ૧૮૩૪ ને દીને એ નવા ઠરેલા "જસટીસ ઓફ ધી પીસો" સુપ્રીમ કોરટમા સર હરબરટ કોમ્પટનની હજુરમા સપત લેવાને ગયા હતા, તે વખતે સપત આપેલા ગ્રહસ્થોની ટીપમા, તેમજ ઈ૦ સ૦ ૧૮૩૫ ના "બોમ્બે કાલેનડર" મા આપેલી એ નવા અમલદારોની ટીપમા પણ એવણનુ નામ આવેલુ છે

આએ વખતથી જે દેશીઓને સુપ્રીમના અમલદારનો તથા ગ્રાંડ જુરીમા બેશવાનો હક મલ્યો હોય તેઓના નામની પાછળ Esquire લખવાનો સરકાર તરફથી ચાલ કાઢવામા આવ્યો હતો. એ આગમચ સરકાર તરફથી કોઈબી દેશીના નામની પાછળ Esquire લખાડવામાં આવતો હતો નહિ.

### તા૦ ૯ મી મારચ.

મુંબઈવાલા જાણીતા શેઠ જમશેદજી જીજીભાઈ પોતાના દોસ્તો શેઠો હોરમજજી ડોરાબજી લવકરી, અરદેશરજી રુસતમજી વાડીઆ, ફરામજી બહમનજી મગરૂ-શાપુરજી પેશતનજી મેહેતા અને માણેકજી મનચેરજી ગગરાટ સાથે ઉદવાડે સીધાર્યા હતા. ત્યાં આજ દીને તેઓએ (શેઠ જમશેદજીએ) એક મોટું જશન કરી ઉદ-વાડામાં વર્ષના છેહે દાહેબાગની નેઆત પોતાને ખરચે જનયુક કરાવવાની તદબેરોસતી પહારી હતી.[૨]

### તા૦ ૧૦ મી મારચ.

મુંબઈ મધ્યે ગેઆસલાઈટની રોશની કરવાનો અખતરો અત્રેની સરકારી ગોદીવાલા શેઠ અરદેશર ખરશેદજી વાડીઆએ આજ દીને પોતાની મજગામની વાડીમાં કીધો હતો, અને તે જોવા માટે અત્રેનો ગવરનર અરલ ઑફ કલેર પણ પોતાના રસાલા સહીત આવ્યો હતો. આ વેળાએ એનણના ઘર આગલ એ નવો અખ-તરો જોવાને લોકોની એટલીતો ઠઠ મળી હતી કે ગવર-નરની ગાડીને પણ ત્યાં જવાને ઘણી મુશ્કેલી પડી. રાતના બગબર સાત કલાકે ગવરનરે આવ્યા બાદ તેમને શેઠ અરદેશરે સઘળા સાચા તથા બનાવટો ફરી ફરીને દેખાડી હતી. એ પછી સઘળાઓ એમના ઉત્તલા દીવાનખાનામાં ગયા, કે જયાં છ "લાપ" અને ચાર "વાલથેડ" મળી ૨૮ ગેઆસના દીવા સળગાવેલા હતા, અને તેની રોશની યુરોપની ગેઆસલાઈટને મળતી આવતી હતી. આ સઘળું તપાસ્યા તથા જોયાબાદ નામ-દાર ગવરનરે શેઠ અરદેશરને તેમની આ બનાવટ તથા હિંદુસ્થાનમાં યુરોપની કારીગરી દાખલ કરવાની દીલ-સોજીને માટે ઘણી તારીફ કરી પોતાનો સંતોષ જણાવ્યો હતો, તથા આ કામમાં એમની બુદ્ધિ અને ઉદ્યોગની ઘટતી કદર પીછાણી સરકાર તરફના માન દાખલ એક એનાત (હાનરરી ડરેસ) ભેટ આપી વધાએગીરી લીધી હતી. નામદાર ગવરનર જેવો પોતાની ગાડીમાં બેસી રસ્તો લીએકે તેવામાં શેઠ અરદેસરે એક આગલીની ઈસારત કરી સઘળી લાઈટ બુઝાવી નાખી, અને પછી પાછી તરત એક મીનીટમાં તે સળગાવી, જેથી બાહેર ઉભેલા દેખીઓ ઘણા તાજુબ થયા, અને ગવરનરે એક-અને તેમને ખરા અંતઃકરણથી મુબારકબાદી આપેછે. એ બાદ સલામ અલેકુમ કરી સઘળાઓ છુટા પડ્યા હતા.[૩]

### તા૦ ૧૪ મી આપરેલ.

આજ દીને નવા ઠરેલા દેવી મુબેઇના અમુલદારો "બેનચ ઑફ-જસટીસ" ની સભામાં પેહલવેહલા બીરાજયા હતા.[૪]

### તા૦ ૧૮ મી મેએ.

રોજ ૨૦ માહ ૯ (શે૦) ૧૨૦૩ યજદેજરદી.

મરણ—જાગીરજી માણેકજી પથકી[૫]—ઉમર વર્ષ ૪૦) આ૦ માણેકજી નશરવાનજી પથકીના વડા દીકરા. એવણુ પ્રથમમાં અત્રે પોતાના ભાઈ શેઠ બહ્-મનજી સાથે વ્યાપાર કરતા હતા. તે પછી નાગપોર ખાતે જઈ ત્યાં એક મોટી દુકાન સ્થાપી, અને તે તરફ બોહોળો વ્યાપાર ચલાવ્યો હતો. મરણની થોડુંક આગમજઈ એવણુ મુંબઈ મધ્યે પાછા આવ્યા હતા

### તા૦ ૨૦ મી મેએ.

આજ દીને મરહુમ શેઠ જાગીરજી માણેકજી પંથ-કીના ઉઠમણામાં તેમના દીકરા શેઠ હોરમજજી જાગી-રજી પથકીએ રૂ૫૦૦) ની રકમ પંચાતને હસ્તકના આથના પારસીઓના ફંડ મધ્યે આપી હતી.[૬]

### તા૦ ૩ જી જુન.

આજ દીને મુંબઈના ૨૫૦૦) થી વધારે રેહેવા-સીઓ, તે મધ્યે હિંદુ, પારસી તથા મુસલમાન વ્યાપારીઓ, સરાફો, દલાલો, કારીગરો, વગેરે બીજા દેસીઓએ કલકત્તે નામદાર ગવરનર જનરલ લારડ વીલ્યમ બેનટીક ઉપર એક અરજી મોકલી હતી, કે અત્રે ગામડી ડાક ચાલતી હતી તેથી લોકોને મહિના દીવાડાઓમાં કાગજ પત્રો મોકલવાને સવલ પડતું હતું. પણ વડી સરકારે એક ધારો ઘડી એ ડાકોના કામ કાએદાથી ઉલટાં ગણી બંધ કર્યાંછે, તથા મુંબઈની સરકારના ગઈ તા૦ ૨૦ મી

[૨] મુંબઈના સમાચાર, તા૦ ૨૦ મી મારચ ૧૮૩૪

આ વેળાએ શેઠ માણેકજી મનચેરજી ગગરાટે ઊદવાડામાં કાકા ઊરવની ડ્રોમેઠાની નવી ઓરીમાં એક કુવો બંધાવી આપ્યો હતો

[૩] બોમ્બે કુરીઅર, તા૦ ૧૫ મી આપરેલ ૧૮૩૪

[૪] બોમ્બે કુરીઅર, તા૦ ૧૫ મી આપરેલ ૧૮૩૪.

[૫] શેઠ મનચેરજી બહમનજી પથકીના કાકા, તથા શેઠ જમશેદજી જાગીરજી પથકી અને મરહુમ શેઠ હોરમ-જજી જાગીરજી પથકીના બાવા.

[૬] તા૦ ૨૪ મી સપટેમબર ૧૮૩૫ ના "મુંબઈના સમાચાર" મા છપાયલો પંચાતનો હીસાબ

જાનેવારી ૧૮૩૪ નાં એક જાહેર નામાથી ગામખાતાનાં કાગળોપર આગળ કરતાં ૫૦ ટકા વધારે તથા યુરોપનાં કાગળોપર પચાસ ટકા ઓછો દર કીધોછે. આ કાએદાથી ગરજદારોને ઘણી અડચણ પડેછે. શબબ ગામડી ડાકોથી મોહોલાં શેહેરો તથા ગામડાઓમાં બરાબર કાગળો પર એક રોજના ત્રીશ હજાર આશામીઓને પોહચતાં હતા તે સરકારી ડાકથી બરાબર ઠેકાણાસર પોહચશે નહિ. તે સાથે ગામડી ડાકના દર કરતા મોટી રકમ આપયા છતાં અમોને અગવડમા આવવું પડશે, માટે તમો નામદારની કૌનસીલે એ બાબદ ઉપર ધ્યાન પોહચાડવુ.[૨]

---

તા૦ ૩ જી જુન.

આજ દીને શેઠ જમશેદજી જીજીભાઇએ પોતાના કોટમા બંધાવેલાં નવા રેહવાના ઘરનુ મુહુરત મોટી ધામધુમ સાથે કર્યું હતુ, અને તેની ખુશાલીમાં રાજના સાર કનાડ મુંબઈના નામદાર ગવરનર અરલ ઑફ કલેર, તથા અતરેના પેહલે વાગેના સર્વે યુરોપીયન વેપારીઓ, મતની, લશકરી, તથા હથિયારધારી અમલદારો, તેમજ દેશી રેહવાસીઓને નોતરયા હતા. દરેક પરોણા જેવા આવતા તેવી શેઠ ખરશેદજી જમશેદજી જીજીભાઈ તેમની ભેટ લઈ બેઠક પેર મુકી આવતા હતા. નામદાર ગવરનર બરાબર પાંચ કલાકે લેડી નારીઅની સાથે મજલેસમા આવ્યો, અને તે તથા સઘળા પરોણાઓ શેઠ જમશેદજીની સાથે જઇ આખુ ઘર ફરીને જોઈ આવ્યા. એ પછી તરેહવાર ખાનાઓથી શણગારેલી ટેબલ ઉપર સર્વે મેજબાનોએ બેસી સેનો અજીપેરે ભોગ લીધો, જે બાદ ગવરનરે ઉઠી શેઠ જમશેદજીને આ હવેલી જેવુ મકાન પુરૂ થવા બાબેની વરતા નમુનોમા મુબારકબાદી આપી મનામની લેવાડી, જે નખળાઓએ ખુશાલીના પોકારો વગેરે કીધાબાદ પાન ગોલાબ લઈ સર્વે પરોણાઓ વદાય થયા હતા. આ વેળાએ શેઠ જમશેદજીના ઘરની સામે તેમજ કોટ ઉપર આ મજીમા જોવાને લોકોની મોટી ઠઠ મળી હતી.[૨]

તા૦ ૮ થી જુન.

રોજ ૭ માહ ૯ (શ૦) ૧૨૦૩ યજદજરદી.

આજ દીને ગંદેવી ગામ મધે મુંબઈવાલા શેઠ હોરમજજી ભીખાજી ચીનાઈએ આદરાનની એક દરેમેહર બંધાવી પરકાવી હતી.[૩]

---

તા૦ ૧૪ મી જુન.

રોજ ૧૭ માહ ૯ (શ૦) ૧૨૦૩ યજદજરદી.

આજ દીને સુરતની પાસેનાં ગડેલ ગામમાં મુંબઈવાલા શેઠ દારાશાહ દોરાબજી ગડેલીઆએ પોતાના બાવા મરહુમ શેઠ દોરાબજી બેહરામજી ગડેલીઆનાં પુનને માટે આદરાનની દરેમેહર બંધાવી પરકાવી હતી.[૪]

---

તા૦ ૧૬ મી જુન.

આજ દીને સુરતની પાસેના કરંજ ગામમા મુંબઈવાલા શેઠ નવરોજજી જમશેદજી વાડીઆએ એક મોટો કુવો બંધાવી ત્યાના લોકોના વપરાસને માટે ખોલ્લો મુક્યો હતો.[૫]

---

તા૦ ૨૮ મી જુન.

મુંબઈના સઘળા રસ્તાઓની મરામત કરી તે સુધરાવવા તથા તેને હમેશા સફાઈદાર રખાવવા બાબેની ગોઠવણો તથા બંદોબસ્તો કરવાને અતરેની સરકારે

---

૧ મુંબઇના સમાચાર, તા૦ ૨૮ મી ઑગસ્ટ ૧૮૩૪ આ કાએદા આગમજ ગામડી ડાકો અતરે ચાલતી એટલે કે કેટલાક પારસીઓ તથા હિંદુઓની આમ્રે એ કારણસર સામેસામ પોતાના આડતી- મનશે બેઠા હતા, અને તેઓ લોકો પાસેથી અમુક દરના સુતના કાગળો, નાણાં, હુંડી, વગેરે પોતાના ...આઓ પર મોકલાવતા, અને તે ...ઓ લોકોને પોહચડાવતા હતા ... ફરદુનજી પારટ- (કાકાપારેખ) ચાવતી હતી.

૩ આ દરેમેહરમા નીચલી તખ્તી મારેલીછે:—
"શ્રી દાદાર હોરમજદની મદદછે,
"નેકનામ શેઠ શ્રી હોરમજજી ભીખાજી ચીનાઈ
"વલસાડના હાલ વસતી મુંબઇના તેનાએ પોતાના વરસ
"વાસતે એ દરેમેહેર નવી બંધાવીછે મુકતાદના કામ
"કરવા સારૂ તથા આદરીઆન સાહેબ રોશન કરી
"રાખેઆછે એ દરેમેહેર તમામ ઇજાદ પુરી થઇ
"સંવત ૧૮૯૦ ના વરખે વઇશાખ વદ ૧૨ વાર બુધે,
"રોજ ૭ માહા ૯ સને ૧૨૦૩ જમેતર દીનીશ ભરણી
"કસબે ગણદેવી"

૪ એ દરેમેહર ઊપર તખ્તી મારેલી નથી, પણ તેના પરઠાયાનો દાહડોવાર ગોદાવરા ૫ થકવાલા આ૦ નાનાભાઇ ભીખાજીએ મેલવી આપેછે

૫ આ કુવાપર નીચલી તખ્તી મારેલીછે:—
"સંવત ૧૮૯૦ ના જેઠ સુદ ૧૦ વાર સોમે,
"તા૦ ૧૬ મી જુન સને ૧૮૩૪ અંગરેજીને તારીખે એ
"કુવો સરવે આમ લોકોને વાપરવાને વાસતે વાડીઆ
"નવરોજજી જમશેદજીએ પોતાની માતાજી મીઠીબાઇ
"તથા બેન કુવરબાઇની નાંએતે બંધાવેઆછે સદી
"એ કુવો સુરતવાલા મીસ્ત્રી રૂસતમજી ખુરશેદજીની મારફતે
"બંધાઓછે."

પોપીઅના મીનીયર અને જુનીઅર માજીસ્ટ્રેટો, મીઠ જે. વીલન, તથા શેઠ જમશેદજી જીજીભાઈ, કાવસજી બનાજી અને જગનાથ શંકરશેઠ એઓની એક કમીટી કરી હતી, તથા એ બાબેનો મુસદ્દાને ગીરોહ તથા બીજી સુચનાઓ કરવાને તેમને અરજ કીધી હતી.[2]

તા૦ ૫ મી જુલાઈ.

આગલે વર્ષની પંચાએતની અંગ્રેજોની તકરાર કરનારી ચેનનું કામ આજ દીને શુપ્રીમ કોરટમાં હાનરેબલ સર જ્હાન આવારડી, નાઈટની હજુરમાં શરૂ થયું હતું. નીચેના પારસીઓ ગ્રાંડ જુરીમાં બેઠા હતા[2]—

શેઠ પેસતનજી ફરામજી કાવસજી, અરદેસર સોરાબજી વાડીઆ, જમશેદજી ફરામજી નાનાભાઈ, રૂસ્તમજી રતનજી વાડીઆ, ખરશેદજી કાવસજી બનાજી.

તા૦ ૮ મી જુલાઈ.

રોજ ૧૧ માહ ૧૦ (શે૦) ૧૨૦૩ યજદેજરદી.

મરણ—દેહમુનજી રૂસ્તમજી મીરજા[3]—ઉમર વર્ષ ૨૧) ઉપલા મરહુમ રૂસ્તમજી દેહમુનજી મીરજાના વડા દીકરા. એઓ પ્રથમમાં મુંબઈ આવી પોતાના બેની શેઠ ખરશેદજી મરહેબાનજીના હાથ હેઠળ "મુંબઈ" નામની ... હતું. તે પછી તા૦ ૧૮ મી ઓગસ્ટ ૧૮૩૨ ને દનથી સમાચાર પત્રનો અખતીઆર શેઠ ફરદુનજીએ છોડવાથી તેનું અખતીઆર એઓએ પોતાને હાથે પોતાના મરણ સુધી ચલાવ્યું હતું. એઓ પોતાના જનમ વતન ઈરાનમાં જઈ મરણ પામ્યા હતા.

તા૦ ૩૧ મી જુલાઈ.

રોજ ૮ માહ ૧૧ (શે૦) ૧૨૦૩ યજદેજરદી.

મરણ—નસરવાનજી રૂસ્તમજી નારગોલ[4]—ઉમર વર્ષ ૭૨) શેઠ રૂસ્તમજી દાદાભાઈ નારગોલના બીજા દીકરા. એઓ પ્રથમમાં પોતાના બાપના વેપાર ... આડતના કામમાં નામેન હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૨૩ માં તેમના મરણ બાદ પોતાને હીસાબે ચીનનો વેપાર ચલાવતા હતા. આ માટે એવણે ચીનની ઘણીક સફરો કીધી હતી.

તા૦ ૧૦ મી આગસ્ટ.

ચીન મધેના બ્રીટિશ પ્રકારના વ્યાપાર ખાતાંના વડા ધી રાઈટ હાનરેબલ લારડ નેપીઅરની સત્તા ત્યાંના હાંગ મરચંટોએ આજે વર્ષમાં ના પાડી તે તરફ વ્યાપાર કરનારી બ્રીટિશ પ્રજાના ઉપર નોટીસ મોકલી કે તેઓએ હાંગ મરચંટોના સાથે હોંગથી પરભારા સુધી ચલાવવા, અને તા૦ ૧૦ મી આગસ્ટ ૧૮૩૪ ને દીને બપોરના એક કલાકે "કાનમુહાઉસ" માં સરવે બ્રીટિશ વ્યાપારીઓએ હાજર થવું. આ ઉપરથી આજ દીને સવારના ૧૦॥ કલાકે સઘળા બ્રીટિશ વ્યાપારીઓની એક જાહેર સભા કતાન મરી "બ્રીટિશ કાનમુ..." માં મળી હતી. રાઈટ હાનરેબલ લારડ નેપીઅરે તેઓ સરવેને "હાંગ મરચંટો" ની સત્તા કબુલ નહિ રાખવાની ભલામણ કીધી કે જેથી બ્રીટિશ વ્યાપારને ખલેલ નહિ પોહચે. એ પછી "હાંગ મરચંટો" ઉપર એક કાગજ મોકલવાનું નકી કીધું, અને તેમાં જણાવ્યું કે તેઓ "કાનમુહાઉસ" માં હાજર થવાની કાંઈ જરૂર જોતા નથી, અને તેઓએ એકમતથી ઠરાવ્યું કે હરમહીની ગઈ રજાની બાબતમાં તેઓ બ્રીટિશ વ્યાપાર ખાતાના વડાની મરજી પ્રમાણે ચાલવાને બંધાયલા છે. આ કાગજ ઉપર ૨૮ યુરોપીઅન તથા નીચેના ૨૪ પારસી વ્યાપારીઓ જેઓ સભામાં હાજર હતા, તેઓએ સહી કીધી હતી[5]—

[1] બોમ્બે ગેઝેટ, તા૦ ૨૮ મી જુન ૧૮૩૪.

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૮ મી જુલાઈ ૧૮૩૪.

[3] ઈરાનવાળા મરહુમ રસ્તુર ... રૂસ્તમજી મીરજાના વડા ભાઈ, તથા અનરીવાળા શેઠ ... દેહમુનજી મીરજાના બાવા.

[4] શેઠ મેહરવાનજી નસરવાનજી નારગોલ (ફુલાણી) ના બાવા, શેઠ ખરશેદજી ફીરોજજી ... બાવા, તથા મરહુમ ... રૂસ્તમજી ... અને શેઠ ... નારગોલના બાવા. ...

[5] બોમ્બે કુરીઅર, તા૦ ૧ લી નવેમ્બર ૧૮૩૪.

એ રીતે બ્રીટિશ વ્યાપારખાતાંના વડાની મરજી પ્રમાણે ત્યાંના સરવે વ્યાપારીઓ ચાલ્યા, અને હાંગ મરચંટો સાથેનો તમામ વ્યાવહાર બંધ સરકારી વરગના વાયઓનો નીકાલ આવે ત્યાંસુધી બંધ રાખ્યો. આથી તેઓનો વ્યાપાર તદન બંધ પડયો. એ પછી એક મહિને એટલે તા૦ ૧૦ મી સપટેમ્બર ૧૮૩૪ ને દીને કેંતાન મધેના પારસી વ્યાપારીઓએ આવી રીતે વ્યાપાર તદન બંધ પડવાથી તેઓને પોતાને તથા તેઓના પરદેશ ખાતાના ક્રેડીટને જે નુકસાન થાય, તથા તેથી કેટલાક વ્યાપારીઓનેનો ફરી ભાગવાની વહીક થાશની રાખવાના ..., એ સઘળી બીના એઓની એક વીનતીવારે અરજ કરી લારડ નેપીઅર જોગ મોકલી હતી, અને તેમાં અરજ કીધી હતી કે બંધ સરકારી વરગના વડાઓનો જેમ બને તેમ જલદીથી નીકાલ આવવો કે વ્યાપાર પાછો શરૂ થાય. આ અરજનો લારડ નેપીઅરે ટેન્ક દીવસે શેઠ દાદાભાઈ રૂસ્તમજી બનાજીને નામે જવાબ લખી પારસીઓ પર મોકલ્યો કે તેમને વ્યાપાર બંધ થવાથી જે

રૂ. ટીપમાં ભરાઈ હતી; અને હાલ ચાલતા મકાનો માટે સામટાગામમાં ભોજન વગેરે ખરચ થતા હતા.³

---

તા૦ ૨૫ મી આગસટ.

આજ રોજે કવાલ અને ઝોરિઆ પારસીઓની એક સભા તે તરફ "બેમબે આફ સામરઝ" ની મંડળી સ્થાપવા માટે શેઠ ખરશેદજી ફરદુનજી પારખના મકાનમાં મળી હતી. સભાસદોની ખુરશી મી૦ ડબલ્યુ. એસ. બાઈરને આપ્યા ઉપરથી દાદાભાઈ હોરમસજી કામાએ ખાદન ભણ્યા હતા. એ પછી ૧૬ પ્રમુખ અને ખીજાના ૮ પારસી આએ એ "બેમબે"ના સભાસદો થવા માટે નીમ્યા હતા—

શેઠ દાદાભાઈ રૂસતમજી બનાજી, ખરશેદજી ફરદુનજી પારખ, કાવસજી મનચેરજી શેરોફ, નાનાભાઈ ફરામજી કરાકા, મનચેરજી નસરવાનજી વાડીઆ, હોરમસજી હોરમસજી વકીલ, બાપુજી ભીખાજી, બહમનજી માણેકજી બગાસ.

એ "બેમબે આફ સામરઝ" ને વધારે મજબુત કરવા માટે આ મી૦ બાઈરન અને શેઠ દાદાભાઈ રૂસતમજી બનાજીની એક કમીટી ઠેરવામાં આવી હતી.²

---

તા૦ ૭ મી સપટેમબર.

રોજ ૬ માહ ૧૨ (શ૦) ૧૨૪૩ યઝદજરદી.

મરણ—હોરમસજી નસરવાનજી બનાજી³—ઉમર વર્ષ ૯૮) એઓ કલકતામાં એક ઘણા જુના પારસી હતા, તથા "હોરમસજી બાબુ" ને નામે ઓળખાતા હતા. ચીન, મદરાસ, તથા મુંબાઈ વગેરેનો મોટો વેપાર આડતીઆઓની મારફતમાં કરતા હતા, અને તે માટે પેહલી પાંતીમાં એઓનાં એકું બે વાહણો પણ હતાં. પાછલથી વેપારમાં મોટું નુકશાન લાગવાથી વખતે ખપ કરી એકાંત જીંદગી ગુજારતી હતી. એઓએ સઘળી ઉમર કલકતામાંજ ગાળી હતી, અને મરણ પણ ત્યાંજ પામ્યા હતા.

---

¹ મુંબઈના સમાચાર, તા૦ ૧૭ મી આગસટ ૧૮૭૪ આજે આશરે સાડા ત્રણ હજારમાં ખરીદ થઈ ઈ૦ સ૦ ૧૮૬૩ મા મરહુમ શેઠ મનચેરજી જમશેદજી વાડીઆના સાહેબજાદાઓએ બંધાવેલી નવી દરેમહેરમાં આ તનદીન કરેલાછે.

² બોમબે ગેઝેટ, તા૦ ૬ ઠી ડીસેમબર ૧૮૭૪.

³ મરહુમ શેઠો ખરશેદજી તથા રીનીબાઈજી રૂસ્તમજી બનાજીના બાવા.

તા૦ ૧૪ મી સપટેમબર.

મુંબાઈમાં આએ માસમાં પેહલોજ બનાવ એક અજેરીયન વાહણમાં શેઠ જહાંગીરજી નસરવાનજી વાડીઆની પેહલી ફેરો આવ્યું હતું. આ માટે આ વખતે મુંબઈના સમાચારમાં જણાવ્યું કે "તેહની બાંધણી ઘણી ઉમદાઈ અને નાજુકાઈ ભરેલી." આ વાહણ માત્ર ફતીએ મંદ (કપાલે આઠ અને જાન) ને બાંધી પેસવામાં આવ્યું હતું.⁴

---

તા૦ ૧૮ મી સપટેમબર.

રોજ ૨૩ માહ ૧૨ (શ૦) ૧૨૪૩ યઝદજરદી.

મરણ—માણેકજી હોરમસજી વાછા⁵—ઉમર વર્ષ ૫૨) શેઠ હોરમસજી બહમનજી વાછાના નાહના દીકરા. એઓ મુંબઈ ખાતે તથા કરાંચીનો વેપાર મોટા પાયા પર ચલાવતા હતા. "એ મનહાર, ઘણો ખરો અને બુધ્ધીવાન, ઉદાર મનનો અને મોટા મનનો અને એકમાણસ ઘણો હતો."⁶

---

તા૦ ૨૫ મી સપટેમબર.

રોજ ૨૭ માહ ૧૨ (શ૦) ૧૨૪૩ યઝદજરદી.

મરણ—બેનાનજી દાદાભાઈ ગરેગીરગાંવ⁷—ઉમર વર્ષ ૭૫) શેઠ દાદાભાઈ બહમનજી ઉનવાલાના બીજા

---

⁴ મુંબઈના સમાચાર, તા૦ ૧૪ મી સપટેમબર ૧૮૭૪. કહે છે કે પારસીઓના પેહલોજ એ બનાવ શેઠ જમશેદજી બહમનજીની વાડીમાં બીવામાં આવ્યું હતું. અને તે બીજાની ઝગડીથી તેમના બે દોસ્તો શેઠ રતનજી ગોરાબજી પારખ અને શેઠ જહાંગીરજી ખરશેદજી તારાચંદ પીરોજ દિવસ ખાતે થયા હતા. હાલ ઈ૦ સ૦ ૧૮૮૦ મા મુંબઈ ખાતે ઘણું ફુલોની હવા વેચાવાથી એમ ધારે છેવે કે પારસીઓનો વગણ પીંછો બાગ તે વાપરતા હશે.

⁵ શેઠો એદલજી ખરશેદજી વાછા અને રૂસતમજી માણેકજી વાછાના બાવા તથા શેઠો જહાંગીરજી બરજોરજી, દીનશાહ એદલજી, ડોસાભાઈ ખરશેદજી (મી૦ ડેબયવાળા), ગોરાબજી રૂસતમજી (બનારસવાળા), તથા હોરમસજી દોરાબજી વાછાના બાવાવા. એમણના બે ભાઈઓ શેઠો જમશેદજી તથા ખરશેદજી દોરાબજી વાછા પણ એમની સાથેજ મુંબઈ તથા કરાંચીના વ્યાપારમાં શામેલ હતા. એમના ચાર દીકરાઓ શેઠો બરજોરજી, દોરાબજી, કાવસજી તથા ખરશેદજી પણ આવરેના જાણીતા રેહવાસીઓ હતા.

⁶ મુંબઈના સમાચાર, તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૭૪.

⁷ મુંબઈની પારસી પંચાયતના આગલા ચેહના મરહુમ શેઠ અરદેશર દાદાભાઈના ભાઈ.

ટીકર. એવાનુ કેહેવું'ના જગપીનાથી ઈમારત બાંધવાના લાકડા મગાવી તેનો મોટો વેપાર ચલાવતા હતા, તથા અતરેની ગોદીમાં પણ લાકડા પુરા પાડતા હતા. "એ મરનાર એક ગોરો માણસ આવતો અને ગરીબ, સારા સ્વભાવનો અને રૂડી વરતણુંકનો એક પુરૂશ હતો."[1]

---

તા૦ ૨૫ મી સપટેમબર.

આખા વર્ષની ત્રિજીવારની અપરાધીઓની તપાસ કરનારી સેશનનું કામ આજ દીને શુપરીમ કોરટમાં ચીફ જસ્ટીસની હજુરમાં શરૂ થયું હતું. નીચલા પારસીઓ ગ્રાંડ જુરીમાં બેઠા હતા—[2]

શેઠ ફરામજી કાવસજી બનાજી, દાદાભાઈ પેશતનજી વાડીઆ, ખરશેદજી રૂસતમજી વાડીઆ, ખરશેદજી જમશેદજી જીજીભાઈ, દાદીભાઈ ખરશેદજી અરદેસર દાદી, બહમનજી હોરમજજી વાડીઆ.

---

તા૦ ૧૬ મી અકટોબર.

મુંબઈની પાંજરાપોળના ફંડનો તા૦ ૨૮ મી અકટોબર ૧૮૩૨ થકી તે તા૦ ૧૨ મી નવેમબર ૧૮૩૩ સુધીનો હીસાબ આજના "મુંબઈના શમાચાર" માં તરસ્ટીઓએ છપાવી પરગટ કર્યોછે. તેમાંથી જોવામાં આવેછે કે છેલ્લા હીસાબની બાકીના ૩૭૬૬૦૮॥૨૫ ઉપરાંત આખા વર્ષમાં પાંજરાપોળના ફંડ બાબતે ૨૧૩૫૭૧)॥ ની આવક થઈ હતી, અને ખરચ કુલ ૨૮૬૮૩)૧૩ થયો હતો, જે બાદ કરતાં વર્ષની આખરીએ તરસ્ટીઓના હસતકમાં સઘળા મળી ૩૭૯૮૭૬॥૨॥ બાકી હતા.

---

તા૦ ૩૦ મી અકટોબર.

આજે માસમાં મુંબઈના હિંદુ તથા પારસી વેપારીઓએ એકમનતા થઈ અતરે નગરના લોકમથી કુતરા તથા ઢોરો મારીકે તેનો બચાવ કરવાને પાંજરાપોલ સ્થાપી ત્યાં કુતરાં તથા બીજા સર્વે જાતનાં ઢોરોને રાખી તેમની પરવરશી કરવાને ઠેરવ્યુ હતુ. તેના ખરચને માટે વેપારની જનસો ઉપર નીચે પ્રમાણે લવાજમ અથવા ધરમાદુ દસ્તુરી સઘળા વેપારીઓ પાસેથી લેવાને ઠેરવ્યું હતું—

૨ ટકે બારી એકે ૩૦।
અફીણની દર પેટીએ ૩૦।
બાદ દર બીજી ગાન ૨
શાકર દર તવે રામ ૧
હુડી દર સે હકડે ગમ ૦॥
મોતી દર સે હકડે રામ ૧

એ કામની પુરુજીના તરસ્ટીઓ તરીકે શેઠ જમશેદજી જીજીભાઈ, બહમનજી હોરમજજી વાડીઆ, મોતીચંદ અમીચંદ, અને વખતચંદ ખુશાલચંદને ઠેરવ્યા હતા[3]

---

[1] મુંબઈના શમાચાર, તા૦ ૨૫ મી સપટેમબર ૧૮૩૪.

[2] બોમ્બે કુરીઅર, તા૦ ૨૭ મી સપટેમબર ૧૮૩૪.

[3] મુંબઈના શમાચાર, તા૦ ૨૦ મી અકટોબર ૧૮૩૪.

આ પાંજરાપોલ સ્થાપવા બાબેના સર્વે બંદોબસ્તોનુ એક લખત ગુજરાતી ભાષામાં તા૦ ૧૮ મી અકટોબર ૧૮૩૪ ને દીને અતરેના સર્વે વેપારીઓએ કીધું હતુ, અને તે પર ૪૦૧) હિંદુ તથા નીચલા ૪૮ પારસી વેપારીઓની શાહીઓ હતી—

શેઠ કુવરજી હોરમજજી ભાભા, કાવશજી પેશતનજી કાપડવાલા, ખરશેદજી અરદેસર દાદીશેઠ, ખરશેદજી માણેકજી સરાફ, નવરોજજી જમશેદજી વાડીઆ, નશરવાનજી પેશતનજી પારખની કુંપની, જમશેદજી જીજીભાઈના છોકરાઓની કુંપની, જહાંગીરજી નશરવાનજી વાડીઆ, જીજીભાઈ દાદાભાઈ, જહાંગીરજી ખરશેદજી તારાચંદ, જમશેદજી હીરજીભાઈ સરાફ, દાદાભાઈ તથા મનચેરજી પેશતનજી વાડીઆ, દીનશાહ એદલજી ધનજી મેહેતાના, દીનશાહ શાપુરજી શેઠેદાર, દાદાભાઈ રૂસતમજી જીવાના, દીનશાહ શોરાબજી પારેખ, ધનજીભાઈ માણેકજી ઊમરીગર, પેશતનજી મેહેરવાનજી તવાક, ફરામજી કાવશજી બનાજી, ફરદુનજી શોરાબજી પારખ, ફરદુનજી બીમજી પાંડે, ફરામજી રતનજી મુસ, બહમનજી તથા અરદેસર હોરમજજી વાડીઆ, બેહેરામજી હીરાજી ઠોકના, મનચેરજી ફરદુનજી (વજીફદાર) ની કુંપની, મેહેરવાનજી નવરોજજી નાળીએરવાલા, મનચેરજી એદલજી ધનજી મેહેતાના, માણેકજી નશરવાનજી પીટી, મેહેરવાનજી માણેકજી શાહ, એદલજી રૂસતમજી બાટલીવાલા દા૦ રતનજી, રતનજી દાદાભાઈ કોઠવા, રૂસતમજી બરજોરજી મોદી, વીકાજી મેહેરજી, શાપુરજી કાવશજી, શાપુરજી નશરવાનજી, શોરાબજી મનચેરજી ઊનવાલા, શાપુરજી ઊકાજી, શાપુરજી દોરાબજી વાછા, હોરમજજી બહમનજી શેઠ, હોરમજજી બીખાજી ચીનાઈ, હોરમજજી દોરાબજી લશકરી, હોરમજજી શાપુરજી લશુના, હોરમજજી તથા જમશેદજી બનીવાલા, હોરમજજી ધનજીભાઈ પટેલ, હોરમજજી શોરાબજી, હોરમજજી માણેકજી બીબીઆના.

એ પ્રમાણે લખત કર્યા પછી એક પાંજરાપોલ મુંબઈ મધે કાવશજી પટેલના તળાવ આગળ બાંધ્યુ, અને તે માટે કાવશજી પટેલના તળાવની પાસેની સર્વે જગો જે પટેલ ખાનદાનની એક શરીકી વખારે મુળતની મીલકત હતી તે ઊપલા તરસ્ટીઓની તરફથી શેઠ મોતીચંદ અમીચંદે શેઠ રૂસતમજી કાવશજી પટેલ પાસેથી રૂ ૬૬૦૦૦) ની કીમતે વેચાતી લીધી હતી

એ પછી આ પાંજરાપોલએ સર્વે હીસાબ ઈ૦ સ૦ ૧૮૩૭ નાં શાલથી શેઠ જમશેદજી જીજીભાઈના છોકરાઓની પેઢીપર રાખ્યામાં આવ્યો હતો, અને તેનો વહીવટ મરહુમ સર જમશેદજી જીજીભાઈ પેહેલા બારો-

### તા૦ ૨ લી નવેમબર.

ઈરાનથી અતરે આવતા લાચાર જરથોસ્તીઓની પરવરસી કરવા તથા તેઓમાના લાયકોને મુસારો આપવા માટે મુંબઈના શેઠ બરજોરજી ફરામજી પાંડેએ અતરેના જરથોસ્તીઓમા એક ઉઘરાણાનુ લીસટ કીધું હતુ, તેમા ઘણાક જરથોસ્તીઓએ પોતાની ગુંજાયશ માફક માસીક લવાજમો આપતો કીધો હતો. આ ફંડનો વહીવટ શેઠ બરજોરજીના ભાઈઓ તે અતરેના જાણીતા દુકાનદારો શેઠો પેસતનજી અને મેહરવાનજી ફરામજી પાંડેએ હાનરરી સેક્રેટરીઓ તરીકે ચલાવવાને માથે લીધું હતુ.[1]

### તા૦ ૫ મી નવેમબર.

આએ વર્ષમા ઈંગ્રેજ તથા ચીનની સરકાર વચ્ચે વાંધા ઉઠવાથી ત્યાના વ્યાપાર વનજના બાબમા ઘણીક નુકશાની થવાની ધાસ્તી રાખવામા આવતી હતી, પણ તે વાંધાઓ પડી જવાથી સઘળી મુશ્કેળી દુર થઈ, અને વ્યાપારમા નુકશાન જવાની ધાસ્તી મટી ગઈ. આ ખુશાલી ઉપરથી ચીન કંતાન ખાતે વસનારા પારસી વ્યાપારીઓએ તા૦ ૨૨ મી સપટેમબર ૧૮૩૪ ને દીને પોતપોતામા એક લીસટ ઉભું કીધું, અને તેમા જે રકમ એકઠી થાએ તે મુંબઈમા કોઈ સારે ઠેકાણે વ્યાજે મુકી, અથવા કાંઈ જાગીર ઈમા બગીચો ખરીદ કરી તેની પેદાશમાથી ઉદવારેના ગરીબ મોબેદો તથા બેહદીનોને દર વર્ષે સરખે ભાગે વેંહચી આપવાનો બંદોબસ્ત કરવાને ઠેરાવ્યુ હતુ. આ વારૂ જે મુંબઈમા તથા સુરતમા આતશબેહરામ પધરાવાથી ઉદવારા ખાતે જરથોસ્તીઓનુ જવુ કમતર થવાથી ત્યાના લોકો ઘણી મુફલેસીમા આવી પડ્યા હતા. આ લીસટમાં ૮૦૨૯ ડાલર ભરાયા હતા.[2]

નેટની પોતાની જાતી દેખરેખ હેઠળ ચાલતો હતો. એ પછી એ ફંડની પુંજીમાથી રૂ૩૩૧૦૦૦) ની સરકારી નોટ લઈ તેનુ એક કાએદાસરનુ "તરસટડીડ" મી૦ આકવડ વકીલની મારફતે તા૦ ૩૦ મી અકટોબર ૧૮૫૦ ને દીને કરાવ્યુ હતુ, અને તે નાણાનો કબજો અતરેની બીશીઅરસ રીમીંગટનની કુંપનીને હસતક રાખ્યો હતો, અને તેનો વહીવટ ચલાવવા માટે ૧૧ તરસટીઓ જેમા છ હિંદુ અને પાંચ પારસીઓ (સર જમશેદજી જીજીભાઈ નાઇટ- શેઠો બહમનજી હોરમજજી વાડીઆ, ખરશેદજી જમશેદજી જીજીભાઈ, રૂસતમજી જમશેદજી જીજીભાઈ, ખરશેદજી ફરદુનજી પારખ) ને મુકરર કીધા હતા.

1 આ માટે શેઠો પેસતનજી અને મેહરવાનજી ફરામજી પાંડેએ તા૦ ૧૦ મી મેએ ૧૮૩૫ ના મુંબઈના શમાચારમા જાહેર ખબર છપાવી કુલે જરથોસ્તીઓને ચેતવણી આપી હતી કે ઊરવા ફંડમાથી તેઓ અતરે આવતા સઘળા લાચાર ઈરાનીઓને મુસારો આપેછે, પણ કેટલાકો આળસાઈ કરી ચાકરી ધંધો કરતા નથી તેમને તેઓ તરફથી નાણુ નહી મળવાથી બાહેર માગતા ફરેછે, માટે કોઈબી જરથોસ્તીએ તેમને આપવુ નહિ, અને એઓ બધુ ભાઈઓ આગળ તેમને મોકલાવવા. એ પછી આ ફંડની પુંજીમા વધારો થવાથી તેનો વહીવટ કાએદાસર ચલાવવાનો બંદોબસ્ત કરવાને એ ફંડમા નાણા ભરનારાઓની એક સભા તા૦ ૧૦ મી આગસટ ૧૮૩૯ ને દીને ભરી હતી, તેમા શેઠો ફરામજી બીખાજી પાંડે, ફરામજી નશરવાનજી પટેલ, પેસતનજી રૂસતમજી મુદના શીરીનજના, અને મનચેરજી ફરામજી કામાજીને એ પુંજીના તરસટીઓ તથા શેઠો પેસતનજી અને મેહરવાનજી ફરામજી પાંડેને આગલની માફક હાનરરી સેક્રેટરીઓ ઠેરાવ્યા, અને તેમને કુલે અખતીઆર આપ્યો જે તેમની નજરમાં દરૂસત લાગે તે પરમાણે એ પુંજીનો વહીવટ ચલાવવો. એ પછી દશ વર્ષે એટલે તા૦ ૧૩ મી જાનેવારી ૧૮૪૯ ને દીને નાણા ભરનારાઓની એક બીજી સભા ભરી હતી, તેમા એ ખાતાનુ નામ "નાવારેસ ઈરાનીઓના ધરમખાતાનુ ફંડ" કરી રાખ્યુ, તથા એ પુંજીનુ એક "તરસટડીડ" કરવાને ઠેરાવ્યુ, અને તે માટે તરસટીઓ તરીકે શેઠો ફરામજી નશરવાનજી પટેલ, પેસતનજી રૂસતમજી મુદના શીરીનજના, મનચેરજી ફરામજી કામાજી, જમશેદજી પેસતનજી પાંડે, અને મેહરવાનજી ફરામજી પાંડેને મુકરર કીધા હતા. એઓમાથી મજકુર શેઠ પેસતનજી રૂસતમજી મુદના શીરીનજના મરણ પામવાથી તેમની જગોપર તરસટીઓએ શેઠ રૂસતમજી રતનજી વાડીઆને ઠેરવી તા૦ ૨૭ મી આગસટ ૧૮૪૯ ને દીને અતરેની સુપરીમ કોરટના વકીલ મી૦ એચ આર બરનની મારફતે એક "તરસટડીડ" કીધુ હતુ.

2 આ લીસટ તા૦ ૧૧ મી ડીસેમબર ૧૮૩૪ ના મુંબઈના શમાચારમા છપાયુ છે, તેમાથી મુખ્ય રકમો નીચે ઊતારીછે—

ડાલર
૪૫૧) શેઠ ફરામજી મનચેરજી કોહવા
૪૫૧) શેઠ દાદાભાઈ રૂસતમજી બનાજી.
૪૫૧) શેઠ બરજોરજી ફરદુનજી પારખ
૪૦૧) શેઠ નાનાભાઈ ફરામજી કાવશજી બનાજી
૪૦૧) શેઠ બાપુજી વીકાજી મેહરજી
૧૬૧) શેઠ માણેકજી રૂસતમજી બનાજી
૧૫૧) શેઠ બહમનજી માણેકજી ભંડારા
૧૦૧) શેઠ દોરાબજી હોરમજજી લશકરી
૧૦૧) શેઠ જમુજી નશરવાનજી
૭૫) શેઠ અરદેશર ફરદુનજી પાંડે
૫૧) ડાલર ભરનારાઓ
શેઠો રતનજી દાદાભાઈ કોહવા હા૦ બેહરામજી દાદાભાઈ કોહવા, પેસતનજી શાપુરજી પારખ હા૦ ખરશેદજી શાપુરજી પારખ, શોરાબજી રૂસતમજી વાડીઆ (સુરતના) તથા કાવશજી ધનજીભાઈ પાઊવાલા, ધનજીભાઈ મનચેરજી પેતીગરા, બરજોરજી માણેકજી હા૦ જમશેદજી બરજોરજી, ખરશેદજી શાપુરજી બનાજી

તા૦ ૧૮ મી નવેમબર

સુપ્રીમ કોરટમા પારસીઓને લગતા
ઈરાનથી આ નાસનો કેનસો આજ દીને થયો હતો.
પરવરસી કરવા ૯ મરનાર પારસી ગ્રહસથની મીલકતના
માટે મુંબઈના ા" એ જેમ આએ દેશમા મરણ પામતા
જરથોસ્તીઓ ીલકતના એકજીકયુટરોને તેમની મેહનતના
તેમાં ઘણાં ા હકડે પાંચ ટકા હકમાઈ મલે છે, તેમ પેના
મામીક ગ્રીની મીલકતની વે હવશી કરતી વખતે પોતાની
વકીલાત થે એ હકડે પાચ ટકા લેખે તેની મીલકતમાથી લીધા
દુકાનદારો ઉપરથી પેના મરનાર પારસી ગ્રહસથના એક
પાડેએ હાનર સુતનજી ફરામજીએ મજકુર "એકજીકયુટરો"
લીધું હતું.[૨] મેહરવાનજી અને બીજા) એ હકમાઈ

સુપ્રીમ કોરટના "માસટર ઈન ઈકવીટી"
નેરની પોતાની ઉઠાવી. જે વાવો તેણે (માસટરે) બાહલ
પછી એ ૨૬ "એકજીકયુટરો" એ કોરટને આપ્યા
નોટ લઈ તેનું આકબંદ વકીલા કેમનો આજ દીને બવે ન્યાએ દીએ
૧૮૫૦ ને દીને કેન, અને સર જાન આડરી) એ એનો
અતરેની મીશીઅરી "એકજીકયુટર" થી એવી રીત
હતો, અને તેનો ક મરનારની મીલકતમાથી હકમાઈ લઈ
જેમા છ હિંદુ
જીજીભાઈ —
ખરશે
જીજ

તા૦ ૨૦ મી નવેમબર.

રોજ ૨૧ માહ ૨ (બે૦) ૧૨૦૪ યજદજરદી.

મરણ—શાપુરજી ભીમજી ઉમરીગર[૨]—ઉમર વર્ષ ૩૬) શેઠ ભીમજી ધનજી ઉમરીગરના ચોથા દીકરા એવણ પોતાના બાપની "ભીમજી ધનજી" ને નામે મુબઈમા તથા "શેરાબજી અને શાપુરજીની કંપની" ને નામે મનગાર કોરતા તરફ કાનાનોર ખાતે ચાલતી બ્યાપારી પેહડીમા શામેલ હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૨૯ મા એવણના બાવા શેઠ ભીમજીએ જઈફીને લીધે વ્યાપાર મુકી દીધાથી એવણે ઈ૦ સ૦ ૧૮૩૦ મા પોતાના સઘળા ભાઈઓ સાથે મળીને "દાદાભાઈ તથા શેરાબજીની કંપની" ને નામે મલબાર કોસ્તાનો વ્યાપાર ચાલુ રાખ્યો, તેમજ ઈ૦ સ૦ ૧૮૩૨ મા "શાપુરજી ભીમજીની કંપની" ને નામે નીલગીરી ખાતે એક દુકાન તથા વ્યાપારી પેહડી કાઢી હતી.

તા૦ ૩ જી ડીસેમબર

આએ વર્ષની ચોથી વારની અપરાધીઓની છાંડણ કરનારી સેશનનું કામ આજ રોજે શુપ્રીમ કોરટમા ચીફ જસટીસ સર જાન આડરીની હજુરમા શરૂ થયું હતું. નીચેના પારસીઓ ગ્રાંડ જ્યુરીમા બેઠા હતા[૩]—

શેઠો જહાંગીરજી ફરામજી કાવશજી, હોરમસજી ભીખાજી ચીનાઈ, જમશેદજી જીજીભાઈ, જીજીભાઈ દાદાભાઈ, હોરમસજી બેહમનજી શેઠ, જાંગીરજી નશરવાનજી વાડીઆ.

તા૦ ૧૬ મી ડીસેમબર.

રોજ ૧૭ માહ ૪ (ફ૦) ૧૨૦૪ યજદજરદી.

મરણ—કાવશજી મેહરાબજી બનાજી[૪]—ઉમર વર્ષ ૯૦) શેઠ મેહરાબજી બનાજી લીમજીના નાના દીકરા. એવણનો શાદ ઘણો મોટો હોવાથી "કાવશજી ગોધા" ને નામે ઓળખાતા હતા. પ્રથમમાં એવણ પોતાના બાપની "બનાજી લીમજી" નાં નામથી ચાલતી પેહડીના પોતાના ભાઈઓ તથા પિત્રાઈઓ સાથે ભાગમા હતા. તે પછી ભાગીયાઓમા વાંધો પડવાને લીધે પેહડીનું કામ ઈનસાફની અદાલતે ચડયાથી એવણે ઈ૦ સ૦ ૧૮૦૦ ને આસરે પારસી બજાર સ્ટ્રીટમા ઈરીચજી અરદેશરની એક મોટી દુકાન કાઢી વ્યાપાર ચલાવવા માંડયો હતો. પાછળથી ઘણી જઈફીએ પોહચાથી થોડાંક વર્ષ એકાંત જીંદગી ગુજારી હતી. એવણના મરણ પછી એવણના પુનન્‌ માટે એવણના બે દીકરાઓ શેઠો ફરામજી તથા ખરશેદજી કાવશજી બનાજી, અને નબીરા શેઠ દાદાભાઈ રૂસતમજી બનાજીએ ગીરગામના રસ્તા ઉપર કરેલવાડી તરફ કદમી તરીકા મુજબ આતશબેહરામ બનાવી તે તા૦ ૧૩ મી ડીસેમબર ૧૮૪૫ ને દીને પરઠાવ્યા હતા.

dit upon him for the diligence with which he has applied himself to his studies It is said that his father is making interest to get him admitted hereafter to Haylebury College preparatory to his entering the Civil Service. If such be the case, the laudable ambition of this individual may be productive of singular changes in the Native character, as a single native once admitted, astonishing effects will appear as the result, not only in this country but also in England, and as the Charter forbids any exclusion from office on account of religions or caste or color, we see no fear of his failing, should he only be fortunate enough to procure a nomination to a Writership by a Director "

[Bombay Gazette, 22nd November 1834]

૧ બોમ્બે ગેજેટ, તા૦ ૧૯ મી નવેમબર ૧૮૩૪

૨ મરહુમ શેઠો ખરશેદજી તથા રૂસતમજી શાપુરજી ઊમરીગરના બાવા, તથા શેઠ જીવાભાઈ શેરાબજી ઊમરીગરના કાકા

૩ બોમ્બે કુરીઅર, તા૦ ૬ ઠી ડીસેમબર ૧૮૩૪

૪ મરહુમ શેઠો ફરામજી, નશરવાનજી, નવરોજજી, મેહરાબજી, જીવનજી, ખરશેદજી અને રૂસતમજી કાવશજી બનાજીના બાવા.

બીજાઓને અતરેની શુપરીમ કોરટમા આજ દીને ઉભા કીધા હતા. કોરટે વાદીની તરફેણમા ચુકાદો આપ્યો, અને તેને રૂ૧૦૦) દામીજના અપાવ્યા.[૨]

તા૦ ૨૭ મી ફેબ્રવારી

રોજ ૧ માહ ૭ (કo) ૧૨૦૯ યજદજરદી.

**મરણ**—બમનજી શાપુરજી બનાજી—ઉમર વર્ષ ૪૯) એવણ ચીન મધે લાંબી મુદતના વશેલા હતા, અને તે તરફ મોહલો રોજગાર તથા આડતનુ કામ ચલાવતા હતા. એવણનુ મરણ મકાઉમા નીપજ્યુ હતુ.

તા૦ ૨૭ મી ફેબરવારી.

અતરેની મીસીઅરસ કારબનગી કુપનીના એક ભાગયા ગી૦ એનડરૂ ફારકયુહારસન જે આપણા દેશીઓ સાથે ઘણો પરોટાઈ ગયલો હતો, તેને પોતાને વતન સીધારતી વેળાએ આજ દીને અતરેના મુખ્ય દેશી વ્યાપારીઓએ ૨૬૦ શહીનુ એક માનપત્ર આપ્યુ હતુ, જેપર નીચલા પારસી વ્યાપારીઓની શહીઓ હતી[૨]—

શેઠ ફરામજી કાવશજી બનાજી, ખરશેદજી રૂસતમજી વાડીઆ, ડાશાભાઈ જમશેદજી વાડીઆ, હોરમજજી ભીખાજી ચીનાઈ, માણેકજી લીમજી બનાજી, જીજીભાઈ દાદાભાઈ, દાદાભાઈ કાવશજી શાહેરના છોકરાઓ, જમાસપજી મોરાબજી લાલા, ફરદુનજી લીમજી પાડે, ફરામજી પેશતનજી પાટક, કાવશજી જાંગીરજી રેડીમની, જાંગીરજી હીરજી રેડીમની, જાંગીરજી ખરશેદજી તારાચંદ, ફરામજી નશરવાનજી પટેલ, મેહરવાન ઓદાબખશ ઈરાની, ખરશેદજી અરદેશર દાદીશેઠ, હીરજી જાંગીરજી રેડીમની, અરદેશર ખરશેદજી દાદીશેઠ, પેશતનજી ખરશેદજી મોદી, નશરવાનજી અને ફરદુનજી ફરામજી ઢોડી, નાનાભાઈ ફરામજી કાવશજી, નશરવાનજી એદલજી પારખ, માણેકજી શાપુરજી પારખ, ફરામજી રતનજી મુસ, માણેકજી જમશેદજી મુલા, ખરશેદજી મનચેરજી મુસ, મનચેરજી ફરદુનજી વજીફદાર, રૂસતમજી મનચેરજી વજીફદાર, પેશતનજી મનચેરજી વજીફદાર, સોરાબજી ફરામજી મુસ, બહમનજી જમશેદજી મુલા, અરદેશર માણેકજી મુતા, મનચેરજી બરજોરજી મોદી, મેહરવાનજી હોરમજજી, ભીખાજી પેશતનજી મામા, જાંગીરજી ફરામજી કાવશજી, પેશતનજી ફરામજી કાવશજી, વીકાજી મેહરજી, બાપુજી વીકાજી, જાંગીરજી નશરવાનજી જથાવાળાની કુપની, રૂસતમજી નશરવાનજીની કુપની, જમશેદજી પેશતનજી પાડે, અરદેશર લીમજી બનાજી, નશરવાનજી નવરોજજી, પેશતનજી અને મેહરવાનજી ફરામજી પાડે, મેહરવાનજી જીવનજી ઢોડી, દાદીભાઈ લીમજી બનાજી, ખરશેદજી મેહરવાનજી પટેલ, સોરાબજી જાંગીરજી દાદીશેઠ, બહમનજી જીજીભાઈ, એદલજી નશરવાનજી, જમશેદજી નવરોજજી તબાક, પેશતનજી લીમજી બનાજી, દોરાબજી જમશેદજી સુકનાતવાલા, અરદેશર બેજનજી જમુજી, દીનશાહ સોરાબજી સગાફ, કાવશજી ડાશાભાઈ, જમશેદજી સોરાબજી, રતનજી દાદાભાઈ ડોહના, અરદેશર હોરમજજી સતોક, પેશતનજી હોરમજજી સતોક, ડાશાભાઈ ફરામજી મામા, એદલજી ફરામજી (આનબલેસ) ની કુપની, રતનજી મનચેરજી મુસ, કુવરજી હોરમજજી ભાભા, દાદાભાઈ રૂસતમજી પટેલ, નાનાભાઈ જમશેદજી ગજધર, ફરામજી શાપુરજી, ડાશાભાઈ મેહરવાનજી વાડીઆ, એદલજી નવરોજજી, અરદેશર રતનજી વાડીઆ, સોરાબજી કાવશજી, જમશેદજી બેહરામજી, બરજોરજી કાવશજી, ડાશાભાઈ શાપુરજી, અરદેસર બેહરામજી લશકરી, બહમનજી ધનજીભાઈ, હોરમજજી દાદાભાઈ, પેશતનજી ડાશાભાઈ વાડીઆ, પીરોજશાહ બેજનજી, પેશતનજી હીરાજી, કાવશજી વીરજી, બરજોરજી એદલજી પોહચા, દોરાબજી જીવણજી મીશતરી, પેશતનજી કાવશજી શેઠના, નશરવાનજી ધનજીભાઈ, બેહરામજી અરદેસર, સોરાબજી દાદાભાઈ સતોક, બાપુજી હોરશજી.

તા૦ ૯ મી માર્ચ.

આજ દીને શેઠ જમશેદજી જીજીભાઈએ પોતાના કોટ મધેના મોટા ઘરમા અતરેના નામદાર ગવરનર સર જે આર. કરનાક અને તેની બાનુને એક "બાલ" આપ્યો હતો. આ વેળાએ નામદાર ગવરનરના સઘળા રેસાલા ઉપરાંત આફગાનીસતાનની લડાઈ જીતી આવેલો લારડ કીન, તેમજ સર થામસ મીનશાયર, સર હેનરી પાટીનજર, અને બીજા સઘળા મોટે વાગેના ૪ ગ્રેજે અને આફગાનીસતાનથી લડાઈ જીતી આવેલા ઘણાક સુરા સીપાહીઓ, વગેરે હાજર થયા હતા. મધરાત સુધી નાચરંગ ચલાવી તથા ખાણુ ખાઈ સર્વે પરોણાઓ શેઠ જમશેદજીનો ઉપકાર માની વદાય થયા હતા.[૩] આ વેળાએ "બોમ્બે

[૧] બોમ્બે કુરીઅર, તા૦ ૨૫ મી ફેબરવારી ૧૮૪૦

[૨] બોમ્બે ગેઝેટ, તા૦ ૨ જી માર્ચ ૧૮૪૦.

[૩] આ મેળાવરાની નોંધ લેતા એનો બીજે દાહડે એટલે તા૦ ૧૦ મી માર્ચ ૧૮૪૦ ના "બોમ્બે કુરીઅર" માં નીચે પ્રમાણે લખેછે—

"We shall not attempt to describe the decorations of the mansion, but its moral effect" 'This"— exclaimed a military gentleman—"is now a fairy palace, and its owner is a good friend, he is attached to our

ટાઈમ્સ" મા લખ્યા મુજબ મુંબઈ મા પેહેલ વેહેલોજ એક અજાયબ બનાવ બન્યો હતો, તે એકે શેઠ જમશેદજી-ની પોતાની બાનુ તથા વહુ (બાઇઓ રતનબાઈ, સુનાબાઈ અને બચુબાઈ) ની આગલ એક જુદા ઓરડામા લેડી કરનાક, લેડી મેકમોહન, લાર્ડ કીન, સર ટામસ વીલશાયર અને બીજા નામીચા ગ્રહસ્થો તથા બાનુ-ઓને વારાફરતી લઈ જઈ તેમની મોલાકાત કરાવી હતી.[૧]

---

તા૰ ૧૨ મી મારચ.

અતરે સ્થાપવામા આવેલી નવી "મુબઈ બેંક" ના ભાગીદારોની એક સભા આજ રોજે મલી હતી તેમા બેંકના ચારટર પ્રમાણે ભાગીદારો તરફના છ ડાએરેક્ટરોની નેમનૂક છુપા મતોથી કરવામા આવી હતી, જેમા મત ગણતા ૫ ઇંગ્રેજ અને ૧ પારસી (શેઠ ફ્રામજી કાવસજી બનાજી) ની તરફેણમા વધારે મતો પડવાથી તેમને એ બેંકના પેહેલ પેહેલા ડાએરેક્ટરો ઠેરવ્યા હતા.[૨]

---

noble country—he is one of us by British aid and British enterprize he has acquired a noble fortune

"He gave this ball in honour of our British Queen this may be the day on which Her Majesty is united to the husband of her choice, he gives it in compliment to the gallant soldiers, who now return from the conquest of Affghanistan, he gives it out of respect to the excellent Governor, who so fairly dispenses justice to all classes of British subjects in this Presidency, he gives in the name of the Lady who so kindly dispenses favours on all around, and he invites to it British beauty to add grace and ornament to the meeting of all the dignified and respectable of this capital

"This is freedom, this is British glory—this is our noblest privilege Jamsetjee Jejeebhoy is the personification of the respectable British Merchant Genius, enterprize and integrity have raised him, and while we partake of his hospitality let us be just to the true source of all advantages, British freedom for him—for us—and for all our fellow subjects '

[ *Bombay Courier, 10th March* 1840 ]

૧ "One remarkable peculiarity distinguished this party from any ever given in Bombay—probably in India, and deserves to be noted as a large stride towards the European state of society During the evening the lady of Jamsetjee Jejeebhoy and her three daughters-in-law, Mrs Cursetjee Jamsetjee, Mrs Rustomjee Jamsetjee and Mrs Sorabjee Jamsetjee, received visitors in one of the apartments Lady Carnac, Lady MacMahon, Lord Keane, Sir Thomas Wilshire, and many other ladies and gentlemen were introduced in succession and conversed with these ladies, of whom two were of distinguished beauty, and all comported themselves with grace and dignified courtesy

[ *Bombay Times, 11th March* 1840]

૨ બોમ્બે કુરીઅર, તા૰ ૧૪ મી મારચ ૧૮૪૦

તા૰ ૧૨ મી મારચ.

આફગાનીસતાનની લડાઈ જીતી આવેલા સરદાર લફટનંટ જનરલ લાર્ડ કીન, જી સી બી ને આજ રોજે શેઠ જમશેદજી જીજીભાઈએ પોતાના માહલક્ષમીના બગીચામા એક ખાણુ આપ્યુ હતુ. આ વેળાએ નામદાર ગવરનર, તેમજ કૌનસીલરો, સુપરીમ કોરટના જડજો, અને બીજા મોટે વાગેતા હોદ્દેદારો મલી ૭૦ પરોણાઓ ખાણાની ટેબલ ઉપર બીરાજ્યા હતા. ખાણું ખાઈ રેહવા બાદ મરેશતા પ્રમાણેની રાજ્ય તરફની વફાદારીની સલામતીઓ લેવાયા પછી શેઠ જમશેદજીએ ઉભા થાઈ એક નાહનુ ભાષણ[૩] કરી લાર્ડ કીનની સલામતી લેવાડી હતી. જે ખુશાલીના પોકારો સાથે લેવાયા બાદ નામદાર ગવરનર સર જે. આર. કરનાકની, સર ટામસ વીનશાયર અને એનાત જીતી આવેલા બાહદુર સિપાહીની, બાનુઓ, સુપરીમ કોરટના જડજો, લશ્કર ખાતુ, અને દરિયાઈ ખાતાની સલામતીઓ એક પછી એક એમ લેવાઈ હતી. એ પછી મીઃ ફારડે હીં મુબઈના માજી ગવરનર માઉન્ટસ્ટુઆર્ટ એલફીનસ્ટનની સલામતી ચાહી, તથા છેલ્લે મરહુમ ગવરનર સર રાબર્ટ ગ્રાંટની યાદગીરીમા ધનીપણાથી શરાબ લઈ મેલાવડો ખાણા પરથી ઉઠી શેઠ જમશેદજીનો ઉપકાર માની વદાય થયા હતા.[૪]

---

૩ શેઠ જમશેદજી જીજીભાઈએ કરેલુ આ નાહનુ ભાષણ અતરે સદરહુ ઉતારો લઈએ છૈયે —

GENTLEMEN

I am confident, I shall not call upon you in vain, when I ask you to fill a bumper to the health of my noble Guest Lord Keane Though in doing so I did not feel myself qualified to follow him, through his long course of service to his sovereign, and his country, I have heard enough to be satisfied that his career was one of the great distinction before he came amongst us, and I see that he bears on his manly breast many a token of having shared in the glories of many a bloody field

We know him here as the conqueror of Affghanistan, as the successful Bombay General, who has led our Army to triumph, who has secured for our Empire a frontier which renders us safe from foreign hostility—and who has opened by his successes, a new field for our merchants and an extension of our commerce His sovereign has nobly rewarded his services, let us add our hearty cheers and congratulations I have to thank him for the honor he has this day done me in accepting this entertainment as a tribute of my respect and admiration That he may long live, on returning to his native land to enjoy his honors is my fervent prayer—and I trust when in his seat amongst the Peers of England that he will bear in mind the cause of India and by watching over the interests of its inhabitants, still add to our debt of gratitude

[*Bombay Courier, 21st March* 1840]

૪ બોમ્બે કુરીઅર, તા૰ ૨૧ મી મારચ ૧૮૪૦

કીમતે બાહેર પાડી હતી.[૧] એ કેતાબ શેઠ જમશેદજી જીજીભાઈને અર્પણ કીધી હતી.

---

તા૦ ૧૮ મી આગશટ.

રોજ ૨૪ માહ ૧૧ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

**મરણ**—ફકીરજી બાઈજી[૨]—ઉમર વર્ષ ૬૦) શેઠ બાઈજી હીરાજીના વડા દીકરા. એવણ "ફકીર ઘોડા દલાલ" ના નામથી જણાયલા હતા. પ્રથમમા કોઈ લશ્કરી અમલદારને ત્યા કોચમેન તરીકે એવણ રહયા હતા. તે પછી ઈ૦ સ૦ ૧૮૨૧ થી ઘોડાની દલાલીનુ કામ શરૂ કીધું હતુ. તે ધંધામા સારી માહીતગારી મલ્યાથી આર્બસ્થાનથી ઘોડા લાવનારા સઘળા આરબો એવણની મારફતે પોતાના ઘોડાઓ વેચાવવા લાગા, જેથી ઈ૦ સ૦ ૧૮૨૯ ના ડીશેમબર માસથી ચંદનવાડીના રસતા પરનો મોટો તબેલો કે જે આજ લગણ "ફકીરાના તબેલા" ના નામથી એવણના વારેસો વાપરેછે ત્યા મોટા પાયાપર એવણ ઘોડાનો વ્યાપાર ચનાવવા લાગા હતા.

---

તા૦ ૧ લી સપટેમબર.

દસ્તૂર અસ્પંદીઆરજી ફરામજી રબાડીએ રેવરંડ ડાકટર વીલસને વદીદાદ ઉપર કરેલી મુજાહેમતોના ૨૬ જવાબમા "હાદીએ ગોમરેહાન" નામની કેતાબ છપાવી પરગટ કીધી હતી.[૩] આ કેતાબમા દસ્તૂર અસ્પંદીઆરજીએ બતાવી આપ્યુ હતુ કે ડાકટર વીલસને પોતાના વદીદાદની શરેહના ભાષણમા જે૬ અવસ્તાને લગતા જે ફકરાઓ ટાંકીઆછે તે જરથોસ્તી ધર્મ ઈયા રેવાજને લગતી કોઈબી કેતાબોમાં મોજુદ નથી, માટે તે કેતાબો દેખાડવાની એ ડાકટરને દસ્તૂર અસ્પંદીઆરજીએ "ચાલેંજ" કીધી હતી.

એ રીતે રેવરંડ ડાકટર વીલસને જરથોસ્તી ધર્મ ઊપર મુજાહેમતો કરવાથી પારસીઓને તેઓના ધર્મ સબંધી બાબદોની પોલ શોધો કરવાને ફરજ પડી હતી, અને એજ કારણને લીધે તાવીએ જરથોશત, મોજેજાતે જરતોશતી, નેરંગહાએ કલંમદશ, અને હાદીએ ગોમરેહાન, કેતાબો તરતજ એકએકની પછવાડે નીકલી હતી, જેથી પરકોમવાલાઓની પણ ખાતરી થઇ હતી કે પારસીઓ પોતાના ધર્મનો પુરતો બચાવ કરવાને શકિતવાનછે આ બાબે મજકૂર "હાદીએ ગોમરેહાન" ની ચોપડી વીશે લખતા અંગરેજી "બોમ્બે ગેઝેટ" કે જે એક વખત મીશનરીઓનુ સઊથી મુખ્ય વજત્ર હતુ તે પણ નીચે પ્રમાણે લખેછે —

"Asfandiarjee Framjee in the course of his animadversion makes frequent complaint that Dr Wilson has quoted passages not to be found in any of the sacred Books of the Parsees, or even in their uncanonical works, and goes so far as to challenge the production of the books containing the passages quoted in the Doctor's lecture This certainly is fair for unless the passages cited can be authenticated and produced the religion of the Parsees will, in the minds of Europeans appear branded with certain unmerited inconsistencies and enormities, and greatly increase the prejudice of the Parsees to adhere to their own religion with more strictness The epithets applied by Asfandiarjee to Christ and by Dr Wilson to Zoroaster are by no means creditable to either of them as controversialists, and had both disputants made choice of the inductive instead of the synthetic mode of conducting the dispute it would have been better for the cause of truth and less marked with those expressions which necessarily offend the believer of any creed when degrading epithets are applied to the founder of his religion

It cannot be supposed that the Parsee is less sincere in his zeal or devoid of honesty in his professed attachment to Zoroaster than a Christian is to the faith of Christ, and consequently in examining the claims of a faith to credence or disbelief we should guard against mixing up with our enquiries any preconceived notions, entertained in the course of education and repell every attempt of prejudice to hinder or oppose our enquiries We are happy to find that the Parsees are coming forward to state contents of their Shastras and the opinions they themselves entertain respecting the doctrines of Zoroaster, and also to correct any misstatements European writers may have inadvertently or ignorantly made regarding the faith and practice of the Parsee religion, because with the march of enquiry there must be a corresponding diffusion of truth

[ *Bombay Gazette*, 10th *September* 1841 ]

---

૧ "શરીર શાનતી, અથવા તનદોરોશતીની પોથી ઇઆને માણશના શરીરને શાનતી એટલે જે તનદોરોશતીની આપનારી કેતાબ પુરવીણ વઇદની ગેરહાજરીએ હરેક માણશે પોતાના પરીવારમો અઊશડ કરવા થકી ડાકટર એલેકજંડર ગીબશન શાહેબની મદદથી ફરદુનજી મોબેદ મરજબાનજીએ બનાવીછે શ્રી દમણ મધે કાવશજી ફરદુનજીએ છાપીછે, શને ૧૮૪૧ ઇશવી"

૨ એવણના બાવા શેઠ બાઈજી હીરાજી ઈ૦ સ૦ ૧૭૭૫ મા સુરતની પાસેના સુમાલી ગામમાથી અતરે આવ્યા હતા, અને પાલવાનાં બંદર તરફ લશ્કરી છાવણીમા દુધ વેચવાનો ધંધો કરતા હતા એ પછી પાલવેથી લશ્કરી છાવણી સરકારે કોલાબે કાઢી ત્યારે એવણ પણ પોતાની દુધની દુકાન ત્યા લઈ જઈ વસ્યા હતા

૩ "હાદીએ ગોમરેહાન, ઇઆને ગોમરાહ લોકોને રાહ બતાવનારી કેતાબ પાદરી વીલશનના વદીદાદ ઊપર કરેલા લેકચરના ૨૬ જવાબમો એ કેતાબ એ૦ અશપંદીઆરજી ફરામજીએ બનાવીછે શ્રી મુમબઇ મધે શમાચાર બાનામો છપાઇછે શને ૧૨૧૧ ઇઅજદેજરદી. શને ૧૮૪૧ ઇશવી"

તા૦ ૫ મી સપટેમબર.

ગંદેવી ગામના જરથોસ્તીઓએ ઈ૦ સ૦ ૧૮૩૬ ના વરસથી પોતપોતામાં બંદોબસ્ત કરી પોતાની પંચાતને લગતું, એક ફંડ ઉભું કીધું હતું તે ફંડનો સવંત ૧૮૯૭ નાં શ્રાવન સુદીનો હીસાબ કુલ જરથોસ્તીઓની જાણને માટે આજના "મુંબઈના સમાચાર" માં છપાવી પરગટ કર્યો હતો. એ હીસાબની સેરે ત્યાંની અંજુમનના આગેવાનો જાહેર કરે છે કે એ ગામમાં નસેસાલારોનો સુમારો શેઠ ખરશેદજી કાવસજી બનાજી દર માસ મોકલે છે, તથા એજ શેઠ નસેસાલારોને રેહવા માટે એક ઘર પેચાતું લઈ ધર્મ ખાતે આપ્યું છે. વળી ત્યાંની દરેમેહરનો ખરચ શેઠ હોરમસજી ભીખાજી ચાનાઈ પુરો પાડે છે. એ ઉપરાંત તેઓએ જરથોસ્તી સાહેબોને અરજ કરી છે કે એ ગામમાં દોખમા આગળ એક કુવો ખોદાવવાની તથા જરથોસ્તીઓને સર અવસરે વાપરવાની એક ધર્મશાળા બંધાવવાની અગતછે તે કોઈ સખી સાહેબોએ પુરી પાડવી. આ અરજ પત્રની હેઠળ ગંદેવીની અંજુમનના નીચલા આગેવાન ગ્રહસ્થોની સહીઓ છે,

શેઠ મનચેરજી નવરોજજી ભીખીગતનના દા૦ નસરવાનજી મનચેરજી, રતનજી કુવરજી દેવાનના, બેહરામજી દાજીભાઈ, મેહતા ડોસાભાઈ હોરમસજી, મનચેરજી જીજીભાઈ ઉનવાલા દા૦ ખરશેદજી મનચેરજી, ખારાણજી ચાપુરજી હોરમસજી ગગધર, હોરમસજી કુંવરજી, બરજોરજી નાનાભાઈ ઓથી, રતનજી જમશેદજી, એદલજી બેહરામજી મુગલીયા, બેહરામજી બરજોરજી (બિલ્લાબજીના).

---

તા૦ ૧૭ મી સપટેમબર.

રોજ ૧૯ માહ ૨ (ક૦) ૧૨૧૧ યજદજરદી.

મરણ—હોરમસજી કાવસજી સરાફ[1]—(ઉમર વર્ષ ૩૮) શેઠ કાવસજી બેહમનજી સરાફના વડા દીકરા. એઓણ પોતાના બાપની જગોએ અતરેની "સીવીલ પે આફીસ" માં વડા સરાફ હતા. જે ઓહદો લગભગ ૨૦ વરસ એઓણે સરકારની મનતોષ ભરી રીતે બજાવ્યો હતો.[2]

---

તા૦ ૨૨ મી સપટેમબર.

રોજ ૨૯ માહ ૧૨ (શે૦) ૧૨૧૦ યજદજરદી.

મરણ—પાલણજી કાવસજી અડુગર[3]—(ઉમર વર્ષ ૬૯) સુરતવાળા શેઠ કાવસજી વીરજી અડુગરના વડા દીકરા. એઓણ સુરત મધે ફરંગી વેપારીઓ સાથે કાપડ વગેરેનો રોજગાર તથા કેટલીક જાતની આડતો ચલાવતા હતા. સુરત મધે નાણાવટમાં એઓણે પોતાના મામા મરહુમ શેઠ કાવસજી રૂસતમજી તમનાની નઈએતે એક મોટી ધર્મશાળા બંધાવી તે તા૦ ૨૬ મી જુલાઈ ૧૮૧૯ ને દીને તમામ જરથોસ્તીઓના વપરાસને માટે ખોલી મુકી હતી.

---

તા૦ ૨૯ મી સપટેમબર.

મુંબઈવાળા શેઠ જીજીભાઈ દાદાભાઈએ "સી ભરૂચના જરથોસ્તી ગરીબોના છોકરાઓને અવસતા શીખવવાને માટે તે જગોના જરથોસ્તીઓના માગવાથી એક નીશાન" આજ દીનથી તે તરફ પોતાને ખરચે કહડાવી હતી[4]

---

તા૦ ૧૭ મી અકટોબર.

બીલીમોરા ગામના જરથોસ્તીઓએ ઈ૦ સ૦ ૧૮૩૭ ના વરસથી પોતપોતામાં બંદોબસ્ત કરી પોતાની પંચાતને લગતું એક ફંડ ઉભું કીધું હતું, તે ફંડનો સવંત ૧૮૯૭ ના શ્રાવન સુદીનો હીસાબ કુલ જરથોસ્તીઓની

---

૧ શેઠ મેહેરવાનજી હોરમસજી સરાફના બાવા તથા શેઠ કાવસજી મેહેરવાનજી સરાફના બપાવા.

૨ એઓણના મરણની નોંધ લેતાં તા૦ ૨૭ મી સપટેમબર ૧૮૪૧ ના "બોમ્બે ગેજેટ" માં લખે છે કે —

"He served in this situation (Head Shroff, Civil Pay Office) with zeal and ability for a period of nearly 20 years, where his Father had served for nearly 40 years with credit and respectability He had the well merited esteem of his Employers"

૩ સુરતના માજી કોટવાલ મરહુમ શેઠ બેજનજી પાલણજીના બાવા. એઓણના એક ભાઈ શેઠ નવરોજજી કાવસજી અડુગર ઈ૦ સ૦ ૧૮૧૦ માં થાએલા મોટા તોફાન વેળાએ સુરતથી વાહણમાં સફર કરતા બીજા કેટલાક પારસીઓ જોડે દરીયામાં ડુબી ગયા હતા. એમના બાપ શેઠ કાવસજી વીરજી કોચીન તથા બટાવી તરફ સુરતથી વ્યાપારનો માલ લાવ લઈજા કરતા હતા. તેઓ બટાવીમાંજ મરણ પામ્યા હતા. તેમના એક ભાઈ શેઠ રતનજી વીરજી તે મુંબઈવાળા મરહુમ શેઠ હોરમસજી ટેહેમુલજી અડુગરના બપાવા હતા. એઓના બાપ વીરજી તથા કાકા જામાસપજી નવરોજજી અડુગર પ્રથમમાં સુરતની પાસેના "અડવા" બંદરના રેહવાસી હતા. એ અડવા ગામની હદ આગલા વખતમાં નાણપરા (હાલના) ના મકાઈ ભાગના પુલ સુધી ગણાતી હતી. તે પછી ઈ૦ સ૦ ૧૭૦૭—૮ ને આસરે સુરતનો બાહેરનો કોટ બંધાયા પછી ઊમરા ગામના પટેલ ખાનદાનના વડીલ શેઠ નાનાભાઈ નરસાંગજી નામના હતા. તેઓની એ ભાગમાં ઘણીક જમીન હોવાથી તેવણે ત્યાં એક પરૂ વસાવ્યું હતું, અને તેવણના નામ ઉપરથીજ આજ સુધી એ લટો "નાણપરા" ને નામે ઓળખાએ છે.

૪ મુંબઈના સમાચાર, તા૦ ૨૬ મી સપટેમબર ૧૮૪૧

તાવર ખાનુની સભાંમની લેવાડી, જે ખુવાલીના પોકારો સાથે લેવાયા બાદ સર જમશેદજીએ ઉઠી એક નાષણમાં આપણુંમા આએ કામ સરનજામ ઉતરવા બાબે પોતાની તરફનો સંતોષ તથા લેડી જમશેદજી તરફની ખુશાલી બતાવી, તથા નામદાર સરકારે આ કામમા મદદ આપી અને ગવરનરે તેઅણુ વિષે જે સુભ વિચારો જણાવ્યા,

being intimated to her that even this sum was insufficient to defray the expenses of items of outlay which had not been included in the estimate, contributed a further sum of 10,000 ten thousand Rupees, shortly after her previous contribution The Court of Directors were then applied to by the existing Government, but Lady Jamsetjee, fearing a delay in such an application, further added to her former subscriptions the several sums of four, six and ten thousand Rupees, making a total gift to this most useful and most important undertaking of the sum of (140,000) one lakh and forty thousand Rupees The reply of the Court of Directors, with the usual liberality for which they are famed, *more particularly in any object tending to promote the welfare and prosperity of the natives of this country*, acceded to the request that all further expense should be defrayed by them, and the work went on, advancing rapidly towards completion —Only *the day before yesterday I heard that a handsome approach was suggested to the causeway*, and that the want of further funds prohibited its being carried into execution I have since been informed, that on this circumstance reaching the ear of Lady Jamsetjee, she with her usual unbounded liberality immediately consented to defray the expense, estimated at about Rupees 22000, twenty two thousand, in addition to a former five thousand required for the embankment &c thus making a grand total of the donations of this most liberal and generous lady, amounting, for this useful undertaking alone, to the sum of One Lakh and sixty seven thousand Rupees Lady Jamsetjee had frequently urged that, as the poorer classes of the community were concerned it was no more than right and just that the rich should contribute to their wants In thus noticing the liberality of her Ladyship, I cannot but avail myself of the opportunity of mentioning circumstances which to some here present may be totally unknown I allude, Sir Jamsetjee, to the very great liberality of your family From a memorandum that I made some two years back, and from what I have since been able to collect, though many of your deeds of charity are hidden from the sight of all men, I sum up that no less a sum than 100,000 £ One Hundred Thousand Pounds Sterling have been subscribed by your family for Public Works, and when I come to place this sum in juxta position with the gifts of British Merchants, I say, give me a Bombay Merchant It matters not to what creed they may belong as they are created of one and same God,—and the act of benevolence and charity will, it is to be hoped, have its weight eventually I shall now conclude by proposing 'The health of Lady Jamsetjee, and that she and *Sir Jamsetjee and family*, may for many years be blessed with health and prosperity'

[*Bombay Times, 9th April* 1845]

સર જમશેદજીએ આ સભામતીનો ઊતર આપતા ભાષણ કીધું કે —

LADIES AND GENTLEMEN—Allow me to return you my warmest thanks for your kindness in drinking

તથા હાજર થયલી બાનુંઓ અને ગ્રહસ્થોએ પોત હાજરીથી તેમને માન આપ્યુ તે બાબે સર્વેનો ઉપ માન્યો. એ પછી માંડવમાથી નિકળતી વેળાએ નામ ગવરનરે સર જમશેદજીનો હાથ પોતાની બગલમા લ અને બધે સાથે બાહેર નિકલ્યા. આ વેળાએ વા વાગયુ, અને સર્વે મેલાવડા બરખાસ્ત થયો હતે

the health of Lady Jamsetjee and in doing so I not avoid expressing how gratified and flattered I by this large assembly of my friends To you George Arthur, and to those Ladies, who have *so far to grace this ceremony with their presenc* am under infinite obligations It is a complime deeply feel, as, I am satisfied, will Lady Jamse who has looked forward to the opening of this Ca way as one of the happiest moments of her life who could receive no more grateful appreciatio her motives than the presence on this occasion of many of her Sex

The Hon'ble the Governor has spoken *of* t work, as one emanating in charity towards the P and I may truly say that it did so, *for though* s *an undertaking had long previously been rec* mended to Government by its Officers *as calcul to produce great public good, yet Lady Jamset* offer to contribute largely towards it on the condi that no tolls should be levied on the public, *we* believe the result of a pure desire to benefit the *in many ways and amongst others in preven those accidents* to which, Sir George Arthur ha feelingly alluded

*I may* be permitted to say thus of the origin o work of great public utility which did not ema from me, but which from domestic causes, I ca otherwise regard than with feelings of the grea *pride* and satisfaction

The Hon'ble the Governor has alluded to for acts of charity on my part, I am sure I shall s excused in not further adverting to them on this o sion, but it is grateful to me to know that my mot and conduct are appreciated by the Head of the vernment

I should now but ill consult my own feeli were I to omit to say, how much I regret the abs of that able officer Captain Cruickshank, under w superintendance this Causeway has been comme and completed I should have been glad of opportunity *of tendering him personally* and in presence of this distinguished assembly my best th for the zeal and ability with which he has devoted self to this undertaking, to him are we indebted fo early and successful a completion of the work w it is only due to him to pronounce as perfec its construction

I once again beg to offer you my sincere th for your kindness in meeting me on an occa so full of interest to myself and for the gene warmth with which you have responded to the T proposed by the Hon'ble the Governor"

[*Gentleman's Gazette, 10th April* 18

૧ બોમ્બે ટાઇમસ, તા૦ ૯ મી આપરેલ ૧૮

આ પુલ પર માહીમથી *જતાં* નાકે એ પથ્થરના આરકા મારી તે ઉપર નીચલી તખ્તી ઈ ગુજરાતી, મરાઠી, તથા ફારસી ભાષામા કોતરેલીછે

એજ ગત્રે સર જમશેદજીએ પોતાની માહલક્ષમીની વાડીમાં પોતાના દેશી મિત્રોને આ બનાવની ખુશાલીમા એક મોટી જીયાફત આપી હતી. એજ દીને ધાસટીમા વસનારા ૧૦૦ ફરંગીઓએ તેઓને તથા તેમના કુટુંબ

"THIS CAUSEWAY WAS COMMENCED ON THE
8th of February 1843
*Under the auspices of*
LADY JAMSETJEE JEJEEBHOY

who munificently contributed towards its cost the sum of Rupees 1,55,800 It was designed by Lieut. Crawford and constructed by Capt Crnickshank of the Bombay Engineers, and opened to the public *on the 8th of April 1845*, corresponding with the 13th day of the 7th month of Shenshaee Yezdezerd era, 1214, in the presence of the Hon'ble Sir George Arthur Bart Governor, the members of Council, and principal inhabitants of Bombay

The total cost of construction was Rupees 2,03,843 and 5 pies"

આ પૂલ બંધાવાને લગતી થોડીક વધારે હકીકત અતરે નોંધી રાખવા જોગછે ઈ૦ સ૦ ૧૮૩૭ ના ગુધ-ઈના દેશી શેઠીયાઓએ થાણાની ખાડીપર એક પૂલ બાંધવાના કારણસર એક ઊઘરાંણું પોતપોતામાં વચ્ચે કીધુ હતુ, અને તેમા નીચે મુજબ રૂ૧૦૦૦૦) ભરાયા હતા —

(રૂ૧૫૦૦) જમશેદજી જીજીભાઈ, ફરામજી કાવશજી બનાજી (રૂ૧૦૦૦) ખરશેદજી કાવશજી બનાજી, વીકાજી મેહરજી, કાવશજી માણેકજી હાસગરનર (રૂ૫૦૦) બાન મીલન, આગામહમદ રહીમ શીરાજી, જગનાથ શંકરશેઠ, મોતીચંદ અમીચંદ, ખરશેદજી અરદેસર દાદીશેઠ, માણેકજી નવરોજજી વાડીઆ (રૂ૪૦૦) બહમનજી અને અરદેસર હોરમજજી વાડીઆ (રૂ૨૦૦) જારજ આશાગરનર, અમરચંદ ભીમચંદ (રૂ૧૦૦) જીજીભાઈ દાદાભાઈ, ખરશેદજી કાવશજી હાસગરનર

એ નાણા સરકારને સ્વપુરદ કીધા હતા, પણ એટલા નાણામા તે પૂલ બંધાવો મુશ્કેલ હોવાથી, તેમજ ઊપલા માહીમ અને વાંદરા વચ્ચેના પૂલની વધારે અગત હોવાથી ઈ૦ સ૦ ૧૮૩૭ ના ડીસેમબર માસમા શેઠ ખરશેદજી કાવશજી બનાજીએ સરકારમા એક પત્ર લખી અરજ કીધી કે માહીમનો પૂલ બંધાવવા માટે અમો દેશીઓમા એક ઊઘરાંણું કર્યે, અને તેમા સરકારે ઊપના થાણાના પૂલવાલા રૂ૧૦૦૦૦) તથા પોતાની તરફથી મદદ તરીકે બીજા રૂ૨૦૦૦૦) આપવા આ અરજ સરકારે બાહલ રાખી હતી, પણ એ ફંડમા જોઈતા નાણા નહિ ભરાયાથી ઈ૦ સ૦ ૧૮૩૮ ના ડીસેમબર માસમા શેઠ બમનજી નસરવાનજી વાડીઆએ "એ પૂલ પોતાને ખરચે બંધાવવાની સરકારમા ખાએશ દેખાડી હતી, અને તે કામમા મદદ તરીકે સરકારે રૂ૨૫૦૦૦) આપવાની મરજી પણ જણાવી હતી" [બામ્બે જમશેદ, તા૦ ૨૯ મી ડીસેમબર ૧૮૩૮] લકીન તેના ખરચનો અડસટો મોટો થવાથી એ કામ પડી રહયુ હતુ એ પછી શેઠ ખરશેદજી કાવશજી બનાજીની ભલામણ ઊપરથી શેઠ જમશેદજી જીજીભાઈએ એ કામ માથે લીધુ, અને તા૦ ૨૩ મી ફેબરવારી ૧૮૪૧ ને દીને સરકારમા એક પત્ર લખી પોતાના ધનીઆણી બાઈ આવાબાઈ તરફથી એ પૂલ બાંધવાના કારણસર રૂ૪૫૦૦૦) ધર્મ ખાતે આપવાની મરજી જણાવી હતી એના જવાબમા તા૦ ૨૧ મી મેએ ૧૮૪૨ ને દીને સરકારના શેક્રેટરી મી૦ મારાસે એ પૂલ બાંધવાના ખરચના અડસટાના "મીલીટરી બોરડ" તરફથી આવેલા રીપોરટની એક નકલ સર જમશેદજી ઊપર મોકલી, જેમા લખ્યુ હતુ કે ઈજનેર ખાતાવાળા લફટનંટ ક્રાફરડના પલાન પ્રમાણે એ પૂલ બાંધવાના ખરચનો અડસટો રૂ૧૬૪૫૪૦) નો થયોછે આના જવાબમા સર જમશેદજીએ તા૦ ૩૧ મી આગસટ ૧૮૪૨ ને દીને ગવરનર સર જારજ આરથર બારોનેટ પર એક કાગળ લખી જણાવ્યુ કે "માહીમનો પૂલ બાંધવાની લોકોના જાન માલની તથા વ્યાપારની સલામતીને કીજે ઘણી અગતછે, તેથી સરકાર જો લફટનંટ ક્રાફરડના પલાન પ્રમાણે તે બાંધવાનુ ટેનડર માગેતો જે લોકો એ કામ લેવા માગેછે તેઓનો ભાવ જણાય કાએજે મને ઊમેદછે કે એ અડસટો ઊપજયોછે તે કરતા ઓછે ખરચે એ કામ બનશે" આ પત્રના જવાબમા સરકારના શેક્રેટરી મી૦ આર કે પ્રીંગલે તા૦ ૧૫ મી ડીસેમબર ૧૮૪૨ ને દીને સર જમશેદજીને લખી જણાવ્યુ કે તમારી સુચના મુજબ ઈજનેર ખાતાવાળા કપતાન ક્રુકશાંકે માહીમનો પુલ લફટનંટ ક્રાફરડના પલાન પ્રમાણે બાંધવાના ટેનડરો જાહેર ખબર મારફતે માગયા હતા, તે મુજબ શેઠ જમશેદજી દોરાબજી (નાયગામવાળા) આ કામનુ રૂ૧૩૧૦૦૦) ની કીમતે, તથા ૨॥ વર્ષની મુદતમા પુરૂ કરવાની બોલીએ કન્ત્રાકટ લેવા માગેછે, તે ટેહરાવનુ ટેનડર બાહલ રાખવાને મીલીટરી બોરડ ભલામણ કરેછે, માટે એ રૂ૧૩૧૦૦૦) ઊપરાંત પૂલની બાંધમણ બાજુએ ઘેરાવ વધારે રાખવાના તથા બીજા પરચુરણ ખરચના રૂ૫૭૮૦) મળી રૂ૧૩૬૭૮૦) નો ખરચ બેસશે આના જવાબમા સર જમશેદજીએ તા૦ ૨૯ મી ડીસેમબર ૧૮૪૨ ને દીને ગવરનર સર જારજ આરથરને લખી જણાવ્યું કે જ્યારે એ કામને માટે રૂ૧૩૬૭૮૦) નો ખરચ બેસશે ત્યારેતો મે જે આગલ રૂ૪૫૦૦૦) આપવા કહયા હતા તેને બદલે હૂ લેડી જમશેદજીની વતી રૂ૧૦૦૦૦૦) એક લાખ રૂપીઆ સરકારી તીજોરીમા અનામત મુકુ છૂ અગર સરકાર એ કામ માથે લઈ પુરૂ કરે તથા પૂલ તૈયાર થયા પછી લોકોને માટે ઊઘાડો મુકે, અને કોઈ પાસે કસ્સો લવાજમો લે નહિ વળી બાકીના રૂ૩૬૭૮૦) જોઈએ તે માટે થાણાના પૂલના દેશીઓના એકઠા કરેલા રૂ૧૦૦૦૦) તથા સરકારે તા૦ ૧૬ મી જુલાઈ ૧૮૩૮ ને દીને શેઠ ખરશેદજી કાવશજી બનાજી જોગના કાગળમા એ કામમા મદદ તરીકે આપવાને કબુલ કીધેલા રૂ૨૦૦૦૦) આપવા, અને બાકીના રૂ૧૬૭૮૦) ઘટે તે અતરેની સરકારથી "કોરટ ઑફ ડાએરેકટરસ" ના હોકમ વગર અપાય નહિ, અને તે હોકમ મેળવતા ઘણો વખત નિકલી જાય, માટે તુરત વેળા તમોએ એ કામ ચાલુ કરવાનો હોકમ કરવો અગર કોરટથી ઊપલા ખરચની પરવાનગી નહિ આવગેતો બાકીના

તેમજ ભાઈબિરાદરોને આ પૂલ બંધાયાથી થએલા સુખને માટે સર જમશેદજીને એક માનપત્ર આપી તેઓનો ઉપકાર માની તેમને દોઆ ચાહી હતી. તેમજ માહીમ વાડીના કુનબીઓએ પણ એક માનપત્ર મરાઠીમાં લ મી૦ વાપેલની મારફતે સર જમશેદજીને પોહચાડયું હ

---

રૂ૧૫૦૦૦) બાકી હું તમોને આપીશ. એના જવાબમાં સરકારના શેક્રેટરી મી૦ પ્રીંગલે તા૦ ૧૧ મી જાનેવારી ૧૮૪૩ ને દીને સર જમશેદજીને લખ્યું કે ઉપલા ઘટાડાના રૂ૧૬૭૮૦)નો હોકમ સરકાર ઈગલાંડ કોરટ ઑફ ડાએરેકટરસ ઉપર ભલામણ કરી મંગાવશે. નામદાર ગવરનરની કૌનસીલને એમા કસો શક નથી કે તમારી પાસેથી બીજા રૂપીઆ લેવા પડશે. લેડી જમશેદજીની ઇછા પ્રમાણે મોટી ખુશી સાથે એ પૂલ બાંધવાનું કામ શરૂ કરવાનો હોકમ કીધોછે. સર જમશેદજીએ આ બાબે સરકારનો ઉપકાર માન્યો, અને લેડી જમશેદજીની વતી તા૦ ૧૭ મી જાનેવારી ૧૮૪૩ ને દીને સરકારી તીજોરીમાં એક લાખ રૂપીઆની રકમ ભરી તેની રીશીટ બીડી હતી. એ પછી કોરટ ઑફ ડાએરેકટરસ તરફથી તેમના તા૦ ૨૩ મી આગસ્ટ ૧૮૪૩ ના ડીસપાચમાં ઉપલા રૂ૧૬૭૮૦) ની પરવાનગી આપી હતી. તે ડીસપાચની એક નકલ તા૦ ૨૭ મી અકટોબર ૧૮૪૩ ને દીને સરકારના શેક્રેટરી મી૦ એસકોમબે સર જમશેદજી ઉપર બીડી હતી, જેમાં સેવરે કોરટ તરફથી લખ્યું હતું કે—

"With these views of the wants of the work, and with a just appreciation of the munificence of Sir Jamsetjee and his Lady, we approve of the prosecution of the Mahim and Bandora causeway and Bridge on the terms which you have reported."

એ પછી ઉપલા પૂલનું કામ ચાલુ થનાબાદ સર જમશેદજીએ તેમાં વારવાર બીજી રકમો આપી ઘણો ફેરફાર કરાવ્યો હતો, જેવો કે તેના કામે લાગતા નાવલા પથરોને બદલે પોતાને ખરચે ખાનકીના પથરો, તથા બંધે બાજુની દેવાલોની જાડાઈ વધારે, તેમજ પૂલની વચ્ચેના બુગદાઓમાં ઘણો ચીકટ ચુનો વપરાવ્યો હતો કે ખારા પાણીનો ધમારો તેના નહિ થાય. એ ઉપરાંત એ પૂલનો કેટલોક ભાગ તા૦ ૪ થી જુન ૧૮૪૪ ને દીને તુટી પડયો હતો તે પાછો સમરાવવાના તેમજ બીજા પરચુરણ ખરચ વગેરેના મળી રૂ૫૫૮૦૦) લેડી જમશેદજીને એ કારણસર વધારે આપવા પડયા હતા. તથા સરકાર તરફથી એમાં કુલે રૂ૪૮૦૪૩—૦—૫ ખરચાયા હતા. એ પૂલ બનાઈ તૈયાર થયા પછી તે પ્રજાને માટે ઉઘાડવા આગમજ સરકારના હોકમથી મીલીટરી બોરડના છ અધિકારીઓએ સાથે મળી તેની તપાસ કીધી હતી, અને તેના મુસતેહકીમપણા બાબે તા૦ ૩૧ મી મારચ ૧૮૪૫ ને દીને સરકારમાં રીપોરટ કીધો હતો. એ પૂલના બાંધકામનું ઉપરીપણું કરનાર સરકારી ઇંજનેર કપતાન કરૂકશાંકે આ કામ ઘણી ઉલટ તથા મેહનતથી પાર પાડયું તે માટે સર જમશેદજીએ તેને રૂ૫૦૦૦) ની પોતા તરફથી બખશેશ આપવા માટે અતરેની સરકારની મારફતે ઇંગલાંડથી કોરટ ઑફ ડાએરેકટરસની પરવાનગી મંગાવી તે રકમ આપી હતી, તેમજ એ પૂલ બાંધનાર કંત્રાકટર શેઠ જમશેદજી દોરાબજી નાયગામવાલાને પણ સર જમશેદજીએ રૂ૫૦૦૦) ભેટ આપ્યા હતા.

તા૦ ૧૦ મી આપરેલ.

રોજ ૧૫ માહ ૭ (શે૦) ૧૨૧૪ યજદજરદી.

ચોપાટી મધે દોખમાઓવાલા ડુંગરની હેઠલ શેઠ ખરશેદજી કાવસજી બનાજીએ આંધલા પાંગલા તથા લાચાર જરથોસ્તીઓને રાખવા માટે પંચાતને આપેલી ડુંગરવાડીની જગોપર મરહુમ શેઠ ફરદુનજી સોરાબજી પારખના છોકરાઓ શેઠ ખરશેદજી તથા જમશેદજી ફરદુન પારખે છેલા ગ્રહસ્થના ધનીઆણી બાઈ પીરોજબાઈ નઇમેતે એક ધરમશાલા બંધાવી આજ દીને તેને ખોલી મુકવાનું જશન કીધું હતું. આ વેળાએ પંચાત અકાબરો તથા બીજા ઘણાક જરથોસ્તીઓ હાજર હતા. જશનની ક્રિઆ પુરી થવાબાદ શેઠ ખરશેદ તથા જમશેદજી તરફથી એક અરજીમન પત્ર પંચાત મેહતા શેઠ અરદેસર દાદાભાઇએ વાંચી સંભળાવ્યું જેમાં જણાવ્યું હતું કે એ ધર્મશાલા આંધલા પાંગ તથા ગરીબ નાવારેસ જરથોસ્તીઓને રાખવા મા પંચાતના અકાબરોની રજા લઈ બંધાવીછે, અને પંચાતના હવાલામાજ આપીછે, તથા તેની મરામત વગેરેનો ખરચ પણ પંચાતના ફંડમાથીજ કરવો. એ પ રૂ૫૦૦) આંધલા પાંગલાઓના ફંડમાં આપવાની તજવીજ રતી પહોંચી હતી. ઉપલો અરજીમન પત્ર વંચાયા બ પંચાતની તરફથી શેઠ ખરશેદજી માણેકજી સુરતી શેઠ ખરશેદજી તથા જમશેદજી ફરદુનજી પારખને એક શેઆલ હોરાડી માન આપ્યું, અને સર્વે હાજર થએ ગ્રહસ્થો ત્યાં ચાહની કરી વીદાય થયા હતા.[2]

---

[1] મુંબઈના શમાચાર, તા૦ ૧૩ મી આપરેલ ૧૮૪

[2] આ ધર્મશાલાપર ઇ૦ સ૦ ૧૮૬૪ મા શેઠ ખરશેદજી ફરદુનજી પારખે પોતાને ખરચે એક માલ બંધાવી આપ્યો હતો. એ ધર્મશાલાના દરવાજાપર નીચલી તખ્તી મારેલીછે:

" શ્રી દાદાર હોરમજદની મદદછે

" આએ ધરમશાલાની ઇમારત બેહેશતન બાનુ
" પીરોજબાઈ તે શેઠ જમશેદજી ફરદુનજી પારખની ધર્મ
" આણીના પુનને શારૂ, આંધલા પાંગલા તથા જઈફ લાચાર
" જરતોશતીઓને રાખવાના કારણસર બેહેશતનશીન શે
" ફરદુનજી શોરાબજી પારખના સાહેબજાદાઓએ પોતાના
" ખરચથી સને ૧૨૧૪ ઇઆજદજરદીના સાલમા બનાવી
" વીને પારસી પંચાએતના તરસટી સાહેબોના સપાવી
" નમા આપી હતી

" તીહાર પછે
" એ ધરમશાલાની ઇમારત મધે સને ૧૨૩૩ ઇઆ
" જદજરદીના સાલમાં બાઈ ખરશેદજી ફરદુનજી પારખે
" પોતાને ખરચે માલ બનાવી કેટલાએક ફેરફાર કરાવી
" આપેઓછે. મુકામ મુંબઈ. સને ૧૨૩૩ ઇઆજદ-
" જરદી સને ૧૮૬૪ ઇસવી "

### તા૦ ૧૧ મી આપરેલ.

રોજ ૧૬ માહ ૭ (શે૦) ૧૨૧૪ યજદજરદી.

આજ દીને મરહુમ બાઈ જીવણબાઈ તે શેઠ દાદાભાઈ જમશેદજી કોહિલાના વીધવાના ઉઠમણામા તેમના દીકરા શેઠ રતનજી દાદાભાઈ કોહિલાએ રૂ૭૦૦) ધર્મ ખાતાઓમા આપ્યા હતા.[1]

### તા૦ ૧૫ મી આપરેલ.

રોજ ૨૦ માહ ૭ (શે૦) ૧૨૧૪ યજદજરદી.

મુંબઈના બનાજી ખાનદાનના વડવા મરહુમ શેઠ બનાજી લીમજીએ ઈ૦ સ૦ ૧૭૦૯ મા ફોરટના કોટમા કાવસજી પટેલના ઘરની સામેની ગલીમા જે આદરાનની દરેમેહર બંધાવેલી હતી તે પુરાતમ દરેમેહર ભાગી પડવાની હાલતમા આવવાથી બનાજીના કુટુંબના કેટલાએક સાહેબોએ પોતપોતામા એક ફંડ ઉભુ કરી[2] તેને નવેસરથી બંધાવી આજ રોજે તેમા જુના આદરાન સાહેબનેજ તખ્તનશીન કીધા હતા. આ વેળાએ પંચાતના અકાબરો તથા બીજા ઘણાક જરથોસ્તી લોકો મીજલસમા સામેલ થયા હતા. જશનની ક્રિઆ પુરી થયા બાદ શેઠ ફ્રામજી કાવસજી બનાજીએ ઉઠી શેઠ હોરમજજી રતનજી બનાજી (કે જેઓ ઈ૦ સ૦ ૧૮૩૫ મા શેઠ ફ્રાશાભાઈ કુવરજી બનાજીનાં મરણ પછી એ દરેમેહરનો સર્વે વહીવટ ચનાવતા હતા, તથા જાએ નવી દરેમેહર બંધાવવાના કામની સઘળી આગેવાંની તથા મેહનત લીધી હતી તેઓ) ને "એક શેઆલ હોરાડી એ દરેમેહરનો મુતવલી ઠરાવેઓ." એ પછી ફ્રતરેની પારસી પંચાત તરફથી શેઠ નવરોજજી જમશેદજી વાડીઆએ આ સુભ કામની ખુશાલીમાં બનાજીના કુટુંબના વડા શેઠ ફ્રામજી કાવસજીને એક શેઆલ હોરાડી માન આપ્યુ, તથા આએ સુભ બનાવની ખુશાલીમા શેઠો ફ્રામજી, ખરશેદજી અને રૂસતમજી કાવસજીએ રૂ૫૦૦) આંધળા પાંગળાઓના ફંડમા આપવાની તદબીરસ્તી પઢાવી હતી.[3] અને ત્યારબાદ સર્વે મીજલસ ચાશની કરી બરખાસ્ત થાઈ હતી.[4]

### તા૦ ૧૯ મી આપરેલ.

મુંબઈ મધે સ્થાપવા ધારેલી "ગ્રેટ ઈસટરન રેલવે" કુંપનીના ભાગીદારોની એક સભા આજ દીને ટાઉનહાલમા મળી હતી. તેમાં ૧૦૦ ભાગીદારો હાજર હતા, તથા સભાની ખુરસી કરનલ જારવીસને આપવામાં આવી હતી. મી૦ આરીટન વકીલની દરખાસ્ત ઉપરથી અને તેને શેઠ બહમનજી હોરમજજી વાડીઆએ ટેકો આપવાથી ત્યા એવુ ઠેહર્યું કે "મુંબઈ અને માહેલા દેશો વચ્ચે આવ જાવ કરવાના માર્ગે અને સંદેસાની સુઘગાહીથી ઘણા મોટા ફાએદા થાશે એવી આએ સભાની પકી ખાતરીછે, અને એ ઉપર જણાવેલા કારણનો વધારો કરવાસારૂ રેલવેની એક અથવા વધારે સડકો બાંધવાની કોશેશ એકસરખા જોરથી ચાલુ રાખવી જોઈએછે, અને તે પાર પાડવાની આશાથી હાલની કંપનીએ પોતાનુ નામ બદલી "ઈનલાંડ રેલવે આસોસીએશન ઑફ બામ્બે" કરી રાખવુ, અને તેની મુખ્ય મકસદ એકે— પશ્ચિમ હિંદુસ્થાનમા રેલવે બાંધવાને બની શકે તે બાબેની ખબર મેલવવી, અને મુંબઈ અથવા તેની પડોસમાંથી માહેલાં દેશાવરો ખાતે રેલવે બાંધવાને લાયકની સડક શોધી કાઢવી, અને એ કામમા બની શકે તેટલી સરકા-

[1] તા૦ ૫ મી મારચ ૧૮૪૬ ના શમાચારમા છપાયલો ઈરાનીઓના ફંડનો તથા તા૦ ૧૬ મી જુલાઈ ૧૮૪૬ ના શમાચારમા છપાયલો પંચાતનો હીસાબ

[2] એ ફંડમા નીચે મુજબ રૂ૨૩૦૦૦) ભરાયા હતા —

- ૫૦૦૦) શેઠ ફ્રામજી કાવસજી બનાજી
- ૫૦૦૦) શેઠ ખરશેદજી કાવસજી બનાજી
- ૫૦૦૦) શે૦ રૂસતમજી કાવસજી બનાજી તથા શેઠ દાદાભાઈ રૂસતમજી બનાજી
- ૨૫૦૦) શેઠ માણેકજી લીમજી બનાજી
- ૨૫૦૦) શેઠ દીનશાહજી નાનાભાઈ દાવર
- ૧૫૦૦) શેઠ હોરમજજી રતનજી બનાજીએ પોતાના માબાપ તથા મરહુમ દીકરા જમશેદજીની નાંઈએતે
- ૧૫૦૦) શેઠ ફ્રામજી નશરવાનજી પટેલ

ઊપલા રૂ૨૩૦૦૦) માથી એ દરેમેહર સમરાવતા તથા બીજો ખરચ કરતા રૂ૧૧૦૩૪)૮૫ રેસ બાકી વધેલા શેઠ ફ્રામજી કાવસજી બનાજીના હાથમા હતા તે તેમના મરણ બાદ તેમના વીધવા બાઈ બચુબાઈએ વીઆજ તથા બીજા વધારા સાથે મળી રૂ૧૩૦૧૫—૨—૪૨ તા૦ ૨૬ મી ડીસેમબર ૧૮૫૯ ને દીને શેઠો દાદાભાઈ રૂસતમજી બનાજી, શોરાબજી પેશતનજી ફ્રામજી, લીમજી માણેકજી બનાજી, અને ધનજીભાઈ ફ્રામજી પટેલ એઓને એ દરેમેહરના તરસ્ટીઓ તરીકે સપુરદ કીધા હતા એ પછી તા૦ ૯ મી જુન ૧૮૭૯ ને દીને એ દરેમેહરના તરસ્ટીઓ શેઠો શોરાબજી પેશતનજી ફ્રામજી, લીમજી માણેકજી બનાજી, પેશતનજી બરજોરજી દાવર, નાનાભાઈ ધનજીભાઈ બનાજી અને ફરદુનજી મેહરવાનજી બનાજી એઓએ હાઈ કોરટના સોલીશીટર મી૦ ટોબીનની મારફતે એ દરેમેહરને લગતી પુંજીનુ એક "તરસ્ટડીડ" કરાવ્યુ હતુ

[3] તા૦ ૧૬ મી જુલાઈ ૧૮૪૬ ના "મુંબઈના શમાચાર" મા છપાયલો પંચાતનો હીસાબ

[4] મુંબઈના શમાચાર, તા૦ ૧૭ મી આપરેલ ૧૮૪૫

રૂ૨૨૧૪૨ાાા૧૪ા, વ્યાજની કસર રૂ૧૮૬ાાાાા૨ા તથા બંગાલ બેંકના શેરોની કીમતના ઘરાડાના રૂ૭૫૦૦), તેમજ આગલે વર્ષથી પંચાતનાં દફતરમાં જુદાં જુદાં ખાતાં પાડવાનું નક્કી કર્યાથી મરહુમ શેઠ ફરદુનજી શોરાબજી પારખનાં સાહેબજાદાઓએ પડાવેલુ ખાતું તથા ઇનસાફ અને અરજી કરવાનું ખાતુ જે પંચાતનાં હીસાબની સાથે ભેલલુ હતુ તે જુદા પાડવાથી તથા તે ખાતાઓના રૂ૧૭૮૫૯)ાાા બાદ કરવાથી વર્ષની આખરીએ તરસ્ટીઓના હસ્તકમા પંચાતના હીસાબને લગતા રૂ૨૯૬૦૨૮ાા૨૦ા તથા જુદા જુદા પડાવેલા ખાતાઓનાં[1] રૂ૫૧૦૯૬ાાા૨૩ા મલી કુલે રૂ૩૪૭૧૨૫ાા૧૮ાા બાકી હતા.

---

૧ આ ખાતાઓમા પેહલું મરહુમ શેઠ ફરદુનજી શોરાબજી પારખના સાહેબજાદાઓ શેઠો ખરશેદજી તથા જમશેદજીએ ઇ૦ સ૦ ૧૮૪૧ મા પડાવેલુ, બીજુ ઇનસાફ તથા અરજી કરવા બાબેનુ ઇ૦ સ૦ ૧૮૪૪ મા પડાવેલુ, ત્રિજુ સર જમશેદજી જીજીભાઇને ઇ૦ સ૦ ૧૮૪૨ મા "નાઇટ હુડ" નો ખેતાબ મલ્યો તેની મુબારકબાદીમા મુબઇ તથા સુરતના પારસીઓએ સ્થાપેલુ "સર જમશેદજી જીજીભાઈ ટ્રાનસલેશન ફંડ" નુ ખાતુ જે તા૦ ૧૮ મી ડીસેમબર ૧૮૪૩ ને દીને શેઠો બહમનજી હોરમજજી અને દાદાભાઇ પેશતનજી વાડીઆએ પંચાતના તરસ્ટીઓ હસ્તક સોપેલુ, ચોથુ ઊદવારની અનજુમનનુ ધરમ ખાતુ કે જે ઇ૦ સ૦ ૧૮૩૪ માં ચીન કંતાનના જરથોશતીઓએ ઊદવારેના ગરીબ મોબેદો તથા બેહદીનોને દર વર્ષે વેહચી આપવા માટે ૪૦૨૯) ડાલરનુ એક ફંડ કરી તા૦ ૫ મી નવેમબર ૧૮૩૪ ને દીને તે રકમ અતરે શેઠ વીકાજી મેહરજી ઊપર મોકલી હતી તે રકમ ખરચ બાદ કરી વ્યાજ સાથે રૂ૧૦૭૩૫ાાા૭ાા ની થઇ તે શેઠ વીકાજીએ તેમા નાણા ભરનારાઓનો તા૦ ૨૦ મી ડીસેમબર ૧૮૪૩ ને દીને એક સરકયુલરની મારફતે વિચાર લઇ તા૦ ૧૧ મી આપરેલ ૧૮૪૪ ને દીને પંચાતના ફંડના દફતરમા ખાતુ પડાવી આપી હતી, અને તે બાબે એવો બંદોબસત કીધો હતો કે તેના વ્યાજમાથી દર વર્ષે મુકતાદને ટાકણે ઊદવારેના મોબેદો તથા નાદારેસ બેહદીનોમા અનાજ વેહચવો, પાચમુ ખાતુ ઊદવારેના આતશબેહરામનુ જુનુ રૂપાકામ મુબઇ મધે મંગાવી રૂ૧૦૯૭ાાા૧૭ ની કીમતે વેચ્યુ, તથા ઊદવારાના આતશબેહરામની પેટીમાથી રૂ૪૭૫) નીકલ્યા, તથા રૂ૪૬૭)૮ સર જમશેદજી જીજીભાઇ નાઇટે પોતાની ખુશીથી આપી રૂ૨૦૦૦) નુ એક ખાતુ તા૦ ૧૧ મી આપરેલ ૧૮૪૪ ને દીને પંચાતના દફતરમા "ઊદવારેના આતશબેહરામ બાબતનુ ખાતુ" એવા નામથી પડાવ્યુ, અને તે બાબે એવો બંદોબસત કીધો હતો કે તેના વ્યાજની રકમ દર વર્ષે ઊદવારે દસતુરજી વગેરેપર વાલવી કે સઉ મોબેદોને હીસ્સા પ્રમાણે વેહચી આપે

તા૦ ૧૯ મી આગસ્ટ.

રોજ ૨૬ માહ ૧૧ (શેં૦) ૧૨૧૪ યજદજરદી.

**મરણ**—ખરશેદજી રૂસતમજી ચીનીચીની—ઉમર વર્ષ ૫૦) સુરતવાલા શેઠ રૂસતમજી નથુજી ચીનીચીનીના દીકરા. એવણ સુરતમા જયારે વલંદા, ફ્રેન્ચ, તથા પોરટુગીજોની કોઠીઓ હતી ત્યારે તેમની સાથે વ્યાપાર કરતા હતા. તે પછી મુંબાઇમા આવી થોડાક વ્યાપાર કરવા માંડયો હતો, અને મરણ પણ હિયાંજ પામ્યા હતા.

---

તા૦ ૨૦ મી આગસ્ટ.

માલવા અફીમની એક પેટી માલવાથી મુંબઈ લાવવાની જગાત રૂ૧૨૫) હતી તે આગલે વર્ષમા અતરેની સરકારે વધારી રૂ૨૦૦) કરવાથી આજ દીને અતરેના ઇંગ્રેજ તથા દેસી વ્યાપારીઓએ ઇગલાંડ "કોરટ ઑફ ડાએરેકટરસ" ઉપર એક અરજી મોકલી એ જગાત ઓછી કરવા બાબે માગણી કીધી હતી. આ અરજીપર મુબાઇના ૧૬૨ વ્યાપારીઓની સહીઓ હતી, જેઓમાં નીચલા મુખીઅ પારસીઓ હતા[2] :—

શેઠો ફરામજી કાવસજી બનાજી, જમશેદજી જીજીભાઇના છોકરાઓની કુંપની, બહમનજી અને અરદેસર હોરમજજી વાડીઆ, ખરશેદજી કાવસજી બનાજીના છોકરાઓની કુંપની, દાદાભાઈ અને મનચેરજી પેશતનજી વાડીઆ, માણેકજી નશરવાનજી પીટીટ, ખરશેદજી અરદેસર દાદીશેઠ, રતનજી એદલજી બાટલીવાલા.

---

તા૦ ૨૪ મી આગસ્ટ.

રોજ ૧ માહ ૧૨ (શેં૦) ૧૨૧૪ યજદજરદી.

**મરણ**—જહાંગીરજી ખરશેદજી તારાચંદ—ઉમર વર્ષ ૫૪) શેઠ ખરશેદજી બહમનજી લીલીમના દીકરા. એવણ પેહલવેહલા તા૦ ૭ મી જુલાઈ ૧૮૧૪ ને દીને અતરેના જાણીતા હિંદુ વ્યાપારી શેઠ તારાચંદ મોતીચંદની સાથે ગુમાસ્તા તરીકે ચીન ગયા હતા. હિંદુઓમાં પેહલવેહલા ચીન જનાર આ શેઠ તારાચંદ હતા. આઠ વર્ષ ત્યા રહી શેઠ તારાચંદ તા૦ ૨૧ મી ડીસેમબર ૧૮૨૨ ને દીને એવણને ચીનમા પોતાના આડતીઆ તરીકે રાખી મુંબાઈ આવ્યા હતા. એ પછી એવણે ચીનમાં મજકુર શેઠ તારાચંદ ઉપરાંત અતરેના જાણીતા વ્યાપારીઓ શા૦ મોતીચંદ અમીચંદ, સર જમશેદજી જીજીભાઈ નાઈટ, નાખોદા મહમદઅલી રોગે, અમદાવાદવાલા હેમાભાઇ, કેસરીસીંગ, વગેરેની આડત તથા

---

૨ બોમ્બે કુરીઅર, તા૦ ૩૦ મી સપટેમબર ૧૮૪૫.

પોતાનો ખાંનગી વ્યાપાર મુંબઈ અને કલકતા સાથેનો મોટા પાયા ઉપર ચનાવ્યો હતો. આ માટે ઈ૦ સ૦ ૧૮૩૩ સુધીના અરસામાં એવણે ચીનની ઘણીક સફરો કીધી હતી. ઈ૦ સ૦ ૧૮૩૩ મા અતરે આવ્યાબાદ એવણ અમદાવાદવાલા શા૦ હઠીસીંગ કેસરીસીંગની મુંબઈ ખાતેની પેહડીના ભાગીઆ થયા હતા. ઈ૦ સ૦ ૧૮૩૬ મા શા૦ મોતીચંદ અમીચંદના મરણ બાદ તેમના દીકરા શા૦ ખીમચંદ મોતીચંદ, તેમજ અતરેની શા૦ અમરચંદ ખીમચંદની જાણીતી વ્યાપારી પેહડીએ તા૦ ૧૨ મી જાનેવારી ૧૮૩૭ ને દીનથી પોતાની પેહડીની સર્વે મુખતીઆરી એવણને આપી હતી એવણ પોતાની તબીયતના સુધારાને માટે શેઠ ખરશેદજી જમશેદજી જીજીભાઈ સાથે પુણે ગયા હતા, અને ૧૪ દિવસમા ત્યાંજ એમનું મરણ નીપજ્યુ હતુ.[1]

---

તા૦ ૨૬ મી આગસ્ટ.

આજ દીને મરહુમ શેઠ જાંગીરજી ખરશેદજી તારાચંદનું ઉઠમણુ અતરે તેઓના ઘરમા થયુ હતું, તે વેળાએ તેમના વીધવા બાઈ દીનબાઈ તથા દીકરા શેઠ પેશતનજી જાંગીરજી તારાચંદ મરનારના પુતને માટે (રૂ૫૦૦૦) મુંબઈની પારસી પંચાતના ફંડમા આપવાની તંદબીરસતી પકાની હતી, એવી સરતે કે તે રૂપીઆ મુદ્દલ અનામત રાખવા, અને તેનુ વ્યાજ દર શાલ રૂ૩૦૦) ઉપજે તે આધના પાગથા જરથોસ્તીઓની પરવરસી કરવાના ફંડમા વાપરવુ. એ ઉપરાંત એવણના દોસ્ત સર જમશેદજી જીજીભાઈ નાઈટે રૂ૫૦૦) પંચાતના ફંડમા આપવાની તંદબીરસતી પકાની હતી.[2]

---

તા૦ ૧૧ મી સપટેમબર.

રોજ ૧૯ માહ ૧૨ (શે૦) ૧૨૧૪ યજદજરદી.

મરણ—મેહરવાંનજી માણેકશાહ[3]—ઉમર વર્ષ ૫૫) એવણ ભરૂચથી અતરે આવ્યા હતા, અને સેવાશાહના નામથી જાણીતા હતા. મુંબઈ મધે એઓ સર જમશેદજી જીજીભાઈ નાઈટની સાહેતા હેઠળ ચીન તથા બીજા દેશાવરો ખાતેનો રોજગાર તેમજ જવાહેરનો મોટો વ્યાપાર ચનાવતા હતા. પછવાડેથી એમને વ્યાપારમા મોટુ નુકસાન થયુ હતું.

---

તા૦ ૧૨ મી સપટેમબર.

રોજ ૨૦ માહ ૧૨ (શે૦) ૧૨૧૪ યજદજરદી.

આજ દીને દખણ હૈદરાબાદમા શેઠ વીકાજી તથા પેશતનજી મેહરજીએ ઈ૦ સ૦ ૧૮૩૯ મા પોતાની બંધાવેલી દરેમેહરની પાસે મોટી જગા લઈ એક નવી દરેમેહર બંધાવી તેમા આતશ આદરાન તખતનશીન કીધા હતા.[4]

---

તા૦ ૧૯ મી સપટેમબર.

ચીન મધે ત્યાં વ્યાપાર કરનાર જરથોસ્તીઓએ એક ધર્મનુ ફંડ ઉભું કર્યું હતુ, તે બાબેના બંદોબસ્તો તથા ઠેરાવો કરવાને આજ દીને ત્યાંની અંજુમનની એક સભા શેઠો દાદાભાઈ અને માણેકજી રૂસતમજી બનાજીની કુંપનીના કુનથાઈ હાગના પેહના નંબરવાનાં ઘરમા મળી હતી. તે વેળાએ એવું ઠેરવ્યું કે ચીન મધે વસનારા જરથોસ્તીઓએ એક ધર્મ ખાતુ સ્થાપવુ, તથા તેમા હર સાલ નવાં વર્ષને શાકણે સર્વે કોઈએ પોતાની ખુસી મુજબ રકમો ભરવી, તથા ચીન મધે નવા જરથોસ્તીઓ આવે તેઓ પાસે પણ ભરાવવી, અને તે ધર્મ ખાતાનાં ફંડમાથી "જરથોસ્તી ધરમને લગતો હરેક ખરચ જેહેવો કે સ્વાંનની જગા મેળવવા તથા તે અનજુમનના કબજામાં રાખવાને કીજે હદ બાંધવી પડે અથવા

---

[1] એવણના મરણ બાબે તે વેળાના અતરેના ઇંગ્રેજી વર્તમાન પત્રમા લખેછે કે —

"We last week recorded the demise of the charitable Huttesing Kessresing of Ahmedabad, we have now with regret to announce the death of Jehangeer Cursetjee Esq, the managing partner in Bombay of the Firm of Huttesing Kessresing This active and intelligent Parsee merchant was for a long time Agent to Motichund Amerchund in China He went a few days ago in company with Cursetjee Jamsetjee Esq to Poona, for the purpose of recruiting his health by a change of air On Sunday last he was attacked with apoplexy, and expired at half past 11 o clock at night, to the great grief of his family and his numerous Friends. He was 54 years old, and leaves behind him a disconsolate widow, four sons, and two daughters, to bewail his irreparable loss."

[Gentleman's Gazette, 27th August 1845]

[2] તા૦ ૧૬ મી જુલાઈ ૧૮૪૬ ના "મુબઈના સમાચાર" મા છપાયલો પંચાતનો હીસાબ

[3] એવણના એક ભાઈ શેઠ શોરાબજી તે અતરેવાલા શેઠો ધનજીશાહ શોરાબજી તથા માણેકજી મેહરવાનજી શાહના બાવા પણ મુંબઈ મધેજ રોજગાર ચલાવતા હતા

[4] એ દરેમેહરના મકાનમા ને આરસીના તખ્તાઓ લાગેલાછે, અને તેમા કેટલાક ફારસી બેતો લખેલાછે તેમાના એક તખ્તામાંના બેતો પુણાના હાલના ખાનબાહદુર દસ્તૂર નોશરવાનજી જામાસપજીના, તથા બીજામાના રાએ ગીરધારીપરસાદ નામના કાએથ જાતના એક નામબર ગ્રહસ્થના જોડેલાછે, તે ઉપરથી એ દરેમેહરને લગતો તારીખો વાર, વગેરે માલમ પડેછે એ દરેમેહર પરઠવાને લગતી ક્રિઆ દસ્તૂર નોશરવાનજી જામાસપજી જામાસ્પ આશાનાએ કીધી હતી